ત્રીજી શ્રેણી )
પુસ્તક: ૧૫૮

સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૨૩, ૧૯૩૨ શાકે

થી

ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૧૧
ફાલ્ગુન ૨૬, ૧૯૩૨ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**બારમી ગુજરાત વિધાનસભા**

**આઠમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુ ૨૩, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ - ૧૦૮ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૦૯ - ૧૧૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૧ - ૧૧૮ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૧૯ - ૧૧૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૨૦ - ૧૪૧ |
| **મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુ ૨૪, ૧૯૩૨ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૪૨ - ૧૬૪ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૬૫ - ૧૬૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૬૭ - ૧૭૨ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૭૩ - ૧૭૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૪ - ૧૮૦ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૮૧ - ૧૯૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૯૨ - ૨૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૭ - ૨૬૬ |
| **બુધવાર, તા. ૧૬મી માર્ચ ૨૦૧૧ / ફાલ્ગુ ૨૫, ૧૯૩૨ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૬૭ - ૨૭૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૮૦ - ૩૩૨ |
| વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત | ૩૩૩ - ૩૩૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૩૪ - ૩૬૫ |

# અ નુ ક્ર મ ણિ કા

વિષય પાના નંબર

## ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૧૧ / ફાલ્ગુ ૨૬, ૧૯૩૨ શાકે


| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૬૬ - ૩૭૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૭૮ - ૪૯૮ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૪૯૯ - ૫૦૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૫૦૧ - ૫૧૭ |


***

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૨૩, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યુ**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષ સ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**રાજયના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા મંજૂરી**

*** ૨૦૮૦૯ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો)** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવાની કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તેનાથી શીપ બિલ્ડીંગ ક્ષમતામાં કેટલો વધારો થનાર છે?

**મુખ્ય મંત્રીશ્રી (બંદરો):**

(૧) ૯(નવ)

(૨) પ્રતિ વર્ષ ૯.૪ લાખ ડેડ વેઈટ ટનેજ.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ભારતની સરખામણીમાં ત્રીજા ભાગનો દરિયા કાંઠો ધરાવતા ગુજરાતમાં શીપ બિલ્ડીંગ એટલે કે જહાજો બાંધવાની ક્ષમતા કેટલી અને બીજો પ્રશ્ન એ છે કે રાજય સરકારની શીપ બિલ્ડીંગના વિકાસ માટે કોઈ ખાસ નીતિ જાહેર કરવામાં આવી છે? જો હા, તો તેના પાસાં શું છે?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, એક એવો જમાનો હતો કે જ્યારે ગુજરાતમાં જખૌ અને માંડવીમાં બંધાયેલા જહાજો સાત સમંદર પાર કરી અને વિશ્વના દરિયા ઉપર પોતાનું રાજ કરતા હતા. ત્યાર પછી ગુજરાત અલંગના કારણે શીપ બિલ્ડીંગના હબ તરીકે વિશ્વના નકશા પર ઉપસ્યું છે. હવે આજનું ગુજરાત આ દેશમાં કુલ જહાજ બાંધવાની ક્ષમતાના ૬૦ ટકા જેટલો ફાળો ધરાવી આ દેશમાં શીપ બિલ્ડીંગના હબ તરીકે ઊપસ્યું છે. દેશના કુલ દરિયા કિનારાની લંબાઈના એટલે કે ૧૬૦૦ કિલોમીટરની મહત્તમ લંબાઈ ધરાવતા ગુજરાત રાજયમાં ૧.૧૧ મિલીયન ડી..ડબલ્યુ.ટી. એટલે એ ડેટ વેઈટ ટનેજ બાંધવાની ક્ષમતા ધરાવતા કુલ નવ જહાજવાડાઓ સ્થાપિત થયેલા છે. દેશમાં કુલ ૨૭ શીપ યાર્ડમાં ૧.૮૩ મિલીયન ડી.ડબલ્યુ.ટી.ની ક્ષમતા છે. તે જોતાં આ ૧.૧૧ મિલીયન ડી.ડબલ્યુ.ટી. એટલે કે દેશમાં સ્થપાયેલ કુલ ક્ષમતાના ૬૦ ટકા જેટલી જહાજો બાંધવાની ક્ષમતા ગુજરાતે છેલ્લા કેટલાક વર્ષોમાં વિકસાવી છે. જેનું એક ગુજરાતી તરીકે આપણને ગૌરવ હોવું જોઈએ. આ ક્ષમતા વિકસાવવામાં રાજય સરકારની પ્રો-એકટીવ શીપ બિલ્ડીંગ પોલીસી, એવી શીપ બિલ્ડીગ નીતિ કે જેના કારણે આ રાજયમાં જહાજ વાડા સ્થપાય અને જહાજો બાંધવાનો ઉદ્યોગ વિકસે તેવી શીપ બિલ્ડીંગ પોલીસી ૨૦૧૦ આ રાજય સરકારે જાહેર કરી છે. સરકારશ્રીએ જાહેર કરેલી આ નીતિમાં મુખ્યત્વે શીપ બિલ્ડીંગની જરૂરિયાત, ગુજરાતમાં શીપ બિલ્ડીંગ પરિસ્થિતિ, રાજયમાં શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવાની ઉજ્જવળ તકો, શીપ બિલ્ડીંગ પૉલિસીની જરૂરિયાત, ઉદ્દેશ, વિકાસના સ્થળ આધારિત વિવિધ પ્રકારો, વિકલ્પો, ગુજરાત મેરીટાઈમ બોર્ડની ફરજ અને જવાબદારી, માનવ સંશાધન વિકાસનો કાર્યક્રમ, શીપ બિલ્ડીંગ ઉદ્યોગ અંગે સામાન્ય શરતો, જમીન અને વોટર ફ્રન્ટ ફાળવવાની ગાઈડ લાઈન, મરીન શીપ બિલ્ડીંગ યાર્ડમાં શીપ બિલ્ડીંગ વિકસાવવા અંગેનો અભિગમ, વસૂલ લેવામાં આવનાર ચાર્જીસ ઉપરાંત રાજય સરકારના શીપ બિલ્ડીંગ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવાના અભિગમની રૂપરેખા દર્શાવવામાં આવી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, શીપ બિલ્ડીંગ ઉદ્યોગ ગુજરાતમાં આવે તે આવકાર્ય છે. પરંતુ માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે ગુજરાત તેના જે દેશી વહાણો છે તેના માટે સમગ્ર વિશ્વમાં જાણીતું હતું અને આજે પણ જાણીતું છે. આ દેશી વહાણો બાંધવાનો ઉદ્યોગ છે તે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તે પ્રમાણે જખૌ, માંડવી, સલાયા, પોરબંદર, વેરાવળ અને તે પ્રકારના આપણા કોસ્ટલ બેઈજ છે..

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ આપ સીધા પ્રશ્ન ઉપર આવો. પૂર્વ ભૂમિકા વગર સીધા પ્રશ્ન પર આવે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પૂર્વ ભૂમિકા એટલા માટે કે માનનીય મંત્રીશ્રીએ પૂર્વ ભૂમિકા આપી છે, હું માત્ર તેની સગવડતાનો પ્રશ્ન પૂછું છું. બીજું કંઈ આની અંદર નથી. એટલે આ જે શીપ બિલ્ડીંગની સગવડતાઓ અપાય તેની સાથે દેશી વહાણો માટેની સગવડતાઓ આપવી જરૂરી છે. એટલા માટે કે પહેલાં શીપ હતી એની કેપેસીટી માત્ર હજાર, બે હજાર કે પાંચ હજાર ટન સુધીની હતી અત્યારે તો લાખ ટન સુધીની થઈ ગઈ છે એમ વહાણની કેપેસીટી પણ પચાસ ટન કે સો ટનના વહાણો બનતા હતા આજે બે હજાર કે ત્રણ હજારની ક્ષમતાવાળા વહાણો બને છે અને એના કારણે બહુ મોટાપાયે સ્થાનિક રોજગારી પણ મળે છે અને આપણા જે સ્થાનિક લોકો છે સ્થાનિક .ઈન્ટરપીનર છે એને પણ મોટો ફાયદો થાય છે. તો આ દેશી વહાણો છે એના માટેની કોઈ વ્યવસ્થા

માંડવી, જખૌ, સલાયા, પોરબંદર અને વેરાવળ સહિતની જે જગ્યાઓ છે એની અંદર કોઈ ઉભી કરવા માગે છે કે કેમ, અને જો નક્કર કોઈ આયોજન હોય તો માનનીય મંત્રીશ્રી એની માહિતી આપે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એમાં જહાજ બાંધવા માટેની કઈ જગ્યા વધારે અનુકૂળ છે, એક જમાનો હતો કે જ્યારે જખૌ અને માંડવી વધારે અનુકૂળ હશે ત્યાં સ્થાનિક જાણકારીના કારણે આ ઉદ્યોગ વિકસ્યો હશે, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સાચી વાત કહી કે પહેલાં હજાર ટનમાં ક્ષમતા મપાતી હતી, અત્યારે પીપાવાવ શીપયાર્ડ જે પીપાવાવમાં સ્થપાયું છે એની ક્ષમતા .૮ મિલિયન ડીડબલ્યુટી, આઠ લાખ ટનની છે એટલે સ્વાભાવિક રીતે જ આ પ્રકારના જહાજો જયાં બાંધવાના હોય ત્યાં દરિયાઈ પાણીની જેને ઉંડાઈ કહે છે, ડ્રાફટ કહે છે તે પણ અમુક ચોક્કસ પ્રકારનો જોઈએ અને એના માટેની બાકીની સવલતો, સંલગ્ન સવલતો જયાં અનુકૂળ હોય ત્યાં જહાજ બાંધવા માટેનો ઉદ્યોગ વિકસે છે એટલે અત્યારે નવ જહાજવાડા કામ કરે છે એ મગદલ્લા, દહેજ, બીલીમોરા, જૂનાબંદર ભાવનગર, ચાંચ પીપાવાવ નજીક અને ઘોઘા જેવા સ્થળોએ કાર્યાન્વિત છે. આ જહાજો કાર્યાન્વિત થવાના કારણે માનનીય સભ્યશ્રીએ ખૂબ સાચી વાત કહી કે રોજગારીની મોટી તકો ઉભી થાય છે અને આ જે નવ જહાજવાડા કામ કરે છે એ જહાજવાડાની કુલ ક્ષમતા છે ૧.૧ મિલીયન ડીડબલ્યુટી એમાં કુલ ૧૨૭૫૦ વ્યકિતઓને સીધી રોજગારી ઉપલબ્ધ થાય એ પ્રકારની વ્યવસ્થા થઈ છે. તેથી આગળ વધીને હું કહેવા માગીશ કે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન રાજય સરકારે જે પ્રોએકટીવ શીપ બિલ્ડીંગ પૉલિસી જાહેર કરી છે એના કારણે કુલ .૯૪ મિલિયન ટનની ડીડબલ્યુટીની નવી ક્ષમતાવાળા ઉદ્યોગો સ્થાપવા માટેની કામગીરી વિવિધ તબક્કે છે અને એક જહાજી ક્ષમતા પણ વેચણી, દહેજ, મહુવા, બેડીબંદર, જાફરાબાદ, રતનપુરા અને જુનાબંદર ભાવનગર ખાતે સ્થપાનાર છે આમ કુલ મળીને લગભગ બે મિલીયન ડીડબલ્યુટી, માનનીય અધ્યક્ષશ્રી, દેશનો કુલ લક્ષ્યાંક બારમી યોજનાના અન્વયે પાંચ મિલિયન ડીડબલ્યુટીનો છે એમાંથી ૬૦ ટકા ફાળો ગુજરાતે જાળવવો હશે તો ત્રણ મિલિયીન ડીડબલ્યુટી જેટલી ક્ષમતા આપણે હાંસલ કરવી પડશે, આ ક્ષમતા અત્યારે જે સ્થાપાઈ રહી છે તેનો જો સરવાળો કરીએ તો બે મિલીયન ડીડબલ્યુટી પહોંચી ગયા છીએ. એ ઉપરાંત જે અદ્‌ભુત સફળતા વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ની મળી એમાં જે નવા કરારો થયા છે, એમઓયુ થયા છે એ ૩૨ એમઓયુના કારણે કુલ લગભગ ૩૩૬૫૦ લોકોને રોજગારી મળે અને ૨૮૫૯૫ કરોડ રૂપિયાનું રોકાણ થાય તે પ્રકારના નવા જહાજ બાંધવા માટેની ક્ષમતા માટેના કરારો આપણે કર્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન દેશી વહાણો માટેનો છે અને એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી એટલી કરવાની છે કે, આજે પણ મુંદ્રા, જખૌ, સલાયા, પોરબંદર, વેરાવળ સહિતની જગ્યાઓએ આજે દેશી વહાણો બને છે એના માટે કોઈ ખાસ વ્યવસ્થા કરવા માગે છે કે નહીં? એના માટેનો પ્રશ્ન છે. એમઓયુ તો થાય, પેપર ઉપર રહે કે અમલમાં આવે એ પછીની વાત છે પણ અત્યારે જે છે એના માટે સરકાર કોઈ નવી ખાસ વ્યવસ્થા કરવા માગે છે, અને સગવડતા આપવા માગે છે કે કેમ? અને માનનીય મંત્રીશ્રીને કહું કે એમાં કોઈ અવલેબલ ડ્રાફટ છે એમાં જ વાહનો કામ કરી શકે એમ છે તો એમાં વધારે ડ્રાફટ કે આવું જરૂરી નથી, જે વહાણો બને છે ત્રણ હજાર ટન સુધીના, એ વહાણો માટે ઉપલબ્ધ ડ્રાફટ પૂરતો છે તો એના માટે ખાસ ઝોન બનાવીને આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં દેશી વહાણો બાંધવાનો ઉદ્યોગ આજે પણ ચાલે છે તે માંડવી અને જખૌ વિસ્તારમાં વોટરફ્રન્ટ એલોકેશનથી માંડીને બાકીની જોગવાઈઓ જે અમારી શીપ બિલ્ડીંગની નીતિ છે એ મુજબ કરવામાં આવેલ છે જ. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે સમયની સાથે ચાલવું જોઈએ. એક સમય હતો કે જ્યારે આપણે મધ્યમ કક્ષાના વહાણોની વાત કરતા હતા અત્યારે વેરીલાર્જ કેરીયર કેપેસીટીની વાત કરીએ છીએ જ્યારે સુપરસોનીક જેટના જમાનામાં ઉડતા હોઈએ ત્યારે ગાડું બાંધવાના ઉદ્યોગને સરકાર પ્રોત્સાહન આપવા માગે છે કે નહીં? એ પ્રકારની વાત બરાબર નથી. માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીની સાથે જમાનો ચાલે છે. સમય ટેકનોલોજીનો છે, સમય જરૂરિયાતનો છે. અત્યારે ગુણવંતલાલ માધવલાલ આચાર્યના દરિયાલાલ, સરફરોજ કે હરારીમાં જે વહાણો વપરાતા હતા એ વહાણો અત્યારના જમાનામાં દરિયામાં ખેપ કરવા માટે એટલા સક્ષમ નથી અને એટલા ઈકોનોમીકલી વાયેબલ પણ નથી.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજે ૩૦ લાખ ટન ડેડ વેઈટ ટનેજ એક ક્ષમતા જ્યારે ઉભી થઈ રહી છે ત્યારે જે અગાઉના વાહણો હતા એ લાકડામાંથી બનાવવામાં આવતા હતા જ્યારે આ હેવી વેઈટ વહાણો છે એ સ્ટીલમાંથી બનાવવામાં આવે છે. એટલે આ સ્ટીલ ઉદ્યોગની સાથે જે વેલ્ડીંગ કરવાનું, કટિંગ કરવાનું આ બધા કામ માટે જે કારીગરીની જરૂરિયાત પડે એના માટે આપણા જે દરિયા કાંઠાના યુવાનો છે એમને હજારોની સંખ્યામાં તાલીમ આપીને આ ઉદ્યોગની અંદર સાંકળવા માટેનું કોઈ આયોજન આ શીપ બિલ્ડીંગ પાર્કના ઉદ્યોગની સાથે જ કરવામાં આવ્યું છે કે કેમ? સાથે સાથે મરીન એન્જિનિયરીંગ કોલેજ પ્રકારની સંસ્થા રાજયની અંદર કરવા માટે બંદર વિભાગનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની જે જહાજ બાંધવાની નીતિને વિકાસ આપવા માટેની જે પોલીસી છે તે અનુસાર રાજયમાં મરીન ઈજનેરોની જરૂરિયાત પણ સંતોષવા માટે રાજય

સરકાર સતત પ્રયત્નશીલ છે. મરીન એન્જિનિયરોની જરૂરિયાત સંતોષવાના આયોજનના ભાગરૂપે સરકાર દ્વારા યોજવામાં આવેલ વાઈબ્રન્ટ ૨૦૦૭ સમિટ દરમ્યાન ગણપત યુનિવર્સિટી અને લેટ રામસિંગ છજુમલ એજ્યુકેશન ટ્રસ્ટ, વડોદરા સાથે MOU થયેલ હતા એમાંથી છેલ્લે ડાયરેકટર જનરલ ઓફ શીપીંગની ટૂકડીએ ૧૮-૧૧-૨૦૧૦ ના રોજ ગણપત યુનિવર્સિટી ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ચકાસણી કરવા મુલાકાત લીધી હતી અને ધ્યાન પર આવેલ મુદાઓની પુર્તતા કરવા જણાવેલ હતું તે સઘળી પુર્તતા ગણપત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ છે ત્યાર બાદ ભારત સરકારના ડી.જી.શીપીંગ તરફથી સાનુકૂળ પ્રતિભાવ મળવો ગ્રાહ્ય છે આપણે અપેક્ષા રાખીએ કે ચાલુ સાલે આ રાજ્યમાં મરીન ઈજનેરોની પણ જરૂરિયાત સંતોષાય તે પ્રકારનો કોર્ષ અને તે પ્રકારની શૈક્ષણિક વ્યવસ્થા આપણા રાજ્યામાં વિકસે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજો જે પ્રશ્ન પૂછયો કે લાકડાના બદલે ખાસ પ્રકારના સ્ટીલમાંથી આ વહાણો બાંધવામાં આવે છે તે વાત સાચી છે. લો-કાર્બન સ્ટીલ પહેલા યુક્રેન એની લગભગ મોનોપોલી હતી. એ લો-કાર્બન સ્ટીલ આજે હજીરા ખાતેની એક કંપની બનાવે છે અને એવી જ એક કંપની કચ્છમાં લો-કાર્બન સ્ટીલનું ઉત્પાદન કરે છે. એટલે કુલ ૯.૫ લાખ ટન લો-કાર્બન સ્ટીલની બાંધકામ માટે જરૂર પડશે અને એ જોતા ગુજરાતમાં લો-કાર્બન સ્ટીલના ઉદ્યોગ હજુ પણ વધુ સ્થપાય એને માટેની તકો પણ આ શીપ બિલ્ડીંગ ઉદ્યોગના કારણે ગુજરાતમાં વિકસવા પામી છે.

**અમદાવાદ શહેરના પાર્ટી પ્લોટોમાં મોડી રાત્રે ફટાકડા ફોડવાનો, લાઉડ સ્પીકર વગાડવાના નોંધાયેલા કેસ**

***૨૦૪૦૩ શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ શહેરમાં આવેલ પાર્ટી પ્લોટોમાં રાતના ૧૧-૦૦ વાગ્યા પછી હાઈકોર્ટના આદેશનું ઉલ્લંઘન કરતા લાઉડ-સ્પીકર અને ફટાકડા ફોડવાના કેટલા બનાવોની ટેલિફોન તેમજ લેખિત ફરિયાદ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ, અને

(૨) ઉક્ત દૂષણ દૂર કરવા તેમજ જવાબદાર અધિકારી અને સંચાલકો સામે ઉક્ત સ્થિસ્થિએ શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં લાઉડ સ્પીકર વગાડવાની ટેલિફોનીક મેસેજના આધારે ૦૧(એક) ફરિયાદ નોંધાયેલ છે.

(૨) આ અંગે અધિકારીની નિષ્કાળજીની કોઈ બાબત ન હોવાથી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સંચાલક સામે કોઈ ફરિયાદ થયેલ નથી પરંતુ ફરિયાદમાં સંડોવાયેલા આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ-૧૮૮ મુજબ કાયદેસર કાર્યવાહી કરી ચાર્જશીટ રજૂ કરેલ છે.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને પૂછવાનું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં ખાલી એક જ ફરિયાદ થઈ છે? લગ્ન પ્રસંગો તો અમદાવાદ શહેરમાં ઘણાં બધા પાર્ટી પ્લોટોમાં રોજે રોજ થાય છે. પાર્ટી પ્લોટમાં જ્યારે લગ્નની તારીખ નક્કી થાય છે ત્યારે એ પોલીસમાં અરજી આપીને બધી મંજૂરીઓ લઈ લે છે અને પોલીસ જાણે છે કે અહીંયા-અહીંયા લગ્ન છે તો પણ પોલીસ ખાતાએ એક જ ફરિયાદ નોંધી છે, અને બીજું મારે એ પૂછવું છે કે જે લગ્નો થાય છે એમાં સરકાર પગલાં લેવા માગે છે ખરી? એ લોકોમાં પબ્લિક તો ગભરાય છે, લોકો ફરિયાદ કરતા ગભરાય છે એ જતા નથી માટે પોલીસ જાતે ફરિયાદ નોંધવા માગે છે કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે વાત છે એ પ્રમાણે જે ધારાધોરણ અને નોટીફિકેશનની જોગવાઈઓ છે એ મુજબ રાત્રે ૧૦ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી લાઉડસ્પીકર વગાડવું નહિ અથવા ફટાકડા ફોડવા નહિ જોઈએ તેમ છતાં આવા કોઈક જગ્યાએ લગ્નસમારંભ અથવા તો સામાજિક કોઈ પ્રસંગો હોય અને આવી કોઈ રજૂઆત ધ્યાનમાં આવી હોય કે કરી હોય તો પોલીસ તુરત જ ઘટના સ્થળે પહોંચી ગયેલ હોય છે પરંતુ આવી કોઈ ઘટના બનેલ નથી છેલ્લાં ત્રણ વર્ષમાં માત્ર એકજ ફરિયાદ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે અને એના માટે એમની સામે ફરિયાદ દાખલ કરીને ગુનો નોંધવામાં આવેલ છે અને પાર્ટીપ્લોટને લાગેવળગે છે ત્યાંસુધી એમાં પોલીસે કશું કરવાનું રહેતું નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અમદાવાદ શહેર એ મેટ્રોસીટી છે અને અમદાવાદ શહેરની વસતિ ખૂબ વધી ગઈ છે, ખાસ કરીને લગ્નની જ્યારે સિઝન આવે છે ત્યારે અમદાવાદ શહેરમાં અસંખ્ય પાર્ટી પ્લોટો છે એમાં ઘણા પાર્ટી પ્લોટોમાં પાર્કીંગની વ્યવસ્થા છે અને ઘણા પાર્ટી પ્લોટોમાં પાર્કીંગની વ્યવસ્થા નથી. જે જગ્યાએ પાર્કીંગની વ્યવસ્થા છે, એવા પાર્ટી પ્લોટોને પણ સરકારશ્રી દ્વારા અત્યારે નામદાર કોર્ટના હુકમના લીધે સીલ કરી દેવામાં આવેલ છે. બીજું મારું એ કહેવું છે કે અમદાવાદ શહેરની અંદર ખૂબ ગરીબ વસતિ છે.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન પર આવી જાઓ. મંત્રીશ્રી પાસેથી શું જાણવા માગો છો તે જણાવો આપ.

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન પરજ આવું છું. અત્યારે પાર્ટી પ્લોટોનો આ પ્રશ્ન છે, પાર્ટી પ્લોટોમાં ફટાકડા ફૂટે છે એવી જે વાત છે ખરેખર તો પાર્ટી પ્લોટો જ બંધ છે. કોરપોરેશન તરફથી સ્કૂલો પણ આપવાની બંધ કરી દેવામાં આવેલ છે તો સરકારશ્રી એમાં વિચારણા કરીને જે માણસ ધામધૂમથી લગ્ન કરવા-કરાવવા માગતો હોય તો એના માટે કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : આમાં પાર્ટી પ્લોટની મંજૂરીને લાગેવળગે છે ત્યાંસુધી એ મ્યુનિસિપલ કોરપોરેશન અને શહેરી વિકાસ વિભાગને લગતી બાબત છે, રહી વાત આ બાબતે વિચારણા કરવાની તો આ બાબતે કોઈ ફરિયાદ કે રજૂઆત મળશે તો એ બાબતે ચોક્કસ વિચારણા કરીશું પરંતુ હાલના તબક્કે આવું કંઈ વિચારવાનો પ્રશ્ન ઉભો થતો નથી.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ** : અત્યારે પરીક્ષાનો સમય ચાલી રહ્યો છે અને લગ્નગાળાની સિઝન પણ છે છોકરાં છોકરીઓ ભણે છે, ઘરમાં ઉંમરલાયક માણસો બિમાર હોય છે ત્યારે એના માટે તમે પોલીસને કોઈ સૂચના આપવા માગો છો કે કેમ?

**શ્રી પ્રફુલભાઈ ખો. પટેલ** : આમાં બહુ સ્પષ્ટ નોટીફિકેશન છે, સૂચના આપવાનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, આ જોગવાઈઓ છેજ. મહંમદભાઈને કદાચ ખ્યાલ હશે કે આજથી તો કમૂરતા બેસી ગયા અને લગ્નની સિઝન હમણાં પતી ગઈ છે એટલે આવું કંઈ છે જ નહિ અત્યારે અને હાલ આ પ્રશ્ન ઉપસ્થિત જ નથી થતો.

**ભાવનગર જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત**

***૨૦૮૧૧ શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ? અને

(૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલી રાહત આપવામાં આવી?

ઉર્જામંત્રીશ્રી

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાના કારણે, વખતોવખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે, જેના કારણે વીજ કંપનીઓને થતાં ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસૂલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે. તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાંખવામાં નથી આવતો પરંતુ, આયોગે નક્કી કરેલ દરો કરતાં ઘણાં ઓછાં દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ બે દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદ્નુસાર, રાજ્યના માત્ર ભાવનગર જિલ્લામાં જ છેલ્લાં ત્રણ વર્ષમાં રૂા.૨૫૮.૬૩ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાંખતા સરકારે સબસીડીરૂપે વહન કરેલ છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રીએ મારા જવાબમાં જણાવેલ છે કે, રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાને છેલ્લાં ત્રણ વર્ષમાં ૨૫૮.૬૩ કરોડ રૂપિયા જેટલી સબસીડી આપી છે તે બાબત ખૂબ આનંદદાયક છે, બીજું મારો પ્રશ્ન એ છે કે, મીટર આધારિત વીજળી બિલ ભરતાં ખેડૂતો પાસેથી કેટલો વીજ દર વસૂલ કરવામાં આવેલ છે અને બીજો પ્રશ્ન એ છે કે, ભાવનગર જિલ્લામાં ખેતીવાડીના કુલ કેટલા ગ્રાહકો છે અને તેમનો વીજળી વપરાશ કેટલો છે?

**શ્રી સૌરભ પટેલ** : આજની તારીખમાં મીટર આધારિત ૫૦ પૈસા પર યુનિટ અને તત્કાલ યોજનામાં ૭૦ પૈસા પર યુનિટ લેવામાં આવે છે. ભાવનગર જિલ્લામાં કુલ ૬૭૮૬૫ ગ્રાહકો છે અને એમનું જે વાર્ષિક કન્ઝમ્પ્શન છે એ છેલ્લાં ત્રણ વર્ષમાં જોઈએ તો ૨૦૦૮-૦૯માં ૪૪૪ મિલિયન યુનિટ, ૨૦૦૯-૧૦માં ૪૬૦ મિલિયન યુનિટ અને ડિસેમ્બર સુધીમાં આ વર્ષમાં નવ મહિનામાં ૩૪૧ મિલિયન યુનિટ થયેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ છેલ્લાં ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લાના ખેડૂતોને વર્ષ વાર કુલ કેટલી રાહતો આપવામાં આવી ? અને બીજો પ્રશ્ન એ છે કે, ખેડૂતો માટેના વીજ નિયમન પંચે જે નક્કી કરેલો દર છે તેમાં હોર્સ પાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો પાસેથી કેટલો વીજ દર વસૂલ કરવામાં આવે છે ? અને ખાસ કરીને ફ્યુલ કોસ્ટ એડજેસ્ટમેન્ટ ચાર્જીસ છે કે જેના લીધે આ એક સમસ્યા ઉભી થાય છે તો એ વિશે માનનીય મંત્રીશ્રી પ્રકાશ પાડે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ જાતની સબસિડી આપવામાં આવે છે. GERC એ ખેડૂતો પાસેથી ૧૬૮૦ રૂપિયા હોર્સ પાવર પર યર લેવાનો આદેશ આપેલ છે. આપણે રાજય સરકાર ૭.૫ એચ.પી.હોય ત્યાં ૬૬૫ રૂપિયા લેખે અને ૭.૫ એચ.પી. ઉપર હોય તો ૮૦૭ રૂપિયા પર યર લે છે. એટલે બીજા અર્થમાં કહીએ તો ૧૬૮૦ હોર્સ પાવર જે નક્કી કર્યુ છે રેગ્યુલેટરે અને જે ખેડૂતો પાસેથી લે છે તેનો જે તફાવત છે તે સબસિડીના

ભાગરૂપે આ રાજય સરકાર ખેડૂતોને આપી રહી છે. બીજો સવાલ પૂછ્યો કે ફયુલ સરચાર્જમાં, તો ફયુલ સરચાર્જના કારણો એ છે કે, એક રેગ્યુલેટરે બેઝ બનાવ્યો છે અને આ બેઝ પછી કોલસામાં જે ભાવ વધારો થાય, ગેસમાં જે ભાવ વધારો થાય અને અન્ય ખરચાના જે ભાવ-વધારા થાય તેનું ફયુલ સરચાર્જ તરીકે કપંનીઓને આપવાનો અધિકાર આપવામાં આવેલો છે. દા.ત. કોલસાના પ્રાઈઝનો બેઝ ૧૦૧૮ પર મે.ટન હતો તે અત્યારે ૧૬૦૦ રૂપિયા મે.ટન થયો છે ૫૭ ટકા તેનો વધારો થયો છે. કેન્દ્ર સરકારે જે રેલના ભાડામાં વધારો કર્યો તેનો બેઝ ૧૧૨૬ રૂપિયે મે.ટન થયેલો છે તેનો ૨૦૧૦-૧૧માં ૧૫૬૪ રૂપિયા થયો છે ૩૭ ટકા વધારો થયેલો છે.

એવી જ રીતે ગેસ પ્રાઈઝમાં ૧.૯ mmbt હતું તે અત્યારે ૪.૨ mmbt થયું છે તેમાં ૬૬ ટકાનો વધારો થયો છે. આ વધારાના કારણે વાર્ષિક અત્યારે જે સરચાર્જ છે અને આપવામાં આવે છે તે ૬૩ પૈસા પર યુનિટ તે આજની તારીખમાં ગ્રાહકો ઉપર ચડે છે. ખેડૂતો ઉપર જે ૬૩ પૈસા ચડે છે તે રાજય સરકાર ખેડૂતોને સબસિડી આપે છે. એક પૈસો પણ વધારાનો આપ્યો નથી અને તેના કારણે આજની તારીખમાં ભાવનગર જિલ્લામાં એકલાની અંદર ફયુલ સરચાર્જમાં ૭૦ કરોડ રૂપિયા આ છેલ્લાં ત્રણ વર્ષની અંદર રાજય સરકારે ચૂકવેલાં છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જવાહરભાઈ, સીધા પ્રશ્ન ઉપર આવી જવાનું છે.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ઉપર જ આવુ છું. કૃષિ વીજ જોડાણમાં ધરતીપુત્રોને સરકાર છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાતમાં કેટલી સબસિડી ચૂકવેલ છે ? અને મારો પ્રશ્ન નંબર બે કે સરકારે ખરેખર સબસિડી ચૂકવેલ છે કે કોર્પોરેશને પોતે ચૂકવેલ છે ? પ્રશ્ન નંબર ત્રણ કે, સરકાર ચૂકવતી હોય તો છેલ્લે ક્યારે અને કેટલી ચૂકવી હતી તે આંકડો આપવા વિનંતી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ભાવનગર જિલ્લાનો છે પણ મારી પાસે માહિતી છે એટલે આપું છું. ૨૦૦૮-૦૯ની અંદર રાજય સરકારે કુલ ૨૪૧૭ કરોડ રૂપિયાની સબસિડી યુ.ટી.એન.એલ.ને ચૂકવી. ૨૦૦૯-૧૦ની અંદર ૨૫૮૩ કરોડની ચૂકવી અને ૨૦૧૦-૧૧માં અત્યાર સુધીમાં ૧૯૧૨ કરોડની ચૂકવી એટલે ખેડૂતોને જેટલાં વીજળીના ભાવ વધારાનું છેલ્લાં ત્રણ વર્ષમાં એક પૈસાનો બોજો આ રાજય સરકારે ખેડૂતો ઉપર નાખેલ નથી.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને જે પ્રશ્ન પૂછવાનો હતો તેનો જવાબ મંત્રીશ્રીએ આપી દીધો છે અને સમગ્ર ગુજરાતના ખેડૂતોને આ લાભ મળે છે એવો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે અને મને તેનાથી સંતોષ છે એટલે હું મંત્રીશ્રીનો આભાર માનું છું.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.**

***૨૦૪૩૫ શ્રી છનાભાઈ કા. ચૌધરી(ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓએ વીજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ.કર્યા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા ઉક્ત સ્થિતિમાં કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા)**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે * પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩)

કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજેકટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને તેમાંથી ૩ પ્રોજેકટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂકવામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતર માળખાકીય પ્રોજેકટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તકનિકી રીતે પણ જટિલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજયમાં વીજ પ્રોજેકટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે ( *પત્રક-૩ મુજબ )

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નમાં મેં માનનીય મંત્રીશ્રીને પૂછ્યું છે કે, ૨૦૦૭ અને ૨૦૦૯ના સમિટમાં કુલ કેટલી કંપનીએ એમ.ઓ.યુ.કર્યા? મને જવાબ મળ્યો છે કુલ ૧૧૪ પ્રોજેકટોએ એમ.ઓ.યુ. કર્યા છે. તો એ એમ.ઓ.યુ. કેટલી રકમના કર્યા તે જણાવવામાં આવેલ નથી તો મારો પ્રશ્ન છે કે,

કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં ? પ્રશ્ન ક્રમાંકઃ ૨ એ છે કે, મારો બીજો પ્રશ્ન છે કે કુલ ૧૧૪ પ્રોજેકટ પૈકી ૩ પ્રોજેકટ કાર્યાન્વિત થયા છે એ ત્રણ પ્રોજેકટનું મૂડીરોકાણ કેટલું છે? ત્રીજો પ્રશ્ન એ છે કે સન ૨૦૦૦ ના સમીટને ૫ વર્ષ પૂરાં થવા આવ્યાં છે અને માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે એક યુનિટ કાર્યાન્વિત થતાં ૫ થી ૭ વર્ષ થાય છે. તો ૨૦૦૭ નું સમીટ છે એમાં કેટલી કંપનીઓ અને કેટલા સમયમાં આ યુનિટો શરૂ થશે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭ ની વાત કરું તો કુલ ૧૯ પ્રોજેકટોના એમ.ઓ.યુ. થયાં અને સંપૂર્ણપણે ૧,૩૩,૪૨૯ કરોડ રૂપિયાનાં એમ.ઓ.યુ. થતાં હતાં અને એ ૨૫૯૯૪ મેગાવોટ માટેના એમ.ઓ.યુ. થયાં હતા. આની અંદર ત્રણ પ્રોજેકટનું અમલીકરણ થયું છે એટલે કમિશન્ડ થયા છે અને ૧૪ પ્રોજેકટ હાલમાં અમલીકરણના સ્ટેજે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડીક વિગતો આપું તો ખ્યાલ આવશે કે પ્રોજેકટ શરૂ કરો અને ઉર્જાનો પ્રોજેકટ ચાલુ કરીએ એમાં ખૂમ મોટી તૈયારી કરવી પડતી હોય છે, દા.ત. સૌથી પહેલાં લેન્ડ એકવીઝીશન કરવી પડે છે અને ૧૦૦૦ મેગાવોટનો પાવર પ્રોજેકટ કરવાનો હોય તો ૫૦૦ એકર લેન્ડની જરૂર પડતી હોય છે. એ જમીન આવ્યા પછી એન્વાયરમેન્ટ કલીઅરન્સ માટે બહુ વાર થાય છે તેમાં ઈમ્પેકટ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટનો પ્લાન બનાવવો પડે છે, પબ્લિક હીયરિંગ કરવું પડે છે, ફોરેસ્ટ કલીઅરન્સ કરાવવું પડે છે. ગુજરાત સરકાર પાસેથી મંજૂરી લેવી પડતી હોય છે, કેન્દ્ર સરકાર પાસેથી મંજૂરી લેવી પડે છે અને પછી જ આગળ પ્રોજેકટ થાય છે. આ ઉપરાંત એરપોર્ટ ઓથોરિટીનું કલીઅરન્સ લેવું પડે છે, રોડ અને રેલવે ઈન્ફ્રાસ્ટકચર વ્યવસ્થા કરવી પડે છે કોલસો લાવવા માટે. એમાં પાણી સૌથી અગત્યનું હોય છે એટલે પાણીના સોર્સની વ્યવસ્થા કરવી પડે છે. ઉર્જામાં સૌથી અગત્યનું એ ફયુઅલ ટાઈ અપ એ કોલસો કે ગેસ હોય એ એગ્રીમેન્ટ ના થાય તો એ સંજોગોમાં પાવર પ્રોજેકટ આવતા નથી અને એ થયા પછી પોર્ટ ઉપરનું પણ એગ્રીમેન્ટ એ ઈમ્પોંટેડ હોયતો તો પોર્ટ જોડે ટાઈઅપ કરવું પડે છે. બેંકો પાસે નાણા લેવા જાય તો એ સ્પષ્ટપણે પૂછે છે કે આવી વીજળી કોને વેચવાના છો? એ પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ હોય તો જ આપે છે, હવે તો જે બેંકો આપે છે એ મરચન્ટ સેલિંગ હોય તો પ્રમાણમાં બેંકો આપણી નથી. આ ઉપરાંત તેમની ગુજરાતમાં ઉત્પન્ન થતી વીજળી ગુજરાત બહાર વેચવી હોય તો ટ્રાન્સમિશન નેટવર્ક ઉભું કરવું પડે છે. આ બધી જ વ્યવસ્થામાં ખૂબ જ સમય લાગે છે, એમછતાં પણ મારે માનનીય સભ્યશ્રીને જણાવવું છે કે ૨૦૦૭ માં એમ.ઓ.યુ. થયાં એમાં ત્રણ પ્રોજેકટ કાર્યરત થયા છે એમાં ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોરપોરેશનનું ૩૬૦ મેગાવોટનું ગેસ નું ઉતરાણમાં કાર્યરત થયું છે, અદાણી પાવરનું ૨૦૦૦ મેગાવોટનું જે એમણે ૧૦૦૦ મેગાવોટના એમ.ઓ.યુ. કર્યા હતા ઈમ્પોર્ટેડ કોલના આધારે એ ચાલુ થયું છે અને જી.એ..સી.એલ.નું વીન્ડ એનર્જીનું કામ પણ એ જ પ્રમાણે ચાલું થયું છે. હાલમાં જે કામ ચાલુ છે એની વાત કરું તો ન્યુ કલીઅર પાવર કોરપોરેશનનું નું ૧૪૦૦ મેગાવોટનું કાકરાપારમાં ચાલે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, બને તેટલો ટૂંકો જવાબ આપો. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સ્પષ્ટ પૂછયું છે કે કયાં કયાં કામ કઈ રીતે ચાલે છે, એટલે મારે જવાબ તો આપવો પડે ને? (અંતરાય) હું બને તેટલો જલદી જવાબ આપું કે એ સ્પષ્ટ બતાવે છે કે ૨૦૦૭ માં ન્યુ કલીઅસ પાવર પ્રોજેકટ ઈ.પી.સી.નો નો કોન્ટ્રોકટ એવોર્ડ ૧૪૦૦ મેગાવોટનો થઈ ગયો છે, કોસ્ટલમાં ૪ હજાર મેગાવોટનો લ..પી.સી. કોન્ટેકટઅપાઈ ગયો છે અને એની અંદર અત્યારે આવતા બે વર્ષમાં કમિશન્ડ થવાનું છે. ટોરેન્ટ પાવરનો ૨૦૦૦ મેગાવોટનો એમાં જમીન આપી દીધી છે અને ફયુઅલ સપ્લાય એગ્રીમેન્ટ થઈ ગયું છે અને ઈ.પી.સી. ટેન્ડર પ્રોસેસ ચાલે છે. અદાણી પાવરનું બીજું ૨૦૦૦ મેગાવોટ એમાં જમીન અપાઈ ગઈ છે. ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોરપોરેશનનું ૩૬૦ નું ગેસમાં એમાં જમીન અપાઈ ગઈ છે અને આજની તારીખમાં ટેન્ડરની પ્રક્રિયા ચાલે છે. એવી રીતે ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટીમાં ૫૦૦ મેગાવોટ ઈમ્પોર્ટેડમાં એમાં અત્યારે એન્વાયરેન્ટ કલીઅરન્સ ચાલે છે. એવી રીતે ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમમાં ઈ.પી.સી. કોન્ટ્રાકટ અપાઈ ગયો છે અને એ પ્રમાણે અત્યારે જોઈએ તો ૧૯ માંથી ૩ કમિશન્ડ થયા છે, ૧૦ નું કામ ચાલે છે, ૧૪ નું કામ ચાલે છે અને માત્ર ૨૦૦૭ માં ૨ પ્રોજેકટ ડ્રોપ થયા અને બન્ને ડ્રોપ પ્રોજેકટ થયા છે. એનું ફયુઅલ ટાઈઅપ ન થયાને કારણે ડ્રોપ થયા છે એમાં એક વીસા પાવર ૧૦૦૦ મેગાવોટનો ઈમ્પોર્ટેડ કોલનો અને અને ગુજરાત પદુથોન એનર્જી કોરપોરેશન એનું પણ ૧૦૦૦ મેગાવોટનું છે એને પણ આ પ્રમાણે ન થવાને કારણે બે પ્રોજેકટ ડ્રોપ કરવામાં આવ્યા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં ૨૦૦૭માં ૧૯ એમ.ઓ.યુ. થયા અને એ જ રીતે ૨૦૦૯માં કુલ ૯૫ એમ.ઓ.યુ. થયા છે. ૨૦૦૭માં જે એમ.ઓ. યુ. થયા એમાં ૧૯માંથી રાજય સરકારનું જે ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોરપોરેશન છે તેના કોઈ નવા યુનિટ આવ્યા નથી. માત્ર વિસ્તરણ માટે ૧૭૦૦ મેગાવોટના એમ.ઓ.યુ. થયા છે. અને કેન્દ્ર સરકારના ૭૪૦૦ મેગાવોટના ન્યુકલીયર પાવરના એમ.ઓ.યુ. થયા છે. અને એ જ રીતે ૨૦૦૯માં પણ જે એમ.ઓ. થયુ. થયા છે એમાં જે સ્ટેટ ઈલેકટ્રીસીટી કોરપોરેશન છે એના એમ.ઓ.યુ. નહિંવત છે. મારો પ્રશ્ન એ છે કે જે પ્રાઈવેટ કંપનીઓ આવે છે

તેને કારણે ગ્રાહકને સરવાળે મોંઘી વીજળી મળે છે, જો રાજય સરકાર પોતાના યુનિટ મારફત ઉત્પાદન કરે તો વ્યાજબી ભાવે વીજળી આપી શકાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ મંત્રીશ્રીને પ્રશ્ન શું પૂછવા માગો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારે સવાલ એટલો જ છે કે આ પ્રાઈવેટ જે ઓપરેટરો-મેન્યુફેકચરર છે તેની સાથે એમ.ઓ. યુ. થયા છે તો રાજય સરકાર પોતાના ઈલેકટ્રીસીટી કોરપોરેશન છે તેના મારફત ઉત્પાદન કરવાના બદલે પ્રાઈવેટ ઓપરેટરો ઉપર વધારે વિશ્વાસ રાખે છે અને વધારે ફાયદો એમને થાય તેવી નીતિ અપનાવે છે, તો આપણું જે ગુજરાત ઈલેકટ્રીસીટી કોરપોરેશન મારફત વધારે ઉત્પાદન કરવા માગે છે કેકેમ અને તેના માટે પુન: વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય સભ્યશ્રીએ આ સવાલ પૂછયો તે માટે એમનો આભાર વ્યકત કરું છું. થોડી વિગતવાર મારી માહિતી સાંભળે, કેન્દ્ર સરકારે નીતિ બનાવી છે તે નીતિના આધારે રાજય સરકાર આગળ વધી રહી છે. ૩ રીતથી આપણે વીજળી ખરીદીએ છીએ, એક આપણે ખાનગી પાસેથી ટેન્ડરની બીડ પ્રક્રિયાથી ખરીદીએ છીએ, બીજું કેન્દ્ર સરકાર જે વીજળી બનાવે છે તે લઈએ છીએ ત્રીજું રાજય સરકારની કંપનીઓ બનાવે છે તે વીજળી ખરીદીએ છીએ. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તેમાં કેન્દ્ર સરકારે ૨૦૦૫ માં અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકટ નાખવાની વાત કરી અને એ જે નાખવાની વાત કરી તેમાં ૯ પાવર પ્રોજેકટ નાખવાના ચાર ચાર હજાર થી છ છ હજાર મેગાવોટના નાખવાની વાત કરી તે બધા જ ખાનગી કંપનીઓ દ્વારા કરવાના છે, એટલે ૪૦૦૦૦ મેગાવોટ દેશમાં અલ્ટ્રા મેગાવોટ ખાનગી કંપનીઓ દ્વારા કરવાનું કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. આ અલ્ટ્રા મેગાવોટ કર્યુ એમાં ગુજરાતમાં કોસ્ટલ પાવર આવે છે તેમાં મુન્દ્રાની અંદર ૪૦૦૦ મેગાવોટ આવ્યો, આપણી સ્પીડ જુઓ આપણી પ્રોએકટીવનેસના કારણે ગુજરાત કોસ્ટલ આપણે એલ.ઓ.આઈ. ડીસેમ્બર ૨૦૦૬ એ અપાઈ ગઈ અને એકસ્પેકટેડ ડેઈટ ઓફ સીન્ક્રોનાઈઝેશનની સપ્ટેમ્બર ૨૦૧૧, અને માનનીય અધ્યક્ષશ્રી, ૫૬ મહિનાની અંદર આપણે કામ પૂર્ણ કર્યુ છે. તેની આગળ તમે ગમે તેટલા અલ્ટ્રા મેગાવોટ જુઓ તો સાસણમાં ૨૦૧૩માં આવશે, કોસ્ટલ આંધ્રમાં ૨૦૧૩માં આવશે, ઝારખંડમાં ૨૦૧૫માં આવશે, અને બાકી પાંચની તો હજુ કોઈ નિશાની પણ નથી, આ પ્રમાણે પ્રોએકટીવનેસના કારણે, કેન્દ્ર સરકારની નીતિના કારણે આપણે પ્રાઈવેટમાં કોસ્ટલમાં આપણો ૧૯૦૦ મેગાવોટનો શેર છે, બીજી રીતની વાત કરું તો સભ્યશ્રીએ વાત કરી કે ૨૦૦૭ માં માત્ર ખાનગી કંપનીઓ પાસેથી લીધા છે તો મારે સ્પષ્ટ પણે કહેવું છે કે જે ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોરપોરેશન એ રાજય સરકારની કંપની છે તેણે ૩૬૦ મેગાવોટનું કામ હાથમાં લીધું છે, અરે ભઈ, બીજું તમે જોશો તો ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોરપોરેશનનું ધુવારણનું જુઓ, ગુજરાત સ્ટેટ ઈમ્પોર્ટેડ કોલનું સીકકાનું જુઓ, ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોરપોરેશનનું અમરેલીનું ૧૦૦૦ મેગાવોટનું જુઓ, ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી ઉકાઈનું ૫૦૦ મેગાવોટનું જુઓ, આ બધા પ્રોજેકટો આવતા બે વર્ષની અંદર કાર્યાન્વીત થવાના છે અને સૌથી અગત્યનું એ છે કે વીજળી કોની પાસેથી લઈએ છીએ એ અગત્યનું નથી પણ વીજળી સસ્તી લઈએ એ અગત્યનું છે અને ગુજરાત સરકાર વીજળી જે ખરીદે છે ખાનગી કંપનીઓ પાસેથી તે આજે ચેલેન્જ સાથે કહું છું કે જે અમે કરારો કર્યા છે, જે બીડીંગમાં કર્યા છે તે કોસ્ટલ, હું એક જ દાખલો આપું ગુજરત સરકારે ૪૦૦૦ મેગાવોટના ફયુલ ફીકસ પ્રાઈઝે કર્યા છે. ૨.૩૫ થી લઈ અને ૨.૮૯ સુધીના કર્યા છે અને કોલસાના ભાવ આવતા ૨૬ વર્ષ સુધી વધે તો એ ઉત્પાદકની પાસે વધશે. એમાં રાજય સરકારે એક પૈસો આપવો નહીં પડે, ત્યારે અલ્ટ્રા મેગાવોટના કોંગ્રેસ સરકારે જે બીડ કર્યા એમાં જે બેઈઝ પ્રાઈઝ નીકળ્યો, આપણી પાસે એ આશરે ૨ રૂપિયા અને ૫૮ પૈસા પડયો અને શરુ થશે ત્યારે આપણને ત્રણ રૂપિયામાં પડશે, અત્યારે કોલસાના ભાવ એ ગ્રાહક પર નાખવામાં આવે છે, અને શરૂ થશે ત્યારે આપણને ૩ રૂપિયે પડશે. અત્યારે કોલસાનો ભાવ એ ગ્રાહક ઉપર નાખવામાં આવે છે, ત્યારે ગુજરાત સરકાર એક માત્ર આખા દેશમાં સ્ટેટ છે કે જેણે જેટલા પાવર પરચેઈઝ એગ્રીમૅન્ટના બીડ ચાલુ કર્યા જ્યાં વીજળી મળવા મંડી એમાં ફયુઅલ ટાઇપમાં ૨૬ વર્ષના કરાર કરીને કર્યુ છે. અને ગુજરાતમાં જ્યારે સેકન્ડ અલ્ટ્રા મેગાવોટની વાત કરવામાં આવી એનો પત્ર લખવામાં આવ્યો કે ગુજરાતમાં સેકન્ડ અલ્ટ્રા મેગાવોટ લેવા તૈયાર છે એમાં એક શરત છે કે તમે જે ફયુઅલ ૨૬ વર્ષનું ટાઇપ કરવા માગો છો એમાં તમે લિમિટ મૂકી દો અને ગ્રાહક કે જેણે વીજળી વેચવી હોય એને ફરજિયાત ઈમ્પોર્ટેડ માઈન્સ ખરીદવી પડે, અને એ ઈમ્પોર્ટેડ માઈન્સનો બેનિફીટ ગુજરાત સરકાર અને ગુજરાતની પ્રજાને મળે એ પ્રમાણે આપણે સૂચન કર્યુ. બે વાર અમારા અધિકારીઓ દિલ્હી સમજાવી આવ્યા પરંતુ હજી સુધી કેન્દ્ર સરકારે એ વિનંતી સ્વીકારી નથી એટલે ગુજરાતમાં સેકન્ડ અલ્ટ્રા મેગાવોટ અમે લેવા તૈયાર નથી થયા.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર(સંતરામપુર)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઊર્જા) જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓએ વીજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા ઉક્ત સ્થિતિએ કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ઊર્જા):**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બની છે. તદઉપરાંત પર્યાવરણ, બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. વળી, આ વીજ યોજનાઓ તકનિકી રીતે પણ જટિલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજયમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનિટનું વીજ ઉત્પાદન થયેલ છે. (*પત્રક-૪ મુજબ)

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નમાં કહ્યું કે ૨૭ એમ.ઓ.યુ.૨૦૦૩ અને ૨૦૦૫ વચ્ચે સાઇન થયા છે એનું વેલ્યુએશન શું હતું ખરેખર કિંમત અને ખરેખર કિંમતના ટ્રાન્સલેટેડ એન્ડ ગ્રાઉન્ડ કેટલું છે? બીજો પ્રશ્ન છે કે આ આઠ પ્રોજેક્ટ કહો છો કે ચાલુ થયેલા છે એમાં એમ.ઓ.યુ. માં પ્રોજેક્ટ કમીટેડ મેગાવોટ ઈલેકિટ્રસિટી કે યુનિટ કેટલા હતા અને ખરેખર ઉત્પાદન થાય છે એ કેટલું થાય છે, એ ઉત્પાદન થાય છે એમાં કૅપ્ટિવ કેટલા છે અને પબ્લિકમાં કેટલા યુનિટ આપો છો. ૩૦૪૩૦ મિલીયન યુનિટ આપે ૨૦૦૩ થી અત્યાર ચાલુ કર્યા છે તો ધેટ ટ્રાન્સલેટ ટુ બટ ૩૦૪ મેગાવોટ ઓન્લી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૩ની અંદર ૪૨૧૮ મેગાવોટના આપણે કુલ ૧૦ એમ.ઓ.યુ. કર્યા. એમાં કુલ ૧૯૭૨૦ કરોડના એમ.ઓ.યુ. કરાર કર્યા હતા. આની અંદર પાંચ એમ.ઓ.યુ. કમિશન થયા, ૨૩૧૨ મેગાવોટ ચાલુ થયા. રોકાણ ૯૦૭૦ કરોડ એક પ્રોજેક્ટ અન્ડર ઈમ્પ્લીમેન્ટેશનમાં છે એક હજાર મેગાવોટનું ૩૨૫૦ કરોડનું. જે ૨૦૦૩ની અંદર ચાર પ્રોજેક્ટ ૯૦૬ મેગાવોટના ડ્રોપ થયા. એટલે ઇન સ્પોર ૪૨૧૮ મેગાવોટના કરાર થયા એમાંથી ૯૦૬ મેગાવોટ ડ્રોપ થયા, એટલે ૩૩૧૨ મેગાવોટ આજની તારીખમાં કમિશનમાં છે કે અન્ડર ઈમ્પ્લીમેન્ટેશનમાં છે. એ પ્રમાણે ૧૯૭૨૦ કરોડના એમ.ઓ.યુ. થયા એમાંથી ૭૪૦૦ મેગાવોટના ડ્રોપ કરીએ તો ૧૨૩૨૦ કરોડના એમ.ઓ.યુ. આપણે કાર્યાન્વિત કરી શક્યા. એમણે થોડી વધારે વિગત માગી છે તો હું જણાવું કે આની અંદર કમિશન થયા એમાં ટોરેન્ટ પાવરનું સુઝેનની અંદર ૧૧૦૦ મેગાવોટનું ગેસ આધારિત એ કૅપ્ટિવ નથી. ગુજરાત સ્ટેટ ઇલેંકટ્રીક કોરપોરેશનનું ૧૧૨ મેગાવોટનું ધુવારણ એ ગેસ બેઈઝ છે કૅપ્ટિવ નથી. આપણા માટેનું કન્ઝમ્શન છે. એન.ઈ. જી માઈકોન વિન્ડ મિલ કચ્છ એ ૨૫૦ મેગાવોટ છે એન.આર. કોન ૩૫૦ મેગાવોટ છે અને સુઝલોન ૫૦૦ મેગાવોટ છે આમ ૨૩૧૨ મેગાવોટનું કમિશન થયેલ છે. જે પ્રોજેક્ટો ડ્રોપ થયેલા છે એ પ્રોજેક્ટમાં ટોરેન્ટ પાવરે ૧૫૬ મેગવોટનો દહેજમાં નાખવાની વાત કરી હતી પરંતુ રાજય સરકારે જોડ જોડે ડિસ્ટ્રિબ્યુશન ફ્રેન્ચાઈઝી આપવાની ના પાડી એટલે એ પ્રોજેક્ટ ડ્રોપ થયો છે. એ રીતે નિરમાને ૨૫૦ મેગાવોટનો ભાવનગરમાં લિગ્નાઈટ આધારિત કરવાનો હતો આપણે એ પ્રોજેક્ટ લઈ લીધો અને એમની ડિપોઝિટ રદ કરી ફોરફીટ કરી એટલે એ ૨૫૦ મેગાવોટનો પ્રોજેક્ટ ડ્રોપ થયો છે. એસ્સાર પાવરનો ગેસ બેઈઝ પાવર પ્રોજેક્ટ ૫૦૦ મેગાવોટનો હતો એ ડેવલપરને ગેસ ન મળવાને કારણે એ લોકોએ એ પ્રોજેક્ટ રદ કર્યો છે. આ પ્રમાણે આપણે જોઈએ તો ચોક્કસ પણે ૨૦૦૩ની અંદર પ્રગતિ ખૂબ સારી થઈ છે. ૨૦૦૫ની વાત કરુ તો જી.આઈ.પી.સી.એલ. ની અદર ૨૫૦ મેગાવોટના પ્રોજેક્ટનું એકસ્પાન્સન લિગ્નાઈટ આધારિત છે એનું કામ ચાલુ થઈ ગયું છે. અદાણીનું એક હજાર મેગાવોટનું મુંદ્રામાં કોલસા આધારિત ચાલુ થઈ ગયું છે. ન્યુકલીયર પાવરનું તારાપોરમાં ૨૭૪ મેગાવોટનું કામ સંપૂર્ણપણે કમિશન થઈ ગયું છે. એટલે ૨૦૦૫માં ત્રણ એમ.ઓ.યુ. કમિશન થયા છે એ અન્ડર ઈમ્પ્લીમેન્ટેશન છે એ એસ્સારનું હજીરાની અંદર એ લોકો તૈયારી દર્શાવે છે એમને ફયુઅલ ટાઇપ નથી થયું એટલે એ લોકો આગળ વધી શક્યા નથી. એન.ટી.પી.સી.માં ગંધાર અને કવાંસમાં વર્ષોથી રીલાયન્સનું અને એમની સાથે જે કોર્ટ કેસ ચાલી રહ્યા છે. તેના કારણે એ લોકો હજુ આગળ વધી શક્યા નથી. જી.પી.સી.એલ.નું ભાવનગરનું કામ ચાલી રહ્યું છે. ઈ.પી.સી. કૉન્ટ્રેક્ટ અપાઈ ગયો છે. એનરકોન, સુઝલોન, એન.ઈ.જી. માઈકોન આ બધાની જુદી જુદી કેપેસિટી આગળ વધી રહી છે. ૧૭ પ્રોજેક્ટમાંથી ૫ ડ્રોપ થયા અને બાકીના કમિશનના અંડર ઈમ્પ્લીમેન્ટેશનમાં છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ માનનીય મંત્રીશ્રીને સ્પેસિફિક પ્રશ્ન પૂછયો હતો, એ કહું છું અને આપ તેનું મોનીટરીંગ કરો એવી પણ વિનંતી કરું છું. આના પહેલાંના પ્રશ્નના જવાબમાં કહ્યું કે એમ.ઓ.યુ. થાય તે પછી પાંચથી સાત વર્ષનો સમયગાળો લાગતો હોય છે. ચાર નંબરના પ્રશ્નમાં આપનો લેખિત જવાબ છે. આ ૨૦૦૩ અને ૨૦૦૫ના એમ.ઓ.યુ. છે એટલે પાંચ અને સાત વર્ષનો સમય

ઓલમોસ્ટ ઓવર થયો. ૨૮માંથી માત્ર આઠ પ્રોજેક્ટ શરૂ થયા છે. મારા સભ્યશ્રીનો પ્રશ્ન બહુ સ્પેસિફિક હતો. વ્યકિતગત એમણે કયાં શું થયું એની રામાયણ પૂછી જ નથી. આ જે આઠ પ્રોજેક્ટો કાર્યાન્વિત થયા તેના એમ.ઓ.યુ.ની એમાઉન્ટ કેટલી હતી? ખરેખર ઈન્વેસ્ટમેન્ટ કેટલું આવ્યું? કેટલા મેગાવોટ આ આઠ એ કયા હતા અને ખરેખર પ્રોડક્શન આ આઠમાંથી કેટલું થાય છે? માત્ર ફીગર્સ આવશે. કોઈ નરેશન આવી જ ન શકે. મેં પત્રક મુજબ જોયું છે તે પ્રમાણે ૧૯,૨૦૦ અને ૩૬,૨૫૩ એટલે ૫૬,૦૦૦ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. આપે કહ્યા હતા, એવી જાહેરાતો ૨૦૦૩ અને ૨૦૦૫માં કરી હતી, આપ જે આઠ નામ ગણાવો છો તેમાં ૧૨,૦૦૦ કરોડથી પણ એમાઉન્ટ વધતી નથી અને એ એકચ્યુઅલ એમાઉન્ટ જ માગી છે. માનનીય અધ્યક્ષશ્રી, મહેરબાની કરીને માનનીય મંત્રીશ્રી આંકડાઓ હોય તો આપે, ન હોય તો ટેબલ પર મૂકે. પરંતુ લાંબી વાત, વિવેચન અમારે નથી જોઈતું. માત્ર ફીગર્સ જોઈએ છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સાંભળ્યું નહીં, હું પાછા આંકડા બોલું? આંકડા જ બોલું અને શાંતિથી સાંભળજો. ૨૦૦૩માં કુલ ૧૦ પ્રોજેક્ટ, ૪,૨૧૮ મેગાવોટ, ૧૯,૭૨૦ કરોડ રૂપિયા. ડ્રોપ ૪, ૯૦૬ મેગાવોટ,.. (અંતરાય) બધા આંકડા કહું ને ભાઈ. તમારે આંકડા સાથે મતલબ છે ને?

**અધ્યક્ષશ્રી** : આપ ટૂંકમાં જવાબ આપો પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, હું આંકડા કહું છું. (અંતરાય) સાહેબ, માનનીય શકિતસિંહને ખબર નથી કે ૧૧મા નાણા પંચમાં કેન્દ્ર સરકારે ૩૦,૦૦૦-૩૫,૦૦૦ મેગાવોટનું પ્લાન કર્યું હતું એ ૧૦,૦૦૦ નથી થયું. તેનું કારણ છે. હું અહીંયા તો સારા આંકડા કહું છું. (અંતરાય) આંકડા કહું છું. સાહેબ, ૨૦૦૩માં ટોટલ ૧૦ પ્રોજેક્ટ, ૪,૨૧૮ મેગાવોટ, ડ્રોપ ૯૦૬ મેગાવોટ, અત્યારે હાલમાં કમિશન અને અંડર ઈમ્પ્લીમેન્ટેશન જેની કામગીરી આગળ વધી રહી છે એ કુલ ૩૩૧૨ મેગાવોટ, કુલ રોકાણ ૧૨,૩૨૦ કરોડ. આ મેં ૨૦૦૩ની વાત કરી. હવે ૨૦૦૫ની વાત કરું. ૨૦૦૫માં કુલ ૧૭ પ્રોજેક્ટ, મેગાવોટ ૧૧,૧૦૨, કુલ ૩૬,૨૫૩ કરોડ પાંચ પ્રોજેક્ટ ડ્રોપ થયા, ૨૦૫૦ મેગાવોટ, ૮,૪૦૦ કરોડ. કુલ આજની તારીખમાં પ્રોજેક્ટ કમિશન અને પ્રોજેક્ટ અંડર ઈમ્પ્લીમેન્ટેશન ૯,૦૫૨ મેગાવોટ, ૨૭,૮૫૩.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૬.

**દેવગઢ બારીયા તાલુકામાં મીની પાણી પુરવઠા યોજના અંતર્ગત વીજ જોડાણો**

***૨૦૩૬૨ શ્રી તુષારસિંહ ક. મહારાઉલ (દેવગઢબારીયા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે-

૧. દેવગઢ બારિયા તાલુકામાં મીની પાણી પુરવઠા યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯ થતા વર્ષ ૨૦૦૯-૧૦માં કેટલા કામોના વીજ કનૅક્શનના નાણાં જે તે કચેરી દ્વારા ભરપાઈ થયેલ છે,
૨. આ પૈકી મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી કેટલા વીજ કનૅક્શન આપવામાં આવ્યા છે અને
૩. બાકી રહેલ વીજ કનૅક્શનો કયાં સુધીમાં આપવામાં આવશે?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા):**

(૧) અને (૨) દેવગઢ બારીયા તાલુકામાં મીની પાણી પુરવઠા યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૮-૦૯માં વીજ કનૅક્શનના નાણાં ભરપાઈ થયેલ ૬ અરજીઓ પૈકી ૪ તથા વર્ષ ૨૦૦૯-૧૦માં નાણાં ભરપાઈ થયેલ ૧ અરજી હતી જેને વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે.

(૩) બાકી રહેલ ૨(બે) વીજ જોડાણો માટે અરજદાર તરફથી ટેસ્ટ રિપૉર્ટ રજૂ થયેથી વીજ જોડાણ આપી શકાશે.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પ્રશ્ન પૂછવાનો મૂળ હેતુ છે કે પાણી પુરવઠાની યોજનાઓ તો ઉભી થઈ ગઈ છે, પાણીની ટાંકી બની ગઈ છે. પણ ખૂબ જ લાંબા સમયથી વીજ કનૅક્શન મળતું નથી અને બિનવપરાશના કારણે જ્યારે વીજ કનૅક્શન આવે ત્યારે મોટર જૂની થઈ ગયેલી હોય અને આ પાણી પુરવઠા યોજનાનો લાભ લોકોને આપવા માગીએ છીએ એ લાભ મળતો નથી. આપના જવાબમાં ૪ અને ૧ કનૅક્શનની વાત કરી છે. મારે પૂછવું છે કેએક થ્રી ફેઈઝ અને બીજી સીંગલ ફેઈઝના બે અરજદાર બાકી છે. એમાં એક અરજદાર પોતે ગ્રામ પંચાયત છે કે જે વિભાગે બોર કર્યો છે. પાણી પુરવઠા વિભાગે આ કનૅક્શન આપ્યા પછી જે નાણા ભરપાઈ કર્યા છે એ વિભાગ પોતે ભરપાઈ કરશે? પંચાયત બિલ ભરશે કે પાણી પુરવઠા વિભાગ બિલ ભરશે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની ચિંતા હું સમજી શકું છું. આ બે ગામડાઓમાં પાણી પુરવઠાની યોજનાઓ F Q Paid થઈ ગઈ છે. એમાં કનૅક્શન ન કરવાનું મુળ કારણ ટેસ્ટ રિપૉર્ટ આપ્યો નથી. એના માટે નોટિસ આપેલ છે. ટેસ્ટ રિપૉર્ટ નથી થયો એટલે કનૅક્શન ચાલુ નથી કર્યું. હું સભ્યશ્રીને ચોક્કસ કહીશ કે આપણે પોઝીટીવલી કેસ જોઈશું. પાણી પુરવઠાના અધિકારી, અમારા અધિકારી અને આપના પ્રતિનિધિ આ ત્રણેય ભેગા થઈને ખૂટતી કડી હોય એ જોઈને જોડવાનું કામ કરશે અને વહેલામાં વહેલી તકે પાણી ચાલુ થાય એ પ્રમાણે કરીશું.

**શ્રી તુષારસિંહ ક. મહારાઉલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ટેસ્ટ રિપૉર્ટ કોણે આપવાનો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જેણે માગણી કરી હોય એણે આપવાનો હોય છે. પણ એમાં જે પ્રક્રિયા કરવાની હતી એ થઈ નથી. એટલે બન્ને વિભાગના અધિકારી અને તમારા કોઈ પ્રતિનિધિ જોડે જશે અને વહેલામાં વહેલી તકે શું કામગીરી કરવી એ જોઈશું. વીજળીના બિલ છે એ સરકાર એટલે કે પંચાયત ભરે છે. એટલે એનો સવાલ નથી. આ પ્રક્રિયા જ પૂર્ણ કરવાની બાકી છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મીની વોટર વર્કસ માટે અરજી કોણે કરવાની હોય અને એના બિલ કોણ ભરે છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મીની વોટર વર્કસ એ સિંચાઇ વિભાગનો પ્રશ્ન છે. એના માટે જુદી નોટિસ આપવી પડે. મારો વિભાગ ફકત કનેકશન આપવાનું કામ કરે છે.

**વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.**

*** ૨૦૩૨૭ શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી(ઊર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓએ વીજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા ઉક્ત સ્થિતિએ કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે?

**મુખ્યમંત્રીશ્રી(ઊર્જા) :**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે પત્રક-૧ અને પત્રક-૨ મુજબ છે.

(૨) અને (૩)

કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજૅકટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને તેમાંથી ત્રણ પ્રોજૅકટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂકવામાં આવેલ છે.

સામાન્યત: વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજૅકટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિશ્ચિત કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તકનિકી રીતે પણ જટિલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યત: ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજયમાં વીજ પ્રોજૅકટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે.(*પત્રક-૩ મુજબ)

*** (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવું છે કે, ૨૦૦૭ અને ૨૦૦૯માં વાઈબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં જે એમ.ઓ.યુ. કર્યા એ ૧૧૪ પૈકી ૧૧૨ પ્રોજૅકટ અમલીકરણના તબક્કે છે. પણ ત્રણ પ્રોજૅકટ કાર્યાન્વિત થયા છે. આ ત્રણ પ્રોજૅકટ માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કરેલા અને અત્યાર સુધી આ પ્રોજૅકટના અમલીકરણમાં કેટલો ખર્ચ થયો છે. નં.બે- ગુજરાત સરકારના હકારાત્મક અભિગમના કારણે- કેવા પ્રકારનો હકારાત્મક અભિગમ છે અને નં.૩ - ૭૩૧૦.૪૬૭ અને ૩૦૪૩૦.૩૬૮ મિલિયન યુનિટનું ગુજરાતમાં વીજળીનું ઉત્પાદન થયું છે. આપણે બીજા રાજયોને વીજળી વેચીએ છીએ ત્યારે આટલી સરપ્લસ વીજળી છે એ ગુજરાતના ખેડૂતોને છ કલાક જ વીજળી મળે છે. તો આવી સસ્તી અને વધારે વીજળી હોય તો ગુજરાતના ખેડૂતોને હવે ૧૨ કલાક વીજળી આપવાની જાહેરાત કરશો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રીજો સવાલ છે એ એમનું સૂચન છે અને આ પ્રશ્ન એની અંદર આવતો નથી. પહેલાં ત્રણ પ્રોજૅકટનું કમિશન થયું. એના વિશે પહેલાં હાઉસને માહિતી આપી દીધી છે. ગુજરાત સ્ટેટ ઈલૅકટ્રીસીટી ઉતરાણનું ૩૬૦ મેગાવોટનું કાર્યરત થયું છે અને કમિશન થયું એ રૂ.૧૨૫૦/- કરોડનું મૂડી રોકાણ હતું. અદાણી પાવરનું જે મુન્દ્રામાં ઈમ્પોર્ટેડ કોલનું ચાલુ થયું એ ૧૦૦૦ મેગાવોટનું હતું અને એમાં રૂ.૪૦૦૦/- કરોડનું મૂડી રોકાણ થયું હતું. ગુજરાત આલ્કલીઝ અને વીન્ડ એનર્જી જે પોતાના કન્ઝપ્શન માટેનું હતું એ ૨૪ મેગાવોટનું રૂ.૧૪૦/- કરોડનો ખર્ચ થયો છે. એ રીતે આ ત્રણ પ્રોજૅકટ કાર્યાન્વિત થયા છે. એમણે જે સવાલ પૂછ્યો કે રાજય સરકાર ખૂબ પ્રોએકટીવ છે. અમે લોકોએ આ પ્રોજૅકટો ઝડપથી થાય એના માટે એક સેલ બનાવ્યો છે. એની અંદર જે કોઈ એમના પ્રશ્ન હોય એના ઉકેલ લાવવા માટે પ્રયત્ન કર્યો છે. જમીનથી માંડીને

એન્વાર્યમેન્ટ, ફયૂલ સપ્લાયથી માંડીને બધી જ રીતે મદદ કરવાની કોશિશ કરીએ છીએ અને એના કારણે ગુજરાતની અંદર આ વર્ષની અંદરની અંદર એટલે કે આવતા ૨ વર્ષની અંદર ઓછામાં ઓછા નવા ૬હજાર મેગાવોટની વીજળી આપણે ઉત્પાદન કરવાના છીએ, આ બધું જ વાઈબ્રંટ ગુજરાતના કારણે છે અને ૬હજાર મેગાવોટ એ નાના નથી. તમે દેશની અંદર ગમે ત્યાં જશો તો તમે જ્યારે એમ કહેશો કે અમે એક જ વર્ષમાં ૬હજાર મેગાવોટ અમે નવી ઉત્પાદન કરવાના છીએ, એ ઘણા રાજયની હાલની સંપૂર્ણ કેપેસીટી ઈનસ્ટોલ કરતા પણ આપણી વધારે છે. આ માત્ર અને માત્ર પ્રોએકટીવ પૉલિસીને કારણે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આપે આ ત્રણ જે કાર્યાન્વિત થયા છે એમાં ૭૩૧૦.૪૬૭ મીલીયન યુનીટના ઉત્પાદનના એમ.ઓ.યુ. થયેલા હતા. મારે એ જાણવું છે કે આપનું જે ટોટલ એમ.ઓ.યુ.નું ઈન્વેસ્ટમેન્ટ છે એની રકમ કેટલી, આ ત્રણેય જે કાર્યાન્વિત થઈ ચૂકયા છે, આ ત્રણેયે કેટલા રૂપિયાનું રોકાણ કરવાનું કીધું હતું અને આજે એકચ્યુઅલ ઈન્વેસ્ટમેન્ટ કેટલું કર્યુ છે અને ૭૩૧૦.૪૬૭માંથી આજની તારીખે આ ત્રણમાં, માત્ર આટલું આપશે માનનીય મંત્રીશ્રી તો પણ ચાલશે કે ૭૩૧૦.૪૬૭ પૈકી એકચ્યુઅલ આજે પ્રોડકશન કેટલું?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૨૦૦૭ અને ૨૦૦૯ની વિગત માગી છે. હું ફરીથી કહુ છું, એક વખત મેં આકડા આપી દીધા. .અંતરાય

**અધ્યક્ષશ્રી** : અગાઉ ચર્ચા થઈ ગઈ છે એટલે ટૂંકમાં જ જવાબ આપો. અંતરાય. .આજ પ્રશ્નની ચર્ચા થઈ ગઈ છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૨૦૦૭માં ૧૯ એમ.ઓ.યુ. થયા, ૩ મીનીટની અંદર જે ૩ યુનિટ થયા એમાં ૧૩૮૪ મેગાવોટ અને ૫૩૦૯ કરોડ, જે જેણે જેટલા એમ.ઓ.યુ. કર્યા એ સંપૂર્ણપણે રોકાણ એમણે કર્યુ છે. રોકાણ વધ્યું હશે પણ ઘટ્યું નથી.. અંતરાય ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ૭૩૧૦માંથી માત્ર ૧૩૦૦ જ થયું છે માત્ર એટલું જ રૅકૉર્ડ પર મૂકું

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીને ખબર નથી, કે કોંગ્રેસની સરકાર વખતે કેન્દ્રમાં ૧૦-૧૦ વર્ષ થયા અને હજી ગાડુ આગળ ચાલતું નથી. હું દાખલો આપો કે ન્યુ કલીયર કૉર્પોરેશનમાં .. અંતરાય .. આ એમ.ઓ.યુ.નો ભાગ છે. અંતરાય .. .. મારે માહિતી આપવી છે કે ન્યુ કલીયર કૉર્પોરેશનમાં એ લોકોએ ૫૦હજાર કરોડનું એમ.ઓ.યુ. કર્યુ છે, ૬હજાર મેગાવોટ વીજળી ભાવનગરમાં ઉત્પાદન કરવાની છે. ૨૦૧૨ની અંદર સરકારે એ લોકોએ જાહેર કરી, ૨૦૦૬માં અમે એમને મંજૂરી આપી લેન્ડ કલીયરન્સ કરાવ્યું, આજે ૪ વર્ષ થયા હજી એ લોકો આગળ વધી શકયા નથી. આપણે ૩ સવાલ પૂછયા એમને કે અમે જમીન તમને નોંધ કરી દીધી, જમીન આપવાની મંજૂરી આપી દીધી. .. અંતરાય .. આ ભાગ છે માનનીય અધ્યક્ષશ્રી.. .. અંતરાય ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક: ૮ માનનીય વંદનાબેન

**જુનાગઢ જિલ્લાના જર્જરીત વીજ વાયરો બદલવા બાબત.**

*** ૨૦૭૯૫ શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયરો તા: ૩૧-૩-૧૦ની સ્થિતિએ બદલવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો કેટલો જર્જરિત વાયર બદલવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**મુખ્યમંત્રીશ્રી (ઉર્જા ) :**

(૧) (૨) અને (૩) વીજ પુરવઠામાં થતો વિક્ષેપ નિવારવા જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા:૩૧-૩-૧૦ ની સ્થિતિએ સાગર ખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ રુપિયા ૭૯૫.૮૨ લાખના ખર્ચે ૨૩૩૩.૮૦ કિ.મી. અને સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ રુ. ૩૮૪.૮૧ લાખના ખર્ચે ૧૫૩૨.૨૩ કિ.મી. આમ કુલ રુપિયા ૧૧૮૦.૬૩ લાખના ખર્ચે ૩૮૬૫.૩૧ કી.મી. જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલ છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે જુનાગઢ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો કઈ યોજના હેઠળ બદલવામાં આવે છે અને તેનો ખર્ચ કોણ ભોગવે છે, મારો બીજો પ્રશ્ન એ છે કે જુનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાનો સાગરખેડૂ યોજના હેઠળ સમાવશે થાય છે કે કેમ? જો ના તો આ તાલુકામાં કઈ યોજના હેઠળ કેટલો વાયર બદલવામાં આવ્યો તથા તેનો ખર્ચ કેટલો થયો?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દરીયાકાંઠાના સૌ ધારાસભ્યશ્રી જાણતા હશે કે કલાયમેટના કારણે જે કન્ડકટર્સ છે એની પરિસ્થિતિ જલદી ખરાબ થઈ જાય છે અને એના કારણે લોકોને, પ્રજાને ખૂબ હેરાન થવું પડતું હોય છે. આ સરકારે એના માટે સાગર ખેડૂ યોજના અને સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ જે દરીયા કાંઠા પર ન આવતા હોય અને થોડા અંદર હોય એના માટે કાઢી છે. મને આનંદ થાય છે કહેતા કે જુનાગઢ જિલ્લાની

અંદર માત્ર ૯ દરસ એટલે કે એક જ વર્ષની અંદર સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ સ્કીમની અંદર ૧૫૩૨ કીલોમીટર બદલ્યા કંડકટર, સાગર ખેડૂ હેઠળ ૨૩૩૩ બદલ્યા એમ કરીને કુલ ૧ જિલ્લાની અંદર એક જ વર્ષમાં ૩૮૬૪ કિલોમીટર કંડકટર બદલાયા, સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટની અંદર ૩ કરોડ અને ૮૪ લાખ, સાગર ખેડૂમાં ૭ કરોડ અને ૯૫ લાખ એમ કરીને ૧૧ કરોડ અને ૮૦ લાખ રૂપિયાનો ખર્ચો ખાલી માત્ર વાયર બદલવા માટે એક જ જિલ્લામાં આ સરકારે કામગીરી કરી છે, કેશોદની વાત કરીએ તો કેશોદની અંદર આ સાગરખેડૂ યોજના આવતી નથી એટલે સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટમાં લઈને ૭૧૧ કિલોમિટરના રોડો બદલ્યા અને એની અંદર ૧.૯૮ કરોડનો ખર્ચ આ કામગીરીમાં કરેલ છે. એનો લાભ એ છે કે આના કારણે જે ઈન્ટ્રપ્શન અને રીડક્શન થાય એ ઘણા ઓછા થાય છે. ક્વોલિટી સપ્લાય, ખેડૂતોના ખેતરમાં ગુણવત્તાવાળી વીજળી મળે એ માટે આ સ્કીમ ખૂબ સારી છે અને બધી રીતે ખેડૂતોને લાભ થવાથી આ સ્કીમનો અમલ આપણે જુનાગઢ જિલ્લામાં કર્યો છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : જ્યારે હું દરિયાઈ પટ્ટી ઉપરથી આવું છું ત્યારે સાગરખેડૂત યોજનાથી સમગ્ર એરિયામાં વાયરો બદલવાથી વિદ્યુત પુરવઠો સારી રીતે મળી રહે છે એટલે સરકારને અભિનંદન આપીશ. હું જાણવા માગું છું કે જુનાગઢ જિલ્લામાં જે જે તાલુકાનો સાગરખેડૂ યોજનામાં સમાવેશ થયેલ છે એ પૈકી કયા તાલુકામાં કેટલા સબ સ્ટેશનો છેલ્લા ત્રણ વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા છે અને કયા કયા ચાલુ કરવામાં આવ્યા છે?

**શ્રી સૌરભ પટેલ** : સાગરખેડૂ યોજનાની અંદર છેલ્લા બે-ત્રણ વર્ષમાં ખૂબ મોટી કામગીરી કરી છે. સાગરખેડૂ યોજનામાં વર્ષ ૨૦૦૭-૦૮માં બે સબ સ્ટેશનો મંજૂર કયા આદરી અને આમ્રપુર. વર્ષ ૨૦૦૮-૦૯માં બે સબ સ્ટેશનો મંજૂર કર્યા. જુનાગઢ જિલ્લાની વાત કરીએ તો વર્ષ ૨૦૧૦-૧૧માં આપણે ૮ સબ સ્ટેશનો મંજૂર કર્યા એમાંથી ૬ ચાલુ થઈ ગયા છે અને વર્ષ ૨૦૧૧-૧૨માં જુનાગઢ જિલ્લામાં કુલ ૧૪ સબ સ્ટેશનો આપણે હાથ ઉપર લીધા છે. એટલે આખા રાજ્યમાં ૧૯૯૦માં આખા રાજ્યનું પ્લાન થતું હતું એ પ્લાન એકલા જુનાગઢ જિલ્લાનું આપણે કરી બતાવ્યું છે. આટલું કામ દરિયાકાંઠા વિસ્તારમાં ખાસ કરીને કરવામાં આવ્યું છે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે દરિયા પટ્ટીના ગામડાઓના વાયરો બદલવાની વાત કરી, તો મારા વેરાવળ, સૂત્રાપાડા અને તાલાલા વિસ્તારમાં કેટલા વાયરો બદલવામાં આવ્યા છે અને મારા ધ્યાનમાં છે ત્યાં સુધી ૨૦ ટકાથી વધારે વાયરો આજ દિન સુધી બદલવામાં આવ્યા નથી. બીજું કે અત્યારે જે ખેડૂતોને વીજ જોડાણોના ટી.સી. વાડીએ મૂકવાનું કામ ચાલી રહ્યું છે એની અંદર ૧૧ કે.વી.એ.ની લાઈન ઊભી કરવામાં આવે છે. એની અંદર એલ.ટી.ના વાયર વાપરવામાં આવે છે. ત્રીજું, હાલના તબક્કે જે દરિયાઈ પટ્ટીમાં અને મારા તાલાલા વિસ્તારમાં ખાસ કરીને આંબાવાડીના મોટા બગીચા છે અને નાળિયેરીના બગીચા હોય છે. તો એના માટે કોઈ સ્પેશિયલ યોજનામાં કેબલ નાખવા માગો છો કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : એક સૂત્રાપાડા તાલુકો કહ્યો એમાં સાગરખેડૂ યોજનામાં ૪૮૮.૫૪ કિલોમિટરની લાઈન નાખી છે અને ૧.૫૮ કરોડનો ખર્ચ થયો છે. તાલાલા સાગરખેડૂમાં આવતું નથી. પરંતુ ૭૯ કિલોમિટરની લાઈન રૂપિયા ૨૭.૫૮ લાખના ખર્ચે સિસ્ટમ ઈમ્પ્રુવમેન્ટમાં લઈ લીધી છે. વેરાવળની અંદર સાગરખેડૂમાં ૭૦૭ કિલોમિટરની લાઈનો નાખવામાં આવી છે અને ૨.૪૩ કરોડનો ખર્ચ કર્યો છે અને બાકીનો વિષય છે એ આ પ્રશ્નમાં ઉપસ્થિત થતો નથી. (અંતરાય)

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : મોટા બગીચાઓ છે એમાં કેબલ નાખવા માગો છો કે કેમ? (અંતરાય)

**સુરત શહેર પોલીસ કમિશનર કચેરીના મકાન બાંધવાનો ખર્ચ**

*** ૨૦૨૩૧ શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની કચેરીના નવા મકાનના બાંધકામમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની કચેરીના નવા બાંધકામ પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુલ રૂા. ૭૦૩.૨૯ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) આ કામ ૧૯ (ઓગણીસ) માસમાં પૂર્ણ કરવામાં આવેલ છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે એ સુરત શહેરમાં સરકારી મકાન, પોલીસ કમિશનરશ્રીની કચેરી બની છે એને બીબાઢાળ સ્વરૂપ અને રંગરૂપમાંથી બહાર કાઢીને કોર્પોરેટ કલ્ચર સાથે હરીફાઇ થઈ શકે એવું પ્રશંસનીય કાર્ય આ સરકારે કર્યું છે એટલે હૈયે હેત ઊભરાય એવું કાર્ય કર્યું છે. મારે જાણવું છે કે આ શહેરમાં ૧૯૮૮ થી ૨૦૦૦ સુધીમાં બીન રહેઠાણના કેટલા મકાનો પૂર્ણ કરવામાં આવ્યા અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં કેટલું પૂરું થયું?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### કચ્છના અખાતમાં દરીયાઈ ટ્રાફીકમાં વધારો

૨૦૮૦૬ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છના અખાતમાં દરિયાઈ ટ્રાફીક વધતો જાય છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા આ ટ્રાફિક્ના નિયંત્રણ અંગે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટ્રાફિક્ના નિયંત્રણ અંગે ડાયરેકટર જનરલ ઓફ લાઈટહાઉસીસ એન્ડ લીટશીપ્સ, કંડલા પોર્ટ ટ્રસ્ટ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સંયુક્ત સાહસથી વેસલ ટ્રાફીક મોનીટરીંગ સીસ્ટમ કચ્છના અખાતમાં સ્થાપવાનું આયોજન કરેલ છે. આ સીસ્ટમથી કચ્છના અખાતમાં વેસલ અકસ્માત વગર સહેલાઈથી અવરજવર કરી શકશે. આ પ્રોજેકટની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

--------

### સરદાર સરોવર ડેમની કેનાલો બનાવવા બાબત

૨૦૭૪૯ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) :માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર નર્મદા ડેમની કેટલી કેનાલો અને સબ કેનાલો બનાવવાનો અંદાજ નક્કી કરેલ છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી કેનાલો કે સબ કેનાલો બનાવવામાં આવી છે,

(૩) કેટલી બાકી છે, અને

(૪) આ કામ કેટલા સમયમાં કેટલા ખર્ચે પૂરૂ કરવાનો અંદાજ છે?

**જવાબ**

(૧) સરદાર સરોવર નર્મદા યોજનાની કુલ ૭૪૬૨૬ કી.મી. લંબાઈની કેનાલો બનાવવાની થાય છે.

(૨), (૩) અને (૪) : તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ મુખ્ય નહેરનું કામ પૂર્ણ થયેલ છે. ૩૮ શાખા નહેરો પૈકી ૨૯ શાખા નહેરોનું કામ પૂર્ણ થયેલ છે અને ૭ શાખા નહેરોનું કામ પ્રગતિમાં છે. વિશાખા અને પ્રશાખાના કામો તબક્કા-૧ અને તબક્કા-૨અ માં પૂર્ણતાના આરે છે. બાકી રહેતી કેનાલો અને સબ કેનાલોના કામો અંદાજિત રૂા. ૧૩૬૨૬.૩૯ કરોડના ખર્ચે વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

### ઓદ્યોગિક વસાહતોમાં જમીન માલીકોની ભાગીદારી

૨૦૭૯૪ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓદ્યોગિક વસાહતો વિકસાવવામાં જમીન માલિકોને સરકાર ભાગીદાર બનાવવા માગે છે તે હકીક્ત સાચી છે, અને

**જવાબ**

(૧) અને (૨) : જમીન માલિકોને ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવા અંગેની નીતિ તા. ૧૫-૧૨-૨૦૧૦

(૨) જો હા, તો તે અંગે તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શી કાર્યવાહી કરવામાં આવી?

થી ઘડવામાં આવી છે. દેશમાં પ્રથમ વખત આ પ્રકારની નીતિ દ્વારા જમીન માલીકોને લાંબા ગાળા માટે આર્થિક સહાય અને નફામાં હિસ્સો ઉપલબ્ધ બને તે પ્રકારનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. આ નીતિ અંતર્ગત જમીનનો સંમતિ દર સ્વતંત્ર સંસ્થા દ્વારા નિષ્પક્ષ રીતે નક્કી થશે. જમીનના વિતરણમાંથી જમીન માલીકોને હિસ્સો પણ ઉપલબ્ધ થશે. વાણિજ્ય પ્લોટ રૂા. ૧/- પ્રતિ ચો.મી.ના ટોકન દરથી ફાળવવામાં આવશે. તાલીમ દ્વારા જમીન માલીકોને કૌશલ્ય વૃધ્ધી કરી તેઓને ઉદ્યોગોમાં રોજગારની તક ઉપલબ્ધ કરવામાં આવશે અને ગ્રામ પંચાયતને પણ જમીનના વિતરણની ઉપલબ્ધ બનતી રકમમાં ભાગ આપી સામુહિક સુવિધાઓ વિકસે તેનું ધ્યાન નીતિમાં રાખવામાં આવ્યું છે.

## રાજ્યના વિજ ગ્રાહકો પાસેથી વિજ ડ્યુટી વસુલ કરવા બાબત

૨૦૬૦૨ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્ય વિજ નિયમન પંચ દ્વારા રાજ્યના વિજ ગ્રાહકો પાસેથી વપરાશના યુનીટ ઉપર જ વિજ ડ્યુટી લેવાની સૂચના આપેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આવી સૂચના ક્યારે સરકારને મળી,

(૩) મળેલ સૂચના પછી પણ તેનો સત્વરે અમલ નહીં કરવાના કારણો શાં છે, અને

(૪) જવાબદારો સામે સરકાર અમલ નહીં કરવા માટે શાં પગલાં ભરવા માંગે છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૦૯ : **શ્રી ફતેસિંહ ચૌહાણ (રાજગઢ)** : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧), (૨) અને (૩) : પંચમહાલ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧<br>૦૧ | આઉટપોસ્ટ<br>પોલીસ સ્ટેશન | રણક્પુર<br>ગોધરા | ૮૩.૬૧ |

--------

## સુરત શહેરમાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૨૪ **: શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | - | - | - | - |
| ૨૦૦૯-૧૦ | ૦૧<br>૦૧ | એસ.પી.ઓફીસ પોલીસ સ્ટેશન | અઠવા લાઈન્સ કાપોદ્રા | ૨૫૧.૩૬ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | પોલીસ ભવન | અઠવા લાઈન્સ | ૭૦૩.૨૯ |

--------

## રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવાની મંજૂરી

૨૦૮૦૮ **: શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના દરિયા કિનારે શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવા કેટલી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) તેનાથી શીપ બિલ્ડીંગ ક્ષમતામાં કેટલો વધારો થનાર છે?

**જવાબ**

(૧) ૯ (નવ).

(૨) પ્રતિ વર્ષ ૯.૪ લાખ ડેડ વેઈટ ટનેજ.

--------

## પાટણ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૧૧ **: શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩)

પાટણ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યાં

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રક્મનો ખર્ચ કરવામાં આવ્યો?

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૨ | પોલીસ સ્ટેશન | હારીજ અને સાંતલપુર | ૯૨.૯૪ |

**કચ્છના અખાતમાં દરિયાઈ ટ્રાફિકમાં વધારો**

૨૦૮૦૭ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છના અખાતમાં દરિયાઈ ટ્રાફિક વધતો જાય છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર દ્વારા આ ટ્રાફિક્ના નિયંત્રણ અંગે તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ શાં પગલાં લેવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટ્રાફિક્ના નિયંત્રણ અંગે ડાયરેક્ટર જનરલ ઓફ લાઈટહાઉસીસ એન્ડ લાઈટશીપ્સ, કંડલા પોર્ટ ટ્રસ્ટ અને ગુજરાત મેરીટાઈમ બોર્ડના સંયુક્ત સાહસથી વેસલ ટ્રાફીક મોનીટરીંગ સીસ્ટમ કચ્છના અખાતમાં સ્થાપવાનું આયોજન કરેલ છે. આ સીસ્ટમથી કચ્છના અખાતમાં વેસલ અક્સ્માત વગર સહેલાઈથી અવરજવર કરી શક્શે. આ પ્રોજેક્ટની કામગીરી હાલમાં પ્રગતિમાં છે.

--------

**નર્મદા યોજના અન્વયે અમરાપુરા શાખા નહેરના કામો**

: ૨૦૫૯૦ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત અમરાપુરા શાખા નહેરના કામો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને

(૨) તા. ૩૧-૧૨-૧૦ સુધીમાં છેલ્લા એક વર્ષમાં આ કામો પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ અમરાપુરા શાખા નહેરની કુલ લંબાઈ ૫૫.૩૧ કી.મી. પૈકી ૫૩.૫૦ કી.મી. લંબાઈમાં માટીકામ અને ૯.૮૨ કી.મી. લંબાઇમાં અસ્તરકામ પૂર્ણ થયેલ છે. બાકી કામ પ્રગતિમાં છે.

(૨) આ અન્વયે અત્યાર સુધીમાં રૂા. ૧૪.૧૦ કરોડનો ખર્ચ થયેલ છે. જે પૈકી છેલ્લા એક વર્ષમાં રૂા. ૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

--------

**નર્મદા યોજનાના તબક્કા-૧ હેઠળ સબ માઈનોર કેનાલના કામો**

૨૦૫૯૬ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ ૨૦૦૯-૧૦ તથા વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં નર્મદા યોજનાના તબક્કા-૧ હેઠળ કુલ કેટલા હેક્ટર વિસ્તારમાં સબ માઈનોર કેનાલો બનાવવામાં આવી?

**જવાબ**

નર્મદા યોજનાના તબક્કા-૧ હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન ૨૨.૮૫ કી.મી. લંબાઈમાં ૬૦૩ હેક્ટર (૧૪૮૯.૪૧ એકર) અને વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં ૩૭.૭૦ કી.મી. લંબાઈમાં ૧૫૦૮ હેક્ટર (૩૭૨૪.૭૬ એકર) વિસ્તારમાં સબ માઈનોર કેનાલો બનાવવામાં આવી છે.

--------

## મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૦૦ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧ | પોલીસ સ્ટેશન તથા બેરેક | બહુચરાજી | ૯૨.૧૭ |
| ૨૦૦૯-૧૦ | ૦૧<br>૦૧ | એમ.ટી. સેક્શન<br>જીમ્નેસિયમ હોલ | મહેસાણા<br>મહેસાણા | ૧૦૬.૨૧ |
| ૨૦૧૦-૧૧ | -- | -- | -- | -- |

--------

## રાજકોટ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૧૯ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧<br>૦૧<br>૦૧ | વહીવટી બ્લોક<br>બફલ રેન્જ<br>એમ. ટી. સેક્શન | મહુડી ઘંટેશ્વર, એસ.આર.પીગ્રુપ-૧૩<br>ઘંટેશ્વર, એસ.આર.પીગ્રુપ-૧૩ | ૨૫૪.૦૮ |
| ૨૦૦૯-૧૦ | ૦૧ | કોસ્ટલ આઉટ પોસ્ટ | નવલખી | ૭.૬૮ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | બેરેક | મવડી | ૮૧.૪૯ |

## વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૩૪ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | -- | -- | -- | -- |
| ૨૦૦૯-૧૦ | ૦૧ | વહીવટી બ્લોક | પ્રતાપનગ ર | ૧૨૫.૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | બેરેક | વડોદરા હેડક્વાર્ટર | ૬૭.૮૧ |

--------

**રાજ્યમાં વીજ ઉત્પાદન**

૧૯૮૯૧ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વીજ ઉત્પાદન કેટલું થયું,

(૨) વિજ ખાધ કેટલી રહી, અને

(૩) આવી વીજ ખાધ ન રહે અને નવા આવતા ઉદ્યોગોને પુરતી વીજળી મળે તે માટે સરકારે કેવા પ્રકારનું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) વીજ ઉત્પાદનના આંકડાઓ કેલેન્ડર વર્ષ અથવા નાણાકિય વર્ષના સંદર્ભમાં રાખવામાં આવતા હોઈ, તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ અર્થાત કેલેન્ડર વર્ષ ૨૦૧૦ની માહિતી આપવામાં આવેલ છે અને તે મુજબ રાજ્યમાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૫૯૧૩૫ મિલિયન યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે. તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વીજ માંગને પહોંચી વળવા રાજ્ય પાસે પર્યાપ્ત પ્રમાણનો વીજ પૂરવઠો હોવાથી,. રાજ્યની વીજ માંગ સંપૂર્ણપણે સંતોષાયેલ છે અને વર્ષ ૨૦૧૦માં રાજ્યમાં વીજ ખાધ ન હતી.

તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ, રાજ્યમાં કુલ સ્થાપિત વીજ ક્ષમતા ૧૩૨૫૮ મેગાવોટની છે. આ સ્થાપિત વિજ ક્ષમતા રાજ્યના દરેક પ્રકારના વીજ ગ્રાહકો જેવા કે, ગૃહ, ઓદ્યોગિક, વાણિજ્યિક અને ખેતી વિષયક વિજ માંગ સંતોષવા પર્યાપ્ત છે અને નવા આવનાર ઉદ્યોગોની પણ વીજ માંગ સંતોષી શકાય તેટલી વીજળી પ્રાપ્ય છે.

વધુમાં, રાજ્યમાં નજીક્ના ભવિષ્યમાં આવનાર નવા ઉદ્યોગોને પૂરતા પ્રમાણમાં વીજ પૂરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારનું આગામી બે વર્ષમાં ૬૧૮૧ મેગાવોટ સ્થાપિત વીજ ક્ષમતા વધારવાનું આયોજન છે.

--------

**વડોદરા જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન**

૨૦૮૦૧ :**શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં જુદી જુદી ક્ક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) જુદી જુદી ક્ક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તારીખ ૩૧-૦૩-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં રૂ. ૧૬૭.૩૦ લાખના ખર્ચે ૧૪ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

**નર્મદા યોજના અન્વયે ગોરેયા શાખા નહેરથી આવરી લેવાયેલ વિસ્તાર**

૨૦૫૮૯ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત ગોરેયા શાખા નહેરથી કેટલા વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજના અંતર્ગત ગોરેયા શાખા નહેર હેઠળ કુલ ૪૧૪૯૨ હેક્ટર (૧૦૨૪૮૫.૨૪ એકર) ખેડાણ લાયક પિયત વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ શાખા નહેર અંતર્ગત કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) તે ક્યારે પુરા કરવામાં આવશે ?

(૨) ઉક્ત સ્થિતિએ આ શાખા નહેર અંતર્ગત ૭ કામો રૂા. ૫૨.૬૨ કરોડના પ્રગતિમાં છે.

(૩) આ કામો વહેલી તકે ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

**ભાવનગર જિલ્લામાં વીજ ફિડરોનું વિભાજન**

૨૦૮૧૦ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન ભાવનગર જિલ્લામાં જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨) જુદી-જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ દરમિયાન તા. ૩૧-૦૩-૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં રૂપિયા ૨૮૭.૯૫ લાખના ખર્ચે કુલ ૪૬ ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું છે.

--------

**ઉનાવા ખાતે આવેલ મિરાંદાતાર ખાતે આવતા લોકોને પાડવામાં આવતી ફરજ બાબત**

૧૯૧૯૮ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં ઉંઝા તાલુકાના ઉનાવા ખાતે આવેલ મિરાંદાતાર ખાતે મુસ્લીમ પવિત્ર સ્થળે બાધા આખડી માટે આવતા લોકોને બેડી પહેરાવવામાં આવે છે તથા ગટરના પાણીમાં ન્હાવા માટે ફરજ પાડવામાં આવતી હોવાની તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફરિયાદો મળી, અને

(૨) તેમાં શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) એકપણ ફરિયાદ મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**સુરત અને તાપી જિલ્લાના આદીવાસી ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ**

૨૦૬૭૯ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાઓના આદિવાસી ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલા જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) બાકી રહેલા ખેડૂતોને આ લાભ ક્યાં સુધી મળશે ?

**જવાબ**

(૧) સરકારે તાજેતરમાં જાહેર કરેલ કૃષિ વિજ જોડાણ માટેની "તત્કાલ યોજના"માં આદિવાસી ખેડૂતોને અરજી કરવાની આખરી તારીખ ૨૮-૦૨-૨૦૧૧ નક્કી કરવામાં આવી હતી. તેથી હાલની તત્કાલ યોજનામાં વિજ જોડાણ આપવાની કામગીરી હવે પછી હાથ ધરવામાં આવશે. જ્યારે અગાઉની તત્કાળ યોજનામાં તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૫૪૮૬ અને તાપી જિલ્લામાં ૨૧૦૭ આદિવાસી વિસ્તારના ખેડૂતોને વિજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) અગાઉની તત્કાલ યોજનામાં નાણાં ભરપાઈ થયેલ તમામ ખેડૂતોને વિજ જોડાણ આપેલ છે.

--------

**નર્મદા યોજના તબક્કા-૨ હેઠળ સબ માઈનોર કેનાલની પ્રગતિ**

૨૦૫૯૫ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ-૨૦૦૯-૨૦૧૦ તથા વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધી નર્મદા યોજનાના તબક્કા-૨

**જવાબ**

વર્ષ-૨૦૦૯-૨૦૧૦ તથા વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧-૨૦૧૧ સુધી નર્મદા યોજનાના તબક્કા-૨

હેઠળ કુલ કેટલા હેક્ટર વિસ્તારમાં સબ માઈનોર કેનાલ બનાવવામાં આવી ?

હેઠળ કુલ ૨૯ કી.મી. લંબાઈમાં ૨૩૪૯ હેક્ટર (૫૮૦૨.૦૩ એકર) વિસ્તારમાં સબ માઈનોર કેનાલ બનાવવામાં આવી છે.

**રાજકોટ શહેરમાં પોલિસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૫૧૬ **: શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલિસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાજકોટ શહેરમાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| **બિન રહેણાંકના મકાનો** | **પ્રકાર** | **સ્થળ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|---|
| **૦૧** | **બેરેક** | **રાજકોટ હેડક્વાર્ટર** | **૭૨.૬૦** |

--------

**મહેસાણા જિલ્લામાં નર્મદા યોજનાની નહેરોની કામગીરી**

૨૦૮૦૨ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નહેરોની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) બાકી કામગીરી પૂર્ણ કરવા શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૩) કામગીરી પૂર્ણ થયે જિલ્લામાં કેટલી જમીનને સિંચાઈનો લાભ મળનાર છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નહેરોની કામગીરીની પરિસ્થિતિ નીચે મુજબ છે.

| નહેરની વિગત | કુલ લંબાઈ (કી.મી.) | પુર્ણ થયેલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| મુખ્ય નહેર | ૫૬.૫૩ | ૫૬.૫૩ |
| શાખા નહેરો | ૧૧૯.૯૨ | ૧૧૯.૯૨ |
| વિશાખા | ૧૬૧.૨૯ | ૧૧૯.૫૨ |
| માઈનોર | ૫૯૬.૪૭ | ૬૭.૫૮ |
| સબમાઈનોર | ૧૬૫૩.૪૬ | ૧૫૫.૦૨ |

(૨) બાકી કામગીરી વહેલી તકે ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) મહેસાણા જિલ્લાની કુલ ૬૩૩૫૪ હેક્ટર ખેડાણ લાયક જમીનને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

--------

**સુરત, વડોદરા અને અમદાવાદ જિલ્લાના બંધ પડેલ ઉદ્યોગો**

૧૯૭૩૮ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સુરત, વડોદરા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો બંધ હાલતમાં છે, અને

(૨) આવા બંધ પડેલા ઉદ્યોગોને ફરીથી ચાલુ કરવા ક્યા પ્રકારની સરકાર રાહતો આપવા માંગે છે ?

**જવાબ**

(૧) બંધ એકમોની માહિતી નિભાવવામાં આવતી ન હોવાથી આ માહિતી ઉપલબ્ધ નથી.

(૨) ચાલુ અથવા બંધ એકમ પૈકી માંદા એકમ હોય તેવા વાયબલ માંદા એકમને સરકારશ્રીના તારીખ ૨૭-૦૨-૨૦૦૯ ના ઠરાવ હેઠળ માંદા એકમને

પુનઃવસન માટેની સહાય યોજના અમલમાં છે તથા તા. ૧૫-૦૭-૨૦૧૦ના ઠરાવ હેઠળ સરકારી લ્હેણાં બાબતની વન ટાઈમ સેટલમેન્ટની યોજના જાહેર થયેલ હતી.

--------

**રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.**

૧૯૩૫૭ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૭ અને ૨૦૦૯માં કઈ કઇ કંપનીઓએ ક્યા ક્યા સ્થળે કેટલા વિજ ઉત્પાદન કરવા માટેના એમ.ઓ.યુ. કરેલ, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે ***પત્રક-૧** અને **૨** મુજબ છે. |
| (૨) તે પૈકી કઈ કંપનીઓએ કેટલું વિજ ઉત્પાદન કરવાનું શરૂ કર્યુ, | (૨) કુલ ૧૧૪ વીજ યોજનાઓ પૈકી ૧૧૨ વીજ યોજનાઓ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૩ વીજ યોજનાઓ કાર્યાન્વિત થયેલ છે. (**પત્રક-૩*** મુજબ) જ્યારે ૨ વીજ યોજનાઓમાં ડેવલપર રસ ધરાવતા ન હોઈ પડતી મૂક્વામાં આવેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળાખાકીય સવલતો જેવી કે જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે વીજ યોજનાઓના અમલીકરણમાં ઝડપ થયેલ છે. |
| (૩) કુલ કેટલું વિજ ઉત્પાદન કરવા માટેના કુલ કેટલા એમ.ઓ.યુ. થયેલ, અને | (૩) કુલ ૮૦૮૫૬ મેગાવોટ વીજ ઉત્પન્ન કરવા માટે કુલ ૧૧૪ એમઓયુ થયા. |
| (૪) વાસ્તવિક કુલ કેટલું વિજ ઉત્પાદન થયું ? | (૪) કાર્યાન્વિત થયેલ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે. (***પત્રક-૩** મુજબ) |

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

## હળવદ તાલુકાના સુસવાવ ગામે વિજ જોડાણો આપવા બાબત

૧૯૮૨૯ : **શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા (હળવદ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) હળવદ તાલુકાના સુસવાવ ગામે ઘરવપરાશના વીજ જોડાણ માટે સને-૨૦૦૩માં થયેલ એગ્રીમેન્ટ મુજબના કેટલા ગ્રાહકોને જોડાણ આપવામાં આવ્યા, | (૧) ઘરવપરાશના વીજ જોડાણ માટે એગ્રીમેન્ટ કરવામાં આવતા નથી. પરંતુ જરૂરી દસ્તાવેજો સાથે નિયત ફોર્મ-એ-૧માં અરજી કરવાની હોય છે. ત્યારબાદ સબડીવીઝન દ્વારા સર્વે કરી અંદાજપત્ર પાઠવવામાં આવે છે. જેનાં નાણાં ભરપાઈ થયેથી વીજ જોડાણની કામગીરી હાથ ધરવામાં આવે છે. હળવદ તાલુકાના સુસવાવ ગામે ઘરવપરાશના વીજ જોડાણ માટે સને ૨૦૦૩માં ૧૮૫ અરજદારોને અંદાજપત્ર આપવામાં આવેલ. જે પૈકી ૧૨૮ અરજદારોએ નાણાં ભરપાઈ કરેલ તેમાંથી ૧૧૩ અરજદારોને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) કેટલા બાકી છે, અને<br>(૩) બાકી રહેવાના કારણો શાં છે ? | (૨) અને (૩) : ૧૫ અરજદારોને વીજ જોડાણ આપવાના બાકી છે. આ વીજ જોડાણો "બી" કેટેગરી હેઠળ એટલે કે, હળવા દબાણની વીજ લાઈન ઉભી કર્યા બાદ આપી શકાય તેમ છે. આથી તેમને વધારાની રકમ ભરવા માટેનું અંદાજપત્ર આપવામાં આવેલ છે જે ભર્યેથી વીજ જોડાણ આપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

## નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાનો આવરી લેવાયેલ વિસ્તાર

૨૦૫૯૮ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાનાં કેટલા વિસ્તારોને પિયત હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે, અને | (૧) નર્મદા યોજના હેઠળ અમદાવાદ જિલ્લાનાં કુલ ૩,૨૪,૮૧૭ હેક્ટર વિસ્તારનો પિયત હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. |
| (૨) જે પૈકી ધોળકા તાલુકાના તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા પિયત વિસ્તારમાં નહેરોના કામો પૂર્ણ થયેલ છે ? | (૨) જે પૈકી ધોળકા તાલુકાના તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૪૬,૬૩૩ હેક્ટર પિયત વિસ્તાર પૈકી વિશાખા નહેરોના ૨૨,૫૮૨ હેક્ટર, પ્રશાખા નહેરોના ૨૧,૯૧૮ હેક્ટર અને પ્રપ્રશાખા નહેરોના ૧૮,૫૭૫ હેક્ટર વિસ્તારમાં કામો પૂર્ણ થયેલ છે. |

--------

## અમદાવાદ શહેરમાં નર્મદા યોજનાના પાણી સબબ મ્યુનિસિપલ કોર્પોરેશને ચુકવેલ રકમ

૧૯૫૭૨ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર )** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજનાનું જે પાણી આપવામાં આવે છે તેના પાણીના દર પેટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કેટલી રકમ ક્યારે સરકારને ચૂકવી, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાણીના દર પેટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને રૂા. ૫૫૫૭.૨૬ લાખ સરકારને ચૂકવેલ છે. |
| (૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ મ્યુનિસિપલ કોર્પોરેશને કેટલી રકમ ચૂકવવાની બાકી છે ? | (૨) રૂા. ૧૦૮૩૮.૮૬ લાખ |

--------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૪૭૮ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાને બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) (૨) અને (૩) ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧ | પોલીસ સ્ટેશન | ક્લોલ | ૪૪.૫૩ |

--------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૪૯૮ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| **નાણાકીય વર્ષ** | **બિન રહેણાંક્ના મકાનો** | **પ્રકાર** | **સ્થળ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૪ | આઉટપોસ્ટ | ઈદરવા, મોરીયા, મુડેઠા, વિરમપુર | ૨૧.૨૮ |
| ૨૦૦૯-૧૦ | ૦૩<br>૦૧ | આઉટપોસ્ટ<br>પોલીસ સ્ટેશન | અસારા, ભારોલ અને ખોડા<br>અગથલા | ૫૫.૩૫ |
| ૨૦૧૦-૧૧ | ૦૩<br>૦૧ | આઉટપોસ્ટ<br>પોલીસ સ્ટેશન | ચીભડા, તેરવાડા અને ઉન ગઢ | ૫૭.૦૬ |

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ. ઓ. યુ.**

૨૦૩૦૯ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને-૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં કઇ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ. ઓ. યુ. કર્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો **અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.**

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ **(*પત્રક-૩ મુજબ)** કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્દઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્દઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે **(*પત્રક-૪ મુજબ)**

**(*પત્રકો સચિવશ્રીના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે.)**

--------

**રાજુલા તાલુકાના ડુંગર ગામે નવું પોલીસ સ્ટેશન કાર્યાન્વિત કરવા બાબત**

૧૯૪૫૨ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકાના ડુંગર ગામે નવું પોલીસ સ્ટેશન કાર્યાન્વિત કરવા માટે કોઇ દરખાસ્ત કે રજુઆત આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો નવું પોલીસ સ્ટેશન કાર્યાન્વિત કરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) રાજુલા તાલુકાના ડુંગર ગામે પોલીસ સ્ટેશન શરૂ કરવા બાબતની રજૂઆત મળેલ છે. આ અંગે સંબંધિત વિસ્તારના ગુનાનું પ્રમાણ, વસ્તી અને પોલીસ સ્ટેશનની જરૂરિયાત માટેના પાસાંઓની ચકાસણી કરીને અભિપ્રાય આપવા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીને જણાવેલ છે.

--------

**સરદાર સરોવર બંધના મુલાકાતીઓ**

૨૦૮૦૪ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેવડીયામાં સરદાર સરોવર બંધની કુલ કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી, અને

(૨) તે પૈકી અન્ય રાજ્યોના કેટલા મહાનુભાવો

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેવડીયામાં સરદાર સરોવર બંધની કુલ ૪,૮૪,૨૪૭ પ્રવાસીઓએ મુલાકાત લીધી.

(૨) તે પૈકી અન્ય રાજ્યોના કુલ ૩૪૫ મહાનુભાવો

અને ઉચ્ચ અધિકારીઓ આ બંધની મુલાકાતે આવ્યા ?

અને ઉચ્ચ અધિકારીઓ આ બંધની મુલાકાતે આવ્યા.

--------

**ભરૂચ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ**

૧૯૪૨૮ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ આવી,

(૨) મળેલ અરજીઓ પેકી કેટલી મંજૂર થઇ, અને

(૩) નામંજૂર થયેલ અરજીના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુટીર ઉદ્યોગ માટે નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ |
|---|---|---|---|
| ૧ | જંબુસર | ૧૦૩ | ૯૨ |
| ૨ | આમોદ | ૮૬ | ૭૬ |
| ૩ | વાગરા | ૯૦ | ૮૦ |
| ૪ | ભરૂચ | ૯૮૮ | ૧૦૨૯ |
| ૫ | ઝઘડીયા | ૩૦૭ | ૨૫૬ |
| ૬ | અંકલેશ્વર | ૨૯૮ | ૩૪૯ |
| ૭ | હાંસોટ | ૧૦૪ | ૫૧ |
| ૮ | વાલીયા | ૨૩૧ | ૨૪૧ |
| | **કુલ** | **૨૨૦૭** | **૨૧૭૪** |

(૨) મળેલ અરજીઓ પેકી નીચે મુજબ મંજૂર થયેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧-૨-૦૯ થી તા. ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ |
|---|---|---|---|
| ૧ | જંબુસર | ૪૭ | ૫૧ |
| ૨ | આમોદ | ૪૦ | ૩૭ |
| ૩ | વાગરા | ૩૮ | ૨૫ |
| ૪ | ભરૂચ | ૩૬૮ | ૫૭૮ |
| ૫ | ઝઘડીયા | ૧૫૩ | ૧૦૫ |
| ૬ | અંકલેશ્વર | ૧૩૧ | ૧૭૧ |
| ૭ | હાંસોટ | ૫૫ | ૩૩ |
| ૮ | વાલીયા | ૯૭ | ૧૦૬ |
| | **કુલ** | **૯૨૯** | **૧૧૦૬** |

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા બેન્ક કક્ષાએ અરજીઓ નામંજૂર થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧. માહિતી રજુ ન કરવાના કારણે
૨. અનુભવ ન હોવાના કારણે
૩. ઉંમર વધુ હોવાના કારણે
૪. અરજદારે અગાઉ લાભ લીધેલ હોવાના કારણે
૫. ધંધો અર્થક્ષમ ન હોવાના કારણે
૬. લાભાર્થી બાકીદાર હોય/કુટુંબ બાકીદાર હોવાના કારણે

**અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૪૮૭ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) અમદાવાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યાં.

| બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧<br>૦૧ | સી.પી.આઈ. ઓફીસ<br>પોલીસ સ્ટેશન | વિરમગામ<br>વિરમગામ | ૪૮.૪૯ |

--------

## બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને વીજ બીલમાં રાહત

૨૦૭૯૭ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રાહત આપવામાં આવી ?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઈલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે, વખતોવખત ફ્યુઅલ સરચાર્જના દરમાં ફેરફાર થાય છે, જેના કારણે વીજ કંપનીઓને થતાં ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે. તેમ છતાં, ખેડૂતોના હિતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો સંપૂર્ણ બોજો સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

તદઉપરાંત, વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, આયોગે નક્કી કરેલ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ બે દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદનુસાર, રાજ્યના માત્ર બનાસકાંઠા જિલ્લામાં જ છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૧૬૪૩.૧૮ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે સબસીડીરૂપે વહન કરેલ છે.

--------

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.

૨૦૨૯૯ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં કઇ કંપનીઓને વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો **અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.**

(૨) અને (૩)

કુલ ૧૧૪ પેકીના ૧૧૨ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે

(૩) આ કંપનીઓ ધ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે?

છે અને તેમાંથી ૩ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂકવામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળાખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે. **(*પત્રક-૩ મુજબ)**

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ. ઓ. યુ.

૨૦૩૧૫ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં કઇ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ. ઓ. યુ. ર્ક્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે ***પત્રક-૧ અને ૨** મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ **(*પત્રક-૩ મુજબ)** કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્‌ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્‌ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## સુરત જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો

૨૦૫૨૬ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૨ | બેરેક, કિચન | બારડોલી અને વાવ | ૧૩૫.૪૭ |

--------

## જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૭૩ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બિન રહેણાંક્ન | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | - | - | - | - |

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રક્મનો ખર્ચ કરવામાં આવ્યો ?

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | - | - | - | - |
| ૨૦૦૮-૦૯ | ૦૩ | પોલીસ સ્ટેશન | જામનગર શહેર, કાલાવાડ અને વાડીનાર | ૧૭૫.૨૪ |
| ૨૦૦૯-૧૦ | ૦૨<br><br>૦૧<br>૦૧<br>૦૧<br>૦૫ | પોલીસ સ્ટેશન<br><br>બેરેક<br>કંપની ઓફીસ<br>સેનાપતિ ક્ચેરી<br>ક્વાતરૂમ, ગાર્ડરૂમ, રોડ,<br>ગેટ અને શેડ<br>(એસ.આર.પી.જૂથ-૧૭) | બેડી અને ઓખા<br><br>ચેલા<br>ચેલા<br>ચેલા<br>ચેલા | ૩૬૮.૩૮ |
| ૨૦૧૦-૧૧ | ૦૨ | બેરેક | જામનગર અને દ્વારકા | ૧૪૫.૭૪ |

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ. ઓ. યુ.**

૨૦૪૨૭ : **શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને-૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં કઇ કંપનીઓને વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રક્મના એમ. ઓ. યુ. ર્ક્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્મે ***પત્રક-૧ અને ૨** મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્દઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્દઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે **(*પત્રક-૪ મુજબ)**

**(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## ભરૂચ જિલ્લામાં ઈંટ ઉત્પાદકોની માટી મેળવવાની મુશ્કેલી નિવારવા બાબત

૧૯૩૧૬ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઇંટ ઉત્પાદકોને પડતી હાડમારી બાબતે કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) આવા ઇંટ ઉત્પાદકોને માટી મેળવવા પડતી હાડમારી નિવારવા જરૂરી સુધારાઓ સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ઇંટ ઉત્પાદકોને પડતી હાડમારીઓ બાબતે ચાર (૪) ફરિયાદો મળેલ છે.

(૨) ઇંટ ઉત્પાદકોને માટી મેળવવા જરૂરી પરમીટ નિયમોનુસાર આપવામાં આવતી હોઈ તેમને હાડમારી પડવાનો પ્રશ્ન રહેતો ન હોઈ જરૂરી સુધારાઓ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

## પાટણ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો

૨૦૫૧૨ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૦૨ | આઉટપોસ્ટ | રણુંજ અને ઝાઝમ | ૧૦.૯૮ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧<br>૦૨ | એસ.પી. ઓફિસ<br>આઉટપોસ્ટ | પાટણ લાલોડા અને શંખેશ્વર | ૨૧૧.૬૫ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૨ | પોલીસ સ્ટેશન | હારીજ અને સાંતલપુર | ૯૨.૯૪ |

## સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો

૨૦૨૮૭ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં દારૂનો ગેરકાયદેસર વહન થતો કેટલો જથ્થો વર્ષવાર જપ્ત કરવામાં આવ્યો,

(૨) કેટલા કેસોમાં ગુનેગારોને પકડવામાં આવ્યા, અને

(૩) કઈ કઈ સજાઓ જુદા જુદા કેસોમાં કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર વહન થતો દારૂનો કેટલો જથ્થો અને કરેલ કેસો સાથેની માહિતી નીચે મુજબ છે.

| સમયગાળો | દારૂનો જથ્થો |
|---|---|
| તા. ૧-૨-૨૦૦૮થી ૩૧-૧-૨૦૦૯ | વિદેશી દારૂની બોટલ ૧૬૮૪૯<br>દેશી દારૂ લીટર-૧૮૦ |
| તા. ૧-૨-૨૦૦૯થી ૩૧-૧-૨૦૧૦ | વિદેશી દારૂની બોટલ ૭૨૯૫૫ |
| તા. ૧-૨-૨૦૧૦થી ૩૧-૧-૨૦૧૧ | વિદેશી દારૂની બોટલ ૪૧૭૦૯<br>દેશી દારૂ લીટર-૧૩૦ |

(૨) ૨૮૯

(૩) આ કેસો અદાલતમાં પડતર છે.

## નર્મદા યોજનાના વીજ મથકે થયેલ વીજ ઉત્પાદન

૨૦૮૦૫ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નર્મદા યોજનાના બંને વીજ મથકમાંથી કેટલું વીજ ઉત્પાદન થયેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ વીજ ઉત્પાદન થયેલ છે.

વર્ષ ૨૦૦૮ - ૨૫૩.૬૬ કરોડ યુનિટ

વર્ષ ૨૦૦૯ - ૨૧૨.૮૧ કરોડ યુનિટ

વર્ષ ૨૦૧૦ - ૩૫૯.૫૬ ક્રોડ યુનિટ
કુલ : ૮૨૬.૦૩ ક્રોડ યુનિટ

(૨) વર્ષ ૨૦૧૦ દરમ્યાન ઉત્પન્ન થયેલ વીજળીમાંથી રાજ્ય સરકારને કેટલી આવક થયેલ છે ?

(૨) વર્ષ ૨૦૧૦ દરમ્યાન ઉત્પન્ન થયેલ વીજળીમાંથી હાલના બજાર ભાવ રૂા. ૪-૦૦ પ્રતિ એકમ ગણતા રૂા. ૧૪૪૦ ક્રોડનું વીજ ઉત્પાદન થયેલ છે.

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.**

૨૦૩૨૯ **: શ્રી જવાહરભાઈ પે.ચાવડા (માણાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫ માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓને વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

**રાજકોટ જિલ્લામાં વીજ ફિડરોનું વિભાજન**

૨૦૮૧૨ **: શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં જુદી જુદી ક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) જુદી જુદી ક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં રૂપિયા ૫૯૬.૩૬ લાખના ખર્ચે ૪૦ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

--------

## વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૩૨ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બિન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બિન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યાં.

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧<br>૦૨ | પોલીસ સ્ટેશન<br>ચેક પોસ્ટ | વલસાડ રેલ્વે<br>ઉમરગામ, દાંડી | ૨૪.૫૭ |

## સ્વર્ણિમ જ્યંતી નિમિત્તે ખેડૂતોને તત્કાલ વીજ જોડાણો

૧૯૯૩૯ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યના સ્વર્ણિમ જ્યંતી વર્ષ-૨૦૧૦ નિમિત્તે તત્કાલ વીજ યોજનાના નામે ખેડૂતોને વીજ ક્નેક્શનો આપવાની યોજના તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જાહેર કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજનામાં ખેડૂતોને અપાતા વીજ ક્નેક્શનોના લાઈન ચાર્જ અને અન્ય ચાર્જમાં અગાઉ અપાતા વીજ ક્નેક્શનો કરતા કોઈ ફેરફાર છે કે કેમ,

(૩) જો હા, તો ચાર્જમાં થયેલ ફેરફારની વિગતો શી છે, અને

(૪) તત્કાલ ક્નેક્શન માટે અરજી કર્યાની તારીખથી કેટલા સમયમાં જોડાણ આપવાની જોગવાઈ કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) અગાઉની તત્કાલ યોજના અને હાલની તત્કાલ યોજના સંદર્ભે વીજ ક્નેક્શનોના લાઈન ચાર્જ અને અન્ય ચાર્જના ફેરફારની વિગતો નીચે મુજબ છે :

| તત્કાલ યોજના ૨૦૦૪ | તત્કાલ યોજના ૨૦૧૦ |
|---|---|
| (૧) હળવા દબાણ અને ભારે દબાણનો લાઈન ચાર્જ રૂ.૧૩૦ પ્રતિ મીટર લેખે અરજદારો પાસેથી વસુલ કરવામાં આવતો હતો | (૧) હળવા દબાણ અને ભારે દબાણનો લાઈન ચાર્જ પ્રવર્તમાન કોસ્ટ ડેટા પ્રમાણે તથા ખર્ચ પેકી ૮૦ ટકા રકમ અરજદારો પાસેથી વસુલવામાં આવશે, અને ૨૦ ટકા રકમ વીજ વિતરણ કંપની ભોગવશે. |
| (૨) પ્રતિ હો.પા. રૂ.૧૦૦૦/-લેખે સીસ્ટમ સુધારણા માટેનો બ્રેક ઈવન ચાર્જ લેવાતો હતો. | (૨) સદર ચાર્જ વસુલ કરવામાં આવશે નહીં. |
| (૩) જ્યાં ટ્રાન્સફોરમરની જરૂરિયાત હોય અથવા ટ્રાન્સફોરમરની ક્ષમતા વધારવાની હોય તેવી માંગણીવાળા અરજદારો પાસેથી પ્રથમ ૨૦ હો.પા.ના રૂપિયા ૧૦૦૦ લેખે પ્રતિ હો.પા. દીઠ, ત્યારબાદ હો.પા. દીઠ રૂ. ૯૦૦ વસુલવામાં આવતા હતા | (૩) પ્રવર્તમાન કોસ્ટ ડેટા પ્રમાણે ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવા માટે તથા ખર્ચની ૮૦ ટકા રકમ અરજદારો ભોગવશે જ્યારે બાકીના ૨૦ ટકા રકમ વીજ વિતરણ કંપની ભોગવશે. |
| (૪) ડીપી સ્ટ્રક્ચર, ટેપીંગ કે અન્ય સામગ્રીનો ખર્ચ વસુલ કરવામાં આવતો ન હતો. | (૪) ટેપીંગ કે અન્ય સામગ્રીના ખર્ચની ૮૦ ટકા રકમ અરજદારો ભોગવશે જ્યારે બાકીના ૨૦ ટકા રકમ વીજ વિતરણ કંપની ભોગવશે. |

(૪) તત્કાલ યોજનામાં ખેડૂતો તરફથી સારો પ્રતિસાદ મળતાં ૧,૦૦,૦૦૦ કરતાં વધુ અરજીઓ નોંધાયેલ હોઈ અંદાજપત્રના નાણા ભરપાઈ થયા બાદ આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ કરી શક્ય તેટલી ઝડપથી તબક્કાવાર વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## આણંદ જિલ્લામાં પોલીસનું મંજૂર થયેલ મહેકમ

૧૯૧૯૨ **: શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પોલીસનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આવી ખાલી જ્ગ્યાઓ સત્વરે ભરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ આણંદ જીલ્લામાં તાલુકાવાર પોલીસનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| અનુ. | તાલુકો | મંજુર મહેકમ | | | |
|---|---|---|---|---|---|
| | | પો.ઈન્સ | પો.સ.ઈ. | હે.કો. | પો.કો. |
| ૧ | આણંદ | ૩ | ૧૨ | ૭૦ | ૧૭૧ |
| ૨ | ઉમરેઠ | - | ૪ | ૪૪ | ૧૦૧ |
| ૩ | બોરસદ | ૨ | ૩ | ૬૦ | ૧૨૨ |
| ૪ | આંક્લાવ | ૨ | ૧ | ૧૪ | ૨૪ |
| ૫ | પેટલાદ | ૨ | ૫ | ૬૩ | ૧૨૮ |
| ૬ | સોજીત્રા | - | ૨ | ૧૩ | ૨૬ |
| ૭ | તારાપુર | ૧ | ૧ | ૧૩ | ૧૯ |
| ૮ | ખંભાત | ૧ | ૪ | ૬૯ | ૧૫૧ |
| | કુલ | ૯ | ૩૨ | ૩૪૬ | ૭૪૨ |

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જ્ગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પોસ્ટે. | હોદ્દો | ખાલી જગ્યા | ક્યારથી ખાલી | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | ૬ માસ સુધી | ૬ થી ૧૨ માસ | ૧૨ માસ થી ૨ વર્ષ | ૨ વર્ષ થી ઉપર |
| ૧ | આણંદ | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | - | - | - | - | - |
| | | હે.કો. | - | - | - | - | - |
| | | પો.કો. | ૨૬ | ૧૦ | ૦૬ | ૦૪ | ૦૬ |
| ૨ | ઉમરેઠ | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | - | - | - | - | - |
| | | હે.કો. | ૦૪ | ૦૪ | - | - | - |
| | | પો.કો. | ૪૧ | ૦૬ | ૧૦ | ૨૦ | ૦૫ |
| ૩ | બોરસદ | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | - | - | - | - | - |
| | | હે.કો. | ૦૫ | ૦૫ | - | - | - |
| | | પો.કો. | ૪૯ | ૧૦ | ૨૦ | ૧૦ | ૦૯ |
| ૪ | આંક્લાવ | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | - | - | - | - | - |
| | | હે.કો. | - | - | - | - | - |
| | | પો.કો. | ૦૪ | ૦૪ | - | - | - |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૫ | પેટલાદ | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૦૧ | - | - | ૦૧ | - |
| | | હે.કો. | ૦૨ | ૦૨ | - | - | - |
| | | પો.કો. | ૩૦ | ૦૫ | ૧૦ | ૧૦ | ૦૫ |
| ૬ | સોજીત્રા | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | - | - | - | - | - |
| | | હે.કો. | - | - | - | - | - |
| | | પો.કો. | ૦૪ | - | ૦૨ | ૦૨ | - |
| ૭ | તારાપુર | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | - | - | - | - | - |
| | | હે.કો. | ૦૧ | ૦૧ | - | - | - |
| | | પો.કો. | - | - | - | - | - |
| ૮ | ખંભાત | પો.ઈ. | - | - | - | - | - |
| | | પો.સ.ઈ. | ૦૧ | - | - | ૦૧ | - |
| | | હે.કો. | ૦૪ | ૦૨ | ૦૨ | - | - |
| | | પો.કો. | ૪૦ | ૧૦ | ૧૨ | ૧૦ | ૦૮ |

(૩) પોલીસ તંત્રની ખાલી જ્ગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેકટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરેલ. આ બોર્ડ દ્વારા સહાયક બિન

હથિયારી પોલીસ સબ ઈન્સ્પેકટર ૬૮૦, સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૧૪૩ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સપેકટર ૫૪૪, એસ.આર.પી. લોકરક્ષક ૪૨૬૪ ની ભરતી કરવામાં આવી છે, તેમજ લોકરક્ષક ૮૭૩૪ની ભરતીનું પરિણામ બહાર પાડેલ છે. સહાયક પોલીસ સબ ઈન્સ્પેકટરની જ્ગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોની હાલ તાલીમ ચાલી રહેલ છે તેમજ લોકરક્ષક્ની જ્ગ્યા પર પસંદગી પામેલ ઉમેદવારોને તાલીમમાં મોક્લવા અંગેની પ્રક્રીયા ચાલી રહેલ છે. આમ બન્ને સંવર્ગ માટે તાલીમ પૂર્ણ થયેથી અન્ય જિલ્લાની સરખામણીમાં આણંદ જિલ્લાની ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન છે.

--------

## રાજકોટ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૨૦ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીજા રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજકોટ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યાં.

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧ | બેરેક | મવડી | ૮૧.૪૯ |

--------

## રાજ્યમાં એલ્યુમીનીયમ પ્લાન્ટ માટે એમ.ઓ.યુ.

૨૦૬૮૩ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦માં રાજ્યમાં બોક્સાઈટ આધારીત એલ્યુમીની કે એલ્યુમીનીયમ પ્લાન્ટ માટે સમજૂતી કરાર થયા છે તે હકીક્ત સાચી છે,

(૨) આવો સૂચિત એલ્યુમીન કે એલ્યુમીનીયમ પ્લાન્ટ ક્યા સ્થળે સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યો છે, અને

(૩) રાજ્યમાં બોક્સાઈટ આધારીત એલ્યુમીન કે એલ્યુમીનીયમ પ્લાન્ટ અન્વયે સન ૨૦૧૦ના વર્ષમાં કેટ કેટલું ખર્ચ ક્યારે ક્યારે કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) કચ્છ જીલ્લામાં.

(૩) વર્ષ ૨૦૧૦માં આ બાબતમાં કોઈ ખર્ચ કરેલ નથી.

## ગાંધીનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૭૭ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧), (૨) અને (૩) : ગાંધીનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧ | પોલીસ સ્ટેશન | કલોલ | ૪૪.૫૩ |

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**રાજ્યમાં પોલીસતંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ ફાળાની રકમ**

૧૯૪૬૬ **: શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા પોલીસ તંત્રના આધુનિકીકરણ માટે કેન્દ્રીય ફાળાની કેટલી રકમ મળી, અને

(૨) તે પેકી કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) રાજ્યમાં પોલીસતંત્રના આધુનિકીકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી વર્ષવાર નીચે મુજબ ફાળાની રકમ મળેલ છે.

| વર્ષ | મળેલ ફાળાની રકમ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૪૮૦૦-૦૦ લાખ |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૫૨૧૮-૦૦ લાખ |
| ૨૦૧૦-૧૧ | રૂા. ૪૦૧૮-૦૦ લાખ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|
| ૨૦૦૮-૦૯ | રૂા. ૪૨૯૩-૯૧ લાખ |
| ૨૦૦૯-૧૦ | રૂા. ૪૮૦૫-૧૭ લાખ |
| ૨૦૧૦-૧૧ | રૂા. ૬૭૧-૦૧ લાખ (તા. ૩૧-૧-૧૧ સુધી) |

**રાજ્યમાં ક્રુડ ઓઈલ આયાત કરવાની સુવિધા ધરાવતાં બંદરો**

૨૦૭૯૨ **: શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં દરિયાકિનારે ક્રુડ ઓઈલ આયાત કરવા માટે ક્યા ક્યા બંદરોએ ""બંદરીય સુવિધાઓ"" ઉપલબ્ધ છે, અને

(૨) જે બંદરો ઉપર ઉપરોક્ત સુવિધા ઉપલબ્ધ નથી તે બંદરોને સુવિધા સભર બનાવવામાં માટે કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) સિક્કા બંદર અને મુન્દ્રા બંદર

(૨) ના, જી. પરંતુ ક્રુડ ઓઈલની માંગની જરૂરીયાત અનુસાર જે તે બંદરોના શક્યતાદર્શી અહેવાલ (ફીઝીબીલીટી રીપોર્ટ) અનુસાર એસ.બી.એમ.ની સુવિધા વિક્સાવવા વિચારણામાં લઈ શકાય.

**પાટણ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૫૧૩ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૦૨ | આઉટપોસ્ટ | રણુજ અને ઝાઝમ | ૧૦.૯૮ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧ | એસ.પી. ઓફિસ આઉટપોસ્ટ | પાટણ લાલોડા અને શંખેશ્વર | ૨૧૧.૬૫ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૨ | પોલીસ સ્ટેશન | હારીજ અને સાંતલપુર | ૯૨.૯૪ |

--------

**વડોદરા જિલ્લામાં નર્મદા યોજનાના અસરગ્રસ્તોની વસાહતોને સુવિધાઓ આપવા બાબત**

૨૦૫૬૪ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ નર્મદા નિગમની પુનઃવસવાટ એજન્સી દ્વારા અસરગ્રસ્તોની કુલ કેટલી વસાહતો આવેલી છે,

(૨) આ વસાહતોમાં સરકાર દ્વારા કોઈ સુવિધા આપવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા તો, કઈ કઈ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોની કુલ-૧૫૨ વસાહતો આવેલ છે.

(૨) હા, આ વસાહતોમાં જરૂરી એવી તમામ સુવિધાઓ પુરી પાડવામાં આવેલ છે.

(૩) વસાહતોને મુખ્ય રસ્તા સાથે જોડતા ડબ્લ્યુબીએમ એપ્રોચ રસ્તા તથા વસાહતોની અંદરના ડબ્લ્યુબીએમ આંતરિક રસ્તાઓ ઉપરાંત પ્રાથમિક શાળા, દવાખાનું બાળકોના રમત-ગમતના સાધનો સહિત મેદાન, ચોતરો, હવાડા, પીવાના પાણીની સુવિધા, તેમજ સ્ટ્રીટ લાઈટની તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

**ડાંગ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૪૭૯ **: શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ડાંગ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧ | પોલીસ સ્ટેશન | આહવા | ૧૯.૩૪ |

**નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૫૦૫ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | - | - | - | - |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧<br>૦૧ | એસ.પી. ઓફિસ<br>પોલીસ સ્ટેશન | નવસારી<br>ચીખલી | ૧૭૨.૭૩ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૧<br>૦૩ | આઉટ પોસ્ટ<br>કોસ્ટલ આઉટપોસ્ટ | ઉભરાઠ<br>દાંડી, ધોલાઈ અને મેઘર | ૨૬.૩૧ |

--------

## આણંદ જિલ્લામાં થયેલ દારૂબંધીના કેસ

૧૯૮૫૨ : **શ્રી જયંતભાઈ પટેલ (સારસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ચાલુ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં દારૂબંધીના કેટલા કેસ થયા, | (૧) ૬૦૪૭ |
| (૨) કેટલી કિંમતનો દારૂ પકડવામાં આવ્યો, | (૨) રૂા. ૫૬,૧૩,૫૯૮/- |
| (૩) કેટલા કેસોમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી, અને | (૩) ૫૯૪૪ |
| (૪) કેટલામાં સજા થઈ ? | (૪) ૧૯૩૯ |

--------

## અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૮૯ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૨૦૦૮ | - | - | - | - |
| ૨૦૦૮-૨૦૦૯ | - | - | - | - |
| ૨૦૦૯-૧૦ | ૦૧ | કોસ્ટલ પોલીસ સ્ટેશન | પીપાવાવ | ૪૮.૨૩ |
| ૨૦૧૦-૧૧ | ૦૧<br>૦૧ | કોસ્ટલ આઉટ પોસ્ટ<br>કોસ્ટલ ચેક પોસ્ટ | ચાંચ<br>વિક્ટર | ૧૦.૯૬ |

## ઝીંઝુવાડા શાખા નહેરથી આવરી લેવાયેલ તાલુકાઓ

૨૦૫૮૮ : **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના હેઠળ ઝીંઝુવાડા શાખા નહેરથી ક્યા તાલુકાના કેટલા વિસ્તારને પિયત માટે આવરી લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) નર્મદા યોજના હેઠળ ઝીંઝુવાડા શાખા નહેરથી પિયત માટે આવરી લેવામાં આવેલ વિસ્તારની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | પિયત માટે આવરી લેવામાં આવેલ પિયત વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૭૭૪ |
| ૨ | બેચરાજી | ૧૨૬૯૩ |
| ૩ | દેત્રોજ-રામપુરા | ૧૩૦૪ |
| ૪ | માંડલ | ૨૨૩૫૪ |
| ૫ | દસાડા | ૫૩૩૪૨ |
| ૬ | સમી | ૪૩૧૨ |
| | કુલ : | ૯૪૭૭૯ |

| | |
|---|---|
| (૨) આ શાખા નહેર અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા કામો પ્રગતિમાં છે, અને | (૨) આ શાખા નહેર અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ શાખા નહેરના ગેટનું રૂા. ૩.૬૯ કરોડનું એક કામ તથા વિશાખાના રૂા. ૬૦.૧૫ કરોડના ૫ કામો પ્રગતિમાં છે. |
| (૩) તે ક્યારે પૂરા કરવામાં આવશે ? | (૩) તે કામો વહેલી તકે ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**વડોદરા જિલ્લામાં આપવામાં આવેલ હથીયારના લાયસન્સ બાબત**

૧૯૧૮૩ **: શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષવાર હથીયાર લાયસન્સની માંગણી કરનાર અરજદાર સામે પોલીસ ગુન્હાઓ નોંધાયેલ હોય અને પોલીસ/મેજીસ્ટ્રેટ નો અભિપ્રાય નકારાત્મક હોય આમ છતાં કુલ કેટલા અને ક્યા પ્રકારના હથીયાર લાયસન્સનો પરવાનો આપવામાં આવ્યો છે ? | આવા કોઈ હથિયાર પરવાના આપવામાં આવેલ નથી. |

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ..યુ.**

૨૦૩૦૩ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા, | (૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે ***પત્રક-૧** અને **૨** મુજબ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને<br>(૩) આ કપનીઓ દ્વારા કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે ? | (૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (***પત્રક-૩** મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.<br><br>કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (***પત્રક-૪** મુજબ) |

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**રાજ્યમાં ઘરવપરાશ માટે પાઈપ લાઈન દ્વારા ગેસ પહોંચાડવા બાબત**

૧૯૮૭૧ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા ક્યા જિલ્લામાં ઘરવપરાશ માટે પાઈપ લાઈન દ્વારા ગેસ પહોંચાડવામાં આવે છે, અને | (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચેના જિલ્લાઓમાં પાઈપલાઈન દ્વારા ગેસ પૂરો પાડવામાં આવે છે.<br>(૧) સુરત (૨) ભરૂચ (૩) અમદાવાદ (૪) વડોદરા (૫) ગાંધીનગર (૬) મહેસાણા (૭) સાબરકાંઠા (૮) આણંદ (૯) વલસાડ (૧૦) નવસારી (૧૧) ખેડા (૧૨) નડીયાદ (૧૩) સુરેન્દ્રનગર (૧૪) રાજકોટ (૧૫) પંચમહાલ |
| (૨) બાકી રહેલા જિલ્લાઓમાં આ સગવડ ક્યાં સુધીમાં પૂરી પાડવામાં આવશે ? | (૨) કેન્દ્ર સરકારની નીતી મુજબ પેટ્રોલીયમ અને નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ (નવી દિલ્હી) ના ધારાધોરણ મુજબ ગેસ પાઈપલાઈન નાંખવાની બીડીંગની કાર્યવાહીમાં સફળ બી.ડર ધ્વારા જરૂરી સગવડ |

ઊભી થયા બાદ બાકી રહેલા જિલ્લાઓમાં આ સગવડ ઊભી થઇ શકે.

--------

**વડોદરા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૫૩૮ : **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧<br>૦૨ | આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન | વાસણા ડભોળ અને રંગપુર | ૬૬.૯૫ |

--------

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૫૨૩ : **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

| નાણાકીય વર્ષ | બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧<br>૦૩ | સ્ટોર કોમ્પલેક્ષ, કોતરૂમ આઉટ પોસ્ટ | હિંમતનગર, હેડક્વાર્ટર ફતેપુર હરસોલ અને પુંસરી | ૬૨.૯૪ |
| ૨૦૦૯-૧૦ | ૦૧ | એસ.પી.અ ોફીસ | હિંમતનગર | ૧૭૯.૬૦ |
| ૨૦૧૦-૧૧ | ૦૪ | પોલીસ સ્ટેશન | હિંમતનગર ગ્રામ્ય, હિંમતનગર શહેર, જાદર અને મેઘરજ | ૨૦૫.૯૮ |

**અમરેલી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૪૯૫ : **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલિસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

અમરેલી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બિન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૦૧<br>૦૧ | કોસ્ટલ આઉટપોસ્ટ<br>કોસ્ટલ ચેકપોસ્ટ | ચાંચ<br>વિકટર | ૧૦.૯૬ |

**સાણંદ શાખા નહેરના કામો**

૨૦૫૯૩ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત સાણંદ શાખા નહેરમાંથી નહેરના કામો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) બાકી રહેતા કામો ક્યારે પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ સાણંદ શાખા નહેરના પિયત વિસ્તારમાં ૮૪.૧૪ કી.મી. પૈકી ૬૦.૮૬ કી.મી., વિશાખા નહેરોના, ૩૨૪.૨૦ કી.મી., પૈકી ૧૩૨.૪૨ કી.મી. પ્રશાખા નહેરોના ૯૩૫ કી.મી. પૈકી ૨૦૧.૭૭ કી.મી. પ્રપ્રશાખાના નહેરોના કામો પૂર્ણ થયેલ છે.

(૨) બાકી રહેતાં કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**રાજકોટ જિલ્લામાં પોલિસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૫૧૮ : **ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧ | વહીવટી બ્લોક બફલ રેન્જ | મહુડી ઇંટેશ્વર, એસ.આર.પી ગ્રુપ-૧૩ ઇંટેશ્વર, એસ.આર.પી ગ્રુપ-૧૩ | ૨૫૪.૦૮ |
| ૨૦૦૯-૧૦ | ૦૧ | કોસ્ટલ આઉટ પોસ્ટ | નવલખી | ૭.૬૮ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | બેરેક | મવડી | ૮૧.૪૯ |

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ..યુ.**

૨૦૨૯૭ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓને વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩)

કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજેક્ટ અમલીકરણના

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

વિવિધ તબક્કે છે અને તેમાંથી ૩ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂક્વામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળાખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (***પત્રક-૩ મુજબ**)

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.**

૨૦૨૯૫ **: શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને-૨૦૦૭ અને ૨૦૦૯માં વાઇબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટમાં કઇ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. ર્ક્યા,

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) તે અન્વયે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઇ કંપનીઓ કાર્યાન્વિત થઇ, અને

(૨) અને (૩)

કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને તેમાંથી ૩ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂકવામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેકટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૩ મુજબ)

***(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## રાજ્યમાં વાયબ્રન્ટ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. પૈકી ઉત્પાદનમાં ગયેલ ઉદ્યોગો

૧૯૧૮૧ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૯માં યોજાયેલી ગુજરાત વાયબ્રન્ટ સમીટમાં જે ઉદ્યોગોએ એમ.ઓ.યુ. કરેલા છે તે પૈકી તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ક્યા ક્યા ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા ?

**જવાબ**

સને ૨૦૦૯માં યોજાયેલી ગુજરાત વાયબ્રન્ટ સમીટમાં મોટા પ્રોજેક્ટો માટે ૧૪૨૫ એમ.ઓ.યુ. અને એસ.એમ.ઈ. કેટેગરીના ઉદ્યોગો માટે ૧૯૨૧ એમ.ઓ.યુ. કરેલા છે. તે પૈકી તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કુલ ૧૩૦૯ પ્રોજેક્ટો ઉત્પાદનમાં ગયેલ છે. તથા ૮૭૬ પ્રોજેક્ટો અમલિકરણ હેઠળ છે અને ૧૨૧૪ પ્રોજેક્ટો પ્રાથમિક તબક્કામાં છે.

ઉત્પાદનમાં ગયેલ પ્રોજેક્ટોનું **સેકટરવાર પત્રક** સામેલ છે.

| અ.નં. | સેકટરનું નામ | પ્રોજેક્ટસ ક્મીશન્ડ |
|---|---|---|
| ૧ | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૩૫ |
| ૨ | બાયોટેક્નોલોજી | ૫ |
| ૩ | કેમિકલ એન્ડ પેટ્રોકેમિકલ | ૨ |
| ૬ | એન્જીનિયરીંગ એન્ડ ઓટો | ૩૪ |
| ૮ | ફાઈનાન્સીયલ સેકટર | ૪ |
| ૧૭ | પેપર ઈન્ડસ્ટ્રીઝ | ૧ |
| ૧૮ | પી.સી.પી.આઈ.આર. | ૬ |
| ૧૯ | ફાર્માસ્યુટીકલ | ૪ |
| ૨૦ | પોર્ટ | ૮ |
| ૨૬ | ટેક્ષટાઈલ એન્ડ એપરલ્સ | ૧૩ |
| ૨૭ | ટુરીઝમ | ૪ |
| ૨૯ | અર્બન ડેવલોપમેન્ટ | ૨૯ |
| | કુલ | ૧૪૫ |
| | એમ.એસ.એમ.ઈ. | ૧૧૬૪ |
| | એકંદરે કુલ | ૧૩૦૯ |

## જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો

૨૦૯૦૯ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના તાલુકાઓમાં ડાર્કઝોનમાં ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને

(૨) તે પૈકી કેટલાને વીજ જોડાણ આપવા સરકારે આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) અને (૨)

નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તા. ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જીઇબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧ માં ઠરાવ્યા અનુસાર ડાર્કઝોન વિસ્તારમાં કૂવા/પાતાળકૂવા ઉપર વીજ જોડાણો મંજુર કરવા પર હાલ પ્રતિબંધ હોઈ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના ડાર્કઝોનમાં આવેલ તાલુકાઓમાં તારીખ ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણો માટે કોઈ અરજી નોંધાયેલ નથી.

## રાજ્યમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ભરતી

૨૦૪૫૭ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦માં ગૃહ વિભાગ દ્વારા પોલીસ સબ ઇન્સપેક્ટરની ભરતી માટેની પરીક્ષા લેવામાં આવી છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો એમાં કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી, અને

(૩) એમાંથી કેટલા ઉમેદવારો તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ હાજર થયા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પોલીસ તંત્રની ખાલી જગ્યાઓ ભરવા માટે ત્રણ વર્ષનો પરસ્પેક્ટીવ પ્લાન ઘડીને સરકારે પોલીસ ભરતી બોર્ડની રચના કરેલ. સને ૨૦૧૦માં આ બોર્ડ દ્વારા સીધી ભરતીથી સહાયક બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૬૮૦ તથા સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૧૪૩ અને ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૫૪૪ મળી કુલ ૧૩૬૭ પોલીસ સબ ઈન્સપેક્ટરની ભરતી કરવામાં આવી છે.

(૩) સહાયક બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર ૬૮૦ પૈકી ૬૫૨ તથા સહાયક હથિયારી પોલીસ સબ ઈન્સપેક્ટર ૧૪૩ પૈકી ૮૧ હાજર થયેલ છે. તેમજ ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા હેઠળના ૫૪૪ પૈકી ૫૪૦ ઉમેદવારો હાજર થયેલ છે. આમ ભરતી કરવામાં આવેલ કુલ ૧૩૬૭ પૈકી ૧૨૭૩ ઉમેદવારો તારીખ ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ હાજર થયેલ છે.

## ખેડા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૯૯ : **શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩)

છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૦૨<br>૦૨ | આઉટપોસ્ટ<br>પોલીસ સ્ટેશન | પાંડવા અને વીણા ખેડા અને માતર | ૫૮.૫૨ |

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૨ | આઉટપોસ્ટ | અંતિસર અને વધાસ | ૮.૧૧ |
| ૨૦૦૯-૧૦ | - | - | - | - |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | પોલીસ સ્ટેશન | બાલાશિનોર | ૨૧.૯૦ |

**નવસારી જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૫૦૬ **: શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| **નાણાંકીય વર્ષ** | **બિન રહેણાંક્ના મકાનો** | **પ્રકાર** | **સ્થળ** | **થયેલ ખર્ચ (રૂા. લાખમાં)** |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | - | - | - | - |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧<br>૦૧ | એસ.પી. ઓફિસ<br>પોલીસ સ્ટેશન | નવસારી<br>ચીખલી | ૧૭૨.૭૩ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૧<br>૦૩ | આઉટ પોસ્ટ<br>કોસ્ટલ આઉટ પોસ્ટ | ઉભરાટ<br>દાંડી, ધોલાઈ અને મેઘર | ૨૬.૩૧ |

**નર્મદા યોજના અન્વયે ખારાઘોડા શાખા નહેરની પેટા કેનાલોના કામો**

૨૦૫૯૧ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા શાખા નહેરની પેટા કેનાલોના કામો તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામો પૂર્ણ કરવાનું આયોજન શું છે, અને

(૩) આનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળશે ?

**જવાબ**

(૧) નર્મદા યોજના અંતર્ગત ખારાઘોડા શાખા નહેરની પેટા કેનાલોના કામો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબ છે.

| નહેરની વિગત | કુલ લંબાઈ (કી.મી.) | પૂર્ણ થયેલ લંબાઈ (કી.મી.) |
|---|---|---|
| વિશાખા | ૬૪.૪૮ | ૧૫.૫૦ |
| માઈનોર | ૨૯૯.૩૧ | - |
| સબ માઈનોર | ૮૪૧.૮૧ | - |

(૨) વિશાખા નહેરના કુલ રૂા. ૧૮.૧૯ કરોડના કામો પેકી રૂા. ૩.૫૪ કરોડના કામો પૂર્ણ થયેલ છે. ત્રણ કામો રૂા. ૧૦.૬૩ કરોડના પ્રગતિ હેઠળ છે. બાકી એક કામ માટે રૂા. ૪.૦૨ કરોડની કિંમતનું ટેન્ડર મંજૂર કરવામાં આવેલ છે.

પ્રશાખા નહેરના કુલ અંદાજીત કિમ્મત રૂા. ૫૬.૮૮ કરોડના ચાર કામો માટે ટેન્ડરો મંગાવવામાં આવેલ છે. વિશાખા અને પ્રશાખા નહેરના કામો વર્ષ ૨૦૧૨-૧૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

પ્રશાખાના કામો વર્ષ ૨૦૧૧-૧૨ થી તબકકાવાર હાથ ધરી વર્ષ ૨૦૧૩-૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ૩૪.૦૪૨ હેકટર ખેડાણલાયક પિયત વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.

## ભાવનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૯૩ **: શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧), (૨) અને (૩)

છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાંકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૨૦૦૮ | ૦૧<br><br>૦૧<br>૦૨ | એસ.ડી.પી.ઓ. ઓફીસ<br>આઉટ પોસ્ટ<br>પોલીસ સ્ટેશન | બોટાદ<br><br>રોહિશાળા<br>ગારીયાધાર અને ઘોઘા | ૪૪.૯૧ |
| ૨૦૦૮-૨૦૦૯ | - | - | - | - |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧ | અર્બન પોલીસ સ્ટેશન | બી .ડીવીઝન ભાવનગર | ૭૫.૬૯ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૧ | પોલીસ સ્ટેશન | નવા બંદર પોર્ટ | ૩૯.૯૧ |

## વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ. ઓ. યુ.

૨૦૩૦૫ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને-૨૦૦૭ અને ૨૦૦૯માં વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓને વિજ ઉત્પાદન કરવા માટે રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ-૨૦૦૭ અને ૨૦૦૯માં વીજ ઉત્પાદન માટે થયેલા એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩)

કુલ ૧૧૪ પૈકીના ૧૧૨ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે અને તેમાંથી ૩ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયેલ છે. જ્યારે માત્ર ૨ યોજનાઓ ડેવલપર રસ ન ધરાવતા હોઈ પડતી મૂક્વામાં આવેલ છે.

સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદિત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમયગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના હકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેકટનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૩ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૭૩૧૦.૪૬૭ મિલિયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૩ મુજબ)

***(પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## વાપી તાલુકામાં કૃષિ વિષયક વિજ જોડાણોની પડતર અરજીઓ

૨૦૦૮૫ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વાપી તાલુકામાં કૃષિ વિષયક જોડાણો માટેની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતરમાં છે, અને

**જવાબ**

(૧) વાપી તાલુકો નથી પરંતુ વાપીમાં ગ્રામ્ય સબ ડીવીઝન અને વાપી ટાઉન સબડીવીઝન આવેલા છે. વાપી ટાઉન સબ ડીવીઝનમાં ખેતી વિષયક વીજ જોડાણ માટેની કોઈ અરજી પડતર નથી જ્યારે વાપી ગ્રામ્ય સબ ડીવીઝનમાં તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૦૮ની ૫૨, વર્ષ ૨૦૦૯ની ૪૬, વર્ષ ૨૦૧૦ની ૫૬ તેમજ વર્ષ ૨૦૧૧માં જાન્યુઆરી ૨૦૧૧ અંતિત ૧

મળી કુલ ૧૫૫ તેમજ ૨૪ નાણા ભરપાઈ થયેલ એમ કુલ ૧૩૯ અરજીઓ પડતર છે.

(૨) આવા જોડાણો સત્વરે મળે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) વીજ ઉત્પાદન વીજ માંગ ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ વીજ વિસ્તરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત સદર યોજના માટેના નાણાંકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવે છે.

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં લીઝ મેળવવા માટે મળેલ અરજીઓ**

૧૯૧૮૫ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં લીઝ મેળવવા માટેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલાને મંજૂરી આપવામાં આવી,

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ લીઝ માટેની કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં લીઝ મેળવવા માટેની ૧૮૮ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૪૪ ને મંજૂરી આપવામાં આવી.

(૩) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ લીઝ માટેની ૨૭ અરજીઓ પડતર છે, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ નિયમાનુસાર ઝડપથી કરવાની ધારણા છે.

--------

**સુરત જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૫૨૭ **: શ્રીમતી ભારતીબેન રાઠોડ (કામરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બિન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૦૧<br>૦૨ | આઉટપોસ્ટ પોલીસ સ્ટેશન | સરભાણ મહુવા અને ઓલપાડ | ૫૨.૪૮ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧ | આઉટપોસ્ટ | કીમ | ૫.૦૪ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૨ | બેરેક, કીચન | બારડોલી અને વાવ | ૧૩૫.૪૭ |

**અમદાવાદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો**

૨૦૪૯૦ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

| નાણાકીય વર્ષ | બિન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | - | - | - | - |
| ૨૦૦૮-૨૦૦૯ | ૦૧ | પોલીસ સ્ટેશન | રાણપુર | ૧૩.૫૯ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૦૧<br>૦૧ | એસ.ડી.પી.ઓ. ઓફીસ<br>પોલીસ સ્ટેશન | ધોળકા<br>અસલાલી | ૩૫.૧૧ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૧<br>૦૧ | સી.પી.આઈ. ઓફીસ<br>પોલીસ સ્ટેશન | વિરમગામ<br>વિરમગામ | ૪૮.૪૯ |

## સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ પ્રકાશનો

૧૯૭૬૪ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં સરકાર દ્વારા કેટલા અઠવાડીક, પખવાડીક, માસિક અને ત્રિમાસિક પ્રકાશન પ્રસિધ્ધ કરવામાં આવ્યા,

(૨) ક્યા ક્યા, અને

(૩) વર્ષ ૨૦૧૦માં પ્રકાશનો માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં સરકાર દ્વારા નીચે મુજબ
(અ) અઠવાડીક પ્રકાશન-ગુજરાત રોજગાર સમાચાર અને
(બ) પખવાડીક પ્રકાશન - ગુજરાત પાક્ષિક પ્રસિધ્ધ કરવામાં આવ્યા જ્યારે,
(ક) માસીક અને ત્રિમાસીક પ્રકાશનો પ્રસિધ્ધ કરવામાં આવ્યા નથી.

(૨) (૧) ગુજરાત રોજગાર સમાચાર
(૨) ગુજરાત પાક્ષિક,

(૩) વર્ષ-૨૦૧૦માં પ્રકાશનો માટે કુલ રૂા. ૫,૩૫,૫૦,૭૨૩/- ખર્ચ કરવામાં આવ્યો.

## જૂનાગઢ જિલ્લાના જર્જરીત વીજ વાયરો બદલવા બાબત

૨૦૭૯૬ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરીત વાયરો તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ બદલવામાં આવ્યા છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા જર્જરિત વાયર બદલવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : વીજ પુરવઠામાં થતો વિક્ષેપ નિવારવા જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા. ૩૧-૦૩-૧૦ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૭૯૫.૮૨ લાખના ખર્ચે ૨૩૩૩.૦૮ કિ.મી. અને સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ રૂા. ૩૮૪.૮૧ લાખના ખર્ચે ૧૫૩૨.૨૩ કિ.મી. વીજ વાયર આમ કુલ રૂપિયા ૧૧૮૦.૬૩ લાખના ખર્ચે ૩૮૬૫.૩૧ કી.મી. જર્જરીત વીજ વાયરો બદલવામાં આવેલ છે.

## રાજપુરા શાખા નહેરના કામો

૨૦૫૯૪ : **શ્રી કાંતિલાલ રા.પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરના કામો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નર્મદા યોજનાની રાજપુરા શાખા નહેરની કુલ ૪૨.૪૫ કી.મી. લંબાઈમાં માટીકામ પૂર્ણ થયેલ છે. અને અસ્તરકામ ૪ કી.મી. લંબાઈમાં પૂર્ણ થયેલ છે. બાકી ૩૮.૪૫ કી.મી. માં અસ્તરકામ પ્રગતિમાં છે.

(૨) કેટલા વિસ્તારોને સિંચાઇનો લાભ મળનાર છે ?

(૨) ૪૪,૨૦૯ હેક્ટર ખેડાણલાયક પિયત વિસ્તારને સિંચાઈનો લાભ આપવાનું આયોજન છે.

**દાહોદ જિલ્લામાં ફરજ બજાવતા ગૃહરક્ષક દળના જવાનો બાબતે**

૨૦૧૯૩ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહરક્ષક દળ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ગૃહરક્ષક દળના યુવાનો ફરજ બજાવે છે, | (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ગૃહ રક્ષક દળમાં નોંધાયેલ ૧૦૫૬ પેકી કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તેમજ અન્ય નિયત કામગીરી માટે પ્રસંગોપાત જરૂરીયાતના આધારે કુલ સરેરાશ ૧૩૫ યુવાનો ફરજ બજાવે છે. |
| (૨) આ યુવાનોને નિયમિત પગાર નથી મળતો એ હકીક્ત સરકાર જાણે છે, અને | (૨) આ જવાનોને પગાર ચૂકવવાનો હોતો નથી. પરંતુ હોમગાર્ડઝના જવાનોને ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે ફરજ ભથ્થું ચૂકવવામાં આવે છે. |
| (૩) જો હા, તો તેમને નિયમિત પગાર મળે તે માટે સરકારનું શું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા બાબત**

૨૦૮૧૪ : **શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમિયાન વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા આણંદ જિલ્લામાં કેટલો જર્જરિત વાયર બદલવામાં આવ્યો, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : વીજ પુરવઠામાં થતો વિક્ષેપ નિવારવા આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન તા.૩૧-૩-૧૦ની સ્થિતિએ સાગરખેડૂ સર્વાગી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૧૧૯.૨૬ લાખના ખર્ચે ૩૮૭.૨૨ કી.મી. અને સીસ્ટમ ઈમ્પ્રુવમેન્ટ યોજના હેઠળ રૂપિયા ૧૦૪.૪૨ લાખના ખર્ચે ૨૧૨.૬૨ કી.મી. આમ કુલ રૂપિયા ૨૨૩.૬૮ લાખના ખર્ચે ૫૯૯.૮૪ કી.મી. વીજ વાયર બદલવામાં આવેલ છે. |

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ..યુ.**

૨૦૩૨૧ : **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓને વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. ર્ક્યા, | (૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને | (૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ |

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વીજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજૂરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

## જામનગર જિલ્લામાં વીજ ફિડરોનું વિભાજન

૨૦૮૧૩ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ફિડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લામાં રૂ.૨૧૯.૩૯ લાખના ખર્ચે ૨૧ ફિડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

--------

## કોડીનાર તાલુકામાં ખનીજ ચોરી સંબંધે સર્વે કરવા બાબત

૧૯૨૭૭ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના ક્લેકટરશ્રીના પરિપત્ર નં. જીજે-ખનન-ના ૬૧૩૪-૯-૨૦૧૦ તા. ૨૬-૮-૨૦૧૦ થી કોડીનાર તાલુકામાં ખનીજ ચોરીનો સર્વે કરવા આદેશ કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કોડીનાર તાલુકાના કેટલા ગામો, કેટલા સર્વે નંબરોનું સર્વે થયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ થયેલ સર્વેમાં કેટલા ગામમાં કેટલા સર્વે નંબરોમાં કેટલા ઈસમોએ ખનીજ ચોરી કરેલ છે,

(૪) તેની સામે દંડ અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૫) જો હા, તો તેની વિગતો શી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કોડીનાર તાલુકાનાં ૧૩ ગામોનાં ૧૧૪ સર્વે નંબરોનું સર્વે થયેલ છે.

(૩) ૫ ગામોમાં સર્વે થયેલ જે પૈકી ૧૨ સર્વે નંબરમાં ૧૨ ઈસમોએ ખનિજ ચોરી કર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલેલ છે.

(૪) હા, જી.

(૫) કોડીનાર તાલુકાનાં નગડલા, હરમડીયા, વલાદર, ઘાંટવડ, અને આલીદર ગામનાં ૯ સર્વે નંબરોમાં ખનિજ ચોરી સબબ ૧૧ ઈસમોને કારણદર્શક નોટીસ આપવામાં આવેલ છે. જ્યારે ઘાંટવડ ગામનાં ૧ સર્વે નંબરમાં ખનિજ ચોરી અંગે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ છે.

**મહુવા પોલીસ સ્ટેશનના વિભાજન બાબત**

૨૦૫૫૨ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં મહુવા પોલીસ સ્ટેશનને ગ્રામ્ય અને શહેરી વિભાગમાં વિભાજીત કરવા અંગે તા. ૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સરકારમાં કોઈ દરખાસ્ત થવા પામેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને<br>(૩) તે ક્યારે પૂર્ણ કરી મંજૂર કરવામાં આવશે ? | (૨) અને (૩) : ભાવનગર જિલ્લામાં મહુવા પોલીસ સ્ટેશનને ગ્રામ્ય અને શહેરી વિભાગમાં વિભાજીત કરવા અંગેની દરખાસ્ત વિચારણાના અંતે ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. |

--------

**રાજકોટ શહેરમાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૫૧૭ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧ | પો.કમિ. કચેરી | રાજકોટ | ૨૫૪.૨૧ |
| ૨૦૦૯-૧૦ | ૦૧ | એમ.ટી.સેક્શન | રાજકોટ હેડક્વાર્ટર | ૯૦.૯૫ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | બેરેક | રાજકોટ હેડક્વાર્ટર | ૭૨.૬૦ |

--------

**રાજ્યમાં થયેલ વિજ ઉત્પાદન**

૧૯૯૦૦ : **શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૭-૨૦૦૮, સને ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦ તેમજ ડીસેમ્બર-૨૦૧૦ સુધીમાં રાજ્યમાં વર્ષવાર વિજ ઉત્પાદન કેટલું થયું, અને | (૧) રાજ્ય સરકાર રાજ્યના વિવિધ ગ્રાહકોને પૂરતી વીજળી પૂરી પાડવા કટીબદ્ધ છે. આથી રાજ્યની એકંદર વીજ માંગને પહોંચી વળવા થયેલ સમગ્ર આયોજન મુજબ રાજ્ય સરકાર હસ્તક્ના તેમજ રાજ્ય હસ્તક્ના સ્વતંત્ર વીજ ઉત્પાદકોના વીજ મથકો અને રાજ્ય સરકારને મળવાપાત્ર કેન્દ્ર સરકારના એકમોનો હિસ્સો ઉપરાંત જેમની સાથે વીજ ખરીદીના લાંબા ગાળાના કરારો કરવામાં આવ્યા છે તેવા રાજ્યમાંના ખાનગી સ્વતંત્ર ઉત્પાદકો તેમજ પવનચક્કીથી ઉત્પન્ન થયેલ વીજળી મળીને રાજ્યમાં સને ૨૦૦૭-૨૦૦૮ માં ૫૨૮૯૭ મીલીયન યુનિટ, સને ૨૦૦૮-૦૯માં ૫૪૨૪૨ મીલીયન યુનિટ, સને ૨૦૦૯-૧૦ માં ૫૭૭૭૨ મીલીયન યુનિટ અને સને ૨૦૧૦-૧૧ માં (ડીસેમ્બર-૧૦ અંતિત) ૪૩૬૮૯ મીલીયન યુનિટ વીજળીનું ઉત્પાદન મેળવાયું. |
| (૨) વર્ષવાર વિજ વપરાશ સામે ઉત્પાદન ઓછું હોય તો ખાનગી કંપનીઓ પાસેથી વિજળી ખરીદવામાં | (૨) આકસ્મિક સંજોગોમાં જરૂરીયાત મુજબ ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની જોગવાઈ મુજબ કેન્દ્રીય |

આવી હોય તો કઈ કઈ કંપની પાસે શા શા ભાવે કેટ કેટલી વિજળી ખરીદવામાં આવી ?

વીજ નિયમન આયોગે મંજૂર કરેલ ૪૪ જેટલા ટ્રેડીંગ લાયસન્સીઓ પાસેથી ટેન્ડરોથી ભાવો મંગાવી સોથી નીચા ભાવના વીજ વેચાણકાર પાસેથી તેમજ પાવર એક્ષચેન્જ પાસેથી વર્ષ ૨૦૦૭-૦૮ માં ૪૬૪ મીલીયન યુનિટ, વર્ષ ૨૦૦૮-૦૯ માં ૯૮૯ મીલીયન યુનિટ, વર્ષ ૨૦૦૯-૧૦ માં ૫૩ મીલીયન યુનિટ વીજળી ખરીદી હતી, જેની વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે. રાજ્યમાં વીજ ઉપલબ્ધતા વધવાના કારણે વર્ષ ૨૦૧૦-૧૧ (ડીસેમ્બર-૨૦૧૦ સુધી) માં વીજળી ખરીદવામાં આવી નથી.

## પરિશિષ્ટ-૧

| અ. નં. | ટૂંકાગાળાની વીજ ખરીદી | ૦૭-૦૮ | | ૦૮-૦૯ | | ૦૯-૧૦ | | ૧૦-૧૧ (ડીસે. ૧૦ સુધી | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | વીજ વેચાણકારો/પાવર એક્સચેન્જ | મી.યુ. | રૂ/યુનીટ | મી.યુ. | રૂ/યુનીટ | મી.યુ. | રૂ/યુનીટ | મી.યુ. | રૂ/યુનીટ |
| ૧ | પાવર ટ્રેડીંગ કંપની લી. | ૧૬ | ૫.૯૮ | - | - | ૨ | ૬.૫૪ | - | - |
| ૨ | એનટીપીસી વિદ્યુત વ્યાપાર નીગમ | - | - | ૯૪ | ૬.૫૪ | - | - | - | - |
| ૩ | અદાણી એક્સપોર્ટ લી. | ૨૯૦ | ૬.૦૭ | ૬૫૯ | ૬.૨૭ | - | - | - | - |
| ૪ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ લી. | ૧ | ૪.૯૧ | ૧૯૪ | ૭.૩૭ | - | - | - | - |
| ૫ | ટાટા પાવર ટ્રેડીંગ કંપની લી. | ૬૫ | ૫.૭૦ | ૨૯ | ૯.૨૮ | ૪ | ૬.૪૪ | - | - |
| ૬ | લાન્કો ઈલેક્ટ્રીસીટી યુટીલીટી લી. | ૧૧ | ૩.૨૫ | ૪ | ૪.૨૯ | - | - | - | - |
| ૭ | કલ્યાણી પાવર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી. | ૬ | ૫.૮૫ | ૫ | ૮.૪૧ | - | - | - | - |
| ૮ | જેએસડબલ્યુ પીટીસી લી. | ૦.૧૩ | ૫.૦૦ | ૧ | ૭.૧૩ | - | - | - | - |
| ૯ | જીંદાલ પાવર લી. | - | - | - | - | ૨૬ | ૭.૧૦ | - | - |
| ૧૦ | પાવર એક્ષચેન્જ | - | - | ૩ | ૮.૧૯ | ૨૧ | ૬.૪૭ | - | - |
| ૧૧ | કરમચંદ થાપર | ૫ | ૫.૮૫ | - | - | - | - | - | - |
| ૧૨ | એમપી પાવર ટ્રેડીંગ કું. લી. | ૬૮ | ૬.૧૮ | - | - | - | - | - | - |
| ૧૩ | વિનએનર્જી ઈન્ટરનેશનલ પ્રા. લી. | ૧ | ૪.૪૦ | | | | | | |
| | **કુલ** | **૪૬૪** | **૫.૯૫** | **૯૮૯** | **૬.૬૦** | **૫૩** | **૬.૭૮** | - | - |

### પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો

૨૦૫૦૭ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંકના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બીન રહેણાંકના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧ | આઉટપોસ્ટ | નાંદરવા | ૪.૬૩ |
| ૨૦૦૯-૧૦ | ૦૨ | આઉટપોસ્ટ | મહેલોલ અને રણજીતનગર | ૧૪.૬૧ |
| ૨૦૧૦-૧૧ | ૦૧<br>૦૧ | આઉટપોસ્ટ<br>પોલીસ સ્ટેશન | રણકપુર<br>ગોધરા | ૮૩.૬૧ |

--------

### મહેસાણા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંકના મકાનો

૨૦૫૦૧ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંકના માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંકના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બીન | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

| | મકાનો | | | |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧ | પોલીસ સ્ટેશન તથા બેરેક | બહુચરાજી | ૯૨.૧૭ |
| ૨૦૦૯-૧૦ | ૦૧<br>૦૧ | એમ.ટી.સેક્શન<br>જીમ્નેસિયમ હોલ | મહેસાણા<br>મહેસાણા | ૧૦૬.૨૧ |
| ૨૦૧૦-૧૧ | -- | -- | -- | -- |

**વડોદરા જિલ્લામાં વિસ્થાપિતોને મળતી સુવિધાઓ બાબત**

૧૯૪૦૫ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નર્મદા યોજના અન્વયે વિસ્થાપિતોની વસાહતોમાં સિંચાઈ કે પીવાના પાણીની સુવિધાઓ મળતી નથી તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે આવી વસાહતોમાં આ સુવિધા સત્વરે પૂરી પાડવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં હથીયારના આપવામાં આવેલ લાઈસન્સ બાબત**

૧૯૧૭૬ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ઈસમોને હથીયાર લાયસન્સ પરવાનો આપવામાં આવ્યો,

(૨) જેમની સામે પોલીસ ગુન્હા નોંધાયા હોય તેમજ પોલીસ અહેવાલ/મેજીસ્ટ્રેટ અહેવાલ નકારાત્મક હોય તેવા વર્ષવાર કેટલા ઈસમોને હથીયાર પરવાના આપવામાં આવ્યા, અને

(૩) નકારાત્મક અહેવાલ છતાં પરવાના આપવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં કુલ-૧૧૮ ઈસમોને હથીયાર લાઈસન્સ પરવાના આપવામાં આવ્યા.

(૨) આવા કોઈ ઈસમને હથીયાર પરવાના આપવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં વીજ ફીડરોનું વિભાજન**

૨૦૮૦૦ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જુદી જુદી કક્ષાના ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨) : જુદી જુદી કક્ષાના વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં રૂપિયા ૧૧૧.૦૦ લાખના ખર્ચે ૭ ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

**પંચમહાલ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૫૦૮ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૦૧ | આઉટપોસ્ટ | નાંદરવા | ૪.૬૩ |
| ૨૦૦૯-૧૦ | ૦૨ | આઉટપોસ્ટ | મહેલોલ અને રણજીતનગર | ૧૪.૬૧ |
| ૨૦૧૦-૧૧ | ૦૧<br>૦૧ | આઉટપોસ્ટ<br>પોલીસ સ્ટેશન | રણકપુર<br>ગોધરા | ૮૩.૬૧ |

**રાજ્યમાં ક્રુડ ઓઈલ આયાત કરવાની સુવિધા ધરાવતાં બંદરો**

૨૦૭૯૩ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં દરિયાકિનારે ક્રુડ ઓઈલ આયાત કરવા માટે ક્યા ક્યા બંદરોએ બંદરીય સુવિધાઓ (એસ.બી.એમ.) ઉપલબ્ધ છે, અને

(૨) જે બંદરો ઉપર ઉપરોક્ત સુવિધાઓ ઉપલબ્ધ નથી તે બંદરોને સુવિધા સભર બનાવવા માટે કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) સિક્કા બંદર અને મુન્દ્રા બંદર.

(૨) ના, જી પરંતુ ક્રુડ ઓઈલની માંગની જરૂરીયાત અનુસાર જે તે બંદરોના શક્યતાદર્શી અહેવાલ (ફીઝીબીલીટી રીપોર્ટ) અનુસાર એસ.બી.એમ. ની સુવિધા વિક્સાવવાનું વિચારણામાં લઈ શકાય.

**સાબરકાંઠા જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૫૨૨ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યો,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : સાબરકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૦૪ | પોલીસ સ્ટેશન | હિંમતનગર ગ્રામ્ય, હિંમતનગર શહેર, જાદર અને મેઘરજ | ૨૦૫.૯૮ |

--------

**જામનગર જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો**

૨૦૪૭૬ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩): જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૦૨ | બેરેક | જામનગર અને દ્વારકા | ૧૪૫.૭૪ |

**દાહોદ જિલ્લામાં ગરબાડા તાલુકામાં પકડાયેલ દારૂનો જથ્થો**

૧૯૧૭૫ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાનો ગરબાડા તાલુકો સરહદી તાલુકો હોવાથી પાડોશી રાજ્યોમાંથી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો આ વિસ્તારમાં લાવવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૪,૩૭,૦૭૫/- ની કિંમતની વિદેશી દારૂની બોટલ નંગ-૫૦૦૩ પકડવામાં આવેલ. ૨૬ ગુનેગારો આ જથ્થા સાથે પકડવામાં આવેલ છે.

(૨) જો હા, તો તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો દારૂનો જથ્થો કેટલી કિંમતનો અને કેટલા ગુનેગારો સાથે પકડવામાં આવ્યો, અને

(૩) આવો દારૂનો જથ્થો પાડોશી રાજ્યોમાંથી ગુજરાત રાજ્યની હદમાં ન આવે તે માટે કડક ચકાસણી કે બંદોબસ્ત રાખવા સરકારે શા પગલાં લીધા ?

(૩) આવો દારૂનો જથ્થો પાડોશી રાજ્યમાંથી રાજ્યની હદમાં ન આવે તે સારૂ અવાર-નવાર પરપ્રાંતમાંથી જતા-આવતા રસ્તાઓ ઉપર સઘન વાહન ચેકીંગ કરવામાં આવે છે.

## અમદાવાદ શહેરમાં મંદિરોમાં થયેલ ચોરીઓ

૧૯૫૪૫ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશનર હકુમત હેઠળના વિસ્તારમાં ક્યા મંદિરોમાંથી કેટલી રકમની ચોરીઓ-લૂંટ થઈ,

**જવાબ**

(૧)

| | મંદિરનું નામ | કેટલી રકમની ચોરી-લૂંટ થઈ |
|---|---|---|
| (૧) | ભુદરપુરા ભદ્રેશ્વર મહાદેવ | રૂ.૫૦૦/- |
| (૨) | માદલપુર ભાનુપ્રભા જૈન મંદિર | રૂ.૧૩૦૦/- |
| (૩) | નિર્ણયનગર જૈન દેરાસર | રૂ.૪૦,૦૦૦/- |
| (૪) | સાબરમતી જે.પી.ની ચાલી મહાલક્ષ્મી મંદિર | રૂ.૬૨,૫૦૦/- |
| (૫) | સાબરમતી કબીરચોક ચક્રધારી સોસાયટી મહાકાળી મંદિર | રૂ.૪૬૭૦/- |
| (૬) | ખાડીયા શામળાની પોળ શ્રેયાંશનાથ મહાદેવ જૈન દેરાસર | રૂ.૭,૧૨,૮૦૦/- |
(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

## સુરત અને તાપી જિલ્લામાં જ્યોતિગ્રામની સુવિધા

૨૦૬૮૧ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લાના તમામ ગામોનો જ્યોતિગ્રામની સુવિધા આપવામાં આવેલી છે કે કેમ, | (૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ સેન્સસ ૨૦૦૧ મુજબ સુરત જિલ્લાના તમામ ૭૨૨ ગામો અને તાપી જિલ્લાના તમામ ૪૪૫ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ તમામ ગામોમાં તમામ ફળીયાઓમાં લાભ મળે છે કે કેમ, અને | (૨) અને (૩)<br>આદિજાતિ કમિશ્નરશ્રી દ્વારા પ્રસિદ્ધ થયેલ બુક્લેટમાં દર્શાવેલ સુરત જિલ્લાના તમામ ૨૦૭ ફળિયાઓ (પેટાપરા)ને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવામાં આવેલા છે. |
| (૩) બાકી રહેલ ગામો અને ફળીયાઓને આ લાભ ક્યાં સુધીમાં મળશે? | |

--------

## લોકાયુક્ત કચેરીમાં પડતર અરજીઓ

૧૯૮૮૯ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ લોકાયુક્ત કચેરી ગાંધીનગર ખાતે કુલ કેટલી ફરિયાદો અને અરજીઓ પડતરમાં છે, | (૧) ૧૬ (સોળ) |
| (૨) લોકાયુક્તની જગ્યા લાંબા સમયથી ખાલી હોવાને કારણે આવી ફરિયાદોનો નિકાલ કરવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે, અને | (૨) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ની જોગવાઈઓ મુજબ આવી જવાબદારી અન્ય કોઈને સોંપી શકાતી નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તેમના દ્વારા કેટલી ફરિયાદો અને અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## રાજ્યમાં ઉદ્યોગો વિકસાવવા માટે રાજ્યમાં અને રાજ્ય બહાર બેઠકો અને રોડ શો યોજવા બાબત

૧૯૩૫૮ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૦૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ દરમ્યાન ભારતના ક્યા ક્યા રાજ્યો તથા વિશ્વના ક્યા ક્યા દેશોમાં રોડ શો યોજીને કે બેઠકો યોજી રાજ્યમાં ઉદ્યોગોને આકર્ષવા રોકાણકારો સાથે કેટલી બેઠકો યોજવામાં આવી, અને | (૧) તા. ૦૧-૦૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ દરમિયાન ભારતના નીચે જણાવેલ રાજ્યોમાં રોડ શો અથવા બેઠકો યોજવામાં આવી હતી,<br>રાજ્યો :-<br>(૧) તામિલનાડુ (ચેન્નાઈ)<br>(૨) મહારાષ્ટ્ર (મુંબઈ)<br>(૩) કર્ણાટક (બેંગ્લોર)<br>(૪) દિલ્હી (નવી દિલ્હી)<br>(૫) આંધ્રપ્રદેશ (હેદરાબાદ)<br>આ તમામ સ્થળોએ રોડ શો દરમિયાન કુલ ૪૦૦ થી વધુ બેઠકો યોજવામાં આવી હતી, આ ઉપરાંત |

(૬) ગુજરાતમાં અમદાવાદ ખાતે પણ રોડ શો યોજવામાં આવ્યો હતો,

વિશ્વના નીચે જણાવેલ ૨૩ દેશોમાં કુલ-૩૯૦ થી વધુ બેઠકો યોજવામાં આવી હતી.

| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
|---|---|---|---|
| ૧ | તાઈવાન | ૨ | સાઉથ કોરીયા |
| ૩ | શ્રીલંકા | ૪ | સિંગાપુર |
| ૫ | ઈઝરાઈલ | ૬ | લક્ઝેમ્બર્ગ |
| ૭ | ડેનમાર્ક | ૮ | સ્વીડન |
| ક્રમ | દેશ | ક્રમ | દેશ |
| ૯ | નાઈઝેરિયા | ૧૦ | યુગાન્ડા |
| ૧૧ | કેન્યા | ૧૨ | યુ. કે. |
| ૧૩ | નેધરલેન્ડ | ૧૪ | સ્પેન |
| ૧૫ | જર્મની | ૧૬ | યુ.એસ.એ. |
| ૧૭ | કેનેડા | ૧૮ | ફ્રાન્સ |
| ૧૯ | ઈટાલી | ૨૦ | યુએઈ |
| ૨૧ | ઓમાન | ૨૨ | ક્તાર |
| ૨૩ | ઈજીપ્ત | | |

(૨) આવા રોડ શો તેમજ અધિકારીઓના રાજ્ય તથા વિદેશ પ્રવાસ પાછળ કે બેઠકો યોજવા પાછળ કે બેઠકો યોજવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) દેશમાં યોજાયેલ કુલ-૦૬ રોડ શો અને તે દરમિયાન યોજાયેલ બેઠકો માટે તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં ઈન્ડેક્ષ્ટબી ધ્વારા રૂ. ૫૨.૪૪ લાખ ચૂકવવામાં આવેલ છે, જ્યારે ૨૩ દેશોના ૪૩ શહેરોમાં યોજાયેલ વિવિધ રોડ શો અને વિવિધ બેઠકો માટે રૂ. ૩.૪૮ કરોડ ચૂકવવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં નર્મદા યોજના હેઠળ સિંચાઈ માટે પૂરૂં પાડવામાં આવેલ પાણી**

૧૯૫૭૧ **: શ્રી ગ્યાસુદ્દીન શેખ (શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનામાંથી સિંચાઈ માટે કેટલું પાણી તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવવામાં આવ્યું છે,

(૨) કેટલા વિસ્તારને આ પાણી ફાળવવાનું આયોજન હતું, અને

(૩) આયોજન મુજબ કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) નર્મદા યોજનામાંથી સિંચાઈ માટે ૧૧૫૧૦ લાખ ઘનમીટર પાણી નર્મદા યોજનાના પિયત વિસ્તારમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપવામાં આવ્યું છે,

(૨) અને (૩)

તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં, ૧૩૬૫૨૧ હેક્ટર વિસ્તારમાં સિંચાઈ માટે પાણી આપેલ છે અને અત્યારે સિંચાઈ ચાલુ છે.

--------

**કુંકાવાવ તાલુકામાં ૬૬ કે.વી.નું વીજ સ્ટેશન**

૨૦૭૪૭ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલીના કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામે નવું ૬૬ કે.વી. સબસ્ટેશન મંજૂર કરવામાં આવેલું છે કે કેમ, અને

(૨) જો હા, તો આ ૬૬ કે.વી.નું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : હા, જી. આ ૬૬ કે.વી. સબ સ્ટેશનનું કામ વર્ષ ૨૦૧૧-૧૨માં શરૂ કરવાનું આયોજન છે.

--------

## સાબરકાંઠા જિલ્લામાં આયોજન દ્વારા ફાળવેલ રકમ

૨૦૨૮૯ : **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જિલ્લા આયોજન મંડળ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) એમાંથી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જિલ્લા આયોજન મંડળ દ્વારા સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને તાલુકાવાર અને વર્ષવાર કરવામાં આવેલ ખર્ચ અંગેની વિગતો સામેલ **પત્રક મુજબ** છે.

**પ ત્ર ક**

(રૂપિયા લાખમાં)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૮-૦૯ | | વર્ષ ૨૦૦૯-૧૦ | | વર્ષ ૨૦૧૦-૧૧ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવેલ રકમ | કરવામાં આવેલ ખર્ચ | ફાળવેલ રકમ | કરવામાં આવેલ ખર્ચ | ફાળવેલ રકમ | કરવામાં આવેલ ખર્ચ |
| ૧ | હિંમતનગર | ૫૯.૬૬ | ૫૮.૫૮ | ૭૦.૨૩ | ૫૨.૨૭ | ૧૫૦.૦૦ | ૩૧.૦૫ |
| ૨ | પ્રાંતિજ | ૨૯.૮૦ | ૨૮.૦૯ | ૩૩.૪૦ | ૩૨.૫૮ | ૧૨૫.૦૦ | ૩૨.૬૩ |
| ૩ | ઈડર | ૪૬.૪૬ | ૪૬.૪૬ | ૫૦.૪૦ | ૪૮.૪૫ | ૧૫૦.૦૦ | ૧૧૯.૫૦ |
| ૪ | વિજયનગર | ૩૫.૪૮ | ૩૫.૪૮ | ૩૭.૭૮ | ૩૬.૭૪ | ૧૨૫.૦૦ | ૫૮.૬૯ |
| ૫ | ભિલોડા | ૭૩.૪૩ | ૭૩.૨૫ | ૭૮.૯૪ | ૭૨.૩૯ | ૧૫૦.૦૦ | ૧૦૨.૭૭ |
| ૬ | ખેડબ્રહ્મા | ૬૪.૨૪ | ૬૪.૨૪ | ૬૭.૪૨ | ૬૫.૮૮ | ૧૫૦.૦૦ | ૯૧.૬૨ |
| ૭ | મોડાસા | ૩૮.૫૨ | ૩૮.૫૨ | ૩૫.૦૯ | ૩૫.૨૧ | ૧૫૦.૦૦ | ૫૩.૬૧ |
| ૮ | મેઘરજ | ૫૦.૩૫ | ૫૦.૦૫ | ૭૦.૬૧ | ૬૯.૭૫ | ૧૫૦.૦૦ | ૬૬.૩૪ |
| ૯ | માલપુર | ૪૧.૪૨ | ૪૧.૧૦ | ૪૨.૨૧ | ૪૧.૧૩ | ૧૨૫.૦૦ | ૩૪.૨૧ |
| ૧૦ | બાયડ | ૩૯.૯૩ | ૩૯.૫૪ | ૪૫.૭૬ | ૪૫.૫૦ | ૧૫૦.૦૦ | ૭૯.૧૦ |
| ૧૧ | ધનસુરા | ૨૫.૭૦ | ૨૫.૭૦ | ૨૨.૭૨ | ૨૧.૯૦ | ૧૨૫.૦૦ | ૬૫.૪૫ |
| ૧૨ | વડાલી | ૨૧.૪૭ | ૨૧.૪૭ | ૧૪.૩૨ | ૧૩.૭૦ | ૧૨૫.૦૦ | ૭૬.૬૪ |
| ૧૩ | તલોદ | ૩૦.૮૧ | ૨૮.૬૭ | ૩૪.૬૪ | ૩૨.૪૦ | ૧૨૫.૦૦ | ૪૩.૩૮ |
| | **કુલ :** | **૫૫૭.૨૭** | **૫૫૧.૧૫** | **૬૦૩.૫૨** | **૫૬૭.૯૦** | **૧૮૦૦.૦૦** | **૮૫૪.૯૯** |

--------

## રાજ્યમાં ચાલતા ગેરકાયદેસર માઈનીંગ કામો

૧૯૯૪૧ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ગેરકાયદેસર માઈનીંગની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓના મુદ્દે ખુલાસા કરવા નામદાર હાઈકોર્ટ ડીસેમ્બર-૨૦૧૦ માં માઈનીંગ વિભાગના અગ્ર સચિવશ્રીને અદાલતમાં રૂબરૂ હાજર રહેવા ફરમાન કર્યુ હતું તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ગેરકાયદેસર માઈનીંગના મામલે જવાબદાર અધિકારીઓ સામે સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ અંગે સરકારશ્રીએ લીધેલ પગલાં ધ્યાને લઈ, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા પીટીશનનો નિકાલ કરવામાં આવેલ છે. સરકારે જવાબદારી નક્કી કરતો ઠરાવ કરેલ છે.

## કચ્છ જિલ્લામાં મીઠાનું ઉત્પાદન

૨૦૬૮૪ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં ક્યા ક્યા તાલુકામાં વર્ષવાર કેટલું ઉત્પાદન થયું,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર ઉત્પાદનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મીઠાનું ઉત્પાદન (મે.ટન) |
|---|---|---|

| | | વર્ષ ૨૦૦૮-૨૦૦૯ | વર્ષ ૨૦૦૯-૨૦૧૦ | વર્ષ ૨૦૧૦-૨૦૧૧ (ડીસે-૧૦ સુધી) |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીધામ | ૧૯૦૨૫૯૯ | ૨૭૧૮૭૯૨ | ૨૦૨૩૩૫૯ |
| ૨ | અંજાર | ૮૭૩૧૨૯ | ૯૧૯૧૯૦ | ૨૯૩૬૫૪ |
| ૩ | માંડવી | ૦ | ૮૩૫૪ | ૬૩૭૭ |
| ૪ | મુન્દ્રા | ૬૦૧૩૧ | ૧૭૯૩૭૫ | ૫૬૮૬૧ |
| ૫ | અબડાસા | ૯૭૩૦૫૮ | ૯૪૧૧૧૧ | ૫૨૭૩૩૬ |
| ૬ | ભચાઉ | ૧૦૫૦૭૯૧ | ૧૨૧૧૧૩૫ | ૬૧૯૩૬૯ |
| ૭ | રાપર | ૧૫૦૦૪૦ | ૧૬૧૭૮૫ | ૧૮૭૬૦૨ |
| | કુલ | ૫૦૦૯૭૪૮ | ૬૧૩૯૭૪૨ | ૩૭૧૪૫૫૮ |

(૨) આ ઉત્પાદનથી સોલ્ટ સેસની કેટલી રકમ રાજ્યમાં જમા થઈ, અને

(૩) મીઠાનાં અગરીયાનાં કલ્યાણ કાર્યક્રમમાં કેટલી રકમ ગત ત્રણ વર્ષ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વર્ષવાર મંજૂર કરવામાં આવી ?

(૨) સોલ્ટ સેસ ભારત સરકાર દ્વારા વસૂલ લેવામાં આવતો હોઈ, રાજ્યના એકત્રિત ફંડમાં જમા થતો નથી.

(૩) મીઠાનાં અગરીયાનાં કલ્યાણ કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ રકમ મંજૂર કરવામાં આવેલ છે.

| વર્ષ | (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૦૮-૨૦૦૯ | ૧૩૯૬.૮૩ |
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૮૫૩.૮૫ |
| ૨૦૧૦-૧૧(ફેબ્રુઆરી-૨૦૧૧ અંતિત) | ૩૯૩૮.૧૮ |

## ભરૂચ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૮૩ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૦૫ | કોસ્ટલ આઉટ પોસ્ટ | ભાડભૂત, દેવલા, ગંધાર, લુવારા, કાટીયાજાડ | ૨૭.૪૦ |

## નર્મદા જિલ્લાના પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૫૦૨ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| નાણાકીય વર્ષ | બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | -- | -- | -- | -- |
| ૨૦૦૯-૧૦ | ૦૨<br>૦૧ | આઉટ પોસ્ટ<br>પોલીસ સ્ટેશન | અમેલથા, વાવડી, ગરૂડેશ્વર | ૨૫.૭૪ |
| ૨૦૧૦-૧૧ | ૦૧ | આઉટ પોસ્ટ | કાંકડાપાડા | ૩.૬૦ |

--------

## રાજ્યમાં ભૂમી પૂજન થયા પછીના કામોની સમીક્ષા કરવા રચેલ સમિતિ બાબત

૧૯૯૫૯ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં ૨૬ જાન્યુઆરી અને ૧૫ ઓગષ્ટ અને પહેલી મે ની ઉજવણીના અવસરે વિવિધ જિલ્લાઓમાં કરેલા વિકાસના કામોના ભૂમીપૂજન કરેલા કામોની સમીક્ષા કરવા માટે સરકારે તા.૩૧-૧-૧૧ સુધીમાં જિલ્લા ક્ક્ષાની સમિતિઓ રચી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ ક્મીટી ક્યારે રચવામાં આવી અને આ ક્મીટીએ આવા કેટલા અને ક્યા ક્યા કામોની સમીક્ષા તા.૩૧-૧-૧૧ સુધીમાં કરી ?

**જવાબ**

(૧) અને (૨) : રાષ્ટ્રીય પર્વ ૨૬ જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ અને ૧લી મેની રાજ્યક્ક્ષાની ઉજવણી જુદા જુદા જિલ્લાઓમાં યોજવાની નવીન પ્રથા અપનાવવામાં આવી છે. વર્ષ-૨૦૦૫ થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન યોજાયેલ ત્રણ પર્વોની ઉજવણીના ભાગરૂપે હાથ ધરવામાં આવેલ ભૂમીપૂજન કરેલ કામોની સમીક્ષા હાથ ધરવા રાજ્યક્ક્ષાની અને જિલ્લાક્ક્ષાની સમિતિ રચવા અંગેનો પરિપત્ર સામાન્ય વહીવટ વિભાગે તા.૪-૧૨-૨૦૧૦ના રોજ કરેલ છે. આ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં તાપી, અમરેલી, બનાસકાંઠા, પંચમહાલ, નર્મદા, સુરેન્દ્રનગર, રાજકોટ અને સુરત જિલ્લામાં થયેલ ભૂમીપૂજનના કામોની સમીક્ષા માટે જિલ્લા ક્ક્ષાની સમિતિઓ રચવામાં આવી છે.

તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નર્મદા જિલ્લામાં કુલ ૪૩૨ કામો પેકી ૪૨૪ પૂર્ણ થયેલા ૭ પ્રગતિ હેઠળના તેમજ શરૂ ન થઈ શકેલ ૧ કામની સમીક્ષા કરવામાં આવી છે. રાજકોટ જિલ્લામાં ૧૯૬ કામો પેકી ૩૦ પૂર્ણ થયેલા, ૧૨૪ પ્રગતિ હેઠળ અને ૪૨ શરૂ ન થયા હોય તેવા કામોની સમીક્ષા કરી છે.

--------

## ક્ચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બીન રહેણાંક્ના મકાનો

૨૦૪૭૪ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ક્ચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે કુલ કેટલા અને ક્યા પ્રકારના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા,

(૨) આ બીન રહેણાંક્ના મકાનો ક્યા ક્યા સ્થળે બાંધવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બીન રહેણાંક્ના મકાનો બનાવવા માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ક્ચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોલીસ વિભાગ માટે નીચે મુજબના બીન રહેણાંક માટેના મકાનો બનાવવામાં આવ્યા.

| બીન રહેણાંક્ના મકાનો | પ્રકાર | સ્થળ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૦૨ | બેરેક | ક્રન અને ધોબ્રાણા | ૩૫.૯૨ |

--------

## ખેડા જિલ્લામાં સ્થપાયેલા નવા કુટીર ઉદ્યોગો

૨૦૩૯૬ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યક્ક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાદીઠ ક્યા ક્યા નવા કુટીર ઉદ્યોગો સ્થપાયા છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કુટીર અને ગ્રામોદ્યોગ ખાતાની બાજપાઈ બેંકેબલ યોજના, જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના અને વડાપ્રધાન રોજગાર નિર્માણ કાર્યક્મ હેઠળ ખેડા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ તાલુકાદીઠ નવા કુટીર ઉદ્યોગો સ્થપાયા છે.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૦૮ થી ૩૧-૧૨-૦૮ | તા.૧-૧-૦૯ થી ૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી ૩૧-૧૨-૧૦ |
|---|---|---|---|---|

| | | ઉદ્યોગ | સેવા | વેપાર | ઉદ્યોગ | સેવા | વેપાર | ઉદ્યોગ | સેવા | વેપાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૧૬૭ | ૧૨૩ | ૧૪૬ | ૩૨૫ | ૨૯૧ | ૧૯૫ | ૨૫૯ | ૧૯૩ | ૧૩૫ |
| ૨ | ખેડા | ૧૬ | ૯ | ૧૩ | ૫૩ | ૨૩ | ૩૭ | ૪૭ | ૨૨ | ૨૫ |
| ૩ | મહેમદાવાદ | ૫૩ | ૩૭ | ૬૫ | ૧૧૮ | ૫૧ | ૫૨ | ૧૨૬ | ૪૩ | ૬૧ |
| ૪ | ઠાસરા | ૪૧ | ૧૨ | ૭૮ | ૮૯ | ૩૯ | ૮૭ | ૬૬ | ૫૬ | ૯૬ |
| ૫ | કપડવંજ | ૫૪ | ૧૪ | ૧૧૬ | ૧૫૯ | ૨૯ | ૧૧૨ | ૨૦૯ | ૪૩ | ૯૩ |
| ૬ | બાલાસિનોર | ૧૧૮ | ૧૦ | ૨૮ | ૬૬ | ૭ | ૨૦ | ૧૨૯ | ૧૧ | ૩૬ |
| ૭ | માતર | ૧૫ | ૭ | ૧૭ | ૩૮ | ૨૪ | ૩૫ | ૭૬ | ૩૦ | ૨૪ |
| ૮ | મહુધા | ૧૭ | ૧૩ | ૧૮ | ૩૩ | ૧૬ | ૩૫ | ૧૦ | ૧૫ | ૫ |
| ૯ | કઠલાલ | ૨૩ | ૧૨ | ૨૫ | ૪૦ | ૧૪ | ૩૭ | ૩૩ | ૨૩ | ૩૪ |
| ૧૦ | વિરપુર | ૭ | ૩ | ૯ | ૬૫ | ૧ | ૧૪ | ૯૦ | ૩ | ૧૨ |
| ૧૧ | **કુલ :** | **૫૧૧** | **૨૪૦** | **૫૧૫** | **૯૮૬** | **૪૯૫** | **૬૨૪** | **૧૦૪૫** | **૪૩૯** | **૫૨૧** |

(૨) રાજ્ય સરકાર દ્વારા કેવા પ્રકારની સહાય આપવામાં આવી છે ?

(૨) (અ) રાજ્ય સરકાર દ્વારા શ્રી વાજપાઈ બેંકેબલ યોજનામાં નીચેના દરે સહાય આપવામાં આવે છે.

| લોનની રકમ | અનુ. જન જાતિ | અનુ. જાતિ | અન્ય | અપંગ/અંધ ૪૦ ટકા કે તેથી વધુ | અપંગ ૪૦ ટકાથી ઓછી |
|---|---|---|---|---|---|
| રૂ.૩૦૦૦૦ સુધી | ૪૦ ટકા | ૪૦ ટકા | ૨૫ ટકા | ૫૦ ટકા | ૫૦ ટકા |
| રૂ.૩૦૦૦૧ થી વધુ | ૩૦ ટકા | ૨૫ ટકા | ૨૦ ટકા | ૪૦ટકા મહત્તમ મર્યાદા રૂ.૩૦૦૦૦ | ૩૦ટકા મહત્તમ મર્યાદા રૂ.૩૦૦૦૦ |

સહાયની મહત્તમ મર્યાદા (અનુ.જનજાતિ, અનુ.જાતિ અને અન્ય માટે)

(૧) ઉદ્યોગમાં રૂ.૩૦૦૦૦, (૨) સેવામાં રૂ.૧૫૦૦૦, (૩) વેપારમાં રૂ.૧૦૦૦૦,

(બ) જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજનામાં નીચેના દરે સહાય આપવામાં આવે છે.

| અ. નં. | ધિરાણની રકમ | અનુ.જાતિ અનુ. જનજાતિ/ મહિલા/ શા.વિકલાંગ/ મા.સૈનિક | અન્ય |
|---|---|---|---|
| અ | રૂ.૧ લાખ થી વધુ રૂ. ૧૦ લાખ સુધી | ૩૦ ટકા | ૨૫ ટકા |
| બ | રૂ.૧૦ લાખથી વધુ અને રૂ.૨૫ લાખ | રૂ.૧૦ લાખના ૩૦ ટકા + બાકીની રકમના ૧૦ ટકા | રૂ.૧૦ લાખના ૨૫ ટકા + બાકીની રકમના ૧૦ ટકા |

(ક) પી.એમ.ઈ.જી.પી. ની સહાય ભારત સરકારશ્રી તરફથી ચૂકવવામાં આવે છે.

## રાજ્યમાં પોલીસ સબ ઈન્સ્પેકટરની ભરતી બાબત

૨૦૪૫૮ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦ માં પોલીસ સબ ઈન્સ્પેકટરની થયેલ ભરતીમાં વેઈટીંગ લીસ્ટ બનાવવામાં આવ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વેઈટીંગ લીસ્ટની યાદી ક્યારે ઓપરેટ કરીને નિમણૂક કરવામાં આવી હતી, અને

(૩) જો ના, તો આ યાદી રાજ્ય સરકાર ઓપરેટ કરવા વિચારે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : વેઈટીંગ લીસ્ટની યાદી ઓપરેટ કરવાની બાબતો ચકાસણી હેઠળ છે અને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**સાબરકાંઠા જિલ્લામાં કુટિર ઉદ્યોગ શરૂ કરવાની અરજીઓ**

૨૦૯૦૫ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ ચાલુ કરવા માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર કુટિર ઉદ્યોગ ચાલુ કરવા માટે નીચે મુજબની અરજીઓ આવી.

| અ. નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૦૯ થી તા.૩૧-૧૨-૦૯ | તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૭૬૮ | ૮૩૨ |
| ૨ | ઇડર | ૮૫૫ | ૮૩૫ |
| ૩ | વડાલી | ૧૪૬ | ૧૫૭ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૮૦ | ૧૯૫ |
| ૫ | વિજયનગર | ૧૦૪ | ૧૧૨ |
| ૬ | ભિલોડા | ૪૬૬ | ૫૦૫ |
| ૭ | માલપુર | ૨૨૦ | ૨૩૮ |
| ૮ | મેઘરજ | ૩૪૨ | ૩૭૦ |
| ૯ | મોડાસા | ૩૩૩ | ૩૫૯ |
| ૧૦ | ધનસુરા | ૧૫૭ | ૧૭૦ |
| ૧૧ | તલોદ | ૧૩૩ | ૧૪૩ |
| ૧૨ | પ્રાંતિજ | ૧૪૬ | ૧૫૮ |
| ૧૩ | બાયડ | ૨૫૭ | ૨૭૮ |
| | **કુલ** | **૪૧૦૭** | **૪૩૫૨** |

(૨) મળેલ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓ મંજુર થયેલ છે અને પડતર છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ અરજીઓની સંખ્યા | પડતર રહેલ અરજીઓની સંખ્યા ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫૪૧ | ૩૮૯ |
| ૨ | ઇડર | ૬૪૬ | ૪૭૪ |
| ૩ | વડાલી | ૭૯ | ૫૨ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૫૨ | ૯૮ |
| ૫ | વિજયનગર | ૧૦૩ | ૬૮ |
| ૬ | ભિલોડા | ૪૩૧ | ૩૩૬ |
| ૭ | માલપુર | ૩૦૫ | ૬૫ |
| ૮ | મેઘરજ | ૨૨૯ | ૧૬૯ |
| ૯ | મોડાસા | ૩૩૩ | ૧૩૧ |
| ૧૦ | ધનસુરા | ૧૦૪ | ૧૬૪ |
| ૧૧ | તલોદ | ૧૩૯ | ૭૪ |
| ૧૨ | પ્રાંતિજ | ૧૪૫ | ૧૦૮ |
| ૧૩ | બાયડ | ૧૭૮ | ૧૫૫ |
| | **કુલ** | **૩૩૮૫** | **૨૨૯૩** |

| | |
|---|---|
| (૩) પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૩) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેલ કુલ ૨૨૨ અરજીઓનો નિકાલ સત્વરે કરવામાં આવશે. તેમજ બેન્ક કક્ષાએ પડતર રહેલ ૨૦૭૧ અરજીઓનો ફોલોઅપ કરીને સત્વરે નિકાલ કરવામાં આવશે. |

--------

**તાપી જિલ્લામાં નબળી જીસ્વાન ક્નેક્ટીવીટી**

૨૦૦૮૭ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નવરચીત તાપી જિલ્લામાં જીસ્વાન ક્નેક્ટીવીટી તદ્દન નબળી હાલતમાં ચાલે છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ જીસ્વાન ક્નેક્ટીવીટી સારી અને યોગ્ય રીતે કાર્યરત રહે તે માટે સરકારે ક્યા પ્રકારની કામગીરી કરી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં નશાબંધી કાનુન હેઠળ થયેલ કેસો**

૧૯૧૮૭ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** | | |
|---|---|---|---|
| (૧) નશાબંધી કાનુન હેઠળ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો થયેલા છે, | (૧) | ખાનપુર<br>૨૬૩ | લુણાવાડા<br>૩૪૦ |
| (૨) કુલ કેટલા લોકોની ધરપકડ કરવામાં આવી, અને | (૨) | ૨૭૭ | ૩૪૪ |
| (૩) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તે પેકી કેટલા કેસોનો નિકાલ થયો છે ? | (૩) | ૧૦૭ | ૮૧ |

--------

**આણંદ જિલ્લામાં ગ્રામરક્ષક દળમાં સેવા બજાવતા સભ્યો**

૧૯૭૬૬ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગ્રામરક્ષક દળ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ગ્રામ રક્ષક દળમાં તાલુકાવાર કેટલા સભ્યો સેવા બજાવે છે. | (૧) આણંદ જિલ્લા ખાતે કુલઃ-૧૦૭૫ ગ્રામ રક્ષક દળના સભ્યો સેવા બજાવે છે. જે પેકી તાલુકાવાર વિગત નીચે પ્રમાણે છે. |

| ક્રમ | તાલુકાનું | તાલુકાનું | ફરજ પર આવતા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૩૫ | ૩૫ |
| ૨ | બોરસદ | ૧૩૫ | ૫૫ |
| ૩ | સોજીત્રા | ૧૩૫ | ૧૦ |
| ૪ | તારાપુર | ૧૩૦ | ૧૦ |
| ૫ | આંક્લાવ | ૧૩૫ | ૧૦ |
| ૬ | ઉમરેઠ | ૧૩૫ | ૪૫ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ઉમરેઠ | ૧૩૫ | ૪૫ |
| ૭ | ખંભાત | ૧૩૫ | ૩૦ |
| ૮ | પેટલાદ | ૧૩૫ | ૪૦ |
| | **કુલ :-** | **૧૦૭૫** | **૨૩૫** |

(૨) ગ્રામ રક્ષક દળમાં સેવા બજાવતા સભ્યને કેવી સવલત આપવામાં આવે છે,

(૩) તેમને કેટલું દૈનિક ભથ્થું ચૂકવવામાં આવે છે, અને

(૨) અને (૩) ગ્રામ રક્ષક દળના સભ્યોને નીચે મુજબ સવલતો આપવામાં આવે છે.

(અ) ફરજ દરમ્યાન રૂ. ૬૦/- દૈનિક ભથ્થા પેટે

(બ) ૮ કિ.મી. બહાર અને પોતાના વિસ્તાર બહાર જવાનું હોય તો એસ.ટી./રલ્વે ભાડાની સવલત આપવામાં આવે છે.

(ક) સભ્યોને દર ૩ વર્ષે ૧ જોડી ગણવેશ આપવામાં આવે છે.

(૪) વર્ષ - ૨૦૧૦માં સરકાર દ્વારા આણંદ જિલ્લાના ગ્રામ રક્ષક દળ માટે કેટલો ખર્ચ તાલુકાવાર કરવામાં આવ્યો ?

(૪) અગાઉ વર્ષ-૨૦૦૮-૦૯માં રૂ. ૨૯ લાખનો તથા વર્ષ ૨૦૦૯-૧૦માં રૂ. ૩૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ - ૨૦૧૦-૧૧માં રૂ. ૯૧ લાખની ગ્રાન્ટ ફાળવેલ છે જે માંથી વર્ષ - ૨૦૧૦ માં આણંદ જિલ્લામાં થયેલ તાલુકાવાર ખર્ચ કુલ રૂપિયા ૮૮,૯૦,૦૦૦ની વિગતો નીચે મુજબ છે.

| | તાલુકાવાર | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧. | આણંદ | ૧૨,૫૦,૦૦૦/- |
| ૨. | બોરસદ | ૯,૭૦,૦૦૦/- |
| ૩. | સોજીત્રા | ૯,૬૦,૦૦૦/- |
| ૪. | તારાપુર | ૧૩,૫૦,૦૦૦/- |
| ૫. | આંકલાવ | ૮,૫૦,૦૦૦/- |
| ૬. | ઉમરેઠ | ૯,૬૦,૦૦૦/- |
| ૭. | ખંભાત | ૧૪,૦૦,૦૦૦/- |
| ૮. | પેટલાદ | ૧૧,૫૦,૦૦૦/- |
| | કુલ : - | ૮૮,૯૦,૦૦૦/- |

--------

## દાહોદ જિલ્લામાં પકડાયેલ દારૂનો જથ્થો

૨૦૧૯૫ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ સ્ટેશનવાર કુલ કેટલો દારૂનો જથ્થો પકડવામાં આવ્યો, અને

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નીચે મુજબનો દારૂનો જથ્થો પકડવામાં આવેલ છે.

| પો. સ્ટે. | દેશી દારૂ લીટર | વિદેશી દારૂ બોટલ. |
|---|---|---|
| દાહોદ ટાઉન | ૧૦૩૨ | ૬૫૪૦ |
| દાહોદ રૂરલ | ૪૭૯ | ૫૨૯૧૮ |
| ગરબાડા | ૨૮૭ | ૫૯૨૨ |
| ધાનપુર | ૩૭૪ | ૧૭૭૮૭ |
| દે.બારિયા | ૨૯૫ | ૩૪૮૦૧ |
| લીમખેડા | ૪૭૭ | ૧૯૭૩૦ |
| લીમડી | ૧૬૭ | ૫૧૨૮૯ |
| ઝાલોદ | ૩૭૬ | ૩૫૨૬ |
| ફતેપુરા | ૫૬૧ | ૪૦૩૭ |
| સુખસર | ૧૨૪ | ૭૯૫૭ |
| **કુલ..** | **૪૧૭૨** | **૨૦૪૫૦૭** |

(૨) કેટલા ગુનેગારો સામે કાયદેસર કેસ કરવામાં આવ્યો ?

(૨) **૨૭૯૭.**

**ડાર્કઝોનવાળા વિસ્તારમાં પાણી આપવા બાબત**

૨૦૬૦૦ : **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાર્કઝોન વિસ્તારમાં સ્થપાતા ઉદ્યોગોને પાણી લેવા માટે વીજ જોડાણ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેડૂતોને પાણી મેળવવા વીજ જોડાણ ન આપવાના શા કારણો છે?

**જવાબ**

(૧) અને (૨)

ડાર્કઝોનમાં આવેલા ઉદ્યોગોને ઓદ્યોગિક હેતુ માટે જ વીજ જોડાણ આપવામાં આવે છે, સિંચાઈના હેતુ માટે નહીં,

નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના તારીખ ૧૬-૧૨-૨૦૦૩ના ઠરાવ ક્રમાંક : જીડબલ્યુઆર-૨૦૦૩-૧૪-જ-૧માં ઠરાવ્યા અનુસાર ડાર્કઝોન વિસ્તારમાં કૂવા/પાતાળકુવા ઉપર વીજ જોડાણો મંજુર કરવા પર હાલ પ્રતિબંધ છે.

**કોડીનાર તાલુકામાં આવેલા ફીડરો**

૧૯૨૭૯ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં વીજ પુરવઠો પૂરો પાડતા ખેતીવાડીના કેટલાં અને ક્યાં ક્યાં ફીડરો આવેલા છે?

**જવાબ**

જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં વીજ પુરવઠો પૂરો પાડતા ખેતીવાડીના કુલ ૨૩ ફીડરો આવેલા છે જેની વિગતો નીચે મુજબ છે,

| અ.નં. | ખેતીવાડી ફીડરનું નામ |
|---|---|
| ૧ | ૧૧ કે.વી. દુદાણા |
| ૨ | ૧૧ કે.વી. દેવળી |
| ૩ | ૧૧ કે.વી. કાજ |
| ૪ | ૧૧ કે.વી. ફાફણી |
| ૫ | ૧૧ કે.વી. બાલનાથ |
| ૬ | ૧૧ કે.વી. છાછર |
| ૭ | ૧૧ કે.વી. વડનગર |
| ૮ | ૧૧ કે.વી. મીતીયાજ |
| ૯ | ૧૧ કે.વી. આણંદપુર |
| ૧૦ | ૧૧ કે.વી. ભવાની |
| ૧૧ | ૧૧ કે.વી. માલગામ |
| ૧૨ | ૧૧ કે.વી. અડવી |
| ૧૩ | ૧૧ કે.વી. ડોળાસા |
| ૧૪ | ૧૧ કે.વી. વલાદર |
| **અ.નં.** | **ખેતીવાડી ફીડરનું નામ** |
| ૧૫ | ૧૧ કે.વી. સુગાળા |
| ૧૬ | ૧૧ કે.વી. ગાયત્રી |
| ૧૭ | ૧૧ કે.વી. ગીરદેવળી |
| ૧૮ | ૧૧ કે.વી. મોરવડ |
| ૧૯ | ૧૧ કે.વી. હરમડીયા |
| ૨૦ | ૧૧ કે.વી. કાળીધાર |
| ૨૧ | ૧૧ કે.વી. પીછવા |
| ૨૨ | ૧૧ કે.વી. સત્યનારાયણ |
| ૨૩ | ૧૧ કે.વી. બથેશ્વર |

--------

**મહુવા શહેરમાં ટ્રાફીક પોલીસની ઘટ**

૨૦૫૫૦ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ટ્રાફીક પોલીસ ફરજ બજાવે છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ટ્રાફીક નિયમન માટે ઘટતા ટ્રાફીક પોલીસની

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા શહેરમાં મહુવા પો.સ્ટે.નાં કોન્સ્ટેબ્યુલરી સ્ટાફના કુલ : ૯૬ મંજૂર મહેકમ પૈકી ૧૦ પો.કો. ને મહુવા શહેરમાં ટ્રાફીક નિયમનની જાળવણી માટે ફાળવવામાં આવેલ છે. તેમજ મહુવા શહેર ખાતે પોલીસ ચોકી પર ફરજ બજાવતા પો.સ.ઈ.શ્રીઓ તેઓના ચોકી વિસ્તારમાં ટ્રાફીક નિયમનની જાળવણીની કામગીરી બજાવતા હોય છે.

(૨) મહુવા શહેર ખાતે ટ્રાફીક નિયમન માટે અલગ

જગ્યાઓ ન પુરવાના ક્યા કારણો છે, અને

કોઈ મહેકમ મંજૂર નથી. પરંતુ મહુવા પો.સ્ટે.ના મહેકમમાંથી ટ્રાફીક ડ્યુટીની ફરજોની સોંપણી કરવામાં આવે છે.

(૩) ટ્રાફીક પોલીસની ખાલી જગ્યાઓ ક્યારે ભરાશે?

(૩) મહુવા શહેરમાં ટ્રાફીક નિયમન માટે અલગ કોઈ મહેકમ મંજૂર નહીં હોય ખાલી જગ્યા પુરવા અંગેનો કોઈ પ્રશ્નો રહેતા નથી.

--------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં દારૂનો પકડાયેલ જથ્થો**

૧૯૪૦૭ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નશાબંધી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઈંગ્લીસ અને દેશી દારૂનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) તેની અંદાજિત કિંમત શુ થાય છે, અને

(૩) આ દારૂના વેચાણ કરતાં તત્વોને અંકુશમાં લઈ દારૂનું સંપૂર્ણ વેચાણ બંધ કરાવવા સરકાર સખતાઈથી શાં પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧) વડોદરા

| હેડ | તા.૧-૦૨-૨૦૦૯ થી તા. ૩૧-૦૧-૨૦૧૦ | તા.૦૧-૦૨-૨૦૧૦ થી તા.૩૧-૦૧-૨૦૧૧ |
|---|---|---|
| દેશી દારૂ લીટર | ૨૮,૭૯૬ | ૩૪,૩૪૪ |
| વિદેશી દારૂ (બોટલ નંગ) | ૩,૪૬,૪૪૦ | ૧,૦૫,૦૫૫ |

નર્મદા

| હેડ | તા.૧-૦૨-૨૦૦૯ થી તા. ૩૧-૦૧-૨૦૧૦ | તા.૦૧-૦૨-૨૦૧૦ થી તા.૩૧-૦૧-૨૦૧૧ |
|---|---|---|
| દેશી દારૂ લીટર | ૫,૨૯૪ | ૬,૯૯૪ |
| વિદેશી દારૂ (બોટલ નંગ) | ૪૭,૧૬૬ | ૨૪,૨૬૪ |

(૨) વડોદરા

| હેડ | તા.૧-૦૨-૨૦૦૯ થી તા. ૩૧-૦૧-૨૦૧૦ | તા.૦૧-૦૨-૨૦૧૦ થી તા.૩૧-૦૧-૨૦૧૧ |
|---|---|---|
| દેશી દારૂ | રૂા. ૫,૭૫,૯૨૦ | રૂા. ૬,૮૬,૮૮૦ |
| વિદેશી દારૂ | રૂા. ૨,૨૫,૫૪,૧૧૧ | રૂા. ૮૯,૫૮,૪૨૦ |

નર્મદા

| હેડ | તા.૧-૦૨-૨૦૦૯ થી તા. ૩૧-૦૧-૨૦૧૦ | તા.૦૧-૦૨-૨૦૧૦ થી તા.૩૧-૦૧-૨૦૧૧ |
|---|---|---|
| દેશી દારૂ | રૂા. ૧૦,૫૪,૮૮૦ | રૂા. ૧૩,૯૮,૮૮૦ |
| વિદેશી દારૂ | રૂા. ૨૭,૦૯,૦૦૦ | રૂા. ૩૧,૧૦,૫૫૦ |

(૩) આ દારૂના વેચાણ કરતાં તત્વોને અંકુશમાં લેવા માટે અવાર-નવાર રેડો કરી આવા ધંધાઓ નેસ્તનાબુદ કરવા તથા બોમ્બે પ્રોહીબીશનના કાયદા હેઠળની કલમો હેઠળ કેસો કરવા અને એકથી વધુ કેસમાં પકડાયેલ આરોપીઓ વિરોધ્ધ પાસા, હદપારી તથા પ્રોહીબીશનની કલમ-૯૩ મુજબના અટકાયતી પગલા લેવામાં આવે છે અને તમામ પોલીસ સ્ટેશનના થાણાં અમલદારોને આ પગલા લેવા અવાર-નવાર મીટીંગોમાં સુચના પણ આપવામાં આવેલ છે.

--------

**વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ..યુ.**

૨૦૪૨૬ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓને વિજ

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે

ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

*પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ (*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદઉપરાત ઇંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

### રાજ્યના હેલીકોપ્ટર અને વિમાન પાછળ થયેલ ખર્ચ

૨૦૬૨૦ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારના હેલીકોપ્ટર અને વિમાનના મરામત, જાળવણી, ફ્યુઅલ અને સ્ટાફ પાછળ તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૧-૧-૨૦૧૦ સુધી કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

રાજ્ય સરકારના હેલીકોપ્ટર અને વિમાનના મરામત, જાળવણી, ફ્યુઅલ અને સ્ટાફ પાછળ તા. ૧-૧-૨૦૦૮ થી તા. ૧-૧-૨૦૧૦ સુધી કુલ રૂપિયા ૩,૨૭,૭૬,૨૩૨.૪૧ નો ખર્ચ કરવામાં આવ્યો હતો.

### વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં વિજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ..યુ.

૨૦૩૨૦ **: શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩ અને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓએ વિજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા,

(૨) તે અન્વયે તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કઈ કંપનીઓ કાર્યાન્વિત થઈ, અને

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩ અને વર્ષ ૨૦૦૫ માં વીજ ઉત્પાદન માટે થયેલ એમ.ઓ.યુ.ની વિગતો અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ છે.

(૨) અને (૩) કુલ ૨૭ પ્રોજેક્ટ પૈકી ૧૮ પ્રોજેક્ટ અમલીકરણના વિવિધ તબક્કે છે. જેમાંથી ૮ પ્રોજેક્ટ

(૩) આ કંપનીઓ દ્વારા કેટલું વિજ ઉત્પાદન કરવામાં આવેલ છે ?

(*પત્રક-૩ મુજબ) કાર્યાન્વિત થયેલ છે. સામાન્યતઃ વિશાળ કદના વીજ મથકો એક આંતરમાળખાકીય પ્રોજેક્ટ છે. આમ એક વીજ મથક સ્થાપવા માટે અન્ય માળખાકીય સવલતો જેવી કે, જમીન, રસ્તા, વીજ પ્રવહન, પાણી જેવી સુવિધાઓની વ્યવસ્થા કરવી જરૂરી બને છે. તદ્‍ઉપરાંત પર્યાવરણ બાંધકામ, વીજ પ્રવહન માટે તેમજ પાણીના વપરાશ જેવી વિવિધ પ્રકારની મંજુરીઓ વિગેરે પણ લેવી આવશ્યક છે. તદ્‍ઉપરાંત ઈંધણની ઉપલબ્ધતા અને ઉત્પાદીત થનાર વીજળીના વેચાણ અંગેના કરારો આખરી કરવાની બાબત સુનિતિ કરવાની રહે છે. વળી, આ વીજ યોજનાઓ તક્નીકી રીતે પણ જટીલ હોઈ, આ યોજના સ્થાપવા તેમજ તેમાંથી ઉત્પાદન મેળવવા માટે, સામાન્યતઃ ૫ થી ૭ વર્ષનો સમય ગાળો લાગતો હોય છે. પરંતુ ગુજરાત સરકારના સકારાત્મક અભિગમને કારણે રાજ્યમાં વીજ પ્રોજેક્ટોનું અમલીકરણ ઝડપથી થાય છે.

કાર્યાન્વિત થયેલ ૮ વીજ યોજનાઓમાંથી તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૩૦૪૩૦.૩૬૮ મિલીયન યુનીટનું વીજ ઉત્પાદન થયેલ છે (*પત્રક-૪ મુજબ)

**(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## તા.૭મી માર્ચ ૨૦૧૧ નાં રોજના પૉઈન્ટ ઑફ ઑર્ડરના બાકી નિર્ણય અંગે

**અધ્યક્ષશ્રી** : તા.૭ મી માર્ચના રોજ પૂરક માગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સોલાર પાર્ક અંગેની જોગવાઈ સંબંધમાં કરેલ પ્રવચન સંદર્ભે રાજ્યના કક્ષાના ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ દલાલે વિરોધ પક્ષના નેતાશ્રીએ કરેલી કેટલીક રજૂઆતોની સ્પષ્ટતા કરી હતી. આ સ્પષ્ટતાના સંદર્ભમાં માનનીય વિરોધપક્ષના નેતાએ માનનીય મંત્રીશ્રીના જવાબમાંથી ઉપસ્થિત થતી બાબત અંગે રાઈટ ટુ કવેશ્ચન અનુસાર માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા દેવાની પરવાનગી માગી હતી. તત્તસમયે માનનીય વિરોધપક્ષના નેતાને મેં પ્રશ્ન પૂછવાની મેં અનુમતિ આપી હતી. પરંતુ તે દરમ્યાન માનનીય નાણા મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી હતી તેઓને જવાબ આપવાનો બાકી છે અને રાઈટ ટુ કવેશ્ચન મંત્રીના જવાબ પછી ઊભો થાય છે માનનીય નાણા મંત્રીશ્રી વજુભાઈ અને સંસદીય બાબતોના રાજ્યના કક્ષાના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપેલા મંતવ્યો ધ્યાને લઈ મેં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને માનનીય નાણા મંત્રીશ્રીની પૂરક માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ આપે ત્યાર પછી પ્રશ્ન પૂછવાનું જણાવ્યું હતું. પરંતુ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ રજૂઆત કરી હતી કે માનનીય ઊર્જા મંત્રીશ્રીએ દરમ્યાનગીરી કરી હોવાથી ઊર્જા મંત્રીશ્રીને રાઈટ ટુ કવેશ્ચન અનુસાર પ્રશ્ન પૂછવાનો પોતાનો અધિકાર છે. આ સંજોગોમાં મેં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને માનનીય નાણા મંત્રીશ્રીને પોતાનો જવાબ આપીને પછી પ્રશ્ન પૂછવા જણાવતાં મારાં નિર્ણયથી નારાજ થઈને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત માનનીય વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓએ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહનો ત્યાગ કરી જતાં માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીએ વિરોધપક્ષે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી સભાત્યાગ કર્યો હોઈ તેઓને સખત ઠપકો આપવો એવી લાગણી વ્યકત કરી હતી. આ બાબતમાં વિધાનસભાના નિયમો, પ્રણાલિકાઓ તથા પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણય હું જોઈ ગયો છું. કોલ અને સધ્ધરના પુસ્તક **પ્રૅક્ટિસ એન્ડ ઑફ ઈયરના પાર્લામેન્ટ અનુસાર ** વધુમાં અધ્યક્ષશ્રીના નિર્ણય ક્રમાંક ૫૭૨, ૧૯૬૦ થી ૧૯૮૪માં તત્કાલીન અધ્યક્ષશ્રીએ સભાત્યાગ અને નીચે મુજબનો નિર્ણય આપ્યો હતો. અધ્યક્ષશ્રીના રૂલિંગના વિરુદ્ધમાં સભાગૃહ છોડીને ચાલ્યા જવું અને વોકઆઉટ કરવું એ આ સભાગૃહનું અવમાન છે ત્યારે ઉપરોકત બંને અવલોકનો ધ્યાને લેતા તા.૭-૩-૨૦૦૦ નાં રોજ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ મારા નિર્ણય વિરુદ્ધ સભાત્યાગ કે વિનંતી વિરુદ્ધ સભાત્યાગ કર્યો હતો તે અનુચિત હતો અને તેને આ સભાગૃહ તેમજ મારું અવમાન લેખું છું અને ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ના થાય તેની કાળજી રાખવામાં આવે.

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

**શ્રીશક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : પૉઈન્ટ ઑફ ઑર્ડરનો નવો મુદ્દો ઉપસ્થિત કરું છું પરંતુ તે પહેલા આપ જો પરવાનગી આપો તો માત્ર એક લાઈનની સ્પષ્ટતા માત્ર એટલી જ કરું છું કે આપના નિર્ણય વિરુદ્ધ અમારો સભાત્યાગ નહોતો.

**અધ્યક્ષશ્રી** : નિર્ણય અપાઈ ગયો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મંત્રીશ્રીઓના વર્તન સામેનો સભાત્યાગ હતો. આપે પરમિટ કર્યા પછી એ મેં કહ્યું હતું.

**અધ્યક્ષશ્રી** : એ ચર્ચા નહિ, આપ બેસી જાવ. રૂલિંગ અપાય ગયું છે એટલે માત્ર નવા પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર બોલો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એટલે માત્ર રૅકૉર્ડ સ્ટ્રેઈટ રહે એટલા માટે.

**અધ્યક્ષશ્રી** : ઓ.કે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આ ગૃહનું સ્વમાન જાળવવાની અમારી પણ જવાબદારી અને અમે હંમેશા જાળવતા આવ્યાં છીએ. સવાલ અમારો એ નહોતો. (અંતરાય ) રૅકૉર્ડ સ્ટ્રેઈટ કરું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ નવા પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર વાત કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો આજનો જે પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો છે. માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક : ૪ ના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ પુસ્તકના નિર્ણય ક્રમાંક ૩૩૭, પાના નંબર ૨૧૪ ના સંદર્ભમાં છે. ગૃહનો સમય બચાવવા માટે માત્ર હું રીલેવન્ટ લાઈન વાંચીશ.

અને પ્રશ્નોત્તરીમાં જે મારો મુદ્દો હતો આ નિર્ણયની સાથે સાંકળીને હું એ કહું છું કે, મેં અને મારા સભ્યશ્રીઓ જ્યારે મારા પક્ષના પૂછતા હતા વેરી પોઈન્ટેડ કવેશ્ચન્ કે, જે કાર્યાન્વિત્ થયા છે એમાં કાર્યાન્વિત્ થયા છે એમણે MOU કર્યા ત્યારે કેટલા મેગા વોટ પેદા કરશે એમ કહ્યું અને આજે કાર્યાન્વિત્માં કેટલું થયું ? MOU થયું ત્યારે કેટલું મૂડી રોકાણ કર્યુ હતું અને આજની તારીખમાં કેટલું થયું. અમલીકરણ નીચેનું મેં કે મારા સભ્યોએ માગ્યું નહતું. પોઈન્ટેડ કવેશ્ચન્ હતો કે, કાર્યાન્વિત્ થયા છે એના આટલા આંકડા આપો? આ આંકડા માગવાનો અમારો પ્રશ્નમાંથી સીધો ઊભો થતો પ્રશ્ન હતો એમ છતાં માનનીય મંત્રીશ્રીને અધિકાર છે એમ કહે કે, અલગ નોટિસ જોઈશે, ઉપસ્થિત થતો નથી. નિર્ણય પછી આપે કરવાનો રહે પરંતુ જે માગ્યું નથી, માગેલું આપવું નહીં અને માગેલાની સાથે બીજું જોડીને એવી રીતે રજૂ કરવું કે જેથી કરીને સત્ય બહાર ન આવે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળનો નિર્ણય જે પેઈજ- ૩૨૪ ઉપર છે એની માત્ર રિલેવન્ટ લાઈન, એનો નિર્ણય વાચું છું, મને લાગે છ કે, પૂરક પ્રશ્નમાં જે કોઈ પણ માનનીય સભ્યશ્રી પોઈન્ટેડ ધ્યાન ખેંચીને અમુક બાબત ઉપર માહિતી માગે તો એ બાબત સિવાયની માહિતી આપવાનો પ્રયાસ કરવો ઈન ઑર્ડર ગણાય નહી. I will pause here for a moment માગ્યું ન હોય અને મંત્રીશ્રી આપવાનો પ્રયત્ન કરે તો ઈન ઑર્ડર ગણાય નહીં, આ સ્પષ્ટ અધ્યક્ષશ્રીનો નિર્ણય. મંત્રીશ્રી એમ કહી શકે કે, મારા અભિપ્રાય પ્રમાણે આ વસ્તુ આમાંથી ઉપસ્થિત થતી નથી. I would require a notice, that is a different matter. મંત્રીશ્રી એમ કહી શકે કે, આમાં ઉપસ્થિત થતો નથી, નવી નોટિસ જોઈશે પરંતુ મંત્રીશ્રીને જો એક ગામનું પૂછ્યું હોય અને મંત્રીશ્રી એક ગામની વાત કરવાના બદલે બીજા ગામની વાત કરે તો મને લાગે છે કે, ધેટ રિપ્લાય વુડ નોટ બી ઈન ઑર્ડર. આજે અમે પૂછ્યું હતું શું ? માત્ર કાર્યાન્વિત્ થયું છે એની હકીકત અને એ મળે તો આખી સત્ય હકીકત MOUમાં શું થાય છે કે, જે અમારા સભ્યોનો જે આગ્રહ હતો એ એટલો હતો કે, આપ કહી દો કે કાર્યાન્વિત્ થઈ ગયું પરંતુ MOUની રકમ એટલી મોટી હોય, એક્ચ્યુઅલ ઈન્વેસ્ટ સાવ નાનું હોય, કાર્યાન્વિત્ થયું એટલે બધી જ રકમ થઈ ગઈ છે એમ કહીને કેટલા મેગા વોટનું MOU, કેટલું ઉત્પાદન? વેરી પોઈન્ટેડ સ્પેશિફિક કવેશ્ચન્ એમ છતાં માનનીય મંત્રીશ્રીએ અમલીકરણ અને કાર્યાન્વિત બંને જોડીને જ વાતો કર્યા કરી છેક સુધી આપને વારંવાર અમે કહ્યા છતાં આપનો એક નિર્ણય ઇચ્છું છું કે, કારણ કે, પ્રશ્નોત્તરીકાળ દરમિયાન અમારા માટે સવાલોનું ઘણું જ મહત્ત્વ હોય છે. આ પક્ષના સભ્યશ્રીઓ હોય કે આ પક્ષના સભ્યશ્રીઓ હોય ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે પ્રશ્નોત્તરી છેલ્લા દિવસોથી ચાલે છે એમાં આપ જે કડકાઈ ભર્યુ વલણ, આ બાજુ અને આ બાજુ બંને બાજુ આપનું રહે અને મંત્રીશ્રીઓના જવાબોની બાબતમાં આપના પુરોગામીઓએ આપેલા નિર્ણયો મુજબ આપના નિર્ણયની અપેક્ષા રાખું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજીએ જે વાત કરી એ પ્રશ્ન કરતાં વધુ કરી. એમણે જે કહ્યું હતું કે, કુલ કેટલા MOU તમારે થયા, કેટલું અમલીકરણ થયું એ રીતે વાત હતી આજની તારીખે એટલે એમણે એમ કહ્યું કે, આટલા આટલા MOU થયા એમાંથી આટલા કાર્યાન્વિત્ નથી થયા બાકી રહ્યા છે એ આટલું થયું છે જવાબ તો ઓલરેડી આપી દીધો છે. સવાલ એ છે કે, એક જ સીધો તમે મને આંકડામાં જવાબ

આપો. કેમ જવાબ આપવો એ મંત્રીશ્રીનો અધિકાર છે અને (અંતરાય) સાંભળો તો ખરા, અને એ કદાચ એ રસ્તે ન જતા હોય તો એ અધિકાર માનનીય અધ્યક્ષશ્રીનો છે કે ભાઈ આ તમે ટૂંકું કરો એ કહેવાનો અધિકાર એમનો છે. સવાલ એ છે કે, માનનીય સભ્યશ્રીએ જે સવાલ પૂછ્યો એનો જવાબ એમાં આવે છે કે નહીં ? એનો જવાબ એમાં ઓલરેડી આવી ગયો હતો એમાં બે વાકયો વધુ કહે તો કોઈ સવાલ નથી. એમાં કોઈ લાંબું આપના સવાલનું કોઈ લાંબું વિવરણ એમાં થયું જ નથી.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે લેખિત જવાબ અપાયો છે ને એની અંદર પત્રક-૩માં એ જો સદસ્યશ્રી જુએ તો સ્પષ્ટ ત્રણે ત્રણ કંપનીઓ કઈ ચાલુ થઈ છે એ ત્રણેય કંપનીઓનું નામજોગ છે. પત્રક-A, પત્રક-Bમાં કેટલું મૂડી રોકાણ આવવાનું છે કુલ એ પણ એમાં છે. એટલે એ જે સવાલ પૂછતા હતા એ મેં સ્પષ્ટપણે કહ્યું છે અને વધારે કે આ પત્રક૧, ૨અને ૩ની અંદર જે કંપનીઓ ચાલુ છે એ બધી જ માહિતી એમાં માહિતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પત્રક મારા હાથમાં છે. પત્રક-૩ જે માનીય મંત્રીશ્રી કહે છે એમાં કેટલું ઉત્પાદનની વાત છે એ છે, બરાબર. કાર્યાન્વિત્ થયેલી કંપનીઓ અને વીજ ઉત્પાદનની વિગત અમને બે આંકડાનાં મળે છે. પહેલા પત્રકોમાં આપે એમાઉન્ટ કહી છે. મેં એટલું જ માંગ્યુ હતું કે આ ત્રણ પૈકી એમ.ઓ.યુ. વખતે કેટલા યુનિટનું એમ.ઓ.યુ. હતુ, એકચ્યુઅલ ઉત્પાદન આજે કેટલું થાય છે? એમ.ઓ.યુ. વખતે કેટલી એમાઉન્ટ કહી હતી, આજની તારીખે એકચ્યુઅલ ઈન્વેસ્ટમેન્ટ કેટલું? આ પત્રકમાંથી આ બંને ફીગર મળતા હોય તો, મેં જોઈ લીધા છે પત્રકો. બંને ફીગરનું કમ્પેરીઝન નહોતું મળતું એટલા માટે ભવિષ્યમાં જયારે અમે આ પ્રશ્ન પૂછીએ છીએ એનો જવાબ તાર્કિક રીતે ટાળવાના પ્રયત્નના બદલે તાર્કિક રીતે સત્ય જવાબ મળે આટલું જ અમે આપનું રક્ષણ માગીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ, આપ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરજો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ આવું છું માનનીય અધ્યક્ષશ્રી. માનનીય વિરોધ પક્ષના નેતાએ વાત કરી એ વાત આ પ્રશ્નમાં છાપેલી પણ હતી કે ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં કઈ કંપનીઓએ વીજ ઉત્પાદન કરવા માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કર્યા? આ લીસ્ટ આપ્યું પણ રકમ કોઈ જગ્યાએ ન આપી. બીજી વાત એ હતી.

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર લંબાણથી જવાબ આપે છે એટલા માટેનો જ છે એમાં આપ શું કહેવા માગો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પોઈન્ટ ઓફ ઓર્ડરનો જ આ પ્રશ્ન છે. પત્રકમાં એ પણ નથી. બીજો પ્રશ્ન એ હતો કે કેટલા મેગાવોટનું ઉત્પાદન થવાનું હતું? કેટલું કમિશન થયું? અને કમિશન થયું તો એની પાછળ કેટલું મૂડીરોકાણ થયું? બહુ પોઈન્ટેડ કવેશ્ચન હતો અને એક જ લીટીની અંદર એનો જવાબ આપી શકાયો હોત. દસ મિનિટ લીધી માનનીય મંત્રીશ્રીએ પણ જે પ્રશ્ન પૂછયા છેલ્લે સુધી એ પ્રશ્નનો જવાબ ન મળ્યો. આપે આ બાબતની અંદર સ્પષ્ટ આદેશ કરવો જોઈએ. બાકીની દસ મિનિટ જે અપાય એ માગણીની ચર્ચા વખતે જરૂરથી કહી શકયા હોત રાજય સરકારની નીતિથી માંડીને એમ.ઓ.યુ. ની સફળતા બાબતે પણ આ પ્રશ્નના જવાબ નથી મળતા એ સભ્યોના અધિકારનું હનન છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. એમાં બે મુદ્દા ઉપસ્થિત થાય છે. એક મુદ્દો એ ઉપસ્થિત થાય છે કે કોઈપણ માનનીય સભ્યશ્રી આ સન્માનનીય સભાગૃહમાં પોતે ધારે તેવો જવાબ મંત્રીશ્રી આપે એવી અપેક્ષા રાખી શકે? ત્યારપછી હું આ જ પુસ્તકના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પાન-૨૬૬ ઉપર ૩૯૦ ક્રમાંક ઉપર આવવા માગુ છું. એમાં સ્પષ્ટ કહયું છે કે ઉલટ તપાસના સ્વરૂપના પ્રશ્ન પૂછી શકાય નહીં. There is a difference between the inquisitiveness in the House while I fully uphold the right of the Hon'ble Member to get specific information by way of a pointed question. There is a difference between a pointed question being asked on the floor of the House and a question, which is asked as a cross-examination. Sir, repeatedly the questions are asked which tantamount to be a cross-examination, then the intention with which you ask a question to get a pointed information અને એ બાબતમાં અગાઉનો નિર્ણય છે કે પોઈન્ટ ઓફ ઓર્ડર મારે સાંભળવો નથી. પંદર મિનિટ મુલત્વી રહેલા પ્રશ્ન માટે વધારે પડતો સમય છે. ૩૫ પ્રશ્નોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છતાંપણ જો માનનીય સભ્યશ્રી એક વખત પંદર મિનિટ અને બીજી વખત પંદર મિનિટ લે તો મને લાગે છે કે પ્રશ્નો પુછવાની આપણી રીતમાં આપણે સુધારો કર્યા વગર ચાલશે નહીં. બાકી રહેલા પ્રશ્નો માનનીય સભ્યશ્રી પૂછે છે એ પણ માહિતી માંગવા ઈચ્છે છે. ક્રોસ એકઝામીનેશન સ્વરૂપમાં પણ હું કેટલાક પ્રશ્નો પુછવા દઉં છું પણ મને એમ લાગે છે કે મારે આ બંધ કરવું પડશે. ક્રોસ એકઝામીનેશન નહીં કરી શકાય. Sir, it is clearly mentioned that you cannot ask any question by way of cross-examination and those tantamount to be a cross-examination. Repeatedly after the Hon'ble Minister has replied, the question whatever asked regarding the capacity installed in terms

of MW, investment made and the production that was commenced, I think, beyond this was sort of a cross-examination and falls within the ambit of the decision which was given by the earlier Hon'ble Speaker.

**શ્રી દિલીપ સંઘાણી** : મારે મૂળ વિધાનસભાના નિયમો તરફ ધ્યાન દોર્યા પછી અધ્યક્ષશ્રીના નિર્ણયો તરફ જઈ પૂરક પ્રશ્નો પૂછવાના નિયમ-૮૯ માં સ્પષ્ટ લખેલ છે કે અધ્યક્ષ જેનું નામ પોકારે ત્યારે અપાઈ ચૂકેલ જવાબોમાંથી કોઈ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા માટે પ્રશ્ન પૂછી શકશે. આ પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ સ્પષ્ટ પૂછાયેલ પ્રશ્નની માહિતી પ્રશ્નના જવાબમાં આપી છે. ઉપરાંત અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૮૫ થી માર્ચ ૨૦૦૨ દરમ્યાન પાના નં. ૫૯ની ૧૭મી લીટી ઉપર વધારે વાંચીને સભાગૃહનો સમય લેવો નથી, પરંતુ પ્રશ્ન પૂછનાર માનનીય (અંતરાય) મેં આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શાંતિથી સાંભળ્યો છે. પ્રશ્ન પૂછનાર માનનીય સભ્યશ્રી પૂરક પ્રશ્ન ટૂંકો પ્રશ્ન પૂછીને માહિતી મેળવવાનો આગ્રહ રાખતા હોય તો બે-ચાર સવાલો લઈ શકાત. સાદી સીધી સમજની વાત છે, પણ કેટલીક વખત માનનીય સભ્યશ્રીઓ એની પૂર્વ ભૂમિકા એટલી વિસ્તૃત રીતે આપતા હોય છે કે જેમાં ઘણો સમય વ્યથિત થતો હોય છે. એના પરિણામે જે પ્રશ્ન વિસ્તૃત રીતે રજૂ થાય છે, તેનો જવાબ સ્વાભાવિક રીતે મંત્રીશ્રી વિસ્તૃત રીતે આપવાનો પ્રયત્ન કરે. આ માનનીય અધ્યક્ષશ્રીનો પૂર્વ નિર્ણય છે. વિસ્તૃત સવાલ ન પૂછાય તો વિસ્તૃત જવાબ ન અપાય. મારી વિનંતી છે કે ટૂંકો, સ્પષ્ટ સવાલ પૂછાય તો ટૂંકા જવાબ મળશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય વિપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે, તે બાબતે બંને પક્ષની જે કઈ રજૂઆતો સાંભળી છે, એનું રૂલિંગ હું પછી આપીશ. નેકસ્ટ.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. મારો પ્રશ્ન ક્રમાંક ૩ ઉપરનો છે. મેં પ્રશ્ન ૩ પૂછ્યો હતો. અમે જેની જાણકારી માગતા હોઈએ છીએ, તેનો જવાબ માગતા હોઈએ છીએ. મંત્રીશ્રી મહારાષ્ટ્રની વાત કરે, કર્ણાટકની વાત કરે..

**અધ્યક્ષશ્રી** :હું આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખતો નથી. આપ બેસી જાઓ.

# વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

**શ્રી વલ્લભભાઈ ગો. કાકડિયા (સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિના પ્રમુખશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો માટેની સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

**શ્રી ફતેસિંહ વ.ચૌહાણ (સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ ( સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

### માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સને ૨૦૧૧-૧૨ ના વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાન માટેની માગણીઓની વિચારણા કરવા અંગે માનનીય રાજયપાલશ્રીની *ભલામણ વાંચી સંભળાવું છું.

### સામાન્ય વહીવટ વિભાગ

### માગણી ક્રમાંક: ૩૧

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૩૬,૫૧,૬૧,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવી.**

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ સને ૨૦૧૧-૧૨ ના વર્ષ માટેની માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૩૫**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ સેવાને લગતી અન્ય ખર્ચ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૧૩,૭૯,૦૨,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂા.૮,૨૩,૬૭,૪૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂં કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી ક્રમાંક: ૫૪**

**શ્રી જયનારાયણ વ્યાસ ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૬૮,૭૯,૩૯,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૪ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭: માનનીય સભ્યશ્રી ગેરહાજર.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીન હ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૮૯**

**શ્રી જયનારાયણ વ્યાસ ( માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૮૬,૮૨,૯૩,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૮૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપદખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની સોમવાર, તા ૧૪-૩-૨૦૧૧ (પહેલા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં.૩૧** | |
| ૧. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧- ચૂટણી પંચ<br>રૂા. ૭,૩૪,૮૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પા.નં.૩૩-૩૪ | ૧૦૦ | ચૂંટણીની કામગીરી તટસ્થતાપૂર્વક કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૨. | -- " -- | ૧૦૦ | જે મતદારો પાસે ઓળખપત્રો હોય પરંતુ મતદાર યાદીમાં નામ ન હોય તેવા મતદારો મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૩. | -- " -- | ૧૦૦ | ચૂંટણી પંચ હસ્તકની કચેરીઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪. | -- " -- | ૧૦૦ | મતદારો નજીકના સ્થળે મતદાન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| ૫. | -- " -- | ૧૦૦ | આચારસંહિતાભંગની ફરિયાદ સામે તાત્કાલિક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૬.* | ૨૦૧૫-ચૂંટણી | ૧૦૦ | ચૂંટણી સમયે મતદારો દવારા થતી | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૨-ચૂંટણી અધિકારીઓ<br>રૂા.૫,૧૬,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૩૫-૩૬ | | વ્યાજબી અને સાચી રજૂઆતો ઉપર અધિકારીઓ પૂરતું ધ્યાન આપે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૭. | ૨૦૧૫- ચૂંટણી<br>૧૦૩-મતદાર...છપાવવી<br>રૂા. ૨૧,૦૦,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૩૭ થી ૩૯ | ૧૦૦ | મતદાર યાદીઓમાં રહેલ ક્ષતિઓ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૮. | -- " -- | ૧૦૦ | મતદાર યાદીમાં ઈરાદાપૂર્વક નામો બાકાત રાખનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૯. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૮-મતદારોને ....<br>આપવા<br>રૂા. ૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૪૩ | ૧૦૦ | મતદારોને સાચા ઓળખપત્રો સમયસર પૂરાં પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈશ્વરભાઈ વહિઆ |
| ૧૦. | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૮-મતદારોને ....<br>આપવા<br>રૂા. ૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૪૩ | ૧૦૦ | બોગસ મતદાર ઓળખપત્રો છપાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| | | **માગણી નં.૩૫** | | |
| ૧૧. | ૨૦૭૦-અન્ય.....સેવાઓ<br>૧૦૪-તકેદારી<br>રૂા.૪૭,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૬૪-૬૫ | ૧૦૦ | લોકાયુકતની ખાલી પડેલ જગ્યા સમયસર ભરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૧૨. | ૨૨૩૫-સામાજિક...કલ્યાણ<br>૬૦- અન્ય.......કલ્યાણ<br>૧૦૭-સ્વાતંડ્ર્ડ....યોજના<br>રુા.૪,૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૭૦ | ૧૦૦ | દેશની આઝાદીની લડતમાં ભાગ લેનાર સ્વાતંડ્ર્ડ સૈનિકોના પેન્શનમાં જરૂરી વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૩. | ૪૫૧૫-અન્ય.....જોગવાઈ<br>૧૦૨-સમૂહ વિકાસ<br>રુા. ૮,૨૦,૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં. ૧૦૩ થી ૧૦૫ | ૧૦૦ | સ્થાનિક અગત્યતા ધરાવતા સામૂહિક વિકાસના કામો સમયસર પૂરા કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૧૪. | -- " -- | ૧૦૦ | સ્થાનિક અગત્યતા ધરાવતા સમુહ વિકાસના કામો માટે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૫. | -- " -- | ૧૦૦ | કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં પણ અત્યંત પછાત તાલુકાઓનો વિકાસ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૧૬. | -- " -- | ૧૦૦ | ૨૬ મી જાન્યુઆરી, ૧૫ મી ઓગષ્ટ અને ૧લી મે ના પ્રસંગોએ જુદા જુદા | ડાૅ.અનિલભાઈ જોષીયારા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જિલ્લાઓમાં વિકાસના કામોના ભુમિપૂજન કરાયા બાદ તેની કામગીરીની સમીક્ષા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં.૫૪** | | |
| ૧૭.* | ૨૨૨૦- માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ વહીવટ<br>રૂા.૪૦,૮૧,૭૫,૦૦૦<br>અં.પ્ર.અં.૧૪<br>પા.નં.૧૬ થી ૧૮ | ૧૦૦ | માહિતી નિયામક હસ્તકની જિલ્લા કચેરીઓની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. | -- " -- | ૧૦૦ | વિરોધપક્ષોએ કરેલા વ્યાજબી સૂચનો અને ટીકાઓ પ્રસિધ્ધ થાય તેવી નીતિ અપનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા |
| ૧૯.* | -- " -- | ૧૦૦ | જાહેર ખબરો આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦. | ૨૨૨૦- માહિતી અને પ્રચાર<br>૦૧-ચલચિત્રો<br>૦૦૧-નિર્દેશ વહીવટ<br>રૂા.૪૦,૮૧,૭૫,૦૦૦<br>અં.પ્ર.અં.૧૪<br>પા.નં.૧૬ થી ૧૮ | ૧૦૦ | સરકારી કાર્યક્રમોની જાહેરાતો - પોસ્ટરો પાછળ થતા કરોડો રૂપિયાના ખર્ચને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૨૧. | -- " -- | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોની રજૂઆતોને યોગ્ય પ્રસિધ્ધિ આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| | | વિજ્ઞાન **અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૮૯** | | |
| ૨૨. | ૨૦૫૨-સચિવાલય....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૮૬,૮૨,૯૩,૦૦૦<br>અં.પ્ર.અં.૨૩<br>પા.નં. ૫ થી ૭ | ૧૦૦ | ચીનમાં બનેલા હલકી કક્ષાના સ્પેરપાર્ટસ વડે બનેલા કોમ્પ્યુટર્સની થયેલી ખરીદી અંગેની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૩. | -- " -- | ૧૦૦ | ઈન્ટરનેટ સુવિધાને વારંવાર ખોટકાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૨૪. | -- " -- | ૧૦૦ | ઈન્ટરનેટ સ્પીડ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૨૫. | -- " -- | ૧૦૦ | કોમ્પ્યુટરોની યોગ્ય મરામત અને જાળવણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૨૬ | -- " -- | ૧૦૦ | સરકારી કચેરીઓમાં કર્મચારી ઓની હાજરી માટે વપરાતા સ્માર્ટકાર્ડને બદલે ફીંગર પ્રિન્ટ મશીનની વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨૭ | -- " -- | ૧૦૦ | સરકારી કચેરીઓમાં કોમ્પ્યુટરોનો અંગત / ખાનગી કામો માટે થતો | શ્રી શૈલેષભાઈ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ઉપયોગ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮ | -- " -- | ૧૦૦ | જીસ્વાન નેટવર્કની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૨૯ | -- " -- | ૧૦૦ | વિભાગોના પરિપત્રો, ઠરાવો, નિયમો વગેરે વેબ સાઈટ ઉપર સમયસર મૂકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૩૦ | -- " -- | ૧૦૦ | કોમ્પ્યુટરોની ખરીદીમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રામસિંહ પરમાર |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહી.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં પહેલાં હું માહિતી અને પ્રસારણ વિભાગ ઉપર મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જનતાને ઉપયોગી માહિતી, એનું પ્રસારણ કરવાનું કામ એટલે માહિતી અને પ્રસારણ વિભાગ. માનનીય અધ્યક્ષશ્રી, હું આંકડાઓ જોતો હતો, પાંચ કરોડ કરતાં વધારે રૂપિયા આપણા મેગેજીનો પાછળ આપણે નાખીએ છીએ અને આ આટલા પૈસા નાખ્યા પછી જો મેગેજીનો હાથમાં લઈને જોઈએ તો શું જનતાને ઉપયોગી માહિતી છે એમાં? શું પ્રજા ઉપયોગી વસ્તુનું પ્રસારણ છે એમાં ખરૂં? જવાબ મળશે ના, તો મળશે શું એમાં? મુખ્ય મંત્રીશ્રીના ફોટા.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી વ્યવસ્થામાં આ માનસિકતા, ' અહો રૂપમ અહો ધ્વનિ" માનનીય અધ્યક્ષશ્રી, એનો ફાયદો કોને? શું આ માટે આપણે જનતાના નાણાં વાપરવા બેઠા છીએ? માહિતી ખાતા પાસે સ્ટાફ છે, મારો અનુભવ છે, સારો અને અનુભવી સ્ટાફ પણ છે. આપણે એનો ઉપયોગ કરવો નથી. માહિતી ખાતામાં આઉટ સોર્સિંગ ચાલુ થયું છે. એ કરપ્શનનો સોર્સ ઉભો કરવા માટેનું આઉટ સોર્સિંગ છે એવો મારો સ્પષ્ટ આક્ષેપ છે, શા માટે આ કરીએ છીએ? માનનીય અધ્યક્ષશ્રી, રેડિયો અને દૂરદર્શનની સામે દેખાવો ક્યારેક જે સત્તાધારી પક્ષ છે એના મિત્રો કરતા હોય છે. ક્યારેક જોજો, દૂરદર્શન કે રેડિયાના સમાચાર, એમાં ભારતીય જનતા પક્ષ કે મુખ્ય મંત્રીનું કવરેજ કેટલું હોય છે, અને પછી આપણો ગુજરાતનો અંક ઉઠાવીને જોજો, તો એમાં વિરોધપક્ષ માટેનો એક પણ શબ્દ હોય છે આપણા ગુજરાતના અંકમાં? શું આપણી એ જવાબદારી નથી? ભૂતકાળ પણ જોજો. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેશુભાઈ વિરોધપક્ષના નેતા હતા, એમણે પ્રેસ કૉન્ફરન્સ રાખી હોય, માહિતી ખાતાનું વાહન વિરોધપક્ષના નેતાની પ્રેસ કોન્ફરન્સમાં પ્રેસના મિત્રોને લઈને જાય, પ્રજાના પ્રતિનિધિ તરીકે વિરોધપક્ષનો નેતા પણ બેઠો છે અને મને યાદ છે કે મંત્રીમંડળના કોઈ સભ્યએ જો પ્રેસ કૉન્ફરન્સ રાખી હોય અને એ જ સમયે માનનીય કેશુભાઈની હોય તો બીજું કોઈ નહીં, પણ મુખ્ય મંત્રીશ્રી એમને સૂચના આપે કે મંત્રી મંડળના સભ્યએ પ્રેસ કૉન્ફરન્સનો સમય બદલવો કારણ કે વિરોધપક્ષના નેતાનું મહત્ત્વ લોકશાહીમાં એટલું ઉંચું છે. આ વ્યવસ્થા હતી. વાહન લાવવા લઈ જવા માટે માહિતી ખાતાનો નિયમિત વાહન એ પ્રેસ અને મિડિયાના મિત્રોને મળતું હતું કે પ્રેસ અને મિડિયાનો મિત્ર સચિવાલયના દરવાજામાં આવે, એક ચોથી જાગીર છે લોકશાહી, મંત્રીશ્રીને બે ચાંટિયા ભરે એવા પ્રશ્નો પણ આખરે પ્રજાહિતમાં એ પૂછે છે. એને જવાબ મંત્રીશ્રીઓએ આપવા પડે, એને સાંભળવા પણ પડે, એની ટીકાને સહન પણ કરવી પડે પણ માનનીય અધ્યક્ષશ્રી, એ વાહનની સુવિધા પણ બંધ થઈ ગઈ, વિરોધપક્ષના નેતાની પ્રેસ કૉન્ફરન્સમાં આવવા જવા માટેની વ્યવસ્થા આપવા માટેનો સિલસિલો બંધ થયો, અને માત્રને માત્ર એક જ કામ કરવાનું, જે ગુણગાન ગાથાઓ યશગાથાઓ મુખ્ય મંત્રીશ્રીની ગાવા સિવાય શું બીજું કામ માહિતી ખાતા પાસે નથી? માનનીય અધ્યક્ષશ્રી, નવી પ્રજા શરૂ થઈ, એકાદા નહીં કેટલાય પણ કેટલાય માહિતી ખાતાના સ્ટાફના લોકોને વિધાનસભા ગૃહમાં બેસાડવામાં આવે અને મંત્રીશ્રી જે બોલે એના પાના ભરીને રિપૉર્ટ તૈયાર કરવાના, શું પ્રજાના પૈસે સિક્કાની એક બાજું લઈને ચાલવાનું કામ એ માહિતી ખાતાનું કામ છે? શું આજ કામ આપણે એની પાસે કરાવવાનું છે? માહિતી ખાતાની ક્યારેક પ્રેસનોટો જોશો તો ખ્યાલ આવશે કે આ તો કઈ રીતની વ્યવસ્થા ચાલે છે? હું આપના મારફતે ગૃહના અંદર સરકારને એ જણાવવા માગુ છું કે, આપ કૌભાંડકારી સત્યમ કોમ્પ્યુટર્સને જગ્યા-જમીનો આપી શકો, આપ ટાટા મોટર્સને જમીનો આપી શકો છો તો પત્રકારને એક નાનો પ્લોટ આપવામાં શું આપને તકલીફ પડે છે? આપોને એમને પણ પ્લોટ. ભૂતકાળની સરકારોમાં પત્રકારોને વ્યવસ્થા પણ આપી હતી અને ક્યારેક રહેઠાણના મકાનો પણ આપ્યા છે. એમના માટેની કોઈક વ્યવસ્થા હોવી જોઈએ, કારણ કે આખરે એ પ્રજાનો અવાજ રજૂ કરે છે. ક્યારેક આપણને ન ગમે પણ એ માણસ લોકશાહીની સેવા કરનારા, જતન કરનારા વર્ગ પૈકીનો એ વર્ગ છે આપણે એ નહીં ભૂલવું જોઈએ. એ પ્રજાનો જાગૃત પ્રહરી એટલે પત્રકાર. કદાચ કોઈ કોરપોરેટમાં જાય તો કેટલાક ઈન્ટેલીજન્ટ પત્રકારો મેળવે છે

એના કરતા અનેકગણું વેતન મેળવી શકે પણ એ છોડીને એક જોબ સેટીસ્ફેકશન માટે કંઈક આપણે જેમ જનતાનું કામ કરવા આવ્યા છીએ એ રીતે એ પણ કંઈક કામ કરે છે એ વાત માનનીય અધ્યક્ષશ્રી, નહીં ભૂલવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ પણ આવી છે. સામાન્ય વહીવટ વિભાગ એટલે સરકારનું હૃદય. IAS અને IPS ના મહેકમથી માંડીને બધી જ જવાબદારીઓ એમના શીરે હોય છે. શું કરીએ છીએ આપણે આજે? નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરનારો આ રાજયનો IAS કે IPS એને ખૂણામાં બેસાડવાનું કામ આ વિભાગ મારફત થાય છે. મે જોયા હતા સામાન્ય વહીવટ વિભાગના એ અધિકારીઓ કે જે મુખ્યમંત્રીશ્રીને પણ કહેતા કે સાહેબ, આ અધિકારી છે એ ભલે આપનું માનતો નથી પણ એ જનતાનું હિત હૃદયમાં લઈને ચાલે છે આપણાથી એને ઈનજસ્ટીસ ના થઈ શકે. એ પરિસ્થિતિ પણ હતી અને આજે તો શું? સહેજ પણ આમ તેમ થાય એટલે CMOમાંથી આદેશ છૂટે અને સામાન્ય વહીવટ વિભાગ મન ફાવે તેમ કરે. જો સરકાર એમ કહેતી હોય કે વીઆર નોન કરપ્ટ, વીઆર કલીન. તો પછી લોકાયુક્તને નિયુક્ત કરવામાં કેમ આપણી દાનત ચાલતી નથી? એક્ટ કલીયર છે. Governor shall appoint, in consultation with the Chief Justice of High Court and the Leader of Opposition. Government has norole to play. સરકારનો કોઈ પણ જાતનો રોલ લોકાયુક્તમાં નથી તેમ છતાં એ રોલ પ્લે કરવાની કોશીશ કરવાની. નામદાર હાઈકોર્ટના ચીફ જસ્ટીસ એક નામ મોકલી આપે, હું લોકાયુક્ત નિયુક્ત થાય માટે એક નામમાં આંધળી રીતે હા પાડું કે એક નામ આવ્યું છે આપી દો. High Court Chief Justice, and he is the best judge to decide who can be the Lokayukt? મારે મારા લાઈકીંગ ડીસલાઈકીંગ નથી મૂકવા અને એમ છતાં પણ લોકાયુક્ત નિયુક્ત ન થાય? શું આપણને એ પણ ખબર ન હોય કે આપણે લોકશાહીનું જનત કરવા માટે બેઠા છીએ? આપણે આમાં હિંમત બતાવવી જોઈએ અને લોકાયુક્તની તાત્કાલિક નિમણૂક કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ સામાન્ય વહીવટ વિભાગ GPSC અને ગૌણ સેવા પસંદગી મંડળની અંદરની નિયુક્તિઓ કરે છે. આ રાજયના હાથ પગને સિલેક્ટ કરવાનું કામ એ GPSC અને ગૌણ સેવા પસંદગી કરે છે. ક્યારેક અહીંયા હાથ મૂકીને જોજો તો ખરા કે એના નીતિમત્તા અને ધોરણો જળવાય છે ખરા? ગુજરાત સર્વિસ પબ્લિક કમિશનમાં બેઠેલા માણસને પછી ક્યાંય કામ ન આપી શકાય જોગવાઈ હોવા છતાં આપણે એને ક્યાંય રાખતા તો નથીને? આપણે આપણી વિચારધારા વાળા માણસને મૂકવા માટે ઉચ્ચતમ સ્થાન પર માટેની જે લાયકાતો છે એમાં કોમ્પ્રોમાઈસ તો નથી કરતાને એ જોવું નહીં પડે? માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીમંડળની જવાબદારઓ બહુ મોટી છે. એક એક પૈસો રાજ્યનો કેમ વપરાય એની ચિંતા મંત્રીમંડળે કરવાની છે. ભલું થજો આર.ટી.આઈ. એકટનું. મંત્રીમંડળમાં એક વેચાયેલી નોંધ મારા હાથમાં આવી છે. એ એવી છે કે, ટાટની નેનો કાર માટે આ સુવિધા આપવાની. એની મંત્રીમંડળમાં વેચાયેલી નોંધ છે.માનનીય અધ્યક્ષશ્રી, આઘાત લાગે એવી વાત છે. આ રાજયનો કોઈ પણ કારીગર માણસ એક લાખ રૂપિયાનું રોકાણ કરતો હોય તો એને મહત્તમ ફાયદો એક લાખ રૂપિયાનો જ મળે, એને કોઈ દિવસ ૩ લાખ ૩૦ હજારનો ફાયદો ના મળે. એમાં લખાયું છે કે, ૨૨૫૦ કરોડ રૂપિયાનું ફર્સ્ટ ફેઈઝમાં ઈન્વેસ્ટમેન્ટ, ૬૫૦ કરોડ રૂપિયા હું સિંગુરથી મારો પ્લાન્ટ ફેરવીશ એનો ખર્ચ લાગશે અને એની સામે એનો લાભ કેટલો આપવાનો? ૨૭૦૦ કરોડ રૂપિયાની સામે એને લોનના પેટે રકમ આપવાની ૯૫૭૦ કરોડ રૂપિયાની, એનું વ્યાજ કેટલું તો કહે કે ૦.૧ ટકા વ્યાજ, હપ્તો પહેલો ક્યારે ભરવાનો? ૨૦ વર્ષ પછી પહેલો હપ્તો ભરવાનો, અરે આપણે તો ગાય માતાની વાત કરીએ છીએ. ગાય માતા માટેની જે જગ્યા જ્યાં એનીમલ હસબન્ડરી યુનિવર્સિટી બનાવવાની હતી એ હૃદયસમાન જગ્યા એ ટાટાને ધરી દેવાની, મંત્રીમંડળમાં નોંધ આવી અને એજ મંત્રીમંડળની નોંધમાં લખ્યું છે કે ટાટાએ કહ્યું છે કે હું લાભો તો લઈશ, બીજા ઘણા લાભો છે એ નથી ગણાવતો, માનનીય અર્જુનભાઈએ વિગતો આપી હતી, આ બધાજ લાભો લઉં પણ ગુજરાતીઓને નોકરી આપવાની જે નીતિ છે તમારી એ મને મંજૂર નથી. આવી નોંધ મંત્રીમંડળમાં મૂકવાની હિંમત પણ કેમ થઈ શકે એ મને તો સવાલ થાય છે.

મહાત્મા મંદિરની આપણે વાત કરીએ છીએ. મહાત્મા ગાંધીજી તો થર્ડ ક્લાસના ડબ્બામાં ફરતાં હતાં, આપણે હવાઈજહાજથી હેઠો પગ મૂકી શકીએ છીએ ખરા? આપણે તો પ્રચારક સાદગીના પૂજારીના, ધર્મના, શિક્ષણના લક્ષણની વાત કરનારા અને કલાકો કલાકો આપણે ઉડીએ, કરોડો રૂપિયાનો ખર્ચ કરીએ, સવાલના જવાબમાં આપેલા આંકડાઓ તો જોજો, કરોડો રૂપિયા તો હવાઈ જહાજનો ખર્ચ થતો હોય જે રાજ્યના મુખ્યમંત્રી પાછળ, એનાથી વધારે તો શું અપેક્ષા રાખી શકાય? દિલ્હી જવાનું હોય, અત્યારે તો કેટલી બધી હવાઈ સેવાઓની સર્વિસ મળે છે સવારથી સાંજ સુધીના કેટલા પ્લેન મળે છે, એ વિમાન આપણને ફાવે નહિ. કારણકે આપણે તો પ્રજાના પ્રતિનિધિ છીએ કે કેમ? એ તો પ્રજા માટેનું પ્લેન છે હું તો ઉદ્યોગપતિના પ્લેનમાં જ હું દિલ્હી જઈ શકું, હું આ પ્રજાના પ્લેનમાં બેસી ના શકું.

મારે એ વાત પણ કરવી છે કે આ સામાન્ય વહીવટ વિભાગ છે મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓની જવાબદારી એ સામાન્ય વહીવટ વિભાગ અને મંત્રીમંડળ ઉપર છે આ પક્ષ કે પેલા પક્ષનો ધારાસભ્ય હોય એ આપને પત્ર લખે છે, એ પત્ર શેના માટે લખે છે? પ્રજાના પ્રશ્ન માટે લખે છે, આપ એને બે લિટિનું એકનોલેજમેન્ટ મોકલી દો એનાથી એનું કામ નથી પતી જતું, શું છે આપના પરિપત્રો? શું છે આપની વ્યવસ્થા?, મુખ્યમંત્રીશ્રી વતી

સામાન્ય વહીવટ વિભાગની પ્રશ્નોત્તરી માટે અને બીજી જવાબદારી હું સંભાળતો હતો, હું દર અઠવાડિયે વિભાગની મિટિંગ રાખતો હતો કે ધારાસભ્યોના કે વિરોધપક્ષના નેતાના, ધારાસભ્ય આ પક્ષનો હોય કે પેલા પક્ષનો હોય એના પત્રો આવ્યા હોય, એનો ફાઈનલ જવાબ સમયમર્યાદામાં એને મળવો જોઈએ કે આપે આ પત્ર લખ્યો હતો એની આખરી પરિસ્થિતિ આ છે. આજે તો કલેક્ટરો પણ કે સામાન્ય અધિકારી પણ ધારાસભ્યશ્રીને પણ એવી રીતે ગણે છે કે ધારાસભ્યશ્રીનો આવેલો પત્ર છે ને એનો જવાબ પણ ન આપીએ તો ચાલે એ સરકારની નિષ્ફળતા છે એમ હું માનું છું. ધારાસભ્યશ્રી અહીંયા બેઠો હોય કે ત્યાં બેઠો હોય એ પ્રજાનો પ્રતિનિધિ છે અને એના અવાજનો પડઘો જો સરકાર ન પડાવી શકતી હોય એ અધિકારીના કાન સુધી જો ધારાસભ્યશ્રીના પત્રનો અવાજ ન પહોંચતો હોય તો એ અધિકારીનો કાન આમળવાની જવાબદારી આ મંત્રીમંડળની છે. શું આપણે એ કરી શકીએ છીએ ખરા? આપના સ્થાન પર બેઠેલા માનનીય અધ્યક્ષશ્રીએ બહુજ સુંદર આદેશ આપ્યો હતો. પાના નંબર-૨૭૯, નિર્ણય ક્રમાંક:૪૧૧ કે સરકારી સમારંભો હોય એમાં ધારાસભ્ય આ પક્ષનો કે પેલા પક્ષનો ન જોવાય, એને જબરદસ્ત સરખું મહત્વ મળવું જોઈએ. એ કહેનાર આજ ખુરશી પર બેઠેલા માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. આજે શું થાય છે કે કોંગ્રેસનો ધારાસભ્ય છેને? હું પ્રજાના ખર્ચે જલસા કરાવું, કાર્ડ છપાવું એમાં ભા.જ.પ.ના હોદ્દેદારનું નામ હોય પણ કોંગ્રેસના ધારાસભ્યનું નામ ન હોય. મારો સવાલ એ છે કે અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણય પછી આ પ્રકારનું વલણ એ અધ્યક્ષશ્રીની ખુરશી અને આ વિધાનસભા ગૃહનું અવમાન નથી તો બીજું શું છે? કારણ કે અધ્યક્ષશ્રીએ કહ્યું છે આ ગૃહમાં અને તેમણે કહ્યું છે કે અધિકારીઓને પણ તાકીદ કરજો કે ધારાસભ્ય આ પક્ષનો હોય કે આ પક્ષનો હોય તેને એક સરખું ઉત્તમ મહત્ત્વ મળવું જોઈએ તે આદેશ માનનીય અધ્યક્ષનો હતો. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મુખ્યમંત્રીશ્રીએ એક ચાલુ કર્યુ વાંચે ગુજરાત. ગુજરાત તો વાંચતું જ આવ્યું છે. સૌરાષ્ટ્રની રસધાર હોય, સરસ્વતીચંદ્ર હોય, મહાભારત હોય, રામાયણ હોય, લોકકથા હોય કે નવલકથા હોય આમ ગુજરાતી તો હંમેશા વાંચતો આવ્યો છે અને આની શુદ્ધ રીતે જાણકારી મેળવતો રહ્યો છે. પરંતુ આ મંત્રી મંડળને વાંચે મંત્રી મંડળ એવો મુખ્યમંત્રીએ કાર્યક્રમ આપવો જોઈએ. એટલા માટે આપવો જોઈએ કે, મારી પાસે વિધાનસભામાં જે એકે એક અક્ષરશઃ રેકોર્ડિંગ થાય છે તે રેકોર્ડિંગ છે. ૧૧ માર્ચ, સવારે ૮.૩૦ કલાકે માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ બોલે છે, દેશના રાજકીય રીતે અને આઝાદીની લડતમાં જે મોટા નેતાઓ હતા તેમના જન્મ સ્થળોને જે.એન.યુ.આર.એમ.ની યોજનાના લાભ અંગે મહાત્મા ગાંધીજીના જન્મ સ્થળને આપ્યું. પણ તમે સરદાર વલ્લભભાઈને અન્યાય, ભૂલવાળી વાત ચાલે છે હજુ પણ કરમસદને મંજૂરી નથી મળી. કરમસદ તેમનું જન્મ સ્થળ નથી સાહેબ. સાહેબ, એટલી તો મંત્રીશ્રીને ખબર હોવી જોઈએ કે કરમસદ એમનું જન્મ સ્થળ નથી. નડિયાદ તેમના મામાને ત્યાં તે જન્મેલાં હતા.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### ખોટી માહિતી રેકર્ડ ઉપર આપવા અંગે

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખોટી વાત રેકર્ડ ઉપર ના જાય એટલા માટે કહું છું મેં એમ કહ્યું હતું કે કરમસદની અમે માગણી કરી છે. નડિયાદમાં સરદાર વલ્લભભાઈને જન્મ થયો અને નડિયાદ અને કરમસદ હજુ પણ રેકર્ડ મંગાવીને જોઈ શકવાની તેમને છૂટ છે. બીજું, બહું સારો વિષય એમણે કાઢ્યો છે (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, તે પોઈન્ટ ઓફ ઓર્ડરમાં ના હોઈ શકે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રેકર્ડ તપાસી, ચકાસણી કરીને આપ નિર્ણય આપો મારી વિનંતી છે. શકિતસિંહ કરતાં મારું જ્ઞાન વધારે છે તે બાબતમાં. માનનીય અધ્યક્ષશ્રી, .. ચકાસણી કરો (અંતરાય)મારું આખું પ્રવચન વાંચો. અમે કરમસદની માગણી કરી છે એમ કહ્યું છે પછી મેં એમ પણ કહ્યું છે કે, નડિયાદ અને કરમસદ જ્યાં સરદાર વલ્લભભાઈનો જન્મ થયો. આખું પ્રવચન વાંચો.

**અધ્યક્ષશ્રી** : માનનીય નીતિનભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તે હું રેકોર્ડ મંગાવીને જોઈ લઈશ અને ત્યાર પછી મારો નિર્ણય આપીશ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે રેકોર્ડ જોઈને પછી, મારી પાસે રેકોર્ડ હતું અને મેં તેમાંથી જ કહ્યું જન્મ સ્થળ ઉપર..

**અધ્યક્ષશ્રી** : તેના ઉપર ના ચર્ચો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું એમાં નથી પડતો હું બીજી વાત લાવીશ. આ નીતિનભાઈ છે તે મંત્રીશ્રી તરીકે જ્યારે જવાબો આપતાં હોય છે ત્યારે વારંવાર એમ કહે અહીં જીત્યા, તહીં જીત્યા, તમે હાર્યા, તમે હારી ગયા આવી વાતો કર્યા કરે છે. મંત્રીશ્રી બેસેને જ્યારે માણસ ..

**અધ્યક્ષશ્રી** : આપણે માગણી ઉપર આવી જઈએ.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મંત્રી મંડળ ઉપર ટીકા કરવાનો આજનો દિવસ જ છે. આજ મારો રાઈટ છે અને આજે નીતિનભાઈને હું ના ફટકારી શકું તો બીજો કોઈ દિવસ એવો ના મળે. આજે જ મંત્રી મંડળ છે અને એમણે હંમેશા આ પક્ષે અમને એટલા ડિસ્ટર્બ કર્યા છે કે હવે તેમના વિશે મારે કહ્યા વગર છૂટકો નથી. અધરવાઈઝ હું ના પડત. આ બીજા આટલા બધા મંત્રીઓ છે હું નથી પડતો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે જે વાત છે તે મંત્રી મંડળની કાર્યપદ્ધતિ માટેની વાત છે. (અંતરાય) સાંભળો, મંત્રી મંડળ શું બોલે છે,તે બોલ્યા છે તે વાજબી છે કે નહીં તે વાત છે. મંત્રી મંડળ પત્રોના જવાબ ના આપતાં હોય, ધારાસભ્યને સંતોષ ના આપતાં હોય, પબ્લિકને સંતોષ ના આપતાં હોય, મંત્રી મંડળ આ હાઉસની અંદર ક્યારે ક્યારે શું બોલ્યા તેની ટીકા કરવા માટેની વાત નથી. આજે આ વહીવટ વિભાગ છે અને વહીવટને લગતી વાત છે. સિદ્ધાંતને લગતી વાત નથી, વાણીને લગતી વાત નથી આવી વાત હાઉસમાં ના થાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ ઉપરની ચર્ચાની વાત લઈને આવ્યો છું એમાં આજે મારો જે અધિકાર છે એ પણ વિધાનસભાની પરંપરા જોઈ લેજો. આજનો દિવસ એ સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રીની વાણી, વર્તણૂક, ખર્ચ, એનું ઓડિટ કરવું એ વિધાનસભાગૃહનો આજનો દિવસ છે. જે પરિસ્થિતિ નિર્માણ થાય છે. હવા ચાલતી હોય છે અને આખરે પ્રજામાં આ છે. એક દેશના મુબારકને એક વખત ૯૦ ટકા કરતાં વધારે સીટો મળી હતી અને એ જ દેશની જનતાએ એમને પદભ્રષ્ટ કરવાનું કામ કર્યુ છે. આપણે જનતાને માથે માનીને ચાલવું પડે. હું એ કહું છું કે ઘણીવખત વેવ ચાલતું હોય છે અને જયારે પવનનો વંટોળ આવે ત્યારે તણખલાં પણ આસમાને પહોંચતાં હોય છે વંટોળ આવે ત્યારે. હું પણ આ વિધાનસભામાં અનેક વખત રહ્યો છું, છતાં હું પણ આ વિધાનસભામાં એક વખત ૨૦૦૨ ની ધારાસભાની ચૂંટણી હું પણ હાર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈ, પવન આપના પક્ષની તરફેણમાં હતો બધા જ જીતતા હતા ત્યારે અમારા બળદેવજી ઠાકોરે તમને પરાસ્ત કર્યા હતા. ચઢતા પવને પરાસ્ત કર્યા હતા. કયા મોંઢે તમે અમે હાર્યા અને જીત્યાની વાત કરો છો.આજે કડી નગરપાલિકામાં ફોર્મ પાછા ખેંચાવા પડે, અમારી ચૂંટણી થાય નહીં, પરંતુ કડી તાલુકા પંચાયતમાં કોંગ્રેસ વીજયી બનતી હોય અને તાલુકા પંચાયતમાં કોંગ્રેસના પ્રમુખ આ વાતાવરણની વચ્ચે પણ બેસતા હોય તો કયા મોંઢે અમને હાર્યા હાર્યા એવું કહો છો અને કૌરવો અને પાંડવોની લડતમાં તમામ પાસા કૌરવોના પોબાર પડતા હતા એ કૌરવોના પાસા પોબાર પડતા હતા એનો અર્થ એવો નહીં કે કૌરવો ધર્મના રસ્તે હતા, અધર્મના રસ્તે ચાલનારાઓના પાસા પોબાર પડે તો પણ પાણીપતનું આખરી યુધ્ધ આવે છે ત્યારે 'સત્યમેવ જયતે' એ કૌરવોના કુળનો નાશ પણ આ જ વાતની પ્રતિતી કરાવે છે.

માનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત માત્ર એક મુદ્દો કહીને પૂરી કરીશ. મને વચ્ચે ડિસ્ટર્બ કર્યો એમાં મારો સમય ગયો. ખેર, ગયો તો ગયો. હું એક છેલ્લી વાત કરીને પૂરું કરીશ કે આ વિધાનસભા ગૃહ ચૂંટણી માટે લાખો રૂપિયા રાજય ચૂંટણી પંચને આપીએ છીએ. કેન્દ્રીય ચૂંટણી પંચ સામે સહેજ આક્ષેપ કર્યો તો કેટલાક રાજકીય પક્ષોને કેન્દ્રીય ચૂંટણી પંચે બોલાવીને ઈ.વી.એમ. મશીનો આપી દીધા કે જોઈ લો. કોઈ ટેકનીકલ એકસપર્ટને બોલાવીને એને આ બતાવીને આપ આપની શંકા કુશંકાઓ દૂર કરો. અહીંના રાજય સરકારના ચૂંટણી પંચની ટીકા થઈ શકે છે અને સો ટકા થઈ શકે છે. ભૂતકાળના નિર્ણયો છે અને ભૂતકાળની ચર્ચા છે. ..(અંતરાય) માગણીઓ ઉપરની ચર્ચા છે આ ગૃહમાં(અંતરાય)

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### રાજય ચૂંટણીપંચની ટીકા કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ (અંતરાય) હું ચૂંટણી પંચની તેમણેજે ટીકા કરી એના સંદર્ભમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, સાથે આપ આ રીતે વાત નહીં કરી શકો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર, માનનીય પ્રદિપસિંહ આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર શું છે?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : મારો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો એ છે કે ચૂંટણી પંચ જેવી બંધારણીય રીતે સ્વાયત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતી બાબતની ચર્ચા આ સભાગૃહમાં ઉપસ્થિત કરવા માટેની બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીના ૨૦૦૩ થી ૨૦૦૭ માં લીધેલા નિર્ણયોના પાના નંબર ૪ ના નિર્ણય નંબર ૩ માં બહુ સ્પષ્ટ લખ્યું છે કે, " આ ચૂંટણી પંચ એક સ્વાયત સંસ્થા છે. ચૂંટણી પંચના સંદર્ભમાં (અંતરાય) અરે, મને મારી વાત તો શકિતસિંહજી, પૂરી કરવા દો. આપે કોઈ રજૂઆત કરવી હોય તો આ સભાગૃહમાં એની વાત ના કરી શકો. હું આ આખો લાંબો નિર્ણય છે એ નિર્ણયના સંદર્ભમાં (અંતરાય) હું લાંબી વાત કરવા માગતો નથી, પરંતુ આ ચૂંટણી પંચની સમગ્ર પ્રક્રિયાનું સંચાલન ચૂંટણી પંચ કરતું હોય છે. રાજય સરકારની એની અંદર કોઈ દરમ્યાનગીરી નથી અને બંધારણીય રીતે કેન્દ્રના ચૂંટણી પંચ અને રાજયના ચૂંટણીપંચના અલગ નિયમો છે અને આ નિયમોના આધાર ઉપર રાજયનું ચૂંટણી પંચ સમગ્રતયા: સંચાલન કરે છે. એટલા માટે તેમની પાસે કેન્દ્રમાં શું થયું અને રાજયમાં શું થયું એવો મુદ્દો સુસંગત કરીને આજની ચર્ચામાં એનો સમાવેશ નહીં કરી શકાય.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, આપને કંઈ કહેવું છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : સવાલ બહુ જ કલીયર છે, અને ભૂતકાળમાં નકકી થયેલું છે અમસ્તી ટીકા ન થાય પણ જયારે માગણી પરની ચર્ચા પર જયારે વસ્તુ આવે ત્યારે જે ખર્ચ (અંતરાય) ને આ વિધાનસભા ગૃહ મતદાન પર લઈને નકકી કરતી હોય એની માંગણીની ચર્ચા દરમિયાન ચોકકસ થઈ શકે, અધરવાઈઝની ચર્ચાઓમાં

યસ, પણ આજે આ મતપાત્ર છે, જે મતપાત્ર નથી, મત પાત્ર વિધાનસભા સચિવાલય નથી, મતપાત્ર ગવર્નર હાઉસ નથી, મતપાત્ર વિરોધપક્ષના નેતા નથી, મતપાત્ર જે વસ્તુઓ નથી એની ટીકા ન થઈ શકે, જે મતપાત્ર માગણી આવે ત્યારે માગણીનો દિવસ એક જ એવો દિવસ હોય છે કે જયારે અમે માગણી મંજૂર કરીએ ત્યારે સંપૂર્ણ ટીકા થઈ શકે અને આજે મારો રાઈટસ છે, મારો અધિકાર એકસરસાઈઝ કરું છું અને તેમાં આ બિલકૂલ મેં બધી જ તપાસ કરી ચર્ચા કરી અને એ પછી હું આ વાત ઉઠાવું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે એ આજની કામકાજની યાદી માગણી નંબર ૩૧ ચૂંટણીને લગતી છે, એમાં સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ કે તથા (ઝેડ-એ) મુજબ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીને લગતી દેખરેખ, નિરિક્ષણ અને નિયંત્રણને લગતી ફરજો, રાજય ચૂંટણી પંચને સુપરત થયેલી છે તેથી માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે તેઓ આજની ચર્ચામાં પોતાનું વકતવ્ય મર્યાદામાં કરે, અને ચૂંટણી પંચના અધિકારીઓ કે તેની સ્વાયતતામાં આવતી બાબતોની ટીકા ટીપ્પણીથી આપણે દૂર રહીએ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું રાજય ચૂંટણી પંચની જ વાત કરું છું. મેં તો એ દાખલો આપ્યો કે ત્યાં સંતોષ આપી શકે, અહીંનું રાજય ચૂંટણીપંચ કેમ ન આપી શકે? અહીંનું રાજય ચૂંટણી પંચ છે ને એનું કામ હોય છે નિર્ભય તટસ્થ રીતે રાજયની ચૂંટણીઓ કરવાનું, એ *(xxxx) (xxxx)નિયમોમાં જોગવાઈ છે સ્પષ્ટ જોગવાઈ છે, રાજય ચૂંટણી પંચના કાયદાથી જોગવાઈ, કે રીટર્નીંગ ઓફિસર નકકી કરતો હોય તેમાં ખલેલ ન કરી શકાય, અહીંનું રાજય ચૂંટણી પંચ બધા કલેકટરોને ફેકસ કરે કે જે રીટર્નીંગ ઓફિસર જે ચૂંટણી અધિકારી નિર્ણય કરવાનો છે એ નિર્ણય પણ (અંતરાય) આ તો થઈ જ શકે સાહેબ, ધીસ ઈઝ માય રાઈટસ, રાજય ચૂંટણી પંચની ટીકાનો મારો અધિકાર છે, હું આપને એક એક દાખલો બતાવીશ, હું આપને રીશેષમાં આપ કહેશો ત્યારે ભૂતકાળમાં થયેલી ટીકાઓના દાખલાઓ, ચર્ચાઓ રજૂ કરીશ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, શકિતસિંહભાઈ આપે વાત પૂરી કરી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: હા, હું મારી વાત જ પૂરી કરું છું પણ આ વચ્ચે ઉભા ન થાય તો ને, એ જવા દો, જુની ચર્ચાઓ વાંચવા જતા હોત ને આ સંસદીય મંત્રીશ્રીઓ, એટલે જ હું કહેતો હતો કે વાંચે ગુજરાત નહીં વાંચે મંત્રી મંડળ કરો તો આ પરિસ્થિતિ નહીં થાય, તમે વાંચો, માનનીય અધ્યક્ષશ્રી, તેઓ જુની ચર્ચાઓ વાંચી લે,

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, શકિતસિંહભાઈ આપ પણ બેસી જાઓ, હવે ચર્ચા પૂરી કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : હું મારી વાત બે મિનિટમાં પૂરી કરું છું. એટલા માટે હું કહું છું કે જુની ચર્ચાઓ જોઈ હોય તો આ પક્ષ જયારે અહીંયા બેસતો હતો ત્યારે રાજય ચૂંટણી પંચ પર કેવા માછલા ધોયા છે તેની ચર્ચાઓ પુસ્તકમાં મોજુદ છે હું આપને પણ પહોંચાડીશ, અને મારો રાઈટ છે મારો અધિકાર છે જેના ઉપર હું આજે બોલી રહયો છું. અને એ જ વાત કરીને કે રાજય ચુંટણી પંચ તટસ્થ રીતે ચુંટણીઓ કરાવવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયું છે ત્યારે આટલો મોટો ખર્ચ તેને મંજૂર ન કરી શકાય.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સમાન્ય વહીવટ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારી વાત મુકું છું. ટોટલી જે માગણીઓ છે સામાન્ય વહીવટ વિભાગની જેમાં ૯૩૮.૪૮ કરોડની અને બીજી ૧૩૪.૪૬ કરોડની એમ કુલ માગણીઓ ૧૦૭૨.૯૪ કરોડની માગણીઓ છે. એમાં હું મારું સમર્થન આપું છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સાચી જ વાત કહી કે, સામાન્ય વહીવટ વિભાગ એ એક હૃદય સમાન વિભાગ છે, અને ધબકતો વધુ હોય તો બાકીના બધા વિભાગો છે તે પણ સહજ રીતે ધબકતા દેખાય અને નવું બળ મળતું હોય છે. ગુજરાતમાં આ સરકારે, સામાન્ય વહીવટી વિભાગે જે નિર્ણયો કર્યા,જેની કાર્ય પદ્ધતિ નવી ઊભી કરી જેના કારણે આખા દેશમાં ખૂબ સારા પરિણામો મળી રહ્યા છે. એક ૨૦ મુદાનો રાષ્ટ્રીય કાર્યક્રમ છે જેમાં છેલ્લે ૨૦૧૦-૧૧ જુલાઇ અંતિત માસિક પ્રગતિ અહેવાલ આવ્યો એનું પરિણામ એ આવ્યું કે સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત નંબર એક ઉપર છે અને આ ભારત સરકારે કહ્યું છે.

સૌથી અગત્યનું કામ જે સામાન્ય વહીવટ વિભાગે કર્યુ છે તે એ છે માનવ વિકાસ સૂચક આંકની વૃદ્ધિ અનુલક્ષીને ૧૬ જેટલા અભ્યાસો હાથ ધરીને સાત જેટલા અહેવાલો તૈયાર કર્યા છે, એ સાતે અહેવાલો પૂરા થયા છે એમાંથી પરિણામ શું આવશે? હું મારા મત વિસ્તારમાં ધારાસભ્ય તરીકે ચૂંટાઈને આવ્યો, મારા વિસ્તારનું ભરડવા ગામ હોય, રણોસર હોય, મેતપુરા હોય કે કોરટીયું હોય પરંતુ ૪૦ વર્ષના અંતે પીવાના પાણી માટે મારી બહેનોને બે-બે-ચાર ચાર કિલોમીટર સુધી વલખા મારવા પડતા હતા ત્યાં સુધી જવું પડતું હતું. પીવાનું પાણી નહોતું મળતું. હિમોગ્લોબિનનું પ્રમાણ જોઈએ તો સામાન્ય માણસનું હોય એના કરતાં અડધુ પ્રમાણ હિમોગ્લોબિનનું એ વ્યકિતના શરીરની અંદર હતું જેના કારણે સામાન્ય બિમારી આવે તો પણ માણસનું મૃત્યું થાય એ સ્થિતિ હતી.

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

સામાન્ય વહીવટ વિભાગે બધા વિભાગોનું સંકલન કરીને નવું ડેવલપમેન્ટ કર્યુ છે. પોતે કરેલી પ્રગતિ એનું મોનેટરીંગ થઈ શકે અને આપણે જે કોઈ રાજય વહીવટ કરે એ પ્રમાણે નહિ પરંતુ હિન્દુસ્તાનમાં સૌથી સારો વહીવટ કરે એટલું જ નહિ પરંતુ દુનિયામાં ગુજરાત અગ્ર હરોળનું રાજય બને પ્રગતિની દિશાની અંદર અને સામાન્ય માનવીની સુખાકારી માટે એ પ્રકારનું કામ સામાન્ય વહીવટ વિભાગના મોનેટરીંગની અંદર થઈ રહ્યું છે એના માટે અભિનંદન આપું છું.

એક આપણે સ્ટડી સૅન્ટર ગુજરાત સરકારે ઊભું કર્યુ છે જેનું પરિણામ ખૂબ સારી રીતે આવી રહ્યું છે. ૧૯૯૨ પછી એની સ્થાપના થઈ અને અત્યાર સુધીમાં એ સ્ટડી સૅન્ટરમાંથી ૨૦૧૦ સુધીમાં ૬૬ જેટલા વિદ્યાર્થીઓ જુદી જુદી કૅડરમાં નિમણૂક પામ્યા છે,

ગુજરાતની આ ધરતીની વાત કરું છું. આ સામાન્ય વહીવટ વિભાગના માધ્યમથી ટ્રેનિંગ માટેનો નવો કાર્યક્રમ ચાલુ થયો છે. એક વખત ભણ્યા, તૈયાર થયા, નોકરીની અંદર અને માત્ર રીફરેશ કોર્ષ થાય એટલું નહિ પરંતુ અંદર રહેલી સંવેદના જાગે અને જેના આધારે આમ સામાન્ય માણસને મદદરૂપ કરી શકાય તે માટેનું તાલીમના માધ્યમથી રાજય સરકારે કર્મયોગી સાચા અર્થમાં કર્મચારી બને અને પ્રજા કલ્યાણનું કામ થાય એ માટેનું ખૂબ સારું કામ આ સરકાર કરી રહી છે.

સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે પણ આ સભાગૃહની અંદર સૌ સભ્યશ્રીઓએ આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય પરંતુ સૌએ સાથે મળીને અહીંયા સોગંદ લીધા હતા કે ગુજરાતની પ્રગતિ માટે સૌ સાથે મળીને એક બનીને ગુજરાતના ભલા માટે આ વર્ષને ઉજવવા માટે અમે એક બનીશું. આ સોગંદ માત્ર ગણતરીના દિવસોની અંદર જ વિરોધપક્ષના કેટલાક મિત્રો ભૂલી ગયા, ભૂલવા પાછળનું કારણ શું હશે એની અંદર મારે નથી જવું પરંતુ ક્યાંક શહીદોને શ્રદ્ધાંજલિ આપવા જતા હતા અને ત્યારે કોઈ એક ભવનની અંદરથી એ શહીદો ઉપર ગોળીબાર કર્યો હતો અને એ વાત કયાંય પ્રજાના મનમાં યાદ ન આવે એ કારણ તો નથી ને? આ પ્રજાના મનમાં આ વાત પણ આવે છે.

જ્યારે વિષય આવતો હોય છે ત્યારે ચૂંટણી જતી જઈએ તો અમે જીતી ગયા અને હારી ગયા તો કોણે ઈ.વી.એમ મશીને ગોટાળો કર્યો ચૂંટણી પંચે આમ કર્યુ, કંઈક તો બાનુ જોઈએ. પહેલા આપણે હારીએ છીએ એ પ્રજાએ કરેલો નિર્ણય છે પ્રજાનો નિર્ણય તો સ્વીકારો? ઈ.વી.એમ. મશીનમાં ગોટાળો નથી, ગોટાળો આપણી નીતિમાં તો નથી ને જેના કારણે પ્રજા આ પ્રકારનો નિર્ણય નથી કરતીને? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં શાંતિમય રીતે ચૂંટણીઓ પૂર્ણ થાય તે માટેનું ચૂંટણી પંચ કામ કરતું રહ્યું છે. આપણે એ દિવસો પણ જોયા છે. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની ચૂંટણી હોય અને કેટલાય તોફાનો થઈ ગયા હોય, કેટલાય મર્ડર થાય ત્યાં સુધીની સ્થિતિ હતી. આ ગુજરાતના ચૂંટણી પંચને પણ હું ધારાસભ્ય તરીકે અભિનંદન આપીશ કે શાંતિમય અને તટસ્થ રીતે કામ કરવા માટેનું કાર્ય કરી રહ્યું છે. કોઈકની રીસ કોઈકના ઉપર ઉતારવા માટે આ નીતિ હોય છે. આત્મમંથન કરવાનો સમય છે અને જો આત્મમંથન કરીએ તો ભવિષ્યમાં ૧૦-૨૦ વર્ષે પ્રજા વિચારી શકે, બાકી ગુજરાતની પ્રજા તેને તેનું સુષુપ્ત મન હોય છે. સુષુપ્ત મને ગુજરાતની પ્રજાએ નિર્ણય કર્યો છે, કેવા લોકો વહીવટમાં હોય, કયાં ગુજરાતનું ભલું થાય તે સારી રીતે જાણે છે. મંત્રી મંડળની વાત કરવામાં આવે છે. માત્ર કેટલાક લોકોને સાચવવા માટે કરીને જંબો મંત્રી મંડળો આપણે જોયા છે. ખર્ચ કોના ઉપર આવતો? છેવટે તો ગુજરાતની પ્રજા ઉપર આવતો. આ એક મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું મંત્રીમંડળ છે કે જેમણે સપ્રમાણ, આખા દેશમાં એક દિશા આપી શકે.

**સભાપતિ ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષસ્થાને**

એ પ્રમાણેના મંત્રીમંડળની રચના કરીને ખર્ચની બાબતમાં કરકસર હોય, વહીવટમાં પારદર્શકતા હોય, નહીંતર તો મંત્રી મંડળમાં મંત્રીમંડળના વડા એમ કહે કે આ મંત્રી મારું માનતો નથી અને હું મજબૂર છું. અહીંયા આવું કંઈ કહેવું પડે એવી સ્થિતિ કયાંય નથી. મંત્રીમંડળના વડા તો મજબૂત જોઈએ અને એવી વાત કરે કે આણે આટલો ગોટાળો કરી નાખ્યો. મેં તો એમને કહ્યું હતું કે તમે આ ટુ-જી અને થ્રી-જી એમાં આવું ન કરો. સલાહ પણ આપી હતી પરંતુ મારો મંત્રી આવું માન્યો નહીં. મારે આ બાબતમાં એટલા માટે નથી જવું કે આ વિષય પ્રજા જોતી હોય છે. પ્રજા પોતે નિર્ણય કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે આ રાજય સરકારે ૫૦ મુદ્દા નક્કી કર્યા છે. અલગ-અલગ વિભાગોમાં આપણે પોતે આ ૫૦ વર્ષ પૂર્ણ થાય છે તો પ્રજા કલ્યાણ માટેના સૌથી શ્રેષ્ઠ લક્ષ્યાંકો રાખીને આ લક્ષ્યાંકો પૂર્ણ કરવા માટે પોત પોતાના વિભાગો પોતે તૈયાર કરે. સતત મહેનત, મથામણ, મંથનના અંતે અમે આ વર્ષ નિમિત્તે પ્રજા કલ્યાણ માટે, ગુજરાતની પ્રગતિ માટે, ગુજરાતને શ્રેષ્ઠ સ્થાન સુધી પહોંચાડવા માટે આટલા-આટલા કામો અમે કરીશું. એ માટે ૫૦ મુદ્દા લીધા છે અને જેનું મોનીટરીંગ સ્વર્ણિમ સિદ્ધિ નિયત કરવા માટે સામાન્ય વહીવટ વિભાગે એન.આઈ.સી. દ્વારા એક સોફટવેર ડેવલપ કર્યુ છે, જેમાં આ ડેટા અંદર નાખીને જે તે વિભાગ કેટલી પ્રગતિ કરે છે તેનું સતત મોનીટરીંગ થાય તે પ્રમાણેનું કામ સામાન્ય વહીવટ વિભાગના માધ્યમથી થઈ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક કામ છે. ગુજરાતની બહાર વસતા ગુજરાતીઓ માટે ગુજરાત સરકારે એક એડ્રેસ સાથેની બુક બનાવી છે. બીજી એક વેબસાઈટ પણ બનાવી છે. ઈ-મેઈલ એડ્રેસ પણ રાખ્યું છે. પોતાને લાગે કે ગુજરાતની કંઈક સિદ્ધિ મારે જાણવી છે. ગુજરાત માટે મારે કંઈક કરવું છે અથવા તો જ્યાં રહેતા હોય ત્યાં તેમને ઉપયોગી થવા માટે ગુજરાત સરકારે એન.આર.જી. વિભાગના માધ્યમથી બિન-નિવાસી ગુજરાતીઓ માટે પણ ખૂબ સારામાં સારું કામ આ વિભાગ કરી રહ્યો છે. પરિણામ શું આવે છે, મુશ્કેલી કયાં આવે છે? કેટલાક બહાર બેઠેલા લોકો હોય અને એ કોઈકનો ફોટો આવે તો સહજ રીતે ટી.વી. ચાલુ કરે અને કેટલાક લોકોનો ફોટો આવે અને ટી.વી. બંધ કરી દે. તો કોઈકનો સારો ફોટો હોય અથવા તો એમને લાગતું હોય કે આ વ્યકિત પ્રજા કલ્યાણનું કામ કરે છે તો ગમે, ટી.વી. ચાલુ કરે. મેગેઝીન જૂએ, પરંતુ પ્રજા માત્ર ફોટા નથી જોતી હોતી. પ્રજા કામ જોતી હોય છે. એમણે ૪૦ વર્ષના કામો પણ જોયા છે અને છેલ્લા ૧૦-૧૫ વર્ષના કામો પણ ગુજરાતની પ્રજાએ જોયા છે જેના કારણે પ્રજાના હૃદયમાં જે લોકો આવી ગયા છે એને દૂર નહીં કરી શકાય અને ભૂલથી પણ એવી ચેષ્ટા કયાંય ન કરીએ કે કોઈ બૅનર ઉતારવા માટેના પ્રયત્નો કરે. કોઈ જગ્યાએ એવું કહીએ કે આ ફોટો આવે છે, તો એ ફોટો ન આવે એટલા માટે આમ કરીએ. પરંતુ પ્રજાના હૃદયમાં જે ફોટો અંકિત થઈ ગયો હશે તેને ઈર્ષા કરીને પણ દૂર નહીં કરી શકાય. એને ઈર્ષા કરીને પણ દૂર નહીં કરી શકાય. સામાન્ય વહીવટ વિભાગની આ જે માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે એનું હું મારું પૂરેપૂરું સમર્થન કરું છું અને સાથોસાથ ગુજરાત હજુ પણ વધુ આગળ વધે એનું પ્રતિબિંબ પડે છે. એનાથી એમની કાર્યપદ્ધતિમાં નવો વિશ્વાસ પ્રતિપાદિત થાય છે.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૮૯ રૂ.૮૬,૮૨,૯૩,૦૦૦/- મુખ્ય સદર ૫ર હેઠળની લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા અને તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું. આજના જમાનામાં ત્વરિત કામ થાય એ બાબતને ધ્યાનમાં રાખીને સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી વિભાગ માટે રૂ.૨૦૦/- કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજય સરકાર આ બાબતમાં કેટલી જાગૃત છે એ આપને જણાવવા માગું છું. સને ૨૦૧૦-૨૦૧૧ માં કુલ રૂ.૪૫,૦૯,૭૫,૦૦૦/-ની માગણી હતી. ચાલુ નવી માગણી ૨૦૧૧-૨૦૧૨માં રૂ.૮૫,૩૧,૯૮,૦૦૦/- અને રૂ.૧,૭૫,૯૬,૦૦૦/- મળીને કુલ ૮૬,૮૨,૯૩,૦૦૦/-ની માગણી થતાં કુલ રૂ.૪૧,૭૩,૦૦,૦૦૦/- વધારે લઈને આવ્યા છે. આમ કુલ ૪૮ ટકાનો વધારો બતાવે છે. હું આ સન્માનનીય ગૃહને પુરાતત્ત્વ તરફ લઈ જવા માગું છું. ગણેશજી એ માનવ શરીર ધરાવતા હતા. પરંતુ શિરચ્છેદ કરવાથી તેમના મોંઢા ઉપર હાથીનું મોંલ લગાડવામાં આવ્યું. આ સાયન્સની વાત છે. દધીચિ ઋષિએ હાડકાંમાંથી હથિયાર બનાવે એ વિજ્ઞાનની વાત છે. જૂના જમાનામાં માહિતી અને પ્રસારણ માટે દૂત મોકલતા હતા, કબૂતરો મોકલતા હતા. ત્યારબાદ ધીમે ધીમે ટૅલિગ્રાફ, ટૅલિફોન જેવી સુવિધાઓ સાથે આઈટી આવી ગયું છે. આ આઈટી સૅકટરની જે જવાબદારીઓ છે એ ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી, બાયો ટૅક્નૉલૉજી જીયોસ્પેસ ટૅક્નૉલૉજી, સીસ્મોલોજીકલ રીસર્ચ જેવી અદ્યતન ટૅક્નૉલૉજી આ વિભાગ નીચે કામ કરી રહી છે. ગુજરાત વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૧માં જે એમ.ઓ.યુ. થયા છે તેની જાણકારી આપવા માટે હું રજા લઉં છું. આઈ.ટી. ક્ષેત્રે કુલ રૂ.૫૬૫૩૭.૭૫ કરોડના એમ.ઓ.યુ. આ વાઈબ્રન્ટ સમિટમાં થયા છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી ક્ષેત્રે આવતા દિવસોમાં કયા પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થવાની છે, માનવીની બુદ્ધિનો વિકાસ આઈટીના ક્ષેત્રે કેટલો વધી રહ્યો છે એ આપણે જોઈ રહ્યા છીએ. આપણે જોતા હતા કે, જ્યારે પહેલી વખત ટીવી શોધાયું ત્યારે એક મોટા રૂમ જેટલું ટીવી હતું. આજે ટીવી નાનું થતું ગયું, નાનું થતું ગયું. હવે ટીવી વીંટીમાં પણ આવતું થઈ ગયું છે. મુળ કહેવાનો આશય એટલો છે કે, આઈટી ક્ષેત્રની જે જરૂરિયાત ઊભી થઈ છે તેના એમ.ઓ.યુ. થયા છે અને આવતા દિવસોમાં કુલ ૨,૪૮,૩૩૫ની રોજગારી આપણા ગુજરાતને મળનારી છે. એટલું જ નહીં બાયો ટૅક્નૉલૉજી ક્ષેત્રે રૂ.૫૮૨૬.૦૪ કરોડના એમ.ઓ.યુ. થવા છે અને તેમાંથી પણ ૧૧૩૪૪ની રોજગારી ઉત્પન્ન થવાની છે.રાજય સરકાર ઈન્ફર્મેશન ટેકનોલોલજીની બાબતમાં એટલી સક્રિય અને આગળ વધી રહી છે કે રાજયની જિલ્લા અને તાલુકા કક્ષાઓની કચેરીઓનું, ૩૫૦૦ કચેરીઓનું નેટવર્કથી જોડાણ થયું છે. આ જોડાણ પછી તે બી.એસ.એલ.એલ. મારફત હોય કે રીલાયન્સ મારફત હોય પણ આ જોડાણોની સેવાઓ સુવ્યવસ્થિત, સીકયોર્ડ અને અસ્ખલિત સ્વરુપે ઉપલબ્ધિ માટે આ બધી સેવાઓ જે આપી રહી છે એ અસ્ખલિત રીતે બિલકુલ વ્યવસ્થિત રીતે ચાલતી રહે, તે માટે ગાંધીનગર ખાતે સર્વરફાર્મની પણ સ્થાપના કરી છે. સરકારી માહિતી અને આકડાઓ લાંબા સમય સુધી ટકી રહે, સલામત રીતે સચવાઈ રહે તે માટે ગાંધીનગર ખાતે એક ડેટા સેન્ટરની પણ સ્થાપના કરવામાં આવી છે. આ જીસ્વાનના વધારાના લોડને સંતુલિત કરવા , ડેટા સાચવવાની સ્થાનિક ધોરણે પણ જરુરિયાત ઉભી થઈ છે અને તેની ઉપલબ્ધિ માટે મીની ડેટા સેન્ટર રાજકોટ, મહેસાણા, અને વડોદરા સ્થાપવામાં આવ્યું છે જે કાર્યરત છે અને સુરતમાં તે પ્રગતિ હેઠળ છે. સચિવાલય ઈન્ટીગ્રેટેડ કોમ્યુનિકેશન નેટવર્ક રુ. ૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે એટલું જ નહીં પરંતુ આ EPABX દ્વારા વોઈસ, વીડીયો અને ડેટા ટ્રાન્સફરની સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. આ સાયન્સ અને ટેકનોલોજી વિભાગના નિયંત્રણ હેઠળ કુલ ૬ સંસ્થાઓ કામ કરી રહી છે, એક ગુજરાત ઈન્ફર્મેટિક લીમીટેડ, ( GIL)ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ યુનિવર્સિટી ધેટ ઈઝ (GCSC). ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગુજકોસ્ટ, ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટયુટ ઓફ સ્પેસ એપ્લીકેશન એન્ડ જીયો ઈન્ફોર્મેટીકસ, એટલે બાયસેક Gujarat State Technology

Mission, GSTCM. and Institute of Seismological Research, i.e. ISR. આ GIL દ્વારા સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. Not only that નાગરિકોની સુવિધાઓ, સરકારી કચેરીઓ ૧૦-૩૦ વાગ્યાથી સાંજના ૬-૧૦ સુધી ચાલુ હોય, પરંતુ નાગરિક અને રાજય સરકાર વચ્ચે એક સંપર્ક બની રહે તેના માટે સીટીઝન સેન્ટ્રીક કોલ સેન્ટર પણ ઉભા કરવામાં આવ્યા છે જેથી તેઓ રાજય સરકાર સાથે કોઈપણ સમયે જીવંત સંપર્કમાં રહી શકે છે. બાયોટેકનીક દ્વારા માનવ સંશાધન વિકાસ અંતર્ગત જીલેટીક ડાયગ્નોસીક ટ્રેનીંગ થયું છે. એટલું જ નહીં આગામી વર્ષમાં સ્ટેમ સેલમાં તાલીમનો કાર્યક્રમ પણ રાખવામાં આવનાર છે. ગુજકોસ દ્વારા સાયન્સ અને ટેકનોલોજીના ઉપયોગથી રાજયમાં સામાજિક અને આર્થિક વિકાસને ઉત્તેજન, બાયસેક દ્વારા પણ એમ.ઈ., એમ.ટેક અને એમ.સી.એ.ના વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવે છે એ આજે સ્વનિર્ભરને આરે છે. ISR એટલે Seismological Research ચાલે છે, ભચાઉ ખાતે કચ્છમાં લાસ્ટ ટાઈમ ભૂકંપ થયો આ ભૂકંપના આધાર પર આપણે એની સ્થાપના કરવામાં આવી. સ્થાપના થયા બાદ આજે OSL Geotechnical, કેવીટી, મેગ્નેટીક આ બધી લેબોરેટરીઓ કામ કરી રહી છે. ભૂકંપના સંશોધન માટે Earthquake Research Centre બનાવવામાં આવ્યું છે અને સુવિધા ઉપલબ્ધ થવાથી ભૂકંપના ખતરાની પૂર્વ ચેતવણી, પૂલો, મકાનો બંધો અને પાવર હાઉસ જેવા વિવિધ માળખાની ડિઝાઈન તૈયાર કરવામાં ઉપયોગી બને છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સમક્ષ ચૂંટણીઓ, સામાન્ય વહીવટ, માહિતી અને પ્રસારણ અને વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગની માગણીઓ મૂકવામાં આવી છે ત્યારે આ સંદર્ભમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરભાઈ હમણાં બોલી રહ્યા હતા કે પ્રધાનમંડળનું કદ આ રાજ્યમાં ઓછું રાખવામાં આવ્યું, નાનું રાખવામાં આવ્યું એટલે કરકસર થાય અને લોકોના પૈસાનો બચાવ થઈ શકે. આ રાજ્યના મંત્રીમંડળનું કદ કાયદાની રીતે વધુમાં વધુ જેટલું રાખી શકાય એટલું તો રાખવામાં આવ્યું જ છે. એમાં નાનું રાખવામાં આવ્યું નથી. પરંતુ આ કદ જાણે કે પૂરતું ન હોય એટલે સંખ્યાબંધ પાર્લામેન્ટરી સેક્રેટરીની પણ નિમણૂંક કરવામાં આવી છે. આથી પૂરતું ન હોય એમ ૯૫ દંડકોને પણ આપણે રાજ્યકક્ષાના મંત્રીનો હોદ્દો આપી દીધો છે. એટલે બહુ કરકસરની વાત મારી સામી પાટલીએ બેઠેલા સભ્યો જ્યારે કરે, રોજ પ્રાઈવેટ વિમાનમાં ઊડનારા લોકો જો કરકસરની વાતો કરે તો એ બહુ ગળે ઊતરી શકે એવી વાત નથી. આટલું હું માનનીય શંકરભાઈના ધ્યાન ઉપર મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની જ્યારે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે સવાલ એ ઊભો થાય છે કે આ વિભાગનું નામ માહિતી અને પ્રસારણ વિભાગ રાખવું કે મુખ્યમંત્રી પ્રચાર વિભાગ એવું નામ રાખવું? કારણ કે જે રીતે આ વિભાગ દ્વારા કામ કરાવવામાં આવી રહ્યું છે, જે રીતે માત્રને માત્ર એક વ્યક્તિની પ્રસિદ્ધિ એ જ લક્ષ હોય એ રીતે આગળ વધારવામાં આવી રહ્યું છે એ જોતાં તો આ વિભાગનું નામ બદલો અથવા તો એનો એક નવો વિભાગ રાખો તો કમસે કમ માહિતી અને પ્રસારણ વિભાગ પોતાનું કામ તો કરી શકે. પ્રસિદ્ધિ, સ્વ પ્રસિદ્ધિ અને પ્રચારની ઘેલછા કેટલે ઊંડે સુધી પહોંચી છે એનો આ એક દાખલો છે. ગુજરાતીનું પેપર હમણાં પુછાયું એના બીજા ભાગમાં ગુજરાતીના પેપરમાં શું સવાલ પૂછવામાં આવ્યો? આ ઘેલછા આપણે ક્યાં સુધી પહોંચાડી છે એ તમે સમજો અને એના લાંબા ગાળાના રેપરક્યુશન શું આવવાના એનો વિચાર કરો. પરીક્ષામાં પ્રશ્ન પુછાય છે, વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત તમારી શાળામાં શું પ્રવૃત્તિઓ કરવામાં આવી? આ શું ગુજરાતી વિષયનો સવાલ છે? બીજો સવાલ પુછાયો કે નિર્મળ ગુજરાત પર આધારિત શાળામાં યોજાયેલ સ્વચ્છતા અભિયાન ઉપર નિબંધ લખો. આ ગુજરાતીનો સવાલ છે? આ ગુજરાતીની ચોપડીના પ્રશ્નો છે? મને કાલે એક નહિ અનેક વિદ્યાર્થીઓની ફરિયાદ આવી છે કે જે પ્રશ્નો ચોપડીમાં નથી, માત્રને માત્ર મુખ્યમંત્રીની પ્રસિદ્ધિ વધારવા માટે આ પ્રશ્નો ગુજરાતી ભાષાના પેપરમાં પૂછવામાં આવ્યા છે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે. એક નવી પદ્ધતિ ચાલુ થઈ છે અને એ નવી પદ્ધતિ કેવી? જે કાયમી નોકરીઓ આપતા નથી અને કાયમી નોકરીઓ આપ્યા વગર ફીક્સ પગારે આપણે વહીવટ આગળ ચલાવી રહ્યા છીએ. પહેલાં તો માત્ર વિદ્યા સહાયકોની નિમણૂંક ફીક્સ પગારે થતી. પણ હવે તો પરિસ્થિતિ એવી ઊભી થઈ કે પોલીસખાતામાં પણ ફિકસ પગારે નિમણૂકો, ડૉકટરોની નિમણૂકો ફિકસ પગારે અને વહીવટીતંત્રમાં પણ નિમણૂકો ફિકસ પગારે મારો આક્ષેપ છે કે આ સરકાર દ્વારા ગુજરાતના યુવાનનું માત્ર અને માત્ર એનું શોષણ કરવાની પ્રવૃત્તિ એ આ રાજ્ય સરકાર દ્વારા ચાલી રહી છે. ખાલી જગ્યાઓના સંદર્ભમાં આ સભાગૃહના સભ્યો બહુ ચિંતિત છે. લગભગ રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન ખાલી જગ્યાના સંદર્ભમાં સવાલો પૂછાય છે અને આટલી બધી ચિંતા સભ્યોની આ સંદર્ભમાં હોય તે સંજોગોમાં થાય છે શું? પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે જાહેર સેવા આયોગ અને ગૌણ સેવા પસંદગી આયોગ દ્વારા ખૂબ લાંબા સમય સુધી નિમણૂકો પણ કરવામાં આવતી નથી. ઈન્ટરવ્યું લેવામાં આવતા નથી અને કેટલાંક કિસ્સાઓ તો એટલી હદ સુધી પહોંચ્યાં કે ઉમેદવારો પણ ભૂલી ગયા હોય કે આ મેં અરજી કરી છે ત્યાં સુધી ઈન્ટરવ્યું કોલ કાઢવામાં ના આવે એ રીતે જ્યારે આ બંને આયોગ કામ કરી રહ્યાં છે ત્યારે આ સરકાર દ્વારા વધારે કાર્યક્ષમતાથી કામ થાય, ખાલી જગ્યાઓ જલદ્દી ભરાય અને જગ્યા ભરાય એના કારણે એમનું વહીવટીતંત્ર સુધરે એ દિશામાં સરકારે પ્રયત્ન કરવાની જરૂર

છે. (અંતરાય) મારી કૉલેજમાં એક પણ ફિક્સ પગારવાળો હોય તો બતાવી દેજો તમે. તમારે નિમણૂકો કરવી નથી અને પોતાનો વ્યર્થ બચાવ કરવા માટે તમારા દ્વારા આ સભાગૃહની અંદર વ્યર્થ આક્ષેપો થઈ રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વહિવટીતંત્ર એ રીતે ચાલે છે કે જાણે અધિકારીઓના પણ બે ભાગ પાડી દેવામાં આવ્યાં છે માનીતા અધિકારીઓ અને અણમાનીતા અધિકારીઓ. માનનીય અધ્યક્ષશ્રી, બહુ દુ::ખ સાથે નોંધવું પડે કે આ ગુજરાતમાં પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે આ રાજ્ય સરકારનો પોલિટિકલ એજન્ડા જે અધિકારીઓ ચલાવતાં હોય એ આ સરકારના માનીતા અધિકારીઓ અને એના સિવાયના અધિકારીઓ એ અણમાનીતા અધિકારીઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક દાખલો આપવા માગુ છું કે વહીવટ કેવી રીતે ચાલે છે? કઈ દિશામાં આપણે આ રાજ્યને આપણે લઈ જવા માગી રહ્યાં છીએ. જામનગર નગરપાલિકાની બોર્ડની બેઠક, ચૂંટાયેલા મ્યુનિસિપલ કોરપોરેટરોની જામનગર મ્યુનિસિપલ કોરપોરેશનની બેઠક અને એ બેઠક્માં કોણ બેસે? જિલ્લાના ભારતીય જનતા પક્ષના પ્રમુખ જેને કોઈ અધિકાર નથી એ બેઠકમાં બેસવાનો એ ભારતીય જનતા પક્ષના પ્રમુખ એ બેઠકમાં બેસે. ૨૨-૨૨ ચૂંટાયેલા સભ્યોએ વિરોધ કર્યો કે એમને બેઠકમાં બેસવાનો અધિકાર નથી અને એમ છતાંય બિનચૂંટાયેલી વ્યકિતને ભારતીય જનતા પક્ષના પ્રમુખ છે એને એ બેઠકમાંથી દૂર કરવામાં, બહાર મોકલવામાં આવ્યાં નહિ. ૨૨-૨૨ કોરપોરેટરોએ વિરોધ કર્યો અને પરિણામ શું આવ્યું? એ ૨૨ ચૂંટાયેલા કોરપોરેટરો ઉપર રાયટિંગની ફરિયાદ કરવામાં આવી. રાયટિંગની ફરિયાદ(અંતરાય) પણ એમાં બેસી શકતા નથી. તમે જાણો છો તો તમે દૂર કરવાનો પ્રયત્ન કેમ નથી કરતા? કઈ દિશામાં આપણે ગુજરાતને લઈ જવા માગીએ છીએ. જ્યાં સંપૂર્ણ રાજકીય રીતે જો આ જ રીતે વહીવટ ચાલવાનો હોય તો આવનારા દિવસોમાં આ ગુજરાતનું ગૌરવ અને આ ગુજરાતની ગરિમાનું આપણે હનન કરી રહ્યાં છીએ અને આપણે એ દિશામાં વિચાર કરવો પડશે. (અંતરાય) સંકલનમાં પણ ના જઈ શકે. (અંતરાય) સંકલનમાં પણ નથી જઈ શકતા. (અંતરાય)

**સભાપતિશ્રી** : ઑર્ડર... ઑર્ડર..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : પાર્ટીની સંકલનની મિટિંગ મળે એના કોઈ નિયમો ધારાસભાએ નથી ઘડયાં કે સરકારે નથી ઘડયાં (અંતરાય) અહીંયા પણ ધારાસભા મળે એમાં પાર્ટીના લોકો બેસી શકે છે.(અંતરાય)

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : વહિવટી તંત્રને, સામાન્ય વહીવટ વિભાગ ઉપરની ચર્ચા છે માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વહીવટી તંત્રની વાત કરી રહ્યાં છીએ અને આ વહીવટી તંત્ર ગુજરાતમાં સરકારના કેવા ઇશારે ચાલી રહી છે એનો આ એક પુરાવો છે?

**સભાપતિશ્રી** : માનનીય સિધ્ધાર્થભાઈ આપ આપના પ્રવચન ઉપર આવો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ:**માનનીય અધ્યક્ષશ્રી, બહુ ગંભીરતાપૂર્વક મારે કેટલીક વાત મૂકવી છે. એકવીસ કરોડ રૂપિયાની માગણીઓ લઈને આવ્યા છે (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય શંકરભાઈ.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વિધાનસભાના ગૃહ ઉપર રેકૉર્ડમાં પેલું ન થાય એટલા માટે કહું છું કે, જામનગર જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખ તરીકે જે છે શ્રી મૂળુભાઈ બેરા એ અહીંયા આ વિધાનસભા ગૃહના ધારાસભ્ય છે અને સંકલન ફરિયાદ અને સંકલન સમિતિની મિટીંગમાં એ ધારાસભ્યની હેસિયતથી એ ત્યાં પહોંચી શકે છે, એ એમનો રાઈટ છે. એ જિલ્લાના પ્રમુખ છે એ પ્રમાણેની વાત (અંતરાય) ફરિયાદ અને સંકલનની મિટીંગની અંદર ધારાસભ્ય તરીકે કાયદેસર જઈ શકે છે. (અંતરાય) ખોટું રેકર્ડ જે (અંતરાય)

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ કોરપોરેટરો (અંતરાય) વિરુદ્ધ રાયોટીંગનો ગુનો દાખલ કરવામાં આવે છે. સભ્યશ્રી સત્યથી વેગળી વાત કરી રહ્યા છે. આજે જામનગરમાં આંદોલનો ચાલી રહ્યા છે અને છેલ્લા ત્રણ દિવસથી જામનગરના જે છાપાઓ આવ્યા છે એણે જે પ્રકારના તંત્રી લેખો આ સરકારની સામે લખ્યા છે એ પણ આ સરકારના સભ્યો વાંચી જુએ પછી તમને ખબર પડશે કે આ શું પરિસ્થિતિ છે ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે એમાં સ્પષ્ટ વાત છે કે, જામનગર કોરપોરેશનની બોર્ડની મિટીંગ હોય જે કોરપોરેશનની હોય જેમાં કમિશનર પણ હાજર રહે એવી મિટીંગ હોય એમાં કોઈ પાર્ટીના લોકો નથી. આ પાર્ટીની સંકલન સમિતિ હોય એ કોંગ્રેસની સંકલન હોય કે ભા.જ.પ.ની સંકલન હોય એમાં કોને બોલાવવા, કોને બેસવું એ હાઉસમાં ચર્ચા ન થઈ શકે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, (અંતરાય) વજુભાઈ આપ તપાસ કરાવી લેજો.

**શ્રી વજુભાઈ વાળા** : આ કોઈ ચર્ચા જ ન થઈ શકે, સંકલન સમિતિ હોય એ પાર્ટીની હોય, એ સરકારની ન હોય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :માનનીય અધ્યક્ષશ્રી, વજુભાઈ પાસે માહિતી નથી. માહિતી નથી આપની પાસે. જામનગર શહેર ભા.જ.પ.ના પ્રમુખ જે જિલ્લા ભા.જ.પ.ના પ્રમુખ એ ધારાસભ્ય છે. માનનીય સભ્યશ્રી જે કહેતા હતા એ સંકલનમાં છે એના સામે વાંધો ના હોય. શહેર ભા.જ.પ.ના પ્રમુખ એ ધારાસભ્ય નથી અને સંકલન

સમિતિમાં, કોરપોરેશનની સંકલન સમિતિ આપ સમજો, આ પક્ષીય સંકલન સમિતિ બહાર મળે એમાં વાંધો નથી. મહાનગરપાલિકામાં કમિશનર છે એ આઈ.એ.એસ. અધિકારી છે, સામાન્ય વહીવટ વિભાગની નીચે આવતા અધિકારી છે અને માનનીય સભ્યશ્રીએ વાત કરી (અંતરાય) આપ ચકાસી લેજો ને , બપોર પછી કહેજો ને, એવું હશે તો દૂર કરજો.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : પૉઈન્ટ ઑફ ઑર્ડર મારો એ છે કે, સંકલન સમિતિ છે એ કોઈ સરકારી સમિતિ નથી. કોરપોરેશનની નથી. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કોરપોરેશનની મિટીંગની વાત છે. અરે, વજુભાઈ કોરપોરેશન છે.

**શ્રી વજુભાઈ વાળા** : પાર્ટીની હોય અને પાર્ટીની સમિતિની અંદર પાર્ટીના પ્રમુખ જ હંમેશા હેડ હોય કે કયો ઠરાવ મંજૂર કરવો, ના કરવો એ પહેલા પાર્ટીમાં નક્કી થાય અને ત્યાર પછી કોરપોરેશનમાં ચર્ચા થાય. સંકલન સમિતિ મને બતાવી દે કે સંકલન સમિતિ એ ગવર્નમૅન્ટની એપોઈન્ટેડ સમિતિ છે. પાર્ટીની સમિતિ છે. તમારી કોંગ્રેસની સમિતિ હોય (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : તમે સમજ્યા વગર જ કૂટો છો.

**શ્રી વજુભાઈ વાળા** : નહીં (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ સંકલનની વાત નથી તમે કહો છો એવી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : નહીં, સંકલન જ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ સંકલન તમે કહો છો એનું નથી. તમે જોઈ લેજો, રિશેષમાં આપણે મળીએ.

**સભાપતિશ્રી** : મને લાગે છે કે, સિધ્ધાર્થભાઈ એમનું પ્રવચન ચાલુ કરે. સંકલન સમિતિ પાટીની હોય કે નગરપાલિકાની હોય કે જે કાંઈ હોય એની ચર્ચા પછી કરવામાં આવશે આપ આપનું પ્રવચન ચાલુ રાખો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણી માટેની જ્યારે માગણીઓ આ સભાગૃહ સમક્ષ આવી છે અને મતદાર યાદી સુધારણા માટે એકવીસ કરોડ જેવો ખર્ચ જ્યારે આ સભાગૃહ મંજૂર કરવા જઈ રહ્યું છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ સંદર્ભમાં એક-બે બાબતો મારે આ સભાગૃહ સમક્ષ મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, શું પરિસ્થિતિ છે મતદાર યાદીઓની અત્યારે ? મતદાર યાદી

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ વાત થઈ ગઈ છે કે, ચૂંટણી પંચ(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરવા માગું છું. હું શું કહેવા માગું છું એ તો સાંભળો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવાનો આશય એટલો જ છે કે, રાજયનું ચૂંટણી પંચ એ સ્વાયત્ત સંસ્થા છે અને આ સ્વાયત્ત (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને એક મિનિટ સાંભળી માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રી મારો કહેવાનો આશય એ છે કે, રાજયનું ચૂંટણી પંચ એ સ્વાયત્ત સંસ્થા છે અને રાજયના ચૂંટણી પંચમાં રાજય સરકાર ધ્વારા પ્રતિનિયુકત થયેલા કર્મચારી/ અધિકારીઓ આ સંપૂર્ણ પ્રક્રિયા મતદાર યાદીના સંદર્ભમાં સંભાળે છે. એનું સંપૂર્ણ નિયમન ચૂંટણી પંચના અધ્યક્ષ હોય છે એ કરે છે. રાજય સરકારનો આમાં કોઈ રોલ નથી એટલે આ સન્નમાનીય સભાગૃહની અંદર ચૂંટણી પંચમાં મતદાર યાદીઓના સંદર્ભમાં મને લાગે છે કે, આ ચર્ચા અસ્થાને છે આ મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે, સભાગૃહ ફરી ૩.૧૫ કલાકે મળશે. સિધ્ધાર્થભાઈનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને**

## અધ્યક્ષશ્રીનો નિર્ણય

### સંસદીય બાબતોના મંત્રીશ્રીના પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે

**અધ્યક્ષશ્રી:** સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમિયાન સભ્યશ્રી સિદ્ધાર્થભાઈ પટેલે મતદાર યાદીઓ સબંધે રાજય ચુંટણીપંચ વિરુદ્ધમાં કરેલ ઉલ્લેખો સબંધમાં માનનીય રાજયકક્ષાના સંસદીય મંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી રજૂઆત કરી હતી કે, રાજય ચૂંટણી પંચ એ સ્વાયત્ત સંસ્થા છે અને તેની દેખરેખ અને નિરીક્ષણ હેઠળ મતદાર યાદીઓ તૈયાર કરવાની કામગીરી થાય છે. પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણય સન ૨૦૦૨ થી ૨૦૦૭ના નિર્ણય ક્રમાંક-૩ અનુસાર ચુંટણીપંચ જેવી સ્વાયત્ત સંસ્થાઓના ક્ષેત્રાધિકારની બાબતો અંગે રાજય સરકારની પ્રાથમિક જવાબદારી નહિં હોવાથી ચર્ચા દરમિયાન બંધારણીય સ્વાયત્તતા ધરાવતી સંસ્થાઓના સંદર્ભમાં ટીકાત્મક ઉલ્લેખો કરી શકાય નહીં.

આ સબંધમાં વિરોધપક્ષના નેતા તથા સભાગૃહના અન્ય સભ્યશ્રીઓના મંતવ્યો સાંભળ્યા બાદ મને લાગે છે કે, આપણે સૌ પૂર્વ અધ્યક્ષશ્રીએ આપેલા નિર્ણયના હાર્દ સાથે સંમત થઈએ અને બને ત્યાં સુધી બંધારણીય સ્વાયત્ત સંસ્થાઓના સંદર્ભમાં ટીકાત્મક ઉલ્લેખોથી દૂર રહીએ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માંગણી નં. ૭૯ વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની લઈને આવ્યા છે એને સંમતિ આપવા માટે હું મારા વિચારો રજૂ કરું છું. વિજ્ઞાન અને

પ્રોદ્યોગિકી વિભાગ ઈન્ફર્મેશન ટેકનોલોજી, બાયોટેકનોલોજી, જીયોસ્પેશીયસ ટેકનોલોજી, સિસ્મોલોજી રિસર્ચ જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ અને અમલીકરણની જવાબદારી નિભાવે છે. આ ગુજરાત રાજયનો અભૂતપૂર્વ વિકાસ થયો. સમગ્ર વિશ્વમાં આજે ગુજરાતનું એક ઉજજવળ નામ છે. આ વિકાસમાં આ અદ્યતન ટેકનોલોજીનો સિંહ ફાળો છે. આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે લીધેલા વિવિધ પગલાંઓ થકી અને એમાં ખાસ કરીને વાઈબ્રન્ટ સમીટમાં આઈ.ટી. ક્ષેત્રે ખૂબ વિપુલ પ્રમાણમાં એમ.ઓ.યુ. થયા. એમાં ખૂબ નાણાનું રોકાણ થયું અને મને કહેતાં આનંદ થાય છે કે એના દ્વારા આ આઈ.ટી. ક્ષેત્રના આટલા મોટા રોકાણ દ્વારા અઢી લાખથી વધારે યુવાનોને આ રોજગારી મળવાની છે અને એનાથી પણ વધારે વાત કરીએ તો રાજયની આવનારી પેઢીઓને, યુવા પેઢીઓને ઉચ્ચ ટેકનોલોજી સાથે માર્ગદર્શન આપવા માટે અને એને રોજગારીની તકો યોગ્ય રીતે મળી રહે એવા આશયથી ગાંધીનગર અને અમદાવાદ વચ્ચેનો વિસ્તાર એક નોલેજ કોરીડોર તરીકે વિકસાવવામાં આવી રહયો છે. આ ઉચ્ચ શિક્ષણની અનેક સંસ્થાઓ આ નોલેજ કોરીડોરમાં પ્રતિષ્ઠિત આઈ.ટી. કંપનીઓ, આઈ.ટી. પાર્ક અને એના જે.આઈ.એફ.ટી. સ્થાપવાની કાર્યવાહી ગતિમાં છે. વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના વહીવટના નિયંત્રણ હેઠળ આવતી હોય એવી છએક સંસ્થાઓને આ સરકાર ખૂબ વિકસાવાવાનું કાર્ય કરી રહી છે. આ ગુજરાતના યુવાનોને આવડી મોટી રોજગારી માટે જેમણે સતત ચિંતા કરી છે. આઈ.ટી. ક્ષેત્રનું ગુજરાત એક હબ બની ગયું છે અને આવનારા ભવિષ્યમાં આપણા યુવાનો અને મારા યુવાન ભાઈબહેનો આખા વિશ્વની અંદર ઉંચું માથું કરીને જઈ શકે આવડી મોટી વ્યવસ્થા ભુતકાળમાં કયારેય ગુજરાતમાં નહોતી. આઈ.ટી. ની વાત કરું છું એટલે મારા વિસ્તારની એક વાત કરવી છે. મારા જસદણ મત વિસ્તાર ખુબ પછાત વિસ્તાર છે. વિંછીયા ગામની અંદર માર્કેટીંગ યાર્ડની અંદર મજૂરી કરતા એક માણસ અને એમનો દીકરો આઈ.ટી.ના ઉચ્ચ અભ્યાસ માટે ઈંગ્લેન્ડના ભુરીયાઓ સાથે ભણે છે. મને કહેતા આનંદ થાય છે કે આ રાજયના મુખ્યમંત્રીશ્રીની દુરદ્રષ્ટિની નીતિ, એમની યુવાનો પ્રત્યેની ચિંતા.

આજે વીંછીયા ગામના છેવાડાના ગરીબ પરિવારનો દીકરો ઈન્ગ્લેંડના ભૂરિયા સાથે ભણતો હોય અને ત્યાં ફેરવેલમાં એમ કહે કે એની ઓળખાણ આપે ત્યારે એમ કહે કે આઈ એમ કાઠિયાવાડી ફ્રોમ ગુજરાત, ત્યારે અમને ગૌરવ થાય છે. આજે આ વિરોધ પક્ષના મિત્રો વાત કરતા હતા કે મુખ્યમંત્રીના ફોટા આવે છે. જે માણસે એક ગામડાના છેવાડાના માનવી માટે ચિંતા કરે છે અને આ ગુજરાતના વિકાસ માટેની એમની જાત ઘસી રહ્યા છે, ત્યારે એમના ફોટો લોકોના હ્રદયમાં કોતરાઈ ગયા છે અને મને આનંદ થાય છે કે આ બાળકનાં માતા-પિતા મને મળવા આવ્યા. આપણે ઉલ્લેખ કરીએ તો વિરોધ પક્ષના મિત્રના માનવામાં નહિ આવે, પણ એની આંખની અંદર આનંદના આંસુ હતા. એમણે કહ્યું કે અમે નરેન્દ્ર મોદીને નહિ મળી શકીએ, પણ અમારા વતી તમે કહેજો કે ગુજરાતના (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : ત્યારે કાઠિયાવાડીના કવિ કાસમે કવિતા લખીી છે કે,

"બીમારો, બેકારોને મોદીજી મળ્યા છે આજ.
કાસમ કરે વિનંતી ખુદાને આ રાખજે યુવાનોની લાજ".

બીજું એમણે કહ્યું કે,

"કાસમ *(xxxx) (xxxx)રાજ ઉપર આવશે,
(xxxx) (xxxx)રાજ ઉપર આવશે,
બીજાને કરશે બીમાર, માટે મોદીજીને પકડી રાખજો.
વિકાસ એ જ એનો વિચાર છે".

આ સાયન્સ અને ટૅક્નૉલૉજી એની અંદર છેવાડાનું ગામડું ભૂતકાળમાં ત્યાં જવો પણ વિચાર કરવો પડતો એવા ગામના છેવાડાના માણસને ટૅક્નૉલૉજીના આધાર ઉપર કપાસના ભાવ શું છે? મગફળીના ભાવ શું છે? એના કરતા વધારે કહું જેના બુટલેગર હોય જે કોઈ આડા અવળા પોલીસ સ્ટેશનમાં સંકળાયેલા હોય તેની પણ ખબર પડે કે કોર્ટમાં ક્યારે એની તારીખ છે. આટલો મોટો વ્યાપ આ ગુજરાતની અંદર આઈ.ટી. ક્ષેત્રે વધાર્યો છે. ખરા અર્થમાં ગુજરાતના વિકાસમાં આઈ.ટી.નું એક ખૂબ મોટું યોગદાન છે. આઈ.ટી. નો વિકાસ થઈ રહ્યો છે. તેમાં સૌથી મોટું ઉદાહરણ હોય તો તે અમદાવાદની અંદર જે સ્થાપવામાં આવ્યું છે તે સાયન્સ સિટી છે. એ સાયન્સ સિટીની અંદર અનેક યુવા વૈજ્ઞાનિકોને સાયન્સ સિટીની અંદર ચાલતા પ્રયોગો અને ખૂબ મોટી પ્રેરણા મળવાની છે. આવનારા દિવસોમાં આ સાયન્સ સિટીએ સમાજના લોકોને સુશિક્ષિત કરવા માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓના અલગ અલગ તાલીમ કૅમ્પો યોજવામાં આવ્યા છે. આ સાયન્સ સિટીના માધ્યમથી અનેક વિદ્યાર્થીઓ જે છેવાડાના ગામડાના છે એમને મીમીકીઓ, ઘણા બધા ચિત્રો અને એના આધારે વિજ્ઞાનનો સરળતાથી ઉપયોગ કરી શકવાના છે, ત્યારે આ વિજ્ઞાન અને ઉચ્ચ ટૅક્નૉલૉજીના માધ્યમ માટે સરકાર જે પ્રકારનો વિકાસ કરી રહી છે, એના માટે

* (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એ માગણીને મારું સમર્થન આપું છું. વિરોધ પક્ષના મિત્રો કહેતા હતા કે આ યુજરાતના યુવાનોનું શોષણ થાય છે. મારે એમને કહેવું છે કે આ ગુજરાતના યુવાન આજે નાની મોટી રોજગારી માટે અહીથી ટહી ભટકતો હતો. કોઈ હાથ નહોતું પકડતું આ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એમને અલગ અલગ ક્ષેત્રમાં ભલે ફિક્સ પગારમાં, પણ એમને એમનું સ્થાન આપ્યું છે. એમને એમના ક્ષેત્રમાં કામ કરવાની તક આપી છે. જ્યારે તમારા શાસનમાં બે-ચાર ફાઈલોના થપ્પા લઈને આંટા મારતો હતો, તેને કયાંય કોઈ જગ્યાએ સ્થાન નહોતું મળતું. આ યુવાનને પોલીસમાં, પ્રાથમિક શિક્ષણમાં અને એનાથી વધારે આગળ કહું આજે આ આયુર્વેદિક, હોમિયોપોથી ડૉક્ટરોની આરોગ્ય વિભાગમાં ભરતી કરી છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર માનનીય નાણા મંત્રીશ્રી અવારનવાર કહેતા હોય છે કે, અમે વિકાસ માટે દેણુ કર્યુ છે. છપ્પનની છાતી હોય એ આ દેણુ કરી શકે એવું નાણા મંત્રીશ્રી કહે છે ત્યારે મારે નાણા મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, તમે એમ પણ કહેલું કે, રૂપિયો ખૂબ નાનો થઈ ગયો છે તો હમણાં કેન્દ્ર સરકારમાં સંસદસભ્યશ્રીઓની ગ્રાન્ટ રૂપિયા પાંચ કરોડ કરી, હવે આપણા રાજયમાં SOR વધ્યા છે તો આપણે બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ કરવા માગીએ છીએ ખરા? આમાં આપણે છપ્પનની છાતી ને દેવું વધારીને આ કરવા માગીએ છીએ ખરા? હમણાં જ માનનીય શંકરભાઈ ચૌધરી વાત કરતા હતા કે આ EVMમાં વાંધો છે કે કોંગ્રેસમાં વાંધો છે, જિલ્લા, તાલુકા અને કોરપોરેશનની ચૂંટણીમાં આવું થયું, ત્યારે મારે શંકરભાઈને પૂછવું છે કે, હમણાં નગરપાલિકાની ચૂંટણી ગઈ એમાં ૨૭ નગરપાલિકાઓમાંથી ૨૬ ભાજપની હતી એમાંથી ૧૪ થઈ ગઈ, સૌરાષ્ટ્રમાં ૮૮ બેઠક કોંગ્રેસની આવી અને ભાજપની ૬૫ આવી ત્યારે અમે એમ નથી કહ્યું કે, આમાં ખામી હોય, ત્યારે મને એમ લાગે છે કે કદાચ માનનીય શંકરભાઈને ખબર નહીં હોય પણ મુખ્ય મંત્રીશ્રીને ખબર છે કે પોતાની નીચેથી ઝાઝમ ખસી રહી છે એટલે મંત્રીમંડળ રચી નાખ્યું, બોર્ડ / નિગમ રચી નાખ્યાં, અને ડાયરેક્ટરો મૂકી દીધા, એ ઝાઝમ ખસી રહી છે એ તમને કદાચ ખ્યાલ નહીં હોય પણ એનો મુખ્ય મંત્રીશ્રીને ખ્યાલ આવી ગયો છે કે ૨૦૧૨માં શું થવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી અહીંયાં વાત થાય છે સ્વપ્રસિધ્ધિની, હમણાં માનનીય ભરતભાઈ વાત કરતા હતા, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમને સ્વપ્ન નથી આવતાં, • (xxxx) (xxxx) (xxxx)

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, જે વ્યકિત ગૃહમાં હાજર ન હોય એવું નામ સભાગૃહમાં લેવું વાજબી નથી. એ શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું.

**શ્રી વજુભાઈ વાળા**: માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી પણ વાત કરવા માગું છું કે આ જે મારી માગણીઓ છે એ માગણીઓના વિષય ઉપર બોલે, પણ કોઈ સભ્યશ્રી કંાઈ બોલ્યું હોય એનો જવાબ આપવો એ કોઈ સભ્યશ્રીનું કામ નથી. સભ્યશ્રી, માગણીઓ ઉપર બોલે. કોઈ સભ્યશ્રી બોલે એનો એણે જવાબ આપવો એ કોઈ રીતે વાજબી નથી.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી, માગણીઓ ઉપર બોલો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ ઉપર જ બોલું છું, ત્યાં સભ્યશ્રી બોલતા હતા ત્યારે તમારે એને રોકવાની જરૂર હતી. (અંતરાય) તો તો મારે તમારી સલાહની જરૂર નથી. મારે કંઈ જરૂર નથી.

**શ્રી વજુભાઈ વાળા** : હાઉસમાં કહેવાય જ નહીં, સલાહ આપવી. કયા સભ્યએ ક્યારે શું કરવું એ એ પોતાના મન ઉપર આધાર રાખે છે. (અંતરાય) આ શબ્દો કાઢી નાખવા જોઈએ, પેલા બોલતા હતા ત્યારે તમારે આમ કરવું હતું, એમ કહે છે તો મારે શું કરવું એ મારે નક્કી કરવાનું છે.

**અધ્યક્ષશ્રી** : અસંસદીય શબ્દો હશે એ રેકર્ડ જોઈને દૂર કરવામાં આવશે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, વાંધો નહી, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સરદાર વલ્લભભાઈ પટેલ આ દેશના ગૃહ મંત્રી હતા ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે એમ કહ્યું હતું કે, આ દેશની અંદર કોઈ રાજકીય માણસે એની પ્રસિદ્ધિ કરવાની જરૂર નથી એ એનું કામ બોલશે, એટલે કામની પ્રસિદ્ધિ કરવાની જરૂર નથી એનું કામ બોલશે અને ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં વાત થઈ કે પોલીસ સહાયકો, પોલીસ સહાયકોને ત્રીસ દિવસ, ૩૬૫ દિવસ, ૨૪ કલાક નોકરી કરવાની અને સહાયકમાં નોકરી કરવાની તો આ શોષણ નથી તો બીજું શું છે? એકેય દિવસની એને રજા નથી મળતી, ૨૪ કલાકની નોકરી છે તો આ શોષણ નહીં તો શું છે?

• આ શબ્દો માનનીય સભ્યશ્રીએ પ્રવચનમાંથી પાછા ખેંચ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં કર્મચારીઓને કર્મયોગીની તાલીમ આપી, અને કર્મયોગીની તાલીમ આપ્યા પછી • (xxxx) (xxxx) (xxxx)માનનીય અધ્યક્ષશ્રી, ચાર વર્ષ પહેલાં.. (અંતરાય) સાહેબ મારા શબ્દો પાછા ખેંચી લઉં છું એને જો બરાબર ન લાગતા હોય તો..સાહેબ, શા માટે એવું એ કરે છે?

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દો અંગે

**શ્રીવજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારીઓ ઉપર આક્ષેપ ભ્રષ્ટાચારનો થઈ ગયો, આમાં કર્મચારીની પદ્ધતિ માટે કહી શકે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રી, ગૃહમાં જે હાજર નથી એની ટીકા આપણે કરી શકતા નથી. આ શબ્દો આપ પાછા ખેંચી લો.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો પાછા ખેંચી લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચાર વર્ષ પહેલા અમરેલીમાં પહેલી મે ના દિવસની ઉજવણી કરવામાં આવી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવી જાહેરાત કરી કે, સમગ્ર ગુજરાતમાં નહીં, ભારત દેશમાં નહીં પણ, આખા એશિયા ખંડમાં હું અમરેલી જિલ્લાને ઈ-ગ્રામથી જોડું છું. હવે આજે શું થઈ રહ્યું છે કે કેટલાય ગામોની અંદર કેટલીય ગ્રામ પંચાયત કચેરીઓમાંથી કોમ્પ્યુટરો ચોરાય ગયા તોય હજુ એની કોઈ તપાસ કે વ્યવસ્થા થઈ નથી, કેટલાય ખેડૂતોને એમ કહે કે અહીંયા અંગૂઠો મારો એટલે તમને તમારો ૭/૧૨, ૮(અ) મળી જાય. અંગૂઠો મારીને પેલો મહિને દિવસે પાછો આવે તો પણ જિલ્લામાંથી કે તાલુકામાંથી નાયબ મામલતદાર અંગૂઠો જ આપતા નથી. ઈ-ગ્રામની વ્યવસ્થા કરી અમરેલી જિલ્લામાં કેટલા ગામમાં દાખલા આજની તારીખે જ્યારે અંગૂઠો ખેડૂત મારે અને પાંચ મિનિટમાં કે દસ મિનિટમાં નીકળે છે? માનનીય અધ્યક્ષશ્રી, રહેમ રાહેની નોકરીઓમાં જે નિરાધાર-અસહાય યુવાનો છે એમને આ રહેમ રાહેની નોકરીઓમાં ખૂબ લાંબા સમય સુધી એની પ્રક્રિયાઓ પૂરી ન થવાના કારણે હજારો યુવાનો અત્યારે બેકાર રખડે છે અને પોતાના હક્ માટે થઈને એને હાઈકોર્ટમાં જવું પડે છે અને કોઈ કર્મચારી પાસે બહું ઉઘરાણી કરે તો એમ કહે કે હાઈકોર્ટમાંથી હુકમ લઈ આવો જાવ. જ્યારે કોઈ કર્મચારીનું મૃત્યુ થાય ત્યાર પછી એના વારસદારને ૬ મહિનામાં અરજી કરવાની હોય અને ૬ મહિનામાં એ અરજી કરે ત્યારે એના વારસદારની ઉંમર પૂરી ન થતી હોય એટલે અરજી ના-મંજૂર કરે અને પછી જ્યારે ઉંમર પૂરી થાય પછી અરજી કરે ત્યારે ૬ મહિનાથી વધારે સમય થઈ ગયો હોય એટલે એમ કહેવામાં આવે છે કે તમે સમય મર્યાદામાં અરજી કરી નથી તો આમાં પણ રહેમ રાહેમાં પણ સરકારે રહેમ કરવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સીટીઝન સર્વિસ સેન્ટર પ્રોજેકટ હમણા થોડા સમય પહેલા ગામડાઓમાં આ સરકારે મૂકયો, અને ૬ હજાર ગામડાઓની અંદર આ પ્રોજેકટ મૂકયો, ગ્રામ પંચાયત પાસેથી મહિને એક હજાર રૂપિયાના ભાડાથી રૂમ ભાડે રાખ્યા, પંચાયત સાથે એગ્રીમેન્ટ કર્યું હવે આ પ્રોજેકટ આખો અત્યારે ક્યાં ગયો કોઈને ખબર નથી. રાતોરાત કંપનીઓ રીલાયન્સ અને બાકીની ત્રણ કંપનીઓએ ૬ હજાર ગામડામાંથી મોટા ભાગના ગામડાઓમાંથી રાતોરાત એનો સામાન ભરીને જતા રહ્યા ગામડાના લોકોને ખબર નથી. એના માટે સરપંચો DDO પાસે જાય કે અમારા મકાનનું ભાડું કોણ આપશે? તો DDO એમ કહે છે કે એ તો પાર્ટી ઉઠી ગઈ છે એની પાસે જાવ અમારી પાસે શું? માનનીય અધ્યક્ષશ્રી, અમુક સરપંચોએ તો સામાન લેવા ન દીધો કે અમારા ભાડાના પૈસા આપો પછી તમારો સામાન લઈ જાવ.

માનનીય અધ્યક્ષશ્રી, હું દુધે ધોયેલો હોઉં, હું હરિશ્ચંદ્રનો અવતાર હોઉ અને પછી જો હું એમ કહું કે મારે લોકાયુક્તની નિમણૂક નથી કરવી તો એ બરાબર છે. મારો વહીવટ સારો ચાલે છે, મારા મંત્રીમંડળના સભ્યો..(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુક્તની નિમણૂક કરવાની સત્તા રાજ્યપાલને છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, લોકાયુક્તની નિમણૂક કેટલાય સમયથી થતી નથી.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલ ઉપર આ રીતે ટીકા ન થઈ શકે. રાજય સરકારે તો પ્રોસિઝર જ કરવાની છે ફાઈનલ ઓથોરીટી રાજયપાલ છે. છતાં પણ ટીકા કરવી હોય તો કરો. આપણે આ હાઉસનું સ્ટાન્ડર્ડ એટલું નીચે લઈ જવું હોય તો મને વાંધો નથી. લોકાયુક્તની નિમણૂક કરવાની એક પ્રોસિઝર છે એની પધ્ધતિ નક્કી કરી છે એના સો ટકા પાવર્સ છે એ રાજયપાલશ્રીને છે. એટલે રાજયપાલશ્રીને જેની સત્તા હોય એની ટીકા અહીં ન થઈ શકે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સાહેબ, તો નિમણૂક કરાવી દોને. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ કહેવામાં આવે છે મુખ્યમંત્રીશ્રી બહુ કામ કરે છે, રાતને દિવસ કામ કરે છે અને આ

---

• (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

રાજયની ખૂબ ચિંતા કરે છે. તો માનનીય અધ્યક્ષશ્રી, મેં જે મુખ્યમંત્રીશ્રીને પત્ર લખ્યા છે એનો જવાબ મળ્યો છે એમાં એક પણ પત્રમાં મુખ્યમંત્રીશ્રીની સહી નથી. તો જો ધારાસભ્યના પત્રમાં સહી કરવાનો ટાઈમ ન મળતો હોય તો આ તંત્ર કઈ રીતે ચાલે છે? માનનીય અધ્યક્ષ્શ્રી, મારી પાસે એ પત્રો છે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, એક સસ્પેન્ડેડ IAS અધિકારી હોય અને મુખ્ય સચિવને પત્ર લખે અને એમાં ગંભીર આક્ષેપો મૂકે અને આ ગંભીર આક્ષેપો મૂકયા પછી આ મુખ્યસચિવે લખેલા પત્રની આપશ્રીને કે રાજયપાલશ્રીને જાણ કરી છે કે કેમ? આ સન્માનનીય ગૃહમાં અમને બધાને પણ જાણવાનો અધિકાર છે કે આ ગંભીર આક્ષેપો કોના ઉપર મૂકેલા છે, આ ગૃહના નેતા ઉપર મૂકેલા છે કે કોના ઉપર મૂકેલા છે એની અમને જાણ કરવામાં આવે. રાજયના એક આઈ.એ.એસ. અધિકારીએ રાજ્યના ખૂબ અતિશય સેન્સીટીવ પ્રશ્ન બાબતે અને હું માનું છું કે અમારા વિરોધપક્ષના નેતાશ્રીને અને અમારા પાર્ટીના નેતાને પણ માજી મુખ્યમંત્રીશ્રીએ પત્ર લખ્યો છે એની નકલ મળી હશે. તો આ બાબતે પણ કંઈ ધ્યાન રાખવામાં આવતું નથી.

દિલ્હીનું જે ગુજરાત ભવન છે ત્યાં આપ ક્યારેય જાઓ ત્યારે જોજો કે ત્યાં કેવું જમવાનું મળે છે અને કેવી વ્યવસ્થા છે એની આપને ખબર પડશે. આ વિભાગ પહેલાં આર. એન્ડ બી. પાસે હતો ત્યારે બહુ સારી રીતે ચાલતું હતું. બીજું આ રાજયની અંદર કેટલા ટી.ડી.ઓ. અને કેટલા મામલતદારોની જગ્યા ખાલી છે અને હજી નવી ભરતી નથી થઈ થોડા સમયમાં વર્ષ - દોઢ વર્ષમાં તો આ બધા નિવૃત્ત થઈ જવાના છે તો આ તંત્રનો વહીવટ કઈ રીતે ચાલશે અને અત્યારે કઈ રીતે ચાલે છે? એક કરોડ રૂપિયાના ખર્ચે ૫૦૦ બ્લેકબેરી ફોન ખરીદવાનું આ સરકારે આયોજન કરેલું છે અધિકારીઓ અને મંત્રીઓ માટે. એમાં મને ખબર છે કે મંત્રીશ્રીઓ પાસે આ ફોન આવશે પછી એ કોણ  વાપરવાનું છે, કઈ રીતે વાપરવાના છે, કેટલાને એનો ઉપયોગ આવડે છે નથી આવડતો એ આપણને ખબર જ છે.

આ રાજયમાં નાગરિક અધિકાર પત્ર દરેક ઓફિસ પાસે લગાડેલો છે પરંતુ નાગરિક અધિકારપત્રમાં એનો જવાબ આપવાનો જે સમય આપ વાંચો એના ત્રણે ગુણી કાઢવાના ત્યારે જ થાય એમાં દર્શાવેલ સમય પ્રમાણે કંઈ થતું નથી. જે સમય આપ્યો હોય એના ત્રણે ગુણી નાંખો તો પણ અરજદારને ધક્કા જ ખાવા પડે, રાજય સરકારની વહીવટીતંત્ર ઉપર સંપૂર્ણ પકડ નથી. વહીવટીતંત્ર બેફામ થયું છે. હું આ સરકારને પુછવા માગું છું કે, આ રાજયમાં આઠ કિલોમીટરની અંદર કર્મચારીઓને રહેવા માટેનો કાયદો છે પણ કોઈ તલાટી કમ મંત્રી કે કોઈ શિક્ષક કોઈ ગામડે રહે છે ખરા? અમુક શિક્ષકોને શહેરમાં રહેતા હોય એને હું પુછું કે તમે અપડાઉન કેમ કરો છો ત્યારે એ કહે કે અમારે અહીંયા ગામડામાં છોકરાઓનું શિક્ષણ સારું નહિને સીટીમાં અમારા છોકરાઓનું શિક્ષણ ન બગડે એટલે રહીએ છીએ. એટલે અમે અપડાઉન કરીએ છીએ. તો ગામડાના શિક્ષકો જે ગામડાના છોકરાઓને ભણાવે છે એની પરિસ્થિતિ શું થતી હશે એની કલ્પના કરો. આ રાજયની અંદર જનસેવા કેન્દ્ર ચાલુ કરવામાં આવ્યું છે એમાં મોટાભાગની જગ્યાએ અરજદારને અરજી કરે એની પહોંચ આપવામાં આવતી નથી અને જનસેવા કેન્દ્રમાં અરજદાર એની અરજીની ઉઘરાણી કરવા જાય એટલે એ એમ કહે કે એ કાગળિયા તમારા ખોવાઈ ગયા છે, ક્યાં ખોવાઈ જાય એની કંઈ ખબર નથી પડતી. મતદારોએ સક્ષમ અધિકારી પાસે, બુથલેવલના ઓફિસર પાસે અરજી કરી હોય અને એની સમક્ષ અરજી કર્યા પછી જ્યારે મતદારને એનું ફોર્મ ભરાઈ ગયું હોય તોય ફરી પાછા મામલતદાર ઓફિસે બોલાવે છે કે તમારે ત્યાં આવવાનું છે. તમારા સક્ષમ અધિકારી સમક્ષ ફોર્મ ભર્યુ હોય અને પ્રુફ આપ્યા હોય પછી એને મામલતદાર - અધિકારી પાસે જવાની શું જરૂર છે. કેન્દ્ર સરકારે આર.ટી.આઈ.નો કાયદો આપ્યો. વડાપ્રધાન કે મુખ્યમંત્રી જેટલા અધિકારો આપ્યા. આ રાજ્યના છેવાડાના અને ગરીબ માણસને એના અધિકાર આપ્યા પરંતુ આ રાજય સરકારે છેલ્લાં પાંચ વર્ષમાં ૧૩૯૩૧ પ્રશ્નો જે આર.ટી.આઈ.માં મૂકવામાં આવ્યા હતા એમાંથી નિકાલ અત્યારસુધીમાં ૭૨૩૫ જેટલી અરજીઓનો કર્યો છે એટલે કે ૫૨ ટકા જેટલી અરજીઓનો નિકાલ કર્યો છે અને ૪૮ ટકા હજી અપીલમાં છે. આવી પરિસ્થિતિ આ રાજયની અંદર ચાલી રહી છે,

**અધ્યક્ષશ્રી:** આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય રજનીકાંતભાઈ..

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક - ૫૪ માહિતી અને પ્રસારણ વિભાગની લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. રાજય સરકારનો આ વિભાગ ખૂબજ મહત્વપૂર્ણ એટલા માટે છે કે રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી લોકકલ્યાણની જે યોજનાઓ છે સામાન્યમાં સામાન્ય માણસને ઉપયોગી થાય એવી. સરકારની આ બધી યોજનાઓ, પ્રવૃત્તિઓ, કાર્યક્રમો તે વિવિધ માધ્યમો દ્વારા લોકો સુધી પહોંચે, લોકો તેને જુએ, સાંભળે અને તે યોજનાઓનો લાભ મેળવતાં થાય એટલા માટે દ્રશ્ય, શ્રાવ્ય અને પરંપરાગત માધ્યમો દ્વારા આ બધી યોજનાઓ તે ગુજરાતના છેવાડાના છેવાડા માનવી સુધી પહોંચે તેના માટેની ચિંતા આ વિભાગ કરે અને એટલા માટે આ વિભાગની ઉપયોગિતા મારા ખ્યાલથી સવિશેષ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધી જ યોજનાઓ, કાર્યક્રમો અને જે કંઈ વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે તસ્વીરો સહિતના સમાચાર તે અખબારોમાં પ્રદર્શિત થાય, આકાશવાણી અને દૂરદર્શનના માધ્યમથી સમાચારો પહોંચે તે બધાજ પ્રકારની ચિંતા આ વિભાગ દ્વારા થાય છે અને એટલા માટે લોકો સુધી સીધે સીધી યોજનાઓ કઈ રીતે

પહોંચે તે આ વિભાગ દ્વારા જોવામાં આવે છે. યોજનાઓ ફક્ત લોકો સુધી પહોંચે એટલું જ નહીં પણ લોકોની જરૂરિયાતો મંગાવી લોકોને પૂછવામાં આવે, લોકોના સૂચનો મેળવવામાં આવે અને રાજય સરકાર દ્વારા જે કંઈ યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલી છે તે બધી યોજનાઓની બાબતમાં કંઈ સૂચન હોય અથવા તો લોકો એ યોજનાઓના સંદર્ભમાં કંઈ કહેવા માંગતા હોય તો એ કહી શકે તેમ ટુ વે પ્રકારનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. અને એટલા માટે એક રીતે જોઈએ તો પ્રજા અને સરકાર વચ્ચે કડિરૂપ બનતો આ વિભાગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની યોજનાઓ, તેની નીતિઓ, તેના કાર્યક્રમો અને આ બધાનું પ્રચાર પ્રસાર કરવાનું કામ તે રાજય સરકારનું મુખપત્ર જે છે ગુજરાત પાક્ષિક તેના દ્વારા થાય છે. ભૂતકાળમાં ગુજરાત અંક પ્રકાશિત થતો હતો અને આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે તે અંકની સ્થિતિ શું હતી ? આજે જ્યારે નવીનીકરણ સાથે સમયની માગ પ્રમાણે આ અંકના રૂપ, રંગ બદલી અને દેશ અને રાજયના જે વિવિધ પાક્ષિકો, સાપ્તાહિકો ખૂબ સારી રીતે મૂકવામાં આવે છે તે રીતે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : અહીંયા મૂકવાનો ખૂબ સુંદર પ્રયત્ન થયો છે અને ફક્ત તેમાં ફોટા આવે છે એવું નથી. ફોટા જે  કામ કરતાં હોય તેમના આવે પણ ફોટા ઉપરાંત જો ગુજરાતમાં જોઈએ તો તેમાં મીડીયા વોચ આવે છે, ન્યૂઝ વ્યૂઝ અજવાળું આવે છે, રમત ગમત આવે છે, ઈતિહાસનો આયનો, જિલ્લા પ્રોફાઈલ, સંસ્કૃતિ, વાચકોના અભિપ્રાય, કલા, લોકજીવન, શિક્ષણ, રોજગારી, જ્ઞાન-વિજ્ઞાન, યુવા અને મહિલા જગત માટેના લેખો આમ અનેક પ્રકારનું સમાજ ઉપયોગી, વ્યકિત ઉપયોગી માહિતી આ અંકમાં આપવામાં આવે છે. એટલે આબાલ-વૃદ્ધ સૌને ઉપયોગી થાય એવા પ્રકારનો આ એક અંક જે ખૂબ સારી રીતે મૂકવામાં આવ્યો છે. ૫૦ રૂપિયાના લવાજમમાં આજે બે લાખ કરતાં વધારે નકલ તેની ગુજરાત અંકની પ્રકાશિત કરવામાં આવે છે. આ પ્રકારે ગુજરાત અંક તે ખરેખર લોકભોગ્ય અંક બન્યો છે. રાજય બહાર તેને પ્રસિદ્ધિ મળે અને રાજય બહારના લોકોને પણ આ અંક ઉપયોગી થાય એટલા માટે અંગ્રેજી ભાષામાં પણ આ અંકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ગુજરાતનો દીપોત્સવી અંક પણ ખૂબ દળદાર અને ઉપયોગી માહિતીથી એ મૂકવામાં આવે છે. એ જ રીતે રાજયના બેરોજગાર યુવક અને યુવતીઓનું ગુજરાત તેમજ ગુજરાત બહાર તેમને રોજગાર, સ્વરોજગારના સંદર્ભમાં માર્ગદર્શન મળે, ભરતીના વિષયની જે કંઈ જાહેરાતો છે તે જાહેરાતો તે ગુજરાત રોજગાર સમાચાર નામના એક સાપ્તાહિક દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે. હું માગણીઓને અનુમોદન આપીને વિરમું છું.

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગની માગણી ક્રમાંક ૫૪, માહિતી અને પ્રસારણની લઈને આવ્યા છે એની ઉપર હું મારા વિચારો વ્યકત કરવા અને આ માગણીને મારું અનમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી,  માહિતી અને પ્રસારણ વિભાગ એ આખા તંત્રને સજાગ બનાવવા માટેનો ખૂબ મહત્વકાંક્ષી વિભાગ છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત એ હરિયાળું ગુજરાત છે, ગુજરાત એ વિકાસલી ગુજરાત છે, ગુજરાત એ દેશના ૨૬ રાજયોમાં  પ્રથમ નંબરનું હરિયાળું રાજય છે. આવા ગુજરાતમાં જે ભૌગોલિક પરિસ્થિતિ છે એમાં પશ્ચિમ કિનારે ૧૬૦૦ કિલોમિટરનો લાંબો દરિયાકિનારો છે અને અંબાજીથી ઉંમરગાંવ સુધી પહાડી વિસ્તારમાં ૭૮ લાખની વસતિ આદિવાસીઓની રહી છે ત્યારે સ્વાભાવિક રીતે ગુજરાતની કામગીરી, ગુજરાતનું બજેટ, ગુજરાતમાં બનાવેલી યોજનાઓ એ તમામ લોકો સુધી પહોંચે એ સરકારનું પણ એક મહત્વનું કર્તવ્ય રહ્યું છે અને સાથે સાથે એ જે યોજનાઓ છે માહિતી અને પ્રસારણ વિભાગ મારફતે એ અદના આદમી સુધી પહોંચે એ સરકારનો મુખ્ય ઉદ્દેશ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે સૌ જાણીએ છીએ કે પશ્ચિમમાં દરિયા કિનારો છે એ દરિયા કિનારે મત્સ્યોદ્યોગ સાથે ખૂબ લોકો સંકળાયેલા છે. જયારે એ દરિયામાં માછીમારી માટે જાય અને મધ દરિયામાં હોય ત્યારે કોઈ વાવાઝોડું કે ભારે વરસાદની આગાહી હોય ત્યારે એ લોકો તો દરિયામાં ગયેલા હોય અને આકાશવાણી મારફતે સમાચાર મળે કે આ રીતે તોફાન આવાવનું છે તો તેમને કોઈ ખબર ન હોય કે આ રીતે તોફાન આવવાનું છે ત્યારે એમને સમાચાર સંસ્થાઓ, વોકીટોકી કે ટેલિવિઝનના માધ્યમથી આપણે સંદેશા પહોંચાડી શકીએ છીએ અને એમને એ સંદેશો સમયસર મળવાથી એ લોકો પરત આવી શકે છે અને પોતાનો માલ અને જાન બચાવી શકે છે અને ભારે હોનારતમાંથી બચી શકે છે.  એટલા માટે આ રીતે આ વિભાગ ખૂબ સારી રીતે કામગીરી કરે છે અને સાથે સાથે આજે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને આખી સરકારે જે લોકોપયોગી યોજનાઓ બનાવી છે તેમાં નાના માણસો માટેની આર્થિક રીતે પગભર કરવાનો એમનો ઉદ્દેશ છે અને એના કારણે આજે નાણાકીય નીતિ પણ એ પ્રકારની રહી છે કે ગામડાં તૂટે નહીં, પરંતુ મજબૂત બને અને એટલા માટે આ બજેટની ૬૮ ટકા રકમ એ ગામડાંમાં પૂરેપૂરી રકમ વપરાય એ ઉદ્દેશ છે. એવા સંજોગોમાં આજે આપણે આ અદના માનવી કે ગુજરાતનાં ૧૮૫૫૬ ગામડાં છે એ બધાં ગામોને આ બધી યોજનાઓનો ખ્યાલ કઈ રીતે આવી શકે? તો એના માટે આ જે આપણું ગુજરાત પાક્ષિક છે એના માધ્યમથી  અને જે કોઈ કાર્યકર હોય એ એ બધી માહિતી મેળવે અને લોકોને એનાથી માહિતગાર કરે છે અને આ જે ગુજરાત પાક્ષિક છે એમાં સરકારની કામગીરી અને એ બધી યોજનાઓની

રજેરજ માહિતી એમાંથી મળી રહે છે એના કારણે આપણે એક વસ્તુ જોઈ શકયા છીએ કે આ ગુજરાત સરકાર કામ કરે છે એ અદના માનવીને એનો કઈ રીતે લાભ મળી શકે એનો ખ્યાલ રાખે છે એ જોઈ શકીએ છીએ. કોઈને વિધવા પેન્શન મેળવવું હોય તો એકયાંથી મળી શકે,કોઈ અપંગને અપંગ માટેની કઈ કઈ યોજનાઓ છે, એના માટેની સહાય લેવી છે તો કયાંથી મળી શકે એની બધી જ માહિતી એમાંથી મળી શકે છે. આનું પરિણામ એ આવ્યું છે કે બજેટમાં આના માટેની શું જોગવાઈ છે એ પણ જોઈ શકાય છે અને જાણી શકાય છે. ભૂતકાળમાં જે જોગવાઈ થતી હતી બજેટમાં એના ૫૦ ટકા રકમ પણ ખર્ચાતી નહોતી, પરંતુ આજે ૫૦૦ ટકા ખર્ચ થાય છે. ગઈ વખતના બજેટમાં જોઈએ તો ૨૯૦૦૦ કરોડની સામે ૩૩ હજાર કરોડનો ખર્ચ કરી શકયા છીએ. એનો અર્થ એ થયો કે આપણી યોજનાઓ સારી રીતે ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સરકારે કેટલીક બાબતો ખૂબ મહત્વની લીધી છે અને એમાં પ્રસારણ વિભાગ માહિતી અને પ્રચાર દ્વારા ખૂબ ઉપયોગી નિવડે છે. એમાં આપણે જોઈશું કે અત્યારે ઈ-ગાંમ વિશ્વ ગ્રામ યોજના ચાલે છે અને એના કારણે આજેકોઈપણ ગામડામાં કોઈપણને સાધનિક કાગળો જોઈતા હોય, અરજીપત્રકનો નમૂનો જોઈતો હોય તો એ ત્યાંને ત્યાં મેળવી શકે છે.

મમાનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોઈ શકીએ છીએ કે પાણીનો ઉપયોગકેવી રીતે કરવો જોઈએ. આવતા દિવાસે કઠીન આવવાના છે, પાણીની મુશ્કેલી પડવાની છે અને આ પાણીનો બચાવ કરવા માટે આપણે કેવી ટકકર ઝીલવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બજેટમાં, જે અત્યારનું બજેટ છે માહિતી અને પ્રસારણની અંદર, એમાં ૬૮ કરોડ રૂપિયાની જોગવા છે. અને તે જોગવાઈના આધારે કેટલાક ચલ ચિત્રો ફોટા સાથે મુકવા, પાણીનો બચાવ કઈ રીતે કરી શકાય તેની ઉપયોગીતા કઈ રીતે કરી શકીએ, અને તેના માટે સરકારે પણ એટલી કાળજી લીધી છે કે આપણા બજેટના ૮૮ ટકા રકમ નાની સિંચાઈ તરફ વાળ્યા છે, પરિણામે આપણે જોઈ શકયા છીએ કે ભૂતકાળમાં હજાર હજાર મીટરે પાણી મળતું હતું તે નાની સિંચાઈ હોય, રામ તલાવડી હોય, ખેત તલાવડી હોય, તળાવ ઉંડા કરવા હોય, તે યોજના અમલમાં મુકવાની માહિતી લોકો સુધી પહોંચાડવાના કારણે આજે તેનો ખૂબ ઉપયોગ થઈ રહ્યો છે અને તેના કારણે ગુજરાત આ વ્યવસ્થામાં સુંદર કામગીરી કરી શકયું છે. આપણે જોઈએ ક વાયબ્રન્ટ ગુજરાત સમીટને કારણે અનેક એન.આર.આઈ. અને વિદેશના લોકો અહીં આવીને આપણે ત્યાં ઉદ્યોગોમાં રોકાણ કરે છે. પણ જો ગુજરાત નિર્મળ ગુજરાત ન હોય અને ચોખ્ખુ ગુજરાત ન હોય તો આપણી છાપ કેટલી ખરાબ થાય, એટલે આપણું ગુજરાત ચોખ્ખું અને નિર્મળ હોવું જોઈએ તેના માટે આગમચેતી રુપે ગ્રામ કક્ષા સુધી તેનો કાર્યક્રમ પહોંચડી શકયા છીએ એટલા માટે હું આ માગણીઓને અનુમોદન આપું છું.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી નંબર ૮૯ લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું અને મારા વિચારો વ્યકત કરું છું. ૨૧મી સદીમાં કોઈ પણ રાજય કે દેશનો વિકાસ અથવા સમૃદ્ધિનો આંક તે રાજયના અથવા દેશના ટેકનોલોજીના વિકાસ પર આધારિત હોય છે. વર્ષ ૨૦૦૧ પછી વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસ પર આપણી સરકારે ધ્યાન કેન્દ્રિત કર્યુ તેના કારણે આપણા રાજયનું નામ દેશમાં જ નહીં વિદેશોમાં પણ ગુંજતું થયું છે. આ ટેકનોલોજીના ઉપયોગના કારણે સરકારે લીધેલા વિવિધ પગલાંઓ થકી આ ક્ષેત્રમાં વિપુલ પ્રમાણમાં મૂડી રોકાણ અને રોજગારીની તકોનો આજના સમયમાં ઉદભવ થઈ રહયો છે જે ગૌરવની બાબત છે. છેલ્લા કેટલાક વર્ષોથી સરકારી તંત્રમાં ઈન્ફોરમેશન ટેકનોલોજીના ઉપયોગને સરકાર પ્રોત્સાહન આપે છે ત્યારે મારે ગૌરવ સાથે કહેવું છે કે ટેકનોલોજીનો સૌથી વધારે ઉપયોગ આ રાજય સરકારે લોક કલ્યાણ માટે કરી રહી છે. ટેકનોલોજીના ઉપયોગનો મૂળ હેતુ દરેક નાગરિકની અભિમુખ સેવાઓ પૂરી પાડવી તેમજ દરેક નાગરિકનું જીવન ધોરણ સુધારવાનો છે. આ ટેકનોલોજીને કારણે અંતરીયાળ ગામનો છેવાડાનો માનવી રાજય સરકાર સાથે સીધો સંપર્ક કરી શકે છે અને સરકાર પણ ઘડીની પળમાં આ નેટવર્કથી ગામડાંઓસુધી પહોંચી શકે છે. પહેલાના સમયમાં પ્રજાનો કોઈ પણ માણસ રાજા પાસે ન્યાય માંગવા જતો ત્યારે રાજાની મહેલની બહાર ઘંટનો નાદ કરી ન્યાય માટે અપીલ કરતો હતો. એ જ પ્રક્રિયાને આજે ટેકનોલોજીના યુગમાં પ્રજાની વચ્ચે રહેતા રાજયના મુખ્ય મંત્રીશ્રી સ્વાગત કાર્યક્રમ દ્વારા પ્રસ્તુત થઈ પ્રજાલક્ષી કાર્ય કરી રહ્યા છે. આજે રાજય વ્યવસ્થાના સંચાલનમાં કરોડરજ્જુ સમાન જીએસ્વાન ઈન્ટ્રાનેટનો આપણે સૌ ઉપયોગ કરી રહ્યા છીએ. ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં સ્વાન પ્રોજેકટસમાં સફળતાપૂર્વક સમયગાળો પૂર્ણ કરનાર પ્રથમ રાજય છે. આ નેટવર્ક દ્વારા જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાની કચેરીઓને મોટી સંખ્યામાં જોડી દેવામાં આવેલ છે જે અભૂતપૂર્વ સફળતા છે. સાયન્સ અને ટેકનોલોજી વિભાગની ઘણી બધી સંસ્થાઓ સ્થાપવામાં આવી છે. જી.આઈ.એલ. જેવી આઈ.ટી.ની મોટી કંપનીઓ વિદ્યાર્થીઓ માટે સાયન્સ સીટી, વિજ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે ગુજકોસ્ટ ઉપરાંત બાયસેગ, બાયોટેકનોલોજી મીશન તેમજ ઈન્સ્ટીટયુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ જેવી સંસ્થાઓ ગુજરાતના સર્વાંગી વિકાસમાં કામ કરી રહી છે. ઈન્ફોરમેશન ટેકનોલોજીથી આગળ બાયોટેકનોલોજીનો સમય છે. જે જીવનનાં ધોરણને બદલી નાખવા માટે સક્ષમ છે. બાયોટેકનોલોજી ખાસ કરીને કૃષિ, ઉદ્યોગ અને આરોગ્ય માટે વિશેષ આશિર્વાદરૂપ પુરવાર થવાનું છે. ત્યારે બાયોટેકનોલોજી મીશન જે રીતે કામ કરી રહ્યું છે તે રીતે આવતા દિવસોમાં પ્રત્યેક ક્ષેત્રને ચોકકસ પ્રભાવિત કરશે. અત્યારે સાયન્સના વિદ્યાર્થીઓ વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરી રહયા છે ત્યારે આ વિદ્યાર્થીઓ પણ બાયોટેકનોલોજીને સમજે તે માટે સંશોધન કરવા રાજય સરકારે લેબોરેટરી

અને પુરક સંશાધનો ઉપલબ્ધ કરાવવાનો જે નિર્ણય લીધો છે તે આજના સમય માટે ખૂબ જ આવકાર્ય છે. અને સરકારના આ પ્રયાસથી બાયોટેકનોલોજીના સંશોધનોમાં ઉંચા ધોરણો સ્થાપિત કરી શકીશું. રાજયનો સૌથી લાંબો ૧૬૦૦ કિલો મિટરનો દરિયા કિનારો આપણી પાસે ઉપલબ્ધ છે. શિક્ષક તરીકે માત્ર ૧૬૦૦ કિલો મીટર દરિયા કિનારાનો ઉપયોગ ખાલી જગ્યા પુરાવવા માટે આપણે વિદ્યાર્થીઓને કરાવતા હતા. આજે વાસ્તવીકતાના ફલક ઉપર મુકવાનું કામ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કર્યુ છે. આજ સુધી કોઈએ આ સમુદ્રની જૈવિવિધતાને સમજવાનો પ્રયત્ન સુધ્ધા કર્યો ન હતો. ત્યારે રાજયના સન્માનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈની દીર્ઘદૃષ્ટિના ફલ સ્વરૂપે આ દરિયામાં રહેલી વનસ્પતિ તેમજ જીવજંતુ અને અનેક વિષયોના અભ્યાસ કરવા માટે મરીન બાયોટૅક્નૉલૉજીની સ્થાપના કરવામાં આવી છે. મારે ચોક્કસપણે કહેવું છે કે દરિયા કિનારાના આ ભરપૂર ઉપયોગ અને સમજદારી માટેનો કોઈને પણ યશ આપવો હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈને જ આપી શકાય.

આપણે સૌ જાણીએ છીએ કે રામાયણમાં લક્ષ્મણને બચાવવા જડીબુટ્ટીનો ઉપયોગ થયેલો. સમયાંતરે લુપ્ત થતી ઔષધિય વનસ્પતિ ઉપરાંત જૈવિક વનસ્પતિ જે માનવ જીવન માટે ખૂબ જ જરૂરી છે તેમાં સંરક્ષણ માટે બાયોજીન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે અને આના કારણે આપણે જે દુર્લભ વનસ્પતિ છે તેને બચાવી પણ શકીશું.

બાયોટૅક્નૉલૉજી જે જ્ઞાન આધારિત અર્થતંત્રનો એક ભાગ બનવા જઈ રહ્યો છે ત્યારે સંશોધન, શોધ અને ઉદ્યોગ સાહસિકતા દ્વારા આ તંત્રને બળ મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગકારો માટે બાયોટૅક્નૉલૉજી હાઈરીસ્ક સાથે હાઈ રીટર્ન આપતું સાહસ છે. જેનો લાભ અનેક ઉદ્યોગપતિઓ લઈ રહ્યા છે. આ પ્રકારના સાહસોને માળખાગત સુવિધા પૂરી પાડવા ગુજરાતમાં બાયોટૅક્નૉલૉજી પાર્કની સ્થાપના કરવામાં આવી છે. બાયોટૅક્નૉલૉજી વિવિધ ક્ષેત્રોમાં જોડાયેલું છે જેમ કે સમુદ્રી જૈવિવિધતાના અભ્યાસ અને વિકાસ માટે મરીન રીસોર્સ સૅન્ટર, વનસ્પતિના સંરક્ષણ માટે બાયો ડાયવરર્સિટીજીન બૅંક, ગુના નિવારણ માટે ડી.એન.એ. ટેસ્ટીંગ અને ફીંગર પ્રિન્ટિગ, શિક્ષણને બળ આપવા માટે વર્ચ્યુઅલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બાયોટૅક્નૉલૉજી. કૃષિના ઉત્પાદનમાં ગુણવત્તા અને પાક વધારવા માટે બાયો એગ્રો ટૅક્નૉલૉજી આમ બાયોટૅક્નૉલૉજીના વિકાસથી તમામ ક્ષેત્રો લાભાન્વિત થશે. મારું તો માનવું છે કે આવતા દિવસોમાં બાયોટૅક્નૉલૉજીના ઉપયોગથી પ્રદૂષણ જેવી મોટી સમસ્યામાંથી મુકિત મેળવી શકીશું તેમાં બે મત નથી.

અંતમાં આવતા દિવસોમાં બાયોટૅક્નૉલૉજીના વિકાસ, સંશોધન અને ઉપયોગથી દેશમાં જ નહિ પણ વિશ્વમાં ગુજરાત શિખર પર હશે.

માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું.

**શ્રી લક્ષ્મણભાઈ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માહિતી અને પ્રસારણ વિભાગની માગણી લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે અને આ જ્ઞાનના યુગમાં માહિતીનું આદાન પ્રદાન એક આગવી બાબત છે. કારણ કે આજે સમગ્ર વિશ્વ માહિતીના યુગમાં જીવે છે, આ માહિતી અને પ્રસારણ વિભાગ છે એ રાજય સરકારની જે યોજનાઓ છે એ પ્રજા સુધી પહોંચે એનું સરળ કોમ્યુનિકેશનથી ખૂબ સારો લાભ આ વિભાગ થકી મળી રહ્યો છે ત્યારે એ પ્રજા અને સરકાર વચ્ચે સેતુ બની રહ્યો છે. રાજયની સ્થાપનાથી માંડીને આજે ગુજરાતની સ્વર્ણિમ જયંતિ ઉજવી રહ્યા છીએ ત્યારે સરળ કોમ્પ્યુનિકેશન દ્વારા સામૂહિક માધ્યમોનો ઉપયોગ કરીને આ વિભાગે સારી ભાત પાડી છે અને એક આગવો કાર્યક્રમ આપ્યો છે. પ્રત્યેક ક્રાંતિના યુગમાં આજે જ્યારે કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટ છે ત્યારે એની ઝડપે આ વિભાગે તાલ મેળવીને આ ગુજરાતના માધ્યમની એક સારી ભાત પૂરી પાડી છે.

મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે મુદ્રિત માધ્યમો તો ઠીક ચાલે છે અત્યારે સુધી પણ વિજાણું માધ્યમો તથા ઈ મિડિયાનો સાધનો થકી આજે એમણે સજજતા કેળવીને આધુનિક ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને આજે જે માહિતી આદાન પ્રદાન કરવામાં આવે છે એના અંગે આ વિભાગની આપણે ખરેખર નોંધ લેવી જોઈએ. આ ફક્ત સરકાર અને પ્રજા વચ્ચેનું સરકારનું સાધન છે એવું નથી. પરંતુ લોકોની જે અપેક્ષા છે અને લોકો દ્વારા જે અપેક્ષા હોય છે એ લોક વર્ણનને ફીડબેક કરીને રાજય સરકાર સુધી પહોંચાડવાનું કામ પણ માહિતી વિભાગ કરે છે ત્યારે ખરેખર હું અભિનંદન આપું છું. મેં અગાઉ કહ્યું તેમ આ માહિતી વિભાગ રાજય સરકાર અને પ્રજા લક્ષી કાર્યક્રમો થકી જોડતી માહિતીની કડી છે. ત્યારે આવી અગણિત ચેનલો દ્વારા ખાનગી અને કેબલ ટી.વી. દ્વારા જગત ભરના પ્રસારણો આજે ગુજરાતમાં ઉપલબ્ધ બન્યા છે ત્યારે એ સામાન્ય પ્રજા માટે ખૂબ ઉપયોગી બન્યા છે અને આ વિભાગે એક ધારેલી સફળતા પાર પાડી છે. મિડિયા લાઈઝીંગ એ માહિતી ખાતાનું એક આગવું અંગે છે અને તેથી જ સમાચાર શાખાને ન્યૂઝ એન્ડ મિડિયા લાઈઝનીંગનું નવું નામકરણ આપ્યું છે. ઈલેકિટ્રક મિડિયાના સાધનો દ્વારા ઈલેકિટ્રક મિડિયાની શાખાને એકદમ કાર્યાન્વિત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાઓમાં પણ અતિ આધુનિક કૅમેરા સહિત જ્યારે તેમની ટીમ તૈયાર હોય છે ત્યારે એકેએક માહિતીનું અહીં પ્રદાન કર્યું છે. હમણાં જ આપણી સ્વર્ણિમ જયંતિ ગઈ. એની તમામ વિડિયોગ્રાફી કરીને સરસ પ્રસારણ થયું તેનો યશ માહિતી ખાતાને જાય

છે. ફક્ત સમાચારોમાં જ નહીં પણ ક્યારેક એવી કોઈ કમનસીબ ઘટના બને, કોઈ આકસ્મિક બનાવ બને ત્યારે પણ આ સમાચાર માધ્યમ માટે આ માહિતી વિભાગ ખૂબ સારું કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે જ્યારે મેગા ઈવેન્ટ બને ત્યારે સમાચાર લેખો, ફોટોગ્રાફી, સાફલ્ય ગાથા વગેરે માધ્યમો દ્વારા તથા વિડિયો કવરેજ દ્વારા ખૂબ સારું માહિતીનું પ્રસારણ આ વિભાગ કરે છે. ઈ-ગવર્નન્સનો જો કોઈ સારામાં સારો ઉપયોગ કર્યો હોય તો માહિતી ખાતાએ કર્યો છે. રોજબરોજની માહિતી અહીં લોડીંગ થાય છે અને તે સમાચાર માધ્યમોમાં મળે છે. આ ખાતાની વેબસાઈટમાં પણ આપણને સરસ માહિતી મળી શકે. તેની ફોટો ગેલેરી છે તે પણ ખૂબ આકર્ષક રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી ટેન્ડરો પણ હવે આ વેબસાઈટ ઉપર નીકળે છે. મારે એક વાત કરવી છે કે આ " ગુજરાત" પાક્ષિક છે, તેને જે સમર્થન મળ્યું છે, તેનું કવરેજ, તેમાં કંઈક નવીનતા લાવીને આજે લગભગ બે લાખ કરતા વધારે નકલોનો ફેલાવો ધરાવે છે. રૂપિયા ૫૦/-માં પડે. મારા મિત્રો બહારથી આવતા, પરદેશથી આવતા મિત્રો કહેતા, આજે મારે આનંદ સાથે કહેવું પડે છે. આ સરકારે તેનું ત્રિમાસિક અંગ્રેજી મેગેઝીન પણ શરૂ કર્યું છે. ખૂબ સારી બાબત છે. જેની નોંધ વિદેશોમાં પણ લેવાઈ છે. જ્યારે આપણે બધા સ્વર્ણિમ જયંતિના માધ્યમથી અન્ય રાજયોમાં ગયા ત્યારે પણ આ વસ્તુની ખૂબ સારી નોંધ લેવાઈ છે. આ ફક્ત એક જ કામ નથી કરતું પણ લોક શિક્ષણનું કામ  પણ કરે છે. ડાયરાઓ, શેરી નાટકો, મનોરંજન કાર્યક્રમ દ્વારા લોક શિક્ષણનું કામ આપે છે. આદિવાસી વિસ્તારમાં લોક સહકારથી જ્યાં ટી.વી. સેટ ગોઠવ્યા છે અને સરહદના જવાનો માટે પણ ટી.વી. સેટ ગોઠવ્યા છે. એ ખૂબ સારું કામ થઈ રહ્યું છે. અંગ્રેજી ભાષામાં ત્રિમાસિક મેગેઝીન બહાર પડ્યા પછી પણ આપણે એવા ઘણા પ્રકાશનો બહાર પાડ્યા છે. એગ્રીકલ્ચર મિરેકલ ઑફ ગુજરાતનું અંગ્રેજી ભાષાનું પ્રકાશન પણ આ વિભાગે બહાર પાડ્યું ત્યારે ખૂબ આનંદની વાત છે. દીપોત્સવી અંક છે એ ઘણાં કલારસિક અને સાહિત્યિક મિત્રો માટે ખૂબ આનંદદાયક બાબત છે. આપણો દીપોત્સવી અંક ખૂબ સારી રીતે પ્રકાશિત થાય છે. ઘ ણી બધી ફિલ્મો પણ બની રહી છે અને દસ્તાવેજી ફિલ્મો દ્વારા પણ ગુજરાતના વિકાસની ગાથા ગવાઈ રહી છે ત્યારે મારે આટલું જ કહેવું છે..

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી..

**શ્રી વજુભાઈ વાળા (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જે સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ લઈએ આવ્યો છું તેમાં માનનીય સભ્યશ્રીઓએ જે પોતાના મંતવ્યો રજૂ કર્યા છે અને જે કંઈ ક્ષતિ હોય એ ક્ષતિ તરફ પણ તેમણે નિર્દેશ કરેલા છે. એ જે ક્ષતિ છે એ ખરેખર ક્ષતિ છે કે સમજમાં કોઈ ફેર છે એટલા જ માટે થઈને પહેલાં માનનીય શકિતસિંહજીએ જે વાત કરી તેમાં પહેલી જ જે વાત હતી કે લોકાયુકતની નિમણૂંક માટે થઈને આ સત્તા ગવર્નર શેલ એપોઈન્ટ એવી રીતે વાત છે. સેકશનમાં સ્પષ્ટ વાત છે કે ગવર્નરે જ આની નિમણૂંક કરવાની હોય છે પણ ગવર્નરે નિમણૂંક કરતા પહેલાં તેને હાઈકોર્ટના જજ પાસેથી તેમનો પરામર્શ કરવાનો હોય, વિરોધપક્ષનો પરામર્શ કરવાનો હોય અને પછી એ સરકાર એ પરામર્શનો રિપૉર્ટ હોય એ ગવર્નરને મોકલે અને ગવર્નરશ્રી એ તેની એપોઈન્ટમેન્ટ કરે છે. આ બાબતમાં કાર્યવાહી કરીને અત્યારે જે પ્રોસીજર છે, હું વિશેષ નહીં કહું, કારણ કે આ અધિકાર ગવર્નરશ્રીનો છે. એટલે ક્યારે ક્યારે શું પ્રોસીજર થઈ તે પ્રોસીજરમાં વિરોધપક્ષના નેતાશ્રીનો  સંપર્ક કર્યો, થયો, ન થયો, શું થયું અથવા તો ત્યારે હાઈકોર્ટના જજ સાથે શું વાત થઈ.એ ડિટેઈલમાં કહેવાની વાત નથી. પણ આજે એટલું કહીશ કે, રાજય સરકારે આ લોકાયુકતની નિમણૂક કરવા માટે થઈને તૈયાર છે અને આ પરિસ્થિતિ છે. જે પરામર્શના આધારે છે. હાઈકોર્ટના જજ પાસે એના કાગળો પડ્યા છે. ત્યાંથી આવ્યા પછી એ ગવર્નરશ્રીને મોકલીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળની અંદર એનું વર્તન અને એ યોગ્ય રીતે થતું નથી. આ ગૌણ સેવા પસંદગી મંડળ રાજય સરકાર કરતાં ઈન્ડીપેન્ડન્ટ છે. એની સત્તા, એની કાર્યપદ્ધતિ એ પણ બધું જુદી રીતે હોય છે. જીપીએસસી બાબતમાં ધ્યાન દોરવા જેવા મુદ્દા હોય તો આ બાબતમાં આટલું ધ્યાન દોરવા જેવું છે. એની વસ્તુ બહુ જુદી છે. સભ્યશ્રીએ કહ્યું કે, ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા એપોઇન્ટમેંટની કામગીરી થઈ નથી. નિમણૂક માટેની પહેલાં જે પદ્ધતિ હતી એ બદલાઈ છે. પહેલાં જીપીએસસી અને ગૌણ સેવા પસંદગી મંડળ બન્નેની પહેલાં પદ્ધતિ એવી હતી કે, તેઓ અરજીઓ મંગાવે, એ પછી એની સ્ક્રૂટીની થાય, એ પછી એનું લિસ્ટ તૈયાર થાય અને પછી એના ઈન્ટરવ્યુ માટે મોકલવાની વાત હતી. આ જે પદ્ધતિ છે એને બદલીને હવે ઈલેક્ટ્રો નીક મિડિયા આધારિત કમ્પ્યુટર આધારિત નવી પદ્ધતિ દાખલ કરી છે. એમાં ઓનલાઈન અરજી કરવામાં આવે અને કમ્પ્યુટર દ્વારા જ એક સોફટવેર દ્વારા એની ચકાસણી થાય અને પછી જેટલી અરજીઓ આવી હોય એનું લિસ્ટ આપણને મળી જાય અને એ મળેલ લિસ્ટ પ્રમાણે આપણે ઈન્ટરવ્યુ માટેની કાર્યવાહી કરી શકીએ. એટલે જે મેન્યુઅલી વર્ક થતું હતું એના બદલે કમ્પ્યુટર દ્વારા વર્ક થાય છે અને એનાથી સમયની ખૂબ બચત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી કે, ભરતી થતી નથી. છેલ્લા પાંચ વર્ષમાં ૨૪૮૨૦ અરજીઓ જીપીએસસી અને ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આપણે મંજૂર કરી છે અને બધાને નોકરીમાં રાખ્યા છે અને ચાલુ નાણાકીય વર્ષમાં એટલે કે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગુજરાત જાહેર સેવા આયોગે ૧૨૪૭ ઉમેદવારોની અને ગૌણ સેવા પસંદગી મંડળે ૨૩૦૦ ઉમેદવારોની ભલામણ કરેલ છે અને આ પદ્ધતિ પૂર્ણ થાય

ત્યારે નવા લોકોની નિમણૂક થઈ જશે અને જીપીએસસી દ્વારા ૭૫૬૯ લોકોની ભરતી કરવાની છે અને એના માટે રાજય સરકાર તરફથી લિસ્ટ મોકલવામાં આવ્યું છે અને એ રીતે ગૌણ સેવા પસંદગી મંડળ માટે થઈને પણ ૪૨૫૪ જેટલી જગ્યાઓ માટે લિસ્ટ મોકલાવ્યું છે. એટલે આ પ્રમાણે લગભગ ૧૨૦૦૦ લોકોની ભરતી માટેનું લિસ્ટ ગૌણ સેવા પસંદગી મંડળ અને જીપીએસસી પાસે આ મોકલાવેલું છે અને અત્યારે કમ્પ્યુટર પદ્ધતિથી વહેલામાં વહેલી તકે આ મળી જાય એ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું સભ્યશ્રીએ વાત કરી કે, રહેમ રાહે નોકરી છે એ આપવામાં આવતી નથી. રહેમરાહે નોકરી આપવા માટે થઈને પણ આપણે એ નિમણૂક કરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળને અરજીઓ આપીએ છીએ અને છેલ્લા પાંચ વર્ષમાં ૨૪૨૧ લોકોને આપણે નોકરીએ રાખ્યા છે અને ચાલુ વર્ષની અંદર ૩૭૦ આશ્રિતોને રહેમરાહે નિમણૂક આપવા માટે ઉમેદવારોની ફાળવણી કરવામાં આવેલ છે. એટલે જીપીએસસીની કાર્યપદ્ધતિ છે એ પ્રોપર પ્રોસીજર પ્રમાણે એના કાર્યક્રમ પ્રમાણે ચાલે છે અને સંતોષકારક કામગીરી માટે થઈને આ વાત છે. બીજું શ્રી શકિતસિંહે વાત કરી, મહાત્મા મંદિર માટે. જેના માટે મંદિર કરીએ છીએ એ મહાત્મા ગાંધીજી થર્ડ ક્લાસના ડબ્બાની અંદર મુસાફરી કરતા હતા. આ દેશ ૧૯૪૭માં સ્વતંત્ર થયો. સત્તા ઉપર કોંગ્રેસ આવી, અને થર્ડ કલાસના ડબામાં મુસાફરી કરવાનું જો કોંગ્રેસે એ વખતથી ચાલુ રાખ્યું હોતને તો આજે એકેય મંત્રીમંડળના લોકો પ્લેનમાં ના ફરતા હોત. અને હું એથી પણ કહીશ, આજે આ શિખામણ અમને ગુજરાતમાં આપો છો તો આ દિલ્હીવાળાને કહોને, એ કોણ ગાડીની અંદર મુસાફરી કરે છે, એ કોણ કારમાં મુસાફરી કરે છે, આજે કોઈ માણસ ગાડીમાં મુસાફરી કરે છે, પ્લેનમાં મુસાફરી કરે છે કે સ્પેશિયલ પ્લેનમાં મુસાફરી કરે છે, એ જોવાતું નથી, એ સમયનો બચાવ કરી અને પોતાના રાજયના વિકાસ માટે કેટલો સમય ફાળવે છે ને એ મહત્ત્વનું છે. અને આપ સૌ જોઈ શકો છો કે. છેલ્લા દસ વર્ષની અંદર ગુજરાત રાજયની તાસીર બદલી નાખી છે. પૈસાનો બચાવ કરવાની જરૂર નથી. સમયનો બચાવ કરી અને કામ કરવાની જરૂર છે. બાકી અહીંથી ગાડીમાં બેસીને થર્ડ ક્લાસના ડબામાં આજે બેઠા અને કાલ સવારે તમે દિલ્હીમાં પહોંચો અને પાછા વળી થર્ડ ક્લાસમાં મુસાફરી કરો એ વેસ્ટ ઑફ ટાઇમ છે. બદલાતા જતા સંજોગોમાં તમામ લોકો એ રીતે કરે છે. બાકી જે એમ કહે છે કે હવાઈ જહાજનો (અંતરાય) દિલ્હીમાં જવા માટે ઘણી ફ્લાઈટો છે. (અંતરાય) બીજી માનનીય શકિતસિંહજીએ વાત કરી કે અમારા કોંગ્રેસના લોકોના નામ કોઈ કાર્યક્રમમાં હોતા નથી, અને બીજાના હોય છે. રાજય સરકાર તરફથી સૂચના છે, કે કોઈપણ જગ્યાએ કાર્યક્રમ હોય અને સરકારી કાર્યક્રમ હોય તો એ ધારાસભ્ય હોય, લોકસભાના સભ્ય હોય એને આપણે આમંત્રણ આપવું જોઈએ અને જો એ કાર્યક્રમમાં એનું નામ રાખવાનું હોય તો એની સંમતિ લઈ અને પછી એનો અતિથિ વિશેષ તરીકે, ઉદ્‌ઘાટક તરીકે, પ્રમુખ તરીકે એ નામ એની નામ એમની સંમતિ લઈ અને કરવાનું હોય છે. .. અંતરાય .. તમે સાંભળો.. મારે આજે સૂચનો છે એ રીતે અને ત્યાર પછી જો ધારાસભ્ય કે લોકસભાના સભ્યનું નામ ન હોય છતાં એ માનનીય સભ્યશ્રી આવે તો એને ડાયસ ઉપર બેસાડવાની વ્યવસ્થા કરવી જોઈએ, એનું પત્રિકામાં નામ છાપવાની જરૂર નથી. આ બહુ સ્પષ્ટ વાત છે. આ કાર્યક્રમ માટે થઈને અને વિશેષ નહીં કહું, (અંતરાય) કોઈ રીતે સવાલ નથી. અંતરાય ..

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર .. ઑર્ડર .. પ્લીઝ અંદર અંદર ચર્ચા ના કરો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચા માટે નથી પણ આમંત્રણ પત્રિકામાં નામ છાપવું કે ન છાપવું એ રીતે એ નક્કી કરવા માટે થઈને રાજય સરકાર તરફથી કોઈ સૂચના નથી પણ ધારાસભ્યને કાર્ડ મોકલાવવાનું અને એ આવે તો એને યોગ્ય સ્થાન આપવાનું એટલી વાત આ જે સરકારી સૂચનાની અંદર કરેલી છે. માનનીય સિધ્ધાર્થભાઈએ જે વાત કરી હતી, આપે કહ્યું કે સામાન્ય વહીવટ વિભાગમાં કાયમી નોકરીને બદલે ફીકસ પગારથી નોકરી થાય છે, ડૉકટર, પોલીસ બધા ફીકસ પગારમાં આપે છે. અત્યારે જરૂરિયાત મુજબ ફીકસ પગારમાં જેને નોકરી આપીએ છીએ, દા.ત. વિદ્યા સહાયકને નોકરી આપીએ તો એને કહીએ છીએ કે ૫ વર્ષ પછી તને પરમેનન્ટ કરી દેવામાં આવશે, આ બધી બાંહેધરી એને મળે છે કે હું નોકરીમાં કાયમી થઈ જઈશ, એટલા માટે એ નોકરીની અંદર ૨ વર્ષ, ૩ વર્ષ, ૫ વર્ષનો ગાળો હોય છે અને આપને યાદ દેવરાવું કે આ ભા.જ.પ.ની સરકાર છે ત્યાં લોકોને જો નોકરીમાં ના રાખ્યા હોતને વિદ્યા સહાયકોને તો એ બેકાર ફરતા હોત અને કોંગ્રેસના શાસનની વાત કરું કે સ્વર્ગિય શ્રી છબીલદાસભાઈ મહેતાના વખતની અંદર આ રાજય સરકારમાં ચાલુ કર્મચારી ઉપર ૨૦ ટકાનો કાપ મૂક્યો હતો અને તમામ નવી ભરતીઓ બંધ રાખવામાં આવી હતી, આ સરકારનો પરિપત્ર છે કે ૨૦ ટકા કાપ મૂકવો અને નવી ભરતીઓ બંધ કરવી. અમે તો આ બેકાર યુવાનોને રોજગારી આપવાની વાત કરીએ છીએ, અને માનનીય બાવકુભાઈએ કહ્યું કે સરદાર પટેલે કહ્યું હતું કે કામ બોલશે પ્રસિદ્ધની જરૂર નથી. કામ બોલશે અને પ્રસિદ્ધિની જરૂર નથી મને એ વાત કહેવાની જરૂર નથી. સરદાર વલ્લભભાઈ પટેલે જે કહ્યું હતું એ માનો એના કરતાં હું કહું છું કે તમારે માનવાનું હોય તો પૂજ્ય મહાત્મા ગાંધીજીનું માનો. મહાત્મા ગાંધીજીની છેલ્લી ઈચ્છા એ હતી કે આ કોંગ્રેસનું વિસર્જન કરો. હવે તમે તો ન કરી શક્યા પણ એ કામ અમારે ભાગે આવ્યું છે. અમારે ભેગા થઈને વિસર્જન કરવું પડશે. બાકી જે વાતો છે એ મારી પ્રગતિની વાતો છે. એ સિવાય બીજા કોઈ સભ્યશ્રીએ વાત નથી કરી. મારા તમામ વિભાગો છે એ તમામ વિભાગો અત્યારે ચૂંટણી પંચમાં બરાબર વ્યવસ્થિત રીતે કામ કરે છે. (અંતરાય) ચૂંટણી પંચ છે એ જે મતદાર યાદી નક્કી કરે છે, એ જ આપણે સ્વીકાર કરીએ છીએ

અને એ સ્વીકારેલ મતદાર યાદીમાં ફક્ત ફેરફાર એટલો હોય છે કે એના જે બુથોની સંખ્યા હોય છે એ સંખ્યાને બદલે (અંતરાય) આપણી પાસે સંખ્યા વધુ હોય છે એટલે આપણે આપણા બુથ નાના હોય છે અને કેન્દ્ર સરકાર લોકસભા અને વિધાનસભા માટે મોટા બુથ નક્કી કરે છે અને એમાંથી આજે પણ કેન્દ્રીય પંચે નક્કી કર્યું છે કે એકેએક બુથ માટે એક ઈન્ચાર્જ નીમવો અને એ ઈન્ચાર્જ કોઈનું મતદાર યાદીમાં નામ રહી ગયું હોય તો ઉમેરશે. આના માટે ચૂંટણી પંચ સૂચનાઓ આપે છે. એના માટે વાર્ષિક કાર્યક્રમ હોય છે. ત્રણ-ચાર વર્ષે સઘન કાર્યક્રમ આપે છે. આ બધા કાર્યક્રમો ચૂંટણી પંચ દ્વારા થાય છે. એટલે ચૂંટણી પંચનું કામ નિષ્પક્ષ રીતે અને તટસ્થ રીતે સારી રીતે ચાલી રહ્યું છે. બાકી કોઈ સભ્યશ્રીએ પોતાની શંકા વ્યક્ત કરી નથી. એટલે મારી માગણીઓ છે એ માગણીઓ મંજૂર રાખવામાં આવે એવી મારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવી છે. એક બાબત એ કે માનનીય રાજ્યપાલશ્રીએ માનનીય ચીફ જસ્ટીસ પાસેથી એક નામ મગાવી પરામર્શ કરી અને એક નામ લોકાયુક્ત માટે આપને મોકલી આપેલ છે. એ પછી ઢીલ ન થવી જોઈએ. ફરી મોકલવાની જરૂર નહીં. એ કેટલા સમયમાં કરવા માગો છો? કેમ કે ચીફ જસ્ટીસ ઑફ ધી હાઈકોર્ટે નામ મોકલ્યું, ગવર્નર સાહેબે એક જ નામ મોકલ્યું છે. એ કેટલા સમયમાં કરવા માગો છો? અને બીજું આપે મહાત્મા ગાંધીજીનો જે સંદર્ભ ટાંકીને કહ્યું, હકીકત તો એ છે કે ખરેખર શું એ વાત કરી છે? અમારું તો ઠીક છે પણ અમારું કરવા જતાં તમારી એન.ડી.એ.નું વિસર્જન આપના કારણે થઈ ગયું એ વાત સાચી છે?

**શ્રી વજુભાઈ વાળા** : ક્યારે કોનું વિસર્જન અને સર્જન થાય એ રાજકારણમાં કંઈ કરવું નહીં. એ તો કઢીનો ઉભરો છે. આજે દિલ્હીવાળાનો હોય તો પણ બેસી જાય અને જે માણસ દેશના વડાપ્રધાન તરીકે રહ્યા હોય એ સામાન્ય માણસ સામે ચૂંટણી હારી જાય છે. (અંતરાય) એટલા માટે પોલિટિકલ જવાબ નથી. એમણે લોકાયુક્તની વાત કરી એટલા માટે કહેવાનું કે આ સત્તા ગવર્નરશ્રીને છે. વિરોધ પક્ષના નેતા અને હાઈકોર્ટના જજશ્રીના પરામર્શમાં રહીને રાજ્ય સરકારે ગવર્નરશ્રીને મોકલાવીને...(અંતરાય) આજે ચર્ચા કરીશું તો મારી પાસે લિસ્ટ છે કઈ કઈ તારીખે શું શું કર્ય અને એમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ ક્યારે ક્યારે શું કહ્યું એની ચર્ચા અહીં ન કરીએ. કારણ કે આ સત્તા ગવર્નરશ્રીને છે. આ પત્ર હાઈકોર્ટના ચીફ જસ્ટીસ પાસે પેન્ડીંગ છે. એ જવાબ આપશે પછી સરકાર પોતાની આગળની કાર્યવાહી કરશે.

**શ્રી ઈકબાલ પટેલ** : આમાં એમ છે કે માનનીય મંત્રીશ્રીએ પ્રવચન દરમિયાન ધારાસભ્યનું ફંડ વધારવા માટેની જે માગણી કરેલ હતી, યુ.પી.એ. સરકારે બે કરોડમાંથી પાંચ કરોડ કરેલ છે. તો ૫૦ લાખથી વધારે ગ્રાન્ટ કરવા માગો છો કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : આ એમનું સૂચન છે. જ્યારે વિચાર કરવાનો હશે ત્યારે થશે. એના માટે અત્યારે કોઈ નિર્ણય ન થાય.

**શ્રી જયનારાયણ વ્યાસ ( માહિતી અને પ્રસારણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મારી માગણી ઉપર બંને પક્ષેથી અનેક માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે, એમાં કેટલાંક ખૂબજ ઉપયોગી અને રચનાત્મક સૂચનો થયા છે અને એની અમે સાભાર નોંધ લીધી છે.

**સભાપતિશ્રી ડૉ. નીમાબેન બી. આચાર્ય અધ્યક્ષ સ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચાઓમાં કેટલાક મુદ્દાઓ પણ ઉપસ્થિત કરવામાં આવ્યાં છે. સામાન્ય ચર્ચા પર જતાં પહેલા જે મહત્ત્વના મુદ્દાઓ ખાસ કરીને માહિતી અને પ્રસારણને લગતા ઉપસ્થિત કરવામાં આવ્યાં છે એની તરફ હું આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરી કેટલીક સ્પષ્ટતાઓ કરવા માગુ છું. રાજ્ય સરકાર માહિતી ખાતાને એના પ્રચાર માટે વાપરે છે અને માહિતી ખાતાનું કામ માત્ર રાજ્ય સરકારના પ્રચારના ગુણગાન ગાવાનું છે એવું કહેવાયું ત્યારે હું આ રાજ્યના પ્રથમ માહિતી નિયામક અને મુંબઈ રાજ્યના કોઈ માહિતી નિયામક માનનીય સદ્દગત મણીભાઈ શાહની સંસ્મરણ પુસ્તકમાંથી હું પોતે, રાજ્ય સરકાર અને માહિતી ખાતું એને લગતી કેટલીક પંકિતઓ એના જવાબમાં ટાંકવા માગુ છું. આ પુસ્તકના પાના ૮૯ ઉપર એમ કહેવામાં આવ્યું છે કે પરિષદમાં મુખ્યપ્રધાન બાળા સાહેબ ખેર, માહિતી ખાતાના પ્રધાન મોરારજીભાઈ આવ્યાં હતા. મોરારજીભાઈએ કહ્યું કે, "તેમને પબ્લિસિટી ખાતાની કોઈ જરૂર લાગતી નથી અને જે રીતે વહીવટ ચલાવીશું તે જોઈને લોકો અભિપ્રાય બાંધશે. " પછી બાળા સાહેબ ખેર બોલ્યા, તેમણે કહ્યું કે "મોરારજીભાઈની વાત બરાબર નથી. લોકશાહીમાં સત્ય પણ નગારે વગાડીને કહેવું જોઈએ. " આઈ અનકોડ. આ માનનીય બાળા સાહેબ ખેરના પોતાના ઉચ્ચારણો છે. માનનીય અધ્યક્ષશ્રી, અને એને આ પક્ષે કે તે પક્ષે જોયા કરતા કોઈ પણ સરકાર માટે માહિતી ખાતાની અગત્યતા શું છે? અને જ્યારે મુંબઈ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું તે સમયે જ્યારે આ ખાતાનું સર્જન થયું હશે ત્યારે માહિતી ખાતાની રચના ક્યા વિચારોને, કયા મુદ્દાઓને કેન્દ્ર સ્થાને મૂકીને કરવામાં આવ્યું હશે એની આના ઉપરથી સ્પષ્ટતા થાય છે અને એટલે માહિતી ખાતું એની કામગીરી થકી સરકારની વાત જ પ્રજા સુધી લઈ જાય છે એ વાતને

સત્યનું સમર્થન સાંપ્ડતું નથી અને માહિતી ખાતા થકી કરવામાં આવતી ઘણી બધી અગત્યની અને ઉપયોગી બાબતો અંગે હું આગળ જતા ઉલ્લેખ્ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અંગે કહેવાયું. સદ્નસીબે મને વચ્ચે અવકાશનો સમય મળ્યો અને રિસૅસના સમયમાં મને લાગ્યું કે ગુજરાત ઉપર આ ટીકા થાય. ગુજરાત મેગેઝીન એ સરકારનું વાંજિંત્ર છે એ પ્રકારની વાત થાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી પક્ષના નેતાશ્રીઓના ફોટા ન છપાય. માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહી પદ્ધતિમાં આવું ચલાવી લેવાય જ નહીં અને છેલ્લું ગુજરાત જોશો તો માનનીય અધ્યક્ષશ્રી, દોરીને લઈ જતા ફોટામાં આપના નેતાશ્રીનો ફોટો પણ છે એની વાત ઉપર નથી આવતો પણ માનનીય અધ્યક્ષશ્રી, મને લાગ્યું કે, મારે આની નિષ્પક્ષપણે તપાસ કરવી જોઈએ અને એટલે કેટલાક જૂના ગુજરાતના અંકો લઈને હું જોવા બેઠો હતો કે પહેલા ગુજરાતમાં શું પ્રણાલી હતી ? હમણાં હમણાં બદલાઈ ગઈ છે તો સાહેબ, ગુજરાતમાં પહેલા પ્રણાલી શું હતી એના કેટલાક અંક મેં મંગાવ્યા અને આ બધા જ અંકો ઉપર આ સાહેબ, આ જે ગુજરાતના મુખ્ય મંત્રીઓના સાહેબ આપણે મુખ્ય મંત્રીશ્રીઓની વાતો કરીએ છીએ સાહેબ આ બધા જ અંકો ઉપર કોના ફોટાઓ છે? એ આ મેં જુના ગુજરાતના અંકો ભેગા કર્યા જેના પરથી જે અમને જે પ્રણાલીઓ, જે ઉચ્ચ પ્રણાલીઓ પાડવામાં આવી હતી એ ઉચ્ચ પ્રણાલીઓને સાહેબ યથાયોગ્ય રાખી છે જો અમે આવું કર્યુ હોય તો, પણ આવું નથી કર્યુ. આમાં અંદર પણ જવામાં કાંઈ બહું માલ નથી કારણ કે, અંદર તો વિરોધપક્ષનું કયાંય નામ નિશાન નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓએ જે વાત કરી એમાં ગુજરાત (આ તકે કોઈક સભ્ય બેઠા બેઠા, બ્રાહ્મણ જૂઠું ન બોલે એમ બોલતાં) બિલકુલ ના બોલે સાહેબ, પણ માનનીય અધ્યક્ષશ્રી, આ જૂઠું બોલે એને તો એવું કહેવું પડે કે, "જૂઠ બોલે કૌઆ કાટે". કારણ કે, બે-બે લાખનો ફેલાવો ધરાવતું મેગેજીન, આજે કોઈ પણ મેગેજીન કરતાં વધારે ફેલાવો "ગુજરાત મેગેજીન" ધરાવે છે એનું આપણને ગૌરવ હોવું જઈએ અને પહેલા સાહેબ "ગુજરાત મેગેજીન" મોકલવામાં આવતું હતું, એના સાહેબ રેપરો નહતા તોડાતા. આજે માણસ પૈસા ભરીને, લવાજમ ભરીને "ગુજરાત મેગેજીન" મેળવે છે અને વાંચે છે. એના છાપકામની ગુણવત્તાથી માંડીને એની વૈવિધ્ય સભર લેખન સામગ્રી એ આજના ગુજરાતની ગુણવત્તાનો પુરાવો છે અને એ માટે માહિતી ખાતાને હું અભિનંદન આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી બીજી વાત થઈ, આઉટ સોર્સિંગની. સાહેબ આ દેશમાં ૬૦ ટકા જી.ડી.પી. સર્વિસ સૅકટરમાંથી આવે છે. આઉટ સોર્સિંગ સાહેબ કોંગ્રેસમાં જે રીતે થાય છે એવું આઉટ સોર્સિંગ અમે નથી કરતા, પણ રેડિયો, દૂરદર્શન બીજા માધ્યમો એના ઉપર જે પ્રકારની ગુજરાતની છાપ, ગુજરાતીઓનું ગૌરવ, સ્વર્ણિમ જયંતી વર્ષમાં આપણે ગૌરવભેર જ્યારે સ્વર્ણિમ વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે એને અનુરૂપ સામગ્રી, એની ગુણવત્તા એ જરૂરી બને ત્યારે કાંઈક તો બહાર કામ કરાવવું પડે પણ મારે મારા સનમાનીય સાથી પક્ષના સભ્યશ્રીઓને યાદ અપાવવી છે કે, સાહેબ અમે તો ક્યાંક માહિતી ખાતાનું કામ આઉટ સોર્સિંગથી કરાવતા હતા અથવા તો કરાવતા હોઈશું એક સમય હતો સાહેબ કે આ રાજયનું બજૅટ આઉટ સોર્સિંગથી બહાર છપાતું હતું. બજૅટ ઈઝ ધ મોસ્ટ કોન્ફીડેન્શીયલ ડોકયુમેન્ટ, તમે એને આઉટ સોર્સિંગથી બહાર છપાવતા હતા અને સાહેબ આઉટ સોર્સિંગથી કોને ફાયદો થાય છે ? નાના નાના કામ કરતા પોતાના બળે ઊભા થયેલા ઉદ્યોગ સાહસિકો, કોઈ કલાકારો, કોઈ સ્ટુડિયોવાળા,કોઈ ફોટોગ્રાફર, કોઈ વિડીયોગ્રાફર શું તકલીફ છે આપણને આઉટસોર્સીંગ થાય છે તેમાં? આ આઉટસોર્સીંગ એ ટુજીસ્પ્રેકટમ કે આદર્શ સોસાયટી જેવું આઉટસોર્સીંગ નથી. એ આઉટસોર્સીંગ જરૂરી છે અને આઉટસોર્સીંગ કરાવીશું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ત્યારપછી મુદ્દો મારા સન્માનનીય મિત્ર અને આદરણીય સાથી પક્ષના નેતાશ્રીએ ઉઠાવ્યો કે અમને અમારી પત્રકાર પરિષદ હોય ત્યારે માહિતી ખાતુ વાહનોની સગવડ પત્રકાર મિત્રોને લઈ જવા લાવવા આપતું નથી. મને લાગ્યું કે આ ખરેખર ગંભીર બાબત છે એટલે તપાસ કરવી જોઈએ. મેં તપાસ કરી. તો હમણાં જ જો કે અમને આમંત્રણ નહોતું મળ્યું પણ ખબર પડી હતી. માનનીય સાથી પક્ષના નેતાશ્રીએ (અંતરાય) હું આપનો જવાબ આપું છું. જે ભોજન સમારંભ યોજયો હતો એમાં પત્રકાર મિત્રોને લઈ જવા લાવવાનું અને અમદાવાદ મુકી આવવા સુધીનું કામ અને એ માટેની સવલત માહિતી ખાતાએ આપી છે. તાજેતરનો બનાવ છે. બહુ દુરનો બનાવ નથી. કદાચ દુરનો બનાવ હોય તો ભુલાઈ જાય. (અંતરાય) તમારા નેતાને પુછજો ભાઈ, (અંતરાય) પત્રકાર મિત્રો સાથે મારે તમારા કરતાં ઘણો જુનો નાતો છે ચિંતા કરવાની જરૂર નથી. (અંતરાય) હું આવું છું એના ઉપર. એ બધું સાંભળ્યા પછી મને મુસાફીર પાલનપૂરીની પંકિતઓ યાદ આવી ગઈ. (અંતરાય) એ શૂન્ય પાલનપૂરીની હતી. આ બે જુદા જુદા છે. આ મુસાફીર પાલનપૂરી છે. પાલનપુરથી આગળ નહીં વધાય કારણકે હું ઉત્તર ગુજરાતમાંથી આવું છું. મારા પાડોશી છે અને મને ગૌરવ છે કે શૂન્ય પાલનપૂરી અને મુસાફીર પાલનપૂરી જેવા ઊંચા ગજાના શાયરો અમારા વિસ્તારમાંથી આવ્યા છે. એની પંકિતઓ છે,

" રેડીયો, ટી.વી. સામાયિકોમાં પ્રસિદ્ધિ માટે મરી જતા અતૃપ્ત આત્માઓને જોઉં છું ને તમે યાદ આવો છો અને ખરું કહું તો મને અને મારી લેખીનીને ઉંડે ઉંડેથી રડાવો છો." પણ એમાં એમનો વાંક નથી. આ બધું ઉપરથી ચાલ્યું આવ્યું છે. એ જ મુસાફીર પાલનપૂરી કહે છે.

" એ ખરું ખખડી ગયું છે તંત્ર આખા દેશનું, મોંઘવારીએ વાળ્યો આજ આડો આંક છે,

એ બધુંય ઠીક કરવું છે અમને બંધુઓ, ત્યાં સુધી જીવો નહીં એમાં તમારો વાંક છે."

માનનીય અધ્યક્ષશ્રી, પત્રકાર મિત્રોની ચિંતા અમે માહિતી ખાતા થકી ઘણી બધી રીતે કરીએ છીએ અને મને વિશ્વાસ છે કે અમને કટોકટીના દરેક પ્રસંગે અને આરોગ્ય મંત્રી તરીકે છેલ્લા ત્રણ વર્ષના અનેક વખતના મારા અનુભવ ઉપરથી કહું છું કે પત્રકારોએ અને મિડિયાએ જેટલું સકારાત્મક વલણ, જેટલો સહકાર, જેટલી લોકજાગૃતિ ઉભી કરવામાં અમને સાથ આપ્યો છે એ બધા માટે હું આજે એમનો ઋણ સ્વીકાર કરું છું. માહિતી ખાતા દ્વારા અનલિમિટેડ અને કોઈપણ પ્રકારના feeling વગર એસ.ટી. બસોની મુસાફરીની સવલતો પત્રકાર મિત્રોને આપીએ છીએ. રેલ્વે કન્સેશનની સવલતો આપીએ છીએ. ટેલિફોન પ્રાયોરિટી અગત્યની નથી રહી, એટલે ઉલ્લેખ નથી કરતો, પણ પ્રેસ કોઈપણ છાપું, અખબાર એ પોતાના માટે જમીન માગે અથવા તો સરકારી ક્વાર્ટરની સવલત માગે તો ગાંધીનગરમાં આ સરકાર આપે છે.(અંતરાય) જમીન એ પ્લોટ જ હોય, છાપું માગે તો મળે. છાપામાં પત્રકારો હોય. ઈન કેસ ઑફ નેચરલ ઓર એક્સિડેન્ટલ ડેથ. ૨૫ થી ૬૦ વર્ષ સુધીના પત્રકાર મિત્રો માટે સામૂહિક જુથ યોજના નીચે ૫૦,૦૦૦ રૂપિયાની જર્નાલિસ્ટિક ગ્રુપ ઈન્સ્યોરન્સ યોજનાની જોગવાઈ છે. લોજિંગ અને બોર્ડિંગ ફેસિલિટી માટે રાજ્યના સરકીટ હાઉસમાં સવલતો આપીએ છીએ. પત્રકાર મિત્રો માટે આટલી બધી લાગણી કોઈને થતી હોય તો મારે મારા સાથી પક્ષોને કહેવું છે કે અત્યાર સુધી અમારા પક્ષે અમારા દ્વારા કયારેય કોઈ પ્રેસને ક્યાંય આગ ચાંપવાનો બનાવ બન્યો નથી, એટલે જ્યાં સુધી માહિતીની માગણીઓને લાગે વળગે છે ત્યાં સુધી બધી જ કાપ દરખાસ્તોના જવાબો મેં આપ્યા છે. આ વિભાગ લેટેસ્ટ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરે છે. ત્રણ-ત્રણ ભાષાઓમાં પ્રેસનોટ ઉપલબ્ધ થાય તે રીતની વ્યવસ્થા ગોઠવી છે. ઉચ્ચ કક્ષાની ટૅક્નૉલૉજી થકી પ્રકાશન થાય છે છેલ્લે એક મુદ્દો હું કહેવા માગું છું એ છે કે આ વિભાગ દ્વારા માત્ર સરકારની પ્રશસ્તિ કરતા જ પ્રકાશનો થાય છે તે વાત હું કેટલાક પ્રકાશનો અહીયા લઈ આવ્યો છું. ગ્રંથોત્સવ કરીને પ્રકાશન છે, શબ્દવેણી કરીને પ્રકાશન છે, વૃક્ષ વંદના કરીને પ્રકાશન છે, ગુજરાતના જળ મંદિરો કરીને પ્રકાશન છે, વન્ય જીવન કરીને પ્રકાશન છે, રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધી કરીને પ્રકાશન છે, અમરત્વનું કૌશલ્ય તસ્વીર શૈલેષ રાવલનું પ્રકાશન છે. એકેય જગ્યાએ સરકારના ગુણગાન ગાવાનું માહિતી ખાતાએ પ્રયાસ નથી કર્યો. કોઈ જગ્યાએ કોઈના ફોટો છપાવીને માહિતી આપવાનો પ્રયાસ નથી કર્યો. માહિતી ખાતાની આ જે માગણીઓ છે અને એના ઉપર જે કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવી છે, એનો લગભગ મુદ્દાસર જવાબ મેં આપી દીધો છે. માહિતી ખાતાની આ માગણીઓ બાદ બીજા વિભાગની માગણી લઈને હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. એ સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગની છે. સાયન્સ અને ટૅક્નૉલૉજી આજે સમગ્ર વિશ્વનો ચહેરો બદલી રહ્યો છે. માનવ જીવન અને જીવન પદ્ધતિ એનાથી અલિપ્ત રહી શકે તેવી કોઈ શક્યતા નથી, ત્યારે મારે આ સન્માનનીય સભાગૃહને કહેવું છે કે આ માગણીનું કદ ૧૦૦ કરોડથી ઓછું છે તે નહિ, પણ તેની અગત્યતા ભાવિ પેઢીનો રાહ કંડારનાર છે, તે દ્રષ્ટિએ મારા મત મુજબ આ વિભાગ અને એની કામગીરી જો આવનારા પેઢીને લક્ષમાં રાખીએ તો આ રાજય માટે સૌથી અગત્યના વિભાગની કામગીરી કોઈ વિભાગની હોય તો વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી વિભાગની છે. એની મહત્તા આ છે. હું એક રિપોર્ટ વાંચતો હતો. ધી મિલેનિયમ પ્રોજેકટ નામનું જુથ રચવામાં આવ્યું છે અને આ જુથ ૨૦૦૯ સ્ટેટ ઑફ ધી ફ્યુચરના નામે અહેવાલ પ્રસિદ્ધ કર્યો છે. આ અહેવાલમાંથી એની એક્સક્લુસીવલી સમાવી છે તેના પાના ૨ થી ૫ સુધીમાંથી મારે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ એટલા માટે મુકવા છે કે આવનાર સમય કઈ દિશામાં જવાનો છે અને એ આ વિભાગમાં કેમ વધારે નાણાં ફાળવવા જોઈએ તે માટેની વાત આ અહેવાલમાંથી ફલિત થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અહેવાલમાં એવું કહેવામાં આવ્યું છે કે, ૨૦૧૧ના અંત સુધીમાં એટલે આ વર્ષના અંત સુધીમાં આઈબીએમ કંપની ૨૦ થાઉઝન્ડ ટ્રીલીયન એટલે બે કરોડ અબજ પ્રતિ સેકન્ડ કેલ્કયુલેશન કરી શકે તેવું કૉમ્પ્યુટર વિકસાવશે. મગજ જે ગતિએ ગણતરી કરે છે તે ગતિ આ છે. માણસના મગજની ગતિએ ચાલી શકે તેવું કૉમ્પ્યુટર આ વર્ષના અંત સુધીમાં આઈબીએમ કંપની વિકસાવવા તરફ આગળ વધી રહી છે. એવો જીનેટીક કોડ લખાઈ રહ્યો છે, જેના થકી તદ્દન નવી જ પ્રકારના જીવ અસ્તિત્વમાં આવશે. દા.ત. ઓકિસજનના બદલે હાઈડ્રોજન બહાર ફેંકતી વનસ્પતિ ઉગાડી શકાશે. તે જ રીતે નુકસાન પામેલ સેલને નેનો મૅડિસિનથી એટમથી એટમ જોડીને પુનઃગઠિત કરી શકાશે. Virtually man will get indefinite life expectancy. અને રકતવાહિનીઓમાં દાખલ થઈને નેનો ટેક રોબો અવરોધો, પેથોજન અને કૅન્સર જેવા રોગોનો નાશ કરશે. અન્યત્ર એવી ભવિષ્યવાણી કરવામાં આવી છે કે બાળકના જન્મ સમયે એના શરીરમાં નેનો કૉમ્પ્યુટર ફીટ કરી શકાશે. જે હ્દયરોગ કે પક્ષાઘાત જેવા રોગોનો હુમલો થયાનાં પહેલાં જ એની ચેતવણી આપશે. જેના કારણે હ્દયરોગથી મૃત્યુ પામનાર કે પક્ષાઘાતથી મૃત્યુ પામનાર વ્યકિતઓનું પ્રમાણ હાલની સરખામણીમાં ઘટીને .૦૦૪ ટકા જેટલું થઈ જશે. એટલે લગભગ નહિવત થઈ જશે. ટેમસેલ ટૅક્નૉલૉજી ડાયાબીટીસ અને થેલેસેમીયા કે સીકલસેલ જેવા રોગોને નાથી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જેમ દોરડા વગર સંદેશાઓ જઈ શકે છે તેમ વીજળી વિશ્વભરમાં વાયરલેસથી ટ્રાન્સમીટ કરી શકાશે. ૨૦૦૮માં એક અમૅરિકન કંપનીએ હવાઈયન આયર્લેન્ડ ઉપર ૧૪૮ કિલોમીટરના અંતર સુધી વીજળી વાયરલેસથી મોકલી હતી. ૨૦૩૦ સુધીમાં સોલર પાવર સેટેલાઈટ સિસ્ટમથી અવકાશમાંથી વીજળી

વિશ્વભરમાં ગ્રીડ બનાવી મોકલી શકાશે, આમ ઉર્જાનો એક અનંત સ્ત્રોત વિકસાવી શકાશે. કલોનીંગ અને જીનેટીક કોડ લખવા જેવી બાબત વૈશ્વિક ચર્ચા જગાવશે, પરિણામ સ્વરૂપ નવી જ પ્રકારની ભાવિ પેઢી અસ્તિત્વમાં આવશે અને આ બધા બદલાવની ગતિ એટલી તેજ હશે કે ૨૦૨૫ સુધીમાં જીવન કેવું પલટો લેશે તે કહેવું આજની તારીખમાં માનવ જીવન માટે અશક્ય બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક સામાન્ય ગૃહિણી કેટલી ટૅક્નોલૉજી વાપરે છે તે વિચારવાનો મેં પ્રયત્ન કર્યો છે. સવારમાં એલાર્મ વાગે ત્યાંથી શરૂ કરીએ તો તે ગૃહિણી ઓવન વાપરે, ઘરઘંટી વાપરી, મિક્સર ગ્રાઈન્ડર વાપરે, આર.ઓ.પ્લાન્ટથી પાણી શુદ્ધ કરે, ટોસ્ટર વાપરે, ડી.વી.ડી., ટી.વી. વાપરે, બાળકને સ્કૂટી, સ્કૂટર કે કારમાં નિશાળે મૂકી આવે કે લઈ આવે, કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટ વાપરે, મોબાઈલ પર ઘંટડી વગાડી વાત કરે, ખબર અંતર પૂછે, એસ.એમ.એસ. મોકલે, એમ.એમ.એસ. મોકલે આ તો કેટલાક ઉદાહરણ છે. આજે સામાન્ય ગૃહિણીને પણ ટૅક્નોલૉજી વગર ચાલતું નથી. ટૅક્નોલૉજી વગર સામાન્ય ગૃહિણી પાંગળી થઈ જાય છે ત્યારે આવનાર સમયમાં દરેક ક્ષેત્રમાં ટૅક્નોલૉજી ઘૂસી જવાની છે. Every field will be invaded by technology. Those who will adopt to it shall prosper and those do not will disappear like dinosaur. જે લોકો ટૅક્નોલૉજીને નહીં અપનાવે તે લોકો ડાયનોસોરની માફક અદૃશ્ય થઈ થશે. આ ટૅક્નોલૉજી જે ગતિએ બદલાવવાની છે તે એટલી ઝડપી હશે કે તમે રાત્રે સૂઈ જાઓ અને સવારે પોતાની જાતને અપડેટ નહીં કરો તો પાછળ રહી જશો.

માનનીય અધ્યક્ષશ્રી, આ પરિસ્થિતિમાં ગુજરાત સરકારનું સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી ડિપાર્ટમૅન્ટ જે અદ્દભૂત કામગીરી કરી રહ્યું છે તેણે સ્વર્ણિમ ગુજરાતના આ સ્વર્ણિમ વર્ષમાં ગુજરાતના ભાવિ વિકાસ માટે સ્વર્ણિમ પાયો નાંખવાનું એક અદ્દભૂત કામ કર્યુ છે. જીસ્વાન એટલે કે ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નૅટવર્ક એ વિશ્વનું નાગરિક સેવા માટે વપરાતું વિશ્વનું સૌથી મોટામાં મોટું ઈન્ટ્રાનેટ નૅટવર્ક છે. કોઈપણ વિશ્વમાં ઈન્ટ્રાનેટ ક્ષેત્રે વપરાતું સિવિલીયન નૅટવર્ક જો મોટામાં મોટું હોય તો આપણું જીસ્વાન નૅટવર્ક છે એમ કહીને તે માટે ગૌરવ લઈ શકીએ. ૨૧મી સદીમાં માહિતી પ્રસારણ માટે, સંદેશા વ્યવહાર માટે જરૂરી નહીં પણ પરંતુ આવશ્યક છે તેવું આ વાઈડ એરીયા નૅટવર્ક ૨૦૦૧માં ઉભી કરાયેલ જીસ્વાન તેના ઉદ્દેશો હતા અને જીસ્વાનનો એક યશસ્વી દાયકો જ્યારે પૂરો થાય છે ત્યારે તેના ઉદ્દેશો ઉપર નજર નાંખીએ તો સરકારની વિવિધ ઑફિસો વચ્ચે કૉમ્પ્યુટર અને કનેકટીવીટીના માધ્યમ દ્વારા સંદેશા વ્યવહારની પદ્ધતિ સુદૃઢ બનાવવી, વહિવટી કાર્યોમાં અસરકારકતા અને ઝડપ લાવવી, નાગરિકલક્ષી સેવાઓની ગુણવત્તામાં તકનિકી સાધનોના ઉપયોગથી સુધારો અને ગતિશીલતા લાવવી, જીસ્વાન દ્વારા જુદી જુદી ઑફિસો એકબીજા સાથે ઝડપથી માહિતી આદાન પ્રદાન કરી શકે છે તે આજની હકીકત છે.

વોઈસ, વિડિયો, ડેટા સપોર્ટ આ I.P. based network માં આજે અનિવાર્ય બની ગયાં છે. જીસ્વાને હમણાં જે રૅકૉર્ડ કર્યો છે એને એક વાત સન્માનનીય ગૃહ સમક્ષ મારે મૂકવી છે. ૨૦૦૧ થી ૨૦૦૯ સુધી ત્રણ હજાર કનૅક્શન અપાયા હતા, ૨૦૧૦-૧૧માં ત્રણ હજારથી વધુ કનૅક્શનની માગ આવી છે કેટલી ઝડપથી ટૅક્નોલૉજીનો પ્રચાર અને પ્રસાર આપણા વહીવટમાં વધતો ચાલ્યો છે એનો દાખલો છે. વર્ષે દોઢસો થી બસો કૉન્ફરન્સ જીસ્વાન ઉપર થાય છે, ટીએડીએ તો બચે જ છે, સમય બચે છે અને ત્વરિત નિર્ણય લેવાય છે એ આની વિશેષતા છે. મારે અત્યંત ગૌરવ સાથે આ સન્માનનીય સભાગૃહને કહેવું છે કે, જે અંદાજપત્રની આ ગૃહમાં ચર્ચા આપણે કરી રહ્યા છીએ, આ અંદાજપત્ર જીસ્વાન નૅટવર્કની સહાયથી ખૂબ ઝડપથી અને સારી રીતે તૈયાર કરી શકાયું છે અને એમાં એણે શું કામગીરી કરી છે તો પ્લાનની ૩૮૧૫ ફાઈલો આ નૅટવર્ક થકી ટ્રાન્સમીટ થઈ, નૉન પ્લાનની ૩૩૯૦ ફાઈલો આ નેટવર્કથકી ટ્રાન્સમીટ થઈ. ઇલૅક્ટ્રોનિક્સ સ્વરૂપે જુદા જુદા વિભાગમાંથી નાણા વિભાગમાં જીસ્વાનના માધ્યમ દ્વારા ફાઈલો પહોંચ્યા બાદ નાણા વિભાગમાં પણ આ ફાઈલો જીસ્વાનના માધ્યમથકી અંદર અંદર આગળ વધી અને નાણા વિભાગમાં આંતરિક કાર્યવાહી પણ તેટલી જ એટલે કે કુલ ૭૨૦૫ ફાઈલોની જુદા જુદા ટેબલ પર જીસ્વાનના માધ્યમથી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ બજૅટ બહાર છપાતું હોવાની વાત કરી, આજે હું ગૌરવપૂર્વક આ સન્માનનીય સભાગૃહને કહું છું કે, બજૅટ બુક જયાં છપાય છે એ સરકારી પ્રેસ સુધી બજૅટ પ્રિન્ટીંગ માટેની ડેટા ફાઈલ જીસ્વાનના માધ્યમ દ્વારા જ મોકલવામાં આવી છે, એટલે કયાંય કોઈ જગ્યાએ માણસ રસ્તામાં આવે નહીં, કોઈ લીકેજ અથવા તો કયાય કોઈ જગ્યાએ માહિતી અહીં થી ત્યાં જાય એ પ્રકારની પરિસ્થિતિ ન થાય અને ઝડપથી સમગ્ર ડેટા પ્રેસ સુધી પહોંચે તે પ્રકારની વ્યવસ્થા જીસ્વાનના માધ્યમથકી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પારદર્શક, ઝડપી અને અસરકારક ફરિયાદ નિવારણ વ્યવસ્થા માટે ગુજરાતનો સ્વાગત કાર્યક્રમ છે. એણે માત્ર દેશમાં નહીં દેશના administrative reforms એટલે વહીવટી સુધારણા ખાતાએ એના વખાણ કર્યા જ છે, એણે એવોર્ડ પણ આપ્યો છે પણ વૈશ્વિક કક્ષાએ UNO માં પણ Use of technology for redressel of public grievances માટે આ સ્વાગત કાર્યક્રમને એવોર્ડ આપવામાં આવ્યો છે. એ માટે કોઈપણ ગુજરાતી ગૌરવ લઈ શકે. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૦માં સરકારને મળેલ કુલ ૪૪૨૬૮ ફરિયાદોમાંથી ૩૯૩૮૦ ફરિયાદોનો નિકાલ સ્વાગત કાર્યક્રમ હેઠળ જીસ્વાન દ્વારા થયો છે. અનેક વિભાગોની નાની મોટી પચાસથી વધુ એપ્લિકેશન જીસ્વાન પર કાર્યરત છે આ સ્વાગત કાર્યક્રમને ભારત સરકારના વહીવટી

સુધારણા મંત્રાલયે અને વૈશ્વિક કક્ષાએ જે પ્રકારનો આવકાર મળ્યો છે હું એમ ચોક્કસ કહી શકું કે સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગના માધ્યમથકી, સ્વાગત કાર્યક્રમના માધ્યમથકી, ટૅક્નૉલૉજીના માધ્યમથકી, ગુજરાતે વહીવટી સુધારણા અને પારદર્શક નાગરિક સેવાઓ અને નાગરિક ફરિયાદ નિવારણના ક્ષેત્રે એક અભૂતપૂર્વ કામગીરી કરી છે અને એનો યશ સાયન્સ અને ટૅક્નૉલૉજી વિભાગને જાય છે એમ કહીએ તો એમાં જરા પણ અતિશયોકિત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ બીજી સવલત એ છે કે આઈડબલ્યુડીએમએસ ૨૦૧૦ની સાલમાં ૯ લાખ ૫૭ હજાર ટપાલ આ વ્યવસ્થાથકી ઈનવર્ડ અને ફૉરવર્ડ થઈ છે ૧ લાખ ૪૧ હજાર ફાઈલો ક્રિએટ થઈને ફૉરવર્ડ થઈ છે ૨૦૧૦ના સમગ્ર વર્ષ દરમિયાન છેવાડાના મામલતદાર કચેરીઓ સુધી વિસ્તરેલ જીસ્વાન નૅટવર્ક દ્વારા જ ૨૨,૧૯,૨૬૪ રૅશનકાર્ડને લગતી કાર્યવાહી અંગેના ટ્રાન્ઝેકશન થયા છે મારા સાથી માનનીય મંત્રીશ્રી નાગરિક પુરવઠાને મને લાગે છે કે આ સવલતના કારણે આનંદ હશે કે એમને આ સવલતના કારણે રૅશનકાર્ડ અને રૅશનકાર્ડને લગતી બાબતોમાં ખૂબ મોટી મદદ મળી છે. રૅશનકાર્ડના બાર કોડિંગથકી ભૂતિયા કાર્ડ કાઢી નાખવા માટેની જે વાત છે. અને જેના થકી લાખોની સંખ્યામાં ભૂતિયાકાર્ડ મારા સાથી મંત્રી માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી દૂર કરવા તરફ આગળ વધી રહ્યા છે દૂર કરવા તરફ આગળ વધી રહ્યા છે એ પણ સાયન્સ અને ટેકનોલોજીની મદદથી થવાનું છે અને આ બારકોડીંગની સમગ્ર વ્યવસ્થા ટેકનોલોજી આધારિત વ્યવસ્થા છે એ અપનાવીને નાગરિક પૂરવઠા ખાતું એ દિશામાં આગળ વધી રહ્યું છે એનો આપણને સૌને આનંદ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ડેટા એપ્લીકેશનની વાત કરીએ તો ૨૦૧૦ના વર્ષમાં ૭/૧૨ ના ૧૭,૯૦,૮૫૦ દાખલા ૮(અ) ના ૮,૩૯,૧૦૭ દાખલા તથા કુલ ૨૭,૧૮,૧૪૯ કોપીઓ નાગરિકોને તાલુકા અને ગ્રામ કક્ષાએથી સરળતાથી ઉપલબ્ધ કરાવવાનું મુખ્ય માધ્યમ જી-સ્વાન છે. એના માધ્યમ થકી એના દાખલા અને કોપીઓ ઉપલબ્ધ થતા અગાઉ જે ફરિયાદો રહેતી હતી, અગાઉ એવું કહેવાતું હતું કે, કલેકટર કકળાટ કરે, મામલતદાર મુંઝાઈ, સર્કલ બિચારો શું કરે તલાટી કરે તે થાય. આ તલાટી કરે તે થાયની જે અગતત્યા છે એમાં મારા સાથી મત્રી માનનીય આનંદીબેનના વિભાગે આ ટેકનોલોજી અપનાવીને અનેક ટેકનોલોજીસેવી ઈનોવેશન કર્યા છે જેના પરિણામે જે મહેસૂલ ખાતામાં જે મુશ્કેલીઓ હતી, મહેસૂલ ખાતાની તકલીફોની વારંવાર આ ગૃહમાં આપણે ચર્ચા કરતા હતા, મહેસૂલ ખાતાની જે પારદર્શકતા અંગેની વાતો કરતા હતા તે આજે આ માધ્યમથકી આપણે દૂર કરી શકયા છીએ અને એનો યશ પણ આયોજનને જાય છે. કોઈ પણ સરકાર, કોઈ પણ નાણાકીય વ્યવસ્થા, કોઈ પણ એડમિનિસ્ટ્રેશન, કોઈ પણ મેનેજમેન્ટ એનો પાયો આયોજન છે. If you plan today you shall not worry tomorrow. અને એના માટે ઈ-આયોજન કરીને એક આખો કાર્યક્રમ સામાન્ય વહીવટ વિભાગ ચલાવે છે જે જી-સ્વાન પર ચાલે છે અને જેમાં ૨૦,૮૪૭ ટ્રાન્જેકશન ૨૦૧૦ માં નોંધાયા છે. વેટ એપ્લીકેશન વેલ્યુએડેટ ટેક્સ મારા સાથી માનનીય નાણામંત્રીશ્રીના વિભાગને લગતી બાબત છે એ દ્વારા પ્રતિમાસ સરાસરી ભરાતા ઈ-રીટર્ન ૩,૦૯,૫૦૪ જેની કાર્યવાહી કોમર્શીયલ ટેકસ ઓફિસમાં જી-સ્વાન પર ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે મારા ખાતાની વાત પર આવું તો એચ.એમ.આઈ.એસ. સિસ્ટમ કહે છે એ રાજયની ૩૦ હોસ્પિટલોમાં ૨૦૧૦ના વર્ષમાં કાર્યરત કરવામાં આવી છે અને એનો લાભ ૫૧,૯૮,૧૯૦ આઉટડોર પેશન્ટ તથા ૫,૨૮,૬૫૮ ઈનડોર પેશન્ટને મળ્યો છે અને આ બધાનું રજિસ્ટ્રેશન જી-સ્વાન પર શક્ય બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે સિવિલ હોસ્પિટલની જે લેબોરેટરી છે તે એન.એ.બી.એલ. લેબોરેટરી તરીકે શર્ટીફિકેશન પામી છે અને આજે દર્દીના કોઈ પણ પેથોલોજીકલ લેબોરેટરીના ડેટાથી માંડીને ડેથના ડેટા સુધી એક ટેબલેથી બીજા ટેબલે ફરવું ન પડે અને ડેટા ઈલેકટ્રોનીકલી ટ્રાન્સમીટ થઈ જાય એ પ્રકારની વ્યવસ્થા ગઠવવામાં નિમિત એ સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ છે. જન્મ-મૃત્યુની નોંધણી ૮,૫૯,૨૩૬ જન્મની નોંધણી અને ૧,૮૬,૬૯૦ મરણની નોંધણી એ પણ જી-સ્વાન નેટવર્ક દ્વારા થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઈલેકટ્રોનીક ડેટા કોમ્યુનીકેશનની વાત થઈ, ઈ-હાઈવેની વાત થઈ, ઈલેકટ્રોનીકસ ડેટા ટ્રાન્સફર એપ્લીકેશનની વાત થઈ. એક બીજા ક્ષેત્રે આપણે સમગ્ર દેશમાં ગુજરાત માથું ઉંચું કરીને ટકોરાબંધ વાત કરી શકે એવું કામ આ વિભાગે કર્યું છે. આ વિભાગ દ્વારા દેશમાં પાંચ જે સાયન્સ સીટી સ્થાપવામાં આવ્યા છે, કલકત્તા, હૈદ્રાબાદ, ચંડીગઢ, જલંધર અને અમદાવાદ એ પાંચ સાયન્સ સીટીમાંથી ૨૪x૭ જો કોઈ સાયન્સ સીટી કાર્યરત રહેતું હોય તો એ આપણું ગુજરાતનું અમદાવાદ ખાતે સ્થપાયેલ સાયન્સ સીટી કાર્યરત રહે છે. અહીંયા કુલ ૮૮ જુદા જુદા દિવસ આ પ્રકલ્પમાં ઉજવાય છે. આખું વર્ષ એક યા બીજી પ્રવૃત્તિ ચાલે છે. અત્યારસુધીમાં લગભગ અમદાવાદની વસતિથી થોડુંક ઓછાં કહી શકાય એટલા એટલે કે ચાળીસ લાખ કરતાં વધુ લોકો સાયન્સ સીટીની મુલાકાત લઈ ચૂક્યા છે. જેમાં ૨૦૧૦-૧૧ના જાન્યુઆરી અંતિત, આ એકજ વર્ષમાં જાન્યુઆરી સુધીમાં નવ લાખ કરતાં વધારે માણસોએ આની મુલાકાત લીધી છે, અમારો લક્ષ્યાંક આ વર્ષાન્તે સોળ લાખ લોકો મુલાકાત લે તેવો પસાર કરવાનો છે, જે આંબી જવાશે, જેમાં મને કોઈ શંકા નથી. વિજ્ઞાન અંગે વિદ્યાર્થીમાં જાગૃતિ આવે, વિજ્ઞાન પ્રત્યે અભિરૂચિ કેળવાય, વિજ્ઞાન પ્રત્યે એનામાં રસ ઉભો થાય, એ હેતુથી અહીંયા જે સવલતો છે, દરરોજ સરેરાશ બે થી અઢી હજાર વિદ્યાર્થીઓ અને શનિ-રવિ કે રજાના દિવસે પાંચ હજાર વિદ્યાર્થીઓ સાયન્સ સીટીની મુલાકાત લે છે. અહીંયા આઈ-મેક્સ થ્રીડી થિયેટર છે, ઘણા બધા સન્માનનીય સભ્યશ્રીઓએ અહીંયા પિક્ચર જોવાનો લાભ લીધો હશે, એ થિયેટર છે, હોલ ઓફ સાયન્સ છે, હોલ ઓફ સ્પેસ છે, હોલ ઓફ ઈલેકટ્રીસિટી છે, એનર્જી એજ્યુકેશન પાર્ટ છે અને આ જે આઈ

મેક્સ થિયેટર છે એમાં 'અવતાર' પિક્ચર છેલ્લાં લગભગ એક વર્ષથી ચાલે છે અને હજી પણ રજાના દિવસે, છસ્સોએ છસ્સો સીટ ભરાયેલી હોય તે રીતેનું હાઉલફુલ આ થિયેટર હોય છે. એ આ થ્રીડી આઈમેક્સ થિયેટરની લોકપ્રિયતાનો, આ થિયેટરે કેટલી લોકચાહના મેળવી છે તેનો દાખલો છે, ગુજરાતનો મોટામાં મોટો એલ.ઈ.ડી. સ્ક્રીન સાયન્સ સીટીમાં આવેલો છે, એનું માત્ર વાર્ષિક મેઈન્ટેનન્સ ૨.૫. થી ૩ કરોડ રૂપિયા આવે છે. એટલો મોટો એલ.ઈ.ડી. સ્ક્રીન એ આપણા આ સાયન્સ સીટી ખાતે આવેલો છે. ચાલુ સાલે એટલે કે ૨૦૧૧ના કેલેન્ડર વર્ષમાં લાઈફ સાયન્સ પાર્ક, પ્લેનેટ અર્થ અને ઈ-લાયબ્રેરી જેવી સવલતોનું આપણે લોકાર્પણ કરવાના છીએ. એ રીતે જોઈએ તો સાયન્સ સીટીનો પ્રોજેકટ અત્યંત સફળ નિવડ્યો છે, બાયો ટેકનોલોજી, ઈન્ફર્મેશન ટેકનોલોજી પછી જો કોઈ સૌથી વધુ માનવજીવનને સ્પર્શે અને માનવ જીવનમાં પરિવર્તન લાવે તે પ્રકારની ટેકનોલોજી હોય તો તે બાયો ટેકનોલોજી છે. અને ગુજરાત બાયોડાયવર્સિટી જીન બેન્ક બાયોજીન, એની સ્થાપના આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. જીન બેન્કિગ અને કેટલાક પ્લાન્ટ, કેટલીક વનસ્પતિ જે અદૃશ્ય થઈ જશે જેને જાળવી રાખવી જરૂરી છે, એ પ્લાન્ટ કનેકશન અને ટિસ્યુ બેન્કિગ, પ્લાન્ટ ડી.એન.એ. બેન્કિગ, ડી.એન.એ. બારકોડીંગ, બાયોજીન બેન્ક જેવી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે. કદાચ ટૂંક સમયમાં આપણે એક એવી સિદ્ધિ હાંસલ કરવા તરફ આગળ વધી રહ્યા છીએ કે જે કદાચ આ દેશમાં આ પ્રકારની સિદ્ધિ હાંસલ કરનાર ગુજરાતનો બાયોટેકનોલોજી વિભાગ અને બાયોજીન બેન્ક પ્રથમ હશે, હું આજે એની જાહેરાત નથી કરતો. ગુજરાત ક્લીનીકલ રિસર્ચ ક્ષેત્રે એક 'હબ' બની રહ્યું છે. આ ક્ષેત્રે આપણે જે ગજુ કાઢી રહ્યા છીએ એમાં શિવરથ સેન્ટર ઓફ એકસીલન્સ ઈન ક્લીનીકલ રિસર્ચ, એણે જે પોષ્ટ ગ્રેજ્યુએટ અને અન્ડર ગ્રેજ્યુએટ કોર્ષીસ થકી આ પ્રકારનું માનવબળ તૈયાર કરવા માટે સિમક્રોન સાથે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ હેઠળ અસરકારક કામગીરી કરી છે, એક અત્યંત અગત્યની અને ફરી એકવાર કહી શકાય કે આ દેશમાં (અંતરાય) આ અગત્યનું એટલા માટે છે માનનીય શકિતસિંહજી કે ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્પેસ એપ્લીકેશન અને જીઓ ઈન્ફરમેટિક્સ, બાયસેગ, એ બાયસેગ દ્વારા કરવામાં આવતી કામગીરી, એના માટેની જે કામગીરી થાય છે એમાં ગુજરાતમાં સેટકોમના માધ્યમથી પ્રાથમિક શાળાઓ માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ગ્રામ પંચાયત, મેડિકલ, એન્જીનીયરીંગ વિગેરે માટેની શિક્ષણ માટેની મહત્વની કામગીરી તો થાય જ છે, પણ રિમોટ સેન્સીંગ ઈમેજને નકશા ઉપર મૂકીને વિભાગનું જી.આઈ.એસ. મેપીંગ ગુજરાતમાં સારી રીતે થયું છે. દરેક ગામનો નકશો પાડોશી ગામની સીમાઓ સાથે મેળવીને તૈયાર કરાયેલ સવલતને કારણે અત્યારસુધીમાં હક્કપત્રક કે વારસાઈ જેવી બાબતો માટે તલાટી કચેરીએ ધક્કા ખાવા પડતા હતા તેના બદલે ઈ-જમીન થકી આ સવલત સામાન્ય નાગરિકોને ઉપલબ્ધ બની છે. .(અંતરાય) મોંઘુ પડે છે અને મળતી નથી તે બન્ને બાબતોમાં કોઈ તથ્ય નથી. કારણ કે મેં દાખલા સાથે, સંખ્યા સાથે માનનીય રામસિંહભાઈ કહ્યું છે અને let me also be on record અંતરાય.. માનનીય અધ્યક્ષશ્રી, મોબાઈલ સેવા આ રાજયમાં ચાલુ થઈ ત્યારે ૧૬/- રૂપિયા એક મિનિટનો ચાર્જ હતો. આજે મોબાઈલ સેવા કયા ભાવે મળે છે આપણે જાણીએ છીએ. છેલ્લાં ચાર મહિનામાં ગુજરાતમાં એક કરોડ મોબાઈલ ઉમેરાયા છે. કોઈ પણ સેવા શરૂ થાય ત્યારે obviously તેનો વપરાશ ઓછો હોય અને બ્રોડ બેન્ડ કનેકટીવીટીને લાગે વળગે છે ત્યાં સુધી આપણે જે બ્રોડ બેન્ડ ફ્રિકવન્સી પૂરી પાડીએ છીએ તે દેશમાં કોઈ રાજયમાં ઉપલબ્ધ નથી એવું હું ખાતરી સાથે કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે અત્યારે કદાચ કિંમત વધારે આવતી હશે પણ આવનાર સમયમાં જેમ તેનો વપરાશ વધતો જશે તેમ એ કિંમત ઘટતી જવાની છે. આ ઉપરાંત Institute of Seismological Research તેણે ખૂબ મહત્ત્વનું કામ કર્યુ છે. હમણાં સુનામી આવી. જાપાનમાં ધરતીકંપ આવ્યો એની જાણ ત્યાં ધરતીકંપ આવ્યાની માત્ર બે સેકન્ડથી ઓછાં સમયમાં ગુજરાતને થઈ તેનું જો કોઈ કારણ હોય તો આ ભૂકંપ સંશોધન સંસ્થાન છે. તેની થકી આપણે જે કામ કરી રહ્યાં છીએ .. અંતરાય..

**અધ્યક્ષશ્રી** : આપનો સમય ખૂબ ઓછો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માઈક્રો ઝોનેશનનું જે કામ આપણે કરી રહ્યાં છીએ પાંચ બાય પાંચ કિલોમીટરની ગ્રીડ હતી. તે કામ કરનાર પણ ગુજરાત પ્રથમ રાજય છે અને એણે આ સંસ્થા કોઈ પણ સમયે રાજયમાં અઢી રિકટર સ્કેલનો અથવા તો કોઈ પણ જગ્યાએ પાંચ રિકટર સ્કેલનો ધરતીકંપ થાય તો તરતજ જાણી શકાય તે રીતે સુસજજ છે. એ જ રીતે.. અંતરાય.. આ પરિસ્થિતિ ના થાય એવું આપણે ઇચ્છીએ પણ કદાચ મકરાણા ફોલ્ટ એકટીવ થાય અને અખાતના દેશોના કાંઠા નજીક પણ દરિયામાં ધરતીકંપ આવે તો આપણો સમગ્ર સાગરકાંઠો સુનામીની વોર્નીંગ આપવા માટે આ એક જ સંસ્થા એવી છે કે જે સક્ષમ છે. અને એટલે એને આપણે ભલે ઘરકા જોગી જોગટા ઔર ગાંવ કા પીર આપણને સાહેબ ના સમજણ પડતી હોય.. અંતરાય.. સાહેબ જાપાનમાં પણ આ સમજણ તો નહોતી પડી એટલે આપણને જે પડે છે અને જે વસ્તુનું વિદેશના નિષ્ણાતો પણ આપણને એમ કહે છે કે ના તમે યુવાધન you have done something good અંતરાય.. ના, એવું નથી. તમને મકરાણા ફોલ્ટ એકટીવ થાય અને જો અખાતના દેશોમાં એના દરિયાકાંઠા નજીક ધરતીકંપ આવે તો ગુજરાતના દરિયા કિનારે સુનામી દોઢ કલાકથી સાડા ત્રણ કલાકના સમયમાં વોર્નીંગ મળી શકે તે પ્રકારની વ્યવસ્થા ગોઠવેલી છે. અને દોઢ કલાકથી સાડા ત્રણ કલાક ઓછો સમય નથી જાગવા માટે. એટલે સુનામીની વ્યવસ્થા અને ધરતીકંપની વ્યવસ્થા આ બે વ્યવસ્થા જુદી વ્યવસ્થા છે. હવે સાહેબ, સુનામી તેમની ચિંતાનો વિષય નથી. સાહેબ,

ધરતીકંપે જાપાનમાં વિનાશ નથી વેર્યો. જાપાનમાં જે કંઈ પરિસ્થિતિ ઉભી થઈ છે ને સુનામીના કારણે ઉભી થઈ છે. અને ગુજરાત મકરાણા ફોલ્ટ એકટીવ ના થાય એવું આપણે ઇચ્છીએ પણ મકરાણા ફોલ્ટ એકટીવ થાય તો માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ કહેવું છે આ વાત પૂરી કરતાં પહેલાં કે માત્ર ધરતીકંપો દિલ્હીથી જ નથી આવતાં, માત્ર ધરતીકંપો કોંગ્રેસમાં જ નથી આવતાં, માત્ર ધરતીકંપો જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓની ચૂંટણીઓ હારી જઈએ એટલે નથી આવતાં ધરતીકંપો તો એમને એમ પણ આવે છે. .. અંતરાય.. આ ધરતીકંપ.. પ્રમુખ બદલાય તે પણ ધરતીકંપનો જ એક પ્રકાર છે. એટલે સાહેબ આ ધરતીકંપો કઈ જાતના આવે છે અને કઈ જાતના ધરતીકંપો સામે આપણે ક્ષમતા કેળવી છે. એ ક્ષમતા ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે જે અદ્ભૂત કામ કર્યુ છે તે અદ્ભૂત કામ કાબિલે તારીફ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારી આ સભાગૃહને વિનંતી છે કે આપણે રાજકીય અવલોકનો એકબીજા ઉપર અનેક વખત કરી શકીશું. સાયન્સ અને ટેકનોલોજી એ આવતીકાલનો વિષય છે, આવતીકાલની પ્રજા માટેનો વિષય છે, આવતીકાલની ગુજરાતની પેઢી કઈ દિશામાં જશે એ માટેનો વિષય છે, એ મારો અને તમારો નહીં, પરંતુ આપણાસૌનો વિષય છે અને ત્યારે આપણે આ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ પ્રત્યે, સાયન્સ અને ટેકનોલોજી પ્રત્યે અમારું કમિટમેન્ટ છે, ગુજરાત સાયન્સ અને ટેકનોલોજીની દિશામાં આગળ વધે એ દિશામાં ભાવના રાખી એમની કાપદરખાસ્તો પાછી ખેંચી લે અને મારી માગણીઓ મંજૂર કરવા માટે માનનીય સભાગૃહને મારી વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૩૧, ૩૫, ૫૪ અને ૮૯ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૫ મી માર્ચ, ૨૦૧૧ ના રોજ સવારના ૮-૩૦ કલાકે ફરી મળવા માટે મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૨૪, ૧૯૩૨ શાકે**
**પહેલી બેઠક**

સભાગૃહ સવારના ૮-૩૦ વાગે મળ્યું.

**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

**માગણી નંબર- ૧૨**

**શ્રી સૌરભ પટેલ ( રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસુલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧૪,૩૯,૫૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર- ૧૩**

**શ્રી સૌરભ પટેલ ( રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૭,૭૨,૯૧,૦૦,૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૬,૨૭,૨૦,૦૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

**માગણી નંબર- ૪૯**

**શ્રી સૌરભ પટેલ ( રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૭,૩૩,૨૩,૨૭,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા. ૨,૧૩,૬૪,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ બારડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલભાઈ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર- ૫૦**

**શ્રી સૌરભ પટેલ ( રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૭૦,૧૦,૭૭,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટે રૂા. ૪,૩૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવેદ પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**કલાઈમેટ ચેન્જ વિભાગ**

**માગણી ક્રમાંક ૧૦૭**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના કલાઈમેટ ચેન્જ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઈમેન્ટ ચેન્જ વિભાગને સેવાને લગતી કલાઈમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૫૪,૬૯,૦૦૦ ની માગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક ૧૦૭ રજૂ કરવામાં આવી**

**શ્રી વજેસિંગભાઈ પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી**

**શ્રી કિરણકુમાર મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી**

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા૧૫ -૩-૨૦૧૧(પહેલી બેઠક) (બીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં.૧૨** | | |
| ૧. | ૨૦૪૫-ચીજવસ્તુઓ....શુલ્ક<br>૧૦૩-વસૂલાત.....શુલ્ક<br>૦૧-વિજળી....નિરીક્ષક<br>રૂા. ૧૪,૩૯,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫ પા.નં.૬ અને ૭ | ૧૦૦ | વીજ કંપની દવારા લગાવવામાં આવતા ડિઝીટલ મીટરો ઝડપી ફરવાથી ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ દુર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨. | -- " -- | ૧૦૦ | મોટા ઉદ્યોગોને વીજ રાહતો આપવાથી ધરવપરાશના વીજ ગ્રાહકો પરવધતો બોજ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ.અનિલભાઈ જોષીયારા |
| ૩. | -- " -- | ૧૦૦ | ઉંચા ભાવે વીજ ખરીદીનો બોજો નાના | શ્રી શંકરભાઈ વાધેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વીજ ગ્રાહકો ઉપર નંખાય છે તે અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪.* | -- " -- | ૧૦૦ | વીજ વપરાશના યુનીટની સામે વીજકર વસૂલવાને બદલે વીજ બીલની કુલ કિંમત ઉપર વીજ કર વસૂલવાની પધ્ધતિ બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | -- " -- | ૧૦૦ | રાજયના વીજ ઉત્પાદનમાંથી ધરવપરાશ માટેનો વીજ હિસ્સો ઓછો હોવા છતાં ધરવપરાશના વીજ ગ્રાહકો ઉપર વધારે કરભારણ લદાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૬. | -- " -- | ૧૦૦ | વીજ ગ્રાહકો પાસેથી મીટર ભાડું તેમજ ફીકસ ચાર્જ પેટે કરોડો રૂપિયા દર માસે વસૂલે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૭. | -- " -- | ૧૦૦ | વીજચોરીના કારણે થતી વીજખોટની રકમ પ્રામાણિક ગ્રાહકો પાસેથી ઉઘરાવાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૮. | -- " -- | ૧૦૦ | વીજમીટરનું માસિક ભાડું વસૂલવામાં આવતું હોવાથી તેનો રીપેરીંગ ચાર્જ વસૂલાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| | | | **માગણી નં. ૧૩** | |
| ૯.* | ૨૮૦૧- વીજળી શકિત<br>૮૦-સામાન્ય<br>૧૦૧-વિદ્યુત....સહાય<br>રૂા.૧૨,૧૪,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫ પા.નં. ૯ થી ૧૦ | ૧૦૦ | ખેડૂતોને સમયસર વીજળી આપીને પાકને બળી જતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦.* | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં લટકતા ભયજનક વીજ વાયરોને વ્યવસ્થિત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧.* | -- " -- | ૧૦૦ | નિયમિત રીતે વીજ મીટરો ચેક કરી ખામી યુકત મીટર નિ:શુલ્ક બદલી આપવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨.* | -- " -- | ૧૦૦ | જર્જરિત વીજ વાયરોને કારણે માનવી અને પશુઓના થતા મૃત્યુના કિસ્સાઓમાં સમયસર વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૩. | -- " -- | ૧૦૦ | વીજ ચોરીના નામે વીજ ગ્રાહકોને અપાતો ત્રાસ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૧૪. | -- " -- | ૧૦૦ | વીજ કંપની દવારા લગાવેલ ખામી યુકત મીટરો પેટે ગ્રાહકો પાસેથી વસૂલાતો દંડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દેવજીભાઈ ફતેપરા |
| ૧૫. | -- " -- | ૧૦૦ | વીજ કેબલની નિયમિત ચકાસણીના અભાવે થતી ગંભીર હોનારતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.* | -- " -- | ૧૦૦ | કોડીનાર તેમજ અન્ય તાલુકામાં ખાણ માફીયા દવારા ઉપયોગમાં લેવાતા ગેરકાયદેસર વીજ જોડાણો રદ કરી કાયદેસર કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭.* | -- " -- | ૧૦૦ | રાજય વિદ્યુત બોર્ડને સહાય આપવા છતાં વીજ ગ્રાહકોને પડતી હાડમારીઓ નિવારવા તંત્રની નિષ્ફળતા | |
| ૧૮. | -- " -- | ૧૦૦ | ખેડૂતોની વીજ કનેકશનો અંગેની પડતર અરજીઓનો નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૧૯. | -- " -- | ૧૦૦ | વીજ કનેકશન મેળવવા માટે અરજી ફી તેમજ તત્કાલ જોડાણ માટે ફી એમ ખેડૂતો પાસેથી વસૂલવામાં આવતી બેવડી ફી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૦. | -- " -- | ૧૦૦ | ત્ર્યંચા ભાવની વીજ ખરીદીને કારણે થતી ખોટને નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| | | **ઉધોગ અને ખાણ વિભાગ**<br>**<u>માગણી નં.૪૯</u>** | | |
| ૨૧. | ૨૮૫૧-ગ્રામ લધુ ઉદ્યોગો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૭,૯૦,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩પા.નં.૩૪ થી૩૬ | ૧૦૦ | ગ્રામ અને લધુ ઉદ્યોગોના વહીવટ અને દેખરેખ માટે જરૂરી સ્ટાફની ધટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૨૨.* | ૨૮૫૧-ગ્રામ અને લધુ ઉદ્યોગ<br>૧૦૨-લધુ ઉદ્યોગો<br>રૂા. ૨,૧૬,૧૧,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૭ થી ૪૦ | ૧૦૦ | લધુ ઉદ્યોગોના પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૩. | ૨૮૫૧-ગ્રામ........ઉદ્યોગ<br>૧૦૫-ખાદી ...... ઉદ્યોગો<br>રૂા. ૮,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૪૬ | ૧૦૦ | ખાદીના વેચાણને પ્રોત્સાહન મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગવાનભાઈ બારડ |
| ૨૪.* | -- " -- | ૧૦૦ | ખાદી ગ્રામ ઉદ્યોગ બોર્ડને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૫. | ૨૮૫૨-ઉદ્યોગો<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રુ.૮,૦૫,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં.૬૩ થી ૬૭ | ૧૦૦ | નવા શરૂ થતા ઉદ્યોગોમાં સ્થાનિક બેરોજગાર યુવાનોને નોકરીની તકો મળે તે શરતે મંજૂરી આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૨૬* | -- " -- | ૧૦૦ | રાજયમાં નવા ઉદ્યોગો સ્થાપવા માટેની વહીવટી પ્રક્રિયા ઝડપી બનાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭.* | -- " -- | ૧૦૦ | નવા ઉદ્યોગોની ઉત્પાદન કાર્યવાહીની સમયાંતરે યોગ્ય ચકાસણી કરવામાં તત્રની નિષ્ફળતા | |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.* | -- " -- | ૧૦૦ | સહાય મેળવી સ્થપાતા નવા ઉદ્યોગોને બંધ થતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | માગણી **નં.૫૦** | | |
| ૨૯. | ૨૮૫૩-બિનલોહ ....ઉદ્યોગ ૦૨-ખાણો...... વિકાસ ૦૦૧-નિદેશ અને વહીવટ રૂા.૪૯,૯૬,૦૫,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પા.નં.૮૧ - ૮૨ | ૧૦૦ | કાયદાનું ઉલ્લંઘન કરતાં ખાણ-ખનિજ માફીયાઓ સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદજાવેદ પીરઝાદા |
| ૩૦. | -- " -- | ૧૦૦ | લીઝ અને રોયલ્ટી અંગેના નિયમોમાં જરૂરી સુધારા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૧.* | -- " -- | ૧૦૦ | ધારાસભ્યોની ફરિયાદો સંબંધે પૂરતું ધ્યાન આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૨. | -- " -- | ૧૦૦ | સરકારી તંત્ર અને લીઝ હોલ્ડરોની મીલી ભગતથી સરકારી તિજોરીને થતું નુકશાન નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| | | **ક્લાઈમેટ ચેન્જ વિભાગ**<br>**માગણી નં. ૧૦૭** | | |
| ૩૩. | ૩૪૫૧-સચિવાલય...સેવાઓ ૦૯૦-સચિવાલય રૂા.૫૪,૬૯,૦૦૦ અં.પ્ર.નં. ૨૮ પા.નં. ૯-૧૦ | ૧૦૦ | હવામાનમાં થતા ફેરફારના સંદર્ભમાં યોગ્ય વ્યવસ્થા માળખું ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૩૪. | -- " -- | ૧૦૦ | હવામાનમાં થતા ફેરફારોને ધ્યાનમાં રાખી વાયુ પ્રદુષણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવશે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(ભાવનગર શહેર (દક્ષિણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા વિભાગના રાજય કક્ષાના મંત્રીશ્રી કહેતા હતા કે વિરોધ પક્ષના નેતા નડે નહીં. મારે કહેવું છે કે, જ્યા ગુજરાતનું હિત હોય ત્યાં દિલથી મદદ કરીએ છીએ. ગુજરાત યશસ્વી બને એમાં અમને રસ છે. યશ કોને મળે એની અમને ચિંતા નથી. માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરનો જ દાખલો આપું આ બજેટમાં A અને B કોલસા ઉપર ૧૧૦ ટકાનો વધારો થયો. A અને B નો કોલસો અમદાવાદમાં જે વીજ ઉત્પાદન થાય છે એમાં વપરાય છે. અમારા ધ્યાને આવ્યું, સરકારે ધ્યાને નથી મૂકયું. આ ભાવ વધારો આવે તો અમદાવાદમાં રહેતા લોકોને લગભગ ૧.૧૦ રૂપિયા યુનિટે ભાવ વધી જશે એવું લાગ્યું, માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારમાં અમે રજૂઆત કરવા ગયા છીએ અને અમને વિશ્વાસ છે કે, માનનીય અહેમદભાઈ, સંસદસભ્યો અને કોંગ્રેસના આગેવાનોની મદદથી એ ભાવ વધારો ન આવે કે જેથી ગુજરાતમાં વસતા અમદાવાદીઓને રાહત રહે. આ કામ અમે કર્યું છે. કામ હોય નર્મદા યોજનાનું કે રકમ લાવવાની હોય જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશનમાં સામેથી જઈને કહીએ છીએ. પણ હા, હું નડું છું આ પ્રજાની તિજોરીનો એક પણ રૂપિયો કોઈ દલાલો ઉઠાવીને જતા હોય એમાં હું નડું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું નડું છું ગુજરાતની જનતાને ભોળવીને કોઈ પૈસા એના પડાવી લેવા માગતું હોય એમાં હું નડું છું. અને એ મારો ધર્મ છે એમ હું માનું છું અને વિરોધ પક્ષના નેતા તરીકે પ્રજાની તિજોરીને કોઈ લૂંટવા આવે તો જાનના જોખમે એની ચોકિયાત કરવી એ મારી ફરજ છે એમ હું માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે અહીંયા કે, ઉર્જા વિભાગમાં કહેવાય છે, વારંવાર કહેવાય છે વીજ ઉત્પાદન વધી ગયું છે, ગુજરાતમાં સરપ્લસ વીજળી છે. આપણે બહારના રાજ્યોમાં વીજળી વેચીએ છીએ ત્યારે મારે આપને એ કહેવું છે કે, આપ સરપ્લસ છો, અભિનંદન આપીએ આપને જો આપ એ સરપ્લસ વીજળી ૨૪ કલાક ખેડૂતોને આપશોને તે દિવસે હું સૌથી પહેલા અભિનંદન આપીશ. વધેલી વીજળી હોવા છતાં, સરપ્લસ હોવા છતાં શા માટે આપણે ખેડૂતોને નથી આપતા? પેલા એસ.એમ.ઈ. છે, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈસીસ એને એક દિવસનું સ્ટેગરીંગ શા માટે આપણે આપીએ છીએ? ઉઠાવી લો સ્ટેગરીંગ. એમને પૂરે પૂરી વીજળી થોડી

સબ્સીડાઈઝ પણ વધારે કરવાનું કેમ આપણે વિચારી ન શકાય? સામાન્ય માણસ પર આપની વીજ ડ્યુટીના દર છે એ કમ્પેર તો કરજો. શા માટે આપણે એ ઘટાડી ના શકીએ?

માનનીય અધ્યક્ષશ્રી, અહીં કહેવાયું હતું પ્રશ્નોતરીમાં કે ખેડૂતોને આટલી સબસીડી આપીએ છીએ, હોર્સ પાવરદીઠ આપીએ છીએ. અરે, સાહેબ આ હોર્સ પાવરદીઠ ખેડૂતને આપવાની યોજના તો અમે લઈને આવ્યા હતા, કોંગ્રેસ લઈને આવી હતી. આપ મને એક તો દાખલો આપો કે, આપ સત્તામાં આવ્યા પછી આપ ખેડૂતો માટેના હોર્સપાવર દીઠ કેટલા કનેકશન આપી શક્યા? આપ સત્તામાં આવ્યા ત્યારથી તો બેકલોગ ચાલે છે ખેડૂતને વીજળી આપવાનો. તત્કાલ યોજના લઈને આવે છે, પેલો વેઈટિંગમાં છે એને વધારાના પૈસા લીધા વગર કનેકશન આપવું જોઈએ એના બદલે તત્કાલના નામે વધારે પૈસા ખેંચવાની યોજના લઈને તમે આવો છો? ખેડૂત જ તમારી નજરમાં આવીને બેઠો છે? માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ એક ખેતી પ્રધાન દેશ છે. નાનો ટૂકડો જમીનનો હોય છેને એના ઉપર પેઢીઓ સુધી માણસો નભતા હોય છે. એ ખેતી છે ખેડૂત એ ધરતીપુત્ર છે અને આ ધરતીમાતા એને પોષણ આપે છે, જેમ માના ધાવણ પર એના દૂધનો અધિકાર એના દીકરાનો હોય છે એમ પાતાળની જમીનમાં રહેલા પાણી પર પહેલો અધિકાર ખેડૂતનો હોય. અહીંયા તો ડાર્ક ઝોનની વાત થાય છે, મોટા ઉદ્યોગપતિને ડાર્કઝોનમાંથી પાણી ખેંચી શકાય પણ આપનો પરિપત્ર છે કે ડાર્કઝોનમાં ખેડૂતને વીજળીના કનેકશન ના મળે. એ સરકાર હતી અહીંયા જેને અમે ટેકો કરતા હતા. એ સરકાર હતી જેણે નિર્ણય કર્યો કે ખેડૂતને ડાર્ક ઝોનમાં કનેકશન આપવાથી કદાચ સબસીડી ના મળે તો ના મળે, પણ અમે ખેડૂતને ડાર્કઝોનમાં કનેક્શન આપીશું એ બંધ કરવાનું પાપ આ સરકારે કર્યુ છે. આપણે વાત કરીએ છીએને કૌભાંડોની, મોટું કૌભાંડ કરનારા સત્યમ એન્જીનીયર્સને ૧,૦૫,૨૨૨ ચોરસમીટર જમીન કેટલા રૂપિયામાં આપી ગાંધીનગરમાં? માત્ર ૧૧૦૦ રૂપિયામાં, ફટાક દઈને એ જમીન આપતા તમારો જીવ ના ચાલ્યો જાય કે ૧૧૦૦ રૂપિયામાં હું એક લાખ ચોરસમીટર જમીન આપું? માનનીય અધ્યક્ષશ્રી, રાહેજા, ખબર નથી પડતી આ કેવો પ્રેમ છે, ૩,૭૬,૫૬૧ ચોરસમીટર જમીન શું ભાવથી આપી ગાંધીનગરમાં? ૪૭૦ રૂપિયાના ભાવથી ગાંધીનગરમાં જમીન આપી. ઉદ્યોગપતિને કેટલીય વખત આપણે માથે ચડાવ્યા છે, એક ઉદ્યોગપતિ ક્રેઈન ઈન્ડિયા લી., ખેડૂતોના પ્રશ્ને, પ્રજાનો ચુંટાયેલો પ્રતિનિધિ જામનગરનો સાંસદ લડે છે એને જાનથી મારી નાંખવાની ધમકી એક ઉદ્યોગપતિ આપતો હોય તો એ શરમ છે આપણા સૌના માટે કે પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિ સાથે એક ઉદ્યોગપતિ આવો વ્યવહાર કરી શકે. વરતેજનું જી.આઈ.ડી.સી. છે એનો પ્લોટ નંબર-૧૪૮, એનું ક્ષેત્રફળ ૧,૦૪,૦૮૮ ચોરસમીટર, તારીખ ૫ નવેમ્બર, ૨૦૦૯ના રોજ એની કિંમત અંકાઈ ૬.૫૩ કરોડ રૂપિયા. છાપામાં જાહેરાત આવે છે, અરજીઓ માંગવામાં આવે છે કે પ્લોટ વેચવાનો છે, ખેડૂતને પાછી જમીન તો નથી આપતા, આ પ્લોટ લેવા માટેની અરજીઓ આવે છે, જે અરજી કરનારા છે એ પૈકીના બધાજ લખે છે કે તમારી બેઠી કિંમતના ભાવથી વધારે કિંમતમાં અમે ખરીદવા માટે તૈયાર છીએ, બધીજ અરજીઓ નામંજૂર કરી અને એક અરજી ઉભી રાખવામાં આવે છે, પ્રશાંત મુકુંદભાઈ શાહ એમ કહે છે કે હું એક ચોરસમીટરના રૂપિયા ૬૩૦/- આપીશ. એને ના પાડવામાં આવે છે, બીજો કહે છે કે તમે કહો તે પ્રાઈસ હું આપીશ એને ના પાડવામાં આવે છે અને એક માનીતો ઉદ્યોગપતિ એને ૪૦૦ રૂપિયાના ભાવે આ આખો પ્લોટ આપી દેવામાં આવે છે. ૨.૫૦ કરોડ રૂપિયાનું નુકશાન ગુજરાતની તિજોરીમાં કોના ભોગે થાય છે?

જી.એસ.પી.સી. ઓઈલ અને ગેસની વાતો, આ 'દિનદયાલ બ્લોક'ને તો 'દિનદલાલ બ્લોક' બનાવી દેવામાં આવ્યો છે આ મારો આક્ષેપ છે. લગભગ નવેક હજાર કરોડ રૂપિયા એ બોરના નામે આપણે અંદર નાંખી દીધા છે. શું કર્યુ આપે? આટલો ખર્ચ કર્યા પછી શું મેળવ્યું આપે?. આપે પોતે જી.એસ.પી.સી.એ એપ્રુવ્ડ ડેવલપમેન્ટ પ્લાન રજૂ કર્યો હતો, આપનો પ્લાન રજૂ કરેલો હતો, એમાં આપે શું કહ્યું હતું કે ડિસેમ્બર, ૨૦૧૧માં પ્રોડકશન શરૂ કરી દઈશું, આપે ખાતરી આપી હતી અને આજે શું થયું, ભ્રષ્ટ વહીવટના કારણે ડિસેમ્બર, ૨૦૧૧માં આપ ગેસ પ્રોડકશન શરૂ કરી શકો એમ જ નથી અને મારો દાવો છે કે ક્યારે કરશો એના પણ કોઈ ઠેકાણા નથી પણ હવે આપે શું લખીને આપ્યું કે ડિસેમ્બર ૨૦૧૧માં નહિ થાય પણ હવે અમે ૨૦૧૩ના મધ્ય ભાગમાં પ્રોડક્શન કરીશું, આપ તો નંબર વન છે, સમય કરતાં પહેલાં ચાલનારાઓ છો તો અહીંયા કેમ અટવાઈ પડ્યા છો એનું મને કંઈક તો કહો. આપણી જી.એસ.પી.સી.ના ઓઈલ અને ગેસના સંશોધનના પ્રોજેકટની કિંમત કેટલી હતી? આપે આપેલી કિંમત હતી ૧.૬ બિલિયન યુ.એસ. ડોલર, આજે આપની કિંમત કેટલી થઈ છે, ૨.૫ બિલિયન યુ.એસ. ડોલર, ૭૦ ટકા જેટલી કિંમત વધી ગઈ, આપના પેટનું પાણીય નથી હલતું કે આ પ્રજાના પૈસા વેડફી રહ્યા છીએ આપણે માનનીય અધ્યક્ષશ્રી. આપ એક એક્સપર્ટને રાખો છો. તે એક્સપર્ટને એમ કહો છો કે હું તને દસ ટકા ભાગ આપીશ. એક્સપર્ટ તારું કામ શું છે ? તારે અમને કહેવાનું છે કે અહીં શારકામ કરો, અહીંયા નહીં કરો. તારી સલાહ મુજબ અમે કામ કરીશું. અને પછી શું કરો છો આપને એસ્સારની રીગ રાખવી છે, એસ્સારને પૈસા કમાવી આપવા છે અને પેલો એક્સપર્ટ એમ કહે છે સાહેબ અહીંયા શારકામ નહીં કરતા પણ પેલો રીગવાળો કહે કે અહીંયા કરો તો મને સહેલું પડે છે. તો કહે ઠોકને અહીંયા તું તારે નીકળે કે ના નીકળે તો કંઈ નહીં. અને તેના કારણે કરોડો રૂપિયા આપણાં પાણીમાં ગયા. આપનો એક્સપર્ટ લખીને આપે છે કે તમે જે વેસ્ટ કર્યો છે પૈસાનો તેના કારણે પ્રોજેકટ કોસ્ટ ઉંચી જશે અને કાલ સવારે જીએસપીસીનું જે નુકસાન થશે તે નુકસાન અકલ્પનીય હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક્સપર્ટે ના પાડી હતી ત્યાં તમે કરોડો રૂપિયા નાંખ્યા અને પરિણામ શૂન્ય મળ્યું. આપને ત્યાંથી કશું જ મળ્યું નહીં. આપની પાસે રીગ હતી PN ૩ હતી. મને લાગે છે કે કંઈક અન્ડર ટેબલ વ્યવસ્થા ના થઈ અને આપે તેને કાઢી મૂક્યો. આપે competitive bidding કરીને international bidding કરીને સારામાં સારી રીગ લેવાના બદલે આપે શું કર્યુ ? એસ્સારની રીગ લઈ લીધી, Wild Cat નામની એસ્સારની રીગ લીધી. આપે માત્ર થોડાં સમયમાં ૨૦૦૮, ઑગસ્ટથી નવેમ્બર અને ઓગસ્ટ, ૨૦૦૯માં આપે તેને ૧૪૦૦ કરોડ રૂપિયા ડાર કરવાના નામે પધરાવી દીધા છે. આ ગરીબ tax payer ના પૈસા. આનો હિસાબ તમારે આપવો જોઈએ. માનનીય મંત્રીશ્રી કહે છે કે, તમારા કેન્દ્રવાળા યુનિટે આમાં શેર લીધા હતા. અરે, સાહેબ ગુજરાતના વિકાસમાં અમે આડા આવતાં હોતને તો અમે તે દિવસે જ તેને પૈસા ના રોકવા દેત, શેર ના લેવા દેત. પરંતુ ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ એવી જાહેરાત કરી કે મને ૨૦ TCF ઓઈલ અને ગેસ મળી ગયો છે. ૨૦TCF જો તમને ઓઈલ અને ગેસ મળ્યો હોય તો સ્વભાવિક દરેકને એમ થાય કે ભાઈ આમાં પૈસા નાંખો આ તો સોનાની ખાણ છે. Who can certify you? ડી.જી.હાઇડ્રોકાર્બન. અને ડી.જી.હાઇડ્રોકાર્બને શું કહ્યું આપને સાહેબ કે ૨૦TCF નહીં ૨TCF પણ રીકવરેબલ નહીં એવું સર્ટીફિકેટ આપ્યું આપને ૨TCF નું. અને તે ૨TCF નું સર્ટીફિકેટ આપ્યાં પછી તમે મેળવી શક્યા નથી આનાથી મોટી નિષ્ફળતા કોઈ નથી. અને હવે તમારે શું કરવું હતું પાંચ હજાર કરોડ રૂપિયાનું દેવું જી.એસ.પી.સી.એ કર્યુ. માર્કેટમાંથી હવે કોઈ લોન, પૈસા આપે તેમ નહોતું એટલે તમે કહ્યું કે અમારે આઈ.પી.ઓ.લાવવો છે. એની જાહેરાત પાછળ લાખો બરબાદ કર્યા. મને થયું કે આ આઈ.પી.ઓ. આવશે તો આમાં પૈસા કોણ રોકશે ? સૌથી વધારે શેરમાં પૈસા રોકનારો ગુજરાતી છે. અને તેમાંય જી.એસ.પી.સી.નો આવશે તો આમ ગુજરાતી સૌથી વધારે પૈસા આ શેરમાં નાંખશે અને સાત-આઠ હજાર કરોડ બીજા ઉભાં કરી અને એસ્સારની રીગોના ખાલી બોર કરીને જો પૈસાનું કોઈ કરપ્શન કરવાના હોય તો મારે લડવું જોઈએ, મારે આડા ઉભાં રહેવું જોઈએ કે આમ ગુજરાતીના નાણાં હું બરબાદ નહીં થવા દઉં અને એટલા માટે મેં લખ્યું છે. અને સાહેબ સેબી છે તે ઈન્ડીપેન્ડન્ટ કામ કરે છે. મારો પત્ર ગયો તેના મુદ્દાનો જવાબ આપી દેવો હતો ને ? અને સેબી રોકે તો હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાં જઈને પરમીશન લઈ આવવી હતીને આઈપીઓની, કોણ રોકતું હતું તમને ? પણ નથી ગયા કારણ કે તમારો વહીવટ એવો હતો કે જેનો ખુલાસો થઈ શકે તેમ નથી. કરોડો ખવાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક છેલ્લી વાત કરવી છે કે, આ વાયબ્રન્ટ ગુજરાત છે તે ભ્રષ્ટાચારનું કેવું પ્લૅટફૉર્મ બને છે તેનો એક નમૂનો મારે આપવો છે. મારી પાસે એક કલેકટર સુરતનો પરિપત્ર મારા હાથમાં છે ૨૩-૧૦-૦૮નો એલ.એન્ડટી. હજીરા સુરત ખાતે એક જમીન માગે છે. તે જમીનની માગણી કરે છે ત્યારે એલ.એન્ડટી. લખીને આપે છે કે સાહેબ મને આ જમીન આપો સરકાર જે ભાવ નક્કી કરશે તે હું આપીશ એમ લખીને આપે છે એમ કલેકટર પણ નોંધે છે. આ જમીન કેટલી છે ? જે જમીન માંગવામાં આવે છે તે ૨૫ હેકટર ૭૮ આરે અને ૬૭ ચો.મીટર જમીન માંગવામાં આવે છે. આપણી પાસે મૂલ્યાંકન સમિતિ છે જે કિંમત નક્કી કરે છે. તેણે કિંમત કેટલી નક્કી કરી ? ૨૬૦૦ રૂપિયા પ્રતિ ચો.મીટરના નક્કી કર્યા. લગભગ ૨૪ થી ૨૫ કરોડ રૂપિયાની એ જમીન થાય. એ પછી શું થાય છે કે એ સરકારમાં આવે છે અને એ મંત્રીમંડળમાં જાય છે. એ ૨૬૦૦ રૂપિયાના ભાવવાળી જમીનનો ભાવ આપ નકકી કરો છો કે એમને ૯૨૫ રૂપિયામાં એ જમીન આપવી છે અને એ ૯૨૫ રૂપિયામાં જમીન આપી દેવી છે અને એ મુજબ એની કિંમત ૨૩,૮૫, ૨૬,૯૭૫ રૂપિયા થાય છે અને એટલા પૈસા માટેનું આપ કહો છો. પેલા માણસને કહેવામાં આવે છે કે તમે તો લખી આપ્યું હતું કે સરકાર નકકી કરે એમ કહીને ૨૬૦૦ રૂપિયાની કિંમત કરતા હતા અને એટલે એના ૫૫ થી ૬૦ કરોડ રૂપિયા ભરવાના થાય એના બદલે તમારે હવે આ ૯૨૫ ના ભાવ પ્રમાણે ૨૩ કરોડ રૂપિયા ભરવાના થાય છે તો આવીને ભરી જાઓ. પેલો માણસ પૈસા ભરવા આવતો નથી અને એના માટે કલેકટર દરખાસ્ત કરે છે આપનો રિમાઈન્ડર જાય છે પછી કે એમણે પૈસા ભર્યા નથી અને હવે એની પાસેથી વ્યાજ સાથે પૈસા લો એવી દરખાસ્ત કલેકટરશ્રી મોકલી આપે છે. એમાં સરકારનું મંત્રીમંડળ શું કરે છે કે એની પાસેથી વ્યાજ તો લેવાનું નહીં અને સરકાર નકકી કરે છે કે એની પાસેથી ૯૨૫ નો ભાવ નહીં, પરંતુ એની પાસેથી હવે આ જમીનના ૭૦૦ રૂપિયા લેવાના અને વ્યાજ છે એ નહીં લેવાનું. આ જમીન હવે ૭૦૦ રૂપિયામાં આપી દેવાની છે. તો ૨૬૦૦ રૂપિયાવાળી જમીનના પહેલાં ૯૨૫ રૂપિયા નકકી કર્યા અને એ પૈસા ના ભર્યા પછી એનું વ્યાજ લેવું જોઈએ એને બદલે એ વ્યાજની માફી અને ૯૨૫ માંથી ૭૦૦ રૂપિયામા જમીન આપી દો અને એ રીતે ૧૮.૫ કરોડ રૂપિયામાં આ સોનાના ટૂકડા જેવી જમીન પધરાવી દીધી છે. તો શું આ આપની નીતિ છે, શું આ આપનાં કરતુત છે, શું આ આપનું કર્તવ્ય છે, આ આપની નીતિ છે? કરોડો રૂપિયા જો આ રીતે વ્યર્થ થતા હોય તો ત્યાં હું નડું નહીં તો શું કરું? આ મુદ્દાઓમાં મારી ચોખ્ખી માગણી છે કે આપણે ભ્રષ્ટાચાર સામે લડવું હોય તો આવો એક થઈને લડીએ, તમે અને હું અને બધા ભેગા થઈને લડીએ, તમારે ભ્રષ્ટાચાર સામે લડવું છે ને અને એટલા માટે મારે કહેવું છે કે જે જી.એસ.પી.સી.એ પૈસા વાપર્યા છે એ જી.એસ.પી.સી.માં ભ્રષ્ટાચાર ના થયો હોય અને વાજબી નાણા ખર્ચાયા હોય, ગુજરાતમાંથી ઓઈલ અને ગેસ નીકળવાનું હોય અને એ બાબતની તપાસ કરવા માટે સમિતિ નીમો. તમે તો પાર્લામેન્ટમાં જે.પી.સી. એટલે કે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી માગતા હતા અને હું અહીં જે.એલ.સી. એટલે કે

જોઈન્ટ લેજિસલેટીવ કમિટી માગું છું. એ જે.પી.સી. એમાં એક પણ પૈસાનો ભ્રષ્ટાચાર થયો નથી અને બધું સાચું થયું છે એમ રિપોર્ટ આપે તો તમારા બધા માટે અને તમારા આઈ.પી.ઓ. માટે ખભે ખભા મિલાવી લડવાની મારી તૈયારી છે. જે.પી.સી.માં તમારા પક્ષના વધારે હશે અને અમારા પક્ષના ઓછા હશે અને એ જે.પી.સી.નો રિપોર્ટ લઈને અહીં સભાગૃહમાં આવશો તો એ ભષ્ટાચારમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. હિંમત હોય તો આપી જુઓ એની તપાસ અને પછી શું થાય છે એ હું કહું છું.

**માનનીય અધ્યક્ષી, વાયબ્રન્ટ ગુજરાતના નામે જે જમીનો અપાય છે એ જમીનો કેવી રીતે અપાય છે.એક પ્રસ્થાપિત થયેલો સિધ્ધાંત છે કે રાજયની એક સોય કે તસુ જેટલી પણ જમીન આપવી હોય તો એની ટ્રાન્સપરન્સી હોવી જોઈએ, ઓપન બીડીંગથી આપવી જોઈએ કે આ જમીનનો ટૂકડો વેચવાનો છે જેને લેવા આવવું હોય એ આવો અને જે ઉંચી બોલી બોલે એને એ મળે અને પ્રજાની તિજોરીમાં વધારે નાણા આવશે. આપ તો એલ.એન્ડ ટી. કંપનીને પકડી લો છો. જમીનના ભાવ નકકી કરાવો. આપની કિંમત નકકી કરતી મૂલ્યાંકન સમિતિ ૨૭૦૦ નો ભાવ નકકી કરે અને છતાં આપ ૯૨૫ નકકી કરો અને વળી પાછા ૭૦૦ રૂપિયાના ભાવે પધરાવો એ કઈ નીતિ છે? આપ આ કોંગ્રેસે ૫૦ વર્ષના ઈતિહાસમાં શું કર્યુ એમ કહો છો તો આ કોંગ્રેસે આ બધી જમીન બચાવી રાખી હતી જેને તમે વેચવા નીકળ્યા છો. એ બચાવી રાખી હતી કારણ કે આ સંપત્તિ એ પ્રજાની સંપત્તિ છે અને એની ઉપર જનતાનો અધિકાર છે, એને લૂંટાવવાનો કોઈને અધિકાર નથી. આજે કદાચ જનતા સુધી એ નહીં દેખાય, પરંતુ એ વાત જરૂર જશે કે જનતાને પ્લોટ આપવા માટે તમારી પાસે વ્યવસ્થા નથી, જમીન વિહોણા ખેડૂતોને આપવા માટેની જમીન નથી, સાંથણીની જમીન માટે લબડતા હરિજન ભાઈઓને આપવા માટે જમીન નથી અને આટલી મોટી જમીન એક મોટા ઉદ્યોગપતિને આપો છો ત્યારે પાઘડીનો વળ છેડે આવવાનો, આવવાનો, આવવાનો જ છે, "ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મ્ કણી ન લાદશે." આટલું કહીને હું મારી વાત પૂરી કરું છું.**

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગની માગણીઓ લઈને માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. એ વાત કરતા પહેલા હું આજે કહીશ કે પ્રવર્તમાન સંજોગોમાં રાતો રાત કોઈ રાજય જાપાન કે જર્મની બની જશે તે શકય નથી. પણ ગુજરાતમાં ગુજરાતના વિકાસ પુરુષ માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ઉદ્યોગ ક્ષેત્રે છેલ્લા ૮ વર્ષમાં જે ચમત્કારીક પગલાં લેવાઈ રહ્યાં છે તેના તરફ સમગ્ર દેશનું નહીં પણ વિશ્વનું ધ્યાન ખેંચાયું છે. વર્ષો જુની નકારાત્મક નીતિ જેની અહીં વાત થતી હતી, હું આજે કહીશ, જમીનોને સાચવી રાખી છે, વર્ષો જુની નકારાત્મક નીતિઓ બદલી લોકશાહી સાથે સુસંગત રીતે જે ઔદ્યોગિક ક્રાંતિ ગુજરાતમાં આવી છે ને માનનીય અધ્યક્ષશ્રી, તે ખરેખર આ સ્વર્ણીમ ગુજરાતના શિલ્પી નરેન્દ્રભાઈ મોદીને હું હ્રદય પૂર્વકના અભિનંદન આપું છું. કેટલાક લોકોને આ દેખાય છે પણ સમજાતું નથી. બહુ મોડું સમજાય,. આમેય નરેન્દ્રભાઈ કરે ને તો એ પછી બધાને બહુ મોડી મોડી ટયુબલાઈટ થતી હોય છે. પણ એમાં એમનો વાંક નથી, એમની દ્દષ્ટિનો વાંક છે. વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૧, આ સમિટની જે અહીં ટીકા કરવામાં આવી, તો મને તો દયા આવે છે, I pity on them, કે જે લોકો, જે વાયબ્રન્ટ સમીટે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે એ વાયબ્રન્ટ ગુજરાત સમીટ ૨૦૧૧માં આવ્યા હોય તો ખબર પડે ને, હું તો હજુ કહીશ કે આ ૨૦૧૧ની વાયબ્રન્ટ સમીટ હતી એની અંદર એક આર્થિક મેળો હતો, અને એ વાયબ્રન્ટ સમીટમાં ૧૦૧ દેશોએ ભાગ લીધો, ૧૦૧ દેશો ભાગ લે, ૧૪૦૦ જેટલા વિદેશી પ્રતિનિધિઓ એની અંદર આવ્યા અને ૩૫૦૦૦ જેટલા ઉદ્યોગપતિઓ અને તેની જોડે ઉદ્યોગોમાં સંકળાયેલા લોકો ડેલીગેટ તરીકે હાજર રહયા, એવી આ વાયબ્રન્ટ સમીટમાં અમારા એક મિત્ર કેનેડાથી આવ્યાા હતા, એમણે કહયું કે ખરેખર હું કલ્પી નથી શકતો કે હું ગુજરાતમાં કે ઈન્ડિયામાં બેઠો છું. વાયબ્રન્ટ સમીટ આ વખતની ધેટ વોઝ આઉટ ઓફ વર્લ્ડઝ સાહેબ, જે આવ્યા હોય તેને ખબર પડે કે વાયબ્રન્ટ સમીટ કોને કહેવાય. જે ઉદગારો આ સમીટમાં થયા છે, મોટા મોટા મલ્ટીનેશનલ ઉદ્યોગપતિઓ અને વિદેશોના જે લીડરો હતા ઉદ્યોગોના અને દેશોના, તે લોકોએ જે ઉદગારો કાઢયા છે તેની માત્ર હું ઝલક આપીશ. એ ઉદ્યોગપતિઓએ એવું, કહ્યું, અનેક વાતો એ લોકોએ કરી, એમાં મને જે ગમી તે વાત હું અહીં રજૂ કરીશ. એક તો આપણા મુખ્ય મંત્રીશ્રી જે આ સમીટ કરે છે અને જે ઉદ્યોગોને અહીં લાવે છે તેના માટે કેટલી મહેનત કરે છે, ઉદ્યોગપતિઓને ગુજરાતમાં આકર્ષવા અને તે અહીં પોતાના કરોડો રૂપિયા ઉદ્યોગોમાં નાખે તે વાતમાં તેને કન્વીન્સ કરવા એ કોઈ નાની સૂની વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, મહેન્દ્ર એન્ડ મહેન્દ્રના ઉદ્યોગપતિએ કહયું કે "સાહેબ, હવે તો તમે નારાજ નથી ને, હું અહીં ઉદ્યોગ નહોતો કરતો ગુજરાતમાં એટલે નરેન્દ્રભાઈ નારાજ થતા હતા", આ નરેન્દ્રભાઈના ઘરમાં ઈન્વેસ્ટમેન્ટ થાય છે? આ ગુજરાતની પ્રજા માટે ઈન્વેસ્ટમેન્ટ થાય છે. અને એમણે કરોડો રૂપિયાનું ઈન્વેસ્ટમેન્ટ ગુજરાતમાં કરવાની વાત કરી સાહેબ. આટલી બધી મહેનત, આટલા બધા ફોલોઅપ કરી અને ગુજરાતનો આર્થિક વિકાસ થાય, ગુજરાત વિશ્વના નકશામાં મુકાય તે જાતની મહેનત આપણા મુખ્ય મંત્રીશ્રી કરી રહ્યા છે. મને યાદ છે, પહેલી વાયબ્રન્ટ સમીટ જયારે થઈ ત્યારે એની અંદર એમના ભાષણમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, મારે ગુજરાતને વિશ્વના બજારમાં નહિ પરંતુ વિશ્વનું બજાર મારે ગુજરાતમાં લાવવું છે એ વાત કરી હતી. એ વાત સન ૨૦૧૧ના સમિટમાં અમે નજરો નજર નિહાળી છે. વિશ્વ બજાર ગુજરાતમાં આવ્યું છે એ કોઈ નાની સૂની વાત નથી. આ વખતે ૨૦.૮૯ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા એમાં ૭૯૩૬ પ્રોજૅકટોના એમ.ઓ.યુ. થયા. અહીંયા બીજી પણ વાત કરવામાં આવી છે.

સામેના પક્ષના ઉદ્યોગપતિ જે કહેવાય છે એવા એક સભ્યશ્રીએ વાત કરી કે નવ ટકા જ રોકાણો થયા છે. મને ખરેખર દયા આવે છે સમજાતું નથી આ આંકડા મારે કરેક્ટ કરવા જોઈએ. સન ૨૦૦૩ થી સન ૨૦૦૯ના ગાળામાં કુલ ચાર સમિટ થઈ એમાં ૪૩૩૫ પ્રોજેક્ટના એમ.ઓ.યુ. થયા એમાંથી ૨૬૮૦ પ્રોજૅક્ટ એટલે કે ૬૧.૮૨ ટકા પ્રોજૅક્ટોનું અમલીકરણ થઈ ગયું છે. રૂપિયામાં વાત કરુ તો લગભગ ૮ લાખ કરોડના પ્રોજૅક્ટોનું અમલીકરણ થઈ ગયું છે એટલે ૪૧ ટકા કરતાં વધારે રોકાણો આ એમ.ઓ.યુ. થયાં એમાં થયું છે. અહીંયા નવ ટકાની વાતો કરીને પ્રજાને પણ ** (xxxx) દોરે છે અને આ ગૃહને પણ (xxxx)દોરે છે ત્યારે ખરેખર આ નકારાત્મક નીતિ બદલવાની જરૂર છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ સભ્યશ્રી આ ગૃહમાં બોલે અસંસદીય શબ્દોમાં પણ છે એ સભ્યશ્રીનું વક્તવ્ય ગૃહને ગેરમાર્ગે દોરે છે એમ ન હોઈ શકે આ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા જોઈએ. .

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું. (xxxx) નહિ પરંતુ નકારાત્મક વલણ બદલવું જરૂરી છે. વિરોધપક્ષના નેતાશ્રીને અમે શાંતિની સાંભળતા હતા તેથી તમે અમને પણ શાંતિથી સાંભળો. હું એક બીજી વાત ઉપર પણ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું. અહીંયા વાત થઈ કે ખેડૂતોની ચિંતા આ સરકાર નથી કરતી. ખેડૂતોને વીજળી નથી આપતી જ્યારે ૨૪ કલાક ખેડૂતોને વીજળી આપશે ત્યારે કહીશું કે આ સરકારમાં સારું કામ થયું છે. પરંતુ ખેડૂતોને ૨૪ કલાક વીજળી જોઈતી જ નથી. ખેડૂતોને તો રોજ છ કલાક કે આઠ કલાક જ વીજળી જોઈએ છે કારણ કે હવે તો ડ્રીપ ઈરિગેશન પદ્ધતિ આવી ગઈ છે. લો વૉલ્ટેજ વાળી સમસ્યા દૂર કરી દીધી છે. હવે તો ફૂલ વૉલ્ટેજ સાથે વીજળી આપવામાં આવે છે. પહેલા તો લો વૉલ્ટેજના કારણે અવારનવાર એમની મોટરો બળી જતી હતી જેમાં હજારો રૂપિયાનો ખર્ચ ખેડૂતોએ કરવો પડતો હતો. આજે પૂરતા વૉલ્ટેજ સાથે વીજળી આપવાથી મોટરો બળવાના બનાવો બનતા નથી અને આ રીતે છ કલાક કે આઠ કલાક વીજળી આપવાથી ખેડૂતો રાજી છે, કોઈ ખેડૂત માગણી નથી કરતો. પહેલા તો જૂના વાયરો, લો વૉલ્ટેજ વગેરેથી ખેડૂતો ત્રસ્ત હતા એટલા માટે વધારે કલાક વીજળીની માગણી કરતા હતા. જે એમ.ઓ.યુ. થયા એમાં કેટલાય ઉદ્યોગો આજે પાઈપ લાઈનમાં છે. એમ.ઓ.યુ. ઉદ્યોગો માટે થાય છે એમાં પ્રોજૅક્ટ માણસો મૂકતા હોય છે ત્યારે માર્કેટીંગ સરવે કરીને બધી જાતની ફેસેલિટીની તપાસ કર્યા પછી અનુકૂળ જગ્યા લાગે ત્યાં માટે એમ.ઓ.યુ. કરતાં હોય છે. આપણે અહીંયા જમીનની વાત કરી છે જમીનની હરાજી કરવામાં આવે પછી લે. ઉદ્યોગપતિએ ઉદ્યોગ કયાં સ્થાપવો એ એણે જમીન સ્થળ વગેરે નક્કી કરેલ હોય છે. ઉદ્યોગપતિ પોતાના કરોડો રૂપિયા ગુજરાતમાં નાખે છે ત્યારે આપણે એને શું આપીએ છીએ એને સગવડતા આપીએ છીએ, પાણીની સગવડ જોઈએ, વીજળીની સગવડ જોઈએ, ઈન્ફ્રાસ્ટ્રકચર જોઈએ અને જમીન જોઈએ. આ જમીન કોઈને મફત નથી આપી. કચ્છના લોકોએ આ ઉદ્યોગોને જમીન આપી એટલે રાતો રાત કરોડપતિ થઈ ગયા છે. અત્યારે કચ્છના લોકો લીલાલહેર કરે છે. તમે કચ્છમાં આવીને જૂઓ તો ખરા કે કચ્છના લોકો કેટલા સમૃદ્ધ બની ગયા છે. ચારે બાજુ ઉદ્યોગો ધમધમે છે. દરેક ધંધામાં ધંધાને અનુરૂપ લાયકાત ધરાવતા હોય એવા લોકોને રોજગારીએ રાખવામાં આવતા જ હોય છે. રોજગારી માટે ટેકનિકલ શિક્ષણ ધરાવતા, ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતા, ટૅક્નૉલૉજીના નિષ્ણાંત લોકો જે કોઈ કચ્છમાં મળે છે એને નોકરી મળે જ છે. પણ ટૅક્નૉલૉજીના અભાવને લીધે ગુજરાત બહારના લોકો આવે છે પણ એનો પણ ઉપાય રાજય સરકારે કર્યો છે અને તાલુકે તાલુકે આઈ.ટી.આઈ. કૉલેજો સ્થાપીને જે મેન પાવર જોઈએ છે, ટૅક્નીકલમાં નિષ્ણાત એવા મેન પાવર માટેની પણ વ્યવસ્થા અહીં રાજય સરકારે કરી છે ત્યારે હું એટલું કહીશ કે જે જમીનોની અહીંયા વાત કરી, એક હજાર રૂપિયે એકર જમીન લેવા કોઈ તૈયાર નહોતું, આ અદાણીની કાયમ અહીં વાતો થતી હોય છે. ઘણી બધી વાતો થાય છે, હું મારા કચ્છની જ વાત કરીશ, આજે ત્યાં એક કરોડ રૂપિયે એકર જમીન પણ મળતી નથી. તપાસ કરવી હોય તો કરી લેજો. એક કરોડ રૂપિયે એકર જમીન ન મળતી હોય અને એક હજાર રૂપિયે એકર જમીન લેવા કોઈ તૈયાર નહોતું. આ વિકાસ છે. આ વિકાસના ફળ લોકો સુધી પહોચ્યા છે ત્યારે હું આપને કહીશ કે પ્રોજૅક્ટમાં જે મોડું થતું હોય છે એ જમીનની ઉપલબ્ધિ, પાણીની વ્યવસ્થા, ઈન્ફ્રાસ્ટ્રકચર અને વીજળી આ બધી જ વસ્તુઓ અને ટૅક્નીકલ માણસોની ઉપલબ્ધિ આ બધી વ્યવસ્થા માટે થઈને મોડું થતું હોય છે પણ મને વિશ્વાસ છે કે જે એમ.ઓ.યુ. થયા છે તેમાંના ૭૫ ટકા જેટલા પ્રોજૅક્ટો આપણે પૂરા કરી શકીશું..

**અધ્યક્ષશ્રી** : માનનીય બાબુભાઈ, બેઠાં બેઠાં વાત ન કરો. પ્લીઝ. આપના કચ્છની વાત કરે છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહીશ કે સરકારે ઉદ્યોગોને પ્રાધાન્ય આપવા માટે જે કંઈ વ્યવસ્થા મૂકી છે. આ ઉદ્યોગપતિઓ શું કામ ગુજરાતમાં આવે છે, શું કામ આખા વિશ્વના આકર્ષણનું કેન્દ્ર ગુજરાત બન્યું છે, એની જે યોજનાઓ મૂકી છે. આ માગણીઓ લઈને આપણા માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં હું કહીશ કે લઘુ ઉદ્યોગ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો માટે ૧૪૦ કરોડની વ્યવસ્થા કરવામાં આવી છે કે જેમાં ખૂબ સારી રોજગારી ઉત્પન્ન થઈ શકશે. કલસ્ટર ડૅવલપમેન્ટ યોજના તેમાં ઝોન વાઈઝ જ્યાં જ્યાં જે બીઝનૅસ છે તેના માટેની કલસ્ટર ડૅવલપમેન્ટ યોજના કરી છે. તેમાં રાજકોટમાં જવેલરીનો ઉદ્યોગ, અમદાવાદમાં ગારમેન્ટનો

---

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઉદ્યોગ, જામનગરમાં બ્રાસ પાર્ટનો ઉદ્યોગ, વેરાવળમાં ફીશ પ્રોસેસીંગ, ભાવનગરમાં મીઠા ઉદ્યોગ, નરોડામાં ડાઈ ઉદ્યોગ આ બધા માટે આની અંદર જોગવાઈ કરવામાં આવી છે. જેમ્સ અને જવેલરીમાં જે રીતે આપણે પ્રોત્સાહિત કરીએ એ લોકોને વ્યાજ સહાય, હોલમાર્ક સર્ટિફિકેટ માટે સહાય, જેમ્સ ટેસ્ટીંગ સૅન્ટર માટે તથા કારીગરોના આરોગ્ય માટે અને ટ્રેનિંગ સેન્ટરો ખોલવા માટે મદદ કરવામાં આમાં આયોજન મૂકવામાં આવ્યું છે. હું આપને કહીશ કે સિંગાપોર અને બૅંગકૉક હું જ્યારે ગઈ હતી ત્યારે જોયું હતું કે પ્રવાસનમાં પણ ટુરીઝમના લોકોને પણ જેમ્સ અને જવેલરીના શોરૂમ બતાવવા માટે લઈ જવામાં આવે છે અને પ્રવાસનમાં પણ આ રીતે ઉદ્યોગોનો વિકાસ થઈ શકે તે જાતની વ્યવસ્થા આપણે કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મીઠાનો ઉદ્યોગ એ આપણો મુખ્ય ઉદ્યોગ છે. દેશનું ૭૦ ટકા મીઠું એ ગુજરાતમાં પાકે છે. ત્યારે તેનું ૬૦ ટકા મીઠું એ માત્ર કચ્છમાં પાકે છે. ત્યારે ૧૫૦ લાખ ટન જેટલું મીઠાનું ઉત્પાદન થાય છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ જેટલો સમય છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, મારે હજી તો ઘણી બધી યોજનાઓ જે આ બજૅટમાં આવી છે તેની વાત કરવાની છે. મીઠામાં કામ કરતા કારીગરોના કલ્યાણ માટેની પણ જે અદ્ભૂત યોજના આની અંદર મૂકવામાં આવી છે, ખરેખર હું અભિનંદન આપું છું આપણાં મંત્રીશ્રીને કે જેમણે આવી સુંદર વ્યવસ્થા કરી છે. ગોલ્ડન ગુજરાત ગ્રોથ ફંડની જે આમાં વાત કરવામાં આવી છે. એમાં મારે વિશેષ વાત કરવી છે કે વૈશ્વિક સ્તરનું ગુજરાતનું ઔદ્યોગિકરણ થયું છે ત્યારે આપણે ઉદ્યોગોને માટે વૈશ્વિક સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રકચર પણ આપવું પડે અને એના માટે જે ધંધાર્થી અહીં આવે છે તેને રહેવાની ઉત્તમ વ્યવસ્થા પણ મળી રહે, સારું વાતાવરણ મળી રહે, શિક્ષણની વ્યવસ્થા મળી રહે, આરોગ્યની વ્યવસ્થા મળી રહે તે બધા માટે જે ઈન્ફ્રાસ્ટ્રકચર ડૅવલપમેન્ટ બોર્ડની રચના કરવામાં આવી છે તેમાં ૫૦ કરોડથી પણ વધુ ફાળવણી કરવાનું જ્યારે મૂકવામાં આવ્યું છે ત્યારે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આ ગોલ્ડન ગુજરાત ગ્રોથ ફંડના આયોજનને લીધે જે વૈશ્વિક સ્તરનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું થવાનું છે એ ખરેખર સાચા અર્થમાં ગુજરાતને વિશ્વમાં એક આગવું સ્થાન આપશે. ક્રિટીકલ ઈન્ફ્રાસ્ટ્રકચરની પણ આની અંદર જોગવાઈ કરવામાં આવી છે. નવા ચાર એસ.ઈ.ઝેડ. મંજૂર થયા છે અને ૬૦ એસ.ઈ.ઝેડ આપણાં હતા એટલે ૬૪ જેટલા એસ.ઈ.ઝેડ. કરવામાં આવ્યા છે. લઘુ ઉદ્યોગને વ્યાજ સહાયની જે આમાં જોગવાઈ કરવામાં આવી છે તેના માટેની ૧૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે ઉદ્યોગકારોને પ્રોત્સાહન માટે એવોર્ડ, એકસપોર્ટ જે કરે છે તેના માટેના એવોર્ડની વ્યવસ્થા કરવામાં આવી છે અને પર્યાવરણના સંરક્ષણની ખાસ ચિંતા કરવામાં આવી છે. અત્રેથી મારે કહેવું છે કે આટલા બધા ઉદ્યોગો કચ્છમાં આવ્યા છે ત્યારે હું કહીશ કે કયાંય પણ પર્યાવરણની ફરિયાદ એ ઉદ્યોગો માટે આવી નથી. એકાદ બે જગ્યાએ હોય, ગામ હોય ત્યાં બે-પાંચ ટકા તકલીફ પણ હોય. આ પર્યાવરણ ડિપાર્ટમૅન્ટ તરફથી ખૂબ સારી એની અંદર વ્યવસ્થા કરવામાં આવી છે. ઉદ્યોગોને સૂચના આપવામાં આવી છે કે પર્યાવરણના સંરક્ષણ માટે તમામ ઈકવીપમેન્ટ રાખવા. હું આ માગણીઓને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ(વિરમગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી ઊર્જા અને પેટ્રો કૅમિકલ્સ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ માટેની વીજળી હોય કે ખેતીવાડીની વીજળી હોય, નેનો કારમાં વીજળી આપવાની વાત હોય કે ગુજરાતના છેવાડાના માનવી નટ-બજાણિયાના ઘર સુધી વીજળી આપવાની વાત હોય. આ રાજયની સરકારે હર હંમેશ એની ચિંતા કરેલી છે અને દેશના અન્ય રાજયો અને રાજધાની દિલ્હીમાં જ્યાં વીજળી ન મળતી હોય એવી ૨૪ કલાક વીજળી આ ગુજરાત રાજયની અંદર ઉદ્યોગ હોય કે ગરીબ માણસનું ઝૂંપડું હોય ત્યાં મળી રહે છે. વીજળી આપવાની વાત હોય ત્યારે વીજળી ઉત્પાદનની વાત પણ મારે સભાગૃહના ધ્યાનમાં મૂકવી જોઈએ. ગુજરાત રાજયની સ્થાપિત વીજ ક્ષમતા ૨૦૦૧માં ૮૫૮૮ મેગાવોટ હતી જે વધીને હાલમાં ૧૩૨૫૮ એટલે કે, ૩૧૭૨ મેગાવોટ વીજળી આજે ગુજરાત રાજયની અંદર સરપ્લસ છે. આ ઊર્જા મંત્રી અને મુખ્યમંત્રીશ્રીની નીતિઓને કારણે આપણું રાજય સરપ્લસ સ્ટેટ બની ગયું છે. અગાઉ કોનું શાસન હતું એ આખું ગુજરાત જાણે છે. શ્રી બાવકુભાઈ તમે અહીંયાં રહેલા છો એટલે તમને ખબર છે કે, જ્યારે વીજળીની માંગ કરવા નહીં પણ વીજળીની અંદર ભાવ વધારો કર્યો હોય ત્યારે અને વીજળીના ભાવ વધારાના વિરોધમાં રૅલીઓ નીકળે, " વીજળીનો ભાવ વધારો પાછો ખેંચો, વીજળીનો ભાવ વધારો પાછો ખેંચો." એવા સમયે એની અંદર અંધાધૂંધી થાય, સાબરકાંઠા જિલ્લાની અંદર એ ખેડૂતોની ખાંભીઓ આજે પણ મોજૂદ છે, સાબરકાંઠાના ખેડૂતોની ખાંભીઓ આજે પણ ખોડાયેલી છે. આઠ કલાક વીજળી આપવાની વાત હોય, દસ કલાક વીજળી આપવાની વાત હોય, જીરુંનું પૅકૅજ આપવાની વાત હોય, મગફળીનું પૅકૅજ આપવાની વાત હોય, ડાંગરનું પૅકૅજ આપવાની વાત હોય. આ સરકાર હર હંમેશ ખેડૂતોના હિતોની ચિંતા કરી રહી છે. ૨૪ કલાક વીજળીથી બોરના કનૅક્શનની અંદર, પહેલાં ૩૦૦ ફૂટે પાણી આવતા હતા. આજે ૪૦૦ ફૂટ કરતાં વધુ ઊંડા પાણીના તળ છે. આ રીતે ધરતીના તળમાંથી કુદરતી પાણીનું દોહન થતું હોય ત્યારે આ રાજય સરકાર ચિંતા કરીને સળંગ વીજળી આપે છે. એટલું જ નહીં પણ તેની સાથોસાથ ખેડૂતોનો મોલ જ્યારે સુકાતો હોય ત્યારે માત્ર ટ્યુબવેલ આધારિત ખેતી થાય એના બદલે નર્મદાના

નીર પણ મળી રહે, નર્મદાની ત્રણ કેનાલ મારફતે નર્મદાના વધારાના પાણીનો ઉપયોગ કરી શકાય,(અંતરાય) તમે જે આક્ષેપો કરો છો પણ છેલ્લા સાત વર્ષ પહેલાં રૂ.૬૦૦૦/- કરોડ ખેતીવાડીની ઊપજ હતી. એ વધી અને આજે ૫૨ હજાર કરોડ રૂપિયા ખેતીવાડીની આવક પહોંચી છે એ શું બતાવે છે? ખેતીવાડીમાં જો વીજળી ના આપી હોત સરકારે, નર્મદાના નીર ના આપ્યા હોત તો કદાચ આ ખેતીવાડી પડી ભાંગી હોત. મિત્રો ખેડૂતોની બહુ ચિંતા કર્યા વગર તમે જેની ચિંતા કરવાની હોય એની કરો, અગાઉ રાજયમાં જેટલા સબસ્ટેશનો હતા એના કરતા પણ વધારે સબસ્ટેશનો આજે રાજયમાં એક હજાર સબસ્ટેશનો થયા છે. એક હજાર સબસ્ટેશનો કાર્યાન્વિત છે. વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૪૦ જેટલા નવા સબસ્ટેશનો આપી અને ગુણવત્તાસભર વીજળી આપવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો આ રાજયના ઉર્જાવાન ઉજામંત્રીએ કર્યુ છે. કોઈપણ રાજય કે દેશની નાગરિકની માથાદીઠ વીજ વપરાશ તે રાજયના વિકાસના માપદંડ તરીકે ગણવામાં આવતી હોય છે અને આ ગૃહને મને જણાવતાં હર્ષ થાય છે કે ગુજરાતની માથાદીઠ વીજ વપરાશ સને ૨૦૦૯-૧૦માં ૧૪૯૧ યુનિટ છે. ૧૪૯૧ યુનિટ, ત્યારે સમગ્ર દેશમાં વીજળીની માથાદીઠ વપરાશ ૬૮૦ જ યુનિટ છે એટલે કે ગુજરાત ડબલ વીજળી વાપરી રહ્યું છે, આ વિકાસની વાત છે. ઉર્જાક્ષેત્રે જેટલી સિદ્ધિઓ મળી છે એ સિદ્ધિઓના એવોર્ડ આપ બહાર જઈને જોજો કોઈ વખત, બ્લૉક નંબર-એકના નીચે જઈને જોજો, ૩૩ જેટલા એવોર્ડો આ રાજય સરકારને ઊર્જા ક્ષેત્રે પ્રાપ્ત થયા છે. અને એ પૈકીના ૧૧ એવોર્ડો તો માત્ર ૨૦૧૦માં પ્રાપ્ત થયા છે. ગુજરાતના ખેડૂતોની સતત અને સખત ચિંતા જ્યારે આ સરકાર કરતી હોય ત્યારે ગુજરાતનો ખેડૂત ભૂતકાળમાં ફાનસ લઈને નીકળતો, મને વીજળી આપો. મને વીજળી આપો. આવી ફાનસ લઈને નીકળવાવાળા ખેડૂતો આજે નેનો ગાડી, સરસ મજાની હોન્ડા મોટર સાઈકલ લઈને ખેડૂતો એના ખેતરે જતા થઈ ગયા છે. આ ગુજરાતની પ્રગતિની વાત આજે વિશ્વ સમક્ષ ગુજરાતની પ્રગતિના ગાણા ગવાઈ રહ્યા હોય ત્યારે ખેડૂતોને ગુણવત્તાસભર વીજળી મળે એટલા માટે નવા બીજા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે. જયોતિ ગ્રામ યોજના, આ ગુજરાતની અંદર નહીં દેશની અંદર નહીં પણ જેને દુનિયાએ વખાણી છે એવી યોજના ભૂતકાળની અંદર જ્યારે એક ફીડર ઊભું કરવું હોયને તો ગાંધીનગર સુધી આવવું પડતું, કે મારે ૧૧કે.વી.નું ફીડરનું બાયફર્ગેશન કરાવવું છે, અમારે જ્યારે ૧૧ કેવીનું બાયફર્ગેશન કરાવવાનું હોય ત્યારે ધારાસભ્યશ્રી હોય એની સાથે આઠ-દસ વિસ્તારના આગેવાનો હોય એ વિસ્તારના આગેવાનો આવે, રજૂઆત કરે જેતે ઉર્જા મંત્રીશ્રી તત્કાલિન હોય એને અને ત્યારે બે વર્ષે, ત્રણ વર્ષે એને ફીડર બાયફર્ગેશનની મંજૂરી મળે અને મંજૂરી મળ્યા પછી બીજા બે-ત્રણ વર્ષે ફીડરનું બાયફર્ગેશન થાય, અત્યારે ફીડર બાયફર્ગેશન માગવા નહીં, અત્યારે તો અમારા ઉર્જામંત્રી કહેશે કે તમે સબસ્ટેશન માંગો, હું નવા ૧૪૦ સબસ્ટેશન આપવાનો છું. સબસ્ટેશન માંગો, સબસ્ટેશનો દ્વારા મારે ગુણવત્તાસભર વીજળી, ગુજરાતના ખેડૂતોને, ગુજરાતની ગામડાની વસ્તીને ગુજરાતની દરિદ્ર નારાયણ વસ્તીને એના ઝુંપડા સુધી મારે વીજળી પહોંચાડવી છે ત્યારે ગુજરાતના ઉર્જા મંત્રી જે માગણી લઈને આવ્યા છે એની અંદર ખેડૂતોની પણ ખૂબ સરસ મજાની "ખુશી"નામની યોજના, કિસાન હિતવર્ધક ઉર્જા શકિત યોજના, આ યોજના દ્વારા ખેડૂતોનું હિત, ખેડૂતોના હિત દ્વારા જે વીજળી આપવાની વાત થઈ છે, પૂરા વોલ્ટેજથી વીજળી ખેડૂતોના બોર સુધી ખેડૂતોની અંદર ચાલતી મોટર સરસ રીતે ચાલે એના માટેની આ ખુશી યોજના દ્વારા જે ઉર્જા મંત્રીએ સરસ મજાની ખુશી યોજના લાવ્યા છે અને આ યોજના દ્વારા ગુજરાતના ખેડૂતોને અત્યાર સુધીમાં ૯૫૫૭૦ જેટલા ટ્રાન્સ્ફૉર્મર બેસાડવામાં આવ્યા છે ત્યારે ગુજરાતના ખેડૂતો આનાથી ખુશી ખુશી, ખુશી જ વ્યક્ત કરી રહ્યા છે. એવી સરસ મજાની ખુશી વ્યક્ત કરી રહ્યા છે કે ૨૦૧૩ની અંદર અહીંયા તમે ત્યાં અને ત્યાં જ બેઠા હશો એવી ખુશી વ્યક્ત કરી રહ્યા છે.

**ગરીબી રેખા નીચે જીવતા જે કુટુંબો હોય એની પણ ચિંતા આ રાજ્ય સરકારે કરી છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ગામડામાં વસતા ગરીબો હોય કે શહેરમાં વસતા ગરીબો હોય. શહેરમાં વસતા ગરીબોને માત્ર ૧૦૦ રૂપિયાના દરે વીજળી કનૅક્શન અને ગામડામાં વસતા હોય એને માત્ર ૫૦ રૂપિયાના નજીવા દરે વીજળીના કનૅક્શન વીજળીના કનૅક્શન અપાવી રહ્યાં છે. જેની આવક ૧૧૦૦૦ કરતા પણ ઓછી હોય, જેનું નામ બી.પી.એલ.માં હોય એવા લાભાર્થીને અત્યાર સુધીમાં રાજ્ય સરકારે ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ અને અને ૨૦૧૧ માં આ યોજના દ્વારા સરકારે ૧૦૦% સિદ્ધિ હાંસલ કરી છે અને ચાલુ નાણાકીય વર્ષની અંદર ૨૦૧૦-૧૧ માં રૂા. ૨૪૦૦ લાખના ખર્ચે ૩૭૦૦૦ વીજળીકરણનું આયોજન હતું એની સામે ડિસેમ્બર ૨૦૧૦ સુધીમાં ૨૪૨૬ લાખના ખર્ચે ૩૮૫૫૩ વીજળી જોડાણો આપવામાં આવ્યાં આ દરિદ્ર નારાયણ જેવાની વાત, આવી બધી અનેક યોજનાઓ હોય, જો વીજળી ૧૦૦% આપવાની વાત હોય પણ જો વીજળી પ્રોડક્શન ના થતું હોય તો એ નકામું ગણાય. જ્યારે માનનીય ઊર્જા મંત્રીશ્રીએ પણ આની ચિંતા કરી કે આપણે ગેસબેઈઝ, કોલબેઈઝ વીજળીમાં એના આધારે બેસી રહેશું અને એના માટે સોલરની સરસ મજાની ઊર્જા નીતિ વીન્ડ પાવર આવી બધી નીતિઓથી ગુજરાતને હર્યુ-ભર્યુ બનાવી, ગુજરાતની અંદર ચારણકા ખાતે ૫૦૦ મેગાવોટનો ફેઈઝ વન માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે શરૂ કર્યો. ૧૮૦૦ હેકટર જમીનમાં ૧૦૬૬ કરોડના ખર્ચે માત્ર ૧૮ મહિનામાં આ પ્રોજેકટ પૂરો થવાનો છે અને એનાથી ૫૦૦ મેગાવોટ વીજળી આ સરકારને સૂર્ય શકિતથી ઉત્પન્ન કરી અને આ રાજ્ય સરકારને બિનપ્રદૂષિત વીજળી, બિનપ્રદૂષિત ગુજરાત આવી રીતે હરિયાળા ગુજરાતની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગુજરાતની અંદર ભેટ ધરી છે અને ત્યાં આવેલા જેણે એમ.ઓ.યુ. કર્યા છે એવા લોકોને કહ્યું કે ૩૦૦ દિવસ ભગવાન સૂર્ય નારાયણ કોઈપણ જાતના વિક્ષેપ વગર જળહળતાં રહે (અંતરાય)**

અધ્યક્ષશ્રી **: આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી અર્જુનભાઈ.. (અંતરાય)**

**શ્રી કમાભાઈ ગ. રાઠોડ** : એટલા માટે અહીંયા સૂર્ય ભગવાનનું મંદિર બનાવો. અહીંયા સરસ મજાનું તળાવ બનાવો. (અંતરાય)

**શ્રીઅર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહમાં જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એવા સમયે ભેગા થયા છીએ કે જે દેશની સાથે આપણે હજારો વર્ષોથી સાંસ્કૃત્તિક સંબંધો હતા. એ જાપાન આજે મુશ્કેલીના દોરમાંથી પસાર થઈ રહ્યું છે અને જાપાનની અંદર આજે જે કુદરતી પ્રકોપ થયો એને કારણે હજારો લોકો મૃત્યું પામ્યાં છે અને હજારો લોકો યાતનાઓમાંથી આજે પસાર થઈ રહ્યાં છે એ વખતે ગૃહ વતી, રાજ્ય વતી, મારાં વતી શ્રદ્ધાંજલિ આપું છું અને પરમ કૃપાળું પરમાત્મા જાપાનને (અંતરાય)

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપ માગણી ઉપર બોલો (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ વિભાગની માગણીઓ ઉપર જ બોલું છું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અર્જુનભાઈ બીજી બેઠકમાં આપણે નક્કી કરીએ છીએ.

**શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા**: દિલીપભાઈ, ક્લાઈમેટ ચેઈન્જનો વિષય છે.

**અધ્યક્ષશ્રી :** આપ માગણી ઉપર આવી જાઓ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** હા, હું એના ઉપર જ બોલું છું. મને ખબર છે સાહેબ મારા વિષયમાં એટલે જાપાનની અંદર જે બન્યું એમાં આપણા સૌની લાગણી એમના તરફ છે. માનનીય અધ્યક્ષશ્રી, અને એટલા માટે આજે જે માગણીઓ છે એમાં મને એક ઘણા નાનપણમાં સાંભળેલી બે -ત્રણ પંક્તિઓથી મારી શરૂઆત કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, નાનપણમાં એક ભજન સાંભળતા હતા કે,

" ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું,
ઘડ ઘીંગાણે જેના માથા મસાણે,
તેના પાળિયા થઈને પૂજાવું,
મારે ઠાકોરજી નથી થાવું,
ટોચોમાં ટાંકણે ભાઈ,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું,
બેટાએ બાપના મોઢા ન ભાળ્યા,
એવા કુમળા હાથે મારે ખોડાવું,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું,"

એની એક પંક્તિ હું છેલ્લે બોલીશ પણ આની અંદર એમ કહ્યું છે આત્મારામભાઈ, કે ઘડવૈયો ઈશ્વર, કડિયો એમણે એમ કહ્યું છે કે, મને ઠાકોરજી ન બનાવો, મારે તો પાળિયા બનવું છે. આપણા ઠાકોરજીની વાત નથી કરતો. આ ભજન જે લખ્યા છે એ ઠાકોરજીની વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આ શક્તિસિંહભાઈ અમારા વાત દરેક વખતે કરે, બહુ ઊર્મિશીલ માણસ છે એટલે દરેક વખતે એ સાચી વાત કરી નાખે પણ બેક ગ્રાઉન્ડમાં જવું જોઈએ કે શું કરવા આ બધા મુખ્ય મંત્રીશ્રીઓ છે એ આટલા બધા લોકોને લઈ આવે છે ? માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહભાઈને ખબર નહીં હોય હમણાં કે બી.પી.એલ.ના બે લિસ્ટ બને છે. એક બી.પી.એલ. કેન્દ્ર સરકારે નક્કી કર્યા એ ધોરણો પ્રમાણેના અને બીજા માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નક્કી કર્યા છે એ મુજબના અને એમાં "એસ્સાર" આવે, એમાં "ટાટા" આવે એટલે એને સબસિડીની જરૂર પડે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે એમને ખ્યાલ નહતો એટલે હું જરા ખ્યાલ આપી દઉં કારણ કે, હું વિરોધપક્ષનો નેતા અહીંયા પહેલા રહી ચૂક્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વાત એવી કરી હમણાં મારા સાથી સભ્યો બોલતા હતા અને એમાં એમણે ગુજરાતના વિકાસની વાત કરી. મારે ઈન્ફ્રાસ્ટ્રકચરની વાત કરવી છે. અહીંયા દસ વર્ષ માનનીય મુખ્ય મંત્રીશ્રીના શાસનને પૂરા થયા અને લગભગ અઢાર વર્ષ ભારતીય જનતા પાર્ટીના શાસનને પૂરા થયા એટલે એના માટે એમ નહીં કહી શકાય કે, આ પેલી સરકારોએ નહતું કર્યુ, આ સરકારોએ નહતું કર્યુ. પણ મારે કહેવું છે અહીંયા હું તો છેવાડાના રાજય સાથે, આંધ્ર સાથે સરખામણી કરીશ. શ્રી શક્તિસિંહભાઈએ વાત કરી કે, "રાહેજા બિલ્ડર્સ"ને આઈ.ટી. માટે ૪૫૦/- રૂપિયે જમીન આપવામાં આવી ગાંધીનગરમાં. ગાંધીનગરમાં મધ્યમવર્ગના લોકો રહે છે, ગરીબ લોકો રહે છે એને ૪૫૦/- રૂપિયે જમીન જોઈએ છે પણ એ રાહેજા બી.પી.એલ.માં આવે છે અને આ નથી આવતા અને છતાં ૪૫૦/- રૂપિયે જમીન આપી અને બાકીનાને ૧,૧૦૦/- રૂપિયે આપી છે પણ છ એસ.ઈ.ઝેડ આઈ.ટી.ના એમાંથી એક પણ એસ.ઈ.ઝેડ શરૂ ન થયો અને એની સામે આંધ્રમાં વિશ્વની તમામ શ્રેષ્ઠ કંપનીઓએ કૅમ્પસ નાખ્યા, કેમ્પસો શરૂ થયા અને આખા દેશના આઈ.ટી. નિષ્ણાંતો આજે ત્યાં એમ્પ્લોઈ થાય છે. અહીંયા મેટ્રો માટે કેન્દ્ર સરકાર કેટલાય વખતથી કહે છે કે, તમે શરૂ કરો. અમે અમારો શેર આપવા તૈયાર છે, બજેટમાં જોગવાઈ કરી. આપણે

શરૂઆત ન કરી. હૈદ્રાબાદની અંદર છેવાડાનું રાજય હોવા છતાં મેટ્રો શરૂ થઈ, જયપુર-રાજસ્થાનમાં મેટ્રોના પાયા નખાઈ ગયા, મેટ્રોનું કામ શરૂ થઈ ગયું અને અહીંયા હજી મેટ્રો કંપની બનાવવા જઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોની પ્રગતિ કરીએ છે તો કહે જમીન આપવાની અંદર પ્રગતિ કરી છે સરકારે. જે માંગે એને બધાને જમીન આપી દો. માનનીય નીમાબહેન બોલીને ગયા કે અમારા કચ્છની અંદર એક કરોડ રૂપિયાની જમીન થઈ ગઈ છે અત્યારે. સાચી વાત છે તો પંદર પૈસે મીટર અને પચાસ રૂપિયે એકર જમીન આર્ચીઅન કેમિકલ્સને શું કરવા આપી દો છો? એની પાસેથી એક કરોડ રૂપિયા લો. બીજા ઉદ્યોગપતિઓને એક એક રૂપિયે, બે બે રૂપિયે મીટર જમીન,કચ્છની અંદર એક નહીં પણ લાખો એકર જમીન માત્ર ત્રણ હજાર, ચાર હજાર રૂપિયામાં એકર આપી દીધી આપે એક કરોડ લોને એની પાસેથી? કોણ ના પાડે છે? પણ કચ્છના લોકો બી.પી.એલ.માં નથી આવતા. ત્યાં અદાણી, આર્ચીઅન, ટાટા એ બધા લોકો બી.પી.એલ.માં આવે છે એટલે તમે એને આપો છો. બી.પી.એલ.ની શકિતસિંહભાઈ, આ નવી યાદી છે. આ નવી યાદીની અંદર એને આપવું જોઈએ. અમારા કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ, કપરાડા આદિવાસી તાલુકો છે. એના દીકરા, દીકરીઓ માટે સ્કુલ બનાવવી છે. એ સ્કુલ માટે બે વર્ષથી ધકકા ખાય છે. એ જમીન એમને ન મળે કારણકે આદિવાસી દીકરા દીકરીઓ બી.પી.એલ.માં ન આવે. એસ્સાર, રહેજા અને સત્યમના રાજુલીંગમ એ બી.પી.એલ.માં આવે. હું વાત એ કરતો હતો કે અહીંયા વાત ઘણી બધી થાય છે. ગીફટ સીટી કેટલા વર્ષથી વાતો કરીએ છીએ? પ્રગતિ શું? ગીફટની અંદર ઝીરો. કોઈ કામ નહીં. અહીંયા પુરી ફાઉન્ડેશન, કોણે ખાતમૂહૂર્ત કર્યું, કોની પાસે કરાવ્યું? આજે પ્રગતિ શું થઈ જોઈ આવજો ત્યાં જઈને. અહીંયા આપણે એમ કહીએ કે અમે ખેડૂતોને બહુ ખુશી કર્યા. મારી વાત એટલી છે કે ખેડૂતોને ખુશ કરવા હતા તો રાજય સરકારે જે બંધારો બનાવ્યો, ચૌદ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો એ બંધારાની જમીન નિરમા કંપનીને શું કામ આપી દીધી? ઉર્જાની વાત અહીંયા સારી કરી. અહીંયા ટાટાને ૨૨૦ કે.વી. સબસ્ટેશન એક જેમાં હજારો ખેડૂતોને કનેકશન આપી શકાય એટલો ખર્ચ થાય. કોઈ ચાર્જ લીધા વગર આપી શકાય એને તો ખેડૂતોને કનેકશન માટે શું કામ ન આપી શકાય? એના માટે તમે લોન આપો તો આના માટે શું કરવા ન આપો? આજે ખેડૂતોને ગુજરાતની અંદર ૫૭ ડાર્ક ઝોન તાલુકા છે એમાં વીજળીનું કનેકશન જોઈએ છે. ૨૦૦૩ થી એ કનેકશન આપ્યા નથી. માત્ર સૌરાષ્ટ્રમાં પોણા ત્રણ લાખ ખેડૂતો રાહ જોઈને બેઠા છે. આ ૫૭ તાલુકા સિવાય અને બાકીના ગણીએ તો પાંચ લાખ ખેડૂતોને કનેકશન જોઈએ છે એ કનેકશન નથી આપતા પણ ટાટાને કનેકશન ૨૨૦ કે.વી.નું મળી જાય. આને પૈસા દેવા છે પણ એને કનેકશન ન અપાય. કારણ શું? કારણ એ છે કે ખેડૂતો છે એ એક પંકિત વાંચે છે કે

" ગોમતીજી કે જમનાજીના નીર ગંગાથી નથી નહાવું
કોક નમણી વિજોગણના ઉના ઉના આંસુએથી નહાવું છે,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું."

આ વિજોગણની પૂજા થાય છે અને અહીંયા ટાટા અને નીરા રાડીયા બી.પી.એલ.ની યાદીમાં આવે છે. આ વિજોગણના ઉના ઉના આંસુ છે અને ઓલી વિજોગણના કોકના ઉના ઉના હાથ છે. વાત એ કરતો હતો અહીંયા કે આ ટાટાને ૨૯૦૦૦કરોડ રૂપિયાનો ફાયદો કરાવ્યો. ગુજરાતની અંદર મોરબી, દેશનો ૬૦ટકા સિરામીક ઉદ્યોગનો હિસ્સો અને છતાં એના ઉપર જે વેટનો દર આઠ ટકા હતો એ પંદર ટકા થયો. એને પણ થોડીક રાહત જોઈએ છે આપોને? એ ન મળે. જેતપુરનો સાડી ઉદ્યોગ, ઉદ્યોગમાં આવે છે. જેતપુરનો સાડી ઉદ્યોગ એને કૉમન ટ્રિટમૅન્ટ પ્લાન જોઈએ છીએ, એના માટે જમીન જોઈએ છીએ, એના માટે સહાય જોઈએ છીએ, પણ એને ન મળે. રાજકોટનો ફોર્જિન અને મશીન ઉદ્યોગ આ દેશનું ગૌરવ એને કોઈ રાહત ન મળે. જામનગરનો બ્રાસપાટ ઉદ્યોગ છે એને સહાય ન મળે. સૌથી મોટી રોજગારી આપનાર સુરત અને સૌરાષ્ટ્રનો જરી અને ડાયમંડ ઉદ્યોગ એને માટે વ્યવસ્થા ન થઈ, પણ સાણંદના પાદરની અંદર ૧૧૦૦ એકર જમીન અપાય અને ૨૯,૦૦૦ કરોડનો લાભ પણ અપાય, કારણ કે ટાટા બી.પી.એલ. માં આવે છે. આ નવી યાદી છે. આ માત્ર મધ્યમ કક્ષાના ઉદ્યોગોની વાત કરી. અને આ મોટા ઉદ્યોગોને બોલાવો છો, શરૂ તો કરાવો એની પાસે. ૬ એસ.ઈ.ઝેડ ગાંધીનગરમાં શરૂ થયા, એક પણ શરૂ થઈ શક્યો નહીં. ઈન્ફોસિટીનો ૨૫ ટકા હિસ્સો વપરાયો નથી, છતાં નવાને આપ્યા. થાય તો વાંધો નહિ. ૨૦૦૯ માં એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગ માઈક્રો સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રિનિયોરશીપ એનો ૨૦૦૯ માં સરવે થયો. એને સ્પૉટ સેન્સસ કહેવાય. એમાં ગુજરાતની અંદર નોંધાયેલા ૩ લાખ યુનિટો એમાંથી ૩૫૦૦૦ યુનિટો આજે બંધ છે. ૧૮,૦૦૦ વર્કિંગ કન્ડિશનમાં નથી. ૨૮૦૦ માંદા એકમો છે. ૫૫૮૦૦ નાના, મધ્યમ કદના અને માઈક્રો લેવલના યુનિટો આજે બંધ છે. આ ૫૫૮૦૦ નાના યુનિટો જો ચાલુ કરી શક્યા હોત તો એક યુનિટમાં ૫ માણસ કામ કરતાં હશે. મીનીમમ તો ૧૦ નો નિયમ છે, પણ હું ૫ કહું. તો ૨.૫ લાખ નવી નોકરીઓ નાના યુનિટોમાંથી થઈ હોત. ટાટા બી.પી.એલ. માં આવે છે, એટલે આપવામાં આવે છે. તમને નવાઈ લાગે. જે ટાટા નેનોના નામે આખું અમદાવાદ, આખું ગુજરાત ચીતરી નાખતા હતા, તો ઠાકોરજીના ભાગીદાર હોય એની જેમ બાજુબાજુમાં ફોટા બધી જગ્યાએ મુકાવતા હતા. આજે કેમ ટાટાનું નામ લેતા અહીયા બધાને અસંસદીય લાગે છે? કારણ બધી પોલ ખુલી ગઈ, એટલા માટે. ચર્ચા કરી જુઓ ટાટાએ આટલો ફાયદો કર્યો છે. રિઝોલ્યુશન લઈને આવો. એક કલાકની હિંમત હોય તો ચર્ચા આપી દો. એ જોઈન્ટ લેજીસ્લેટિવ કમિટી તો ન આપે. એ તો ડો.

મનમોહનસિંહ આપે. પણ એક વખત ચર્ચા કરી જુઓ કે એમાં શું શું થયું છે? ડોક્યુમેન્ટ સાથે આ ભ્રષ્ટાચાર સાબિત કરવાની અમારી તૈયારી છે. આ મધ્યમ અને માઈક્રો સ્મોલ એન્ટરપ્રાઈસીસની વાત થઈ.

હું ખાદી ઉપર આવું છું. હમણા હમણા કલર બદલાય છે, એટલે મહાત્મા ગાંધીના નામે, સરદાર પટેલ સાહેબના નામે વાત થાય છે. ગુજરાતમાં ખાદીના આંકડા આપું છું. ૧૯૯૮-૯૯ માં ગુજરાતની અંદર ૪૧ કરોડ રૂપિયાની ખાદી ઉત્પન્ન થતી હતી, એ ૨૦૦૯-૧૦ માં ઘટીને ૨૬.૪૩ કરોડની થઈ. ઉત્પાદન ખાદીનું ૧૯૯૮-૯૯ માં ૮૬.૮૪ લાખ મીટરનું થતું હતું, એ ઘટીને ૨૯.૭૦ લાખનું થઈ ગયું અને રોજગારી છે એ ૧૯૯૮-૯૯ માં ૪૫,૫૧૩ કરોડની મળતી હતી એ ઘટીને ૧૨,૧૩૬ કરોડ થઈ ગઈ. આખા દેશમાં એ આંકડા વધ્યા. દેશમાં ૨૦૦૧-૦૨ માં ૪૧૬ કરોડ રૂપિયાની ખાદી વેચાતી હતી, એ ૫૮૫ કરોડની વેચાવા માંડી. આખા દેશમાં રોજગારી ૮,૪૮,૦૦૦ લોકોને અપાતી હતી એ ૯,૮૧,૦૦૦ લોકોને મળવા માંડી. ગુજરાતની અંદર ખાદીની અંદર કામ કરનાર લોકો એ સામાન્ય રીતે ગરીબ વર્ગના લોકો દલિત વર્ગ અને બહેનો છે એ બહેનોની વકીલાત કરનાર કોઈ નીરા રાડિયા નથી. એના માટે જે સબસિડી ૧૫ ટકા મળતી હતી એ ૧૦ ટકા કરી. જેને કોઈને નહોતી મળતી તે ૨૯,૦૦૦ કરોડ રૂપિયા થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા વિભાગની વાત કરવા માગુ છું. ઉર્જાની અંદર એમ કહેવાયું કે અમે સરપ્લસ થયા છીએ. હું તો ઉર્જાના એમ.ઓ.યુ.ના આંકડા મને ૨૦૦૮માં આપ્યા છે તે આપું છું. ૨૦૦૩માં ૪૪૬૩ મે.વો. ઉત્પાદન કરવાના એમ.ઓ.યુ. થયા તેમાંથી ૯૪૭ મે.વો.નું ઉત્પાદન થયું. ૨૦૦૫ માં ૫૨૦૦ મે.વો.ના એમ.ઓ.યુ. થયા તેમાંથી ૦૦ ઉત્પાદન થયું અને ૨૦૦૭માં ૧૩૩૧૪ મે.વો.ના એમ.ઓ.યુ. થયા તેમાંથી માત્ર ૨૪ મે.વો. ઉત્પાદન થયું.આ સરપ્લસ થઈ છે તો વેઈટીંગની અંદર ઉભા છે અને તમે તો ભારતીય જનતા પાર્ટીએ ૧૬ કલાક વીજળી આપવાનું ખેડૂતોને ૨૦૦૭માં વચન આપ્યું હતું.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટનો સમય છે માનનીય અર્જુનભાઈ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું એક જ મિનિટમાં મારી વાત પૂરી કરીશ. એમ કહ્યું કે ૨૧ લાખ કરોડના એમ.ઓ.યુ. થયા છે. જયનારાયણભાઈએ એમ કહ્યું કે ગુજરાતમાં મને આંકડો આપ્યો છે કે કેટલી ડિપોઝિટ કલેકટ થઈ છે તે ડિપોઝિટ છે તેટલું મૂડી રોકાણ થાય ગુજરાતમાં તો પણ પોણા બે લાખ કરોડનું મૂડી રોકાણ થઈ શકે. આખા ગુજરાતમાં બૅન્કમાં ડિપોઝિટ જે જમા થયેલ છે એટલી થાય તો. આ તો ૨૧ લાખ કરોડની વાત છે. તે એમ.ઓ.યુ.ની અંદર એક એમ.ઓ.યુ. થયેલ છે તેનો દાખલો આપીને મારી વાત પૂરી કરવી છે. હું દિલ્હી હતો ત્યારે મારા બાજુનું ઘરેડ ગામ છે તેનો એક છોકરો અહીં નોકરી કરે, નોકરી કરે છે તેનો મને ફોન આવ્યો કે સાહેબ હું સ્કૂટરમાં જાઉં છું અને મને ટ્રાફિકવાળા પોલીસે પકડયો છે. મેં કહ્યું કે માફી માગી લે અને માફી ન માગ તો સો રૂપિયા, બસો રૂપિયા આપી દે. માફી તો માગું છું પણ માનતો નથી અને મારા ખિસ્સામાં ૮૩ રૂપિયા છે અને હું માધવપુરની બાજુમાં બીચ કરવાનો છે, બીચ ડેવલપ કરવાનો છું તેમાં ૬૩ કરોડ રૂપિયાનો એમ.ઓ.યુ. કરવાનો છું. મેં એને રીકવેસ્ટ કરી કે ભાઈ આને જવા દે એટલે તેને જવા દીધો. તેના માતા પિતા બી.પી.એલ. પરિવારમાં છે અને તેણે ૬૩ કરોડ રૂપિયાનું એમ.ઓ.યુ. કર્યુ છે. હું રેકર્ડ વગરનું બોલતો નથી અને કોઈએ રેકર્ડ જોઈતો હોય તો હું આપીશ. વાત એટલી છે કે બી.પી.એલ.ને તમે આપો ૬૩ કરોડ, ૨૯ હજાર કરોડ નહીં પણ ૬૩ કરોડ આપો. તેને ધંધો કરાવો હું તો એમ કહું છું. ૬૩ કરોડ રૂપિયા આપીને ધંધો કરાવો. તે રાજુ પાસે પણ નીરા રાડીયા નથી એટલે તેને નહીં મળે પેલાને મળશે.

**અધ્યક્ષશ્રી** : માનનીય દુષ્યંતભાઈ પટેલ.

**શ્રી દુષ્યંતભાઈ ૨. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કલાઈમેટ ચેઈન્જ વિભાગની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેઈન્જ અને ગ્લોબલ વોર્મિંગના પડકારો આજની પેઢીને નહીં પરંતુ આવતી કાલની પેઢી માટે મહત્ત્વના છે. આપણી સમસ્યા મેની સ્પેસીસ વન પ્લેનેટ વન ફયુચર. પ્રજાતિઓ અનેક, ધરા એક, ભાવિ એક. ગ્લોબલ વોર્મિંગ પૃથ્વીની નજીકની સપાટીની હવા અને સમૃદ્ધના તાપમાન એટલે એવરેજ ટેમ્પરેચરમાં થયેલો વધારો એટલે પૃથ્વીના તાપમાનમાં થઈ રહેલો વધારો તેને ગ્લોબલ વોર્મિંગ કહે છે. સૂર્યની ગરમી ઓછી કરતા ઓઝોન વાયુમાં જે ગાબડાં પડયાં છે અને ગાબડાં પડવાની શરૂઆત થઈ છે પરિણામે સૂર્યના કિરણો સીધા જમીન પર પડવા લાગ્યા છે. જેના કારણે દુનિયાના તાપમાનમાં સતત વધારો થતો આવ્યો છે. જેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવા ગંભીર પરિણામો આપણને જોવા મળે છે. જેના કારણે ગ્લોબલ વોર્મિંગ જેવા ગંભીર પરિણામો આપણને જોવા મળે છે એનાથી દુષ્કાળ, વંટોળ, અતિવૃષ્ટિ આજની સૌથી મોટી ચિંતાજનક સમસ્યા અને તેમાં સતત વધારો જોવા મળે છે. અત્યાર સુધીના સંશોધનો મુજબ પૃથ્વી સિવાય બીજો કોઈ એવો ગ્રહ નથી કે જયાં માનવજીવન શકય હોય. વિશ્વના વાતાવરણમાં થઈ રહેલા પરિવર્તનના અમુક દૃષ્ટાંત મારી પાસે છે જે આ સન્માનનીય ગૃહ સમક્ષ હું મૂકવા માગું છું. રોજના એક બૅરલ નવા ખનીજ ઑઈલની ખોજની સામે રોજ બે બૅરલનો વપરાશ વિશ્વમાં થાય છે. વર્ષ ૨૦૩૦માં ઓટોમોબાઇલ્સની સંખ્યા વિશ્વમાં ૫૦ ટકા વૃદ્ધિ થવાના એંધાણ છે. વિશ્વમાં પ્રથમ ટ્રિલિયન બૅરલ ઑઈલ વીતેલા ૧૨૦ વર્ષમાં વપરાયું હતું આટલું જ ઑઈલ આગામી માત્ર ૩૦ વર્ષમાં વપરાવાની સંભાવના છે. વિશ્વમાં આજે વપરાતા ઑઈલનો જથ્થો કરતાં ૪૦ ટકા વધુ જથ્થો આગામી ૨૦

વર્ષમાં વપરાઈ જશે. વૈજ્ઞાનિકોના મતે દરિયાઈ સપાટી વધવાના વર્તમાન પણ અગાઉ કરતાં ત્રણ ઘણા વધુ જણાય છે. ગરમ તાપમાનથી મેલેરિયા અને વેસ્નાઈન નામના વાયરસ રોગથી બહોળી સંખ્યામાં વિશ્વમાં લોકો એના ભોગ બનવાના છે. એક ઘટાદાર વૃક્ષ ઉછેરવાથી ઠંડી ગરમી રાખવાનો ખર્ચ ૪૦ ટકા સુધી ઘટાડી શકાય છે. ઔદ્યોગિક ક્રાંતિને અત્યાર સુધીમાં વાતાવરણ કાર્બનડાયોકસાઈડ પ્રમાણે ૩૧ ટકા વધારો થયો છે. જે પ્રમાણે ઑસ્ટ્રેલિયા, કૅનૅડા અને અમૅરિકા જે માત્ર કાર્બનડાયોકસાઈડ ઉમેરે છે જો એટલો જ ઉમેરો વિશ્વના સૌ દેશો જો કરે તો આવી નવ પૃથ્વીની જરૂર પડે. અત્યાર સુધીના સંશોધન મુજબ પૃથ્વી સિવાય બીજો કોઈ એવો ગૃહ નથી કે જયાં માનવજીવન શકય હોય. વિશ્વભરના જંગલોમાં પ્રચંડ આગ ફાટી નીકળવાના અત્યાર સુધીના એક લાખ કિસ્સાઓ નોંધાયા છે. જેને લીધે એક કરોડ એકર જમીન બંજર બની ગઈ છે, આ દાવાનળને કાબૂમાં લેવા માટે પ્રતિવર્ષ એક અબજ ડોલર જેટલું નાણું વેડફાઈ રહ્યું છે. એક સંશોધન પ્રમાણે જો અત્યારથી એક ડીગ્રી ટેમ્પરેચરમાં વધારો થાય તો એ ઘઉંના પ્રોડકશનમાં છ થી સાત મિલિયન ટન ઓછો કરી શકે છે. Erratic Climate એક સરસ સંશોધનનો શબ્દ છે Erratic climate witnessed during the last have lead big gap between demand and supply. આજે food inflation ૨૦ ટકા સુધી પહોંચી ગયું છે ત્યારે આ બધી સમસ્યાઓ નિવારવા મારે ગર્વ સાથે કહેવું છે કે, વર્ષ ૨૦૦૯માં ગુજરાત સરકારે એશિયામાં સૌ પ્રથમ અને સમગ્ર વિશ્વમાં ચોથાક્રમે રાજય કક્ષાએ કલાઈમેટ ચેઈન્જ વિભાગની રચના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એનાથી પણ વિશેષ કહેવું છે કે, અમૅરિકાના Former Vice President Al Greને કલાઈમેટ ચેઈન્જ વિશે પુસ્તક લખ્યું છે અને આપણા રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ કલાઈમેટ ચેઈન્જ વિશે નહીં પણ તેની સમસ્યાઓ તેના નિવારણ માટે Convenient Action નામની જે બુક લખી છે તો એ ખરેખર અભિનંદનને પાત્ર છે. ત્યારે એમને મારે બે લાઈન આ વિભાગની અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને અર્પણ કરવી છે. 'If the path is beautiful, let us not ask where it leads but if the destiny is beautiful, let us not part the path. ગમે તેવા કપરા ચઢાણો હોય આપણો સંકલ્પ આપણો ધ્યેય ખૂબ સારો છે કલાઈમેટ ચેઈન્જ વિભાગનો મુળ ઉદ્દેશ રાજયમાં ઔદ્યોગિક વિકાસ થાય પણ પર્યાવરણનું રક્ષણ તો થવું જોઈએ. શહેરીકરણ વિસ્તારે પણ પ્રદૂષણ ના પ્રસરે અને ગુજરાત આંતરમાળખાકીય સવલતો વિશ્વસ્તરે બને આમ ગુજરાતે ગ્લોબલ વોર્મિંગ સામે પથદર્શક પહેલ કરી છે અને એટલે જ ગુજરાત સરકારની દૂરંદેશી અંદાજથી કલાઈમેટ ચેઈન્જ વિભાગની આ રચના કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારતમાં, ભારતવર્ષનું ૩૦ ટકા એગ્રો કેમિકલ, ૨૫ ટકા બલ્ક ડ્રગ્સ, ૨૨ ટકા ડાઈઝ અને ઈન્ટરમિડિયેટ, પલ્પ અને ઘણાં બધા ઉદ્યોગો મળીને ખૂબ મોટા પ્રમાણમાં મૂડી રોકાણો પણ આજે અહીંયા થઈ રહ્યા છે. મારે ખાસ કહેવું છે કે વિકાસ હંમેશા પ્રશ્ન લઈને આવતો હોય છે પણ આપણી હોશિયારી, આપણી મર્દાનગી પ્રશ્નોના ઉકેલમાં હોવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્યએ પર્યાવરણ ક્ષેત્રએ લીધેલાં નોંધપાત્ર જે ઉપાયો છે તે આપની સમક્ષ મૂકું છું. પર્યાવરણના મુદ્દે ગુજરાત ગૌરવ અનુભવે છે. સમગ્ર ભારત દેશમાં પ્રદૂષિત પાણીને ટ્રિટમેન્ટ કરવાના CTIT પ્લાન્ટ ૩૨ની સંખ્યામાં છે, ઉદ્યોગોમાં ઉત્પન્ન થતો ઘન કચરો વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરવાના કુલ ૮ લેન્ડફિલ સાઈટ ગુજરાતમાં આવેલ છે. મારે ખાસ કહેવું છે કે, હમણા PUC ની કમિટી અને PUC ની મિટિંગ માટે આખી ટીમ હમણા અંકલેશ્વરની વિજિટે આવી હતી ત્યારે મારા સામેના પક્ષના સભ્યો પણ હાજર હતા ત્યારે આ લેન્ડફિલ સાઈટની મુલાકાત લીધી હતી. જે પ્રવાહી કે જે ઘન કચરો જેને કોઈ જ પ્રકારની ટ્રિટમેન્ટ આપી શકાય નહીં અને એનો સંગ્રહ પણ લેન્ડફિલીંગ સાઈટમાં ન થાય એને ઉચ્ચ ઉષ્ણતામાન એટલે ઉચ્ચ ટેમ્પરેચર ઈન્સીનરેટરથી બાળવામાં આવે છે આવા ગુજરાતમાં હાલ ૪ ઈન્સીનરેટર છે અને જુદી જુદી ઈન્ડસ્ટ્રીઝ સામે ૪૧ જેટલા પોતાના ઈન્સીનરેટર ધરાવે છે. કોમન બાયોમેડિકલ વેસ્ટ ફેસેલિટી ગુજરાત રાજયમાં હાલ કુલ ૧૨ સંસ્થાઓ આવેલી છે જેનું સંચાલન જુદી જુદી સંસ્થાઓ કરે છે. રાજયની જુદી જુદી ૨૧ હોસ્પિટલો દ્વારા પોતાના બાયોમેડિકલ વેસ્ટ બાળવા માટેના ઈન્સીનરેટર ગોઠવવામાં આવ્યા છે. પર્યાવરણના પ્રશ્ને ઉકેલની દિશામાં જે કામ ગુજરાત રાજયે કર્યું છે એ દેશના કોઈ રાજયે કયૂં નથી. કોઈ પણ વિસ્તારની પ્રદૂષણને સહન કરવાની, વહન કરવાની ક્ષમતા નક્કી કરવી એ આજના સમયની માંગ છે. મારે એક વિશેષ કરીને હાલમાં જે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૧માં જે MOU થયા છે એના વિશે હું ધ્યાન દોરું છું. ગુજરાત ઈઝ ધ ફર્સ્ટ સ્ટેટ સોલર પોલીસી જનરેશનમાં દેશમાં પ્રથમ રાજય છે અને મારે ગર્વ સાથે કહેવું છે કે, ગુજરાત ગ્રીન અને ક્લીન એનર્જીનું હબ બનવાનું છે. સોલાર અને વિન્ડ એનર્જીના ક્ષેત્રે આજે રાજય દેશમાં આગળ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે કલાઈમેટ ચેન્જ વિભાગ એ શું કાર્ય કરવાનું છે? ગુજરાત રાજય સર્વગ્રાહી કલાઈમેટ ચેન્જ સંબંધીત નીતિ તૈયાર કરી છે. ગુજરાત દેશનો સૌથો વિશાળ ૧૬૦૦ કિલોમીટર દરિયા કિનારો ધરાવે છે અને આ સમુદ્ર કિનારે કલાઈમેટ ચેન્જની અસરો, સપાટીમાં થતી વધ-ઘટ અને ખેતી ઉત્પાદનના ફેરફારો, સાગરકાંઠાના જનસમૂહની સુખાકારી અને સુરક્ષા સામેના પડકારો અને દરિયા કાંઠાની અને દરિયાની આંતરમાળખાકીય સુવિધા તથા અકસ્માતો પર વોચ રાખવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેન્જ વિભાગ આપત્તિને અવસરમાં પલટાવવાની વ્યૂહરચના ઘડશે. ગ્રીન ટેકનોલોજી મહત્તમ ઉપયોગ અને તેમાં પણ રોકાણ પ્રોત્સાહિત કરશે. ગ્રીન ટેકનોલોજી નવી આર્થિક ચાલકબળ બને

તે હેતુથી નવી રોજગારીની તકોનું સર્જન પણ આ વિભાગ કરવાનો છે. જળ-જમીન અને વાયુ પર્યાવરણ સવર્ધન માટે વ્યૂહરચના ઘડશે. મહત્તમ કાર્બન ક્રેડીટ કરવાનો આયામ હાથ ધરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું એવા જિલ્લામાંથી આવું છું કે મારો જિલ્લો આખો ઉદ્યોગોથી ઘેરાયેલો છે ત્યારે ગયા વર્ષે જ એક ખૂબ સરસ પ્લાન્ટ ઈકોલોજી સ્ટડી સેન્ટર માનનીય પર્યાવરણ મંત્રીશ્રી મંગુભાઈના હસ્તે ખોલવામાં આવ્યું છે. જે હવામાં પ્રદૂષણ થાય છે એ કેવા પ્રકારનું હોય છે એનું એ સેમ્પલીંગ કરે છે અને એ વિસ્તારમાં કેવા ઝાડ ઉછરી શકે એનો ત્યાં સ્ટડી થાય છે અને એ પ્રમાણેનું એ માર્ગદર્શન આપે છે. ભરૂચની અંદર ભરૂચ જિલ્લાની સરકારની નીતિ દિદ દિષ્ટિ અને આયોજનના પરિણામે ૫૪ કિલોમીટર લાંબી દરિયામાં ઉંડે સુધી શુદ્ધિકરણ કરેલા ઔદ્યોગિક ગંદા પાણીના નિકાલ માટેની પાઈપલાઈન કાર્યરત છે એના પરિણામે આમલા ખાડી તેમજ નર્મદાના ભરતી ક્ષેત્રે પાણી પ્રદૂષણ મહદ્અંશે હલ થયું છે, આ દેશની પ્રથમ અને એકમાત્ર યોજના છે જે આપણા સૌના માટે ગૌરવ લેવા જેવી વાત છે જો ગુગલ ઉપરથી ૨૦૦૧નું દૃશ્ય અંકલેશ્વરનું જોઈએ અને ૨૦૧૧નું દૃશ્ય અંકલેશ્વરનું ગુગલ પરથી જોઈએ તો પર્યાવરણ ક્ષેત્રે કેટલી સિદ્ધિઓ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. એ કરી છે એ આપણે જોઈ શકીએ છીએ. આજે મારે ગર્વ સાથે મારા બધા સાથીઓને કહેવું છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉદ્યોગમંત્રીશ્રી સૌરભભાઈ એવા ઉદ્યોગોનું ઓપનીંગ કરે છે કે જેઓ ઝીરો ડિસ્ચાર્જ હોય છે, જ્યારે પણ કોઈ ઈન્ડસ્ટ્રીઝના ખાતમૂર્હુત અથવા એના ઓપનીંગમાં આવે છે ત્યારે એની પહેલી ચોકસાઈ કરે છે કે એ ઈન્ડસ્ટ્રીઝ ઝીરો ડિસ્ચાર્જ છે કે નહિ ત્યારે જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી રાકેશ શાહ(એલીસબ્રીજ)** : અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી જે ક્લાયમેન્ટ ચેઈન્જ વિભાગ અને ઉદ્યોગ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું. સવારથીજ આ સન્માનનીય સભાગૃહમાં વાયબ્રન્ટ સમિટથી માંડીને જાપાનના સુનામી સુધીની ચર્ચાઓ થઈ ગઈ છે, આમ તો વાયબ્રન્ટ સમિટિ જ કોંગ્રેસના મિત્રો માટે એક સુનામી જેવું હતું. કારણકે જે રીતે સન્માનનીય સભ્યો વાતો કરતા હતા એ મિત્રો સમજી શકે એ પ્રકારના આંકડા જ આપીને હું મારી વાતની શરૂઆત કરું છું. આર.બી.આઈ.માં પ્રસિદ્ધ થયેલા આંકડા પ્રમાણે મૂડીરોકાણ કરવામાં ગુજરાત સર્વપ્રથમ રાજ્ય છે, આ આર.બી.આઈ.ના આંકડા છે. હું અર્જુનભાઈની વાત સાથે થોડા મારા વિચારો રજૂ કરું છું કે તેઓ એમના વકતવ્યમાં વાતો કરતા હતા કે આટલા ઉદ્યોગો સ્થપાયા હોત તો આટલા લોકોને રોજગારી મળી હોત અને આમ થયું હોત તેમ થયું હોત. પણ એ જ કેન્દ્ર સરકાર દ્વારા પ્રસિદ્ધ થતાં આંકડામાં છેલ્લાં સાત વર્ષથી દેશમાં રોજગારી આપવામાં ગુજરાત એક અવ્વલ અને પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે એ મારે અર્જુનભાઈને વાત કરવી છે. દેશના જી.ડી.પી. પર જેનો પ્રભાવ છે, જેનાથી સમગ્ર દેશની ઓળખ છે એવા ૭૫ ટકા ઉદ્યોગપતિઓ ગુજરાતમાં એકજ મંચ પર બેસેને એજ દર્શાવે છે ગુજરાતનું સાચું ચિત્ર. આજે ગુજરાતમાં બેસ્ટ રોડ કનેક્ટિવિટી છે, બેસ્ટ પોર્ટ કનેક્ટિવિટી છે, બેસ્ટ ઈલેકટ્રીસિટીની કનેક્ટિવિટી છે, રેલ કનેક્ટિવિટી પણ સારી છે, વોટર કનેક્ટિવિટીની પણ વાત કરું તો સમગ્ર દેશમાં આપણે ત્યાં સારી છે. એર કનેક્ટિવિટી પણ એટલી જ સારી છે અને છેલ્લે આ દેશમાં આ એકજ એવું રાજ્ય છે જ્યાં લો એન્ડ ઓર્ડરની પરિસ્થિતિ પણ સારી છે. એટલે તો ગુજરાતના મુખ્યમંત્રી નરેનદ્ર મોદી એ સમગ્ર દેશમાં નંબર વન મુખ્યમંત્રી કહેવાય છે. આ બધું સમગ્ર વિશ્વએ જોયું છે, હું બીજી વાત કરું છું ગુજરાતના ઉદ્યોગથી માંડીને કે જેનાથી ગુજરાતે પોતાની એક ઓળખ ઉભી કરી છે અને કહેવાય છે કે સમગ્ર વિશ્વ એમ કહી શકે છે કે ગુજરાત એ ગ્રોથ એન્જિન ઓફ ઈન્ડિયા બની રહ્યું છે. તિરંગાની ક્રાંતિ કરી છે. દૂધ ક્ષેત્રે હરણફાળ ભરી શ્વેતક્રાંતિ કરી આપણે, કૃષિમાં ખેતીની જંગી આવક વધારી અને હરિયાળી ક્રાંતિ કરી આપણે અને ઉર્જાક્ષેત્રે સરપ્લસ વીજળી એટલે કે કેસરી ક્રાંતિ કરી છે આપણે. આમ તિરંગા ક્રાંતિ આ સમગ્ર ગુજરાતની પ્રજાએ જોઈ છે હું ક્લાયમેન્ટ ચેઈન્જ વિભાગની પણ વાત કરવા માટે ઉભો થયો છું. મારા સાથી મિત્રોએ પણ કહ્યું છે કે કોઈ ચોક્કસ વિસ્તારની જ્યારે સરેરાશ આબોહવા અને સમયગાળામાં ફેરફાર થાય છે ત્યારે એને ક્લાયમેન્ટ ચેઈન્જ કહેવાય છે, આજકાલ પૃથ્વી પર બનતી તમામ ઘટનાઓ માટે એ ક્લાયમેન્ટ ચેઈન્જ કે ગ્લોબલ વોર્મિગ જ જવાબદાર છે. આપણે સૌ જાણીએ છીએ અને બિલકુલ સાચી વાત છે કે, જે રીતે અર્જુનભાઈ અહીંયા વાત કરીને ગયા છે કે જાપાનમાં જે રીતે આવેલો ભૂકંપ અને સુનામી એની અસરો પણ આ સમગ્ર વિશ્વએ જોઈ છે અને એને પણ આપણે એક ગ્લોબલ વોર્મિંગનો ભાગ જ ગણી શકીએ. આ લાખ્ખો વર્ષમાં જ્યારે માણસે સૃષ્ટિ સાથે છેડતી નહિ કરી હોયને એટલી છેડતી છેલ્લી એક અરધી સદીમાં કરી છે, આમ તો આ પશ્ચિમના દેશોનું પાપ છે ગ્લોબલ વોર્મિંગ. છોડમાં રણછોડ એ આપણી સંસ્કૃતિ છે.

વૃક્ષોમાં પણ દેવતાનું સ્વરૂપ આપણે જોનારાં લોકો છીએ. ધરતી આપણી માતા અને સાગર આપણાં પિતા તે સંસ્કૃતિના આપણે સૌ વારસદારો છીએ. પ્રકૃતિનું દોહન તે આપણી સંસ્કૃતિ અને શોષણ તે સમાજની વિકૃતિ છે અને પ્રકૃતિના પૂજન સંદેશમાંથી ક્યાંક વિશ્વમાં કોઈ ભૂલ કરી રહ્યું છે અને જે પરિસ્થિતિ ઉભી થઈ છે તેનું નામ જ કલાયમેટ ચેન્જ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું એકવીસમી સદીમાં, વર્તમાન સમયમાં આ જે સમગ્ર વિશ્વના પડકારો ઝીલી રહ્યાં છીએ (૧) ચોક્કસ છે કે કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીગ અને બીજું છે આતંકવાદ. આ વિભાગની માગણીમાં મને જ્યારે સૂર પુરાવાની, બોલવાની તક મળી છે તે અંગે હું મારી જાતને

ખૂબ ભાગ્યશાળી ગણું છું. કારણ કે આવનારી પેઢી માટે તેના પ્રશ્નોની ચિંતા કરતાં આપણે સૌ સાથી મિત્રો અત્યારથી જ તે અંગેનું આયોજન અને તેની ચિંતા, તેનું શિક્ષણ તથા સામાજિક જવાબદારીમાં મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ હું આ રાજયના સન્માનીય મુખ્યમંત્રીને અભિનંદન એટલા માટે આપું છું કે, આપણે સૌ હવે જાણીએ છીએ અને સમગ્ર વિશ્વ જેને જાણે છે કે આ સમગ્ર ભારત વર્ષનું એક એવું રાજય છે કે જેમાં કલાયમેટ ચેન્જ તરીકેનો એક અલગ વિભાગ આપણે કર્યો છે અને એકવીસમી સદીના જાંબાઝ અને ઉર્જાવાન મુખ્યમંત્રીની આ નેમ છે કે આવનારા દિવસોમાં કલાયમેટ ચેન્જને પણ ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાને જોડી આવનારા પ્રશ્નો માટે સૌ સહિયારો પુરુષાર્થ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૦૧૧ની સાલ ચાલે છે હું થોડાંક પાછળના સમયની વાત કરું તો છેલ્લાં ત્રણેક દસકાથી સમગ્ર વિશ્વ આ કલાયમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીંગથી ચિંતિત હતું. પણ તે માટે છેલ્લાં ત્રણ દસકાથી લોકો પ્રયત્ન કરતા હતા પણ છેલ્લે કોઈ નિર્ણાયક તબક્કાવાળી વાત કરું તો ૧૯૯૨માં  રિયો ખાતે એક સંમેલન મળ્યું હતું ત્યારે વિશ્વના દેશોએ આ કલાઈમેટ ચેન્જની ચિંતા કરી હતી. પાંચ વર્ષ પછી ૧૯૯૭માં  કયુટોમાં પણ આ પ્રકારનું સંમેલન મળ્યું હતું. ૧૯૯૭માં એક  કયુટો પ્રોટોકોલ થયો હતો લગભગ સમગ્ર વિશ્વના ૧૮૦ દેશોના પ્રતિનિધિઓ ત્યાં ભેગા થયા હતા. તેમણે નક્કી કર્યુ હતું કે, જો સમગ્ર વિશ્વને બચાવવું હશે તો આવનારા દિવસોમાં એ વખતે એક સમય મર્યાદા નક્કી કરી હતી કે ૨૦૧૨ સુધીમાં આ સમગ્ર સૃષ્ટિનું આબોહવા તે ૨૦૦૯ના જેવી કરવી પડશે. ૨૦૧૨માં હવે સમય બાકી નથી રહ્યો ત્યારે દુનિયાના વિકસિત દેશો હજુ તેની ચિંતા કરવામાં પાછળ છે ત્યારે મને ગર્વ છે કે મારું રાજય આ દિશામાં ખૂબ પહેલ કરી અને મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ દિશામાં ગંભીરતાપૂર્વક ચિંતા કરે છે. ૨૦૦૯માં પણ Barcelona આ પ્રકારની meet મળી હતી તેમાં સમગ્ર વિશ્વમાંથી ૩૫૦૦ જેટલાં પ્રતિનિધિઓ ભેગાં થયા હતા અને તેમણે આ સમસ્યાની ચિંતા કરી હતી. માનનીય અધ્યક્ષશ્રી, આ સમસ્યાના નિરાકરણમાં બેજ વસ્તુ છે એક તો જોઈન્ટ વેન્ચર કરવું પડશે અથવા તો એક joint venture પ્રકારના પ્રોજેકટો આપણે મૂકવા પડશે. Clean Development Mechanism મને કહેતા આનંદ થાય છે કે જે રીતે હિન્દુસ્તાનમાં CDM ના પ્રોજેકટો બની રહ્યાં છે મારા સાથી મિત્રે પણ હમણાં કાર્બન ક્રેડિટની વાત કરી. પણ સમગ્ર હિન્દુસ્તાનમાં જેટલાં CDM ના પ્રોજેકટો બન્યાં છે વિશ્વમાં તો હિન્દુસ્તાન ઘણી રીતે આગળ છે પણ સમગ્ર હિન્દુસ્તાનમાં ગુજરાત ૪૦ ટકા જેટલો હિસ્સો CDM પ્રોજેકટમાં મેળવી એમાં પણ સર્વ પ્રથમ રાજય તે આપણું ગુજરાત રાજય છે. કારણ કે આપત્તિને અવસરમાં ફેરવવાની

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ છે.

**શ્રી રાકેશ શાહ** : તેમની કળા છે. આ વિભાગના બહુવિધ ઉદ્દેશ્યોની પણ એક ચર્ચા કરવી છે. કલાયમેટ ચેન્જના જરૂરી માળખામાં પરસ્પર સહકાર અને સહયોગ દ્વારા આ વિભાગને લગતી રાજય કક્ષાની કામગીરી અને ગ્લોબલ વોર્મીંગના પડકારોને સહકાર અને સમાજ પ્રત્યેની સુરુચિ કામગીરી હાથ ધરશે. તમામ સંબંધિત વિભાગોની મદદની રાજય સરકાર માટે સર્વગ્રાહી કલાયમેટ ચેન્જની નવી પૉલિસી તૈયાર કરશે. સૌર ઉર્જા અને પવન ઉર્જા માટેની જાહેર થયેલી નીતિ અંગે આનુષંગિક કાર્યવાહી તથા જરૂરી રીસર્ચ અને ડેવલપમેન્ટની કામગીરી પણ આ સૂત્રનો વ્યાપક અને વ્યવહારુ ઉપયોગ થશે. બીજી વાત કરું કે પુનઃપ્રાપ્તિ ઉર્જા એટલે કે renewable energy ગુજરાતના વાતાવરણમાં ઉમેરાતાં લાખો ટન કાર્બનડાયોકસાઈડમાં ઘટાડો કરવાના શુભ હેતુથી દેશભરમાં સૌથી પહેલી સોલર પાવર જનરેશન પૉલિસી **દેશભરમાં સૌથી પહેલી સોલર પાવર જનરેશન પોલિસી જાહેર કરનાર ગુજરાત પુનઃ પ્રાપ્ય ઉર્જા અને ઉર્નાના સંરક્ષણ ક્ષેત્રે ટેકનોલોજીને પ્રોત્સાહન પૂરું પાડનાર ક્ષેત્રમાં પણ પ્રથમ રાજય છે. બીજું કોઈ રાજય આવી નીતિની ઉદ્ઘોષણા પણ કરી શકયું નથી. રાજય સરકારે જાહેર કરેલ નીતિના પગલે ૮૧ રાષ્ટ્રીય મૂડીરોકાણ અનેકુલ મળીને ૯૫૮.૫ મેગાવોટ ક્ષમતાના વીજ ખરીદ કરાર પી.પી. પર કર્યા છે અને મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે ગાંધીનગર જેવા  શહેરમાં ચીર સ્થાયી અને શાણી અને સુંદર પ્રજા છે અને એને જીવનશૈલીવાળું શહેર બનાવાય એ માટેની બ્લુ પ્રિન્ટ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ તૈયાર કરી છે. પંડિત દીનદયાળ યુનિવર્સિટી ખાતે એક મેગાવોટ ક્ષમતાનો સોલર પાવર પ્લાન્ટ સ્થાપીને ગાંધીનગરને દેશભરનો સૌ પ્રથમ સોલર સીટી પ્રોજેકટ ૨૦૧૦-૧૧માં એના માટે ૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ પણ માનનીય મંત્રીશ્રીએ સૂચવી છે. પવન ઉર્જા હોય, બાયોગેસ હોય, ઔદ્યોગિક કચરમાંથી ઉત્પન્ન થતી વીજળી હોય.. (અંતરાય)**

**અધ્યક્ષશ્રી**: આપનું પ્રવચન પૂરું થાય છે.

**શ્રી રાકેશ શાહ**: હું માનનીય મંત્રીશ્રીની માગણીઓમાં સુર પૂરાવી મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી ઈકબાલ પટેલ(વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ અને ઉર્જા વિભાગની માગણીઓ ઉપર માનનીય અમારા નેતાશ્રી અને કોંગ્રેસના અધ્યક્ષશ્રી અને આ ગૃહના સભ્યશ્રીએ ખૂબ વિસ્તારપૂર્વક રાજય સરકારની નીતિઓ અને એના કારણે ગુજરાતના જે કેટલાક પ્રશ્નો ઉભા થયા છે એની રજૂઆત અને વાતો કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક એવા વિસ્તારમાંથી આવું છું કે જયાં ઉદ્યોગોના કારણે જે પરિસ્થિતિ નિર્માણ થઈ છે અને અત્યારે જે અમે મુશ્કેલીઓ સહન કરી રહ્યા છીએ એનું વાસ્તવિક ચિત્ર જેને કહેવાય એ વાત હું કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫ માં ૨૧ મી સદીના સ્વપ્નદ્રષ્ટા સ્વ. રાજીવ ગાંધીએ અમારા વિસ્તાર દહેજમાં કદમ મૂકેલું અને જબરજસ્ત વિરાટ એવું આઈ.પી.સી.એલ.નું એક યુનિટ ઉભું કરીને એ વિસ્તારમાં ઓદ્યોગિક વિકાસ, ઔદ્યોગિક બિલ્ડિંગ એવું પાયાનું કામ કોઈએ કરેલ હોય તો એ સ્વ. રાજીવ ગાંધીએ કર્યુ હતું. આજે એને ૧૫ વર્ષ જેટલો સમય થઈ ગયો છે અને આ વિસ્તારમાં જે રીતે ઝડપથી ઉદ્યોગોના કારણે, જે રીતે એમાં ઉદ્યોગોની નીતિઓના કારણે રાજયના અનેક વિસ્તારોમાં જે રીતે જમીનના પ્રશ્નો છે, એ રીતે ઉદ્યોગોમાં રોજગારીના પ્રશ્નો છે એવા અનેક પ્રશ્નો આજે ઉભા થયા છે. આ વિસ્તારમાં મૂળભૂત ઉદ્દેશ તો ખાસ કરીને રોજીરોટી આપવાનો હોય છે, જે વિસ્તારમાં ઉદ્યોગ આવે એ વિસ્તારમાં ઔદ્યોગિક વિકાસના પગલે સ્થાનિક લોકોનું જીવન ધોરણ ઉંચું આવે, એ વિસ્તારનો વિકાસ થાય એવો મૂળભૂત ઉદ્દેશ હોય છે. ખેતીને બચાવવા માટે જમીનની જરૂરિયાત છે અને ખેતીની જમીન જે રીતે ઉદ્યોગોને આપવામાં આવે છે એમાં ખેતી ક્ષેત્રને ભયંકર નુકસાન કરીને ઉદ્યોગોને વધારે પડતું બેલેન્સ કરવાને બદલે વધારે જોક મૂકીને ખેતીના ઉત્પાદન અને ખેતીને ભારે નુકસાન કરવામાં આવી રહ્યું છે, તેમ છતાં પણ અમે ઉદ્યોગોના વિરોધી નથી, પરંતુ વૈશ્વિક કક્ષાએ જે રીતે કેન્દ્ર સરકારે દેશને જે તરકકી માટે અને પ્રગતિ માટે ઉદ્યોગોની જે અલગ અલગ યોજનાઓ દાખલ કરી છે એના ભાગરૂપે આ વિસ્તારમાં પણ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એટલે કે એસ.ઈ.ઝેડ બનાવીને એ ઝોનનો ઝડપી વિકાસ થાય એ માટેનો પ્રયાસો કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે પી.સી.પી.આઈ.આર. જેને કહેવાય પેટ્રોકેમિકલ ઈન્વેસ્ટમેન્ટ વિઝન એ દેશના પાંચ વિસ્તારમાં જે ઈન્વેસ્ટમેન્ટ વિઝન આપેલ છે એ પૈકીના દહેજમાં પી.સી.પી.આઈ.આર. આપેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગે ૪૪ જેટલા ગામોની તમામ ખેડૂતોની જમીનો એક જાહેરનામાથી રીઝર્વેશનમાં મુકી દીધી છે, ૪૪ ગામમાં એક પણ ખેડૂત પોતાની જમીન પોતાના ઉપયોગ માટે પણ ઉપયોગ કરી શકે એમ નથી, પોતાના કુટુંબના વિભાજનમાં પણ કરી શકે એમ નથી, બીજા કોઈને વેંચી શકે એમ પણ નથી, એટલું જ નહીં પણ એ વિસ્તારમાં ૪૪ જેટલા ગામોનું જાહેરનામું મહેસુલ વિભાગે નથી પ્રસિધ્ધ કરેલું, ૪૪ જેટલા ગામોની જમીન એક સાથે કલસ્ટરમાં લઈ લેવા માટે ઉદ્યોગ વિભાગે જાહેરનામું પ્રસિધ્ધ કરેલું છે. એટલું જ નહીં ઉદ્યોગ વિભાગના જાહેરનામાના કારણે ફળદ્રુપ જમીનો છે તે જમીનો માત્ર અને માત્ર ઔદ્યોગિક હેતુ માટે રીઝર્વ કરવામાં આવનાર છે, માનનીય અધ્યક્ષશ્રી, જયારે બંગાળ જેવામાં આટલો મોટો પ્રોજેકટ, નેનોના પ્રોજેકટમાં આટલો વ્યાપક વિરોધ થાય અને એ પ્રોજેકટને ગુજરાતમાં લાવવામાં આવે, ત્યાર પછી આવા વિસ્તારોમાં પણ જે અત્યારે સ્થિતિ છે એ સ્થિતિ બહુ સારી નથી, અગાઉ જે જમીન ૧૦ લાખ રૂપિયે લેવામાં આવેલી છે એ ખેડૂતને આજે જમીન લઈ લીધા પછી ૫૦ કિલો મિટરની ત્રીજીયામાં પણ દસ લાખ રૂપિયામાં જમીન પાછી મળવાની નથી, એટલું જ નહીં આસપાસના જે ગામો છે એ ગામોની આસપાસમાં ૩૦૦ મીટર જેટલું પણ છોડેલું નથી, અત્યારે જે કંઈ જમીન દહેજ, લખીગામ, લુવાડા, વાડીયા ઝાડેશ્વરમાં સંપાદન કરેલી છે એ મકાનના સીમાડા સુધી, મકાનની હદ સુધી સંપાદનમાં મુકેલી છે. ખેડૂતોએ હાઈકોર્ટના દરવાજા ખખડાવવા પડેલા છે, હાઈકોર્ટે ન્યાય આપેલો છે, આજે પણ જી.આઈ.ડી.સી. આજે પણ ગુજરાતનો ઉદ્યોગ વિભાગ એ ૩૦૦ મીટર જમીન આજુબાજુ ગામના ભવિષ્યના વિકાસ માટે છોડવા માટે તૈયાર નથી. અને એ ખેડૂતોએ કાકલુદી કરવા છતાં એ ખેડૂતોએ વારંવાર સરકારમાં રજુઆત કરવા છતાં સરકાર કક્ષાએ કે ઉદ્યોગ કક્ષાએ કે ઉદ્યોગ વિભાગની કક્ષાએ આજે પણ તેનો ઉકેલ કરવામાં આવતો નથી. હાઈકોર્ટનું સ્પષ્ટ માર્ગદર્શન હોવા છતાં સ્પષ્ટ હુકમ હોવા છતાં કલમ ૪ અને ૬ ના જાહેરનામા પ્રસિધ્ધ કરી દેવામાં આવેલા છે. ખેડૂતોની જમીન બળજબરી પૂર્વક ૩૦૦ મીટરની હદમાં લેવામાં આવી રહેલી છે. સ્થાનિક ઉદ્યોગોનો વિકાસ થાય, પણ સ્થાનિક લોકોનો વિનાશ ન થાય એ જોવાની આપણી ફરજ છે. ગુજરાતમાં જે રીતે આ ચાલી રહેલું છે એમાં અતિશય ગંભીર બાબતો કહેવાય એ પ્રકારની બાબત આ વિસ્તારમાં જોવા મળે છે. ઉદ્યોગનો હેતુ એમ્પ્લોયમેન્ટ આપવાનો છે, રોજી રોટી આપવાનો છે. એમ્પ્લોયમેન્ટનો હેતુ સ્થાનિક વિકાસનો છે, મને કહેતાં દુઃખ થાય છે કે ૩૦ જેટલી કંપનીઓ જે વિસ્તારમાં છે એ વિસ્તારમાં ૩૦ જેટલી કંપનીઓ રોજી રોટી એમને આપતી નથી. સ્થાનિક લેન્ડ લુઝરોને જોબ આપવામાં આવતા નથી અને તેના કારણે, અત્યારે મારી પાસે યાદી તૈયાર છે, ૩૦ જેટલા ઉદ્યોગો હોવા છતાં પણ ૧૭ જેટલા ઉદ્યોગો એવા છે કે જે ઉદ્યોગોએ એક પણ વ્યકિતને કે જેણે જમીન ગુમાવેલી છે તેવા ખેડૂતના દીકરાઓને, એક પણ જમીન ગુમાવનારને નોકરી આપેલી નથી. હમણાં વાત થઈ કે ઉદ્યોગોમાં તો ટેકનિકલ માણસ જોઈએ, ઉદ્યોગોમાં ટેકનોલોજી વાળો માણસ જોઈએ, પટાવાળામાં ટેકનોલોજી આવે છે? ગાર્ડનનાં કામમાં ટેકનોલોજી આવે છે? ડ્રાઈવરના કામમાં ટેકનોલોજી આવે છે? ચોકીદારમાં ટેકનોલોજી આવે છે? ગેસ્ટ હાઉસ ઉપર ટેક્નોલોજી આવે છે? કલાસ ૪ સુધ્ધામાં પણ જેને કહી શકાય એવી ૧૭ જેટલી કંપનીઓ એવી છે કે જે મોટી મોટી કંપનીઓ હોવા છતાં પણ સરકારની રહેમ નજર હેઠળ એ કંપનીઓ એક પણ પગલું ભરતી નથી. વારંવાર રજુઆતો કરવા છતાં વારંવાર આ વિગતો આપવા છતાં પણ તે લોકોની બળજબરીપૂર્વક જમીનો લઈ લીધી, ૧ લાખ રૂપિયે એકર જમીન લઈ લીધી આજે એ જમીનની ઉપર એ ખેડૂતના દીકરાઓ રખડતા થઈ ગયા રઝળતા થઈ ગયા અને એ ખેડૂતોને કોઈ જોબ આપવા તૈયાર નથી, એના દીકરાઓને જોબ આપવા તૈયાર નથી. એ જ પ્રમાણે સ્થાનિક વિસ્તારોમાં જે પરિસ્થિતિ છે તેમાં સ્થાનિક બેરોજગારો માટેનો ગંભીર સવાલ દિવસે દિવસે ઉભો થાય છે. ૧૫ જેટલા એવરેજ ભણેલા ગણેલા છોકરાઓ એ વિસ્તારમાં

જોબ માટે આવે છે અને એ આવવા છતાં પણ એ વિસ્તારના છોકરાઓને જોબ આપવામાં આ ઉદ્યોગો નિષ્ફળ ગયેલા છે. આપણે એ વિકાસ નથી જોઈતો, જે વિકાસ છેવાડાના માનવી જેને કહી શકાય તેમના હાથમાં તેના ફળો ન પહોંચે. માત્ર અને માત્ર ઉદ્યોગપતિઓને તેના ફળ પહોંચે, ઉદ્યોગો તેનો લાભ લે ઉદ્યોગો સબસિડીનો લાભ લે, ઉદ્યોગો જમીન સસ્તા ભાવે લે. ઉદ્યોગો ઈલેકટ્રીસીટી સસ્તા ભાવે મેળવે. ઉદ્યોગો વીજળી સસ્તી મેળવે, ઉદ્યોગો નફો કમાઈને એના ઉદ્યોગમાં લઈ જાય એના કેપીટલમાં લઈ જાય તેવા ઉદ્યોગોની ગુજરાતમાં જરૂર નથી. એટલા માટે ખેડૂતોને મજબૂર કરવામાં આવેલા છે, ખેડૂતોની જમીન બળજબરીથી લઈ લેવામાં આવે છે. એને સંમતિ એવોર્ડ ન આપવામાં આવે અને કહેવામાં આવે કે જે એવોર્ડ જાહેર થશે એ પ્રમાણે આપવામાં આવશે. જે વિસ્તારમાં સંખ્યાબદ્ધ ઉદ્યોગો આવેલા છે એમાં પરિસ્થિતિ વિકટ બનતી જાય છે. એ વિસ્તારમાં ફૉરેસ્ટ રિઝર્વ લૅન્ડ ૩૭ હેકટર હોવા છતાં અદાણી પૉર્ટને આપી દેવામાં આવે છે. દરિયા કિનારાની જમીન, કિંમતી જમીન માત્રને માત્ર ઉદ્યોગ ગૃહને આપી દેવામાં આવેલ છે. દહેજમાં પેટ્રોનેટની બાજુમાં અદાણી પૉર્ટ આવેલ છે એની બાજુમાં આ જમીન આવેલી છે એ જમીન અદાણી પૉર્ટને આપવામાં આવેલ છે. આ ફૉરેસ્ટ રિઝર્વ લૅન્ડ હોવા છતાં આજે એનો ઉપયોગ અદાણી પૉર્ટ કરી રહ્યું છે. આ પ્રમાણે ગૌચર લૅન્ડ લઈ લીધી, ગામતળની જમીન લઈ લીધી છે, કોર્ટના ચુકાદાઓ છે, હાઈકોર્ટનો ચુકાદો છે, સુપ્રીમ કોર્ટનું માર્ગદર્શન છે કે જ્યાં આવા ઢોરો આવેલા હોય જ્યાં ખેડૂતો હોય, ખેડૂતો માટે જ્યાં આ હેતુ માટે રિઝર્વ જમીન રાખેલી હોય તો એને બીજા હેતું માટે નહિ લેવી. હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદા હોવા છતાં આપણે એનો અમલ કરવા તૈયાર નથી. સ્થાનિક વિકાસ માટે જે રીતે આંતર માળખાકીય સુવિધા આપવી જોઈએ. જે વિસ્તારમાં ઉદ્યોગો આવે ત્યાં વધારે પડતી તકલીફો ઊભી થાય, ત્યાં રહેતા લોકોને સુવિધા ન મળે એને હૉસ્પિટલની સુવિધા ન મળે, એને પ્રદૂષણ વેઠવું પડે, એને આંતર માળખાકીય સુવિધા આપવામાં ન આવે, એને વીજળી પૂરતી ન આપવામાં આવે, એને પાણીની સુવિધા ન આપવામાં આવે, એને રસ્તાઓની સગવડ આપવામાં ન આવે, એને આઈ.ટી.આઈ. જેવું ઇન્સ્ટિટ્યૂટ ન આપવામાં આવે, ત્યાંના છોકરાઓને તૈયાર કરવામાં ન આવે. આને કહેવામાં આવે ગ્રોથ એન્જિન, કહેવામાં આવે નંબર વન, કહેવામાં આવે વર્લ્ડનું હબ. કોને ગ્રોથ એન્જિન કહેવાય, કોને નંબર વન કહેવાય કે જેનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચતો હોય નહિ કે માત્ર ઉદ્યોગપતિ સુધી લાભ પહોંચતો હોય, એને નંબર વન ન કહેવાય. જે વિસ્તારમાં ઉદ્યોગો આવેલા છે ત્યાંની પરિસ્થિતિ દિન પ્રતિદિન બગડતી જાય છે. હમણાં મારા એક સાથી મિત્ર અંકલેશ્વરની વાત કરતા હતા. ત્યાં મોટી ઔદ્યોગિક વસાહત આવેલી છે. જે પ્રદૂષણ ફેલાવવાની બાબતમાં દેશમાં વાપી નંબર એક પર છે અને અંકલેશ્વર નંબર બે પર આવેલ છે. અંકલેશ્વર પાસેથી મંત્રીશ્રીઓ પસાર થતા હશે ત્યારે તરત ખબર પડે કે કેટલી માત્રમાં પ્રદૂષણ અહીંયા થઈ રહેલ છે. આવું હોવા છતાં ઉદ્યોગ વિભાગ તરફથી કોઈ પગલાં લેવામાં આવતા નથી. કોઈ એના ઉપર કલોઝરના એકશન લેવામાં આવતા નથી. ફક્ત નોટિસ આપી દેવામાં આવે છે. નોટિસનો જવાબ જે તે ઉદ્યોગ તરફથી આપી દેવામાં આવે છે એ પછી એ ઉદ્યોગ ઉપર કોઈપણ જાતના પગલાં લેવામાં આવતા નથી. અહીંયા મંત્રાલયમાંથી ફોન આવે એટલે કલોઝર નોટિસ પાછી ખેંચી લેવામાં આવે. આ રીતે પ્રદૂષણ આ વિસ્તારમાં દિન પ્રતિદિન વધતું જાય છે ત્યાંથી પરિસ્થિતિ બગડતી જાય છે. અમારા નેતાશ્રીએ અમારા આગેવાનોએ વાત કરેલી છે, અમારા સભ્યશ્રીઓએ વાત કરેલી છે એ વાતને સમર્થન આપું છું.

ખેડૂતોને વીજળી આપવાની વાત કરીએ. તત્કાળ યોજના ૨૦૧૦ના નામે વીજ જોડાણ ખેડૂતોએ માગ્યા એ પહેલાના દસ વર્ષથી ખેડૂતો વીજ જોડાણ માટે પ્રતિક્ષા કરી રહ્યા છે . આટલી બધી વીજળી સરપ્લસ હોય તમે એ બીજા રાજયોને વેચી શકતા હોય, વેચાણ કર્યા પછી વીજળી વધે એ બિલકુલ રાજયના ખેડૂતોને આપવા તૈયાર નથી. હમણાં એક સભ્યશ્રીએ વાત કરી કે ખેડૂતોને વીજળીની કાંઈ જરૂર નથી. ખેતી કરતો હોય એને ખબર પડે કે વીજળીની કેટલી જરૂર છે? આટલી બધી વીજળી બહાર તમે વેચતા હોય સન ૨૦૧૦ની સાલમાં તમે ૭૦૪ કરોડની વીજળી ૧૩ જેટલા રાજયોને વેચી છે. કેન્દ્રમાંથી વીજળી લીધી, ખાનગી ઉદ્યોગ પાસેથી વીજળી લીધી અને એ વીજળી તમે બીજા રાજયોને ૪ રૂપિયા અને ૨૭ પૈસા યુનિટના ભાવે કુલ ૭૦૪ કરોડ રૂપિયાની વેચી છે ત્યારે મારે એટલું જ કહેવાનું છે કે ખેડૂત આઠ કલાક વીજળી માગે તો એને નહિ આપવાની. એ જ પ્રમાણે આ જે નવી સ્કીમ દાખલ કરી છે એ સ્કીમ પણ કેવી, તાતા અને બીજાંને જે જમીન જોઈતી હોય, એ જમીન ઉપર વીજળી જોઈતી હોય તો ૨૨૦ કે.વી.નું સબ સ્ટેશન આપવામાં આવે. ૬૬ કે.વી.નું સબ સ્ટેશન આપી દેવામાં આવે તો એમાં કોઈ ચાર્જ નહીં અને બીજી બાજુ ખેડૂતને જો વીજળી જોઈતી હોય તો ૮૦ ટકા રકમ અરજદારે ભરવાની અને એટલું જ નહીં, વીજ વિતરણ કંપની માત્ર ૨૦ ટકા ભોગવે. એ જ પ્રમાણે ટ્રાન્સફૉર્મર ઉભું કરવા માટે ૮૦ ટકા રકમ અરજદારોએ ભોગવવાની, પેલા ટાટાવાળાને મફત આપવાનું અને ખેડૂત પાસેથી ૮૦ ટકા ચાર્જ તેના પરસેવાની કમાણીમાંથી પેલા ગરીબ માણસના ખિસ્સામાંથી લઈને આપવાનો. આ કેવી જાતની અન્યાયકર્તા નીતિ છે. એ જ પ્રમાણે ડી.પી. સ્ટ્રકચર જે આપે, માત્ર એના ઉપરનું ટેપીંગ આપે એમાં પણ ૮૦ ટકા રકમ અરજદારો પાસેથી લેવાની. એટલે આપણે વેપાર કરવાનો, કોના ખર્ચે? ખેડૂતના ખર્ચે. આપણે વેપાર કરવાનો, કોના ખર્ચે? ગરીબ માણસના ખર્ચે અને રાજય સરકારે એનું કંઈ ભોગવવાનું નહીં, એક લાખ જોડાણની ખેડૂતોની અરજીઓ આવે તો એક લાખ લોકો આજે પ્રતિક્ષા યાદીમાં છે. એ લોકોને ૧૦ વર્ષે પણ આ વીજળી નહીં મળી રહે અને બીજી બાજુ ઉદ્યોગોને લ્હાણી કરવામાં આવે છે. ૨૦૦૪ પછી તમે પરિસ્થિતિ જૂઓ, છ વર્ષની

અંદર ખેડૂતને વીજળી આપવામાં આવતી નથી. નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો ૨૦૦૩નો પરિપત્ર છે. આજે આઠ-આઠ વર્ષ થયા, ૫૭ તાલુકા તમારા ડાર્ક ઝોનમાંથી નીકળતા નથી. જળ સંપત્તિ વિભાગ ચેકડેમનો દાવો કરે છે. જળ સંચયનો દાવો કરે છે. સાહેબ, ૫૭માંથી એક તાલુકો તો ઓછો કરીને બતાવો. એક તાલુકામાં તો વીજળી અપાય એ રીતે કરો. આ નીતિ ચાલુ રહેશે તો ૫૭ ટકામાં વધારો થશે પણ ઘટાડો થાય નહીં અને ઔદ્યોગિક હેતુ માટે એ જ વિસ્તારમાં કનૅક્શન માગે એટલે તરત આપી દેવાનું. એના માટે ગ્રીન સિગ્નલ અને ખેડૂત માટે રેડ સિગ્નલ..

**અધ્યક્ષશ્રી** : માનનીય વિજયભાઈ.

**શ્રી વિજયભાઈ ૨. પટેલ (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં આદિવાસી વિસ્તારના વિકાસની અને આદિવાસી સમાજના વિકાસની વાત હું સાંભળ્યા કરું છું. પણ પહેલાં પણ વીજળી હતી, લાઈટ હતી પણ એ કેવી હતી? આદિવાસી વિસ્તારમાં જે વીજળી આવતી હતી કાં તો અમાસના દિવસે આવતી, કાં તો પૂનમના દિવસે દર્શન થતાં હતા. ક્યારેક તો દર્શન પણ નહોતા થતા એવા એ ભૂતકાળના દિવસો હતા. પણ આજે આદિવાસી વિસ્તારમાં ૨૪ કલાક વીજ પુરવઠો મળી રહ્યો છે તે બદલ આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. મારો આદિવાસી સમાજ અંધકારમય જીવન છોડીને પ્રકાશમય જીવન જીવે તેના માટે આ રાજય સરકારે સૌ પ્રથમ આ ગુજરાતમાં જયોતિગ્રામ યોજનાની કોઈ શરૂઆત કરી હોય તો મારા ડાંગ જેવા છેવાડાના જિલ્લાઓમાંથી કરેલ છે. એટલા માટે હું અભિનંદન આપું છું. જ્યારે આ રાજયના ઉર્જા મંત્રીશ્રીનો મારા ડાંગ જિલ્લામાં કન્યા કેળવણી મહોત્સવ વખતે એમનો પ્રવાસ થયો ત્યારે એમણે જોયું કે સાપુતારા અને સુબીર ખાતે ૬૬ કે.વી. સ્ટેશનોની જરૂર છે. માનનીય ઉર્જા મંત્રીશ્રીએ તાત્કાલિક ધોરણે આ ૬૬ કે.વી. સબ સ્ટેશનોની મંજૂરી આપેલ અને હાલ એ કામગીરી ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિવાસી વિસ્તારમાં પણ પૂરતા પ્રમાણમાં નિયમિત વીજ પુરવઠો મળી રહ્યો છે, એટલા માટે રાજય સરકારને અને ઉર્જા મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. હું ડાંગ જિલ્લામાંથી આવું છું. મારા ડાંગ જિલ્લાની બાજુમાં મહારાષ્ટ્ર રાજય આવેલું છે. આ મહારાષ્ટ્ર રાજયમાં અપૂરતો વીજ પુરવઠો મળવાના કારણે ત્યાંના ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. એ લોકોએ આત્મઘાત કરવો પડેલ છે. મારી બાજુના મહારાષ્ટ્રમાં કે આ દેશમાં કોઈ ક્રિકેટ મેચ રમાતી હોય તો મારા મહારાષ્ટ્રના જે સગા-સંબંધીઓ છે એ મારા ડાંગ જિલ્લામાં મેચ જોવા માટે આવે છે. કેમ? તો કે ત્યાં અનિયમિત વીજ પુરવઠો છે એટલા માટે ક્રિકેટ મેચ જોવા માટે મારા ડાંગમાં આવે છે. આ રાજયની સરકાર આદિવાસી વિસ્તારને પણ પૂરતો વીજ પુરવઠો મળે તેના માટે ખૂબ જ સારી કામગીરી કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૧-૧૨ના વર્ષ માટે હું કલાયમેટ ચેન્જ વિભાગમાં પણ વાત કરવા માગું છું. આ કલાયમેટ ચેન્જ વિભાગ માટે અંદાજપત્રમાં આયોજન સદરે રૂ.૯૯.૬૯ કરોડની માગણી કરવામાં આવેલ છે અને નૉન પ્લાન સદરે રૂ.૦.૫૪૬૯ કરોડની માગણીઓ મળીને કુલ રૂ.૧૦,૧૮,૬૯૦૦૦/-ની માગણીઓ કરવામાં આવી છે અને આજે સમગ્ર વિશ્વની અંદર એક જ વાત થાય છે- ગ્લોબલ વોર્મિંગ, ગ્લોબલ વોર્મિંગ. આ ગ્લોબલ વોર્મિંગ એ ગ્લોબલ વોર્નિંગ છે. આજે ક્યાંક આપણને સમાચારો જાણવા મળે છે કે, એસિડિક વર્ષા થઈ, ક્યાંક હિમશીલા પીગળવા લાગી, ક્યાંક દરિયાના સ્તર વધવાના સમાચારો મળ્યા. આ બધું ગ્લોબલ વોર્મિંગના કારણે થાય છે. મારા ડાંગ જેવા વિસ્તારની અંદર એક સમયે ૧૫૦થી ૨૦૦ ઇંચ જેટલો પુષ્કળ વરસાદ પડતો હતો. એવા વિસ્તારોની અંદર આજે વરસાદ ઓછો થઈ ગયો છે અને અનિયમિત થઈ ગયો છે અને જે રણ વિસ્તાર છે ત્યાં વરસાદનું પ્રમાણ વધી ગયું છે. આ બધા ચેન્જીસ કલાયમેટ ચેન્જના કારણે આપણે અનુભવી રહ્યા છીએ. આ વૈશ્વિક સમસ્યાના ઉકેલ માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પહેલ કરી છે. દેશભરમાં કલાયમેટ ચેન્જનો વિભાગ શરૂ કરનાર ગુજરાત રાજય પ્રથમ છે. એના માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ અભિનંદન એટલા માટે પાઠવું છું કે, વિવિધ પ્રકારની આડઅસર રોકવા માટે જળ, જમીન, વાયુ અને પર્યાવરણનું સંવર્ધન કરવા માટે વ્યૂહ રચના કરવામાં આવી છે. રાજયના રણ વિસ્તારને અટકાવવા માટે અને વન વિસ્તાર છે એનો વધુ વિકાસ થાય એના માટે આ કલાયમેટ ચેન્જનો વિભાગ છે એ કટિબદ્ધ છે. કલાયમેટ ચેન્જ વિભાગનો મુખ્ય ઉદ્દેશ પર્યાવરણનું રક્ષણ કરવાનો છે. ઔદ્યોગિક વિકાસ થવો જોઈએ અને ઔદ્યોગિક વિકાસ થશે તો આ રાજયનો વિકાસ થશે અને ઉદ્યોગો આવશે તો બેરોજગારો છે એમને રોજગારી મળશે, રોજગારીની તકો ઊભી થશે. એટલા માટે ઉદ્યોગોનો વિકાસ થવો જોઈએ. પરંતુ ઉદ્યોગોના વિકાસની સાથે પર્યાવરણનું પણ રક્ષણ થવું જોઈએ. શહેરીકરણ વિસ્તરે પણ પ્રદૂષણના પ્રશ્નનું પણ ધ્યાન આ કલાયમેટ ચેન્જ વિભાગ રાખી રહ્યો છે. આજે સમગ્ર ગુજરાતમાં આંતર માળખાકીય સુવિધાઓ વૈશ્વિક સ્તરની બની છે એ માટે ગુજરાત સરકારની દૂરંદેશી અંદાજથી આ કલાયમેટ ચેન્જ વિભાગની રચના કરી છે. આ કલાયમેટ ચેન્જનો વિભાગ એ ફક્ત ભારતમાં નહીં પણ સમગ્ર એશિયામાં ઉદાહરણરુપ છે અને સર્વ પ્રથમ છે. આ વિભાગ કલાયમેટ ચેન્જ ઉપર સંશોધન અને દસ્તાવેજીકરણ કરશે અને ભવિષ્યની અંદર આવનાર પડકારો છે એ પડકારોને પહોંચી વળવાની કામગીરી કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આજે દેશભરમાં સૌથી પહેલાં સોલર પાવર જનરેશન પૉલિસી જો કોઈએ જાહેર કરી હોય તો તે આ ગુજરાત રાજયે કરી છે. ગુજરાત રાજયે પુનઃ:પ્રાપ્ય ઊર્જા અને ઊર્જા સંરક્ષણ ટૅક્નૉલૉજીને પ્રોત્સાહન પૂરું પાડવાના ક્ષેત્રે પ્રથમ છે. અત્યાર સુધીમાં બીજા કોઈ રાજયોએ આવી નીતિની ઉદ્દઘોષણા કરેલ નથી. આ રાજય સરકારની નીતિના પગલે ૮૧ રાષ્ટ્રીય મૂડી રોકાણકારોએ કુલ મળીને ૯૫૮.૫૦ મેગાવોટની ક્ષમતાના વીજ ખરીદી કરાર પીપીએ પર સહી સિક્કા કર્યા છે. સૌર ઊર્જા થકી વીજ પૂરી પાડવા અને સુવિધા વધારવા, સૌર ઊર્જા ઉત્પાદન સાધનો પૂરા પાડવા, પવનને લગતી ઘણી ખાનગી કંપનીઓએ રાજય સરકાર સાથે એમ.ઓ.યુ. કર્યા છે. આ ગુજરાત સરકારના મારા સાથી મિત્ર કહેતા હતા કે, ગુજરાત રાજયની અંદર સૌર પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે. એટલા માટે આ રાજય સરકારને અભિનંદન પાઠવું છું. સોલર પાર્ક સ્થાપવા માટે પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચારણકા ગામે કામગીરી થઈ રહી છે. આ પાર્ક ૨૦૦૦ હેકટર જમીનમાં સ્થાપવામાં આવેલ છે. ૧૭૧ મેગાવોટ વીજળી સૌર ઊર્જા થકી કરવા માટે ૧૨ જેટલી ખાનગી કંપનીઓને પ્લૉટ આપવામાં આવ્યા છે. આ કંપનીઓ આગામી એક વર્ષમાં વીજળીનું ઉત્પાદન કરવા માંડશે અને સૌર ઊર્જા ઉત્પન્ન કરનાર પ્રથમ રાજય બનશે.

**વિરામ સવારના ૧૦.૩૦થી ૧૧.૦૦**

**વિરામ બાદ**

**અધ્યક્ષશ્રી : અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : માનનીય વિજયભાઈ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર ..

**અધ્યક્ષશ્રી** : એમનું કન્ટીન્યુઅસ હતું એમની બે મીનીટ પૂરો થાય પછી મુદ્દો આપ ઉભો કરો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : વાંધો નહીં આપ જેમ કહો એમ.પછી મારો મુદ્દો ઉપસ્થિત કરીશ.

**શ્રી વિજયભાઈ ૨. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કલાયમેન્ટ ચેજ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં કલાયમેટ ચેંજ ટ્રસ્ટ ફંડમાં ૧૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. કલાયમેન્ટ ચેંજ અસરનો અભ્યાસ અને સંબંધિત પરિયોજનાના ફંડ માટે ૧૫કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ બાબતની જાણકારી અને જાગૃતિ લોકોની અંદર આવે એના માટે માહિતી સંચાર અને તાલીમ માટે ૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલા છે અને જે ગાંધીનગર ખાતે અહી જે યોજના લાવી છે એમાં ગ્રીન સોલાર પરિયોજના અંતર્ગત ૨૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે. આમાં ગુજરાતની અંદર હરિયાળુ ગુજરાત બનાવવા માટે આ રાજય સરકાર કટિબદ્ધ છે અને એના માટે મારા ડાંગ જેવા વિસ્તારની અંદર મારા ડાંગના આદિવાસી ભાઈ બહેનોએ જે જંગલ વિસ્તારની સાચવણી કરી છે એના ભાગરૂપે આજે ત્યાં શુદ્ધ વાતાવરણ મળી રહે છે એના કારણે હજારો પ્રવાસીઓ મારા ડાંગ જિલ્લાની અંદર સાપુતારા ખાતે આવે છે અને આ સાપુતારા હવા ખાવાના સ્થળ તરીકે ત્યાં છે તો એ લોકો આનંદ માણે છે. છેલ્લે એક જ વાત કરીશ કે કોઈપણ કાર્ય કરવું હોય તો એમાં પ્રબળ ઇચ્છા શકિતની જરૂર છે અને કહેવાય છે કે મન હોય તો જ માળવે જવાય. એટલા માટે જ મારા હું છેલ્લે આપની પરમીશન લઉ છું કે મારે ડાંગીમાં એક શબ્દ કહેવાનો છે એટલા માટે આપ પરમીશન આપો. એટલા માટે જ મારા ડાંગના લોકોને વિશ્વાસ છે કે જ્યાં સુધી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે ત્યાં સુધી પૂરતો વીજ પુરવઠો અને નિયમિત વીજળી મળશે અને ઘર ઘર કનૅક્શનથી દ ારોમાં વીજળી રહેશે. એટલા માટે આ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## પ્રશ્નોત્તરી દરમિયાનના પૉઈન્ટ ઑફ ઑર્ડર અંગે

**અધ્યક્ષશ્રી** :તા:૧૧-૩-૨૦૧૧ના રોજ પર્સનોત્તરી બાદ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ પ્રશ્ન અગ્રતા ક્રમ-૭ની ચર્ચા વખતે પ્રશ્નો અંગેના નિયમ ૭૮ અને ૮૯નું ઉલ્લંઘન થયું હોવાનું જણાવતા રજૂઆત કરી હતી કે નિયમ ૭૮(૪) અનુસાર પૂરક પ્રશ્ન પૂછતી વખતે દલીલો, અનુમાનો, વક્રોકિત, વિશેષણો કે બદનક્ષીભર્યા વિધાનો કરી શકાતા નથી. આ ઉપરાંત નિયમ ૮૯ અનુસાર પૂરક પ્રશ્નનું સ્વરૂપ ઊલટ તપાસમાં પરિણમે તેવું હોવું જોઈએ નહિ. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહ ગોહિલે પણ પ્રસ્તુત મુદ્દાને સમર્થન આપ્યું હતું અને જણાવ્યું હતું કે મંત્રીશ્રીએ પણ લાંબા જવાબો આપવાને બદલે ટૂંકમાં જવાબો આપવા જોઈએ. જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પણ આ મુદ્દાને સમર્થન આપ્યું હતું.

તા:૧૪-૩-૨૦૧૧ ના રોજ પણ પ્રશ્ન અગ્રતા ક્રમ-૪ની પ્રશ્નોત્તરી દરમ્યાન પણ નિયમ ૭૮ અને ૮૯નું ઉલ્લંઘન થયું હોવાનો મુદ્દો માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી દિલીપભાઈએ ઉપસ્થિત કર્યો હતો. આ સંબંધમાં માનનીય નાણા મંત્રીશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રી, આરોગ્ય મંત્રીશ્રી તથા સભ્યશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ પોતપોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા.

ઉપરોક્ત બંને દિવસોએ ઉપસ્થિત કરવામાં આવેલા પૉઈન્ટ ઑફ ઑર્ડર પ્રશ્નો અંગેના નિયમ ૭૮ અને ૮૯ના ઉલ્લંઘનને લગતા હોવાથી તેનો નિર્ણય એક સાથે જ આપવાનું મને યોગ્ય જણાયું છે. આ બંને દિવસોની કાર્યવાહી હું જોઈ ગયો છું તથા મારા પૂરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયો, વિધાનસભાના નિયમો તથા પ્રણાલિઓનો પણ મેં અભ્યાસ કર્યો છે.

**મને લાગે છે કે છેલ્લા કેટલાક દિવસોથી પ્રશ્નોત્તરી જે રીતે ચાલી રહી છે તેમાં સુધારો કરવાનું જરૂરી છે. પૂરક પ્રશ્ન પૂછતી વખતે દલીલો, અનુમાનો, બદનક્ષીભર્યા વિધાનો ન કરવા મારા જણાવવા છતાં સભ્યો તરફથી તેનું પુનરાવર્તન થતું રહ્યું છે. મારા પુરોગામી અધ્યક્ષશ્રીઓના નિર્ણયોનુસાર મૂળ પ્રશ્નની ક્ષેત્ર મર્યાદામાં આવતી બાબત અંગે અને મંત્રીશ્રીએ આપેલ જવાબમાંની હકીકતો પ્રત્યે વધુ સ્પષ્ટતા મેળવવા માટે જ પૂરક પ્રશ્ન પૂછી શકાય. નિયમ ૮૯ ની જોગવાઈ અનુસાર ઉલટ તપાસમાં પરિણમે તેવા પૂરક પ્રશ્નો પૂછી શકાતા નથી. તા.૧૪-૩-૧૧ની પ્રશ્નોત્તરી દરમ્યાન પૂછવામાં આવેલ કેટલાક પૂરક પ્રશ્નો ઉલટ તપાસમાં પરિણમે તેવા હોવા છતાં પૂછવાની મેં મંજૂરી આપી હતી અને તેના જવાબો પણ મંત્રીશ્રીએ વિસ્તૃત રીતે આપ્યા હતાં. દરેક પૂરક પ્રશ્ન ઉલટ તપાસમાં પરિણમે તેવો પૂછવામાં આવે અને મંત્રીશ્રી દ્વારા તેનો વિસ્તૃત જવાબ આપવામાં આવે તો પ્રશ્નોત્તરીના ગાળા દરમ્યાન વધુ પ્રશ્નો ચર્ચી શકાય નહિ. જો આ પ્રકારે પૂરક પ્રશ્નો અને તેના જવાબો અપાય તો પ્રશ્નોત્તરી કાળનો ઉદ્દેશ જળવાતો નથી અને તે નિરર્થક ચર્ચા અને વાદવિવાદમાં પરિણમે છે. જે નિયમો તથા પ્રણાલીઓ સાથે કોઈપણ રીતે યોગ્ય નથી. પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન પૂરક પ્રશ્નો તથા તેનો ઉત્તરો કેવા હોવા જોઈએ તે સંબંધી મારા પુરોગામી અધ્યક્ષશ્રીએ વખતોવખત આપેલ નિર્ણયોનું પાલન કરવામાં આવશે તો પ્રશ્નોત્તરીકાળનો ઉપયોગ સાચા અર્થમાં લોક સમસ્યાને વાચા આપવા કરી શકાશે. આથી ગૃહના સર્વે સભ્યોને મારી વિનંતી છે કે પૂરક પ્રશ્ન દલીલો, અનુમાનો, વિશેષણો કે ટીકાત્મક શબ્દપ્રયોગો વગર ટૂંકમાં પૂછવામાં આવે તેમજ મૂળ પ્રશ્નનો સ્કોપ પણ વધે નહીં તેની સભાગૃહના સભ્યોએ સવિશેષ કાળજી રાખવી જોઈએ તેમજ સભ્યો ઉલટ તપાસના પ્રશ્નો ન પૂછે અને મંત્રીશ્રીઓ પણ તેના જવાબો ટૂંકમાં આપે જેથી પ્રશ્નોત્તરીકાળ એ સાચા અર્થમાં પ્રજાના પ્રશ્નોનો પ્રતિઘોષ બની રહે. નેકસ્ટ.**

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## માગણીઓ ઉપરના શુદ્ધિપત્રકો સમયસર મળવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો આજે મને પીજીયન બોક્ષમાં કામગીરી અંદાજપત્ર નંબર ૩૮ નો સુધારો જે રજૂ થયો છે એ સંદર્ભમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, મારા પૉઈન્ટ ઑફ ઑર્ડરના મુદ્દાના સંદર્ભમાં જાહેર ખર્ચ ઉપર વિધાનસભાના અંકુશ કાંતિભાઈ પંચાલ લિખિત પુસ્તક પેઈજ ૩૮ તરફ આપનું ધ્યાન દોરું છું. અગાઉ જણાવ્યું છે તે પ્રમાણે વિધાનસભાના સભ્યોને ૪૦ ઉપરાંત અંદાજપત્ર પ્રકાશનો આપવાના થતા હોય છે. પ્રકાશનોની છાપકામની કામગીરી વિસ્તૃત હોઈ ચોક્કસાઈથી અને સમયસર તેનું છાપકામ કરવામાં સરકારી તંત્રને અગવડ પડે તે સ્વાભાવિક છે. પરંતુ અંદાજપત્ર રજૂ થયા પછી અને માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થાય તે પહેલા જો કોઈ માગણીના આંકડામાં કે અન્ય મહત્ત્વની ભૂલ રહી જવા પામી હોય તો તે અંગેના સુધારા શુદ્ધિપત્રક દ્વારા વિધાનસભાના સભ્યોના ધ્યાન પર લાવવા પડે છે. જેથી કરીને સભ્યોને ચર્ચા કરવામાં અગવડ ના પડે. આમ છતાં ૧૩ મી માર્ચ, ૧૯૭૦ નાં રોજ બાંધકામ મંત્રીશ્રીએ ચર્ચા માટે કરેલી માગણીઓના સંબંધિત પુસ્તકમાં આંકડામાં રહેલી ભૂલ પ્રત્યે ધ્યાન દોરાતાં અધ્યક્ષશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, કહે છે કે છાપકામની ભૂલ થઈ છે. આ બાબતમાં સૂચન કરું, વચ્ચે પણ કેટલાક અધિકારીઓનું ધ્યાન દોર્યુ હતું કે બજેટની રજૂઆત ગૃહમાં થયા પછી દરેક ખાતાના સેક્રેટરીની મોટામાં મોટી ફરજ થવી જોઈએ કે તેનાથી એમ નહિ કહેવાય કે ફાયનાન્સમાં છપાય છે એટલે અમારા ધ્યાન પર આવતું નથી. એમના તરફથી તુરતજ કોરીજેન્ડમ વિધાનસભા સચિવાલયમાં નહિ આપવામાં આવે તો માનનીય અધ્યક્ષશ્રી, આપ નોટ કરશો અહીંયા એવી વિનંતી છે કે કેટલો એ વખતના માનનીય અધ્યક્ષશ્રીનો કડક નિર્ણય છે. મારે મંત્રીશ્રીને ગૃહ વતી આદેશ આપવો પડશે કે ખાતાના સચિવ કરતા નીચલી કક્ષાના નહિ એવા અમલદારને કડક શિક્ષા કરવાની, કોઈ નાના કલાર્કને નહિ. સચિવથી નીચલી કક્ષાના નહિ એવું અને માનનીય અધ્યક્ષશ્રી, તે પછી માનનીય અધ્યક્ષશ્રીએ જે વિસ્તૃત નિર્ણય આપેલો છે એ સંપૂર્ણ વાંચતો નથી કારણ કે આમાં હાર્દ માનનીય અધ્યક્ષશ્રી, આપને કહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આના સમર્થનમાં જ ૧૯૮૫ થી ૨૦૦૨ દરમિયાન માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય એના પાના નંબર.૧૫ માનનીય અધ્યક્ષશ્રી આપ વાંચશો, લગભગ નીચેથી પંદરમી લાઈન આસપાસ અંદાજપત્ર-શુદ્ધિપત્રક. અંદાજપત્ર પ્રકાશનનું શુદ્ધિપત્રક જે તે વિભાગની માગણી ચર્ચા હાથ ધરવાના ત્રણ દિવસ અગાઉ વિધાનસભા સચિવાલયને મોકલી જ આપવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું માત્ર રિલેવન્ટ જે માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે જે પછીના પાના-૧૬ ઉપર છે, ઉપરથી છઠ્ઠી લાઈન, " શ્રી પંચાલનું જે પુસ્તક છે એમાં ત્રણ દિવસનો જે ઉલ્લેખ કર્યો છે કે શુદ્ધિપત્રક નિદાન ત્રણ દિવસ પહેલાં સભ્યશ્રીને મળવું જ જોઈએ, હું એ વાત સાથે સંમત થાઉ છું અને ભવિષ્યમાં ત્રણ દિવસ પહેલાં મળે

એ માટે હું સરકારનું ધ્યાન દોરી લાગતા વળગતા વિભાગને જણાવું છું અને ભવિષ્યમાં શુદ્ધિપત્રક સભ્યશ્રીને ત્રણ દિવસમાં મળે એની તમામ કાળજી રાખે એવી હું આશા રાખું છું."

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્પષ્ટ નિર્ણય. માનનીય અધ્યક્ષશ્રી આજે જે મને શુદ્ધિપત્રક મળ્યું છે એ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે હાઉસ છૂટ્યું એ પછીના પીઝીયન બૉક્સના કાગળો હું લઈને ઘરે ગયો છું ત્યાં સુધી આ શુદ્ધિપત્રક વિધાનસભાના મારા પીઝીયન બૉક્સમાં નહતું. આજે મને આ પ્રાપ્ત થયું છે. આપ જાણો છો આજે પ્રશ્નોત્તરી પણ નહતી, ૮.૩૦ વાગ્યે ચર્ચા શરૂ થાય છે. આપના પૂર્વગામીઓના નિર્ણય પ્રમાણે મીનીમમ થ્રી ડેઝ પ્રાયર ટુ ડિસકશન ઑન ડિમાન્ડ, આજથી ત્રણ દિવસ પહેલા જે વસ્તુ મને મળવી જોઈએ એ મને એકાદ દિવસ પહેલા કે આજે કે કાલે મળે એ સંજોગોમાં માનનીય અધ્યક્ષશ્રી આપનો નિર્ણય જેમ ભૂતકાળના માનનીય પૂર્વ અધ્યક્ષશ્રીનો કડક નિર્ણય હતો કે સચિવશ્રીથી નીચેની કક્ષા નહીં એવાને શિક્ષાનો આદેશ કરવો જ પડશે ત્યારે આ વિધાનસભા ગૃહને અને આ સભ્યશ્રીઓના અધિકારોને તંત્ર, આમાં મંત્રશ્રીઓ કરતાં તંત્રની વધારે જવાબદારી છે, આઈ કેન અન્ડરસ્ટેન્ડ મિનિસ્ટરની આ જવાબદારી નથી, સેક્રેટરી કક્ષાના અધિકારીઓની જવાબદારી છે. વિધાનસભા ગૃહમાં શું ચાલે છે અમને ખબર જ નથી, ચાલશે એતો બક બક ચાલે છે એમ માનીને કોઈ ચાલતું હોય તો આ વિધાનસભાનું ગૃહ ન ચાલી શકે. એમને કડક રીતે આદેશ આપની કક્ષાએથી થાય અને મંત્રીશ્રીઓની પણ એ જવાબદારી, આપ કહો કે, એ જુએ પોતે, ભલે એમની જવાબદારી તંત્ર પર કન્ટ્રોલ રાખવાની છે. શું મંત્રીશ્રીઓનો તંત્ર પરનો કન્ટ્રોલ એટલો નબળો પડી જાય કે ત્રણ દિવસ પહેલા જે અમને આપવા માટેનો કલીયર આદેશ થયો હોય એ વસ્તુ પણ અમને ન મળે તો એ વાજબી નથી, આપના યોગ્ય આદેશની નમ્ર અપેક્ષા રાખું છું.

**અધ્યક્ષશ્રી** : વિપક્ષના નેતાશ્રી શકિતસિંહભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કર્યો છે એ સંબંધિત વિભાગ પાસેથી હું માહિતી લઈ પછી નિર્ણય જાહેર કરીશ. નેકસ્ટ.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) (ક્રમશઃ)

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલની માગણીઓ અંગે સમર્થન આપીને હું મારા વિચારો વ્યક્ત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, અમારે ઉજાસભર્યા આવતી કાલના ગુજરાતનું નિર્માણ કરવું છે અને એટલા માટે ખોટા અને બોદા સૂત્રોથી નહીં, ભૂતકાળમાં એક સૂત્ર આવ્યું હતું કે, "આયેગે નઈ રોશની લાયેગે". તમે સમજી ગયા હશો કે કોના માટે મેં વાત કરી છે પણ માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એ પેદા થઈ કે રોશની આવવાની તો વાત દૂર રહી ગામડાઓમાં પ્રકાશ પહોંચાડવાની વાત દૂર કરી, કેરોસીનના ભાવ વધારાને લીધે મારા આદિવાસીઓ અને ગરીબોની ઝૂંપડીઓમાં જે દીવો જલતો હતો એ દીવો બુઝાવવાનું પાપ થયું છે. મારે વાત એટલા માટે કહેવી છે કે ગેસના ભાવવધારાને લીધે ગૃહિણીના રસોડાનો ચુલો ઓલવાઈ ગયો હતો એટલા માટે અમે કહીએ છીએ કે અમારે આગામી દિવસોમાં ગુજરાતમાં ઉજાસભર્યા દિવસોનું સર્જન કરવું છે. અર્જુનભાઈએ શરૂઆત કરી હતી ઠાકોરજીનું નામ લઈને. મારે એ કહેવું છે કે ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું, વાત બરાબર છે. ગુજરાતને હું પ્રેમ કરું છું. ગુજરાતનું મને ઘેલું છે. ઘડવૈયા મારે ગુજરાતનું મને ઘેલું છે. ગુજરાતમાં વન બંધુ સાગર ખેડૂના હામી મારે થાવું છે. કિસાનો અને મજદુરોના વિકાસનું એક પગથીયું મારે થાવું છે. ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું. એને આગળ લઈ જઈને કહું છું કે ઘડવૈયા મારે ગુજરાતના વિકાસનું ગાણું ગાવું છે. ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું. અમારે તો ગુજરાતના વિકાસની શરૂઆત કરવી છે અને ગુજરાતના વિકાસ માટે અમને એનું એક પગથીયું થવાનું પુણ્ય મળે તો અમે એમ માનીશું કે ગુજરાત વિકાસમાં અમારો હિસ્સો છે, ગુજરાતના વિકાસમાં અમારો ફાળો છે અને આદિવાસી પટ્ટીઓમાં આજે જયારે વાત થઈ છે ત્યારે, પેટ્રોકેમીકલની અને ઉર્જાની જયારે વાત થઈ રહી છે ત્યારે આદિવાસી પટ્ટીઓમાં દાહોદ, ગોધરા, સુરત, નવસારી, નર્મદા, ભરુચમાં ગેસ વિતરણનું કામ આ સરકારે શરૂ કર્યું છે. એનો યશ ભા.જ.પા.ને જાય છે. જે કામ કરે એને યશ જાય અને નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં આ કામગીરી થઈ હોય તો એનો યશ નરેન્દ્રભાઈ મોદીને જાય. જે લોકોએ કામ નથી કર્યું એમને કોઈ અધિકાર પણ નથી અને યશમાં જોડાવાનો પણ અધિકાર નથી અને મારે વાત એ કરવી છે આજે ગુજરાતમાં ૨૪ કલાક સુધી ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંઓને વીજળી પૂરી પાડવાનું કામ, ગામડાંઓમાં ઉજાસ પાથરવાનું કામ, ગામડાંઓમાં પ્રકાશ પાથરવાનું કામ ભા.જ.પા.ના શાસનમાં થયું છે. નરેન્દ્રભાઈ મોદીના મુખ્યપણા હેઠળના શાસનમાં થયું છે અને એટલે તેઓ યશના પણ એટલા જ અધિકારી છે અને યશના ગુણ ગવાય અને એ ગુણ ગવાતા હોય તો એમાં કશું ખોટું નથી. તમે તો ગામડાંઓને અંધારીયો દેશ બનાવી દીધો હતો. એવી પરિસ્થિતિ હતી ગામડાંમાં કે સવારે અને સાંજે જરૂર હોય ત્યારે લાઈટ ન મળે. એને બદલે આજે ગુજરાતમાં ઝળહળતો સુરજ ઉગ્યો છે અને હું તો એમ કહીશ કે જે સોલાર સિસ્ટમ નવી શરૂ થઈ છે ગુજરાતમાં સૂર્યમાંથી ઉર્જા મેળવવાની ભા.જ.પા.ના શાસનનું એક ધ્યેય છે કે દરિદ્રનારાયણની સેવા. મને એમ લાગે છે કે સોલાર સિસ્ટમના માધ્યમથી દરિદ્રનારાયણના ઘરે સૂર્યનારાયણદેવની પધરામણી થઈ રહી છે અને એટલા માટે આ સરકારે જે પગલાંઓ લીધાં છે ૨૪ કલાક વીજળીથી માંડીને આજે એમ કહી શકાય કે ગુજરાત ઉર્જા શકિતના સાતેય અશ્વો ઉપર સવાર છે. આપણે જોઈ શકીએ છીએ. કોલ બેઈઝથી માંડીને થર્મલ બેઝ, પાવર બેઈઝ, ગેસ બેઈઝ, વીન્ડ બેઈઝ, સોલાર બેઈઝ, ટાઈડલ બેઈઝ. આમાં વીન્ડ બેઈઝ, સોલાર બેઈઝ અને ટાઈડલ

બેઈઝમાં તો ગુજરાત ઈઝ નંબર વન. નો વન કેન ચેલેન્જ ઈટ કે ટાઈડલ સિસ્ટમમાંથી પાવર પ્રોજેકટ શરૂ કરવાનું કોઈએ શરૂ કર્યું હોય, સોલાર સિસ્ટમમાંથી પાવર પ્રોજેકટ કરવાનું કોઈએ શરૂ કર્યું હોય તો એશિયામાં ગુજરાત નંબર વન છે અને એટલા માટે અમે કહીએ છીએ કે અમે જયારે વિકાસની વાતો શરૂ કરીએ છીએ ત્યારે વિકાસમાં પણ નંબર વન રહીએ છીએ અને સાથેસાથે શહેરનો વિકાસ થાય, ઉદ્યોગોનો વિકાસ થાય અને શહેરના અને ઉદ્યોગોના વિકાસની સાથે મારો ગામડાંનો યુવાન, ગામડાંનો સાથી, ગામડાંનો ખેડૂત, ગામડાંનો મજૂર પણ એટલા જ પગલાં આગળ ચાલે એ પ્રકારના વિકાસની વાત ગુજરાતમાં અમે શરૂ કરી છે. અહીંયા વાત થઈ પંજાની શું અવદશા કરી છે ગુજરાતની પ્રજાએ એ તમારી સામેની સંખ્યા બતાવે છે. એમ કહેવાય કે ગુજરાતની તિજોરી ઉપર કોઈનો પંજો પડશે નહીં. પંજાની શું અવદશા થઈ, શું હાલ થયા જોવું છે તો તમારી સંખ્યા ગણી લેજો તો તમને ખબર પડશે. ગુજરાતની પ્રજાએ પંજાને કાપીને ક્યાં ફેંકી દીધો છે. મારે એ વાત કરવી છે કે કૌભાંડોની વાત થઈ. કાળા બજારિયાઓની વાત થઈ. આ કાળા બજારિયા, કૌભાંડીઓ, કટકીબાજો ક્યાં બેઠા છે? અહીયા નથી. ઈન્દ્રપ્રસ્થમાં બેઠા છે અને કેટલા હજાર કરોડનું કૌભાંડ એ ૧,૭૬,૦૦૦ કરોડનું ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડની જ્યારે વાત કરવામાં આવી છે. જે.પી.સી. ની માગણી કરવામાં આવી. ત્યારે કહ્યું કશું ખોટું નથી. એમાં માગણી ન થાય જે.પી.સી. ની નિમણૂક ન થાય. પાર્લામેન્ટ ચાલી નહીં. છેલ્લે સ્વીકારવું પડ્યું. જે.પી.સી.ની માગણી સ્વીકારી. એની સાથે સાથે એમ પણ કહેવામાં આવ્યું કે કઈક ખોટું થયું છે. જેને આંગળી ન અડાડી શકાય તેવી વાત કરનારાઓ કેન્દ્રના મિનિસ્ટરો ટુજી સ્પેક્ટ્રમ કૌભાંડમાં જેલમાં ગયા છે. આડા થવું હોય તો ત્યાં થઈએ ઊભા રહો. દિલ્હીમાં આડા થાવ. ગુજરાતમાં નહીં. એટલા માટે બીજી વાત કરવી છે કે કોમનવેલ કૌભાંડ (અંતરાય) એ તો સી.બી.આઈ.ની અવદશાનો ભોગ અમિત શાહ બન્યો છે. એ ગુનેગાર નથી. એ કૌભાંડમાં જેલમાં નથી ગયા. આ ગુજરાતના ગુજરાતીઓના હિતની રક્ષા કરવા માટે ગુજરાતીઓના હિત...

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### સબજ્યુડીશ મેટર અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મને હતું કે માનનીય કાયદામંત્રીશ્રી ઊભા થશે. હું રાહ જોતો હતો.

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર આવો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો ફક્ત એટલો જ છે કે નામદાર સુપ્રીમ કોર્ટના કહેવાથી, કોંગ્રેસના કહેવાથી કે કેન્દ્ર સરકારના કહેવાથી નહિ, પણ નામદાર સુપ્રીમ કોર્ટના કહેવાથી સી.બી.આઈ. તપાસ કરે છે. અને સુપ્રીમ કોર્ટ એનું મોનીટરિંગ કરે છે. અમિતભાઈ શાહ જેલમાં ગયા એ સુપ્રીમ કોર્ટના કહેવાથી સી.બી.આઈ.ની ટીમે કરેલી તપાસના ભાગરૂપે છે. એ મેટર સબજ્યુડીશ છે. એમને જે કહેવું હોય નિર્દોષ હોય તો કોશિંગ પણ કરાવી શકાય. એ તહોમતદાર નહોતા અને ખોટા મોકલ્યા હોય તો. સુપ્રીમ કોર્ટે એમને ગુજરાતમાં અહીયા બેસવાની છૂટ આપી દીધી હોત. અહીયા હાજર નથી. સબજ્યુડીશ મેટર છે. આજે એમને સબજ્યુડીશ ન લાગ્યું, આ બોલે છે ત્યારે. કે આ કોર્ટમાં પેન્ડિંગ મેટર છે, એટલે ન બોલાય. આપ પણ સાહેબ એમને રોકતા નથી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : શરૂઆત ત્યાંથી થઈ છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈ, આપની પાસે સમય ખૂબ ઓછો છે, એટલે આવા વિષયોથી દૂર રહીને આપની ચર્ચા કરો. આપ આવા વિષયને દોહરાવો નહિ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : શરૂઆત ત્યાંથી થઈ છે. વિપક્ષની પાટલી ઉપરથી થઈ છે. મેં નથી કરી સાહેબ.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાએ વાત કરી કે સબજ્યુડીશ મેટરમાં નહિ જવું જોઈએ, પણ વ્યક્તિગત વિપક્ષના સદસ્યશ્રીએ આ અમિતભાઈ વિષે ચર્ચા કરી. કાયદામાં જ્યા સુધી સજા ફરમાવવામાં ન આવે ત્યાં સુધી તે વ્યક્તિ નિર્દોષ કહેવાય એવો મત એમણે વ્યક્ત કર્યો. એમાં મારા વિધ્વાન વકીલ છે. (અંતરાય) મેં કહ્યું કે એમાં ઉલ્લેખ ન કરવો જોઈએ, એમાં હું સહમત છું, પણ હાથે કરીને ઉલ્લેખ કરાવવામાં આવે. જ્યાં સુધી સજા કરવામાં ન આવે ત્યાં સુધી નિર્દોષ કહેવાય.(અંતરાય) એટલું તો સમજી શકો. (અંતરાય) આપ તો વકીલ છો હાઈકોર્ટમાં. હજુ સજા ન થઈ હોય તો તમે એને ગુનેગાર કેવી રીતે ઠેરવી શકો?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જે મેટર સુપ્રીમ કોર્ટ ચકાસતી હોય.

**અધ્યક્ષશ્રી** : આપ બેસો ટૂંકાવી દઈએ.(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપને લંબાવું હોય તો મને વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** : ના, ના કોઈ લંબાવવાની જરૂર નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય મંત્રીશ્રીએ જે વાત કરી છે. એ વાતનો મુદ્દો એ છે કે માનનીય આત્મારામભાઈ જ્યારે પોતાનું પ્રવચન આપી રહ્યા હતા, ત્યારે સામેની પાટલીએથી આ પ્રમાણેના ઉલ્લેખ કરીને એમણે આ પ્રમાણેના એમની પાસે ઉલ્લેખ કરાવ્યા છે. માનનીય આત્મારામભાઈ એવું નથી

કહ્યું કે તમે પાછલા બારણે સી.બી.આઈ.નો દુરુપયોગ કરીને આ પ્રમાણેનાં પગલાં લેવાય. આત્મારામભાઈએ એવું નથી કહ્યું કે આની અંદર એમણે એમના એવા કોઈ આક્ષેપ નથી કર્યો, એટલે આ આખે આખીની માનનીય શક્તિસિંહભાઈ જે વાત કરે છે. એમની વાતમાં ક્યાંય નથી કે તમે કેન્દ્ર સરકારની સી.બી.આઈ. જેવી એજન્સીનો દુરુપયોગ કરીને ગુજરાત સરકારને હેરાન કરવા માટેના પ્રયાસો કર્યા છે એના કારણે જે સ્થિતિ ઊભી થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર માનનીય શકિતસિંહજીભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કર્યો છે તે હું રેકર્ડ મંગાવીને જોઈશ અને ત્યારબાદ મારો નિર્ણય આપીશ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મને વાંધો કશું નથી સાહેબ સુપ્રીમને ટાંકવામાં આવતી હોય..

**અધ્યક્ષશ્રી** : આપની પાસે સમય ઓછો છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxx) (xxxx) ત્યાં કયાં તમને વાંધો આવે છે? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ આપ શબ્દો પાછા ખેચો છો કે કાઢી નાંખું.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ હુ શબ્દો પાછા ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ એમણે શબ્દો પાછા ખેંચી લીધા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** :માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એ કરવી છે કે..

**અધ્યક્ષશ્રી** : ભાઈ શબ્દો કાઢી નાંખ્યા છે, પ્લીઝ શબ્દો જ્યારે સભ્યશ્રી પોતે પાછા ખેંચી લે છે તો પછી આપણે આગળ કંઈ કહેવાનું રહેતું નથી. પ્લીઝ બેસી જાઓ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : શબ્દો સાહેબ પાછા ખેંચી લીધા. માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર પ્લીઝ, ઈકબાલભાઈ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે

**અધ્યક્ષશ્રી** : માનનીય ભગવાનજીભાઈ પ્લીઝ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારે સાહેબ બીજી એક બાબત તરફ ગૃહનું ધ્યાન દોરવું છે. તેમાં આવું થવાનું જ છે.

**અધ્યક્ષશ્રી** : આપ બેસી જાઓ, પ્લીઝ. (અંતરાય) આત્મારામભાઈ. ઑર્ડર ઑર્ડર.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ શબ્દો પાછા ખેંચી લીધા એટલે તેમાં કોઈ સવાલ જ નથી.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર. આપ બેસો. (અંતરાય) આપ બેસી જાઓ બધા સભ્યોને મારી વિનંતી.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત એ કરવી છે કે ૨૪ કલાક..

**અધ્યક્ષશ્રી** : આપ પ્લીઝ બેસી જાઓ. હું આત્મારામભાઈને કહું છું બેસી જાઓ. આત્મારામભાઈ આપને નમ્ર વિનંતી છે કે હવે પછી આપ માગણીની બહાર ન જતા. માગણી ઉપર ચર્ચા કરો. પ્લીઝ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આત્મારામભાઈએ તેમના શબ્દો પાછા ખેંચી લીધા છે.

**શ્રી આત્મારામ મ. પરમાર** : હા, ખેંચી લીધા છે.

**અધ્યક્ષશ્રી** : શબ્દો ખેંચાઈ ગયા પછી ચર્ચા ન હોય. શકિતસિંહભાઈ શબ્દો ખેંચાઈ ગયા છે. આપના સભ્યોને બેસાડી દો. શૈલેષભાઈ પ્લીઝ. શબ્દો પાછા ખેંચાઈ ગયા છે પ્લીઝ આપ બેસો. આપ પ્લીઝ બેસો. (અંતરાય) આત્મારામભાઈ આપના શબ્દો આપે પાછા ખેંચ્યા છે?

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હાજી, સવાલ જ નથી.

**અધ્યક્ષશ્રી** : શબ્દો પાછા ખેંચી લીધા છે. પ્લીઝ આપ બેસો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સવાલ જ નથી. માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : ભગવાનજીભાઈ આપ બેસી જાઓ પ્લીઝ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : સાહેબ આ બાજુ બંધ કરાવો.

**અધ્યક્ષશ્રી** : ભગવાનજીભાઈ પ્લીઝ.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન. માનનીય સદસ્ય..

**અધ્યક્ષશ્રી** : શૈલેષભાઈ પ્લીઝ આપ બેસી જાઓ. ઈશ્વરભાઈ પ્લીઝ.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન. પૉઈન્ટ ઑફ ઈન્ફર્મેશન. માનનીય સદસ્ય આત્મારામભાઈ અગાઉના..

**અધ્યક્ષશ્રી** : તેમણે એમના શબ્દો પાછા ખેંચી લીધા છે. રેકર્ડ ઉપરથી દૂર થઈ ગયા છે તેના ઉપર પૉઈન્ટ ઑફ ઑર્ડર નહીં થઈ શકે. આત્મારામભાઈ આપનું પ્રવચન ચાલુ કરો.

* (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો માનનીય સભ્યશ્રીએ અહેવાલમાંથી પાછા ખેંચ્યા.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે ગુજરાત એકમાત્ર એવું રાજય છે કે પાઈપ લાઈન નાંખવાના જે કોન્ટ્રાકટ છે. કેન્દ્રમાં પૅટ્રોલિયમ એન્ડ નેચર ગેસ રેગ્યુલેટરી બોર્ડ છે. (અંતરાય) સાહેબ, મને રક્ષણ આપવામાં આવે.(અંતરાય) અને મારું પ્રવચન ચાલુ રાખવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી..(અંતરાય)..

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈ, આપના સભ્યશ્રીઓને આપે કહેવું પડશે. (અંતરાય) માનનીય આત્મારામભાઈ, આપનો સમય હવે પૂરો થશે, આપ ટૂંકમાં એક મિનિટમાં કહો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે સમય બગાડવામાં આવ્યો છે એ મને મજરે મળે. સાહેબ, કારણ કે આ રીતે ડિસ્ટર્બન્સ થતું હોય..

**અધ્યક્ષશ્રી** : આપ એક મિનિટમાં આપનું પ્રવચન પૂરું કરો.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) (ક્રમશ:)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે, અત્યાર સુધી પાઈપલાઈનોના કોન્ટ્રાકટરમાં આઈઓસી, બીપીસીએલ અને એપીસીએલ જેવી માતબર કંપનીઓ હરીફાઇમાં રહેતી હતી પણ હવે પહેલીવાર એવું બન્યું છે કે, ગુજરાતની જે જીએસપીએલ કંપની છે એ પાઈપલાઈનના બીડરમાં કાયદેસર ભાગ લઈ શકે એવી કક્ષાએ પહોંચી છે અને આજે હું ગૌરવથી કહી શકું કે, મહેસાણા- ભટીંડાનું ૧૬૫૦ કિલોમીટરનું કામ, ભંટીડાથી જમ્મુ-શ્રીનગરનું કામ ૭૫૦ કિલોમીટરનું કામ, અને મલ્લાવરમથી ભીલવાડા સુધીનું ૧૫૩૦ કિલોમીટર સુધીનું કામ આમ કુલે ૩૯૩૦ કિલોમીટર જેટલું પાઈપલાઈનનું કામ ગુજરાતની કહી શકાય એવી ગુજરાતની જીએસપીએલ કંપનીને કામ મળ્યું છે એ બતાવે છે કે ગુજરાત ગમે તે જગ્યાએ હરીફાઇ કરી શકે એમ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત ખાસ કરીને કરવી છે કે, સીએનજી સ્ટેશનોનું જે નૅટવર્ક ઊભું થયું છે એ ગુજરાતમાં ૮૨ જેટલાં સીએનજી સ્ટેશનો, ૮૧૦ જેટલાં કોમર્શિયલ, નોનકોમર્શિયલ ગ્રાહકો અને ૧૦૧૮ જેટલા ઔદ્યોગિક ગ્રાહકોને ગેસ પૂરો પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કલાઈમેટ ચેઈન્જની વાત થાય છે ત્યારે ગુજરાતે નક્કી કર્યુ છે કે કલાઈમેટ ચેઈન્જથી જે અસરો થશે એને ગુજરાત ગાંઠવાની નથી. કલાઈમેટને ચેલેન્જ કરે છે ગુજરાત, માનનીય અધ્યક્ષશ્રી, કલાઈમેટ ચેઈન્જની વાત જ્યારે કરીએ છીએ ત્યારે કલાઈમેટને ચેલેન્જ કરે છે ગુજરાત, એમીશન કરે છે ગુજરાત અને કુદરતી સમતુલા જાળવે છે ગુજરાત, તો આ પ્રકારનું જ્યારે ગુજરાતનું કામ છે ત્યારે LNG ટર્મિનલ મુંદ્રા અને કચ્છ નહીં, ગુજરાત નહીં, પણ હિન્દુસ્તાનનું આ એક નવલુ નજરાણુ છે અને એની ક્ષમતા પણ વધારવાની વાત થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ વાત કરવી છે કે, અમે ગુજરાતના વિકાસ માટે વાત કરી છે ત્યારે મારે વાત એવી કરવી છે કે, હમણાં થોડાક દિવસ પહેલાં મેં છાપામાં એક સમાચાર વાંચ્યા હતા, એમાં લખ્યું હતું, (અંતરાય) મને ખબર છે કે તમે ઉભા થવાના છો, (અંતરાય) એમાં માનનીય કોંગ્રેસના પ્રમુખ છે એમના પદગ્રહણનો કાર્યક્રમ હતો, ત્યારે માનનીય વિપક્ષના નેતાશ્રી શકિતસિંહે એમ કહ્યું કે, હું આ ભારતીય જનતાપાર્ટીના શાસનના ગઢના કાંગરા ખેરવવા ઊંટ બનવા તૈયાર છું. એવી વાત અને શબ્દો છે. અર્જુનભાઈએ એમ કહ્યું કે, મને તો ઓલરેડી કોંગ્રેસપાર્ટીએ ઊંટિયો બનાવી દીધો છે. મારે વાત એ કરવી છે કે, ગુજરાતના ભાજપના ગઢના શાસનને તોડવા માટે ઉંટિયા બનવું હોય તો ગઢની બહાર રહેવું પડે, ગઢની અંદર બેસીને ભાજપના શાસનના દરવાજા તૂટી શકે એમ નથી. અને આ વાત થતી હોય ત્યારે મારે જે વાત કરવી છે કે જે રીતે દિલ્હીમાં કૌભાંડ અને કાળાબજારીયાની વાત થઈ છે ત્યારે હું કવિ માણેકના શબ્દોથી મારું પ્રવચન પુરુ કરીશ. કવિ માણેકે એમ કહ્યું હતું કે, " મને એ જ સમજાતું નથી કે કેમ આવું થાય છે દેવડીયે દંડાય છે ચોર મુઠી જારના અને લાખો લૂંટી જનારાઓ મહોલતે મંડાય છે, છે ગરીબોના કુબામાં તેલ ટીપું દોહ્યલું, અને અમીરોની કબર પર ઘીના દીવા થાય છે, ગરીબ બિચારી ગાયને તણખલું મળતું નથી અને લીલાછમ ખેતરો આખલાઓ ચરી જાય છે." માનનીય અધ્યક્ષશ્રી, આટલું કહીને, માનનીય શકિતસિંહજી, મેં આખલાઓની વાત કરી છે, અને એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર વ્યક્ત કરીને વિરમું છું.

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ(કોડીનાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ અને ખાણ વિભાગના મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના મારા વિચારો અને મારા વિસ્તારની વાત કરીને રજૂઆત કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઉદ્યોગો ઘણાં આવ્યા છે અને MOU દ્વારા હજુ નવા આવવાના છે. હું કોઈની ટીકા ટીપ્પણમાં ઉતરવા માગતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું એટલું જ કહેવા માગુ છું કે, ઉદ્યોગો ગુજરાતમાં જે આવવાના છે અને એમાંથી પણ દરિયા કિનારાની પટ્ટી સૌરાષ્ટ્રની જે છે એમાં ચૂનાના પથ્થરનું પ્રમાણ વધારે હોય અને આ વિસ્તારના ૧૫ થી ૨૦ કિલોમીટરના વિસ્તારમાં જે ચૂનાના પથ્થરો છે જેને કારણે ત્યાં સીમેન્ટ બનાવવાની કામગીરી વધુ થાય છે એના કારણે ૧૯૮૬માં અમારા વિસ્તારમાં પણ એક સીમેન્ટ ઉદ્યોગ બન્યો છે, એક વેરાવળમાં પણ બન્યો છે, એક તાલાલામાં પણ બન્યો છે. હું કોઈની ટીકામાં ઉતરવા માગતો

નથી. હું ત્યાંના સ્થાનિક લોકોની સમસ્યાઓ છે એના વિશેની વાત કરવા માગુ છું. સીમેન્ટના પ્લાન્ટો આવવાથી ગુજરાતના ખેડૂતોની ખેતીની જે જમીન નષ્ટ થઈને આ વિસ્તારના લોકોને જે પારાવાર મુશ્કેલી અનુભવવી પડે છે એના તરફ આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીની જમીન વધવાની નથી, વસતિ વધવાની છે અને આવા ત્રણ મોટા ઉદ્યોગો જ્યારે સૌરાષ્ટ્રમાં આવીને બેઠા છે એમાં ખેતીવાડીના ત્રણ ત્રણ પાક લઈને ઉત્પાદન કરનાર ખેડૂતોની વસતિ ઘટતી જાય છે, ઉત્પાદન ઘટતું જાય છે અને ખેતીમાં આ લોકોને બહું મોટી મુશ્કેલી અનુભવવી પડે છે અને ખેડૂત મજૂર બની જાય એવી અમને ચિંતા સતાવે છે એટલા માટે થઈને હું આ રજૂઆત કરવા માગુ છું. MOU દ્વારા ગમે તેટલા ઉદ્યોગ કરે પણ સીમેન્ટ ઉદ્યોગ વધારેમાં વધારે જે સૌરાષ્ટ્રમાં આવી રહ્યા છે અને હજી પણ સુત્રાપાડા તાલુકાના એક ગામની અંદર હમણા એક બીજા સીમેન્ટ પ્લાન્ટની મંજૂરી અપાઈ ગઈ છે અને એ ઉદ્યોગ પણ હમણા આવવાનો છે. આ ચિંતા અમારા વિસ્તારના ખેડૂતોને સતાવી રહી છે. ખેડૂત ત્રણ-ચાર વિઘા કે પાંચ વિઘામાં એના કુટુંબના ૧૫ માણસનું જ્યારે નિભાવ કરતો હોય એની જમીન ઉપજાવ હોય એ જમીન જે તે ખેડૂત પાસે રહે એ બહું જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી આ સિવાય ખાણ અને ખનિજ વિભાગમાં જે કાંઈ સરકારી સંપત્તિનો દુરુપયોગ થાય છે એમાં મારે કહેવું છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારા તાલુકાના પીછવી ગામમાં સોમનાથ સ્ટોન કસર ચાલતું હતું એ વીસ વર્ષથી બિનકાયદેસર ચાલતું હતું એની CD પણ મારી પાસે છે, એના ફોટાઓ પણ હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને હું રજૂ કરવા માગુ છું. વીસ વર્ષ સુધી આ સ્ટોન કસર બિનકાયદેસર કોઈ પણ જાતની સરકારની મંજૂરી સિવાય અહીંયા ચાલ્યો છે અને આના ઉપર સરકારશ્રીનું જ્યારે ધ્યાન દોર્યું ત્યારે પણ આના ઉપર કોઈ એકશન લેવાયા નથી. એણે કરોડો રૂપિયાની કરચોરી કરી છે અને એ સોમનાથ સ્ટોન કસરે કરોડો રૂપિયાની માઈન્સ કાઢી લીધી છે અને એને કારણે ત્યાંના જ વિસ્તારમાં સ્ટેટના વખતમાં જે તળાવ બનેલું હતું એ તળાવની પાળના ૧૦૦ મિટરના વિસ્તારમાં કોઈએ પણ સ્ટોન પથ્થર નહીં કાઢવો અને બેલા પથ્થર પણ નહીં કાઢવા એવી ગાઈડ લાઈન હોવા છતાં ૫૦ મિટરની અંદર સર્વે નંબર ૭૬, ૭૬(૧), ૭૬(૨), ૭૬(૩)માં કરોડો રૂપિયાની માઈન્સ કઢાઈ ગઈ છે અને આજ દિવસ સુધી એનો સર્વે થયો નથી અને આજ દિવસ સુધી આ માફિયાઓની સામે કોઈ પગલાં લેવાય કે ધરપકડ થઈ નથી અને આજ દિવસ સુધીમાં જે કોઈ પરિસ્થિતિનું નિમાર્ણ થયું છે એને કારણે એકના બદલે બીજાના ઉપર ફરિયાદો થઈ છે, જે વ્યકિત ત્યાં હયાત નથી, એની કોઈ મિલકત નથી અને એક ગૂંઠો જમીન ધરાવતો નથી અને પ્રશ્નોતરીમાં જે મેં પ્રશ્નો પૂછેલા છે એમાં એના જવાબ આપ્યા છે. મારે તો ગૃહનું ધ્યાન દોરવું છે અને માનનીય મંત્રીશ્રીઓને કહેવું છે કે, રાજકારણ ગમે તે હોય. પણ જે કંઈ ખોટું બોલીને અહીંયા ગૃહને મુશ્કેલીમાં ન મૂકવામાં આવે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી લઈને ઉર્જા મંત્રી આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા ઉભો થયો છું. પહેલાં મને ખબર છે કે, આખા ગુજરાત રાજયમાં એકજ મધ્યસ્થ વીજળીની ઓફિસ હતી વડોદરામાં અને એના કારણે સમગ્ર ગુજરાતના વહીવટી તંત્ર ઉપર દેખરેખ રાખવામાં આવતું ન હતું. એની જગ્યાએ ઉર્જા વિભાગે સાત ડિવિઝનો પાડીને લોકો ઉપર પ્રત્યક્ષ ધ્યાન જાય, ગ્રાહકો પર ધ્યાન જાય અને કોઈ ફરિયાદ ન આવે અને એવી જવાબદારીઓ આપી, એક એક ફિડરના અધિકારીઓને જવાબદારીઓ આપી. એનાથી લોસ ઓછો થાય. બીજું કે ખાનગી કંપનીઓ જોડે આપણે વીજળીના કરાર કર્યા હતા અને એ કરારમાં પુનઃ સમીક્ષા કરવાની કોઈ હિંમત નહોતું કરતું. આપણા મુખ્યમંત્રી અને ઉર્જામંત્રી સૌરભભાઈએ એ પુનઃ વિચારણા કરી અને એમાં ૫૬૦ કરોડ રૂપિયાની બચત કરી છે અને એટલો જ સરકારને ફાયદો થયો છે. ખાનગી કંપનીઓ પાસેથી મોટા વ્યાજની લોનો લીધી હતી અને એ લોનોની પુનઃ વિચારણા નહોતી થતી, એ પણ પુનઃ વિચારણા કરવામાં આવી અને એમાં ૧૨૦ કરોડ રૂપિયાની બચત થઈ છે. હું જ્યારે ચૂંટાયો ત્યારે મારા વિસ્તારમાં બક્ષીપંચ અને અનુસૂચિત જાતિના લોકો કોડિયા કરીને જીવન ગુજારતા હતા. ધારાસભ્યનું મોટાભાગનું ફંડ વીજળીકરણમાં જતું હતું. ત્યારે ઉર્જામંત્રી અને મુખ્યમંત્રીશ્રીએ જ્યોતિગ્રામ યોજના કરી અને એ યોજના કરવાના કારણે અને એનો યશભાગી અમારા ઉંઝા વિસ્તાર- વિભાગમાં હું થયો અને મારા ત્યાંથી શરૂઆત થઈ અને ત્યાંથી જ આનું ઉદ્‌ઘાટન થયેલું અને એની શરૂઆત થયેલી અને એના કારણે ૧૮૦૬૫ ગામડાઓમાં ચોવીસ કલાક વીજળી મળે છે અને નાના મોટા ઉદ્યોગો પણ થ્રી ફેઈઝ વીજળીના કારણે શરૂ થયાં. અરે આપણે ગામડામાં પ્રવાસે જતાં તો એમ કહેવામાં આવતું હતું કે તમારા શહેરમાં લોકોને લાઈટ જોઈએ અમારા લોકોને લાઈટ નહિ, ભેંસ દોહવા બેસીએ ત્યારે લાઈટ ના હોય, જમવા બેસીએ ત્યારે લાઈટ ના હોય, આ જ્યોતિગ્રામ યોજનાથી એ ફરિયાદો દૂર થઈ, બીજું ગુજરાત વિદ્યુત બોર્ડની વાર્ષિક ખોટ ૨૫૪૨ કરોડ રૂપિયાની ૨૦૦૦-૦૧માં હતી, પણ પુનર્ગઠન પછી સાત વીજ કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૦૦ કરોડ રૂપિયા ખોટ કરવાને બદલે જો નફો કર્યો હોય તો આ વીજ કંપનીએ કર્યો છે અને સામેના પક્ષના મોટી મોટી વાતો કરે છે ૧૯૮૩થી વીજ કર ઉપર ટેક્સ લેવામાં આવતો હતો, એ વીજ કર ઉપર ટેક્સ નાબૂદ કરવામાં આવ્યો અને સાંઈઠ લાખ ગ્રાહકોને એનો ફાયદો આપવામાં આવ્યો. ખેડૂતો પાસે ઈલેકટ્રીસિટી ડ્યૂટી આકારવામાં આવતી હતી ૧૯૮૩થી અને ખેડૂતોના હામી સામી પાર્ટીએ બેઠાં છે ત્યારે આ ડ્યૂટી દૂર કરવાનું કામ આ ઉર્જામંત્રીએ અને

આપણા મુખ્યમંત્રીશ્રીએ કર્યુ છે. આનો ૬,૫૧,૦૦૦ કરતાં વધુ ખેડૂતોને એનો ફાયદો થયો છે અને સોળ કરોડ રૂપિયાની રાહત મળી છે. ખેડૂતોને બળેલા ટ્રાન્સફોર્મર, ખરી સિઝનમાં, રવિ પાકમાં બળી ગયા હોય ત્યારે ખેડૂત રોજ ધક્કા ખાય મહિને એનો પાક - એનો મોલ સૂકાઈ જાય પણ એ ટ્રાન્સફોર્મર મળતા નહોતા આજે એવી પરિસ્થિતિ છે કે જો ટ્રાન્સફોર્મર બળી ગયું હોય તો તુરત જ એ ટ્રાન્સફોર્મર મળી જાય છે. જે જ્યોતિગ્રામ થયું પણ ખેડૂતોની એક માગણી હતી કે વગડાના ટ્યૂબવેલો ઉપર રાત્રે લાઈટ નહોતી સ્પેશ્યલ ટ્રાન્સફોર્મર નાંખી.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મિનિટ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશ્યલ ટ્રાન્સફોરમ બનાવીને થ્રી ફેઈઝ, સીંગલ ફેઈઝ વીજળી આપવામાં આવી કરચોરી તેમાં થાય નહીં એવી વ્યવસ્થા કરી. વીજળીની લાઈન જર્જરિત થઈ ગઈ હતી અને દરેક જગ્યાએ વાયરો ઢીલા થઈ ગયા હોય કે કોઈ જગ્યાએ પડી ગયા હોય એવી ફરિયાદો આવતી હતી. તે ફરિયાદો મોટાભાગના સાત વીજ કંપનીઓએ પોતાના વિસ્તારમાં તે કામગીરી સંપૂર્ણ કરી છે. આ પુલો ઉપરથી ૧૧ હજાર કિલોવોટની લાઈનો જતી હોય અને અકસ્માત થવાનો ભય હોય એવા વખતે  શાળાના સંચાલકો પૈસા ભરે ત્યારે  ટ્રાન્સફર થતા હતા ત્યારે તેની જગ્યાએ ગુજરાત સરકારે આ વિના મૂલ્યે ટ્રાન્સફર કરી નાંખ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના ૨૯ રાજયોના સર્વેક્ષણમાં સારી કામગીરી બદલ ગુજરાત બીજા સ્થાને છે. ગુજરાત સરકારે સારી કામગીરીમાં મળેલ પાંચ ગોલ્ડ મેડલ, પાંચ સિલ્વર મેડલ અને ૧૪ સર્ટીફિકેટ કેન્દ્રએ આપ્યાં છે. પહેલાં શહેરી વિસ્તારો અને ૧૬૮ નગરપાલિકામાં તે વીજ કાપ આવતો હતો અહીંયા બેઠેલાં દરેક સભ્યને એ તો ખ્યાલ હશે ત્યારે આજે કોઈ પણ ગામડાંઓમાં કોઈ જગ્યાએ વીજ કાપ નથી. હું આ માગણીઓના સમર્થનમાં બોલવા ઉભો થયો છું.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર (ઉત્તર)** : આદરણીય અધ્યક્ષ મહોદય, ઉર્જા મંત્રી તે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણી લઈને આવ્યાં છે તેના અનુમોદનમાં હું મારી વાત કરવા ઉભી થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું વાત શરૂ કરું તે પહેલાં ગુજરાત રાજયની અંદર સામાજિક સમરસતા પુસ્તકના વિમોચન વખતે આખા રાજયના આદરણીય સંન્યાસી  સ્વામી સચ્ચિદાનંદજીએ એક વાત કરેલી. તેમણે એમની વાતમાં એવું કહેલું કે મહાભારતના યુદ્ધમાં જ્યારે અભિમન્યુને યુદ્ધના મેદાનમાં ઉતારવામાં આવ્યો ત્યારે કૌરવોએ સાત કોઠાનું યુદ્ધ ગોઠવેલું. અને અભિમન્યુ પોતે પોતાની માના ગર્ભમાં છ કોઠાનું યુદ્ધ શીખેલો અને સાતમો કોઠો તે શીખેલો નહીં એટલે કૌરવો તેમને મહાત કરી શક્યા હતા. પરંતુ આગળ જતાં સચ્ચિદાનંદજીએ એવું કહ્યું કે, આજના ગુજરાત રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઈ મોદી ૧૪-૧૪ કોઠા પાર કરી અને આજે જે સફળતા પ્રાપ્ત કરી છે તે ૧૪ કોઠા પાર કરનાર મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી. હું તો આગળ જતાં એ કહું છું કે ભારત માતાના આ સપૂતે આ ૧૪ કોઠા તો ખરાં જ પરંતુ મારા વિપક્ષના મિત્રો આગળ જેટલા પણ કોઠા મૂકવા હોય તેટલા મૂકી દે આ મારો અને આ ગુજરાત રાજયનો અભિમન્યુ આ બધા કોઠા પાર કરીને દેખાડશે એવો મને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસ પાઈપ લાઈનની વાત કરીએ, ગેસ ગ્રિડની વાત કરીએ. દક્ષિણ ગુજરાતથી શરૂ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી આખા રાજયના ૧૮ જિલ્લાઓની અંદર ગેસ ગ્રિડની ૧૬૧૨ કિલોમીટરની લાઈન આ ગુજરાત સરકાર દ્વારા નાખવામાં આવી છે. ઘર વપરાશ માટે અને ઉદ્યોગો માટે ઉપયોગી બને એવો આ ગેસ આજે આખા ગુજરાતની અંદર પ્રસરી રહ્યો છે અને તેનો બધા ઉપયોગ કરી રહ્યાં છે. મોરબી અને થાનની અંદર પણ ઉદ્યોગો કોલસાને બદલે આ ગેસથી ધમધમે છે. ગયા વર્ષની એટલે કે ૨૦૧૦ની, ૮મી માર્ચે આદરણીય ઉર્જા મંત્રીશ્રી પાસે ભાવનગરના મહિલા ધારાસભ્ય તરીકે ભાવનગરના મહિલાઓની, ગૃહિણીઓની એક વાત લઈ અને હું ઉર્જામંત્રી પાસે ગઈ હતી. અને તેમને કહ્યું હતું કે બીજા બધા શહેરોની અંદર જેમ ઘરે ઘરે પાઈપ લાઈન દ્વારા ગેસ મળે છે એવો જ ગેસ ઘર વપરાશનો ગેસ અમારી ભાવનગરની ગૃહિણીઓને પણ મળે. આ વાત ઉર્જામંત્રીએ સ્વીકારી અને તેમણે એવું કહ્યું કે ટૂંક સમયમાં જ, વહેલામાં વહેલી તકે આ ગેસ ભાવનગરને પણ મળે એવી વ્યવસ્થા હું ગોઠવી આપીશ. આના અનુસંધાનમાં જીએસપીસી દ્વારા મે-જૂનની અંદર આ પાઈપ લાઈનના ખાતમુહૂર્તનું આયોજન થઈ રહયું હતું અને તેનો કાર્યક્રમ પણ નક્કી થયેલો. પરંતુ રાતોરાત એવા સમાચાર આવ્યા કે દિલ્હીમાં બેઠેલી કેન્દ્ર સરકારે કોઈક  કાયદામાં, નિયમોમાં એવો ફેરફાર કર્યો કે ભાવનગરની ગૃહિણીઓને જે ગેસ મળવાનો હતો તે હમણાં તાત્કાલિક સમયમાં મળી શકે તેમ નથી એવો એક પરિપત્ર આવ્યો  અને એટલે ભાવનગરની ગૃહિણીઓ આ બાબતથી નિરાશ થઈ અને ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીએ એવું કહ્યું હતું કે હું ૪૮ કલાકમાં આ મંજૂરી લઈ આવીને બતાવીશ અને આજે એ ભાવનગરની ગૃહિણીઓ ૧૪૮ દિવસથી રાહ જુએ છે કે આ ગેસની પાઈપલાઈન કયારે અમારા શહેરમાં આવશે. આ ભાવનગરની ગૃહિણીઓને પાઈપલાઈનથી ગેસ પહોંચાડવા માટેની ગુજરાત સરકારની નેમ છે એમાં દિલ્હીની નીતિના કારણે આજે એ પહોંચી શકયો નથી એનું મને દુઃખ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અહીં આગળ મિત્રોએ ઉર્જા ક્ષેત્રની વાત કરીશ. એમાં મારે કહેવું છે કે જયારે આ કોંગ્રેસ સરકારે અમને આ ઉર્જા ક્ષેત્ર આપ્યું ત્યારે એ ખોટ કરતું આપ્યું હતું. ભાજપે સત્તા સંભાળી ત્યારે આ ઉર્જા ક્ષેત્ર ખોટ કરતું હતું. ૮ કે ૧૦ કલાક ગામડાંમાં વીજળી મળવા છતાં એ ૨૨૦૦ કરોડ રૂપિયાની ખોટ કરતું હતું

અને અમને સોંપ્યું ત્યારે એ ૨૨૦૦ કરોડની ખોટમાંથી અમે સફળ સંચાલન કરીને ૨૦૦ કરોડના નફા તરફ લઈ ગયા છે અને એ રીતે સફળતા હોંસલ કરી છે એ બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીના કુશળ વહીવટનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વીજળી જે તે સમયે આપણે બહારથી ખરીદતા હતા, વેચાતી લેતા હતા, પરંતુ મને ગૌરવ છે કે હું એ સરકારની પ્રતિનિધિ છું કે આજે અમે બીજા રાજયોને આ વીજળી વેચી શકીએ છીએ એટલી ક્ષમતા ઉભી કરી છે અને આજે ગામડાંમાં ૨૪-૨૪ કલાક જયોતિગ્રામ યોજના નીચે પ્રજાને વીજળી આપીએ છીએ. માત્ર ૩૦ મહિનામાં ૧૮૦૬ ગામો ૯૮૬૦ સબબ સહિત ૧૧ હજાર કરોડ રૂપિયાના ખર્ચે ૫૬ હજાર કિલોમિટરની હાઈટેન્શન લાઈન, ૨૨ હજાર કિલોમિટરની ટ્રન્સમિશન લાઈનો નાંખીને એક સુરાજય બનાવવાની જે કામગીરી કરી છે એ બદલ.. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું એક પંકિત કહીને મારી વાત પૂરી કરીશ.

" કોંગ્રેસ અને કૌરવો, રાશી બન્નેની એક છે, દિલ્હીમાં બેઠાં બેઠાં કૌભાંડ કરવા બધા બન્યા એક છે,
પ્રજા માટે સંવેદના ધરાવતા અભિમાન્યુ જેવા નરેન્દ્રભાઈને જીતાડવા ગુજરાતની પ્રજા બની એક છે,
હવે. ૨૦૧૨ માં પ્રજા તમને બેસાડવાની તમારા ઘર સુધી છેક છે. "

માનનીય અધ્યક્ષશ્રી, આટલુ મારું વકતવ્ય રજૂ કરીને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને અનુમોદન આપીને વિરમું છું.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### અસંસદીય શબ્દો વાપરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે જોઆ જ પ્રથા આપણે ચાલુ રાખવા દેવી હોય તોઅ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર,અ(અંતરાય)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો બોલાયા ત્યારે માનનીય શકિતસિંહ આ ગૃહમાં હાજર જ નહોતા.

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર,(અંતરાય) આત્મારામભાઈ, પ્લીઝ બેસો. ઓર્ડર, ઓર્ડર..

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં કયા પ્રકારનાં ઉચ્ચારણો કરવાં, કઈ હદ સુધી આક્ષેપો થઈ શકે એ માટેની સંસદીય બાબતો પ્રસ્થાતિ થયેલ છે. આપશ્રી રેકર્ડ જોઈ લેજો. માનનીય વિભાવરીબેન જે રીતે વાત કરતાં હતાં કે કોંગ્રેસ પક્ષ અને કૌરવો અને દિલ્હી. તો જો આ જ ચાલવા દેવાનું હોય તો પંકિતઓ મને પણ બનાવતાં બહુ આવડે છે ભાજપ માટે અને એ સરખામણીઓ જયારે આવશે ને એટલે આપ જોઈ લેજો અને એમાં પણ જો આપણે કોઈને રાજકીય પક્ષેની સાથે સરખાવવાનું એ માનનીય અધ્યક્ષશ્રી, આપ જોઈ ચકાસીને નિર્ણય આપો એમાં મને વાંધો નથી, પરંતુ જે સંસદીય બાબતો છે એની પરવાનગી આ રીતે ચાલુ રાખીશું તો ગૃહની ચર્ચાનું લેવલ માનનીય આત્મારામભાઈ જયાં લઈ જવા માગે છે એનાથી પણ નીચે જશે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય કાર્યરીતી અને પ્રણાલિકાના પુસ્તક ભાગ-૧ના પાના નંબર ૩૮૩ ઉપર મેમ્બરો સામે આક્ષેપો અને અસંસદીય શબ્દ પ્રયોગની નીચે નંબર ૪ માં આપેલ છે તે હું વાંચું છું, "જે શબ્દ પ્રયોગો વ્યકિતના સંબંધમાં અસંસદીય હોય છે તે આખા પક્ષને લાગુ પાડવામાં આવે તો હંમેશા અસંસદીય ગણવામાં આવતા નથી." એટલે માનનીય અધયક્ષશ્રી, આમાં સ્પષ્ટ દર્શાવેલ છે કે જે શબદ પ્રયોગ વ્યકિતના સંબંધમાં અસંસદીય હોય છે તેને આખા પક્ષને લાગુ પાડવામાં આવે તો તે હંમેશા અસંસદીય ગણવામાં નથી આવતા. એટલે આ શબ્દ યોગ્ય રીતે વપરાયેલા છે કે કેમ અને વ્યકિતગત કોઈને કહેવાને બદલે આખા પક્ષને કહેલ છે એટલે આ અંગે વિચારણા કરીને આપ નિર્ણય આપો તેવી વિનંતી છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવેલ છે તે અંગે હું રેકોર્ડ જોયા પછી મારો નિર્ણય જાહેર કરીશ. માનનીય જવાહરભાઈ ચાવડા, આપની પાસે પાંચ મિનિટ છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) (ક્રમશ:)

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા(માણાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. ઘણાં વખતથી આ ગૃહમાં સાંભળતો આવ્યો છું, ગુજરાત ઉર્જામાં સરપ્લસ છે. ગુજરાત ઉર્જા બીજા રાજયોને વેંચે છે, મને નવાઈ લાગી અને વિચાર પણ આવ્યો કે આમાં કયાંય ખોટું રંધાતું તો નથી ને? માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓને ૨૪ કલાક પાવર અપાય છે, ધરતીપુત્રને ૮ કલાક અપાય છે, ઉદ્યોગપતિઓને તાત્કાલિક કનેકશન મળી જાય છે, ધરતીપુત્રો ૧૫ વર્ષથી રાહ જોઈને બેઠા છે છતાં હજુ પણ કનેકશનો મળ્યા નથી, બીજા રાજયોને બહાર વેંચવા જાઓ છો, તો • (xxxx) (xxxx) માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓને ૨૪ કલાક અને ૩૬૫ દિવસ પાવર આપવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : આપ આપના શબ્દો પાછા ખેંચી લો.

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસારઆ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : પાછા નથી ખેંચવાના માનનીય અધ્યક્ષશ્રી,

**અધ્યક્ષશ્રી** : હું આપના એ શબ્દો રેકોર્ડમાંથી દૂર કરું છું.

**શ્રી જવાહરભાઈ પે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગપતિઓને ૨૪ કલાક અને ૩૬૫ દિવસ વીજળી મળે અને તેનો ઉપયોગ કરે છે, જયારે ધરતીપુત્રો ૮ કલાક અને ૩૬૫ માંથી માત્ર ૧૦૦ દિવસ ઉપયોગ કરે છે. ઉદ્યોગપતિઓ માગે એટલે તાત્કાલિક ઈલેકટ્રીક કનેકશન મળી જાય છે. જયારે ધરતીપુત્રોને ૧૫ વર્ષથી રાહ જોવી પડે છે આ કયાંનો ન્યાય છે? ધરતીપુત્રો ૧૫ વર્ષથી રાહ જોઈને બેઠા છે અને હવે સરકારે તત્કાલ વીજ કનેકશનની યોજના બનાવી છે. અને નવા કનેકશનો ચાલુ કર્યા છે તો ૧૫ વર્ષથી રાહ જોઈને બેઠા છે તેનું શું? આ ગરીબ ધરતીપુત્રોને હજુ ૧૫ વર્ષથી વધારે રાહ જોવી પડશે? સરકારે પહેલા ગરીબોનું ધ્યાન રાખવાનું હોય, પછી જરૂરિયાતમંદનું ધ્યાન રાખવાનું હોય પછી સુખી છે તેનું ધ્યાન રાખવાનું હોય અને પછી ઉદ્યોગપતિઓનું રાખવાનું હોય, પણ ઉર્જા ખાતું સંપૂર્ણ આનાથી ઉંધું ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, મને પ્રેમશંકર ભટ્ટની પંકતિઓ યાદ આવી જાય છે. "હું મોટો, તે નાનો આ ખ્યાલ જગતનો ખોટો, ખારા જળનો દરિયો, મીઠા જળનો લોટો, તરસ્યાને તો દરિયા કરતા લોટો લાગે મોટો" અમને ધરતીપુત્રને ઉર્જા ખાતું કેટલી ઉર્જા બનાવે છે, કેટલી ઉદ્યોગપતિને આપે છે કે કેટલી બીજા રાજયોને વેંચે છે તેની સાથે કોઈ સંબંધ નથી. ઉર્જા ખાતું ઉદ્યોગપતિઓને ૨૦૦૦ હોર્સ પાવર આપે તો વાંધો નથી. પણ અમને ધરતીપુત્રોને તો ફકત પાંચ હોર્સ પાવર જોઈએ છે. ઉર્જા ખાતુ તમામ ખાતા કરતા મોટું ખાતું છે, તમામ ખાતાઓ આ ખાતા વગર ચાલી શકતા નથી. પછી તે ખેતીવાડી ખાતું હોય કે જળ સંપત્તિ ખાતું હોય કે ખાવાનું ખાતું હોય, ઉર્જા ખાતામાં બીજા બધા ખાતા કરતા વધારે ખવાય પણ છે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જાવાન ગુજરાતના ઊર્જાવાન મંત્રીશ્રી ઊર્જા વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

ભૂતકાળમાં દિલ્હીમાં આ દેશના વડાપ્રધાન લાલકિલ્લા ઉપરથી એવું કહ્યું છે કે વીજળીનું સંકટ અતિ ભયંકર છે જો આપણે સમયસર જાગીશું નહિ તો આ વીજળીનું સંકટ સમગ્ર દેશની પ્રગતિને ભરખી જશે. આ વાત આખા દેશ માટે કહી હતી. પરંતુ મને દુઃખ થાય છે કે માત્ર ગુજરાત સિવાય કોઈની આંખ ઊઘડી નહિ, આ દિશામાં ઊર્જા વિભાગે જે કામ કર્યુ છે એ માટે જ સમગ્ર ઊર્જા વિભાગના લાખો કર્મચારીઓ કે જેમણે સમર્પિત ભાવથી પ્રતિબદ્ધતાથી ગુજરાતની ઊર્જા શકિત વધે એ દિશામાં કામ કર્યુ છે એ માટે એમને પણ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

મારા વિપક્ષના સૌ સન્માનીય સાથીઓ કહે છે કે ગુજરાત સિવાય અન્ય રાજયોમાં વીજળી ખૂબ સસ્તી મળે છે. વાત એમની સાચી પણ હશે પણ મારે એમને એટલું કહેવું છે કે જો તમારી પાસે સમય હોય તો ગુજરાત સિવાય અન્ય રાજયમાં રાત્રી રોકાણ કરશો તો તમને ખબર પડશે.? સતત વીજળી આપવી અને સારી સેવા આપવી હોય તો કદાચ થોડી મોંઘી વીજળી થાય પરંતુ સતત વીજળી આપવી હોય તો એ ગુજરાત જ આપી શકે છે. સાંજ પડે અને અન્ય રાજયોમાં વીજળીના અભાવે જે કકળાટ થાય છે એ મિત્રો ત્યાં જઈને રોકાશો ત્યારે ખબર પડશે. દિલ્હી એ દેશની રાજધાની છે. ત્યાં પણ દરેક બજારમાં, ઘરે ઘરે ગલીએ ગલીએ દુકાને દુકાને એક મોટું ટીવી ગોઠવ્યું હોય તેવું જનરેટર રાખવું પડે છે. ઘરમાં ટીવી જોવા માટે જનરેટર રાખવું પડે છે. આ દેશની રાજધાનીની આ હાલત છે ત્યારે ગુજરાતમાં જ્યોતિ ગ્રામ યોજના હેઠળ માત્ર ત્રણ મહિનામાં એક હજાર દિવસોમાં ૫૬ હજાર ટ્રાન્સ્ફૉર્મરો બદલ્યા એટલે કે રોજનું એક ટ્રાન્સ્ફૉર્મર બદલ્યું છે અને ૨૩ લાખ થાંભલાઓ ઊભા કરીને સમગ્ર ગુજરાતને ૨૪ કલાક વીજળી આપવાનું ભગીરથ કામ કર્યુ છે. ભૂતકાળમાં એક ટ્રાન્સ્ફૉર્મર બદલવું હોય, ખેડૂતોનો મોલ સુકાતો હોય એના મનમાં કલ્પના હોય કે આ વખતે સારો પાક લઈને મારી દીકરીના લગ્ન કરીશ પરંતુ દોઢ દોઢ મહિના સુધી ભૂતકાળની સરકારો એક ટ્રાન્સ્ફૉર્મર બદલી શકતી નહોતી આ છે ઊર્જા વિભાગની શકિત ત્યારે વીજળી એ કોઈપણ માટે ચાહે ખેતી હોય કે ઉદ્યોગ હોય એના માટે પાયાની જરૂરિયાત છે. સમગ્ર દેશમાંથી અને વિશ્વમાંથી ઉદ્યોગકારો ગુજરાતમાં કેમ આવે છે એ એટલા માટે આવે છે કે ગુજરાતમાં વીજળીની સ્થિતિ જે રીતે ગુજરાતમાં સતત ગુણવત્તા સભર વીજળી મળે છે ત્યારે ગુજરાતમાં કોઈપણ ઉદ્યોગકારને આવવાનું મન થાય તેવું વાતાવરણ ઊર્જા વિભાગે આપ્યું છે.

ખેતીની વાત કરીએ તો ખેતીમાં સાંજ પડે ભૂતકાળમાં અમે ગામડાંમાં રહીએ છીએ એટલે અમને ખબર છે. ૧૨ કલાક આપો, આઠ કલાક આપો અમે ૨૪ કલાક આપતા હતા હું ત્યાં સુધી કહીશ. આદરણીય નીમાબહેને કહ્યું તેમ ગુજરાતના ખેડૂતોને ૮ કલાક વીજળીની જરૂરિયાત છે, અને ખેડૂતો કયારેય એથી વધારે કલાક વીજળી માગતા પણ નથી. હું તમને સમજાવીશ, એમણે સીઝનમાં માગી હોય તો અમારા જેવા મંત્રીશ્રીને કહે ત્યારે તાત્કાલિક વીજળી પૂરી પાડી છે. ભૂતકાળમાં તમે વીજળી આપતા હતા ત્યારે શું થતું હતું? અમે ખેડૂત છીએ ખેતરમાં (અંતરાય) બાપુ મહુધામાં એક વખત વીજળી આવે. આપણે ચાલુ કરીએ, એક ખેતરમાંથી બીજાં ખેતરના ઢાળિયામાં જાય ત્યાં પાછી જતી રહે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે આપની પાસે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે હજુ ઘણી વાતો કરવી છે. માનનીય અર્જુનભાઈ વાત કરતા હતા અને ભૂતકાળમાં જે રીતે ગુજરાત રૂરલ એનર્જી બનવા જઈ રહ્યું છે અને સમગ્ર દેશમાં જેમ હરિયાળી

ક્રાંતિનું નેતૃત્વ લે છે તેમ ઉર્જાશકિતનું નેતૃત્વ લેવા જઈ રહ્યું છે. ત્યારે મને હાસ્ય લેખક શાહબુદ્દીન રાઠોડની વાત યાદ આવે છે. એક પોપટલાલ કરીને ભાઈ હતા, શાહબુદ્દીન રાઠોડ પાસે ગયા અને જઈને કહે કે ભાઈ, મારા માથે બહુ મોટી જવાબદારી છે. મારે આ રાજયની સેવા કરવી છે. શાહબુદ્દીન રાઠોડે કહ્યું કે ભાઈ, સેવા કરવી હોય તો વધુ કંઈ કરવાની જરૂર નથી. કોઈને નડો નહીં એ બહુ મોટી સેવા થશે. ભૂતકાળમાં હવનમાં હાડકા નાખવાનું કામ કરતા હશે ત્યારે કદાચ તેને રાક્ષસો કહેતા હશે. પણ મારું એવું માનવું છે કે એ રાક્ષસો નહીં હોય પણ એ માનવો જ હશે. પણ આસુરી વૃત્તિ ધરાવતા, નકારાત્મક વૃત્તિ ધરાવતા લોકો જેના માથે શિંગડાની કલ્પના કરી હશે. મોટા દાંતની કલ્પના કરી હશે, મોટા નખની કલ્પના કરી હશે. એવા લોકો યજ્ઞ પૂરો નહીં થવા દેતા હોય, યજ્ઞમાં હાડકા નાખવાનું કામ કરતા હશે પણ મારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે ગુજરાતના લોક લાડીલા આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ગુજરાતની પ્રજાનો સેવા યજ્ઞ શરૂ કર્યો છે એમાં કોઈ પણ રાક્ષસો આવશે એનો વધ થવાનો જ છે. એનો વધ થવાનો જ છે. આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

**શ્રી મનસુખભાઈ પાં. ભુવા (ધારી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું સમર્થન આપવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા અમરેલી જિલ્લાની અમારા સાથી મિત્ર બાવકુભાઈએ ઘણી ચિંતા કરી હતી. અમરેલી જિલ્લામાં જાફરાબાદ તાલુકામાં અરબી સમુદ્ર, જ્યાં છ કિલોમીટરે એક શિયાળબેટ આવેલું છે. ત્યાં આજ દિન સુધી પણ વીજળી આપવામાં આવેલ ન હતી. આ વીજળી આપવા માટે માનનીય ઉદ્યોગમંત્રીશ્રીએ દરિયામાં છ કિલોમીટર કેબલ નાખીને આ ૫૦૦ જેટલા પરિવારોને વીજળી આપવાનું કામ કર્યું છે. અમરેલી જિલ્લામાં મને યાદ છે. પીપાવાવ ગેસ આધારિત વીજ મથક ઉભું કરવાની વાત હતી, ઘણાં વર્ષો પહેલાં રાજીવ ગાંધીજીએ ગેસ આધારિત વીજ ઉત્પાદન માટે વાત કરી હતી. પરંતુ બે-બે વડાપ્રધાન ત્યાર પછી આવી ચૂક્યા. પરંતુ આ વીજ મથક કાર્યવંત થઈ શક્યું નથી. મારા મિત્ર બાવકુભાઈએ જો આ ચિંતા કરી હોત તો હું માનું છું કે આ વીજ મથક ચાલુ થઈ શક્યું હોત. આ વીજ મથક ચાલુ કરવા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીએ આ પ્રોજેકટને કાર્યવંત કરીને આવતા એકાદ વર્ષમાં વીજ ઉત્પન્ન કરીને વીજની જે માંગની વાત કરી છે તે વીજળી ઉત્પન્ન કરીને ખેડૂતો અને લોકો સુધી વીજળી પહોંચાડવા માટેના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રયાસ કર્યા છે. વિકાસના કામની વાત કરું તો અમારા અમરેલી જિલ્લામાં ૧લી મે ઉજવાતી હોય, મારા મિત્ર કહેતા હોય કે ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના. સમગ્ર ગુજરાતમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજનામાં અમરેલી જિલ્લાએ પહેલ કરી છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ત્યાંથી શરૂઆત કરી છે. આજે ત્યાં પણ તેનો લાભ મળે છે, પરંતુ ૧લી મે ઉજવાયા પછી કરોડો અબજો રૂપિયાના વિકાસના કામો આજની તારીખે ચાલુ છે. **આ વિકાસના કામો દેખાતા નથી. હું સરપંચ હતો ત્યારે મારા ગામનો એક માણસ હું ગામમાં સ્મશાન બનાવડાવતો હતો ત્યારે એમણે એનો વિરોધ કરેલો. એમનો વિરોધ એટલા માટે હતો કે, સ્મશાનથી બીક લાગશે. બીજી રીતે જોઈએ તો વિકાસનું કામ થતું હતું એ એમનાથી જોવાતું નહોતું. આ કામ થયા પછી એમને આ કામ ગમ્યું. પણ એ માથે ફાળીયું રાખતા થયા કારણ કે, એમનાથી આ કામ જોઈ શકાતું નહોતું. વિકાસના કામો થતા હોય, મેગેઝિનમાં ફોટા છપાય તો આપણે પણ ફાળીયું રાખી શકીએ.**

**માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટેની વાત કરી, ખેડૂતો માટે જે વીજળી આપવાની વાત કરી. અમરેલી જિલ્લામાં અને રાજયમાં અન્ય જગ્યાએ જે વીજ લાઈનો હતી એ ખૂબ લાંબી અને જૂની હતી જેના કારણે મોટા ફોલ્ટ થતા હતા અને ખેડૂતોને પૂરતી વીજળી મળતી નહોતી. માનનીય ઉર્જા મંત્રીશ્રીએ આ વીજ લાઈનો બદલી નવા ફિડરો કર્યા નાથી પ્રાઈવેટ ટીસી આપી. ખેડૂતોને પૂરતા વોલ્ટેજ સાથેની વીજળી મળી. જેથી મોટરો જે ઓછા વોલ્ટેજના કારણે બળી જતી હતી એ બંધ થઈ. એ માટે ઉર્જા મંત્રીશ્રીએ જે પ્રયત્ન કર્યા છે એના માટે અભિનંદન આપું છું અને એમને મારું સમર્થન આપું છું.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી(લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું. આ સરકાર ખેડૂતોની વાતો કરે છે. વીજળી સરપ્લસ હોવાની વાતો કરે છે. છેવાડાના ઝૂંપડા સુધી દીવા સળગાવવાની વાતો કરે છે. પણ દાહોદ અને પંચમહાલ જિલ્લાના ખેડૂતોની જે પિયત સહકારી મંડળીઓ છે એમાં આજની તારીખે શું પરિસ્થિતિ છે? એનો એમને ખ્યાલ નથી. અમારા દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ઉદ્દવહન સિંચાઈ મંડળીઓ છે. એ આજે વીજળી ન મળવાના કારણે બંધ થવાની તૈયારીમાં છે કે ઘણી બંધ પણ થઈ ગઈ છે. ખેડૂતોને જે આઠ કલાક વીજળી આપવામાં આવે છે એમાં વ્યકિતગત ખેડૂતોને આઠ કલાક વીજળી આપો છો પણ જે પિયત સહકારી મંડળીઓ છે એમને પણ જો આઠ કલાક વીજળી આપવામાં આવે તો શું પરિસ્થિતિ થાય? એ બાબતે મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. એક પિયત મંડળીમાં સોથી દોઢસો ખેડૂત સભાસદો હોય છે. જો આઠ કલાક વીજળી આપવામાં આવે તો એક ખેડૂતને બે કે ત્રણ મિનિટ વીજળી મળે અને મહિનામાં એક જ વાર વારો આવે. તો એના ખેતરમાં પિયત કેવી રીતે કરી શકાય? આ રીતે એક ખેડૂતને એક જ દિવસ પાણી આપવાનો વારો આવે તો પાકની શું સ્થિતિ થાય? એના પાકની હાલત શું થાય? મારી ચોસાલા મંડળીની છે એ મંડળીમાં હું પોતે ખેડૂત છું. આ વખતે તમામ ખેડૂતોની હાલત ખરાબ છે. વીજળીના કારણે બે મંડળીઓ બંધ હાલતમાં છે. વર્ષમાં ફકત ચાર મહિના જ રવિ

સિઝનમાં પાક લઈએ છીએ. વીજળીના કારણે મોટા ભાગની પિયત મંડળીઓ બંધ છે. આ જે નીતિ છે એમાં બદલાવ લાવવાની જરૂર છે. પિયત મંડળીઓને આઠ કલાક વીજળીના ધોરણમાંથી બાકાત રાખવામાં આવે અને એમણે પૂર્ણ સમયની વીજળી આપો તો જ તે ખેડૂત ખેતી કરી શકશે. આ ફકત આદિવાસી વિસ્તાર પૂરતો જ પ્રશ્ન છે. તો આ બાબતમાં મંત્રીશ્રી ગંભીરતાથી વિચારે અને નીતિ વિષયક નિર્ણય લે એવી મંત્રીશ્રીને વિનંતી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજ્ય કક્ષાના ઉર્જા અને પેટ્રો કેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણી લઈને હું આજે આવ્યો, ૧૬ સભ્યશ્રીઓએ પોતાના વિચાર રજૂ કર્યા, જેમણે મારી માગણીઓ ઉપર સહકાર આપ્યો છે, ટેકો આપ્યો છે તેમનો હું આભાર વ્યક્ત કરુ છું અને જેમણે વિરોધ કર્યો છે એમને એમના વિરોધના વિષય ઉપર મારા વિચાર રજૂ કરી અને કન્વીન્સ કરવાની હું કોશીશ કરીશ. આખા દેશની અંદર તમે કોઈપણ રાજયમાં જાવ અને દિલ્હીમાં જાવ તો ઓફીસીયલ બેઠકોની અંદર અને બહાર ગુજરાતનો દાખલો લેવાય છે. આ દાખલો લેવાનું મુખ્ય કારણ એ છે કે છેલ્લા ૧૦ વર્ષની અંદર આ સેકટરે કંમ્પલીટલી યુ ટર્ન માર્યો છે અને આ યુ ટર્ન મારવાને કારણે આજે દરેક રાજયની અંદર એમ કહેવાય છે કે જો આપણે સુધારા લાવવા હોય તો ગુજરાતે જે પ્રમાણે સુધારા લાવ્યા છે એ પ્રમાણે સુધારા લાવવા પડશે. ગયા વર્ષે જ આ વિધાનસભાની અંદર વાત કરીએ તો વિરોધ પક્ષના નેતા અને સીનીયર આગેવાનો શું કહેતા કે આપણે વીજળીનું ઉત્પાદન નથી કરતા, આપણે વીજળી બહારથી ખરીદીએ છીએ. ગઈ સાલના પ્રવચન અને આ સાલના પ્રવચનમાં ફરક છે, આ સાલ કોઈ એમ નથી બોલ્યું કે વીજળી ખરીદીએ છીએ, એનું કારણ છે કે અમે મહેનત કરીને વીજળીનું ઉત્પાદન વધાર્યુ છે અને આજે ગૌરવ સાથે કહી શકાય કે ગુજરાત દેશમાં આ વર્ષની અંદર કોઈપણ રાજય હોય એની અંદર જો ઉત્પાદન કર્યુ હોય તો એ ગુજરાતે કર્યુ છે. વિચાર તો કરો, હું આપને આકડા આપું, ૧૩૨૫૮ મેગાવોટ સ્થાપિત થઈ ગઈ છે. આ વર્ષમાં એટલે આ મહીનાની અંદર કે એકાદ-દોઢ મહીનાની અંદર બીજું ૪૭૬ મેગાવોટ આવશે. આ ઉપરાંત હું વાત કરું કે આવતા ૧૮ મહીનાની અંદર ૬૧૮૧ મેગાવોટ બીજું આવવાનું છે. ૬૧૮૧ મેગાવોટ કોને કીધા? તમે વેસ્ટ બેંગાલ, રાજસ્થાન આ બધા રાજયોની કેપેસીટી જોશોને? એ કેપેસીટી કરતા તો આપણે ૨ વર્ષમાં વીજ મથકો નવા વધારે નાખીએ છીએ એટલે કલ્પના કરો આપણી કેપેસીટી કેટલી વધશે? ૯૫માં જે કેપેસીટી હતીને એ ૨૦૧૨ પહેલા ૩૧-૩-૨૦૧૨ પહેલા ત્રણ ગણી વધશે અને આવશે કેટલું? ૧૭૯૯૬ મેગાવોટ. આ કંઈ નાની મોટી વાત નથી. આપણી પાસે કોલસો નથી, આપણી પાસે ગેસ નથી અને તાકાતથી આપણે કહી શકીએ છીએ કે બીજા રાજયોની સરખામણીમાં આપણી વીજ ખરીદી અને વીજ ઉત્પાદન બીજા કરતા સસ્તું છે એટલે આજે એનર્જી હબ તરીકે ગુજરાતની ઓળખ થઈ છે. મારે આપના દ્વારા કહેવું છે કે ૨૦૧૦-૧૧ના વર્ષની અંદર પણ આખા રાજયની અંદર આપણે સૌથી વધારે ઉત્પાદન કર્યુ છે. એક પણ રાજય આપણી સરખામણીમાં નજીક નથી આવતું આ આકડા સ્પષ્ટ બતાવે છે કે આપણે ત્યાં વીજનું ઉત્પાદન સારી રીતે થાય છે. ૧૯૬૦ની અંદર સ્થાપના થઈ એ પછી બધી સરકારો આવી એ સરકારોએ, કોંગ્રેસની સરકારોએ જે વીજ મથક નાખ્યા છે ને એ વખતે ચાલુ કર્યા પછી ૧૦-૧૫ વર્ષ સુધી પ્લાન્ટ ચાલ્યાને એ પ્લાન્ટના પી.એલ.એફ. હતાને એના કરતા ૨૦ વર્ષ, ૩૦ વર્ષ જૂના થયા પછી અમે પ્લાન્ટ લોડ ફેકટર વધાર્યો છે આ શું બતાવે છે કે અમારી આવડતના કારણે આ પ્લાન્ટ લોડ ફેકટર વધ્યો છે. ૧૯૯૬-૯૭નો પ્લાન્ટ લોડ ફેકટર ૬૫.૭૨ હતો આજે આ પ્લાન્ટ લોડ ફેકટર વધી ૭૭.૯૧ થયો છે આ સ્પષ્ટ બતાવે છે કે આપણે ત્યાં સારી કામગીરીને કારણે પ્લાન્ટ લોડ ફેકટર વધારી શકયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે વિરોધ પક્ષના નેતાશ્રીનો આભાર માનવો છે, હું હાઉસમાં વખતો વખત વર્ષોથી કહેતો આવ્યો છું કે વીજળીના વધારાના ભાવને કારણે કેન્દ્ર સરકાર જ જવાબદાર છે. અને આજે એમણે અહીંયા સ્પષ્ટ કર્યુ કે એ અને બી ના કોલસાના ભાવનો વધારો કર્યો છે અને અમે ઓલરેડી એના માટે મદદ કરવા તૈયાર પછીએ. આઘાત લાગશે આ સભ્યશ્રીઓને, કેટલો ભાવ વધારો, ઘણી વખત વિચાર થાય કે આ• (xxxx) (xxxx) માનનીય અધ્યક્ષશ્રી, હું આપને એક દાખલો આપું કે એ-ગ્રેડના કોલસા (અંતરાય)

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### કેન્દ્ર સરકારની ટીકા ના કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે કેન્દ્રના મંત્રીશ્રી નિર્ણય કરે છે. એમણે વિચાર કર્યો કે નહિ કર્યો તો આપના અને અગાઉના અનેક જજમેન્ટો છે. વારંવાર અમારે ઊભા થવું પડે, આપને રોકવા પડે એ કોઈ ના માટે સારું નથી. આ માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. એમના સંસદ સભ્યો સંસદમાં કહે, એમનો ત્યાં અધિકાર છે. ત્યાં કેન્દ્રના મંત્રીએ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શબ્દો પાછા ખેંચાય ગયા છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હવે હું હકીકત ઉપર આવું છું એ-કેટેગરીની કોલસો જેનો ભાવ ૧૬૧૦ રૂપિયા પર ટન હતો અને ૪૧૦૦ રૂપિયા પર ટન કર્યો છે. કેટલા ટકા વધારો? ૧૫૪.૬૬% વધારો. અને ક્યારે કર્યો? આ તા.૨૭/૨/૧૧ નાં રોજ કર્યો. તા.૨૮/૨/૧૧ નાં રોજ બજૅટ હતું તો તા.૨૭/૨/૧૧ નાં રોજ કેમ

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

કર્યો? આગલા દિવસે. એટલે ચૂપચાપ કોઈને ખબર ના પડે એમ કરીને સરકી જાય. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું. ગ્રેડ-બી જેનો ભાવ ૧૫૨૦ હતો એનો ૩૯૮૦ કર્યો એટલે ૧૮૧.૮૪% વધારો કર્યો. આની અસર કેટલી પડવાની? અમદાવાદ અને સુરતની પ્રજા ઉપર ૩૫૨ કરોડનો બોજો આવવાનો. ૧.૩૦ પૈસા પર યુનિટનો ભાવ વધવાનો. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારે નમ્રપણે વિનંતી કરવાની કે જે વિરોધપક્ષના નેતાશ્રી એ વાત કરી છે અને પત્ર લખીને મોકલ્યો છે એ પણ મને મોકલે અને આવતા દિવસોની અંદર સંપૂર્ણ તાકાત લગાવી આ પાછો ખેંચાય એવો પ્રયત્ન કરે નહિ તો અમદાવાદ અને સુરતની પ્રજા ઉપર આનું ભારણ ખૂબ વધારે વધશે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું, આ એકજ ભાવ વધારાની વાત નથી કરતો છેલ્લા ત્રણ વર્ષની અંદર આ કોલસાના, ગેસના અને ઓઈલના ભાવના વધારાના કારણે ૪૨૮૬ કરોડનો બોજો આ પ્રજા ઉપર પડેલો છે અને એના કારણે આજની તારીખમાં ૬૩ પૈસા પર યુનિટ પ્રજા પર ભારણ છે.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર.

**શ્રી સૌરભ પટેલ** : આ સાહેબ ખોટું છે. સાહેબ, આ ખોટું કહેવાય.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપને મારો મુદ્દો ખોટો લાગે તો આપ ના મંજૂર કરજો.

**અધ્યક્ષશ્રી** : આપ પૉઈન્ટ ઑફ ઑર્ડર પર કહો.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ ભાવ વધારા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫ થી ૨૦૦૨ નિર્ણય ક્રમાંક ૩૦ આપ જોઈ લો અને પછી આપને લાગશે કે મારો પૉઈન્ટ ઑફ ઑર્ડરનો મુદ્દો વાજબી છે. ૧૯૮૫ થી ૨૦૦૨ નિર્ણય ક્રમાંક ૩૦. માનનીય અધ્યક્ષશ્રી, જે બાબત અહીં હું જે વાચું છું તા.૧૨/૩/૮૬ નાં રોજ (અંતરાય) સમય તો વધારે, મુદ્દો રજૂ કરવા દેતા નથી એના કારણે જાય છે મુદ્દાના કારણે નથી જતું અને હું મુદ્દામાં રાજકીય અવલોકન કરતો નથી. એક આપણી સંસદીય પ્રણાલિકાઓ અને અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયોથી આપ અને હું બધા બંધાયેલા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપ આ નિર્ણય ૩૦ વાંચો. જે કેન્દ્ર સરકારના કાબૂ, કંટ્રોલ નીચેની વાત હોય એનો ઉલ્લેખ્ કરતા પણ જે તે સમય અધ્યક્ષશ્રીઓએ ત્યાં જ રોક્યા છે. કોલસાનો ભાવ વાજબી હતો કે નહોતો, વધાર્યો એ વાજબી હતું કે નહોતું, એમના સંસદ સભ્યો દિલ્હીની સંસદમાં જરૂર ટીકા અને ટિપ્પણી કરી શકે. અહીં મર્યાદા છે. એમ છતાં મેં સામેથી કહ્યું કે હું જોવા માગુ છું, સાથે રજૂઆત ઓલરેડ્રી કરી છે ત્યારે આ ઉલ્લેખ્ અહીંયા કોઈ સંજોગોમાં ના ચાલે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે એમાં મારે એટલું જ કહેવાનું છે કે અગાઉના અધ્યક્ષશ્રીના નિર્ણયમાં પૂર્વ અધ્યક્ષશ્રીએ એવો પણ નિર્ણય આપેલો છે કે કેન્દ્ર સરકાર જે નીતિ જાહેર કરે એ નીતિની રાજ્ય ઉપર થનારી અસરો અંગે આપણે ચોક્કસ ચર્ચા કરી શકીએ છીએ. એટલે માનનીય અધ્યક્ષશ્રી, આ પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી એ હું આપના ધ્યાન ઉપર મૂકું છું.

**અધ્યક્ષશ્રી** : (અંતરાય) ઑર્ડર.. ..ઑર્ડર.. ....

**શ્રી સૌરભ પટેલ** : મારે આ સભ્યશ્રીઓને જાણ કરવી છે કે (અંતરાય)

**શ્રી ઈકબાલ પટેલ** : નિર્ણય તો આપવાનો બાકી છે સાહેબ.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે કે કેન્દ્ર સરકારના અધિકારમાં આવતી વસ્તુઓની ટીકા અહીંયા ના થઈ શકે આ બાબતમાં અગાઉના અધ્યક્ષશ્રીઓએ પણ રૂલીંગ આપ્યું છે અને મેં પણ રૂલીંગ આપ્યું છે કે, જેની અસર રાજય સરકાર ઉપર થઈ શકતી હોય એની રજૂઆત આ ગૃહમાં થઈ શકે છે પણ ટીકા ન કરી શકાય. સૌરભભાઈ આપ આપના મુળ વિષય ઉપર આવો.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) (ક્રમશ:)

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સભ્યશ્રીઓને જાણ કરવી છે કે, છેલ્લા દસ વર્ષથી વીજળીનો ભાવ ન વધે એના માટે આ સરકારે ખૂબ ચિંતા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, એક પણ એવો કેસ નથી આ સરકારમાં કે, છેલ્લા ટૅરિફ કમિશનમાં જ્યારે આમાં રજૂઆત કરવાની હોય તો દર કમિશનનો સરકારમાંથી ભલામણ ગઈ છે કે, અમારે ટૅરિફ વધારો જોઈતો નથી. આવી મને એક પણ સરકાર બતાવો આખા દેશમાં કે જેણે સરકારે ભલામણ કરી હોય ટૅરિફ કમિશનને કે અમારે ટૅરિફનો વધારો જોઈતો નથી, અને એ પ્રમાણે ઑર્ડર થાય છે ટૅરિફ કમિશનના ઑર્ડરના. માનનીય અધ્યક્ષશ્રી, એ લોકોએ રેશનાલઈઝેશનના નાના મોટા ખર્ચા કર્યા છે એના કારણે ૨૦૦૬માં ૦.૬૫ ટકાનો વધારો થયો, ૨૦૦૯માં ૧.૪૯ ટકાનો વધારો થયો અને અમે લોકોએ કાળજી રાખી છે કે, અમારો ખચી કરી, ખર્ચ ઘટાડી સારી રીતે વીજળીનું ઉત્પાદન કરીએ અને આ ઉત્પાદન કરી સસ્તી વીજળી પરચેઝ અને ગ્રાહકોને સસ્તામાં સસ્તી વીજળી અપાય એ પ્રમાણેના પ્રયાસો આ સરકાર ધ્વારા કરવામાં

આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, વીજળી ખરીદવાની-વેચવાની વાત કરીએ એ પહેલા હું આપને વાત કરું કે, આ સરકારમાં પાવર પરચેઝ એગ્રીમેંન્ટ કર્યા છે. એક જમાનો હતો જ્યારે આપણે બહારથી વીજળી ખરીદતા હતા. ૨૦૦૯માં ૫૭૦ મિલીયન યુનિટ ખરીદ કરી, ૨૦૧૦માં ૧૬૫૦ મિલીયન યુનિટ આ વેચી છે વીજળી. આપ વિચાર કરો કે, ૨૦૦૯માં ૫૭૦, અને ૨૦૧૦માં ૧૬૫૦ અને ૨૦૧૦-૧૧માં ૩૮૬૫ મિલીયન યુનિટ આ વર્ષમાં વેચી છે. આ વેચી છે, એના કારણે આપણે ટૅરિફ વધારો નથી કરતા કે આની પાછળ આપણે પૈસા કમાવીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ ટકા રોકાણના આપણને નફો મળી શકે છે આપણે ૧૪ ટકાનો નફો નથી લેતા અને એના કારણે આજની તારીખમાં ૫૦૦ થી ૧૦૦૦ કરોડ નફો લઈ અને બાકીનો સંપૂર્ણપણે લાભ ગ્રાહકોને આપીએ છીએ, સબસિડીના ભાગરૂપે આપીએ છીએ એ પ્રમાણે અમે ટેન્ડરીંગ કર્યા છે. અને માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય) ભાઈ, તમારા બાર રાજયો અહીંયાથી વીજળી લઈ જાય છે અને રોજ સવાર પડે છે ને લાઈનમાં ઊભા રહે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગૌરવ સાથે કહું છું અને આવતી પેઢી યાદ કરશે આવતો દસકો યાદ કરશે કે અમે જે ભાવે વીજળી ખરીદી છે ને એ બધી વીજળી ત્રણ રૂપિયાની નીચે ખરીદી છે, ૨.૩૫ થી માંડીને ૨.૮૯ અને આ ૨૫ વર્ષના ભાવે ખરીદી છે. તમે કોઈ પણ રાજય જુઓ, રાજસ્થાન-૩.૨૪, બિહાર-૩.૦૬, હરિયાણા-૨.૯૪, ઉત્તરપ્રદેશ-૩.૦૨ ઉત્તરપ્રદેશ ૨.૯૭ માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મહારાષ્ટ્રે ટેન્ડર બીડ કાઢ્યા, એ ટેન્ડર બીડમાં એક પણ કંપનીઓએ, હું નામ નથી આપતો બધાએ ચાર રૂપિયાની ઉપર મહારાષ્ટ્રને ભાવ આપ્યા છે. આ સ્પષ્ટ બતાવે છે કે, આપણે જે પ્રો-એકટીવનેશ પૉલિસી કરી અને એના કારણે લાંબા ગાળાની વીજળી કરી એ આવતા દસકાને દસ વર્ષ માફ થશે અને માનનીય અધ્યક્ષશ્રી, આનો લાભ અમે પ્રજાને આપીએ છીએ. અહીંયાથી કહેવામાં આવ્યું છે કે, આપણી વીજળી સૌથી મોંઘી. હવે હું તમને આંકડા આપું એટલે ખબર પડશે કે કોની મોંઘી ? માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) ગરીબીના બી.પી.એલ. કુટુંબોમાં આપણે ત્યાં ૧ રૂપિયો અને ૬૭ પૈસા દિલ્હીમાં ત્રણ રૂપિયા પચ્ચીસ પૈસા, કલકત્તામાં બે રૂપિયા એકસઠ પૈસા, બેંગ્લોરમાં બે રૂપિયા સિત્યોતેર પૈસા, મધ્યપ્રદેશ બે રૂપિયા પંચ્યાશી પૈસા. બીજું ઘર વપરાશ માટેની વીજળીનો આપણો ભાવ તો ત્રણ રૂપિયા સિત્તેર પૈસા, કલકત્તા ચાર રૂપિયા સિત્યોતેર પૈસા, બેંગ્લોર ચાર રૂપિયા ઓગણચાલીસ પૈસા, મધ્યપ્રદેશ પાંચ રૂપિયા અડસઠ પૈસા. આપ કોમર્શીયલ પણ જુઓ. એકેએક રાજયની અંદર તમે જોશો તો આપણી વીજળી સસ્તી છે અને આ સસ્તી હોવાનું કારણ એ છે કે છેલ્લા ૧૦ વર્ષની અંદર આપણે જે ટૅરિફનો વધારો નથી કર્યો અને બીજા રાજયોએ જે ટૅરિફનો વધારો કર્યો એને કારણે આ લોકો આગળ નીકળી ગયા છે. હું ખેડ્રતોના કનેકશનની વાત કરું. (અંતરાય) એકસાઈટ ન થાવ, રીલેકસ. આજની તારીખમાં આ સરકાર વીજળીનું જે ઉત્પાદન કરે છે એમાં દર વર્ષે ખેડૂતોના હિસ્સે વીજળીનો વપરાશ વધતો જાય છે. હું તમને આંકડા સાથે કહું. ૨૦૦૭-૦૮માં ૧૧૨૪૪મિલીયન યુનિટ, ૨૦૦૮-૦૯માં ૧૧૮૨૦, ૨૦૦૯-૧૦માં ૧૨૯૪૫ આ શું બતાવે છે? આ આંકડા પરફેકટ છે. એ પરફેકટ એટલા માટે છે કે સબ સ્ટેશનની અંદર ફીડર જુદા હોવાને કારણે ત્યાં ઈલેકટ્રોનિક મીટર મુકવાને કારણે જયારે જયારે એ ફરે વીજળી અપાય ત્યારે એ મીટર ફરે છે એટલે એવરી મિનિટનું રેકોર્ડ થાય છે. સબસીડી ફાર્મસી ૨૫૮૩કરોડ રૂપિયા ૨૦૦૯-૧૦માં. આ તો ખાલી તમને આંકડો આપું છું ખેડૂતો માટે કેટલું કરીએ છીએ. ૨૦૦૯-૧૦ નો આંકડો આપું. એગ્રીકલ્ચર સેકટરમાં રાજયની અંદર જે વીજળી વપરાતી હતી એમાં ૩૧.૦૧ ટકાનો હિસ્સો હતો અને ૩૧.૦૧ ટકામાં ઈન્ડસ્ટ્રીયલ એલ.ટી.નો હિસ્સો ૧૨.૧૧ હતો અને ઈન્ડસ્ટ્રીયલ એચ.પી.માં ૨૯.૯૩ હતો. ૩૧.૦૧ ટકા હિસ્સો આજની તારીખમાં આપણે આપીએ છીએ. બીજું, કનેકશનોની વાત કરી. ૧૯૬૦ પછીનું કોઈપણ વર્ષ લો. તમે જયાં સુધી રાજય કર્યું ત્યાં સુધીનું કોઈપણ વર્ષ લો અને તમે જે દિવસે સૌથી વધારે ખેડૂતોને કનેકશન આપ્યા હોય એ વર્ષ લો કયારેય પણ ત્રીસ હજારનો આંકડો નહીં પહોંચ્યો હોય. અમે લોકોએ ૩૬૦૦૦ કનેકશન ૨૦૦૮-૦૯માં આપ્યા અને ૩૯૫૯૧ કનેકશન માત્ર ને માત્ર ૨૦૦૯-૧૦માં આપ્યા. હું ખાલી છેલ્લા ત્રણ વર્ષની વાત કરું છું અને એમાં આ મહિનો બાકી રહ્યો અને છતાં ૧૩૦૩૮૩ કનેકશન ખેડૂતોને આપવામાં આવ્યા છે અને આ કનેકશનની પાછળ કેટલો રાજય સરકાર ખર્ચો કરે છે? એક લાખ રૂપિયાનું એક કનેકશન થાય છે. એક લાખ રૂપિયાના ખર્ચે કનેકશન આપીએ તો આપ અંદાજ કરો કે ૧૩૦૩૮૩ કનેકશન પાછળ રાજય સરકારે કેટલા રૂપિયા આપ્યા છે? એટલે એક લાખ રૂપિયાનું કનેકશન છે. (અંતરાય) ખેડૂતોની ચિંતા આ સરકાર કરે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય ઈશ્વરભાઈ, પ્લીઝ, ઈકબાલભાઈ,

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની ચિંતા કરે છે એને માટે મારે આજે હાઉસમાં એક જાહેરાત કરવી છે. આદરણીય વજુભાઈએ બજેટ પ્રવચનમાં ૧૦૫ સબસ્ટેશનની જાહેરાત કરી હતી હું આ ૧૦૫ને વધારીને ૧૪૦ કરું છું અને ૩૫ સબસ્ટેશન જે વધારીએ છીએ એ સંપૂર્ણપણે રૂરલ સેકટરમાં ખેડૂતો માટે જશે એ પ્રમાણે હું જાહેરાત કરું છું. બાજુના રાજયમાં ૬૦ સબસ્ટેશન કર્યા એમાં તો કેટલા કાર્યક્રમ કર્યા ત્યારે આપણે તો છેલ્લા બે ત્રણ વર્ષથી જે પ્રમાણે સબસ્ટેશન કરીએ છીએ. એકએક જિલ્લાને બે, પાંચ, દસ અને આજે મારે આદિવાસી મિત્રો, ભાઈઓને કહેવું છે.તમારે ત્યાં બે સબસ્ટેશનો વચ્ચે જગ્યા વધારે હોય, લાઈન લાંબી હોય અને તમને એમ લાગતું હોય કે આના કારણે ગુણવત્તાવાળી વીજળી નથી મળતી. તમે મારી પાસે નામ લઈને આવજો હું તાત્કાલિક મંજૂર કરી દઈશ. આપણા દેશની કમનસીબી તો જુઓ. દેશની કમનસીબી એ છે કે આપણે ટ્રાન્સમીશન

નૅટવર્ક આખા દેશની અંદર ઊભું થયેલું છે. આપણે ટ્રાન્સમીશન નૅટવર્ક ઊભું કરીને ગુજરાતમાં એકદમ મજબૂત કર્યું. સબસ્ટેશનો નાખ્યા. કચ્છથી રાજકોટમાં વીજળી આવે એના માટે જુદુ ટ્રાન્સમીશન નૅટવર્ક નાખ્યું. અને આના કારણે ગુણવત્તાવાળી વીજળી મળે. આપ સૌને કહેવું છે કે ગુજરાતની બહાર વીજળી લઈ જવાની હોય એના માટે કોરીડોર હોવો ખૂબ અગત્યનો છે. ભાઈ, કોરીડોર. આજની તારીખમાં આ કોરીડોરની સ્થાપના થતી નથી અને આના કારણે દેશને નુકસાન થાય છે. આજની તારીખમાં એનર્જી હબ ગણીશું. કારણો લખ્યાં છે કે તામીલનાડુની સરકાર માગે છે તે વીજળી આપો, દિલ્હીની સરકાર માગે છે તે વીજળી આપો, મહારાષ્ટ્રની સરકાર વીજળી માગે છે, પણ કમનસીબે જે બે-બે, ત્રણ-ત્રણ વર્ષનું ટ્રાન્સમીશન હેઠળનું આયોજન કરવાનું હતું, તે કમનસીબે તે નૅટવર્ક ઊભું થઈ શક્યું નથી અને એના કારણે આ દેશની વીજળી વેડફાય છે. આ સરકાર ગરીબોની ચિંતા કરે છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર...

**શ્રી સૌરભ પટેલ** : મારે બધા સભ્યશ્રીઓને વિનંતી કરવાની સ્વર્ણિમ વર્ષમાં મુખ્યમંત્રીશ્રીએ ટાર્ગેટ આપ્યો છે આ ટાર્ગેટ આપણો એ છે કે એકપણ ગરીબના ઘરે દીવો પ્રગટાવેલો રહી ન જવો જોઈએ. મારે સભ્યશ્રીને કહેવું છે તમારા વિસ્તારમાં કોઈપણ ગામડાની અંદર કોઈપણ ગરીબનું ઘરનું ઝૂંપડું બાકી હોય તમે મને નામ આપજો હું એ ગરીબના ઘરે ૫૦ રૂપિયામાં કનૅક્શન નખાવી દઈશ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર... ઑર્ડર. ઑર્ડર..શ્રી નટવરસિંહભાઈ. ઈશ્વરભાઈ પ્લીઝ આપ બેસી જાઓ.

**શ્રી સૌરભ પટેલ** : સાહેબ, માનનીય સભ્યશ્રી મારે બંને પક્ષના સભ્યશ્રીઓને વિનંતી કરવાની કે તમે વિસ્તારની ચિંતા કરો છો મારી ઑફિસમાં યાદી લઈને આવજો. તમારા દેખતા હું ફોન કરીને ઈન્સ્ટ્રકશન ના આપું તો મને કહેજો. (અંતરાય) સાહેબ હજુ મારે ઉદ્યોગનું બોલવાનું છે.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે સમય ઓછો છે. આપ મારી સામે ધ્યાન આપીને વાત કરો. સૌરભભાઈ આ બાજુ ધ્યાન આપીને આપ જવાબ આપો. અમરસિંહભાઈ પ્લીઝ. આપ બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ.

**શ્રી સૌરભ પટેલ** : હું વાઈબ્રન્ટ ગુજરાતની વાત કરું. વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ ૧૪૦૦ ફૉરેન ડેલિગેટસ આવ્યા હતા.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નટવરસિંહભાઈ પછી મારે આપને બહાર મોકલવા પડશે. પ્લીઝ. (અંતરાય) બંને પક્ષે કહેવાનું છે. પ્લીઝ, નહિ. નીતિનભાઈને પણ કહ્યું અને નટવરસિંહભાઈને પણ કહ્યું છે. બંને પક્ષને કહ્યું છે. પ્લીઝ. નીતિનભાઈ.

**શ્રી સૌરભ પટેલ** : હું નથી બોલતોને. હું બોલ્યો નથી. મને તો સાંભળો શાંતિથી. વાઈબ્રન્ટ ગુજરાતની સફળતા આખા દેશમાં નોંધ લેવાઈ છે. હું જ્યારે દિલ્હીમાં એમ્પાવર્ડ કમિટીમાં જઉં છું, ત્યારે મને મંત્રીશ્રીઓ કહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મીટિંગમાં જાઉં છું ત્યારે મને મંત્રીશ્રીઓ કહે છે, મને કહે છે કે અમે બે માણસો મોકલ્યા હતા, અભ્યાસ કર્યો છે અને અભિનંદન આપે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : કયા મંત્રીશ્રી?

**શ્રી સૌરભ પટેલ** : અરે, દિલ્હીના લો. દિલ્હીના નાણા મંત્રી વાડીયાએ મને સ્પષ્ટપણે કહ્યું છે બોલો.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, ભરતભાઈ પ્લીઝ.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રન્ટ ગુજરાતની સફળતાની મારે આ સભ્યશ્રીઓને એક માહિતી આપવી છે. મારે સભ્યશ્રીઓને કહેવું છે. આ અગત્યનું છે સાંભળો ભાઈ. વાઈબ્રન્ટ ગુજરાતની સફળતાની પાછળ આટલી બધી આપણે મહેનત કરી અને દેશ અને દુનિયામાંથી સો-સો પોલીટીકલ લીડર્સ આવ્યા, આટલા મોટા એમ.ઓ.યુ. થયા. માનનીય અધ્યક્ષશ્રી, આંખ કોની ખુલી? ઈન્કમ ટેક્સ વિભાગની. office of the Deputy Director's of the income taxને પત્ર લખ્યો છે. આ પત્ર વાંચું છું. આપ ધ્યાનથી સાંભળજો. આ પત્ર લખ્યો છે ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૧. **An inquiry is pending in this office and in connection with the same, the details of memorandum of understanding signed by various corporate entities with the Government of Gujarat need to be examine. Therefore, you are requested to kindly make arrangement for providing the copies of all such M.O.U. signed in the Vibrant Gujarat held on ૧૧th and ૧૨th, where investment are above one thousand crores.** માનનીય અધ્યક્ષશ્રી, મારે પૂછવું છે કે આ પત્ર જે આવ્યો છે તે કોના કહેવા પરથી અહીં આવ્યો છે? મારે આ પૂછવું છે? કોણે આવી રજૂઆત કરી, કોણે રજૂઆત કરી? મારે આ વિધાનસભા ગૃહ દ્વારા કેન્દ્ર સરકારને પુછાવવું છે કે તમે આવો પત્ર આખા દેશમાં બીજા ઈન્વેસ્ટમેન્ટ થયા છે, બીજા રાજયોને મોકલ્યો છે? તે પત્ર આપો. શું ગુજરાતની જ પાછળ પડી જવાનું? ગુજરાતને જ અન્યાય કરવાનો? આજે ફરીથી કહું છું આજે સભ્યશ્રીએ અહીંથી કહ્યું કે ગુજરાતનું હિત હોય તો અહીંથી મદદ કરું છું. આ મદદ થતી નથી. આ રોડાં નાંખવાનું કામ થાય છે તે બાબત સ્પષ્ટ કરું છું. આ સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષના ઈતિહાસમાં કયારેય કોઈ વિરોધપક્ષના આગેવાનોએ

આ પ્રમાણેનો કેન્દ્રને પત્ર નહીં લખ્યો હોય. જી.એસ.પી.સી.નો આઈ.પી.ઓ હોય કે વાઈબ્રન્ટ ગુજરાતની પાછળનો હિસ્સો હોય આવા પત્રો લખીને ગુજરાતની અંદર રોડાં નાંખવાનું શું કારણ છે? તેની સ્પષ્ટતા થવી જોઈએ. ઈન્કવાયરી બેસાડવી હોય તો ઈન્કવાયરી આની બેસાડવી જોઈએ કે કેન્દ્ર સરકાર આવું શાના માટે કરે છે? આજે આઈ.પી.ઓ.ની વાત કરું, મારો વિચાર ન્હોતો કહેવાનો પણ આજે સ્પષ્ટપણે કહું છું. દસ-બાર દિવસ પહેલાં આઈ.પી.ઓ.ની તારીખ નક્કી થઈ હતી. તે તારીખ નક્કી થઈ ત્યારે મર્ચન્ટ, બેન્કર્સને બોલાવ્યા. બધા કોન્ફીડન્ટ હતા. સેતુ, એલ.આઈ.સી. આટલા કરોડ, આ આટલા કરોડ, આ આટલા કરોડ એમ કરીને બધા મ્યુચ્યુઅલ ફંડવાળા આવ્યા હતા. ત્રણ દિવસ પહેલાં બધાએ અરજન્ટ મીટિંગ કરી. કારણ શું? કે મ્યુચ્યુઅલ ફંડ અને સરકારી કંપનીઓએ જે બેંકીંગ આપ્યું હતું તે બેંકીંગમાં તેમણે ૯૦ ટકા ઘટાડી દીધું અને અમને સ્પષ્ટપણે. કહેવામાં આવ્યું છે કે ભાઈ દિલ્હીથી ફોન આવ્યો છે એટલે અમે આગળ નથી વધવાના. આટલો મોટો ગુજરાતને અન્યાય? અમારી ઈચ્છા ન હતી. આઈ.પી.ઓ. થયો, આઈ.પી.ઓ. પોસ્ટપોન્ડ કર્યો  અમે નક્કી કર્યુ છે અને ગુજરાતની પ્રજામાં એટલી તાકાત છે કે પાંચ હજાર કરોડ અહીંથી ભેગા કરીને કરીશું. તે કબૂલ કર્યુ તેમણે. મારે આ સ્પષ્ટતા કહેવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેબી, હું આજની વાત કરી લઉં. આખા આઈ.પી.ઓ.ની. અંદર જેટલી કામગીરી કરી છે સેબી ત્રણ-ત્રણ મહિના સુધી તેની સ્ક્રુટીનાઈઝ કરે છે અને પછી મંજૂરી આપે છે. બીજું તમે જી.એસ.પી.સી.માં રોડાં નાંખો છો. તે ૧૬ કરોડ રૂપિયા  છે તેના તેણે ૧૬૦૦૦ કરોડ કર્યા. આજે એક રૂપિયાનો શેર એકયાશી રૂપિયે વેચી શક્યા. કયા ક્ષેત્રની કંપનીની તાકાત છે કે એક રૂપિયાનો શેર એકયાશી રૂપિયે વેચીને બતાવે. વધારે મારે વાત કરવી છે. અહીંયાંથી આક્ષેપો કરવામાં આવ્યા કે તમે એસ્સાર માટે કર્યુ. ઉદ્યોગ માટે મારે સમય આપવો હતો પણ કમનસીબી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપ સૌનું ધ્યાન દોરવું છે કે, એક પણ રૂપિયો જીએસપીસી ખર્ચેને એની મંજૂરી DGH આપે છે, એનું કારણ પણ છે કે કેન્દ્ર સરકારની નીતિની અંદર oil exploration ની પાછળ જેટલા રૂપિયા ખર્ચવામાં આવે છે એના સોએ સો ટકા બાદ કેન્દ્ર સરકાર આપે છે, એટલે અમે બે હજાર કરોડ રૂપિયા ખર્ચીએ તો બે હજાર કરોડ રૂપિયાનો ગેસ આવે એંમાં સંપૂર્ણપણે સોએ સોટકા બે હજાર કરોડ રૂપિયા એ લોકો આપે છે. એટલે કોઈપણ વસ્તુનો ખર્ચ કરવાનો હોયને તો એના માટે મંજૂરી લેવી પડે છે. આપને જે કંઈ કહેવું હોય એ DGHને કહો, આપને જે કાંઈ કહેવું હોય તો કેન્દ્ર સરકાર નીચે છે, બંધ કરાવી દો, ત્રેવડ હોય તો, તાકાત હોય તો કેજી બેઝીન.    અરે, માનનીય અધ્યક્ષશ્રી, આજે જીએસપીસીની જે વાત કરી, exploration ની વાત કરું, :ONGC પાસે અમે દશ ટકા ભાગીદાર છીએ. ONGCએ દશ કૂવા કર્યા છે, એકેયમાં ઑઈલ નથી નીકળ્યું, DGHની વેબસાઈટને ખોલીને જોજો કાલે  એ વેબસાઈટમાં લખ્યું છે કે દેશની અંદર રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ હાઈડ્રોકાર્બનમાં exploration માં  સૌથી વધારે કોણ છે તો રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ ૪૭, બીજા નંબરમાં  કેઈર્ન એનર્જી ૨૭, આ બંને ખાનગી કંપની, અને ત્રીજી ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોરપોરેશન ૧૯, માનનીય અધ્યક્ષશ્રી, આ DGHની વેબસાઈટમાંથી ગઈ કાલે ઉતારીને આપ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મને દૂ:ખ એ થાય છે કે, ઓ જે આંકડા આપે છે એ ૪૮ મહિના જૂના આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે ઉદ્યોગ માટે પાંચ મિનિટ વાત કરી લઉં, એમાં નાના ઉદ્યોગની પહેલાં વાત કરી લઉં, તો સફળતાની વાત કરું તો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ સાહેબ, એક યોજના છે પાંચ ટકા interest subsidy, નવા ઉદ્યોગને અમે આપીએ છીએ. ૨૦૦૮-૦૯માં ૪૦૮૫ નવા ઉદ્યોગ આવ્યા, ૫૭ કરોડની સબસિડી આપી, ૨૦૦૯-૧૦માં ૭૫૦૮ આવ્યા, ૯૭ કરોડની સબસિડી આપી અને ૨૦૦૯-૧૦માં હજુ આ વર્ષ ચાલે છે ૮૯૦૦ આવી ગયા અને ૧૩૫ કરોડની આપી.  આ શું બતાવે છે? આ બતાવે છે કે નવા ઉદ્યોગો અહીયાં વધે છે. માનનીય અધ્યક્ષશ્રી, મેં સવાલમાં પણ કહ્યું હતું કે આપણા ત્યાં હમણાં  જ સેમ્પલ સરવે કરાવ્યો અને દેશમાં વીસ ટકા નાના ઉદ્યોગોના બંધના પ્રમાણમાં ગુજરાતનું પ્રમાણ ૪.૩૯ ટકા છે. રોજગારી આપવા માટે અમે ૧૧

એમઓયુ કર્યા છે, અને એમાં સારામાં સારી CEPT, CCI હોય, સીઆઈઆઈ હોય, સોલ્વેટ સ્પેશિયાલિટીઝ હોય, આઈઆઈટી ગાંધીનગર હોય,અટીરા હોય આવી કંપનીઓ જોડે અમે Center of Excellence નીતિ નવી એવી કરી છે કે જેટલા GIDC હોય, ૫૦ GIDC અને બીજી સો, એટલે નવા સો કરીએ છીએ. સોએ સો Centers for Excellence પ્રાઈવેટની ભાગીદારીની અંદર આપણે Center for Excellence કરવાના, માનનીય અધ્યક્ષશ્રી, Skill Development Center ની અંદર અમે આ પ્રમાણેની કામગીરી કરીએ છીએ અને સો સૅન્ટર ઊભા થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રોજગારીની વાત કરું તો ૨૦૧૦ની અંદર જે નાના મોટા ઉદ્યોગો જ્યારે કર્યા, માઈક્રોની અંદર ૧,૨૧,૦૧૨૩, સ્મોલની અંદર ૫૦,૨૨૭, મિડિયમ ૬૧૯૭ અને લાર્જ ૩૯૮૬૭ કુલ અમારું ટાર્ગેટ હતો એક લાખનો, એની સામે બે લાખ સત્તર હજાર ચૌદસો ચૌદ લોકોને રોજગારી આપી છે. ખેડૂતોની જમીનની વાત કરીએ તો, આ GIDCની નીતિ પારદર્શક છે. અને આ GIDCની નીતિના કારણે આવતા દિવસોની અંદર આપણે ખેડૂતોને આપણે ભાગીદાર બનાવવાના છીએ. આજની તારીખમાં સો રૂપિયે જમીન ખરીદતા હોય અને અઢીસો રૂપિયે વેચતા હોય તો દોઢસો રૂપિયાનો જે તફાવત છે એના દશ ટકા એ ખેડૂતને આપીએ છીએ, આ ઉપરાંત, અરે ભાઈ, માનનીય ઈકબાલભાઈ તમારા સવાલનો જવાબ આપી દઉં. આ નીતિ જાહેર કર્યા પછી જે જમીનો લેવાના છીએ એ જમીનોના consent ના પ્રમાણમાં આગળ જશે. જે ઈકબાલભાઈએ ચિંતા વ્યક્ત કરીને તો આજની તારીખમાં દહેજ એરિયામાં ૪૪૦ લોકોને અમે આઈટીઆઈમાં ટ્રેનિંગ આપીએ છીએ. અને પછી એમને રોજગારી ત્યાં્ લોકલ વિસ્તારમાં મળે એની કોશીશ છે. મારે કહેવું છે ઈકબાલભાઈ તમે જે ૩૦ નામો બોલ્યાને એ ૩૦ નામો ફેકટરીના મને મોકલી આપજો અને બીજુ તમારી પાસે બેરોજગાર માણસોની યાદી હોય તો યાદી મને મોકલી આપજો હું એમને ટ્રેનિંગમાં લેવડાવી દઈશ અને ટ્રેનિંગમાં લેવડાવ્યા પછી ત્યાં એને નોકરી મળે એના માટે સંપૂર્ણપણે કોશીશ કરીશ. ઈકબાલભાઈએ તો રાજી થવું જોઈએ માનનીય અધ્યક્ષશ્રી. કારણ કે એમના વિસ્તારની અંદર હમણા જ એફ.ડી.આઈ.નું સૌથી પ્રેસ્ટીજીઅસ મેગેઝિને દહેજ SEZ ની અંદર આજની તારીખમાં દહેજ SEZ ને દેશમાં ટોપ પહેલા ૨૫ માં એ લોકોએ સારામાં સારુ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન તરીકે એની ઓળખ આપી છે. આજે આખા દેશમાં મને એક બતાવો કે જેનો આ ૨૫ માં નંબર લાગ્યો હોય? તમારે તો ગૌરવ લેવું જોઈએ કે તમારા વિસ્તારમાં દહેજ SEZ જેવું સારામાં સારું SEZ આવ્યું છે. ભરૂચ જિલ્લાને ગૌરવ લેવું જોઈએ કે આખા દેશની અંદર જો નામના મળી હોય તો દહેજ SEZ ને કારણે ભરૂચ જિલ્લાને નામના મળી છે. માનનીય અધ્યક્ષશ્રી, એ તો ગૌરવ આપે કે ન આપે પણ કેન્દ્ર સરકારે PCPIR ને જે વાઈડર મોડ છે એ લોકોએ PCPIR માં ૧૯-૧૦-૨૦૧૦ કેન્દ્ર સરકારની નીતિને કારણે ઘણાં રાજયોને PCPIR મળ્યા છે અને એ PCPIR નું કામ દરેક રાજયોની અંદર થઈ રહ્યું છે. કેન્દ્ર સરકારે ૧૯-૧૦-૨૦૧૦ ની મિનિટ્સમાં કહ્યું 'Secretary (C & PC) observed that there were many significant lessons to be learnt from the Gujarat PCPIR experience and it may be worthwhile to organize a visit by other States that have approved PCPIR to visit site to get fair hand knowledge.. માનનીય ઈકબાલભાઈ, આ કેન્દ્ર સરકારની મિનિટ્સના કાગળો છે. એ લોકો એમ કહે છે કે સારામાં સારી રીતે થઈ રહ્યું છે અને આજની તારીખમાં PCPIR ની અંદર દહેજ SEZ કે દહેજની અંદર જે બીજા કરો છો એમાં આજે સારામાં સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર તો ઘણું આપે, આપણે ત્યાંથી લઈ જાય આપણા મા-

બાપ છે અને મા-બાપ નહીં આપે તો કોણ આપશે? ગુજરાતની પ્રજા ટેક્સ ભરતી હોય અને ગુજરાતની પ્રજા ટેક્સ ભરતી હોય ત્યારે આપવું જ જોઈએ અમે રાજી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારે કઈ જાતના રૂપિયા ઉઘરાવ્યા છે અને આપણા ઉદ્યોગોને કેટલું નુકસાન કર્યું છે એ અંગે મારે કહેવું છે. હમણા બજેટની અંદર ૧૩૦ આઈટેમો નાના ઉદ્યોગો જે બનાવતા હોય એના ઉપર અસર પડી છે એની વાત કરું છું (અંતરાય) ટીકા નથી કરતો. માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં આવતા દિવસોમાં આને કારણે બેરોજગારી ઉભી થાય એવી શક્યતા છે. ૧૩૦ ઈન્ડસ્ટ્રીઝની અંદર એકસાઈઝ નાંખી વર્ષોથી આ ઉદ્યોગોને એકસાઈઝના એક્ઝામશન મળતા હતા હવે આની પાસેથી પૈસા ભેગા કરવા માટે જે નાની નાની વસ્તુઓ છે એની ઉપર ક્યારેય કોઈ જગ્યાએ એક્સાઈઝ નંખાય ન હતી એવી વસ્તુ ફાઉન્ટન પેન, બોલપેન આવી બધી અનેક આઈટમો છે એની ઉપર એક્સાઈઝ નાંખી છે અને ચોક્કસપણે એક્સાઈઝ નાંખશે એટલે એ વસ્તુ મોંઘી થશે અને મોંઘી થશે એટલે એ નાના ઉદ્યોગો મોટા ઉદ્યોગોની સાથે હરિફાઈમાં નહીં આવી શકે અને એના કારણે આપણે ત્યાં આવતા દિવસોમાં બેરોજગારીનો ઈસ્યુ ઉભો થશે. ધોલેરા SIR ની વાત કરુ તો દેશમાં સૌથી મોટો SIR થવાનો છે. આની અંદર આવતા દિવસોમાં જે પ્રમાણે કામ કરવાના છીએ અને DMIC ના ભાગરૂપે થવાનું છે. મેટ્રોરેલ ગાંધીનગરથી અમદાવાદ અને અમદાવાદથી ધોલેરાનું કામ ચાલી રહ્યું છે બીજું સ્પાઈન બનાવવાનો વિચાર કરીએ છીએ અને એના કારણે ડાયરેકટ એક્સપ્રેસ વે અમદાવાદથી ભાવનગરનો થશે. બીજું માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર એક નીતિ બનાવવા માગે છે કે પાણી સૌથી અગત્યની વસ્તુ છે અને પાણી માટે દેશની અંદર જો પહેલ કરવાની થાય તો એ ગુજરાતે કરવી પડે અને એના માટે આવતા દિવસોની અંદર ડી-સેલીનેશનની પોલીસી કરવાના છીએ. એટલે ઉદ્યોગો માટે દરિયાના પાણીને કન્વર્ડ કરી મીઠું પાણી બનાવી અને ઉદ્યોગોને મળે એ પ્રમાણેના પ્રયત્નો થશે. માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરુ છું માનનીય સભ્યશ્રીઓને કે એમની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને મારી માગણીઓને મંજૂર રાખે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે એમાં અમારી સુર પુરાવવાની તૈયારી છે પરંતુ માનનીય મંત્રીશ્રી મારા પ્રશ્નનો જો હકારાત્મક ઉત્તર આપે કે ટાટા કંપનીને જે લાભો આપ્યા છે ૨૯૦૦૦ કરોડ રૂપિયા જેટલી એની કિંમત થાય છે, રાજય સરકારને એટલી નુકશાની જાય છે એ લાભો પાછા ખેંચી લે અને એના માટે જોઈન્ટ લેજિસ્લેટિવ કમિટી બનાવવાની તૈયારી દર્શાવે તો આ માગણીઓને વિનાવિરોધે મંજૂર કરવાની અમારી તૈયારી છે. (અંતરાય) જવાબ તો આપે સર. આ જે લાભો આપ્યા છે એ પાછા ખેંચવાની તૈયારી છે કે કેમ? આ મારો પ્રશ્ન છે રાઈટ ટુ ક્વેશ્ચન છે સર. મારો પ્રશ્ન એ છે કે ટાટાને જે ખાસ પ્રકારના લાભો આપવામાં આવ્યા છે એ પાછા ખેંચવા માગે છે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું આ સૂચન છે.

**અધ્યક્ષશ્રી:** હવે સમય ઓછો છે આપણે માગણીઓ મત માટે મૂકીએ.

**શ્રી ભરત બારોટ:** કાપડ ઉત્પાદકોએ અહીંયા જે હડતાલ પાડી એના લીધે જે નુકશાન થયું છે અને થવાનું છે એના વિરોધમાં રાજય સરકાર રજૂઆત કરવાની છે કે કેમ? રાજય સરકાર આ વધારાના ટેકસને લીધે ગુજરાતના વેપારીઓને ગરીબ કારખાનેદારોને અને કારીગરોને જે નુકશાન થવાનું છે એના અનુસંધાને કોઈ રજૂઆત કરવામાં આવશે કે કેમ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી વધારે, ત્રણ રાજ્યો આ દેશની અંદર છે જેમાં કાપડનું ઉત્પાદન થાય છે એમાં ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં મોટા પ્રમાણમાં બહેનો રોજગારી મેળવે છે અમે લોકોએ એના એસોસિએશનને બોલાવેલ છે અને બધી માહિતી મેળવેલી છે અને આ માટે અભ્યાસ કરીને બહુ કડકમાં કડક રીતે આવતા દિવસોમાં અમે રજૂઆત કરીશું કેન્દ્ર સરકારમાં.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના પ્રવચનમાં કોલસા ઉપર કેન્દ્ર સરકારે ટેક્સ વધાર્યો અને એના કારણે ભાવ વધાર્યો અને એના કારણે ગુજરાત ઉપર ભારણની પરિસ્થિતિ ઉભી થઈ એની ચર્ચા કરી છે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી ત્રણ બાબતો જાણવી છે એક,

**અધ્યક્ષશ્રી:** સમય થઈ ગયો, આપ ટૂંકમાં પ્રશ્ન પૂછો.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ:** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સભાગૃહને જણાવે કે કોલસા બે પ્રકારના છે એક 'એ' કેટેગરી અને

**અધ્યક્ષશ્રી:** મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાંસુધી સમય લંબાવીએ.

**શ્રી ઈકબાલ પટેલ** :સંમતિ અમે ના આપીએ સર.

**અધ્યક્ષશ્રી:** માગણીઓ પર મતદાનનો સમય પૂરો થાય ત્યાં સુધી સમય લંબાવીએ.

**શ્રી ઈકબાલ પટેલ** :સંમતિ અમે ના આપીએ ત્યાંસુધી કેવી રીતે વધારી શકાય? સંમતિથી હાઉસ ચાલતું હોય છે. આ હાઉસ સંમતિથી ચાલે છે, તમે દર વખતે આવું કરો છો. આવું કેવી રીતે ચાલે?

**કાપ દરખાસ્તો ક્રમાંક: ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪, ૧૫, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૨, ૩૩ અને ૩૪ એકસાથે મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૧૨, ૧૩, ૪૯, ૫૦ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૨૪, ૧૯૩૨ શાકે**
**બીજી બેઠક**
**બપોરના ૨-૩૦ કલાકે**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

*** ૨૦૬૯૫ શ્રીમૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**(૧) જામનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,**

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી,
(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને
(૪) કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**

(૧) ૫૨૯
(૨) ૪૫૧
(૩) ૭૮
(૪) રૂપિયા ૧૦,૪૨,૫૫૦/-

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જામનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જે ૫૨૯ અરજીઓ મળી છે તેમાંથી ૪૫૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૭૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. તો આ નામંજૂર કરવાના કારણો શાં છે ? અને જિલ્લાના ભાણવડ, જામખંભાળીયા અને લાલપુર તાલુકાની કુલ કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછ્યો કે, કુલ કેટલી અરજી તેમાંથી નામંજૂર અને તેના કારણો તો ૫૨૯ અરજીઓ મળી, ૪૫૧ મંજૂર થઈ અને ૭૮ નામંજૂર થઈ. નામંજૂર થઈ તેમાં ૩૧ ઉંમર વધુ હોવાના કારણે થઈ છે, ૪૪ આવક મર્યાદામાં આવતી ના હોવાના કારણે નામંજૂર થઈ છે અને ૩ અરજી વિકલાંગતાનું પ્રમાણ ઓછું હોવાના કારણે નામંજૂર થઈ છે. એક પણ અરજી પડતર નથી. તેમણે તાલુકાની વિગત માગી છે તો ભાણવડ તાલુકામાં ૩૧-૧૨ વર્ષ પૂરું થયે ૪૬ કુલ અરજીઓ મળી, તેમાંથી ૪૧ મંજૂર થઈ, ૫ નામંજૂર થઈ. તે જ રીતે જામખંભાળીયામાં ૭૧ અરજી મળી, ૬૦ મંજૂર થઈ, ૧૧ નામંજૂર થઈ અને લાલપુર તાલુકામાં ૨૫ અરજી મળી, ૨૨ મંજૂર થઈ અને ૩ નામંજૂર થઈ.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, વિકલાંગ સાધન સહાય યોજનામાં જામનગર તાલુકામાં કેટલી અરજી કરવામાં આવી, કેટલી મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ ? આ નામંજૂર થયાના કારણો શા છે ? અને જામનગર તાલુકાની અરજીઓ મંજૂર થઈ છે તેની કુલ રકમ કેટલી થાય છે ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર તાલુકામાં ૨૩૦ અરજીઓ મળી હતી. તેમાંથી ૨૦૨ તે મંજૂર કરવામાં આવી છે, ૨૮ નામંજૂર કરવામાં આવી છે. તેમણે નામંજૂરીના કારણો પૂછ્યાં છે તો ૧૦ અરજી તે ઉંમર મર્યાદાને કારણે, ૧૮ અરજી તે આવક મર્યાદાને કારણે અને કુલ રકમ પણ તેમણે જે પૂછી છે તેમાં ૪,૬૯,૬૦૦/-ની સાધન સહાય ચૂકવવામાં આવી છે.

**શ્રી મેઘજી ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, અપંગોને સાધન સહાય આપવાના શા ધોરણો છે ? અને અપંગોને સાધન સહાય કયા કયા સાધનો માટે અને કેટ કેટલી સહાય માટે છે? અને તેમાં સરકાર કોઈ વધારો કરવા માગે છે કે કેમ ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સાધન સહાય આપવા માટેના જે ધોરણો છે તે પ્રમાણે એક તો અરજદારની વય ૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીની હોવી જોઈએ. તેની વિકલાંગતા જે છે તેની ટકાવારી ૪૦ ટકા કે તેથી વધારે હોવી જોઈએ. અરજદારની જે વાર્ષિક આવક છે તે ૨૫ હજારથી વધુ ના હોવી જોઈએ. અને જિલ્લા

સમાજ સુરક્ષા અધિકારી દ્વારા વિકલાંગતા ઓળખ કાર્ડ જે આપવામાં આવે છે તે તેનો ધારક હોવો જોઈએ. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે કેટલી સહાય આપવામાં આવે છે અને તેમાં સુધારો વધારો કરવા માગો છો કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે આપવામાં આવતાં હતા તેમાં સુધારો કરીને ૧-૧-૧૧ થી આ સહાયની રકમમાં આપણે વધારો કર્યો છે. એટલે જાન્યુઆરી, ૨૦૧૧ માં જ વધારો કરવામાં આવ્યો છે અને એમાં ટ્રાયસિકલના ૪૫૦૦ કર્યા છે, સાયકલના ૨૪૦૦ કર્યા છે, સીવણ મશીનના ૩૩૦૦ કર્યા છે, હાથલારીના ૩૭૦૦ કર્યા છે, કેલીપર્સ બે પગના હોય તો ૨૫૦૦, મોચી કામ માટે ૩૦૦૦, સંગીતનાં સાધનો માટે ૨૫૦૦, સુથારી કામનાં સાધનો માટે ૩૧૦૦, સાયકલ રિપેરિંગ માટે ૨૦૦૦ રૂપિયા, એમ્બ્રોયડરી મશીનના પહેલાં ૪૫૦૦ હતા એમાં છેલ્લે સુધારો કરીને ૬ હજાર આ મશીન માટેના કર્યા છે.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા** : માનનીય અધ્યક્ષશ્રી, એકવાર આ સાધન સામગ્રી માટેની સહાય ચૂકવાયા બાદ પુનઃ સહાય મેળવવા માટે કોઈ સમયમર્યાદા નકકી થયેલ છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, એકવાર વ્યકિતગત સાધન સહાય ચૂકવાઈ ગયા પછી ૫ વર્ષ પછી પુનઃ એ સહાય માટેની પાત્રતા ધરાવે છે અને એ રીતે ૫ વર્ષ પછી પુનઃ સહાય આપી શકાય છે.

**વિકલાંગોને વીમા સુરક્ષા કવચ**

*** ૨૦૭૮૭ શ્રી નરેશભાઈ મ. પટેલ(ચીખલી) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજયના વિકલાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તે યોજના અન્વયે વિકલાંગોને કેટલી રકમનો વીમો આપવામાં આવે છે, અને

(૩) તેમાં કેટલી રકમનું પ્રિમિયમ ભરવાનું હોય છે?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**

(૧) હા, જી. હાલમાં રાજયમાં વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા વિકલાંગો માટે વીમા સુરક્ષા કવચ જે ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના અમલમાં છે.

() ૧ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો આપવામાં આવે છે.

(૩) ચાલુ વર્ષ માટે રૂા. ૨૭.૧૭ લાખ (રૂપિયા સત્તાવીસ લાખ સત્તર હજાર પૂરા) નું પ્રિમિયમ ચૂકવાયેલ છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિકલાંગોને વીમા સુરક્ષા આપવાની યોજના છે. અત્યારસુધીમાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ૨૭.૧૭ લાખ જેટલું પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું છે. આ યોજના એટલી સારી છે તો મારે જાણવું છે કે રાજયના વિકલાંગોને વીમા કવચ આપવાની યોજના કયારથી શરૂ થઈ, કયા સંજોગોમાં કેટલી રકમનો વીમો ચૂકવવામાં આવે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ૨૦૦૭ માં તા. ૨૮-૩-૨૦૦૭ ના ઠરાવથી શરૂ કરી છે અને એમાં જો કુદરતી કે આપઘાતથી મૃત્યુ થાય તો લાભ મળતો નથી, પરંતુ કાયમી અપંગ બને તો ૧ લાખ સુધીનો એનો વીમો ચૂકવવામાં આવે છે. આ ઉપરાંત એમાં જો અકસ્માતના કારણે ૧૦૦ ટકા સંપૂર્ણ અપંગતા આવી હોય તો એને ૧ લાખ રૂપિયા ચૂકવાય છે, અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા તો હાથપગ ગુમાવવાના કિસ્સામાં પણ સો ટકા ચૂકવાય છે, અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં પણ સો ટકા ચૂકવાય છે અને અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા રકમ ચૂકવવામાં આવે છે.

**શ્રી વિજયભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી મારે જાણવું છે કે વિકલાંગો માટે વીમા સુરક્ષા કવચ માટેની અરજીઓ નામંજૂર થાય એવા કિસ્સામાં રિવ્યુ માટેની કોઈ વ્યવસ્થા છે અને જો રિવ્યુ માટેની વ્યવસ્થા હોય તો આ રિવ્યુ કોણ કરે છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ વીમા સુરક્ષા કવચ માટેની અરજીઓ છે એના માટે રાજય સરકારે એક રિવ્યુ કમિટી નીમી છે અને એ રિવ્યુ કમિટીમાં ખાતાના વડા, વીમા કંપનીના અધિકારી અને વીમા નિયામકશ્રી આ ત્રણેય અધિકારીઓ સાથે મળીને એક સીમતિ બની છે એ સમિતિ આનો સમાયાંતરે રિવ્યુ કરે છે અને એમાં નામંજૂર થયેલા કેસ હોય તો એની પણ સમીક્ષા કરે છે.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે ઓળખકાર્ડ મેળવવા માટેની શું પધ્ધતિ છે અને કુલ કેટલા વિકલાંગોને ઓળખકાર્ડ અપાયાં છે અને એમાંથી આ વીમા કવચમાં કેટલા આવરી લીધા છે અને વિકલાંગ વ્યકિતઓ માટે જે વીમો શરૂ કરેલ છે એમાં પ્રિમિયમના પૈસા ચૂકવવાના હોય છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબમાં જ જણાવ્યું છે કે જે પ્રિમિયમ છે એ આપણે ૨૭.૧૭ લાખનું ચૂકવ્યું છે, બાકી આખા રાજયના વિકલાંગોની માહિતી માગી છે એ મારી પાસે નથી. એના માટે જુદી નોટિસ આપશે તો હું માહિતી આપીશ.

**શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી** : માનનીય અધયક્ષશ્રી, મારે આપના માધ્યમથી એ જાણવું છે કે વર્ષ ૨૦૧૦-૧૧માં કુલ કેટલી અરજીઓ વીમા સુરક્ષા કવચ માટે મળી, અને એમાંથી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને જે નામંજૂર થઈ તેના કારણો શું છે અને પડતર અરજીઓ હોય તો તેના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧માં કુલ ૧૦ અરજીઓ મળી હતી. એમાંથી ૩ અરજીઓ મંજૂર થઈ છે, પાંચ અરજીઓ નામંજૂર થઈ છે અને બે અરજીઓ પેન્ડીંગ રહેલ છે. આ બે અરજીઓ પેન્ડીંગ રહી હતી એમાંથી એક અરજી તેના દસ્તાવેજો નહીં મળવાને કારણે પેન્ડીંગ હતી તે દસ્તાવેજો આ જવાબ અપાયા પછી આવી ગયા હોવાથી તે પણ મંજૂર કરવામાં આવી છે. એટલે હવે એક જ અરજી એવી છે જેના વીસેરા રિપોર્ટ આવવાનો બાકી હોવાથી તે પડતર રહેવા પામી છે.

## રાજકોટ જિલ્લામાં ખેલ મહાકુંભ

***૨૦૭૮૩ શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ખેલ મહાકુંભ-૨૦૧૦માં રાજકોટ જિલ્લામાં કુલકેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો,

(૨) તે પૈકી કેટલા ખેલાડીઓ વિજેતા બન્યા હતા, અને

(૩) વ્જિેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઈનામો પાછળ કેટલો ખર્ચ થયો?

**રમતગમત મંત્રીશ્રી :**

(૧) ૫૦૨૯૧.

(૨) ૨૧૧૫.

(૩) રૂા. ૭૩,૮૯,૦૦૦/-

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માણસના વિકાસમાં રમતનું મેદાન, રમત ગમતનું મહત્વનું પ્રદાન હોય છે. માનનીય મંત્રીશ્રીએ એમનાં જવાબમાં જણાવેલ છે કે ૫૦૨૯૧ લોકોએ રાજકોટ જિલ્લામાં રમત ગમતમાં ભાગ લીધો અને ૨૧૧૫ લોકોને ઈનામો આપવામાં આવ્યા છે. તો હું એ જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં જે ૫૦૨૯૧ લોકોએ ભાગ લીધો એમાંથી રાજકોટ જિલ્લાના કેટલા છે અને રાજકોટ શહેરના કેટલા છે, અને એમાંથી પુરુષો કેટલા છે અને મહિલાઓ કેટલી છે. બીજું કે આ ૨૧૧૫ ઈનામોને પાત્ર ખેલાડીઓ છે એમાં રાજકોટ જિલ્લાના કેટલા છે અને રાજકોટ શહેરના કેટલા છે. અને દરેક ખેલાડીને કેટલું ઈનામ આપવામાં આવેલ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૫૦૨૯૧ ખેલાડીઓએ ભાગ લીધો છે એમાં રાજકોટ શહેરના ૯૭૪, અને રાજકોટ ગ્રામ્યના ૪૦૫૪૭ ખેલાડીઓએ ભાગ લીધો છે, તે પૈકી શહેરની અંદર ૬૨૦૨ ભાઈઓ હતા અને ૩૫૪૨ બહેનો હતી. ગ્રામ્યમાં ૨૪૪૫૦ ભાઈઓ હતા અને ૧૬૦૯૭ બહેનો હતી. એમણે ઈનામોની વાત કરી તો કુલ ૨૧૧૫ ખેલાડીઓને ઈનામો આપવામાં આવ્યા છે. એમાં ગ્રામ્ય કક્ષાએ ૯૭૩ અને શહેર કક્ષાએ ૧૧૪૩ને ઈનામો આપવામાં આવ્યા છે. એમણે રકમની વાત કરી છે તો જિલ્લા કક્ષાએ જે વ્યકિતગત રમત હતી એમાં જે પ્રથમ આવનાર ખેલાડી હતા દરેક વર્ગમાં, તે પ્રથમ આવનાર ખેલાડીને ૫૦૦૦ રૂપિયા, દ્વિતીય આવનાર ખેલાડીને ૩૦૦૦ રૂપિયા અને તૃતીય આવનાર ખેલાડીને ૨૦૦૦ રૂપિયા અને સાંગીક રમતો હતી એમાં વિજેતા ટીમ હતી તે ટીમના પ્રત્યેક ખેલાડીને, જે પ્રથમ આવનાર ટીમ હતી તે ટીમના પ્રત્યેક ખેલાડીને ૩૦૦૦ રૂપિયા, દ્વિતીય આવનાર ટીમ હતી તે ટીમના પ્રત્યેક ખેલાડીને ૨૦૦૦ રૂપિયા અને તૃતીય આવનાર ટીમ હતી તે ટીમના પ્રત્યેક ખેલાડીને ૧૦૦૦ રૂપિયામ, એમ ગ્રામ્ય કક્ષાએ ૩૨,૮૮,૦૦૦ રૂપિયા અને શહેર કક્ષાએ ૪૧,૦૧,૦૦૦ રૂપિયા એમ કુલ મળીને રાજકોટ જિલ્લામાં ૭૩,૮૯,૦૦૦ રૂપિયાના ઈનામો આપવામાં આવેલ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકોટ જિલ્લામાં ખેલ મહાકુંભમાં ૫૦૨૯૧ ખેલાડીઓએ ભાગ લીધો અને ૨૧૧૫ ખેલાડીઓ વિજેતા બન્યા. હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ ખેલ મહાકુંભ-૨૦૧૦માં આ ખેલાડીઓએ જે ભાગ લીધો એને ઈનામો અથવા રમત ગમતના સાધનોની સહાય અથવા આ ખેલ મહાકુંભમાં, જે પંચાયત યુવા ક્રિડાહોલ ખેલ અભિયાન જે યોજના કેન્દ્ર સરકારની છે એમાંથી કોઈ નાણા આ ખેલ મહાકુંભ પાછળ વાપરવામાં આવ્યા છે કે કેમ? અને વાપરવામાં આવ્યા હોય તો કેટલા નાણા વાપરવામાં આવ્યા છે? આ જે ખેલ મહાકૂભ છે એની પાછળ વાપરવામાં આવેલ હોય તો કેટલા નાણાં વપરાયા છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : આ યોજનાની માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ સ્વર્ણિમ વર્ષની અંદર જાહેરાત કરી હતી. આ યોજનાનું સંપૂર્ણ બજેટ એ રાજય સરકારના સાધનોમાંથી છે. માનનીય સભ્યશ્રીએ જે કેન્દ્રની પંચાયત યુવા ક્રિડાહોલ ખેલ અભિયાન યોજનાની વાત કરી એ પૈકી એક પણ નયો પૈસો આ ખેલ મહાકૂભમાં વાપરવામાં આવ્યો નથી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : આ ખેલ મહાકૂભનો કાર્યક્રમ હતો એ અમે નજરો નજર જોયો છે ત્યારે અમને એમ લાગે છે કે આપણા ગુજરાતની પાંચ કરોડની જનતાના માનનીય મુખ્યમંત્રીશ્રીને આવો વિચાર આવે ત્યારે આ યોજના કાયમી ચાલુ રાખવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : જવાબ હા, જી.માં છે. જ્યારે આનો રાજ્યકક્ષાનો ઇનામ વિતરણનો કાર્યક્રમ હતો ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ બે બાબતોની જાહેરાત કરી હતી એક કે આ ખેલ મહાકૂભ છે એ દર વરસે યોજવામાં આવશે અને બીજી જાહેરાત એ કરી હતી કે આ વરસે અમે સ્પૉર્ટસ યુનિવર્સિટી અંગેનું બિલ પણ લાવીશું.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લાના ૫૦૨૯૧ ખેલાડીઓએ ખેલ મહાકૂભમાં ભાગ લીધો ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો જાણવા માગું છું કે આમાં ગોળા ફેંકમાં કેટલા ખેલાડીઓએ ભાગ લીધો એનો ફક્ત ફિગર જ આપે? બીજો પ્રશ્ન એ છે કે આમાં સરકારી કર્મચારીઓને ભાગ લેવા માટે કોઈ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય સભ્યશ્રીએ ગોળા ફેંકની વાત કરી પરંતુ ગોળા ફેંકનો એથ્લેટીકસમાં સમાવેશ કરાતો હોય છે એમાં કુલ્લે ખેલાડીઓએ ભાગ લીધો અને એના માટે....(અંતરાય)

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : સરકારી કર્મચારીઓએ ભાગ લીધો એમાં કોઈ સરકારી પરિપત્ર હતો કે નહિ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : ગોળા ફેંકની રમતનું જુદુ હેડ નથી એ એથ્લેટીકસમાં હોય છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : આ ખેલ મહાકૂભનું આયોજન કરી રાજય સરકારે સમગ્ર રમતગમતને પ્રોત્સાહિત કર્યુ છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આ ખેલ મહાકૂભમાં રાજય કક્ષાની સ્પર્ધામાં રાજકોટ શહેરના અને રાજકોટ ગ્રામ્યના કેટલા ખેલાડીઓએ ભાગ લીધો અને કેટલામો ક્રમ આવ્યો?

મારો બીજો પ્રશ્ન એ છે કે આમાં કેટલા ચંદ્રકો પ્રાપ્ત થયા અને એમાં આગળ એ પૂછવું છે કે જિલ્લામાંથી કોઈ રાજય કક્ષાએ ચૅમ્પિયન થયું છે કે કેમ, થયું હોય તો એમાં ટ્રૉફી આપવામાં આવી કે કેમ, જો હા તો કઈ રમતમાં આપવામાં આવી છે, આમાં જસદણ તાલુકાના કોઈ ખેલાડીએ રાજય કક્ષાએ ભાગ લીધો છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય સભ્યશ્રીએ પહેલો પ્રશ્ન પૂછ્યો કે રાજકોટ જિલ્લાએ કેટલા ચંદ્રકો મેળવ્યા. તો રાજકોટ શહેરનો સમગ્ર રાજયમાં ૧૨મો ક્રમ રહ્યો છે. જ્યારે રાજકોટ ગ્રામ્યનો ક્રમ સમગ્ર રાજયમાં ૧૫મો રહ્યો છે. રાજકોટ શહેરે ખેલ મહાકૂભમાં આઠ ગોલ્ડ, ૧૨ સિલ્વર અને ૨૯ બ્રોન્ઝ, આમ કુલ ૪૯ એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. એ જ રીતે રાજકોટ ગ્રામ્યે ચાર ગોલ્ડ, ૬ સિલ્વર અને ચાર બ્રોન્ઝ એમ કુલ મળીને ૧૪ મેડેલ પ્રાપ્ત કર્યા છે. તેમણે કહ્યું કે કોઈ ચૅમ્પિયન ટ્રૉફી જીત્યું કે કેમ? તો મારે રાજકોટને અભિનંદન આપવા છે કે ચૅસની રમતમાં જે ૧૬ વર્ષથી નીચેની બહેનો છે તેમણે પણ રાજય કક્ષાની ચૅમ્પિયન ટ્રૉફી જીતી અને બેડમિંગ્ટનમાં ૧૬ વર્ષથી ઉપરના ભાઈઓ છે તેમણે પણ રાજય કક્ષાની ટ્રૉફી જીતી છે.

## ખેડા જિલ્લામાં મરણોત્તર સહાય યોજના અન્વયે ચૂકવેલ સહાય

***૨૦૭૦૧ શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

અનુસૂચિત જાતિ માટેની મરણોત્તર સહાયની યોજના હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી:**

રૂા. ૧૧,૦૫,૦૦૦/-

**શ્રી કનુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડા જિલ્લામાં જે મરણોત્તર સહાય ચૂકવવામાં આવી છે તે પૈકી કઠલાલ તાલુકાની કેટલી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કઠલાલ તાલુકાની ૧૧ અરજીઓનું ચૂકવણું કરવામાં આવેલ છે.

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ મરણોત્તર સહાય ચૂકવવાના ધોરણો શું છે? ત્રણે વર્ષ દરમ્યાન કપડવંજ તાલુકામાં કેટલી કેટલી સહાય ચૂકવવામાં આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : તાલુકાવાર તેમણે જે આંકડા માગ્યા છે તે પ્રમાણે કપડવંજમાં ૪૧ અરજીઓ આવી અને ૪૧ અરજીઓ મંજૂર થઈ અને ૧,૦૨,૫૦૦/-નું ચૂકવણું કરવામાં આવ્યું છે. મહેમદાવાદ તાલુકામાં ૪૬ અરજીઓ આવી, ૪૬ મંજૂર થઈ અને ૧,૧૫,૦૦૦/-નું ચૂકવણું કરવામાં આવેલ છે.

**શ્રી મફતલાલ મો. પુરોહિત** : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અહીં મરણોત્તર સહાય આપવામાં આવે છે એ મરણ પછી કેટલા સમયમાં ચૂકવવામાં આવે છે? અને તેમાં બાલાસિનોરની કેટલી અરજીઓ આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, બાલાસિનોર તાલુકામાં ૭૦ અરજીઓ મળી, ૭૦ મંજૂર થઈ અને ૧,૭૫,૦૦૦/- ચૂકવવામાં આવ્યા છે. આનું જે ધોરણ છે, એ અનુસૂચિત જાતિનો મૃત્યુ પામનાર હોય તો તેને બી.પી.એલ. યાદીની આવક મર્યાદા છે એ આવક મર્યાદા પ્રમાણે તેને ચૂકવણું કરતા હોઈએ છીએ અને ૨૫૦૦ રૂપિયાનું ચૂકવણું તેના વારસદારને અંતિમ ક્રિયા માટે કરવામાં આવે છે.

**પેટ્રોલ ડિઝલના વેટમાં રાહત અંગે મળેલ માગણીઓ**

*** ૨૦૬૧૨ શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર (મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા પેટ્રોલ ડીઝલ અને ગેસ ઉપર એક લીટર દીઠ કેટલો વેટ વસૂલ કરવામાં આવે છે અને

૨. આ વેરામાં સરકાર રાહત આપવા અંગેની કેટલી માગણીઓ સરકારને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી છે?

**નાણામંત્રીશ્રી:**

૧. લીટર દીઠ વેટ વસૂલ કરવામાં આવતો નથી, પરંતુ કિંમત ઉપર ટકાવારી પ્રમાણે વસૂલ કરવામાં આવે છે. જેના દર નીચે મુજબ છે. પેટ્રોલ : ૨૩ ટકા,
ડીઝલ : ૨૧ ટકા
એલ.પી.જી. (ડોમેસ્ટીક) : વેરા માફી
અન્ય ગેસ : ૧૫ ટકા (વધારાના વેરા સહિત.)

૨. ૫.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર એક લીટર પેટ્રોલે ૧૩ રૂપિયા લે છે અને ડીઝલના લીટરે ૧૧ રૂા. લે છે. કેન્દ્ર સરકાર ઑઈલ કંપનીઓને આટલી બધી સબસિડી આપે છે તો ગુજરાત સરકાર આમાં ઓછું કરવા માગે છે કે કેમ? રાજસ્થાન અને હરિયાણામાં વેટ ઓછો છે. તો આપણે ઓછો કરવા માગીએ છીએ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને તો પૂછાય નહીં કે કેન્દ્ર સરકાર શું સબસિડી આપે છે? કેન્દ્ર સરકાર કોઈ સબસિડી આપતી નથી. જે કંઈ આપતું હોય, આ જે નક્કી કરેલ છે લગભગ આખા હિંદુસ્તાનમાં એક-બે ટકાના ભાવના ફેર હોય, બાકી ગુજરાત રાજયએ જે દર નક્કી કર્યો છે એ અમે આજની તારીખે ચાલુ રાખવા માગીએ છીએ.

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** :મૂળ આંકડા જળવાઈ રહે અને સસ્તી વીજળી મળે તો આપણે આવી કોઈ વિચારણા કરવા માગીએ છીએ કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સૂચન છે. મેં કહ્યું તે પ્રમાણે હાલ પેટ્રોલ અને ડિઝલ એના ભાવ ઉપર જે રાબેતા મુજબ છે એ જ રાખવા માગીએ છીએ. ભવિષ્યમાં જ્યારે ફેરફાર કરવાનો હશે ત્યારે રાજય સરકાર ડિક્લેર કરશે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની આર્થિક સ્થિતિમાં સુધારો થવાના કારણે જે વાહનોની સંખ્યા વધી છે એને લઈને પેટ્રોલ અને ડિઝલના વપરાશમાં સ્વાભાવિકપણે વધારો થયો હોય. હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજયની કુલ વેટની આવક કેટલી? પેટ્રોલ, ડિઝલ અને ગેસથી કેટલી આવક થાય છે અને પાછલા વર્ષોની સરખામણીમાં આ આવકમાં કેટલો વધારો થયો છે?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ આ પેટ્રોલ, ડિઝલ અને ગેસ છે એની અંદર એપ્રોક્સિમેટ વન થર્ડ જેટલી આવક થાય છે અને એમાં દર વર્ષે કાંઈક વધારો થાય છે. પેટ્રોલ ડિઝલની અંદર ૨૦૦૮-૦૯માં ખરેખર રૂ.૨૭૬૪ કરોડ આવક હતી અને શેષના રૂ.૫૨૬ કરોડ હતા. વર્ષ ૨૦૦૯-૧૦માં પાછો ઘટાડો થયો ત્યારે રૂ.૨૧૬૩ કરોડ આવક અને શેષના રૂ.૫૧૩ કરોડ થયા છે. વર્ષ ૨૦૧૦-૧૧માં રૂ.૨૫૭૬ કરોડ થયા છે અને શેષના રૂ.૫૮૨ કરોડ અને એમાં એક મહિનાના બાકી છે. આ આવક છે એ રાજયના ઉદ્યોગ અને વેપાર સાથે સંકળાયેલી છે. જો ઉદ્યોગ અને વેપારમાં જે વર્ષમાં વધારો થયો હોય તો ટ્રાન્સપોર્ટેશનની વધારે જરૂર પડે અને ટ્રાન્સપોર્ટેશન વધારે થાય તો રાજયની આવક વધે. રાજયમાં અને દેશમાં મંદી હોવાના કારણે ૨૦૦૯-૧૦માં આવકમાં ઘટાડો થયો છે. ૨૦૦૮-૦૯ કરતાં આવક ઘટી છે. એ કિંમતોના બદલે ખરેખર એના વપરાશ ઉપર આધાર રાખે છે અને એના કારણે આવકમાં વધઘટ થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ ઉપર જે વેટનો દર છે એ ૨૩ ટકા અને શેષ ૨ ટકા એમ કુલ પેટ્રોલ ઉપર ૨૫ ટકા વેટ છે. ડિઝલ ઉપર વેટનો દર ૨૧ ટકા અને ૩ ટકા શેષ છે એમ કુલ ડિઝલ ઉપર ૨૪ ટકા વેટ છે. CNG ઉપર ૧૫ ટકા છે. માનનીય શકિતસિંહે વાત કરી એ પ્રમાણે વેટ છે એ

લિટર દીઠ ગણાય છે એ આપણે સ્વીકારી લઈએ એ બરાબર છે. પણ આવતી કાલે પેટ્રોલ અને ડિઝલ ઉપર આંતરરાષ્ટ્રીય ભાવમાં વધારો થાય તો રાજય સરકારને વેટના વધારાની આવક છે એ ગ્રાહકોને ટ્રાન્સફર કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : શું જાણવા માગો છો એના ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજની સ્થિતિએ લિટર દીઠ મળવાપાત્ર જે વેટની આવક રૂપિયામાં થાય છે એ આવક સ્થિર રાખી વધારાના વેટની આવક સરકાર જતી કરવા માગે છે કે કેમ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ આવક હંમેશાં ભાવ ઉપર નથી હોતી એના વપરાશ ઉપર આધાર રાખે છે. કોઈપણ રાજય મુળ કિંમત ઉપર એના ટકા નક્કી કરે છે. ગયા વર્ષે મને મળી હતી એ સિવાયની વધારાની આવક આ પ્રમાણે કરશો, કોઈપણ રાજય ન કરે. ઘણીવાર પ્લસ થઈ જાય તો બીજા વર્ષમાં જરાક માઈનસ થઈ જાય. ટોટલ એગ્રીગેટ આવક ગણાય. એવી રીતે ગણાય નહીં.

**શ્રી ભરત બારોટ** : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકારના બજૅટના સંદર્ભમાં આંકડાઓ બહાર પડ્યા છે. પેટ્રોલ અને ડિઝલના આ ભાવો આંતરરાષ્ટ્રીય બજારમાં જે છે એના કરતાં આપણા દેશની અંદર ડબલ છે. કેન્દ્ર સરકાર એકસાઈઝ ઘટાડી કાઢે તો બધાને પેટ્રોલ અને ડિઝલ પણ સસ્તુ મળે. તો રાજય સરકાર આ એકસાઈઝ ઘ ટાડવા માટે કેન્દ્ર સરકારને રજૂઆત કરવા માગે છે જેથી ખેડૂતોને આ ડીઝલ સસ્તુ મળે, આ જે વેટની ચર્ચા કરે છે એના કરતા પેટ્રોલ ડીઝલનો ભાવ અડધો થઈ જાય, પેટ્રોલ અને ડીઝલનો ભાવ અડધો થઈ જાય જો કેન્દ્ર સરકાર ખાલી એકસાઈઝ ઘટાડી આપે તો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સવાલ મને પૂછયો કે સામે વાળાને પૂછયો એ જ ખબર નથી. કેન્દ્ર સરકારની વાત તો સામે કરે છે, ત્યાં પૂછોને, અને કેન્દ્ર સરકારને ગમે તેટલી ભલામણ કરીએ એને પણ આખો દેશ ચલાવવો છે એને પણ આવકની જરૂર હોય, કયારે કેવી પરિસ્થિતિમાં કરવું પણ ચોકકસ એટલું ક્હી શકીએ કે અત્યારે કેન્દ્ર સરકારમાં એકસાઈઝ ૧૪.૭૮ છે અને ડીઝલ છે એ ૪.૭૪ છે એમાં કેટલો વધારો કરવો કે ના કરવો એ આપણા બધા માનનીય ભાઈઓ બેઠા છે એને પ્રશ્ન પૂછો, મને કેમ પૂછો છો?

**ભરુચ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શનની મળેલ અરજીઓ**

***૧૯૪૨૨ શ્રી કિરણકુમાર એલ. મકવાણા(જંબુસર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભરુચ જિલ્લામાં રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ તાલુકાવાર તા:૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી, અને
(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર થઈ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) મળેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | રાષ્ટ્રીયવૃધ્ધ સહાય યોજના |
|---|---|---|
| ૧ | ભરુચ | ૭૯૪ |
| ૨ | જંબુસર | ૧૫૫૨ |
| ૩ | આમોદ | ૭૩૯ |
| ૪ | વાગરા | ૩૨૪ |
| ૫ | અંકલેશ્વર | ૮૨૭ |
| ૬ | હાંસોટ | ૨૯૫ |
| ૭ | વાલીયા | ૧૦૭૧ |
| ૮ | ઝઘડીયા | ૫૮૨ |
| | કુલ | ૬૧૮૪ |

(૨) મંજૂર થયેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | રાષ્ટ્રીય વૃધ્ધ સહાય યોજના |
|---|---|---|
| ૧ | ભરુચ | ૫૮૬ |
| ૨ | જંબુસર | ૧૨૨૦ |
| ૩ | આમોદ | ૭૦૫ |
| ૪ | વાગરા | ૩૨૩ |
| ૫ | અંકલેશ્વર | ૮૧૪ |

| | | |
|---|---|---|
| ૬ | હાંસોટ | ૨૯૫ |
| ૭ | વાલીયા | ૮૯૪ |
| ૮ | ઝઘડીયા | ૫૮૪ |
| | કુલ | ૫૪૧૯ |

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી પૂછવા માગુ છું કે પુખ્ત વયના દીકરા હોય, કમાવા માટે સક્ષમ હોય એવા દીકરા હોય પરંતુ આજના આ હળાહળ કળીયુગમાં સતયુગ જેવો શ્રવણ શોધવા બહુ મુશ્કેલ છે. એટલે જ સમગ્ર ગુજરાતની અંદર વૃદ્ધાશ્રમોની સંખ્યા વધી છે તો આવા વૃધ્ધો માટે કંઈક કોઈક નકકર પગલા ભરી અને કોઈક નકકર યોજના બનાવવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન કે સમગ્ર ભરુચ જિલ્લામાં વૃધ્ધ પેન્શન યોજના હેઠળ ૬૧૮૪ અરજી આવી અને તેમાંથી ૫૪૧૯ અરજી મંજૂર કરી તો બાકી રહેલી અરજીઓને રીચેકીંગ કરી એવા વૃધ્ધોને પેન્શનનો લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જે પ્રશ્ન છે એ આ પ્રશ્નમાંથી ઉપસ્થિત થતો નથી. આ પ્રશ્ન એ રાષ્ટ્રીય વૃધ્ધાવસ્થા પેન્શનનો પ્રશ્ન છે. બીજો પ્રશ્ન જે એમણે ઉભો કર્યો એ બીજા પ્રશ્નની અંદર એમણે એમ કીધું માનનીય સભ્યશ્રીએ કે ૬૧૮૪ અરજીઓ મળી , ૫૪૧૯ એ મંજૂર થઈ એટલે નામંજૂર ૫૭૫ અને જે બાકી ૧૯૦ એ પડતર હતી જે દિવસે જવાબ આપ્યો એ દિવસે પણ આજની તારીખમાં એક પણ પડતર અરજી નથી. ૧૯૦એ ૧૯૦ મંજૂર કરી દેવામાં આવી છે. એક પણ અરજી આજની તારીખમાં પડતર નથી.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વાલીયા તાલુકામાં અરજી આવી છે ૧૦૭૧, મંજૂર કરી છે ૮૯૪, તો બાકી રહેતી અરજી ૧૭૭ નામંજૂર કરવાના કારણો શું છે, અને આ કારણોથી નામંજૂર કરી છે એને ફરીથી વિચારણા કરીને સરકાર મંજૂર કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વાલીયા તાલુકામાં ૧૦૭૧ અરજી આવી, ૮૯૪ મંજૂર થઈ, એક પણ અરજી નામંજૂર કરવામાં આવી નથી. ૧૭૭ અરજી પડતર હતી અને ૧૭૭એ ૧૭૭ એ મંજૂર કરી દેવામાં આવી છે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું રાષ્ટ્રીય વિત્ત પેન્શન યોજના બી.પી.એલ. લાભાર્થીઓ પાસે આવકનો કોઈ દાખલો, પુરાવો માગવામાં આવે છે કે કેમ? પેન્શનનો લાભ લેવા માટે શું ધોરણો છે, આ યોજનામાં પતિ-પત્ની બંન્નેને મળે છે કે કેમ? અને નિરાધાર વૃદ્ધને માસિક કેટલું પેન્શન આપવામાં આવે છે અને તેમાં રાજયનો કેટલો ફાળો છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અંદર કેન્દ્ર સરકારે જે ધોરણ નકકી કર્યુ છે એ પ્રમાણે બી.પી.એલ. અને એ પણ ૦ થી ૧૬ એટલા માટે ૦ થી ૧૬ બીપીએલના જે લાભાર્થી હોય એને જ આ યોજાનો લાભ મળે છે પરંતુ અરજદાર પાસેથી બી.પી.એલ. માટે કોઈ પૂરાવો કે સર્ટીફીકેટ કે પ્રમાણપત્ર માગવામાં આવતું નથી. અધિકારીને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે જે વેબસાઈટ છે અને એના ઉપર બી.પી.એલ. યાદી મૂકવામાં આવી છે એમાંથી જોઈ એની ચકાસણી કરી લેવી એવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે.માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન એમનો હતો કે ધોરણ શું છે? જે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના છે એ ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધ હોય એમને આપવામાં આવે છે. મેં અગાઉ કહ્યું તેમ ૦ થી ૧૬ ના સ્કોરમાં આવતું હોય એમને આપવામાં આવે છે અને બંને પતિ અને પત્ની હોય અને ૬૫ વર્ષથી વધુ ઉંમરના હોય તો બંનેને આ લાભ આપવામાં આવે છે. ત્રીજો પ્રશ્ન એમનો હતો કે આમાં રાજ્ય સરકારનો કેટલો ફાળો છે? તો કેન્દ્ર સરકાર ૨૦૦ રૂપિયા આપે છે અને રાજ્ય સરકાર ૨૦૦ ઉમેરીને ૪૦૦ રૂપિયાનું પેન્શન આ વૃદ્ધ પેન્શનમાં આપે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, વૃદ્ધોને જે પેન્શન મળે છે. ઘણી વખતે ૬-૬ મહિને ભેગા આપે છે તો માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને કહેવા માગુ છું કે દર મહિને એને પેન્શન મળે એવું કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હા.જી.

**રાજકોટ જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ મળેલ અરજીઓ**

*** ૨૦૭૦૯ શ્રીમતી જસુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) માનવ ગરિમા યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,
(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને
(૪) કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૯૫૦.
(૨) ૮૩૪.
(૩) ૧૧૬.
(૪) રૂા.૨૮,૮૪,૩૯૭.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧૧૬ અરજીઓ નામંજૂર કરી છે તો એ નામંજૂર કરવાના કારણ શું છે? બીજું આ માનવ ગરિમા યોજના હેઠળ જેતપુર તાલુકામાં કેટલી અરજીઓ આવી અને કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી અને કેટલી સહાય ચૂકવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૧૬ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. એમાં ૧૯ અરજી એ આવક મર્યાદામાં ના આવતી હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. ૧૦ અરજી અગાઉ એ કુટુંબના સભ્યને સહાય ચૂકવવામાં આવી હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. ૨૭ અરજીઓ જે ધંધાની ૨૩ ની યાદી છે તેમાં ના આવતી હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. ૨૮ અરજી એમણે અગાઉ લોન લીધેલ હોવાથી નામંજૂર કરવામાં આવી છે, ૧૬ અરજી આવકમાં જે સક્ષમ અધિકારીનો દાખલો ના હોવાના કારણે નામંજૂર કરવામાં આવી છે. અધૂરી વિગતના કારણે ૧ અરજી અને રહેઠાણનો પુરાવો ના હોવાના કારણે ૧ અરજી અને નિયત ધોરણ કરતાં ઉંમર નાની હોવાના કારણે નામંજૂર ૧ એ રીતે ૩ અરજી નામંજૂર કરવામાં આવી છે.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, જેતપુર તાલુકામાંથી કેટલી અરજી આવી અને કેટલી અરજી નામંજૂર કરવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જેતપુર તાલુકામાં ૩૩ અરજીઓ આવી તે પૈકી ૩૦ મંજૂર કરવામાં આવી ૩ નામંજૂર કરવામાં આવી.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ માનવ ગરિમા યોજનામાં હાલમાં કોઈ સુધારો કરવામાં આવેલ છે કે કેમ? અને જો સુધારો કરવામાં આવ્યો હોય તો કેવા પ્રકારનો સુધારો કરવામાં આવ્યો છે? અને સાથે સાથે એ પણ જાણવા માગુ છું કે મારાં મતવિસ્તાર રાજકોટ તાલુકો, લોધીકા તાલુકો અને કોટડાસાંગાણી તાલુકો આ ત્રણેય તાલુકા પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧/૧/૨૦૧૧ થી એમાં સુધારો કરવામાં આવ્યો છે.અગાઉ જે ૩૦૦૦ અને ૪૦૦૦ ની મર્યાદામાં કીટ આપવા માટેના ધોરણ હતા એમાં સુધારો કરીને ૫૦૦૦ સુધી અને એમબ્રોડરી મશીન લેવું હોય તો એમાં ૬૦૦૦ સુધી એ રીતનો સુધારો તાજેતરમાં જ રાજ્ય સરકારે કર્યો છે. એમણે રાજકોટ તાલુકાની વિગતો માગી છે તો ૧૬૩ અરજીઓ આવી તે પૈકી ૧૪૭ એ મંજૂર થઈ છે અને ૧૬ ના મંજૂર થઈ છે. બીજો તાલુકો કોટડાસાંગાણી એમાં ૨૮ અરજીઓ આવી ૨૬ મંજૂર થઈ અને ૨ નામંજૂર થઈ અને ત્રીજો તાલુકો લોધીકામાં ૨૫ અરજી આવી ૨૪ મંજૂર થઈ અને ૧ નામંજૂર.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે મારા મતવિસ્તાર ઉપલેટામાં કેટલી અરજી આવી અને કેટલી અરજી મંજૂર કરવામાં આવી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉપલેટા તાલુકામાં ૫૦ અરજી આવી ૪૭ મંજૂર થઈ અને ૩ નામંજૂર થઈ.

## શ્રમિકોને દિવાળી બોનસ સમયસર મળે તે માટે તકેદારી.

***૦૭૨૦શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા(પાલીતાણા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

શ્રમિકોને સમયસર દીવાળીનું બોનસ મળી રહે તે માટે સરકાર દ્વારા કયા પ્રકારની તકેદારી રાખવામાં આવે છે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :

શ્રમયોગીઓને દિવાળીના તહેવાર ઉપર સમયસર બોનસ મળે તે માટે શ્રમ આયુક્તની કચેરી તથા રીજીયન કચેરીઓમાં ખાસ સેલ ઊભું કરવામાં આવે છે તથા હક્કદાર શ્રમયોગીઓને તેમનું લેણું નીકળતું કાયદેસરનું બોનસ દિવાળી પહેલા મળે તે માટે મોનીટરીંગ કરી દિવાળી પહેલા બોનસ ચૂકવાઈ જાય તેવા પ્રયત્નો શ્રમ તંત્ર દ્વારા કરવામાં આવે છે.

**શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા** : માનનીય અધ્યક્ષશ્રી, કેટલી સંસ્થાઓ દ્વારા કેટલા શ્રમયોગીઓને કેટલી બોનસની રકમ ચૂકવવામાં આવી એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે ?

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના તમામ બોનસના લાભાર્થીઓને રાજયની જુદી જુદી જગ્યાએથી એના ચાર વિભાગો પાડીને એ ચારેય ઝોનમાંથી આપણે જે આપી છે એમાં અમદાવાદ વિભાગમાં ૯૫ સંસ્થાઓ, એમાંના ૬૫,૧૩૫, એમને બોનસ ચૂકવાયું છે એ ૩૧,૪૦,૦૧,૮૬૨/-, જ્યારે વડોદરા વિભાગમાં ૬૧૦ સંસ્થાઓના ૨૩,૭૪૦ ને ૧૮,૩૧,૧૮,૮૮૨/- અને રાજકોટ વિભાગમાં ૨૪૦ સંસ્થાઓ છે એના

૧૫,૦૯૧ને ૧૮,૫૭,૦૫,૨૬૮/- અને સુરત વિભાગમાં ૩૧ સંસ્થાઓમાં ૧૬,૨૧૯ લાભાર્થીઓ એમને ૭૮,૬૩,૨૯,૭૦૫/- એમ કુલ ૨૧૧ સંસ્થાઓના ૧,૧૯,૫૧૯ સંસ્થાઓના શ્રમયોગીઓને ૧,૪૬,૯૧,૫૫,૭૧૭/- રૂપિયા બોનસમાં ચૂકવણી કરવામાં આવી છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે એટલું જાણવા માગુ છું કે, બોનસ ધારાના કાયદા હેઠળ સમયમર્યાદામાં જો બોનસ ન ચૂકવાય તો શું કાર્યવાહી થઈ શકે અને આ કાર્યવાહી કરવામાં કોઈ સજાની જોગવાઈ છે કે કેમ ?

**શ્રી લીલાધરભાઈ ખો. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ સંસ્થા જેની અંદર દસ શ્રમયોગીઓ કામ કરતા હોય તો એને બોનસ ચૂકવવાનો અધિકાર મળી રહે પણ એ સંસ્થાની અંદર અમારા નિરીક્ષકો છે તે ત્યાં જતા હોય છે, ચેક કરતા હોય છે અને એ ચેક કરતાં કોઈપણ ગેરરીતિ માલૂમ પડી હોય અથવા બોનસ ચૂકવવામાં ગરબડ થઈ હોય તો એના માટેના એ પગલા લેવામાં આવે છે પણ અહીં પગલા એવા લેવાય છે કે, મજૂરો અને માલિકો એ બંનેની વચ્ચે સંબંધો મીઠા રહે એ રીતે એમને મળીને એમને માત્ર ને માત્ર વિનંતી કરી અને કહેવામાં આવે છે કે, એમને બાકીનું બોનસ ચૂકવી દઈએ અને એ રીતે કરીને જો ચૂકવી દે તો તો કોઈ પ્રશ્ન રહેતો નથી પણ જો ન ચૂકવે તો એની સામે માત્ર ને માત્ર વિવાદ અરજી દાખલ કરી એની સામે પગલા લેવાનો નિર્ણય કરવામાં આવે છે.

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં કૃત્રિમ અંગ ખરીદવાની મળેલ માગણીઓ.**

***૨૦૯૯૮શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં કેટલા અપંગોને કૃત્રિમ અંગ અવયવો ખરીદવા સહાય આપવામાં આવી,
(૨) કુલ કેટલી માગણીઓ આવી,
(૩) કેટલાંની માગણી સ્વીકારી, અને
(૪) બાકી માગણીઓ ન સ્વીકારવાના કારણો શાં છે ?

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :
(૧) અમરેલી જિલ્લો - ૪ વ્યકિતઓને, ભાવનગર જિલ્લો- ૦ (શૂન્ય) એમ કુલ -૪
(૨) ચાર.
(૩) ચાર.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જાણવા માગુ છું કે, અકસ્માત, બીમારી અને જન્મજાત ખોડખાંપણથી કોઈ વ્યકિતએ અંગ ગુમાવ્યું હોય અને આ અંગ ગુમાવનાર, જે સહાય મેળવનાર વ્યકિત જે છે એ સહાય મેળવવાના કયા કયા નિયમો છે, કોને કોને સહાય મળવાપાત્ર છે અને પ્રશ્નમાં જે જવાબ આપ્યો છે કે, ચાર વ્યકિતઓને સહાય આપી છે તો આ ચાર વ્યકિતઓને કયા કયા કૃત્રિમ અંગો બેસાડવામાં આવ્યા અને કેટલો ખર્ચ થયો?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, કૃત્રિમ અંગ માટેની જે સહાય યોજના છે એમાં અરજદારની વય ૫ થી ૫૦ વર્ષની હોવી જોઈએ અને અકસ્માત કે અન્ય કોઈ કારણોસર એની વિકલાંગતા ૪૦ટકાથી વધારે હોવી જોઈએ. આવક મર્યાદા વાર્ષિક ૨૫૦૦૦ રૂપિયાની નકકી કરી છે અને એમણે સમાજ સુરક્ષા અધિકારી પાસેથી વિકલાંગતા અંગેનું ઓળખકાર્ડ મેળવેલું હોવું જોઈએ. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન હતો કે કયાં કયાં આ ચુકવવામાં આવેલ છે તો એક કુકાવાવમાં ઘોડી માટે ૭૫૦ રૂપિયા ચૂકવવામાં આવેલ છે. સાવરકુંડલામાં કેલીપર્સ માટે એક હજાર રૂપિયા ચૂકવવામાં આવેલ છે અને લીલીયામાં બે વ્યકિતને કેલીપર્સ માટે બે હજાર રૂપિયા ચૂકવવામાં આવેલ છે.

**શ્રીમતી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે એક વખત સાધન સહાય મેળવ્યા પછી પુન: સાધન સહાય મેળવવા માટેની કોઈ સમયમર્યાદા ખરી?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષ.

**વડોદરા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનાની મળેલ અરજીઓ**

*** ૨૦૬૯૨ શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ(વડોદરા (ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વડોદરા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,
(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે,

(૪) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) ૮૭૭૬

(૨) ૭૪૭૭

(૩) ૧૦૮૮

(૪) રૂા. ૩,૨૮,૩૪,૩૩૦/-

**શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત ૮૭૭૬ અરજીઓ મળી છે એમાંથી ૭૪૭૭ અરજીઓ મંજૂર કરવામાં આવી. રાજય સરકારે રૂ.૩,૨૮,૩૪,૩૩૦ની સહાય ચૂકવી એ પ્રસંશનીય છે પણ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે ૧૦૮૮અરજીઓ નામંજૂર કરવામાં આવી છે એ અરજીઓનું શું? જો કોઈ અરજીઓ પડતર હોય તો એ કેટલી અરજીઓ પડતર છે? છેલ્લી પરિસ્થિતિ એની શું છે અને નામંજૂર કરવા પાછળના કારણો શું છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં નિરાધાર વૃદ્ધ સહાય યોજનાતઃ ૮૭૭૬ અરજીઓ આવી. ૭૪૭૭ મંજૂર થઈ. ૧૦૮૮ નામંજૂર થઈ અને ૧૮૩ અરજીઓ પડતર હતી અને છેલ્લી પરિસ્થિતિ મુજબ ૧૮૩ માંથી ૨૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે અને ૧૨ નામંજૂર કરી છે. ૧૪૭ અરજીઓ છે એ આજની તારીખે પડતર છે. માનનીય સભ્યશ્રીએ નામંજૂરીના કારણો પુછયા છે તો એમાં એક તો આવકમર્યાદામાં આવતા ન હોવાને કારણે, પુખ્ત વયનો પુત્ર હોવાને કારણે, ઉંમરમર્યાદા જે નકકી કરી છે એ પ્રમાણે ન હોવાને કારણે, અવસાન થઈ જવાને કારણે અને બી.પી.એલ. યાદીમાં ન હોય અને બી.પી.એલ. યાદીમાં હોય પણ કેન્દ્ર સરકારની યોજનાનો લાભ લેવો હોય તો ૦ થી ૧૬માં ન હોય આ પ્રમાણે નામંજૂર થવાના કારણો છે.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, જે નિરાધાર વૃદ્ધ સહાય માટે ૮૭૭૬ જેટલી અરજીઓ મળી એ મળ્યા પછી કેટલા સમયમાં એ મંજૂર કરવામાં આવે છે તેનું પેન્શન અને બીજું મારે એ જાણવું છે કે આ જે નિરાધાર વૃદ્ધોને પેન્શન મળે છે એની પાસે લીવીંગ સર્ટિફિકેટ હોતું નથી એટલે એની ઉંમર કેટલી છે એ કોઈ નકકી કરી શકતું નથી તો એ ઉંમર નકકી કરવા માટે શું ધોરણો છે?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ઉંમર માટે ખાસ કરીને જે અરજદાર નિરક્ષર હોય, ભણ્યા ન હોય એટલે સ્વાભાવિક રીતે જ એમની પાસે સ્કુલ લીવીંગ સર્ટિફિકેટ ન હોય તો આપણે ડોકટરના સર્ટિફિકેટના કારણે આપણે એમની પાસેથી ઉંમરનો દાખલો લેતા હોઈએ છીએ અને એ રીતે એના દાખલા આપણને ડોકટર દ્વારા આપવામાં આવે છે. ખાસ કરીને અગાઉ ઉંમરના જે સર્ટિફિકેટ લેવામાં આવતા હતા.એ મૅડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવતું હતું અને જિલ્લા કક્ષાએ એમને આવવું પડતું હતું. હવે જે વ્યવસ્થા કરી છે એ પ્રમાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હોય કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર હોય તો એ કેન્દ્રના ડૉક્ટર પણ ઉંમરનો દાખલો આપી શકે આ માટેની રજૂઆતો વારંવાર આવતી હતી. અમારા વિભાગે આરોગ્ય વિભાગને વિનંતી કરી હું અભિનંદન આપીશ આરોગ્ય વિભાગ અને મંત્રીશ્રીને એમણે એ અંગેનો ઠરાવ પણ કરી દીધો છે અને હવે આપણને તાલુકા કક્ષાએ પણ આ ઉંમરનો દાખલો ઉપલબ્ધ થાય એ માટેની વ્યવસ્થા ગોઠવાઈ ગઈ છે.

**શ્રી અભેસિંહ મો. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ વડોદરા તાલુકામાં કેટલી અરજીઓ આવી અને સંખેડામાં કેટલી આવી અને કેટલી મંજૂર અને કેટલી નામંજૂર?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા તાલુકામાં ૪૯૯ અરજી આવી એમાંથી ૨૬૮ મંજૂર થઈ ૧૩૨ નામંજૂર અને ૯૯ પડતર હતી. બીજું એમણે પૂછ્યું સંખેડા તાલુકામાં ૧૯ અરજી આવી ૧૨ મજૂર અને ૩ નામંજૂર અને ૪ પડતર. ૧૬૨ જે કુલ પડતર સહિત તમામે તમામ અરજીઓનો નિકાલ કરવા માટેની અહીથી આપણે સૂચના આપી દીધી છે અને એ પ્રમાણે જેમ બને તેમ જલ્દી આ અંગેની કાર્યવાહી કરીશું.

**શ્રી ચંદુભાઈ ડાભી** : આ નિરાધાર વૃદ્ધ સહાય આપવામાં આવે છે. હાલની પરિસ્થિતિ પ્રમાણે ખૂબ જ ઓછી રકમ છે, તો આમાં મંત્રીશ્રી વધારો કરવા માગે છે કે નહિ? બીજો પ્રશ્ન એ છે કે આ વૃદ્ધ નિઃસહાય છે. આ બધી ફોર્મ્યુલા પૂરી કરવાની હોય છે, એના માટે મુશ્કેલ હોય છે, તો તેમાં સરળીકરણ કરવા માગો છો કે નહિ? આપણે જે રકમ ચૂકવીએ છીએ તે દર વર્ષે ચૂકવીએ છીએ કે દર મહિને?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય સભ્યશ્રીનો પહેલો પ્રશ્ન સૂચન છે. બીજો પ્રશ્ન કર્યો આપણે વર્ષે ચૂકવીએ છીએ કે નહિ? તો દર મહિને આ પેન્શન ચૂકવવામાં માટેની જોગવાઈ છે અને આ રીતે આપણે દરેક જિલ્લાની અંદર ચૂકવણી થાય તે પ્રમાણે કરેલ છે.

**શ્રી ખુમાનસિંહ ૨ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં સહાયના જે ધોરણ છે, તે સહાયના ધોરણની અંદર બી.પી.એલ. યાદીમાં હોય એને જ ચૂકવવામાં આવે છે, પણ જો ૦ થી ૧૬ ની ઉપર હોય અને ખરેખર વૃદ્ધ હોય તો આવા અરજદારોને વૃદ્ધા પેન્શનની સહાય કરવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : હા જી. અત્યારે જે યોજના છે. વૃદ્ધ પેન્શન માટેની યોજના છે એ ૬૦ વર્ષ સુધીની જે યોજના છે તે રાજ્ય સરકારની યોજના છે અને એની અંદર રાજય સરકાર ૨૦૦ રૂપિયાનું પેન્શન આપે છે. બીજી કેન્દ્ર સરકારની યોજના છે એ ૬૫ વર્ષથી ઉપરના માટેની યોજના છે એમાં કેન્દ્ર સરકાર ૨૦૦ અને રાજ્ય સરકાર ૨૦૦ એ રીતે ૪૦૦ આપવામાં આવે છે. ત્રીજું ધારો કે ૬૫ વર્ષના હોય અને બી.પી.એલ. યાદીમાં ન હોય તો રાજય સરકારના નોર્મ્સમાં આવતા હોય તેને પણ રાજય સરકારની વૃદ્ધ પેન્શનનો લાભ મળે છે.

**રક્તપીતના દર્દીઓને અપાતી સહાયમાં વધારો કરવા મોકલેલ દરખાસ્તો**

***૧૯૮૮૧શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં કુષ્ટ રોગ (રક્તપીત) ના દર્દીઓની સંખ્યા કેટલી છે,

(૨) આવા દર્દીઓને માસિક કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે,

(૩) આવી સહાય ચૂકવવામાં આવતી રકમમાં વધારો કરવા નાણા વિભાગ સમક્ષ વિભાગે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે ક્યારે દરખાસ્ત મોકલી અને

(૪) તે અન્વયે નાણાં વિભાગે શો અભિપ્રાય આપ્યો છે?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની મફત તબીબી સહાય યોજના અન્વયે રક્તપીતના અનુસૂચિત જાતિના-૬૭ અને વિકસતી જાતિના ૯૯ દર્દીઓને સહાય આપવામાં આવે છે.

(૨) રૂ. ૪૦૦/- ( દર્દ મટે ત્યાં સુધી) :

(૩) અને (૪) :

આ બાબતમાં સરકારશ્રીએ કોઈ નિર્ણય લીધેલ નથી.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રકતપીતના દર્દીઓને માસિક ૪૦૦ રૂપિયા દર્દ માટે આપવામાં આવે છે. આ તો ખૂબ નજીવી રકમ આજની મોંઘવારીમાં કિંમત છે. તો આમાં સરકાર પુન:વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે ચિંતા છે તેમાં રાજય સરકારની યોજના પ્રમાણે માસિક ૪૦૦ રૂપિયા રોગ ન મટે ત્યાં સુધી આપવાની યોજના છે. જે પ્રમાણે આપણને સમાચારો મળી રહયા છે તે પ્રમાણે ધીરેધીરે ગુજરાતમાંથી આ રોગ પણ નેસ્ત નાબૂદી તરફ જઈ રહયો છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આવા દર્દીઓની કેટલી સંખ્યા છે?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયમાં કુલ ૧૬૬ દર્દીઓ છે. ૬૭ અને ૯૯. ઘ ણા વર્ષોની આપણી મથામણના અંતે નહીંતર રકતપિત્તને આપણે એક અભિશાપ, પાપી છે તેને શ્રાપ મળ્યો છે. દરિયામાં જઈને ફેંકી આવતા ત્યાં સુધીની વાતમાંથી બહાર નીકળીને આપણા સૌના માટે ગૌરવ લેવા જેવી બાબત છે કે માત્ર ૧૬૬ દર્દીઓ રહયા છે ત્યારે સકારાત્મક રીતે જોઈને હું આપના મારફત માનનીય નાણા મંત્રીશ્રીને વિનંતી કરીશ કે ૪૦૦ રૂપિયાના કદાચ ૧૦૦૦ રૂપિયા કરીશું તો બહું જ નજીવી રકમ થવાની છે તો સરકારાત્મક રીતે સરકાર આમાં કંઈ વિચારવા માગે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રકતપિત્તના દર્દીઓને સરકારી સહાય લેવાના ધોરણો કયા કયા છે? બીજો પ્રશ્ન ગુજરાતના બધા જિલ્લાઓમાં થઈને કેટલી સંખ્યા છે અને આ સિવાય બીજા અસાધ્ય રોગો માટે સરકારી સહાય આપવામાં આવે છે કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ એમના જે ધોરણો પૂછયા તે પ્રમાણે રકતપિત્તના દર્દી જયાં સારવાર લેતા હોય તેવા સરકારી કે સરકાર માન્ય હોસ્પિટલના તબીબનું પ્રમાણપત્ર અને સાથે લાભાર્થીની જે આવક મર્યાદા છે તે વાર્ષિક ૧૨ હજાર નકકી કરવામાં આવેલ છે. બીજો પ્રશ્ન પૂછયો કે બીજા અસાધ્ય રોગો માટે કેટલી સહાય કરવામાં આવે છે તો તે માટેની યોજના છે તે પ્રમાણે મહિલાઓને થતા પાંડુરોગ માટે ૧૫૦ રૂપિયા કેસદીઠ, પ્રસુતિના ગંભીર રોગ માટે કેસદીઠ ૫૦૦ રૂપિયા, ટી.બી.ની અંદર માસિક ૨૫૦ રૂપિયા બાર માસ સુધી, કેન્સરની અંદર માસિક ૫૦૦ રૂપિયા મટે નહીં ત્યાં સુધી અને રકતપિત્તની અગાઉ જે વાત કરી તેમાં માસિક ૪૦૦ રૂપિયા મટે નહીં ત્યાં સુધી આપવામાં આવે છે.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.સી., એસ.ટી.ની અંદર રકતપિત્તના દર્દીઓ જે બતાવ્યા છે તેમાં ૧૬૬ છે પણ કુલ સંખ્યા જે બતાવી છે તેમાં એસ.સી., એસ.ટી. સિવાય બીજા વર્ગની અંદર જેઓની આર્થિક પરિસ્થિતિ સારી નથી તેઓને સહાય ચુકવવા માગો છો કે કેમ?

**શ્રી ફકીરભાઈ ૨. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો આ પ્રશ્ન જયારે આવ્યો ત્યારે ત્રણ વિભાગને લગતો પ્રશ્ન છે. સામાજિક ન્યાય અને અધિકારીતા, હેલ્થ અને નાણા ખાતું. આ પ્રશ્ન આવી શકે તેવો ન હતો.

પરંતુ આ પ્રશ્નનો એક સ્પીરીટથી એટલા માટે સ્વીકાર કર્યો કે જેથી કરીને કમસેકમ મારા વિભાગની માહિતી આપી શકું. તે પ્રમાણે મેં જે માહિતી આપી છે તે મારા વિભાગની જે માહિતી આપી છે. બાકીની માહિતી જોઈતી હોય તો જુદી નોટીસથી ચોકકસ મળી શકશે.

**શ્રી ભૂષણ અશોકભાઇ ભટ્ટ** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ૧૬૬ જે દર્દીઓ છે તેમાં સૌથી વધારે કયા જિલ્લાના દર્દીઓ છે?

**શ્રી ફકીરભાઈ ર. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાવાર પત્રકો છે. તેમાં સુરેન્દ્રનગરના ૭ અનુસૂચિત જાતિના છે અને વિકસતિ જાતિના સૌથી વધારે દર્દીઓ પંચમહાલમાં ૨૫ છે. તેના પછી બીજો નંબર તે વડોદરા જિલ્લાનો આવે છે તેમાં પણ ૭ રકતપિત્તના દર્દીઓ છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે ૬૭ અનુસૂચિત જાતિ અને ૯૯ વિકસિત જાતિ, આવા અન્ય જે રકતપિત્ત...

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### જૂનાગઢ જિલ્લામાં શ્રમિકોને ચૂકવેલ ઓછું વેતન અન્વયે થયેલ કેસો

૨૦૨૪૨ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂનાગઢ જિલ્લામાં શ્રમિકોને લઘુત્તમ વેતનધારા કરતા ઓછું વેતન ચૂકવવા સબબ કેટલાની સામે તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ કઇ કલમો લગાવી કેસો કરવામાં આવ્યા ? | કોઇ કેસ કરવામાં આવેલ નથી. |

--------

### મહેસાણા જિલ્લામાં રોજગાર કચેરીમાં ઉમેદવારોની નોંધણી

૨૦૭૩૬ **: શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા)** : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા, જિલ્લાની રોજગાર વિનિમય કચેરીમાં ૨૦૧૦ ના વર્ષમાં કેટલા ઉમેદવારોની નોંધણી થયેલ હતી, અને | (૧) ૧૪,૨૮૦. |
| (૨) નોંધણી થયેલ ઉમેદવારો પેકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી ? | (૨) ક્રમ (૧) પેકી ૧,૫૧૦ ઉમેદવારોને રોજગારી મળી. |

--------

### કચ્છ જિલ્લામાં કોન્ટ્રાકટ પદ્ધતિના એકમોની નોંધણી

૨૧૦૨૭ **: શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વધતા જતા ઓદ્યોગિક એકમોમાં કોન્ટ્રાકટ લેબર પદ્ધતિથી કામ લેવાની પદ્ધતિ અમલમાં છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ભચાઉ-ગાંધીધામ-અંજાર-મુન્દ્રા-માંડવી-ભૂજ-અબડાસા અને લખપત તાલુકાનાં ઓદ્યોગિક એકમોમાં કોન્ટ્રાકટ પદ્ધતિથી કામ લેવાના મજુરોની સંખ્યા કેટલી છે, અને આ એકમોમાં કાયમી ધોરણે નોંધણી થયેલ મજૂરો/કર્મચારીઓની સંખ્યા કેટલી છે ? | (૨) કોન્ટ્રાકટ પદ્ધતિથી કામે લેવાયેલ મજુરો અને કાયમી ધોરણે નોંધણી થયેલ મજૂરો/કર્મચારીઓની સંખ્યા નીચે મુજબ છે. |

| તાલુકાનું નામ | કોન્ટ્રાકટ પદ્ધતિથી કામે લેવાના મજુરોની સંખ્યા | કાયમી ધોરણે નોંધણી થયેલ મજુરો/ કર્મચારીઓની સંખ્યા |
|---|---|---|
| ભચાઉ | ૬૩૬૫ | ૮૭૫૦ |

| | | |
|---|---|---|
| ગાંધીધામ | ૧૬૧૫૭ | ૧૫૦૦૦ |
| અંજાર | ૧૮૪૨૫ | ૧૮૦૫૩ |
| મુન્દ્રા | ૫૯૫૩૭ | ૬૦૩૦ |
| માંડવી | ૦૦ | ૯૫ |
| ભૂજ | ૫૮૦૪ | ૩૫૦૦ |
| અબડાસા | ૪૮૫ | ૧૭૦૦ |
| લખપત | ૧૬૩૭ | ૧૪૩૦ |
| **કુલ :** | **૧૦૮૪૧૦** | **૫૪૫૫૮** |

**વડોદરા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની મળેલ અરજીઓ**

૨૦૭૧૧ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ માટે લોન યોજનામાં વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૧. |
| (૩) કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી ? | (૩) ૨૧. |

--------

**વાણિજ્યિક વેરા કાયદાની આપેલ તાલીમ**

૨૦૭૩૩ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાણિજ્યિક વેરા કાયદાના અમલ માટે ખાતાના અધિકારીઓ/ કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવી, અને | (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અંગેની કુલ ૮૦૧ કર્મચારી/અધિકારીઓને અને કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની કુલ ૩૯૫ કર્મચારી/અધિકારીઓને વિભિન્ન તબક્કે તાલીમ આપવામાં આવેલ છે. |
| (૩) ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવી? | (૩) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદામાંની જોગવાઇઓ અને તેને લગતા નિયમો તેમજ કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની તાલીમ આપવામાં આવેલ છે. |

--------

**પોરબંદર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજનાની મળેલ અરજીઓ**

૨૦૬૮૭ : **શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૭૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૫૩. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૪,૫૯,૫૦૦/-. |

--------

**જૂનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૨૦૭૪૩ **: શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧૬૬. |
| (૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧૫૩ લાભાર્થીઓને ₹. ૭.૬૫ લાખ. |

--------

**રાજ્યમાં ઓદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં આચાર્ય (વર્ગ-૨) ની ખાલી જગ્યાઓ**

૨૦૯૪૧ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં આવેલ આઇ.ટી.આઇ.નાં આચાર્ય વર્ગ-૨ની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) ૧૧૩ જગ્યાઓ. |
| (૨) તે પૈકી બઢતીથી ભરવાની કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) આચાર્ય (વર્ગ-૨) ની ૧૧૩ ખાલી જગ્યાઓ પૈકી ૭૪ જગ્યાઓ બઢતીથી ભરવાની ખાલી છે. |
| (૩) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૩) *** પત્રક** મુજબ. |
| (૪) જગ્યાઓ ખાલી રહેવાના શાં કારણો છે, અને | (૪) વહીવટી કારણોસર. |
| (૫) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૫) બનતી ત્વરાએ. |

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

**ખેડા અને આણંદ જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા ભંગની મળેલ ફરિયાદો**

૨૦૬૦૭ **: શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં લઘુત્તમ વેતન ધારા ભંગ બદલ કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં મળી, અને | (૧) ખેડા જિલ્લામાં ૧૦૨ અને આણંદ જિલ્લામાં ૮૫ ફરિયાદો મળી. |
| (૨) તે અન્વયે શ્રમિકોને લઘુત્તમ વેતન મળે અને જવાબદારો સામે પગલાં લેવાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) ખેડા જિલ્લામાં ૯૪ શ્રમિકોને રૂ.૧૧,૧૬,૨૧૮/- સમજાવટથી તફાવતની ચૂકવણી કરવામાં આવી. અને ૨૦ કસુરવાર સામે ૨૭ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા.<br>આણંદ જિલ્લામાં ૯૮ શ્રમિકોને રૂ. ૩,૫૩,૬૯૦/- સમજાવટથી તફાવતની ચૂકવણી કરવામાં આવી. અને ૨૦ કસુરવાર સામે ૨૬ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા. |

--------

**આણંદ જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની મળેલ અરજીઓ**

૨૦૭૧૨ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિદેશ અભ્યાસ માટે લોન યોજનામાં આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) અનુસૂચિત જાતિ-૧૪<br>વિકસતી જાતિ- ૦૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં | (૨) અનુસૂચિત જાતિ-૦૬ |

આવી, અને

(૩) કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી?

વિક્સતી જાતિ- ૦૩

(૩) અનુસૂચિત જાતિ-૦૬
વિક્સતી જાતિ- ૦૩

--------

**તાપી જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતી મેળાઓ**

૨૦૦૬૭ : **શ્રી પુનાભાઈ ઘે. ગામીત (વ્યારા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં બેરોજગાર યુવાનોને રોજગારી મળી રહે તે માટે તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ઓદ્યોગિક ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા બેરોજગાર યુવાનોને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) યોજેલ ઓદ્યોગિક ભરતીમેળાઓ

| | |
|---|---|
| તા. ૦૧-૦૨-૨૦૦૯ થી તા. ૩૧-૦૧-૨૦૧૦ | ૦૩ |
| તા. ૦૧-૦૨-૨૦૧૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૧ | ૧૨ |
| **કુલ :-** | **૧૫** |

(૨) આપેલ રોજગારી

| | |
|---|---|
| તા. ૦૧-૦૨-૨૦૦૯ થી તા. ૩૧-૦૧-૨૦૧૦ | ૩૬ |
| તા. ૦૧-૦૨-૨૦૧૦ થી તા. ૩૧-૦૧-૨૦૧૧ | ૧૮૨ |
| **કુલ :-** | **૨૧૮** |

--------

**જામનગર જિલ્લામાં લઘુતમ વેતન ધારાના થયેલ કેસો**

૨૦૭૩૯ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લાની ગ્રામ શ્રમઆયુક્ત કચેરી દ્વારા લઘુતમ વેતન ધારા ભંગ અન્વયે કેટલા કેસો કરવામાં આવેલ છે, અને

(૨) કરવામાં આવેલ કેસોને કારણે કેટલા શ્રમિકોને લાભ થયેલ છે?

**જવાબ**

(૧) કોઈ કેસ કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમદાવાદ જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૭૨૬ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરસ્વતી સાધના યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| અ.નં. | વર્ષ | અનુ.જાતિ | વિક્સતી જાતિ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૧૨૪ | ૧૧૯૯ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૭૦ | ૫૬૬ |
| | **કુલ** | **૧૯૪** | **૧૭૬૫** |

(૨)

| અ.નં. | વર્ષ | અનુ.જાતિ | વિક્સતી જાતિ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૧૨૦ | ૧૧૨૩ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૬૬ | ૫૨૫ |
| | **કુલ** | **૧૮૬** | **૧૬૪૮** |

(૩) (અ) વર્ષ ૨૦૦૯-૧૦માં અનુસૂચિત જાતિની ૧૨૦ કન્યાઓને પ્રત્યેકને રૂા. ૨૦૦૦/- લેખે રૂા. ૨,૪૦,૦૦૦/- તથા વિક્સતી જાતિની ૧૧૨૩ કન્યાઓને રૂા. ૨૦૦૦/- લેખે રૂા. ૨૨,૪૬,૦૦૦/- રોકડ સહાય ચૂકવવામાં આવેલ છે.

(બ) વર્ષ ૨૦૧૦-૧૧માં અનુસૂચિત જાતિની ૬૬

ક્ન્યાઓને તથા વિક્સતી જાતિની ૫૨૫ ક્ન્યાઓને સાયક્લ આપવામાં આવેલ છે.

**રોજગાર અને તાલીમ ખાતામાં વર્ગ-૨ની બઢતીથી ભરવાની ખાલી જ્ગ્યાઓ**

૨૧૦૦૦ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રોજગાર અને તાલીમ ખાતામાં આચાર્ય વર્ગ-૨ની અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કેટલા ઉમેદવારોની બઢતીથી ભરવાની કેટલી જ્ગ્યાઓ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખાલી છે,

(૨) આ જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૩) જ્ગ્યાઓ ખાલી રાખવાનાં શાં કારણો છે, અને

(૪) આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| જ્ગ્યાનું નામ | અનુસુચિત જાતિ | | અનુસુચિત જન જાતિ | |
|---|---|---|---|---|
| | બઢતીથી ભરવાની | ખાલી | બઢતીથી ભરવાની | ખાલી |
| આચાર્ય વર્ગ-૨ | ૦૭ | ૦૬ | ૧૬ | ૧૪ |

(૨) નિવૃત્તિ અને અવસાનને કારણે જુદા જુદા સમયથી ખાલી છે,

(૩) આચાર્ય વર્ગ-૨ના તા. ૮-૨-૧૯૮૪ જાહેરનામા અન્વયે ભરતી નિયમો મુજબ બઢતી માટે ડીગ્રી/ડીપ્લોમા એન્જીનીયરીંગની લાયકાત અને પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન હોવાથી.

(૪) બનતી ત્વરાએ.

**નવી એસ.ટી. બસો ખરીદવા મળેલ દરખાસ્તો**

૨૦૬૦૪ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી નવી એસ.ટી. બસો ખરીદવા માટે તા.૩૧મી ડિસેમ્બર, ૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાકીય માંગણીની કેટલી દરખાસ્તો સરકારને મળી,

(૨) આ પૈકી વર્ષવાર સરકારે કેટલી દરખાસ્તોને નાણાકીય મંજૂરી આપી, અને

(૩) આ હેતુસર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ તરફથી નવી બસો ખરીદવા માટે તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાકીય માગણીની દરખાસ્તો સરકારને મળી તેની વિગત.

| ક્રમ | વર્ષ | માંગણીની રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૪૮.૫૦ |
| ૨ | ૨૦૧૦-૧૧ (ડિસે.-૧૦ સુધી) | ૨૮૧.૦૦ |

(૨) વર્ષવાર સરકારે કેટલી દરખાસ્તોને નાણાકીય મંજૂરી આપી તેની વિગત.

| ક્રમ | વર્ષ | મંજૂર થયેલ રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૪૮.૫૦ |
| ૨ | ૨૦૧૦-૧૧ (ડિસે.-૧૦ સુધી) | ૨૮૧.૦૦ |

(૩) આ હેતુસર થયેલ ખર્ચની વિગત.

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૨૪.૭૯ |
| ૨ | ૨૦૧૦-૧૧ (ડિસે.-૧૦ સુધી) | ખરીદીની પ્રક્રિયા પ્રગતિમાં છે. |

--------

**નવસારી જિલ્લામાં ખેલ મહાકુંભ અન્વયે ચુકવેલ રકમ**

૨૦૦૮૮ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં યોજવામાં આવેલ ખેલ મહાકુંભ અન્વયે નવસારી જિલ્લામાં ખેલ મહાકુંભના વિજેતાઓને ઇનામની રકમ અને સર્ટીફિકેટ ક્યારે આપવામાં આવ્યા,

(૨) આ ઇનામની કુલ રકમ કેટલી થાય છે, અને

(૩) ચુકવવાની બાકી રકમ કેટલા સમયમાં

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વિતરણ બાકી હતું.

(૨) રૂ. ૩૭,૮૨,૫૦૦/-.

(૩) વિજેતાઓને ઈનામોની બાકી રકમ અને

ચૂકવવામાં આવશે ?

સર્ટીફિકેટ તા. ૨૮-૦૨-૧૧ સુધીમાં આપવામાં આવેલ છે.

**ભાવનગર જિલ્લામાં સાતફેરા સમૂહ લગ્ન યોજનાની મળેલ અરજીઓ**

૨૦૫૪૭ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સાતફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમના ચેક ઇસ્યુ કરવામાં આવ્યા, અને

(૩) બાકી લાભાર્થીઓને ચેકો કેટલા સમયમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) :

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ | ઇસ્યુ કરેલ ચેકની રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ભાવનગર | ૪૦ | ૨૮ | ૧.૪૦ |
| ૨ | બોટાદ | - | - | - |
| ૩ | મહુવા | - | - | - |
| ૪ | તળાજા | ૧૦ | ૧૦ | ૦.૫૦ |
| ૫ | પાલીતાણા | ૮ | - | - |
| ૬ | સિહોર | - | - | - |
| ૭ | ગારિયાધાર | - | - | - |
| ૮ | વલ્લભીપુર | - | - | - |
| ૯ | ઉમરાળા | - | - | - |
| ૧૦ | ઘોઘા | - | - | - |
| ૧૧ | ગઢડા | - | - | - |
| | **કુલ :** | ૫૮ | ૩૮ | ૧.૯૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કચ્છ જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ**

૨૦૬૯૭ **: શ્રી ધનજીભાઈ ગો.સેંઘાણી (માંડવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૨૬૯.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ૧૦૫ મંજૂર.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) ૭૩ નામંજૂર.

--------

**ભાવનગર જિલ્લામાં વેટની થયેલ આવક**

૨૦૬૮૫ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાની ૨૦૧૦ ના વર્ષની સેલ્સટેક્ષ/વેટની આવક કેટલી થઇ,

(૧) રૂ. ૫૪૨.૦૭ કરોડ (ગ્રોસ) (પ્રોવિઝનલ).

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૨) રૂ. ૪૫.૩૪ કરોડ.

(૩) બાકી રકમ વસૂલ કરવા શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

**ચેસ મહોત્સવ - ૨૦૧૦ નો થયેલ ખર્ચ**

૨૦૭૮૨ **: શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ચેસ મહોત્સવ ૨૦૧૦માં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો, અને

(૧) ચેસ મહોત્સવ-૨૦૧૦ માં કુલ ૨૦,૦૧૭ ખેલાડીઓએ ભાગ લીધો.

(૨) આ ચેસ મહોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) આ ચેસ મહોત્સવ પાછળ અત્યાર સુધીમાં કુલ રૂ.૪,૫૪,૮૩,૩૨૨/- (રૂપિયા ચાર કરોડ, ચોપ્પન લાખ, ત્યાસી હજાર, ત્રણસો બાવીસ) નો ખર્ચ કરવામાં આવ્યો.

**ચેસ મહોત્સવ પાછળનો થયેલ ખર્ચ**

૨૦૭૮૦ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચેસ મહોત્સવ ૨૦૧૦માં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો, અને

(૨) આ ચેસ મહોત્સવ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ચેસ મહોત્સવ-૨૦૧૦ માં કુલ ૨૦,૦૧૭ ખેલાડીઓએ ભાગ લીધો.

(૨) આ ચેસ મહોત્સવ પાછળ અત્યાર સુધીમાં કુલ રૂ.૪,૫૪,૮૩,૩૨૨/- (રૂપિયા ચાર કરોડ, ચોપ્પન લાખ, ત્યાસી હજાર, ત્રણસો બાવીસ) નો ખર્ચ કરવામાં આવ્યો.

**આણંદ જિલ્લામાં યોજેલ ઓદ્યોગિક ભરતી મેળાઓ**

૧૯૩૯૬ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલા અને ક્યા ક્યા સ્થળે ઓદ્યોગિક ભરતી મેળાઓ યોજવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | સ્થળ | યોજેલ ઓદ્યોગિક ભરતીમેળા |
|---|---|---|
| (અ) વર્ષ - ૨૦૦૯ (તા.૧-૧-૨૦૦૯ થી તા.૩૧-૧૨-૨૦૦૯) | | |
| ૧ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૨ | નગર પાલિકા હોલ, આણંદ | ૧ |
| ૩ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૪ | આઈ.ટી.આઈ.કરમસદ | ૧ |
| ૫ | પી.જી.ડીપાર્ટમેન્ટ ડી.એસ.પી.કચેરી ગ્રાઉન્ડ, આણંદ | ૧ |
| ૬ | આઈ.ટી.આઈ.કરમસદ | ૧ |
| ૭ | આઈ.ટી.આઈ.વાસદ | ૧ |
| ૮ | આઈ.ટી.આઈ.વાસદ | ૧ |
| ૯ | આઈ.ટી.આઈ.વાસદ | ૧ |
| ૧૦ | રોજગાર કચેરી, આણંદ | ૧ |
| ૧૧ | ગુજરાત મશીનરી મેન્યુ. કંપની. કરમસદ | ૧ |
| ૧૨ | કોમ્યુનીટી હોલ, આણંદ | ૧ |
| ૧૩ | આઈ.ટી.આઈ.ખંભાત | ૧ |
| ૧૪ | આધ્યાત્મીક હોલ, ખંભાત | ૧ |
| ૧૫ | સૂર્યમંદિર, બોરસદ | ૧ |
| ૧૬ | પ્રેમાનંદ હોલ, ઉમરેઠ | ૧ |
| ૧૭ | મધુસુદન સાંસ્કૃતિક હોલ, આંકલાવ | ૧ |
| ૧૮ | મધુસુદન સાંસ્કૃતિક હોલ, આંકલાવ | ૧ |
| | **(અ) કુલ સરવાળો :** | **૧૮** |
| (બ) વર્ષ - ૨૦૧૦ (તા.૧-૧-૨૦૧૦ થી તા.૩૧-૧૨-૨૦૧૦) | | |
| ૧ | બી.વી.એમ.એન્જીનીયરીંગ, કોલેજ, વિ.વિ.નગર | ૧ |
| ૨ | એલીકોન હોલ, આણંદ | ૧ |
| ૩ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૪ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૫ | પાયોનીયર હાઈસ્કૂલ, આણંદ | ૧ |
| ૬ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૭ | આઈ.ટી.આઈ.વિ.વિ.નગર | ૧ |
| ૮ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૯ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૧૦ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |

| | | |
|---|---|---|
| ૧૧ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૧૨ | આઈ.ટી.આઈ.આણંદ | ૧ |
| ૧૩ | આઈ.ટી.આઈ.વલ્લભ વિદ્યાનગર | ૧ |
| ૧૪ | અવીવા લાઈફ ઈન્સ્યુરન્સ, વલ્લભ વિદ્યાનગર | ૧ |
| ૧૫ | આઈ.ટી.આઈ.વલ્લભ વિદ્યાનગર | ૧ |
| ૧૬ | આઈ.ટી.આઈ.વલ્લભ વિદ્યાનગર | ૧ |
| ૧૭ | બી.ડી.રાવ હોલ, ખંભાત | ૧ |
| ૧૮ | મોરલીધર હાઈસ્કૂલ, અલારસા | ૧ |
| ૧૯ | ન્યુ એજ્યુકેશન હાઈસ્કૂલ, પેટલાદ | ૧ |
| ૨૦ | એચ.એમ.દવે હાઈસ્કૂલ, ઉમરેઠ | ૧ |
| ૨૧ | મધુસુદન સાંસ્કૃતિક હોલ, આંક્લાવ | ૧ |
| ૨૨ | એમ.એસ.હાઈસ્કૂલ, પીપળાવ | ૧ |
| ૨૩ | મોરેજ હાઈસ્કૂલ, તારાપુર | ૧ |
| ૨૪ | ઇન્દ્રણજ હાઈસ્કૂલ, તારાપુર | ૧ |
| | **(બ) કુલ સરવાળો :** | ૨૪ |
| | **(અ) અને (બ) કુલ સરવાળો :** | ૪૨ |

(૨) આ મેળાઓ દરમ્યાન કેટલા બેરોજગારોને રોજગારી મળી ?

(૨)

| વર્ષ | મળેલ રોજગારી |
|---|---|
| ૨૦૦૯ | ૨૬૯૩ |
| ૨૦૧૦ | ૪૪૭૯ |
| કુલ : | ૭૧૭૨ |

--------

**પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને સીએનજી ગેસ પરના વેટ ઉપરના સરચાર્જની વસુલ થયેલ રકમ**

૨૦૦૭૨ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, એલપીજી અને સીએનજી ગેસ ઉપર વેટના દર શું છે, તેના ઉપર ઓક્ટ્રોય અવેજમાં કેટલો સરચાર્જ અમલમાં છે, અને

(૧)

| નામ | વેટનો દર | સેસનો દર |
|---|---|---|
| પેટ્રોલ | ૨૩% | ૨% |
| ડીઝલ | ૨૧% | ૩% |
| એલ.પી.જી. (ડોમેસ્ટીક) | માફી | -- |
| સી.એન.જી. | ૧૫% (વધારાના વેરા સહિત) | -- |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર લીટર/સીલીન્ડર/કીલો દીઠ વેટ અને સરચાર્જ પેટે કેટલી રકમ વસુલવામાં આવી ?

(૨) લીટર/સીલીન્ડર/કીલો દીઠ વેટ અને સરચાર્જ વસુલ કરવામાં આવતા નથી, પરંતુ કિંમત ઉપર ટકાવારી પ્રમાણે વસુલ કરવામાં આવે છે. તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષની પેટ્રોલ, ડીઝલ, એલપીજી (ડોમેસ્ટીક) અને સીએનજી ગેસની કુલ આવકો નીચે મુજબ છે.

(રૂપિયા કરોડમાં)

| **નામ** | **વેટ** | **સેસ** |
|---|---|---|
| ૨૦૦૮ | ૩૨૦૯.૮૯ | ૫૩૮.૪૨ |
| ૨૦૦૯ | ૨૧૭૮.૭૩ | ૪૯૪.૫૬ |
| ૨૦૧૦ | ૨૮૮૪.૩૩ | ૫૯૬.૩૯ |

--------

**અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૬૮૮ : **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૧) ૨૪૭.

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, (૨) ૨૦૭.

(૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને (૩) ૪૦.

(૪) કેટલી રકમ ચૂકવવામાં આવી ? (૪) રૂ. ૪,૬૮,૨૦૦/-.

--------

**વિકલાંગોને વિમા સુરક્ષા કવચ**

૨૦૭૮૫ **: શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના વિક્લાંગોને વિમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઇ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તે યોજના અન્વયે વિક્લાંગોને કેટલી રકમનો વીમો આપવામાં આવે છે, અને

(૩) તેમાં કેટલી રકમનું પ્રિમિયમ ભરવાનું હોય છે ?

**જવાબ**

(૧) હા, જી.

હાલમાં રાજ્યમાં વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા વિકલાંગો માટે વીમા સુરક્ષા કવચ જે ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના અમલમાં છે.

(૨) ૧ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો આપવામાં આવે છે.

(૩) ચાલુ વર્ષ માટે ₹. ૨૭.૧૭ લાખ (રૂપિયા સત્તાવીસ લાખ સત્તર હજાર પૂરા)નું પ્રિમિયમ ચૂક્વાયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ફાળવેલ ગ્રાન્ટ**

૨૦૪૪૮ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં રમતગમત વિભાગે એક વર્ષમાં કેટલા રૂા.ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ,

(૨) તેમાં ક્યા ક્યા તાલુકાઓમાં આપવામાં આવેલ,

(૩) તેમાં ક્યા ક્યા તાલુકાઓએ ૧૦૦% ગ્રાન્ટનો ઉપયોગ કરેલ,

(૪) જિલ્લામાં રમતગમત વિભાગ હસ્તકના મેદાન માટેની જગ્યા લોક ભાગીદારીથી ડેવલોપ કરવા ક્યા ક્યા તાલુકામાંથી વિભાગને દરખાસ્તો મળેલ છે, અને

(૫) આ સ્થિતિએ દરખાસ્તો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) રૂા.૭૧,૭૭,૦૯૨.

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | ડીસા | ૧૪,૯૩,૭૨૨ |
| ૨ | પાલનપુર | ૯,૭૭,૪૭૦ |
| ૩ | દીયોદર | ૧૩,૩૭,૯૩૦ |
| ૪ | વડગામ | ૬,૨૧,૦૯૦ |
| ૫ | વાવ | ૪,૪૪,૨૦૦ |
| ૬ | કાંકરેજ (થરા) | ૩,૬૦,૪૪૦ |
| ૭ | દાંતીવાડા | ૭૭,૦૦૦ |
| ૮ | ભાભર | ૨,૬૫,૦૦૦ |
| ૯ | દાંતા | ૩,૯૦,૧૦૦ |
| ૧૦ | ધાનેરા | ૩,૨૫,૫૦૦ |
| ૧૧ | થરાદ | ૭,૪૫,૮૪૦ |
| ૧૨ | અમીરગઢ | ૧,૩૮,૮૦૦ |
| | **કુલ** | **૭૧,૭૭,૦૯૨** |

(૩) કેટલીક રમત સ્પર્ધાનો ખર્ચ તા.૩૧-૩-૨૦૧૧ સુધીના નાણાકીય વર્ષમાં થનાર હોઇ કોઇ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ૧૦૦% ગ્રાન્ટનો ઉપયોગ થયેલ નથી.

(૪) જિલ્લામાં રમતગમત વિભાગ હસ્તકના મેદાન માટેની જગ્યા લોક ભાગીદારીથી ડેવલોપ કરવા ધાનેરા તાલુકામાંથી વિભાગને દરખાસ્ત મળેલ છે.

(૫) પ્રસ્તુત દરખાસ્તવાળી જમીન રમતના મેદાન

માટે ડેવલોપ કરી શકાય તેમ ન હોવાથી વૈકલ્પિક જગ્યા સુચવવા જણાવાયેલ છે.

### પંચમહાલ જિલ્લાના પેન્શનરોના કેસોની સંખ્યા

૧૯૩૯૫ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા)** : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તા.૧-૧-૨૦૦૬ પછી નિવૃત્ત થનાર રાજ્ય સરકાર અને પંચાયતના શિક્ષકો સહિતના કર્મચારીઓના પેન્શનના કેસો નવા પગાર ધોરણે નક્કી કરવામાં આવ્યા છે કે જૂના પગાર ધોરણે નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવા પગાર ધોરણે તૈયાર કરાયેલ પેન્શનરોની સંખ્યા કેટલી છે તથા જૂના પગાર ધોરણે કરાયેલ પેન્શનરોની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) સુધારેલ પગાર ધોરણમાં પગાર બાંધણી તથા ચકાસણી થયેલ કેસો નવા પગાર ધોરણ મુજબ અને બાકીના કેસો જુના પગાર ધોરણ મુજબ અધિકૃત કરવામાં આવેલ છે.

(૨) જુના પગાર ધોરણ મુજબ ૧૯૨૧
નવા પગાર ધોરણ મુજબ ૧૨૯૨
કુલ - ૩૨૧૩

### રાજકોટ જિલ્લામાં ખેલ મહાકુંભ

૨૦૭૮૪ : **ડો. ભરતભાઈ બોઘરા (જસદણ )** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેલ મહાકુંભ - ૨૦૧૦માં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો,

(૨) તે પૈકી કેટલા ખેલાડીઓ વિજેતા બન્યા હતા, અને

(૩) વિજેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઇનામો પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ખેલ મહાકુંભ-૨૦૧૦માં રાજકોટ જિલ્લામાં કુલ **૫૦૨૯૧** ખેલાડીઓએ ભાગ લીધો હતો.

(૨) તે પૈકી **૨૧૧૫** ખેલાડીઓ વિજેતા બન્યા.

(૩) વિજેતા ખેલાડીઓને આપવામાં આવેલ ઇનામો પાછળ **રૂ.૭૩,૮૯,૦૦૦/-** નો ખર્ચ થયો.

### વડનગર ખાતેથી અવશેષો અંગે લીધેલ પગલાં

૨૦૭૮૧ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના વડનગર ખાતે કોઇ ઉત્ખનન કામગીરી ચાલી રહે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ઉત્ખનન દરમિયાન ક્યા પ્રકારના અવશેષો મળ્યાં, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૦૦૬ થી ૨૦૧૦ સુધીમાં ચાર વર્ષમાં વડનગરમાં ઘ્રાસકોળ દરવાજા, દુર્ગામાતા મંદિર, ખારીકૂઇ જેવા વિવિધ સ્થળોએ પુરાતત્વીય ઉત્ખનન ધ્વારા પ્રાચિન નગર રચના તથા નગર વિકાસના મહત્વપૂર્ણ અવશેષો મળી આવ્યા છે. નગરની ફરતે ઇ.સ.પૂર્વ ત્રીજી શતાબ્દિના કિલ્લામાં બાંધકામ મળી આવેલ છે. આ કિલ્લાની અંદર વિવિધ આવાસોની રચના જોવા મળેલ છે. ઉત્ખન્નિત અવશેષો પરથી ઇ.સ.ની ૧૭મી સદીના ગાળામાં આ કિલ્લાના વ્યાપમાં સમયાંતરે નગર વિકાસ અર્થે સુધારા વધારા થતાં હોવાના પુરાવાઓ સાંપડે છે.

ઘ્રાસકોળ દરવાજા પાસે ઉત્ખનન હાથ ધરતાં અલભ્ય એવા બોધ્ધ સ્તુપ તથા બોધ મઠના મળી આવેલ અવશેષો આજે પણ દ્રશ્યમાન છે. આ અવશેષો ઇ.સ.ની પ્રથમ સદીથી સાતમી સદી સુધીના સમયગાળાના હોવાનું જણાયેલ છે. પ્રસિધ્ધ ચીની યાત્રી હ્યુએનસાંગે ૭મી સદીમાં વડનગરના બોધ સંઘોની મુલાકાત લીધી હતી. જે તેની નોંધપોથી દ્વારા જણાય છે. મઠમાંથી ભગવાન બોધ્ધ સંબંધિત કથાને નિરૂપતા અવશેષો, ઉપરાંત બ્રાહ્મીલીપી અંકિત પાત્રખંડો, ચરણપાદુકાનું મુદ્રાંક્ન,

| | |
|---|---|
| | બુધ્ધ શીર્ષ, ચાંદી અને તાંબાના સિક્કાઓ, વિવિધ મુદ્રાઓ, પક્વેલી માટીના મણકા, વિવિધ ભાતયુક્ત શંખની બંગડીના અવશેષો, માટીના રમકડાં, માનવ મુખાકૃતિઓ વિગેરે મળી આવેલ છે. આ બોધ્ધ અવશેષોના નાશ પછીના સ્તરમાં પાણી સંગ્રહ કરવા માટે કુંડની રચના મળી આવેલ છે. જે સોલંકી કાળની હોવાનું જણાય છે. જેની ઉપર મરાઠા કાળ સુધીના ક્રમિક અવશેષો પ્રાપ્ત થાય છે. |
| (૩) આ અવશેષોની જાળવણી માટે સરકારે શાં પગલાં લીધા છે ? | (૩) ઘ્રાસકોળ દરવાજા પાસેથી મળી આવેલ બોધ સ્તુપ, મઠ તેમજ અન્ય અવશેષોના સંરક્ષણ તેમજ કાયમી પ્રદર્શન માટે વર્ષ ૨૦૧૧-૧૨ના બજેટમાં વેધર શેડ બનાવાવની રૂ.૪૦ લાખની નવી બાબત રાખવામાં આવેલ છે. |

## આણંદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી

૧૯૮૫૫ : **શ્રી જયંતભાઈ પટેલ (સારસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આણંદ જિલ્લામાં રોજગાર કચેરીમાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા બેરોજગારોની નોંધણી કરવામાં આવી, એમાંથી કેટલાને રોજગારી મળી, કેટલાને સરકારી અને કેટલાને બીનસરકારી ? | તા. ૧-૪-૨૦૧૦ થી ૩૧-૧-૨૦૧૧ દરમ્યાન ૧૪,૨૩૨ બેરોજગારોની નોંધણી કરવામાં આવી.<br>ઉપર્યુક્ત નોંધણી થયેલ બેરોજગારો પૈકી ૧,૯૩૯ ને રોજગારી મળી.<br>તે પૈકી ૧૦ ને સરકારી અને ૧,૯૨૯ ને બીનસરકારી નોકરી મળી. |

## વિક્લાંગોને વિમા સુરક્ષા કવચ

૨૦૭૮૯ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના વિક્લાંગોને વીમા સુરક્ષા કવચ હેઠળ આવરી લેવા તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઇ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી.<br>હાલમાં રાજ્યમાં વિક્લાંગ ઓળખકાર્ડ ધરાવતા વિક્લાંગો માટે વીમા સુરક્ષા કવચ જે ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના અમલમાં છે. |
| (૨) જો હા, તો તે યોજના અન્વયે વિક્લાંગોને કેટલી રકમનો વીમો આપવામાં આવે છે, અને | (૨) ૧ લાખની મહત્તમ રાશીની મર્યાદામાં વીમો આપવામાં આવે છે. |
| (૩) તેમાં કેટલી રકમનું પ્રિમિયમ ભરવાનું હોય છે ? | (૩) ચાલુ વર્ષ માટે રૂા. ૨૭.૧૭ લાખ (રૂપિયા સત્તાવીસ લાખ સત્તર હજાર પૂરા)નું પ્રિમીયમ ચૂક્વાયેલ છે. |

## અમદાવાદ જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો

૨૦૭૨૯ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૧૧. |
| (૨) તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ? | (૨) કુમાર છાત્રાયલ - ૦૮<br>કન્યા છાત્રાલય - ૦૩ |

## મહેસાણા, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકોની હિજરત

૧૯૫૫૧ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે | (૧) એક પણ નહીં. |

વર્ષમાં મહેસાણા, સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકોની હિજરતના કેટલા કેસો નોંધાયા, અને

(૨) હિજરત થયેલા આ પરિવારોને રાજ્ય સરકાર તરફથી ક્યા ક્યા પ્રકારની સહાય આપવામાં આવી ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વાણિજ્યિક વેરા કાયદાની આપેલ તાલીમ**

૨૦૭૩૨ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય નાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વાણિજ્યિક વેરા કાયદાના અમલ માટે ખાતાના અધિકારીઓ/કર્મચારીઓને તાલીમ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કર્મચારી/અધિકારીઓને તાલીમ આપવામાં આવી, અને

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદા અંગેની કુલ ૮૦૧ કર્મચારી/અધિકારીઓને અને કોમ્પ્યુટર મોડ્યુલ્સ અંગેની કુલ ૩૯૫ કર્મચારી/અધિકારીઓને વિભિન્ન તબક્કે તાલીમ આપવામાં આવેલ છે.

(૩) ક્યા ક્યા પ્રકારની તાલીમ આપવામાં આવી?

(૩) ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા કાયદામાંની જોગવાઇઓ અને તેને લગતા નિયમો તેમજ કોમ્પ્યુટર મોડયુલ્સ અંગેની તાલીમ આપવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓની મંજૂર બેઠકો**

૨૦૭૧૮ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નવસારી જિલ્લાના કેટલા તાલુકાઓમાં ક્યા સ્થળે સરકારી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

(૧)

| | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું સ્થળ |
|---|---|---|
| ૧ | ચિખલી | ચિખલી |
| | | અગાસી |
| | | ખેરગામ |
| ૨ | ગણદેવી | ગણદેવા |
| | | બિલીમોરા |
| ૩ | જલાલપોર | જલાલપોર |
| ૪ | નવસારી | નવસારી (મહિલા) |
| | | ગણેશ સીશોદ્રા |

(૨) મંજૂર થયેલ સરકારી આઈ.ટી.આઈ.માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા તાલીમાર્થીઓની બેઠક મંજૂર થયેલ છે,

(૨)

| | આઈ.ટી.આઈ.નું નામ | તાલીમાર્થીઓની મંજૂર બેઠકો |
|---|---|---|
| ૧ | ચિખલી | ૨૮૮ |
| ૨ | અગાસી | ૩૦૪ |
| ૩ | ખેરગામ | ૨૧૬ |
| ૪ | ગણદેવા | ૩૦૦ |
| ૫ | બિલીમોરા | ૨૮૮૪ |
| ૬ | જલાલપોર | ૧૨૮ |
| ૭ | નવસારી (મહિલા) | ૧૧૨ |
| ૮ | ગણેશ સીશોદ્રા | ૨૪૦ |
| ૯ | વાંસદા | ૩૨૪ |

(૩) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં ગ્રાન્ટ ઈન એઈડ ઓદ્યોગિક તાલીમ કેન્દ્ર/સ્વનિર્ભર તાલીમ કેન્દ્ર છે કે કેમ, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં આઈ.ટી.આઈ. શરૂ કરવા માટેનું કોઈ આયોજન કરેલ છે કે કેમ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રમયોગીઓને આપેલ પુરસ્કાર**

૨૦૭૨૪ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ઓદ્યોગિક શ્રમયોગીઓને પ્રોત્સાહિત કરવા પુરસ્કાર આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો શ્રમયોગીઓને શું પુરસ્કાર આપવામાં આવે છે, અને | (૨) રોકડ રકમ, સ્મૃતિ ચિન્હ અને પ્રમાણપત્ર આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા શ્રમયોગીઓને આવા પુરસ્કાર આપવામાં આવ્યા ? | (૩) ૨૨. |

**ગાંધીનગર જિલ્લામાં મરણોત્તર સહાય યોજના અન્વયે ચૂકવેલ સહાય**

૨૦૭૦૦ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અનુસૂચિત જાતિ માટેની મરણોત્તર સહાયની યોજના હેઠળ ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | રૂા. ૧૦,૦૫,૦૦૦/-. |

--------

**આણંદ જિલ્લામાં એપ્રેન્ટીસ એકટનું પાલન ન કરતાં એકમો**

૨૦૯૪૪ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં એપ્રેન્ટીસ એકટ હેઠળ આવતા એકમો ક્યા ક્યા છે | (૧) ૧૬૦ એકમો<br>***પત્રક** અ મુજબ |
| (૨) સદર એકમોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકો એપ્રેન્ટીસ તરીકે જોડાયા, અને | (૨) ૩૧૬૩. |
| (૩) જે એકમો એપ્રેન્ટીસ એકટનું પાલન નથી કરતા તેઓની સામે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) એકમોને બેઠકો ભરવા વિગતે સમજ આપેલ છે તેમજ ભરતી મેળામાં હાજર રહેવા જણાવેલ છે,અને ચાલુ સત્રમાં બેઠકો ભરવા (ફેબ્રુઆરી-૨૦૧૧ થી એપ્રિલ-૨૦૧૧ દરમ્યાન જણાવવામાં આવેલ છે. |

**(*પત્રક-અ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે).**

**રોજગાર અને તાલીમ ખાતામાં વર્ગ-૨ની બઢતીથી ભરવાની ખાલી જગ્યાઓ**

૨૧૦૦૨ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રોજગાર અને તાલીમ ખાતામાં આચાર્ય વર્ગ-૨ની અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારોની બઢતીથી ભરવાની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખાલી છે,

(૧)

| જગ્યાનું નામ | અનુસુચિત જાતિ | | અનુસુચિત જન જાતિ | |
|---|---|---|---|---|
| | બઢતીથી ભરવાની | ખાલી | બઢતીથી ભરવાની | ખાલી |
| આચાર્ય વર્ગ-૨ | ૦૭ | ૦૬ | ૧૬ | ૧૪ |

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) જુદા જુદા સમયથી ખાલી છે.

| | |
|---|---|
| (૩) જગ્યાઓ ખાલી રાખવાનાં શાં કારણો છે, અને | (૩) આચાર્ય વર્ગ-૨ના તા. ૮-૨-૧૯૮૪ જાહેરનામા અન્વયે ભરતી નિયમો મુજબ બઢતી માટે ડીગ્રી/ડીપ્લોમા એન્જીનીયરીંગની લાયકાત અને પાંચ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન હોવાથી. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૪) બનતી ત્વરાએ. |

--------

## મહેસાણા જિલ્લામાં લઘુત્તમ વેતન ભંગના નોંધાયેલ કિસ્સાઓ

૨૦૭૩૦ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ૨૦૧૦ના વર્ષમાં લઘુત્તમ કરતા ઓછા વેતન ભંગની ચૂકવણી કરવા અંગેના કેટલા કિસ્સા શ્રમ આયુક્ત કચેરીના ધ્યાને આવ્યા, અને | (૧) ૯૨. |
| (૨) આ કિસ્સાઓ પૈકી કેટલા ઓદ્યોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી ? | (૨) તમામ (૯૨) કિસ્સાઓમાં ૪૧૭ ઓદ્યોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરાવવામાં આવી. |

## શ્રમિકોને દિવાળી બોનસ સમયસર મળે તે માટે તકેદારી

૨૦૭૧૯ : **શ્રી નાનુભાઈ ભ.વાનાણી (સુરત શહેર (ઉત્તર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| શ્રમિકોને સમયસર દિવાળીનું બોનસ મળી રહે તે માટે સરકાર દ્વારા ક્યા પ્રકારની તકેદારી રાખવામાં આવે છે ? | શ્રમયોગીઓને દિવાળીના તહેવાર ઉપર સમયસર બોનસ મળે તે માટે શ્રમ આયુક્તની કચેરી તથા રીજીયન કચેરીઓમાં ખાસ સેલ ઉભુ કરવામાં આવે છે તથા હક્કદાર શ્રમયોગીઓને તેમનું લેણું નીકળતું કાયદેસરનું બોનસ દિવાળી પહેલા મળે તે માટે મોનીટરીંગ કરી દિવાળી પહેલા બોનસ ચૂકવાઇ જાય તેવા પ્રયત્નો શ્રમતંત્ર દ્વારા કરવામાં આવે છે. |

## રાજ્ય સરકાર દ્વારા જામીનગીરી અન્વયે મેળવેલ રકમ

૧૯૪૬૦ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ ની રાજ્યની બજેટરી યોજનાના અમલીકરણ માટે રાજ્યના નાણા વિભાગે તા.૩૧-૧૨-૧૦ સુધીમાં જામીનગીરી ગીરવે મૂકીને બજારમાંથી કેટલી રકમ મેળવી, | (૧) શૂન્ય. |
| (૨) આ જામીનગીરી કોની પાસે ગીરવે મૂકવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ રીતે મેળવેલ રકમ ઉપર કેટલા ટકા વ્યાજ આપવાનું થાય છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## વાહન વ્યવહારની કચેરી વડોદરા ખાતે મંજૂર મહેકમ તેમજ ખાલી જગ્યાઓ

૨૦૫૬૬ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ વાહન વ્યવહારની કચેરી વડોદરામાં કુલ કેટલી | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વાહન વ્યવહારની કચેરી વડોદરામાં ખાલી જગ્યાના મહેકમની |

જ્ગ્યાનું મહેક્મ ખાલી છે અને કઇ કઇ જ્ગ્યા ખાલી છે, વિગતો નીચે મુજબ છે.

| જ્ગ્યાનો પ્રકાર | ખાલી મહેક્મ |
|---|---|
| પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૧ | ૦૧ |
| સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વર્ગ-૨ | ૦૨ |
| વહીવટી અધિકારી, વર્ગ-૨ | ૦૧ |
| મોટર વાહન પ્રોસીક્યુટર, વર્ગ-૨ | ૦૧ |
| હિસાબી અધિકારી, વર્ગ-૨ | ૦૧ |
| મામલતદાર, વર્ગ-૨ | ૦૧ |
| મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૦૯ |
| સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૧ |
| મુખ્ય કારકુન, વર્ગ-૩ | ૦૧ |
| જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૮ |
| સંશોધન મદદનીશ, વર્ગ-૩ | ૦૧ |
| આંકડા મદદનીશ, વર્ગ-૩ | ૦૨ |
| પટાવાળા, વર્ગ-૪ | ૦૧ |
| **કુલ :** | **૩૦** |

(૨) જે મંજૂર મહેક્મમાં ખાલી જગાઓ છે તે સત્વરે સરકાર ભરવા માંગે છે કે કેમ, અને — (૨) હા.

(૩) જો હા, તો ક્યારે ? — (૩) સત્વરે.

--------

**જૂનાગઢ જિલ્લામાં આઇ.ટી.આઇ. ના તાલીમાર્થીઓની મંજૂર બેઠકો**

૨૦૭૧૭ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લાના કેટલા તાલુકાઓમાં ક્યા સ્થળે સરકારી આઇ.ટી.આઇ. કાર્યરત છે,

(૧)

| | તાલુકાનું નામ | આઇ.ટી.આઇ.નું સ્થળ |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ભેંસાણ |
| ૨ | જુનાગઢ | જુનાગઢ |
| ૩ | કેશોદ | કેશોદ |
| ૪ | કોડીનાર | કોડીનાર |
| ૫ | માલીયા(હાટીના) | માલીયા(હાટીના) |
| ૬ | માણાવદર | માણાવદર |
| ૭ | મેંદરડા | મેંદરડા |
| ૮ | સુત્રાપાડા | સુત્રાપાડા |
| ૯ | તલાલા | ધુસીયા(ગીર) તા. તલાલા |
| ૧૦ | ઉના | દેલવાડા તા. ઉના |
| ૧૧ | વિસાવદર | વિસાવદર |

(૨) મંજૂર થયેલ સરકારી આઇ.ટી.આઇ.માં તારીખઃ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા તાલીમાર્થીઓની બેઠક મંજૂર થયેલ છે,

(૨)

| | આઇ.ટી.આઇ.નું નામ | તાલીમાર્થીઓની મંજૂર |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧૨૮ |
| ૨ | જુનાગઢ | ૧૨૧૨ |
| ૩ | કેશોદ | ૩૭૬ |
| ૪ | કોડીનાર | ૧૨૮ |
| ૫ | માલીયા (હાટીના) | ૧૬૦ |
| ૬ | માણાવદર | ૧૨૮ |
| ૭ | મેંદરડા | ૧૨૦ |
| ૮ | સુત્રાપાડા | ૧૨૮ |

| | | |
|---|---|---|
| ૮ | સુત્રાપાડા | ૧૨૮ |
| ૯ | ધુસીયા(ગીર) તા.તલાલા | ૨૪૮ |
| ૧૦ | દેલવાડા તા. ઉના | ૨૯૬ |
| ૧૧ | વિસાવદર | ૧૨૪ |

(૩) તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. નથી ત્યાં ગ્રાન્ટ ઇન એઇડ ઓદ્યોગિક તાલીમ કેન્દ્ર/સ્વનિર્ભર તાલીમ કેન્દ્ર છે કે કેમ, અને

(૩) હા, જી. (૧) માંગરોળ, (૨) વંથલી, (૩) વેરાવળ ખાતે ગ્રાન્ટ ઇન એઇડ ઓદ્યોગિક તાલીમ કેન્દ્ર કાર્યરત છે.

(૪) જે તાલુકામાં સરકારી આઇ.ટી.આઇ. નથી ત્યાં આઇ.ટી.આઇ. શરૂ કરવા માટેનું કોઇ આયોજન કરેલ છે કે કેમ ?

(૪) હા, જી.

## સુરત જિલ્લામાં રોજગાર કચેરીમાં ઉમેદવારોની નોંધણી

૨૦૭૩૮ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સુરત જિલ્લાની રોજગાર કચેરીમાં ૨૦૧૦ના વર્ષમાં કેટલા ઉમેદવારોએ નોંધણી કરાવેલ હતી, અને

(૧) ૩૨,૯૫૧.

(૨) નોંધણી થયેલ ઉમેદવારો પેકી કેટલા ઉમેદવારોને રોજગારી મળી ?

(૨) ક્રમ (૧) પેકી ૧૮,૧૫૫ ઉમેદવારોને રોજગારી મળી.

## ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય હેઠળ ચૂકવેલ રકમ

૨૦૭૦૭ : **શ્રી કેશુભાઈ નાકરાણી (શિહોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ગણવેશ સહાયની યોજનામાં ભાવનગર જિલ્લામાં વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને

(૧)

| અ. નં. | જાતિ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | અનુ. જાતિ | ૫૮૬૬ | ૫૬૭૬ |
| ૨ | વિકસતી જાતિ | ૨,૯૫,૯૦૭ | ૨,૮૭,૯૩૨ |
| | **કુલ :** | **૩,૦૧,૭૭૩** | **૨,૯૩,૬૦૮** |

(૨) જે પેકી કેટલી રકમ ચૂકવાવામાં આવેલ છે ?

(૨)

| અ. નં. | જાતિ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | અનુ. જાતિ | ૮,૭૯,૯૦૦ | ૮,૫૧,૪૦૦ |
| ૨ | વિકસતી જાતિ | ૪,૪૩,૮૬,૦૫૦ | ૪,૩૧,૮૯,૮૦૦ |
| | **કુલ :** | **૪,૫૨,૬૫,૯૫૦** | **૪,૪૦,૪૧,૨૦૦** |

## સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટમોચન યોજનાની મળેલ અરજીઓ

૨૦૬૯૪ : **શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટ મોચન યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે,

(૧) ૨૬૩.

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ૯૮ મંજૂર.

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ?

(૩) ૯૫ નામંજૂર.

**જૂનાગઢ જિલ્લામાં નવી સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવા કરેલ આયોજન**

૧૯૩૯૯ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તારીખ : ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ. છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આઈ.ટી.આઈ.નું સ્થળ |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ભેંસાણ |
| ૨ | જુનાગઢ | જુનાગઢ |
| ૩ | કેશોદ | કેશોદ |
| ૪ | કોડીનાર | કોડીનાર |
| ૫ | માલીયા (હાટીના) | માલીયા (હાટીના) |
| ૬ | માણાવદર | માણાવદર |
| ૭ | મેંદરડા | મેંદરડા |
| ૮ | સુત્રાપાડા | સુત્રાપાડા |
| ૯ | તલાલા | ધુસીયા(ગીર) |
| ૧૦ | ઉના | દેલવાડા તા. ઉના |
| ૧૧ | વિસાવદર | વિસાવદર |

(૨) જે તાલુકામાં સરકારી આઈ.ટી.આઈ. નથી ત્યાં સરકારી નવી આઈ.ટી.આઈ. શરૂ કરવા સરકાર માંગે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં ક્યા ક્યા તાલુકામાં ક્યા ક્યા ટ્રેડની સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન છે ?

(૩) વર્ષ ૨૦૧૧-૨૦૧૨ માં સ્થાનિક જરૂરિયાત તથા સ્થાનિક ઉદ્યોગોની માંગ અનુસારના ૦૪ ટ્રેડ તથા ૧૨૮ બેઠકો વાળી (૧) માંગરોળ (૨) વંથલી અને (૩) વેરાવળ ખાતે સરકારી આઈ.ટી.આઈ. શરૂ કરવાનું આયોજન છે.

--------

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૭૦૨ **: શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કુંવરબાઈના મામેરા યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી

(૧) ૨૭૨૯.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૨) ૨૩૧૨.

(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ?

(૩) ૨૩૧૨.

--------

**આર.ટી.ઓ. ચેકપોસ્ટ, શામળાજી ખાતે નવી જગાઓનું કરેલ આયોજન**

૨૦૨૮૪ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ખાતે આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર મંજૂર મહેકમ કેટલું છે,

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં શામળાજી ખાતે આવેલ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર મંજૂર મહેકમ નીચે મુજબ છે.

| જ્યાનો પ્રકાર | મહેકમ |
|---|---|
| મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૦૭ |
| સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૬ |
| સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૧ |
| જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૯ |
| પટાવાળા, વર્ગ-૪ | ૦૨ |
| **કુલ મહેકમ** | **૨૫** |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જ્યાઓ ભરેલી છે, કેટલી ખાલી છે,

(૨) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભરેલી/ખાલી જ્યાઓની વિગત નીચે પ્રમાણે છે.

| જ્યાનો પ્રકાર | ભરેલ જ્યા | ખાલી જ્યા |
|---|---|---|
| મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨ | ૦૩ | ૦૪ |
| સહાયક મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૩ | ૦૧ | ૦૫ |
| સીનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૧ | ૦૦ |
| જુનીયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૬ | ૦૩ |
| પટાવાળા, વર્ગ-૪ | ૦૧ | ૦૧ |
| **કુલ મહેકમ** | **૧૨** | **૧૩** |

(૩) કામના ભારણને ધ્યાને લઈ નવી કોઈ જ્યાઓ ઊભી કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) ના, જી.

(૪) એના માટે સ્થળ પર કામના ભારણની સમીક્ષા કરવામાં આવી છે કે કેમ, અને ક્યારે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## વેટ ભરતા વેપારીઓને જામીનગીરી સર્ટી.ની રકમ

૧૯૭૬૯ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વેટ ટેક્ષ ભરતા વેપારીઓને જામીનગીરી પેટે ૩૬ માસ માટે ખાતામાં એન.એસ.સી. સર્ટીફીકેટ જમા કરાવવાના હોય છે તે હકીક્ત સાચી છે,

(૧) ના.

(૨) હાલમાં જે વેપારીઓની ૩૬ માસની મુદ્દત પૂર્ણ થઈ છે તેમને ડીપોઝીટ પેટે જમા કરાવેલ એન.એસ.સી. સર્ટી. કે તેની પાક્તી રકમ મળી નથી એ હકીક્ત સાચી છે,

(૨) ના.

(૩) સરકાર વેપારીઓને ડીપોઝીટ પાક્તી રકમ સમયસર પરત મળી રહે માટે જરૂરી કાર્યવાહી કરવા માગે છે, અને

(૩) વેટ કાયદાની જોગવાઈ મુજબ જામીનગીરી પરત મેળવવા વેપારીને અરજી કરવાની રહે છે. જામીનગીરી કે તેનો ભાગ, બાકી વેરા, વ્યાજ તથા દંડની વસૂલાત માટે જરૂરીયાત ન હોય તો અરજીના અનુસંધાને જામીનગીરી પરત કરવામાં આવે છે.

(૪) જો, હા તો કેટલા સમયમાં ?

(૪) કાયદાકીય જોગવાઈ મુજબ પરત કરવામાં આવે છે.

--------

**બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ છાત્રાલયો**

૨૦૭૧૦ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૯-૧૦ માં બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ૦૬. |
| (૨) તે પૈકી કેટલા કુમાર અને કેટલા કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ? | (૨) કુમાર છાત્રાલય - ૦૪<br>કન્યા છાત્રાલય - ૦૨ |

--------

**વડોદરા અને નર્મદા જીલ્લાની આઈ.ટી.આઈ.ના ટ્રેડ**

૧૯૪૦૮ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા અને નર્મદા જીલ્લામાં કેટલી આઈ.ટી.આઈ. કાર્યરત છે,

**જવાબ**

(૧)

| | **તાલુકાનું નામ** | **સરકારી આઈ.ટી. આઈ.** | **ગ્રાન્ટ ઈન એઈડ ઓ.તા. કેન્દ્ર** | **સ્વનિર્ભર ઓ.તા. કેન્દ્ર** | **કુલ** |
|---|---|---|---|---|---|
| | | **વડોદરા જિલ્લો** | | | |
| ૧ | છોટાઉદેપુર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | ડભોઈ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૩ | કરજણ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૩ |
| ૪ | ક્વાંટ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૨ |
| ૫ | નસવાડી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | પાદરા | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૩ |
| ૭ | પાવી-જેતપુર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૮ | સંખેડા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૯ | સાવલી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૦ | સીનોર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ |
| | **તાલુકાનું નામ** | **સરકારી આઈ.ટી. આઈ.** | **ગ્રાન્ટ ઈન એઈડ ઓ.તા. કેન્દ્ર** | **સ્વનિર્ભર ઓ.તા. કેન્દ્ર** | **કુલ** |
| ૧૧ | વડોદરા | ૦૫ | ૦૨ | ૧૯ | ૨૬ |
| ૧૨ | વાઘોડિયા | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૪ |
| **વડોદરા જીલ્લો કુલ** | | **૧૪** | **૦૮** | **૨૬** | **૪૮** |
| | | **નર્મદા જિલ્લો** | | | |
| ૧ | ડેડીયાપાડા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨ | નાંદોદ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨ | સાગબારા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | તિલકવાડા | ૦૧ | ૦૦ ૦૦ | ૦૧ |
| **નર્મદા જીલ્લો કુલ** | | **૦૬** | **૦૦ ૦૦** | **૦૬** |

(૨) આ આઈ.ટી.આઈ.માં ક્યા ક્યા ટ્રેડના અભ્યાસ ચલાવવામાં આવે છે, અને

(૨) * **પત્રક** સામેલ છે.

(૩) આ આઈ.ટી.આઈ.માં કૌશલ્ય સહાયકોને માસિક વેતન કેટલું ચૂકવાયેલ છે ?

માસિક રૂા. ૯૦૦૦/-વેતન ચૂકવાયેલ છે.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

--------

**અમદાવાદ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની મળેલ અરજીઓ**

૨૦૭૧૫ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ર્ડા. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલી અરજીઓ મળી,

(૧) ૩૬૧

(૨) તે પેકી કેટલી મંજૂર કરવામાં આવી છે, અને

(૨) ૩૧૦

(૩) જેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

(૩) રૂા. ૧૫૫.૦૦ લાખ

--------

**બનાસકાંઠા જિલ્લામાં મફત તબીબી સહાય યોજનાના લાભાર્થી**

૨૦૬૯૮ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) મફત તબીબી સહાય યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં ક્યા ક્યા દર્દી માટે વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા લાભાર્થીઓને સહાય મંજૂર કરવામાં આવી, અને

(૧)

| દર્દીના રોગનું નામ | સંખ્યા |
|---|---|
| ટી.બી. | ૧૮૮૦ |
| કેન્સર | ૧૧૯ |
| રક્તપિત્ત | ૧૪ |
| એઈડસ | ૨૨૧ |
| **કુલ...** | **૨૨૩૪** |

(૨) તેમાં કેટલી રકમ ચૂકવવામાં આવી?

(૨) ₹૩૩,૨૦,૧૧૪/-

--------

**બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજનાની મળેલ અરજીઓ**

૨૦૭૧૪ : **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

**પત્રક**

**તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રૂા. ૧ કરોડથી વધુ બાકી વસુલાતના ઉદ્યોગગૃહોની વિગત.**

| ઉદ્યોગગૃહનુ નામ |
|---|
| કે.જી.એન ઇન્ડસ્ટ્રીઝ |
| એસ.કુમાર ઇન્ડસ્ટ્રીઝ લી. |
| કે એફ સી કોર્પોરેશન |
| ઓમ ગણપતિ |
| સુરભી કન્સ્ટ્રક્સન કું. |
| એશીયન પેઇન્ટસ લી. |
| વી. આર. પોલીફેબ |
| પેપ્સીકો (ઇ) હોલ્ડિંગ્સ પ્રા.લી. |
| એડીટોલ લુબ્રીકન્ટસ |
| ભાગ્યોદય મેટલ લી. |
| પેન્ટીયમ ઇન્ફોટેક |
| કલ્પતરૂ પાવર ટ્રાન્સમીશન |
| પરમેશ્વરી સ્ટીલ કલોલ |
| સાબરકાંઠા જિલ્લા દૂધ ઉત્પાદક |
| ઉમિયા ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ |
| ઇસેન્દુ એગ્રો કેમ |
| જેબ્સ ઇન્ટરનેશનલ પ્રા.લી. |
| અમી ડ્રગ્સ એન્ડ સ્પેશીયાલીટી કેમીકલ પ્રા.લી. |
| રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લીમીટેડ |
| જ્યંત એગ્રો ઓર્ગનિક્સ |
| સ્નાઇડર ઇલેક્ટ્રીક (ઇન્ડીયા) પ્રા.લી. |
| રાધાક્રીષ્ન પેપર મીલ્સ |
| જ્યંત ઓઇલ મીલ |
| જ્યંત ઓઇલ પ્રોડક્ટસ |
| ફેગ બેરીંગ ઇન્ડીયા લી. |
| બોયોટોર ઇન્ડસ્ટ્રીઝ લી. |
| કેમરોક ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એક્ષપોર્ટ |
| બેલ ગ્રેનીટો સીરામીક્સ લી |

| ઉદ્યોગગૃહનુ નામ |
|---|
| દિપક પેટ્રોકેમ લી. |
| શેલાની એગ્રોટેક ઇન્ડસ્ટ્રીઝ લી. |
| એસ.વી.એમ સેરા બિલ્ડ |
| સિંજેંટા ઇન્ડીયા |
| ઓરીએન્ટ બિલ્ડર્સ |
| રુષિવન એન્ટરપ્રાઇઝ |

**પત્રક**

**તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રૂ. ૧ કરોડથી વધુ બાકી વસુલાતના ઉદ્યોગગૃહોની વિગત.**

| ઉદ્યોગગૃહનુ નામ |
|---|
| સેમ મેગ્નેટ ઇમ્પેક્ષ |
| ધ્રુવ ઓટો મોબાઇલ્સ |
| ધ્રુવ મોટર્સ |
| ધ્રવનામ ઓટો મોબાઇલ |
| રીલાયન્સ ઇન્ડ. લી. |
| જે. સી ટી લી. |
| ભાવના કાર્સ પ્રા. લી. |
| એ આર ઇંટર નેશનલ |
| આર આર પેપર પ્રોડ્કટસ |
| ચેતક ટ્યુબ ટ્રેડર્સ |
| વાલ્સન ઇંડસ્ટ્રીઝ |
| વાલ્સન પોલીયેસ્ટર |
| સતલજ ટેક્ષટાઇલ્સ |
| ક્લેઝાઇડ કોંટામીશન પ્રા.લી. |
| દિયાકર એલ્યુમીનીયમ પ્રા.લી. |
| પારસ પંપ પ્રા.લી. |
| બુશરા ટ્રેડીંગ કુ. |
| તિરૂપતિ એન્ટરપ્રાઇઝ |
| ગુજરાત સિધ્ધિ સિમેન્ટ |
| સોરાષ્ટ્રા સીમેન્ટ લી |
| ન્યુએજ ઇન્ડ. |
| ન્યુએજ હોજ મે. કું. |
| બાલાજી મોટર્સ |
| નોવા શીપીંગ |
| એસ્સાર ઓઇલ લી |
| જય ઓઇલ ઇન્ડસ્ટ્રીઝ |
| ન્યૂ.ટેક ફોર્જ એન્ડ ફાઉન્ડરી. |
| પ્લેથીકો ફાર્માસ્યુટીકલ્સ |
| કચ્છ પેટ્રોકેમ પ્રા.લી. |
| સાંધી ઇન્ડ લી. |
| એચ પી સી એલ લી |
| બી પી સી એલ લી |

--------

**કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાની મળેલ અરજીઓ**

૧૯૮૬૯ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અંતર્ગત સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ કુલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૫૧૦ |
| ૨ | મુન્દ્રા | ૧૨૬ |
| ૩ | માંડવી | ૧૮૬ |
| ૪ | અંજાર | ૧૮૭ |
| ૫ | ગાંધીધામ | ૧૪૦ |
| ૬ | ભચાઉ | ૮૭ |
| ૭ | રાપર | ૧૦૫ |
| ૮ | નખત્રાણા | ૧૪૧ |
| ૯ | અબસાડા | ૧૬૫ |
| ૧૦ | લખતર | ૫૭ |
| | **કુલ :** | **૧૭૦૪** |

(૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં

(૨)

આવી, કેટલી નામંજૂર કરી, અને

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મંજૂર કરવામાં આવેલ અરજીઓની સંખ્યા | કુલ નામંજૂર કરવામાં આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભૂજ | ૩૩૭ | ૧૭૩ |
| ૨ | મુન્દ્રા | ૭૬ | ૫૦ |
| ૩ | માંડવી | ૧૬૨ | ૨૪ |
| ૪ | અંજાર | ૧૪૨ | ૨૪ |
| ૫ | ગાંધીધામ | ૯૬ | ૩૧ |
| ૬ | ઊચાઉ | ૧૩ | ૧૫ |
| ૭ | રાપર | ૩૩ | ૨૨ |
| ૮ | નખત્રાણા | ૧૨૫ | ૧૬ |
| ૯ | અબડાસા | ૧૩૦ | ૩૫ |
| ૧૦ | લખતર | ૪૮ | ૯ |
| | **કુલ :** | **૧૧૬૨** | **૪૧૫** |

(૩) નામંજૂર કરવાના મુખ્ય કારણો શાં છે ?

(૩) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.
૧. બી.પી.એલ યાદીમાં સમાવેશ થયેલ ન હોવાથી
૨. નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી
૩. બી.પી.એલ યાદીમાં ૦ થી ૧૬ સ્કોર ધરાવતા ન હોવાથી

**દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીના મંજૂર મહેકમ અંગે**

૨૦૧૯૮ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ જિલ્લા રોજગાર વિનિમય કચેરીનું કુલ મંજૂર મહેકમ કેટલું.

(૨) તે પૈકી વર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ કેટલા સમયમાં સરકાર ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૧૦ (દસ) જગ્યાઓ.

(૨) જુનિયર ક્લાર્ક વર્ગ-૩, ની ૨ જગ્યા ખાલી છે.

(૩) બનતી ત્વરાએ.

**વડોદરા જિલ્લામાં યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ પાછળ કરેલ ખર્ચ**

૨૦૧૪૮ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓ અન્વયે તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કઇ કઇ પ્રવૃતિઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| ક્રમ | પ્રવૃત્તિઓનું નામ | તા.૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૧ સુધી |
|---|---|---|
| (અ) | યુવા પ્રવૃત્તિઓ | |
| (૧) | તાલુકા કક્ષા યુવા ઉત્સવ | ૧,૦૦,૦૦૦ |
| (૨) | જિલ્લાકક્ષા યુવા ઉત્સવ | ૬૦,૦૦૦ |
| (૩) | યુવક નેતૃત્વ તાલીમ શિબિર | ૧,૨૧,૯૮૭ |
| (૪) | યોગાસન તાલીમ શિબિર | ૧,૧૯,૮૫૬ |
| (૫) | અનુસૂચિત જાતિ વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિર | ૯૮,૪૮૮ |
| (૬) | અનુસૂચિત જનજાતિ વ્યક્તિત્વ વિકાસ તાલીમ શિબિર | ૯૫,૮૩૦ |
| (૭) | કોમનવેલ્થ ગેમ્સ બેટન રીલે | ૧,૪૮,૨૯૦ |
| | કુલ સરવાળો (અ) | ૭,૪૪૪૫૧ |
| (બ) | સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | |
| (૧) | પં.ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ | ૪૨,૨૮૫ |
| (૨) | પ્રતિભાશાળી દિગ્દર્શક નાટ્યનિર્માણ સહાય | ૫૫,૦૦૦ |
| (૩) | મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવ | ૩૭,૪૭૨ |
| (૪) | કલ કે કલાકાર શાસ્ત્રીય નૃત્ય પસંદગી કાર્યક્રમ | ૧૯,૮૩૧ |
| (૫) | કલ કે કલાકાર શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ | ૪૫,૦૧૨ |

| | | |
|---|---|---|
| (૬) | વિશ્વ રંગભુમિ દિનની ઉજવણી નિમિત્તે નાટ્ય ઉત્સવ | ૧,૬૪,૮૮૪ |
| (૭) | જુની રંગભુમિના નાટકોનું પૂનઃ નિર્માણ યોજના હેઠળ નાટ્યોત્સવ | ૭૫,૦૦૦ |
| (૮) | બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી | ૪૯,૮૦૭ |
| (૯) | જીલ્લા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા | ૪૦,૦૦૦ |
| (૧૦) | લોક ડાયરો | ૬૫,૦૦૦ |
| (૧૧) | બાળ નાટ્ય નૃત્ય નાટીકા સ્પર્ધા | ૧૦,૦૦૦ |
| | **કુલ સરવાળો (બ)** | **૬,૦૪,૨૯૧** |
| | **કુલ સરવાળો (અ)+(બ)** | **૧૩,૪૮,૭૪૨** |

--------

# શોકદર્શક ઉલ્લેખ

## તાજેતરમાં જાપાનમાં આવેલા વિનાશક ભૂંકપ તથા સૂનામીને કારણે થયેલ ભારે જાનહાની અને તબાહી અંગે

**અધ્યક્ષશ્રી** : આ સભાગૃહના સર્વે સન્માનનીય સભ્યશ્રીઓ જાણે છે તેમ તાજેતરમાં તા. ૧૧મી માર્ચ, ૨૦૧૧ના રોજ ઉત્તર-પૂર્વીય જાપાનના વિસ્તારોમાં ૮.૯ રિકટર સ્કેલમાં નોંધાયેલ ભયાવહ ભૂકંપ અને તેના પરિણામે થયેલ તારાજી કોઈપણ કઠણ કાળજાના માનવીને પણ કંપાવી મૂકે તેવી છે. મોટી સંખ્યામાં લોકો મોતને ભેટયા છે. જાપાનનું સેન્ડાઈ શહેર સંપૂર્ણપણે નાશ પામ્યું છે. વાહન- વ્યવહાર, રસ્તાઓ, મકાનો અને રાષ્ટ્રિય સંપત્તિને ન કલ્પી શકાય તેટલું મોટું નુકસાન થવા પામ્યું છે. ઐતિહાસિક સમયથી જાપાનનો ભારત સાથે અને તેમાંય ખાસ કરીને ગુજરાત સાથેનો વેપાર, વાણિજય અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં અતૂટ નાતો રહયો છે. સન ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપમાં જાપાનની પ્રજાએ, ગુજરાતની પ્રજાને સ્વજન ગણીને તેની અમૂલ્ય મદદ પહોંચાડી હતી જેને આપણે ભૂલી શકીએ તેમ નથી. જાપાન પર આવી પડેલ આ ઘેરા સંકટના સમયમાં હું સમગ્ર સભાગૃહ તરફથી અને મારા તરફથી જાપાનની પ્રજા પ્રત્યે મારી સંવેદનાઓ વ્યકત કરું છું, અને આ દુ:ખદ કટોકટીના સમયમાં જાપાન બનતી ત્વરાએ પુન:વિકાસના માર્ગે ગતિ કરતું થાય તેવી પ્રાર્થના કરું છું.

આપણે સૌ જાપાનની ભયાવહ હોનારતમાં ભોગ બનેલા નાગરિકો પ્રત્યે સદ્‌ભાવના વ્યકત કરીએ અને મૃત્યુ પામેલા જાપાનના દિવંગત નાગરિકોના આત્માને શાશ્વત શાંતિ મળે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ અને તેમના માનમાં બે મિનિટનું મૌન પાળીએ.

**બે મિનિટના મૌન બાદ**

સભાગૃહની આ લાગણી જાપાનના ભારત ખાતેના વાણિજય દૂતને મોકલી આપવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ જનતા માટે વિદ્યુત ઉત્પાદન, પ્રવહન અને વિતરણ કરતા નિર્દિષ્ટ ઉદ્યોગોના તમામ રોજગારને આવશ્યક સેવા જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૧-૩-૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક- જીએચયુ-૨૦૧૧(૨૭)-જીયુવી-૧૧૨૦૧૧-૨૮૬૧-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## નાણાંકીય સમિતિઓ પર સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત

**અધ્યક્ષશ્રી :** અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર સભ્યોની ચૂંટણી માટે હું નીચે મુજબનો કાર્યક્રમ ઠરાવું છું.

| | | |
|---|---|---|
| ૧ | નામ-નિર્દેશનપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | બુધવાર, તા. ૨૩-૦૩-૨૦૧૧ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૨ | નામ-નિર્દેશનપત્રોની ચકાસણીની તારીખ, સમય અને સ્થળ | શુક્રવાર, તા. ૨૫-૦૩-૨૦૧૧ સવારે ૧૦-૩૦ વાગે નાયબ સચિવશ્રી પંકજ બુચની ચેમ્બરમાં |
| ૩ | નામ-નિર્દેશનપત્રો પાછા ખેંચી લેવાની તારીખ અને સમય | સોમવાર, તા. ૨૮-૦૩-૨૦૧૧ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી |
| ૪ | મતદાન જો જરૂરી બને તો તારીખ, સમય અને સ્થળ | પાછળથી જાહેર કરવામાં આવશે. |

આ ચૂંટણી માટેના નામનિર્દેશનપત્રો કામકાજના દિવસ અને સમય દરમિયાન વિધાનસભાના મકાનમાં પહેલે માળે આવેલી સમિતિ શાખા- ૧માંથી મળી શકશે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

## નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

### માગણી ક્રમાંક ૬૫

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂા.૨૭,૧૦,૫૩,૭૩,૦૦૦/- ની માગણી ક્રમાંક ૬૫ રજૂ કરવાની રજા લઉં છું.

**માગણી ક્રમાંક ૬૫ રજૂ કરવામાં આવી**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ખુમાનસિંહ ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમીતકુમાર ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ઉઘાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**ડો. અનિલભાઈ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

### માગણી ક્રમાંક ૬૬

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૯,૨૭,૦૭,૪૯,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧૧,૭૭,૪૩,૨૮,૦૦૦/-ની માગણી ક્રમાંક ૬૬ રજૂ કરવાની રજા લઉં છું.

**માગણી ક્રમાંક ૬૬ રજૂ કરવામાં આવી**

**શ્રી બાબુભાઈ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગ્યાસુદીનભાઈ શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહભાઈ વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહમંદ ફારૂક શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૬૭**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ (નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠો સેવાને લગતી નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૪,૦૨,૯૭,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા. ૨,૧૬,૭૦,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**માગણી કમાંક ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જવાહરભાઈ ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી. કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંન્દ્રિકાબેન બારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી ક્રમાંક : ૧૦૦**

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૫૩,૯૯,૦૦૦/- ની માગણી ક્રમાંક - ૧૦૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૧૦૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જયેશભાઈ વિ.રાદડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરવામાં આવી**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરવામાં આવી**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૯ રજૂ કરવામાં આવી**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૧ રજૂ કરવામાં આવી**

**શ્રી મણીભાઈ દે. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૨ રજૂ કરવામાં આવી**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪૩ રજૂ કરવામાં આવી**

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા ૧૫-૩-૨૦૧૧( બીજી બેઠક) ( ત્રીજા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **નર્મદા જળ સંપદ્ઢિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૫** | | | |
| ૧. | ૪૭૦૦-મોટી સિંચાઈ<br>૩૧- નર્મદા.........એકમ -૧<br>રૂ. ૧,૯૪,૭૧,૩૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૧૪૯-૧૫૦ (ભાગ-૧) | ૧૦૦ | સાથી રાજયો પાસેથી નર્મદા યોજનાના ખર્ચ પેટે લેવાની થતી રકમ સમયસર વસૂલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૨. | ૪૭૦૦-મોટી..... જોગવાઈ<br>૩૨- નર્મદા.........એકમ -૨<br>૧૯૦- જાહેર ......રોકાણ<br>રૂ. ૧,૪૦,૦૯,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૧૫૧-૧૫૨ (ભાગ-૧) | ૧૦૦ | નર્મદા યોજનાની મુખ્ય કેનાલોના બાકી કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૩. | --"-- | ૧૦૦ | મુખ્ય નહેરોમાં ભરાયેલ કાંપ કચરો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| ૪. | --"-- | ૧૦૦ | મુખ્ય કેનાલોમાં વારંવાર ગાબડાં પડવાથી આજુબાજુના વિસ્તારોમાં ભરાતા પાણીથી ખેતીને થતું નુકશાન | શ્રી દેવજીભાઈ ફતેપરા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | ૪૭૦૦-મોટી ...... જોગવાઈ<br>૩૩-નર્મદા......એકમ-૪<br>૧૯૦ -જાહેર.....રોકાણ<br>રૂા.૨૨,૫૯,૬૭,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮<br>પા.નં.૧૫૩(ભાગ-૧) | ૧૦૦ | નર્મદાની નહેરોના પાણી ખેતરો સુધી પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૬. | ૪૭૦૦-મોટી..... જોગવાઈ<br>૩૪- નર્મદા.........એકમ -૫<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૨,૨૧,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૧૫૪-૧૫૫ (ભાગ-૧) | ૧૦૦ | ચોમાસામાં નર્મદાના પાણી વહી જતા અટકાવી તેને ડેમોમાં ઠાલવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૭. | --"-- | ૧૦૦ | નર્મદાના પાણી ઉદ્યોગોને બદલે કિસાનોને આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |
| ૮. | --"-- | ૧૦૦ | વહીવટી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીતકુમાર ચાવડા |
| ૯. | --"-- | ૧૦૦ | સૌરાષ્ટ્ર વિસ્તારમાં નર્મદાની પાણીની પાઈપ લાઈનો વારંવાર તૂટી જવાથી પાણીનો પુરવઠો ખોરવાઈ જાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |
| ૧૦. | ૪૭૦૦-મોટી..... જોગવાઈ<br>૩૪- નર્મદા.........એકમ -૫<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૨,૨૧,૧૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૧૫૪-૧૫૫ (ભાગ-૧) | ૧૦૦ | નર્મદા કેનાલોની મરામત અને દેખરેખ કરવા માટેનું વ્યવસ્થાતંત્ર ગોઠવી સમયસર પાણી પુરવઠો આપવામાં તંત્રની નિષ્ફળતા | ડાં.અનિલભાઈ જોષીયારા |
| ૧૧ | --"-- | ૧૦૦ | નર્મદા નહેરના માઈનોર સબમાઈનોર કેનાલોના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૧૨ | --"-- | ૧૦૦ | નર્મદા કેનાલના બાંધકામના કોન્ટ્રાકટમાં થયેલ ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| **માગણી નં.૬૬** | | | | |
| ૧૩ * | ૨૭૦૧-મધ્યમ સિંચાઈ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૧,૪૩,૬૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૭૩ થી ૯૨ (ભાગ-૧) | ૧૦૦ | સૌરાષ્ટ્રના વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ વધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૪ | --"-- | ૧૦૦ | સિંચાઈના કામોના લક્ષ્યાંકો સમયસર પૂરા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | --"-- | ૧૦૦ | સિંચાઈની સગવડતાઓ વધારી તેનો લાભ ગામડાંઓને આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૧૬ | --"-- | ૧૦૦ | નદીઓમાં નર્મદા ડેમના પાણીનો સંગ્રહ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદીનભાઈ શેખ |
| ૧૭. | --"-- | ૧૦૦ | કલ્પસર યોજના અંગેની સંપૂર્ણ માહિતી આમ જનતા સમક્ષ મૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૮. | --"-- | ૧૦૦ | તૂટેલી સબમાઈનોર કેનાલોને સમયસર રીપેર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૧૯. | --"-- | ૧૦૦ | ડાર્કઝોનમાં આવતા ઉદ્યોગોને અને ખેડૂતોને પાણી આપવા માટે રાખવામાં આવતી ભેદભાદભરી નીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨૦. | --"-- | ૧૦૦ | ધારાસભ્યો અને સંસદ સભ્યોએ સિંચાઈ પાણીના પ્રશ્નો અંગે કરેલ રજૂઆતો ઉપર પૂરતું દ યાન આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| ૨૧. | --"-- | ૧૦૦ | ઉડ્ઢર ગુજરાતના વિસ્તારોમાં સિંચાઈની સુવિધાઓ વધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૨૨. | ૨૭૦૨-નાની સિંચાઈ<br>૦૩- નિભાવ<br>૧૦૧- પાણીના તળાવ<br>૧૧-કુવા.... કરવા<br>રૂા.૬૦,૨૯,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮<br>પા.નં. ૧૦૬ (ભાગ-૧) | ૧૦૦ | કુવાઓને ઉંડા કરી વધુ પાણી સંગ્રહ થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લાલસિંહભાઈ વડોદીયા |
| ૨૩. | --"-- | ૧૦૦ | તળાવો બાંધવા માટે વહીવટી મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૪. | --"-- | ૧૦૦ | તળાવોમાં ભરાતા કાંપનો સમયસર નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહંમદ ફારૂક શેખ |
| | | **માગણી નં.૬૭** | | |
| ૨૫. | ૨૨૧૫-પાણી.....સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૨૦,૦૦,૦૦,૦૦૦ | ૧૦૦ | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પીવાના પાણીની કાયમી અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.અં. ૧૮<br>પા.નં. ૧૨ (ભાગ-૧) | | | |
| ૨૬. | --"-- | ૧૦૦ | ડાર્કઝોન વિસ્તારમાં હેન્ડપંપો મૂકવા દેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જવાહરભાઈ ચાવડા |
| ૨૭. * | --"-- | ૧૦૦ | જુથ પાણી પુરવઠાના કામોને જરૂરી મંજૂરી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૮. | --"-- | ૧૦૦ | અધિકારી / કર્મચારીઓ ફરજ પર નિયમિત હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૨૯. | --"-- | ૧૦૦ | પંચમહાલ જિલ્લાના પછાત વિસ્તારોમાં પીવાના પાણીની કાયમી અછત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૩૦. | --"-- | ૧૦૦ | પીવાના પાણીની યોજનાઓમાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરસિંહભાઈ બારડ |
| ૩૧. | --"-- | ૧૦૦ | દાહોદ જિલ્લાને પીવાનું પાણી નિયમિત રીતે મળે તેવુ આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી ચંન્દ્રિકાબેન બારીયા |
| ૩૨. | --"-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૩૩. | --"-- | ૧૦૦ | અછતગ્રસ્ત વિસ્તારોમાં ઉનાળામાં પીવાનું પાણી સમયસર મળે તેવું કાયમી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૩૪. | ૨૨૧૫-પાણી.....સ્વચ્છતા<br>૦૧-પાણી પુરવઠો<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.અં. ૧૮<br>પા.નં. ૧૨ (ભાગ-૧) | ૧૦૦ | આગામી ઉનાળામાં પીવાના પાણીની તંગી નિવારવા આગોતરૂ કાયમી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હીરાભાઈ પટેલ |
| ૩૫. * | --"-- | ૧૦૦ | હલકા પ્રકારની પાઈપોને લીધે પીવાના પાણી વિતરણમાં થતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ બોર્ડ**<br>**માગણી નં. ૧૦૦** | | | | |
| ૩૬. | ૨૨૫૧ - સચિવાલય.....સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા.૪,૫૩,૯૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પા.નં. ૪૮-૪૯ | ૧૦૦ | પ્રાદેશિક નકશા અને વિકાસ નકશા ઝડપથી તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જયેશભાઈ રાદડીયા |
| ૩૭. | --"-- | ૧૦૦ | નગરપાલિકાઓમાં | શ્રી નટવરસિંહ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અધિકારીઓની નિમણૂકોમાં નિયમોનો થતો ભંગ રોકવામાં તંત્રની નિષ્ફળતા | ઠાકોર |
| ૩૮. | --"-- | ૧૦૦ | શહેરી વિસ્તારોમાં ઝુંપડપટ્ટીઓને નિયમિત કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૩૯. | --"-- | ૧૦૦ | શહેરી ગરીબો માટે સુવિધાપૂર્ણ આવાસો પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૪૦. | --"-- | ૧૦૦ | નગરપાલિકા / કોર્પોરેશનોમાં જકાત નાબુદીની અવેજીમાં ફાળવાતી ગ્રાન્ટની રકમ સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૪૧. | --"-- | ૧૦૦ | શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં થતા ગેરકાયદેસર બાંધકામો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૪૨. | --"-- | ૧૦૦ | ટીપી. સ્કીમ સમયસર ન મૂકવાના કારણે આમ જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૪૩. | --"-- | ૧૦૦ | મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગરપાલિકાના વિકાસના કામો માટે ફાળવેલ બજેટની રકમ સરકારી કાર્યક્રમોમાં ખર્ચાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ(ડભોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ એમના વિભાગોની માગણી ક્રમાંક: ૬૫, ૬૬, ૬૭ અને ૧૦૦ લઈને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે એ સંદર્ભમાં મારા વિચારો રજૂ કરવાની તક લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના આપણા રાજયના વિકાસ માટે ખૂબ મહત્વની યોજના છે. એટલા માટે આ યોજનાને હંમેશા રાજકીય વિવાદોથી પર રાખવાનો આપણે તમામ પક્ષોએ પ્રયત્ન કર્યો છે અને ત્યારે આ યોજનાનું અમલીકરણ ઝડપથી થાય, બિનવિવાદાસ્પદ રીતે યોજના આગળ ચાલે, ગુણવત્તાસભર કામ થાય અને આ યોજનાના લાભ ગુજરાતની જનતાને ખૂબ ઝડપથી મળી રહે એ દિશામાં આ ગુજરાતની પ્રજા સતત મીટ માંડીને બેઠી છે અને જ્યારે આ પરિસ્થિતિ છે ત્યારે કેટલીક મહત્વની બાબતો આ સભાગૃહ સમક્ષ હું મૂકવા માગું છું. ખરેખર શું બન્યું છે કે નર્મદાની મુખ્ય કેનાલ, એના વિકાસ અને વિતરણનું નેટવર્ક ઉભું કરવા માટે એ.આઈ.બી.પી. દ્વારા ૧૮૩૩ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ આ યોજનામાં આપવામાં આવી, આ રકમ કેનાલોના વિતરણ માટે વાપરવાની હતી. પણ ખરેખર બન્યું એવું કે આપણે કેનાલોના વિતરણમાં આ રકમ વાપરવાને બદલે આ રકમ ક્યાંક બીજે વાપરી અને પરિણામ એ આવ્યું કે સિંચાઈની ક્ષમતા આ રાજ્યમાં જે સમયસર ઉભી થવી જોઈએ એ ક્ષમતા આપણે ઉભી કરી શક્યા નહિ. આજે પરિસ્થિતિ એવી ઉભી થઈ કે આ યોજનામાંથી ૧૮.૪૫ લાખ હેકટર જમીનને સિંચાઈની સગવડ મળી રહે એ આપણું આયોજન હતું. આટઆટલા વર્ષો પછી આજે પરિસ્થિતિ એવી ઉભી થઈ છે કે ૧૮.૪૫ લાખ હેકટરની સામે માત્ર ૩.૪૧ લાખ હેકટર જમીનને જ આજે આપણે સિંચાઈની સગવડ આપી શક્યા છીએ અને એમાં પણ જો જોઈએ તો ૩.૪૫ લાખ હેકટરમાંથી ખેડવાણ સિંચાઈ વિસ્તાર છે એ તો માત્ર ૧.૨૦ લાખ હેકટર જમીન જ છે. એટલે ખરેખર સાડા અઢાર લાખની સામે માત્ર ૧.૨૦ લાખ હેકટરને આટ આટલા વર્ષો પછી આટ આટલી રકમ ખર્ચ્યા પછી આપણે આ ગુજરાતની પ્રજાને સિંચાઈનો લાભ આપી શક્યા છીએ. vertical integration નો અભિગમ અપનાવવામાં આવ્યો નહીં તબક્કા ૨ખ, ૨ગ અને એસબીસીમાં જ શાખા નહોરોનું નિર્માણ થયું અને પરિણામે જોઈએ એટલી સિંચાઈની

ક્ષમતા ઉભી થઈ નહી. અને સાચી સ્થિતિ તો એ ઉભી થઈ છે કે ગુજરાતમાં જે વિસ્તારોમાં જળ આધારિત વિસ્તારો છે કે જ્યાં પાણીની એટલી બધી અછત નથી એવા વિસ્તારોને આપણે સિંચાઈની સગવડનો લાભ આ યોજનામાંથી આપ્યો છે અને સૌરાષ્ટ્ર અને કચ્છ કે જ્યાં પાણીની તાતી જરૂરિયાત છે એવા વિસ્તારોની સદંતર રીતે ઉપેક્ષા થઈ છે. કેનાલો જ્યાં સુધી પૂરી ના થાય ત્યાં સુધી ગુજરાતના ખેડૂતને તેના ખેતરમાં પાણી મળી ના શકે. સિંચાઈનો લાભ ના મળે, જાહેરાતો કરી શકાય, ફોટાઓ છપાવી શકાય, ઉત્સવો થઈ શકે, દીવડાઓ મૂકી અને પ્રચાર કરી શકાય પણ સાચા અર્થમાં ખેડૂતના ઘરમાં જે રીતે સુખનો દીવો પ્રગટવો જોઈએ તે જ્યાં સુધી પાણી ના મળે ત્યાં સુધી ખેડૂતને તે લાભ મળતો નથી. અને એટલા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું કેટલાક આંકડા મૂકવા માંગુ છું. સરકારે કહ્યું કે ૨૦૧૪-૧૫ સુધીમાં શાખા પ્રશાખાઓનું કામ પૂરું કરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગયા વર્ષના આંકડા તપાસતો હતો કે ગયા વર્ષે શું કામ થયું અને એ પરિસ્થિતિમાં આવનારું કામ કેટલા સમયમાં પૂરું થશે. અને આંકડા ખરેખર ચોંકાવનારા આંકડા છે. ગયા વર્ષે આ સભાગૃહ સમક્ષ જે આંકડા પ્રસ્તુત કરવામાં આવ્યાં તેમાંથી દેખાતું હતું કે વી-શાખાઓના બાંધકામનું કામ ૩૦.૧૩ ટકા પૂરું થયું છે. અને ચાલુ વર્ષે જે આંકડા આપવામાં આવ્યા તેના ઉપરથી ફલિત થાય છે કે આ એક વર્ષ પછી ૩૧.૪૪ ટકા કામ થયું છે એટલે આખા વર્ષમાં વી-શાખાઓના બાંધકામમાં માત્ર ૧.૩૧ ટકાનો વધારો થયો અને હજુ ૬૮ ટકા કામ બાકી છે. એક વર્ષમાં ૧.૩૧ ટકા કામ થાય અને ૬૮ ટકા કામ હજુ બાકી છે અને તેને આપણે ૨૦૧૪-૧૫માં પૂરું કરવાની વાત કરી રહ્યાં છીએ. પ્રશાખાઓનું બાંધકામ, ગયા વખતે જ્યારે બજેટમાં વિગતો રજૂ કરવામાં આવી ૨૬.૯૪ ટકા કામ થયુ હતું અને આ આખું વર્ષ પૂરું થયું આજે ૨૭.૮૧ ટકા કામ થયું છે. આખા વર્ષમાં ૧ ટકો પણ કામ આ સરકાર પૂરું કરી શકી નથી. આ સ્થિતિ છે. આજે ૨૫-૩૦ ટકા કામ થયું તેમાં પણ શું પરિસ્થિતિ છે. મારે તો મારા વિસ્તારનો દાખલો આપવો છે અને તેના આધારે આ સભાગૃહ સમજી શકશે કે આખા ગુજરાતની શું પરિસ્થિતિ છે. મારા વિસ્તારમાં રસુલપુરા માઈનોર, આર અને એલ માઈનોર અને તેની અંદર માઈનોર બનાવવાને બદલે માત્ર ઢાળિયો બનાવ્યો. દોઢ વર્ષ પહેલાં વિજિલન્સે તેની તપાસ કરવી પડી. ત્રણ અધિકારીઓ સામે પગલાં લેવાયા. પણ પરિણામ શું? આજે પણ તે વિસ્તારની પ્રજા પોતાના ખેતરમાં પાણી મળે તે માટે ફાંફા મારી રહી છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટનો સમય છે.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ સ્થિતિ કબીર પુરા માઈનોર, એ જ સ્થિતિ ભાયાપુરા માઈનોર, એ જ સ્થિતિ આસોદરા માઈનોર, સાવલી તાલુકાની લસુંદરા માઈનોરમાં એ જ સ્થિતિ, સાંઢાસલ માઈનોરમાં પણ એ જ સ્થિતિ અને જો દરેકે દરેક માઈનોરમાં આ સ્થિતિ હોય તો નર્મદાના પાણી ખેતરે પહોંચાડવાનું આપણું જે સ્વપ્ન છે તે આપણે કેવી રીતે સાકાર કરવાના ?

માનનીય અધ્યક્ષશ્રી, આજે તો ધંધો ચાલુ થઈ ગયો છે. અને આ નર્મદામાં કેવો ધંધો ચાલુ થયો. નર્મદા કેનાલ માટેની જમીનો સરકારે એકવાયર કરી હતી કેનાલોનું એલાઈમેન્ટ બદલાયું પરિણામે એ જગ્યા સરકાર માટે ઉપયોગી નથી. સરકારે એ જમીનો મૂળ ખેડૂતોને પાછી આપવાની થાય.

અત્યારે તો હવે વચ્ચે વચેટિયાઓ ઘુસી ગયા છે. વચેટિયાઓ મૂળ ખેડૂત પાસે બાનાખત કરાવી લે અને એ બાનાખત કરાવી લે પછી જ એ જમીનને નર્મદામાંથી છૂટી કરવાની થાય અને આજે તો સ્થિતિ એટલી હદ સુધી ખરાબ થઈ છે કે ગાંધીનગરથી ૨૦ કિલોમિટર દૂર આવી જ જગ્યામાં એના બંગલા બનાવવામાં આવે છે. સરકારી અધિકારીઓના બંગલા પણ એ જમીનમાં આવ્યા હોય અને સરકારની આંખ ખુલે નહીં એવી સ્થિતિ ઉભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સિંચાઈની બહુ મોટી ચિંતા કરીએ છીએ. સન ૨૦૦૯-૧૦ ના અંતે ૪૫૦૪ પાતાળકૂવાઓ સિંચાઈ માટે મૂકવામાં આવ્યા હતા તો આજે એની શું સ્થિતિ છે? એ ૪૫૦૪ પાતાળકૂવાઓમાંથી ૨૦૭૩ પાતાળકૂવાઓ બંધ થઈ ગયા છે અને માત્ર ૨૪૦૦ પાતાળકૂવાઓ ચાલે છે. પીવાના પાણીની આપણા માટે ખૂબ મોટી પ્રાથમિકતા છે અને જયારે એ પીવાનું પાણી માંગવામાં આવે ત્યારે નર્મદામાંથી પીવાનું પાણી અવેલેબલ નથી એવી વાત કરવામાં આવે છે. તો આ પીવાનું પાણી આપવાની આપણી પ્રાથમિકતા છે, ઉદ્યોગોને પાણી આપવું એ પ્રાથમિકતા હોઈ શકે નહીં. આ સરકાર દ્વારા ઉદ્યોગો પાછળ એવી આંધળી દોટ મૂકાય છે કે એ ઉદ્યોગો જયારે પાણી માગે ત્યારે એમને પાણી મળી રહે છે. જે ઓરિજનલી એસ્ટિમેટ મંજૂર કરવામાં આવેલ હતું એના કરતાં અનેકગણું વધારે પાણી આપણે ઉદ્યોગોને આપ્યું છે, પરંતુ ગુજરાતનાં ગામડાંને પીવાનું પાણી મળી શકતું નથી. એ સંજોગોમાં નર્મદા ઉપર ગુજરાતની પ્રજાની બહુ મોટી અપેક્ષા છે ત્યારે મારી વિનંતી છેકે આને રાજકીય વિવાદનો મુદ્દો બનાવવા માગતો નથી, પરંતુ લોકોની અપેક્ષા આ યોજનાના સંદર્ભમાં જેટલી છે એટલી અપેક્ષા પૂરી કરવા માટે આ વિભાગ પૂરી તત્પરતાથી કામ કરે તો જ ગુજરાતની પ્રજાને ન્યાય આપેલ ગણાશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એમના વિભાગોની માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે અને મારી વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમનું કામ આ રાજય સરકારે જે ઝડપથી પૂરું કર્યુ છે એના હું માત્ર આંકડા આપીશ કે ૪૧ મિટર ઉંચાઈનું કામ મંજૂરી મળ્યા પછી માત્ર ૨૧ માસમાં એક રેકર્ડ કહી શકાય એ પ્રમાણે નર્મદા

ડેમનું કામ ૧૨૧ મિટર સુધીનું પૂરું થયું છે, એટલું જ નહીં, પરંતુ માનનીય સિધ્ધાર્થભાઈ ચિંતા કરતા હતા અને ચિંતા કરે એ સ્વાભાવિક છે, પરંતુ નર્મદાનું ઝીરાથી કરીને ૪૫૮ કિલોમિટર સુધીનું મુખ્ય કેનાલનું કામ છે એ આ ભરતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદીની સરકારે પૂર્ણ કરી દીધું છે. આ મુખ્ય કેનાલનું કામ પૂરું થયા પછી કુલ મુખ્ય શાખાઓમાંથી જે બ્રાન્ચ કેનાલો ૩૮ જે પસાર થાય છે તેમાં ૩૮ માંથી ૨૯ શાખાનું કામ પણ પૂરું થઈ ગયું છે, બાકીની શાખાઓ જે બાકી છે એ પણ અત્યારે કામ પ્રગતિમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિતરણની બ્રાન્ચ કેનાલો પછીની વિતરણ શાખાઓ હહહોય છે એ પછીની શાખાઓમાં પણ ૧૬૦૭ કિલોમિટરનું કામ નર્મદા નિગમે પૂરૂં કર્યુ છે અને હવે નવું આયોજન છે એ ૨૦૧૧-૧૨ ના વર્ષનું ૧૫૦૨ કિલોમિટરનું કામ એ ૨૦૧૧-૧૨ સુધીમાં પૂરું કરવાનું છે. કુદરતની પણ મહેરબાની છે કે અત્યારે ગુજરાતની પ્રજા કહે છે કે જયારથી ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સત્તામાં આવ્યા છે ત્યારથી દુષ્કાળ પડતો નથી. તો ઈશ્વરની પણ કૃપા છે એ તમે સમજો અને "સજનરે જૂઠ મત બોલો, ખુદાકે પાસ જાના હૈ, ના હાથી હૈ, ન ઘોડા હૈ, વહાં પૈદલ હી જાના હૈ" તો આપણે સાચું બોલશું તો આવનાર સમયમાં ઉપયોગી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા કેટલાક આ વિષયને સ્વીકારે છે.

**(સભાપતિશ્રી ડો. નીમાબહેન આચાર્ય અધ્યક્ષસ્થાને)**

માનનીય અધ્યક્ષશ્રી, જમીન સંપાદનનો જયાં સુધી સવાલ હતો ત્યાં સુધી એક વખત નર્મદાની કેનાલ જયાં આગળ પસાર કરવાની હોય અને જમીન સંપાદન કરવાની હોય તો એટલા કોર્ટના કેસો થતા, આની છોડાવો અને આની રખાવો, આ આજની વાત નથી, એ ભૂતકાળની વાત છે એટલે કદાચ સ્વપ્નું આવ્યું છે જુના દિવસોનું, પરંતુ મારે ગૌરવ સાથે કહેવું છે કે અત્યારે નર્મદાની કેનાલો જયાંથી પસાર કરવાની છે ત્યાં ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એક સીનીયર કક્ષાની કમીટી માનનીય મહેસુલ મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્થાપી, અને ખેડૂતો સામે ચાલીને જમીન આપે જંત્રીના ભાવ અને ઉપર ૩૦ ટકા વધારાની રકમ ખેડૂતને આપવાની, ખેડૂત સામેથી સંમતી આપે, મોટા ભાગનું કામ ગુજરાતના ખેડૂતોએ સામે ચાલી અને પૂર્ણ કર્યુ છે. આના માટે લડાઈઓ ચાલતી હતી એક જમાનામાં, વકીલો રાખતા, વકીલોના પૈસા, એનું કમિશન આ બધું, આજે ગુજરાતના ખેડૂતોએ સામે ચાલીને રાજયના મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદી કરે છે ને કામ એટલે ગુજરાતના ખેડૂતોના હિતમાં જ હશે આવું સમજી અને પ્રો-એકટીવ થઈ અને ખેડૂતોએ ગુજરાતના વિકાસની અંદર પોતાનું યોગદાન આપ્યું છે. અને એની રોજે રોજ સમીક્ષા થાય છે પ્રતિદિન આ કમિટી તેની સમીક્ષા કરી રહી છે ખૂબ મોટા પ્રમાણમાં સારું કામ થઈ રહ્યું છે. રાજયના મુખ્ય મંત્રીશ્રીએ તો કહ્યું છે કે ગુજરાતના ખેડૂતો માટે ગુજરાતના ખેડૂતના ખેતરમાં નર્મદાનું પાણી પહોંચે તે માટે ગુજરાત સરકારની તિજોરીના દરવાજા ખેડૂતો અને ગરીબો માટે ખુલ્લા છે. અને આ ગરીબોના માટે ખેડૂતોના માટે દરવાજા જે રાજય સરકારે ખુલ્લા મુકયા છે ત્યારે એ દરવાજા બંધ કરવા માટે કેટલાક લોકોએ પ્રયત્નો કર્યા છે. દરવાજા તો ગુજરાતની પ્રજાએ દુ:ખના બંધ કરી દીધા છે. એ રોજે રોજ ૫૦ વિઘા જમીનનો માલીક અછતની અંદર ચોકડીઓ ખોદવી પડે તેવી સ્થિતિ અમારા વિસ્તારની અંદર હતી અત્યારે નર્મદાની કેનાલોનું પાણી જયાં જયાં જે જે ગામોમાં પહોંચ્યું છે, પછી તે કચ્છ બ્રાન્ચ કેનાલમાં પહોંચ્યું હોય, મેઈન કેનાલની અંદર પહોંચ્યું હોય કે રાંધનપુર બ્રાન્ચ કેનાલમાં કે અમરાપુર બ્રાન્ચ કેનાલની અંદર પાણી પહોંચ્યું છે ત્યાં ખેડૂતોએ સિંચાઈ કરી, પરિણામ શું આવ્યું છે કે જે ખેડૂતને ૨૫ હજારની લોન માટે જવું પડે તેની જગ્યાએ અત્યારે બે-બે ચાર-ચાર લાખની આવક એક વર્ષની અંદર મેળવી છે. હું નામ સાથે દાખલા સાથે કહું છું કે મારા મત વિસ્તારમાં આંતરનેસ નામનું ગામ છે ત્યાં બાબુજી ઠાકોર નામનો એક સામાન્ય ખેડૂત એને આ વખતે ૧૫૦૦ મણ જીરુ થયું છે. આ એક વર્ષે ૫૦ લાખ રૂપિયાની આવક, આ વર્ષની કહું છું. અને આ હૃદયપૂર્વક રાજયના મુખ્ય મંત્રીશ્રીને ગુજરાતના ખેડૂતો અભિનંદન આપી રહ્યા છે આ એક દાખલો નથી મારા અરજણસર ગામના એક બિલકૂલ અતિ પછાત કહેવાય એવા બજાણીયા સમાજના એક વ્યકિતને ૨૦૦ મણ દિવેલા થયા, હું મોટા ખેડૂતની વાત નથી કરતો છેવાડામાં બેઠેલા માણસને આ નર્મદાના પાણીના કારણે આટલા મોટા પ્રમાણમાં ફાયદા થયા છે. હજુ તો શરૂઆત છે. આખો વિસ્તાર રાહ જોઈને બેઠો છે. આ વખતે નાણાકીય વર્ષ ૨૦૧૦-૧૧ની અંદર જે કામો અત્યારે હાથ ઉપર લીધા છે. ૫૭૦૮ કરોડના ૧૦૩ ટેન્ડરો બહાર પડયા છે. જે પૈકીના ૨૧૨૫ કરોડના ૫૯ કામોના ટેન્ડરો મંજૂર પણ થઈ ગયા છે. અને નર્મદાનું પાણી ગુજરાતમાં ખેડૂતોના ખેતર સુધી પહોંચે, આ વર્ષ અને આવતા વર્ષના અંત સુધીમાં નર્મદાની મુખ્ય કેનાલમાંથી કચ્છ બ્રાન્ચ કેનાલનું પાણી કામ પૂર્ણ થાય અને કચ્છની ધરતી ઉપર સિંચાઈ માટેનું પણ પાણી ત્યાં આગળ પહોંચી જાય તે માટેનું આયોજન પણ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ પૂરું કર્યુ છે અને હવે જયારે કચ્છની અંદર પાણી પહોંચે ત્યારે અમારો એ ચોરાડ પ્રદેશ એકે એક ખેડૂત પાસે ૫૨ કેપીટલ, ૫૨ હેડ જે લેન્ડ જોઈએ એમાં સૌથી વધારે જે તાલુકામાં ગણાય એવો તાલુકો પરંતુ એ સુકી ભઠ્ઠ જેવી જમીન નર્મદાનું પાણી ત્યાં પહોંચે ત્યારે આખો સીનારીયો બદલાઈ જશે. અને એ સ્વપ્ન જે વર્ષોથી રાહ જોતા હતા, કેટલાક લોકો તો કહેતા અરે ભગવાન અમારા મરતા મરતા એક વખત નર્મદાજી અમે જોઈ લઈએ અમારી ધરતી ઉપર, યમરાજને પણ વિનંતી કરતા કે મોત આવે તો તાત્કાલિક ન લાવતા એક વખત અમારી ધરતી ઉપર નર્મદાનું પાણી આવે પછી અમને મોત આપજે આવી ભગવાનને પ્રાર્થના કરતા હતા ત્યારે ભગવાનની કૃપા અને રાજયના મુખ્યમંત્રીશ્રીનું જે આયોજન છે જેના કારણે આ નર્મદાના પાણી આવા સુકા ભઠ્ઠ પ્રદેશ સુધી પહોંચી રહયા છે. મારે

એ વાત કરવી છે કે અત્યારે હાલ, (અંતરાય) હા ઘણાં બધા મરી ગયા હોય, માનનીય બાબુભાઈની વાત સાચી છે એમના રાપર તાલુકાની અંદર, એમની જે વેદના છે તે હું સમજી શકું છું.પરંતુ શું કરીએ ઘણા વરસો સુધી ઘણી બધી મહેનત તો કરી પણ લાવી ન શક્યા. પરંતુ જેના ભાગ્યમાં હોય એ જ કરી શકે. આ ભાગ્યશાળી મુખ્ય મંત્રીશ્રી છે એમના ભાગ્યની અંદર આ કામ આવ્યું છે નર્મદાનું પાણી ખેતરે ખેતર સુધી પહોંચે એટલે ઘણા બધા પેલા દરવાજા ખોલવાનું કહે છે કે અમારે દરવાજા ખોલવા છે, પ્રજા કહે છે કે દુ:ખના દરવાજા અમે માંડ બંધ કર્યા છે આ દુ:ખના દરવાજા અમારે ખોલવા નથી. જેને ઊંટ થવું હોય તે થાય, દુ:ખના દરવાજા ખોલવા માટે કોઈએ દરવાજાના ઊંટ થવું હોય એને મુબારક અને દુ:ખના દરવાજા ખોલવા માટે થઈને કોઈ ઊંટ થશે તો ઇતિહાસ એને શહીદ નહિ ગણે. માનનીય બાબુભાઈ એના માટે કરીને તો પ્રજાને જે જોઈએ છે એની અંદર જો તમે સમર્થન આપશો તો પ્રજાને ગમશે. નર્મદાનું કામ ઐતિહાસિક કામ છે.

માનનીય બાબુભાઈ અને હું ગઈ કાલે મળ્યા હતા ત્યારે પ્રેમથી કહેતા હતા સિંચાઇનું કામ એમના વિસ્તારમાં નાના નાના ડૅમોના માધ્યમથી મોટા પ્રમાણમાં થયું છે ખૂબ દિલનો રાજીપો વ્યક્ત કરતા હતા આ કામ અને નર્મદાનું પાણી પહોંચશે ત્યારે જો કમસેકમ આ ડૅમો ભરાઈ જાય, જે ચોરાડ અને રાપર જે વાગડ વિસ્તારના છે એ થાય તો ખેડા જિલ્લાની અંદર જે સમૃદ્ધિ હોય એ જ રાપરની અંદર પહોંચે એ જ સાંતલપુરની અંદર પહોંચે એ સમીની અંદર હોય કે એ વાવ કે થરાદ કે ભાંભર દિયોદર કે હારીજ જેવા વિસ્તારની અંદર પહોંચી શકે.

સરદાર સરોવર યોજનાના માધ્યમથી પીવાના પાણી માટે પણ રાજયના ૬૫૩૬ જેટલા ગામોને નર્મદાનું પાણી પહોંચતું થયું છે. મોટા જે શહેરો છે જે ગ્રામ્ય કક્ષા કરતાં મોટા એવા ૧૧૪ જેટલા ગામોમાં પીવાનું શુદ્ધ પાણી પહોંચતું થયું છે જેના કારણે ઉત્તર ગુજરાતનો વિસ્તાર ફ્લૉરાઇડના કારણે બિલકુલ ૨૦-૨૫ વર્ષનો જુવાનિયો કમ્મર વળી જાય એ રીતે ચાલતો હતો આ નર્મદાનું પાણી ત્યાં પહોંચ્યું એના કારણે છાતી કાઢીને ચાલી શકે તે પ્રકારની સ્થિતિ ત્યાં આગળ નિર્માણ થઈ છે. નર્મદાજી પણ આ વિસ્તાર માટે પ્રાણ પ્રશ્ન છે. પાણીની વેદના, પાણીની સમસ્યા એનું સુખ એની કલ્પનાઓ જેણે વેઠ્યું હોય એને ખબર પડે. પાણી માટે પાંચ પાંચ કિલોમીટર બહેનોએ માથે બેડા લઈને ભટકવું પડતું હતું તેની જગ્યાએ એક નર્મદાજી રૂમઝૂમ કરતાં અમારા વિસ્તાર સુધી પહોંચ્યા અત્યારે જે પ્રમાણે નર્મદાજીની કેનાલો પહોંચી એના કારણે જે પાક લહેરાઈ રહ્યો છે એ હરિયાળી જોઈને હૈયું હરખાઈ છે. અત્યારે ગામડે ગામડે જ્યાં જ્યાં પાણી પહોંચી ગયા ધારાસભ્ય તરીકે અમારા સન્માન માટેના કાર્યક્રમો થાય છે ત્યારે બધા કહે છે કે રાજયના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપજો. વડીલો કહે છે કે અમારા વતી આશિર્વાદ આપજો. અમે આશિર્વાદ આપીએ છીએ તમારુ કામ ભગવાન તમને અનેક પ્રકારના વિઘ્નોમાંથી બહાર લાવીને ગુજરાત જ નહિ હિન્દુસ્તાનની અંદર નેતૃત્વ કરવા માટેની શકિત આપે એ પ્રકારની રાજયના ખેડૂતો પોતાના આંતરડીના કહેવાયને એ આર્શિવાદ આપી રહ્યા છે ત્યારે નર્મદા યોજના એ આપણા ગુજરાત માટેનો પ્રાણ પ્રશ્ન છે એ પૂર્ણ થવા જઈ રહ્યો છે ત્યારે હું ખૂબ હદયપૂર્વકના સમર્થન આપું છું અને ખૂબ જ રાજીપો વ્યક્ત કરું છું.

**શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૪,૫૩,૯૯,૦૦૦ની માગણી ક્રમાંક ૧૦૦ લઈને માનનીય મંત્રીશ્રી ઉપસ્થિત થયા છે ત્યારે તેના સમર્થન માટે હું બે શબ્દો કહેવા માગું છું.

શહેરી વિસ્તારમાંથી હું આવું છું તેથી શહેરી વિસ્તારની જાણકારી મેળવેલ છે એટલે સ્વાભાવિક છે કે ૧૯૯૫ પહેલા અમારા સુરત શહેરની સ્થિતિ હતી અને આજની જે સ્થિતિ છે એ સ્થિતિમાં આસમાન જમીનનો ફરક છે. આમ તો સુરત આખા ભારત દેશનું ગંદુ ગોબરુ શહેર કહેવાતું હતું. આજે ક્લીન સીટી તરીકેનો એવોર્ડ મેળવનાર શહેર બન્યું છે એટલું જ નહિ આ સુરત શહેર જરી માટે હબ કહેવાતું હતું, ડાયમંડ સીટી કહેવાતું હતું, આજની તારીખે સુરત શહેર ફલાય ઓવર સીટી બની ગયું છે. સુરત શહેરની વસતિનું પ્રમાણ, તેનો જે ગ્રોથ છે, ઉદ્યોગો છે તેના માટે વસવાટો પણ આવ્યા છે. સ્લોટ બનાવ્યા છે. આ સ્લમ નિર્માણ માટેની અને તેના નિવારણ માટેની પણ કાર્યવાહી કરવામાં આવેલી છે. હું ફક્ત સુરતની ચર્ચા કરવા માગતો નથી. સમગ્ર ગુજરાતના શહેરી વિસ્તારની આ જ પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ૨૦૧૧-૧૨માં આ વિભાગની કુલ ૯૮ હજાર ૩૦ કરોડની જોગવાઈ લઈને આવ્યા છે તેમાં માનનીય મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસની યોજના ૬૦ હજાર કરોડની, તેને આગળ ધપાવવા માટે આ વખતે ૧૫૭૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં, શહેરી ગરીબો માટે આવાસ સુવિધા ઉભી કરવા માટે રૂા. ૧૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજયના પાંચ મહાનગરોમાં વિવિધ આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે ૫૬૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોને માટે હંમેશા બૂમ-બરાડા પાડતા મારા સાથી મિત્રોને મારે એટલું કહેવું છે કે શહેરી ગરીબોને પોતાના વ્યકિતગત શૌચાલયો બનાવવા માટે શૌચાલયની ૪૫૦૦ રૂપિયા સબસિડી આપવા માટે રૂા. ૭૫ કરોડની પણ આમાં જોગવાઈ કરવામાં આવી છે. એટલું જ નહીં, અમદાવાદ અને ગાંધીનગરને મેટ્રોલીંક એક્સપ્રૅસ સ્થાપવા માટે મેગાસિટી બનાવીને રૂા. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. હું ખાસ આંકડાકીય પરિસ્થિતિમાં જવા

માગું છું. ૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાતની વસતિ ૫.૫ કરોડની હતી અને તેમાં શહેરોમાં વસતી કુલ સંખ્યા ૧.૮૯ કરોડ, એટલે કે જે કુલ વસતિના ૩૮ ટકા હતી. જ્યારે સમગ્ર ભારતમાં શહેરોમાં વસતી વસ્તીની ગણતરી કરવામાં આવે તો ૨૭.૭ ટકા હતી. છેલ્લા ૧૦ વર્ષમાં કુલ વસતિનો વધારો ૨૨.૬૬ ટકા થયો. તેની સામે શહેરી વસતિમાં વધારો ૩૨.૩૮ ટકાનો થયો. શહેરના મહાનગરોમાં રાજીવ આવાસ યોજના ચાલે છે. આ આવાસ યોજના હેઠળ જેટલી ઝૂંપડપટ્ટી, સ્લમ એરિયા છે તેને સ્વચ્છ કરવાનું, તેઓનો પુનઃવસવાટ કરવાનું, તેઓને નવા મકાનો આપવાનું કામ પણ આ રાજય સરકાર કરી રહી છે અને શહેરી વિકાસ વિભાગ કરી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ મહાનગરોને રાજય સરકાર અનુદાન માટે પ્રોત્સાહક અનુદાન આપે છે. પ્રોફેશનલ ટેક્સમાંથી પણ અનુદાન આપે છે. સુવર્ણ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ પણ અનુદાન આપે છે. કેબલ ટી.વી. અને એન્ટેના પર મનોરંજન કર વસૂલ કરવામાં આવે છે તેમાં પણ સહાયક અનુદાન આપે છે. પગાર ભથ્થા માટે નગરપાલિકાઓને અનુદાન આપે છે. જકાત નાબૂદીના વળતર સામે પણ અનુદાન આપે છે. સુરતમાં પાણીના ટેંકરથી પાણી જતું હતું. લોકોની અપેક્ષાઓ એટલી ઉંચી હોય છે કે અમને ઘર બેઠાં પાણી મળે, પાણીની લાઈન નખાઈ ગઈ એટલે કહે કે ફૉર્સથી પાણી જોઈએ. ફૉર્સથી પાણી આપીએ તો કહે કે બે કલાક નહીં, ચાર કલાક પાણી આપો. માળ ઉપર ચઢવું જોઈએ. લોકોની અપેક્ષાઓ પૂરી કરવામાં મહાનગરપાલિકાઓ ઉણી ઉતરી નથી પણ ઉંચી રહી છે.અને હજુ પણ એ લોકોની અપેક્ષા એવી હશે કે, ચિલ્ડ વોટર આપો તો એ આપવા તૈયાર રહેવું પડશે અને એટલા માટે જ વેરાઓ ભરવામાં આવી રહ્યા છે. સુરતમાં ૮૦ ટકા વેરાઓ ભરપાઈ થાય છે. કારણ કે, એના ઉપર વળતર મળી રહે છે. અંતમાં મારે સામે બેઠેલા મારા મિત્રોને એક જ વાત કરવી છે કે,

" સોચ બદલો તો સિતારે બદલ જાયેંગે, નજર બદલો તો નજારે બદલ જાયેંગે.
કસ્તીયાઁ બદલને કી જરૂરત નહીં, દિશાયેં બદલો, કિનારે બદલ જાયેંગે."

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ(સાવલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા અને જળ સંપત્તિ વિભાગના મંત્રીશ્રી એમની ૬૫, ૬૬, ૬૭ અને ૧૦૦ નંબરની જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે આજે ગુજરાતમાં વૈભવી ઉત્સવો અને મેળાઓ મારફતે ગ્લોબલ પ્રચાર કરી ગુજરાત જાણે રાષ્ટ્રનું નહીં પણ વિશ્વનું એક નંબરનું રાજય છે એવું માયાવી ચિત્ર પ્રગટ કરી લોકોને *(xxxx) (xxxx) ત્યારે હું બે-ચાર વાતો કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર આજે જમીનના માફીયાઓનું રાજય થઈ ગયું છે. ગરીબ વધારે ગરીબ અને અમીર વધારે અમીર થયો છે. જમીનની એટલી મોટા પાયે સટ્ટાખોરી થાય છે. સિંચાઇ અને ભૂમી સંરક્ષણની માગણી છે ત્યારે મંત્રીશ્રીને એટલું જ કહેવા માગું છું કે, આવનાર દિવસોમાં આ જમીનોને સરખી કરવા માટેનું જે કામ છે એ આ નર્મદાની માગણી લઈને આવ્યા છે ત્યારે એ સરખી કરેલી જમીનોમાં પાણી ફેરવવા માટે કોઈ જમીન ગુજરાતમાં નહીં રહે. ગામડાઓની અંદર નાના નાના ખેડૂતો હોય, એક વિઘો, બે વિઘો કે દોઢ વિઘો જમીન લઈને બેઠા છે. એ પૈસાની લાલચની અંદર જમીનોની સટ્ટાખોરી કરે છે. લોકો લાખ-બે લાખ રૂપિયાના બદલે પાંચ પાંચ લાખ રૂપિયામાં જમીનના માફીયાઓને જમીન વેચે છે. આ જમીનના માફીયાઓ ગામડાઓ સુધી પહોંચી ગયા છે. આજે ગુજરાતની ખેતીલાયક જમીન જે હતી એ ૯.૬૬ કરોડ ચોરસ મીટર જેટલી જમીન ઉદ્યોગો માટે ફાળવવા માટે સરકારે સંપાદન કરેલ છે. ૨૦૦૯-૧૦માં આ હેતુ માટે જે રકમ ફાળવેલી હતી એ વણવપરાયેલી રહી છે એ રકમ બીજા હેડે વાપરવા માટેનો સરકાર પ્રયત્ન કરી રહી છે. આ નર્મદાનું પાણી આવનાર દિવસોની અંદર કઈ જમીનમાં આપીશું? કયા ખેડૂતો આ નર્મદાનું પાણી વાપરશે? આજે જમીનના સંરક્ષણના નામે તળના પાણી ઊંચા લાવવાના છે એમ કરીને આજે ગામડાઓમાં તળાવો ઊંડા કરવામાં આવે છે. ગામના સરપંચને ખબર નથી, ગામના આગેવાનને ખબર નથી, ખેડૂતને ખબર નથી. તળાવમાં ટ્રૅક્ટર આમ તેમ કરીને પૈસા લઈને જતું રહે છે. આ કામ કોણ કરાવી રહ્યું છે? ૮૦:૨૦ના ચેકડેમ બંધાયા. ખુલ્લેઆમ પાણીના તળ ઊંચા લાવવાની વાત કરે છે પણ ખેડૂતોને એની ખબર નથી, આ ચેકડેમ કોણે મંજૂર કર્યા છે અને કેવી રીતે મંજૂર કર્યા છે. એ પ્રકારનો ભ્રષ્ટાચાર આજે ગુજરાતની અંદર, ગામડાઓની અંદર, ઊંડાણના વિસ્તારો છે ત્યાં થઈ રહ્યો છે. ગુજરાત જ એક એવું રાજય છે કે, જ્યાં ખાતર ઉપર વેટ લેવાય છે. ખેડૂતોનું આજે કોઈ ધણી નથી. ખેડૂતોને વીજળીના કનૅક્શન મળતા નથી. જે વીજ ઉત્પાદનની વાત શ્રી સૌરભભાઈ એમની માગણીઓ ઉપર કહેતા હતા.કે વીજ કંપનીઓનો ઠેકો મોટા મોટા ઉદ્યોગપતિઓને આપ્યો છે. રાજય સરકાર બનાવે એકાદ-બે વીજ મથકો, કરોડોની કમાણી ઉદ્યોગપતિઓને કરાવે છે. કરોડોની કમાણી અને એની અંદર એટલો મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલે છે કે આજે જે વીજ કંપનીઓ છે એ વીજ કંપનીઓ મોટા પ્રમાણમાં નફો કરે છે. જે જળસંપતિ વિભાગો છે એ જે ડાર્કઝોન તાલુકાઓ હતા, વર્ષો પહેલા જે ડાર્કઝોન તાલુકાઓ ડીકલેર કરેલા એ તાલુકાની અંદર .. ..

**સભાપતિશ્રી** : માનનીય સભ્યશ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ ..

**શ્રી ગોવિંદભાઈ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, જળસંપત્તિ મંત્રી મુરબ્બી નીતિનભાઈ પટેલ સાહેબ માગણી નંબર: ૬૬ થી મહેસૂલી ૯૨૭ કરોડ અને મૂડી ૧૧૭૭ કરોડની જે માગણી

* (xxxx માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

લઈને આવ્યા છે, એના સમર્થનમાં હું મારો સૂર પુરાવુ છું અને કેટલીક વાતો રજૂ કરવા ઉભો થયો છું. ગુજરાત રાજયની અંદર સુજલામ સુફલામ યોજના તળે જે કામગીરી થઈ છે એ બાબતે હું કેટલીક બાબતો રજૂ કરવા માગુ છું. ગુજરાત રાજયના ૧૦ જિલ્લા પંચમહાલ, દાહોદ, અમદાવાદ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, કચ્છ એ હંમેશા અતી દુષ્કાળગ્રસ્ત વિસ્તાર રહેલા છે. આ વિસ્તારોનું કાયમી દુ:ખ દુર કરવા માટે ગુજરાત સરકાર ૨૦૦૪ની અંદર ૬૨૩૭ કરોડની એક મહત્વાકાંક્ષી યોજના લઈને આવી છે. અને એના દ્વારા એને અમલમાં મૂકીને ગુજરાતની અંદર આ જિલ્લાઓમાં સિંચાઈ તથા જલવ્યવસ્થાપન અને પીવાના પાણીના કામો હાથ ધર્યા છે. આપણે સૌ જાણીએ છીએ કે એકવીસમી સદીનો પીરીયડ ગ્લોબલ વોર્મીંગનો એની સામે આપણને વોર્નિંગ છે. ગુજરાતની અંદર એક પંડિત થયા, જેને લોકો દેવાયત પંડિત તરીકે ઓળખે છે, આ દેવાયત પંડિતે કહ્યું છે,"

" દેવાયત પંડિત દહાડા દાખવે, સુણો દેવલદે હો નાર,
લખ્યા રે ભાખ્યા સોઈ દિન આવશે જુઠ નહિ લગાર,
અન્ન પાણી પડીકે વેચાશે. "

મિત્રો નોસ્ટોડોમની આગાહી હોય કે દેવાયત પંડિતના ભજનમાં આપને કંઈ સૂચન કર્યુ હોય આપણે અંધશ્રદ્ધા ન રાખીએ પણ આપણને જે ભયસ્થાનો સૂચવ્યા છે એની સામે આંખમીચામણાં કરે પણ ચાલે એમ છે નહીં અને એટલે ગુજરાત સરકારે આ તમામ વસ્તુઓને ધ્યાને લઈને જે આગવું આયોજન કર્યુ છે એ ખૂબ જ આનંદની વાત છે. આપણે સૌ મિત્રો જાણીએ છીએ કે કડાણા હાઈ લેવલ કેનાલ વર્ષોથી આપણે જેની ચર્ચા કરતા હતા એ કડાણા હાઈ લેવલ કેનાલ ન બની પરંતુ કડાણા જળાશયના પાણી અને નર્મદાના જે વધારાના વહી જતા પાણી આપણને ઉત્તર ગુજરાતને એક મીલીયન એકર ફીટ મળે છે એ પાણી આ દસ જિલ્લાઓમાં સુજલામ સુફલામ કેનાલ દ્વારા વહાવી અને કડાણા જળાશયથી બનાસ થઈને અમારા માનનીય મફતભાઈ જેની ખૂબ ચિંતા કરે છે એ બનાસની રેલ નદી સુધી પહોંચાડવાનું ભગીરથ કામ જે ગુજરાત સરકારે કર્યુ છે એને માટે ગુજરાત સરકારને લાખ લાખ અભિનંદન આપવા પડે, ગુજરાત સરકારે એ પછી નર્મદા યોજના હોય કે અન્ય કોઈ યોજના હોય એની સામે જે કંઈ નકારાત્મક પ્રવૃત્તિ હતી એ પછી કેન્દ્ર સરકાર હોય, મધ્ય પ્રદેશ હોય કે મેધા પાટકર જેવા લોક સેવકો વચ્ચે આડે આવતા હોય તો પણ એને કાર્યાન્વિત કરી અને ગુજરાત સરકારની આ જે મહત્વની કામગીરી થઈ છે અને આ દસ જિલ્લાઓમાં આ જે કેનાલ વહે છે એના કારણો પીવાના પાણીના પ્રશ્નો.ઉદ્વવહન સિંચાઈના પ્રશ્ને હરણફાળ ભરી છે અને રિચાર્જીંગ થવાના કારણે આગામી દિવસોમાં ખૂબ સારા પરિણામો આવશે. મિત્રો રાજકીય અવલોકનોમાં ના જઈએ પણ જ્યારે છપનીયો દુષ્કાળ પડ્યો ત્યારે આપણે ત્યાં વિરડો ખોદીને આપણે પાણી મેળવી શકતા હતા. પન્નાલાલ પટેલ જેવા સિદ્ધહસ્ત લેખકે "મળેલા જીવ" જે લખ્યું છે એમાં કાળુ અને જીવીના પાત્રો એ છપનીયા દુષ્કાળની આપવીતી જણાવે છે એમાં એ સમયે પીવાનું પાણી આપણે વિરડી ખોદીને મેળવી શકતા હતા. પરંતુ ઓસામણ પીવું હોય તોય એ વખતે અનાજ નહોતું એટલે લોકો ઝાડના મૂળ કે ઝાડની છાલને પાણીમાં ગરમ કરી ઉકાળીને પીતા હતા. મિત્રો આજે જો કદાચ એવી દશા આવે તો ખૂબ ભયજનક સ્થિતિ થાય અને આપણે શું કરી શકીએ? મહેસાણામાં જીલ્લામાં અમારે ૧૬૦૦ ફૂટ પાણી ઊંડા ગયા છે. મિત્રો વીજળી મળે ઓછી કે વધારે. પરંતુ વર્ષો સુધી આપણે ધરતીનું દોહન કરીને પાણી ખેંચી લીધા છે અને આપણી આગામી પેઢી માટે આપણે કાંઈ બાકી રાખ્યું નથી ત્યારે ભૂગર્ભ જળ વધારીને આપણી આવતી પેઢી માટે ખૂબ પ્રયત્ન કરીને આપણે એમને વારસમાં કાંઈક આપતા જેવું પડશે. મિત્રો આપણી આ જે સૂજલામ્ સૂફલામ્ કેનાલ છે. પહેલા ૧૦૦૦ ક્યુસૅક એટલે કે પ્રતિ સેકંડે ૧૦૦૦ ઘનફૂટ વહાવવાની આપણી તૈયારી હતી. આપણે એને ૨૦૦૦ ઘનફૂટ પ્રતિ સેકંડે વહાવવાની તૈયારી કરી છે અને એના જે સ્ટ્રકચર બનાવ્યાં છે એ મિત્રો ૩૦૦૦ ક્યુસૅક પાણી વહાવવું પડે તો પણ વહાવી શકીએ તેવી ક્ષમતાવાળી આ કેનાલ બની છે. આ કેનાલનું કામ લગભગ ૨૮૦ કિલોમીટરનું પૂરું થયું છે કુલ ૩૩૨ કિલોમિટરની જે લંબાઈ છે પૂરી કરે ઉત્તર ગુજરાતના વિસ્તારને આપણે નવપલ્લવિત કરી શકીશું અને હું માનનીય મંત્રીશ્રી જે દરખાસ્ત લઈને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું.

**શ્રી દોલતરાય ના. દેસાઈ(વલસાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઈ પટેલ જે માગણી લઈને આવ્યા છે તેને સમર્થન અને સરાહના કરવા ઊભો થયો છું.

મારું કમનસીબ એ છે કે મારો વિસ્તાર દરિયાથી ઘેરાયેલો વિસ્તાર છે કે જેથી દરિયાઈ ધોવાણની જે સમસ્યા છે એ સમસ્યાને લીધે મારા વિસ્તારના લોકો જીવન અને મરણના ઝોલા ખાતાં જીવી રહ્યાં છે પણ મને કહેતા આનંદ એ થાય છે કે મારી ૨૬ વર્ષની વિધાનસભાની કારકિર્દી એમાં આને આ પ્રશ્નની હું રજૂઆત કરતો આવેલો છતાં એનું પરિણામ શૂન્ય આવ્યું છે. છેલ્લા ૧૮ વર્ષ મારા એળે ગયા એમ કહી શકાય અને છેલ્લા ૮ વર્ષમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર અને વજુભાઈ વાળાની નાણામંત્રી તરીકેની વ્યવસ્થાપન શકિત એણે મને ન્યાય આપીને આજે મારા કાંઠા વિસ્તારની પ્રજા નિશ્ચિત સૂઈ શકે છે. ઘણાંખરા મોટાભાગના ધોવાણના કામ પૂરા થયા છે અર્થકિંચિત રહ્યાં છે તેને માટે હું માનનીય નીતિનભાઈને વિનંતી કરું છું કે મારી ૮૧ વર્ષની ઉંમર છે એટલે પૂરું ધોવાણ અટકે એ જોઈને હું જાઉં એવી મારી ઈચ્છા છે. બીજું મારે ખાસ કહેવું નથી. પાણી પુરવઠા માટે એટલું જ મારે કહેવું છે, હવે થોડીક તમને ગમે એવી વાત છે. (અંતરાય) ભાઈ, ખુમાનસિંહભાઈએ વાત કરીને

એનો જવાબ આપવા માગતો નથી પણ તળાવો અને ચેકડેમના લાભો છે એ ગણાવુંને તો રામચરિત માનસ ૯ દહાડામાં પૂરું થાય જ્યારે મારું ૯૦ દિવસે પૂરું થાય. ખુમાનસિંહભાઈ, એના લાભો, પણ મારે એટલું જ કહેવું છે કે અમારે ત્યાં પણ ૧૩ કરોડ રૂપિયાની પાણી પુરવઠા યોજના ૬ ગામોમાં થઈ છે. ૬ ગામોની યોજના ૧૩ કરોડની જેના પર નિર્ભરીત છે. જેના પાણીનો સ્ત્રોત નર્મદા અને અવેગા નદી ઉપર બંધ બાંધીને એનો સ્ત્રોત કર્યો છે અને એ સ્ત્રોતથી આજે કાકરાપારનું પાણી ત્યાં ભરાય છે અને વલસાડ શહેર તેમાંથી પાણી પીવે છે. કમનસીબી અમારે આ છે કે, આ સ્ત્રોત માટે ૨૦૦૩માં વલસાડ શહેર સુધરાઈએ આપણા સ્વ.શ્રી સી.સી. પટેલ એને કન્સલ્ટીંગ તરીકે નીમીને આ બંધની ઊંચાઈ વધારે તો બંધ કાર્યક્ષમ થાય કે કેમ એની તપાસ કરાવી હતી. અને તેનો રિપૉર્ટ ફીઝીબલ રિપૉર્ટ આવેલો કે એના ઉપર ત્રણ મીટર સુધી જ તમે ઊંચાઈ વધારો તો કોઈ મુસીબત નથી. પણ કમનસીબી મારી એ છે કે, મંત્રીશ્રીને એવું સમજાવ્યું કે ડૂબાણમાં ગામના ગામ જાય છે. મંત્રીશ્રી બહું તેજ છે. હું વજુભાઈને વિનંતી કરું છું મંત્રીશ્રીને કે આ મારા કડવા વર્તન પછી તમે કોઈ એકશન લેવા તૈયાર ન થતા મારી આ વિનંતી છે આ સભાગૃહમાં. તો એમણે તરત જ ફોન કર્યો કે ડૂબાણમાં જાય તો તરત જ જણાવવું જોઈને કે કેટલા ગામો છે ? કેમ કે, વર્ષોથી ચૂંટાય છે એટલે કદાચ એ સમજાવટથી કે આગળ કામ લેશે. સમજાવટની વાત જુદી પણ મેં એમને પાછું કહ્યું કે તમે સરવે કરાવોને કે કેટલી ડૂબાણમાં જાય છે ? તો સરવે કરીને બે મીટર તમે ઊંચાઈ વધારો તો એક પણ તસું જમીન ડૂબાણમાં ના જાય આ તમને વાત કરું છું ૨૦૦૩ની , સાંભળો હોં અધિકારીઓએ ખાસ સાંભળવા જેવું છે. સરકારની ગમે તેટલી નિયત હશે પણ અધિકારી જો નિયત વગરના હશે તો મને લાગે છે કે, જે કાર્યક્રમો જે છે સફળતાના એ આજે સફળ થવાના નથી. ૨૦૦૪માં રિપૉર્ટ આવ્યો, ૨૦૦૫માં તાંત્રિક મંજૂરી મળી, ૨૦૦૭માં ૩,૩૪,૭૫,૦૦૦/- રૂપિયા જમા કરી દીધા, જળ સંપત્તિ વિભાગમાં પાણી પુરવઠાએ. આજે તમે જુઓ તો પરિણામ શૂન્ય છે. આજે કયું વર્ષ ? પોણા બે મીટર ઊંચાઈ જો તમે વધારો તો કોઈ હરકત નથી, ભાઈ નીતિનભાઈ સાહેબ. આમાં રિપૉર્ટ છે અમારી પાસે, તમે પોણા બે મીટર જો વધે તો મને લાગે છે કે આ ૧૩ કરોડની છ ગામની પાણી પુરવઠાની જે યોજના છે એના પાણીના સ્ત્રોતનો આધાર આ બંધ ઉપર જ છે. અને આ જે સી.એ.જે. યોજના છે તે આજે મૃત:પાય પરિસ્થિતિમાં છે એટલે હવે આજે પૂરી થવાની છે હવે પાણી કયાંથી લાવવાના અમે? આ મારો સીધો સવાલ છે અને માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, અમારે નાછૂટકે સંબોધન અહીંયા કરવું પડ્યું, આટલું સારું કામ થાય છે છતાં કે આજે ૨૦૧૧ થઈ, હવે ૨૦૧૧માં તો સાહેબ થશે કે નહીં એની મને ખાતરી આજે સાંજના જોઈએ છે. નહીંતો તમારી જે કાંઈ સાહેબ, તમારા ખાતાની એટલે કે, તમારી કામગીરી જે છે એ એટલી સ્પીડી કામગીરી છે પાણી પુરવઠા યોજનાની પણ કે ૧૩ કરોડ રૂપિયા. ૧૩ કરોડ રૂપિયા કોને કહે? કોઈ દિવસ મેં જોયેલા પણ નહીં મારા સ્વપ્નામાં કે મારી ૮૧ વર્ષની ઉંમરમાં કે ૧૩ કરોડની યોજના છ ગામની પરિપૂર્ણ થઈ ગઈ છે પણ પાણી કયાંથી લાવવાના? પાણીનો સ્ત્રોત ત્યાં બંધ જ છે. એટલે આ સાહેબ મારી આટલી વિનંતી વધારે ખાસ કહેવાનું કે, ઘંટડી વાગવાની છે મને ખબર છે, તે વખતે પણ ઘંટડી વગાડી હતી ત્યારે મારા સદનસીબે અધ્યક્ષશ્રી પણ નીમાબેન જ હતા, પણ નીમાબેન તમે શુકનવંતા છો કે તે વખતની મારી રજૂઆત ફળી અને ઘડિયાળ જોવાનું મોટાભાગનું કામ લગભગ પરિપૂર્ણ થયું છે. એટલે આજે પણ તમે અધ્યક્ષ તરીકે બેઠા છો ત્યારે હું આશા રાખું કે, મારું જે દરિયાઇ ધોવાણનું કામ છે, સંરક્ષણ દીવાલનું છે એ પણ મહદ્અંશે પૂર્ણ થાય એમ હું ઇચ્છું છું. બીજી વાત કરવાની એ છે કે, હવે નવી ડિઝાઇન આવવાની છે, સંરક્ષણ દીવાલની નવી ડિઝાઇન. હવે નવી ડિઝાઇન જો આવવાની હોય સાહેબ લોકો તો જે તે કંઈ જૂની ડિઝાઇનમાં કંઈ મરામત કરવાની કે નહીં કરવાની એ મને સમજ નથી પડતી? તો જૂની ડિઝાઇનમાં ફક્ત ૧૦૦ ફૂટમાં જ મરામત કરવાની છે. તો કહે કે નહીં હવે નવી ડિઝાઇન આવવાની છે. હવે નવી ડિઝાઇન આવવાની પણ પેલું મરામત તો કરવું જ પડે ને. ઘરમાં તમે મોભ જો ન રાખો તો આખું ઘર તૂટી પડે એટલે આ મારી તમને વિનંતી છે કે, આ મારી બે લાગણી છે એ લાગણીને તમે દાદ આપો અને અધિકારીઓને કહો કે તાત્કાલિક અસરથી મેં મારી જાતે કાગળ લખીને પણ એમને આપ્યો છે કે, તમે જે આ મરામત કરવાનો જેટલો ભાગ છે એ મરામત કરવા માટેનો એસ્ટીમેટ કાઢો અને મંજૂર કરાવવાની મારામાં ક્ષમતા છે કારણ કે, નીતિનભાઈ મારી સાથે ઘણી લાગણી રાખે છે વડીલ તરીકે. એટલે મારી આ બે વિનંતી છે આ અધિકારીઓને કે પહેલા પેલું જે તમારું સંરક્ષણ દીવાલમાં જે ગાબડું પડ્યું છે અને એના માટે સાહેબ બહું ભયથી જીવી રહ્યા છે કારણ કે, હમણાં જે દરિયામાં નાના નાના મોજા આવે તો એ પણ અંદર પ્રસરી જાય છે. તો મારી આ નમ્ર વિનંતી છે. બીજું તો ઘણું કહેવાનું છે પણ હવે તમે ક્યારના જોયા કરો છો મારે કહેવું નથી પણ ફરીથી ભાઈ શ્રી નીતિનભાઈ અને હું વજુભાઈ સાહેબને વિનંતી કરું છું.

**સભાપતિશ્રી** : દોલતભાઈનું પ્રવચન પૂરું થાય છે.

**વિરામ બપોરે ૨.૩૦ થી ૫.૦૦**

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને**

**શ્રી મણીભાઈ દે. પટેલ(કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, અહીં ગુજરાતમાં ઘણી બધી વિકાસની વાતો આપણે છેલ્લા કેટલાક દિવસોથી સાંભળીએ છીએ પણ મારે આપના મારફત માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રીને એક વાત કરવાની છે કે જે પાણી પુરવઠા યોજનાઓ બનાવવામાં આવે છે એ પાણી પુરવઠા યોજનાઓમાં વ્યકિતદીઠ

૪૦ લિટર પાણી આપવાની યોજના છે એમાં પશુઓનો કે જાનવરોનો ઉમેરો કરવામાં આવતો નથી. આ પાણી પુરવઠા યોજનાઓ અત્યારે ૪૦ટકા, ૫૦ ટકા કે વધુમાં વધુ ૬૦ટકા ક્ષમતાથી કામગીરી કરે છે. પરિણામે ગામડાંની પ્રજાને પુરતુ પાણી મળતું નથી. દર ત્રીજા કે ચોથા દિવસે પાણી આપવામાં આવે છે. જો શહેરી પ્રજામાં એક દિવસમાં બે વખત પાણી આપવામાં ન આવે તો ઉહાપોહ થાય છે. ગામડાંમાં ત્રીજા દિવસે પાણી આપવામાં આવે છે તેથી લોકોને પુષ્કળ મુશ્કેલી વેઠવી પડે છે. ખેતરે ખેતરે ભટકી ભટકીને પાણી લાવવું પડે છે. મારી પાસે સમય ઓછો છે એટલે લાંબી વાત કરવી નથી પણ મારા વિસ્તારમાં હું માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા ખાનગીમાં કહેવા માગું છું કે આવતી વખતે જયારે વિધાનસભામાં આવે ત્યારે પાણીનો કોઈ પ્રશ્ન ન રહે કપડવંજ તાલુકાનો એ રજૂઆત તેમને ખાનગીમાં કહેવા માગું છું. જે ડાર્ક ઝોનની વાત કરવામાં આવે છે. ડાર્ક ઝોનમાં ૫૭ તાલુકા છે. બીજા તાલુકાઓની મને ખબર નથી પણ જે મારી નજીકનો તાલુકો છે કપડવંજ તાલુકો, કઠલાલ તાલુકો, મહેમદાવાદ તાલુકો અને દહેગામ તાલુકો આ બધા જ તાલુકાની બાજુમાંથી કે વચ્ચોવચ્ચથી નર્મદાની મેઈન કેનાલ પસાર થાય છે. આપણે એમ કહેતા હતા કે "નર્મદાના પાણી, કેશુભાઈ લાવ્યા તાણી" એ લગભગ ૨૦૦૦ પહેલા કેશુભાઈ પાણી લાવ્યા છે. ૨૦૦૦ની સાલથી નર્મદાની મેઈન કેનાલમાં પાણી વહે છે. જો ડાર્ક ઝોન તાલુકામાં પાણી આપવામાં આવ્યું હોત તો અત્યારે આ તાલુકાઓ ડાર્ક ઝોન રહ્યા ન હોત. કપડવંજ તાલુકાના ૭-૮ ગામ નર્મદાના કમાન્ડમાં આવેલા છે. કઠલાલ તાલુકાનો લગભગ ૭૦ થી ૭૫ટકા વિસ્તાર નર્મદાના કમાન્ડમાં આવેલો છે. મહેમદાવાદ તાલુકાનો લગભગ ૮૦ટકા વિસ્તાર એ નર્મદાના કમાન્ડમાં આવેલો છે. એવી જ રીતે દહેગામ તાલુકો પણ નર્મદાના કમાન્ડમાં આવેલો છે પરંતુ આજ સુધી એમાં પિયત ભાગ્યેજ ૧૦ટકા સિંચાઈ ત્યાં ઉપલબ્ધ થઈ છે એટલે તાત્કાલિક જો સિંચાઈ ત્યાં ઉપલબ્ધ કરવામાં આવે તો ખેડૂતો જે લાઈટના કનેકશનની જે બુમો છે એ બુમો ઓછી થઈ જશે. ડાર્ક ઝોનનો પણ નિકળી જશે અને ખેડૂતોનું ઉત્પાદન પણ ત્યાં વધશે. આ વાત મારે આપશ્રીને ખાસ કહેવી છે. બીજી વાત કે જે પાણી પુરવઠાની ઘણી રજૂઆત અમે અધિકારીઓ/ કર્મચારીઓને કરીએ છીએ ત્યારે એક ફરિયાદ એવી આવે છે કે અમારી પાસે પૂરતો સ્ટાફ નથી. જયાં તકલીફવાળો વિસ્તાર છે ત્યાં પાણી પુરવઠાનો સ્ટાફ પૂરતો મુકવામાં આવે તો તાત્કાલિક કમી દુર થાય. અમારે ત્યાં જે ચેકડેમ છે એ ચેકડેમ પાંચ વર્ષ અગાઉ નદીઓમાં બનાવ્યા છે. પહેલા વર્ષે ચેકડેમ તુટી ગયા છે. લાખો રૂપિયા બગાડીને ચેકડેમ રિપેર થતા નથી. આ ચેકડેમ રિપેર થાય તો પાણીનો સંગ્રહ થાય અને પાણીના તળ ઉંચા આવે. તળાવ આપણે નાના મોટા અનેક ખોદાવ્યા છે પણ એ તળાવો ભરવા માટે પણ જો યોજના બનાવવામાં આવે તો પણ ચોકકસ તળમાં પાણી ઊંચા આવે અને ડાર્ક ઝોનનો પ્રશ્ન હલ થાય. સિંચાઈનું પાણી આપવામાં આવે. નજીકમાં ૫-૭ કિલોમીટરે નર્મદા કેનાલ છે. જો ઉત્તર ગુજરાતમાં પાણી આપણે લઈ જતા હોઈએ તો ફકત દસ જ કિલોમીટરમાં આખા કપડવંજ તાલુકાના તળાવો ભરાય તેમ છે.સિંચાઈની સગવડ તેને મળે તેમ છે. જો આ દિશામાં પણ સરકાર વિચારશે તો મોટી સેવા કરી ગણાશે.

**શ્રી ગોવિંદભાઈ ઉ. પટેલ(રાજકોટ-૧)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી માગણી નં. ૧૦૦ લઈને જે આવ્યા છે એના સમર્થનમાં કેટલીક મારી વાત કરવા માટે ઊભો થયો છું.

જેમ જેમ ગ્રામ્ય વિસ્તારો ભાંગતા ગયા અને શહેરી વિસ્તારની અંદર લોકો રોજીરોટી માટે આવવા માંડ્યા. અનએક્સ્પેકટેડ જે સંખ્યા વધી, એના કારણે શહેરોની અંદર જે વસ્તી વધારો થયો એની અંદર રોજીરોટી મેળવવા માટે જે લોકો આવ્યા. આજે ગુજરાતની અંદર શહેરી વિસ્તારોમાં વસ્તી કુલ સંખ્યાના લગભગ ૫૦ ટકા લોકો આજે ગુજરાતની અંદર શહેરી વિસ્તારની અંદર વસતી સંખ્યાના ૩૮ ટકા લોકો આજે શહેરી વિસ્તારમાં વસે છે. ૩૮ ટકામાં ૫૦ લાખ જેટલી ગરીબોની સંખ્યા પણ છે. જેનો અંદાજ લગભગ ૧૫ ટકા જેવો છે. આ ગરીબોને રોજીરોટી મળે, એની સમસ્યાનું નિરાકરણ થાય તેવી આઝાદી પૂર્વે જે કલ્પના હતી. છેવાડાના માનવી સુધી, ગરીબના ઝૂંપડા સુધી આ આઝાદીના ફળ પહોંચે એ ગરીબ માણસ સામાન્ય પ્રવાહમાં જોડાય અને એને શિક્ષણ મળે, સુવિધાઓ મળે, રસ્તા મળે, લાઈટો મળે, પાકું મકાનો મળે એના માટેની કલ્પના હતી. ૩-૩ પંચવર્ષીય યોજના પછી પણ આ યોજના સાકાર થઈ નથી. આ યોજના માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૧ વર્ષની અંદર ૭,૦૦૦ કરોડની જે યોજના લઈને આવ્યા છે. શહેરી વિકાસ વિસ્તારમાં ૭,૦૦૦ કરોડ રૂપિયા વાપરવાના છે. આ ૭,૦૦૦ કરોડની અંદર ૪૨ નગરપાલિકામાં ૧૦૫૫ કરોડ ભૂગર્ભ ગટર યોજના માટે વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ચોખ્ખું પીવાનું પાણી ઘર ઘર સુધી મળે એના માટે આ ૬૩ નગરપાલિકામાં ૫૨૩ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આમ કુલ ૧૫૭૯ કરોડની વહીવટી મંજૂરી ચાલુ વર્ષમાં આપવામાં આવી છે. ગરીબી સમૃદ્ધિ યોજના જે લોકોની એક ઉમ્મીદ છે કે શહેરની અંદર જઈને રોજીરોટી મેળવીને સુખી થઈશું, પણ કેટલીક યોજનાઓ જે બની. સવારથી હું સાંભળું છું. મારી સામેના મિત્રો સવારથી ખેડૂતોની ચિંતા કરે છે. ખેડૂતો, ખેડૂતો દરેકને મોઢે ખેડૂતોની ચિંતા સાંભળું છું. હું જન્મજાત ખેડૂત છું. ૧૯૭૬ ની અંદર અર્બન લૅન્ડ સિલિંગ એક્ટનો કાયદો નાખવામાં આવ્યો. રૂપાળું નામ આપવામાં આવ્યું કે આ કાયદા નીચે જમીન સંપાદન કરીશું અને આ જમીન સમૃદ્ધ ખેડૂત પાસેથી લઈને ગરીબોમાં આપીશું, પરંતુ ૨૦ વર્ષ સુધી આ યોજનાનો અમલ થયો નથી. માત્રને માત્ર ખેડૂતો લૂંટાના છે, એટલું જ નહિ ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં આવીને જે લોકો વસ્યા છે, એને મફતિયાપણામાં, ઝૂંપડપટ્ટીમાં જવું નહોતું. શહેરમાં રહેવા માટેના ભાડે મકાન મળતા નહોતા, એવા

સંજોગોમાં શહેરી જમીન ટોચ મર્યાદાનો કાયદો નડતો હતો, ત્યારે એ ગામડામાંથી આવેલા લોકોએ ખેતીની જમીન પ્લોટમાં વેચાતી લઈને એમાં મકાન બનાવ્યા. આવા ૬-૬ શહેરમાં હજારોની સંખ્યામાં ખેતીની જમીનમાં મકાનો આજે ઊભા છે. ક્યાંક ૫૦ વાર, ૬૦ વાર કે ૧૦૦ વારના મકાનો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી રોજીરોટી લેવા માટે આવ્યા છે. એવા હજારો લોકો આ ૬-૬ શહેરોના લોકો આ સમસ્યાની અંદર સપડાયેલા પડ્યા છે. યુ.એલ.સી. ના કાયદાના કારણે અને આ ઊભી કરેલ સમસ્યા છે. એનું નિરાકરણ માનનીય શહેરી વિકાસ મંત્રી કરે તેવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક પ્રકારની યોજનાઓ છે. ઉમેદ યુવા રોજગાર કાર્યક્રમ કે જેમાં ૧૫ થી માંડીને ૩૫ વર્ષ સુધીની ઉંમરના લોકોને શહેરની વિસ્તારમાં વસતો હોય અને તેને ધંધો રોજગાર કરવો હોય તેના માટેની વ્યવસ્થિત ટ્રેનિંગ આપીને તે રોજીરોટીથી સમૃદ્ધ થાય અને સામાન્ય પ્રવાહમાં જોડાય તેના માટેનો પ્રયાસ આ સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ યોજના અનુસાર જે ઘન કચરો નીકળે છે. આ પણ એક સમસ્યા છે. આ ઘન કચરાના નિકાલ માટે જી.યુ.ડી.એમ.ની સ્થાપના કરીને તેના માર્ગદર્શન નીચે ગુજરાતની તમામ નગરપાલિકાઓ આ ઘન કચરાનો નિકાલ કરી શકે તેના માટેની યોજના પણ આ શહેરી વિકાસ વિભાગે કરી છે. પાંચ મહાનગરો તેની માળખાકીય સુવિદ્યાઓ ઉભી થાય તેના માટે ૫૬૪ કરોડની યોજના આ બજૅટમાં કરવામાં આવી છે. ગરીબોને આવાસ મળે, રહેઠાણનું પાકુ મકાન મળે તેના માટેની પણ ૧૬ કરોડની યોજના આ વિભાગના બજૅટની અંદર કરવામાં આવી છે. બી.આર.ટી.એસ.ની યોજના અમલમાં આવતાં સમગ્ર શહેરની અંદર એક છેડેથી બીજા છેડે જનાર માણસ સહેલાઈથી ઓછા ખર્ચે આજે જઈ શકે છે. કેટલાક લોકો જે ગાડી, કાર લઈને બે બે કલાક સુધી પોતાની ફૅક્ટરી નહોતા પહોંચતા તે આજે અડધી કલાકમાં એક છેડેથી બીજા છેડે આ બી.આર.ટી.એસ.ની યોજનાથી જઈ શકે છે. શહેરી વિકાસ મંત્રી જે યોજનાઓ લઈને આવ્યા છે અને જે મિત્રો ખેડૂતોની ચિંતા કરે છે તેમને કહેવું છે કે જ્યારે આપ આ પાટલી ઉપર બેઠા હતા ત્યારે અનેક પ્રકારના કાળા કાયદાઓ ખેડૂતની વિરુદ્ધમાં તેમના શાસનની અંદર થયેલા હતા. બે ત્રણ દાખલા આપીશ. ડાંગરની લેવી હતી, બાજરાની લેવી હતી, મગફળીની નોંધણીનો કાયદો હતો, આ કાળા કાયદા તેમના સમયમાં હતા. તે વખતે ખેડૂતની ચિંતા કરી હોત તો આજે ખેડૂત ખેડૂત કરવાનો સમય આવ્યો ન હોત. માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેને મારું સમર્થન અને ટેકો આપું છું.

***શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)*** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માગણી ક્રમાંક: ૬૫, ૬૬, ૬૭ અને ૧૦૦ લઈને આવ્યા છે તે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના તે ગુજરાતની જીવાદોરી છે. મુખ્ય કેનાલની અંદર પાણી વહે છે. તે કેનાલનું કામ લગભગ પૂર્ણ કર્યુ છે. જ્યાં સુધી શાખા, વી.શાખા, પ્રશાખાઓના કામ પૂરા ન થાય ત્યાં સુધી ખેડૂતોના ખેતરમાં આ પાણી મળવાનું નથી. જે શાખા નહેરો જે ૨૫૮૫ કિલોમીટરની છે તેમાં પૂર્ણ થયેલ કામગીરી છે તે ૧૯૨૦ કિલોમીટર છે. ૬૬૫ કિલોમીટરની લાઈન બાકી છે. વી.શાખાઓની લંબાઈ ૫૧૧૨ કિલોમીટર છે, તેમાં પૂર્ણ થયેલ કામગીરી ૧૬૦૭ કિલોમીટર છે અને બાકીની કામગીરી છે તે ૩૫૦૫ કિલોમીટરની છે. પ્રશાખાઓની લંબાઈ ૧,૧૮,૪૧૬ કિલોમીટર છે. તેમાંથી ૫૧૨૦ કિલોમીટરની કામગીરી પૂર્ણ થઈ છે. જ્યારે ૧૩૨૩૯ કિલોમીટરની કામગીરી બાકી છે. પ્ર પ્રશાખાઓની લંબાઈ ૪૮૦૫૪ કિલોમીટર છે તેમાંથી પૂર્ણ થયેલ કામગીરી ૧૯૧૪૫ કિલોમીટર થયેલ છે. જે બાકી છે તે ૨૮૯૧૪ કિલોમીટર છે. મોટા ભાગની કામગીરી ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો શાખા નહેરો સિવાયની કામગીરી ૬૦ ટકા કરતાં વધારે કામગીરી બાકી છે. જ્યાં સુધી આ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી પાણી વહી જાય છે. ઓવરફ્લો પણ થાય છે અને કેટલીક જગ્યાએ મુખ્ય કેનાલ જ તૂટી જવાથી ઘણું બધું નુકસાન ખેડૂતોને થતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી બીજી એક વાત એ છે કે, સમગ્ર રાજયની અંદર જે વર્ષો પહેલાં બનેલી યોજનાઓ છે અને એ યોજનાઓમાં જે સ્ટ્રકચર જૂના થઈ ગયા હોય અને તૂટી ગયા હોય એ કામગીરી પણ જો પૂર્ણ કરવામાં આવે તો પણ આપણે સિંચાઈનું પ્રમાણ વધારી શકીએ એમ છીએ. ગુજરાતની અંદર જે કાંઈ સોર્સ છે એ તમામ સોર્સ દ્વારા સિંચાઈની જે વ્યવસ્થા છે એ લગભગ ૪૦ ટકા જેવી છે. આમાં એક ઉદાહરણ આપીને હું એ કહેવા માગું છું કે, અમારા ત્યાં મહી-કડાણાની જે યોજના છે એ લગભગ ૩૦ વર્ષ જૂની યોજના છે ૮૪૪૮ હેકટર જમીનમાં એનો પિયત વિસ્તાર છે. આ યોજના આટલી જૂની હોવા છતાં પિયત વિસ્તાર પૈકી ૧૯૧૪ હેકટર જમીન એવી છે કે જેને એકેય વાર પાણી મળ્યું નથી અને એનું કારણ આ યોજના શરૂ થઈ ત્યારે જે સ્ટ્રકચર બનાવ્યા એ સ્ટ્રકચર પાણી જ્યારે વહેવાનું ચાલુ કર્યુ ત્યારે એ સ્ટ્રકચર કામે લાગ્યા નહીં, અને એમાં ફરીવાર સુધારો પણ નથી થયો,

બીજું, માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલાં ધોળીઘાટી હાઈલેવલ કેનાલ ડાબા કાંઠામાંથી બનાવવામાં આવેલ અને એનો વિસ્તાર પણ ૭૦૦૦ હેકટર જેટલો છે અને એ કામગીરી અત્યારે ચાલુ કરી, હમણાં થોડાક સમય પહેલાં, ત્યારે એના સ્ટ્રકચર એટલા બધા ખલાસ થઈ ગયા કે જેથી જમીનને સિંચાઈ મળી શકી નહીં અને

તળાવો જે ભરવાનાં હતાં એમાં પણ એક બે તળાવોમાં પાડી પડ્યું અને પછી એ કામ થયું નહીં, એ જ પ્રમાણે મહીની જમણા કાંઠાની જે કેનાલ છે એ કેનાલ પણ ૪૦૦૦ હેકટર કરતાં વધારે જમીનને પાણી આપી શકે એમ છે છતાં એનાં પણ સ્ટ્રકચર એવાં છે.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી માગણી નંબર ૬૭ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચાર રજૂ કરવા અને સમર્થન કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ પીવાના પાણીની બાબતમાં અછતગ્રસ્ત રાજય હતું. અપૂરતો અને અનિયમિત વરસાદના લીધે અને ગુજરાતના૧૬૦૦ કિલોમીટરમાં દરિયાના ખારા પાણી અને પૂર્વ પટ્ટીમાં ડુંગરાળ વિસ્તારને લીધે આ પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યા હતી. પણ જ્યારે કોંગ્રેસે તો ત્રીસ વર્ષ સુધી રાજય કર્યુ ત્યારે અત્યારે જે ગામડાના ખેડૂતોની એ ચિંતા કરે છે, ગામડાની વસતિની ચિંતા કરે છે પણ એમના ત્રીસ વર્ષના શાસનમાં એમને આ યાદ ના આવ્યું કે ગ્રામ પંચાયતના વારિગૃહના બિલ એ બિલ ગ્રામ પંચાયત ભરતી હતી અને જ્યારે બક્ષી પંચના ગામો હોય, જ્યાં ખેત મજૂરો રહેતા હોય અને એ પાણીનો વેરો ભરે નહીં ત્યારે આ લાઈટના જે કનૅક્શન હતાં એ કપાઈ જતાં હતાં અને મારા ગામડાની બહેનો, મારી માતાઓ બબ્બે કિલોમીટરથી બેડાં લઈ અને પ્રાઈવેટ બોર ઉપર પાણી ભરવા માટે જતી હતી. ત્યારે એ આજે ગામડાની ચિંતા કરે છે પણ એમણે એ વખતે યાદ ના આવ્યું ભારતીય જનતાપાર્ટીનું શાસન આવ્યું, ૧૯૯૫માં પ્રથમ જ વખત આ પાણીના જે વારિગૃહના બિલ હતાં એ સરકારે પોતાના માથે લઈ અને આ ગામડાની પ્રજાને જે પીવાના પાણીની જે મહત્ત્વની સમસ્યા હતી એમાંથી દૂર કરી છે. ગામડામાં જે સામાન્ય માણસ રહે છે એને શું જોઈએ, એને પાણી, વીજળી અને રસ્તા જોઈએ. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ જે ત્રણેય મહત્ત્વની બાબતો છે એ પૂરી કરી છે. ગુજરાતમાં આજે વરસાદ આધારિત પીવાનું પાણી હતું અને વારંવાર દુષ્કાળના લીધે જ્યારે પીવાના પાણીની તકલીફ પડતી હતી ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એને પ્રથમ અગ્રતાક્રમ આપી અને પીવાના પાણીની બાબતમાં ડૅમ અને કેનાલ મારફતે, ભૂગર્ભ જળ ઉપર આધાર નહીં રાખી અને. આ પાણીનો સંગ્રહ કરી અને પ્રથમ અગ્રતાક્રમ આપીને પીવાના પાણીની સમસ્યામાંથી મુક્ત કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે પીવાનું પાણી પૂરું પાડવા માટે જૂથ યોજનાઓ દાખલ કરી.અને આ જૂથ યોજનાના આયોજન અને અમલીકરણને પ્રાધાન્ય આપી છેલ્લા એક વર્ષમાં ૨૭૫ કિલોમીટર બલ્ક પાઈપ લાઈન નાંખી અને ૯ હજાર કિલોમીટરના વિસ્તરણની પાઈપ લાઈન નાંખી અને ૮૫૯ ગામ અને ૨૦ શહેરોને એમાં આવરી લેવામાં આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ૨૧૭૮ કિલોમીટર લાંબી બલ્ક પાઈપ લાઈન અને ૧,૧૬,૬૯૭ કિલોમીટરની વિસ્તરણ પાઈપ લાઈન નાંખવાનું કામ આ રાજયની સરકારે કર્યું છે અને આની મારફતે રાજયના કુલ ૧૦,૬૭૫ ગામો અને ૧૨૭ શહેરોની ૩.૫૮ કરોડ વસતિને આ પાણી પુરવઠા યોજના દ્વારા આવરી લીધેલ છે જેનું સંચાલન ગુજરાત સરકાર કરી રહી છે. પીવાના પાણીની બાબતમાં ભારત સરકાર દ્વારા જારી કરાયેલ માર્ગદર્શિકા મુજબ રાજયમાં પીવાના પાણીની સમસ્યા બાબતે વર્ષ ૨૦૦૩-૦૪માં સર્વેક્ષણ કરવામાં આવ્યો અને આ સર્વેક્ષણ મુજબ રાજયના ૩૪,૮૪૫ ગામ ફળિયા પૈકી ૯,૪૬૨ ગામ ફળિયા અપુરતી પીવાના પાણીની સગવડ વાળા PC અને ૧૬૬ ગામ ફળિયા પીવાના પાણીની બાબતમાં NC વાળા હતા. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે ૨૦૧૦ સુધીમાં આ બધા જ ગામ ફળિયાને પીવાના પાણીની સગવડ આપવા માટેનું આયોજન કર્યું છે ત્યારે આજે જે પીવાના પાણીની બાબતમાં ગુજરાત સરકાર જે પ્રયત્ન કરી રહી છે આપણે ખબર છે કે ૧૯૭૦ ના દાયકામાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં દુષ્કાળ પડેલો ત્યારે આપણા ગાંધીનગરમાં બોર બનાવી અને રેલવે માફરત પાણી પૂરું પાડવામાં આવતું હતું અને ટૅન્કરો મારફત પાણી પૂરું પાડવું પડતું હતું ત્યારે આજે ટૅન્કર મુક્ત આયોજન કરી નર્મદાની પીવાના પાણીની પાઈપ લાઈન મારફતે આજે રાજયના દરેક ગામ સુધી આ નર્મદાનું પાણી પહોંચી રહ્યું છે. કચ્છનો અને સૌરાષ્ટ્રના મોટાભાગમાં પીવાનું પૂરું પાડવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે પીવાના પાણીની બાબતમાં જે આયોજન કર્યું છે એમાં આદિવાસી વિસ્તાર માટે વનબંધુ વિકાસ યોજના મારફતે હેન્ડપંપોનું આયોજન કરવામાં આવ્યું છે, સાગર કિનારાના ભાઈઓ માટે ખારાશવાળા પાણીમાંથી મુકિત આપવા માટે RO પ્લાન્ટ નાંખવાનું આયોજન આ રાજય સરકાર કરી રહી છે ત્યારે ગુજરાતમાં પીવાના પાણી બાબતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય પાણી પુરવઠા મંત્રીશ્રી નીતિનભાઈ અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પીવાના પાણીની બાબતમાં જે આયોજન કર્યું છે એના લીધે વાસ્મો દ્વારા ઉત્કૃષ્ઠ કામગીરી માટે રાજયને ૨૦૦૬-૦૭નો પ્રધાનમંત્રી એવોર્ડ પ્રાપ્ત થયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯માં ઉત્કૃષ્ઠ કામગીરી માટે સંયુકત રાષ્ટ્ર સંઘનો આંતર રાષ્ટ્રીય એવોર્ડ પણ પ્રાપ્ત થયેલો છે. એ સિવાય ૨૦૧૦માં માલ્ટા ખાતે યોજાયેલ સમારંભમાં કોમનવેલ્થ દેશોના પ્રતિષ્ઠિત એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે. ત્યારે આજે માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા એ રાષ્ટ્રીય યોજના છે અને ગુજરાતની જીવાદોરી છે. આ નદીઓ આપણા દેશ માટે એક લોકમાતા સમાન છે અને એટલા માટે તો નર્મદા હોય ગંગા હોય એવી નદીઓને અપણે પુછીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે નર્મદા યોજનાનું ખાતમહૂર્ત તે વખતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ કરેલું અને ત્યાર પછી અન્ય રાજયો અને બીજા કેટલાક મેઘા પાટકર અને બાબા આપ્ટે જેવા જે વિરોધીઓએ વિરોધ કરેલો એના કારણે આ યોજના વિવાદમાં પડલી હતી. આ યોજના જલદી થાય એવું આપણે ઈચ્છીએ.:આ યોજના શરૂઆતમાં છ હજાર કરોડ રૂપિયાની હતી અને આજે લગભગ ૩૬,૦૦૦ કરોડ રૂપિયાએ પહોંચી છે. આ યોજના જો જલ્દી પતી હોય તો ગુજરાત હરિયાળું બન્યું હોત. આજે કેટલાક વિસ્તારો શાખાઓ, વિશાખાઓ, પ્રશાખાઓ અને પ્રપ્રશાખાઓ એના ૬૦ ટકા ઉપરના કામો બાકી છે. મારા મત વિસ્તારની વાત કરું તો મારા મત વિસ્તારના વીરપુર, બાલાસિનોર અને મારા પાડોશી તાલુકાઓ કપડવંજ, કઠલાલનો જે વિસ્તાર છે એ સૂકોભંઠ્ઠ છે છેલ્લાં ઘણા વર્ષોથી આ વિધાનસભાની અંદર ચર્ચાઓ હું સાંભળું છું. ત્યારે આ વિસ્તારની અનેકવખત રજૂઆતો કરી, અનેક ખેડૂતોએ રજૂઆતો કરી પણ તેમ છતાં લિફ્ટ કરીને પણ પાણી આપી શકાય તેમ છે પરંતુ અત્યારસુધી આ માટે કોઈ આયોજન સરકારે કર્યુ નથી. સુજલામ્-સુફલામ્ એ ખરેખર કડાણા હાઈલેવલની યોજના હતી, પરંતુ એની ડિઝાઈન બદલીને આપણે સુજલામ્-સુફલામ્ યોજના બનાવી છે. કોંગ્રેસની સરકારોએ તે વખતે ૮૫ જેટલી મોટી, મધ્યમ અને નાની કદની યોજનાઓ બનાવી હતી. મારા મત વિસ્તારની અંદર એકબાજુ સુજલામ્-સુફલામ્, બીજીબાજુ નર્મદા યોજના. મારા વિસ્તારની બે કિલોમીટર દૂર થાય છે. માનનીય મંત્રીશ્રીના ઉત્તર ગુજરાતમાં લગભગ બધાજ ગામડાઓમાં પાણી પહોંચ્યું છે. બધે પાણી પહોંચવું જોઈએ, એ રીતે સૌરાષ્ટ્રમાં પણ મળવું જોઈએ, છેલ્લાં ઘણા દિવસોથી હું સાંભળું છું, અહીંયા અનેક ચર્ચાઓ ચાલે છે, કરોડો રૂપિયાની ખાયકી થાય છે, ટાટા જેવા પાસેથી જો ૨૯,૦૦૦ કરોડ રૂપિયા નીરા રાડિયા લઈ જતી હોય તો એ રૂપિયા જો આ ગુજરાતના જે સૂકા ભઠ્ઠ વિસ્તારો છે એને લિફ્ટ કરીને પાણી આપવામાં આવે, તળાવો ભરવામાં આવે અને ચેકડેમો ભરવામાં આવે તો ચોકકસ આપણું જે ખેડૂતો માટેનું સ્વપ્ન છે, ખેડૂતો માટેનું, કારણકે આપણે બધા ખેડૂતોના પ્રતિનિધિ છીએ અને ગામડાઓમાંથી આવીએ છીએ. મારા વિસ્તારની યોજના માટે અનેક વખત ખેડૂતોએ અહીંયા સરકારમાં પણ રજૂઆત કરી છે, ભા.જ.પ.ના કે કોંગ્રેસના બધાજ પ્રતિનિધિઓએ રજૂઆત કરેલી છે. પરંતુ પંદર વર્ષથી હજુ કોઈ ઉકેલ આવતો નથી. અહીંયા મેં ગયા વખતે રજૂઆત કરી હતી કે સુજલામ્-સુફલામ્ કડાણાથી શરૂ થઈ મારા વિસ્તાર સુધી ફક્ત ત્રણ જ ગેટ છે, ગેટ હોય તો તળાવ કે ચેકડેમો ભરી શકાય, એટલે ગેટ મૂકવા જોઈએ. ગયા વખતે આઠ મહિના પહેલાં ખેડૂતોએ આંદોલન કર્યુ ત્યારે સરકારના અધિકારીઓએ આવીને કહ્યું કે મહિનાની અંદર કામકાજ શરૂ થશે પણ હજી છ મહિના થયાં છતાં કામ શરૂ થયું નથી. આ રીતે રાજયની અંદર અનેક એવા સૂકા ભઠ્ઠ વિસ્તારો છે જ્યાં પાણી નથી જઈ શકતું તો આવા ખોટા ખર્ચાઓ બંધ કરીને આવા વિસ્તારોને પાણી આપવું જોઈએ. ખેડૂતો ૨૦ વર્ષથી ખૂબ આક્રોશમાં છે. હજારો ખેડૂતો એમની પોતાની રીતે જ મળ્યા હતા, હું પણ હવે વિચારી રહ્યો છું કારણકે કોઈપણ વસ્તુની સહન કરવાની મર્યાદા હોય, આ કેનાલ મારા વિસ્તારમાંથી જાય છે, ખેડૂતો ત્યાં આંદોલન કરવાના જ છે. બીજીબાજુ ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાનું તળાવ છે ત્યાં નર્મદાનું પાણી લિફ્ટ કરીને નાંખવાના છે અને વાત્રક ડેમમાં પણ નાંખવાના છે તો વચ્ચે આવતા તાલુકાઓ, સાબરકાંઠાના પણ તાલુકા અને ખેડા જિલ્લાના તાલુકાને પણ એનો લાભ મળી શકે તેમ છે તો પાઈપલાઈન દ્વારા જો લઈ જતા હોય તો ખરેખર વચ્ચે જે વિસ્તાર છે એ માણસો એ સહન નહિ કરી શકે એટલે આ વિસ્તારને ન્યાય મળે, કારણકે **"બુભૂક્ષિતો કિમ્ ન કરોતિ પાપમ્,** " છેવટે લોકો આ જ કરવાના છે હું પણ એમને સાથ આપવાનો છું. પાણી નહિ મળે તો હવે અમારી મર્યાદા રહી નથી. એટલે આ વિસ્તારને પાણી મળે એના માટે હૃદયપૂર્વક વિચારે એટલું કહીને મારી વાત હું પૂરી કરું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદાની ૬૫ નંબરની રૂપિયા ૨૭,૧૦,૫૩,૭૨,૦૦૦/- ની માગણી લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. મારા જિલ્લામાંથી નર્મદા યોજના પસાર થાય છે, નર્મદા યોજના ગુજરાતની જીવાદોરી છે. ૩૫ - ૩૬ વર્ષ સુધીના આટા પાટામાં આ નર્મદા યોજનાને લોકોએ અટવાવી. અને ત્યાર પછી તે યોજનાની મંજૂરી મળી અને મંજૂરી મળ્યા પછી તે કેનાલ કોંગ્રેસના વખતમાં વીસ વર્ષ પહેલાં બની હતી ૧૯૮૯-૯૦ નો દાયકો હતો અને તે વખતે કોંગ્રેસનું શાસન હતું. સિધ્ધાર્થભાઈ પટેલ સાહેબ બોલતા હતા કે કેનાલો તૂટી ગઈ છે પણ તૂટવાનું કારણ શું? તે વખતે ધારાસભ્ય નહોતા. હું ત્યાંનો એક કર્મચારી હતો અને મેં પણ કામ જોયું છે. તે વખતે કોંગ્રેસની સરકારમાં કેનાલોમા ફક્ત ઈંટો જ મૂકવામાં આવી હતી. અત્યારે લોકો પાણીની ફરિયાદ કરે છે કે પાણી સિલ્ટીંગ થાય છે, નીકળી જાય છે પણ સાહેબ જો જે તે વખતે તેનું ધ્યાન રાખવામાં આવ્યું હોત માનનીય મુખ્યમંત્રી અમારા જિલ્લાના હતા. નર્મદા નિગમના ચેરમેન પણ વડોદરાના હતા તે કદાચ તે લોકોને ખ્યાલ નહીં હોય. વખતો વખત રજૂઆત કરે છે કે કેનાલનો જમણી બાજુનો ભાગ નસવાડી, કવાંટ, જેતપુર અને છોટા ઉદેપુર તેને પાણી આપતાં નથી આની વખતો વખત હાઉસમાં પણ રજૂઆતો થઈ છે. પણ જે તે વખતે આ સરકાર હતી, આપણાં મુખ્યમંત્રી હતા, આપણાં મોહનસિંહભાઈ રાઠવા તે વખતે વન મંત્રી હતા અને આ સરકારના મોભી હતા અને કોંગ્રેસના

ધારાસભ્ય હતા. તો મારે તેમને પૂછવું છે કે તમે આ વિષય ઉપર કેમ નહીં બોલ્યા ? આ સરકારે ૪૫૮ કિલોમીટરની લાઈન પૂરી કરી છે, કેનાલો પૂરી થઈ ગઈ છે લોકો વડોદરા જિલ્લામાં પાણી ફરે છે. ગઈ સાલ અધિકારીઓ સાથેની બેઠકમાં કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મીટિંગ બોલાવવામાં આવી હતી તેમાં અલોરીયા સાહેબ પણ હતા. જે કેનાલો તૂટી ગઈ છે તેને રિપેર કરો. ત્યારે કેનાલો રિપેર કરી. આજે મારા તાલુકાની વાત કરું તો ચાર પાંચ કેનાલોમાં પાણી નહોતું જતું ત્યાં અમે પ્રયત્ન કરી લોકોની ભાગીદારી સાથે અમે પાણી પહોંચાડ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું ભીલોરીયા કેનાલ. આ કેનાલ ચૂંટણીના સમયે તૂટી ગઈ. મેં માનનીય નીતિનભાઈને ફોન કર્યો, કે જે બોગદું તૂટી ગયું હતું તે ચાર મહિના સુધી રિપેર થાય એવું નહોતું. પણ અધિકારીઓની મહેનતથી, નીતિનભાઈની સૂચનાથી એ ફક્ત ૩૦ દિવસની અંદર અને ૧૦ હજાર હેકટરમાં જે ભિલોડીયા કેનાલની અંદર સિધ્ધાર્થભાઈની બાજુનો વિસ્તાર મારો જ વિસ્તાર આવે છે. એમને ખબર હશે આજે બારીયા સમાજના લોકોએ બે માસ સુધી પાણી ના મળ્યું પણ અત્યારે તે લોકોને બે માસ સુધી લંબાવવું જોઈએ એવી માગણી પણ કરી છે અને કેનાલના અધિકારીઓને આ અંગે રજૂઆત પણ કરી છે. બીજી વાત હું કરું છું કે આનાથી ફાયદો શું થયો ? તો વડોદરા જિલ્લાની અંદર પહેલાં સાતસો દૂધ મંડળીઓ હતી અત્યારે ૧૧૦૦ મંડળીઓ થઈ. ચારસો મંડળીઓનો વધારો થયો છે એ શાના માટે ? લોકોને પાણી મળે, લોકો તેનો ઘાસચારો ઉગાડે, લોકો બેન્કોમાંથી લોન લાવે સરકાર આપે છે. આદિવાસીઓની જો વાત કરું તો એમાં પણ દર દસ દિવસે લોકોને ૧૫૦૦ થી ૨૦૦૦નું ભરણું મળે છે. હું દૂધ મંડળીનો પ્રમુખ છું ૫૨ ડે ૬૦૦ લિટર દૂધ આવે છે. મેં ૭૦ આદિવાસી લોકોને લોન અપાવી છે જે પૂરી થઈ ગઈ છે અને દર દસ દિવસે મારે દોઢ લાખનું બિલ આવે છે. ૧૫૦ લાભાર્થીઓ છે તો આ સરકાર પાણીદાર સરકાર છે, નરેન્દ્ર મોદી સાહેબે આ કામ કર્યુ છે. નીતિનભાઈએ પણ આ યોજના માટે ખૂબ મહેનત કરી છે.

**અધ્યક્ષશ્રી** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી અભેસિંહ મો. તડવી** : તેના સમર્થનમાં લઈને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા અને જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ માગણી ક્રમાંક : ૬૫ અને ૬૬ લઈને આવ્યાં છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં ઘણી બધી ચર્ચાઓ થઈ છે. આ ચર્ચાઓ જો ખરેખર દિલ પર હાથ મૂકીને વાત કરવામાં આવે તો હું વિચારતો હતો કે તે સારી વાત થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનો મુખ્ય પાયો એ મારા વિસ્તારમાં આવેલો છે અને નર્મદાની મૂખ્ય કેનાલ એ મારા વિસ્તારમાંથી પસાર થાય છે. આ નર્મદા ડેમ બનાવવા માટે મારા વિસ્તારના લોકોએ શું શું પરિસ્થિતિનો સામનો કર્યો છે એ મારા વિસ્તારના લોકો સારી રીતે જાણે છે. મારા વિસ્તારમાં હમણાં માનનીય અભેસિંહભાઈ બોલતા હતા કે આદિવાસીઓ સારી રીતે આજે દૂધ મંડળીઓ દ્વારા પોતાના કુટુંબનું સારી રીતે ગુજરાન કરી શકે છે. મારે એ વાત કરવી છે કે આ વિસ્તારના લોકોએ જયારે નર્મદાની મુખ્ય કેનાલમાં પોતાની જમીનો આપી છે, નર્મદાના વિસ્થાપિતો માટે જમીનો આપી છે. તો તેમાં હું પણ ખેડૂત છું અને એમાં જમીનોના પૈસા મળેલા એમાં ખાલી નહીં જેવી મામૂલી કિંમતે ખેડૂતોએ આ જમીનો આપી છે, પરંતુ આજે મારે ખૂબ દુઃખ સાથે કહેવું પડે છે કે આજે બધે સૌરાષ્ટ્રને પાણી મળે, સાબરકાંઠાને પાણી મળે અને ત્યાં આવેલ નર્મદાની મુખ્ય કેનાલની બાજુમાં ખાલી ૨ કિલોમિટરના વિસ્તારમાં સિંચાઈનું નહીં, પરંતુ પીવાનું પાણી પણ જો લોકોને ના મળે તો અમારી એનાથી બીજી કઈ કમનસીબી હોઈ શકે? જયારે જયારે આ ગૃહમાં નર્મદાની માગણી આવે ત્યારે આની દર વખતે ચર્ચા થાય છે. માનનીય મંત્રીશ્રી અમારા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી પણ છે અને તેમને વારંવાર રજૂઆતો કરી છે, પરંતુ કેમ જાણે તેમને અમારી ઉપર કોઈ ઓરમાયું વર્તન હોય એવું મને લાગે છે. અમારા આદિવાસીઓ માટે આ પાયાનો પ્રશ્ન છે. અમારા માટે ખાલી હેન્ડ પંપની યોજનાઓ છે, એકપણ જૂથ યોજના પાણી પુરવઠાની અમારા માટે બનાવી હોય તો મને બતાવો. મારા વિસ્તારમાં ત્રણ તાલુકા એમાં કવાટમાં પણ જે વિસ્તારના લોકોએ ભોગ આપ્યો છે, જે મૂળ વસાહતો છે એમાં વિસ્થાપિતોને પાણી મળતું નથી. અમારે તો ફકત નર્મદા કેનાલ અને નર્મદા મૈયા વહે એટલાં જ દર્શન કરવાનાં જ અમારા ભાગ્યમાં છે. અને હમણાં માનનીય સભ્યશ્રી શંકરભાઈ કહેતા હતા કે અમારા ખેડૂતોના આટલા આટલા પાક પાકે છે અને આટલાં બધાં પાક પાણી થયાં છે. અમે તો વિચારીએ છીએ કે અમે તો જમીનો આપી દીધી છે તો અમને સિંચાઈનું પાણી તો અપાતું નથી, પરંતુ પીવાનું પાણી પણ અમને ના મળતું હોય તો એનાથી વધારે બીજું શું કહીએ? હું એ વિચારું છું કે અભેસિંહભાઈ વાત કરતા હતા કે અહીંયાં નર્મદાનું કેનાલનું પાણી મળે છે. તો મારે એ વાત દોહરાવવી છે કે સંખેડા તાલુકામાં ૩૨૩૦૩ હેકટરને પાણી મળવાનું હતું અને આજે ફકત ૮૪૦૪ હેકટરને જ એટલે કે ફકત ૨૦ ટકા વિસ્તારને જ પાણી મળે છે. એવી રીતે નાંદોદ કે જે મુખ્ય કેનાલથી ૯ કિલોમિટરમાં છે એમાં નર્મદાનું પાણી મળવાનું હતું એ ૫૪૩૭ હેકટરમાં અને આજે ૧૫૯૬ હેકટરમાં જ પાણી મળે છે. કારણ કે હમણાં અહીંયાં વાત થતી હતી કે અગાઉ કેનાલો બનેલી છે તો પછી આ નર્મદાના ઢાળ્યિા કયારે બન્યા છે અને એ કેવા પ્રકારના બન્યા છે ? માનનીય મંત્રીશ્રી અમારા વડોદરા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી છે ત્યારે આ વિસ્તારની પણ થોડીક મુલાકાત લે અને આ બધી કેનાલો તૂટી છે એની પણ ખબર કે

દેખરેખ રાખે તો હું માનું છું કે આ માગણીઓને સમર્થન આપી શકાત, પરંતુ આવી ઘણી બધી તૂટતી કડીઓ છે ત્યારે હું આ માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપી શકતો નથી.

**શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી ૧૦૦ નંબરની માંગણી લઈને આવ્યા છે ત્યારે એના પર હું મારુ વકતવ્ય આપવા ઉભો થયો છું. હું શહેર વિસ્તારમાંથી આવું છું એટલે થોડી ઘણી જે શહેર બાબતની સમસ્યાઓ છે તેના પર હું મારી વાત મુકીશ. ૨૦૦૦ અને ૨૦૦૩ દરમિયાન અમદાવદ શહેરને મેગા સીટી બનાવવા માટે અહીંથી એન.ડી.એ. સરકાર વખતે માંગણી કરવામાં આવી હતી પણ એ માગણીમાં ઈન્કાર મળ્યો હતો અને એ માંગણી સ્વીકારવામાં આવી નહોતી. પરંતુ માનનીય સોનીયા ગાંધીના પ્રયાસોથી પ્રધાનમંત્રીશ્રી મનમોહનસિંહજીએ અમદાવાદને મેગા સીટીની જાહેરાત કરી, અને લગભગ ૫૧૦૦ કરોડ રૂપિયાની રકમ અમદાવાદના વિકાસ માટે ફાળવી હતી. બહુ જ દુ:ખ સાથે મારે કહેવું છે કે, હું કોઈ નાના શહેરની કે કોઈ નગરપાલિકાની વાત કરતો નથી હું જે વાત કરું છું એ મેગાસીટી, અમદાવાદની વાત કરું છું. કેટલાય વિસ્તાર એવા છે કે આપ જુઓ તો ત્યાં એવું લાગશે કે ફલાય ઓવર, બાગ બગીચાઓ, શહેરનો સુંદર વિકાસ, પણ કેટલાક વિસ્તાર એવા છે કે જેમાં અસમતોલ વિકાસ થયો છે, આજે ત્યાં પીવાના પાણી માટે પણ લોકોને વલખા મારવા પડે છે. ડ્રેનેજની સુવિધાઓ નથી અને લોકો બિમારીમાં સપડાય છે વારે ઘડીએ કમળા અને ઝાડા ઉલટીના બનાવો બનતા જાય છે. વટવાના લોકોએ પ્રાથમિક સુવિધાઓ મેળવવા માટે હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડયા અને હાઈકોર્ટે ૧૬ કરોડ રૂપિયાના કામો પ્રાથમિક સુવિધા માટે મંજૂર કર્યા, બીજો સરખેજ વિસ્તાર કે જેનો અમદાવાદ મ્યુનિસિપલ કોરપોરેશનમાં સમાવેશ કર્યો, મ્યુનિસિપલ કોર્પોરેશને ટેકસ ઉઘરાવવાનું ચાલુ કરી દીધું છે. પણ મારે દુ:ખ સાથે કહેવું છે કે ત્યાંના લોકોએ પણ હાઈકોર્ટના દ્વાર ખખડાવવા પડયા ત્યારે આજે ૮ કરોડ રૂપિયાના એમના પ્રાથમિક સુવિધાના કામ હાઈકોર્ટે મંજૂર કર્યા છે. ત્રીજી વાત કરું બહેરામપુરાની, બહેરામપુરાના છાપાઓની અંદર ફોટા આવ્યા, કે ત્યાંના લોકોને પોલ્યુશન વાળા અને ગંદા પાણીના લીધે, કેમિકલ યુકત પાણીના લીધે એમના પગમાં સડો થયો એમના પગોમાં છાલા પડી ગયા હતા, એ ફોટા સંદેશ અખબારમાં છપાયા એ ફોટાના આધારે હાઈકર્ટે પોતે સુઓમોટો દાખલ કરી અને સુઓમોટો દાખલ કર્યા પછી કોરપોરેશનને નોટીસ કાઢી છે કે તમે કેમ આ લોકોને પ્રાથમિક સુવિધાઓ આપતા નથી. તો જયારે આ પરિસ્થિતિ એક મેગાસીટીની હોય તો નાની નગરપાલિકા અને બીજા જે નાના નાના શહેરો છે ત્યાંની પરિસ્થિતિ શું હશે તે આપણે વિચારી શકીએ છીએ. હું એ કહેવા માગું છું કે શું આપણે આજે સુવિધાઓ આપીએ છીએ તેના માટે ટેકસ ઉઘરાવતા નથી? આપણે ટેકસ લઈને આ સેવાઓ આપીએ છીએ. તો ટેકસ જયારે આપણે ઉઘરાવતા હોઈએ તો લોકોને પ્રાથમિક સુવિધાઓથી કઈ રીતે વંચિત રાખી શકીએ. આપણે જયારે વાત કરતા હોઈએ, અહીંયા ગપગોળા છોડતા હોઈએ મોટી મોટી વાતો કરતા હોઈએ કે અમે આની અંદર કોઈ ભેદભાવ નથી રાખતા, તો આ ત્રણે વિસ્તાર તમે ઉઠાવીને જોઈ લો કે આ કયા વિસ્તારો છે? આ ગરીબો, પછાતોના અને લઘુમતીઓના વિસ્તારો છે. હું કહેવા માગું છું કે વિકાસની અંદર પ્રાથમિક સુવિધાઓની અંદર કોઈ દિવસ રાજકારણ વચ્ચે હોઈ શકે નહીં. પ્રાથમિક સુવિધાઓ આપવાની આપણી ફરજ છે, આપણી જવાબદારી છે અત્યારે મારા મિત્ર અહીંયા કહેતા હતા કે સજનરે જુઠ મત બોલો ખુદાકે પાસ જાના હે, ખુદાકે પાસ જાએંગે તબ પતા ચલેગા કી કયા હંમને ધંધા કીયા થા, કયા હમને કામ કીયા થા, કેટલું જુઠું આપણે અહીંયા બોલ્યા હતા, અને કઈ પરિસ્થિતિ આપણે અહીંયા નિર્માણ કરી હતી. જયારે આપણે પ્રાથમિક સુવિધાઓ પણ લોકોને પુરી ન પાડી શકતા હોઈએ, અમદાવાદનો અત્યારે ડેવલપમેન્ટ પ્લાન બનવા જઈ રહયો છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીની સામે માગણી કરવા માગું છું કે ડેવલપમેન્ટ પ્લાનમાં પણ એવી રીતે ડેવલપમેન્ટ પ્લાનમાં જે જી.ડી. શહેર બનાવે તેમાં સમતોલ વિકાસ સમગ્ર ગુજરાતમાં થાય એક જ પ્રકારના નિયમો બધાને લાગુ પડે. કારણ કે અત્યારે પરિસ્થિતિ એવી છે કે ઘણાં બધા નિયમોનો અધિકારીઓ એમની મરજીથી અમલ કરતા હોય છે જયાં લાગે કે જયાંથી એમને કટકી-બટકી લાગ-ભાગ મળતો હોય ત્યાં એમનું અર્થઘટન બીજું કરે, અને જયાં એમને લાગે કે અહીંયા નથી બરાબર અને અહીંથી કંઈ મળે એવું નથી તો ત્યાં એ પોતાની રીતે કરે છે. એટલે જી.ડી. શેર જયારે બનતું હોય ત્યારે સમગ્ર ગુજરાતની અંદર આપણે એક જ પ્રકારનું એક જ નિયમો હોવા જોઈએ બધાના માટે, અને બીજું કે જયારે આપણે ઈમ્પેકટ લાવવા જઈ રહયા છીએ ત્યારે હું એટલું જ કહેવા માગું છું કે ઈમ્પેકટ આપણે કેટલી વખત લાવીશું ? આપણે પહેલા પણ લાવ્યા, અત્યારે પણ લાવી રહયા છીએ એવી કોઈ જોગવાઈ આપણે કરવી જોઈએ, ઈમ્પેકટ લાવો, ના નથી, અમારું પણ સમર્થન છે, પણ જેનાથી લોકોના પ્રશ્નો છે તે પ્રશ્નો હલ થાય, પણ એની અંદર એવી જોગવાઈ પણ કરવી જોઈએ કે હવે આપણે ત્રીજી વખત ઈમ્પેક લાવવું ન પડે અધિકારીની જવાબદારી ફીકસ કરો, અધિકારીઓ રૂપિયા લઈ લે બિલ્ડરો પાસેથી અને જે કંઈ તોડવાનું કે જે કંઈ ડીમોલેશન કરવાનું આવે તો એ ગરીબ લોકોને જ ભોગવવાનું આવે છે. તો આપણે એ રીતનું કરીએ કે જેથી તમામનું નિરાકરણ થઈ જાય અને તમામ લોકોનો ઈમ્પેકટની અંદર સમાવેશ થઈ જાય.

**શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્ન દ્રષ્ટા ગુજરાતની સાડા પાંચ કરોડની જનતાના હૃદય સમ્રાટ આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ, મંત્રીમંડળમાં શહેર

વિકાસના પાણી પુરવઠાના અમારા પાણીદાર મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સાહેબ ગૃહ સમક્ષ પાણી પુરવઠાની માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

રાજય સરકાર દ્વારા સજલધારા કાર્યક્રમ અમલીકરણ હેઠળ છે જેમાં સરકારની નાણાકીય સહાય ૯૦ ટકા અને ૧૦ ટકા લોકફાળો લેવાનો હોય છે. ગામલોકો દ્વારા રચાયેલી પાણી સમિતિ દ્વારા સંચાલન કરવામાં આવે છે જેનો સીધો લાભ ગામડાંને મળે છે. ગ્રામ્ય સ્તરે પીવાના પાણીની આંતરિક વ્યવસ્થા માટે વ્યાપક લોક ભાગીદારી ઊભી કરી રાજયમાં અત્યારે ૧૭૪૨૦ જેટલી પાણી સમિતિઓની રચના કરવામાં આવી છે. ૧૧૪૫૯ યોજનાઓ સરકારશ્રીએ મંજૂર કરી છે. ૭૩૭૪ યોજનાઓ સરકારે પૂર્ણ કરી છે. હાલમાં ૪૦૮૫ યોજનાઓ પ્રગતિ હેઠળ છે.

મારા પંચમહાલ જિલ્લાની વાત કરું તો નર્મદા યોજના આધારિત સુજલામ સુફલામ યોજના હેઠળ શુદ્ધ પીવાના પાણીની યોજના હાલોલ જાંબુઘોડા વિસ્તાર માટે ૨૨૦ કરોડની મંજૂર કરવામાં આવી છે. કાલોલ-રાજગઢ વિસ્તાર માટે ૨૧૦ કરોડ રૂપિયાની યોજના સરકારશ્રીએ મંજૂર કરી છે. આમ ૪૫૦ કરોડની યોજના નર્મદા આધારિત પીવાના પાણીની યોજના અમારા મુખ્યમંત્રીશ્રી અને નીતિનભાઈ પટેલ સાહેબે મંજૂર કરી છે જેનું કામ હાલ પરિપૂર્ણતાને આરે છે જેનો સીધો લાભ પંચમહાલ જિલ્લાના દરેક તાલુકાને મળવાનો છે. અમારા તાલુકાની વાત કરુ તો એ ડાર્કઝોન હેઠળ છે અને પીવાના પાણીની ખૂબ જ સમસ્યા હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નીતિનભાઈ પટેલ સાહેબે હાલોલ-જાંબુઘોડા, કાલોલ-રાજગઢ અને ગોધરા વિસ્તાર માટે પીવાના પાણીની સુંદર વ્યવસ્થા કરીને આ યોજનાનો લાભ અમારા તાલુકાઓને મળવાનો છે ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી તથા પાણી પુરવઠા મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. નર્મદાનું પીવાનું પાણી પવિત્ર ગણાય છે, પંચમહાલ જિલ્લાને શુદ્ધ ફિલ્ટર થયેલું પાણી પીવા માટે તથા નાહવા માટે મળવાનું છે. આ યોજનાનો સીધો લાભ અમારા તાલુકાને મળે છે ત્યારે રાજય સરકાર દ્વારા આદિવાસી વિસ્તારની પ્રજા માટે પીવાના પાણીની સમસ્યાને આવરી લેવા માટે વન બંધુ કલ્યાણ યોજના અમલમાં મૂકી છે. આદિવાસી વિસ્તારના ૩૦૯૭ ગામો અને ફળિયાઓને આવરી લેતી ૭૧ ગ્રામ્ય જૂથ પાણી પુરવઠા યોજના કાર્યરત છે. ૭૧૫ ગામો અને ફળિયા માટે નવ જેટલી જૂથ પાણી પુરવઠા યોજનાઓ પ્રગતિ હેઠળ છે. આ રીતે સરકારશ્રી પીવાના પાણીની સુંદર વ્યવસ્થા કરી રહી છે ત્યારે હવા અને પાણી એ કુદરતની દેન છે. કોઈએ સુંદર કહ્યું છે કે પાણી અને વાણી વાપરો જાણી જાણી. પાણી ઉપરથી આવે છે અને વાણી પણ ઉપરથી આવે છે. તો સુંદર પાણીની વ્યવસ્થા અમારા જિલ્લામાં કરી છે. આ સરકારશ્રીએ અને માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ સાહેબે અમારી જે ચિંતા કરી છે એના માટે હું તેઓને અભિનંદન આપું છું. અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એને હું મારુ સમર્થન કરુ છું.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થઈ છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગુજરાત સરકારને અભિનંદન આપવા છે. મારા દાહોદ જિલ્લાના ગરવાડા, લીમખેડા, ધાનપુર, સંતરામપુર, દેવગઢબારીયા, દાહોદ, ઝાલોદ, ફતેહપુરા. અમારા સાતે તાલુકામાં અમારા પથ્થર, અમારું પાણી, અમારી જમીન, તો પણ અમારી બહેનોને પાણી માટે વલખાં મારવાં પડે છે. આજે હું એ બહેનોના દુ:ખના લીધે એક દુ:ખની વાત કરવા માગું છું. ત્યારે મારા દાહોદ જિલ્લામાં બહેનોને પાણી મળતું નથી પણ પાણીના બદલે દારુની પોટલીઓ મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસે હું પાણી પુરવઠા વિશે વાત કરીશ. અમારો દાહોદ જિલ્લો આદિવાસી વિસ્તાર છે. રાજયમાં સૌથી ઓછો વિકાસ દાહોદ જિલ્લાનો થયો છે. અહીં આદિવાસી રોડ ઉપર અને ખેતરોમાં મજૂરી કરતા જ્યાં ત્યાં ભટકતા જોવા મળે છે. હવે હોળીનો તહેવાર આવ્યો છે ત્યારે અમારા આદિવાસીઓ, અમારા દાહોદના ખેડૂતો આખા ગુજરાત રાજયના બસ સ્ટેન્ડ હોય, રેલ્વે સ્ટેશન હોય ત્યાં માથે પોટલા લઈને ખેડૂત ભાઈ અને બહેન બે-પાંચ છોકરાં લઈને રખડતા-ભટકતા નજરે પડે છે. મારે આજે દુ:ખ સાથે પાણી માટે અને ખેતી માટે સિંચાઈ માટે આ દુ:ખ વ્યક્ત કરવું પડે છે. અમારા દાહોદ જિલ્લામાં હોળીનો તહેવાર આવ્યો એટલે ગામડાંમાં ઘણી બધી સંખ્યા થશે. પાણી માટે સાંજે ગમે ત્યાંથી આવીને અમારા આદિવાસી વિસ્તારમાં મહિલા ધારાસભ્ય તરીકે સાંજે ફોન કરે એટલે પોટલી મારીને ફોન કરે, એટલે મારે બે શબ્દ સાંભળવા પડે. આજે મારા વિસ્તારમાં પાણી પુરવઠાની યોજનાઓ કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી. તેમાંથી લગભગ ૮૦ ટકા યોજનાઓ દાહોદ જિલ્લાની બંધ પડી છે. પાણી પુરવઠા માટે ઘણી બધી તકલીફ વેઠવી પડે છે. લોકોને પાણી માટે પડતી મુશ્કેલીના કારણે મોટી પાણી પુરવઠા યોજના બનાવી છે તે કાર્યરત નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગયા વર્ષે મારો બોરીયાળા ગામનો પ્રશ્ન હતો. એ હજુ સુધી હલ થયો નથી. બીજું, કે દાહોદ જિલ્લાના હેન્ડપંપ કાર્યરત નથી અને બગડેલા છે. તેના માટે કોઈ સાધન-સામગ્રી પણ મળતી નથી. ઘણી બધી રજૂઆતો સંકલન સમિતિમાં, પાણી સમિતિની મિટિંગોમાં કરી છે. ત્યાં સુધી અમારા અધિકારીશ્રીઓ એમ કહે છે કે ઉપરથી સામાન આવતો નથી. ઉપરથી સામાન આવશે ત્યારે તમારા હેન્ડપંપ રીપૅરીંગ થશે. એટલે હું એમ કહેવા માગું છું કે આ સરકારની બધા વાહ-વાહ કરે છે ત્યારે અમારા દાહોદ જિલ્લાને આટલો બધો વિખવાદ કે આદિવાસી વિસ્તાર છે તેની કોઈ ચિંતા કરતું નથી. અગાઉના

વર્ષોમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે અમારે દુષ્કાળ પડ્યો ત્યારે અમને રેલ્વે મારફત પાણી લાવીને દાહોદ જિલ્લામાં પૂરું પાડ્યું હતું. આજે અમારા જિલ્લાનો પીવાના પાણીનો અને સિંચાઈનો પ્રશ્ન હલ ન થાય *(xxxx) (xxxx) (xxxx)એટલે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપના શબ્દો હું રેકૉર્ડ ઉપરથી દૂર કરું છું. માનનીય ભૂષણભાઈ..

**શ્રી ભૂષણ અશોકભાઇ ભટ્ટ(ખાડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૧-૧૨ માટે શહેરી વિકાસ મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં અને તેની ઉપયોગિતા જણાવવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણું ગુજરાત વિકાસના જે સ્વર્ણિમ પથ ઉપર દોડી રહ્યું છે તે આપણે અનુભવી રહ્યા છીએ, આપણે જોઈ રહ્યા છીએ. દેશ આખાની અંદર એની વાત, દેશ આખાના અનેક રાજયો એના દાખલા લે છે. દેશની અંદર જ નહીં પણ હવે તો દુનિયામાં એની ચર્ચા વિશેષ પ્રમાણમાં થવા માંડી છે. એક એવું સમીકરણ છે કે, શહેરીકરણથી વિકાસ વધે છે અને શહેરીકરણથી દેશ વૃદ્ધિ પામે છે. આજે ૪૦ ટકા વસ્તી આઠ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકાઓમાં આ વસ્તી વસે છે. જે આગામી ૧૫ વર્ષમાં ૫૦ ટકા થવાનો અંદાજ છે. આવા સંજોગોમાં શહેરી વિકાસને પ્રાધાન્ય આપવું આવશ્યક બની જાય છે. ગુજરાતના સદનસીબે ગુજરાતને છેલ્લા દસ વર્ષથી સબળ અને સક્ષમ નેતૃત્વ મળ્યું છે. તેના પરિણામે શહેરી નાગરિકોની સુવિધામાં, સગવડો વધારવા માટે આ સ્વર્ણિમ વર્ષમાં રૂ.૭૦૦૦/- કરોડ રૂપિયાની જંગી રકમ સ્વર્ણિમ જયંતીના આ વર્ષમાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકી છે અને આ યોજનામાં અનેક વિભાગોની અનેકવિધ યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં રસ્તાઓ હોય, ફલાય ઓવર હોય, પીવાના પાણી પુરવઠાની યોજના હોય, ગટર વ્યવસ્થાની યોજના હોય, વરસાદી પાણીના નિકાલની યોજના હોય, ગરીબો માટે આવાસની યોજના હોય, આરોગ્યની સુવિધાની યોજના હોય, શિક્ષણની સુવિધાની યોજના હોય, પરિવહનની યોજના હોય, જળાશયો અને પર્યાવરણ જાળવણીની યોજના જેવી અનેક યોજનાઓનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ સાથી ધારાસભ્યશ્રી ગ્યાસુદીનભાઈએ કહ્યું એમ હું પણ એ શહેરમાંથી આવું છું. અમદાવાદ શહેરની અંદર છેલ્લા દસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના એક કાઉન્સિલર તરીકે ખાડીયા વિસ્તારમાંથી જીતતો આવું છું. પણ એમણે જે વાત કરી કે, મેગા સીટી જે તમે ન કરાવી શક્યા એ અમારી સરકાર આવી ત્યારે થયું એમ. એના માટે હું એમને અનેક દાખલાઓ આપી શકું તેમ છું. ૨૦૦૦થી ૨૦૦૫ સુધી અમદાવાદ શહેરની અંદર જે શાસન હતું એ શાસનની અંદર AMTSની બસનો અકસ્માત થાય અને અકસ્માત થયા પછી મોટર એકસીડન્ટ કલેઈમ મેળવવા માટે જેને નુકસાન થયું હોય એ એનો કલેઈમ મેળવવા માટે કોર્ટમાં જાય. કૉર્પોરેશન પાસે આ અકસ્માતના કલેઈમ ચૂકવવાના પૈસા નહોતા. સેશન કોર્ટે બસો કબજે લેવાના હુકમ કર્યા અને પાંચ-પાંચ, દસ-દસ બસો ભદ્રની કોર્ટમાં લઈ જવી પડી એના દાખલા ૨૦૦૦થી ૨૦૦૫ની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર બન્યા છે. મેગા સીટી અમે કર્યું, મેટ્રો સીટી અમે કર્યું. જેના સમયમાં આ થયું છે એ સારું થયું છે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, શ્રી ગ્યાસુદિનભાઈ જે વિસ્તારની અંદર ધારાસભ્ય છે એ લાલ દરવાજા પાસે સ્વ. વડાપ્રધાન રાજીવ ગાંધી અને સ્વ.વડાપ્રધાન ઇન્દિરા ગાંધીની પ્રતિમા આજે પણ કોથળાની અંદર બંધ છે. આજે પણ લાલ દરવાજા પાસે ઊભી કરેલી આ પ્રતિમાનું લોકાર્પણ નથી થયું. આ એમના સમયમાં બનેલી પ્રતિમા હતી. શ્રી ગ્યાસુદિનભાઈનો આ મત વિસ્તાર છે. અમદાવાદમાંથી નીકળતા હોય અને જુઓ તો રૂપાલી સિનેમાના વિસ્તારમાં આવે છે એ પ્રતિમા આજેપણ એમને એમ છે આવા અનેક દાખલા હું આપી શકું એમ છું. હું એમ પણ કહું કે વિકાસના કામમાં જે રીતે ગુજરાતનું મેં કીધું એમ સબળ અને સક્ષમ નેતૃત્વ આદરણીય નરેન્દ્રભાઈનું છે. અમદાવાદના વિકાસની વાત કરીએ ત્યારે એમણે અનેક જગ્યાએ અનેક વખત કીધું છે કે જે પ્રોજેકટનું ભૂમિપૂજન અમે કરીએ એનું લોકાર્પણ પણ અમે કરીશું આ એમની નેમ હતી અને જે પ્રોજેકટોનું ભૂમીપૂજન આદરણીય પ્રભારી મંત્રીએ કર્યુ હોય, શહેરી વિકાસ મંત્રીએ કર્યુ હોય કે આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ કર્યુ હોય એનું લોકાર્પણ પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થાય, એની પુસ્તિકાનો અહેવાલ પણ તમે જોઈ લેજો પણ દુઃખ સાથે કહેવું પડે આવા અનેક દાખલા હું આપી શકું એમ છું, ૨૦૦૦ થી ૨૦૦૫ની સાલની અંદર ભુરેલાલ કમિટીના અહેવાલ મુજબ સી.એન.જી. બસો ખરીદવાની હતી અને સીએનજી બસો ખરીદવાની હતી ત્યારે એનું ટેન્ડર નીકળી ગયું, ૪૦-૪૦ કમિટી, એક કમિટી નહીં, સ્ટેન્ડીંગ કમિટી દર ગુરુવારે મળે,

**અધ્યક્ષશ્રી** : આપની પાસે બે મીનીટનો સમય છે.

**શ્રી ભૂષણ અશોકભાઇ ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બે મીનીટ, નવો સભ્ય છું, નવી વાત કરવા દો. સાહેબ બે મીનીટ વધારે આપજો. દર ગુરુવારે સ્ટેન્ડીંગ કમિટી મળે એક ગુરુવાર નહીં પણ ૪૦-૪૦ કમીટી સુધી એની અંદર કેટલાક કોંગ્રેસના સભ્યો એવું કહે અમારે ટાટા બસ લેવી છે, કેટલાક કોંગ્રેસના સભ્યો એવું કહે કે અમારે લેલેન્ડ લેવી છે, સાહેબ એ વખતે હું વિરોધ પક્ષનો સભ્ય હતો, સ્ટેન્ડીંગ કમિટીનો સભ્ય હતો. ચાલુ કમિટીએ પ્રદેશ પ્રમુખનો ફોન આવે કે આજની કમિટીમાં આ કામ પાસ કરી દો, ચેરમેન એમ કહે કે ફોન નહીં ઉપાડવાનો

* (XXXX માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બંધ કરી દો, ૪૦ કમિટી સુધી આ કામ બાકી રાખી અને શહેરની પ્રજાને દુ:ખી કરવાનું કારણ શું? શા માટે ટાટા લેવી હતી, શા માટે લેલેન્ડ લેવી હતી, એ મને ખબર નથી કોનો વ્યકિતગત રસ હતો, શેના માટે રસ હતો, કેમ આવી વાત હતી એ પણ મને ખબર નથી આ શહેરની પ્રજાએ જ્યારે તમારા પર વિશ્વાસ મૂક્યો હોય, તમને મત આપીને મોકલ્યા હોય ત્યારે શહેરની પ્રજા પણ જવાબ તમારી પાસે માગતી હોય છે. ઘણી વાતો કહેવાનું મન થાય છે, આ શહેરની વાત નથી આ રાજયની પણ ઘણી વાત કહેવાનું મન થાય છે, મેં એક નાની વાત વાંચી હતીને એ આજે મને બહુ જ સાર્થક દેખાય છે. એક નાની ટચૂકડી વાર્તા જે મેં વાંચી હતીને એ વાર્તાની અંદર એવું હતું એક કૂવામાં દેડકો અને કાચબો સાથે રહે, કાળક્રમે એવું બન્યું કાચબાને એમ થયું કે હું બહાર જઉ, એ કૂવામાંથી બહાર નીકળ્યો, બહાર રહેવા લાગ્યો, રોજ દેડકો એને ખીજાવે કે ભઈ તું પાછો આવતો રહે અહીંયા તો બહુ મજા છે. આ દેડકા ભાઈ રોજ કાચબા ભાઈને એવું કહે, આ કૂવામાં તમે પાછા આવતા રહો કાચબા ભાઈ. અહીંયા શાંતિ છે, અહીંયા સલામતી છે, અહીંયા બધું જ છે, એક દિવસ કાચબાભાઈ પણ અકળાયા અને એને કીધું કે કૂવામાંના દેડકા બહાર આવીને જો તો ખરો કે શહેર કેટલું વિકસ્યું છે. કેવળ વાત ના કર, કૂવામાં રહીને તું વિકાસની વાત ના કર, કૂવામાં રહી કૂવામાંના દેડકા, તને કૂવામાં રહીને તને વિકાસની વાત કરવાનો અધિકાર નથી, તું બહાર આવ તો તને ખબર પડશે કે બહારની દુનિયા કેવી છે. હોંગકોંગ, સિંગાપુર જેવી આ દુનિયા બની છે. માનનીય મંત્રીશ્રીઓ જે માગણીઓ લઈને આવ્યા છે એ માગણીઓને સમર્થન આપુ છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ માગણી નંબર : ૬૫,૬૬ ૬૭ અને ૧૦૦ લઈને આવ્યા છે એમાં મારા વિસ્તારની વાત કરવા માટે ઉપસ્થિત થયો છું. ..અંતરાય .. હા સાચું બોલીશું, સોગંદ લીધા છે આ વિધાનસભા ગૃહમાં, સરદાર સરોવરની બહુ વાત સાંભળી અમે, અહીં મારે યાદ કરાવવું જોઈએ કે જ્યારે સરદાર સરોવર યોજના બની અને એનું ખાતમુહૂર્ત કરવાનું હતું ત્યારે કોંગ્રેસની સરકારો વખતે સ્વર્ગસ્થ પંડિત જવાહરલાલ નહેરુના હાથે થયું, સ્વ. રાજીવ ગાંધીને યાદ કરવા પડે અને એવા મહાનુભાવોને અભિનંદન આપવા જોઈએ. પણ આ તો ગુજરાતમાં ઊલટું ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી કહેવું છે કે જે બળદ ગાડું લઈને જાય છે, ગાડું ખેંચીને જાય છે, વજન આખું બળદો ખેંચીને જાય અને ગાડા નીચે કૂતરું હોય તે એમ કહે કે આ ગાડું હું ખેંચી જાઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, એ તો બળદોને ખબર પડે કે ગાડું ખેંચીને કોણ ગયું છે. આ ગુજરાતમાં જ્યારથી સરકાર આવી છે ત્યારથી ગુણગાન બહુ ગવાય છે. કોંગ્રેસની સરકાર વખતે ગુજરાતની ઘણી બધી ટ્રાયબલ પટ્ટીમાં મોટા ડેમો થયા છે એ ઉકાઈની યોજના હોય, એ સરદાર સરોવરનું હોય, મેશ્વો હોય કે દમણ-ગંગા હોય, ઘણી બધી યોજના બની છે. મોટાભાગની જમીનો આ જે યોજનાઓ છે એ આદિવાસી પટ્ટી પર થઈ છે. જમીનો અમે ગુમાવી છે, અમારાં લોકો ભોગ બન્યાં છે અને લીલા-લહેર બીજા લોકો કરે છે. એટલે અમારે કહેવું છે કે આ યોજના બનાવી ત્યારે કોંગ્રેસના મહાનુભવોએ બહુ મોટ મન રાખ્યું હતું કે ગુજરાતના તમામ લોકોને સુખ મળે, તમામ લોકો સુખી-સંપન્ન થાય અને એ આગળ જાય એ આશયથી આ યોજના બનાવી હતી પણ જ્યારથી આ યોજના બની પાણી બીજી જગ્યાએ ગયું, જેમ નસવાડીના ધારાસભ્યએ કહ્યું એમ પાણી પણ આપ્યું, જમીન પણ આપી, બધું આપ્યું પણ નકશામાં હવે અમે ભૂલાઈ ગયા છીએ. જ્યારથી ભારતીય જનતા પાર્ટી આ વાત કરી રહી છે ત્યારે મારે એમને કહેવું છે કે નીતિનભાઈ તો અમારા ભરૂચના પણ પ્રભારી છે. મારે કિરીટભાઈ રાણાને પણ કહેવું છે કે મારા વિસ્તારમાં સિંચાઈનો આંકડો આપું, મારા એરિયાના દેડિયાપાડામાં કુલ કલ્ટીવેશન છે એ તમને કહું ૧૧૧૦૬૮ ટોટલ જમીનો છે તેમાં ડેડિયાપાડામાં ૨૮૦૦ જ જમીનનું પિયત થાય છે એનું એની ટકાવારી છે ૭.૬૬% અમે વારંવાર કહીએ છીએ. આ ડેટા જોઈને ગુજરાતના મુખ્યમંત્રીને ભારતીય જનતા પાર્ટીના લોકો નંબર વન ગણતા હશે. ડેડિયાપાડામાં બહુવાર ગુજરાતના મુખ્યમંત્રી આવે છે, મેં એમને કહ્યું હતું અને નર્મદાના કલેકટરને પણ કહ્યું હતું કે તમે ગુજરાતના મુખ્યમંત્રીને કહો કે નર્મદા સરદાર સરોવરની હાઈકેનાલનું કામ ક્યારે કરવા માગો છો? સેન્ટ્રલે ગુજરાત સરકારને રેકેમેન્ડેશન કર્યુ છે કે નહિ, એની કેનાલ ખોલવા માગો છો કે નહિ? ૧૮ વર્ષથી તમે સત્તા પર છો. હજુ સુધી કાગળ પણ તમે ડ્રાફટીંગ કરીને દિલ્હીની સરકારમાં મોકલ્યો નથી તો અમને પાણી ક્યારે આપવાના છે? આ કાગળ મેં ગુજરાતના સી.એમ.ને ૨૦૧૦માં લખ્યો છે. હજુ જવાબ મળતો નથી. ધારાસભ્યને જવાબ નહિ મળતો હોય તો બી.પી.એલ.ના લાભાર્થીને જવાબ મળશે? એ.પી.એલ.ના લોકોને લાભ મળશે? એની એપ્લીકેશનનો જવાબ આ સરકાર આપશે? માનનીય અધ્યક્ષશ્રી, મારે આ બધું કહેવું છે. બીજું નીતિનભાઈ મારે આપશ્રીને કહેવું છે કે આપ જળસંચય વિભાગના મંત્રી છો ત્યારે મારે આપને કહેવું છે કે ટ્રાયબલના ખેડૂતો સિંચાઈની જમીનો માટે સુવિધા ઉપલબ્ધ કરે ત્યારે આપ જ્યારથી મંત્રી બન્યાં છો ત્યારથી અમારાં લોકો પ્રત્યે ઓરમાયું વર્તન રાખો છો. મારે એમને કહેવું છે કે કોંગ્રેસના વખતમાં રાજપીપળામાં, નર્મદા જિલ્લામાં હેડકવાર્ટર ઉપર કરજણ સંકલન જળાશય યોજનાનું વડુમથક બન્યું છે તેને આ સરકારે જાન્યુઆરી ૨૦૧૧ થી બંધ કરી દીધું છે. મારે આપના મારફત મંત્રીશ્રીની વાસ્મોની વાત પણ કહેવી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ. (અંતરાય) અમરસિંહભાઈ, આપ બેસો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી) :** અમરસિંહભાઈ બીજી કોઈ વખતે કહેજો. હજુ ૧૦-૧૫ દિવસ હાઉસ ચાલવાનું છે તમને તક મળશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કહે તો આપને સાંભળું.

**અધ્યક્ષશ્રી** : નીતિનભાઈ આપ શરૂ કરો.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ ( નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને આનંદ છે કે, આખા રાજયની અત્યારની સાડા પાંચ કરોડની અને કદાચ થોડા વખત પછી નવી વસ્તી ગણતરીનો આંકડો જાહેર થાય અને અંદાજે લગભગ છ કરોડની જે ગુજરાતની પ્રજા, ગુજરાતના નાગરિકો થવાના છે એ તમામ લોકો માટે જે ખૂબ અગત્યની જરૂરિયાત છે એવું પીવાનું પાણી, સિંચાઈનું પાણી, ખેતી માટે ઉપયોગી પાણી, ઉદ્યોગો માટો ઉપયોગી પાણી, ઘર વપરાશ માટે ઉપયોગી પાણી અને અમારા શહેરી વિકાસ વિભાગ કે જે આ ગુજરાતની અત્યારે લગભગ ૪૦ ટકા કરતાં વધુ જનતા વસે છે એવા મહાનગરો અને નગરપાલિકાઓ વિસ્તારની સુખ, સુવિધા, કૃષિ દ્વારા, સિંચાઈ દ્વારા રાજયની સમૃદ્ધિ અને રાજયની પ્રગતિ માટેની જે મારી કામગીરી છે એ કામગીરી અંગેનું બજૅટ આ સનમાનીય ગૃહ સમક્ષ મંજૂર કરાવવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંદર માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો, સૂચન અને સહયોગ અને સમર્થન અમને આપ્યું છે. મને આનંદ છે કે, લગભગ બધા જ સભ્યશ્રીઓએ પોતાની વાતની, પોતાના વિસ્તારની જરૂરિયાતને અહીંયા સારી રીતે વાચા આપી છે અને મને જે જાણકારી મળી એના દ્વારા અમારી કામગીરીને વધુ સારી રીતે લોકભોગ્ય બનાવવા માટે અને અમને જે બજૅટ મળવાનું છે એમાંથી ચોક્કસ પ્રયત્નો કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારમાં અનેક જાતની માહિતીઓના સોર્સ હોય, કાર્યકરો દ્વારા રજૂઆતો આવે, સરપંચો દ્વારા આવે, માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા આવે, માનનીય સંસદ સભ્યશ્રીઓ દ્વારા આવે, છાપામાં પણ માહિતી મળે, ટી.વી. માધ્યમ દ્વારા પણ રજૂઆતો, ફરિયાદો બધું જોવા અને જાણવા મળે. મારા વિભાગનો અને મારો સતત અભિગમ રહ્યો છે કે, જ્યાં જ્યાંથી રજૂઆતો આવે, સૂચનો આવે, સારી ભાષામાં આવે, કડવી ભાષામાં આવે એનો ઉપયોગ કરીને પ્રજાકીય કામગીરી અમારા વિભાગની કેવી રીતે અમે વધુ સંતોષકારક કરી શકીએ. પ્રજાને વધુ ને વધુ મદદરૂપ અમે કેવી રીતે અમારા વિભાગ દ્વારા થઈ શકીએ તે માટેનો મારો સતત પ્રયત્ન રહે છે. ઘણા જ ધારાસભ્યશ્રીઓ રૂબરૂમાં પણ રજૂઆત કરે છે તો એમના પ્રશ્નોને હલ કરવા માટે શકય તે તમામ પ્રયત્નો અમે કરતા હોઈએ છીએ. આજે જે હું બજૅટની માગણીઓ લઈને આવ્યો છું એ પણ ખૂબ મોટી રકમની માગણીઓ છે. કારણ કે, પ્રજાકીય કામગીરી આખા રાજયની તમામ વિસ્તારોને લગતી કામગીરી એ મોટી કામગીરી છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય નાણા મંત્રીશ્રીઓએ અમને અમારા વિભાગોને મારે એમનો આભાર એટલા માટે માનવો છે મંત્રી તરીકે કે મંત્રી પોતાના વિભાગની કામગીરી ક્યારે સારી રીતે કરી શકે ? ધારાસભ્યશ્રીઓને, કાર્યકરોને, પ્રજાને ક્યારે સારી રીતે સંતોષ આપી શકે કે, જ્યારે એમની પાસે પોતાના વિભાગ માટે કરવા માટેની કામગીરી માટે પૂરતી નાણાકીય બજૅટની વ્યવસ્થા હોય. માનનીય અધ્યક્ષશ્રી, ઘણો જ આપણો ઉત્સાહ હોય, ઉમંગ હોય, ઘણાં આયોજનો હોય પણ જો આપણી પાસે બજૅટ ના હોય, સરકાર બજૅટ ના ફાળવે તો આપણે કામ કરી શકતા નથી. એટલે મારે અમારો નર્મદા વિભાગ, ખૂબ માનનીય સિદ્ધાર્થભાઈથી લઈને બધા માનનીય સભ્યશ્રીઓએ એના ઉપર પોતાના હકારાત્મક, સૂચનાત્મક પ્રતિભાવો અહીંયા રજૂ કર્યા છે, બધાની મેં નોંધણી કરી છે કે, કેનાલોના કામો ઝડપથી થાય બીજી કામગીરી આગળ વધે, કચ્છ સુધી પાણી પહોંચે, સૌરાષ્ટ્ર સુધી પાણી પહોંચે અને બાકીના વિસ્તારોને પહોંચે એ બધા જ માટેનું આપણો બિલકુલ સરકારનો આ બાબતોમાં અમારો બિલકુલ હકારાત્મક અભિગમ છે. કારણ કે, આ કોઈ સરકાર માટેનું કામ નથી. આ અત્યારના ગુજરાત માટેનું અને આવનારી ગુજરાતની પેઢી માટેનું, ગુજરાતની સમૃદ્ધિનું એક આ સોપાન છે અને જ્યારે આપણે સ્વર્ણિમ જયંતી ગુજરાત રાજયની ઉજવી રહ્યા હોઈએ ત્યારે તો આપણને વિશેષ આનંદ થાય કે, નર્મદા યોજનાના અનેક અનેક જે આડખીલીઓ હતી, અનેક એના વિઘ્નો હતા એ દૂર કરતાં કરતાં આપણે બધા સાથે મળી, દરેક રાજકીયપક્ષો, દરેક નેતાઓ અત્યાર સુધીના બધા જ લોકો આમાં સાથે મળીને આપણે જે કામ કર્યુ છે ત્યારે હવે આપણે લગભગ શરૂઆતની સંઘર્ષની ગાથા પછી હવે વિકાસની ગાથા ઉપર આપણે આગળ વધી રહ્યા છીએ.માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની કામગીરીમાં મોટામાં મોટી જરૂરિયાત અત્યારે બે છે જે સભ્યશ્રીઓએ પણ પોતાની વાતમાં કહી છે. અમે પણ વિચારીએ છીએ, સમજીએ છીએ અને એના તરફ અમારું ખૂબ ગંભીરતાથી ધ્યાન છે. એક બાબત છે કે ડેમની હાઈટ જે અત્યારે ૧૨૧.૯૨મીટર છે એને આપણે ૧૩૮થી ઉપર લઈ જવાની છે પરંતુ બાકીની જે ઉંચાઈ વધારવાનું કામ છે એ કામ માટેની આપણી ટ્રીબ્યુનલના ચુકાદા પ્રમાણેની ભારત સરકારની સૂચનાઓ પ્રમાણેની માર્ગદર્શક ગાઈડલાઈન પ્રમાણેની સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન પ્રમાણેની કમિટિઓ કાર્યરત છે. પુનઃવસવાટ અને પર્યાવરણ બંને બાબતને લગતી આ કમિટિઓ જે જે માર્ગદર્શન આપે છે, સૂચનાઓ આપે છે એનું ફોલોઅપ કરતા કરતા આજે આપણે ૧૨૧.૯૨ મીટરની ઉંચાઈ પ્રાપ્ત કરી છે ત્યારે હજુ બધા જ માનનીય સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મુકવા માગું છું કે નર્મદામાં જે પાણી ભરવાપાત્ર છે એનું ત્રીજા ભાગનું પાણી લગભગ ૩૩ટકા પાણી અત્યારે આપણે જે હાઈટ થઈ છે એમાં ભરી શકીએ છીએ. એના ઉપર જે ગેજ ચડાવવામાં આવશે અને પૂરેપૂરી ૧૩૮ મીટરની ઉંચાઈ પ્રાપ્ત કરવામાં આવશે ત્યારે અત્યારે જે પાણીનો જથ્થો આપણે એમાં સંગ્રહ કરી શકીએ છીએ

એના કરતા ત્રણ ગણું વધુ પાણી આપણે એમાં સંગ્રહ કરી શકવાની સ્થિતિમાં આવીશું. હું સભ્યશ્રીઓને ચોકકસ કહીશ કે અત્યારે પણ જે કામ થયું છે એના દ્વારા ખેતીમાં, પીવાના પાણી માટે, ઉદ્યોગો માટે, પશુપાલન માટે જે જે લાભો આપણે મેળવી રહ્યા છીએ. જયાં જયાં મળી રહ્યા છે એ તમામ લોકો એમ કહે છે કે આનાથી અમને ફાયદો થયો છે. મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે જો ૩૩ટકા પાણીથી આપણને આટલો ફાયદો થતો હોય તો પૂરેપૂરી હાઈટ જયારે આ ડેમની મળશે ત્યારે ગુજરાતમાં કેટલી ખેતીવાડીની, કૃષિની ક્રાંતિ થશે, ખેડૂતોની કેટલી મોટા પ્રમાણમાં સમૃદ્ધિ વધશે, ઢોર ઢાંખર માટે કેટલું પાણી મળશે. માનનીય અભેસિંહભાઈએ ખૂબ સાચું કહયું. આપણે પશુપાલનને વધારવું છે. દુધ ઉત્પાદન વધારવું છે. ગામડાંમાં ખેડૂતોને પુરક આપણે રોજગારી આપવી છે પણ કયારે આપી શકીએ? સૌરાષ્ટ્રમાં દુધ ઉદ્યોગ આપણે વધારવો છે. બનાસકાંઠા, ઉત્તર ગુજરાતમાં, કચ્છમાં દુધ ઉત્પાદન વધારવું છે પણ ઘાસચારો જો ન મળે, ઘાસચારા માટે પાણી ન મળે તો આપણે નથી કરી શકતા. આ તો સીધા દેખાય છે એટલા લાભો કહું છું પણ વાયાવાયા જે લાભો મળવાના છે. જયારે ડેમની પૂરેપૂરી હાઈટ આપણે મેળવીશું ત્યારે હું ચોકકસ કહીશ કે ગુજરાત એ કૃષિ ક્રાંતિમાં, શ્વેત ક્રાંતિમાં, હરિત ક્રાંતિ અને ગ્રીન રીવોલ્યુએશનમાં આપણે સૌથી વધુ દેશની અંદર હોઈશું. મને વિશ્વાસ છે આ ગૃહના સૌ સભ્યોને વિશ્વાસ છે કે ગુજરાતના ખેડૂતો મહેનતુ છે, ગુજરાતના ખેડૂતો પ્રગતિશીલ છે. ગુજરાતના ખેડૂતો માટે જે પાણીની કમી છે એ પાણીની કમી જયારે નર્મદા યોજના દ્વારા જયારે આપણે પૂરી કરીશું ત્યારે પંજાબ અને હરિયાણા કરતા પણ ગુજરાતના ખેડૂતોની મહેનતથી આપણે વધારે ઉત્પાદન ગુજરાતમાં મેળવી શકીશું અને ગુજરાત અત્યારે રોકડીયા પાકો માટે કે અમુક પ્રકારના બીજા તેલીબીયા પાકો માટે પ્રખ્યાત છે. શેરડી હોય, કપાસ હોય, એરંડા હોય, રાયડો હોય એમાં આપણે જે ઉત્પાદકતા મેળવી છે એના કરતા અનેકગણી ઉત્પાદકતા ધાન્યમાં, તેલીબીયામાં, રોકડીયા પાકમાં, ફળફળાદીમાં પણ આપણે મેળવીશું અને આપણું ગુજરાત એક નંબરનું એગ્રીકલ્ચર ખેતીવાડી ઉત્પાદન ધરાવતું રાજય થવાનું છે એનો લાભ દુધમાં પણ થવાનો છે. જેટલું પશુપાલન વધશે એટલું દુધ પણ વધવાનું છે. મને આનંદ છે કે સભાગૃહમાં ગમે તે આક્ષેપો આપણે બીજા વિભાગોમાં કરીએ પણ આખા ગુજરાતે સ્વીકારેલું છે નર્મદા યોજના એ કોઈ મુખ્યમંત્રીશ્રી વારંવાર કહે છે. મારે કોઈ દોહરાવવાની જરૂર નથી પણ ફરી આપના ધ્યાન ઉપર મુકવા માગું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ જયારે જયારે નર્મદાની વાત નીકળી છે. સ્વર્ણિમ ગુજરાત વખતે આ જ હાઉસમાં, આ મંચ ઉપરથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહેલું કે ગુજરાતના વિકાસ અને પ્રગતિ માટે નર્મદાની કામગીરી માટે એક પક્ષ નહીં, એક સરકાર નહીં, એક મુખ્યમંત્રી નહીં પણ સમગ્ર ગુજરાતની જનતા એક થઈને કામ કરી રહી છે. આજે આપણે એનો લાભ લેવાનો છે. નર્મદા યોજના માટે અમે આ વખતે સાત હજાર અને દસકરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી છે. એવી જ રીતે નર્મદાની સાથેસાથે ચાલી શકે એવો જળસંપત્તિ વિભાગ છે. સિંચાઈની યોજનાઓ અનેક ભૂતકાળમાં પણ બની છે. અમે કદી એમ નથી કીધું કે આ ડેમો અમે બનાવી દીધા. દુનિયામાં કોઈ વસ્તુ એવી નથી કે પહેલી અને છેલ્લી હોય. આ સતત ચાલતી પ્રક્રિયા છે. જેના વખતમાં જે ભાગમાં  આવે એ બનાવવાનું હોય છે. ફકત વાત એટલી હોય છે કોણ ઝડપથી બનાવે, કોણ વ્યવસ્થિત બનાવે.અને લોકઉપયોગી કેમ વહેલી તકે ચાલુ થાય અને એનું મેનેજમેન્ટ સરકારે કરવાનું હોય છે, ત્યારે સિંચાઈ વિભાગની કામગીરી જે ચાલે છે, એમાં સભ્યશ્રીઓએ ઘણાં સૂચનો કર્યાં છે. કેનાલના પ્રશ્નો હોય, છેવાડાના માનવી સુધી પાણી પહોંચતું ન હોય, આગળના ખેડૂતો પાણી લઈ લેતા હોય તેને ધ્યાનમાં રાખીને કેનાલમાં મોટા પ્રમાણમાં સુધારણા વગેરેનું કામ અમે હાથ ઉપર લીધેલ છે.  ડીટેઈલ પછી કહીશ. એના માટે અમે આ વખતે ૧૯૦૦ કરોડ રૂપિયાની સિંચાઈ વિભાગમાં જોગવાઈ કરી છે. પાણી પુરવઠા વિભાગ. બધા વગર ચાલે, પણ પીવાના પાણી વગર ના ચાલે. દુનિયામાં જીવનો જન્મ થયો, માણસનો નહિ જીવ આવ્યો ત્યારથી પાણીની જરૂર છે. આ દુનિયા હયાત હશે ત્યાં સુધી પાણીની લોકોને જરૂર પડવાની છે, એટલે પીવાના પાણી માટે ગુજરાતમાં ભૂતકાળમાં જે તકલીફ હતી. આપણા બાપ દાદાઓને, વડવાઓને, આપણી આગલી પેઢીઓને જે તકલીફ હતી, એ તકલીફમાંથી એમાંથી સદંતર મુક્ત કરવા માટે પીવાના પાણી, નાગરિક જેમ ઘરમાં લાઈટની સ્વીચ પાડે અને તેને લાઈટ મળે જે રીતે ઊર્જા વિભાગે કામ કર્યુ છે. ગામડે ગામડે, શહેરે શહેરે, ઘરે ઘરે પીવાનું શુદ્ધ ગુણવત્તાવાળું પાણી એકએક નાગરિકને મળે એ માટે અમારા વિભાગના માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય નાણામંત્રીશ્રીએ ૧૮૨૨ કરોડ રૂપિયાની માતબર રકમની જોગવાઈ કરી આપેલ છે. એવી જ રીતે શહેરી વિકાસ વિભાગ અમારો. શહેરી વસ્તીને લાભ આપવો. એકબાજું પંચાયત વિભાગમાં માનનીય નરોત્તમભાઈ કામ કરતા હોય, ગામડાની પ્રજાને લાભ આપતા હોય, ગ્રામ વિકાસ મંત્રી કામ કરતા હોય, બીજા વિભાગો કામ કરતા હોય તો શહેરના નાગરિકો નાગરિકોને સુખ સુવિધા, આધુનિક નાનામાં નાના ગરીબ માણસથી માંડીને સુખીમાં સુખી માણસ સુધી, નાનામાં નાની જરૂરિયાતથી માંડીને આધુનિકમાં આધુનિક સુવિધા મેળવવા માટે અમારા શહેરી વિકાસ વિભાગને આ વખતે જે બજેટ મળ્યું છે. એ અમારું આ બજેટ ૩૦૩૦ કરોડ રૂપિયાનું આમ બધો સરવાળો કરીએ તો ૧૩,૭૬૨ કરોડ રૂપિયાનું બજેટ આજે આપણા સન્માનનીય ગૃહમાં તમે જે મંજૂર કરી આપશો. એના દ્વારા ગુજરાતની પ્રજાની સુખ સુવિધા, ગુજરાતની સમૃદ્ધિ, ગુજરાતની પ્રગતિ અને નાનામાં નાના ગામડા સુધી છેવાડાના માનવી સુધી તમામ પ્રકારની વ્યવસ્થા પૂરી પાડવા માટેનું આયોજન કરીશું. કુલ ૩૭૦૦૦ કરોડનું રાજય સરકારનું

બજેટ એમાંથી લગભગ મે કહ્યું તે પ્રમાણે ૧૩૭૬૨ કરોડ લગભગ ૩૩ ટકા બજેટ આજે આપણે એની ચર્ચા કરી રહ્યા છીએ. ગંભીરતાથી આનાં જે કઈ સૂચનો કર્યાં છે, એને મેં સ્વીકાર્યા છે.

નર્મદાની જો આપણે વાત કરીએ તો નર્મદા યોજનાના જુદા જુદા પાસા છે. એક ડેમ સાઈડનું કામ, પછી મુખ્ય કેનાલનાં કામ ત્યારપછી બ્રાન્ચ કેનાલનાં કામ અને એના પછીનું કેનાલનાં કામ છેક સબ માઈનોર સુધીનાં કામ એક સાઈડ ઉપર કામ કરવું, ડેમ સાઈડ ઉપર મંજૂરી મળે શંકરભાઈએ કહ્યું આટલા દિવસમાં આટલા મહિનામાં ડેમનું કામ પૂર્ણ કર્યુ. કેનાલનું નેટવર્ક કરવાનું છે. ૧ લાખ કિ.મી. જેટલી લગભગ નર્મદાની કેનાલ ગુજરાતમાં બનાવવાની છે. ૧ લાખ કિ.મી.ની. એના માટે સૌથી પહેલા તો જમીન જોઈએ. જમીન અત્યારે આપણે મેળવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આવું જે કામ ઉપાડેલ છે. જમીન મેળવવાનું નૅટવર્કનું કામ, ખેડૂતોના ખેતર સુધી ૧૮ લાખ હેક્ટરમાં પાણી પહોંચાડવાનું કામ અમારે કરવાનું છે, એના માટે જમીન મેળવવા માટે આ સરકાર શું કરે છે તે આપના ધ્યાન ઉપર મૂકવાનું છે. જમીન સંપાદનના કાયદા આપણે બધા જાણીએ છીએ કે સરકારને રોડ માટે, કોઈ શાળા બનાવવા માટે, હોસ્પિટલ બનાવવા માટે, સરકારી મકાન બનાવવા માટે, સિંચાઈ યોજના બનાવવા માટે કે કોઈપણ પ્રકારનાં કામ માટે સરકારી જમીન જોઈએ તો શું કરે? જમીન સંપાદન અધિકારી દ્વારા ડેપ્યુટી કલેકટર દ્વારા જાહેરનામું બહાર પડે. વાંધા સૂચનો માંગે, જમીન એક્વાયર કરે, જંત્રી પ્રમાણે અથવા એનાથી નીચી કિમતે એના ઉપર સંપાદનની કિમત આપે પછી નાગરિકોને યોગ્ય લાગે તો અથવા ઓછા પૈસા પડે તો એ કોર્ટમાં જાય અને વર્ષો સુધી કોર્ટમાં કેસ ચાલે. કેસ પત્યા પછી નાગરિકને કદાચ વધારાની રકમ મળે. આ ભૂતકાળમાં હતું. બીજા વિભાગમાં અત્યારે આ સ્થિતિ ચાલુ છે. નર્મદા યોજનાના કામની ગંભીરતા સમજી એની ઉપયોગીતા ઝડપથી અમલમાં લાવવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષમાં સ્વર્ણિમ વર્ષમાં એક અગત્યનો નિર્ણય કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, અને તે નિર્ણય કે જે જગ્યાએથી જે જંતરીની કિંમત ચાલતી હોય તે જંતરીની કિંમત ઉપર ૩૦ ટકા વધારાની સોલેશ્યમની રકમ આપી અને જમીન સંપાદન કરવાની માનનીય આનંદીબેનની અધ્યક્ષતામાં અમારી ઉચ્ચ કક્ષાની કમિટી છે. માનનીય આનંદીબેન તેના ચેરમેન છે, હું તેનો સભ્ય છું. નર્મદાના ચેરમેનશ્રી, નર્મદાના એમ.ડી.શ્રી, નર્મદાના સિનિયર અધિકારીઓ, માનનીય મુખ્યમંત્રીશ્રીના સલાહકારશ્રી આવા ટોચના લોકોની એક કમિટી છે, એમ્પાવર કમિટી છે. આમાં નિર્ણયો લઈ અને મોટા પ્રમાણમાં નર્મદાની જમીન સંપાદન કરવાનું અને તેમાં ખેડૂતોની સંમતિ લઈ, કારણકે આપણે બધા જ જાણીએ છીએ કે રૂપિયા હોય, બજૅટ હોય, કોન્ટ્રાકટર તૈયાર હોય પણ ખેડૂત જમીન ન આપે તો આપણું કામ અટકી જાય. કામ ન અટકે એટલા માટે ખેડૂતોની સર્વ સંમતિ કરી અને અમે આ જમીનો મેળવવાનું કામ ખૂબ મોટા પ્રમાણમાં હાથ ઉપર લીધું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે ખેડૂતોને પણ અભિનંદન આપવા છે કે ગુજરાતમાં જ્યાં જ્યાં નર્મદાનો કમાન્ડ વિસ્તાર આવે છે, દરેક વિસ્તારના ખેડૂતોએ, મોટા ભાગના ખેડૂતોએ આનંદ, ઉત્સાહથી પોતાના ભવિષ્યને ધ્યાનમાં રાખી, નર્મદાનું પાણી મળવાનું છે તે ધ્યાનમાં રાખી સામેથી કેમ્પોમાં ચેકો લઈ જમીનની અમને સોંપણી કરી છે. કન્સેન્ટ એવોર્ડ ઉપર, સંમતિ એવોર્ડ ઉપર ખેડૂતો અમને સહીઓ કરી સોંપણી કરી રહ્યા છીએ. ત્યારે નર્મદાનું કામ આગળ વધારવા માટે જે નાણાંકીય આયોજન કર્યુ છે, જે ટૅક્નીકલ એન્જિનિયરીંગ આયોજન કર્યુ છે તેની પણ થોડીક માહિતી આ સન્માનનીય ગૃહને આપું. અત્યાર સુધી નર્મદા યોજના પાછળ જ્યારથી શરૂ થઈ ત્યારથી ૩૨૬૪૫.૪૯ કરોડ રૂપિયાનો એટલે કે ૩૨૬૪૫ કરોડ રૂપિયાનો ખર્ચ ૩૧-૧૨-૧૦ની સ્થિતિમાં થયો છે. આ ૩૨ હજાર કરોડ રૂપિયા આપણે ખર્ચી ચૂક્યા છીએ. ત્યારે તેનો વધુને વધુ વહેલો લાભ મળે તે માટે તેની બાંધકામ પ્રવૃત્તિ છે, જે ટેન્ડરની કાર્યવાહી છે તે પણ અમે હાથ ઉપર લીધી છે. અત્યારે અમે નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં ૫૭૦૮ કરોડના, ૫ હજાર કરોડના ૧૦૩ ટેન્ડરો બહાર પાડયા છે. તે પૈકી ૨૧૭૫ કરોડના ૫૯ ટેન્ડરના કામ મંજૂરી કરી તેનો ઈજારો આપી દેવામાં આવ્યો છે. એટલે કે લગભગ ૨૨૦૦ કરોડ રૂપિયાના કામ ચાલુ થઈ ગયા છે. બાકીના ટેન્ડરોની પ્રક્રિયાની કામગીરી અત્યારે ચાલે છે. નર્મદાની કામગીરી છેક કચ્છ સુધી પહોંચાડવાની છે. ત્યારે સ્વાભાવિક છે કે કચ્છ સુધી પાણી પહોંચાડવા લીફ્ટ કરવું પડશે, ત્રણ જગ્યાએ પમ્પીંગ સ્ટેશન મોટા મોટા હોર્સ પાવરના પમ્પો લગાવી આપણે કરવાના છે અને કચ્છને પાણી પહોંચાડવા માટે આ બધુ આ બધુ આપણે કરી રહ્યા છીએ. આખા ગુજરાતને પાણી પહોંચાડવા માટે અને જે કમાન્ડ વિસ્તાર છે ત્યાં પાણી પહોંચાડવા માટે પૂરેપૂરો પ્રયત્ન કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મારે મૂકવું છે કે, નર્મદા યોજના અહીં માનનીય અમરસિંહભાઈએ વાત કરી, બીજા સભ્યશ્રીઓએ વાત કરી, આપણે બધાએ સમજી લેવું પડે કે નર્મદા યોજનાનું કામ કેવી રીતે કરવું, કયાં કરવું? તે અત્યારે કોઈ સરકારને નક્કી કરવાનું નથી. નર્મદા યોજનાનો ટ્રીબ્યુનલે જે ચુકાદો આપ્યો છે, વર્ષો પહેલાં આપ્યો છે. સુપ્રીમ કોર્ટે તેના ઉપર મ્હોર મારી છે તે સુપ્રીમ કોર્ટના આદેશ પ્રમાણે નર્મદા ટ્રીબ્યુનલના ચુકાદા પ્રમાણે આ પાણીની વહેંચણી ભૂતકાળમાં ૨૫-૩૦ વર્ષ પહેલાં થઈ ચૂકી છે. ભાજપની સરકાર આવી એટલે આ પાણીની વહેંચણી કરી, કોઈએ કહ્યું સૌરાષ્ટ્રમાં લઈ ગયા, કોઈએ કહ્યું ઉત્તર ગુજરાતમાં લઈ ગયા, કોઈએ કહ્યું કચ્છમાં લઈ ગયા આ વાત બરાબર નથી. નર્મદાનું ખાતમૂર્હુત થયું અને અહીં કહ્યું કે પંડિત જવાહરલાલ નહેરૂજીએ ૧૯૬૦માં કર્યુ હતુ અને પછી જે લાંબી લાંબી પ્રક્રિયાઓ ચાલી અને તે પછી વિરોધ થયો તેના કારણે ભારત સરકારે જે તે વખતે અને સુપ્રીમ કોર્ટે ટ્રીબ્યુનલની નિમણૂક કરી હતી. ટ્રીબ્યુનલે કયા રાજયને

કેટલું પાણી મળશે, કયા રાજયને કેટલી વીજળી મળશે, કયા રાજયને કેવી રીતે આનો લાભ લેવાનો છે તે બધુ ભાજપની નહીં બીજી સરકારો વખતે અગાઉ અને સરકારને હું નથી કહેતો, તે સરકારનો દોષ નથી કહેતો. કારણકે જે ટ્રીબ્યુનલે ચુકાદો આપ્યો હોય, ભારત સરકારના ધોરણો પ્રમાણે ચુકાદો આપ્યો હોય, પાણીની વહેંચણી કરી આપેલ હોય ત્યારે કોઈ સરકારને વચમાં ન લાવતાં અને તે ભૂતકાળમાં થઈ ચૂક્યું છે. ત્યારે કોઈ સરકારને આમાં વચમાં ન લાવતાં, એ ભૂતકાળમાં થઈ ચૂકયુ છે તો કોઈ એમ કહે કે અમારા ત્યાંથી એક કિલોમીટરથી પાણી જાય છે અમને મળતું નથી, કોઈ કહે કે અમારા જિલ્લામાંથી જાય છે અમને મળતું નથી એ યોગ્ય નથી, આ સરકારે કે કોઈ સરકારે નર્મદાના પાણીની વહેંચણી કરી નથી અને જે પ્લાનિંગ થઈ ચૂક્યું છે, અમે કોઈ રાજકારણમાં નહીં હોઈએ ત્યારનું આ પ્લાનિંગ છે, ભૂતકાળનું છે. એટલે મહેરબાની કરીને આમાં આપણે કોઈ વિવાદ ન કરીએ એવી મારી બધાને વિનંતી છે. પાણી ગુજરાતને મળે છે, આપણા ખેડૂતોને મળે છે, આપણી પ્રજાને મળે છે આપણા રાજયને એનાથી લાભ થવાનો છે એનો આપણે સંતોષ માનીએ અને એની સામે આપણે અન્ય કોઈ વૈકલ્પિક યોજનાઓ મૂકીએ, અન્ય સૂચનો કરીએ તો હું માનું છું કે એ વધુ વાજબી ગણાશે. નર્મદા યોજના આપણા સૌની યોજના છે. મેં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શકિતસિંહને પણ હમણાં કહેલું કે આપણે જ્યારે મતદાન ઉપર મૂકીએ ત્યારે નર્મદા યોજનાનું બજૅટ ભૂતકાળમાં પણ હમેશાં સર્વાનુમતે મંજૂર કરતા આવ્યા છો તો મારી આ તબક્કે અને ફરી પાછું જ્યારે કહેવાનું આવશે એ તબક્કે પણ સૌ માનનીય સભ્યશ્રીઓને, આ ગૃહના તમામ આ પક્ષના કે તે પક્ષના બધાને મારી વિનંતી છે કે નર્મદા યોજનામાં કંઈ ભૂલ થતી હોય, કયાંય નબળુ કામ થતું હોય, કોઈ કસર રહી જતી હોય તો ચોક્કસ આપણે બધાનો અધિકાર છે, કોઈ વાતને આપણે ચલાવી લેવા માગતા નથી, કોઈ નબળુ કામ થઈ જાય એવું આપણે ઈચ્છતા નથી, કંઈ ખોટુ થાય એવું આપણે ઈચ્છતા નથી પણ અમારું ધ્યાન દોરજો. જ્યારે આપ કહેશો, જે વાત કરશો એની ગંભીરતાપૂર્વક તપાસ કરાવી, ગંભીરતાપૂર્વક એના ઉપર કાર્યવાહી આપણે કરીએ છીએ. નર્મદા યોજનામાંથી જયાં જયાં પાણી છોડવાની માગણી આવી, બધી જ જગ્યાએ આપણે પાણી આપ્યું છે અને ખેડૂતોને એનો જ્યારે મોટા પ્રમાણમાં લાભ આપ્યો છે ત્યારે નર્મદા યોજના વિશે આપણે બધા બધું જ જાણીએ છીએ અને આ ખૂબ અગત્યની અને જરૂરી યોજના છે, માટે આપણે સાથે રહી સર્વાનુમતે આ બજૅટને મંજૂર કરીએ એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજની મારી માગણીમાં મારો બીજો પાણી પુરવઠા વિભાગ છે. નર્મદા, પાણી પુરવઠા, સિંચાઈ અને શહેરી વિકાસ વિભાગ, ચારેય એકબીજા સાથે કનેકટેડ છે જયાં પ્રજા છે ત્યાં પીવાનું પાણી જોઈએ, જયાં રહેણાંક છે ત્યાં પાણી જોઈએ, ખેતી છે ત્યાં પાણી જોઈએ તો આ બધા જ વિભાગોનું સંકલન કરીને અમે જે આયોજન કર્યુ છે, ભૂતકાળમાં આપણે ઘણી તકલીફો પીવાના પાણી માટે વેઠી છે, અહીયાં માનનીય ચંદ્રિકાબેને વાત કરી, સૌરાષ્ટ્રના માનનીય સભ્યશ્રીઓએ વાત કરી, આપણે બધા જાણીએ છીએ કે જ્યારે નર્મદા યોજનાનું પાણી નહોતું ત્યારે ઘણી તકલીફો હતી પણ હવે આપણે સદ્‌નસીબ છીએ કે નર્મદા યોજનાનું કામ આગળ વધતું જાય છે માનનીય મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શનની નીચે, સૌના સહકારથી, આખી ગુજરાતની પ્રજાના સહકારથી આપણે આગળ વધી રહ્યા છીએ કારણ નર્મદા યોજનામાં જે પાણીની વહેંચણી થઈ છે, પીવાના પાણીનો પણ ખૂબ એમાં મોટો જથ્થો છે, નર્મદા યોજના આધારિત જૂથ યોજનાઓ બનાવી, ભૂતકાળમાં અમે પણ ઉત્તર ગુજરાતમાં, મહેસાણા જિલ્લામાં, મારા કડીમાં ચૌદ ચૌદ- પંદર પંદર ટ્યુબવેલો નગરપાલિકામાં ચલાવીએ, ખારાશવાળુ, ફલોરાઈડવાળુ પાણી પીએ અને હાડકાંના રોગ થાય એ બધામાંથી આપણે મુક્ત થવા તરફ લગભગ પહોંચ્યા છીએ. એવી રીતે ટૅન્કર રાજય, અહીયાં કોઈ માનનીય સભ્યશ્રીએ જે કહ્યું, માનનીય ગોવિંદભાઈએ ટૅન્કર રાજય કહ્યું. આપણે કોઈને ગમતું નથી પણ ટેંકરોમાંથી મુક્ત થવું હોય તો પાણીનો જથ્થો જોઈએ, પાણીનું વિતરણ જોઈએ અને જેમ નર્મદાનું કામ આગળ વધતું જાય છે એ પ્રમાણે આપણું પાણી પુરવઠા બોર્ડ અને પાણી પુરવઠા વિભાગથી જે બજૅટ ફાળવવામાં આવે છે જે યોજનાઓ બનાવવામાં આવે છે અને કારણે હું આજે કહીશ, મને આનંદ છે કે લગભગ ગુજરાતની અઢી કરોડની પ્રજા અત્યારે નર્મદાનું, વિવિધ જૂથ યોજનાઓનું પાણી અત્યારે રોજ પીવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય સભ્યશ્રીઓને એ પણ બીજું કહેવું છે કે, સૌરાષ્ટ્ર- કચ્છના મિત્રોને કહેવું છે કે માળિયામિયાણા કેનાલ સાફ કરવા માટે આપણે દોઢ મહિનો બંધ રાખી હતી, ગઈ કાલથી એમાં સાફસૂફીનું કામ પૂરું થઈ ગયું અને કચ્છ સહિતના તમામ વિસ્તારોમાં પીવાનું પાણી પહોંચાડવા માટેનું પંપીંગ ત્યાં ચાલુ કરી દીધું છે એટલે ઉનાળામાં હવે કોઈ નાગરિકોને મોટા ભાગે કોઈ જગ્યાએ તકલીફ નહીં પડે એવું નર્મદા વિભાગ તરફથી, નર્મદા નિગમ તરફથી કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગની તો વાત કરીએ તો આખા ગુજરાતમાં નહીં પણ આખા ભારતમાં એક ઐતિહાસિક કામ આપણા વિભાગે, આપણી સરકારે કર્યુ છે તમામ ગુજરાતીઓને આનંદ થાય કે ૨૧૯૩ કિલોમીટરની બલ્ક પાઈપલાઈન અને એક લાખ સત્તર હજાર કિલોમીટર ઉપરાંતની વિતરણ લાઈનો પાણી પુરવઠા વિભાગે, અગાઉ જ્યારે માનનીય નરોત્તમભાઈ પાણી પુરવઠા મંત્રીશ્રી હતા ત્યારથી જે શરૂઆત થઈ, માનનીય મુખ્ય મંત્રીશ્રી આવ્યા પછી મુખ્યમંત્રીશ્રીએ જે નર્મદાના બજેટમાં મોટી ફાળવણી અનેક પાણી પુરવઠાના કામો માટે કરી એના કારણે મહીપરિએજથી માંડીને બધી યોજનાનું પાણી આપણને સરફેસ લેવલ વોટરથી

આપણને મળી રહ્યું છે. ભૂગર્ભનું પાણી ખેંચવાનું હજારો ટ્યુબવેલ વાપરી જે ગામડામાં પીવાનું પાણી આપતા હતા એ આપણે ધીમેધીમે બંધ કરીએ છીએ. હમણા એક પ્રશ્ન આવ્યો હતો એમાં મેં માહિતી મેળવી, અમદાવાદ શહેરને દરરોજ ૯૭ કરોડ લિટર પાણી એકલા અમદાવાદને એની ૬૦ લાખની વસતિને આ ગુજરાત સરકારનો નર્મદા વિભાગ આપે છે, માળિયાથી આપણે ૪૫ કરોડ લિટર પાણી દરરોજ પમ્પીંગ કરીએ છીએ અને કેવું પંમ્પીંગ? પાંચ માળનું મકાન હોય એનાથી પણ વધુ ઉંચું પંમ્પીંગ કરી એના માટે કિંમતી પાવર વાપરી આપણે પ્રજાને પીવાનું પાણી પહોંચાડીએ છીએ. પાણી આપ્યા પછી એનું વિતરણ ગ્રામ્ય વિસ્તારમાં પહોંચાડીએ છીએ એમાં પણ આપણને આનંદ થાય કે પાણી સમિતિઓ કે જે આખા દેશની અંદર ગુજરાત એક સારામાં સારું મોડેલ છે હજારો ગામોની અંદર પાણી સમિતિઓ બનાવી ૯૦ ટકા રાજય સરકારના અને ૧૦ ટકા ગામનો લોકફાળો અને જે કામો થાય છે એ કરોડો રૂપિયાના કામો ગામડામાં સરપંચો પાણી સમિતિના માધ્યમથી ગામના આગેવાનો કરે છે. એમાં પીવાના પાણીની ટાંકી બને, સ્ટેન્ડ પોસ્ટ બને, પાઈપ લાઈન નાંખવામાં આવે, ધોબીઘાટ બને, પશુને પાણી પીવાનો હવાડો બને, બહેનોને ન્હાવા માટે સ્નાનઘાટ બને આમ પાણીને લગતું જે કામ હોય એ ગામની અંદર આપણે કરીએ છીએ. મને એ પણ કહેતાં આનંદ થાય છે કે એમાં નો લિમિટે. કોઈ ગામ એમ કહે કે, અમારે એક કરોડ રૂપિયાનું કામ કરવું છે તો એક કરોડ રૂપિયા મંજૂર થાય, કોઈ ગામ એમ કહે કે અમારે બે કરોડનું કામ કરવું છે, સમજી લો કે કોઈ મોટું ગામ હોય, બે કરોડનું કામ કરવું હોય તો પણ આપણે મંજૂર કરીએ છીએ. એમ આપણી આ પાણી સમિતિઓ આખા દેશની અંદર એક મોડેલ બની છે. ભારત સરકારે એને એવોર્ડ આપ્યો છે, માનનીય વડાપ્રધાનશ્રીએ એને નવાજ્યું અને હમણાં તો કા.પા. અને સંયુક્ત રાષ્ટ્રસંઘે પણ એને એવોર્ડ આપ્યો એ આપણા સૌ ગુજરાતીઓ માટે એક ગૌરવની વાત છે એ માટે હું આપ સૌને અને પાણી સમિતિના સૌ સભ્યોને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એવી રીતે જ જે પાણી પહોંચે એ ફિલ્ટરવાળું પહોંચે, પીવાલાયક પહોંચે, મેન્ટેન થાય અને એના માટેની વ્યવસ્થા થાય એ માટે પણ ઘણું બધું કામ અમારા પાણી પુરવઠા વિભાગે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિશે આપ બધા બહું જાણો છો પણ મારે થોડીક એક સભ્યશ્રીઓ તરફથી જે લાગણી આવી એનો પડઘો પાડવો છે. આ વખતે અમે નક્કી કર્યું કે નવી યોજનાઓ પણ આપણે મંજૂર કરીએ. જૂની તો હજારો કરોડની યોજનાઓ પીવાના પાણી માટેની જૂથ યોજનાઓ આપણે પૂર્ણ કરી દીધી છે. પણ આ વખતે અમે જે નવી યોજનાઓ મંજૂર કરવાનું આયોજન કર્યું છે એમાં હું લિસ્ટ જરા વાંચું છું દરેક સભ્યશ્રીએ પોતાના વિસ્તાર માટે ધ્યાનથી સાંભળે, કદાચ કોઈનું રહી જાય તો ધ્યાન ઉપર મૂકે. બજેટની ફંડની કોઈ મુશ્કેલી નથી ફકત તકલીફ હોય તો પાણીના જથ્થાની છે. અહીંયા સિંચાઈ વિભાગ માટે કહેવામાં આવ્યું આ તળાવો ભરી દો. બધા ભરી દઈએ ટેકનિકલી કોઈ વાંધો નથી, પૈસાનો પણ કોઈ વાંધો નથી પણ પાણીનો જથ્થો જોઈએ. પાણી હોય તો આપણે આપીએ. આપણે ગુજરાતીમાં કહેવત છેને કે, 'કૂવામાં હોય તો હવાડામાં આવે' એમ આ પાણી બધું વહેંચાયેલું છે. આપણી પાસે ગુજરાત પાસે એટલું બધું પાણી નથી કે આપણે જ્યાં જોઈએ ત્યાં જેટલું જોઈએ એટલું આપી શકીએ. એટલા માટે આપણે પાણીને કરકસરપૂર્વક વાપરવું જોઈએ, ટપક સિંચાઈ કરવી અને ફૂવારા પધ્ધતિ કરવી એ આપણે GGRC નર્મદા વિભાગ દ્વારા મોટો કાર્યક્રમ ચાલે છે, ખેડૂતોને આપણે ૫૦ ટકા સબસીડી આપીએ છીએ, આદિવાસી ખેડૂતોને ૭૫ ટકા સબસીડી આપીએ છીએ અને GGRC મારફતે લાખો હેકટરમાં આ કામ થાય તો જ ગુજરાતમાં પાણીની બચત રહે અને બચેલું પાણી પણ બીજા ખેડૂત ભાઈઓ માટે જેને અત્યારે નથી મળતું એને આપણે ફાળવી શકીએ એટલું મારે આપના ધ્યાન ઉપર મૂકવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં ઉંમરગામ પૂર્વજૂથ પાણી પુરવઠા યોજના ૧૬ ગામો છે ૧૬ કરોડનો ખર્ચ થશે, રાબડા જૂથ યોજના ૮૭ ગામ છે એમાં પણ ૧૬ કરોડનો ખર્ચ થશે. આ બધા અંદાજીત ખર્ચ છે. વડોદરા જિલ્લો માનનીય ધીરુભાઈ તો અમારા સાથી છે, પ્રભારી મંત્રી તરીકે અમારી સાથે અવાર નવાર મિટિંગોમાં હાજર રહે છે એમની લાગણી હતી. હાફેશ્વર જૂથ યોજના ૧૮૦ ગામની ૧૨૧ કરોડ રૂપિયાની મંજૂર થઈ ગઈ છે.કોન્ટ્રાકટ અપાઈ ગયો છે અને આ વિધાનસભા ગૃહ પતે એટલે તરત જ આપણે એનું ખાતમૂર્હુત કરીને કામ ચાલુ કરી દઈશું અને ૧૨૧ કરોડ રૂપિયા આપણે ત્યાં આપ્યા છે. બીજી નસવાડી જૂથ યોજના એમાં ૧૨૫ ગામો છે એમાં ૫૮ કરોડ રૂપિયાનું આપણે આયોજન કર્યુ છે. આ વર્ષમાં જ થશે. એમ ન સમજતા કે આ કોઈ લાંબાગાળાનું આયોજન છે. આ બધું ટેકનીકલ રીતે યોગ્ય થાય એટલે સીધા ટેન્ડર તબક્કે આપણે પહોંચીશું આ બધા કામો માટે નાણાકીય જોગવાઈ અમારા વિભાગે કરી દીધી છે. ડભોઈની જૂથ યોજના માટે પણ મારી પાસે રજૂઆતો આવતી હતી, માનનીય સિદ્ધાર્થભાઈ અને બીજા ભારતીય જનતા પક્ષના કાર્યકરો હોય જ કાયમ માટે, ડભોઈની ૨૬ ગામની જ બાકી છે, ૧૬ કરોડ રૂપિયા આપણે મંજૂર કર્યા છે. વાઘોડિયા આપણા ધારાસભ્ય શ્રી મધુભાઈ અત્યારે નથી એમની રજૂઆત હતી ૧૧૭ ગામની ૫૭.૭૦ કરોડ રૂપિયાની યોજના હાથ પર લીધી છે. નોર્થ વડોદરા, ઉપેન્દ્રસિંહજીને લાગુ પડે, ૭૩ ગામોની યોજના છે ૩૬.૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, નર્મદા જિલ્લામાં જીતનગરની ૨૯ ગામની ૧૦.૫ કરોડ રૂપિયાની યોજના મંજૂર કરી છે. ભરૂચની નિકોરા યોજના, ઈકબાલભાઈ, ૧૦ ગામની જ છે, નાની જ છે. ૨૪.૫ કરોડ રૂપિયા, તાપીમાં કણજા ૨૯ ગામની છે ૬ કરોડ રૂપિયા, વલસાડ જિલ્લો અમારા બધા વડીલો અને મિત્રો છે ત્યાં સાવરમાળ યોજના નાની જ છે કારણકે વલસાડ,

સુરત, ત્યાં બીજા બધા જિલ્લાઓના પ્રમાણમાં પાણીથી સમૃદ્ધ જિલ્લાઓ છે ત્યાં નાની યોજનાઓ જોઈએ ત્યાં ૨.૧૬ કરોડ રૂપિયા, તેરચીખલી ગામની યોજના છે પાંચ ગામ અને ૧૭ ફળિયાને લાભ મળશે. ૩.૫૯ કરોડ રૂપિયા છે. સુરત જિલ્લો ત્યાં ઉમરપાડા જૂથ યોજના ૩૪ ગામની છે, ૧૮.૧૫ કરોડની છે, કાકરાપાર જૂથ યોજના ૧૬૦ ગામની છે અહીંયાથી કોઈ સભ્યશ્રીએ એકવાર વિધાનસભામાં પણ પ્રશ્ન મારફતે રજૂઆત કરી હતી તો ૧૫૮ કરોડ રૂપિયાની ૧૬૦ ગામની કાકરાપાર જૂથ યોજના પણ આપણે હાથ પર લીધી છે. ઉમરા-મહુવા ૨૩ ગામની છે ૧૮.૭૭ કરોડ રૂપિયાની યોજના હાથ પર લીધી છે. નર્મદા જિલ્લામાં સાવલી અગર જૂથ યોજના ૩૦ ગામની છે ૧૬ કરોડ રૂપિયાની હાથ પર લીધી છે. તાપીમાં બોરીસાવર જૂથ યોજના ૮૦ ગામની છે. ૭૪.૩૬ કરોડ રૂપિયાની હાથ પર લીધી છે, ભરૂચ જિલ્લામાં, માનનીય ઈકબાલભાઈએ હમણાં જ મને ચિઠ્ઠી મોકલી છે, દુષ્યંતભાઈ, બધાની લાગણી હતી, આખા જિલ્લાની લાગણી હતી હું પણ ત્યાંનો પ્રભારી છું એટલે વડોદરા અને ભરૂચનું મારે વધારે ધ્યાન રાખવું પડે તો મધ્યમબારા જૂથ યોજનામાં ૧૦૫ ગામની, કામ તો ચાલુ જ છે, પણ એને પુનઃ વધુ સુધારણા કરવા માટે ૩૪.૪૨ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે, ડાંગ જિલ્લો, ગુજરાતમાં સૌથી વધુ વરસાદ થાય, પણ ત્યાં સૌથી વધુ કદાચ પાણીની તકલીફ પડે છે. ભાઈ વિજયભાઈ ધારાસભ્યશ્રીની રજૂઆત હતી સાથળ વિહાર યોજના ૨૦ ગામની ૧૨ કરોડ રૂપિયાની મંજૂર કરી છે, ટિમ્બરથવા જૂથ યોજના ચાર ગામની ૧.૫ કરોડ રૂપિયાની મંજૂર કરી છે. બનાસકાંઠા જિલ્લો અમારા મિત્રો છે દાંતા રિમોડેલીંગ ૮૮ ગામની છે કામ ચાલુ જ છે. ૮.૧૩ કરોડ રૂપિયા વધારે કામ એકસટેન્શન કરવા મંજૂર કર્યા છે. આ રીતે અમે આ વ્યવસ્થાઓ પાણી પુરવઠા વિભાગ દ્વારા કરી છે. આ નવી છે હું ચાલુ છે એની વાત કરું. તમારી એસ.કે. સાબરકાંઠા જિલ્લામાં એસ.કે. ૩ જૂથ યોજના ૧૯૭ ગામની ૩ જૂથ યોજના ૧૯૭ ગામની ૬૪.૩૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે વહીવટી મંજૂરી આપી અને ટૂંક સમયમાં ટેન્ડર બહાર પડશે. એસકે ૪ તે ૧૮૩ ગામની છે અને ૫૭ કરોડ ૮૩ લાખ રૂપિયાની વહીવટી મંજૂરી આપી દીધી છે અને તેના ટેન્ડર પણ ટૂંક સમયમાં બહાર પડશે. ગુડ ભાખરી જૂથ યોજના ૨૪ ગામની યોજના છે અઢી કરોડ રૂપિયાની મંજૂર કરી છે. હરમીયા સેમલીયા ૧૬ ગામની છે, દોઢ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને સમય મર્યાદિત મળ્યો છે હજુ મારે ત્રણ વિભાગની વાત કરવાની છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી આપની પાસે પાંચ મિનિટનો સમય છે.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : સાહેબ, સમય વધારવો પડશે હજુ તો શહેરી વિકાસ આખુ બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ વિભાગની કામગીરી માટે ખૂબ મોટા પ્રમાણમાં અમે આયોજનો કર્યા છે. તમે બધા જાણો છો માનનીય ગોવિંદભાઈ, માનનીય અમારા સભ્યશ્રી મફતભાઈ, લીલાધરભાઈ, બનાસકાંઠા જિલ્લાના અમારા સૌ મિત્રો ભાઈ વસંતભાઈ બધાની માગણી હતી આખા બનાસકાંઠા જિલ્લાની કે અમારી દાંતીવાડા સીપુની પાઈપ લાઈન મંજૂર કરો. લગભગ ૪૦૦ કરોડ રૂપિયા ઉપરના કામના ટેન્ડરો મંજૂર થઈ ગયા છે અને વિધાનસભા પૂરી થયે તેનું પણ ખાતમુહૂર્ત કરીએ છીએ. જે રીતે હાથમતીની અને સાબરકાંઠાની પાઈપ લાઈન નંખાય, જે રીતે મહેસાણાની ધરોઈની નંખાય તે રીતે હવે દાંતીવાડા અને સીપુની પાઈપ લાઈન પણ સુજલામ્ સુફલામ યોજના નીચે જંગી મોટી પાઈપ લાઈન ખેડૂતોને પાણી આપવા માટે આપણે કરીશું. અમારી રેલ નદી મફતભાઈનો બહુ આગ્રહ છે, સર્વે કરી રહ્યાં છીએ તેનો પણ લાભ મળે તો પણ અમે આપીશું. મારે એક જાહેરાત સિંચાઈ વિભાગ પૂરતી કરવી છે કે માનનીય સભ્યશ્રીઓ ઘણી વખત તળાવોમાં સિલ્ટીંગ થઈ ગયું, ચેક ડેમો ભરાઈ ગયા. ભરાઈ જાય ચોમાસામાં પૂર આવે, માટી આવે સાથે રેતી આવે માનનીય અધ્યક્ષશ્રી, મેં ગઈ સાલ કહ્યું હતું આ સાલ હું ફરી બધાજ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું કે આપના વિસ્તારમાં તળાવ હોય, ચેક ડેમ હોય કે મોટી યોજના હોય ખેડૂતો પોતાનું ટ્રેકટર, સાધન મૂકવા તૈયાર હોય તો સો ટકા અમારા સિંચાઈ વિભાગના ખર્ચે અમે માટી ખોદી, જેસીબી લગાવી, ખેડૂતોના ટ્રેકટરમાં, વાહનમાં સરકારી ખર્ચે ભરી આપીશું. ચેક ડેમ ઉંડો થાય, તળાવ ઉંડુ થાય અને ખેડૂતને ફળદ્રુપ માટી પણ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ બધા જ જાણીએ છીએ કે આખા ગુજરાતમાં સૌથી વધુ સારું કામ ભારતમાં આપણને ગૌરવ અપાવે, પરદેશથી જે ગુજરાતીઓ આવે છે તે બધા જ જે રીતે આનંદિત થાય છે કે ગુજરાતના શહેરોનો વિકાસ, ગુજરાતના શહેરોમાં આધુનિક સુવિધા, સગવડ, ઈન્ફ્રાસ્ટ્રકચર, ગરીબો માટેની યોજનાઓ, ઝૂંપડપટ્ટીવાળા ભાઈઓ માટેની યોજનાઓ, પીવાના પાણીની યોજના, ભૂગર્ભ ગટર, ફલાય ઓવર, અન્ડર બ્રિજ, ઓવરબ્રીજ તમે જેટલું યાદ કરો એટલું આ સરકારે શહેરી વિકાસ વિભાગમાંથી ગુજરાતના લોકો માટે શહેરો માટે મંજૂર કર્યુ છે. મેં અગાઉ પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે આ સ્વર્ણિમ જયંતી વર્ષ નિમિત્તે તમામ શહેરોમાં પીવાના પાણીની જુથ યોજનાઓ દરેક ૧૫૯ શહેરોમાં અમે શહેરી વિકાસ વિભાગમાંથી કરીશું, કરી રહ્યાં છીએ. તમામ શહેરોની અંદર ભૂગર્ભ ગટર યોજનાઓ પણ અમે નાંખીશુ અને સાત હજાર કરોડ રૂપિયાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે યોજના મંજૂર કરી છે આ સ્વર્ણિમ વર્ષમાં અમે જે રકમો ફાળવી છે તેના દ્વારા અત્યારે શહેરોમાં અને નગરપાલિકાઓમાં ખૂબ મોટા પ્રમાણમાં કામ ચાલી રહ્યું છે. હું માનું છું અહીં બેઠેલા કોઈ ધારાસભ્યશ્રી કોઈ પણ પક્ષના હોય, એવા નહીં હોય કે એમના મત વિસ્તારમાં અમારા શહેરી વિકાસ વિભાગના, અમારા પાણી પુરવઠા વિભાગના કરોડો રૂપિયાના કામો ના ચાલતા હોય. બધાજ જ્યારે કામો ચાલી

રહ્યાં છે ત્યારે આપણે તેનો લાભ લેવો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોને આવાસ બનાવવા માટે આ સરકારે જે કામ કર્યુ છે તે કામ ભૂતકાળમાં કોઈ કરી શકયુ નથી. એક લાખ કરતાં વધુ મકાનો જુદી જુદી યોજનાઓ હેઠળ આ સરકારે બનાવ્યા છે. શહેરી વિસ્તાર હોય, નગરપાલિકા વિસ્તાર હોય અને તેને લાભ શહેરી ગરીબોને અમે મોટા પ્રમાણમાં આપી રહ્યાં છીએ. મોટા પ્રમાણમાં આપી રહ્યા છીએ. શહેરોને સ્વચ્છ અને સુંદર રાખવાં, પર્યાવરણવાળા, સારા હવામાન, સારાં પાણીવાળાં બનાવવાં એ આ સરકારના કલાઈમેન્ટ ચેઈન્જ અને આપણા સૌનો આગ્રહ છે ત્યારે એમાં નિર્મળ ગુજરાત હેઠળ પણ અનેક યોજનાનું અમલીકરણ કરીને બધા જ જયારે કરોડો રૂપિયાનો એનો લાભ લઈ રહયાં છે ત્યારે સમયની મર્યાદાને કારણે હું વધારે નહીં કહું, પરંતુ પીવાનું પાણી શહેરોને મળી રહે અને મેં હમણાં જ એક પ્રશ્નના જવાબમાં કહયું છે કે દરેક નગરપાલિકાને મકાન બનાવવા માટે (અંતરાય) હજુ તો ૧૦ મિનિટ છે,(અંતરાય) મને પાંચ મિનિટ આપો. એટલે એ કામ અમે જયારે કરી રહયા છીએ. પીવાના પાણીની શહેરની કામગીરી, ગુજરાતનાં ખેડૂતોને સમૃધ્ધિની કામગીરી ત્યારે અત્યારની યોજનાનો લાભ આપણે લઈએ છીએ. નર્મદા જેટલી જ અતિ અગત્યની યોજના અત્યારે આકાર લઈ રહી છે. કદાચ વાસ્તવિક દેખાય નહીં, પરંતુ રાજય સરકાર કલ્પસર યોજનાનું આયોજન આગળ વધારી રહી છે મારે સભ્યશ્રીઓને ખાસ કહેવું છે કે ગુજરાતની પાણીની જરૂરિયાત સંતોષવા માટે નર્મદા યોજના અને બધી જ સિંચાઈ યોજનાઓના સો ટકા ડેમ ભરાયા હોય તો પણ ગુજરાતમાં ૫૦ ટકા જમીન વરસાદ આધારિત રહેવાની છે. એટલા માટે ચેક ડેમ બનાવવા, તળાવો ઉંડાં કરવાં, જળસંચયનાં કામો કરવાનાં અને એ રીતે પાણી બચાવવાનું કામ કરીએ છીએ, પરંતુ કલ્પસર યોજના ઝડપથી કરવા માટે બહુ હાઈલી ટેકનીકલી આખી યોજના છે. ભૂગર્ભ સાગરમાં ૫-૧૦ કિલોમિટરમાં સરવે કરવાનો હોય એનું કામ ઈન્ટરનેશનલ એજન્સ્રી અને કન્સલ્ટન્ટો મારફત આપણે કરાવી રહ્યા છીએ અને મને કહેતાં આનંદ થાય છે કે અહીં બેઠા છીએ ત્યારે આજે નહીં તો ૫ વર્ષે પણ આ કલ્પસર યોજના આકાર લેશે ત્યારે આપણે બધા કહી શકીશું કે જયારે વિધાનસભામાં કલ્પસરનું બજેટ મંજૂર કર્યુ ત્યારે અમે મંજૂર કર્યુ છે અને એ લાભ ભવિષ્યમાં આપણને મળવાનો છે. ત્યારે હું આ કલ્પસરનું પણ કામ સારી રીતે થાય એ આપણે ઈચ્છીએ.માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગની બે નાની અગત્યની બાબતની હું જાહેરાત કરવા માગું છું કે અનેક યોજનાઓ આપણે શહેરોમાં આપીએ છીએ, પરંતુ કેટલાક કાર્યકરોએ અને મિત્રોએ રજૂઆત કરી કે સ્મશાન સુધારણા માટે રકમની જરૂરિયાત છે ત્યારે અમે આ વખતે નકકી કર્યુ છે કે દરેક નગરપાલિકા 'અ' વર્ગની હોય તો શહેરમાં સ્મશાન સુધારણા માટે ૧૦ લાખ રૂપિયા, 'બ' વર્ગની હોય તો ૭ લાખ રૂપિયા, 'ક' વર્ગની હોય તો ૫ લાખ રૂપિયા અને 'ડ' વર્ગની હોય તો ૩ લાખ રૂપિયા શહેરી વિકાસ વિભાગ નગરપાલિકાને ગ્રાન્ટ આપશે. એવી જ રીતે લાકડાં બચાવવાની જરૂરિયાત આજે છે. તો હવે અમે નકકી કર્યુ છે કે જયાં જયાં ગેસ આધારિત સ્મશાન ભઠ્ઠી બનશે ત્યાં રાજય સરકાર ઓછામાં ઓછા ૧૫ લાખ રૂપિયા જેતે નગરપાલિકાને મદદ કરશે. એનાથી પર્યાવરણને ફાયદો થશે અને ગરીબ માણસને મૃતદેહના અંતિમ સંસ્કાર માટે જે પૈસા ખર્ચવા પડે છે એ ૭૦, ૮૦ કે ૧૦૦ રૂપિયાનું બળતણ વપરાય છે એમાંથી એને મુકિત મળશે. અમે એકંદરે જયાં જયાં શકય છે ત્યાં નાનામાં નાના ગરીબ માણસથી માંડીને રાજયના વિકાસ માટે તમામ યોજનાઓનો અમલ જયારે અમારું શહેરી વિકાસ વિભાગ કરી રહ્યું છે ત્યારે આ બજેટને આપસૌ સર્વાનુમત્તે મંજૂર કરો એવી મારી વિનંતી છે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ સભાગૃહમાં ૨૬ ગામોની જૂથ પાણી પુરવઠા યોજનાની માનનીય મંત્રીશ્રીએ જાહેરાત કરી છે ત્યારે આ બધાં નો સોર્સનાં ગામડાં ૨૦૦૧ માં માનનીય નરોત્ત્મભાઈ જયારે પાણી પુરવઠા મંત્રીશ્રી હતા ત્યારથી આ માગણી હતી અને એ માગણી ૧૦ વર્ષ પછી સંતોષઈ છે અને આજે જાહેરાત થઈ છે ત્યારે આપની એ જાહેરાતને હું આવકારું છું. મારો એક જ સવાલ છે કે ખેડૂતો માટે કાંસની સફાઈનો પ્રશ્ન એ ખૂબ મહત્વનો પ્રશ્ન છે અને કાંસની સફાઈ સમયસર નહીં થવાને કારણે ભરાઈ ગયેલ કાંસથી હજારો એકર જમીનમાં ખેતીને ભારોભાર નુકસાન થાય છે. તો આપ આપના બજેટમાં આ કાંસની સફાઈ માટે કોઈ અલાયદી વ્યવસ્થા પૂરી પાડવા માગો છો કે કેમ?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સમયની મર્યાદાને કારણે મેં ઘણું ઘણું ક્હ્યું નથી, કાંસની સફાઈની યોજના ચાલુ જ છે. જયાં જયાં જરૂર હોય ત્યાં આપણે, સિલ્ટીંગ થઈ ગયું હોય, બાવળીયા ઉગી ગયા હોય, પાણી નિકાલ ન થતું હોય તો તેને સાફ કરી અને કાંસ દૂરસ્ત કરીને સ્વચ્છ રાખીએ છીએ. કોઈ એવી જગ્યા હોય તો ધ્યાન ઉપર મુકજો આપણે ચોકકસ કરાવીશું.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે નર્મદા જિલ્લામાં કોંગ્રેસની સરકારો વખતે કરજણ જળાશય યોજના કે જે સાગબારા ડેડીયાપાડા, વાલીયા ઝગડીયાની યોજના ઓફિસ હતી તે ઓફિસ બંધ કરીને વડોદરા લાવ્યા છે તો તેની મુળ જગ્યાએ ફરી તમે લાવવા માગો છો કે નહીં?

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી આ સૂચન છે.

**શ્રી ઈકબાલ પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૬૫ને લાગે વળગે છે ત્યાં સુધી નર્મદા યોજના ગુજરાતની, બધાની યોજના છે, સમગ્ર ગુજરાતની યોજના છે. પક્ષા પક્ષીથી પર રહી અને રાજકીય અવલોકનોથી દૂર રહી અને આ યોજના ઝડપી થાય અને પારદર્શક રીતે કામ પૂર્ણ થાય અને કાંઈ ખોટું

ન થાય તે દૃષ્ટિને નજરમાં રાખી અને  આ માગણી ઉપર જે કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૨ રજૂ કરેલી છે તે ગુજરાતના હિતમાં, નર્મદા યોજનાના હિતમાં હું રજૂ થયેલી કાપ દરખાસ્તો પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતી માગું છું.

**પ્રશ્ન મત પર મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી ઈકબાલ પટેલ (કોંગ્રેસ પક્ષના દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક ૬૫ ઉપરની રજુ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૨ પાછી ખેંચી લઉં છું.

**અધ્યક્ષશ્રી** : કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૨ પછી ખેંચવામાં આવે છે.

**માગણી ક્રમાંક ૬૫ મત પર મુકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૪ થી ૨૬, ૨૮ થી ૩૪ અને ૩૬ થી ૪૩ મત પર મુકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૬૬, ૬૭ અને ૧૦૦ મત પર મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૮ કલાકે પૂરું થતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર તા. ૧૬મી માર્ચ ૨૦૧૧**
**ફાલ્ગુન ૨૫, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ જાહેર કરવા બાબત**

***૧૯૭૯૮ શ્રી ભગવાનભાઈ લા. કરગટીયા (માંગરોળ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો પૈકી કેટલા ભંડારોને મોડેલ ફેર પ્રાઈસ શોપ તરીકે જાહેર કરવામાં આવેલ છે,

(૨) કેટલી મોડેલ ફેર પ્રાઈસ શોપ બનાવવાની બાકી છે, અને

(૩) ક્યાં સુધીમાં તે જાહેર કરવામાં આવશે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ પહેલાં ૭૩૪ તથા તારીખ ૧-૧-૨૦૧૦ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૧૫ એમ કુલ ૭૪૯ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈસ શોપ તરીકે જાહેર કરેલ છે.

(૨) કોઈ મોડેલ ફેર પ્રાઈસ શોપ બનાવવાની બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ તાલુકાવાઈસ વાજબી ભાવની દુકાનો સામે સરકારી અને ખાનગી દુકાનો પૈકી કેટલી દુકાનોને મોડેલ ફેર પ્રાઈસ શોપમાં ફેરવવામાં કરવામાં આવેલ છે, અને તેની વિગતો શું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા બહું જ આનંદ થાય છે કે જે મોડેલ ફેર પ્રાઈસ શોપમાં ફેરવવાનું આ સરકારે શરૂ કર્યું છે એમાં જૂનાગઢ જિલ્લાની અંદર જેટલી FPS દુકાનો છે તે તમામ દુકાનોને મોડેલ ફેર પ્રાઈસ શોપમાં ફેરવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક તો એમનો પ્રશ્ન એવો છે કે, જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાઈસ કેટલી વાજબી ભાવની દુકાનો સહકારી છે અને કેટલી ખાનગી વાજબી ભાવની દુકાનો છે? માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં ૧૪ તાલુકા છે એમાંથી જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકામાં ટોટલ ૯૨ વાજબી ભાવની દુકાનો છે એમાંથી ૨૬ સહકારી છે ૬૬ ખાનગી છે, વિસાવદરમાં ૪૫ વાજબી ભાવની દુકાનો છે એમાંથી ૫ સહકારી છે ૪૦ ખાનગી છે, વંથલી તાલુકામાં ૪૦ વાજબી ભાવની દુકાનો છે એમાંથી સહકારી એક પણ નથી અને ૪૦ ખાનગી છે, ખાનગી છે એટલે વિવિધ કેટેગરીની અંદર આ દુકાનો છે અને જે રીઝર્વેશ હોય છે એને પણ એમાં લાભ મળતો હોય છે. મેંદરડા તાલુકામાં ૨૫ વાજબી ભાવની દુકાનો છે એમાં ૩ સહકારી છે અને ૨૨ ખાનગી છે, ભેંસાણ તાલુકામાં ૨૬ વાજબી ભાવની દુકાનો છે એમાં ૨ સહકારી છે અને ૨૪ ખાનગી છે, વેરાવળ તાલુકામાં ૭૭ વાજબી ભાવની દુકાનો છે એમાં ૧૬ સહકારી છે અને ૬૧ ખાનગી છે, ઉના તાલુકામાં ૯૦ વાજબી ભાવની દુકાનો છે એમાં ૬ સહકારી છે અને ૮૪ ખાનગી છે, કોડીનાર તાલુકામાં ૫૫ વાજબી ભાવની દુકાનો છે એમાં ૮ સહકારી છે અને ૪૭ ખાનગી છે, તાલાલા તાલુકામાં ૩૫ વાજબી ભાવની દુકાનો છે એમાં ૧ સહકારી છે અને ૩૪ ખાનગી છે, સુત્રાપાડા તાલુકામાં ૩૧ વાજબી ભાવની દુકાનો છે એમાં ૭ સહકારી છે અને ૨૪ ખાનગી છે, માળિયામાં ૬૨ વાજબી ભાવની દુકાનો છે એમાં ૭ સહકારી અને ૫૫ ખાનગી છે, કેશોદમાં ૫૮ વાજબી ભાવની દુકાનો છે એમાં ૧૪ સહકારી છે અને ૪૪ ખાનગી છે, માણાવદરમાં ૫૨ વાજબી ભાવની દુકાનો છે એમાં ૧૫ સહકારી છે અને ૩૭ ખાનગી છે અને માંગરોળ તાલુકામાં ૬૧ વાજબી ભાવની દુકાનો છે એમાં ૧૨ સહકારી છે અને ૪૯ ખાનગી છે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, મોડેલ ફેર પ્રાઈસ શોપમાં કઈ કઈ ચીજ વસ્તુઓ રાખવામાં આવે છે, અને રાજય સરકાર મોડેલ FPS બનાવવામાં કઈ રીતે સહાય કરે છે, અને જૂનાગઢ જિલ્લામાં આ દુકાનોને કેટલી માર્જિન મની ચૂકવવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે મોડેલ ફેર પ્રાઈસ શોપમાં જે ફેરવવામાં આવેલ છે એ એક નાનો મોલ હોય ગામડાની અંદર એ પ્રમાણે આપણે કર્યું હોય છે જેના કારણે ત્યાં ઘણી બધી વસ્તુઓ મળી શકે. પહેલાના વખતમાં સસ્તા અનાજની દુકાન એટલે એની અંદર અનાજ-કીરાણું અને કેરોસીન જ મળતું હતું, પણ ગામડાંની અંદર હવે બધી જ વસ્તુઓ મળતી થાય અને ગામડાંના માણસને તકલીફ ન પડે અને

પોતે પોતાની જીવન-જરૂરિયાતની બધી જ વસ્તુઓ ત્યાંથી ખરીદી શકે એ માટે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ મોડેલ ફેર પ્રાઈસ શોપનો કન્સેપ્ટ આપ્યો એના કારણે ગામડાંની ખૂબ જ તકલીફો દૂર થઈ છે. આજે જે મોડેલ ફેર પ્રાઈસ શોપ છે એની અંદર આધુનિક ઘર-વપરાશની ચીજ-વસ્તુઓ એની અંદર ખેડૂતોને જોઈતી ચીજ-વસ્તુઓ ખાતર-બિયારણ, કોમર્શીયલ ગેસ સિલિન્ડર, કોસ્મેટીક, મોબાઈલ રિચાર્જ વાઉચરો, અગરબત્તી, ટૂથ પેસ્ટ-ટૂથ બ્રશ, સાબૂ, સેમ્પૂ, બિસ્કીટ-ચોકલેટ, વોશીંગ પાઉડર વગેરે રેશનિંગ સિવાયની અન્ય વસ્તુઓ પણ ગામડાંની આ દુકાનમાં મળે છે. જેના કારણે દુકાનદારને આવક થાય છે પહેલાં જે પોષણક્ષમ દુકાન ન ગણાતી હતી પરંતુ આજે અમારા સરવે પ્રમાણે કોઈપણ એફ.પી.એસ.ની દુકાન મોડેલ ફેરપ્રાઈસ શોપમાં કન્વર્ટ કરી છે તો ૩,૦૦૦ થી ૬,૦૦૦ રૂપિયાની એક દુકાનની આવક વધી છે. મારે સન્માનનીય ગૃહના ધ્યાને મૂકવું છે કે સરકારે એવું આયોજન કર્યુ છે કે કોઈપણ મોડેલ શોપ બનાવે એ પોતાના નાણાંથી બનાવે તો વેલ એન્ડ ગુડ, પરંતુ જો એને કોઈપણ બેન્કમાંથી દા.ત. સ્ટેટ બેન્કમાંથી એક લાખ રૂપિયાની લોન લેવી હોય તો એ લઈ શકે એને મોર્ડન કરવા માટે ફર્નિચર બનાવવા એ રકમ વાપરી શકે અને ૧૫ હજાર રૂપિયા માર્જીન મની તરીકે બેન્કને આપીએ છીએ અને બાકીની રકમ મળીને એક લાખ રૂપિયા એ લઈ શકે અને એ જ્યારે લોનની રકમ ભરપાઈ કરે ત્યારે ૧૫ હજાર રૂપિયા જે માર્જીનમની છે એ અમારા અન્ન નાગરિક પુરવઠા નિગમ તરફથી પાછી મળે છે.

### અમદાવાદ શહેરમાં ભૂખ્યાને ભોજન હેલ્પલાઈન

*** ૧૯૫૫૩ શ્રી શૈલેષ મ. પરમાર(શહેર કોટડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજય સરકારની શરૂ કરવામાં આવેલ ભૂખ્યાને ભોજન માટેની હેલ્પ લાઈન અન્વયે અમદાવાદ શહેરમાં તારીખ ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કંટ્રોલ રૂમ ઉપર કેટલા ફોન નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા ભૂખ્યા લોકોને ભોજન આપવામાં આવ્યું, અને

(૩) આવા ભોજન પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) ૫ (પાંચ)

(૨) હેલ્પ લાઈન પરથી ભોજન આપવાનો પ્રશ્ન નથી પરંતુ ભોજન મેળવવા જરૂરી માહિતી પૂરી પાડવામાં આવે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શૈલેષ મ. પરમાર** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજય સરકાર તરફથી ભૂખ્યાને ભોજન માટેની જે હેલ્પલાઈન ચાલુ કરવામાં આવેલ છે એનો ટેલિફોન નંબર શું છે અને માનો કે આમાં કોઈ ફોન કરે છે તો એને કઈ જગ્યાએથી જમવાની વ્યવસ્થા સરકારશ્રી તરફથી કરવામાં આવે છે, આ યોજનાના માધ્યમથી, કારણકે સભાગૃહના ઘણા બધા સભ્યોને આ યોજનાની કોઈ જાણકારી નહિ હોય માટે જાહેરાતો દ્વારા સરકારશ્રીની આ યોજનાનો લાભ ગરીબ માણસોને મળી શકે એ માટે આપશ્રી શું કરવા માગો છો?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : આ અંગેની ટોલફ્રી હેલ્પ લાઈનનો નંબર છે ૧૮૦૦ ૨૩૩ ૫૫૦૦ રાજયના કોઈપણ સ્થળેથી કોઈપણ વ્યક્તિ આ નંબર ઉપર ફોન કરી શકે છે આ ટોલ ફ્રી લાઈન છે અને એના ઉપરથી માહિતી મેળવી શકે છે. રાજયના કોઈપણ જિલ્લામાં જ્યાં આ સદાવ્રતો અને અન્નક્ષેત્રો ચલાવવામાં આવે છે તેની માહિતી આના દ્વારા આપવામાં આવે છે. એમના બીજા પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, અમદાવાદમાં કુલ ૨૧ સંસ્થાઓ આ પ્રકારના અન્નક્ષેત્રો ચલાવે છે અને તેમાં મુખ્ય છે જગન્નાથ મંદિર, જમાલપુર, રણછોડજી મંદિર ટ્રસ્ટ, સારંગપુર, ચકુડિયા મહાદેવ ટ્રસ્ટ, રખિયાલ વિગેરે મળીને કુલ ૨૧ સંસ્થાઓમાં આ સદાવ્રતો ચાલે છે. આખા રાજયમાં કોઈપણ જિલ્લામાંથી ફોન કરવામાં આવે તો માહિતી મળી રહેશે કે આ જગ્યાએથી તેમને અન્ન મળી રહેશે. એ પ્રમાણેની વ્યવસ્થા કરી છે. સરકારશ્રી તરફથી આ અંગેના પોસ્ટર્સ છપાવીને દરેક કલેકટર કચેરીમાં, દરેક જાહેર સ્થળો ઉપર, પ્રવાસન કેન્દ્રો ઉપર, બસ સ્ટેન્ડો ઉપર વિગેરે જગ્યા ઉપર આ અંગેના પોસ્ટર્સ લગાવીને એની જાહેરાત કરવામાં આવે છે.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજય સરકારે જ્યારે આ હેલ્પલાઈન નંબર ચાલુ કર્યો છે તો આ હેલ્પ લાઈન દ્વારા રાજયમાં ભૂખ્યાને ભોજન આપવાની યોજના શરૂ કરેલી છે તો આમાં આપણે કઈ રીતે રાજયના ભૂખ્યા લોકોને મદદ કરી શકીએ છીએ?

**શ્રી જીતેન્દ્ર સુખડીયા** : આપણે ફકત સ્થાન નિર્દેશ કરીએ છીએ અને માર્ગદર્શન આપીએ છીએ. ગમે ત્યાંથી ગમે તે વ્યક્તિ ફોન કરશે આ લાઈન ઉપર તો એને જવાબ આપવામાં આવે છે કે તમારા માટે નજીકનું સ્થળ આ છે અને આ સમયે ત્યાંથી તમને અન્ન મળી રહેશે તે પ્રકારની સૂચના આપવામાં આવેલ છે.

### રાજુલા અને જાફરાબાદ તાલુકામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તક થયેલ કામ

***૨૦૨૫૬ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા)** : માનનીય વનમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમરેલી જિલ્લામાં રાજુલા તથા જાફરાબાદ તાલુકામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તક તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં વૃક્ષારોપણ સિવાયના કયા કયા કામો કરેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

વન મંત્રીશ્રી

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા રાજુલા તથા જાફરાબાદ તાલુકામાં રેન્જ ફોરેસ્ટ ઓફિસ હસ્તક તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લાં ત્રણ વર્ષમાં સામાજિક વનીકરણ યોજના, ખાસ અંગભૂત યોજના તથા વન સંશોધન અન્વયેની કામગીરી તથા બૃહદગીરના વિકાસ અન્વયે વન્યપ્રાણી સંરક્ષણ તથા સંવર્ધન અન્વયેની નીચે મુજબની વિવિધ કામગીરીઓ કરવામાં આવેલ છે.

તાલુકાઓના જરૂરિયાતવાળા ગામોમાં સ્મશાન સગડીઓ બેસાડવાની કામગીરી, વન વિસ્તારને નુકશાન ન થાય અને લોકોમાં પર્યાવરણના રક્ષણ માટે જાગૃતિ આવે અને વૃક્ષોનો નાશ થતો અટકે તે હેતુથી સોલાર કુકર, નિર્ધુમ ચુલા, સોલાર ફાનસની વિના મૂલ્યે ફાળવણી, બાયોગેસની ફાળવણી, વનીકરણ માટે લોકોમાં ઉત્સાહ વધે તે માટે વન મહોત્સવ/વિકેન્દ્રિત નર્સરી હેઠળ રોપા વિતરણની કામગીરી, કિસાન શિબિરનું આયોજન, તાલુકા અને ગ્રામ્ય લેવલે લોક સહકારથી વન મહોત્સવની ઉજવણી, વનીકરણને લગત વિવિધ દિવસોની ઉજવણી, વનીકરણની સારી કામગીરી માટે એવોર્ડ આપવાની કામગીરી, વિદ્યાર્થીઓમાં પણ વનીરણની કામગીરી માટે ઉત્સાહ જાગે તે માટે શિબિરો, વાર્તાલાપ, વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વિગેરે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત વન્ય પ્રાણી સંરક્ષણ માટે વન્યપ્રાણી મિત્રની નિમણૂંક, તાલીમ, ખુલ્લા કૂવાઓને સુરક્ષિત કરવાની યોજના, વન્ય પ્રાણીઓને પાણી પીવા માટે કુંડીઓની કામગીરી, માલધારીઓને મારણ વળતર, ગામડાઓમાં લોકોની સગવડોમાં સુધારા વધારા કરવા માટે વન કુટિર, હોર્ડિંગ બોર્ડ, ઈકો ડેવલપમેન્ટના કામો અંતર્ગત એન્ટ્રી પોઈન્ટની એકટિવિટી, મેડિકલ કેમ્પ વિગેરે કામગીરીઓ કરવામાં આવેલ છે.

(૨) તેની પાછળ નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| તાલુકાનું નામ | વર્ષવાર થયેલ ખર્ચની વિગત | | | રૂા. લાખમાં |
|---|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | |
| રાજુલા | ૧૦.૮૮ | ૧૪.૩૪ | ૬.૭૪ | ૩૧.૯૬ |
| જાફરાબાદ | ૧૯.૭૦ | ૧૫.૨૨ | ૬.૭૯ | ૪૧.૭૧ |
| કુલ .. | ૩૦.૫૮ | ૨૯.૫૬ | ૧૩.૫૩ | ૭૩.૬૭ |

**શ્રી હીરાભાઈ ઓ. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજુલા અને જાફરાબાદ તાલુકામાં વન વિભાગ દ્વારા લાકડાનો વપરાશ ઓછો કરવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને દ ટાડો કરવા માટે શું શું કાર્યક્રમો કરવામાં આવ્યા ? અને તેને ઘટાડવા માટે શું કાર્યક્રમ કરવામાં આવ્યો અને સાથો સાથ વન પ્રાણીઓ માટે સુરક્ષા માટે અને સગવડ માટે શું આયોજન કરવામાં આવ્યું ? અને તેના મારણ માટે કેટલો ખર્ચ અને શું કામગીરી કરવામાં આવી ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે ત્રણ પ્રશ્નો કર્યા છે. લાકડાનો વપરાશ ઘટે તે માટે રાજુલા અને જાફરાબાદ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯માં એક સ્મશાન સગડી, ૧૯ સોલાર કૂકર, ૫૬ નિર્ધુમ ચૂલા, એક બાયોગેસ વર્ષ ૨૦૦૯-૧૦માં એક સ્મશાન સગડી, ૨૧ સોલાર કૂકર, ૫૮ નિર્ધુમ ચૂલા, તથા વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૨ સોલાર કૂકર, ૬૦ નિર્ધુમ ચૂલા તથા બે સોલાર ફાનસ આપવામાં આવેલ છે. જેના ઉપયોગના કારણે આ લાકડાનો વપરાશ પ્રમાણમાં ઘટ્યો છે. વન્ય પ્રાણીઓની સુરક્ષા અને સગવડની વાત કરીએ તો રાજુલા અને જાફરાબાદ તાલુકામાં વર્ષ ૨૦૦૮માં ૨૧૮ ખુલ્લા કૂવા સુરક્ષિત કરીને કામગીરી કરેલ છે. તથા વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણી માટેની એક ટાંકી બનાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૦૫ ખુલ્લા કૂવા સુરક્ષિત કરવાની કામગીરી કરેલ છે. તથા વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની ટાંકી એક બનાવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૪ ખુલ્લા કૂવા સુરક્ષિત કરીને કામગીરી કરેલ છે. તેમણે મારણના કિસ્સાની વાત કરી છે અને તેને આપવાની ચૂકવણીની વાત કરી છે. રાજુલા અને જાફરાબાદ તાલુકામાં વર્ષ ૨૦૦૮-૦૯માં ૧૬૨ મારણના કિસ્સા બનેલ છે. તેમાં રૂપિયા ૬,૪૮,૯૦૦/- ની સહાય ચૂકવેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૬૭ના મારણના કિસ્સામાં રૂપિયા ૧૦,૭૧,૩૭૫ની સહાય ચૂકવેલ છે. તથા વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૪ મારણના કિસ્સામાં રૂપિયા ૧,૦૭,૪૭૫ની સહાય ચૂકવેલ છે.

**શ્રી કાળુભાઈ વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં સિંહની સુરક્ષા માટે કેટલા કૂવાઓ બાંધવામાં આવ્યા અને તેમાં કેટલું ખર્ચ થયું ? આ વન વિભાગની યોજના ખૂબ સારી છે સિંહની સુરક્ષા માટે જંગલમાં આવતો વિસ્તાર છે ત્યાં કૂવાઓને પાકા બાંધવામાં આવે તો સિંહ અંદર ના પડે. મારો બીજો મુદ્દો એ છે કે, આના માટે શિબિરોનું પણ આયોજન થાય છે તો કેટલી શિબિરો કયા કયા તાલુકામાં ભરવામાં આવી છે ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો રાજુલા અને જાફરાબાદની વાત છે છતાં જેમ જેમ જરૂરિયાત છે તે મુજબ અમે કરેલ છે અને સારી સંખ્યામાં છે.

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જાણવા માંગુ છું કે, રાજુલા જાફરાબાદમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કેટલા રાજુલા જાફરાબાદના ગામ છે ? અને ત્રણ વર્ષમાં તમે કેટલી સ્મશાન સગડીઓ આપેલી છે ? અગાઉ પણ આ ગૃહમાં કહેવાયેલું છે કે જેને માગે ત્યારે અને જોઈએ એટલી અમે આપીશું. એટલે તેણે ત્રણ વર્ષમાં કેટલી સ્મશાન સગડીઓ આપી છે મને જણાવે. અને બીજું રાજુલા જાફરાબાદમાં છેલ્લાં ત્રણ વર્ષમાં કૂવાને સુરક્ષિત કરવાનું તેમાં કેટલાં કૂવા સુરક્ષિત કર્યા અને એક સાથે આ બધા કૂવા સુરક્ષિત કરવા માગે છે કે નહીં ? મારો ત્રીજો પ્રશ્ન એ છે કે, વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે ખાસ કરીને સિંહ માટે સૌરાષ્ટ્રમાં પાંચ હજાર લોકો ખુલ્લી છાતીએ સિંહના નખ પહેરીને રખડે છે. તો આપણાં તંત્રએ આવા કેટલાં લોકોને પકડ્યા ? અને પકડવા માગે છે કે નહીં ?

**શ્રી કિરીટસિંહ જી. રાણા** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે બે-ત્રણ પ્રશ્નો કર્યા તેમાં એકાદ બે તો સૂચન છે અને સંખ્યાની વાત કરી તો જેમ જેમ સરપંચોની રજૂઆત આવે છે તેમ અમે સગડી પણ આપીએ છીએ, સોલાર કૂકર પણ આપીએ છીએ અને તેના માટે અમે શિબિરો પણ રાખીએ છીએ. એટલે વધારેમાં વધારે ત્રણેક વર્ષમાં અમે ૮૦૦ થી ૯૦૦ની સંખ્યામાં આપેલાં છે. વધારે સંખ્યામાં જોઈતો હોય તો આંકડો પણ વધારે છે.

**બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

*** ૧૯૬૭૫ શ્રી વસંતકુમાર પરથીભાઈ ભટોળ(દાંતા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમિયાન તારીખ:૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી દાંતા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**વન મંત્રીશ્રી**

**(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ દરમિયાન તારીખ: ૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.**

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટરમાં) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૭૨૬ | ૦૬.૪૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૧૩ | ૦૫.૦૫ |
| કુલ.. | ૧૧૩૯ | ૧૧.૪૫ |

(૨) તે પૈકી દાંતા તાલુકામાં ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટરમાં) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૩૩ | ૧.૨૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૬ | ૦.૬૪ |
| કુલ.. | ૧૭૯ | ૧.૮૪ |

**શ્રી વસંતકુમાર ભટોળ:** માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના વન વિભાગ દ્વારા ગુજરાતની ધરતીને હરિયાળી બનાવવા માટે સુંદર કામગીરી થઈ રહી છે ત્યારે હું આપશ્રીના માધ્યમથી જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં સામાજીક વનીકરણ યોજના હેઠળ સન ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને તા. ૩૧-૧-૧૧ સુધીમાં કુલ કેટલા હેકટરમાં વાવેતર થયું અને તેમાં કેટલો ખર્ચ થયો અને તેમાં ખાસ કરીને મારા મત વિસ્તાર દાંતામાં સામાજીક વનીકરણ હેઠળ કેટલા વિસ્તારમાં વાવેતર થયું, તેમાં કેટલો ખર્ચ થયો અને આજની તારીખમાં બનાસકાંઠા જિલ્લામાં અને તાલુકામાં કેટલા જીવંત રોપાઓ છે?

**શ્રી કિરીટસિંહ રાણાઃ** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ત્રણ સવાલો કર્યા છે. બનાસકાંઠા જિલ્લામાં સન ૨૦૦૦-૧૦ માં ૬ લાખ ૪૦ હજાર રોપાઓનું વાવેતર કર્યુ છે જે પૈકી ૪ લાખ ૮૫ હજાર રોપાઓ જીવંત છે તથા ૨૦૧૦-૧૧ માં ૫ લાખ ૫ હજાર રોપાઓનું વાવેતર કરેલ છે જે પૈકી ૪ લાખ ૩૮ હજાર રોપાઓ જીવંત છે. તેમણે સ્પેસિફીક દાંતા તાલકાની વાત કરી તો દાંતા તાલુકામાં ૨૦૦૯-૧૦ માં ૧ લાખ ૧૯ હજાર રોપાઓનું વાવેતર કરેલ જે પૈકી ૯૩ હજાર રોપાઓ જીવંત છે તથા ૨૦૧૦-૧૧ માં ૬૪ હજાર રોપાઓના વાવેતર પૈકી ૫૯ હજાર રોપાઓ જીવંત છે.

**શ્રી શકિતસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપણા રાજયમાં વનનો વિસ્તાર ઓછો છે અને એમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. એવા સંજોગોમાં ૨૦૦૯-૧૦ માં વાવેતર કરેલ વિસ્તાર ૭૨૬ હેકટર અને ૨૦૧૦-૧૧ માં વાવેતર કરેલ વિસ્તાર ૪૧૩ હેકટર છે. એટલે કે એમાં આગલા વર્ષની સરખામણીએ ઘટાડો થયેલ છે. એના માટેના રોપાઓ પણ આપ જોશો તો વાવેતર કરવા માટે ગઈ વખત ફાળવેલ રોપા ૬ લાખ ૪૦ હજાર હતા અને ૨૦૧૦-૧૧ માં તેમાંથી ઘટીને ૫.૫ લાખ થયા છે. એ સંજોગોમાં વાવેતર કરેલો વિસ્તાર અને વાવેતર કરેલ રોપાઓની સંખ્યા રાજયમાં અને ખાસ કરીને દાંતામાં પણ ઘટાડો થયેલ છે. તો આ ઘટાડો થવાનાં શું કારણ છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, વન વિસ્તાર દિવસે ને દિવસે વધતો જાય છે. સરવે ઓફ ઈન્ડિયાના તારણ પ્રમાણે પણ એ વધે છે. અહીં બે તાલુકાનું તેમણે પૂછયું છે એમાં દાંતામાં ઘટયું છે, પરંતુ ઓવર ઓલ આખા જિલ્લાનું તમે જુઓ તો જિલ્લામાં વાવેતર વધ્યું છે અને ગીચ જંગલો પણ વધ્યા છે.

**શ્રી મફતલાલ પૂરોહિત**: માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૦૯-૧૦ માં કુલ કેટલા માનવદીન ઉત્પન્ન થયા અને ધાનેરા તાલુકામાં કેટલાં વૃક્ષ વાવવામાં આવ્યાં? હાલની તારીખે તે વૃક્ષોની શું સ્થિતિ છે?

**શ્રી કિરીટસિંહ રાણા**:માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં સન ૨૦૦૯-૧૦ મા ૭૫ હજાર માનવદીન ઉત્પન્ન થયેલ છે અને ૨૦૧૦-૧૧ માં ૫૬ હજાર માનવદીન ઉત્પન્ન થયેલ છે તે પૈકી દાંતા તાલુકામાં ૨૦૦૯-૧૦ માં ૧૪ હજાર માનવદીન ઉત્પન્ન થયા છે અને ૨૦૧૦-૧૧ માં ૧૯ હજાર માનવદીન ઉત્પન્ન થયેલ છે અને તેમાં ધાનેરા તાલુકામાં ૨૦૦૯-૧૦ માં ૫ હજાર માનવદીન અને ૨૦૧૦-૧૧ માં ૩ હજાર માનવદીન ઉત્પન્ન થયેલ છે.

**શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ:** માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે સામાજીક વનીકરણમાં સન ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો અને એમાં દાંતા તાલુકામાં કેટલો ખર્ચ થયો છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, દાંતા તાલુકામાં ૨૦૦૯-૧૦ માં ૩૩ લાખ ૧૦ હજારનો ખર્ચ થયો છે અને ૨૦૧૦-૧૧ માં ૨૫ લાખ ૪૦ હજારનો ખર્ચ કરેલ છે.

**ભરૂચ જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામો**

***૧૯૯૮૬ શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ(ભરૂચ) : માનનીગ ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના અંતર્ગત કેટલા કામો ચાલુ કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) બાકી કામો કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૨૨૮૯ કામો.

(૨) તે પૈકી ૬૬૨ કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના રોજગારીની માંગણી આધારિત યોજના હોઈ કામની માંગણી થયેથી કામગીરી કરવામાં આવશે.

**શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ જિલ્લામાં
૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે કુટુંબોને જોબકાર્ડ આપવામાં આવ્યા છે તેની તાલુકાવાર માહિતી શું છે, અને આજની તારીખે કામની સંખ્યા કેટલી છે અને મજૂરોની સંખ્યા કેટલી છે, છેલ્લા વર્ષમાં થયેલ તાલુકા વાર ખર્ચની વિગત શું છે અને માનવદિન રોજગારી કેટલી આપવામાં આવી છે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં જે લોકોને જોબકાર્ડ આપવામાં આવ્યા છે તે તાલુકાવાઈઝ જોઈએ તો વર્ષ ૨૦૦૮-૦૯માં આમોદમાં ૩૪૬૪, વાગરામાં ૩૨૫૦, ભરૂચમાં ૬૯૧૯, અંકલેશ્વરમાં ૬૦૩૭, હાંસોટમાં ૧૨૦૬, વાલીયામાં ૪૭૮૩ ઝગડીયામાં ૧૪૭૮, એ જ રીતે વર્ષ ૨૦૦૯-૧૦માં જંબુસરમાં ૮૨૦, આમોદમાં ૨૮૦, વાગરામાં ૧૩૭૦, ભરુચમાં ૫૪૭, અંકલેશ્વરમાં ૩૪૫, હાંસોટમાં ૨૨, વાલીયામાં ૮૧૦, જગડીયામાં ૨૭૩, અને ૨૦૧૦-૧૧માં

જંબુસરમાં ૨૦૨, આમોદમાં ૨૭૩, વાગરામાં ૨૦૦૧, ભરુચમાં ૬૧૫, અંકલેશ્વરમાં ૩૨૦, હાંસોટમાં ૧૧૮, વાલીયામાં ૩૦૦૮ અને ઝગડીયામાં ૬૨૦૧ એટલે ટોટલ ઝોબકાર્ડ ત્રણ વર્ષમાં ૪૪૩૪૨ આપવામાં આવ્યા, આજની તારીખમાં ૧૦-૩-૧૧એ ૨૦૨ કામ ચાલુ છે અને હાલમાં શ્રમીકોની સંખ્યા ૩૧૦૧ છે અને ત્રણ વર્ષની અંદર જે ટોટલ શ્રમીકોને રોજ મળ્યું છે ૧૭,૧૫,૦૧૮, અને અત્યાર સુધીમાં છેલલા ત્રણ વર્ષમાં રૂપિયા ચુકવ્યા છે તે ૨૨૮૦.૪૮ લાખ રૂપિયા ચુકવવામાં આવ્યા છે.

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજનાનાં કામોમાં ભ્રષ્ટાચારની કેટલી ફરિયાદો મળી અને કયા કયા તાલુકામાં મળી, અને કસુરદારો સામે શું પગલાં લેવામાં આવ્યા છે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ બે ફરિયાદો મળી છે, એક વાગરા તાલુકામાં અને એક વાલીયા તાલુકામાં મળી છે. વાગરામાં ઓરા ગામમાં સરપંચ અને પોષ્ટમેન વિરૂધ્ધ ફરિયાદ મળેલ છે. અને વાલીયામાં ભેસખેતર ગામના સરપંચ અને તલાટીની વિરૂધ્ધ ફરિયાદ મળેલ છે. બન્નેની વિરૂધ્ધ ફરિયાદ લાખાવવામાં આવેલ છે અને તેની એફ.આઈ.આર. ૧૫-૧૦-૨૦૦૯ અને ૧૯--૧૧-૨૦૦૯ના રોજ નોંધાયેલ છે, અત્યારે આ ફરિયાદમાં કાર્યવાહી ચાલુ છે.

**શ્રી અમરસિંહ રા. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ભરુચ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં એમણે જવાબ આપ્યો છે કે ૨૨૮૯ કામો ચાલુ કર્યા છે અને ૬૬૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે. તો બાકી રહેલા જે ૧૬૨૬ કામો છે તે હાલ કયા સ્ટેજ ઉપર છે અને તેની શું પોઝીશન છે?

**શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** : આમાં જે કામો પૂર્ણ કરવાની પધ્ધતિ હોય છે એમાં શ્રમિકોની પોતાની કામ માટેની જેટલી અરજી આવે તેના આધારે તેમને કામ આપવામાં આવે છે અને જેમ અરજીઓ વધારે આવે એમ કામ જલદી પૂર્ણ થતા હોય છે. પણ શ્રમિકોની ડિમાન્ડ ન હોય તો કામ પૂર્ણ થતા વાર લાગે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

***૧૯૭૦૨ શ્રી ભરતભાઈ ખોરાણી(ચોટીલા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ
પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી,
(૨) તે પૈકી કેટલી ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ,
(૩) તેને કેટલું અનુદાન ચુકવવાનું બાકી છે, અને
(૪) કયાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) ૦ (શૂન્ય)
(૨) ૦ (શૂન્ય)
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ભરતભાઈ ખોરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ બહુ થઈ નથી. જેથી ગામો પણ સમરસ થયા નથી. તો અત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાઈઝ કેટલી ગ્રામ પંચાયત સમરસ જાહેર કરવામાં આવી છે અને તેમને શું અનુદાન આપવામાં આવ્યું છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લા માટે જે મને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો એનો જવાબ અમે શૂન્ય આપ્યો છે એ એટલા માટે આપ્યો છે કે સન ૨૦૦૯-૧૦ અને સન ૨૦૧૦-૧૧માં સામાન્ય ચૂંટણીઓ નહોતી એટલે સુરેન્દ્રનગર જિલ્લા માટે શૂન્ય જવાબ આપવામાં આવ્યો છે. પરંતુ જ્યારે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે ત્યારે બે વર્ષમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ થઈ એમાં કેટલા સમરસ થયા છે એની મારે માહિતી આપવી છે. (અંતરાય) મારે યાદ અપાવવું છે કે સમરસ કરવાનો અમારો કન્સેપ્ટ હતો એમાં આપના પેટમાં ખૂબ દુખતું હતું. (અંતરાય) હું ફક્ત યાદ કરાવું છું. સુરેન્દ્રનગર જિલ્લામાં સમરસ ગામોનો કન્સેપ્ટ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આપ્યો ત્યારે જે વાત હતી એ મારે યાદ કરાવવી છે. એ અંગે મારે ધ્યાન દોરવું છે કે આ સમરસ કરવી એટલે આર્ય સંસ્કૃતિ પ્રમાણે ગામડાંનો વિકાસ કરવો, ભાઈચારો સાચવી રાખવો, ગાંમડાંના માણસો એકજ ગામમાં રહેતા હોય એટલે મુશ્કેલીમાં ન મુકાય રોજબરોજ ઝઘડા ન થાય એટલા માટે સમરસ કરવાનો કન્સેપ્ટ લીધો હતો. પરંતુ સુરેન્દ્રનગર જિલ્લો આ બાબતમાં ખૂબ જ આગળ રહ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લાના કુલ દસ તાલુકા આવેલા છે. એમાં વઢવાણ, લીંબડી, લખતર, સાયલા, ચૂડા, ધ્રાંગધ્રા ચોટીલા, હળવદ, મૂળી અને દસાડા આ દસ તાલુકામાં સન ૨૦૦૧માં સામાન્ય ચૂંટણીઓ થઈ હતી એમાં ૨૨૬ ગામો સમરસ થયા હતા. એ જ રીતે સુરેન્દ્રનગર જિલ્લામાં સન ૨૦૦૬માં સામાન્ય ચૂંટણીઓ થઈ હતી એ વખતે પણ ૨૨૦ ગામો સમરસ થયા હતા.

એ જ રીતે સન ૨૦૦૭-૦૮માં થોડી ચૂંટણીઓ થઈ હતી એમાં ૭-૭ ગામો સમરસ થયા હતા. આમ કુલ ૪૫૮ ગામોના સરપંચો સમરસ થયા છે. અને એમાં કુલ ૪ કરોડ રૂપિયાનું અનુદાન સામૂહિક સંકલિત આપ્યું છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી** : માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ સમરસ યોજનામાં અગાઉ કેટલી રકમ પ્રોત્સાહક અનુદાન તરીકે આપવામાં આવતી હતી અને હવે આ યોજનામાં કેટલું અનુદાન આપવામાં આવે છે?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અનુદાનની બાબત છે પણ મારે મિત્રોને યાદ અપાવવું છે, અનુદાન આ સરકારનો કન્સેપ્ટ છે. સન ૧૯૯૬ પહેલા અનુદાનની પદ્ધતિ હતી કોઈને પ્રોત્સાહિત કરવા અનુદાન આપવામાં આવતું હતું. સન ૧૯૯૬ પહેલા એક હજાર રૂપિયા આપવામાં આવતા હતા. અને જો મોટુ ગામ હોય તો બે હજાર રૂપિયા આપવામાં આવતા હતા. પરંતુ ૨૦૦૧ માં અમારી સરકાર આવ્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રીએ પાંચ હજારની વસતિ હોય તો ૬૦ હજાર રૂપિયા અનુદાન આપવામાં આવતું હતું, અને જો પાંચ હજારથી વધારે વસતિ હોય તો એક લાખ રૂપિયા અનુદાન આપવાનું કર્યું, એટલું જ નહિ પરંતુ ત્યારપછી સન ૨૦૦૬માં ઠરાવ કર્યો અને ત્યારપછી સન ૨૦૦૮માં બીજો ઠરાવ લાવ્યા જેમાં મહિલાઓને પણ પ્રોત્સાહિત કરવાનું નક્કી કરવામાં આવ્યું. જ્યાં પાંચ હજારની વસતિ હોય ત્યાં એક લાખ રૂપિયા આપીએ છીએ અને મહિલા જો સમરસ થાય તો અને જો એકજ ગામમાં તમામ મહિલાઓ ગ્રામ પંચાયતમાં સમરસ થાય તો એને એક લાખને બદલે બે લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે. અને જો મોટું ગામ હોય પાંચ હજારથી પંદર હજારની વચ્ચે વસતિ હોય તો દોઢ લાખ સુધી અનુદાન આપવામાં આવે છે. જો મહિલા સરપંચ થાય તો ત્રણ લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે. અને ત્રીજી વાત છે એમાં જો બધી મહિલા સમરસ થાય તો ૨૫ ટકાનો વધારો કરવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નનો સ્કોપ તો મર્યાદિત હતો પરંતુ મંત્રીશ્રીના જવાબથી પ્રશ્નનો સ્કોપ મોટો થયો છે. સમરસ થાય દિલથી કરીએ એ જુદી વાત છે. લોકશાહીનું ગળું દબાવી દેવાની ફરિયાદ ઊભી થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી આ સભાગૃહને ખાતરી આપશે કે સમરસના બહાના નીચે તંદુરસ્ત લોકશાહી ન રહે, યોગ્ય વ્યકિત ચૂંટણી લડી ન શકે, પ્રજાને રક્ષણ ન મળે અને દાદાગીરીથી સમરસ ચૂંટણી યોજાય એવું ન બને એ અંગે આ ગૃહમાં કોઈ ખાતરી આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાએ બહુ સારો પ્રશ્ન પૂછયો છે કે આવું ન થાય એટલા માટે શું કરવામાં આવે છે? આનું કોઈ પૅરામીટર હોતું નથી. આ લોકશાહીમાં જો કોઈ પૅરામીટર હોય તો એ ચૂંટણીઓ છે. જ્યારે ચૂંટણીઓ ગુજરાતમાં થાય છે ત્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતમાં ૯૦-૧૦ના રેશિયો ઉપર ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી જીતે છે. એ બતાવે છે કે અમારી આ કોઈ કુકેડ પદ્ધતિ નથી. આ એનું માપ છે, પૅરામીટર છે અને આનો એમણે સ્વીકાર કરવો જોઈએ.

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે હળવદ તાલુકાનું મગડપુર ગામ છે. એ ગ્રામ પંચાયત સમરસ થઈ છે. ત્રણ વર્ષ થયા, સરપંચ, ટી.ડી.ઓ., ડી.ડી.ઓ. કલેક્ટર આગળ ધક્કા ખાય છે. આજની તારીખમાં તેને એક પૈસો અનુદાન મળ્યું નથી અને ત્રણ વર્ષથી ધક્કા ખાય છે અને ઘરના ઓછામાં ઓછા ૫૦ હજાર રૂપિયા બગાડ્યા હશે. તેને અનુદાન નથી મળ્યું કારણ એ છે કે એ કોંગ્રેસનો સરપંચ છે એટલે તેને અનુદાન આપતા નથી અને આજની તારીખમાં પણ ધક્કા ખાય છે. આપશ્રી તેને અનુદાન આપવા માગો છો કે કેમ? અત્યાર સુધી અનુદાન નથી આપ્યું તેનું કારણ શું?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા રૅકૉર્ડ ઉપર અત્યારે તો કોઈ ગામ અનપેઈડ નથી. છતાં પણ તેમના ધ્યાનમાં એ ગામ નહીં, ગુજરાતનું કોઈ પણ ગામ બાકી હોય અને લાંબા વખતથી બાકી હોય. મારા ધ્યાનમાં મૂકે. એ આપવાની જવાબદારી અમારી છે. હું આપીશ. (અંતરાય) સવાલ જ નથી.

## ખેડા જિલ્લામાં સહાયક પંચાયત મંત્રીઓને પગાર ન ચૂકવવા બાબત

***૨૧૧૪૨ શ્રી રામસિંહ પ્ર. પરમાર (ઠાસરા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સહાયક પંચાયત મંત્રીઓની નિમણૂંકો પછી તેઓને કેટલા સમયથી પગાર ચૂકવવાનો બાકી છે?
૨. આ પગાર સમયસર નહીં ચૂકવવાના કારણો શા છે અને
૩. તેઓને કેટલા સમયમાં આ પગાર ચૂકવવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી:**

૧. કોઈ સહાયક પંચાયત મંત્રીને પગાર ચૂકવવાનો બાકી નથી.
૨. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
૩. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઝડપી કામ કરનાર સરકારને મારે પ્રશ્ન પૂછવો છે કે જ્યારે ધારાસભ્ય કાગળ લખે ત્યારે પગાર થાય, તો મારે પૂછવું છે કે આ પંચાયત સહાયકોનો પગાર કઈ તારીખે થયો અને કેટલા મહિનાનો ભેગો થયો?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે પ્રશ્ન પૂછયો હતો તેનો જવાબ મેં આપ્યો હતો કે પંચાયત સહાયકો છે તેમને તેમનો પંચાયત સહાયક તરીકેનો પગાર ચૂકવી દેવામાં આવ્યો હતો. પરંતુ તેમણે એમ કહ્યું કે એમનો પેટા પ્રશ્ન એ ઉપસ્થિત થયો છે કે તેમને તલાટી કમ મંત્રી તરીકેનું પાંચ વર્ષ પછી પ્રમોશન આવે છે તેનું શું થયું, તેમાં વિલંબ કેમ થયો? (અંતરાય) સાંભળો. મને જવાબ તો આપવા દો. મારી પાસે જવાબ છે. હું આપું છું. ગઈ ૧૪મી તારીખે બધા જ સંશોધન કરીને અમે ૧૪મી માર્ચે બધાનો પગાર ચૂકવ્યો છે. પણ મારે સ્પષ્ટતા કરવી છે કે આ સરકાર છે, સરકારને પૂરા અધિકાર છે. અગર અપૂર્તિ હોય, તેમાં ૨૧ તલાટીઓએ જે પોતાની.. (અંતરાય) હું એ જ કહું છું, મારો જવાબ સાંભળો. મારા આ જેટલા સભ્યો પંચાયત સહાયકો છે તેમના એકેએકનો રેકૉર્ડ મારી પાસે છે. છતાં પણ સરકારે બહુ ઉદારતાપૂર્વક માનનીય રામસિંહભાઈ સિનિયર સભ્યશ્રીએ પૂછયું છે એટલા માટે વંદન કરીને પણ તેમને ચૂકવણું કરવું જોઈએ. તેવી જવાબદારી મંત્રી તરીકે મેં લીધી છે અને બધા જ સભ્યો જેને બાકી હતો, આજની તારીખ સુધી, એ લોકોએ અપૂર્તિ હતી તેમાં કૉમ્પ્યુટરની ટ્રેનિંગ લેવાની હોય, તેના રેકૉર્ડ રાખવાના હોય, એની રજાઓ હોય, એની નોંધ પોથી રાખવાની હોય આ બધું બાકી હોવા છતાં પણ મને, પંચાયત મંત્રીને કાયમી કરવા માટેના હુકમો માગતા હોય અને પછી ફરિયાદના સ્વરૂપે સરકારને ફીકસમાં મૂકતા હોય તે શકય નથી, છતાં પણ આપને કહું છું. આ બધા મિત્રો કોઈ ઓળખતા હોય તો તેમને સલાહ આપજો, તમારી અપૂર્તિ હોય એ પૂરી કરે અને તમને જે લાભ મળે છે એ સરકારની ઉદારતા છે. મારો જવાબ મળ્યો નથી.(અંતરાય)

**શ્રી ખુમાનસિંહ ર઼ા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો સ્પષ્ટ સવાલ છે કે, કેટલા મહિનાથી પગાર નથી મળ્યો અને કઈ તારીખે ચૂકવવામાં આવ્યો?

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે ૧૪મી માર્ચે પગાર ચૂકવી આપ્યો પણ આ પગાર કેટલા મહિનાનો ચૂકવ્યો એ સભ્યશ્રીએ જાણવું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈનો એક વર્ષનો, કોઈનો એક વર્ષ દસ માસનો છે એમ અલગ અલગ છે. આપે પ્રશ્ન પૂછ્યો છે એ પૈકીના એક કર્મચારી તો ૮૫૧ દિવસની રજા ઉપર રહ્યા હતા અને એ નોંધપોથીમાં નહીં આવવાના કારણે એમને પગાર આપી શકાય નહીં અને હજુ પણ વિલંબ થશે.

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છું કે, ખેડા જિલ્લામાં સહાયક પંચાયત મંત્રીઓની કેટલી સંખ્યા છે? કેટલા ભરવાના બાકી છે અને આ નિમણૂકના ધોરણો શું છે અને એમની ફરજો શું હોય છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : આ પગાર માટેનો પ્રશ્ન છે અને એની પૂરી વિગતો આપી દીધી છે. એમણે અલગથી નોટિસ આપવી પડે.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા પંચાયત સહાયકોની પાંચ વર્ષની મુદત પૂર્ણ થયેલ છે અને એ પૈકી જેને નિયમિત પગારમાં લેવામાં આવ્યા છે તે કેટલા છે અને બાકી રહેલા પંચાયત સહાયકોને નિયમિત પગારમાં નહીં લેવાના કારણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ ચર્ચા કરી કે નિયમિત નહીં કરવાના કારણો એ અલગ અલગ વ્યકિતએ અલગ અલગ છે. ખેડા જિલ્લામાં પાંચ વર્ષ પૂર્ણ થયા હોય એવા ૨૮ સભ્યો હતા અને એ પૈકી ૨૭ સહાયકોને નિયમિત કર્યા છે અને હાલ એક જણ બાકી રહે છે. કુલ ૪૨ પંચાયત સહાયકો છે. પાંચ વર્ષ પૂર્ણ થયા હોય એવા ૨૮ છે અને એમાંથી ૨૭ને નિયમિત કર્યા છે બાકીના ૧૪ સભ્યોને નિયમિત કરવાના બાકી છે.

## સુરત અને તાપી જિલ્લામાં પંચાયત મંત્રી અને ગ્રામ સેવકોનું મંજૂર મહેકમ

*** ૨૧૦૩૧ શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ(બારડોલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુરત અને તાપી જિલ્લાઓમાં પંચાયત મંત્રી અને ગ્રામ સેવકનું તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,
(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા પંચાયત મંત્રી અને ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ ભરેલી છે.
(૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને
(૪) આ જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) સુરત અને તાપી જિલ્લાઓમાં નીચે મુજબ મહેકમ મંજૂર થયેલ છે.

| જિલ્લાનું નામ | પંચાયત મંત્રી | ગ્રામ સેવક |
|---|---|---|
| સુરત | ૫૧૫ | ૨૫૦ |
| તાપી | ૧૯૫ | ૧૩૨ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી પંચાયત મંત્રી અને ગ્રામ સેવકની ભરેલી જગ્યાઓ નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | પંચાયત મંત્રી | ગ્રામ સેવક |
|---|---|---|
| સુરત | ૩૯૮ | ૧૩૦ |
| તાપી | ૧૬૨ | ૬૮ |

(૩) સુરત અને તાપી જિલ્લામાં નીચે મુજબ જગ્યાઓ ખાલી છે.

| જિલ્લાનું નામ | પંચાયત મંત્રી | ગ્રામ સેવક |
|---|---|---|
| સુરત | ૧૧૭ | ૧૨૦ |
| તાપી | ૩૩ | ૬૪ |

(૪) સત્વરે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, તલાટી અને ગ્રામ સેવકની ભરતી માટેની જાહેરાત ક્યારે આપવામાં આવી છે અને એના માટે કેટલો સમય થશે અને હજુ સુધી સ્પર્ધાત્મક પરીક્ષા ન યોજવાના કારણો શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં તલાટી અને ગ્રામ સેવકની ભરતી માટે સરકારે ખૂબ મોટું આયોજન કર્યું છે અને એની ૨૭મી ડિસેમ્બરે નોટિસ આપી છે અને એક મહિનાની મુદત પછી બધી જ અરજીઓ કલેકટ કરવામાં આવી છે અને અત્યારે હાલ પણ ભરતી કરવાની પૂરેપૂરી શક્યતાઓ છે. પરંતુ S.S.C. અને H.S.C.ની ૧૦૦૦ સેન્ટરો પર પરીક્ષાઓ હોવાના કારણે તે પરીક્ષાઓ યોજાઈ શકાઈ નથી. એના કારણે વિલંબ થયેલો દેખાય છે. જેવી પરીક્ષા પૂરી થશે અને તરત જ ભરતી શરૂ કરી દેવામાં આવશે.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સુરત જિલ્લામાં ગ્રામ સેવક સંવર્ગમાં તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને તે કયા કારણોસર ખાલી છે અને આ જગ્યાઓ ભરવાનું સરકારનું આયોજન શું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગ્રામ સેવકની તાલુકાવાર ભરતી બાકી છે, એમાં બારડોલીમાં ૧૪, ઓલપાડમાં ૧૧, માંગરોળમાં ૯, માંડવીમાં ૧૩, ચોરાસીમાં ૮, કામરેજ તાલુકામાં ૧૨, પલસાણામાં ૭, મહુવામાં ૧૧, ઉમરપાડામાં ૫ , સુરત સીટીમાં ૨૭ એમ કુલ ૧૧૭ જગ્યાઓ બાકી છે અને વયનિવૃત્તિના કારણે આઠ જણા અને અવસાન થવાના કારણે આંઠ જણા ખાલી થયા છે. બદલીથી ૯૭, રાજીનામું આપ્યું છે દસજણાએ ફરજ મોકૂફીથી બે જણા નિવૃત્ત થયા છે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સુરત જિલ્લામાં મંત્રીશ્રીની જગ્યા૧૧૭ અને તાપી જિલ્લામાં ૩૩ છે, ગ્રામ સેવકની ૧૨૦ અને તાપી જિલ્લામાં ૬૪ છે તો કેટલા સમયથી ખાલી જગ્યા પડી છે અને જે ભરવા માગો છો એ ફીકસ પગારથી ભરવા માગો છો કે રેગ્યુલર પગારથી ભરવા માગો છો, અને ફીકસ પગારથી ભરવા માગો છો તો કેટલા પૈસાથી ભરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે આ ખરેખર ખાલી કેમ પડી છે એ બાબતમાં પણ મારે સભ્યશ્રીઓને જણાવવું છે એટલા માટે કે આ લાંબા સમયથી જે ખાલી પડી છે, .. અંતરાય .. ૩ વર્ષથી જે ૧૦૮ જગ્યાઓ ખાલી છે, ૨ વર્ષની અંદર ૬ જગ્યાઓ છે, એક વર્ષમાં ૬ જગ્યા છે અને આ ૧૨૦ જગ્યાઓ ખાલી છે. મારે એટલા માટે ધ્યાન દોરવું છે .. અંતરાય ..

**શ્રી શક્તિસિંહ હ. ગોહીલ :** માનનીય અધ્યક્ષશ્રી, કેવી રીતે ભરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** મેં કહ્યું કે આના માટે જે આપણે ઓન લાઈન અરજીઓ મંગાવી લીધી છે. લગભગ ૪ લાખ અને ૭૫ હજાર અરજીઓ આવી છે અને એની સમગ્ર કાર્યવાહી આપણી ચાલુ છે, ખૂબ જ ટૂંક સમયમાં મે મહીના સુધીમાં આ તમામ ભરતી કરવામાં આવી રહી છે.

**અધ્યક્ષશ્રી :** માનનીય પ્રભુભાઈ ..

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ :** માનનીય અધ્યક્ષશ્રી, કયા પગારથી ભરવા માગો છો?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** આપણે જે પંચાયત સહાયકોની ભરતી થાય છે એ કેટેગરીમાં ભરવાની છે.

**કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવ્યું કે ઓન લાઈન દ્વારા અરજીઓ મંગાવવામાં આવે છે તો દરેક ગામડાઓમાં ઓન લાઈનની સુવિધા હતી કે કેમ ત્યારે અને દરેક ગ્રામ પંચાયતમાં ચાલુ હતી કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, એનો પણ આનંદ મને થાય છે કે આ સરકારે .. અંતરાય ..આ સરકારે ઈ-ગ્રામ વિશ્વગ્રામની વ્યવસ્થા દરેકે દરેક ગામમાં આપી છે. ઈ-ગ્રામ વિશ્વગ્રામનો લાભ લેવા માટે દરેક ગામના યુવાનોને આવડવું જોઈએ.

**દાહોદ જિલ્લામાં ટોટલ સેનીટેશન યોજના નીચે શોચાલયો બનાવવા બાબત**

*** ૧૯૭૨૧ શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા:૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટોટલ સેનીટેશન કમ્પેઈન યોજના હેઠળ એ.પી.એલ. અને બી.પી.એલ. માટે કુલ કેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા,

(૨) તે અન્વયે એ.પી.એલ. અને બી.પી.એલ. શૌચાલયો માટે કેટલી સહાય ચૂકવવામાં આવી,

(૩) તા:૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે, અને

(૪) તે સહાય કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :**

**(૧)** દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા:૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટોટલ સેનીટેશન કમ્પેઈન યોજના હેઠળ એ.પી.એલ. માટે ૮૪૬૯ અને બી.પી.એલ. માટે ૧૯૦૫૩ શૌચાલયો બાંધવામાં આવ્યા જેની વિગત નીચે મુજબ છે.

**૨૦૦૯**

| તાલુકો | એ.પી.એલ. | બી.પી.એલ. |
|---|---|---|
| દાહોદ | ૯૫૬ | ૨૫૫૫ |
| ગરબાડા | ૫૧૯ | ૧૩૯૩ |
| ઝાલોદ | ૧૨૪૪ | ૪૪૧૮ |
| ફતેપુરા | ૬૬૭ | ૨૨૨૬ |
| લીમખેડા | ૮૭૫ | ૧૮૪૩ |
| ધાનપુર | ૪૮૧ | ૭૭૦ |
| દેવગઢ બારીયા | ૭૦૭ | ૧૧૩૮ |
| **કુલ :** | **૫૪૪૯** | **૧૪૩૪૩** |

**૨૦૧૦**

| તાલુકો | એ.પી.એલ. | બી.પી.એલ. |
|---|---|---|
| દાહોદ | ૫૩૦ | ૮૨૨ |
| ગરબાડા | ૨૮૮ | ૦ |
| ઝાલોદ | ૬૮૯ | ૮૫૦ |
| ફતેપુરા | ૩૭૦ | ૧૫૬૬ |
| લીમખેડા | ૪૮૫ | ૧૪૨૦ |
| ધાનપુર | ૨૬૬ | ૫૨ |
| દેવગઢ બારીયા | ૩૯૨ | ૦ |
| **કુલ :** | **૩૦૨૦** | **૪૭૧૦** |

**(૨)** (૨) તે અન્વયે એ.પી.એલ. શૌચાલયો માટે રુ. ૭૮૬૦ લાખ અને બી.પી.એલ. શૌચાલયો માટે રુ. ૪૧૯.૧૭ લાખની સહાય, ચૂકવેલ જેની વર્ષવાર અને તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

**૨૦૦૯**

| તાલુકો | એ.પી.એલ. માટે ચુકવેલ સહાય રૂ. લાખમાં | બી.પી.એલ. માટે ચુકવેલ સહાય રૂ. લાખમાં |
|---|---|---|
| દાહોદ | ૭.૧૭ | ૫૬.૨૧ |
| ગરબાડા | ૩.૮૯ | ૩૦.૬૫ |
| ઝાલોદ | ૯.૩૩ | ૯૭.૨૦ |
| ફતેપુરા | ૫.૦૦ | ૪૮.૯૭ |
| લીમખેડા | ૬.૫૬ | ૪૦.૫૪ |
| ધાનપુર | ૩.૬૧ | ૧૬.૯૪ |
| દેવગઢ બારીયા | ૫.૩૦ | ૨૫.૦૪ |
| **કુલ :** | **૪૦.૮૬** | **૩૧૫.૫૫** |

**૨૦૧૦**

| તાલુકો | એ.પી.એલ. માટે ચુકવેલ સહાય રૂ. લાખમાં | બી.પી.એલ. માટે ચુકવેલ સહાય રૂ. લાખમાં |
|---|---|---|
| દાહોદ | ૬.૬૨ | ૧૮.૦૯ |
| ગરબાડા | ૩.૬૦ | ૦.૦૦ |
| ઝાલોદ | ૮.૬૧ | ૧૮.૭૦ |
| ફતેપુરા | ૪.૬૨ | ૩૪.૪૫ |
| લીમખેડા | ૬.૦૬ | ૩૧.૨૪ |
| ધાનપુર | ૩.૩૩ | ૧.૧૪ |
| દેવગઢ બારીયા | ૪.૯૦ | ૦.૦૦ |
| **કુલ :** | **૩૭.૭૪** | **૧૦૩.૬૨** |

(૩) સહાય ચૂકવવાની બાકી નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૯ અને ૨૦૧૦માં ગરબાડા તાલુકામાં એ.પી.એલ. બી.પી.એલ અને કુલ કેટલા શૌચાલયોનો લક્ષ્યાંક હતો, મારો બીજો પ્રશ્ન ૨૦૧૦માં ગરબાડા અને દેવગઢબારીયા તાલુકામાં બી.પી.એલ.નું એક પણ શૌચાલય બનાવેલ નથી તેના કારણો શું છે, મારો ત્રીજો પ્રશ્ન, હાલની એ.પી.એલ. અને બી.પી.એલ.ના શૌચાલયમાં રકમ ખૂબ ઓછી છે તો આ રકમ વધારવા માગો છો કે કેમ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા :** માનનીય અધ્યક્ષશ્રી, આ છેલ્લું એમનું સૂચન છે, અને જે બનાવવાના લક્ષ્યાંક અને એની સામે બન્યા એના આકડા આપું, કે એ.પી.એલ.ની અંદર રાજ્ય સરકારનો લક્ષ્યાંક હતો ૩૩,૩૧,૬૩૦નો એની સામે બનાવ્યા ૨૦,૯૨,૩૪૧ અને બી.પી.એલ. કુટુંબનો લક્ષ્યાંક હતો ૨૦,૪૬,૮૫૭ એની સામે બનાવ્યા, ૧૮,૩૮,૫૩૩ શાળાના શૌચાલય માટેનો લક્ષ્યાંક હતો ૩૮,૬૧૭ એની સામે બનાવ્યા ૨૫,૩૨૮, આંગણવાડીનો લક્ષ્યાંક હતો ૨૩,૪૬૦ એની સામે બનાવ્યા ૨૩,૩૭૩ અને સામૂહિક શૌચાલયનો લક્ષ્યાંક હતો ૧૬૭૧, એની સામે બનાવ્યા ૧૭૪૧, જે ભાવ વધારાની જે વાત કરી, કેન્દ્ર સરકાર દ્વારા એ.પી.એલ.ના લાભાર્થીને એક પણ પૈસો આપવામાં આવતો નથી પણ સ્વર્ણિમ ગુજરાત, નિર્મળ ગુજરાતના કન્સેપ્ટના કારણે રાજ્ય સરકાર દ્વારા ૧૨૫૦ રૂપિયા સહાય એ.પી.એલ.ના લાભાર્થીઓને આપવામાં આવે છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના નીચે બી.પી.એલ.ને સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની મદદ આવે છે. રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર એ સવાલ નથી. સવાલ એ છે કે આપણે શૌચાલય માટેનો ટાર્ગેટ નક્કી કર્યો હતો એમાં ૧૨ લાખ કરતાં ઓછા બનાવ્યા છે તો આવતા વર્ષમાં આયોજન કરીને એ ટાર્ગેટ પરિપૂર્ણ થાય અને સભ્યશ્રીની લાગણી મુખ્યત્વે એ છે. (અંતરાય) (માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ બેઠા બેઠા કંઈક બોલતાં) પ્રશ્નોત્તરીમાં તો કમસે કમ અપેક્ષા ન હોય કે બીજા મંત્રી એમની પાછળ એમનો વિભાગ સંભાળે છે એના બદલે જવાબ બીજા પ્રકારનો આપવા માટે પ્રેરે. હું એ જાણવા માગું છું કે, સભ્યશ્રીની લાગણી છે ત્યારે સરકાર આયોજન કરીને ૧૨ લાખ જેટલા આપણા ટાર્ગેટ કરતાં ઓછા થયા છે તો આવતા વર્ષમાં વધારીને વધુમાં વધુ લોકોને લાભ મળે એવું આયોજન કરવા માગો છો કે કેમ?

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : આમાં જે લાભાર્થીઓની અરજી આવે એને ૧૦૦ ટકા મંજૂરી આપવામાં આવી છે. અમારો લક્ષ્યાંક હતો એ અમે પૂર્ણ કરવાના છીએ. જેટલા લાભાર્થીઓ આવ્યા એને ૧૦૦ ટકા મંજૂરી આપવામાં આવી છે. તમે વાત કરી કે બી.પી.એલ.ના લાભાર્થીઓને આપવામાં આવતી નથી. બી.પી.એલ.ના લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા ૭૦૦ રૂપિયા આપવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ જે કેન્દ્ર સરકારની ટોટલ સેનિટેશનની યોજના છે, નિર્મળ ગ્રામ અને નિર્મળ રાજ્ય અને નિર્મળ દેશની એના ભાગરૂપે રાજ્ય સરકારે પણ પોતાનો કોઈ લક્ષ્યાંક નક્કી કર્યો હશે કે આટલા વર્ષમાં આટલા ગામો નિર્મળ કરવાના છીએ. એમ આ નિર્મળ કરવાની કામગીરીના ભાગ રૂપે ટોટલ સેનિટેશનમાં આપણે એ.પી.એલ. અને બી.પી.એલ. પરિવારોને એનો લાભ આપીએ છીએ. આમાં પ્રશ્ન એટલો છે કે આપણે બધાએ જોયું છે કે આમાં જે નાણાકીય સહાય છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : દાહોદ જિલ્લા પૂરતી વાત છે. પ્રશ્ન ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : દાહોદ જિલ્લાની જ વાત કરું છું. એમાં નાણાકીય સહાયના ધોરણો વધારવા જરૂરી છે. બીજું જે આ દાહોદ જિલ્લામાં પણ જે અમૂક સંસ્થાઓને કામ અપાય છે અથવા પંચાયતો મારફતે કામો થાય છે એમાં ઘણા કામો કાગળ ઉપર થાય છે. તો એમાં સોશિયલ ઑડિટની વ્યવસ્થા કરવી જરૂરી છે. રાજ્ય સરકાર આ જે કામગીરી થાય છે એમાં સોશિયલ ઑડિટ કરાવવા માગે છે કે કેમ અને દાહોદ જિલ્લો

છે એમાં સંપૂર્ણ બધા પરિવારોને આ ટોટલ સેનિટેશનની યોજના છે એ કયા વર્ષ સુધીમાં આપવાની છે એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : પહેલી વાત કરી કે વધારો કરવા માગે છે તે એમનું સૂચન છે. બીજું આનું સોશિયલ ઑડિટ થાય છે. તાલુકા પંચાયત અને જિલ્લા કક્ષાએ એનું ઑડિટ થાય છે અને ગુજરાતના સ્વર્ણિમ વર્ષના અનુસંધાને ગુજરાત નિર્મળ બને એના માટે રાજ્ય સરકારના ૧૦૦ ટકા પ્રયત્નો છે. આ યોજનામાં જે લાભાર્થીઓની ડિમાન્ડ આવે એને મંજૂરી આપવામાં આવે છે અને જલદીમાં જલદી ગુજરાત નિર્મળ ગુજરાત બને એના માટેના રાજ્ય સરકારના પ્રયત્નો છે. ખાસ કરીને એટલી વાત કરીશ કે આ યોજના આવ્યા પછી રાજ્ય સરકારે એ.પી.એલ.ના ૨૦ લાખ અને બી.પી.એલ.ના ૧૮ લાખ એમ કુલ ૩૮ લાખ શૌચાલયો ખૂબ જ ટૂંક સમયમાં બનાવ્યા છે અને વહેલામાં વહેલી તકે ગુજરાતના તમામ શૌચાલયો બને એ રાજ્ય સરકારની નીતિ છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન પ્રોજેક્ટ અંતર્ગત શૌચાલય બનાવવાની સહાયના ધોરણો શું છે? દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોને નિર્મળ પુરસ્કાર મળ્યો છે અને આ યોજના હેઠળ નિર્મળ ગ્રામ પુરસ્કાર તરીકે કેટલી રાજ્ય સંસ્થાઓને પુરસ્કાર મળેલ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : જે સહાયના ધોરણો છે એમાં આની યુનિટ કોસ્ટ ૨૫૦૦ રૂપિયા છે. બી.પી.એલ.ના લાભાર્થીઓને રૂા. ૨૨૦૦ આપવામાં આવે છે અને એ.પી.એલ.ના લાભાર્થીઓને રૂા. ૧૨૫૦ આપવામાં આવે છે. શાળાઓ માટે યુનિટ કોસ્ટ ૩૫૦૦૦, આંગણવાડી માટે ૮૦૦૦ અને વ્યક્તિગત ગામડામાં સામૂહિક શૌચાલય બનાવે તો એની કોસ્ટ બે લાખ રૂપિયા છે. જે એમણે નિર્મળ ગામની વાત કરી.. દાહોદ જિલ્લાની અંદર, દાહોદ તાલુકાની અંદર ૨૧ ગ્રામ પંચાયતોને નિર્મળ પુરસ્કાર મળ્યો છે. ફતેપુરામાં ૧૫, ઝાલોદમાં ૧૦, ગરબાડામાં ૧૬, લીમખેડામાં ૬, ધાનપુરમાં ૧૦ અને દેવગઢબારીયામાં ૨૬ એમ કુલ ૧૦૪ ગ્રામ પંચાયતોને પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ પુરસ્કાર આપવાના જે એમણે ધોરણો કહ્યાં ૧૦૦૦ થી ઓછી વસ્તીવાળાને ૫૦,૦૦૦ નો પુરસ્કાર, ૧૦૦૦ થી ૨૦૦૦ ની વચ્ચે ૧ લાખ રૂપિયા, ૨૦૦૦ થી ૫૦૦૦ સુધીનાને ૨ લાખ રૂપિયા અને ૫૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીનાને ૩ લાખ રૂપિયા અને ૧૦,૦૦૦ થી વધુ વસ્તી હોય તો એને ૫ લાખ રૂપિયા પુરસ્કાર આપવામાં આવે છે. પછી તાલુકો નિર્મળ બને ૫૦,૦૦૦ની વસ્તી સુધી તો એને ૧૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. ૫૦,૦૦૦ થી ઉપર હોય તો એને ૨૦ લાખ રૂપિયા આપવામાં આવે છે. એજ રીતે જો જિલ્લો નિર્મળ બને તો ૧૦ લાખની વસ્તી સુધી ૩૦ લાખ આપવામાં આવે છે અને ૧૦ લાખથી ઉપર હોય તો એને ૫૦ લાખ રૂપિયા આ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

**વડોદરા અને નર્મદા જિલ્લામાં સીટીજન્સ સર્વિસ સિવિક સૅન્ટરો સ્થાપવા**

***૧૯૭૩૧ શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(નસવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

**(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ રાજ્યમાં સીટીજન્સ સર્વિસ સિવિક સૅન્ટર સ્થાપવાના પ્રોજેક્ટ અન્વયે વડોદરા અને નર્મદા જિલ્લામાં કયા કયા ગામોએ સર્વિસ સિવિક સૅન્ટરો સ્થાપવામાં આવ્યા,**

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોને તે અન્વયે આવરી લેવાના બાકી છે, અને

(૩) કેટલા સમયમાં તેમને આવરી લેવાનું આયોજન છે?

**પંચાયત મંત્રીશ્રી :**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ રાજ્યના ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ અન્વયે વડોદરા અને નર્મદા જિલ્લાની તમામ ગ્રામ પંચાયતો અનુક્રમે કુલ ૮૬૧ અને ૨૧૯માં ઈ-ગ્રામ કોમન સર્વિસ સેન્ટર્સ કાર્યરત છે. જેના દ્વારા ગ્રામ્ય નાગરિકોને જરૂરી ઈ-સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

(૨) કોઈ ગ્રામ પંચાયત બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં અને નર્મદા જિલ્લામાં સીટીજન્સ સર્વિસ સિવિક સૅન્ટરો એમણે જવાબમાં આવ્યું છે કે વડોદરા જિલ્લામાં ૮૬૧ અને નર્મદા જિલ્લામાં ૨૧૯. આ સીટીજન્સ સર્વિસ ક્યારે શરૂ કરવામાં આવ્યા અને આ શરૂ કર્યા પછી એના ગ્રામ્યમાં કેટલા નાગરિકો દ્વારા આનો લાભ લેવામાં આવ્યો? બીજો પ્રશ્ન એવો છે કે આ સૅન્ટરો જે ખરીદ કરવામાં આવ્યાં એ કઈ કઈ કંપની મારફત ખરીદ કરવામાં આવ્યા?

**શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો સી.એચ.સી. સૅન્ટરો બાબતમાં માનનીય ધીરૂભાઈનું ધ્યાન દોરું કે આ સી.એચ.સી. સૅન્ટરો છે એ ઈ-ગ્રામ વિશ્વગ્રામ અને સી.એચ.સી. સૅન્ટર એ બંને ભાગ જુદા છે. અને એમણે એમ કહ્યું કે આ ક્યારથી શરૂ કરવામાં આવ્યાં? આ જે સી.એચ.સી. સૅન્ટરો ૨૦૦૮ની સાલમાં સેન્ટ્રલ ગવર્નમેન્ટે એક પ્રપોઝલ આપ્યું કે ૩૦૦૦ સૅન્ટરો ગુજરાતમાં ઊભા કરાય. અમારી સરકારને એમ લાગ્યું એ વખતે કે ૨૦૦૮ની સાલમાં ૩૦૦૦ સૅન્ટરો લગભગ ૧૪૦૦૦ ગામડામાં જ્યારે ઈ-ગ્રામ સૅન્ટર કર્યુ હોય તો એના સૅન્ટરો કોમન સર્વિસ સૅન્ટર કરવાનું એટલા સેન્ટરોથી કામ થશે નહિ એટલે માનનીય અધ્યક્ષશ્રી, અમે બીજા ૩૦૦૦ સૅન્ટરો ઊભા કર્યા. એમ ૬૦૦૦ સૅન્ટરોનું ડેવલપમેન્ટ કરવામાં આવ્યું છે. આ ઊભા કર્યા પછી ધીરે ધીરે અનુભવાયું અને પ્રાઈવેટ પાર્ટનરશીપથી આપણે આ સી.એચ.સી. સૅન્ટરો કર્યા હતા. એ સી.એચ.સી. સૅન્ટરોમાં ૩

કંપનીઓએ ભાગ લીધો અને પ્રાઈવેટ પાર્ટનરશીપમાં આપણે એને પેમેન્ટ ચૂકવવાનું આવે એના બદલે એ નેગેટીવ બિલ આવ્યું. નેગેટીવ બિલ આવવાના કારણે એમણે આપણને પેમેન્ટ ચૂકવવાનું હતું. ધીરે ધીરે ખબર પડી કે આપણે ઈ-ગ્રામ સૅન્ટરો જે આપણા ડેવલપ થયા હતા એમાં આપણે ૭/૧૨ ના ઉતારા, ૮/અ ના ઉતારા અને બાકીની સર્વિસીસ વીજ બિલ એ બધું આપણે ગુજરાતના ગામડાઓમાં એનો લાભ પોતાના જ ગામમાં મળે તો આ સી.એચ.સી. સેન્ટર ઉપર જવાની જરૂર ના પડે અને ૬-૭ ગામની વચે એક સી.એચ.સી. સૅન્ટર મૂકવામાં આવે અને બીજા ગામ જઈને એની સેવા લેવા જાય એટલે ધીરે ધીરે આ સી.એચ.સી. સૅન્ટર ખોલનાર ૩ કંપનીઓને એમ લાગ્યું કે આ અમોને ઈકોનોમિકલ નથી પડતું એટલે એ લોકોએ એમાંથી પીછેહઠ કરી. એમની પીછેહઠ કરવાના કારણે આપણે એમની આપેલી ડિપોઝિટ હતી ૧.૨૦ કરોડ રૂપિયાની બેંક ગેરંટી એ આપણે ફોરફીટ કરી અને એ લોકોના જે સાધનો હતા એ પણ આપણે સરન્ડર કર્યા છે. હવે સેન્ટ્રલ ગવર્નમેન્ટને ધીરે ધીરે ખ્યાલ આવ્યો કે આ ઈ-ગ્રામ સૅન્ટર છે ગુજરાતમાં એ વધારે સારુ સૅન્ટર છે. એટલે એમણે સી.એચ.સી. સૅન્ટર તરીકે આપણા જેટલા સૅન્ટરો ઈ-ગ્રામ વિશ્વગ્રામના હતા એને સી.એચ.સી. સૅન્ટર તરીકે જાહેર કર્યા. કે હવે એવરી વિલેજ ઈઝ ધ સી.એસ.સી. સૅન્ટર અને એના કારણે દરેક ગામોમાં સી.એસ.સી. સૅન્ટરો તરીકેનું એમના વિભાગ તરફથી આપણને ઑર્ડર કરવામાં આવ્યો પણ આવા ઑર્ડરો કરવામાં આવે કેન્દ્ર સરકાર તરફથી પણ સી.એસ.સી. સૅન્ટરના માટે કોઈ ગ્રાન્ટ મોકલવામાં આવતી નથી અને એક વર્ષ થયું છે આવા ઑર્ડર કર્યા, પણ કોઈ કેન્દ્ર સરકારે એને સપોર્ટ કરતી કોઈ ગ્રાન્ટ મોકલી નથી. ઑન ધ કોન્ટ્રારરી સી.એસ.સી. સૅન્ટરોને ખ્યાલમાં રાખીને અમોને ભૂતકાળમાં થોડા વર્ષો પહેલાં ૧૨ કરોડ રૂપિયા જે અમારા ભાઈશ્રી કહેતા કે ૧૨ કરોડ રૂપિયા મોકલ્યા છે સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી વિભાગે એણે પણ એમને ગાઈડ લાઈન્સ આપી કે આ પૈસા તમારે નથી વાપરવાના, એ નાણાં તો સ્ટેટેસ્ટીક ડેટા સૅન્ટર છે એ એમના કંટ્રોલના હતા એની અંદર મોકલી આપો. માનનીય અધ્યક્ષશ્રી, અને ૧૧.૬ કરોડ રૂપિયા અમારે એમને ટ્રાન્સફર કરવા પડ્યા એટલે કેન્દ્ર સરકારે સી.એસ.સી. સૅન્ટરોમાં પણ કોઈ સહયોગ કર્યો નથી એ મારે અર્જુનભાઈને ખ્યાલ કરાવવો છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આખરે પ્રજાના નાણાં છે એ કઈ સરકારમાંથી, કયાંથી, કોણ આવે છે એના બદલે જ્યારે આપણે એક છાતી ફુલાવીને, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપણે ગ્રામીણ વિસ્તારમાં આ સુવિધા આપીએ અને ઈ-ગ્રામ ચાલે આપની યોજના, આપણો ભાવ એ પ્રતિપાદિત થાય છે કે, કેમ ? હું માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવા માગું છું હું જ્યાં જ્યાં ગામડાઓમાં જાઉં છું ત્યાં પ્રયત્ન કરું છું માત્ર સરકારી ટીકા કરવા નહીં પણ એક સુવિધા ઉપલબ્ધ થાય, આ નવા યુગમાં ટેકનો-સેવી દરેક થાય અને ત્યાં બેઠા એને સુવિધા મળે એટલા માટે મોટા ભાગની જગ્યાએ એને ઈન્ટરનેટ કનેકટિવીટીમાં જે બૅન્ડ વીથ મળવી જોઈએ એ મળતી નથી, એક પણ પેઈજ ખુલી શકતું નથી. એ સંજોગોમાં આ કનેકટિવીટી મજબૂત થાય એના માટે પોલીટીકલી નહીં ખરેખર સેવા આપી શકાય વધારે એટલા માટે આપણે અહીંયા પણ જી-સ્વાનનું જે નૅટવર્ક ચાલે છે એમાં જે બૅન્ડ વીથ આપણને મળવી જોઈએ, જે સ્પીડ આપણને મળવી જોઈએ એ મળતી નથી તે સુધારવા માટે સરકાર કંઈ કરવા માગે છે કે કેમ? **શ્રી નરોત્તમભાઈ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈ-ગ્રામ વિશ્વ ગ્રામમાં જે બૅન્ડ વીથ છે એ એરટેલ દ્વારા અમે એની સાથેના કોન્ટ્રેકટસ્ કરેલા છે. જી-સ્વાનનું એક અલગ સેટ અપ છે. આ બંનેની કનેક્ટિવીટી કરવાની જે વ્યવસ્થા છે એ બંનેની અમે કરી રહ્યા છીએ અને ટૂંક સમયમાં એનું રિઝલ્ટ બહું સારું આવશે. માનનીય અધ્યક્ષશ્રી, બાકી અત્યારે પણ ગુજરાતમાં જે તલાટીની જોડે ૭x૧૨ના ઉતારા લેવા જવું પડતું હતું, દાખલો બહારગામ લેવા જવો પડતો હતો એની જગ્યાએ પોતાના ગામની અંદર હાથ લાંબો કરે અને મળે એમાં આપણને શું તકલીફ છે ? (અંતરાય) ઈ-ગ્રામ વ્યવસ્થા બહું જ વ્યવસ્થિત ચાલે છે. મારા અનુભવે ઈ-ગ્રામ(અંતરાય) ના, ના માનનીય અધ્યક્ષશ્રી, અગર જો એમની ધીરજ હોય તો હું ફીગર આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) સાહેબ મારે એમને જ્યારે એમણે પ્રશ્ન પૂછયો, જ્યારે એક પ્રશ્ન પૂછયો છે ત્યારે મારે એમને જવાબ આપવો છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે એક જવાબ આપવો છે કે, ગામડાના માણસો આ વડોદરા જિલ્લાના માણસો અગર જો માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ તમે બોલી ગયા મારે બોલવું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ ધ્યાને દોરવું છે કે, અગર જો ઈ-ગ્રામ વ્યવસ્થા ના હોત તો જન્મના દાખલા ૩૫,૨૦૦ લાવ્યા એ કેવી રીતે લાવતે ? મરણના દાખલા ૧૩,૨૩૭ કયાંથી મેળવત ? ૭x૧૨ અને ૮-અના ઉતારા ૧,૨૦,૨૩૮ ઈ-ગ્રામમાંથી મેળવ્યા, એ કેવી રીતે મેળવત? અરે, આ ઈ-ગ્રામ વ્યવસ્થા છે. ૨૨,૨૩,૦૦૦/- રૂપિયાનું (અંતરાય) તો તમે માનો નહીં એ ઓછું ચાલે ?

**બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શૌચાલયો મંજૂર થયેલ શાળાઓ.**

***૧૯૬૯૦શ્રી બાબુભાઈ જે. દેસાઈ (કાંકરેજ)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલા શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, અને કેટલા બાકી છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી:**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં બનાસકાંઠા જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ ૨૦૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવેલ છે.
(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ૧૩૦ શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, અને ૭૦ શૌચાલયોનું કામ બાકી છે.
(૩) બાકી રહેલ ૭૦ શૌચાલયોની કામગીરી ઝડપથી પૂરી કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ જે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અમદાવાદ જિલ્લામાં પંચાયત મંત્રીઓની મંજૂર જગ્યાઓ

૨૦૯૭૨ **: શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પંચાયત મંત્રીઓની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર જગ્યાઓ નીચે મુજબ મંજૂર થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૬૪ |
| ૨ | સાણંદ | ૫૩ |
| ૩ | ધોળકા | ૭૫ |
| ૪ | બાવળા | ૪૬ |
| ૫ | વિરમગામ | ૪૬ |
| ૬ | દેત્રોજ | ૪૧ |
| ૭ | માંડલ | ૨૫ |
| ૮ | ધંધુકા | ૭૨ |
| ૯ | રાણપુર | ૩૩ |
| ૧૦ | બરવાળા | ૨૪ |
| | **કુલ :** | **૪૭૯** |

(૨) તે પેકીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

(૨) તાલુકાવાર ખાલી જગ્યાઓ

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૨૦ |
| ૨ | સાણંદ | ૨૦ |
| ૩ | ધોળકા | ૩૨ |
| ૪ | બાવળા | ૧૯ |
| ૫ | વિરમગામ | ૨૦ |
| ૬ | દેત્રોજ | ૧૭ |
| ૭ | માંડલ | ૧૧ |
| ૮ | ધંધુકા | ૨૬ |
| ૯ | રાણપુર | ૧૪ |
| ૧૦ | બરવાળા | ૯ |
| | **કુલ :** | **૧૮૮** |

આ જગ્યાઓ જુદા જુદા સમયથી ખાલી છે.

(૩) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શાં છે, અને

(૩) વહીવટી પ્રક્રિયાના કારણસર.

(૪) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૪) સત્વરે.

--------

### ભાવનગર જિલ્લામાં ઈકોટુરીઝમ યોજના

૧૯૬૬૮ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં ઈકોટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) આ યોજનામાં ભાવનગર જિલ્લામાં કાળીયાર રાષ્ટ્રિય ઉદ્યાન, વેળાવદરનું સ્થળ પસંદ કરવામાં આવેલ છે.

(૩) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ રૂપિયા ૨.૯૩ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## વડોદરા જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ

૧૯૭૦૭ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર )** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લા પંચાયતમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) એક. |
| (૨) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૨) વહીવટી અનુકુળતાએ. |

## વનપાલ તથા વન વિસ્તરણ મદદનીશની બઢતી

૧૯૭૩૪ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજ્યમાં વનપાલ તથા વન વિસ્તરણ મદદનીશોની બઢતી કરી બેંચ ૧-૨-૩-૪-૫ અને ૬ ને બઢતી અપાઇ છે પરંતુ એ પછીની બે બેંચને બાકી રાખી બેંચ નં.-૧૬ને બઢતી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) ના જી. વનપાલ તથા વન વિસ્તરણ મદદનીશ જુદા સંવર્ગ છે. સરકારશ્રીએ તેમની રેન્જ ફોરેસ્ટ ઓફિસર તરીકે બઢતી અને સીધી ભરતી માટે ૨:૧ નો રેશીયો નકકી કરેલ છે. જેથી રેન્જ ફોરેસ્ટ ઓફિસરની કક્ષાએ ઉપલબ્ધ બઢતીની જગ્યાઓ ધ્યાને રાખી રેશીયો મુજબ ભરતીના નિયમોને આધીન બઢતી આપવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેમ કરવાનાં કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલ બેંચના વનપાલ તથા વન વિસ્તરણ મદદનીશને ક્યારે બઢતી આપવામાં આવશે? | (૩) રેન્જ ફોરેસ્ટ ઓફિસર સંવર્ગમાં જેમ જેમ ખાલી જગ્યાઓ ઉપલબ્ધ થશે તેમ તેમ ભરતી નિયમો અને મેરીટ ક્મ એફિસીયન્સીને ધ્યાને રાખી બઢતી આપવામાં આવશે. |

--------

## મહેસાણા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

૧૯૬૯૭ : **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતો સમરસ જાહેર થઈ, | (૧) વર્ષ : ૨૦૦૯-૧૦ માં ૩ (ત્રણ).<br>વર્ષ : ૨૦૧૦-૧૧ માં ૦ (શૂન્ય). |
| (૨) આ સમરસ ગ્રામ પંચાયતોને સરકારે નિયત કરેલ અનુદાનની રકમ ચૂકવાઈ છે કે કેમ, | (૨) હાજી. |
| (૩) જો હા, તો કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૩) રૂપિયા ૩.૫૦ લાખ. |
| (૪) કેટલી રકમ ચૂકવવાની બાકી છે? | (૪) ૦ (શૂન્ય). |

--------

## અમદાવાદ શહેરમાં અન્નમ બ્રહ્મ યોજના

૨૧૨૯૮ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ, ૨૦૧૦-૧૧માં અન્નમ બ્રહ્મ યોજના શરૂ કરવામાં આવી છે તે હકિક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો યોજના ક્યારથી શરૂ કરવામાં આવી, | (૨) એપ્રિલ-૨૦૧૦ થી. |
| (૩) આ યોજના અંતગર્ત અમદાવાદ શહેરમાં તા. ૨૭-૦૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલો જથ્થો રીઝર્વમાં રાખવામાં આવેલ છે. | (૩) આ યોજના હેઠળ રિઝર્વ જથ્થો રાખવામાં આવતો નથી. પરંતુ એપીએલ યોજનામાંથી બચત રહેતા જથ્થામાંથી અનાજ વિતરણ કરવામાં આવે છે. |

(૪) આ અનાજની કેટલા લાભાર્થીઓએ માંગણી કરેલ છે,

(૪) ૬૪૩ લાભાર્થીઓ શોધી કાઢવામાં આવેલ છે.

(૫) કેટલા લાભાર્થીઓને તેનું વિતરણ કરવામાં આવેલ છે, અને

(૫) ૬૪૩ લાભાર્થીઓને.

(૬) બાકી માગણીદારોને ક્યાં સુધીમાં આ અનાજનો જથ્થો આપવામાં આવશે?

(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૭૮ **: શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૭૦.૦૦ | ૫.૧૧ |
| ૨૦૧૦-૧૧ | ૬૩૪.૩૧ | ૭.૧૦ |
| કુલ | ૧૨૦૪.૩૧ | ૧૨.૨૧ |

(૨) તે પૈકી સાણંદ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પૈકી સાણંદ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૬૮.૦૦ | ૦.૬૫ |
| ૨૦૧૦-૧૧ | ૨૦૦.૦૯ | ૨.૦૬ |
| કુલ | ૨૬૮.૦૯ | ૨.૭૧ |

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૮૪ **: શ્રીમતી વર્ષાબેન ન.દોશી (વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૧૧ | ૩.૭૦ |
| ૨૦૧૦-૧૧ | ૨૮૯ | ૩.૪૯ |
| કુલ | ૭૦૦ | ૭.૧૯ |

(૨) તે પૈકી વઢવાણ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે?

(૨) તે પૈકી વઢવાણ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮ | ૦.૪૦ |
| ૨૦૧૦-૧૧ | ૮૨ | ૧.૦૩ |
| કુલ | ૧૩૦ | ૧.૪૩ |

**જામનગર જિલ્લામાં પંચવટી યોજના**

૧૯૭૧૫ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં પંચવટી યોજના અંતગર્ત વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી.

(૧) ૨૧ (એક્વીસ).

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી, અને

(૨) ૪ પ્રગતિમાં.

(૩) કેટલી પંચવટી બનાવવાની બાકી છે અને તે ક્યાં સુધીમા પૂર્ણ કરવામાં આવશે?

(૩) ૧૭ (સત્તર) સત્વરે.

**ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં ગ્રાન્ટ ફાળવવા બાબત**

૨૦૫૫૯ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ લેબલ બજેટ તેયાર કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનુંનામ | બજેટની વિગત (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | ભાવનગર | ૯૨.૭૦ | ૧૪૦.૯૮ |
| ૨ | ઘોઘા | ૧૫.૦૩ | ૧૫.૩૮ |
| ૩ | તળાજા | ૬૮.૭૭ | ૫૩.૯૮ |
| ૪ | મહુવા | ૮૧.૨૭ | ૭૯.૯૫ |
| ૫ | શિહોર | ૬૧.૪૭ | ૫૨.૧૫ |
| ૬ | ઉમરાળા | ૮૭.૧૧ | ૨૩૬.૮૬ |
| ૭ | પાલીતાણા | ૧૧૧.૦૦ | ૧૭૫.૬૪ |
| ૮ | ગારીયાધાર | ૧૯૩.૨૪ | ૧૮૪.૬૨ |
| ૯ | ગઢડા | ૨૧૪.૨૪ | ૨૪૨.૮૭ |
| ૧૦ | બોટાદ | ૧૬૬.૬૯ | ૧૮૪.૪૧ |
| ૧૧ | વલ્લભીપુર | ૭૪.૪૭ | ૩૮.૧૫ |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી ગ્રાન્ટ તાલુકાવાર વાપરવામાં આવી, અને

(૨) નીચેની વિગતે બજેટ તાલુકાવાર વાપરવામાં આવ્યુ.

| અ.નં. | તાલુકાનુંનામ | બજેટની વિગત (રૂા. લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ |
| ૧ | ભાવનગર | ૮૦.૪૨ | ૮૩.૧૦ |
| ૨ | ઘોઘા | ૧૪.૭૧ | ૪.૧૩ |
| ૩ | તળાજા | ૩૯.૪૬ | ૪૩.૦૯ |
| ૪ | મહુવા | ૮૦.૭૫ | ૭૧.૯૨ |
| ૫ | શિહોર | ૫૭.૮૯ | ૪૮.૩૧ |
| ૬ | ઉમરાળા | ૫૮.૮૫ | ૨૩૦.૫૦ |
| ૭ | પાલીતાણા | ૧૦૭.૪૬ | ૧૭૫.૪૭ |
| ૮ | ગારીયાધાર | ૧૯૧.૬૩ | ૧૨૪.૯૧ |
| ૯ | ગઢડા | ૨૧૨.૦૧ | ૨૧૫.૩૨ |
| ૧૦ | બોટાદ | ૧૩૮.૬૯ | ૧૭૫.૧૬ |
| ૧૧ | વલ્લભીપુર | ૫૫.૧૧ | ૧૭.૧૫ |

(૩) કુલ કેટલી ગ્રાન્ટ તાલુકાવાર પરત થઈ ?

(૩) નાણાકીય વર્ષની બંધ સિલક આવતા નાણાકીય વર્ષમાં જમા લઈ ઉઘડતી સિલક તરીકે લેવામાં આવે છે. જેથી ગ્રાન્ટ પરત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પામોલીન તેલ તહેવારોમાં ગરીબ કુટુંબોને આપવા બાબત**

૧૯૭૧૪ : **શ્રી કિશોરભાઈ વાંકાવાળા (સુરત શહેર પશ્ચિમ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ અંતર્ગત તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ પામોલીન તેલ ગરીબ કુંટુંબોને મળી રહે તે માટે સરકારે કેટલો જથ્થો અનામત રાખેલ હતો,

**જવાબ**

(૧) ૧૨૦૦૦ મે. ટન.

(૨) કેટલા જથ્થાનું વિતરણ કરવામાં આવેલ હતું, અને

(૨) ૧૧૬૪૩.૭૦ મે. ટન.

(૩) તેમાં સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવી ?

(૩) રૂા. ૯/- કરોડ.

**સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૭૩ : **શ્રી ઉદેસિંહ ઝાલા (બાયડ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી બાયડ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિમાર્ણની યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧૧૯૪ |
| ૨૦૧૦-૧૧ | ૬૩૭ |
| **કુલઃ-** | **૧૮૩૧** |

(૨) તે પેકી બાયડ તાલુકામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૦૯-૧૦ | ૬૩ |
| ૨૦૧૦-૧૧ | ૪૪ |
| **કુલઃ-** | **૧૦૭** |

**જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૮૧ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૮૩ | ૪.૨૭ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૬ | ૪.૯૬ |
| કુલ | ૮૯૯ | ૯.૨૩ |

**------ જામનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૧૯૬૮૫ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, અને

(૩) કેટલા જૂથોને ચૂકવવાનું બાકી છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૩૫.

(૨) ૧૨૫ સખીમંડળ જુથોને રીવોલ્વીંગ ફંડ ચુકવવામાં આવેલ છે.

(૩) ૪૧૦ જુથોને રીવોલ્વીંગ ફંડ ચુકવવાનું બાકી છે. સખીમંડળની ગાઈડલાઈન મુજબ જુથને છ માસ થયેથી તેનું ગ્રેડીંગ થયા બાદ રીવોલવીંગ ફંડ ચુકવવાનું હોય છે. માટે છ માસ પૂર્ણ થતાં ગ્રેડીંગ થયેથી રીવોલ્વીંગ ફંડ ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**જેતપુર તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

૧૯૬૬૭ **: શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**બનાસકાંઠા જિલ્લામાં વોટર શેડ યોજના**

૧૯૬૯૪ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વોટર શેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે,

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વોટર શેડ યોજના હેઠળ ૭ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાવ | ૪ |
| ૨ | થરાદ | ૩ |
| | કુલ : | ૭ |

(૨) તે પેકી કેટલા કામો પૂર્ણ થયા,

(૨) પ્રોજેક્ટો તા. ૨૪-૧૨-૨૦૧૦ના રોજ મંજૂર થયેલ હોવાથી ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી ચાલુ છે.

(૩) કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને

(૩) પ્રોજેક્ટો તા. ૨૪-૧૨-૨૦૧૦ના રોજ મંજૂર થયેલ હોવાથી ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી ચાલુ છે.

(૪) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૪) ભારત સરકારની નવી ગાઇડલાઇન-૨૦૦૮ અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ હોઇ, તે સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે.

**દાહોદ જિલ્લામાં જંગલની જમીનો મેળવવા માટેની અરજીઓ**

૨૧૦૧૧ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨૦૦૬ના કેન્દ્ર સરકારના કાયદા મુજબ કેટલા ઇસમોની જંગલની જમીન મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) ૨૦૧૫૦. |
| (૨) કેટલા ઇસમોને તે અન્વયે સનદો અપાઇ, અને | (૨) સનદ આપવામાં આવતી નથી પરંતુ ૨૮૪ લાભાર્થીઓને અધિકારપત્ર આપવામાં આવેલ છે. |
| (૩) જંગલની જમીનો ખેડતા હોવા છતાં જમીન નહીં આપવાના કારણો શાં છે ? | (૩) આમ, નીચેના કારણોસર અરજીઓ રદ કરવામાં આવે છે.<br>૧. આ કાયદા મુજબ તા. ૩૧-૧૨-૨૦૦૫ પહેલાં અને તા. ૩૧-૧૨-૨૦૦૭ ના રોજ જંગલ જમીનો ખેડાણનો કબ્જો સાબિત થતો ન હોવાથી.<br>૨. તા. ૧૩-૧૨-૨૦૦૫ પછીના ખેડાણ હોવાથી.<br>૩. તા. ૧૩-૧૨-૨૦૦૭ પછીના ખેડાણ હોવાથી.<br>૪. વન જમીન ખેડાણના કાયદા પ્રમાણે પુરાવા રજુ |

ક્રેલ ન હોવાથી.
૫. અન્ય પરંપરાગત વનવાસી ત્રણ પેઢી/૭૫ વર્ષના રહેઠાણના કોઇ આધાર પુરાવા રજુ ક્રેલ નથી.
૬. વન વિસ્તાર સિવાયની જમીન/પડતર જમીન પરના દાવાઓ.

--------

**ખેડા જિલ્લામાં ગ્રાહક જિલ્લા કોર્ટમાં પડતર ક્સો**

૧૯૮૮૬ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય ગ્રાહકોની બાબતના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા ક્સો એક વર્ષ કે તેથી વધુ સમયના પડતરમાં છે, અને | (૧) ૬૦. |
| (૨) આવા ક્સોનો સત્વરે નિકાલ કરવા સરકારે શું આયોજન ક્રેલ છે ? | (૨) ગ્રાહક સુરક્ષા ધારો, ૧૯૮૬ તથા તે હેઠળના નિયમો અન્વયે ક્સોના સત્વરે નિકાલ માટે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનના માર્ગદર્શન હેઠળ જે તે જિલ્લા ફોરમ દ્વારા.<br>(૧) ક્સોની સુનાવણીની મુદ્દતો નજીક્ની રાખવામાં આવે છે.<br>(૨) પક્ષકારો / વકીલો દર મુદ્દતે હાજર રહે તેવો આગ્રહ રાખવામાં આવે છે.<br>(૩) અનિવાર્ય સંજોગો સિવાય પક્ષકારોને વધુ મુદ્દતો આપવાનો ઇન્કાર કરવામાં આવે છે. |

**કચ્છ જિલ્લામાં વોટરશેડ યોજના**

૧૯૬૯૧ **: ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા વોટરશેડના પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૦ પ્રોજેક્ટ. |
| (૨) તે પૈકી કેટલા કામો હાથ ધરવામાં આવ્યા, | (૨) અને (૩) કોઇ કામ હાથ ધરવામાં આવ્યા નથી. |
| (૩) કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને | |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ભારત સરાકારની ગાઇડ લાઇન મુજબ પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ હોઇ તે મુજબની સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં આવશે. |

**અમરેલી જિલ્લામાં ઇન્દિરા આવાસને મંજૂરી**

૧૯૬૮૭ **: શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા ઇન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૩૫૮૨ આવાસો. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા આવાસ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ૨૯૮ આવાસો. |
| (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) રૂ. ૮૮૯.૫૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.<br>ભારત સરકારની ઇન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી પોતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે . |

## ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસ

૨૧૩૦૯ **: શ્રી દેવુસિંહ જે.ચૌહાણ (માતર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા નવા કેસો દાખલ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કુલ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) વર્ષવાર કેટલા કેસો પડતર રહેવા પામેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ ૨૬૩ નવા કેસ
વર્ષ ૨૦૧૦-૧૧ ૨૨૯ નવા કેસ
(તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ **કુલ- ૪૯૨** નવા કેસ

(૨) વર્ષ ૨૦૦૯-૧૦માં કુલ-૨૭૧ કેસોનો નિકાલ થયેલ છે. તે પેકી વર્ષ ૨૦૦૯-૧૦ ના નવા દાખલ થયેલ કેસો પેકી ૧૨૩ કેસોનો નિકાલ થયેલ છે તથા તે અગાઉના વર્ષોના ૧૪૮ કેસોનો નિકાલ થયેલ છે.

વર્ષ ૨૦૧૦-૧૧ માં કુલ-૨૮૪ કેસોનો નિકાલ થયેલ છે. તે પેકી વર્ષ ૨૦૧૦-૧૧ ના નવા દાખલ થયેલ કેસો પેકી ૧૧૩ કેસોનો નિકાલ થયેલ છે અને તે અગાઉના વર્ષ ૨૦૦૯-૧૦ ના ૧૫૮ કેસો તથા અગાઉના વર્ષના ૧૩ કેસોનો નિકાલ કરેલ છે.

કુલ નિકાલ થયેલ કેસ ૫૫૫.

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ ૧૨
વર્ષ ૨૦૧૦-૧૧ ૧૭૦
અગાઉના વર્ષના ૦૩
કુલ પડતર કેસો **૧૮૫**

## મોન્સેટો કંપની દ્વારા શંકર મકાઇનું બિયારણ આપવા બાબત

૧૯૮૯૫ **: શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ વનબંધુ યોજના અંતર્ગત મોન્સેટો કંપની દ્વારા રાજ્યમાં આદિવાસી ખેડૂતોને શંકર મકાઇનું બીજ શા ભાવે આપવામાં આવ્યું,

(૨) આ બીજના ભાવો ઉંચા છે તેવી હકિકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) જો હા, તો સરકારે તે બાબતે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) ૨૦૦૯-૧૦ માં રૂ. ૯૪.૦૦ પ્રતિ કિલો.
અને
૨૦૧૦-૧૧ માં રૂ. ૯૯.૩૭ પ્રતિ કિલો.

(૨) ભાવો ઊંચા નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૭૬ **: શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી પાલનપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૦૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૭૨૬ | ૦૬.૪૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૧૩ | ૦૫.૦૬ |
| **કુલ :** | **૧૧૩૯** | **૧૧.૪૬** |

(૨) તે પેકી પાલનપુર તાલુકામાં ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ

છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૦૧ | ૦.૮૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૬૦ | ૦.૭૭ |
| **કુલ :** | **૧૬૧** | **૧.૫૯** |

--------

## આણંદ જિલ્લામાં વનકુટીરો

૨૦૨૫૨ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલી વનકુટીર બનાવવામાં આવી, અને

(૨) વનકુટીરો બનાવવા માટે વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર નીચેની વિગતે કુલ ૧૨ વનકુટીર બનાવવામાં આવી.

| તાલુકો | બનાવેલ વન કુટીર | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| આણંદ | ૦ | ૫ | ૧ | ૬ |
| ઉમરેઠ | ૦ | ૦ | ૧ | ૧ |
| બોરસદ | ૦ | ૧ | ૧ | ૨ |
| આંકલાવ | ૦ | ૧ | ૦ | ૧ |
| પેટલાદ | ૦ | ૧ | ૦ | ૧ |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ |
| ખંભાત | ૦ | ૦ | ૧ | ૧ |
| **કુલ :** | **૦** | **૮** | **૪** | **૧૨** |

(૨) વન કુટીરો બનાવવા માટે વર્ષવાર તાલુકાવાર નીચે મુજબ કુલ **રૂ. ૧૧.૪૪ લાખ**નો ખર્ચ કરવામાં આવ્યો.

| તાલુકો | બનાવેલ વન કુટીરનો થયેલ ખર્ચ (લાખમાં) | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| આણંદ | ૦ | ૪.૩૧ | ૧.૧૫ | ૫.૪૬ |
| ઉમરેઠ | ૦ | ૦ | ૧.૨૦ | ૧.૨૦ |
| બોરસદ | ૦ | ૦.૮૦ | ૧.૧૪ | ૧.૯૪ |
| આંકલાવ | ૦ | ૦.૮૦ | ૦ | ૦.૮૦ |
| પેટલાદ | ૦ | ૦.૮૦ | ૦ | ૦.૮૦ |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૦ |
| ખંભાત | ૦ | ૦ | ૧.૨૪ | ૧.૨૪ |

--------

## ખેડા જિલ્લામાં સરદાર આવાસ યોજના

૨૧૩૧૧ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ સરદાર આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા, — (૧) ૬૩૪૮.

(૨) તે પૈકી કેટલા મકાનો બાંધવામાં આવ્યા, — (૨) ૧૨૯૦.

(૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને — (૩) ૫૦૫૮.

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? — (૪) સત્વરે.

--------

## જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૮૨ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન

આવેલ છે, અને

તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં થયેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૪૮૮ | ૪.૪૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૩૭૫ | ૪.૩૪ |
| કુલ : | ૮૬૩ | ૦૮.૭૬ |

(૨) તે પૈકી ખંભાળીયા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી ખંભાળીયા તાલુકામાં ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૪૬.૦૦ | ૦.૩૮ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૩૧.૦૦ | ૦.૩૭ |
| કુલ : | ૭૭ | ૦.૭૫ |

--------

## સુરત જિલ્લામાં ઇન્દિરા આવાસને મંજૂરી

**૧૯૬૮૮ : શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ઇન્દિરા આવાસ યોજના હેઠળ કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૮૭૧૫ આવાસો.

(૨) તે પૈકી **૫૪૦૫** આવાસોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને **૩૩૧૦** આવાસોનું બાંધકામ બાકી છે.

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

--------

## વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ

**૧૯૬૭૧ : શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી સંખેડા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૧૦૨૦ | ૯.૪૮ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૭૧ | ૩.૫૦ |
| કુલ : | ૧૪૯૧ | ૧૨.૯૮ |

(૨) તે પૈકી સંખેડા તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૭૧ | ૦.૬૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૦૯ | ૦.૧૩ |
| કુલ : | ૮૦ | ૦.૭૫ |

--------

**પાટણ જિલ્લામાં સરદાર આવાસ**

૨૧૨૯૨ **: શ્રી રજનીકાન્ત સો.પટેલ (ચાણસ્મા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન પાટણ જિલ્લામાં કેટલા સરદાર આવાસો મંજૂર કરવામાં આવ્યા, | (૧) ૧૩૨૨. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા અને કેટલા આવાસો બનાવવાના બાકી છે, અને | (૨) ૩૭૮.<br>૯૪૪ બાકી. |
| (૩) બાકીના ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સત્વરે. |

--------

**વલસાડ જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રોમાં વીજળી બીલ કલેક્શન**

૧૯૭૦૩ **: શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી ગ્રામ પંચાયતોમાં ઇ-ગ્રામ વિશ્વગ્રામ કેન્દ્રો દ્વારા વીજળી બીલ કલેક્શન કરવામાં આવે છે,<br>(૨) જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતોમાં આ પદ્ધતિથી વીજળીબીલ કલેક્શન કરવામાં આવતું નથી, અને<br>(૩) બાકી કેન્દ્રોમાં વીજળી બીલ કલેક્શનની આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૧), (૨) અને (૩) વલસાડ જિલ્લાની તમામ ૩૩૯ ગ્રામ પંચાયતોમાં વીજબીલ કલેક્શનની કામગીરી માટેના સોફ્ટવેરનું ઇન્સ્ટોલેશન કરી જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. |

**રાજકોટ અને વાંકાનેર તાલુકામાં "પંચાયત ઘર" વિનાની ગ્રામ પંચાયતો**

૨૧૨૩૬ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ રાજકોટ અને વાંકાનેર તાલુકામાં કઇ કઇ ગ્રામ પંચાયતો પંચાયત ઘર વિનાની છે, | (૧) એક પણ નહિં. |
| (૨) ક્યા ક્યા પંચાયત ઘર જર્જરીત છે, | (૨) **રાજકોટ તાલુકાની જર્જરીત ગ્રામ પંચાયતો :-**<br>૧. ઢાંઢીયા ૨. લાપાસરી ૩. રામપારા ૪. હલેન્ડા ૫. ચાંચડીયા ૬. લોઠડા ૭. વેજાગામ ૮. કાથરોટા ૯. ઉમરાળી ૧૦. ઢાઢણી ૧૧. મક્નપર ૧૨. લોધીડા ૧૩. લીલીસાજડીયાળી ૧૪. સણોસરા ૧૫. નાક્રાવાડી ૧૬. ઘટેશ્વર ૧૭. ખેરડી ૧૮. બેડલા ૧૯. ભાયાસર ૨૦. નવાગામ <u>કુલ-૨૦</u><br>**વાંકાનેર તાલુકાની જર્જરીત ગ્રામ પંચાયતો :-**<br>૧. કાછીયાગાળા ૨. રાજસ્થળી ૩. રાજગઢ ૪. જેતપરડા ૫. વીડીજાંબુડીયા ૬. ચિત્રાખડા ૭. આદેપર ૮. કોટડાનાયાણી ૯. ભલગામ ૧૦. પ્રતાપગઢ ૧૧. પલાસડી ૧૨. પીપડીયા રાજ ૧૩. પંચાસર ૧૪. વાલાસણ <u>**કુલ - ૧૪**</u> |
| (૩) નવા પંચાયત ઘર ક્યા ક્યા ગામમાં ક્યારથી બનાવવામાં આવશે, અને | (૩) ખંડ-૨માં જણાવેલ જર્જરીત પંચાયત ઘરોના સ્થાને નવા પંચાયત ઘર બનાવવાનું આયોજન સત્વરે કરવામાં આવશે. |
| (૪) જર્જરિત પંચાયત ઘરોનું રીપેરીંગ કામ ક્યાં સુધામાં કરવામાં આવશે ? | (૪) શક્ય તેટલાં વહેલાં નવા પંચાયત ઘર બનાવવામાં આવશે. |

### વડોદરા જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત

૨૧૩૦૧ : **શ્રી ગુલસીંગભાઈ ર.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા તહેવારોમાં કેટલા ગરીબ કુટુંબોને સસ્તા દરે પામોલીન તેલનું કેટલું વિતરણ કરવામાં આવ્યું,

(૨) ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) જિલ્લાના તમામ ગરીબ કુટુંબોને પામોલીન તેલ મળી રહે તે માટે શા પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તારીખ ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા તહેવારોમાં ૨૦૨૧૩૧ ગરીબ કુટુંબોને સસ્તા દરે એક લીટરના ૭,૧૫,૨૭૨ પામોલીન તેલનાં પાઉચનું વિતરણ કરવામાં આવ્યું.

(૨) પ્રતિ લીટર રૂા. ૩૨ ના ભાવે.

(૩) પામોલીન તેલ મળી રહે તે માટે પામોલીન તેલના વિતરણ પ્રમાણ અને ભાવ અંગે અખબારી યાદી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા દુકાનદારોને સુચના આપી જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

--------

### રાજ્યમાં જિલ્લા ગ્રાહક કોર્ટોમાં ફોરમના વડાની ખાલી જ્ગ્યાઓ

૧૯૮૭૬ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ કાર્યરત છે, અને

(૨) આ પૈકી કેટલી અને કઇ કઇ ફોરમના વડા (પ્રમુખ)ની જ્ગ્યા કેટલા સમયથી ખાલી છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં કુલ-૩૧ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમો કાર્યરત છે. (જેમાં ૨૬ ફોરમો સ્વતંત્ર રીતે અને ૫ ક્લબીંગમાં કાર્યરત છે)

(૨) (૧) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના વડા (પ્રમુખ)ની જ્ગ્યા જામનગરમાં તા. ૫-૯-૧૦થી ખાલી છે.

(૨) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના વડાની જ્ગ્યા વલસાડમાં તા. ૨૫-૬-૧૦થી ખાલી છે.

### પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૭૭ : **શ્રી ભાવસિંહભાઈ રાઠોડ (સમી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી સમી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૩૧૦ | ૨.૭૫ |
| ૨૦૧૦-૧૧ | ૪૧૦ | ૫.૦૫ |
| કુલ | ૭૨૦ | ૭.૮૦ |

(૨) તે પૈકી સમી તાલુકામાં ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૫.૦૦ | ૦.૨૨ |
| ૨૦૧૦-૧૧ | ૪૫.૦૦ | ૦.૬૦ |
| કુલ | ૭૦.૦૦ | ૦.૮૨ |

-------

**રાજકોટ જિલ્લામાં તીર્થગ્રામ જાહેર કરવા બાબત**

૧૯૭૦૫ : **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ગામોને તીર્થગ્રામ જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૦૯-૧૦ - ૦૫.<br>વર્ષ ૨૦૧૦-૧૧ - ૦૯. |
| (૨) તે પૈકી કેટલાં ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને | (૨) વર્ષ ૨૦૦૯-૧૦ - ૫ (પાંચ) ગામો. |
| (૩) કેટલાં ગામોને અનુદાનની રકમ આપવાની બાકી છે ? | (૩) ૯ (નવ). |

--------

**પાટણ જિલ્લામાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો**

૧૯૬૯૫ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કુલ કેટલા પંડિત દીનદયાળ ગ્રાહક ભંડારો છે, | (૧) ૪૮૬. |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૧ (એક). |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી. |

**કોડીનાર તાલુકાની ન્યાય સમિતિમાં સભ્યોની નિમણૂક**

૧૯૭૨૪ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાલુકા પંચાયતની ન્યાય સમિતિમાં પાંચ સભ્યો રાખવાની જોગવાઇ છે તે હકીક્ત સાચી છે, | (૧) પંચાયત અધિનિયની ક્લમ ૧૨૩(૩) પ્રમાણે તાલુકા પંચાયત ન્યાય સમિતિમાં પાંચ સભ્યોથી વધે નહીં તે રીતે રચના કરવાની હોય છે. |
| (૨) જો હા, તો કોડીનાર તાલુકા પંચાયતની ન્યાય સમિતિમાં બે ચૂંટાયેલ અને એક કોઓપ્ટ કરેલ સભ્યો બનાવવાનો ઠરાવ તા.૧૫-૧૨-૧૦ ના રોજ થયેલ છે તે હકીક્ત સાચી છે, | (૨) હા જી. |
| (૩) જો હા, તો કોડીનાર તાલુકા પંચાયતના બે ચૂંટાયેલા અનુસૂચિત જાતિના સભ્યોનો ન્યાય સમિતિમાં સમાવેશ કરેલ નથી તે હકીક્ત સાચી છે, અને | (૩) ના જી. |
| (૪) જો હા, તો કાયદાની જોગવાઇ વિરુધ્ધ ન્યાય સમિતીની રચનાની પ્રક્રિયા કરનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં ભરવા માંગો છો કે કેમ ? | (૪) ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની જોગવાઈઓ અનુસાર સામાજિક ન્યાય સમિતિની રચના થયેલ છે, જેથી પગલાં લેવાનો પ્રશ્ન નથી. |

--------

**ગાંધીનગર જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી યોજનામાં નબળી કામગીરી માટે તલાટીઓને નોટિસ**

૨૦૬૧૮ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામ ગ્રામ વિકાસ એજન્સીમાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાની નબળી કામગીરી માટે કેટલા તલાટીઓને તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોટીસો આપવામાં આવી, અને | (૧) ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાની નબળી કામગીરી માટે ૧૫૭ તલાટીઓને તા. ૩૧-૦૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નોટીસો આપવામાં આવી. |
| (૨) આ કામગીરી સુધારવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) આ કામગીરી સુધારવા માટે ગાંધીનગર જિલ્લામાં નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

(૧) દર સોમવારે યોજના હેઠળ નિમણુંક આપેલ ટેકનિકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફની કામગીરીની સમીક્ષા કરવામાં આવે છે.

(૨) લાઈન ડીપાર્ટમેન્ટના આયોજન હેઠળના કામો પૂર્ણ કરવા અધ્યક્ષશ્રી મહાત્મા ગાંધી નરેગા સંકલન સમિતિ-વ-કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠકમાં તાકીદ કરવામાં આવેલ છે, અને લેબર બજેટ મુજબ ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવેલ છે.

(૩) માહે નવેમ્બર-૨૦૧૦ દરમ્યાન યોજવામાં આવેલ ગ્રામસભાઓમાં મનરેગા યોજનાની વિગતવાર ચર્ચા કરી કામો શરૂ કરવા બાબતે ગ્રામજનોને સમજ આપી કામો શરૂ કરવા જણાવવામાં આવેલ છે.

--------

## પામોલીન તેલ ગરીબ કુટુંબોને આપવા બાબત

૨૧૩૦૭ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગરીબ કુટુંબોને તહેવારોમાં પામોલીન તેલ મળી રહે તે માટે વર્ષ ૨૦૦૯-૧૦ માટે રાજ્ય સરકારે કેટલો જથ્થો બફર સ્ટોક રાખેલ હતો, | (૧) ૬૦૦૦ મે.ટન પામોલીન તેલ. |
| (૨) કેટલો જથ્થો વિતરણ કરવામાં આવ્યો હતો, અને | (૨) ૬૦૦૦ મે.ટન પામોલીન તેલ. |
| (૩) તેમાં રાજ્ય સરકાર દ્વારા કેટલી સબસીડી આપવામાં આવી હતી ? | (૩) રૂા. ૧૨.૫૯ કરોડ. |

--------

## જૂનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયત મંત્રીનું મંજૂર મહેકમ

૧૯૭૦૪ : **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લા પંચાયતમાં ગ્રામ પંચાયત મંત્રીની કેટલી જ્ગ્યાનું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૭૧૬. |
| (૨) તે પૈકી કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૨) ૧૬૫. |
| (૩) તે ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ. |

--------

## નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૭૪ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) નવસારી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૩૭૮ | ૩.૪૨ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૧૮૫ | ૨.૨૦ |
| **કુલ :** | **૫૬૩** | **૫.૬૨** |

(૨) તે પૈકી જલાલપોર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

(૨) તે પૈકી જલાલપોર તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૨૭.૫૦ | ૦.૨૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૨૭.૦૦ | ૦.૩૦ |
| **કુલ :** | **૫૪.૫૦** | **૦.૫૦** |

--------

**અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૭૯ **: શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ-૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી માંડલ તાલુકામાં કેટલુ વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૫૭૦ | ૫,૧૧,૪૫૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૬૩૪.૩૧ | ૭,૧૦,૮૮૮ |
| **કુલ :** | **૧૨૦૪.૩૧** | **૧૨,૨૨,૩૩૮** |

(૨) તે પૈકી માંડલ તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૮૨.૫૦ | ૭૩,૯૦૦ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૫૦.૦૦ | ૬૦,૯૨૯ |
| **કુલ :** | **૧૩૨.૫૦** | **૧,૩૪,૮૨૯** |

--------

**કેન્દ્ર સરકાર તરફથી મળેલ ગ્રામીણ વિકાસ માટેની ગ્રાન્ટ**

૨૧૦૧૦ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧ ડિસે-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અંતર્ગત કુલ કેટલી ગ્રાન્ટ મળી ?

**જવાબ**

તા.૩૧ ડિસે-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી ગ્રામીણ વિકાસ કાર્યક્રમો અંતર્ગત રૂ. ૨૮૧૧૨૨.૨૦ લાખની ગ્રાન્ટ મળી.

**સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટયુશન ફી પરત આપવા બાબત**

૧૯૯૬૪ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ટયુશન ફીમાંથી મુક્તિ આપવાનો પરિપત્ર ક્યારે કરવામાં આવ્યો,

(૨) તેઓ અમલ કઇ સાલથી કરવાનું નકકી કરેલ છે,

(૩) આ પરિપત્રના અમલ પછી પણ ઉપરોક્ત તારીખ સુધીમાં અનુ.જનજાતિઓના વિદ્યાર્થીઓને ટયુશન ફી પરત મળી નથી તેવી કેટલી ફરિયાદો મળી, અને

(૪) આવી ટયુશન ફી સરકાર કેટલા સમયમાં પરત આપવા માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૧૧-૧૧-૨૦૦૯ ના રોજ.

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ થી.

(૩) ૭૯૩ ફરિયાદો મળી છે.

(૪) આવી ટયુશન ફી પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ચકાસણી કરીને ટૂંક સમયમાં આપવામાં આવશે.

**વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો**

૧૯૭૧૨ **: શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૧-૪-૧૦ ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર હતા,

(૨) તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કુલ કેટલા નવા કેસો દાખલ થયા,

(૩) તે દરમ્યાન કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) કેટલા કેસો બાકી છે ?

**જવાબ**

(૧)

| વડોદરા (મુખ્ય) | વડોદરા (એડીશનલ) | કુલ કેસો |
|---|---|---|
| ૨૭૩૭ | ૨૮૬૩ | ૫૬૦૦ |

(૨)

| | | |
|---|---|---|
| ૩૫૯ | ૫૭૫ | ૯૩૪ |

(૩)

| | | |
|---|---|---|
| તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી કુલ-૫૮૪ કેસોનો નિકાલ થયેલ છે. જેમાં તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી નવા દાખલ થયેલ કુલ-૨૧ કેસોનો નિકાલ થયેલ છે તથા અગાઉના વર્ષોના ૫૬૩ કેસોનો નિકાલ થયેલ છે. | તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી કુલ-૫૩૨ કેસોનો નિકાલ થયેલ છે. જેમાં તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી નવા દાખલ થયેલ કુલ-૫૩ કેસોનો નિકાલ થયેલ છે તથા અગાઉના વર્ષોના ૪૯૭ કેસોનો નિકાલ થયેલ છે. | તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી કુલ-૧૧૧૬ કેસોનો નિકાલ થયેલ છે. જેમાં તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધી નવા દાખલ થયેલ કુલ-૭૪ કેસોનો નિકાલ થયેલ છે તથા અગાઉના વર્ષોના ૧૦૪૨ કેસોનો નિકાલ થયેલ છે. |

(૪)

| | | |
|---|---|---|
| ૨૫૧૨ | ૨૯૦૬ | ૫૪૧૮ |

--------

**ધ્રોલ, જોડિયા, કાલાવડ અને જામનગર તાલુકામાં પુરવઠા સલાહકાર સમિતિની બેઠકો**

૨૦૧૦૭ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ માં તા.૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ની સ્થિતિએ જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ તથા ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકા પુરવઠા સલાહકાર સમિતિની મિટીંગો ક્યારે ક્યારે મળી હતી,

**જવાબ**

(૧) જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ તથા ધ્રોલ, જોડીયા, કાલાવડ અને જામનગર તાલુકામાં પુરવઠા સલાહકાર સમિતિની મળેલ બેઠકો વર્ષવાર નીચે મુજબ છે.

| | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧ (તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ )** |
|---|---|---|---|
| જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ (જામનગર) | ૩૦-૦૧-૦૮ | -- | ૨૩-૦૫-૧૦ |
| તાલુકા પુરવઠા સલાહકાર સમિતિ, ધ્રોલ | -- | -- | ૩૧-૦૫-૧૦<br>૧૦-૦૮-૧૦ |
| જોડીયા | -- | -- | ૧૨-૦૭-૧૦ |
| કાલાવડ | -- | ૨૯-૯-૦૯<br>૩૦-૧૨-૦૯ | ૨૦-૩-૧૦<br>૧૪-૭-૧૦ |
| જામનગર | -- | -- | -- |

(૨) જિલ્લા કક્ષા તથા ઉપરોક્ત ચાર તાલુકા કક્ષાની સમિતિની બેઠકો સરકારી જોગવાઈ મુજબ નિયમિત રીતે મળતી નથી તે ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) કોઇ ગંભીર ફરીયાદ મળેલ નથી.

(૩) ઉપરોક્ત મિટીંગો નિયમિત રીતે ન મળવાના શાં કારણો છે, અને

(૩) વિધાનસભા, લોકસભા, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતની ચૂંટણી તથા મતદાર યાદી અને વસ્તી ગણતરી જેવી સમય મર્યાદાની કામગીરીમાં સ્ટાફ રોકાયેલ હોવાથી સમિતિની નિયમિત બેઠકો મળી શકેલ નથી.

(૪) સરકારે આવી મિટીંગો નિયમિત મળે તે માટે શા આદેશો આપ્યા છે ?

(૪) સલાહકાર સમિતિની બેઠકો નિયમિત મળે તેવી જોગવાઇ છે.

--------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગોચરની જમીન પર દબાણ

૧૮૫૧૨ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૨૦૧૦ના રોજની સ્થિતિએ કેટલી ગોચરની જમીન ઉપલબ્ધ છે,

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ઉપલબ્ધ જમીનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા | ગોચર જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી.) |
|---|---|---|---|
| ૧ | વઢવાણ | ૪૫ | ૪૩૦૫.૮૯.૦૦ |
| ૨ | લીંબડી | ૬૦ | ૪૨૧૩.૦૭.૦૦ |
| ૩ | હળવદ | ૬૮ | ૪૮૭૪.૩૧.૯૨ |
| ૪ | મુળી | ૫૮ | ૪૭૪૪.૩૧.૯૨ |
| ૫ | ચુડા | ૩૮ | ૨૨૬૬.૯૮.૦૦ |
| ૬ | લખતર | ૪૩ | ૨૪૯૬.૦૦.૦૦ |
| ૭ | પાટડી | ૮૮ | ૫૨૫૮.૯૨.૧૦ |
| ૮ | ચોટીલા | ૧૧૧ | ૧૮૭૩૧.૮૦.૦૦ |
| ૯ | ધ્રાંગધ્રા | ૬૪ | ૨૮૧૪.૭૪.૯૮ |
| ૧૦ | સાયલા | ૭૫ | ૪૪૩૯.૦૦.૦૦ |
| | કુલ : | ૬૫૦ | ૫૪૧૪૫.૦૪.૯૨ |

(૨) આવી ગોચરની જમીનોના દબાણના કિસ્સામાં તાલુકાવાર શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણના કિસ્સામાં કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|
| ૧ | વઢવાણ | દબાણનો પ્રશ્ન નથી. |
| ૨ | લીંબડી | દબાણનો પ્રશ્ન નથી. |
| ૩ | હળવદ | સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી ગતિમાં છે. |
| ૪ | મુળી | દબાણનો પ્રશ્ન નથી. |
| ૫ | ચુડા | સ્થાનિકે દબાણ અંગે માપણીનો પ્રશ્ન છે. |
| ૬ | લખતર | દબાણનો પ્રશ્ન નથી. |
| ૭ | પાટડી | સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી ગતિમાં છે. |
| ૮ | ચોટીલા | તાલુકા વિકાસ અધિકારીશ્રી ચોટીલા દ્વારા ૨૦ (વીસ) ગ્રામ પંચાયતને દબાણ દૂર કરવા નોટીસ આપેલ છે. |
| ૯ | ધ્રાંગધ્રા | દબાણનો પ્રશ્ન નથી. |
| ૧૦ | સાયલા | દબાણનો પ્રશ્ન નથી. |

(૩) આ દબાણો ક્યારે દૂર કરવામાં આવશે ?

(૩) દબાણ દૂર કરવા અંગે નિયમિતપણે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે તબક્કાવાર રીતે દબાણ દૂર કરવામાં આવે છે.

## તાલાળા તાલુકાના બામણાસા ગીર ગામનું સ્મશાનનું નવીનીકરણ કરવા બાબત

૨૦૨૩૯ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના તાલાળા તાલુકાના બામણાસા ગીર ગામનું

(૧) ના જી.
આવી કોઇ લેખિત રજૂઆત/દરખાસ્ત વન વિભાગને

સ્મશાન જંગલની બોર્ડર રક્ષિત વિસ્તારમાં છે તે સ્મશાનમાં જંગલ ખાતું સ્મશાન ફરતે દિવાલ કે નવીનીકરણ કરવા દેતી નથી તે હકીક્ત સાચી છે,

મળેલ નથી.

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ સ્મશાનને નવીનીકરણ કરવા વન વિભાગ કેટલા સમયમાં મંજૂરી આપવા માંગે છે ?

(૩) દરખાસ્ત મળ્યેથી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

## કચ્છ જિલ્લામાં કારકુનની ખાલી જ્યાઓ

૧૯૫૦૦ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) ૩૧-૧-૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લા પંચાયતમાં ક્લાર્કની કેટલી જ્યા તાલુકાવાર મંજૂર થયેલ છે,

(૧) તાલુકાવાર મંજૂર થયેલ જ્યાઓ.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્યાઓ |
|---|---|---|
| ૧ | ભુજ | ૧૫ |
| ૨ | માંડવી | ૯ |
| ૩ | મુંદ્રા | ૬ |
| ૪ | અંજાર | ૭ |
| ૫ | ગાંધીધામ | ૪ |
| ૬ | ભચાઉ | ૭ |
| ૭ | રાપર | ૮ |
| ૮ | નખત્રાણા | ૧૧ |
| ૯ | અબડાસા | ૮ |
| ૧૦ | લખપત | ૬ |
| | કુલ : | ૮૧ |

(૨) તે પૈકી કેટલી જ્યાઓ ખાલી છે, અને

(૨) તાલુકાવાર ખાલી જ્યાઓ.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્યાઓ |
|---|---|---|
| ૧ | ભુજ | ૩ |
| ૨ | માંડવી | ૪ |
| ૩ | મુંદ્રા | ૩ |
| ૪ | અંજાર | ૧ |
| ૫ | ગાંધીધામ | ૨ |
| ૬ | ભચાઉ | ૩ |
| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્યાઓ |
| ૭ | રાપર | ૫ |
| ૮ | નખત્રાણા | ૬ |
| ૯ | અબડાસા | ૪ |
| ૧૦ | લખપત | ૨ |
| | કુલ : | ૩૩ |

(૩) આ ખાલી જ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

(૩) સત્વરે.

## નવસારી જિલ્લામાં ઈકો ટુરીઝમ યોજના

૧૯૬૭૦ : **શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૨) આ યોજનામાં મોજે ક્લિાદ તા. વાંસદા જિ.નવસારી ખાતેનું સ્થળ પસંદ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩) તા.૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના પાછળ રૂપિયા ૨૪.૦૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**ગરીબ કુટુંબોને અનાજ અને કેરોસીન માટે બારકોડેડ રેશનકાર્ડ**

૨૧૩૧૨ **: શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સરકાર દ્વારા ગરીબ કુટુંબોને અનાજ અને કેરોસીન પૂરતા જથ્થામાં મળી રહે તે માટે બારકોડેડ રેશનકાર્ડની યોજના લાવવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. માત્ર ગરીબ કુટુંબો માટે નહિ પરંતુ તમામ રેશનકાર્ડ ધારક કુટુંબો માટે બારકોડેડ રેશનકાર્ડની યોજના છે. |
| (૨) જો હા, તો આ યોજનાનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે ? | (૨) યોજના અંતર્ગત કામગીરી ચાલુ છે. ડેટાએન્ટ્રી, ચકાસણી અને બાયોમેટ્રિક્ની કામગીરી પૂર્ણ થયેથી. |

--------

**પાલીતાણા તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

૧૯૬૬૬ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**વડોદરા જિલ્લામાં પંચાયત મંત્રીનું મહેકમ**

૨૧૩૦૮ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચાયત મંત્રીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) ૭૮૧. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકીની કેટલી જગ્યાઓ ભરેલ છે, | (૨) ૫૪૨. |
| (૩) કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૩) ૨૩૯. |
| (૪) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) સત્વરે. |

**રાજકોટ ખાતે ગ્રાહક તકરાર નિવારણનું મકાન**

૨૧૨૯૯ **: ડૉ. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય ગ્રાહક બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની કચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) ""હા, જી"". |
| (૨) જો હા, તો તેનું બાંધકામ તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) રાજકોટમાં બંને ફોરમોના સંયુક્ત મકાનનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને તા.૬-૫-૨૦૧૦થી આ કચેરીઓ નવા મકાનમાં કાર્યરત થયેલ છે. |
| (૩) તેને માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ. ૧૦૬.૯૩ લાખ. |

**ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટી ફી માફી અને શિષ્યવૃત્તિ ન ચૂકવવા બાબત**

૨૧૧૬૧ **: શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીમાં વિવિધ કોર્ષમાં અભ્યાસ કરતા કેટલા આદિવાસી વિદ્યાર્થીઓને | (૧) અને (૨) : દરખાસ્ત મળેલ ન હોઈ બાકી ચુકવવાની રકમનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શિષ્યવૃતિ અને ફી માફીની વર્ષવાર કેટલી રકમ ચૂકવવાની બાકી છે,

(૨) રકમ ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) આ રકમ ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવશે ?

(૩) દરખાસ્ત મળ્યા બાદ.

**જૂનાગઢ જિલ્લામાં શોચાલયો મંજૂર કરવા બાબત**

૨૧૨૯૩ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગરીબીની રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલા શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે,

(૩) કેટલા શોચાલયોનું બાંધકામ બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં ગરીબીની રેખા નીચે જીવતા પરિવારો માટે ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ ૩૪૦૪ શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તમામ શોચાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) એક પણ શોચાલયનું બાંધકામ બાકીમાં નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનમાં પ્રમુખ/સભ્યોની મંજૂર જ્ગ્યાઓ**

૨૧૩૦૬ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા)** : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન હેઠળ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્ય કક્ષાએ જે બેંચો ચાલે છે તેમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જ્ગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પેકી ઉક્ત સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જ્ગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ જ્ગ્યાઓ.
પ્રમુખશ્રી - ૧(એક)
સભ્યશ્રી - ૨ (બે)

(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ૩ (ત્રણ) એડીશનલ બેન્ચ મંજૂર થયેલ છે. તેમાં પ્રત્યેક એડીશનલ બેન્ચમાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નીચે પ્રમાણે જ્ગ્યાઓ મંજુર થયેલ છે.
જ્યુડીશીયલ સભ્ય - ૧ (એક).
બિન સરકારી સભ્ય - ૧ (એક).

(૨) (૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની મુખ્ય બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ મંજૂર થયેલ ૨ (બે) સભ્યોની જ્ગ્યા ખાલી છે.

(૨) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની ૩(ત્રણ) એડીશનલ બેન્ચમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૨(બે) બિનસરકારી સભ્યોની જ્ગ્યા ખાલી છે.

(૩) આ તમામ ખાલી જ્ગ્યાઓ ફેબ્રુઆરી-૨૦૧૧માં ભરવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં વન મહોત્સવ**

૨૧૨૯૭ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧ માં યોજાયેલ વન મહોત્સવ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં યોજાયેલ કુલ ૧૬૭ વન મહોત્સવમાં ૩૮૫૪૩ રોપાઓનું તેમજ હરિયાળુ અમદાવાદ ઝુંબેશ દરમ્યાન શહેર અને ઓડા વિસ્તારમાં ૮.૫૫ લાખ રોપાનું વાવેતર કરવામાં આવેલ છે. તદ્ ઉપરાંત વન મહોત્સવ દરમ્યાન

જિલ્લામાં જુદી જુદી સંસ્થા તેમજ વ્યક્તિઓને રોપ ઉછેર માટે ૪૫.૩૦ લાખ રોપાનું વિતરણ કરેલ છે.

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરેલ છે ?

(૨) તે પાછળ કુલ રૂ.૧૪૨.૨૪ લાખનો ખર્ચ કરેલ છે.

**મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના**

૧૯૬૭૨ **: શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી વિસનગર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૭૫૭ | ૦૬.૮૮ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૨૬ | ૦૫.૦૪ |
| કુલ | ૧૧૮૩ | ૧૧.૯૨ |

(૨) તે પૈકી વિસનગર તાલુકામાં ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૯૪.૫૦ | ૦.૭૯ |
| ૨૦૧૦-૨૦૧૧ | ૪૮.૦૦ | ૦.૫૮ |
| **કુલ** | **૧૪૨.૫૦** | **૧.૩૭** |

--------

**આણંદ જિલ્લામાં સિંચાઈ શેષની ગ્રાન્ટ**

૨૧૧૩૭ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિંચાઈના શેષની ગ્રાન્ટ છેલ્લે ક્યા વર્ષમાં ક્યા સમયગાળાની આપવામાં આવેલ છે,

(૨) તાલુકાવાર સિંચાઈના શેષની કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૩) તાલુકાવાર સિંચાઈના શેષની કેટલી રકમ બાકી છે, અને

(૪) બાકી રકમ કેટલા સમયમાં આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિંચાઈના શેષની ગ્રાન્ટ છેલ્લે ૨૦૦૩-૦૪ના વર્ષમાં સને ૨૦૦૨-૦૩ સુધીના સમયગાળા માટે ફાળવવામાં આવેલ છે,

(૨) તાલુકાવાર સિંચાઇના શેષની ગ્રાન્ટ નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | રૂા. |
|---|---|---|
| ૧. | ઉમરેઠ | ૧૭૨૯૯.૦૦ |
| ૨. | બોરસદ | ૯૬૬૩૮.૦૦ |
| ૩. | પેટલાદ | ૧૪૯૨૯૨૦.૦૦ |

(૩) તાલુકાવાર સિંચાઇના શેષની રકમ નીચે મુજબ ફાળવવાની બાકી છે.

| ક્રમ | તાલુકાનું નામ | રૂા. |
|---|---|---|
| ૧. | આણંદ | ૪૦૬૨૧૨૫.૦૦ |
| ૨. | ઉમરેઠ | ૩૯૧૬૧૯૮.૦૦ |
| ૩. | બોરસદ | ૪૨૧૮૧૯૫.૦૦ |
| ૪. | પેટલાદ | ૩૨૨૦૮૨.૦૦ |
| ૫. | સોજીત્રા | ૩૯૧૫૦૪.૦૦ |
| ૬. | તારાપુર | ૫૫૭૧૨૩.૦૦ |
| ૭. | ખંભાત | ૬૨૦૦૩૫.૦૦ |

(૪) ક્લેક્ટરશ્રી, આણંદ તરફથી દરખાસ્ત મળ્યેથી નાણાંકીય જોગવાઇ કરીને બાકી રકમ ફાળવી આપવામાં આવશે.

--------

**મહેસાણા જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો**

૨૧૩૦૩ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો હતા, | (૧) ૬૩૪. |
| (૨) સરકારની યોજના પ્રમાણે કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૧ |
| (૩) તે ક્યાં સુધીમાં ખોલવામાં આવશે ? | (૩) નિયમાનુસાર કાર્યવાહી પૂર્ણ થયેથી. |

--------

**ગાંધીનગર જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપમાં જાહેર કરવા બાબત**

૧૯૬૯૬ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો પેકી કેટલા ભંડારોને મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવામાં આવ્યા, અને | (૧) કુલ-૩૫૩ પેકી ૨૦૦૯-૧૦માં ૧૧૩.<br>૨૦૧૦-૧૧માં શૂન્ય. |
| (૨) બાકી ગ્રાહક ભંડારોને ક્યાં સુધીમાં મોડેલ ફેરપ્રાઈઝ શોપ તરીકે જાહેર કરવામાં આવશે ? | (૨) બાકી ૭૩ ગ્રાહક ભંડારો બાબતે સંબંધિત વાજબી ભાવના દુકાનદારની તત્પરતા તથા યોજનાની પસંદગી પર આધારિત છે તેથી કાર્યવાહી પૂર્ણ થયેથી. |

--------

**ખેડા જિલ્લામાં જાહેર થયેલ નિર્મળગામ**

૨૧૨૩૯ **: શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિર્મળગ્રામ યોજના ક્યા વરસથી શરૂ કરવામાં આવી છે,

(૨) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ વર્ષવાર કેટલાં ગામો નિર્મળગામ જાહેર થયા છે, અને

(૩) બાકીના ગામોને નિર્મળગ્રામ બનાવવા શું આયોજન છે ?

**જવાબ**

(૧) ભારત સરકાર દ્વારા નિર્મળગ્રામ પુરસ્કાર યોજના વર્ષ ૨૦૦૫થી શરૂ કરવામાં આવી છે.

(૨) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાદીઠ વર્ષવાર નીચે મુજબ નિર્મળગામ જાહેર થયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૦૭ | વર્ષ ૨૦૦૮ | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ |
|---|---|---|---|---|---|
| ૧ | નડીયાદ | ૧ | ૮ | ૨ | ૦ |
| ૨ | મહુધા | ૨ | ૬ | ૦ | ૦ |
| ૩ | મહેમદાવાદ | ૧ | ૧ | ૨૩ | ૦ |
| ૪ | કઠલાલ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૫ | માતર | ૦ | ૫ | ૦ | ૦ |
| ૬ | કપડવંજ | ૦ | ૪ | ૦ | ૦ |
| ૭ | બાલાશિનોર | ૦ | ૬ | ૦ | ૦ |
| ૮ | ઠાસરા | ૦ | ૫ | ૦ | ૦ |
| ૯ | વિરપુર | ૦ | ૩ | ૦ | ૦ |
| ૧૦ | ખેડા | ૦ | ૪ | ૧ | ૦ |
| | **કુલ :** | **૫** | ૪૨ | ૨૬ | **૦** |

(૩) ભારત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ લાયકાતના ધોરણો મુજબની યોગ્યતા પ્રાપ્ત કરનાર ગામોને નિર્મળ ગામ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવે છે. આ એક સતત ચલાતી સ્પર્ધાત્મક પ્રક્રિયા છે. બાકીના ગામો નિર્મળ ગામ બને તે માટે રાજ્ય સરકાર દ્વારા ગામોને તાંત્રિક અને નાણાકીય સહાય, પ્રચાર-પ્રસાર પ્રવૃત્તિઓ તેમજ તાલીમ આપવામાં આવી રહેલ છે.

**દેવગઢ બારીઆ તાલુકામાં બી.પી.એલ. લાભાર્થી યાદી અને બી.પી.એલ. કાર્ડમાં તફાવત**

૨૦૩૬૪ : **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિકાસ કમિશનરશ્રીની કચેરી દ્વારા બી.પી.એલ. લાભાર્થીની આર્થિક મોજણી અનુસાર ૦-૧૬ ગુણાંકમાં ૧૦,૧૩૪ તથા ૧૭-૨૦ ગુણાંકમાં ૯૪૮૫ એમ કુલ મળી ૧૯૭૧૭ લાભાર્થી છે, તે હકીક્ત સાચી છે, | (૧) દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૦ થી ૧૬ ગુણાંકમાં ૧૦૧૩૪ તથા ૧૭ થી ૨૦ ગુણાંકમાં ૯૪૮૬ એમ કુલ મળી ૧૯૬૨૦ કુટુંબો છે. |
| (૨) જ્યારે નાગરિક પુરવઠા વિભાગ ફક્ત ૩૧૧૪ બી.પી.એલ. કાર્ડ ધારકો છે તેવી માહિતી મળે છે, | (૨) હા, જી. દેવગઢ બારિયા તાલુકામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ૩૧૧૪ બીપીએલ રેશનકાર્ડ ધારક કુટુંબો છે. |
| (૩) આ બંને યોજનાના લાભાર્થીઓમાં મોટી સંખ્યાનો તફાવત પડવાના શા કારણો છે, અને | (૩) બીપીએલ રેશનકાર્ડ અને બીપીએલ યાદી માટેના ધારાધોરણ અલગ હોઇ લાભાર્થી કુટુંબોની સંખ્યામાં તફાવત જણાય છે. |
| (૪) કેટલા કુટુંબોએ તેમના નામ બી.પી.એલ. યાદીમાં ન હોવાની ફરિયાદ કરેલ છે ? | (૪) દેવગઢ બારિયા તાલુકામાં ૩૮૨૫ કટુંબોએ બી.પી.એલ. યાદીમાં સમાવવા માટે અરજી કરેલ છે. |

**બીજા નાણાં પંચની ભલામણોનો સ્વીકાર કરવા અંગે**

૧૯૪૬૩ : **શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ (ડભોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત બીજા રાજ્ય નાણાં પંચની મર્યાદા ક્યાં સુધીની હતી, અને | (૧) રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત બીજા રાજ્ય નાણાં પંચની મર્યાદા ૨(બે) વર્ષની હતી અને વખતો વખત આ મુદ્દત લંબાવીને તા. ૩૦-૦૬-૨૦૦૭ના રોજ પૂર્ણ થયેલ હતી, |
| (૨) ત્રીજા નાણા પંચની નિમણૂક ક્યારે કરવામાં આવનાર છે ? | (૨) ત્રીજા રાજ્ય નાણાં પંચની રચના તારીખ ૦૨-૦૨-૨૦૧૧ના જાહેરનામાથી કરવામાં આવેલ છે, |

--------

**રાજ્યમાં ટી.ડી.ઓની ખાલી જ્ગ્યાઓ**

૨૧૨૫૪ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીઓની કુલ કેટલી જ્ગ્યા ખાલી છે, અને | (૧) કુલ ૧૪ જ્ગ્યાઓ ખાલી છે. |
| (૨) તે જ્ગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે. |

**અમદાવાદ શહેરમાં કેરોસીન અને અનાજના કાળાબજાર અટકાવવા બાબત**

૧૯૭૧૩ : **શ્રીમતી ગીતાબેન યો. પટેલ (સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં કેરોસીન અને અનાજના કાળાબજાર અટકાવવા માટે વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી તપાસણી કરવામાં આવેલ છે, | (૧) તા. ૧-૪-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ના સમયગાળા દરમિયાન કુલ ૨૧૦૭ તપાસણી કરવામાં આવેલ છે. |
| (૨) તે પેકી કેટલા લાયસન્સ રદ કરવામાં આવ્યા, અને | (૨) તે પેકી ૮ (આઠ) લાયસન્સ રદ કરવામાં આવ્યા. |

(૩) કેટલી વ્યક્તિઓ સામે પી.બી.એમ. કેસો કરવામાં આવ્યા ?

(૩) ૧૦ વ્યક્તિઓ સામે પી.બી.એમ. કેસ કરવામાં આવ્યા.

--------

**કચ્છ જિલ્લામાં પંચાયત ઘરો બનાવવા બાબત**

૧૯૮૬૪ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા પંચાયત ઘરો બનાવવા માટે મંજૂરી આપવામાં આવી,

(૧)

| ક્રમ | તાલુકો | પંચાયત ઘર બનાવવાની વર્ષવાર મંજૂરી | | | |
|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
| ૧ | ભૂજ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૨ | માંડવી | ૪ | ૦ | ૧ | ૫ |
| ૩ | મુદ્દા | ૩ | ૦ | ૦ | ૩ |
| ૪ | નક્ત્રાણા | ૩ | ૦ | ૪ | ૭ |
| ૫ | અબડાસા | ૪ | ૦ | ૪ | ૮ |
| ૬ | લખપત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | અંજાર | ૧ | ૦ | ૪ | ૫ |
| ૮ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ભચાઉ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | રાપર | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૫** | **૦** | **૧૭** | **૩૨** |

(૨) તે પૈકી કેટલા પંચાયત ઘરો પૂર્ણ થયેલ છે, અને

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **પૂર્ણ થયેલ વર્ષવાર પંચાયત ઘર** | | | |
|---|---|---|---|---|---|
| | | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **કુલ** |
| ૧ | ભૂજ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | માંડવી | ૪ | ૦ | ૦ | ૪ |
| ૩ | મુદ્દા | ૩ | ૦ | ૦ | ૩ |
| ૪ | નક્ત્રાણા | ૩ | ૦ | ૦ | ૩ |
| ૫ | અબડાસા | ૪ | ૦ | ૦ | ૪ |
| ૬ | લખપત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | અંજાર | ૧ | ૦ | ૦ | ૧ |
| ૮ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ભચાઉ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | રાપર | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૫** | **૦** | **૦** | **૧૫** |

(૩) કેટલા બાકી છે, અને

(૩)

| **ક્રમ** | **તાલુકો** | **પૂર્ણ થયેલ વર્ષવાર પંચાયત ઘર** | | | |
|---|---|---|---|---|---|
| | | **૨૦૦૮-૦૯** | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **કુલ** |
| ૧ | ભૂજ | ૦ | ૦ | ૪ | ૪ |
| ૨ | માંડવી | ૦ | ૦ | ૧ | ૧ |
| ૩ | મુદ્દા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | નખત્રાણા | ૦ | ૦ | ૪ | ૪ |
| ૫ | અબડાસા | ૦ | ૦ | ૪ | ૪ |
| ૬ | લખપત | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | અંજાર | ૦ | ૦ | ૪ | ૪ |
| ૮ | ગાંધીધામ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ભચાઉ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | રાપર | ૦ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૧૭** | **૧૭** |

(૪) આ પંચાયત ઘરો બનાવવા પાછળ વર્ષવાર કુલ કેટલો ખર્ચ થયો ?

(૪) વર્ષ ૨૦૦૮-૦૯ રૂા. ૫૪.૭૫.
વર્ષ૨૦૦૯-૧૦ શૂન્ય.
વર્ષ ૨૦૧૦-૧૧ શૂન્ય.

--------

**કચ્છ જિલ્લામાં ગ્રામ સેવકોની મંજુર જગ્યાઓ**

૧૯૭૦૮ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય પંચાયત, મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લા પંચાયતમાં તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગ્રામ સેવકોની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૮૦.

(૨) ભરેલી - ૭૦
ખાલી - ૧૧૦

(૩) સત્વરે.

--------

**અમદાવાદ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયત**

૨૧૩૦૫ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરવામાં આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી ગ્રામ પંચાયત મહિલા સમરસ જાહેર થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેને વર્ષવાર કેટલું અનુદાન ચૂકવવાનું બાકી છે અને તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ : ૨૦૦૯-૧૦ માં ૨ (બે)
વર્ષ : ૨૦૧૦-૧૧ માં ૦ (શૂન્ય)

(૨) વર્ષ : ૨૦૦૯-૧૦ માં ૦ (શૂન્ય)
વર્ષ : ૨૦૧૦-૧૧ માં ૦ (શૂન્ય)

(૩) અનુદાન ચૂકવવાનું બાકી ન હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મુન્દ્રા ખાતે એસ.ઈ.ઝેડની શરતોનો ભંગ**

૨૧૧૪૧ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુન્દ્રા ખાતેના એસ.ઈ.ઝેડને શરતોના ભંગ બદલ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા કોઈ નોટિસ આપવામાં આવી છે કે કેમ, અને

(૨) શરતોના ભંગ બદલ આ એસ.ઈ.ઝેડની સામે લીધેલા કે લેવા ધારેલા પગલાંની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્થળની મુલાકાત લઇ વચગાળાનો અહેવાલ ભારત સરકારને મોક્લાવેલ છે. એસ.ઇ.ઝેડ પાસેથી માહિતી મંગાવેલ છે, તથા ઓથોરાઇઝ એજન્સી પાસેથી સી.આર.ઝેડ નક્શા મંગાવેલ છે જે આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

--------

**અમદાવાદ જિલ્લામાં રોપાનું વાવેતર**

૨૧૨૯૦ : **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં યોજના તા. ૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચેની વિગતે રોપાનું વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) | |
|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| દશક્રોઇ | ૦.૯૪ | ૨.૭૬ |
| સાણંદ | ૦.૮૫ | ૨.૧૭ |
| બાવળા | ૦.૮૭ | ૦.૨૨ |
| ધોળકા | ૦.૭૫ | ૦.૮૨ |

| | | |
|---|---|---|
| વિરમગામ | ૦.૭૬ | ૦.૩૬ |
| દેત્રોજ/માંડલ | ૦.૯૨ | ૦.૮૦ |
| ધંધુકા | ૧.૧૪ | ૧૨.૨૪ |
| બરવાળા | ૦.૯૪ | ૪.૮૯ |
| **કુલ** | **૭.૧૭** | **૨૪.૨૬** |

(૨) તેના માટે તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે માટે તાલુકાવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| **તાલુકો** | **કરવામાં આવેલ ખર્ચ (રૂ. લાખમાં)** | |
|---|---|---|
| | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** |
| દશક્રોઇ | ૧૮.૧૯ | ૨૦.૨૭ |
| સાણંદ | ૧૫.૪૭ | ૧૮.૫૧ |
| બાવળા | ૧૬.૦૩ | ૮.૦૦ |
| ધોળકા | ૧૪.૬૦ | ૨૨.૮૧ |
| વિરમગામ | ૧૪.૭૮ | ૧૦.૦૬ |
| દેત્રોજ/માંડલ | ૧૭.૭૪ | ૨૧.૭૩ |
| ધંધુકા | ૨૦.૯૦ | ૩૨૮.૪૭ |
| બરવાળા | ૧૮.૩૦ | ૧૩૨.૨૯ |
| **કુલ** | **૧૩૬.૦૧** | **૫૬૨.૧૪** |

--------

## પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજનની માગણીઓ

૧૯૭૨૮ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર કઈ કઈ ગૃપ ગ્રામ પંચાયતોએ વિભાજનની માંગણી કરી,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તાલુકાવાર વિભાજનની કરવામાં આવેલ માંગણીઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ |
|---|---|---|
| ૧ | શહેરા | ૧. ધારાપુર<br>૨. છાણીપ<br>૩. ધરોલા ખુર્દ<br>૪. વરીયાલ |
| ૨ | લુણાવાડા | ૧. હાથીવન<br>૨. થાણા સાવલી<br>૩. ખલાસપુર<br>૪. ડોકેલાવ<br>૫. હરદાસપુર<br>૬. બોરડી |
| ૩ | ખાનપુર | ૧. પાંડરવાડા<br>૨. નરોડા |
| ૪ | હાલોલ | ૧. વાંકડીયા |

(૨) આવી માંગણીઓ કેટલા સમયથી પડતર છે, અને

(૨)

- કુલ ૧૧ ગ્રામ પંચાયતોની દરખાસ્ત સને ૨૦૦૯-૧૦ થી વિભાગમાં પડતર છે.
- શહેરા તાલુકાની છાણીપ અને લુણાવાડા તાલુકાની બોરડી ગ્રામ પંચાયતની વિભાજનની માંગણી જિલ્લા કક્ષાએ અનુક્રમે એક વર્ષ અને બે વર્ષથી પડતર છે.

(૩) આ પડતર માંગણીઓ બાબતે સરકારનું શું આયોજન છે ?

(૩) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૨૨-૯-૦૯ના પત્રથી વસ્તી ગણતરી ૨૦૧૧ અન્વયે રાજ્યની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તેમજ મહેસુલી

હદમાં તા. ૩૧-૩-૨૦૧૧ સુધી વહીવટી તેમજ ભૌગોલિક ફેરફાર ન કરવા સુચના આપેલ છે.

## અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના

૧૯૬૮૦ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ સુધીમાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી ધારી તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ નીચેની વિગતે વર્ષવાર વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૪૪૨ | ૩.૯૯ |
| ૨૦૧૦-૧૧ | ૩૫૫ | ૪.૧૪ |
| કુલ | ૭૯૭ | ૮.૧૩ |

(૨) તે પૈકી ધારી તાલુકામાં નીચેની વિગતે વાવેતર કરવામાં આવેલ છે.

| વર્ષ | વાવેતર કરેલ વિસ્તાર (હેક્ટર) | વાવેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૫૩ | ૦.૪૯ |
| ૨૦૧૦-૧૧ | ૪૨ | ૦.૫૧ |
| **કુલ** | **૯૫** | **૧.૦૦** |

## દિયોદર તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત

૧૯૬૬૫ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કોઈ ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## અમદાવાદ ખાતે રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનનું નવું મકાન

૨૧૩૦૦ **: ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશનની કચેરી માટે અમદાવાદ ખાતે નવીન મકાન મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેનું બાંધકામ તારીખ ૩૧-૦૩-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તેને માટે કેટલો ખર્ચ મંજૂર કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ગોતા-અમદાવાદ ખાતે ત્રણ જીલ્લા ફોરમ તથા ગ્રાહક તકરાર નિવારણ કમિશનના સંયુક્ત મકાન ""ગ્રાહકભવન"" નું બાંધકામ પૂર્ણ થયેલ છે અને આ તમામ કચેરીઓ તારીખ ૧૬-૧૨-૨૦૧૦થી નવા મકાનમાં કાર્યરત થયેલ છે.

(૩) ગ્રાહકભવન માટે રૂ.૪૯૧.૫૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

## સુરેન્દ્રનગર જિલ્લામાં એસ.જી.એસ.વાય. યોજનામાં જૂથોની રચના

૧૯૬૯૨ **: શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં એસ.જી.એસ.વાય. યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા જૂથોની રચના થઈ, | (૧) ૭૧ જૂથો. |
| (૨) તે પૈકી કેટલા જૂથો ગ્રેડ-૧ અને ગ્રેડ-૨ થયેલ છે, | (૨) તે પૈકી ૨ જૂથો ગ્રેડ-૧ થયેલ છે અને એકપણ જૂથ ગ્રેડ-૨ થયેલ નથી. |
| (૩) કેટલા જૂથોને ગ્રેડ આપવાના બાકી છે, અને | (૩) ગ્રેડ-૧ આપવાના ૭૮ જુથો બાકી છે, ગ્રેડ-૨ આપવાના ૭૧ જૂથો બાકી છે. |
| (૪) તે પૈકી કેટલા જૂથો આર્થિક પ્રવૃતિઓ કરે છે ? | (૪) તે પૈકી ગ્રેડ-૧ પાસ કરેલ ૨ (બે) જૂથો આર્થિક પ્રવૃત્તિઓ કરે છે. |

--------

## બનાસકાંઠા જિલ્લામાં વન કુટિરોના કામો

૨૦૪૪૯ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં ક્યા ક્યા ગામોમાં વન કુટિરના કામો મંજૂર થયેલા છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં (એટલે કે ૨૦૦૭-૦૮થી ૨૦૧૦-૧૧ના ચાર નાણાકીય વર્ષ) વન વિભાગ દ્વારા બનાસકાંઠા જિલ્લાના તાલુકા અને ગામવાર મંજૂર થયેલ વન કુટિરના કામોની વિગત નીચે મુજબ છે. |

| વર્ષ નાણાકીય વર્ષ | તાલુકો | વન કુટિરનું કામ મંજૂર કરેલ ગામનું નામ |
|---|---|---|
| ૨૦૦૭-૦૮ | પાલનપુર | (૧) જગાણા (૨) ખસા |
| | દાંતા | (૧) મંડાલી |
| | કુલ ગામ : | ૩ |
| ૨૦૦૮-૦૯ | પાલનપુર | (૧) પેડાગડા (૨) ગઢ<br>(૩) પાલનપુર |
| | વડગામ | (૧) છનીયાણા<br>(૨) વણસોલ<br>(૩) ધોતા (રામપુર) |
| | વાવ | (૧) કોરોટી |
| | ધાનેરા | (૧) આલવાડા |
| | કુલ ગામ : | ૮ |
| ૨૦૦૯-૧૦ | પાલનપુર | (૧) પાલનપુર (૨) ભાગળ<br>(૩) સુરજપુરા<br>(૪) સામઢી |
| | વાવ | (૧) નડાબેટ |
| | થરાદ | (૧) થરાદ |
| | દિયોદર | (૧) દિયોદર |
| | દાંતા | (૧) સોળસંડા |
| | કુલ ગામ : | ૮ |
| ૨૦૧૦-૧૧ | પાલનપુર | (૧) સાસમ |
| | દાંતા | (૧) ટોડા |
| | થરાદ | (૧) થરાદ |
| | દિયોદર | (૧) દિયોદર |
| | ધાનેરા | (૧) જાડી |
| | અમીરગઢ | (૧) અમીરગઢ |
| | વડગામ | (૧) મોટી ગીડાસણ |
| | દાંતીવાડા | (૧) ચોડુંગરી |
| | કુલ ગામ : | ૮ |

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયેલા,

(૨) મંજૂર થયેલ કુલ ૨૫ ગામોના ૨૯ કામો પૈકી તમામ કામો એટલે કે, કુલ ૨૯ કામો પૂર્ણ થયેલા છે.

(૩) કેટલા કામો બાકી છે,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી રહેવાના કારણો શાં છે, અને

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૫) આની પાછળ વર્ષવાર કુલ કેટલા ખર્ચ થયેલ છે ?

(૫) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં (એટલે કે ૨૦૦૭-૦૮ થી ૨૦૧૦-૧૧ના ચાર નાણાકીય વર્ષ) ઉપરોક્ત કામો માટે વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૦૭-૦૮ | ૨.૧૦ |
| ૨૦૦૮-૦૯ | ૭.૨૦ |
| ૨૦૦૯-૧૦ | ૮.૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૯.૦૦ |
| કુલ | ૨૬.૧૦ |

## ભુંડો દ્વારા વાગરા તાલુકામાં પાકને થતું નુક્શાન

૧૭૩૭૬ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં ખેડૂતોના ઉભા પાકને ભૂંડો દ્વારા વ્યાપક પ્રમાણમાં નુક્સાન પહોંચાડવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભુંડોનો આ ત્રાસ દૂર કરવા અને ખેડૂતોના ઉભા પાકને નુક્સાન થતું અટકાવવા સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ડાંગ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમનું મંજૂર થયેલ નવીન મકાન

૧૯૭૦૦ : **શ્રી વિજયભાઈ ર.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ડાંગ ખાતે ગ્રાહક તકરાર નિવારણ ફોરમની ક્ચેરી માટે નવીન મકાન મંજૂર થયેલ છે, તે હકીક્ત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તેનું બાંધકામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) મકાન બાંધકામ પૂર્ણ થતા તા. ૨૯-૧-૨૦૧૧ ના રોજ તેનું લોકાર્પણ કરી નવી જગ્યાએ તે જ દિવસે ક્ચેરી કાર્યરત થઈ ગયેલ છે.

(૩) તે માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) રૂા. ૭૨.૦૦ લાખ.

## બરડા અભ્યારણમાં સિંહ વસાવવાની યોજના

૨૦૦૭૬ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પોરબંદર અને જામનગર જિલ્લામાં આવેલ બરડા આભ્યારણમાં સિંહ વસાવવાની યોજના છે કે કેમ,

(૧) હા, જી.

(૨) આ અંગે કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ક્યા પ્રકારનું આયોજન કરવામાં આવ્યું છે ?

(૩) સિંહો માટે જીનપુલ સેન્ટરની સ્થાપના, તેમના ખોરાક માટે ચિત્તલ અને સાબર જેવા તૃણભક્ષી જીવોની સંખ્યા વધારવી,

રહેઠાણો સુધારવા અને પાણીની વ્યવસ્થા કરવી વિગેરેનું આયોજન છે. આ પગલાંઓને લીધે સિંહોના કુદરતી મુક્ત વિચરણ માટે યોગ્ય વાતાવરણ ઊભું થયા પછી તેમને અભયારણ્યમાં છૂટા કરવાનું વિચારી શકાશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીમાં ફી માફી અને શિષ્યવૃત્તિ ન ચૂકવવા બાબત

૨૧૨૫૭ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા)** : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીમાં વિવિધ કોર્ષમાં અભ્યાસ કરતાં કેટલા આદિવાસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ફી માફીની વર્ષવાર કેટલી રકમ ચૂકવવાની બાકી છે, | (૧) અને (૨) : દરખાસ્ત મળેલ ન હોવાથી બાકી ચુકવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) રકમ ચૂકવવાની બાકી રહેવાના શાં કારણો છે, અને | |
| (૩) આ રકમ ક્યાં સુધીમાં ચૂકવી આપવામાં આવશે ? | (૩) દરખાસ્ત મળ્યે ચુકવવામાં આવશે. |

## રાજકોટ જિલ્લામાં સરદાર આવાસ યોજના

૧૯૭૦૧ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય)** : **માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં સરદાર આવાસ યોજના હેઠળ કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં લક્ષ્યાંક ફાળવેલ નથી. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા મકાનોના બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યા, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા મકાનો બાંધવાના બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

## અમદાવાદ શહેરમાં ઈન્દિરા આવાસ મંજૂર કરવા બાબત

૧૯૫૫૫ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઇન્દિરા આવાસ યોજના અંતર્ગત કેટલા આવાસો વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા, | (૧) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ ગ્રામીણ વિસ્તારના ગરીબી રેખા હેઠળના ઘરવિહોણા લાભાર્થીઓને ઈન્દિરા આવાસ યોજનાની સહાય આપવાની જોગવાઈ છે જેથી અમદાવાદ શહેરી વિસ્તારમાં ઈન્દિરા આવાસ મંજૂર કરવાના રહેતા નથી. |
| (૨) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા આવાસો પૂર્ણ કરી લાભાર્થીઓને તેના કબજા સોંપાયા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેલા આવાસોનું કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજનની દરખાસ્તો

૨૦૨૫૭ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતના વિભાજન માટેની કેટલી દરખાસ્તો પડતર છે, | (૧) ૫ (પાંચ) દરખાસ્તો જિલ્લા કક્ષાએ પડતર છે. ૨ (બે) દરખાસ્તો વિભાગ કક્ષાએ પડતર છે. |
| (૨) આ પડતર દરખાસ્તો ક્યા સમયની છે, | (૨) વર્ષ ૨૦૦૨ -૧<br>વર્ષ ૨૦૦૬ -૨<br>વર્ષ ૨૦૦૯ -૧<br>વર્ષ ૨૦૧૦ -૩ |
| (૩) દરખાસ્તો પડતર રહેવાના શાં કારણો છે, અને | (૩) વિભાજન દરખાસ્ત પડતર રહેવાના કારણો<br>(૧) કેન્દ્ર સરકારની સુચના અનુસાર વસ્તી ગણતરીની કામગીરી ચાલુ હોવાથી બે દરખાસ્તો સરકાર કક્ષાએ પડતર છે. તે તા. ૩૧-૩-૧૧ સુધી નિર્ણય થઈ શકે તેમ નથી.<br>(૨) બે વિભાજનની માગણીઓ જિલ્લા પંચાયતના ઠરાવ પર બાકી છે.<br>(૩) ત્રણ માંગણીઓ તાલુકા કક્ષાએ પૂર્તતા માટે પડતર છે. |
| (૪) તેનાં કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૪) (૧) વિભાગ કક્ષાએ પડતર બે દરખાસ્તોની તા. ૩૧-૩-૧૧ પછી વિચારણા કરવામાં આવશે.<br>(૨) બાકીની દરખાસ્તો વિભાગને મળ્યેથી તા. ૩૧-૩-૧૧ પછી વિચારણા કરવામાં આવશે. |

### ખેડા જિલ્લામાં સહાયક પંચાયત મંત્રીની ભરતી કરવા બાબત

૨૧૧૪૩ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા સહાયક પંચાયત મંત્રીઓની ભરતી કરવામાં આવી, અને | (૧) કોઈ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કેટલી નિમણૂંક કરી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

### દાહોદ જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં જોબકાર્ડ આપવા બાબત

૧૯૭૨૨ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેદરી યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલા જોબ કાર્ડ આપવામાં આવ્યા છે, અને | (૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ દાહોદ જિલ્લામાં તાલુકાવાર જોબકાર્ડ આપવામાં આવ્યા તેની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪૫૦૦૪ |
| ૨ | ગરબાડા | ૨૧૦૯૫ |
| ૩ | ઝાલોદ | ૬૦૦૫૩ |
| ૪ | ફતેપુર | ૩૧૮૯૪ |
| ૫ | લીમખેડા | ૪૫૪૧૯ |
| ૬ | ધાનપુર | ૨૮૫૮૫ |
| ૭ | દે.બારીયા | ૨૬૪૯૪ |

**કુલ.. ૨૫૮૫૪૪**

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે પૈકીના કેટલા પુરષો અને કેટલી મહિલાઓને રોજગારી આપવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તે પૈકીના ૮૩૧૪૨ પુરૂષો અને ૧૦૬૪૧૮ મહિલાઓને રોજગારી આપવામાં આવી.

## સુરત અને ભાવનગર જિલ્લામાં સિંચાઈ શેષની રકમ

૨૦૨૨૬ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત અને ભાવનગર જિલ્લામાં સિંચાઈના શેષની રકમ કેટલા વર્ષથી બાકી છે, અને

(૨) આ રકમની ફાળવણી ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાની સને ૨૦૦૯-૧૦ના વર્ષથી અને ભાવનગર જિલ્લાની સને ૧૯૯૦-૯૧ ના વર્ષથી સિંચાઈ શેષની ગ્રાંટ ફાળવવાની બાકી છે.

(૨) સુરત જિલ્લાની બાકી ગ્રાન્ટની ફાળવણી માટેની દરખાસ્ત કલેક્ટરશ્રી, સુરત તરફથી મળેલ નથી, જે મળ્યેથી તથા ભાવનગર જિલ્લાની બાકી ગ્રાન્ટની દરખાસ્ત તા. ૨૧-૮-૨૦૧૦ ના રોજ મળેલ છે. આ રકમની ફાળવણી માટે ચાલુ વર્ષના સુધારેલ બજેટમાં સમાવેશ કરેલ છે, જે મંજુર થયેથી ફાળવી આપવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લામાં નરેગા યોજનામાં આપેલ રોજગારી

૧૯૭૩૨ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની નરેગા યોજના હેઠળ કેટલા લોકોને સરેરાશ કેટલા દિવસ માટે રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ૧૫૩૭૧ કુટુંબોને સરેરાશ ૪૧ દિવસ માટે રોજગારી આપવામાં આવી.

--------

## ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરેલ પરિવારના નામ

૨૦૫૬૦ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં કુલ કેટલા પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે,

(૨) ગરીબી રેખા હેઠળની યાદીમાં રહી જવા પામેલ અને અન્યાય થયો હોવા અંગેની કેટલી ફરિયાદો તાલુકાવાર મળી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં નીચે મુજબના પરિવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ૦ થી ૧૬ ગુણાંક ધરાવતાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૩૬૯૦ |
| ૨ | બોટાદ | ૨૯૬૯ |
| ૩ | ગઢડા | ૧૯૮૯ |
| ૪ | ગારીયાધાર | ૩૫૦ |
| ૫ | ઘોઘા | ૧૭૦૪ |
| ૬ | મહુવા | ૨૮૧૯ |
| ૭ | પાલીતાણા | ૩૦૧૨ |
| ૮ | શિહોર | ૨૬૪૮ |
| ૯ | તળાજા | ૬૨૨૫ |
| ૧૦ | ઉમરાળા | ૯૫૫ |
| ૧૧ | વલ્લભીપુર | ૧૦૪૯ |
| | **કુલ :** | **૨૭૪૧૦** |

(૨) ભાવનગર જિલ્લામાં કુલ-૩૪૫૪૨ બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટે અરજીઓ મળેલ છે જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવા માટે મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૫૧૨૩ |
| ૨ | બોટાદ | ૭૧૬૮ |
| ૩ | ગઢડા | ૧૭૬૪ |
| ૪ | ગારીયાધાર | ૬૧૭ |
| ૫ | ઘોઘા | ૧૬૫ |
| ૬ | મહુવા | ૨૧૪૨ |
| ૭ | પાલીતાણા | ૩૯૬૧ |
| ૮ | શિહોર | ૭૨૯૧ |
| ૯ | તળાજા | ૩૮૩૩ |
| ૧૦ | ઉમરાળા | ૧૨૫૯ |
| ૧૧ | વલ્લભીપુર | ૧૨૧૯ |
| | **કુલ :** | **૩૪૫૪૨** |

(૩) આ ફરિયાદો પેકી કેટલા પરિવારોનો સમાવેશ બી.પી.એલ. યાદીમાં કરવામાં આવ્યો, અને

(૩) મળેલ અરજીઓ પેકી ૧૯૫૮૪ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે. જ્યારે ૧૪૯૫૮ અરજીઓની વિગતવાર કુટુંબ ફોર્મ ભરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૪) બાકી રહેતા પરિવારોનો સમાવેશ કેટલા સમયમાં કરવામાં આવશે ?

(૪) ફોર્મ ભરાયા બાદ પાત્રતા ધરાવતાં પરિવારોનો સર્વે પૂર્ણ થયે ગ્રામસભાની મંજૂરી બાદ સમાવેશ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

--------

## જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શોચાલયો મંજૂર થયેલ શાળાઓ

૧૯૫૮૪ **: શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માં જામનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ ૧૨૦ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શોચાલયો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) તે પેકી તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ કેટલા શોચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, અને

(૨) તે પેકી તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ શોચાલયોનું કામ પ્રગતિમાં છે.

(૩) બાકી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૩) તમામ કામો ઝડપથી પૂર્ણ થશે.

--------

## પતંગડી ડેમના વિસ્થાપિતોને ફાળવેલ જમીન રદ થવા બાબત

૨૧૧૩૩ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ૧૯૭૯માં હડફ નદી પર બાંધવામાં આવેલ પતંગડી ડેમના વિસ્થાપીતોના પુનઃવસવાટ માટે અસરગ્રસ્તોને ગોધરા અને શહેરા તાલુકાના વાવડી ખુર્દ-બાહી-પાંડવા-બાલુખેડી અને ખુંટાગામે જે તે વર્ષ ફાળવેલ જંગલની જમીન ૧૯૮૦ ના વન સંરક્ષણ કાયદાના કારણે રદ કરવામાં આવેલ તે હકિક્ત સાચી છે.

(૧) હા જી.

(૨) જો હા, તો આવા લોકોને વન અધિકાર કાયદા ૨૦૦૬ ના અમલ હેઠળ કુલ કેટલા અસરગ્રસ્તોએ દાવા અરજીઓ કલેકટરશ્રીના અધ્યક્ષપણા હેઠળની સમિતીમાં દાખલ કરેલ છે, અને

(૨) ૩૫૧.

(૩) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ તે પેકીના કેટલા દાવા મંજૂર કર્યા છે અને કેટલા દાવા નામંજૂર કરવામાં આવ્યા ?

(૩) દાવા અરજીઓ હાલ ચકાસણી હેઠળ છે.

--------

## વનબંધુ કલ્યાણ યોજનામાં સન શાઇન પ્રોજેક્ટમાં કરેલ બજેટ જોગવાઇ

૧૯૮૯૬ : **શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અમલમાં મૂકેલ શન શાઇન પ્રોજેકટમાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમની બજેટમાં જોગવાઇ કરવામાં આવી ?

**જવાબ**

મકાઈના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરવા માટે પ્રોજેક્ટ સનસાઈન રૂપાંતરીત પ્રોજેક્ટ હોઈ છેલ્લા ત્રણ વર્ષમાં આ પ્રોજેકટ માટે કુલ રૂા. ૮૭.૭૩ કરોડની જોગવાઈ નીચે મુજબ કરવામાં આવી છે.

(ક) રાષ્ટ્રિય કૃષિ વિકાસ યોજના (આર.કે.વી.વાય) રૂ. ૪.૮ કરોડ
(ખ) આદિજાતિ વિભાગના બજેટમાંથી રૂ. ૪૩.૩૯ કરોડ
(ગ) બજેટ સિવાયના અન્ય સ્ત્રોતો રૂ. ૩૯.૫૪ કરોડ

--------

## બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ

૨૧૨૫૮ : **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૯-૧૦માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા આદિજાતિ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી, અને

(૨) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૩૦૭૧ વિદ્યાર્થીઓને.

(૨) રૂ. ૫૬,૮૬,૨૬૧/-.

## આણંદ જિલ્લામાં ઇન્દિરા આવાસ મંજૂર કરવા બાબત

૨૦૨૫૩ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અને વર્ષવાર ઇન્દિરા આવાસ માટે કેટલી અરજી આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરી,

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્દિરા આવાસ માટે ૨૬૮૯૭ અરજી આવી, જેની તાલુકાવાર અને વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | કુલ |
| ૧ | આણંદ | ૧૩૦૬ | ૧૨૪૦ | ૨૫૪૬ |
| ૨ | ઉમરેઠ | ૮૧૬ | ૧૭૫૧ | ૨૫૬૭ |
| ૩ | બોરસદ | ૨૦૨૮ | ૪૩૫૧ | ૬૩૭૯ |
| ૪ | આંકલાવ | ૯૩૬ | ૩૩૧૪ | ૪૨૫૦ |
| ૫ | પેટલાદ | ૧૧૫૯ | ૩૨૫૧ | ૪૪૧૦ |
| ૬ | સોજીત્રા | ૪૫૪ | ૧૦૯૫ | ૧૫૪૯ |
| ૭ | ખંભાત | ૯૫૯ | ૨૮૮૮ | ૩૮૪૭ |
| ૮ | તારાપુર | ૪૭૯ | ૮૭૦ | ૧૩૪૯ |
| | **કુલ :** | **૮૧૩૭** | **૧૮૭૬૦** | **૨૬૮૯૭** |

(૨) ૨૬૨૫૭ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૬૪૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી જેની તાલુકાવાર અને વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર/નામંજુર અરજીઓ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા. ૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ | | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | | કુલ | |
| | | મંજુર | નામંજુર | મંજુર | નામંજુર | મંજુર | નામંજુર |
| ૧ | આણંદ | ૧૨૧૯ | ૮૭ | ૧૨૦૯ | ૩૧ | ૨૪૨૮ | ૧૧૮ |
| ૨ | ઉમરેઠ | ૮૦૦ | ૧૬ | ૧૭૫૧ | ૦ | ૨૫૫૧ | ૧૬ |
| ૩ | બોરસદ | ૧૯૭૯ | ૪૯ | ૪૩૫૧ | ૦ | ૬૩૩૦ | ૪૯ |
| ૪ | આંકલાવ | ૯૨૦ | ૧૬ | ૩૨૦૬ | ૧૦૮ | ૪૧૨૬ | ૧૨૪ |
| ૫ | પેટલાદ | ૧૧૩૮ | ૨૧ | ૩૧૮૬ | ૬૫ | ૪૩૨૪ | ૮૬ |
| ૬ | સોજીત્રા | ૪૪૨ | ૧૨ | ૧૦૬૯ | ૨૬ | ૧૫૧૧ | ૩૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૭ | ખંભાત | ૯૪૧ | ૧૮ | ૨૭૨૯ | ૧૫૯ | ૩૬૭૦ | ૧૭૭ |
| ૮ | તારાપુર | ૪૭૦ | ૯ | ૮૪૭ | ૨૩ | ૧૩૧૭ | ૩૨ |
| | **કુલ :** | **૭૯૦૯** | **૨૨૮** | **૧૮૩૪૮** | **૪૧૨** | **૨૬૨૫૭** | **૬૪૦** |

(૩) તાલુકાવાર અને વર્ષવાર કેટલા આવાસ બનાવવાનું આયોજન હતું, અને કેટલા બનાવવામાં આવ્યા,

(૩) તાલુકાવાર અને વર્ષવાર ૨૬૨૫૭ આવાસ બનાવવાનું આયોજન હતુ અને ૨૨૦૯૮ આવાસો બનાવવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર/પૂર્ણ થયેલ આવાસો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | તા. ૧-૨-૦૯ થી તા.૩૧-૧-૧૦ | | તા. ૧-૨-૧૦ થી તા. ૩૧-૧-૧૧ | | કુલ | |
| | | મંજુર | પૂર્ણ | મંજુર | પૂર્ણ | મંજુર | પુર્મ |
| ૧ | આણંદ | ૧૨૧૯ | ૧૫૪૨ | ૧૨૦૯ | ૯૨૫ | ૨૪૨૮ | ૨૪૬૭ |
| ૨ | ઉમરેઠ | ૮૦૦ | ૯૮૬ | ૧૭૫૧ | ૧૧૯૮ | ૨૫૫૧ | ૨૧૮૪ |
| ૩ | બોરસદ | ૧૯૭૯ | ૨૩૬૨ | ૪૩૫૧ | ૩૦૧૧ | ૬૨૩૦ | ૫૩૭૩ |
| ૪ | આંક્લાવ | ૯૨૦ | ૧૧૨૦ | ૩૨૦૬ | ૨૦૯૮ | ૪૧૨૬ | ૩૨૧૮ |
| ૫ | પેટલાદ | ૧૧૩૮ | ૧૩૫૮ | ૩૧૮૬ | ૨૧૮૫ | ૪૩૨૪ | ૩૫૪૩ |
| ૬ | સોજીત્રા | ૪૪૨ | ૪૮૭ | ૧૦૬૯ | ૭૩૧ | ૧૫૧૧ | ૧૨૧૮ |
| ૭ | ખંભાત | ૯૪૧ | ૧૧૬૫ | ૨૭૨૯ | ૧૮૧૧ | ૩૬૭૦ | ૨૯૭૬ |
| ૮ | તારાપુર | ૪૭૦ | ૫૪૨ | ૮૪૭ | ૫૭૭ | ૧૩૧૭ | ૧૧૧૯ |
| | **કુલ :** | **૭૯૦૯** | **૯૫૬૨** | **૧૮૩૪૮** | **૧૨૫૩૬** | **૨૬૨૫૭** | **૨૨૦૯૮** |

(૪) આ આવાસ બનાવવામાં તાલુકાવાર અને વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૪) આવાસ બનાવવામાં તાલુકાવાર અને વર્ષવાર કરેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧-૨-૧૦ થી ૩૧-૧-૧૧ | કુલ |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| ૧ | આણંદ | ૩૭૦.૮૪ | ૪૧૩.૫૭ | ૭૮૪.૪૧ |
| ૨ | ઉમરેઠ | ૨૬૬.૮૪ | ૪૨૦.૧૦ | ૬૮૬.૯૪ |
| ૩ | બોરસદ | ૪૬૧.૬૫ | ૧૪૯૮.૪૯ | ૧૯૬૦.૧૪ |
| ૪ | આંક્લાવ | ૩૦૧.૯૨ | ૫૯૬.૩૦ | ૮૯૮.૨૨ |
| ૫ | પેટલાદ | ૪૧૪.૫૨ | ૮૩૮.૯૩ | ૧૨૫૩.૪૫ |
| ૬ | સોજીત્રા | ૧૧૦.૪૦ | ૨૦૯.૮૧ | ૩૨૦.૨૧ |
| ૭ | ખંભાત | ૨૭૪.૪૬ | ૬૨૮.૦૫ | ૯૦૨.૫૧ |
| ૮ | તારાપુર | ૧૬૦.૪૪ | ૧૯૬.૯૯ | ૩૫૭.૪૩ |
| | **કુલ :** | **૨૩૬૧.૦૭** | **૪૮૦૨.૨૪** | **૭૧૬૩.૩૧** |

(૫) એકથી વધુવાર ઇન્દિરા આવાસ મેળવવાનો લાભ લેનારની ચકાસણી કરવામાં આવી છે, અને

(૫) હા, ચકાસણી કરવામાં આવી છે.

(૬) ચકાસણી કરતાં તાલુકાવાર અને વર્ષવાર કેટલા અરજદાર પકડાયા ?

(૬) ઉમરેઠ તાલુકાના ભાલેજ ગામમાં ચકાસણીની કાર્યવાહી ચાલુ છે જ્યારે આંક્લાવ તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૯ (નવ) અરજદાર પકડાયા છે.

--------

## સુરત જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત

૨૧૩૦૪ **: શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં સરકાર દ્વારા ગરીબ કુટુંબો માટે તહેવારોમાં સસ્તા દરે પામોલીન તેલનું વિતરણ કરવાનું આયોજન કરેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલું પામોલીન તેલનું વિતરણ કરવામાં આવ્યું ?

(૨) ૧ લીટરના ૫,૬૩,૪૨૦ પાઉચ

--------

**સંખેડા તાલુકામાં ટેરેસ તલાવડી બનાવવા બાબત**

૧૯૬૬૪ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સંખેડા તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલી ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) ટેરેસ તલાવડી બનાવવામાં આવેલ નથી. |
| (૨) આ તલાવડી માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રામપરા ગઢીયા ડુંગર પર મોરના થયેલ મૃત્યુ**

૨૧૨૩૭ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વાંકાનેર વિસ્તારના રામપરા ગઢીયા ડુંગર વિસ્તારમાં સિંહોના સંવર્ધન માટે સ્થળાંતર ક્યાં બાદ મોરના કેટલા મૃત્યુ થયા, | (૧) રામપરા અભયારણ્યમાં કોઈ મોરનું મૃત્યુ થયેલ નથી. વાંકાનેરનો ગઢીયો ડુંગર રામપરા અભયારણ્ય થી અંદાજે ૩૫ કિ.મી. દૂર આવેલ અલગ વિસ્તાર છે, જ્યાં ૨૨ મોરના મૃત્યુ થયેલ છે. |
| (૨) સિંહોના કોઇ રોગથી મોરનું મૃત્યુ થયા હતા કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) આ અંગે શી તપાસ કરવામાં આવી અને તેની વિગતો શી છે ? | (૩) મોરના મૃતદેહ પોસ્ટ મોર્ટમ તથા સઘન ચકાસણી અર્થે પશુપાલન ખાતાની લેબોરેટરી અમદાવાદ તથા વેટરનરી કોલેજ આણંદ ખાતે મોકલવામાં આવેલ અને વીશેરા (નમૂના) તથા બનાવના સ્થળ આજુબાજુથી પીવાના પાણી તથા ચણના નમૂના પણ એફ.એસ.એલ. જુનાગઢને મોકલવામાં આવેલ. તમામ નમૂનામાં રાસાયણિક ઝેરની હાજરી જોવા મળેલ નથી. આસી. ડાયરેક્ટર ઓફ એનીમલ હસબંડરી ડીસીઝ ઈન્વેસ્ટીગેશન યુનિટ અમદાવાદ દ્વારા મોકલાયેલ અહેવાલમાં લીવરમાં હીપેટાઈટીસ જોવા મળેલ અને વધુ ચકાસણી માટે નમૂના ભોપાલ ખાતે મોકલેલ છે. વેટરનરી કોલેજ આણંદ દ્વારા બે મોરના અહેવાલમાં ઝેરની હાજરી જણાયેલ છે. |

--------

**કોડીનાર તાલુકાની આલીદર ગ્રામ પંચાયતના હોદ્દેદારોને નોટીસ**

૧૯૭૨૫ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) અન્વયે તા.૧૩-૯-૨૦૧૦ના રોજ જુનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકાની આલીદર ગ્રામ પંચાયતના તમામ હોદ્દેદારોને નોટીસ આપવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત નોટીસ આપ્યા બાદ તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આગળ શી કાર્યવાહી કરવામાં આવેલ છે, | (૨) તા. ૬-૧-૨૦૧૧, તા. ૧૭-૧-૨૦૧૧ તથા તા. ૭-૨-૨૦૧૧ના રોજ સુનાવણી રાખેલ હતી. |
| (૩) પંચાયતના હોદ્દેદારો સામે હવે કોઇ કાર્યવાહી કરવાની થાય છે કે કેમ, અને | (૩) તા. ૩-૩-૨૦૧૧ના રોજ આગામી સુનાવણીની મુદત આપેલ છે. તેમજ ગુજરાત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૫૭(૧) મુજબ કાર્યવાહી કરવામાં આવશે. |
| (૪) જો હા, તો ઉક્ત સ્થિતિએ કરવાની થતી કાર્યવાહીની વિગતો શી છે ? | (૪) આગામી સુનાવણી તા. ૩-૩-૨૦૧૧ ના રોજ રાખેલ છે. સબબ બાબત અર્ધ ન્યાયિક છે. |

--------

**નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેસો**

૧૯૭૩૬ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા જિલ્લામાં ગેરકાયદેસર વૃક્ષ છેદનના કેટલા કેસો નોંધવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલી રકમનું લાકડું જપ્ત કરી કેટલા ઈસમો સામે પગલા લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ સને ૨૦૦૯-૧૦ના વર્ષમાં ૮૭૪ અને વર્ષ ૨૦૧૦-૧૧માં ૪૯૬ મળી વૃક્ષ છેદનના કુલ ૧૩૭૦ કેસો નોંધવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે અંદાજે રૂપિયા ૪૭,૨૫,૯૩૦/-નું લાકડું જપ્ત કરી ૫૦૫ ઈસમો સામે પગલાં લેવામાં આવ્યા.

--------

**ધ્રોલ, જોડિયા, જામનગર અને કાલાવાડ તાલુકાઓમાં બી.પી.એલ. યાદી**

૨૦૧૦૮ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા, જામનગર અને કાલાવાડ તાલુકામાં ડીસે.-૨૦૧૦ની સ્થિતિએ બી.પી.એલ. લાભાર્થીની સંખ્યા કેટલી છે,

(૨) ઘણા લાંબા સમયથી બી.પી.એલ. યાદીમાં નવા લાભાર્થી ઉમેરવાની પ્રક્રિયા ઉપરોક્ત ચાર તાલુકામાં બંધ પડી છે તે ફરિયાદ સરકાર જાણે છે કે કેમ,

(૩) આ પ્રક્રિયા બંધ હોવાને કારણે મોટી સંખ્યામાં બી.પી.એલ. લાભાર્થીઓ યાદીમાં દાખલ ન થઈ શકવાથી તેમને મળતા લાભોથી ગરીબ લોકો વંચીત છે તે ફરિયાદ સરકાર જાણે છે કે કેમ, અને

(૪) ઉપરોક્ત ફરિયાદોના નિકાલ માટે સરકારે શા સ્પષ્ટ આદેશો આપ્યા છે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડીયા, જામનગર અને કાલાવાડ તાલુકામાં ડીસે.-૨૦૧૦ની સ્થિતિએ બી.પી.એલ.ની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ધ્રોલ | ૧૪૬૧ |
| ૨ | જોડિયા | ૧૩૪૫ |
| ૩ | જામનગર | ૪૭૯૧ |
| ૪ | કાલાવાડ | ૧૮૬૮ |
| | કુલ : | ૯૪૬૫ |

(૨) જામનગર જિલ્લાના ધ્રોલ, જોડિયા, જામનગર અને કાલાવાડ તાલુકામાં બી.પી.એલ. યાદીમાં નવા લાભાર્થી ઉમેરવાની પ્રક્રિયા સતત ચાલુ છે જેની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | કુલ મળેલ અરજીઓ | ચકાસણી કરેલ અરજીઓ | ચકાસણી બાદ નામંજૂર કરેલ અરજીઓ | ચકાસણી હેઠળની બાકી અરજીઓ | ચકાસણી બાદ સર્વેની કામગીરી હાથ ધરેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| જામનગર | ૮૦૦૮ | ૪૫૩૫ | ૧૯૩૩ | ૩૪૭૩ | ૨૬૦૨ |
| કાલાવાડ | ૨૦૯૨ | ૧૯૨૫ | ૧૩૯૫ | ૧૬૭ | ૫૩૦ |
| ધ્રોલ | ૧૭૨૫ | ૮૬૧ | ૫૪૬ | ૮૬૪ | ૩૧૫ |
| જોડિયા | ૨૧૪૪ | ૧૯૫૭ | ૧૪૪૨ | ૧૮૭ | ૫૧૫ |
| કુલ : | ૧૩૯૬૯ | ૯૨૭૮ | ૫૩૧૬ | ૪૬૯૧ | ૩૯૬૨ |

(૩) બી.પી.એલ. યાદીમાં લાયક લાભાર્થી ઉમેરવાની પ્રક્રિયા હાલ પ્રગતિમાં હોઈ પ્રશ્ન રહેતો નથી.

(૪) અરજીઓની ચકાસણી પ્રક્રિયા સતત ચાલુ રહેતી પ્રક્રિયા હોઈ કોઈ ફરિયાદનો પ્રશ્ન રહેતો નથી.

--------

**રાજ્યમાં ખેડૂતોના પાકને ખચ્ચર ગધેડા અને નીલગાયથી નુકસાન**

૨૦૦૪૫ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૮-૦૯ અને ૨૦૦૯-૧૦ અને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોના ઉભા પાકને ખચ્ચર, ગધેડા અને નીલગાયથી નુકસાન થતું

**જવાબ**

(૧) હા, જી.

હોવાનું સરકારની જાણમાં છે,

(૨) જો હા, તો આ બાબતે સરકારે કેવા પગલાં લીધા છે,

(૨) આ બાબતે સરકારશ્રીએ નીચે મુજબના પગલા લીધેલ છે, (૧) રાજ્યમાં ખેડૂતોના ખેતરની ફરતે વાડ બનાવવા માટે થતાં ખર્ચમાં ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. (૨) જે વિસ્તારોમાં નીલગાયનો ત્રાસ વધુ હોય તેવા વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ વન્ય પ્રાણી સંરક્ષક તરીકે નિમણૂક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

(૩) આ બાબતે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ એક વર્ષમાં કેટલીવાર મીટીંગો યોજવામાં આવી, અને

(૩) ૧૫૨ મીટીંગો યોજવામાં આવેલ છે.

(૪) તે અન્વયે કોઈ પરિણામ આવ્યું છે કે કેમ?

(૪) વન્ય પ્રાણીઓથી ખેડૂતોના ઉભા પાકને થતું નુકશાન અટકાવવા કાંટાળા તારની વાડ કરી આપેલ છે તેવા વિસ્તારોમાં ખેતીપાકને અસરકારક રક્ષણ મળી રહે છે.

## જૂનાગઢ જિલ્લામાં રાષ્ટ્રીય રોજગારી ગેરંટી યોજનામાં જોબકાર્ડ

૨૦૨૪૦ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં તાલુકાવાર કેટલા ઈસમોને જોબકાર્ડ આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે જોબ કાર્ડ આપેલ શ્રમિકોને કેટલી રોજગારી આપવામાં આવી, અને

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનામાં તાલુકાવાર નીચે મુજબ ઈસમોને જોબકાર્ડ આપવામાં આવ્યા.

| ક્રમ | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧ | ભેંસાણ | ૫૨૯૧ | ૧૦૭૭ |
| ૨ | જૂનાગઢ | ૪૩૨૨ | ૩૬૯૨ |
| ૩ | કેશોદ | ૩૧૯૭ | ૯૩૭ |
| ૪ | કોડીનાર | ૪૩૪૨ | ૪૫૨૬ |
| ૫ | માળિયા | ૬૯૬૮ | ૨૩૩૬ |
| ૬ | માણાવદર | ૪૮૯૨ | ૮૪૫ |
| ૭ | માંગરોળ | ૧૨૭૦૦ | ૧૭૩૩ |
| ક્રમ | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા | |
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૮ | મેંદરડા | ૫૫૮૫ | ૩૦ |
| ૯ | સુત્રાપાડા | ૨૭૯૭ | ૨૫૯૩ |
| ૧૦ | તાલાલા | ૬૨૫૫ | ૩૨૬૪ |
| ૧૧ | ઉના | ૨૪૩૫૩ | ૫૩૪ |
| ૧૨ | વંથલી | ૨૬૫ | ૩૧૬ |
| ૧૩ | વેરાવળ | ૮૯૬૮ | ૧૬૩૯ |
| ૧૪ | વિસાવદર | ૭૮૩૪ | ૫૪૧૫ |
| | **કુલ :** | **૯૭૭૬૯** | **૨૮૯૩૭** |

(૨) જોબકાર્ડ આપેલ શ્રમિકોને માગ આધારે રોજગારી આપવામાં આવી તેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | જોબકાર્ડની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧ | ભેંસાણ | ૧૦૨૪૪ | ૬૨૪૧ |
| ૨ | જૂનાગઢ | ૫૦૩૧ | ૩૫૦૬ |
| ૩ | કેશોદ | ૯૧૨૭ | ૧૭૮૪૭ |
| ૪ | કોડીનાર | ૩૭૮૧ | ૩૮૬૪ |
| ૫ | માળિયા | ૩૧૬૭૦ | ૨૧૭૨૫ |
| ૬ | માણાવદર | ૫૪૨૮ | ૫૧૮૨ |
| ૭ | માંગરોળ | ૧૯૭૮૫ | ૧૧૬૨૪ |
| ૮ | મેંદરડા | ૪૩૩૯ | ૩૫૩૬ |
| ૯ | સુત્રાપાડા | ૫૫૮૦ | ૫૦૪ |
| ૧૦ | તાલાલા | ૭૮૪ | ૧૬૬૫ |
| ૧૧ | ઉના | ૫૬૩૦૯ | ૩૩૩૭૦ |
| ૧૨ | વંથલી | ૬૫૧૫ | ૨૪૯૭ |
| ૧૩ | વેરાવળ | ૧૦૬૫૨ | ૪૬૨૪ |
| ૧૪ | વિસાવદર | ૪૮૪૬ | ૪૮૪૯ |
| | **કુલ :** | **૧૭૪૬૯૧** | **૧૨૧૦૩૪** |

(૩) તેમાં કેટલો ખર્ચ થયો?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧ | ભેંસાણ | ૧૮૭.૦૩ | ૧૯૨૮ |
| ૨ | જૂનાગઢ | ૨૫.૬૯ | ૬૬.૩૮ |
| ૩ | કેશોદ | ૩૭૧.૬૪ | ૧૫૯.૦૪ |
| ૪ | કોડીનાર | ૩૪.૮૧ | ૩૪.૯૮ |
| ૫ | માળિયા | ૬૮૮.૪૨ | ૫૧૭.૨૪ |
| ૬ | માણાવદર | ૮૫.૫૬ | ૧૦૭.૦૩ |
| ૭ | માંગરોળ | ૧૩૮.૨૩ | ૨૨૯.૮૬ |
| ૮ | મેંદરડા | ૯૫.૭૯ | ૮૬.૬૫ |
| ૯ | સુત્રાપાડા | ૨૦.૦૩ | ૧૪.૯૯ |
| ૧૦ | તાલાલા | ૬૦.૯૬ | ૩૯.૨૨ |
| ૧૧ | ઉના | ૧૦૮૦.૮૨ | ૫૯૬.૭૪ |
| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ (રૂ. લાખમાં) | |
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧૨ | વંથલી | ૬૧.૨૩ | ૫૧.૨૮ |
| ૧૩ | વેરાવળ | ૧૧૦.૬૯ | ૨૫૫.૩૨ |
| ૧૪ | વિસાવદર | ૨૯૦.૨૫ | ૨૯૦.૨૫ |
| | કુલ : | ૩૨૫૧.૧૫ | ૨૬૪૧.૭૮ |

--------

એચબી-૭૮૮-૧૬

**કચ્છ જિલ્લામાં તીર્થગામ જાહેર કરવા બાબત**

૨૦૭૦૬ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧માં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલા ગામોને તીર્થગામ જાહેર કરવામાં આવ્યા,

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ - ૦૮
વર્ષ ૨૦૧૦-૧૧ - ૦૦
**કુલ - ૦૮**

(૨) તે પૈકી કેટલાં ગામોને અનુદાનની રકમ આપવામાં આવી અને,

(૨) વર્ષ ૨૦૦૯-૧૦ - ૦૮ ગામો

(૩) કેટલાં ગામોને અનુદાનની રકમ આપવાની બાકી છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં પંચાયત વિભાગમાં પંચાયત મંત્રી અને ગ્રામ સેવકોના વારસદારોને રહેમરાહે નોકરી**

૨૧૨૩૨ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં પંચાયત વિભાગમાં કામ કરતા કેટલા પંચાયત મંત્રી અને ગ્રામસેવકો તાલુકાવાર ફરજ દરમ્યાન અવસાન પામ્યા,

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં પંચાયત વિભાગમાં કામ કરતા પંચાયત મંત્રી અને ગ્રામસેવકોની તાલુકાવાર સંખ્યા.

| તાલુકાનું નામ | અવસાન પામેલ સંખ્યા | |
|---|---|---|
| | પંચાયત મંત્રી | ગ્રામસેવક |
| પાદરા | ૧ | ૧ |
| કરજણ | ૧ | ૦ |
| સાવલી | ૨ | ૦ |
| વાઘોડિયા | ૧ | ૦ |
| શિનોર | ૧ | ૦ |
| જેતપુર-પાવી | ૧ | ૧ |
| કુલ : | ૭ | ૨ |

(૨) ઉક્ત સ્થિતિએ તેમના વારસદારોને રહેમરાહે નોકરી માટેની કેટલી અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તેમના વારસદારોને રહેમરાહે નોકરી માટેની મળેલ અરજીઓ.

| તાલુકાનું નામ | અવસાન પામેલ સંખ્યા | |
|---|---|---|
| | પંચાયત મંત્રી | ગ્રામસેવક |
| પાદરા | ૦ | ૧ |
| કરજણ | ૧ | ૦ |
| સાવલી | ૧ | ૦ |
| વાઘોડિયા | ૦ | ૦ |
| શિનોર | ૧ | ૦ |
| જેતપુર-પાવી | ૧ | ૧ |
| કુલ : | ૪ | ૨ |

(૩) આ અરજીઓ પેકી કેટલી મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને

(૩) આ પેકી કોઈ અરજી મંજૂર થયેલ નથી. પંચાયતમંત્રીના વારસો પેકી કરજણ અને જેતપુર-પાવી તાલુકાની એક-એક એમ બે અરજીઓ નામંજૂર કરાઈ છે.

(૪) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૦-૩-૨૦૦૦ ના ઠરાવ અને ૨૯-૩-૨૦૦૭ ના પરિપત્રની જોગવાઈઓ અન્વયે કુંટુંબ દયનીય સ્થિતિમાં ન હોઈ અરજીઓ નામંજૂર કરાઈ છે.

--------

## આણંદ અને ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજનામાં રોપા રોપવા

૨૧૧૩૯ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રોપાઓનું તાલુકાવાર વાવેતર થયેલ છે,

(૧) આણંદ અને ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર રોપાઓનું વાવેતર થયેલ છે.

| જિલ્લો | તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | |
| **આણંદ** | આણંદ | ૬૩૭૭૫ | ૬૩૭૭૬ | ૧૨૭૫૫૧ |
| | ઉમરેઠ | ૨૬૩૭૫ | ૩૦૩૧૧ | ૫૬૬૮૬ |
| | બોરસદ | ૫૦૦૨૫ | ૬૩૩૭૫ | ૧૧૩૪૦૦ |
| | આંકલાવ | ૪૫૮૭૫ | ૩૬૪૨૨ | ૮૨૨૯૭ |
| | પેટલાદ | ૭૩૭૫૦ | ૫૪૧૭૫ | ૧૨૭૯૨૫ |
| | ખંભાત | ૪૩૭૭૫ | ૩૫૩૧૧ | ૭૯૦૮૬ |
| | તારાપુર | ૩૨૫૦૦ | ૨૯૭૩૦ | ૬૨૨૩૦ |
| | **કુલ** | **૩૩૬૦૭૫** | **૩૧૩૧૦૦** | **૬૪૯૧૭૫** |
| **ખેડા** | નડીયાદ | ૯૨૫૧૦ | ૧૦૩૦૦૦ | ૧૯૫૫૧૦ |
| | મહુધા | ૫૭૫૫૦ | ૩૮૫૧૦ | ૯૬૦૬૦ |
| | ખેડા | ૪૫૫૧૦ | ૪૫૭૧૦ | ૯૧૨૨૦ |
| | માતર | ૪૬૨૦૦ | ૩૫૭૭૨ | ૮૧૯૭૨ |
| | મહેમદાવાદ | ૫૧૯૫૦ | ૫૨૫૯૨ | ૧૦૪૫૪૨ |
| | કઠલાલ | ૪૫૪૫૦ | ૪૧૫૫૧ | ૮૭૦૦૧ |
| | કપડવંજ | ૬૭૮૦૦ | ૫૭૫૦૩ | ૧૨૫૩૦૩ |
| | ઠાસરા | ૬૩૦૨૫ | ૪૪૫૦૯ | ૧૦૭૫૩૪ |
| | બાલાસિનોર | ૭૩૫૩૦ | ૪૦૧૩૩ | ૧૧૩૬૬૩ |
| | વિરપુર | ૬૪૬૧૦ | ૩૯૦૨૨ | ૧૦૩૬૩૨ |
| | **કુલ** | **૬૦૮૧૩૫** | **૪૯૮૩૦૨** | **૧૧૦૬૪૩૭** |

(૨) તે માટે તાલુકાદીઠ કેટલો ખર્ચ થયેલ છે ?

(૩) વાવેતર માટે તાલુકાદીઠ નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| જિલ્લો | તાલુકો | વાવેતર કરેલ રોપાની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | |
| **આણંદ** | આણંદ | ૧૪૬૬૬૪૭ | ૧૫૩૪૧૭૬ | ૩૦૦૦૮૨૩ |
| | ઉમરેઠ | ૭૦૧૬૫૭ | ૬૩૦૧૦૮ | ૧૩૩૧૭૬૫ |
| | બોરસદ | ૧૨૧૮૬૭૭ | ૧૩૯૭૧૯૬ | ૨૬૧૫૮૭૩ |
| | આંકલાવ | ૧૦૫૩૩૯૪ | ૭૯૪૪૮૪ | ૧૮૪૭૮૭૮ |
| | પેટલાદ | ૧૫૯૦૫૮૮ | ૧૩૪૨૪૦૪ | ૨૯૩૨૯૯૨ |
| | ખંભાત | ૯૯૧૫૩૬ | ૭૬૬૯૬૭ | ૧૭૫૮૫૦૩ |
| | તારાપુર | ૭૦૨૯૬૦ | ૬૫૭૫૩૪ | ૧૩૬૦૪૯૪ |
| **ખેડા** | નડીયાદ | ૧૪૪૨૮૪૦ | ૧૪૧૮૮૩૯ | ૨૮૬૧૬૭૯ |
| | મહુધા | ૯૫૧૬૬૧ | ૮૫૧૩૦૩ | ૧૮૦૨૯૬૪ |
| | ખેડા | ૮૨૮૮૬૬ | ૧૦૦૬૦૮૫ | ૧૮૩૪૯૫૧ |
| | માતર | ૭૮૨૮૧૭ | ૭૭૩૯૧૨ | ૧૫૫૬૭૨૯ |
| | મહેમદાવાદ | ૧૦૨૮૪૦૮ | ૧૧૦૯૨૭૪ | ૨૧૩૭૬૮૨ |
| | કઠલાલ | ૭૩૬૭૬૯ | ૯૨૮૬૯૪ | ૧૬૬૫૪૬૩ |
| | કપડવંજ | ૧૨૭૩૯૯૮ | ૧૨૧૨૪૬૩ | ૨૪૮૬૪૬૧ |
| | ઠાસરા | ૧૧૯૭૨૫૧ | ૧૦૦૬૦૮૫ | ૨૨૦૩૩૩૬ |
| | બાલાસિનોર | ૧૧૦૫૧૫૪ | ૯૦૨૮૯૭ | ૨૦૦૮૦૫૧ |
| | વિરપુર | ૧૦૨૮૪૦૮ | ૮૭૭૧૦૦ | ૧૯૦૫૫૦૮ |
| | **કુલ** | **૧૦૩૭૬૧૭૨** | **૧૦૦૮૬૬૫૨** | **૨૦૪૬૨૮૨૪** |

(૩) આ વાવેતર પેકી તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કેટલા રોપા નાશ પામેલ છે અને કેટલા રોપા જીવંત છે ?

આ વાવેતર પેકી તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ નીચે પ્રમાણે રોપા જીવંત છે તેમજ નાશ પામેલ છે.

| જિલ્લો | તાલુકો | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ | |
|---|---|---|---|---|---|
| | | જીવંત રોપા (સંખ્યા) | નાશ પામેલ રોપા (સંખ્યા) | જીવંત રોપા (સંખ્યા) | નાશ પામેલ રોપા (સંખ્યા) |
| **આણંદ** | આણંદ | ૪૨૨૫૭ | ૨૧૫૧૮ | ૪૯૧૮૯ | ૧૪૫૮૭ |
| | ઉમરેઠ | ૧૭૩૯૨ | ૮૯૮૩ | ૨૪૧૦૪ | ૬૨૦૭ |
| | બોરસદ | ૩૪૨૦૦ | ૧૫૮૨૫ | ૫૦૨૯૧ | ૧૩૦૮૪ |
| | આંકલાવ | ૨૯૭૫૨ | ૧૬૧૨૩ | ૨૮૨૩૭ | ૮૧૮૫ |
| | પેટલાદ | ૪૬૪૦૪ | ૨૭૩૪૬ | ૪૦૪૩૮ | ૧૩૭૩૭ |
| | ખંભાત | ૨૭૮૭૮ | ૧૫૮૯૭ | ૨૬૯૨૫ | ૮૩૮૬ |
| | તારાપુર | ૨૦૮૯૮ | ૧૧૬૦૨ | ૨૧૮૭૯ | ૭૮૫૧ |
| | **કુલ** | **૨૧૮૭૮૧** | ૧૧૭૨૯૪ | ૨૪૧૦૬૩ | ૭૨૦૩૭ |
| **ખેડા** | નડીયાદ | ૬૬૬૪૪ | ૨૫૮૬૬ | ૮૧૯૯૮ | ૨૧૦૦૨ |
| | મહુધા | ૪૧૯૯૭ | ૧૫૫૫૩ | ૩૧૫૯૭ | ૬૯૧૩ |
| | ખેડા | ૩૮૫૧૦ | ૭૦૦૦ | ૩૭૭૫૬ | ૭૯૫૪ |
| | માતર | ૩૩૯૧૦ | ૧૨૨૯૦ | ૨૯૮૦૮ | ૫૯૬૪ |
| | મહેમદાવાદ | ૩૩૯૬૪ | ૧૭૯૮૬ | ૪૪૬૫૦ | ૭૯૪૨ |
| | કઠલાલ | ૩૩૫૯૨ | ૧૧૮૫૮ | ૩૫૪૬૭ | ૬૦૮૪ |
| | કપડવંજ | ૪૭૮૫૩ | ૧૯૯૪૭ | ૪૭૫૮૩ | ૯૯૨૦ |
| | ઠાસરા | ૪૬૫૫૧ | ૧૬૪૭૪ | ૩૭૭૭૪ | ૬૭૩૫ |
| | બાલાસિનોર | ૫૭૫૪૦ | ૧૫૯૯૦ | ૩૪૧૧૩ | ૬૦૨૦ |
| | વિરપુર | ૪૮૭૦૩ | ૧૫૯૦૭ | ૩૩૦૧૬ | ૬૦૦૬ |
| | **કુલ** | **૪૪૯૨૬૪** | **૧૫૮૮૭૧** | **૪૧૩૭૬૨** | **૮૪૫૪૦** |

**ખેડા જિલ્લામાં નીલગાયથી રક્ષણ માટેની સહાય**

૨૧૨૪૧ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં ખેડુતોને નીલગાય(રોઝ)થી રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે ખેડુતોને કેટલી સહાય આપવામાં આવે છે,

**જવાબ**

(૧) સરકારશ્રીએ વન્યપ્રાણીઓ દ્વારા ખેડુતોના પાક્ને થતું નુક્સાન અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં મૂકેલ છે. જે અન્વયે ખેડૂતે બનાવેલ વાડ માટે થયેલ ખર્ચની રક્મ અથવા વન ખાતાએ લોખંડના કાંટાળા તારની વાડ માટે નક્કી કરેલ ડીઝાઈનના એસ.ઓ.આર. પ્રમાણે જે રક્મ થતી હોય તે પેકી જે ઓછું હોય તેના ૫૦% રક્મ સહાય તરીકે ચુક્વવામાં આવે છે.

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ સહાય માટે અરજી કરી છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોએ સહાય માટે અરજી કરેલ છે.

| તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|
| નડીયાદ | ૩ |
| કઠલાલ | ૬ |
| માતર | ૧ |
| મહેમદાવાદ | ૧૪ |
| કપડવંજ | ૪૩ |
| ઠાસરા | ૪૧ |
| બાલાસિનોર | ૬ |
| વીરપુર | ૯ |
| મહુધા | ૧૪ |
| ખેડા | ૨૯ |
| **કુલ.** | **૧૬૬** |

(૩) કેટલા ખેડુતોની અરજી મંજૂર કરી કેટલી સહાય ચુક્વવામાં આવી છે, અને

(૩) તાલુકાવાર નીચે મુજબ ખેડૂતોની અરજી મંજુર કરી સહાય ચુક્વવામાં આવેલ છે.

| તાલુકો | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ | |
|---|---|---|---|---|
| | મંજુર કરેલ અરજીઓ | ચુક્વેલ સહાય (લાખમાં) | મંજુર કરેલ અરજીઓ | ચુક્વેલ સહાય (લાખમાં) |
| નડીયાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| કઠલાલ | ૦ | ૦ | ૦ | ૦ |
| માતર | ૦ | ૦ | ૦ | ૦ |
| મહેમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| કપડવંજ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઠાસરા | ૨૬ | ૭.૩૦ | ૬ | ૨.૭૮ |
| બાલાસિનોર | ૦ | ૦ | ૦ | ૦ |
| વિરપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| મહુધા | ૧ | ૦.૭૩ | ૦ | ૦ |
| ખેડા | ૨ | ૦.૮૧ | ૦ | ૦ |
| **કુલ** | **૨૯** | **૮.૮૪** | **૬** | **૨.૭૮** |

(૪) બાકીના ખેડૂતોને ક્યારે સહાય આપવામાં આવશે ?

(૪) બાકીના ખેડુતોને તેમની અરજીની અગ્રતા ક્રમ મુજબ અને ગ્રાન્ટની ઉપલબ્ધિ મુજબ સહાય ચુક્વવામાં આવશે.

--------

**કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસ**

૧૯૮૬૫ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ તાલુકાવાર કુલ કેટલા કેસો પડતર છે,

**જવાબ**

(૧)

| | |
|---|---|
| ભુજ | ૧૦૨ |
| માંડવી | ૪૨ |

| | |
|---|---|
| મુન્દ્રા | ૦૭ |
| અંજાર | ૨૭ |
| ભચાઉ | ૦૫ |
| રાપર | ૦૩ |
| ગાંધીધામ | ૪૬ |
| નખત્રાણા | ૦૬ |
| અબડાસા | ૦૬ |
| લખપત | ૦૩ |
| **કુલ કેસો** | **૨૪૭** |

(૨) તા.૧-૧-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કુલ નવા કેટલા કેસો રજૂ થયા, અને

(૨) ૨૪૬ કેસો.

(૩) ઉક્ત સમયગાળા દરમ્યાન કુલ કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો ?

(૩) કુલ ૪૦૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો, તે પૈકી ૬૦ કેસો સને ૨૦૧૦ના વર્ષના અને બાકીના ૩૪૪ કેસો અગાઉના વર્ષોના છે.

--------

## લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં સસ્તા અનાજની દુકાનોના સ્ટોકની તપાસણી

૧૯૭૨૯ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોના સ્ટોક-સ્ટોરની નિયમિત તપાસણી થાય છે કે કેમ,

(૨) જો હા, તો લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી દુકાનોની તપાસણી, (અ) કલેક્ટર, (બ) જિલ્લા પુરવઠા અધિકારી, (ક) મામલતદાર અને, (ડ) તાલુકા પુરવઠા ઇન્સ્પેક્ટર ધ્વારા કેટલીવાર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) હા જી,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લુણાવાડા અને ખાનપુર તાલુકાની સસ્તા અનાજની દુકાનોની કરાયેલ તપાસોની વર્ષવાર વિગતો નીચે મુજબ છે.

| **તપાસણી અધિકારીશ્રીની વિગત** | | **લુણાવાડા તાલુકો** | | **ખાનપુર તાલુકો** | |
|---|---|---|---|---|---|
| | | તપાસોની સંખ્યા | | તપાસોની સંખ્યા | |
| | | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૦૯ | વર્ષ ૨૦૧૦ |
| અ | ક્લેકટર | - | - | - | - |
| બ | જીલ્લા પુરવઠા અધિકારી | - | - | - | - |
| ક | મામલતદાર | ૧ | ૩ | ૧૩ | ૨ |
| ડ | પુરવઠા નીરીક્ષક/ નાયબ મામલતદાર | ૩૨ | ૩૧ | ૧૮ | ૧૪ |
| | **કુલ** | **૩૩** | **૩૪** | **૩૧** | **૧૬** |

(૩) તેમાં કઇ જાતની ગેરરિતીઓ માલુમ પડી, અને

(૩)

(૧) હાજર જથ્થામાં વધ-ઘટ

(૨) દુકાનનું સંચાલન અન્ય વ્યક્તિ ધ્વારા કરવામાં આવે છે.

(૩) પરવાનામાં દર્શાવેલ ધંધાના સ્થળ સિવાય અન્ય સ્થળે દુકાનનું સંચાલન કરવામાં આવે છે.

(૪) રેશનકાર્ડમાં જથ્થો આપ્યાની નોંધ કર્યા સિવાય જથ્થાનું વેચાણ બતાવી અનઅધિકૃત રીતે જથ્થો વગે કરેલ છે.

(૫) હિસાબી રેકર્ડ અદ્યતન રાખવામાં આવેલ નથી.

(૪) તેના સંદર્ભમાં શું કાર્યવાહી કરવામાં આવી ?

(૪) તપાસમાં જણાવેલ ક્ષતિઓ/ગેરરીતીઓ ને અનુલક્ષીને ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતનો) હુકમ ૨૦૦૪ અન્વયે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી, જેમાં રૂા.૫૪,૨૫૦/- ની રકમ પરવાના અનામત પેટે રાજ્યસાત કરવામાં આવી, રૂા.૧,૨૯,૮૯૦/- ની રકમનો દંડ કરવામાં આવ્યો ૬ પરવાના મોકુફ અને ૧ પરવાનો રદ કરવામાં આવ્યો.

**બનાસકાંઠા જિલ્લામાં જંગલની જમીનના હક્કો આપવા બાબત**

૨૧૨૬૩ **: શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જંગલની જમીન ખેડતા ખેડૂતોને જમીનના હક્ક આપવા કેટલી અરજીઓ આવી,

(૧)

| ક્રમ | વર્ષ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૮ | ૯૪૮૮ |
| ૨ | ૨૦૦૯ | ૦૦ |
| ૩ | ૨૦૧૦ | ૦૦ |
| | કુલ | ૯૪૮૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | મંજૂર અરજીઓ |
|---|---|---|
| ૧ | ૨૦૦૮ | ૦૦ |
| ૨ | ૨૦૦૯ | ૧૪૨૨ |
| ૩ | ૨૦૧૦ | ૨૦૨૫ |
| | કુલ | ૩૪૪૭ |

(૩) અરજીઓ નામંજૂર કરવામાં આવેલ હોઈ તો તેના મુખ્ય કારણો શા છે?

(૩) કાયદો-૨૦૦૬ની જોગવાઈઓ મુજબ (૧) દાવેદારની લાયકાત, (૨) કલમ ૪(૩) અને (૬) મુજબ વન જમીનનો કબજો, (૩) વન વિસ્તાર સિવાયની જમીન પરના દાવા, (૪) ફોરેસ્ટ સેટલમેન્ટ રીપોર્ટ, વન ગુના તપાસ કે અન્ય રેકર્ડ આધારીત પુરાવા, નિયમ-૧૩ માં દર્શાવેલ પુરાવાના અભાવે અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં વોટરશેડ યોજના**

૧૯૬૮૯ **: શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર વોટરશેડ યોજના હેઠળ કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે,

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૦-૧૧ માં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ વોટરશેડ યોજના હેઠળ ૭ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર થયેલ પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાવ | ૪ |
| ૨ | થરાદ | ૩ |
| | કુલ | ૭ |

(૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા,

(૨) પ્રોજેક્ટો તા. ૨૪-૧૨-૨૦૧૦ના રોજ મંજૂર થયેલ હોવાથી ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની

| | |
|---|---|
| | કામગીરી ચાલુ છે. |
| (૩) કેટલા કામો પ્રગતિ હેઠળ છે, અને | (૩) પ્રોજેક્ટો તા. ૨૪-૧૨-૨૦૧૦ના રોજ મંજૂર થયેલ હોવાથી ડીટેલ પ્રોજેક્ટ રીપોર્ટ બનાવવાની કામગીરી ચાલુ છે. |
| (૪) તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) ભારત સરકારની નવી ગાઈડલાઈન ૨૦૦૮ અન્વયે પ્રોજેક્ટ મંજૂરીની તારીખથી પ્રોજેક્ટ પૂર્ણ થવાની અવધિ ૫ થી ૭ વર્ષ નક્કી કરેલ હોઈ, તે સમયમર્યાદામાં કામો પૂર્ણ કરવામાં આવશે. |

**ડાંગ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના**

૨૧૨૯૬ **: શ્રી વિજયભાઈ ૨.પટેલ (ડાંગ-વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલ સંકલિત ડેરી વિકાસ યોજનાથી ડાંગ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં દૂધના ઉત્પાદનમાં કેટલો વધારો થયો, અને | (૧) ૪૪,૩૪,૭૫૦ લીટર |
| (૨) તેના થકી ડાંગ જિલ્લાના આદિવાસી લાભાર્થીઓની આવકમાં કેટલો વધારો થયો? | (૨) રૂ. ૭,૬૯,૦૭,૦૪૭/- |

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજનામાં કેન્દ્ર સરકારે આપેલ નાણાં**

૨૦૦૭૫ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકારે કેટલા નાણાંની ફાળવણી કરી, અને | (૧) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી ગેરંટી યોજના તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકારે ફાળવેલ નાણાંની વિગત નીચે મુજબ છે. |

ફાળવેલ ગ્રાન્ટ

| વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૦૯ | ૫૨૪૧૮.૩૮ |
| ૨૦૧૦ | ૭૪૩૪૨.૦૭ |

| | |
|---|---|
| (૨) તે અન્વયે રોજગારીનો દર શો છે ? | (૨) તે અન્વયે રોજગારીનો દર રૂ. ૧૦૦/- છે. |

**દાહોદ જિલ્લામાં પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો**

૧૯૭૨૩ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારો ખોલવામાં આવ્યા, | (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ ૧૩ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડાર ખોલવામાં આવેલ છે. |

| અ.નં. | તાલુકાનું નામ | ખોલેલ ભંડાર |
|---|---|---|
| ૧ | દાહોદ | ૭ |
| ૨ | ઝાલોદ | ૩ |
| ૩ | ફતેપુરા | ૧ |
| ૪ | ગરબાડા | ૧ |
| ૫ | દેવગઢબારીયા | ૧ |
| | **કુલ** | **૧૩** |

| | |
|---|---|
| (૨) સરકારની યોજના મુજબ કેટલા નવા ભંડારો ખોલવાના બાકી છે, અને | (૨) ૨૪ |

(૩) તે બાકીના નવા ભંડારો ક્યારે ખોલવામાં આવશે?

(૩) નિયમોનુસારની કાર્યવાહી પૂર્ણ થયેથી.

**ગઢડા તાલુકાના ઢસા જંક્શન ખાતે ગ્રામ પંચાયતની જમીન ઉપર દબાણ**

૨૦૨૨૭ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગઢડા તાલુકાના ઢસા જંક્શન ખાતે ગ્રામ પંચાયતની જમીન પર દબાણ કરેલાની ફરિયાદ આવેલ છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, હોય તો આ દબાણ દૂર થયેલ છે, અને

(૨) ના, જી.

(૩) દબાણ દૂર થયેલ ન હોય તો જવાબદાર પર શાં પગલાં લીધેલ છે ?

(૩) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૫૦ મુજબ દબાણદારોને નોટીસો આપેલ છે.

--------

**સચિવાલયના પંચાયત વિભાગમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

૧૯૭૩૩ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ગાંધીનગર સચિવાલય ખાતે પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગમાં મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર થયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૧૫ |
| ૨ | વર્ગ-૨ | ૨૩ |
| ૩ | વર્ગ-૩ | ૯૮ |
| ૪ | વર્ગ-૪ | ૨૫ |
| | **કુલ :** | **૧૬૧** |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૦૨ |
| ૨ | વર્ગ-૨ | ૦૭ |
| ૩ | વર્ગ-૩ | ૨૭ |
| ૪ | વર્ગ-૪ | ૧૦ |
| | **કુલ :** | **૪૬** |

નિવૃત્તિ, બદલી તથા બઢતીના કારણે અલગ-અલગ સમયથી જગ્યાઓ ખાલી છે.

(૩) આવી ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શાં છે ?

(૩) વહીવટી કારણોસર

**ભાવનગર જિલ્લામાં ચેરનું વાવેતર**

૨૦૫૬૧ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં ચેરના વાવેતર કરવામાં આવેલ છે ?

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નીચે મુજબના તાલુકામાં ચેરના વાવેતર કરવામાં આવેલ છે.

| **તાલુકો** | **વિસ્તાર હેક્ટરમાં** |
|---|---|
| ભાવનગર | ૧૩૮૫ |
| તળાજા | ૬૪૫ |
| મહુવા | ૩૭ |
| **કુલ :** | **૨૦૬૭** |

**વનબંધુ કલ્યાણ યોજનામાં ડ્રાઈવરોને તાલીમ**

૨૧૧૩૪ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વનબંધુ કલ્યાણ યોજના હેઠળ મારૂતી ઉદ્યોગ

(૧) ૨૦૦૯-૧૦ માં ૧૭૬

કંપની લી. દ્વારા ચલાવવામાં આવતી ડ્રાઈવર તાલીમ દ્વારા તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાને તાલીમ આપી તેયાર કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કંપનીને કેટલી રકમ ચૂકવવામાં આવી ?

૨૦૧૦-૧૧માં ૫૨૬
------
**કુલ : ૭૦૨**

(૨) આ રકમ કંપનીને ચૂકવવામાં આવેલ નથી પરંતુ ઓલ ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ડ્રાઈવીંગ, ટેકનીકલ ટ્રેઈનીંગ એન્ડ રીસર્ચ સોસાયટીને ચૂકવવામાં આવેલ છે.

૨૦૦૯-૧૦ રૂા. ૮૩,૩૪,૮૦૦/-
૨૦૧૦-૧૧ રૂા. ૪૫,૦૧,૦૨૦/-
------------------
**કુલ : રૂા. ૧,૨૫,૩૫,૮૨૦/-**

--------

**વલસાડ જિલ્લામાં નર્સરી અને વનીકરણ માટે થયેલ ખર્ચ**

૨૦૧૦૨ : **શ્રી જીતુભાઈ ચૌધરી (મોટા પોંઢા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાના ઉત્તર અને દક્ષિણ વન વિભાગ દ્વારા નર્સરી અને વનીકરણ માટે રેન્જ વાર કેટ કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એટલે કે સને ૨૦૦૯-૧૦ (તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ) વલસાડ જિલ્લાના ઉત્તર અને દક્ષિણ વન વિભાગ દ્વારા નર્સરી અને વનીકરણ માટે રેન્જ વાર નીચેની વિગતે ખર્ચ કરવામાં આવ્યો,

| વર્ષ | વિભાગનું | રેન્જનું નામ | નર્સરીમાં | વનીકરણ | કુલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૨૦૦૯ | વલસાડ | વલસાડ | ૦.૩૪ | ૭.૬૫ | ૭.૯૯ |
| | | ધરમપુર | ૫.૦૯ | ૭૫.૭૧ | ૮૦.૮૦ |
| | | પંગારબારી | ૫.૫૯ | ૮૬.૬૧ | ૯૨.૨૦ |
| | | હનમતમાળ | ૫.૭૩ | ૯૦.૧૮ | ૯૫.૯૧ |
| | | કુલ : | ૧૬.૭૫ | ૨૬૦.૧૫ | ૨૭૬.૯૦ |
| | વસસાડ | કપરાડા | ૨૧.૨૪ | ૮૧.૬૨ | ૧૦૨.૮૬ |
| | | નાના પોંઢા | ૨૦.૫૬ | ૮૧.૧૫ | ૧૦૧.૭૧ |
| | | લવકર | ૧૮.૫૪ | ૮૭.૫૯ | ૧૦૬.૧૩ |
| | | ફત્તેપુર | ૧૭.૩૨ | ૮૭.૫૦ | ૧૦૪.૮૨ |
| | | સંજાણ | ૧૨.૧૪ | ૪૮.૪૯ | ૬૦.૬૩ |
| | | વાપી | ૦.૦૫ | ૧.૩૫ | ૧.૪૦ |
| | | કુલ : | ૮૯.૮૫ | ૩૮૭.૭૦ | ૪૭૭.૫૫ |
| | | એકંદર કુલ : | ૧૦૬.૬૦ | ૬૪૭.૮૫ | ૭૫૪.૪૫ |
| વર્ષ | વિભાગનું | રેન્જનું નામ | નર્સરીમાં | વનીકરણ | કુલ ખર્ચ |
| ૨૦૧૦ | વલસાડ | વલસાડ | ૦ | ૦ | ૦ |
| | | ધરમપુર | ૧૯.૮૭ | ૭૭.૭૦ | ૯૭.૫૭ |
| | | પંગારબારી | ૭.૩૩ | ૫૦.૬૯ | ૫૮.૦૨ |
| | | હનમતમાળ | ૧૨.૯૪ | ૬૬.૫૭ | ૭૯.૫૧ |
| | | કુલ : | ૪૦.૧૪ | ૧૯૪.૯૬ | ૨૩૫.૧૦ |
| | વલસાડ | કપરાડા | ૧૬.૩૭ | ૭૪.૮૦ | ૯૧.૧૭ |
| | | નાના પોંઢા | ૧૪.૭૧ | ૭૩.૮૯ | ૮૮.૬૦ |
| | | લવકર | ૧૫.૭૦ | ૭૧.૫૭ | ૮૭.૨૭ |
| | | ફત્તેપુર | ૧૪.૧૬ | ૬૩.૪૮ | ૭૭.૬૪ |
| | | સંજાણ | ૦.૭૩ | ૮.૮૭ | ૯.૬૦ |
| | | વાપી | ૦.૪૫ | ૧.૭૪ | ૨.૧૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | વાપી | ૦.૪૫ | ૧.૭૪ | ૨.૧૯ |
| | | કુલ : | ૬૨.૧૨ | ૨૯૪.૩૫ | ૩૫૬.૪૭ |
| | | એકંદર કુલ : | ૧૦૨.૨૬ | ૪૮૯.૩૧ | ૫૯૧.૫૭ |

(૨) આ ખર્ચ મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાંથી કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) કુલ રૂા. ૫૯૧.૫૭ લાખના ખર્ચ પેકી રૂા. ૮૦.૯૭ લાખનો ખર્ચ મહાત્મા ગાંધી રોજગાર ગેરંટી યોજનામાંથી કરવામાં આવેલ છે.

(૩) તે અન્વયે કેટલા માનવદિનની રોજગારી ઉત્પન્ન થયેલ છે ?

(૪) નરેગા યોજના હેઠળ કુલ : ૪૮૫૮૨ માનવદિનની રોજગારી ઉત્પન્ન થયેલ છે.

--------

**આણંદ જિલ્લામાં સરદાર આવાસ**

૨૦૨૫૪ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર કેટલા સરદાર આવાસ બનાવવા અરજીઓ આવી,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આવાસ બનાવવા અરજીઓ આવી | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
| ૧ | આણંદ | ૧૦૮૮ | ૧૧૦૪ |
| ૨ | ઉમરેઠ | ૫૨૬ | ૭૩૦ |
| ૩ | બોરસદ | ૧૦૨૧ | ૩૩૪૦ |
| ૪ | આંકલાવ | ૪૦૫ | ૧૧૪૨ |
| ૫ | પેટલાદ | ૭૫૪ | ૧૭૨૮ |
| ૬ | સોજીત્રા | ૧૦૯ | ૫૫૦ |
| ૭ | ખંભાત | ૬૪૨ | ૫૪૪ |
| ૮ | તારાપુર | ૧૧૩ | ૪૨૨ |
| | કુલ | ૪૬૫૮ | ૯૫૬૦ |

(૨) કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી નામંજૂર કરી,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓ મંજૂર/નામંજૂરની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | | વર્ષ ૨૦૧૦-૧૧ | |
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | આણંદ | ૧૦૮૮ | ૦ | ૮૭૦ | ૨૩૪ |
| ૨ | ઉમરેઠ | ૫૧૬ | ૧૦ | ૭૦૯ | ૨૧ |
| ૩ | બોરસદ | ૯૬૭ | ૫૪ | ૩૧૯૧ | ૧૪૯ |
| ૪ | આંકલાવ | ૩૮૬ | ૧૯ | ૧૦૪૯ | ૯૩ |
| ૫ | પેટલાદ | ૬૯૧ | ૬૩ | ૧૬૯૯ | ૨૯ |
| ક્રમ | તાલુકાનું નામ | અરજીઓ મંજૂર/નામંજૂરની સંખ્યા | | | |
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | | વર્ષ ૨૦૧૦-૧૧ | |
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૬ | સોજીત્રા | ૧૦૯ | ૦ | ૫૫૦ | ૦ |
| ૭ | ખંભાત | ૬૩૨ | ૧૦ | ૫૪૧ | ૩ |
| ૮ | તારાપુર | ૧૦૧ | ૧૨ | ૪૦૦ | ૨૨ |
| | કુલ | ૪૪૯૦ | ૧૬૮ | ૯૦૦૯ | ૫૫૧ |

(૩) કેટલા આવાસો તાલુકાવાર અને વર્ષવાર બનાવવામાં આવ્યા,

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | આવાસ બનાવવામાં આવ્યા | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
| ૧ | આણંદ | ૩૪૭ | ૧૦૨૦ |
| ૨ | ઉમરેઠ | ૧૭૧ | ૬૬૨ |
| ૩ | બોરસદ | ૩૯૨ | ૯૪૭ |
| ૪ | આંકલાવ | ૧૪૫ | ૧૭૬ |
| ૫ | પેટલાદ | ૨૬૧ | ૭૩૯ |
| ૬ | સોજીત્રા | ૧૦૯ | ૧૪૫ |
| ૭ | ખંભાત | ૩૨૩ | ૪૫૩ |
| ૮ | તારાપુર | ૯૦ | ૧૪૦ |
| | **કુલ** | **૧૮૩૮** | **૪૨૮૨** |

(૪) કેટલા આવાસોની સોંપણી કરવામાં આવી,

(૪)

| ક્રમ | તાલુકાનું નામ | આવાસોની સોંપણી કરી | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
| ૧ | આણંદ | ૩૪૭ | ૧૦૨૦ |
| ૨ | ઉમરેઠ | ૧૭૧ | ૬૬૨ |
| ૩ | બોરસદ | ૩૯૨ | ૯૪૭ |
| ૪ | આંકલાવ | ૧૪૫ | ૧૭૬ |
| ૫ | પેટલાદ | ૨૬૧ | ૭૩૯ |
| ૬ | સોજીત્રા | ૧૦૯ | ૧૪૫ |
| ૭ | ખંભાત | ૩૨૩ | ૪૫૩ |
| ૮ | તારાપુર | ૯૦ | ૧૪૦ |
| | કુલ | ૧૮૩૮ | ૪૨૮૨ |

(૫) આ આવાસના બાંધકામ પાછળ તાલુકાવાર અને વર્ષવાર સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૫)

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ રૂ. લાખમાં | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૯-૧૦ | વર્ષ ૨૦૧૦-૧૧ |
| ૧ | આણંદ | ૧૭૫.૧૬ | ૩૦૪.૭૦ |
| ૨ | ઉમરેઠ | ૬૮.૮૭ | ૧૫૧.૩૨ |
| ૩ | બોરસદ | ૧૧૩.૬૩ | ૩૦૨.૬૭ |
| ૪ | આંકલાવ | ૫૮.૦૦ | ૧૭૦.૪૭ |
| ૫ | પેટલાદ | ૮૧.૯૮ | ૨૫૮.૧૩ |
| ૬ | સોજીત્રા | ૪૯.૦૫ | ૭૨.૯૮ |
| ૭ | ખંભાત | ૧૬૨.૮૧ | ૧૩૫.૩૪ |
| ૮ | તારાપુર | ૪૧.૯૨ | ૬૧.૯૮ |
| | કુલ | ૭૫૧.૪૨ | ૧૪૫૭.૫૯ |

(૬) બી.પી.એલ. યાદી ક્રમાંકનો ભંગ કરી આવાસ મંજૂર થયા હોય તેવી વર્ષવાર અને તાલુકાવાર કેટલી ફરિયાદ આવી?

(૬) વર્ષ ૨૦૦૯-૧૦ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં કોઈ ફરિયાદ મળેલ નથી.

**વડોદરા જિલ્લામાં એકલવ્ય મોડેલ સ્કુલ મંજૂર કરવા બાબત**

૨૦૫૬૭ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં વનબંધુ યોજના હેઠળ કેટલી એકલવ્ય મોડેલ શાળા મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) તે પૈકી સંખેડા તાલુકામાં કેટલી એકલવ્ય શાળા મંજૂર કરવાની માંગણી આવેલ છે?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) શૂન્ય.

**વાંકાનેરના રામપરા ગઢીયા ડુંગરમાં સિંહોના સવર્ધન કરવા બાબત**

૨૧૨૩૮ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૧ની સ્થિતિએ વાંકાનેર વિસ્તારના રામપરા ગઢીયા ડુંગર વિસ્તારમાં સિંહોના સંવર્ધન માટે શી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે,

(૨) માળખાકીય સુવિધાઓ શી શી ઉભી કરવામાં આવી છે અને કઈ કઈ સુવિધાઓ ઊભી કરવાનું આયોજન છે,

**જવાબ**

(૧) વાંકાનેર વિસ્તારના ગઢીયા ડુંગરમાં નહી પરંતુ રામપરા અભયારણ્ય મુકામે જીનપુલ બ્રિડીંગ સેન્ટર (સંવર્ધન) માટેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૨) રામપરા મુકામે સિંહોના સંવર્ધન માટે તૈયાર કરવામાં આવેલ જીનપુલમાં સિંહોના એન્કલોઝર, એનિમલ હાઉસ, હોસ્પીટલ બિલ્ડીંગ, મીટ પ્રીપેરેશન રૂમ, ખોરાક પાણીની વ્યવસ્થા, એનીમલ હેન્ડલર, હીટર, પાણીની કુંડીઓ, વાયરલેસ સેટ, વોકીટોકી, ઓફીસ ફર્નીચર, વોચ ટાવર વિગેરે માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે. સિંહોની દેખરેખ તથા સારવાર માટે એક પશુ ચિકિત્સકની જોગવાઈ કરેલ છે.

વધારાની સુવિધાઓ ઉભી કરવા માટે હોસ્પીટલ માટે સાધન સામગ્રી, વાહતુક માટે વાહનો, પાણીની કાયમી સુવિધા અને રહેઠાણના મકાનો માટે આયોજન કરેલ છે.

(૩) સુવિધા ઉભી ન કરવામાં આવી હોય તો તેના કારણો શાં છે, અને

(૩) પાયાની સુવિધાઓ ઊભી કરવામાં આવેલ છે અને જરૂરી સુવિધાઓનું આયોજન કરેલ છે.

(૪) કેટલા સમયમાં સુવિધાઓ ઊભી કરવામાં આવશે?

(૪) આયોજન મુજબ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

--------

**ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને ફી પરત કરવા બાબત**

૧૯૯૬૫ **શ્રી અમરસિંહ વસાવા** (દેડીયાપાડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને છેલ્લા ત્રણ વર્ષથી સરકારના પરિપત્ર મુજબ ફી પરત કરવામાં આવી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ફી પરત નહી કરનાર જવાબદારો સામે સરકાર શા પગલા લેવા માંગે છે, અને

(૩) આવી ફી કેટલા સમયમાં વિદ્યાર્થીઓને પરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) દરખાસ્ત મળેલ નહી હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ગીર અભયારણ્ય અને નેશનલ પાર્કમાં ખુલ્લા કુવાઓ**

૨૦૧૦૯ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જોડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર અભયારણ્ય અને નેશનલ પાર્ક તથા આજુ બાજુના વિસ્તારમાં તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૦ ની સ્થિતિએ કેટલા જોખમી અને ખુલ્લા કુવાઓ અસ્તીત્વમાં છે,

(૨) આ જોખમી ખુલ્લા કુવાઓની ફરતે સુરક્ષીત દિવાલ બનાવવા સરકારનું શું આયોજન છે,

(૩) આ તમામ જોખમી, ખુલ્લા કુવાઓ ક્યાં સુધીમાં રક્ષીત વન્ય પ્રાણીઓને બચાવવા સુરક્ષીત કરવામાં આવશે?

**જવાબ**

(૧) ગીર અભયારણ્ય અને નેશનલ પાર્કમાં કોઈ જોખમી અને ખુલ્લા કુવા અસ્તિત્વમાં નથી પરંતુ તેની આજુબાજુના વિસ્તારમાં કુલ ૧૫૦૨૧ ખુલ્લા કુવાઓ અસ્તિત્વમાં છે.

(૨) ગીર તેમજ બૃહદ ગીર વિસ્તારના આજુબાજુ આવેલા ગામોના ખુલ્લા કુવાઓમાં વન્ય પ્રાણીઓને અકસ્માતે પડી જતાં રોકવા પ્રોટેકશન વોલ અથવા પેરાપીટ વોલ બાંધકામની યોજના અમલમાં છે. જે અન્વયે ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં ૧૨,૩૨૮ કુવાઓ સુરક્ષીત કરેલ છે તથા અન્ય ખુલ્લા કુવાઓ સુરક્ષીત કરવાનું આયોજન છે.

(૩) ગ્રાન્ટની ઉપલબ્ધિ મુજબ આ કુવાઓ વહેલી તકે સુરક્ષીત કરવામાં આવશે.

--------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી, ધાંગ્રધા, હળવદ અને લખતર તાલુકામાં ઘુડખરથી ખેડૂતોના પાકને નુકશાન**

૨૦૦૪૬ : **શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરેન્દ્રનગર જિલ્લામાં પાટડી, ધાગધ્રા, હળવદ અને લખતર તાલુકાના ગામોમાં ઘુડખરના ટોળાથી ખેડૂતોના પાકને નુકશાન થાય છે તે નુકશાન અટકાવવા માટે સરકારનું કોઈ આયોજન છે?

**જવાબ**

હા, જી.

ખેતીના પાકને નુકસાન કરતા વન્યપ્રાણીને નિયંત્રણમાં લેવા સરકારશ્રીની નીચે મુજબની યોજનાઓ છે.

૧. ગુજરાત સરકારશ્રીની જોગવાઈ મુજબ ખેડૂતોના ખેતરની ફરતે વાડ બનાવવા માટે ૫૦ ટકા સહાય

આપવાની યોજના અમલમાં છે.
૨. અભ્યારણ્યના કર્મચારીઓ દ્વારા ઘુડખરના ટોળાને હાંકો કરી અભ્યારણ્ય વિસ્તારમાં પાછા લઈ જવામાં આવે છે અને ખેડૂતોને પણ આ મુજબની સમજણ આપવામાં આવે છે.

--------

## આણંદ જિલ્લામાં ઈન્દીરા આવાસને મંજૂરી

૨૧૧૪૦ **: શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઈન્દીરા આવાસના લાભાર્થીઓને બેંક મારફતે લોનની સુવિધા મળે છે તે હકીક્ત સાચી છે.

(૩) જો હા, તો કેટલી રકમની લોન કેટલા વ્યાજ દરે મળે છે, અને

(૪) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ તાલુકાવાર [illegible]ોને બેંક મારફતે લોન મળેલ છે?

એચબી-૭૮૮-૨૦

**જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ૨૬૨૫૭ ઈન્દીરા આવાસ મંજૂર કરવામાં આવેલ છે જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ આવાસ | | |
|---|---|---|---|---|
| | | ૧-૨-૦૯ થી ૩૧-૧-૧૦ | ૧-૨-૧૦થી ૩૧-૧-૧૧ | કુલ |
| ૧ | આણંદ | ૧૨૧૯ | ૧૨૦૯ | ૨૪૨૮ |
| ૨ | ઉમરેઠ | ૮૦૦ | ૧૭૫૧ | ૨૫૫૧ |
| ૩ | બોરસદ | ૧૯૭૯ | ૪૩૫૧ | ૬૩૩૦ |
| ૪ | આંક્લાવ | ૯૨૦ | ૩૨૦૬ | ૪૧૨૬ |
| ૫ | પેટલાદ | ૧૧૩૮ | ૩૧૮૬ | ૪૩૨૪ |
| ૬ | સોજીત્રા | ૪૪૨ | ૧૦૬૯ | ૧૫૧૧ |
| ૭ | ખંભાત | ૯૪૧ | ૨૭૨૯ | ૩૬૭૦ |
| ૮ | તારાપુર | ૪૭૦ | ૮૪૭ | ૧૩૧૭ |
| | કુલ | ૭૯૦૯ | ૧૮૩૪૮ | ૨૬૨૫૭ |

(૨) હા.

(૩) મહત્તમ રૂા. ૨૦,૦૦૦/- સુધીની વાર્ષિક ૪% વ્યાજના દરે ડી.આર.આઈ. (ડીફરન્સીયલ રેટ ઓફ ઈન્ટરેસ્ટ) યોજના હેઠળ લોન મળવાપાત્ર છે.

(૪) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ લાભાર્થીઓને બેંક મારફતે લોન લીધલ છે જેની તાલુકાવાર અને વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ બેંક મારફતે મળેલ લોનના લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આણંદ | ૨૫૮ |
| ૨ | ઉમરેઠ | ૩૩૮ |
| ૩ | બોરસદ | ૫૪૧ |
| ૪ | આંક્લાવ | ૧૧૫ |
| ૫ | પેટલાદ | ૭૩ |
| ૬ | સોજીત્રા | ૧૨૦ |
| ૭ | ખંભાત | ૯૧ |
| ૮ | તારાપુર | ૧૮૮ |
| | કુલ | ૧૭૨૪ |

--------

## કચ્છ જિલ્લામાં ઈન્દીરા આવાસને મંજૂરી

૧૯૮૬૬ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઈન્દીરા આવાસ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં

**જવાબ**

(૧) ઇન્દીરા આવાસ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં

તાલુકાવાર કેટલા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

તાલુકાવાર ૮૦૬૦ આવાસો મંજૂર કરવામાં આવ્યા જેની તાલુકાવાર અને વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | તા. ૧-૧-૦૮ થી તા. ૩૧-૧૨-૦૮ | તા. ૧-૧-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ | તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અબડાસા | ૪૭૧ | ૬૯૩ | ૫૯ | ૧૨૨૩ |
| ૨ | અંજાર | ૬૭૦ | ૪૬૬ | ૪૩ | ૧૧૭૯ |
| ૩ | ભચાઉ | ૮૯ | ૩૮ | ૧૬ | ૧૪૩ |
| ૪ | ભુજ | ૩૦૯ | ૨૧૪ | ૪૩ | ૫૬૬ |
| ૫ | ગાંધીધામ | ૧૦ | ૧૫૮ | ૩૫ | ૨૦૩ |
| ૬ | લખપત | ૨૮૫ | ૨૫૪ | ૪૮ | ૫૮૭ |
| ૭ | માંડવી | ૨૫૪ | ૨૩૦ | ૧૦૮ | ૫૯૨ |
| ૮ | મુન્દ્રા | ૧૬૪ | ૨૫૦ | ૨૦૨ | ૬૧૬ |
| ૯ | નખત્રાણા | ૫૪૭ | ૮૦૨ | ૧૧૫ | ૧૪૬૪ |
| ૧૦ | રાપર | ૮૨૦ | ૫૫૯ | ૧૦૮ | ૧૪૮૭ |
| | **કુલ** | **૩૬૧૯** | **૩૬૬૪** | **૭૭૭** | **૮૦૬૦** |

(૨) કેટલા આવાસો લાભાર્થીઓને આપવામાં આવ્યા, અને

(૨) ઈન્દિરા આવાસના મકાન લાભાર્થી જાતે બનાવે છે જેથી લાભાર્થીઓને આવાસ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) બાકી રહેતા લાભાર્થીઓને કેટલા સમયમાં આવાસો આપવામાં આવશે?

(૩) ભારત સરકારની ઈન્દિરા આવાસ યોજનાની માર્ગદર્શિકા મુજબ લાભાર્થી જાતે જ મકાન બાંધતા હોવાથી ઉક્ત સ્થિતિએ બાકી રહેલ મકાનો સત્વરે પૂર્ણ કરવા પ્રયાસ કરાવવામાં આવશે.

--------

## લુણાવાડા અને ખાનપુર તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં કામો

૧૯૭૩૦ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તાલુકા દીઠ કેટલા કામો શરૂ કરવામાં આવ્યા,

(૨) તાલુકા દીઠ કેટલા શ્રમિકોને રોજગારી આપવામાં આવી, અને

(૩) તાલુકાવાર અને વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ તાલુકાવાર અને વર્ષવાર શરૂ કરવામાં આવેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર શરૂ થયેલ કામો | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| ૧ | લુણાવાડા | ૨૦૮૨ | ૭૮૦ | ૨૩૪૩ |
| ૨ | ખાનપુર | ૧૪૨૧ | ૩૩૯ | ૧૬૯૧ |

(૨) તાલુકા દીઠ અને વર્ષવાર નીચેની વિગતે શ્રમિકોને રોજગારી આપવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | માનવદિન રોજગારી (લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| ૧ | લુણાવાડા | ૩.૬૦ | ૬.૬૭ | ૧૦.૨૭ |
| ૨ | ખાનપુર | ૬.૭૦ | ૫.૮૧ | ૧૨.૫૧ |

(૩) તાલુકાવાર અને વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯ | ૨૦૧૦ | કુલ |
| ૧ | લુણાવાડા | ૩૩૭.૦૮ | ૬૬૭.૦૬ | ૧૦૦૪.૧૪ |
| ૨ | ખાનપુર | ૫૯૩.૦૬ | ૪૬૦.૭૩ | ૧૦૫૩.૭૯ |

--------

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતોના પાકને નીલગાય/રોઝથી થતું નુકસાન

૨૦૪૫૦ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં નીલગાય અને રોઝ પ્રાણીઓથી ખેડૂતોના ઊભા પાકને નુકસાન થાય છે તે

**જવાબ**

(૧) હા, જી.

હકિક્ત સરકારના ધ્યાને આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આવી ફરિયાદો જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાંથી આવેલ છે, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં રોઝ જેવા પ્રાણીઓથી ખેડૂતોના ઉભા પાકને નુક્સાન થાય છે તેવી ફરિયાદો પાલનપુર, દાંતા, થરાદ, વડગામ, દાંતીવાડા, અમીરગઢ, કાંકરેજ અને ડીસા તાલુકામાંથી આવેલ છે.

(૩) ખેડૂતોને થતા નુક્શાનને અટકાવવા માટે સરકારે શાં પગલાં લીધેલ છે અથવા શાં પગલાં લેવા માંગે છે?

(૩) રોઝને નિયંત્રણમાં લેવા સરકારશ્રીની નીચે મુજબની યોજનાઓ અમલમાં છે.
૧. ખેડૂતોના પાકને રક્ષણ માટે સરકારશ્રી દ્વારા ખેડૂતોના ખેતર ફરતે કાંટાળા તારની વાડ માટે થનાર ખર્ચના ૫૦% સહાય આપવાની યોજના અમલમાં છે.
૨. જે વિસ્તારમાં રોઝનો ત્રાસ વધુ હોય તેવા વિસ્તારોના ગામોના સરપંચશ્રીઓને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણૂક આપી રોઝનો નિકાલ કરવાની સત્તા આપવામાં આવેલ છે.

--------

# પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, રામસિંહભાઈએ જે પ્રશ્ન પૂછયો ખેડા જિલ્લા સહાયક મંત્રીશ્રીઓનો એમાં પેટા પ્રશ્ન માનસિંહભાઈએ પૂછયા એનો જવાબ મંત્રીશ્રીએ ન આપ્યો પણ જયારે ધારાસભ્યશ્રી દેવુસિંહે પુછયું ત્યારે એ જ પ્રશ્નના જવાબ એમણે આપ્યા તો આવો ભેદભાવ રાખવાની જરૂર કયાં હતી?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમો-૪૭ પ્રમાણે પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન માહિતી મેળવવા માટે પ્રશ્ન પૂછી શકાતો નથી. નિયમ-૪૭ બધા જ વિભાગો જોઈ લે. મારે સમયમર્યાદામાં આખું વાંચવું નથી પણ પ્રશ્નના ઉપરથી આ રીતે પ્રશ્ન ઉપસ્થિત કરાય નહીં.

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : આપના પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરો છો?

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરું છું નવો. આપને યોગ્ય ન લાગે તો આપ કાઢી નાખજો.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### સભ્યશ્રી સાથે ભેદભાવભર્યું વલણ રાખવા અંગે

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીનો સમય એ આ સભાગૃહ માટે ખૂબ મહત્વનો સમય છે અને દરેક સભ્યો એ આ પક્ષના હોય કે આ પક્ષના હોય એ પોતાના વિસ્તારના ખૂબ મહત્વના પ્રશ્નો આ પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન પૂછે છે અને સ્વાભાવિક રીતે એ વખતે એવી અપેક્ષા હોય કે માનનીય મંત્રીશ્રી દ્વારા સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નોનો અને એમાંથી ઉભા થતા પેટા પ્રશ્નોનો જવાબ માનનીય મંત્રીશ્રીઓ દ્વારા સભ્યશ્રીઓને મળે. આજે પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્ન ક્રમાંક-૮ ઉપર જયારે ચર્ચા થઈ રહી હતી ત્યારે સભ્યશ્રી માનસિંહભાઈ ચૌહાણે એના સંદર્ભમાં એક પેટા પ્રશ્ન ઉભો કર્યો અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે જે સવાલ પુછાયો છે એ પગારને લગતો છે અને માનનીય સભ્યશ્રી જે સવાલ પુછી રહ્યા છે એ મહેકમને લગતો છે અને એટલા માટે બીજી નોટીસ આપવામાં આવે. ત્યારપછી તરત જ સભ્યશ્રી દેવુસિંહભાઈએ પેટા પ્રશ્ન પૂછયો અને એમણે જયારે પેટા પ્રશ્ન પૂછયો ત્યારે માનનીય માનસિંહભાઈએ પ્રશ્ન પુછયો હતો એ જ મહેકમનો જવાબ કે ૪૮ સહાયક પંચાયત મંત્રીઓ ખેડા જિલ્લામાં છે અને એમાંથી ૨૬ને કાયમ કરવામાં આવ્યા છે આ જવાબ જે સભ્યશ્રી માનસિંહભાઈએ પુછયો હતો એ જ જવાબ જયારે દેવુસિંહભાઈએ પુછયો ત્યારે માનનીય મંત્રીશ્રીએ એનો જવાબ આપ્યો. આ પ્રકારની જે સ્થિતિ ભેદભાવભરી ઉભી થઈ છે એ સંદર્ભમાં હું આપનું માર્ગદર્શન માંગી રહ્યો છું.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર બાબત પૂરક પ્રશ્નોને સ્પર્શે છે ત્યારે હું નિયમોના નિયમ-૮૯ તરફ આપનું ધ્યાન દોરવા માગું છું. નિયમોના નિયમ-૮૯ એવું કહે છે કે કોઈપણ તારાંકિત પ્રશ્નનો જવાબ આપવામાં આવ્યા પછી કોઈપણ સભ્ય અધ્યક્ષ તેનું નામ પોકારે ત્યારે અપાઈ ચુકેલા જવાબમાંની કોઈપણ હકીકત પરત્વે વધુ સ્પષ્ટતા મેળવવા સારુ પુરક પ્રશ્ન પુછી શકશે પરંતુ અધ્યક્ષને એમ લાગે કે કોઈ પુરક પ્રશ્નનું સ્વરૂપ ઉલટતપાસ જેવું છે અથવા પ્રશ્નોને લગતા નિયમોનું ઉલ્લંઘન કરે છે તો અધ્યક્ષ તે નામંજૂર કરી શકે. વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું છે કે અધ્યક્ષ કોઈપણ પ્રશ્ન ઉપર પાંચ મિનિટ કરતા વધુ સમય માટે પુરક પ્રશ્ન પુછવા દેશે નહીં. આમાં પ્રશ્ન પુરક પ્રશ્ન પુછવાને લગતો છે. એક વખતે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો ત્યારપછી કોઈપણ સભ્યને એમ લાગે કે એમાં વધારે માહિતીની જરૂર છે તો પ્રશ્ન પૂછી શકે. એમને એમના

જવાબથી સંતોષ ન થયો હોય તો બીજો પ્રશ્ન પુછી શકાય છે. માનનીય સભ્યશ્રીનો જવાબ નહીં અપાયો (અંતરાય) પણ એ સભ્યશ્રીનો અધિકાર છે કે એ જ પ્રશ્ન એમણે પુનઃ ઉપસ્થિત કર્યો. અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો. what is wrong in it.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ પ્રશ્ન પૂછવામાં આવે અને આ પ્રશ્ન પૂછવામાં સભ્યશ્રીને પૂરતો જવાબ ન મળતો હોય તો અડધા કલાકની ચર્ચા માગી શકાય છે.  જવાબ સત્યથી જુદો હોય તો અન્ય નિયમોથી કાર્યવાહી થઈ શકે છે, એટલે પ્રશ્નોત્તરી પછી આ રીતનો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો તેનું કોઈ અસ્તિત્વ રહેતું નથી.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૮ અંગે માનનીય શંકરભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઊભો કર્યો છે. એમાં સિદ્ધાર્થભાઈ, દિલીપભાઈ અને જય નારાયણભાઈની રજૂઆત બંને પક્ષોની સાંભળી ધ્યાને આવ્યું છે કે એક સભ્યશ્રીનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે છે. બીજા સભ્યશ્રીને જવાબ નથી આપતા. તો હું રેકર્ડ મંગાવીને જોઈને પછી રૂલિંગ આપીશ.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : મારો બીજો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. ૧૯૬૦ થી ૧૯૮૪ માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો પાન નં. ૨૩૭. મારો મુદો હું આ નિર્ણય પણ વાંચતો નથી.  મારો મુદો બહુ મર્યાદિત છે.  જે માનનીય સભ્યશ્રી દેવજીભાઈ ફતેપુરાએ પ્રશ્ન પૂછયો.  એમણે સ્પેસિફિક ગામનું નામ આપ્યું.  આ ગામમાં સમરસ થયું છે. સરપંચને એ સમરસ ગામના પૈસા મળતા નથી. એમની સાથે એમણે આક્ષેપ પણ કર્યો કે પર્ટીક્યુલર પક્ષના છે એટલે નથી મળતા. માત્ર એક ગામનું નામ સહિત એ જિલ્લાની વાત કરી હોય, ત્યારે મારી પાસે રજૂઆત કરજો અને હું જોવડાવી લઈશ. માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય અધ્યક્ષશ્રીનો ભૂતકાળનો નિર્ણય છે. જ્યારે અહી સભ્યશ્રી બોલે છે. એ રજૂઆત થઈ ગઈ. લેખિત કે મૌખિક પછી માગવાનો સવાલ ન હોય એ ગામનું અહીયા સભ્ય બોલ્યા, એનાથી વધારે તાકાતવાળી બીજી રજૂઆત હોઈ શકે નહિ. માટે ભૂતકાળનો નિર્ણય સ્પષ્ટ છે. ગૃહમાં સભ્યશ્રી બોલે પછી મારી પાસે રજૂઆત કરે, મારી પાસે આવે એ જરૂરી નથી. આપે એ ગામ પુરતું પર્ટીક્યુલર જોઈને એટલે ભવિષ્યમાં જ્યારે કોઈ સભ્ય ગૃહમાં બોલે, ત્યારે ગેલેરીમાં બેઠેલા અધિકારીશ્રીઓ, મંત્રીશ્રીઓ બંનેએ આ ગૃહમાં બોલેલા સભ્યની કેટલી ગંભીરતા લેવી જોઈએ. એના સ્પષ્ટ નિર્ણયો માનનીય અધ્યક્ષશ્રીના ભૂતકાળના છે.

(આ તબક્કે નરોત્તમભાઈ પટેલ બેઠા બેઠા સંમત છીએ એવું બોલતા )

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : ઓ.કે.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

## વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

### બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પંદરમાં અહેવાલની રજૂઆત

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો પંદરમા અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

### બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પંદરમાં અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી ક્રમાંક : ૫૭**

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૫૫,૩૯,૯૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈશ્વરભાઈ ન. વહીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ કો. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૪**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**શ્રી વજુભાઈ વાળા ( વાહન વ્યવહારમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૬,૨૮,૭૯,૮૧,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂા.૩,૬૫,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ચંદુભાઈ ડાભી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રભુભાઈ ના. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઈ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી સુરેશકુમાર ચ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાઘવજીભાઈ હં. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૭૫**

**શ્રી જયનારાયણ વ્યાસ ( બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતી અન્ય ખર્ચ સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૪૯,૩૮,૯૦,૦૦૦/- તથા મૂડી ખર્ચ માટેની રૂા.૫૦,૦૦,૦૨,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરંજયાદિત્યસિંહજી કૃ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૪૨ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની બુધવાર, તા ૧૬-૩-૨૦૧૧ (ચોથા દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **શ્રમ અને રોજગાર વિભાગ**<br><br>**માગણી નં. ૫૭** | | |
| ૧. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૦૦૧ -નિર્દેશ અને વહીવટ<br>રૂા.૧૧,૦૬,૯૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં.૫ થી ૭ | ૧૦૦ | શ્રમિકોને વિવિધ ક્ષેત્રે રોજગારીની તકો મળે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૨. | -- " -- | ૧૦૦ | શ્રમિકોના પડતર પ્રશ્નોનુ ઝડપી નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૩. | -- " -- | ૧૦૦ | મજૂર અદાલતોના ચૂકાદાઓનું પાલન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભગવાનભાઈ બારડ |
| ૪. | -- " -- | ૧૦૦ | શ્રમિકોના હકકોનું જતન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહભાઈ વડોદીયા |
| ૫. | -- " -- | ૧૦૦ | નવા ઉદ્યોગોમાં સ્થાનિક બેરોજગારોને નોકરી આપવાના પરિપત્રનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૬. | -- " -- | ૧૦૦ | ઉદ્યોગો માટે જમીન સંપાદન થયા બાદ જમીન ગુમાવનાર બેરોજગારોને જે તે ઉદ્યોગમાં રોજગારી અપાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૭.* | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૧-ઔદ્યોગિક સંબંધો<br>રૂા. ૭,૮૮,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં.૮-૯ | ૧૦૦ | બીડી કામદારોની રોજગારીની શરતોનું ઉલ્લંઘન થતું નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૧-શ્રમ<br>૧૦૩ -સામાન્ય...... કલ્યાણ<br>રૂા.૧૧,૫૧,૭૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં.૧૫ થી ૧૮ | ૧૦૦ | ગ્રામીણ મજૂર કલ્યાણ બોર્ડની કામગીરી સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનિલભાઈ જોષીયારા |
| ૯. | -- " -- | ૧૦૦ | બાળમજૂર ધારાનો ભંગ કરનાર સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૦. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૨-રોજગાર<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા.૨૩,૨૮,૮૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫ | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓમાં નોંધાયેલા બેરોજગારોને સમયસર રોજગારી પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈશ્વરભાઈ વહીઆ |

| | | | | |
|---|---|---|---|---|
| | પા.નં. ૨૪ અને ૨૫ | | | |
| ૧૧. | -- " -- | ૧૦૦ | રોજગાર સેવા અને વિસ્તરણ યોજનાની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાવકુભાઈ ઉધાડ |
| ૧૨. | -- " -- | ૧૦૦ | દાહોદ જિલ્લાના બેરોજગાર યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચન્દ્રિકાબેન બારીયા |
| ૧૩. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૩-તાલીમ<br>૦૦૩-કારીગરો....તાલીમ<br>રૂા.૨૫,૧૫,૮૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૨૮-૨૯ | ૧૦૦ | કારીગરોને અદ્યતન ટેકનોલોજીની તાલીમ આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૧૪. | -- " -- | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૧૫. | ૨૨૩૦-શ્રમ અને રોજગાર<br>૦૩-તાલીમ<br>૧૦૧-ઔદ્યોગિક...સંસ્થા<br>રૂા.૨,૨૦,૫૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૩૦ થી ૩૫ | ૧૦૦ | ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ટ્રેડ મુજબના અભ્યાસક્રમોમાં શિક્ષકોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| | **<u>બંદરો અને વાહન વ્યવહાર વિભાગ</u>**<br>**<u>માગણીનં. ૭૪</u>** | | | |
| ૧૬.. | ૨૦૪૧-વાહનો પર કર ૧૦૨-મોટર... નિરીક્ષણ<br>રુા.૧,૨૬,૦૨,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૬-૭ | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર કર્મચારીઓ દવારા થતી ગેરરીતિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૧૭. | -- " -- | ૧૦૦ | સ્માર્ટકાર્ડ અને લાયસન્સ આપવાની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રભુભાઈ વસાવા |
| ૧૮. | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓની કચેરીઓમાં એજન્ટો દવારા ચાલતી ગેરકાયદેસર પ્રવૃઢ્ઢિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કશોરી |
| ૧૯. | -- " -- | ૧૦૦ | મહારાષ્ટ્ર- ગુજરાતના હાઈવે પર નિયમિત ઓવરલોડીંગ વાળી ટ્રકોની અવરજવર અંગે અધિકારી/ કર્મચારીઓ દવારા આચરવામાં આવતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મણીભાઈ પટેલ |
| ૨૦. | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓમાં કોમ્પ્યુટર સોફ્ટવેર ઠપ થઈ જવાની સમસ્યાને કારણે નાગરિકોને થતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જયેશભાઈ રાદડીયા |
| ૨૧. | ૩૦૫૫-માર્ગ પરિવહન | ૧૦૦ | ગાંધીનગર એસ.ટી.ડેપોના વહીવટને | શ્રી સુરેશભાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૯૦-જાહેરક્ષેત્ર...સહાય<br>રુા.૫,૦૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૧૧ | | સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | પટેલ |
| ૨૨. | -- " -- | ૧૦૦ | ખાનગી બસો કરતાં વધુ સારી સુવિધાવાળી એસ.ટી બસો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |
| ૨૩. | -- " -- | ૧૦૦ | ખાનગી વાહનોને ફાયદારુપ થાય તેવું એસ.ટી.નું ટાઈમ ટેબલ બદલવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૪. | -- " -- | ૧૦૦ | એસ.ટી. બસોમાં મુકવામાં આવતા ફેસ્ટ એઈડ બોકસ માટેની દવાઓની ખરીદીમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ હળપતી |
| ૨૫.* | -- " -- | ૧૦૦ | એસ.ટી. નિગમ દવારા જીપીએસ બાયોમેટ્રીક અને નેઈમ પ્લેટ પાછળ કરવામાં આવતા ખર્ચમાં કરકસરના પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૬. | -- " -- | ૧૦૦ | એસ.ટી. ડેપો દવારા સરકારી કાર્યક્રમો/ધાર્મિક/સામાજીક પ્રસંગો માટે ફાળવી દેવાતી બસોના કારણે મુસાફરોને પડતી હાડમારી રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દેવજીભાઈ ફતેપરા |
| ૨૭.* | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય રૂટો બંધ કરવાને કારણે આમજનતાને અને વિદ્યાર્થીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૮. | -- " -- | ૧૦૦ | એસ.ટી.તંત્ર રૂટો વધારવાને બદલે ઘટાડતું જાય છે તેવી પરિસ્થિતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમરસિંહ વસાવા |
| ૨૯. | -- " -- | ૧૦૦ | એસ.ટી.ના કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં તેમજ બાકી નીકળતી રકમો સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૦. | -- " -- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં એસ.ટી. બસોનું સંચાલન સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૩૧. | -- " -- | ૧૦૦ | એસ.ટી.તંત્ર દવારા ખરીદવામાં આવતા હલકા પ્રકારના સ્પેરપાર્ટસ અંગેની ગેરરીતિની તપાસ કરવામાં અને યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હરીલાલ પટેલ |
| ૩૨. | ૩૦૫૫-માર્ગ પરિવહન<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રુા. ૧,૭૭,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૧૨ થી ૧૬ | ૧૦૦ | એસ.ટી.ડેપોમાં મિકેનીકલ સ્ટાફ દવારા બસોની મરામતની કામગીરી સત્વરે કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાઘવજીભાઈ પટેલ |
| | | **માગણી નં.૭૫** | | |
| ૩૩. | ૩૪૫૧-સચિવાલય...... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રુા. ૨,૪૮,૯૦,૦૦૦ | ૧૦૦ | બંદરો ઉપર ફરજ બજાવતા કર્મચારીઓના અવસાન અંગે તેમના આશ્રિતોને સમયસર જાણ કરવામાં | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૧૮ | | અને તેમને આર્થિક સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૪. | ૩૪૫૧-સચિવાલય સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂા. ૨,૪૮,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૧૮ | ૧૦૦ | બંદરો ઉપર પાકા રસ્તાની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૩૫. | -- " -- | ૧૦૦ | બંદરો ઉપર કાંપ ભરાવાથી વહાણોની અવર-જવર માટે પડતી મુશ્કેલીઓ નિવારવા તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૩૬. | -- " -- | ૧૦૦ | સંસદ સભ્યો-ધારાસભ્યોએ લખેલ પત્રો અન્વયે કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરંજયાદિત્યસિંહજી પરમાર |
| ૩૭. | -- " -- | ૧૦૦ | મેરી ટાઈમ બોર્ડના અધિકારીઓ/ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચના લાભો આપવામાં રખાતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૩૮. | -- " -- | ૧૦૦ | બંદરોના વિકાસ માટે પૂરતી નાણાંકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરસિંહ બારડ |
| ૩૯. | -- " -- | ૧૦૦ | બોટોમાં જી.પી.એસ. સીસ્ટમ ગોઠવવામાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૪૦. | -- " -- | ૧૦૦ | વર્ગ-૪ના કર્મચારીઓ પ્રત્યે કચેરી કામમાં રખાતી કિન્નાખોરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૪૧. | -- " -- | ૧૦૦ | કચ્છ જિલ્લાના મુન્દ્રા- જખો અને માંડવી બંદરો ઉપર રોકાતા વહાણના બર્થ ચાર્જીસમાં ચાલતી ગેરરીતિ સામે તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નિરંજનભાઈ પટેલ |
| ૪૨. | -- " -- | ૧૦૦ | જખૌ-મુન્દ્રા અને માંડવી બંદરો ઉપર લાંબા સમયથી ફરજ બજાવતા કર્મીઓની અન્યત્ર થતી બદલીઓ અટકાવવામાં ચાલતી નાણાંકીય ગેરરીતિઓ સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હીરાભાઈ પટેલ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ ગઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા(પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગાર, બંદરો અને વાહનવ્યવહાર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારી વાત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક જમાનો એવો હતો કે આ રાજય હોય કે દેશ હોય શ્રમ અને રોજગારનું સૌથી મૂઠી ઉંચેરું મહત્ત્વ હતું અને શ્રમ અને રોજગારની અંદર એ મજૂર યુનિયનો હોય કે મજૂર કામદાર હોય એ આ દેશનું અને રાજયનું જે ભવિષ્ય નક્કી કરવાનું હતું એ લોકશાહી વ્યવસ્થા હોય કે રોજીરોટી મેળવવાની વાત હોય એમાં કામદારને હમેશાં ઉચ્ચ દરજ્જો આપવામાં આવતો હતો. આપણે સદ્‌ભાગી છીએ કે આપણને મહાત્મા ગાંધી જેવા એક વિચારશીલ રાજપુરુષ છે એ આપણને મળ્યા અને એ ગાંધી યુગની અંદર પણ આઝાદી નહોતી મળી તે વખતે પણ એ શ્રમનો મહિમા ગાતા ગીતો અનેક લખાયાં હતાં. આપણા રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીએ ૧૯૩૨માં એક કાવ્ય લખ્યું હતું:-

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો.. જી

બંધુડો બોલે ને બેનડી સાંભળે હો.. જી
ભઠ્ઠિયું જલે રે બળતા પો'રની હો.. જી
ધમણ્યું ધમે રે ધખતા પો'રની હો.. જી
ખન ખન અંગારે ઓરાણાં,
કસબી ને કારીગર ભરખાણા,
ક્રોડ નર જીવંતા બફાણા-
તોય પૂરા રોટલા નવ શેકાણા,
ઓ એરણ બેની, ઘણ રે બોલે ને એરણ સાંભળે હો..જી.

અને  છેલ્લે એક મેસેજ કવિ આપે છે કે:-

ભાંગો, હો ભાંગો હો રથ રણજોધના હો..જી
પાવળડાં ઘડો, હો છોરુડાંના દૂધના હો..જી
ભાઈ મારા લુવારી, ભડ રે'જે,
આજ છેલ્લી વેળાના ઘાવ દેજે,
ઘાયે ઘાયે સંભાર્યે ઘટડામાં,
ક્રોડ ક્રોડ શોષિતો દુનિયાનાં,
ઓ એરણ બેની, ઘણ રે બોલેને એરણ સાંભળે હો.. જી.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમિકોનું જે જીવન સુધરે અને દેશનો કે રાજયનો યુવાન નોકરીએ વળગે એનાથી એના જીવનની અંદર કોઈ ખુશીની વાત ન હોઈ શકે. જ્યારે હું પહેલી વખત નોકરીમાં જોડાયો અને પહેલી વખત ગુજરાત મૅરી ટાઈમ બોર્ડમાંથી મને ૧૧૦૦ રૂપિયાનો પગાર મળ્યો હતો એ જીવનનો આનંદ હતો એવો આનંદ કયારેય નહોતો આવ્યો. પહેલી વખત કોઈ યુવાનને નોકરી મળી હોય અને એ નોકરીનો પહેલો પગાર આવે અને એ લઈને એ એના મા અને બાપ પાસે જાય એ વખતે એની આંખમાં ખુશીનાં આંસુ હોય એવાં આંસુ કદાચ ભાગ્યે જ કોઈના મોઢા ઉપર  આવ્યાં હશે. ત્યારે આજે રાજયની સ્થિતિ શું છે? એમ કહેવાય છે કે આપણે સ્વર્ણિમ જયંતી વર્ષ ઉજવી રહ્યા છીએ. અને એમાં આપણે ઘણા બધા સ્વર્ણિમ ગોલ હાંસલ કરવાના છીએ. માનનીય અધ્યક્ષશ્રી, કેવા સ્વર્ણિમ ગોલ હાંસલ કરવાના છે? એના થોડાક આંકડાઓ હું આપું છું અને એ પ્રાપ્ત થયા છે કે નહીં એ માનનીય મંત્રીશ્રી જવાબ આપે ત્યારે એમાં જરૂરથી આપે, એમ કહે છે કે અમે ખૂબ મોટે પાયે રોજગારીનું સર્જન કર્યુ છે. મારી પાસે થોડાક આંકડાઓ છે, અને એ આંકડાઓ બીજા કોઈએ નહીં પણ રાજય સરકારે જ આપેલા છે. એ આંકડાઓ આપ્યા છે એમાં  થોડાક આંકડાઓ જે અત્યારના છે એ આપને કહું છું. પચીસ નંબરનું રાજય સરકારનું એક એબસ્ટ્રેકટ છે લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટનું, એમાં જે આંકડા આપ્યા છે એમાં ૧૯૯૬-૯૭માં જે રોજગારી  જે હતી એ ૧૭,૭૧,૦૩૨૭ની અને એમાં એના પછીના બધા આંકડા છે મારે વાંચવા નથી પણ ૨૦૦૭ના જે આંકડા આપ્યા છે એમાં ૨૦૦૭ના જે આંકડા આપ્યા છે એમાં ૧૮,૩૯,૨૯૮ એક દાયકા જેટલું શાસન કર્યું આ સરકારે ૧૦ હજાર કરતા પણ વધારે નવી રોજગારીનું સર્જન તેઓ ન કરી શકયા. અહીંયા રાજય સરકારની અંદર જે બેરોજગારોની નોંધણી થાય છે એના થોડાક આંકડા આપવા માગુ છું. આમ તો આપણો દેશ ખેતી પ્રધાન દેશ છે અને રાજય સરકારે પોતે કહ્યું છે કે આપણા રાજયમાં ૪૬ ટકા લોકો ખેતી ઉપર નિર્ભર છે અને એમાં ૨૬.૬૭ ટકા લોકો ખેતી કરે છે અને ૧૭.,૫૧ ટકા ખેત મજૂરો છે. આ ૪૬ ટકા વસતિ છે એ GDP ગ્રોથની અંદર માત્ર ૧૫ ટકાનું પ્રદાન કરે છે. એટલે આ ખેતી સાથે જોડાયેલા લોકો છે એની હાલત કેવી છે એ એનું આ GDP માં પ્રદાન કેટલું છે એના ઉપરથી ખ્યાલ આવે છે. હવે રાજય સરકારના રજિસ્ટરમાં નોંધાયેલા જે બેરોજગારો છે એની થોડીક સંખ્યા આપવા માગુ છું. ૨૦૧૦ ની સ્થિતિએ, ૨૦૦૭-૦૮ના જે આંકડાઓ આપ્યા એમાં નોંધાયેલા બેરોજગારો કેટલા? ૭,૯૨,૦૩૩, ૨૦૦૮-૦૯માં ૮,૨૪,૭૬૯ અને ૨૦૦૯-૧૦માં ફેબ્રુઆરી સુધી ૮,૮૯,૧૨૯ એટલે લગભગ ૨૦૦૯-૧૦ ની અંદર ૯ લાખ બેરોજગારો રજિસ્ટર ઉપર નોંધાયેલા હતા અને બે વર્ષની અંદર એમાં વધારો થયો હતો ૧ લાખ બેરોજગારોનો. વાઈબ્રન્ટ લઈ આવ્યા છો તો રોજગારીમાં વાઈબ્રન્ટ કેમ નથી આવતું? ટાટા અને બીજા ઉદ્યોગપતિઓને વાઈબ્રન્ટ આવતું હશે પણ રોજગારી કેમ વધતી નથી? બેરોજગારીની સંખ્યા કેમ ઘટતી નથી? અને આના કરતા પણ શિક્ષિત બેરોજગારો છે એની સ્થિતિ તો એના કરતા પણ ખરાબ છે. જે અશિક્ષિત બેરોજગારો છે એના કરતા શિક્ષિત બેરોજગારોનું પ્રમાણ ગુજરાતની અંદર વધારે છે. ૨,૨૫,૯૮૩ SSC પાસ બેરોજગારો છે અને HSC પાસ રોજગારો એના કરતા પણ વધારે એટલે કે, ૨,૬૪,૦૩૫ અને જે ગ્રેજ્યુએટ થયેલા છે એવા બેરોજગારો ૨,૪૨,૩૪૪ છે, પોસ્ટ ગ્રેજ્યુએટ બેરોજગારોની સંખ્યા ૨૦૦૯-૧૦ ની અંદર ૫૦ હજાર છે. આટલા બધા શિક્ષિત બેરોજગાર હોય એ બેરોજગારોના જીવનની અંદર વાઈબ્રન્સી કેવી રીતે આવે? એને કારણે ગુજરાતની અંદર નરેન્દ્ર મોદીના શાસનમાં જે ખેત મજૂરોના આપઘાત થયા એ ૯૧૯, બેરોજગારોએ આપઘાત કર્યા ૬૫૧, અને કામદારોએ આપઘાત કર્યા ૯૮૨૯ અને ખેડૂતોનો આંકડો આપી દીધો હતો અગાઉ ૫૪૪૭ એટલે હું એમાં નથી પડતો. (અંતરાય) પ્રિવિલેજની નોટિસ આપો આનંદીબેન, હિંમત હોય તો આપી દો આપની સહીથી હું આંકડા આપીશ. (અંતરાય) તો અહીંયા આપે બોલવાની જરૂર નથી. માનનીય

અધ્યક્ષશ્રી, આ અંકડા છે જ્યારે સરકાર માગે એમની પાસે ન હોય તો એમના રેકર્ડમાંથી લીધેલા આંકડા એમને હું આપવા માગુ છું. મેં એટલા માટે જ ગુજરાતની અંદર જે ગરીબીનું પ્રમાણ છે એ આ બેરોજગારીના કારણે કેટલું થાય છે એના પણ હું આંકડા આપવા માગુ છું. બીજા બધા જ દેશના મોટા રાજયો છે એની સરખામણીમાં ગુજરાતની અંદર ગરીબોનું પ્રમાણ સૌથી વધારે છે. જે કુલ વસતિ છે એના ૧૩.૨ ટકા જમ્મ અને કાશ્મીરમાં ગરીબો છે, કુલ વસતિના ૨૦.૯ ટકા પંજાબમાં ગરીબો છે, ૨,.૧ ટકા હરિયાણામાં ગરીબો છે, ૨૯.૯ ટકા આંધ્રપ્રદેશમાં ગરીબો છે, ૧૯.૭ ટકા કેરાળામાં ગરીબો છે, હિમાચલપ્રદેશમાં ૨૨.૯ ટકા ગરીબો છે અને તામિલનાડુમાં ૨૮.૯ ટકા ગરીબો છે. જ્યારે આ બધા રાજયો કરતા વધારે ગરીબોનું પ્રમાણ ૩૧.૮ ટકા ગુજરાતમાં છે અને આ બીજા કોઈએ નહીં પ્લાનિંગ કમિશને જે નીમેલું ગ્રુપ છે એ સુરેશ પી. તેંડુલકર એણે જ અહેવાલ આપ્યો છે એ અહેવાલ મુજબ આટલા ગરીબોનું પ્રમાણ છે. અહીંયા શહેરની અંદર પણ એ જ પરિસ્થિતિ છે ગામડાની અંદર પણ ગરીબોની એ જ પરિસ્થિતિ છે ત્યારે આપણે ત્યાં બેરોજગારી ઘટાડવા માટે આ સરકારે કોઈ પગલાં લીધા નથી? આંકડાઓ અપાય દર વખતે, એમ કહેવાય કે અમે આટલા એમ.ઓ.યુ. કર્યા છે, આટલી રોજગારી મળવાની છે, મને આંકડા મળ્યા છે તે પણ સામાજિક, આર્થિક સમીક્ષાની બુકમાંથી લીધેલા મેં આંકડા છે, એ પ્રમાણે ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯માં જે એમ.ઓ.યુ. થયાં એનું કુલ મૂડીરોકાણ અપેક્ષિત હતું, ૧૮,૭૭,૧૦૦ અને એમાંથી મૂડીરોકાણ વાસ્તવિક રીતે જે આવ્યું છે અને સરકારે જે આંકડા આપ્યા છે એ છે ૧,૮૦,૬૬૭/- એટલે કે ૯.૬૨ ટકા મૂડીરોકાણ આવ્યું છે, તો આંકડા જે આપ્યા છે કે અમે રોજગારી આપવાના છીએ તો એ પણ એના ૯.૬૨ ટકા જ એમ્પલોયમેન્ટ આવવાનું છે, એટલે બેરોજગારીની સમસ્યા છે એ જબરદસ્ત છે અને જે અનઓર્ગેનાઈઝ્ડ સેકટર છે એની હાલત તો સૌથી ખરાબ છે, ભારત સરકાર ૧૯૯૬માં બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન સેસ લાગુ કરવા માટેનો કાનૂન લાવેલ. બિલ્ડરોના હિતમાં રાજય સરકારે ૨૦૦૩ સુધી એ મુજબના નિયમો, કાનૂન બનાવ્યા નહિ. ૧૯૯૬ થી ૨૦૦૩ સુધી જે એક ટકો સેસ દરેક બિલ્ડીંગમાં જે કન્સ્ટ્રકશન વર્ક થતું હોય એ માટેનો ઉઘરાવવો જોઈએ, એ ઉઘરાવ્યો નહિ, ૨૦૦૩ પછી ઉઘરાવવાનું શરૂ કર્યું, ૧૮૫ કરોડ રૂપિયા ઉઘરાવેલા પડ્યા છે, પણ એમાંથી નામપૂરતી રકમ વપરાયેલ છે. પણ એમાં હું કહેવા જઉં છું કે કેરાલા જેવું નાનું રાજ્ય અને ત્યાં જે કન્સ્ટ્રકશન એક્ટિવિટી ઓછી થતી હોય ત્યાં આના કરતાં અનેકગણો ટેક્સ - સેસ ઉઘ રાવાય છે, જ્યારે અહીંયા બિલ્ડરોના હિતમાં ટેક્સ-સેસ ઉઘરાવવામાં આવતો નથી અને ઉઘરાવેલા સેસનો કોઈ ઉપયોગ પણ થતો નથી. પુનરાવર્તન ભલે થાય પણ મારે વાત કરવી છે કે અહીંયા ગુજરાતમાં ૧૦૦ રૂપિયા મિનિમમ વેજીસનો દર હતો, ત્યારે કેરાલામાં ૧૫૦ રૂપિયા હતો, આપણે ત્યાં ૧૦૦ રૂપિયાની સામે ૧૦૦ રૂપિયા મળતા હતા, હમણાં કેન્દ્ર સરકારે કહ્યું કે નહિ નરેગા યોજનામાં તમારે ૧૨૪ રૂપિયા આપવા જ પડશે. એટલે આપણે વળી થોડોક દર સુધાર્યો. કેરાલામાં ખેતીવાડીમાં મિનિમમ વેજીસ ૧૫૦ કે ૧૭૫ રૂપિયા છે પણ ત્યાં આજે ૪૫૦ રૂપિયા એગ્રીકલ્ચર લેબરને મળે છે. ગુજરાતમાં શું પરિસ્થિતિ છે? કદાચ ટાટા કે એસ્સારના પર્સ મજબૂત થશે તો તેનાથી ગુજરાતમાં સમૃદ્ધિ એક, બે કે પાંચ દસ મૂડીપતિઓથી નહિ આવે. સમૃદ્ધિ મેળવવા માટે નાના લોકો સુધી પહોંચવું પડે.

બીજી વાત વાહન વ્યવહારની થોડીક કરવી છે. હું માનતો નહોતો, પણ જે આંકડાઓ આવ્યા છે, એમાં ગુજરાતમાં જે અકસ્માતોનું પ્રમાણ છે ૨૦૦૯ના ઈન્સીડન્ટ રેટ ઓફ એકસીડન્ટલ ડેથ, ગુજરાતમાં એક વર્ષમાં ૨૨૨૮૦ લોકોના મૃત્યુ થયા છે માત્ર અકસ્માતમાં. એટલા તો ભારત પાકિસ્તાનના યુદ્ધમાં પણ નહોતા થયાં એટલા અકસ્માતમાં મૃત્યુ આ એકજ વર્ષમાં થયાં છે અને જે ટોટલ મૃત્યુ થયાં છે એના ૬.૨ ટકા તો માત્ર અકસ્માતે મૃત્યુ થયાં છે. રાજ્ય સરકાર એના માટે કોઈ પગલાં લેતી નથી. આર.ટી.ઓ. માં કેવું તંત્ર ચાલે છે એ આપણને બધાને ખબર છે. એસ.ટી. એ સામાન્ય લોકોની મુસાફરી માટેનું સાધન છે. એક જમાનો હતો કે એક એક ગામની અંદર ત્રણ ત્રણ બસો આવતી હતી, ભાડા વધારી દીધા, રૂટ ઘટાડી નાંખ્યા, બસો ઘટાડી નાંખી. રાજ્ય સરકારે એના માટેની ગ્રાન્ટ આપી. તો એક મંત્રીશ્રીને બરાબર નેગોશિએશન ન થયું, એટલે પૈસા પડ્યા રહ્યા એનો ઉપયોગ ગયા વર્ષમાં ન થયો અને હવે આ વખતે ફાળવણી કરી છે, એસ.ટી. માટે કહુ તો ગામમાં ખબર હોય કે સવારે આઠ વાગ્યે બસ આવવાની છે, ઘરમાં બાળક કે વૃદ્ધ બિમાર હોય એ બસ સ્ટેશને આવે, કલાક સુધી રાહ જૂએ પછી ખબર પડે કે બસ તો આવવાની નથી. પુછે કે શું કરવા નથી આવવાની? મુખ્યમંત્રીશ્રીનો ફલાણો મેળો છે તેમાં બસો બધી ગઈ છે. અરે, અનેક મેળા છે તમારે ત્યાં. • (xxxxx) (અંતરાય) હું (xxxxx)પાછો ખેંચી લઉં છું. ખરાબ લાગે એવું કયારેય આપણે બોલતાં જ નથી. હું કહેતો હતો કે આ ઉત્સવોની અંદર આપણી તમામ બસોનો ઉપયોગ થાય છે. અને હું તો એમ કહીશ કે આ ગુજરાત સ્ટેટ ટ્રાન્સપૉર્ટ કૉર્પોરેશન છે તે મુખ્યમંત્રીશ્રીના રાજકીય કાર્યક્રમના ટ્રાન્સપોર્ટ મેનેજરની ભૂમિકા ભજાવે છે. સામાન્ય લોકોને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ થતો નથી.

**માનનીય અધ્યક્ષશ્રી, મારે બંદરોની પણ થોડી વાત કરવી છે. એક જમાનો હતો કે બંદરો છે તે ગુજરાત રાજયનું પોર્ટ વિભાગ અને પી.ડબલ્યુ.ડી.વિભાગ સંભાળતુ હતું. તેના પછી કોંગ્રેસની સરકારે ગુજરાત મેરી ટાઈમ**

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**બોર્ડની સ્થાપના કરી અને ગુજરાતની અંદર ૪૧ નાના અને મધ્યમ બંદરો છે તે વિકસાવ્યા. અને તેના કારણે ગુજરાત જે નાના અને મધ્યમ કક્ષાના બંદરોના ટ્રાફિકની અંદર આખા દેશની અંદર પ્રથમ હરોળનું રાજય બન્યું. આજે સૌથી લાંબામાં લાંબો દરિયા કિનારો વોટર ફ્રન્ટ ગુજરાત પાસે પણ તેનો કબજો ગુજરાત મેરી ટાઈમ બોર્ડ પાસે નહીં, તેનો કબજો છે એ મોટા મૂડીપતિઓ છે જે માનનીય મુખ્યમંત્રીશ્રીના માનીતા છે એવા લોકોને આ કિંમતી વોટર ફ્રન્ટ આપી દેવાય છે. માછીમારોને માછીમારી માટે બંદરોની જગ્યા કરવી હોય તો તેને મળે નહીં, તેને તગેડી મૂકવામાં આવે. અને આવા લોકો છે તેને મોટા પાયે .. (સમય-સૂચક ઘંટડી) એક જ મિનિટમાં મારી વાત પૂરી કરીશ. એટલે મારી માગણી છે કે, વોટર ફ્રન્ટ છે તે માછીમાર ભાઈઓ માટે અને દરિયા કિનારા માટે ચોક્કસ એરિયા અનામત રાખે. તે રાજયની માલિકીની એક કિંમતી સંપત્તિ છે તો તેને જાળવી રાખવા માટેનો યોગ્ય કાયદો લઈ આવે. આ માગણી સાથે હું સંમત થઈ શકતો નથી.**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી તેમજ વાહન-વ્યવહાર મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે તેના અનુસંધાનમાં બોલવા માંગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન-વ્યવહાર તેમાં પરિવહન વિભાગ તેનો ઉદ્દેશ્ય નફા માટે હોતો નથી પણ સેવા દ્વારા સુવાસ ફેલાવવાનો રહ્યો છે. ભૂકંપ વખતે ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૦એ જ્યારે કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે હું સૌથી પહેલાં અને આપણાં માનનીય સભ્યશ્રી શંકરભાઈ ચૌધરી અને શ્રી કે.સી. પટેલ સૌથી પહેલાં ભચાઉમાં પહોંચ્યા હતા. ત્યારે તે વખતે કોઈ મદદ માટે તૈયાર નહોતું. એસ.ટી.ના વાહન-વ્યવહારના ડ્રાઈવર, કંડકટરોએ માનવતા દાખવી અને તેણે જે કામ કર્યુ છે તે સુવર્ણ અક્ષરે લખાશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય વાહન-વ્યવહાર ભારતના બીજા રાજયો કરતાં શ્રેષ્ઠ છે. કારણ કે ભારતના અનેક રાજયોમાં વેપાર અર્થે ફરવાનું થાય છે. ઘણાં રાજયોમાં પોતાની સ્વતંત્ર નહીં, પ્રાઈવેટ બસોનું સંકલન કરી અને વ્યવહાર ચલાવવામાં આવે છે. અને કેવી ખખડધજ બસો કે જેમાં આપણે બેસી ના શકીએ. ત્યારે ગુજરાત રાજયનું પરિવહન વિભાગ તે સ્વતંત્ર રીતે તે સેવા આપી રહ્યું છે. ૧૯૯૪-૯૫માં ૯૨ કરોડ કિલોમીટરની સુવિધા પૂરી પાડવામાં આવતી હતી ક્રમે ક્રમે વધારી અત્યારે આપણે ૯૮ કરોડ કિલોમીટરની સુવિધા આપીએ છીએ. વાહનદીઠ અગાઉ ૩૭૨ કિલોમિટરનું સંચાલન થતું હતું અને ધીરે ધીરે આપણે એ વધારતા જઈને એ વાહનદીઠ ૪૭૬ કિલોમિટરનું સંચાલન કરતા થયા છીએ. અગાઉ ૧૭૩૮૫ ગામોમાં એસ.ટી.ની સુવિધા પૂરી પાડવામાં આવતી હતી જયારે હાલમાં અત્યારે આજની તારીખમાં ૧૮૧૬૮ ગામોને એસ.ટી. વાહન વ્યવહારથી સાંકળવામાં આવેલ છે. પહેલાં બ્રેક ડાઉનનો રેશિયો ૦.૩૬ નો હતો અને અત્યારે એ ઘટીને ૦.૧૭ નો થયો છે. અગાઉ ડીઝલની એવરેજ પ્રતિ લિટર ૪.૮૪ ની હતી તેમાં વધારો કરીને ૫.૫૫ સુધીનો લક્ષ્યાંક આપણે હોંસલ કર્યો છે. આ સિધ્ધિઓને ધ્યાનમાં લઈને છેલ્લા ૩ વર્ષમાં રાજય સરકારના એસ.ટી. નિગમને દિલ્હી કક્ષાએથી ડીઝલ બચત કરવા માટે વાહન ઉત્પતતા વધારવા અંગે અને ટાયર પરફોર્મન્સ સુધારા અંગેના ૯ જેટલા એવોર્ડ આપેલ છે. આ તમારી દિલ્હીમાં બેઠેલી સરકાર આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫-૯૬ થી ૨૦૧૦-૧૨ સુધીમાં ૧૪૬૬૮ નવાં વાહનોની ખરીદી કરીને પ્રજાની સેવામાં મૂકવામાં આવેલ છે, પ્રવાસીઓને વધારે આરામદાયક સગવડ મળી રહે તે માટે ૮૭૫ કરોડ રપિયાના ખર્ચે ૭૩૯૦ બસો મૂકવામાં આવેલ છે. રૂપિયા ૨૮૫ કરોડના ખર્ચે હવે બીજી ૧૯૫૧ બસો ખરીદ કરવાનું આયોજન છે. આ રીતે ક્રમે ક્રમે અમે પ્રજાની સેવા કરીએ છીએ. જનતાની સગવડ માટે ૨૦૦૯-૧૦ માં ૨૦ એ.સી. કોચની બસો મૂકવામાં આવેલ છે અને પ્રથમ તબકકામાં ૭૬ સ્લીપીંગ કોચ શરૂ કરવામાં આવેલ છે અને બીજા તબકકામાં ૫૪ મૂકવામાં આવનાર છે. રાજયની જનતાને વધુ સગવડ માટે ૭ વોલ્વો બસો શરૂ કરેલ છે અને બીજી ૩ વોલ્વો બસ શરૂ થવાની છે. દેશી બસો અને વોલ્વો બસોમાં મોબાઈલ ચાર્જિંગ, દૈનિક પત્રો અને ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકલા શહેરીજનો માટે નહીં, પરંતુ આદિવાસી વિસ્તારના અંતરિયાળ ગામોમાં મોટી બસો ના જઈ શકતી હોય ત્યાં પણ આ સરકારે ૧૦૦ મીની બસોની સેવા શરૂ કરી છે અને ટૂંક સમયમાં બીજી ૨૦૦ મીની બસો શરૂ કરવામાં આવનાર છે. અમદાવાદ અને ગાંધીનગરના સંચાલન માટે ૪ લો ફલોર બસો શરૂ કરેલ છે અને બીજી ૨૦ ટૂંક સમયમાં શરૂ કરવાનું આયોજન છે. સાગરખેડૂઓના વિસ્તાર માટે અલગ કલરની ૩૪૮ બસો મૂકવામાં આવેલ છે. દરેક ક્ષેત્રમાં અને દરેક જગ્યાએ પ્રજાને સગવડ મળી રહે એની અમે તકેદારી રાખીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જેવા પછાત વિસ્તારમાં ડી.આર.જી.એફ. ના સહયોગથી ૪૫ મીની બસ મૂકવામાં આવેલ છે. પહેલાં ભરતીમાં આક્ષેપ અને પ્રતિ આક્ષેપો થતા હતા, પરંતુ એસ.ટી. નિગમમાં ડ્રાઈવર, કંડકકટર અને મિકેનીકલ જેવા સ્ટાફની ભરતીની પ્રક્રિયા ઝડપી અને પારદર્શક બને એ માટે કોમ્પ્યુટર આધારિત ઓન લાઈન અરજીઓ મંગાવીને ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. નિગમની બસોમાં કાયમી અવર જવર કરતા સરકારી નોકરીયાતો, પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા લોકોને ૫૦ ટકાના રાહત દરે પાસની યોજના ૨૦-૧૧-૦૫ થી રાજય સરકારે અમલમાં મુકેલ છે. ગુજરાતની હદમાં ઐતિહાસિક અને ધાર્મિક સ્થળોએ જવા માટે સસ્તા ભાડાના દરની ૭ દિવસના પ્રવાસની

યોજના ૧-૩-૨૦૦૦ થી અમલમાં મૂકવામાં આવેલ છે. એડવાન્સી બૂકીંગ કરાવવું હોય અને વધુ લોકોનું ગ્રુપ હોય તો તેને પાંચ ટકાના કન્સેશન દરની યોજના ૧-૩-૨૦૦૬ થી અમલમમાં મૂકવામાં આવેલી છે. આ ઉપરાંત રીટર્ન ટ્રાવેલ કન્સેશન માટે પણ દસ ટકાના રાહત દરની યોજના ૧-૩-૨૦૦૭થી અમલમાં મૂકવામાં આવેલ છે. ગ્રામીણ વિદ્યાર્થીઓ જેમને ગામમાં કોલેજ નથી હોતી અને એમને શહેરમાં જવું પડતું હોય છે તો તેવા વિદ્યાર્થીઓ માટે મફત બસ સુવિધા જવા આવવા માટે તા. ૧-૯-૨૦૦૭થી સેવા ઉપલબ્ધ કરાવેલ છે. અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મહિલાઓ માટે સ્પેશ્યલ બસ સેવા શરૂ કરવામાં આવેલ છે. ટુરીઝમ અથવા ધાર્મિક સ્થળોને આવરી લેતો વિવિધ સ્તરનો વીક એન્ડ પ્રવાસ શરૂ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ અને દૈનિક અવર જવર કરતા લોકો માટે પાસ સીસ્ટમમાં સ્માર્ટ કાર્ડનું આયોજન પણ કરેલ છે. રાજયના અગત્યના ૨૩ જેટલા બસ સ્ટેન્ડનું આધુનિકરણનું કામ હાથ ઉપર લેવામાં આવેલ છે. ભારતના બીજા કોઈ રાજયમાં ચેક પોસ્ટનું આયોજન નહોતું જયારે ગુજરાતમાં ચેક પોસ્ટ માટે કોમ્પ્યુટરાઈઝ ચેક પોસ્ટનું આયોજન કરી અને વર્ષ ૨૦૦૦ની સાલથી કોમ્પ્યુટરાઈઝ ચેક પોસ્ટ શરૂ કરવામાં આવેલ છે. તમામ ચેક પોસ્ટ ઉપરથી પસાર થતા વાહનો કોમ્પ્યુટરાઈઝ વે-બ્રીજ ઉપરથી પસાર થાય છે અને એ રીતે વાહન પસાર થતા તેનો લોડનો ડેટા કોમ્પ્યુરાઈઝ નોંધણી થઈ જાય છે. અને ગુજરાતની તમામ ચેક પોસ્ટની જીવંત કામગીરીનું અવલોકન મધ્યસ્થ અમદાવાદની કચેરીમાં બેઠા બેઠા સતત મોનિટરીંગ પણ થાય છે. આવી પારદર્શક વ્યવસ્થાને કારણે ચેક પોસ્ટ ઉપરથી પસાર થતા વાહનો થકી સરકારને પ્રતિ દિન આવકમાં વધારો થયો છે. ગાંધીનગર બસ સ્ટેન્ડને આઈ.એસ.ઓ. સર્ટીફિકેટથી સુસજજ કરવામાં આવેલ છે જે આજ સુધી ભારતના કોઈ રાજયમાં શરૂઆત નથી થઈ. નિગમના ૧૬ વિભાગીય વર્કશોપ અને વિભાગીય કક્ષાના હેડકવાર્ટર ડેપો, વર્કશોપને આઈ.એસ.ઓ. ૨૦૦૧ થી સુસજજ કરેલ છે. ખરીદ પધ્ધતિમાં કોઈ ગેરરીતિના આક્ષેપો ન થાય તે માટે, આજ સુધીના ઈતિહાસમાં આક્ષેપો થતા આવ્યા છે પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી અને વાહન વ્યવહાર મંત્રીશ્રીએ નવી યોજના અમલમાં મુકી અને ખરીદ પધ્ધતિમાં પણ સંપૂર્ણ પારદર્શકતા લાવવા માટે ઈ ટેન્ડરીંગ પધ્ધતિ અમલમાં મૂકવામાં આવેલી છે. આ સિવાય કન્ડકટર અને ડ્રાઈવર જે ૨૪ કલાક સતત કામગીરી કરતા હોય છે ત્યારે એમનું જમવાનું પણ ઠેકાણું હોતું નથી. તેમ છતાં કોઈ ફરિયાદ વગર પ્રજાની સેવા કરતા રહ્યા છે. એટલે આ જે માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને સમર્થન આપું છું.

**શ્રી મૂળુભાઈ હ. આયરબેરા(ભાણવડ)** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર મંત્રીશ્રી માગણી નંબર-૫૭, વાહન વ્યવહાર મંત્રીશ્રી માગણી નંબર ૭૪ અને માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી નંબર ૭૫ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

મારે સૌ પ્રથમ શ્રમ અને રોજગાર વિભાગની વાત કરવી છે. આપણા દેશમાં મોટી જો કોઈ સમસ્યા હોય , કોઈ જો ચિંતાનો વિષય હોય તો એ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા માટેનો છે. રોજગારી આપવામાં આપણું રાજય સમગ્ર દેશમાં છેલ્લા ઘણા વરસોથી સન ૨૦૦૨ થી લઈને અત્યાર સુધી સન ૨૦૦૮માં છેલ્લે જ્યારે ભારત સરકારે કૅલૅન્ડર વર્ષ પૂરું થયું ત્યારે આંકડા જાહેર કર્યા છે એ બધા જ વરસોમાં આપણું ગુજરાત આખા દેશમાં નંબર એક ઉપર રહ્યું છે. નંબર એક ઉપર રહ્યું છે એટલું જ નહિ સન ૨૦૦૮માં ભારત સરકારે આંકડા જાહેર કર્યા છે એ આંકડા પ્રમાણે ૨,૧૭૭૦૦ શિક્ષિત બેરોજગારોને આપણા રાજયમાં રોજગાર અધિકારીશ્રીઓના પ્રયત્નોથી, ઔદ્યોગિક ભરતી મેળાઓ, લશ્કરી ભરતી મેળાઓ, આઈ.ટી.આઈ.માં કૅમ્પ્સ ઈન્ટરવ્યું, શાળા કૉલેજોમાં કૅરિયર કૉર્નરના વર્ગો ચલાવવામાં આવે છે એના કારણે અને સતત રાજયમાં ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો છે એના કારણે ૨,૧૭૭૦૦ શિક્ષિત બેરોજગારોને રોજગારી સન ૨૦૦૮ના વર્ષમાં આપવામાં આવી છે તેવું અમે નથી કહેતા ભારત સરકારના આંકડા કહે છે. આખા દેશમાં જેનો બીજો નંબર આવ્યો છે એ તામીલનાડું રાજયે ૨૨૩૦૦ સન ૨૦૦૮માં શિક્ષિત બેરોજગારોને રોજગારી આપી છે. જ્યારે ત્રીજા નંબર પર કેરળ રાજય રહ્યું છે જેણે ૧૬૬૦૦ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપી છે. એટલે મારો કહેવાનો અર્થ એ છે કે નંબર એક અને નંબર બે નો તફાવત તમે સ્પષ્ટ જોઈ શકો છો. નંબર એક ઉપર ગુજરાત છે જેણે ૨,૧૭૭૦૦ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપી છે જ્યારે બીજા નંબર ઉપર તાલીમનાડું છે એણે ૨૨૩૦૦ શિક્ષિત બેરોજગારોને રોજગારી આપી છે એટલે કે દેશની ટોટલ રોજગારીના ૭૧ ટકા રોજગારી ફક્ત ગુજરાત રાજયે પૂરી પાડી છે જ્યારે ૨૯ ટકા રોજગારી પૂરી પાડવામાં બાકીના દેશના બધા જ રાજયોનો સમાવેશ થાય છે. એ જ રીતે સન ૨૦૦૯માં ૧,૫૪૩૯૫ શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. સન ૨૦૧૦માં જોઈએ તો ૨,૦૭૫૮૬ શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. આમ સતત ૨૦૦૨ થી લઈને ટકાવારીમાં જોઈએ તો ૪૬ ટકાથી શરૂ કરીને અત્યાર સુધી ૭૧ ટકા ભારત સરકારે આંકડા જાહેર કર્યા છે એ પ્રમાણે રાજયે શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડી છે.

હમણાં અહીંયા માનનીય અર્જુનભાઈએ ગોલ્ડન ગોલની વાત કરી અને કહ્યું કે ગોલ્ડન ગોલ જાહેર કર્યા હતાં એમાં કેટલી સિદ્ધિ મળી? મારે એ કહેવું છે કે ગોલ્ડન ગોલ નક્કી કરવામાં આવ્યા હતા એમાં ઔદ્યોગિક ભરતી મેળાઓ થાય છે, એમાં નોકરી વાંચ્છુઓ, નોકરી દાતાઓને એક મંચ પર ભેગા કરવાના સરકાર દ્વારા પ્રયત્નો થાય છે. બેરોજગારો ઈન્ટરવ્યું આપવા માટે જાય છે ત્યારે એને મફત એસ.ટી. મુસાફરી કરવા દેવામાં આવે છે, બસનું ભાડું સરકાર દ્વારા આપવામાં આવે છે. આ રીતે એક તક પૂરી પાડવામાં આવે છે. જે

ઔદ્યોગિક ભરતી મેળાના સહકારથી આ ગોલ્ડન ગોલ નક્કી કરવામાં આવ્યો હતો એના કારણે રોજગારીમાં સતત વધારો થયો છે. સન ૨૦૦૧માં ૯૨ હજારને આપણે રોજગારી આપી છે. એ રીતે સન ૨૦૦૨ એ રીતે અગાઉ મેં સન ૨૦૦૮, ૨૦૦૯ અને સન ૨૦૧૦ના આંકડા આપ્યા એ પ્રમાણે સતત શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવામાં આપણા રાજયે મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ભારત સરકાર દર વરસે કૅલૅન્ડર વર્ષ પૂરું થાય એ પહેલા દરેક જિલ્લામાં લાઈવ રજિસ્ટર પ્રમાણે આંકડા મેળવે છે અને એ આંકડા મેળવીને ભારત સરકાર આ આંકડા દરેક રાજયના જાહેર કરે છે એ પ્રમાણે આપણા રાજયે શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવાનું ખૂબ મોટું કામ કર્યુ છે. આપણે આના ઉપરથી જોઈ શકીએ છીએ કે અહીંયા કહેવામાં આવ્યું હતું કે બેરોજગાર નોંધણીની સંખ્યા વધતી જાય છે, હકીકતે બેરોજગારીની સંખ્યામાં સતત આપણા રાજયમાં ઘટાડો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં જે એક નવી રોજગારી હજુ પણ વધારે મળે તે માટે પ્રયત્ન થઈ રહ્યા છે. તેમાં આઈ.ટી.આઈ.ના તાલીમાર્થીઓને માટે ૩૭ જગ્યા ઉપર પ્લેસમેન્ટ એડવાઈઝરી બ્યુરોની સ્થાપના કરી છે. જેના કારણે ત્યાં તેમને માર્ગદર્શન મળે છે. ઈન્ટરનેટના માધ્યમથી કારકિર્દી અંગે તેઓને સલાહ આપવામાં આવે છે. આઈ.ટી.આઈ.ના કૅમ્પસ ઈન્ટરવ્યુનું પણ આયોજન કરવામાં આવે છે. છેલ્લા છ વર્ષથી ગુજરાત રાજય સમગ્ર દેશમાં રોજગારીની બાબતમાં પહેલા નંબર ઉપર છે. ૪૨ ટકાથી લઈને ૭૩ ટકા સુધીનું ધ્યેય આપણાં રાજયએ હાંસલ કર્યું છે એ ખૂબ મોટી વાત છે. આના કારણે આપણાં રાજયમાં સપ્ટેમ્બર-૨૦૦૮માં આઈ.બી.એન.-૭ તરફથી ગુજરાત રાજયને રોજગારી આપવામાં શ્રેષ્ઠ રોજગારીનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે. એવી રીતે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આપણાં રાજયમાં જે બેરોજગારો છે તેને હજુ પણ વધારે રોજગારી મળી શકે તેના માટે કુશળ કારીગરો તૈયાર કરવાનું કામ રાજયના દરેક તાલુકામાં આઈ.ટી.આઈ. આપીને તેમાં અલગ-અલગ પ્રકારના ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના અભ્યાસક્રમો શરૂ કરીને એક લાખ કરતા પણ વધુ યુવાનોને કુશળ કારીગર તરીકે તૈયાર કરવા માટેનું કામ થઈ રહ્યું છે. આપણાં રાજયમાં અગાઉ જે આઈ.ટી.આઈ.ની સંખ્યા હતી તેમાં વધારો કરીને દરેક તાલુકાને સરકારી આઈ.ટી.આઈ. અને એક તાલુકામાં બે-અઢી કરોડ રૂપિયાનું બિલ્ડીંગ હોય, તેને તાલીમના સાધનો માટે ગ્રાન્ટ આપવી અને ત્યાં જે સ્ટાફનો અભાવ હતો તેમાં પણ સ્ટાફની ભરતી કરીને આઈ.ટી.આઈ. છે, એક જમાનો એવો હતો કે વિદ્યાર્થીઓને કયાંય પ્રવેશ ન મળે એટલે છેલ્લે આઈ.ટી.આઈ.માં જતા હતા. આજે આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવવા માટે ખૂબ લાંબું વેઈટીંગ હોય છે અને પહેલી પસંદગી આઈ.ટી.આઈ.માં પ્રવેશ માટે કરવામાં આવે છે. તેનું કારણ એ છે કે જે વર્ષો જૂની આઈ.ટી.આઈ. હતી, એકને એક અભ્યાસક્રમ હતો. દરેક વિસ્તારમાં અનુકૂળ હોય કે ન હોય તો પણ ત્યાં એ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવતા હતા કે પૂરતી બેઠકો પણ ભરાતી નહીં, જાહેરાતો કરવી પડતી. પ્રયત્નો કરે તો પણ પૂરતી બેઠકો ભરાતી નહીં. એ સમય અગાઉ હતો. છેલ્લા ૧૦ વર્ષથી આપણાં રાજયમાં નવી આઈ.ટી.આઈ. શરૂ કરી તેમાં મહિલાઓ માટેની અલગ ૧૫ જેટલી આઈ.ટી.આઈ. શરૂ કરી છે. તેના કારણે બહેનો અલગ કુશળતા પ્રાપ્ત કરી શકે તે માટે ૪૪ આઈ.ટી.આઈ.માં મહિલા પાંખ હેઠળ અલગ રીતે બેઠકો ફાળવવામાં આવી છે. ૩,૯૧૨ જેટલી બેઠકો માટે ૪૪ આઈ.ટી.આઈ. એવી છે કે જ્યાં મહિલા પાંખ અલગ રાખીને આ બેઠકોમાં તાલીમ આપવામાં આવે છે. આઈ.ટી.આઈ.માં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેને એક લાખના વીમા સુરક્ષા કવચમાં પણ આવરી લેવામાં આવ્યા છે. આ રીતે રાજયની ૨૧૭ સરકારી આઈ.ટી.આઈ., ૧૩૧ ગ્રાન્ટ ઈન એઈડ આઈ.ટી.આઈ., ૩૦૧ સ્વનિર્ભર આઈ.ટી.આઈ. મળી કુલ ૬૪૯ સંસ્થાઓ છે. તેમાં ૧,૧૭,૭૨૨ જેટલા તાલીમાર્થીઓને દર વર્ષે તૈયાર કરવામાં આવે છે અને તેના કારણે જે ઉદ્યોગગૃહોને જેવા જોઈએ તેવા કુશળ કારીગરો ત્યાંથી મળી રહે એ પ્રકારના પ્રયત્નો આ વિભાગ દ્વારા થાય છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ વિભાગમાં પણ અહીં વાત કરતા હતા. આપણું એક રાજય એવું છે કે જ્યાં હડતાળ કે તાળાબંધી ખૂબ ઓછી છે. માલિક અને શ્રમિકો વચ્ચેના સુમેળભર્યા સંબંધોના કારણે આપણાં રાજયમાં ખૂબ મોટું ઔદ્યોગિક મૂડીરોકાણ આવી રહ્યું છે તેના અનેક કારણો છે. તેમાં મુખ્ય કારણ આ છે કે અહીં ઓછામાં ઓછા શ્રમિકોના પ્રશ્નો છે. તેના કારણે આપણાં રાજયમાં ઔદ્યોગિક શાંતિ જાળવવા માટે, ઓછા માનવ દિન ગુમાવવા માટે આપણું રાજય છે તે મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે છે. કન્સ્ટ્રકશન બોર્ડની વાત કરી હતી. એમાં એક ટકો શેષ લેવાની પ્રથા આપણા રાજયમાં શરૂ કરી રૂ.૧૮૫/- કરોડ કરતાં વધારે રકમ એકત્રિત કરી છે અને એ શ્રમિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે તાલીમ કીટ પૂરી પાડવામાં આવે છે. જે લેબર છે એને પણ તાલીમ કેટ આપવામાં આવે છે. એમના બાળકોને ભણવા માટે સ્કૉલરશિપ પણ આપવામાં આવે છે. એમને અકસ્માત વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે અને અકસ્માતે મૃત્યુ થાય તો રૂપિયા એક લાખનું સુરક્ષા કવચ મળે છે અને કાયમી અપંગતા હોય તો પણ એમને સુરક્ષા કવચ મળે છે. એમાં નોંધણી કરવામાં પ્રોબ્લેમ હતો . એના માટે મામલતદાર અને ટીડીઓને છૂટ આપી છે. બિલ્ડર પોતે એમ ન કહે.. ... .. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી બાબુભાઈ શાહ.. .. તમે પ્રવચન ચાલુ કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ(૨૫૨)** :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી શ્રમ અને રોજગાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે અને એ જ રીતે મુખ્યમંત્રીશ્રી બંદર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારી વાત કરવા ઉપસ્થિત થયો છું. રાજયનો શ્રમ વિભાગ અને એમાં જ્યારે રાજયમાં ઔદ્યોગિકીકરણ

વધી રહ્યું હોય ત્યારે એ શ્રમિકોની સલામતી જાળવવા માટે નિયમોનું પાલન કરાવવા માટે એના મહેકમમાં વધારો કરવો જોઈએ. કોન્ટ્રાકટ લેબર પદ્ધતિ છે એને ઉત્તેજન ન અપાય. કાયમી ધોરણે રોજગારી મળે એની ચિંતા કરવી જોઈએ. નાણા મંત્રીશ્રી એ બહુ મહત્ત્વનું નાણાનું ખાતું સંભાળે છે પણ શ્રમિકોની ચિંતા જરાપણ કરતા હોય એવું ફલિત થતું નથી. કચ્છમાં ઔદ્યોગિકીકરણના વિકાસની વાતો થાય પરંતુ જે મજૂરોની સંખ્યા વધી છે એના પ્રમાણમાં એની સલામતી જાળવવા માટે થઈને એ મહેકમ વધારવામાં આવ્યું છે ખરું? એના ઇન્ડસ્ટ્રીયલ સેફટી ઑફિસરની છેલ્લા ત્રણ વર્ષમાં માત્ર એક જગ્યા વધારવામાં આવી અને કોન્ટ્રાકટ પદ્ધતિમાં કચ્છ જિલ્લાની અંદર એક લાખ આઠ હજાર મજદૂરો હોય અને કાયમી પદ્ધતિમાં માત્ર ૫૪૦૦૦. એમાં જ્યારે મુંદ્રાની વાત કરતા હોઈએ ત્યારે સત્તાધારી પક્ષનો ઉત્સાહ વધી જતો હોય છે. ત્યાં મુંદ્રા તાલુકાની અંદર ૫૯૫૩૭ કોન્ટ્રાકટ લેબરોની સામે માત્ર ૬૦૦૦ કાયમી મજદૂરો છે એટલે કે દસ ટકા જ કાયમી છે. આ કોન્ટ્રાકટ લેબરના કાયદાની નીચે ચકાસણી કરવાની હોય એ તમે કેટલી વખત કરી છે? આ કોન્ટ્રાકટ કરો છો એ મજદૂરોને પૂરેપૂરો પગાર આપો છો કે કેમ? એમને ઔદ્યોગિક સલામતી હેઠળની સવલતો આપો છો કે કેમ? એની કોઈ ચિંતા નાણા મંત્રીશ્રી અને શ્રમ મંત્રીશ્રીએ કરી છે ખરી? એટલી જ મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બંદર વિભાગ મુખ્યમંત્રીશ્રી વતી જવાબ માનનીય પ્રવાસન અને આરોગ્ય મંત્રીશ્રી આપતા હોય છે અને બિલ લાવ્યા ત્યારે મેં પ્રશ્ન પૂછેલો કે, આટલું બધું હળવાશભર્યું લો છો. ગુજરાતને ફાયદો થાય એવા સૂચન ઉપર પગલાં લેશો? ગુજરાતને લાભ થતો હોય તો કોઈ ગુજરાતી વિચાર ન કરે એના ઉપર પગલાં લેવાનાં જ હોય. મૅરી ટાઇમ બોર્ડમાં આજે શું થઈ રહ્યું છે? આ એટલા માટે કે, મૅરી ટાઇમ બોર્ડના એ સ્વપ્નદ્રષ્ટા આ ગૃહના સભ્ય અમારા નેતા શ્રી મકરંદ દેસાઈની કલ્પનાનું એ બોર્ડ હતું.આ દેશની અંદર દરિયાકિનારો, એમાં ૧૬૦૦ કિલોમીટરનો દરીયા કીનારો એટલે કોઈપણ દેશના લાંબામાં લાબો દરીયાકીનારો હોય તો ગુજરાતનો છે. આપણી પરંપરા પ્રમાણે ૮૪ બંદરોનો વાવટો, ૮૪ ધીકતા બંદરોથી આપણે વિશ્વભરની અંદર એનો વેપાર કરતા. કચ્છનો દરીયાકીનારો પણ એટલો જ, અને એટલા માટે અમારા કવિ નિરંજને લખેલું, " મલ્લ જેડા માંડુ મચ્છવેંસે સાગર પાર, પૂજન અય વલો અસાંજો વતન " મુંજી માતૃભૂમિ કે નમન" માનનીય અર્જુનભાઈએ ઝવેરચંદ મેઘાણીને જે ટાંકયા , એ મારે શ્રમજીવીઓની વાતમાં કહેવુ હતું ઝવેરચંદ મેઘાણીની વાતમાં મારે કહેવું હતું કે, અમે ખેતરોથી વાડીઓથી જંગલની ઝાડીઓથી ગીરીવરથી સુણી સાદ આવ્યા શ્રમજીવીઓનાં ગાનને શ્રમ મંત્રીશ્રી ધ્યાનમાં લો. શ્રમજીવીઓની વાત જેમણે સાંભળી નથીને એમની સત્તા નામશેષ થઈ ગઈ છે એ વાત મારે કહેવી હતી , પણ મારે મૂળ વાત જે કહેવી છે, આ ગુજરાતનો દરીયાકીનારો છે એની હાલત શું કરી છે, મકરંદભાઈએ જ્યારે આ મેરીટાઈમ બોર્ડ કરેલું ત્યારે માત્ર ગુજરાતના પૉર્ટ ઉપરનું યાતાયાત માત્ર બે લાખ ટનની હતી અને એમાં પણ ઓખાની યાતાયાત ૧ લાખ ૮૦હજાર હતી. અત્યારે ૧૪ કરોડ ટન ટ્રાફિક જે છે ગુજરાતનો એ નાના બંદરો ઉપર છે એમાં ખાનગી બંદરો ઉપરનો ટ્રાફીક લગભગ ૧૦કરોડ ટને આંબવામાં આવ્યો છે. ખાનગી બંદરો આપણે કોના માટે વિકસાવીએ છીએ? આ રાજયના એક નાગરિક વ્યાપારી કે જેમના માટે ખૂબ ગૌરવભેર નામ લેવાય, ગૌતમ અદાણી, આ દેશના દસ શ્રીમંતોમાં સાતમા નંબરનું સ્થાન મેળવે એ આપણા ગુજરાત માટે ગૌરવ લઈએ પણ આ ગૌરવ એમને અપાવ્યું કોણે? માત્ર ને માત્ર આ રાજયના મુખ્યમંત્રીના વિભાગ અને એમના બંદર વિભાગના અધિકારીઓએ આ ગૌરવ અપાવ્યું છે, આ એટલા માટે કે રાજયના ભોગે અપાવ્યું છે. પાંચ પેઢીથી બિરલા ઔદ્યોગિક ગૃહ છે એમનો નંબર પાછળ આવે અને ગૌતમભાઈનો નંબર આગળ આવે, આપણે એનો આનંદ લઈએ પણ રાજયની તીજોરીમીાંથી એને કારણે કેટલું નુકસાન થયું છે, આપણે જમીન એમને આપીએ મેરીટાઈમ બોર્ડ એ મીઠાના અગરોની જમીન પાછી આવે, ભારત સોલ્ટની જમીન અને ચાર રૂપિયા મીટરમાં મહેસૂલ ખાતું આ જમીન મેરીટાઈમ બોર્ડને આપે અને આ જમીન સીધેસીધી એ પાસ કરી દે એ ખાનગી બંદરને ખાનગી એકમને જે આપણે ભાગીદારીમાં છે. આપણી ભાગીદારી કેટલી હતી, ૧૧ ટકા ત્યારે હતી એમ.ઓ.યુ.માં પણ બાકીનો જે બંદરમાં આપણો ભાગ હતો એમને એક જેટી પૂરતી આપણે એ ભાગીદારી હતી, આખો દરીયા કીનારો આપણે નહોતો આપ્યો, આજે આખો એ દરીયા કીનારો એક ખાનગી બંદરને આપી દેવામાં આવ્યો હોય અને ૯ કીલોમીટરનો દરીયા કીનારો. ૧૬ મીટરનો ડ્રાફટ ધ ારાવતો એ મુંદ્રાનો દરીયા કીનારો હિન્દુસ્તાનમાં કયાંય એટલો ઉંડો દરીયા કીનારો નથી, મુંબઈનો મારુ હોય તો એ ૧૨ મીટરનું છે, કંડલાનું મહાબંદરનું હોય તો ૧૪ મીટરનું છે, કોચીનનું હોય તો ૧૨ મીટરનું છે, મુંદ્રાનો દરીયાકીનારો ૧૬-૧૭ મીટરનો હોય એના પ્રમાણે દરીયાકીનારાની કોઈ કિંમત નહી? દહેજની અંદર એ દરીયાકીનારાની જે જમીનો હોય એ અદાણી પોર્ટને અપાય તો એના દર જૂદા લેવામાં આવે અને કચ્છમાં એના પાંચ ટકાનો પણ દર ભાડુ, જમીનનું ભાડુ લેવાય નહીં, આ કોણે કર્યુ છે એની તપાસ થવી જોઈએ એટલો મેં જયનારાયણભાઈને પત્ર લખેલો, જયનારાયણભાઈનો જવાબ મને મળ્યો, મેં એની અનુમોદના કરી પણ આ પત્રની અંદર જે અધુરાશો છે એનો એક મેં પત્ર લખ્યો હતો, હજી સુધી મને એનો જવાબ મળ્યો નથી અને અધ્યક્ષશ્રી, એમના એક સચિવશ્રી એમની પાસે હું વારંવાર જતો અને એમને વારંવાર જતો એટલે ગમે નહીં કારણ કે અહીં તો જે ધારાસભ્યો જતા હોય એટલે એ એમ માને અને પાછા ત્યાં કહેવડાવે કે તમારા વિરુદ્ધની કોઈ કમ્પલેન આવી છે, અમને એમ કહેતા હોય કે તમે તો કમ્પલેનન્ટ છો, મેં અગાઉ પણ કીધું કે આ સન્માનનીય ગૃહના ૧૮૨

ધારાસભ્યો આ રાજયના કસ્ટોડીસયન છે. આ રાજયના પ્રહરી છે અને રાજયની આવકો જ્યાં ડ્રેનાઉટ થતી હોય ત્યાં કહેવા માટેનો પોતાનો ધર્મ બજાવતા હોય, ફરજ બજાવતા હોય એને તમે સમયસર જવાબ ના આપો, એટલા માટે કે ૨૦૦૭માં મેં પત્ર લખ્યો હતો, ૨૦૦૭ના ઑગસ્ટ મહીનામાં પત્ર લખેલો, એ અધિકારીને એવું હતું કે હમણાં ૨૦૦૭માં ચૂંટણી આવશે એટલે બાબુભાઈ તો ઘરે બેસી જશે.

ફરીથી આ સન્માનનીય સભાગૃહમાં આવવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું. મેં પત્રની ઉઘરાણી કરી તો પત્રનો જવાબ આપ્યો છે એવું મને કહ્યું અને એમ કહ્યું કે તા. ૪-૪-૨૦૦૮ના પત્રથી જવાબ મોકલેલ છે. આ તા. ૪-૪-૨૦૦૮નો પત્ર છે એ માત્ર પત્ર મળ્યાનું એન્કલોજમેન્ટ હતું એમાં વિગતો ન હતી. આ બાબતે મેં માનનીય જયનારાયણભાઈને પત્રનો ઉલ્લેખ કરીને કહ્યું. હમણાં જ વોટર ફ્રન્ટ રૉયલ્ટીની વાત કરી અને બંદરો ઉપરના જે દર લેવાતા હોય અને વ્હૉર્ફજ ચાર્જ અને વોટર ફ્રન્ટ રોયલ્ટી લેવાય છે એમાં આપણા નવલખીનું બંદર હોય એના ઉપર કોલસો ઊતરે ત્યારે ૩૫ રૂપિયાનો વ્હૉર્ફજ ચાર્જ મૅરી ટાઈમ બોર્ડ અને રાજ્યની તિજોરીમાં આવે પણ મુંદ્રા બંદરે કોલસો ઊતરે તો માત્ર ૫ રૂપિયા વોટર ફ્રન્ટ રોયલ્ટી, ત્યાં વ્હૉર્ફજ ચાર્જ નહીં. આ અધિકારો કોણે, આ લે ડાઉન કરી દીધા છે એની તપાસ કરવી જોઈએ. આ દેશની અંદર કેન્દ્રનું બંદર છે કે રાજ્યનું બંદર છે એ દેશના લોકોની સંપત્તિ છે. આ રાષ્ટ્રની સંપત્તિનો દુરુપયોગ કરનારા જે કોઈ હોય એની જવાબદારી નક્કી થવી જોઈએ. એટલા માટે કે આ બહુ અગત્યનો મુદ્દો છે. રાજ્યની આવકો જ્યારે ડ્રેઈન આઉટ કરી રહ્યા છે ત્યારે હું કોઈ આક્ષેપ સરકાર કે ટ્રેઝરી બેન્ચ સામે નથી કરતો પણ આમાં જો કોઈ અધિકારીઓ કરી રહ્યા હોય તો એને રોકવાની જરૂર છે. મેં ૨૦૦૭ના પત્રમાં લખ્યું અને જાણતા રાજાના સમર્થક આપણા મુખ્યમંત્રીશ્રી, શિવાજીના પ્રશંસક છે. શિવાજી મહારાજે સૌથી પહેલા આ દેશનું નવસૈન્ય ઊભું કરેલ અને ત્યારે એમણે એક માર્ગદર્શિકા આપેલી અને અધિકારીઓને આદેશ આપેલ કે અંગ્રેજો, ફ્રેન્ચ, હોલેન્ડવાસી જેવા વિદેશી વેપારીઓને દરિયા કિનારે સ્થાયી કરવા નહીં. જો તેમને દરિયા કિનારો આપવામાં આવશે તો બીજા લોકો સાથે મળી રાજ્ય માથે જોખમ ઊભું કરશે. આવું શિવાજી મહારાજે કહ્યું હતું. શિવાજી મહારાજની પ્રશંસા કરનાર, જાણતા રાજાની પ્રશંસા કરનારા આ મુખ્યમંત્રીશ્રીના શાસનકાળની અંદર એક પી.એન્ડ ઓ. નામની વિદેશી કંપનીને મુંદ્રામાં જેટી આપવાની સંમતિ આપી. પી.એન્ડ ઓ. કંપની વેચાઈ ગઈ અને એ દુબઈ પોર્ટ વર્લ્ડ લીધી અને એના વિશ્વભરના ૪૩ બંદરો છે એમાંથી ૨૨ બંદરો યુ.એસ.એ.માં હતા. મને જવાબ આપ્યો કે ફોરેન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ દ્વારા એને મંજૂરી આપી છે. મેં એટલા માટે પૂછેલ કે રજનીશ કોમ્યુન માંડવીમાં આવવાનું હતું ત્યારે અમારા તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ માંડવીના દરિયા કિનારે રજનીશ કોમ્યુનને મંજૂરી આપવી કે કેમ એ માટે સંરક્ષણ મંત્રાલયનો સંપર્ક કરેલ અને સંરક્ષણ મંત્રીશ્રીએ આને આપી શકાય નહીં એવું સ્પષ્ટ મંતવ્ય આપેલ. એટલા માટે મેં એમને પૂછેલ અને એનો ઉડાઉ જવાબ કે, અમેરિકાની અંદર ફોરેન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડે અને સેક્રેટરી (હોમે) આ દુબઈ પોર્ટના ૨૨ બંદરો માટે મંજૂરી આપેલી. મારે મંત્રીશ્રીને આપના મારફતે જણાવવાનું છે કે ત્યાં બે સેનેટરો એ ૯/૧૧ના કમિશનનો જે રિપોર્ટ હતો એના ઉપરથી ફાઈન્ડીંગ કરીને એનો વિરોધ કરેલો. ત્યાંના પ્રેસિડેન્ટને લખેલો કાગળ હતો કે Mr. President, It is not just no but hell No અમેરિકાના દરિયા કિનારે દુબઈ પોર્ટ વર્લ્ડ જે આતંકવાદીઓને સાચવી રહ્યું છે, ટેકો આપી રહ્યું છે એનો અમેરિકાના બંદરો ઉપરનો કબજો હોઈ શકે નહીં. પ્રેસિડેન્ટે એમ કહ્યું કે દુબઈ આપણું મિત્ર રાષ્ટ્ર છે, આપણા સૈનિકો અને આપણા જહાજોને ત્યાં આવવા-જવાનું હોય છે. તો પણ એમણે સાંભળ્યું નહીં અને ત્યાં રિપબ્લિક અને ડેમોક્રેટિક બન્ને લોકોએ મળી હાઉસ ઓફ કોમનમાં ૩૪૯ વિરુદ્ધ ૭૧ મતે એમણે ત્યાંની જે એપ્રોપ્રિએશન બિલ હોય એ સ્ટોલ કરી દીધું અને પછી આ દુબઈ પોર્ટ વર્લ્ડે અમેરિકાના આ ૨૨ બંદરો કોઈને અનડીસ્કોઝ્ડ કિંમતે આપીને ત્યાંથી જવું પડ્યું. આપણે દુશ્મન દેશથી બહુ નજીકમાં છીએ. મુંદ્રાનો દરિયા કિનારો બહુ સેન્સિટીવ છે. મુંબઈનો બનાવ બન્યો પછી નેવીના અધ્યક્ષ મહેતાએ એમ કહેલું કે ખાનગી બંદરો ઉપર કન્ટેનર ટ્રાફિકમાં ક્યારેક અણુબોમ્બ નહીં આવી જાય એની શું ખાતરી? આવું ભયસ્થાન બતાવેલ છે ત્યારે આ બંદરો ઉપર સ્ટેપ ઈન કરીને આપણે આપણો કબજો લેવો જોઈએ. કારણ કે આપણા આ અધિકારો છે. આ બંદરો ઉપર ગમે ત્યારે સ્ટેપ ઈન કરીને આપણે કબજો લઈ શકીએ છીએ. આમણે તો શરતભંગ કરી છે. એમણે બંદરોની જગ્યા બીજાને નહીં આપવાનો શરતભંગ કરેલ છે. ૬૭ એકર જમીન ઉપર કન્ટેનર જેટી બનાવી હોય કે ૫૦ એકર જમીન ઉપર બનાવી હોય અને શરતભંગ કર્યો હોય તો એ આગળ ધરીને આનો રાજ્ય સરકારે કબજો લેવો જોઈએ. (સમયસૂચક ઘંટડી) (અંતરાય)

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજની માનનીય મંત્રીશ્રી યાદી લઈને આવ્યા છે એમાં માગણી નંબર ૭૫ બંદર વિભાગની હું રજૂઆત કરવા માગુ છું અને એમાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ભારત દેશની અંદર ૩૩ રાજ્યોમાં ૯ રાજ્યો સાથે આ બંદરોની એકટીવીટી છે. હાલ આપણા દેશની અંદર ૧૮૫ જેટલા બંદરો છે એ પૈકી આપણા ગુજરાતની અંદર ૪૪ બંદરો આવેલા છે. એ ૪૪ બંદરો છે એમાં ૩ બંદરો છે એ કંડલા, દીવ અને દમણમાં કેન્દ્રશાસિતનો કારભાર ચાલે છે કંડલા બંદર છે એ ત્યાંનું મેરીટાઈમ બોર્ડ ટ્રસ્ટ દ્વારા એનું સંચાલન થાય છે. બીજા જે ૬ બંદરો ગુજરાતની અંદર આવેલા છે ત્યાં મોટા વહાણો કે જહાજ આવી શકે, પાણીની ડીપ એને મળી શકે એવા બંદર આવેલા છે અને એ બંદરોમાં ખાસ

કરીને આ જે મોટા જહાજ આવી શકે એમાં પોરબંદર, ઓખા, સિક્કા, દહેજ, મુંદ્રા અને પીપાવાવ આ બંદરો આવ્યાં છે અને માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે ૩ બંદરો જે છે એ કાયમી મોસમી છે એટલે કે આખી સીઝનની અંદર ચાલુ રહે છે અને ૨૬ નાના બંદરો છે એ માછીમારો ફિશિંગ માટે ઉપયોગમાં લે છે. આ જે ગુજરાતના ૪૪ બંદરો આવેલા છે એના ઉપર આખા વર્ષની અંદર ૨૨૯૩ મેટ્રીકટન માલની હેરાફેરી કરે છે એના કારણે સરકારને ખૂબ મોટું હૂંડિયામણ આવકના સોર્સ તરીકે મળી રહે છે.  માછીમારો જે ફિશિંગ માટે જાય છે એમાંથી પણ ગુજરાત સરકારને અને દેશને ૬૭ કરોડ રૂપિયા જેટલું હૂંડિયામણ મળે છે. આજે આપણા દેશના નાના-મોટા બંદરો જે થયા છે એમાં ૧૬૦૦ કિલોમિટરનો વિસ્તાર છે. આ વિસ્તારની અંદર ખાસ કરીને જે ગુજરાત અને એમાં પણ ગુજરાતની અંદર ખાસ કરીને દક્ષિણ ગુજરાતની અંદર મરોલી એક બંદર માટે બે-ત્રણવાર બેટની અંદર નામ આવી રહ્યું છે અને આ મરોલી દક્ષિણ ગુજરાતની અંદર કેમ થવું જોઈએ? તો આ બાબત એટલા માટે ધ્યાને મૂકું છું કે આજે બોમ્બેની અંદર બંદર છે ત્યાં ટ્રાફિક એરિયા છે. ત્યાં કમ સે કમ ૨૫-૩૦ દિવસ સુધી મોટા જહાજો ખાલી થતાં નથી અને એ ટ્રાફિકને જો ડાયવર્ટ કરવામાં આવે તો ગુજરાતને એક આર્થિક બેઈઝ ખૂબ મોટો મળી શકે એની સાથે સાથે અમારાં દક્ષિણ ગુજરાતની અંદર ઉંમરગામ, સરીગામ, વાપી, દમણ, સેલવાસા, એમઆરડીસી આ જે આખો બેટ ઔદ્યોગિક બેટ છે અને એના કારણે એક્ષપોર્ટ ઝોન પણ બનાવવામાં આવે તો મારા ખ્યાલ મુજબ ખૂબ મોટો ફાયદો થાય અને હું સરકારને વિનંતી પણ કરું છું કે આ બાબતે કેન્દ્ર સરકારને વિધિવત દરખાસ્ત કરવામાં આવે તો આવતા દિવસોની અંદર ઉદ્યોગ અને આ દેશના અર્થતંત્રને માટે ખૂબ મોટી અસર થશે. આજે બંદર ઉપર બીજા ઘણા ઉપયોગી મુદ્દાઓ જે છે એ ધ્યાન ઉપર મૂકું છું. અત્યારે ઉત્તર ભારતની અંદર વધારે ઉષ્ણતામાનને કારણે આ દેશ અને દુનિયાની અંદર જે વાતાવરણ બદલાયું છે એના કારણે ઉષ્ણતામાન વધ્યું છે અને એના કારણે ઉત્તર ભારતની અંદર બરફના પથ્થરો જામેલા છે એ પીગળે છે. હવે અમે ચાર વર્ષથી અમે જોઈ રહ્યાં છીએ કે દરિયા ઉપર જે ૪ ફૂટની ભરતી આવતી હતી એ ભરતીનું પ્રમાણ અત્યારે ૬.૫ ફૂટ થયું છે એના કારણે દરિયા કિનારા ઉપર જે રેતી વધતી હોય ત્યાં ખાસ કરીને માછીમાર ભાઈઓ

**( સભાપતિશ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ અધ્યક્ષસ્થાને )**

માટે એક ખૂબ મોટું જોખમ પણ ઊભું થતું આપણે જોયું છે. આજે હું એક વાત ધ્યાને મૂકું છું કે બે વર્ષ પહેલા અમારા ઉમરગામની અંદર ૧૧ જેટલા ઘરો દરિયા કિનારાના પાણીની અંદર ડૂબી ગયા હતા. એ જ રીતે અમારા વલસાડની અંદર આખું દાતી ગામ દરિયાની અંદર ગરક થઈ ગયું છે. આ રીતે દરિયા કિનારા ઉપર જે રહે છે એની ખાસ કરીને સરકારે મોટી ચિંતા એ કરી છે કે દરિયા કિનારાનું ધોવાણ અટકાવવા માટે આપણે શું કરવું જોઈએ?અને એના માટે પણ વખતો વખત સારી એવી નાણાકીય ફાળવણી પણ ગુજરાતે કરી છે અને એના કારણે અમારા ઉમરગામ તાલુકાના રસ્તાઓ સુધી ૩૭ કરોડ રૂપિયાની સંરક્ષણ દીવાલ બનાવવામાં આવી છે એનાથી દરિયા કિનારા ઉપર રહેતા માછીમાર ભાઈઓને ખૂબ મોટો ફાયદો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બંદરો એની એકટીવીટીના કારણે જે અહીંયા કંડલા બંદર આવ્યું છે એના આધાર ઉપર આજે કચ્છનો સૌથી આખા ગુજરાતમાં સારામાં સારું ડૅવલપમેન્ટ થયું છે. આજે બૉમ્બે જોઈએ છીએ તો બૉમ્બે શાના ઉપર આખો આર્થિક બેઝ બન્યું છે? તો એ બૉમ્બે બંદર આવવાના કારણે શકય બન્યું છે. મદ્રાસ જોઈએ તો એ પણ આર્થિક દ્દષ્ટ્રિએ શહેર બન્યું છે એ બંદરના કારણે શકય બન્યું છે. તો આજે જે આપણી સરકારની જે નીતિ છે એ નીતિમાં સ્વાભાવિક રીતે આપણે આગળ વધતા ગયા છીએ અને આ વર્ષે જે દરિયામાં પણ ટ્રાફિક ઝોન ડાયવર્ટ કરવામાં આવે એવી એક નીતિ બનાવવાના કારણે આ વખતે ૨૯૬ કરોડ રૂપિયા આ વખતે માનવ હેરાફેરી માટે ધોધા થી દહેજ સુધી નવી એક બાબત મૂકી છે એ માટે પણ હું માનનીય મંત્રીશ્રીને અને સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જાણીએ છીએ કે, નેશનલ હાઈ-વે નંબર.૮ અમે જ્યારે દક્ષિણ ગુજરાતથી અહીંયા સુધી આવીએ છીએ ત્યારે ટ્રાફિક ખૂબ હોય છે. એ ટ્રાફિકને હવે આપણે જો બીજી તરફ વાળવો હોય તો દરિયા કિનારા ઉપર એને બંદરો સાથે સાંકળીને કોસ્ટલ હાઈવે છે, કોસ્ટલ ઝોન છે એ કોસ્ટલ ઝોન આપણને એક દેશની સીમા રક્ષા કરવા માટે પણ ખૂબ ઉપયોગી થાય અને એની પણ પ્રગતિ અમે આજે જોઈ રહ્યા છીએ, એટલે એ પણ એક સારી વાત છે. સાથે સાથે ભાવનગરમાં શીપ બ્રેકીંગ યાર્ડ આવી રહયું છે. એ દેશમાં જે બિન વપરાશી જહાજો હોય એનો ધંધો પણ ખૂબ વિકસી રહ્યો છે અને એનાથી ઓછામાં ઓછા ૨૦ થી ૨૫ હજાર કામદારોને અહીંયા રોજી મળી રહી છે. આ રીતે બંદરોની પ્રવૃત્તિ આપણા દેશ માટે અને આ ગુજરાત અને દેશના અર્થતંત્રને ખૂબ સંગીન બનાવવા માટેનો એક મોટામાં મોટો વિકલ્પ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આજે ગર્વ થાય છે કે, અત્યાર સુધી આ ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો જે ગુજરાતમાં આવ્યો છે એના તરફ કોઈ ધ્યાન અપાતું નહતું પણ ભા.જ.પ.નું શાસન ૧૯૯૫માં આવ્યા પછી અત્યાર સુધી એના માટે સતત ચિંતા કરવામાં આવે છે અને એ ચિંતાના આધાર ઉપર આ જે અહીંયા યાદી આપી છે એમાં કરોડો રૂપિયાનું ખાનગી મૂડી રોકાણ કરનારી પાર્ટીનું કહ્યું છે એમ ખાસ કરીને મરોલીનું કહીશ તો મરોલીનું નેટ ઉપર કમ સે કમ ૧૦-૧૨ જેટલા ટેન્ડરો પણ આવી ચૂક્યા છે અને ટૂંક સમયમાં આ બંદરો વાણિજીક બંદર તરીકે સ્થાપિત થશે તો દક્ષિણ ગુજરાતમાં એક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ સાથે એક હેરાફેરી માટે નજીકનો વિસ્તાર ત્યાંના ઉદ્યોગપતિઓને મળી

જશે અગર તો આપણા દેશમાં એક નવી વ્યવસ્થા ઊભી થશે એટલા માટે એક નવી બાબત અમે આ વખતે જોઈ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત એ કહેવી છે કે, જે કંઈ અત્યારે બંદરો ઉપર કામદારો કામ કરી રહ્યા છે એમના રક્ષણ માટે પણ સરકારે ખૂબ ધ્યાન આપ્યું છે કે જ્યારે બંદરોમાં ફીશીંગ કરવા માટે કામદારો જાય છે, મારા વિસ્તારોમાંથી લગભગ ૪૦ હજાર જેટલા લોકો પોરબંદર, ઓખા, દ્વારકા અને વેરાવળ વગેરે વિસ્તારોમાં જાય છે. તો એમના રક્ષણનું શું ? પણ ગુજરાત સરકારે આ ભાઈઓના રક્ષણ માટે જુથ વીમા યોજના અમલામાં મૂકવામાં આવેલી છે. બંદરો ઉપર જ્યારે કામ કરતા કોઈ કામદાર પડી જાય તો એના માટે વીમો આપવામાં આવે છે. લાપતા બને તો એના માટે સહાય આપવામાં આવે છે. પાકિસ્તાન મરીન દ્વારા એને પકડવામાં આવે તો એને ૫૦/- રૂપિયા રોજના વેતન આપવામાં આવે છે. આ રીતે બંદરો સાથે સંકળાયેલી અન્ય પ્રવૃત્તિઓમાં પણ સરકારશ્રીએ ખૂબ ચિંતા કરી છે અને એનો વિકાસ દિવસેને દિવસે વધે એ રીતે કર્યો છે. આ બજૅટમાં ૯૯,૯૩,૩૮,૦૦/-ની જોગવાઈ બંદરોના વિકાસ માટે જે મૂકી છે એને હું અનુમોદન આપી, વિરમું છું.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે માગણી નં.૭૪ પરિવહન હેઠળ ૬,૨૮,૭૯,૮૧,૦૦૦ ની રકમનું મહેસૂલી ખર્ચ  અને મૂડી ખર્ચ રૂ.૩૬૫કરોડ તેમજ માગણી નં. ૭૫ બંદરો અને વાહન વ્યવહાર હેઠળ રૂ.૪૯,૩૮,૯૦,૦૦૦ નું મહેસૂલી ખર્ચ અને મૂડી ખર્ચ રૂ. પચાસ કરોડનું જે કુલ મળી એક હજાર ત્રાણું કરોડ અઢાર લાખ સિત્તેર હજાર આ ગૃહમાં લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપવા ઉભો થયો છું. ગુજરાતની અંદર એસ.ટી. એક હુલામણા નામે લોકમુખે ચર્ચાથી લોકો બોલે છે કે એસ.ટી.નું એક નાનું નામ પરંતુ આ નિગમ પ્રજાને સરળ, આરામદાયક મુસાફરીની સુવિધા પૂરી પાડી આર્થિક, શૈક્ષણિક, સામજિક વિકાસમાં જે સિંહ ફાળો આપ્યો છે. છેલ્લા પંદર વર્ષમાં ગુજરાતનું એસ.ટી. બોર્ડ આપી રહ્યું છે ત્યારે ગુજરાતના એસ.ટી. બોર્ડની વાત કરતા હોઈએ ત્યારે સમય જેમ જેમ જતો જાય છે, સમય પસાર થતો જાય છે એમાં કાંઈક ને કાંઈક વૃદ્ધિ થતી જાય છે એમાં કોઈ ના પાડી શકાય તેમ નથી. અહીંયા વાત થતી હતી કે ગુજરાતની અંદર એસ.ટી.ની સુવિધાની ભુતકાળની અને અત્યારની પણ ચર્ચા થઈ પણ મારે આ સન્માનનીય ગૃહમાં વાત ધ્યાન ઉપર મુકવી છે કે ભૂતકાળની અંદર બસો કેવી હતી અહીંયા ૩૦૦ કિલોમીટર, ચારસો કિલોમીટરથી અમારે છેક અંતરિયાળ ચારસો કિલોમીટર સોમનાથથી અમદાવાદ સુધી આવવું હોય તો અડધી સીટ હોય પાછળ માથું બહાર દેખાય, સીટોમાં રબ્બર ન હોય પાટિયું દેખાય અને અગિયાર, અગિયાર કલાકની મુસાફરી કરે તો સવારે એક દિવસ માણસ આરામ કરે પછી એ કામ પર ચડે એવી સ્થિતિ ભૂતકાળની હતી. એ વાત આપણે જોઈ છે પરંતુ હાલની સ્થિતિ શું છે? હાલની અંદર ગુજરાતની અંદર સમગ્ર વિસ્તારમાં જયારે એસ.ટી.બોર્ડે બસોની સુવિધા આપી છે એની અંદર કદાચ ધારાસભ્ય ડોકુ નાખીને કયારેક બેસીને આવો તો ખ્યાલ આવશે કે ત્યારે બસની અંદર બેસો અને જાવ અને આવો તો આરામદાયક મુસાફરી, સરળતાથી મુસાફરી કરો એવું આયોજન આ એસ.ટી. બોર્ડે કર્યું છે. હું એ પણ વાત કરીશ કે ભૂતકાળની કે આ સરકારની વાતમાં હું પડતો નથી પરંતુ જયારે નિગમની વાત હોય તો એ કહેવી જ પડે કે અમારા ગ્રામ્ય વિસ્તારમાં દીકરીઓ પોતાના વતનથી છેક છેવાડાના ઘર સુધી જતી હોય, અભ્યાસ માટે જતી હોય, એ સંકુલ ઉપર જતી હોય ત્યારે એમને સુવિધા આપવા માટે આ નિગમ અને વાહન વ્યવહાર દ્વારા એસ.ટી. બસોની અંદર ફ્રી પાસ આપીને આ દીકરીઓને છેક પોતાના ગામડેથી સંકુલો સુધી પહોંચાડવાનું કામ આ એસ.ટી.બોર્ડે કર્યું છે. જયારે આ ગુજરાતની અંદર અહીંયા વિરોધ પક્ષના મિત્રો વાત કરતા હતા કે બસોનો ઉપયોગ ગરીબ કલ્યાણ મેળા માટે થાય છે પણ એ ગરીબોને લઈ આવવા માટે થાય છે અને ગરીબોને સાધન સહાય આપી અને એના ઘર સુધી પહોંચાડવા માટે થાય છે. નહીં કોઈ અમીરોના લગનમાં લઈ જવા માટે અને મિત્રો, ગરીબોના ઘર સુધી છેલ્લા ઝુંપડામાં રહેતો માણસ હોય એને અમારું તંત્ર સુવિધા આપવા માટે આ એસ.ટી. તંત્ર કામ કરી રહ્યું છે ત્યારે એમાં આક્ષેપ કરવો બરાબર નથી. અર્જુનભાઈએ અહીંયા વાત કરી કે એકસીડન્ટમાં વધારો થયો છે ત્યારે મારે એમના ધ્યાન ઉપર એક વાત મુકવી છે કે હાલની અંદર દરેક ડેપોની અંદર જઈને તપાસ કરજો કે જયારે પણ ડ્રાઈવર હોય અને કન્ડકટર હોય, ડ્રાઈવરની બેફિકરાઈથી બસને કોઈ નુકસાન થાય તો એની અંદર તંત્ર સજાગ રહે છે અને એને ડિવિઝન બહાર ટ્રાન્સફર કરીને સજા કરવામાં આવે છે. આ ભૂતકાળમાં હતું નહિ ક્યાંય. ભૂતકાળમાં હતું નહિ. જ્યારે પહેલા કંડકટર ૨૦-૨૦ ટિકિટોમાં આવતા તો તેનું પણ કઈ થતું નહિ. અત્યારે ૨ ટિકિટમાં કંડકટર આવે તો પણ તેમને સજા થાય. બાપુ, સાંભળો હજુ આવશે. મારે સાગરખેડૂત અંતર્ગત નવી કલર બસો જ્યારે હું દરિયાબેલ્ટ ઉપરથી આવું છું અને સમગ્ર મારો તાલુકો સાગર ખેડુમાં સમાવેશ કરવામાં આવ્યો છે,ત્યારે સાગરખેડુની અંદર ૩૪૯ કલરિંગ બસો અમારા વિસ્તારની અંદર મિત્રો ફરતી મૂકી છે. કેમ ભૂતકાળમાં કોઈને યાદ ન આવ્યું? આ બસોની સુવિધા લોકોના નાના માણસો માટેના ઉપયોગ માટે મૂકી છે. જ્યારે એ પણ વાત થતી હતી એકસ્પ્રેસ બસો ભૂતકાળની અંદર અમારે કોઈ ગામડેથી જવું હોય તો વહેલી સવારે ખાનગી વાહનમાં ક્યાંક નજીકનું બસસ્ટેન્ડ હોય ત્યાં જવું પડતું અને ત્યાં પણ બસસ્ટેન્ડમાંથી જઈ અને ટિકિટ લઈ અને જૂનાગઢ જવું હોય કે રાજકોટ કે અમદાવાદ તો છેક વેરાવળ આવવું પડે, પરંતુ મિત્રો મને કહેતા આનંદ છે કે આ નિગમે ૫,૦૦૦ ની વસ્તીના ગામડા છે ત્યાં દરેકને સ્ટૉપ આપ્યો છે અને ગામડેથી ત્યાંથી લઈ અને પોતાને જ્યાં સુધી જવું છે, ત્યાં

પહોંચાડવાના પ્રયત્નો એસ.ટી. બોર્ડ કરી રહ્યું છે, જ્યારે અહીયા મારા મિત્ર હમણા વાત કરતા હતા. મારા સાથી મિત્ર બંદરની એમાં પણ મારે એક વાત કરવી છે કે અમારો મિત્રો આ ગુજરાતની અંદર જે દરિયાકિનારો ૧૬૦૦ નો આવ્યો છે. કુલ દરિયાકાંઠો ૭૧૦૦ ઉપરનો છે. આ એક જ વાત હું સાગરખેડુની કરીશ. ત્યારપછી વાહનવ્યવહાર ઉપર આવીશ, એટલા માટે કરવી છે કે આ દરિયાકાઠો છે. આ ગુજરાતની ભૂમિ એ પવિત્ર ભૂમિ છે. અરવલ્લીના પર્વતોમાં દધિચી ઋષિ ભ્રમણ કરતા હોય ત્યારે એને ગુજરાતનો દરિયાકાંઠો યાદ આવે અને એમ થાય કે મારે સૌરાષ્ટ્રના દરિયાકાંઠે મારો પોતાને એક પગે તપ કરવું હોય ને તો આ વિસ્તારમાં જવાય આ અમારી ભૂમિ છે મિત્રો.

**સભાપતિશ્રી** : પૂરું કરો. પૂરું કરો.

**શ્રી રાજસી ભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, બે મિનિટ, બે મિનિટ

**સભાપતિશ્રી** : પ્લીઝ પૂરું કરો.

**શ્રી રાજસી ભાઈ વી. જોટવા** : રિસેસ પડશે ને.

**સભાપતિશ્રી** : પૂરું કરો. પ્લીઝ, પ્લીઝ. રાજશીભાઈ પૂરું કરો. માનનીય હીરાભાઈ.

**શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી બંદરો અને વાહન વ્યવહારની માગણી નં. ૭૪-૭૫ લઈને આવ્યા છે. એના વિષે હું મારા વિચારો માગણી નં. ૭૪ ઉપર કરવા માગું છું.

આજથી ૩૫ વર્ષ પહેલા આ રાજયમાં વાહન વ્યવહારનો એક સુવર્ણ યુગ હતો. ૧૯૭૫ થી ૧૯૮૦ દરમ્યાન નિગમના ચેરમેન સ્વ. નટવરલાલ શાહ હતા, ત્યારે ૨૦૦ની વસ્તી વચ્ચે વાહનવ્યવહારની સુવિધા એ વખતે આપવામાં આવેલી. આટલાં વર્ષો પછી આજે જે ગામની વસ્તી ૨૦૦ની હોય એ ગામની અંદર બસો જતી નથી. ગ્રામ્ય વિસ્તારની અંદર બસોની સુવિધા દિવસે ને દિવસે ઓછી થતી જાય છે. હમણા સામેથી મિત્રએ કહ્યું કે બહેનોને વિના પાસે બસ મુસાફરી કરવા દેવામાં આવે છે અને બાળકો, બહેનો સ્કૂલે જાય છે, પણ વાસ્તવમાં સ્કૂલના ટાઈમસર બસો જતી નથી.

**સભાપતિશ્રી** : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન ચાલુ રહેશે. ગૃહ ૩-૧૫ કલાકે ફરી મળશે.

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને.**

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે રાજ્ય સરકારે કન્યાઓને ફ્રી બસ પાસ આપવાની વ્યવસ્થા કરી પણ માધ્યમિક શાળા અને કૉલેજ લેવલે જવા આવવાના સમયે બસ નિયમિત હોય તો આનો ઉપયોગ થઈ શકે ને. કેટલીક વખત તો છાપરાં ઉપર નાના નાનાં વિદ્યાર્થીઓ એટલી મોટી સંખ્યામાં બેઠેલા હોય છે કે જોઈને આપણને દુ:ખ થાય. મોટેભાગે પરીક્ષાના સમયે વિદ્યાર્થીઓને સમયસર બસ મળતી નથી અને જે કોઈ વાહન મળે તે વાહનમાં હાંફળા ફાંફળા દોડતા પરીક્ષા સમયે પરીક્ષાના કેન્દ્ર ઉપર પહોંચતા હોય છે. આ પ્રમાણેની વ્યવસ્થાને કારણે સામાન્ય માણસોને ઘણી મુશ્કેલી પડતી હોય છે. બીજી વાત કરું તો આજે અમે જ્યારે કોઈ પત્ર લખીએ છીએ ત્યારે જવાબ એ મળે છે કે પૂરતા પેસેન્જર મળતા નથી. લોડ ફેકટર ન મળવાનું કારણ તે વ્યવસ્થાપનનો અભાવ છે. નિયમન બરાબર નહીં થતું હોવાના કારણે આ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. રૂટ બરાબર ગોઠવાય, સમયસર માણસને જવાબદારી સોંપવામાં આવે તો લોડ ફેકટર મળે અને એસ.ટી.ને જે ખોટ જાય છે તે ખોટ જવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં. એટલે આ થવાનું કારણ અને સાથે બીજું કારણ છે કે આર.ટી.ઓ. અને પોલીસ તે બેની મિલીભગતના કારણે એસ.ટી.ના રૂટની સાથે જ ખાનગી વાહનોનો રૂટ ચાલતો હોય છે. પરિણામે એસ.ટી.ને પેસેન્જર મળતા નથી. (સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, ૧૮ હજાર ગામડાઓ માટે માત્ર ૬ હજાર બસ ફરે છે. અગાઉ ૧૧ હજાર બસો હતી. ૧૫૦૦ નવી બસો લાવ્યા તો તેનો લાભ ગામડાના નાના રૂટ પર મળતો નથી. પહેલાં એસ.ટી.નો સ્ટાફ ૬૦ હજાર જેટલો હતો તે આજે ઘટીને ૩૦ હજાર જેટલો થયો છે. રાજયનો વિકાસ થયો, માણસોની સંખ્યા વધી, શાળાએ જતા બાળકોની સંખ્યા વધી છતાં રૂટ ઓછા થવાના કારણે આ જે સ્ટાફ છે તે ઓછો કરવો પડયો. ચેક પોસ્ટની આવક બે વર્ષ પહેલાં જે હતી તેના કરતા અત્યારે ૩૦૦ કરોડ જેટલી ઘટી છે. રાજયનો વિકાસ થાય, માલનુ વહન વધે, ઉદ્યોગો વિકસે આ બધા સંજોગો હોવા છતાં એસ.ટી.ની આવક ઘટવાનું કયું કારણ છે તે સમજાતું નથી. એસ.ટી.ના જે કર્મચારીઓ છે તે કર્મચારીઓનો પગાર પણ સમયસર થતો નથી. કર્મચારીઓ હમણાં ઉંઝાના ધારાસભ્યશ્રીએ વાત કરી કે ૨૪-૨૪ કલાક કામ કરે છે. ઓવરટાઈમ કરે છે છતાં તેમના પગાર ધોરણ નીચા છે. જ્યારે તેઓ છૂટા થાય ત્યારે તેમને મળવાપાત્ર રકમ સમયસર મળતી નથી.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બંદર અને વાહન વ્યવહાર મંત્રીશ્રી જે માગણી નં.૭૪ અને ૭૫ લઈને આવ્યા છે તેમાં મારું અનુમોદન કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા નાણા મંત્રી વજુભાઈ વાળા જે બજેટ બનાવે તે બજેટમાં જે સમાવેશ કરે તેમાં એસ.ટી.ની નવી બસો લેવાની. નવી બસો લેવી તો ખરી પણ તે ક્યારે ચાલે? રસ્તા સારા હોય તો ચાલે. ૧૯૯૫ માં જ્યારે ચૂંટાણા ત્યારે અમે જતા હોય તો રસ્તામાં બે-ત્રણ બસો પડી હોય, રસ્તાના ઠેકાણાં ન હોય, કાં તો સ્પેર વ્હીલ ન હોય. આ બસો નવી જે આવે અને જે રસ્તા સારા બને તેના આધારે વોલ્વો બસો, મીની બસો સારી રીતે ચાલે. તો એના આધારે વોલ્વો બસો, મીની બસો બધી સારી રીતે ચાલે, અગાઉ ચાર ચાર મહિના

એસ.ટી. બંધ રહેતી હતી, અમને ખબર છે અને તમને પણ ખબર છે, શુ કામ બંધ રહેતી? ચોમાસુ આવે અને પુલ ન હોય, રસ્તા ન હોય, ચોમાસુ પતે એટલે બાવળ કાપવાની વાત આવે, તો મને યાદ છે કે, બાવળ કાપવા માટે એસ.ટી. નિગમ દ્વારા એસ.ટી. વાળા રસ્તા ચોખ્ખા કરવા માટે જતા હતા. આ બધું ક્યારે હલ થયું? માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જે સરકારમાં વિકાસની ગતિ થઈ એ વિકાસના આધારે આ પ્રશ્ન હલ થયા છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુરબ્બી શ્રી નરેન્દ્રભાઈની સરકારે આ જે બહેનોને કન્ડક્ટર તરીકે ભરતી કરવાની વાત કરી છે, આ મોટી વાત છે અને બહેનોની ભરતી પણ ચાલુ કરી દીધી. આઠથી દશ બહેનો તો સિલેક્ટ થઈ પણ ગયા, આવતા દિવસોમાં આ જે તંત્ર છે એ તંત્રને દોરવા માટે જે અમારી સરકાર જે પ્રયત્ન કરે છે એ બદલ હું અભિનંદન આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાં માનનીય ધારાસભ્યશ્રી કહેતા હતા કે સરકારે બહેનોને મફત પાસ આપ્યા પણ બસની સુવિધા નથી આપતા, પણ અમારા મુરબ્બી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ અગ્નિમાં હાથ નાખવાવાળા છે, એને ખબર હતી જ્યારે મફત પાસ આપવાની વાત આવે ત્યારે વર્ષ બે વર્ષ તકલીફ પડે પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આ બજેટમાં જે ૩૦૦૦ બસો નવી જે લેવાની છે એ પણ બસો ગામડાંમાં બહેનોને આપશે. માનનીય અધ્યક્ષશ્રી, આ સામે બેઠેલા ભાઈઓને હું દિલ ખોલીને વાત કરવા માગું છું કે, મહિને મહિને એકાદ અમારી મીટિંગ હોય પાર્ટીની અને પાર્ટીની મીટિંગમાં અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી રાજયની જે સાડા પાંચ કરોડ જનતાની ચિંતા કરતા હોય એમના માટે જે નવી નવી યોજના લાવતા હોય એ યોજના અમલમાં આવે અને અમલના આધારે કોઈ પણ સારી યોજના આવે તો સામે બેઠેલા મારા ભાઈઓને એ ગમતી નથી. મારા પહેલાંના વક્તાએ ગરીબ કલ્યાણ મેળાની વાત કરી. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં રાજકોટ જિલ્લાના બે ગરીબ કલ્યાણ મેળા હતા એક જિલ્લાનો હતો અને એક તાલુકાનો હતો, એસ.ટી.ના કર્મચારી આમ દાંત કાઢતા કાઢતા રાત્રે એસ.ટી. લઈને ગામડે જતા અને સવારે જે ગરીબ માણસને લઈને આવતા હતા, એ ગરીબ માણસને જે સહાય મળી અને એને મૂકવા ગયા ત્યારે અમારી એસ.ટી.ના કર્મચારીઓ પણ આનંદમાં હતા. આવી યોજના લાવવી હોય તો પ્રજાને જે સુખ છે એ સુખના આધારે ઘ ણો મોટો ફાયદો થતો હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારા મિત્ર શ્રી અર્જુનભાઈ નથી, મારે એમને કહેવું હતું, એ કંઈને જતા રહ્યા પણ સાંભળતા નથી, એ સાંભળે તો એમને ખબર પડે કે અગાઉ આ શું કામ રસ્તામાં બસો પડી રહે, ટાયર તૂટી જાય, રસ્તા નહીં, એ વખતે ગેંગો હતી, ગુજરાતમાં એવી પાંચ છ ગેંગો હતી કે ટેન્ડર બહાર પાડે, કોઈપણ વસ્તુનું ટેન્ડર બહાર પડે તો એ ટેન્ડરની રીગ કરી નાખે અને રૂપિયાનું કામ અઢી રૂપિયામાં આપે, પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ઓનલાઈન ટેન્ડર, કોઈપણ વસ્તુ લેવી હોય તો, એસ.ટી.ના ટાયર લેવા હોય તો, રસ્તા બનાવવા હોય તો પણ, જે કામ કરવું હોય એ રૂપિયાનું કામ નેવું પૈસામાં અને પાંચ વર્ષની ગેરંટીએ થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, સારો વહીવટ પ્રજાને ગમે, મારી લાગણી એ છે કે અહીયાં સામે બેઠેલા મિત્રોને કે અહીં બેઠાં બેઠાં થોડી ઘણી આબરૂ છે એ બચાવો કારણ કે પાંચ કરોડની વસતિ છે એ જુએ છે એટલે એ તમે ધ્યાન રાખો. માનનીય અધ્યક્ષશ્રી, મારે બે ત્રણ વાત બંદરની પણ કરવી છે. મારા વિસ્તારમાં એક નાનકડું નવલખી બંદર આવેલું છે ૧૯૯૫ પહેલાં એક જેટી હતી અને પછી પાંચ જેટી થઈ તો અત્યારે મને એવું લાગે છે કે દરરોજના એક હજાર ટ્રક ભરાય, ટ્રક દોઢ બે કલાક લાઈનમાં ઉભા રહે પણ માનનીય અધ્યક્ષશ્રી, આજે આ જે ગુજરાતનો વિકાસ છે એ બંદરના આધારે. હમણાં જ બંદર વિભાગે એક નાનકડો નિર્ણય લીધો એનાથી કેટલો ફાયદો થયો છે, જે સાંગી સીમેન્ટ છે એ સીમેન્ટ ટ્રક દ્વારા ના આવે અને એને જેટીની મંજૂરી આપી અને નવલખી બંદરે જે ઉતારે છે તો એકઆંતરા દશ હજાર ટન એ નવલખી બંદર ઉપર ઊતરે છે, અને ટ્રાફિકની સમસ્યા પણ હલ થાય છે, આ જે વાત છે એ વાત મારી સામે બેઠેલા ભાઈઓએ ધ્યાનમાં રાખીને કંઈક સારું બોલવું જોઈએ. કમશેકમ થોડુંક સાચું બોલો તો તમારા વિસ્તારના જે ભાઈઓ જોતા હશે એને એમ થાય કે અમારા ચૂંટાયેલા પ્રતિનિધિ કાંઈક સાચું બોલે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી એક વાત કરું તો મારા વિસ્તારમાં ખૂબ જ ઉદ્યોગોની દૃષ્ટિએ ખૂબ જ વિકાસ થયો છે અને અમારા મુરબ્બી નાણા મંત્રીશ્રી વજુભાઈએ હમણા જ વાત કરી કે તાલુકે તાલુકે ITI બનાવી છે. માનનીય મંત્રીશ્રીએ જે તાલુકાની વાત કરી એ ITI ના અલગ અલગ કોર્ષ કરે એને જે રોજીરોટી મળે છે એનો દાખલો આપુ તો કારખાનામાં એક સામાન્ય મજૂર કામ કરતો હોય તો એને માત્ર ૩૦૦ રૂપિયા મળે અને ITI કરેલ હોય તો એને ૧૫૦૦૦ રૂપિયા મહિને પગાર મળતો હોય છે. તો આ જે ગુજરાતનો વિકાસ થયો છે એ વિકાસની વાત માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી લઈ આવ્યા એમાં આપણે સમર્થન આપવું જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, મારી આગળના વક્તા વિરોધ પક્ષના સભ્ય એમ કહેતા હતા કે દેશમાં સૌથી વધારે બેકારી આપણા રાજયમાં છે. આપશ્રી સાથે કમિટી બનાવીને સર્વે કરો કે ગુજરાતમાં દેશના બીજા રાજયોના કેટલા માણસો કામ કરવા આવે છે. મારા જ વિસ્તારમાં ઓછામાં ઓછા દોઢ લાખ માણસો બીજા રાજયના ધંધા રોજગાર માટે આવેલા છે અને અમૂક તો વિદેશી નાગરિકો પણ આવે છે. દરરોજ ૧૦-૧૫ વિદેશી નાગરિકો કામકાજ અર્થે અમારા મોરબીમાં ચાઈનાથી અને બીજા દેશોથી આવેલા જોવા મળે છે. ચાઈનાવાળા અમારા મોરબીમાં કામ કરવા આવે છે. અમારા કારખાનામાં ૨-૨ લાખ રૂપિયા અમે ચાઈનાના જે ભાઈઓ છે એને પગાર આપીએ છીએ. બેકારી અહીં નથી, બેકારી બીજા રાજયમાં છે. અહીંયા જે વિકાસ થયો છે એ વિકાસ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી થયેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલાના વક્તા મુરબ્બી શ્રી બાબુભાઈ શાહ વાત કરતા હતા, મારે કહેવું છે કે માનનીય બાબુભાઈને એક જ વસ્તુ દેખાય છે મુન્દ્રા પોર્ટ. હા, એક જ વસ્તુ દેખાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આજથી વર્ષો પહેલા મારા એક સગા મુન્દ્રામાં સર્વિસ કરતા હતા ત્યારે ૧૯૮૦માં મુન્દ્રા ગયો હતો ત્યારે મને ખ્યાલ છે કે મુન્દ્રામાં જાવ તો ગામ ગમે નહીં એવું અને આ પોર્ટ આવ્યા પછી મુન્દ્રા શહેર અને તાલુકાનો અને કચ્છનો જે વિકાસ થયો છે એને કારણે રોડની આજુ બાજુ ૨૦ લાખ રૂપિયામાં પણ એક વિઘો જમીન ન મળે એવા ભાવ થઈ ગયા છે એ વિકાસના કારણે છે. આ રીતે સામૂહિક કચ્છનો જે વિકાસ છે એ ભારતીય જનતા પાર્ટીની સરકારને કારણે છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારું સમર્થન આપી હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માાગણી ક્રમાંક ૫૭, ૭૪ અને ૭૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઈ આંકડાની માયાજાળમાં પડવું નથી પણ માનનીય મંત્રીશ્રીને ખાલી દક્ષિણ ગુજરાત અને ખાસકરીને વલસાડ જિલ્લાની બાબતમાં ધ્યાન દોરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, વાહન-વ્યવહારમાં ખાસ કરીને વનબંધુ યોજનાની અંદર વનબંધુ યોજનાના નામે નવી બસો લેવામાં આવી પરંતુ વનબંધુ યોજનાના નામે લીધેલ બસો ગામડાંઓમાં અને ખાસ કરીને આદિવાસી વિસ્તાર છે એમાં ન ફરતા એ શહેરી વિસ્તારોમાં જ ફરે છે એટલે માનનીય મંત્રીશ્રીનું એ તરફ ધ્યાન દોરવા માગુ છું કે, જે આદિવાસી વિસ્તારમાં ચલાવવા માટે જે મીની બસો લીધી છે સરકારે એ જંગલ વિસ્તાર અને પહાડી વિસ્તારમાં ખાસ કરીને જે અંદરના ઉંડાણના વિસ્તારના વિદ્યાર્થીઓ છે એને સ્કૂલ સુધી કે કોલેજ સુધી આવવા માટે ઉપયોગમાં લેવામાં આવશે એવી વ્યવસ્થા કરવાની વનબંધુ યોજનાની જાહેરાત કરી ત્યારે સરકારે જાહેરાત કરી હતી પરંતુ એ બસો શહેરી વિસ્તારમાં ફરી રહી છે એટલે માનનીય મંત્રીશ્રીનું હું એ તરફ ધ્યાન દોરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે વલસાડ જિલ્લાની અંદર ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લા કક્ષાના હોય કે તાલુકા કક્ષાના હોય એ છેલ્લા લગભગ આઠ કે નવ મહિના થઈ ગયા છે છતાં ૧૪ કે ૧૫ લાખ રૂપિયા સરકારે ચૂકવવાના બાકી છે એટલે આપણે બસમાં મુસાફરી કરતા હોય તો પેસેન્જરે ભાડું રોકડું આપવું પડે છે પણ સરકાર સરકારનું કામ કરે છે છતાં પણ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે છેલ્લા લગભગ આઠ કે નવ મહિના થઈ ગયા છે ૧૪ કે ૧૫ લાખ રૂપિયા બાકી છે. એનાથી વિશેષ માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે એસ.ટી.નિગમની બીજી વાત કરું તો એસ.ટી. બસમાં સામાન્ય પ્રવાસ કરતા શ્રમિક હોય કે ડ્રાઈવર હોય કે કંન્ડકટર હોય કે પ્રવાસ કરતા કોઈ પણ પેસેન્જર હોય એને કોઈ અકસ્માત નડે અને એનું મૃત્યુ થાય કે ઈજા પહોચે એવા કેસમાં મારા ધ્યાન મુજબ લગભગ છેલ્લા પાંચ-સાત વર્ષથી કોઈ પણ અકસ્માતમાં કોઈને પણ કલેઈમના પૈસા આજની તારીખે મળ્યા નથી. વારંવાર નિગમની કચેરીએ ધક્કા ખાધા પછી પણ કલેઈમના પૈસા કોઈને પણ આજની તારીખ સુધીમાં મળ્યા નથી છેલ્લા પાંચ કે સાત વર્ષથી આ પરિસ્થિતિ છે. એ કદાચ પેસેન્જર હોઈ શકે, એસ.ટી.ના ડ્રાયવર કે કંડકટર હોઈ શકે કે કોઈપણ શ્રમિક હોઈ શકે. એમને આજની તારીખે પણ પૈસા મળ્યા નથી. વલસાડ જિલ્લો અને દક્ષિણ ગુજરાત વિસ્તારમાં સામાન્ય રીતે મહારાષ્ટ્રની બસો આવતી હોય છે, તો ગુજરાતની બસમાં ગુજરાતીઓ બેસતા નથી લોકો મહારાષ્ટ્રની બસોમાં બેસે છે, કારણકે એમાં સારા સ્ટેપ છે અને ટાયરો એના સારા હોય છે અને સંપૂર્ણ સુવિધા એમાં આપેલી હોય છે, આપણી લકઝરી એ.સી. કોચ દોડે છે પણ એ ફક્ત એકસપ્રેસ હાઈવે પર દોડે છે ગામડાઓમાં અને અંતરિયાળ વિસ્તારોમાં દોડતી નથી, ટ્રાયેબલ વિસ્તારમાં મહારાષ્ટ્રના નાસિક અને એની આજુબાજુના વિસ્તારમાંથી આવતી બસોમાં આપણા ગુજરાતીઓ પ્રવાસ કરી રહ્યા છે. નેશનલ હાઈવે નંબર-૮ ઉપર વલસાડ જિલ્લાનું ભિલાડ ચેકપોષ્ટ છે એ ગુજરાતની બોર્ડર પર છે અને એ સમગ્ર ભારત દેશમાં સૌથી મોટો ટ્રાફિક ધરાવતી ચેકપોષ્ટ છે શરૂઆતમાં ત્યાં ફોલ્ડરિયાઓ હતા આજે પણ છે કારણકે ત્યાંથી ઓવરલોડ ગાડીઓ પસાર થતી હોય છે અને ટન ઉપર ૧૦૦ કે ૨૦૦ કે ૫૦૦ રૂપિયા ત્યાં લેવાતા હોય છે અને તે રીતે ત્યાં મોટો ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે અને એ આજે પણ હયાત છે.

બીજું હું શ્રમ અને રોજગાર મંત્રીશ્રીનું ખાસ ધ્યાન દોરવા માગું છું કે, આપણા રાજયની જે આવક છે અને એ આવક ઉપર ખાસ કરીને જે કર નાંખવામાં આવે છે એ કર એમાં સેલ્સટેકસની જે ભિલાડ ચેકપોષ્ટ ઉપર ચોરી થઈ રહી છે એ અસંખ્ય ચોરીઓ થઈ રહી છે. વચ્ચે કોઈ અધિકારી આવેલા હતા એમણે બે જ દિવસમાં ચારસો થી પાંચસો ટ્રક અટકાવીને એને દંડ કરવામાં આવેલ, ત્યાં જે ફોલ્ડરિયાઓ હતા એ પણ હાલ કરોડપતિ થઈ ગયા છે તો કદાચ ત્યાંના અધિકારીઓ અને બાકીના લોકો જે કેટલા રૂપિયાવાળા થઈ ગયા હશે એની મને ખબર નથી છેલ્લાં લગભગ ચાર કે પાંચ વર્ષથી ચેકપોષ્ટ ઉપર ચોરીઓ થાય છે તે ખૂબ મોટાપાયે થાય છે અને કેશુભાઈ મુખ્યમંત્રીશ્રી તરીકે હતા ત્યારે કોમ્પ્યુટરો સીઝ કરેલા છે પણ હજીસુધી એ બાબતે કંઈ થયું નથી. કારણકે તે સમયે ત્યાં ભયંકર ચોરીઓ થયેલી છે એ જ પ્રમાણે આર.ટી.ઓ. માં પણ આવી અનેક રીતે ટેક્સની ચોરીઓ થઈ રહેલી છે તો એની ખાસ નોંધ લઈને વધારાનો કર નાંખ્યા કરતાં ખાલી આ ચોરીઓ જે થઈ રહી છે તે અટકાવે તો સારું છે તો આ ગુજરાતમાં જે વધારાનો ટેક્સ નાંખવામાં આવે છે એ નાંખવો પડે તેવું હું સ્પષ્ટ માનું છું.

**શ્રીમતી ગીતાબેન ચો. પટેલ(સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શ્રમ અને રોજગારની અનુદાનો માટેની માગણી ક્રમાંક : ૫૭ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું. મને કહેતા આનંદ થાય છે કે આપણે 'સત્યમેવ જયતે' કહેવતથી ચાલવાવાળા માણસો છીએ પણ મારે કહેવું છે કે આજે ગુજરાતના યુવાનો 'શ્રમમેવ જયતે' ની સાથે ચાલવાનો નિર્ધાર કરીને બેઠાં છે. કોઈ ક્ષેત્ર એવું નથી કે જ્યાં રોજગારીની તકો ના હોય, મને કહેતા આશ્ચર્ય થાય છે કે, આ જ કોંગ્રેસની યુ.પી.એ. સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થતાં અહેવાલ અનુસાર ગુજરાતને રોજગારી આપવામાં પ્રથમ સ્થાન આપ્યું છે. શૈક્ષણિક, ઔદ્યોગિક, આરોગ્યલક્ષી, કૃષિ, સિંચાઈ કે શ્રમ અને રોજગાર વિભાગ હોય ગુજરાતના યુવાનો રોજગારી મેળવવામાં મોખરે રહ્યા છે. કલ્યાણકારી યોજનાઓ અને તેની અમલવારીમાં પણ દેશમાં ગુજરાતનું પ્રદાન સૌથી શ્રેષ્ઠ રહ્યું છે. મારી પાર્ટી અને આ સરકારનો અભિગમ છે કે, 'ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હો '

ગુજરાતના યુવાન અને યુવતીઓ, ગામડાંના કે શહેરના હોય, વિકસીત કે અલ્પવિકસીત નગરોના હોય, ભણેલા હોય કે અશિક્ષિત હોય, તેમને તેમની ક્ષમતા પ્રમાણેની નોકરીની સુવિધાઓ આ રાજ્યમાં ઉભી થઈ છે. માટે આ રાજ્યના યુવાનો નોકરીની શોધમાં ક્યાંય ભટકતા નથી અને માટે જ હું આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે તેમણે આવી વિવિધ યોજનાઓ કરીને ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા મારી ગુજરાતની બહેનો, યુવાધન અને અન્યને પોતાની આવડત પ્રમાણેના સાધનો આપીને અને સ્વનિર્ભર બને એના માટેના સુંદર પ્રયાસો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, જે સાયન્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ છે તેઓ પોતે જમીનનું સોઈલ ટેસ્ટનું કામ કરી અને રોજગારી મેળવે છે. અને તેની સાથે સાથે તેઓ આ કામને સમય-મર્યાદામાં પૂર્ણ કરી અને તેઓ પોતે તેનો એક સુંદર અનુભવ કરે છે. અને આવા તો અનેક આયામો આપણાં ગુજરાતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨ના દેશમાં ૧,૫૩,૦૦૦ બેરોજગારોને જ્યારે રોજગારી આપી તેની સામે આપણાં ગુજરાત રાજયે ૭૦,૭૦૦ એટલે કે ૪૬ ટકા બેરોજગારોને રોજગારી પૂરી પાડી છે. વર્ષ ૨૦૦૩માં જ્યારે દેશમાં ૧,૫૪,૯૦૦ લોકોને રોજગારી આપી ત્યારે ગુજરાત રાજયે ૬૪,૯૦૦ એટલે કે ૪૨ ટકા લોકોને રોજગારી પૂરી પાડી છે. વર્ષ ૨૦૦૪માં દેશની અંદર ૧,૩૭,૭૦૦ તેની સામે રાજયમાં ૬૪,૯૦૦ લોકોને એટલે કે ૪૭ ટકા અને ૨૦૦૫માં દેશમાં જ્યારે ૧,૭૩,૨૦૦ તેની સામે રાજયમાં ૯૨,૯૦૦ એટલે કે ૫૪ ટકા બેરોજગારીમાં રોજગારી આપી છે. ૨૦૦૬ના વર્ષમાં દેશમાં જ્યારે ૧,૭૭,૦૦૦ લોકોને રોજગારી ત્યારે આપણાં ગુજરાત રાજયની સરકારે ૯૯,૦૦૦ એટલે કે ૫૬ ટકા લોકોને રોજગારી પૂરી પાડી છે. ૨૦૦૭માં દેશમાં જ્યારે ૨,૬૩,૫૦૦ લોકોને રોજગારી આપી છે ત્યારે ગુજરાત રાજયે ૧,૯૧,૭૬૧ એટલે કે ૭૩ ટકા લોકોને રોજગારી પૂરી પાડી છે. ૨૦૦૮માં દેશમાં ૩,૦૪,૯૦૦ની સામે આપણાં ગુજરાત રાજયે મને આનંદ થાય છે કે, ૨,૧૭,૭૦૦ એટલે કે ૭૧ ટકાની સુંદર કામગીરી કરીને આ રોજગારી પૂરી પાડી છે.

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### રોજગારીના વર્ષવાર આંકડાઓ પ્રકાશિત કરવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે અંદાજપત્ર પ્રકાશન ૨૦૧૦-૧૧નું ૩૪ છે. જેની અંદર જાહેર અને ખાનગી ક્ષેત્રમાં રોજગારીના વર્ષ વાર આંકડાઓ આપેલાં છે. માાનનીય સભ્યશ્રી જે આંકડાઓ આપે છે એ આંકડા અને આ આંકડા કયાંય મેળ ખાતા નથી. આ પ્રકાશન છે તે રાજય સરકારનું ઓથેન્ટીક પ્રકાશન છે. એટલે ગૃહમાં આપ સામાજિક અને આર્થિક સમીક્ષાને ધ્યાને લઈને આંકડા અપાય એ બરાબર છે તેનાથી વિરુદ્ધના આંકડામાં નહીં પડવું જોઈએ.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, જે સદસ્યશ્રી વાત કરે છે તે આંકડા ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયના આંકડાઓની વિગતો છે. તે મેગેઝીનમાં કેવી રીતે થયું તે ભારત સરકારનો વિષય છે. ભારત સરકારના પ્રસિદ્ધ થયેલાં આંકડાઓ પૈકીની વાત માનનીય સદસ્યશ્રી કરી રહ્યાં છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : આપણું આ ઓથેન્ટીક પ્રકાશન છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તે સંપૂર્ણપણે તાર્કિક છે. હું એમની સાથે સંમત છું કે જ્યાં સુધી ગૃહને લાગે વળગે છે ત્યાં સુધી આ પ્રકાશનમાં જે આંકડા આપવામાં આવ્યાં છે તે જ્યાં સુધી રાજય સરકારને લાગે વળગે છે ત્યાં સુધી સંપૂર્ણપણે આધારભૂત એટલે ઓથેન્ટીક છે તેમાં કોઈ શંકા નથી. But that does not debar any Hon'ble Member from quoting any other source which is reliable, dependable and published by nothing less than the Union Government. Sir, tomorrow if I quote something from the economic survey which is tabled in the Parliament, would it be questioned in this House? As far as the reference is given. the Hon'be Member should only quote the reference that according to this reference I am giving these figures. That is what is required. It is not necessary that you limit yourself or your references to this publication only, only and only.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : Mr. Speaker, sir, I think the Hon'ble Minister was busy in some other business. Hon'ble Member has not quoted from where she is mentioning these figures. If she has mentioned this is from...

**શ્રી જયનારાયણ વ્યાસ** : The Hon'ble Member should only quote the source of the reference.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : No, my respectful submission is 'no'.
માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં મેગેઝનના આધાર ઉપર ચર્ચા પણ આ હાઉસમાં થઈ શકતી નથી અને કવોટ પણ કરી શકાતું નથી. હવે અત્યારે એ ભારત સરકારની વાત કરે છે, પરંતુ જયારે બજેટની માગણીઓ ઉપરની ચર્ચા થાય છે અને આપણા હાથમાં આ ગીતા ઉપલબ્ધ છે, રાજય સરકારે આપેલી છે ત્યારે એની બહારના આંકડાઓમાં ન પડવું જોઈએ નહીંતર એવું થશે કે ગમે ત્યારે ગમે તે ગમે ત્યાં છપાયેલું મેગેજીન લાવીને એને કવોટ કરશે. (અંતરાય) ભારત સરકારનું તમે કહો છો. લેટ ઈટ પુટ ઈટ ઓન ધી ટેબલ, એ ટેબલ ઉપર મૂકે જેથી અમે પણ એના વિષયોના સોર્સની ચર્ચા કરી શકીએ આ પ્રકારની પ્રથા હાઉસમાં કોઈપણ કયારેય નહોતી અને આ રીતે ચાલી ના શકે. સામાજીક અને આર્થિક સમસ્યા એ ઓથોન્ટિસીટી છે એના ઉપર વાત કરો. અહીં આંકડાઓ જોઈએ તો રાજય સરકારે રાજયની અપાતી નોકરીઓમાં બેરોજગારોને રોજગારી આપવામાં પીછેહઠ કરી છે અને પહેલાં આપતા હતા એના કરતાં ઓછી રોજગારી અપાય છે.

**શ્રી દિલીપભાઈ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં જયારે કોઈ સભ્યશ્રી બોલતા હોય અને આંકડાકીય કે અન્ય માહિતી આપતા હોય ત્યારે જો અધિકૃત રાજય સરકાર કે કેન્દ્ર સરકારનું રજૂ કરે એ કરી શકે છે, પરંતુ અન્ય કોઈ વિગત આપતા હોય તો પોતે સભ્ય જવાબદારી લઈને ઓથોરાઈઝ કરે તો કરી શકે છે અને એ અંગેના ભૂતકાળના અધ્યક્ષશ્રીના નિર્ણય પણ છે. વધુમાં વધુ એમને આથોરાઈઝ કરવાનું માગી શકે, પરંતુ આ રીતે અટકાવી ના શકે. આ રીતે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહજીએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે એમાં મારે સભ્યશ્રીને વિનંતી છે કે જે કોઈ મેગેઝીન આધારિત આપ આથોન્ટિક વાત કરો તો એ કવોટ કરીને એનો ઉલ્લેખ કરવો. ગીતાબેન, આપ આપનું પ્રવચન આગળ ચલાવો.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : હવે હું આ જે આંકડાની રમતજાળ જે ફેલાઈ છે અને ગુજરાત સરકારે જયારે આટલી બધી સિધ્ધિઓ હોંસલ કરી છે બેરોજગારોને રોજગારી આપવામાં તો હું ભારત સરકારના આમાં છાપેલા આંકડા છે એ માહિતી જરા વાંચી સંભળાવું છું. ભારત સરકારના શ્રમ મંત્રાલય તરફથી પ્રકાશિત થતા અહેવાલ અનુસાર ગુજરાત સતત ૨૦૦૦(અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : એ ભારત સરકારના આંકડા છે જ નહીં, સભ્યશ્રી ખોટું વાંચે છે ભારત સરકારના આ આંકડા છે એ કઈ રીતે (અંતરાય) ભારત સરકારના આપેલ આંકડા છે એમ કહે છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ મેગેઝીન ટાંકીને જ વાત કરે છે. (અંતરાય) એ મેગેઝીન ટાંકીને જ વાત કરે છે, એમનો જવાબ સાંભળો. ગીતાબેન, આપ કયા મેગેઝીનમાંથી આ ઉલ્લેખ કરો છો એનો ઉલ્લેખ કરીને આપ આગળ વધો.

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, બ્લોક નંબર ૫, ૬ઠ્ઠો માળ,સચિવાલય, ગાંધીનગર, કલ્યાણકારી યોજનાઓ અને અભિગમોની સવિસ્તૃત નોંધ એમાં ભારત સરકારની નોંધ આપવામાં આવી છે અને ભારત સરકારે જે અહેવાલ આપ્યો છે એની ઉપર આપણે ચર્ચા કરી રહયા છીએ. (અંતરાય)

**શ્રી દિલીપભાઈ સંઘાણી** : આ તો ગુજરાતનું સારું દેખાય એની વાત કરે છે તો એ એમને કેમ આમ લાગે છે. આખા દેશમાં ગુજરાત સર્વશ્રેષ્ઠ છે એની વાત કરે છે (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ગીતા આપેલ છે તો એ તમારી સરકારનું મેગેઝીન છે એ આથેન્ટીસીટી છે એ શું કામ વાંચતા નથી?

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને આગળ લાવવાના પ્રયત્નોની વાત કરે ત્યારે મારા સાથી પક્ષને *(xxxxx)છે એ મને સમજાતું નથી.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એમ કહે કે કેન્દ્ર સરકારનું મેગેઝીન છે અને હવે શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરનું છે. આટલી બધી હદ સુધીની વાત છે. પહેલાં કહે છે કે કેન્દ્ર સરકારનું મેગેઝીન છે અને હવે મેં સોર્સ વાંચવાનું કહયું તો તો કહે છે કે ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર એમ કહે છે. તો એ રાજય સરકારનું છે. એ ઓથેન્ટિસીટી છે એ કહે ને. સામાજીક અને આર્થિક સમીક્ષા.. (અંતરાય)

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયમાંથી આપેલ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** :એને કવોટ કરવું જોઈએ અથવા એની ઓથેન્ટિસીટી આપવી જોઈએ. (અંતરાય)

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય પ્રદિપસિંહજી.. (અંતરાય) શકિતસિંહજી, આપ બેસો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના રોજગાર અને તાલીમ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** :સભ્યશ્રી એનો ખુલાસો કરે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** :માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર અને તાલીમ નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા એનું જે આખું સાહિત્ય છે એ સાહિત્યમાં જે રાજયના રોજગાર વિભાગ દ્વારા પ્રમાણિત થયેલ અને તેનો આપેલ સંદર્ભના આંકડા માનનીય સભ્યશ્રી કહી રહ્યા છે અને આની જરૂર હોય તો માનનીય સભ્યશ્રીએ, પૂરાવા સ્વરૂપે કયાંથી બોલી રહ્યા છે, કદાચ એમણે ઉલ્લેખ કેન્દ્ર સરકારનો કર્યો હશે પણ વાસ્તવિકતા આ છે અને તે આપને સબમિટ કરવા માગે છે એટલે આ રીતે માનનીય સભ્યશ્રીને રોકી શકાય નહીં.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રીની માગણી ચાલે છે અને માનનીય નાણા મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે આપે બજેટમાં આપેલું આ પ્રકાશન એ ઓથેન્ટીક ડોકયુમેન્ટ કહેવાય.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય સભ્યશ્રી પોતે સંદર્ભ પણ કહી રહ્યા છે કે તેઓ કયાંથી વાંચી રહ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી છે સામાન્ય રીતે તેની પાસે કઈ બૂક છે એ નહીં પણ તેની પાસે જે સરકારી બૂક હોય અને સરકારમાં છાપેલું હોય તેના જ આંકડા તેઓ આપે છે, સરકારના આ સાહિત્યને ખોટું ન કહેવાય અને તે સાહિત્યને પણ ખોટું ન કહેવાય, બન્નેના રેફરન્સ જુદા જુદા પણ હોઈ શકે. એટલે સરકારે આપેલા સાહિત્ય છે તેને ઓથેન્ટીક જ ગણવું જોઈએ અને આ સાહિતય ઓથેન્ટીક ગણાય અને તે પણ ઓથેન્ટીક જ ગણાય, એ બે વચ્ચે ડિરફન્સ રહેતો હોય તો માનનીય સભ્યશ્રીઓ ગમે ત્યારે તેના માટે કહી શકે છે, પણ માનનીય સભ્યશ્રીને બોલતા અટકાવી ન શકે. સરકારના ખાતાના આંકડા હોય કે કલેકટીવ હોય તે સરકારી આંકડા છે, આ બન્નેની સરખામણીનો વિષય જ નથી. તેઓ બોલે છે તે આંકડા સરકારી આંકડા જ છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના કિસ્સામાં પણ આ પણ નિયમ ૫૯ નીચે આ પ્રકારની માહિતી આપવાનું નિયમ ૫૯ નીચે શકય છે. નિયમ ૫૯ માં એવું કહેવામાં આવ્યું છે કે જો મંત્રી સભાગૃહમાં રાજયનો કોઈ સંદેશો કે અન્ય કોઈ સરકારી દસ્તાવેજ, આઈ રીપીટ સર, અન્ય સરકારી દસ્તાવેજ કે જે સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ન હોય તેમાંથી અવતરણ ટાંકે તો તેમણે તેને લગતો કાગળ સભાગૃહના મેજ પર મૂકવો, મંત્રી પણ સભ્ય છે, Minister is also member of this House and the Hon'ble Member is fully covered within the ambit of this rule. The issue is not whether she is minister or not. The issue is whether the document is authentic or not which is presented before this House and the answer is - Yes, you can.

**અધ્યક્ષશ્રી** : માનનીય શકિતસિંહભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર મૂકયો છે, આપે કેન્દ્ર સરકારના આંકડાની વાત કરી છે અને માનનીય ગીતા બેન છે તેની પાસે પણ ગુજરાત સરકારના જે તે વિભાગના જ આંકડા છે અને એના આધારે જ બોલ્યા છે, એટલે નિયમોના નિયમ ૫૯, સભાગૃહમાં રાજયનો કોઈ સંદેશો કે અન્ય સરકારી દસ્તાવેજ કે જે સભાગૃ સમક્ષ રજૂ કરવામાં આવ્યો ન હોય, તેમાંથી અવતરણ ટાંકે તો તેમને લગતા કાગળો સભાગૃહના મેજ ઉપર મૂકવા જોઈએ, પરંતુ મંત્રીએ એમ કહયું હોય કે અમૂક દસ્તાવેજોનો પ્રકાર અ્રવો છે કે જેની રજૂઆત કરવી જાહેર હિતમાં નથી તો તેવા દસ્તાવેજો આ નિયમને લાગુ પડશે નહીં, વધુમાં ઠરાવ્યું કે જો મંત્રી પોતાના શબ્દોમાં એવા સંદશા કે સરકારી દસ્તાવેજો, સારાંશ કે સંક્ષિપ્તમાં સાર કહી જાય તો પછી દસ્તાવેજ મેજ પર મૂકવાની જરૂર રહેતી નથી. જેથી આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર હું માન્ય કરતો નથી. ગીતાબેનનું પ્રવચન ચાલુ રહે છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)

**શ્રીમતી ગીતાબેન યો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આટલા બેરોજગાર લોકોને રાજય સરકારે રોજગારી પૂરી પાડી છે ત્યારે મારે કહેવું છે કે આખા દેશની વસતિમાં ગુજરાત રાજય ખાલી પાંચ ટકા જ વસતિ ધરાવે છે છતાં પણ દેશની સરખામણીમાં રોજગારી પૂરી પાડવામાં પ્રથમ સ્થાને આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે ગુજરાતની આવી અનેક સિદ્ધિઓને બિરદાવીને દિલ્હી ખાતે ૨૩-૯-૨૦૦૮ના રોજ યોજાયેલા સમારંભમાં ડાયમંડ એવોર્ડ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. પી.જે. અબ્દુલકલામના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. રાજયમાં ઔદ્યોગિક એકમોને માનવબળ પૂરું પાડવા રાજયની અંદર ઔદ્યોગિક મેળાઓ યોજીને સન ૨૦૧૦માં ૬૧૦ ઔદ્યોગિક મેળાઓ દ્વારા ૮૩૧૦૨ બેરોજગાર ઉમેદવારોને રોજગારી પૂરી પાડવાનું કામ આ રાજય સરકાર કરી રહી છે. રાજયમાં સંરક્ષણ ક્ષેત્રે લશ્કરી ભરતી મેળા યોજીને ઉત્તીર્ણ થયેલા ઉમેદવારો માટે લેખિત પરીક્ષાની તાલીમ આપીને સન ૨૦૧૦ દરમિયાન આવા ૨૬ તાલીમ વર્ગોનું આયોજન કરીને ૭૬૦ ઉમેદવારોને તાલીમ આપવાની કામગીરી આ રાજય સરકારે કરી છે. રાજયની ભાવી પેઢી શાળા અને કોલેજોમાં અભ્યાસ કરી રહી છે એને કારકિર્દી લક્ષી માહિતી મળી રહે એ માટે ૧૯૯૯ થી કેરિયર કોર્નરના વર્ગો ચલાવવામાં આવે છે. (સમય સૂચક ઘંટડી) મારો સમય બગડયો છે તેથી સાહેબ મને બે મિનિટ મને વધારો આપો.

**અધ્યક્ષશ્રી** : નહિ, આપ બેસી જાવ, માનનીય છનાભાઈ ....

**શ્રી છનાભાઈ કા. ચૌધરી(ધરમપુર)** : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી માગણી નંબર ૫૭, માગણી નંબર ૭૪ અને ૭૫ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

ખાસ કરીને શ્રમ અને રોજગાર વિભાગમાં ૩,૫૫,૩૯,૯૫,૦૦૦ હજાર રૂપિયાની માગણી છે એમાં શ્રમ વિભાગની માગણી છે, રોજગાર વિભાગની માગણી છે, તાલીમ વિભાગની છે એમાં મારે ખાસ ઔદ્યોગિક વિસ્તાર છે એના જે કામદારો છે એ કામદારોને ખાસ કરીને એમની તાલીમ એમનું સ્વાસ્થય અને અકસ્માત નિવારણ જેવા ખૂબ જ પ્રશ્નો ઉભા થાય છે. એ પ્રશ્નો દિવસે દિવસે વધતા જાય છે. કારખાનાઓનું નિરીક્ષણ થાય છે એ દરમિયાન પણ આવા પ્રશ્નો ખૂબ જણાયા છે એ પ્રશ્નોના નિવારણમાં આપણે ઉંણા ઉતર્યા છીએ. ખાસ કરીને ઓદ્યોગિક સલામતી અને સ્વાસ્થય તંત્રની કામગીરી ખૂબ જ મંદ છે. આ વિભાગમાં ડાયરેકટર શ્રી ઔદ્યોગિક શેફટી એન્ડ હેલ્થ કચેરીમાં પૂરતા પ્રમાણમાં સ્ટાફ નથી. એના આંકડા આ સરકારે આપ્યા છે. આ વિભાગમાં અધિકારીઓની સંખ્યા જોઈએ તો જે મંજૂર મહેકમ ૧૭૭ છે જે પૈકી ભરેલી જગ્યા ૭૩ છે. એટલે ફકત ૪૧ ટકા સ્ટાફ જ ભરાયેલો છે અને આપણા જે કામદારો છે એ કામદારોનું આરોગ્ય છે એનું રક્ષણ કરવાનું છે એ આપણે કરી શકતા નથી એ ખૂબ ગંભીર બાબત છે.

બીજું બાળ મજૂરો માટે અહીંયા ખૂબ વાત કરીએ છીએ કે આપણા ગુજરાત રાજયમાં બાળ મજૂરી અટકાવવા માટે કાયદા કર્યા છે, એના માટે વ્યવસ્થા કરી છે પરંતુ આજે તમે જૂઓ કારખાનામાં જૂઓ કોઈ ઓદ્યોગિક વિસ્તારમાં જાવ કે ગૃહ ઉદ્યોગમાં જાવ આજે પણ આ બાળ મજૂરોનું પ્રમાણ ખૂબ દેખાય છે. અને એ આપણે અટકાવી શકયા નથી આ બાળ મજૂરો માટે બીજી કોઈ વ્યવસ્થા કરી શકયા નથી.

રોજગારીની વાત છે અને ખાસ કરીને આપણા ગુજરાતમાં જે આઈ.ટી.આઈ. છે આખા ગુજરાતમાં ૧૮૫ જેટલી આઈ.ટી.આઈ. છે એ આઈ.ટી.આઈ. હેઠળ અલગ અલગ ટ્રેડમાં આપણા વિદ્યાર્થીઓ તાલીમ લે છે. આ સંસ્થાઓમાં વર્ગ-૨ના આચાર્યની ૧૮૫ જેટલી જગ્યાઓ છે એમાંથી ૧૧૩ જગ્યાઓ ખાલી છે. આપણે કહીએ છીએ કે વિદ્યાર્થીઓને આ ટ્રેડમાં તમલીમ આપીએ છીએ આખા ગુજરાતમાં ૧૧૩ જગ્યાઓ આચાર્યની ખાલી હોય તો આપણે એમને શું તાલીમ આપી શકીએ. વર્ગ-૩ ઈન્સ્ટકટર અને સુપરવાઈઝર કક્ષાના કર્મચારીઓ છે છેલ્લા ત્રણ ચાર વર્ષથી ૧૧ માસના કોન્ટ્રાકટ બેઈઝથી આ ઈન્સ્ટકટરની ભરતી કરવામાં આવે છે. હજી એમાં સરકારે યાદી મોકલી છે એમ જણાવે છે તેમ છતાં આમાં ભરતી થયેલ નથી. ઈન્સ્ઠકટરોને દર વરસે ૧૧ માસનો ઓર્ડર આપવામાં આવે છે. અને ૧૧ માસ બાદ તેમને છૂટા કરવામાં આવે છે. તો આમાં આપણે ક્યારે ભરતી કરવા માગીએ છીએ કે જે કાયમી ઈન્સ્ટ્રકટર અને સુપરવાઈઝરની આપણે ભરતી કરી શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને વાહનવ્યવહાર વિભાગ છે. જે આદિવાસી વિસ્તાર છે અને ગ્રામ્ય વિસ્તાર છે તેની જીવાદોરી કહેવાય. આપણે કહીએ છીએ કે અમારો ખેડૂત મારુતિમાં ફરતો થયો છે. ગામડાંમાં તમે આવો. રોડથી ૧૫-૨૦ કિલોમીટર દૂર હો, તે વિસ્તારનો વિદ્યાર્થી કે આ વિસ્તારનો શાક-ભાજી વેચવાવાળો ફેરિયો હોય, આ વિસ્તારમાંથી કોઈ કામ ધંધે જતો હોય તેની શું દશા છે? એસ.ટી.માં કોઈ બેસે નહીં. આપણે બોર્ડ લખ્યું કે હાથ ઉંચો કરો અને ઉભા રહો. મને લાગે છે કે હાથ ઉંચો કરી રહીએ પણ બસ આવે નહીં. વિદ્યાર્થીઓ માટે આપણે પાસની વ્યવસ્થા કરીએ.. (અંતરાય) ખોટું નહીં, ખોટું તમે બોલો છો. તમે આવો. અમે તમને બતાવીએ.

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર.

**શ્રી છનાભાઈ કા. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, જે બસો અત્યારે મૂકી છે. એમ કહેવાય છે કે ૩૦૦ બસો ખરીદી છે. ૩૦૦ બસો ખરીદીને ભલે તમે અહીં રોડ ઉપર ફેરવતા હો. આદિવાસી વિસ્તારમાં જે બસો મૂકે છે, હજુ પણ ખખડધજ બસો છે. આપણે એમ નક્કી કર્યું છે કે દરેક ગામમાં એક બસનો રૂટ આખા દિવસમાં જવો જોઈએ. પણ તમે જૂઓ તો ખરા કે કોઈ પણ ગામમાં આખા દિવસમાં એક બસનો રૂટ થાય છે? નથી થતો. આજે પણ બસ નથી જતી. મારા સાથી મિત્ર જીતુભાઈએ વાત કરી. એમના જ વિસ્તારમાં જે કોઈ રિક્ષા ચાલકો કે જીપ ચાલકો છે એ શટલીયા છે. એ લોકોને એટલું પ્રોત્સાહન આપીએ છીએ કે દરરોજ એક એકસીડન્ટ થાય છે. દરરોજ ફેટલ એકસીડન્ટ થાય છે. તો આપણે એ લોકોને કેમ અટકાવી શકતા નથી? એ વિભાગના બસના રૂટ આપો. જંગલમાં બસના રૂટ આપો. એક ગામમાં એક રૂટ જો આપણે મૂકી શકીએ તો આ પ્રશ્નો આપણે દૂર કરી શકીએ એવા છે. એ આપણે મૂકતા નથી. કારણ કે આમાં આપણે કદાચ મીલીભગત પણ હોઈ શકે અને એ એસ.ટી. બસોવાળા આજે બસ લઈ જતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. વિભાગની મારા મિત્ર જીતુભાઈએ વાત કરી. વાત સાચી છે. અત્યારે એમ કહેવાય છે કે એન.જી.ઓ. મારફત આ સ્માર્ટકાર્ડ અને લાયસન્સ આપવાની જે કામગીરી સોંપવાના છીએ. આપણી પાસે આર.ટી.ઓ.નો આટલો મોટો વિભાગ છે. તેના મારફતે આપણે કેમ કામ નથી કરી શકતા?

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગમાં જે કોઈ ચેકપોસ્ટ ઉપર કર્મચારીઓ છે ત્યાં પણ જીતુભાઈ કહેતા હતા કે ફોલ્ડરીયાથી થાય છે. ફોલ્ડરીયા કરોડપતિ છે. ત્યારે રમૂજ કરતા હતા કે ફોલ્ડરીયા કરોડપતિ તો બીજાં કોણ? માનનીય અધ્યક્ષશ્રી, વાત સાચી છે. આજે પણ ત્યાં જે વ્યવહારો થાય છે એ ફોલ્ડરીયાથી થાય છે. મારા વલસાડ

જિલ્લામાં થાય છે અને કદાચ એ હજુ ચાલુ રહેશે એવું મને લાગે છે. તો આપણે તેના માટે વ્યવસ્થા કરવી જોઈએ. એસ.ટી. વિભાગમાં જે કામગીરી છે આમ જનતાને ખૂબ નજીકથી સ્પર્શતી બાબત છે. જેમાં ખરેખર નવી બસો આદિવાસી વિસ્તારમાં મૂકવી જોઈએ. ગામડાંના બંધ થયેલા રૂટ ફરી ચાલુ કરવા જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, જેથી હું આ બાબત સાથે સંમત થતો નથી. આભાર.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર (વાગડોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એવું કહેવું છે કે જ્યારે આપણું ગુજરાત રાજય કે આપણો દેશ છે તે ખેતી પ્રધાન દેશ છે. દેશમાં અને આપણાં ગુજરાતમાં જો ખેડૂતો સુખી હશે તો આખું રાજય સુખી અને રાજય સુખી હશે તો આખો દેશ સુખી થશે. મારે ચોક્કસ કહેવું છે કે આ ગુજરાતના ખેડૂતોને ખેતમજૂર બનાવ્યા હોય તો આપણી સરકારે બનાવ્યા છે. મારે એટલું જ કહેવું છે કે આપણાં ખેડૂતોની જે જમીન હતી તે ઉદ્યોગપતિઓને સોંપી અને ખેડૂતો હતા તેમને ખેતમજૂર બનાવ્યા અને ખેતમજૂરમાંથી બેરોજગાર પણ બનાવ્યા. એટલે હું ચોક્કસ કહેવા માગું છું કે આપણી સરકાર શું કરી રહી છે.

**અધ્યક્ષશ્રી** : જોધાજીભાઈ, માગણીઓ ઉપર જ વાત કરો, પ્લીઝ.

**શ્રી જોધાજી ગુ. ઠાકોર** : મારા વડીલ મિત્રો-ભાઈઓ, મારે એટલું જ કહેવું છે કે જ્યારે ખેડૂતો હતા, ખેડૂતોને તમે પૂરતા પ્રમાણમાં લાઈટ પણ આપતા નથી. ખેડૂતો બાપડા કેવી રીતે જીવી શકે? જ્યારે શિયાળાનો દહાડો હોય, ઉનાળાનો દહાડો હોય, ઠંડી પડતી હોય એવા સમયમાં ખેડૂતને રાતના પોણત કરવું પડતું હોય. તમારા જેવા મંત્રીઓ તો સાહેબ, ઉના ઉના ગાદલામાં વીંટળાઈને સૂઈ રહ્યા હોય ત્યારે બાપડા ખેડૂતની શું દશા કે જ્યારે ઉનાળાનો સમય હોય ત્યારે વીંછી કે સાપ જેવા ઝેરી જંતુઓ દેખાતા હોય ત્યારે ઉપર આભ અને નીચે ધરતી એમ ભગવાન સિવાય કોઈ ધણી હોતો નથી. ત્યારે તમારે તો વાતો જ કરવી છે. પણ ખેડૂતની શું દશા છે એ તો તમે જૂઓ. ત્યારે જ કહ્યું છે કે-

" ડુંગરા દુરથી રળિયામણા, ઠેઠ પહોંચે પોણા,
સજણે સજણ સાંભરે, દુષ્કાળે સાંભરે દાણા."

કર્ણ રાજા હતો. સોનાનું દાન કરતો હતો. પણ જ્યારે એ ધર્મરાજાની પાસે ગયો ત્યારે એને ખાવા માટે સોનાના ગીનીઓ આપવામાં આવી. પણ એનાથી કાંઈ પેટ ભરાતું નથી. ખેડૂત હશે તો પાક ઉત્પન્ન કરશે તો એ માણસોના પેટમાં જશે તો બોલવાનું રહેશે. જો માણસના પેટમાં અનાજ ન હોય તો એ બોલી શકવાનો નથી. ખેડૂત અનાજ પેદા કરશે તો સરકાર ટકશે અને બધુંય ટકશે. રૂપિયાથી ભૂખ મટતી નથી. તમારી પાસે કરોડો રૂપિયા હોય ત્યારે ભૂખ બેસતી નથી જ્યારે અનાજ ખાઈએ ત્યારે જ ભૂખ બેસે છે. એટલે ખેતીનું ઉત્પાદન કરવાવાળા ખેડૂતોને પ્રોત્સાહન આપવું જોઈએ એવી મારી લાગણી છે. મારે કહેવું છે કે, ઊર્જા મંત્રીશ્રી છે એમને મારે કહેવું છે કે, ખેડૂતોને પૂરેપૂરી વીજળી આપે એવી મારી લાગણી છે. અમારા શ્રી શંકરસિંહ વાઘેલાની સરકાર હતી ત્યારે બારથી સોળ કલાક લાઈટ મળતી હતી અને ફક્તને ફક્ત એનો ભાવ રૂ.૫૦૦/- હતો. તમારી સરકાર આવી ત્યારે બારથી સોળ કલાકને બદલે આઠ કલાક લાઈટ મળે છે અને એનો ભાવ છે એ રૂપિયા નવસો કરી દીધો છે. મારે ઘણું કહેવું છે પણ મને સમય ઘણો ઓછો આપ્યો છે એટલે એક વાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર જ્યાં ત્યાં એસ.ટી. બસો પડી હોય છે. આ બસોમાં ક્યાંક ડ્રાઇવર હોય તો કન્ડક્ટર ન હોય અને કન્ડક્ટર હોય તો ડ્રાઇવર ન હોય. જ્યાં જોઈએ ત્યાં એસ.ટી. બસોને પંચર પડ્યું હોય, આ સરકારને પણ પંચર પડ્યું છે કે એસ.ટી.માં પંચર પડ્યું છે. આ કોઈ દિવસ સારી જ ન થાય. નિશાળિયાઓ શાળાએ ભણવા માટે જતા હોય ત્યારે એમને સમયસર બસો મળતી નથી. અમારા વિસ્તારમાં બસો ઘ ણી બધી બંધ કરવામાં આવી છે. જેના કારણે નિશાળિયાઓ સમયસર શાળાએ પહોંચી શકતા નથી અને તેમને ખાનગી વાહનોમાં જવું પડતું હોય છે. મારે કહેવું છે કે, દરેક ગામની અંદર બસની સુવિધા હોવી જોઈએ જેથી આપણા બાળકો છે એ ભણી શકે. અમારા વિસ્તારમાં શિક્ષણની સુવિધા નથી અને કન્યા કેળવણીની મોટી મોટી વાતો કરો છો. અમારે ત્યાં કન્યા કેળવણીનું કોઈ મહત્ત્વ જ નથી. કન્યા શાળાઓ જ નથી, આશ્રમશાળાઓ નથી કે બીજી શાળાઓ પણ નથી. અને જે છે એ નૉન ગ્રાન્ટેબલ શાળાઓ ચાલે છે જેથી અમારા વિસ્તારમાં લોકોને ભણવાનું પ્રોત્સાહન મળતું નથી. અને સરકાર બધી મોટી મોટી વાતો કરો છો, પછી બી.એ. બન્યા, એલ.એલ.બી. બન્યા, ડૉક્ટરો બન્યા, પણ કયાંથી બને, મંત્રીઓ કયાંથી બને? ગરીબોને ભણવાનું પૂરેપૂરું પ્રોત્સાહન મળતું નથી અને જો મળે તો લોકો આગળ આવે.. ..

**શ્રી વજુભાઈ વાળા ( શ્રમ અને રોજગારમંત્રીશ્રી)** : શ્રી જોધાજીભાઈ આપે કહ્યું એ બધું સમજી ગયો. ડ્રાઇવર હોય તો કન્ડક્ટર ન હોય અને કન્ડક્ટર હોય તો ડ્રાઇવર ન હોય અને ડ્રાઇવર અને કન્ડક્ટર હોય તો બસ ન હોય અને બસ હોય તો પેસેન્જર ન હોય એવી વાત હતીને આપની? ( સભાગૃહમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.) આપની વાત હું સમજી ગયો.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ રોજગાર અને વાહનવ્યવહાર વિભાગની માગણીઓ ઉપર માનનીય સભ્યશ્રીઓએ વાત કરી. એમાં બે સભ્યશ્રીઓએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા છે અને જે જગ્યાએ એમણે સૂચનો

કર્યા છે એ મેં ધ્યાને લીધા છે અને વિરોધ કર્યો હશે તો પણ એને સૂચન સ્વરૂપે માની આગળ વધવાનો રાજય સરકારનો કન્સેપ્ટ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ આંકડાકીય જે વાત કરી એ ગવર્નમૅન્ટના ડિકલેર કરેલ ફીગર હોઈ એની અંદર હું ઊતરવા માગતો નથી. પણ એમણે વાત કરી કે, આટલા બધા બેરોજગારો છે અને એના કારણે આ દેશની અંદર ગરીબી વધી છે. (અંતરાય) કોઈ સવાલ નથી પણ આ ગરીબી અમે અહીં સત્તા પર આવ્યા પછી જ વધી છે? શ્રી અર્જુનભાઈ નથી પણ મારે એટલું જ કહેવાનું છે કે, (અંતરાય) એ તો જ્યાં બેઠા હોય ત્યાં એમનો આત્મા મારી વાત સાંભળે છે.માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે કહુ છું કે કોંગ્રેસ માટે એક સુત્ર છે, તમે બધા આત્માના અવાજમાં માનવાવાળા છોને કે આત્માનો અવાજ, આપણે બહુ બોલશું ત્યાં ઓલા આત્મા આવી જશે હમણાં. આજે હું કોઈ માટે કાંઈ નથી કહેતો કે ગરીબી હટાવવા માટે થઈને કોંગ્રેસે આ સુત્રો આપ્યા હતા કે આ આપ્યું હતું પણ એટલી વાત ચોકકસ છે કે ગરીબી એ આ દેશ માટે કલંક છે, એ કલંકને નાબૂદ કરવું એ આપણા સૌની જવાબદારી છે, એમાં કોંગ્રેસની કે ભા.જ.પ.ની વાત નથી અને ગુજરાત રાજયની અંદર.. આવી ગયા .. શાબાશ. જુઓ જોઈએ, અમારે બેયને કેટલી ટેલીપથી છે, હું અહીં બોલું અને એ ત્યાંથી આવે. હા કાંઈ વાંધો નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : વજુભાઈ મારા વડીલ છે, એ હુકમ કરે ત્યાં આવી જાવ.

**શ્રી વજુભાઈ વાળા** : કોઈ સવાલ નથી, મને જે વડીલ માને છે ને એ હું નીચેનાને હુકમ કરતો જ નથી પણ એ તો પ્રેમથી અને લાગણીથી જેમ લોહચુંબકમાં ખીલી આવેને એવી રીતે આવી જાય છે. કોઈ સવાલ નથી. સવાલ એ છે કે ગરીબી નાબૂદ કરવા માટે થઈને આજે વિરોધપક્ષમાં અમે બેઠા હોઈએ તો અહીંની ટીકા કરીએ અને ત્યાંની ટીકા આ કરે, એના માટેનો કોઈ સવાલ જ નથી પણ સવાલ એ છે કે આ ગરીબી જો હટાવવી હોય આપણે તો એના માટે થઈને રાજયની અંદર કૃષિનું ઉત્પાદન વધારવું જોઈએ, ઉદ્યોગ ક્ષેત્રે વધારવું જોઈએ અને સર્વિસ સેકટર આ ત્રણ સેકટરને જો આપણે બરાબર વ્યવસ્થિત રીતે આપણે એને મૂકવામાં આવે તો એ કોઈ સવાલ નથી કે આપણે આ દેશમાંથી ગરીબી હટાવી શકીએ, અમે માનીએ છીએ કે ગુજરાતની અંદર જે પ્રગતિ થાય છે અને અત્યારે દેખાય છે એ પ્રગતિ અમે ફકત ગુજરાતની પ્રજા માટે નથી કહેતા, અમે બીજા રાજયને પણ કહીએ છીએ કે તમે આમાંથી કંઈકને કંઈક શીખ લઈ, આજે બીજા રાજયો કોઈ સારું કામ કરતા હોય તો એમાંથી આપણે શીખ લેવાની, આપણું રાજય કોઈ સારું કામ કરતું હોય તો એમાંથી બીજા શીખ લે, આપણા સહિયારા પ્રયત્નથી આપણે ગરીબી દૂર કરીએ અને ગરીબી દૂર કરવાની અંદર આ જે શ્રમયોગીઓ છે, મજૂરો છે, ગરીબ વર્ગના લોકો છે એને રોજગારી કેમ મળે એના માટે થઈને એ રાજય સરકાર તરફથી પૂરા પ્રયત્ન કરવામાં આવે છે. હું કહીશ અત્યારે રાજયની અંદર જે શ્રમ અને રોજગાર વિભાગની અંદર આજે ગુજરાત રાજયની અંદર જે આઈ.ટી.આઈ. આવેલી છે એ આઈ.ટી.આઈ.ની અંદર આજે સૌથી વધુમાં વધુ લોકોને આજે રોજગારી આપવામાં આવે છે. આઈ.ટી.આઈ. ત્રણ પ્રકારની છે. એક સરકાર માન્ય છે, બીજી ગ્રાન્ટથી ચાલે છે, અને ત્રીજી સ્વનિર્ભર છે. આ ત્રણેય પ્રકારની આઈ.ટી.આઈ.માંથી અંદાજે સવા લાખ લોકોને લગભગ તાલીમ મળે છે પરંતુ એનાથી વિશેષ હું કહીશ કે ગયા વર્ષે રાજય સરકારે જાહેર કર્યુ કે અમે ગ્રામ્ય વિસ્તારની અંદર રહેતા યુવાનોને રોજગારી મળે એટલા માટે થઈને ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો છે એ અમે આ રાજયની અંદર અમે એટલા નિર્માણ કરીશું અને મને કહેતા આનંદ થાય છે કે ગયા વખતે જે બજેટમાં મેં વાત કરી હતી એ પ્રમાણે ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો થઈ ગયા છે અને આ જે કૌશલ્ય વર્ધન કેન્દ્રો અમારી આટલી આઈ.ટી.આઈ. ઉપરાંત કર્યા, એની અંદર મેં કીધું હતું કે એક લાખ લોકોને અમે રોજગારી આપશું અને આ વખતે ખરેખર મને કહેતા આનંદ થાય છે કે આ માર્ચ મહીના સુધીમાં આજે ૮૧,૯૨૨ લોકોને તો ઓલરેડી તાલીમ આપી દીધી છે અને ૩૦૨૫૩ લોકો એ અત્યારે તાલીમ લઈ રહ્યા છે, આ રીતે રાજયની અંદર ૧,૧૨,૧૭૫ લોકો આ તાલીમ લઈ અને એ લોકો પોતાની રોજગારી પ્રાપ્ત કરશે અને એમાંથી પણ હું કહીશ કે એમાં ૪૨,૩૯૭ એટલી તો મહિલાઓ છે. આજે ગ્રામ્ય વિસ્તારની અંદર કૌશલ્ય વર્ધન કેન્દ્રોના કારણે જે બહેનો સામાન્ય રીતે આઈ.ટી.આઈ.ની અંદર નહોતા આવતા અથવા તો ઓછા આવતા હતા એવા લોકોની સંખ્યા પણ વધી છે. એવા લોકોની સંખ્યા પણ વધી છે અને આ વર્ષના આ ફિગર છે. ગુજરાત રાજ્યે નક્કી કર્યું છે કે આવતા વર્ષે પણ બીજા ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્રો બનાવીને બીજા નવા એક લાખ લોકોને રોજગારી માટેની તાલીમ મળે એના માટે રાજ્ય સરકારે આયોજન કર્યું છે. ગામડાની અંદર રહેતો છેવાડાનો માનવી હોય કે જેને ભગવાને બે હાથ આપ્યા છે એને કામ કરવા માટે કંઈકને કંઈક ઓપરચ્યુનિટી મળે અને એનામાં રહેલી ગુણવત્તા અને આવડતને યોગ્ય દિશામાં વળાંક મળે એટલે કે પોતે જે પસંદ કરે એ પસંદગીની તાલીમ લઈને રાજ્યમાં રોજગારી મેળવી શકે એના માટે રાજ્ય સરકાર તરફથી પ્રયત્નો કરવામાં આવ્યા છે. રોજગારી ક્ષેત્રને વધુ કાર્યક્ષમ બનાવવા માટે રાજ્ય સરકાર તરફથી જે પ્રમાણે ઈન્ડેક્ષ-બી છે એ પ્રમાણે એમ્પ્લેક્ષ- બી ની પણ સ્થાપના કરી છે. જેના મારફતે રોજગારવાંચ્છુ લોકો હોય એને રોજગાર મેળવવામાં મદદરૂપ થશે. આ સંસ્થા દ્વારા ઔદ્યોગિક ભરતી મેળાઓ, સ્વરોજગાર શિબિરો, લશ્કરી ભરતી મેળાઓ અને તમામ ક્ષેત્રના નોકરી દાતાઓનો સંપર્ક કરીને એને નોકરી અપાવવા માટે કોશિશ કરશે. ગયા વર્ષની અંદર ૨૦૧૦માં રાજ્ય સરકાર દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટીશીપેશનના ધોરણે કુલ ૬૨૬ ઔદ્યોગિક ભરતી મેળાઓ થયા હતા અને એ ભરતી

મેળાઓ મારફતે કુલ ૮૩૧૦૧ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી હતી. એ જ રીતે ચાલું વર્ષે રાજ્યમાં ૧૦ સંરક્ષણ દળ ભરતી મેળા યોજવામાં આવ્યા હતા. સામાન્ય રીતે ગુજરાતનો વ્યક્તિ લશ્કરમાં દાખલ થતો નથી. પરંતુ આ શ્રમ વિભાગ દ્વારા લશ્કરની અંદર ભરતી થાય એટલા માટે ભરતી મેળાઓ કર્યા અને આ ભરતી મેળાઓને કારણે ૧૪૯૧ જેટલા ગુજરાતના ઉમેદવારોને આ ભારતીય સંરક્ષણ દળમાં નોકરી મેળવવામાં સફળતા મળી છે. એ જ રીતે સ્વરોજગારીને પ્રોત્સાહન આપવા માટે ૬૫૯ જેટલી સ્વરોજગારી શિબિરો યોજી અને ૭૦૪૭૪ ઉમેદવારોને માર્ગદર્શન આપવામાં આવ્યું અને જેના મારફતે ૩૯૩૦૬ લોકોને લોનો મળી. એના મારફતે એ લોકો પણ સ્વરોજગાર મેળવી શક્યા છે. ચાલું વર્ષમાં વિદ્યાર્થીઓને ભવિષ્યમાં એની પસંદગી શું છે એના માટે શિબિરો યોજવામાં આવી અને આવી ૧૯૯ શિબિરોમાં કેરિયર કોર્નર દ્વારા વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું. આજે વ્યવસાયલક્ષી તમામ ક્ષેત્રોમાં રાજ્ય સરકાર તરફથી એટલું જ પ્રોત્સાહન આપવામાં આવે છે. હું મારા એડમિનિસ્ટ્રેશનની વાત નહીં કરું કે કેટલી કચેરીઓ છે. પરંતુ એટલું ચોક્કસ કહીશ કે તમામ કચેરીઓ આજે કોમ્પ્યુટરાઈઝડ થઈ ગઈ છે અને ઓન લાઈન કરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિ બેરોજગાર તરીકે નામ નોંધાવવા માગતો હોય તો એ ઓન લાઈન નામ નોંધાવી શકે છે અને બાકીની માહિતી પણ એને ઓન લાઈન મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દર વખતે હાઉસમાં પ્રશ્ન આવે છે કે સ્થાનિક બેરોજગારોને રોજગારી મળે. (અંતરાય) તમે ટેમ્પરરી હશો, હું તો અહીં કાયમી છું. એના માટે રાજ્યમાં સ્થાનિક રોજગારી ડિસેમ્બર-૨૦૧૦ અંતિત અનુસાર ૯૦ ટકા ખાનગી ક્ષેત્રના એકમો, રાજ્ય સરકારના ૧૦૦ ટકા જાહેર સાહસો અને કેન્દ્ર સરકાર છે એને આપણે કમ્પલ્ઝન નથી કરતા એના ૩૮ ટકા છે. એની અંદર આ લોકોને ૮૫ ટકાનો રેશિયો જાળવવાની વાત છે અને એ આપણે જાળવી રાખેલ છે. એ જ રીતે ચાલું વર્ષમાં જે નવી આઈ.ટી.આઈ. માટેની મેં વાત કરી એમાં આ વખતે હમણાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૧ દરમિયાન વિવિધ કંપનીઓ સાથે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર માટે ૧૧૫ ડીલ કર્યા. આપણે એ પ્રમાણે કર્યુ કે જે વિસ્તાર ઔદ્યોગિક વિસ્તાર છે અને એ ઔદ્યોગિક વિસ્તારને એને જેવા પ્રકારના શ્રમજીવીઓ જોઈતા હોય એ શ્રમજીવીઓને ટ્રેનિંગ મળે એટલા માટે થઈને આ પ્રાઈવેટ પાર્ટનરશીપ સાથે જોડાણ કરવાનું, એમાં આપણે તો ફક્ત જગ્યા જ આપવાની બાકીનું બધું એનું ચણતર કામ હશે, ઈનસ્ટ્રુમેન્ટ હશે, ટ્રેનિંગ આપવાવાળા એ બધું કામ એ કરશે અને આ રીતે મેકસીમમ લોકોને રોજગારી મળે એના માટે થઈને પણ એનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય જે શ્રમિકો છે એ શ્રમિકોને બોનસ ચૂકવવાની વાત છે. હમણાં પ્રશ્નોત્તરીની અંદર બે દિવસ પહેલા જ લીલાધરભાઈએ જવાબ આપેલો એ પ્રમાણે કહીશ કે બોનસ એકટ પ્રમાણે જે સંસ્થાની અંદર ૧૦ કે ૧૦ થી વધુ લોકો કામ કરતા હોય એને બોનસ આપવું એ કમ્પલસરી છે અને આ બોનસ લગભગ તમામ લોકોને આ એકટ મુજબનું બોનસ મળે છે એની કોઈ ફરિયાદ હોય તો સમજાવટથી માલિકો પાસે જઈને શ્રમજીવીઓને બોનસ મળે એના માટે પણ આ પ્રયત્ન કરવામાં આવે છે. બીજો જે અભિગમ છે જે પ્રમાણે બધા ક્ષેત્રોની અંદર લોક અદાલત થાય છે એ રીતે પણ શ્રમજીવીઓ અને માલિકો વચેના ડિસપ્યુટ માટે થઈને એની લોક અદાલતો કરી અથવા તો કરેલા કેસો છે એ કેસોનો કેમ એનો નિકાલ થાય. આ રીતે લોક અદાલત મારફત ૭૬૪૪૦ બધા લોકોનો દંડ કરીને ૮૮ લોક અદાલતો મારફત ૨૬૯૫ કેસો છે એનો પણ નિકાલ કર્યો છે. એ જ રીતે ઔદ્યોગિક સ્વાસ્થ્ય પ્રયોગશાળા અત્યારે સુરત અને વડોદરા ખાતે ચાલુ કરેલ છે અને રાજકોટ ખાતે પણ ટૂંક સમયની અંદર ચાલુ થઈ જાશે. એ સિવાય માનનીય બાબુભાઈએ પણ વાત કરી હતી કે કોન્ટ્રાકટ પદ્ધતિને ઉત્તેજન નહિ. કાયમી નોકરી મળવી જોઈએ. આપણે પણ માનીએ છીએ કે કાયમી નોકરી મળવી જોઈએ પણ આ કોન્ટ્રાકટ માટેનો કાયદો છેને એ કેન્દ્ર સરકારે કરેલો છે અને એ કાયદાની અંદર પરમેનન્ટ નેચરનું કામ હોય એના માટે થઈને કોન્ટ્રાકટ પદ્ધતિ નથી હોતી. કોઈ લેથ ઉપર ઊભા ઊભા કામ કરે એના માટે કોન્ટ્રાકટ ના હોય, બાકીની બાબતની અંદર કોન્ટ્રાકટ હોય છે. એટલે રાજ્ય સરકાર તરફથી જે કેન્દ્ર સરકારના નિયમો છે એ નિયમોનું પૂરેપૂરું પાલન કરાવવાની આ પદ્ધતિ છે. કોઈપણ માણસ લાઈસન્સ માગવા માટે આવે તો કેન્દ્ર સરકારના નોર્મ્સ પ્રમાણે આપણે લાઈસન્સ આપીએ છીએ. આપણો કોઈ ડિસક્રિસનરી પાવર એમાં કોઈ કામ લાગ તો નથી. એટલે આ કાયદો છે એ કેન્દ્રનો કાયદો છે. લગભગ તમામ કાયદા કહીએ એ કેન્દ્ર સરકારના કાયદા છે. આપણે તો ફક્ત એનું અનુકરણ જ કરવાનું છે અને બીજી જે વાત કરી કે ઈન્સ્પેકટર સેફટી વિભાગની અંદર સ્ટાફ નથી. આપનો પણ પ્રશ્ન હતો કે કચ્છની અંદર એક છે અને બે જગ્યા ખાલી હતી. એ બે જગ્યા પણ ખાલી પુરાઈ ગઈ છે અને બાકીના માનનીય સભ્યશ્રીઓએ કહ્યું કે ઘણી જગ્યાઓ ખાલી છે. એ જગ્યા માટે થઈને અમે આયોગ પાસે માગણી કરી છે એની પાસેથી પણ આવી ગઈ છે પણ જે જગ્યાઓ ખાલી છે, જ્યાં કોન્ટ્રાકટ બેઈઝ ઉપર આપણે એ લોકોને કામે રાખી લીધા છે અને કોન્ટ્રાકટ બેઈઝ પછી આપણને જે પ્રમાણે કર્મચારી મળતા જાશે. જે સ્ટેટસના જોઈએ એ સ્ટેટસ પ્રમાણે મળતા જાશે તો આપણે કરી દઈશું. માનનીય સભ્યશ્રીએ વાત કરીકે એને કાયમી કરવા માટેની વાત હોય પણ સામાન્ય રીતે સરકારના નિયમ હોય છે કે કાયમી પ્રકારની નોકરી હોય એની અંદર આપણે સહાયક તરીકે ટેમ્પરરી લઈએ છીએ પણ કોન્ટ્રાકટ બેઈઝ ઉપર લીધા હોય એનો ૩ વર્ષનો કોન્ટ્રાકટ પૂરો થાય એમ લેવાય એવું આપણે કરી શકતા નથી. કાયમી ભરતી હોય અને એ એજ્યુકેટેડ હોય એના નોર્મ્સ

મુજબ એ પાત્રતા ધરાવતો હોય તો એવા લોકોને નોકરી આપવામાં આપણને વાંધો નથી પણ એની પસંદગી છે એ આયોગ અને મંડળ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય મારો વાહન વ્યવહાર વિભાગ છે એની અંદર પણ લગભગ ૪૨ અમારી વાહન વ્યવહાર કચેરીઓ છે એમાં બધી કચેરીઓ લગભગ કોમ્પ્યુટરાઈઝ થઈ ગઈ છે એન વાહનનું જે રજિસ્ટ્રેશન, એના પાસેથી ટ્રાન્સપોર્ટની જુદી જુદી પરમિટો આપવી, વાહનો શિખાઉને પાકા લાઈસન્સ આપવા આ બધી કામગીરી વાહન વ્યવહાર તરફથી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ તો હું કાંઈ નહીં કહું પરંતુ પ્રાયોગિક ધોરણે રાજયના અંતરિયાળ વિસ્તારોમાં માર્ગ સલામતીની જાળવણી ઉપલબ્ધ થાય તે માટે "ટ્રીમ" , "Traffic Education and Awareness Mobile Van" પંચમહાલ જિલ્લામાં કાર્યરત કરવામાં આવેલ છે અને સ્કૂલ અને પબ્લિક માટે આ જાહેર સ્થળોની અંદર આ શિખામણ આપતી આ સંસ્થા છે. એજ રીતે માનનીય જુદા જુદા સભ્યશ્રીઓએ એસ.ટી. માટેની વાત કરી, હું એસ.ટી.માટેનું વિશેષ નહીં કહું પરંતુ રાજય સરકારે એસ.ટી.માટે થઈને અને લગભગ ૨૦૦૫ -૦૬ થી માંડી અને આ વર્ષે જે બજૅટ રજૂ કર્યુ એમાં પણ એસ.ટી.ને નવી બસો લેવા માટે આપણે એને લોન આપીએ છીએ. ૨૦૦૫-૦૬માં ૧,૧૦૦ બસો માટે, ૨૦૦૬-૦૭માં ૧,૦૦૦ બસો માટે, ૨૦૦૭-૦૮માં ૧,૫૦૦ બસો માટે, ૨૦૦૮-૦૯માં ૧,૦૦૦ બસો માટે અને ૨૦૦૯-૧૦માં ૧,૬૯૦ બસો માટે આ પ્રમાણે ૨૦૦૯-૧૦ સુધીમાં ૬,૩૯૦ નવી બસો આવી અને આ વખતે, પણ બીજી વધારાની બસો જે આપણે આવી છે એમાં ૫૦૦ બસો છે એ આપણી પાસે આવતા વર્ષે ખરીદ કરવામાં આવશે એના કારણે ૫૦૦ પછી સરપ્લસ રહેશે. એ સરપ્લસ રહેશે એને ગ્રામ્ય વિસ્તારોમાં ૩,૦૦૦ રૂટોમાં આપણે એ લોકોને આ સગવડતા થાય એ જાતનું આયોજન કરવામાં આવશે. આ રીતે મારી જે શ્રમ વિભાગની અને વાહનવ્યવહાર વિભાગની જે માગણીઓ છે એ માગણીઓ સામે મૂકેલી કાપ દરખાસ્તો તમામ પાછી ખેંચી લે અને આ માગણીઓ છે એ મંજૂર કરવામાં આવે એવી સૌ સભ્યશ્રીઓને વિનંતી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ ( બંદરો અને વાહનવ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતા ખર્ચની માગણીઓ લઈને હું આ સનમાનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ દેશનો ત્રીજા ભાગનો દરિયા કાંઠા ધરાવતું રાજય છે અને સ્વાભાવિક રીતે જ એટલે ગુજરાતીઓના લોહીમાં દરિયો વણાઈ ગયો છે. ગુજરાતમાં, "હાજી કાસમ તારી વીજળી વેરણ થઈ" થી માંડીને તે ગુજરાતી પાઠ્ય પુસ્તકમાં, "સાગરને તીરે ટટળે ટિટોડી, ચીરી આકાશ એની ઊઠે છે ચીસ, સાગર ગોઝારા હો ઈંડા મારા દે, કકળી કહેતી કાઢે છે રીસ " એવી કવિતાઓ પણ ગુજરાતી સાહિત્યમાં અને ગુજરાતના પાઠ્ય પુસ્તકોમાં આપણને જોવા મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, માણસનો હોંશલો બુલંદ કરવા માટે "અલ્લાહ બેલી, અલ્લાહ બેલી જાવું જરૂર છે, બંદર છો દૂર છે" એવી કાવ્ય પંક્તિઓ પણ આપણા સાહિત્યમાં આપણે જોઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જીવનના આ અધ્યાત્મના તબક્કે ઊભેલો માણસ જ્યારે પ્રાર્થના કરે ત્યારે એ પ્રાર્થનામાં એવું કહે છે કે, " પિતા પેલો આઘે જગત વીંધતો સાગર રહે, અને વેગે પાણી સકળ નદીના તે ગમ વહે, વહોવે એવી નિત્ય મુજ જીવનની સર્વ ઝરણી દયાના પુણ્યોના તુજ પ્રભુ મહાસાગર ભણી " એ આ ગુજરાતની એકે એક જીવન પદ્ધતિમાં સાગર કઈ રીતે વણાયેલો છે એનો ઉલ્લેખ છે. (અંતરાય) હું આવું છું સાહેબ હજુ એના ઉપર પણ ગુજરાત એ એના ઉદ્યોગ સાહસિકતા માટે જાણીતું છે અને એટલે ગુજરાતીઓમાં વધારે કહેવત તો મારા સાથી માનનીય સભ્યશ્રી બાબુભાઈ જેવાના ઘરમાં સાહેબ એવી ચાલતી હોય કે, "જે જાય જાવે તે પાછો ના આવે અને જો પાછો આવે તો પડિયાના પડિયા ખાય તેટલું લાવે" અને માનનીય અધ્યક્ષશ્રી, "ડાહ્યો દીકરો દેશાવર ભોગવે" એવી કહેવત પણ આપણે ત્યાં ચાલે છે.

સાહેબ, માલમની વાત નીકળી તો મારે આપના થકી માનનીય સભ્યશ્રીને કહેવું છે કે, આ દેશ સુધી વાસ્કો ડી ગામાને ખેંચી લાવનાર કાનજી માલમ પણ એમની જ ભૂમિની પેદાશ, જેના કારણે આ દેશમાં ગુલામી આવી અને આ દેશ સુધી વાસ્કો ડી ગામા ખેંચાઈ આવ્યો તે કાનજી માલમ પણ આ બધી જ નવલકથાઓના પાત્રોમાંનું એક જીવંત પાત્ર છે. માનનીય અધ્યક્ષશ્રી, એની વાત આજે નથી કરવી એ વાત ફરી ક્યારેક કરીશું પણ આજે ગુજરાતના દરિયા કાંઠાનો વિકાસ અને ગુજરાતના દરિયા કાંઠાના વિકાસ માટે રાજય સરકારે જે પ્રગતિશીલ નીતિ અપનાવી છે.એના પરિણામોની અને કેટલીક અન્ય બાબતોની વાત કરવી છે પણ એ પહેલાં મારા સાથી મિત્રએ બે ત્રણ પ્રશ્નો આ વિભાગની માગણી ઉપર બોલતી વખતે ઉભા કર્યા હતા એનો જવાબ આપના થકી આપવાનું ઉચિત સમજું છું. માનનીય બાબુભાઈએ એવું કહયું કે એમના પત્રોના એમને જવાબ નથી મળતા અને મળે છે તો ટુંકા મળે છે. માનનીય બાબુભાઈને એક પત્ર લખવામાં આવ્યો છે ચાર એપ્રિલ ૨૦૦૮ના દિવસે. ત્યારપછી માનનીય બાબુભાઈને અમારા અગ્રસચિવશ્રીએ પત્ર લખ્યો છે એ પત્ર લખ્યો છે ૭-૨-૨૦૦૯ના દિવસે. એ પત્ર બે પાનાનો છે એટલે ટુંકો ગણવો કે નહીં એ આપણે પછી નિર્ણય કરીએ. ત્યારપછી મને લાગ્યું કે મારા સન્માનનીય મિત્રને અધિકારી કક્ષાએથી જવાબ અપાય તે યોગ્ય નથી એટલે ત્યારપછી મારી કક્ષાએથી જવાબ અપાયો છે. ૧૭ ફેબ્રુઆરી ૨૦૧૦ના દિવસે અને અત્યંત ટુંકાણમાં અપાયો છે કારણકે આ પત્ર ત્રણ પાના પુરા ટાઈપ કરેલો છે અને એમાં એકેએક મુદ્દાનો વિગતવાર જવાબ અપાયો છે. ત્યારપછી ચોથો પત્ર લખાયો માનનીય સભ્યશ્રીને ૧૭ મી જુલાઈ, ૨૦૧૦ના દિવસે. આ સમગ્ર વિષય ઉપર પી.એચ.ડી. કરવી હોય તો પણ આ પત્રોમાં એટલી

ઈન્ફર્મેશન છે કે આખો એક પી.એચ.ડી.નો વિષય મળે. એટલી વિગતો આ પત્રોમાં શકય તેટલી લંબાણપૂર્વક અને શકય તેટલી વિગતવાર આપવામાં આવી છે અને આમ છતાંય, I stand on the floor of this House to rquest Honorable MLA that if you still have any question, we shall be more than happy to walk beyond what is required and satisfy you as far as informed needed is required. અમારા ખાતામાં Sir, you have absolute right and I absolutely accept your right. I absolutely accept your right, you have right and I am duty bound to reply. I am not obliging you. I am simply giving history and figures so far as correspondence is concerned and i hope you will be satisfied and that we have tried to do our best so far as information required and provided to you is concerned. માનનીય અધ્યક્ષશ્રી, હવે હું બીજા મુદ્દા ઉપર આવું. વારફેઝ ચાર્જીસ ઉપર ઘ ણુંબધું કહેવાયું છે. વારફેઝ ચાર્જીસ નકકી કરવાની કેટલીક નીતિ હોય છે અને એ નીતિ રાજય સરકારે જે નકકી કરી છે એમાં જે બંદર વિકાસ કરે છે કંપની એ પોતે જે રોકાણ કરે છે એ રોકાણ પેટે એને સેટ ઓફ આપવાની નીતિ છે અને જયાં સુધી મુંદ્રા બંદરને લાગેવળગે છે ત્યાં સુધી ૫૧૧૦કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને મુંદ્રા બંદરના જે વારફેઝ ચાર્જીસ નકકી કરવામાં આવ્યા છે તે આને લક્ષમાં લઈને કરવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીને આ અંગે વિશેષ માહિતી જોઈતી હશે તો એમને મારી સાથે મારા અધિકારીઓને બેસાડીને જે કાંઈ ખુલાસો કરવો હશે, જે કાંઈ માહિતી જોઈતી હશે એ આપવાની મારી તૈયારી છે ત્યારપછીની વાત કરવામાં આવી એ ગંભીર વાત હતી. થોડી વાર માટે હું હલી ગયો કે આ દેશમાં સરહદી રાજયમાં એક વિદેશી કંપનીને એની જેટીના રાઈટસ અથવા તો પોર્ટ યુઝીસના રાઈટસ જો અમેરીકામાં પાછા લઈ શકાતા હોય તો આ દેશમાં કેમ નહીં લઈ શકાતા હોય એટલે હું વિગતોમાં ઉંડો ઉતર્યો. એ વાત સાચી છે દુબઈ પોર્ટને મુંદ્રામાં જે જેટી અપાઈ છે એને લગતી જે સાચી હકીકત છે એ એવી છે કે મુંદ્રા ખાતે પ્રથમ કન્ટેનર ટર્મીનલ ઉપર કન્ટેનર ઓપરેટર તરીકે મુંદ્રા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મીનલ, એમ.આઈ.ટી.સી.એલ.ની નિમણૂક કરવામાં આવે. અત્યારે વૈશ્વિક વ્યાપારનો જમાનો છે. આપણે વૈશ્વિકરણના જમાનામાં જીવીએ છીએ Globalization is way of life. Mergers and acquisitions are common. On the contrary, that is way how the companies change hands. એટલે આ કંપનીનું સંચાલન પી. એન્ડ ઓ. પોર્ટસ મુંદ્રા લીમીટેડની કંપનીને નિમણૂક કરવામાં આવે ત્યારપછી ડી.પી.ડબલ્યુ.ડી. દ્વારા આ કંપનીનું ટેક ઓવર કરવામાં આવ્યું.ટેકઓવર કરવામાં આવ્યું, ત્યારે M.I.T.C.L. સાથે જે કરાર થયો હતો, તે સબ કન્સેશનલ કરાર મુજબ તથા મુન્દ્રા સાથે થયેલ કન્સેશન કરારની શરતો મુજબ M.I.T.C.L.નું D.P.W.D દ્વારા ટેકઓવરમાં શરત ભંગ થયેલ, જેથી સરકારશ્રી દ્વારા મુન્દ્રા પૉર્ટને M.I.T.C.L. સાથે થયેલ સબ કન્સેશનલ કરાર રદ કરી જેટી અથવા ટર્મીનલનો કબજો લેવા જણાવેલ. સરકારશ્રીએ જે જરૂરી એકશન લેવા જોઈએ તે લીધા ત્યારપછી શું થયું? ત્યારપછી M.I.T.C.L. એ ગુજરાત હાઈકોર્ટમાં સિવિલ એપ્લીકેશન કરેલ છે. નામદાર કોર્ટે રદબાતલ કરેલ, આથી M.I.T.C.L. સિટિ સિવિલ કોર્ટ અમદાવાદ ખાતે વચગાળાની રાહત માટે અરજી કરેલ, જે નામદાર કોર્ટ દ્વારા રદ બાતલ કરવામાં આવેલ. ત્યારબાદ M.I.T.C.L. ગુજરાત હાઈકોર્ટમાં અપીલ અરજી કરેલ છે. જે હાલમાં પેન્ડિંગ છે. આ અપીલની આખરી સુનાવણી નામદાર હાઈકોર્ટ ૧૮ એપ્રિલ ૨૦૧૧ રાખવામાં આવેલી છે. So, the entire matter is subjudice as on today and if the matter is subjudice, whether it is United State of America or whether this country, you could not have done more than this and what we have done what is required to be done. એટલે અહીયા નથી થઈ અને અમેરિકામાં બહું મોટી કામગીરી થઈ ગઈ છે. આ દેશની સરકાર કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગઈ છે. રાજ્ય સરકાર કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગઈ છે. એ હકીકતને એનાથી સમર્થન મળતું નથી.

ત્યારપછીના ત્રીજા મુદા ઉપર આવીએ. શીપ બ્રેકિંગ, શીપ બિલ્ડિંગની અનેક વાતો થઈ. વાર્ફેજની વાતો થઈ. એવું નહિ કહેવાયું. ગુજરાતીમાં કહેવત છે. હું કરું તારી આંખમાં આંગળી અને તું કર મારા મોઢામાં આંગળી. એટલે આંખ જાય અને આંગળી પણ જાય. અલંગમાં શીપ બ્રેકિંગનો ઉદ્યોગ એટલો સરસ વિકસ્યો છે. અલંગમાં સરસ રોજગારી ઉત્પન્ન થાય છે. રોજગારીની ચિંતા કરતા હોઈએ તો એ ઉદ્યોગ વધારે વિકસે તે રાજ્યના હિતમાં છે. આ રાજયના હિત, વિકાસની ચિંતા કરનાર કોઈપણ વ્યકિત આ બાબતમાં ક્યારેય બેમત ન હોઈ શકે અને આ જોઈએ તો હકીકત શું હોવી જોઈએ. હકીકત એવી હોવી જોઈએ કે આપણે વાહણ ભાંગવા માટે લાવીએ છીએ. વહાણ ઉપર ડ્યૂટી પહેલા નહોતી લાગતી. પહેલા સીધો સ્ક્રેપ, ભંગાર આયાત કરીએ તેના ઉપર ડ્યૂટી લાગતી હતી, એના બદલે ગંગા અવળી વહેવા માંડી. ડ્યૂટી સ્ટ્રકચરમાં ફેરફાર થયો. તમે સ્ક્રેપ બીજેથી ચીનમાં વહાણ ભાંગ્યું હોય, બીજે કોઈ જગ્યાએ વહાણ ભાંગ્યું હોય અને તમે એનો સ્ક્રેપ આયાત કરો તો તેના ઉપર કોઈ ડ્યૂટી નહિ. અને અલંગ ખાતે વહાણ ભાંગવાનું હોય તો તેમાં ૫ ટકા કસ્ટમ ડ્યૂટી લાગે. ૨ ટકા સેકન્ડરી એજ્યુકેશન સેસ લાગે, ૧ ટકો હાયર એજ્યુકેશન સેસ લાગે. વહાણ ઉપર ડ્યૂટી નાખીએ. સ્ક્રેપના દરવાજા ખોલી નાખ્યા. ખાળે ડૂચા અને દરવાજે મોકળા. અને પછી આપણે કહીએ કે વિકાસ નથી થતો, પછી આપણે કહીએ રોજગારી ઊભી

નથી થતી તો આ * (xxxxx) (xxxxx) (xxxxx) (xxxxx)અને એ દિશામાં સાહેબ ગુજરાત (અંતરાય) આમાં એક અન્યાયને બીજો અન્યાય કરવાથી નીવારી શકાતો નથી, એટલે જે હકીકત છે તે આ છે જે કસ્ટમ ડ્યૂટી છે, તે જહાજ ઉપર હોવી જોઈતી હતી. જહાજ ઉપર નાખી દીધી. સ્ક્રેપ ઉપર હોવી જોઈતી હતી. સ્ક્રેપને મુકિત આપી દીધી પછી કહીએ કે અલંગનો શીપ બ્રેકિંગ ઉદ્યોગ વિકસે. એ (xxxxx) (xxxxx) એ મારે ટકોરાની ચોંટ ઉપર કહેવું પડશે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દ અંગે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : નો. ધેર ઈઝ નો પૉઈન્ટ ઑફ ઑર્ડર. આ બજેટમાં જાહેર થયેલી વસ્તુ છે. આ કોઈ આક્ષેપ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (xxxxx) (xxxxx) (xxxxx) તે રૅકૉર્ડમાંથી પાછા ખેંચી લે કે રદ કરે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હું આ શબ્દો પાછા ખેંચી લઉં છું. હું માત્ર એવું કહીશ. હી કેન નોટ. હી કેન નોટ.

**અધ્યક્ષશ્રી** : પૉઈન્ટ ઑફ ઑર્ડર એ શબ્દ રદ કરવા માટેનો હતો.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તેના ૫ ટકા કરાવનાર એ અમારા વિરોધ પક્ષના નેતા હતા.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ વાત એ છે કે, જે કોઈને ગુજરાતના વિકાસમાં રસ નથી, જે કોઈને ગુજરાતનો વિકાસ આંખમાં ખૂંચે છે, જે કોઈને ગુજરાતના વિકાસથી * (xxxxx)તે સાહેબ વાઈબ્રન્ટ ગુજરાત જેવા એમ.ઓ.યુ. થાય ત્યારે..સાહેબ આમાં હું કોઈને નથી કહેતો.

**શ્રી ઈકબાલ પટેલ** : સાહેબ (xxxxx) તે શબ્દ અસંસદીય છે.

**અધ્યક્ષશ્રી** : કોઈના નામનો ઉલ્લેખ નથી થયો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, મેં કોઈને કહ્યું નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય દિલીપભાઈ, અર્જુનભાઈ પ્લીઝ. હું વાત કરું છું. પહેલાં મારી વાત સાંભળો. હું એ જ વાત ઉપર આવું છું. કોઈ સરકાર કે કોઈ વ્યકિતનું નામ લીધું નથી પરંતુ (xxxxx) તે અસંસદીય શબ્દ છે એટલે દૂર કરીએ.

**શ્રી જયનારાયણ વ્યાસ** :માનનીય અધ્યક્ષશ્રી, તે શબ્દો હું પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, મૂળ પાછો ફરી એ જ વાત પર આવું છું કે આ સન્માનનીય સભાગૃહમાં આ પક્ષે કે તે પક્ષે એ રીતે આપણે કયારેય વિચાર નથી કર્યો. આ સન્માનનીય સભાગૃહમાં ગુજરાતનું હિત સર્વોચ્ચ રહ્યું છે. આ સન્માનનીય સભાગૃહમાં બેસનાર એકે એક સન્માનનીય સભ્યશ્રીના દિલમાં ગુજરાત માટેની દાઝ એ જરાય ઓછી નથી તેનો સંપૂર્ણપણે મને વિશ્વાસ છે. ત્યારે સાહેબ ગુજરાતના હિતની આડે આવતી બાબતો અંગે આપણે તેને ટૅક્નીકલ મુદ્દાઓ બનાવીએ, ગુજરાતના હિતનું ગળું ઘોટાય, ગુજરાતના હિતને નુકસાન થાય, ગુજરાતને મુશ્કેલી થાય, ગુજરાત મુશ્કેલીમાં મૂકાય, ગુજરાતમાં ૨૦ લાખ ૫૨ હજાર કરોડ રૂપિયાનું રોકાણ થાય તેની સામે પણ કોઈ પૂછપરછ કરવાની થાય? કયા કાયદા નીચે? કયા કાયદા નીચે? This is nothing but.. Concerned authorities will have to reply. આ રીપ્લાય હું સન્માનનીય સભાગૃહના ફલોર ઉપર કહું છું કે આ સંપૂર્ણપણે બિનકાનૂની કૃત્ય છે. રાજય સરકારમાં અથવા રાજયમાં જે રોકાણકારો આવે છે તે રોકાણકારોને રાજયમાંથી અન્યત્ર ભગાડી મૂકવા માટેનું આ કૃત્ય છે. જેણે કોઈએ કર્યુ હોય તેણે.

**અધ્યક્ષશ્રી** :ઑર્ડર ઑર્ડર, નીતિનભાઈ, ઈકબાલભાઈ પ્લીઝ. માનનીય મંત્રીશ્રી આપનો સમય ઓછો છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, વારે ઘડીએ

**અધ્યક્ષશ્રી:** અર્જુનભાઈ પ્લીઝ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, આ તો મહેમુદના પીકચરનો જૂનો ઘસાઈ ગયેલો ડાયલોગ છે. કમીઝ નહીં તો કોલર ચલેગા, દિનાર નહી તો ડોલર ચલેગા. આ તો બધું ન ચાલે. આ તો જૂનો ડાયલોગ છે ભાઈ. મહેમૂદનો ડાયલોગ છે. પિકચરો જુઓ.

**અધ્યક્ષશ્રી:** અર્જુનભાઈ પ્લીઝ.

**શ્રી જયનારાયણ વ્યાસ** : હિન્દી પિકચરો જોવાના રાખો. વારે ઘડીએ, આમાં સાહેબ ફરી પાછો કહું છું કે બંધ બેસતી પાઘડી કોઈએ પહેરી લેવી નહીં. બંધ બેસતી પાઘડી પહેરી લેવાનો આજે મોકો આવ્યો લાગે છે. વારે ઘ ડીએ કોઈ તેમના સન્માનનીય સન્નારીનું નામ લઈને વારે ઘડીએ સાહેબ એનું જરા પણ નામ આવે તો આમનો ફોટો હતો, આમનો ફોટો હતો. તમારા સાથી મંત્રીને સી.બી.આઈ.માં નાંખીને જેલમાં નાંખી દીધા. તમારા સાથી

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધિકારીઓ હતા તેને જેલમાં નાંખી દીધા. તમારા કોમનવેલ્થના સર્વોચ્ચ નેતાને કાલે સી.બી.આઈ.માં જવું પડયું. તો એ સન્નારી તમને એટલા બધા કેમ ગમે છે? તમે એમના સામે કેમ કાર્ય નથી? ચલાવતા. તમારા શું સગા થાય છે? સાહેબ એમની ભલામણથી તો એ સન્નારી, સાહેબ...

**અધ્યક્ષશ્રી:** માનનીય મંત્રીશ્રી મૂળ માગણી ઉપર આવો. અર્જુનભાઈ પ્લીઝ. આપ બેસો.

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ,

**શ્રી જયનારાયણ વ્યાસ** : સાહેબ, મને મજા એટલા માટે આવે છે કે જો દાઢી રાખવાથી કોઈના ભાઈ થઈ જવાનું હોય અને દાઢી રાખવાથી કોઈ બની જવાનું હોય તો ઘણા લોકો દાઢી રાખે, અને આ દેશમાં ઘણા લોકો રાખે છે અને હવે તો એમના પક્ષમાંય અર્ધી બાંયના ઝભ્ભા પહેરવાની ફેશન આવી છે એટલે એમાં તમારે ચિંતા કરવા જેવું નથી, પણ સાહેબ, આમની ભલામણથી તો મંત્રી બનાતું હતું કદાચ હજુય બનાતું હશે કેન્દ્રમાં, અને મારી માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે, અહીયાં બહુ ઊછળી ઊછળીને ના બોલે, કાલે અહીંના બદલે ત્યાં જવાનું થયુંને મંત્રી બનવું હશે તો ભલામણની ચીઠ્ઠી એમની જોઈશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આપણે મુદ્દાની વાત પર આવીએ, ગુજરાતના બંદરીય વિકાસને લાગેવળગે છે ત્યાં સુધી ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, હું કેટલીક હકીકતો પર આવવા માગું છું. ગુજરાત અને ગુજરાતનો દરિયાઈ કાંઠો, ગુજરાતના દરિયાકાંઠાનો વિકાસ અને ગુજરાતના બંદરોનો વિકાસ ગુજરાત માટે તો અગત્યનો છે જ, પણ આ દેશ માટે કેમ અગત્યનો છે તેની વાત મારે કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશના બંદરો ઉપરથી જેટલું કારગોનું વહન થાય છે એના ૨૫ ટકા કારગોનું વહન માત્ર ગુજરાત કરે છે. દેશના તમામ નાના અને મધ્યમ કક્ષાના બંદરો દ્વારા હેરફેર થતા ટ્રાફિકની સાપેક્ષમાં ૮૦ ટકા જેટલા કારગોની હેરફેર ગુજરાતમાંથી થાય છે. આ દેશનો ૨૮ ટકા વિસ્તાર જેને હીંટરલેઈન કહેવાય, આ દેશના ૨૮ ટકા વિસ્તારને દરિયાકાંઠો ગુજરાત પૂરું પાડે છે અને એટલા માટે ગુજરાતના દરિયાકાંઠાનો વિકાસ, ગુજરાતના બંદરોનો વિકાસ અને ગુજરાતના દરિયાકાંઠે થતી બંદરીય સવલતોનો વિકાસ એ આ દેશના હિતમાં છે, રાષ્ટ્રિય હિતમાં છે, માત્ર ગુજરાતનો વિકાસ નથી પણ દેશના વિકાસમાં એક અગ્રણી પ્રકરણ છે અને એટલા માટે આપણા ત્યાં ૨૦૦૧માં ૧૩૫ મિલીયન ટન ટ્રાફિક એનું વહન થતું હતું. ૨૦૧૦-૧૧માં વધીને ૨૮૪ મિલિયન ટન થયું અને ૨૦૧૫-૧૬માં એ વધીને ૫૧૫ મિલિયન ટન એટલે કે લગભગ ચાર ગણું વધારે, ૪૦૦ ટકાનો વધારો આપણા ત્યાં બંદરીય ટ્રાફિકમાં થવાનો છે અને એટલા માટે આપણો જે વિકાસનો વૃદ્ધિ દર છે જે કુલ કૅપ્ટિવ જેટીઓમાં ૬૪ ટકા ટ્રાફિક અને ખાનગી ટર્મીનલોનું યોગદાન ૨૮ ટકા છે. એટલે આ રાજયમાં બંદરીય વિકાસ કંડલા બંદર સહિત એ અત્યંત અગત્યનો વિકાસ છે અને એનું શ્રેય એ આ રાજયની જે શીપ બિલ્ડીંગ પૉલિસી ૨૦૧૦ જાહેર કરવામાં આવી છે એને એનો શ્રેય જાય છે. આ રાજયની શીપ બિલ્ડીંગ પૉલિસી ૨૦૧૦ના કારણે દિવસે દિવસે ગુજરાત વહાણો ભાંગવાના બદલે હવે ગુજરાત (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આજે દેશનો ૬૦ ટકા શીપ બિલ્ડીંગનું કામ ગુજરાત કરે છે અને આગામી સમયમાં જે લક્ષ્યાંક છે એ ૧૧મી પંચવર્ષિય યોજનામાં ૫ મિલિયન DWTનું છે તેની સામે ત્રણ મિલિયન DWT જેટલું બાંધકામ વહાણોનું ગુજરાતમાં થશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક જાહેરાતો મારે આ સન્માનનીય ગૃહ સમક્ષ કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન ખાતું એ મારા હસ્તકનું ખાતું છે. પ્રવાસન ઉદ્યોગને વેગ મળે એ માટે ગુજરાત સરકાર અને મેરી ટાઈમ બોર્ડ ટૂંક સમયમાં હોવરક્રાફ્ટ સેવાઓ શરૂ કરવાનું છે. આ હોવરક્રાફ્ટ ૩૩ પેસેન્જર કેપેસીટીનું હશે, સદરહુ હોવરક્રાફ્ટની સેવા ૨૦૧-૨૦૧૨માં ચાલુ કરવામાં આવશે અને આ ગૃહમાં સન્માનીય સભ્યશ્રીઓ જે આ વિસ્તારમાંથી આવે છે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાંથી એમને જાણીને આનંદ થશે કે દ્વારાકાથી બેટ દ્વારકા, દ્વારકાથી શીવરાજપુર, ઓખાથી બેટ દ્વારકા, પોરબંદરથી માધવપુર, સોમનાથથી દીવ, દ્વારકા-પોરબંદર-સોમનાથ ઉપરોકત સેવા ગુજરાત મેરી ટાઈમ બોર્ડ અને પ્રવાસન નિગમના સંકલનથી ચલાવવામાં આવશે અને ગુજરાતમાં નીચે દર્શાવેલ સ્થળોએ પ્રવાસીઓને એનો લાભ મળશે. પોરબંદર-દ્વારકા-ઓખા વચ્ચે ૨૦ લાખ પ્રવાસીને લાભ મળશે, સોમનાથ-પોરબંદર વચ્ચે ૧૩ લાખ પ્રવાસીને લાભ મળશે, સોમનાથ-દીવ વચ્ચે ૨૦ લાખ પ્રવાસીને લાભ મળશે અને પોરબંદર માધવપુર વચ્ચે ૩ લાખ પ્રવાસીને લાભ મળશે આ ઉપરાંત હોવરક્રાફ્ટ રેસ્ક્યુ ઓપરેશનમાં પણ ઉપયોગમાં લઈ શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ખૂબ જ અગત્યની જાહેરાત કરવા તરફ હું આગળ વધી રહ્યો છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં સરકારને બંને તરફથી જોઈ છે. અધિકારી તરીકે પણ હું સરકારમાં હતો અને આજે પ્રજાના સેવક તરીકે પણ આ સરકારમાં છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૭૭ થી આ રાજય રો-રો સર્વિસીસની વાત કરતું આવ્યું છે. આજે મારે અત્યંત ગૌરવ સાથે જણાવવું છે આ સન્માનીય સભાગૃહને કે, ગુજરાત રાજયમાં આવેલ ખંભાતની ખાડી પર રો-રો ફેરી સર્વિસ શરૂ કરવાની યોજના માટેનો વિગતવાર અહેવાલ ગુજરાત મેરી ટાઈમ બોર્ડ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે અને તેના માટે સરકારશ્રી દ્વારા ૨૯૬ કરોડ રૂપિયાની આ યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ ટર્મિનલ જોડાશે ત્યારે અત્યારે જે રસ્તાઓનું અંતર છે એ ૩૬૦ કિલોમીટર જેટલું થાય છે આ રો-રો સર્વિસ જશે ઘોઘા-દહેજ-જાફરાબાદ-પીપાવાવ અને સુરત પાસે સુવાની આ એનો રૂટ રહેશે આ કુલ પાંચ સ્થળોને

અત્યારે પ્રથમ તબક્કે આવરી લેશે પછી ટ્રાફિક વધતો જશે એમ અન્યત્ર પણ એ વિસ્તારી શકાય. આ ૩૬૦ કિલોમીટરનું અંતર થાય છે જે રસ્તાથી એ અંતર માત્ર ૩૦ કિલોમીટરમાં કાપી શકાશે એટલે ૩૬૦ કિલોમીટરનું અંતર ફક્ત ૩૦ કિલોમિટરમાં કાપી શકાશે અને એને મંજૂરી આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ બાબતની વાત મેં અગાઉ કરી પણ મારે અત્યંત ખેદ સાથે કહેવું પડે છે કે એનો વિકાસ જે ગતિએ થતો હતો અને ૨૦૦૫-૨૦૦૬માં માત્ર ૪.૮ LDTT નું શીપ બ્રેકીંગ ત્યાં ૧૦૧ વહાણનું થયું, ૨૦૦૯-૧૦માં ૩૪૮ અને ૨૯.૩૮ LDTT નું શીપ બ્રેકીંગ થયું. એની સરખામણીમાં ૨૦૧૦-૧૧માં આજે ડ્યુટી અને બાકીના ટેક્સની જે પરિસ્થિતિ ઉભી થઈ છે એના કારણે આ ૨૫ હજાર કામદારોને સીધી રીતે રોજી-રોટી આપતું અલંગ શીપ બ્રેકીંગ યાર્ડ અને ૧ લાખ ૫૦ હજાર કામદારોને સંલગ્ન ઔદ્યોગિક ક્ષેત્રે રોજી આપે છે અને એને દસથી ગુણીએ એટલા ટ્રાન્સપોર્ટથી માંડી હોટેલ-રેસ્ટોરા અને અનેક પ્રકારના બીજા ઉદ્યોગો એટલે લગભગ ૧૮ થી ૨૦ લાખ લોકોની રોજી જેના ઉપર નભે છે એને માટે એક નાનો નિર્ણય કસ્ટમ જકાત વધારવાનો અને એના સ્ટ્રક્ચરને ફેરવવાનો લેવાવાના કારણે આ સમગ્ર ઉદ્યોગને લગભગ સ્થગિત અવસ્થામાં લાવીને મૂકી દેવાનું કામ કર્યું છે અને એનો યશ જો કોઈને જતો હોય આ ઉદ્યોગને સૌરાષ્ટ્રમાં સ્થગિત કરી નાંખવાનો તો આ કરવેરા નાંખવાનું જેના મગજમાં આવ્યું હશે એને યશ આપવો જોઈએ. મારે નામ દેવું નથી કારણ કે સમયની મર્યાદા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વેસલ્સ ટ્રેકીંગ અને પોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ એ કચ્છના અખાતમાં લગભગ પૂર્ણતાના આરે આવી છે, ૮૦ ટકા જેટલું કામ એનું પતી ગયું છે અને કંડલા ખાતે એનું માત્ર કન્ટ્રોલ સેન્ટર સાથે કંડલા-ભદ્રેશ્વર-માંડવી-છાચી-વાંકુ-જખૌ-અરુડી અને કોટેશ્વર અને આ બાજુ ઓખા-સિક્કા-વાડિનાર-ચૂડેશ્વર-રોજી-બાલાછડી અને નવલખી આ બંદરોમાં જે ઝડપે ટ્રાફિક વધી રહ્યો છે એ ટ્રાફિકને નાથવા માટે અને એ ટ્રાફિક સારી રીતે ચાલી શકે, એ ઉપરાંત માનનીય બાબુભાઈએ એક ખૂબ સાચી વાત કહી હતી કે, આપણે એવા પાડોશી દેશની નજીક છીએ કે જ્યાંથી આવનાર ટ્રાફિક ઉપર સતત નજર રાખવી જરૂરી છે, આ Vessel tracking system જે સ્થાપવામાં આવી રહી છે, એનાથી આપણા પાડોશી રાજયોમાં પણ બંદરો મારફત થતી ઘૂસણખોરી ઉપર નિયંત્રણ મૂકી શકાશે અને એની અવરજવર ઉપર પણ ધ્યાન આપી શકાશે. એટલે એક સરસ મજાની સવલત ઉભી થઈ રહી છે. શીપ બિલ્ડીંગ ઉદ્યોગને લગતી રાજયમાં મરિન એન્જીનીયરોની જરૂરિયાત બાબતમાં એક તો ગણપત યુનિવર્સિટી અંગે મેં વાત કરી હતી, આજે એક બીજી વાત મારે આ સન્માનનીય સભાગૃહના ધ્યાન પર મૂકવી છે, ગુજરાતના રાજ્યસભાના સાંસદ માનનીય શ્રી પુરૂષોત્તમભાઈએ ભારત સરકારના માનનીય શિપિંગ મંત્રીને માર્ચ, ૨૦૦૯માં પત્ર પાઠવીને પીપાવાવ ખાતે ઈન્ડિયન મેરીટાઈમ ઈન્સ્ટીટયુટ ખોલવા વિનંતી કરી છે, વધુમાં માનનીય સાંસદ શ્રી રૂપાલાએ મે, ૨૦૦૯માં સેક્રેટરી, શિપિંગ મિનિસ્ટ્રી, ભારત સરકારને પણ પત્ર લખીને પીપાવાવ ખાતે નેશનલ મેરીટાઈમ ઈન્સ્ટીટ્યુટની શાખા ખોલવા માટે તાલીમ પામેલ કુશળ મેનપાવર ઉપલબ્ધ કરાવવા વિનંતી કરી છે. આમ રાજય સરકાર કક્ષાએ આપણે ઝડપથી શીપ બ્રેકીંગ અને શીપ બિલ્ડીંગ ઉદ્યોગમાં આગળ વધી રહ્યા છીએ ત્યારે મરિન ઈજનેરોની જે જરૂરિયાત ઉભી થશે એને પૂરી કરવા માટે મરિન ઈન્સ્ટીટ્યુટ સ્થપાય અને તેમાં પણ પીપાવાવ ખાતે સ્થપાય તો મને લાગે છે કે સૌરાષ્ટ્ર કાંઠે એક ખૂબ મોટું અગત્યનું એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુટ કેમ્પસ ઉભું થશે અને મારે માનનીય સાંસદ શ્રી રૂપાલાનો આભાર માનવો છે કે રાજયની વધતી જતી જે જરૂરિયાત છે એને લક્ષમાં રાખીને એમણે આ કામ કર્યુ છે. દિલ્હી મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ ફ્રેઈટ કોરીડોરની વાત અત્યારે હું લંબાણપૂર્વક કરવા જઈશ તો સમય મને એની મંજૂરી નહિ આપે પણ ચાળીસ ટકા જેટલો ડી.એમ.આઈ.સી. કોરીડોર ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે અને એના ઈન્વેસ્ટમેન્ટ નોડ છે એ પાલનપુર સિદ્ધપુર મહેસાણા કુલ અંદાજિત મૂડીરોકાણ છે ૬૬૦૦ કરોડ રૂપિયા અને ૫૩૦૦૦ લોકોને રોજગારી આપશે, અમદાવાદ ધોલેરા કુલ અંદાજીત મૂડીરોકાણ ૪૪૮૦૦ કરોડ રૂપિયા અને અઢી લાખ લોકોને રોજગારી આપશે, ગુજરાત સરકાર તરફથી ધોલેરા વિસ્તારને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન તરીકે ૨૦૦૯માં નિર્દિષ્ટ વિસ્તાર તરીકે

જાહેર કરવામાં આવેલ છે, વડોદરા ભરૂચ કુલ અંદાજિત મૂડીરોકાણ ૯૮૫૦ કરોડ રૂપિયા અને ૮૪૦૦૦ લોકોને રોજગારી આપશે, ભરૂચ-દહેજ અંદાજિત મૂડીરોકાણ ૨૮૧૦૦ કરોડ રૂપિયા અને અઢી લાખ લોકોને રોજગારી આપશે, સુરત-નવસારી કુલ અંદાજિત મૂડીરોકાણ ૯૬૦૦ કરોડ રૂપિયા અને ૮૪૦૦૦ લોકોને રોજગારી આપશે અને વલસાડ ઉમરગામ કુલ અંદાજિત મૂડીરોકાણ ૨૫૦૦૦ કરોડ રૂપિયા અને ૭૦,૦૦૦ લોકોને રોજગારી આપશે. આ કોરીડોર વિકસે તેની સાથે સાથે મુંદ્રા પીપાવાવ જેવા ખાનગી બંદરો પણ જે અત્યારે નાના બંદરો છે તે વિકસીને મોટા થાય તેવી અભૂતપૂર્વ તકો ઉભી થઈ છે. મારી આ સન્માનનીય ગૃહના સાથી સભ્યશ્રીઓને વિનંતી છે કે, આ પક્ષે કે પેલા પક્ષે કોઈપણ પક્ષને બાજુ પર મૂકીને આ જે બંદરો છે તે બંદરોને જોડવા માટેની રેલ્વે લાઈનના જોડાણ અત્યારે જે કંઈ આપણે માંગીએ છીએ એમાં એક પણ એવું બંદર નથી કે જેનું રેલ્વે લાઈનનું જોડાણ રેલ્વેની યોજના નીચે થયું હોય, કદાચ ગુજરાતમાં એક માત્ર ખાનગી બંદર એવું છે કે જેણે પોતાના ખર્ચે રેલ્વે લાઈન નાંખીને અને બંદરીય જોડાણ મુખ્ય લાઈન સાથે મેળવ્યું હોય. આપણા જે બંદરો છે ફ્રેઈટ કોરીડોરનું કામ થઈ રહ્યું છે ત્યારે આ બંદરોને જોડાણ મળે. રેલ્વેને આગામી સમયની યોજનાઓમાં આ બંદર સાથેના જોડાણ માટેનો રસ્તો મોકળો થાય તે દિશામાં પણ આપણે સૌ ભેગા મળીને પ્રયત્ન કરીએ તો મને લાગે છે કે ગુજરાતમાં બંદરીય ક્ષેત્રે જે વિકાસ થઈ રહ્યો છે તે વિકાસને વેગ મળશે. મહદ્અંશે જે કાપ દરખાસ્તો હતી એ કાપ દરખાસ્તોનો જવાબ મેં મારા વકતવ્યમાં આવરી લેવાનો પ્રયત્ન કર્યો છે માનનીય બાબુભાઈના પણ શક્ય તેટલા પ્રશ્નોના જવાબ આપવાના પ્રયત્નો કર્યા છે. એ સિવાય નાના મોટા પ્રશ્નો રહેવાના, વિકાસની કોઈપણ પ્રક્રિયા પ્રશ્નો વગર સંભવી શકતી નથી, Friction is the greatest destroyer of energy. ઘર્ષણ એ ઉર્જાનું મોટામાં મોટું વિધ્વંશક છે. If we don't have friction we cannot walk. એટલે પ્રશ્નો નહીં હોય તો આપણી એક બીજા સાથે મળવા જુલવાની વાત એટલા જ પ્રમાણમાં ઓછી થશે. એટલે માનનીય બાબુભાઈને મારી વિનંતી છે કે, તમારા પ્રશ્નો હશે, આપણે સાથે બેસીશું. જે કંઈ ચર્ચા હશે તે અધિકારીઓને સાથે લઈને બેસીને અમે ખુલાસો આપીને આપને શકય તેટલા અંશે રીઝવવાનો પણ પ્રયત્ન કરીશું. પણ આજે જ્યારે ગુજરાતના સર્વાંગી વિકાસના ક્ષેત્રે બંદરીય વિકાસની વાત લઈને આપણે બેઠાં છીએ આજે જ્યારે દેશના ૨૮ ટકા વિસ્તારને ગુજરાતનો બંદરીય વિકાસ સ્પર્શે છે. આજે જ્યારે ગુજરાતમાં બંદરીય વિકાસ સાથે ગુજરાતની રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ જોડાયેલી છે. આજે જ્યારે ગુજરાતના બંદરીય વિકાસના ક્ષેત્રે ઉત્તમ કામ થયું છે ત્યારે મારી વિનંતી છે આ સન્માનનીય સભાગૃહના સભ્યશ્રીઓને કે as a token of their commitment, as a token of their involvement, as a token of their endorsement, as a token of their acceptance that this is the most important area as far as State's development is concerned કાપ દરખાસ્તો પાછી ખેંચી અને આપણે આ સમગ્ર દરખાસ્તોને સર્વાનુમતે મંજૂર કરીએ એવી મારી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઈએ જે સમગ્ર ગુજરાતના સર્વાંગી વિકાસની વાત કરી તેને હું આવકારું છું. પણ સાથે એક પ્રશ્ન ચર્ચામાં નહોતો આવ્યો અને ઉદ્ભવ્યો કે ગુજરાતના સાગર તટને લક્ષમાં લઈ અને કોસ્ટ ગાર્ડનું મથક ગુજરાતમાં આવ્યું છે અને તેમણે મુંદ્રાના દરિયા કિનારાની અને બીજી આનુષાંગિક જમીનો માંગી છે તે જમીન આપવા માટેની આપની તૈયારી છે કે કેમ ? અને તે જમીન માટેની પરિસ્થિતિ શું છે ?

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જમીન આપવાને લગતી બાબત સીધી રીતે મારા વિભાગને સ્પર્શતી નથી મહેસૂલ વિભાગને લગતી બાબત છે એટલે મારે આ પ્રશ્નનો જવાબ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રમ અને રોજગાર ઉપર માનનીય મંત્રીશ્રીએ જે માગણીઓ ઉપર વાત કરી છે તેમાં એક પ્રશ્ન ખાલી પૂછવો હતો. શ્રમ અને રોજગારમાં સ્થાનિક જે બેરોજગારો છે તે લોકોને રોજગારી આપવા માટેના નિયમોનું આપણે ચુસ્તપણે પાલન કરાવવા માગીએ છીએ કે કેમ ?

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, તેનો જે આપણે સરકયુલર કર્યો છે તે જ પ્રમાણે આપણે તેના માટે સુપરવિઝન પણ કરીએ છીએ, બધી જગ્યાએ જઈએ છીએ. ૮૫ ટકાનો રેશિયો જળવાય રહે તેના માટેનો પૂરેપૂરો પ્રયત્ન કરીએ છીએ. બે વિભાગ પ્રયત્ન કરીએ છીએ. એક તો જેને કંઈ સરકારે સહાયતા આપી છે તેનું ઉદ્યોગ વિભાગ મારફત થાય છે બાકીનાનું કમ્પલશન નથી. એકટ નથી. કાયદો હોય તો કમ્પલશન હોય. આ આપણો પરિપત્ર છે. તે પરિપત્ર મુજબ જાળવણી થાય તે રીતે કરીએ છીએ. પરંતુ આમાં કેન્દ્ર સરકાર આ રેશિયો જાળવી શકતા નથી. અને કેન્દ્ર સરકારને આપણે પત્ર લખીએ છીએ ત્યારે કેન્દ્ર સરકાર આપણને એમ કહે છે કે, અમારે તો આખા હિન્દુસ્તાનમાંથી લોકોને જે skilled લોકો છે તે લઈ આવવાના હોય. છતાં પણ મેં જે પ્રમાણે કહ્યું તેમાં ૩૮ ટકા રેશિયો તેનો જળવાય રહે છે. જે લોકોને આપણે પ્રોત્સાહન આપ્યાં છે ત્યાં પૂરેપૂરો ૮૫ ટકા જળવાય છે. બાકીની જે જગ્યાઓ છે ત્યાં જળવાવા માટે થઈને આપણે નિરીક્ષણ કરતાં જ રહીએ છીએ. એટલે આપણો પરિપત્ર છે તેનું પાલન થાય એ દિશામાં શ્રમ અને રોજગાર વિભાગ પ્રયત્ન કરે જ છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ થી ૬, ૮ થી ૨૪, ૨૬ , ૨૮ થી ૪૨ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક: ૫૭,૭૪ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૦ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તા. ૧૭મી માર્ચ, ૨૦૧૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૧૧**
**ફાલ્ગુન ૨૬, ૧૯૩૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઈ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## પાટણ જિલ્લામાં રસ્તા પહોળા કરવા મંજૂરી

**શ્રી રજનીકાંત સો. પટેલ(ચાણસ્મા) :** માનનીય **માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પાટણ જિલ્લામાં કાંસા-સરીયદ-સાંપ્રા-મુદરા રસ્તાને પહોળો કરવા સરકારે તા:૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ક્યારે મંજૂરી આપેલ છે, અને

(૨) આ કામગીરી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કયા તબક્કે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી**

**(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પાટણ જિલ્લામાં કાંસા-સરીયદ-સાંપ્રા-મુદરા રસ્તાને ૭ મીટર પહોળો કરવા માટે તા.૧-૯-૧૦થી રૂપિયા ૬૫૯ લાખની મંજૂરી આપવામાં આવેલ છે.**

(૨) ટેન્ડરો માંગવામાં આવેલ છે.

**શ્રી રજનીકાંત સો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે હું પાટણ જિલ્લાના સંગઠનમાં કામ કરતો હતો ત્યારે પણ આ કાંસા-સરીયદ-સાંપ્રા-મુદરા રસ્તાને પહોળો કરવા માટે ત્યાંની પ્રજાની અનેક વખત માગણી થયેલી છે. મને એ વાતનો આનંદ છે કે, આ ખૂબ જ જરૂરી રસ્તાને પહોળી કરવાની વાતનો સરકારે સ્વીકાર કર્યો છે. તેના ટેન્ડર મંગાવવામાં આવેલાં છે. તો હાલમાં આ ટેન્ડર કયા તબક્કે છે ? મંજૂર થયેલ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને ક્યારે પૂર્ણ થશે ? અને ૬૫૯ લાખ રૂપિયાના ખર્ચે જે આ રોડ બનવાનો છે તે રસ્તો પહોળો થવાથી વિસ્તારને શું ફાયદો થશે મંત્રીશ્રી જણાવે.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તા માટે માનનીય સભ્યશ્રી રજનીકાંતભાઈ પટેલની રજૂઆતો પણ હતી અને માનનીય સભ્યશ્રીની લાગણીને ધ્યાનમાં રાખીને આ રસ્તો રાજય સરકારે મંજૂર કર્યો છે. ટેન્ડરની ટેકનીકલ બીડ તા. ૧૧-૩-૧૧ના રોજ ખોલેલ છે. ટૅક્નીકલ બીડમાં આવેલ ઈજારદારશ્રીઓના ક્વૉલિફિકેશન ક્રાઈટેરિયા સ્ક્રીનિંગ કમિટી સમક્ષ તારીખ : ૧૪-૩-૧૧ના રોજ રજૂ કરતાં તમામ ઈજારદારશ્રીઓને પ્રિકવોલિફાઈડ થાય છે. હવે પ્રાઈઝ બીડ ખોલવામાં આવશે. વર્ક ઓર્ડર આપ્યા બાદ સમય-મર્યાદામાં કામ પૂર્ણ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આનાથી શું ફાયદાઓ થશે ? આ રસ્તો પહોળો થતાં ઘનિષ્ઠ વસતિ ધરાવતાં ગામોનાં નાગરિકોને જિલ્લાના મુખ્ય મથકે પહોંચવાની સરળતા થશે. સદર રસ્તો થતાં ઉપરોક્ત ગામના ખેડૂતો, જિલ્લાના માર્કેટ યાર્ડ, દૂધ ઉત્પાદક જૂથો તેમની પેદાશો સરળતાથી અને ઝડપથી પહોંચાડી શકશે. સદરહુ ૩.૭૫ મીટર પહોળા ડામર રસ્તા સપાટીના રસ્તાને પહોળો કરતાં વાહન-વ્યવહાર સરળતાથી થશે તેમજ અકસ્માતોનું પ્રમાણ પણ ઘટશે.

## અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં પાયાની સુવિધાનું આયોજન

*** ૨૧૨૮૭ શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળામાં પીવાના પાણી, લાઈટ, શૌચાલય, કમ્પાઉન્ડ વોલ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી.

(૨) પ્રાથમિક શાળાઓમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ કરવાનું સરકારનું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ પ્રાથમિક શાળામાં ઉપલબ્ધ થશે.

**શિક્ષણમંત્રીશ્રી :**

(૧) માહિતી નીચે મુજબ છે:-

| અ.નં | તાલુકો | તાલુકાવાર પ્રાથમિક સુવિધા વિનાની શાળાઓની સંખ્યા | | | |
|---|---|---|---|---|---|
| | | પીવાનું પાણી | લાઈટ | શૌચાલય | કમ્પાઉન્ડ વોલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | ૦ | ૧ | ૧ | ૩ |
| ૨ | બરવાળા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | રાણપુર | ૦ | ૧ | ૦ | ૦ |
| | .. કુલ .. | ૦ | ૨ | ૧ | ૩ |

(૨) આવી સુવિધાઓ વર્ષ ૨૦૦૧-૧૨માં ઉપલબ્ધ કરવાનું આયોજન છે.

(૩) વર્ષ ૨૦૧૧-૧૨માં.

**શ્રી રણછોડભાઈ ક. મેર** : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર ત્રણ તાલુકામાં ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળામાં પીવાના પાણી, લાઈટ અને શૌચાલય કમ્પાઉન્ડ વોલ નથી ? પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ નથી એક, અને માનનીય મંત્રીશ્રીએ એવો જવાબ આપ્યો છે ધંધુકામાં લાઈટની એકમાં નથી, શૌચાલય એક નથી અને કમ્પાઉન્ડ વોલ ત્રણ નથી. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, આ બાકીની સુવિધાઓ ઉપલબ્ધ કયારે કરવા માગો છો ?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં માનનીય સભ્યશ્રીએ ત્રણ તાલુકાની માહિતી પૂછી છે. ધંધુકા તાલુકામાં કુલ ૮૬ પ્રાથમિક શાળાઓ આવેલી છે. તેમાં ત્રણ શાળાઓ એવી છે એક પટેલવાડી મિશ્ર શાળા જેમાં કમ્પાઉન્ડ વોલ નથી. ધંધુકા તાલુકાની બીજી શાળા પ્રાંત કન્યા શાળા નંબર-૩ જેમાં કમ્પાઉન્ડ વોલ નથી. ત્રીજી શાળા આ તાલુકાની જે છે વણી તળાવ પ્રાથમિક શાળા જે વર્ગશાળા છે આનંદપુર શાળાની તેમાં વીજળીકરણ, શૌચાલય, કમ્પાઉન્ડ વોલ નથી. રાણપુર તાલુકાની કુલ ૪૦ પ્રાથમિક શાળાઓમાં માત્ર એક શાળા હાંસલપુર પ્રાથમિક શાળા જે વર્ગશાળા છે તેમાં વીજળીકરણ નથી. બરવાળાની જે ૩૭ શાળાઓ જે આખા તાલુકાની છે બધી જ શાળાઓની અંદર વીજળીકરણ, પીવાનું પાણી, શૌચાલય, કમ્પાઉન્ડ વોલ આ બધું પૂર્ણ થયેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પૂછવા માગે છે કે આ શાળાઓની અંદર આ સુવિધાઓ નથી.. કે આખા જિલ્લાની જે ૯૦૬ પ્રાથમિક શાળાઓ છે, ૧૧ તાલુકામાં. એ અગિયારે અગિયાર તાલુકાની અંદર સોએ સો ટકા પીવાના પાણીની વ્યવસ્થા. કમ્પાઉન્ડ વોલ માત્ર ૬ જ બાકી છે. જે આ વખતે ૨૦૧૧-૧૨ ના આયોજનમાં વિચારેલું છે એ પણ હું આપના માધ્યમથી કહેવા માગું છું. આખા જિલ્લામાં ૯૦૬ શાળામાંથી માત્ર એક જ શાળામાં શૌચાલય નથી. બાકીની ૯૦૫ શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા છે. આ જે સુવિધાઓ નથી એ પણ હું માનનીય સભ્યશ્રીને આપના મારફતે કહેવા માગું છું કે એનું કારણ શું છે. એમાં ધંધુકા તાલુકાની ૩ શાળાઓ છે કે જેમાં પટેલવાડી મિશ્ર શાળા છે, જયાં કમ્પાઉન્ડ વોલ નથી. આ શાળા ૧૯૮૬માં શરુ થઈ અને બે પાળીમાં ચાલતી હોય સવારે પણ ધોરણ ૪થી ૭ અને બપોરે ૧ થી ૩ ધોરણ ચાલતા હોય. અને ૧૧૩ જેટલા બાળકોની ત્યા વ્યવસ્થા છે, ૧૧૩ જેટલા બાળકો ત્યાં ભણે છે. પાંચનું શિક્ષકનું મહેકમ છે. આ શાળામાં જી પ્લસ વન એટલે નીચે ઉપર એવી રૂમની વ્યવસ્થા છે. બાકી બીજા અલગ બે રૂમ છે, પરંતુ આ શાળા નવા સીમાંકનમાં રહેણાંક વિસ્તારમાં પટેલ વાડીમાં હોવાથી આ કમ્પાઉન્ડ વોલનો પ્રશ્ન છે એ તકલીફ છે. પરંતુ આવનારા સમયમાં ૨૦૧૧-૧૨માં આપણે એને ફેન્સિંગ કરીને વ્યવસ્થા કરવા માગીએ છીએ. બીજું બ્રાન્ચ કન્યા શાળા નંબર-૩, એટલા માટે હું કહેવા માગું છું કે શિક્ષણ માટે રાજય સરકાર આટલી ચિંતા કરતી હોય. એક એક સુવિધાથી વંચિત ન રહી જાય એની ચિંતા કરતી હોય અને ૩૩ હજાર જેટલી શાળાઓમાં કંયાય પણ સુવિધા ન બાકી રહે અને આપણા જિલ્લાની અંદર આપણા તાલુકામાં રહે, માનનીય સભ્યશ્રીએ મને રૂબરૂ મૌખિક પણ કહેલું કે આ બધી સુવિધાઓ અંગે આવી અમારી બે, ચાર શાળા જે જરા અવિકસિત છે. મેં એમને કહ્યું છે, તો પછી આપણો તાલુકો પણ સુવિધાથી વંચિત ન રહે એટલા માટે આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને કહેવા માગું છું. બ્રાન્ચ કન્યા શાળા નંબર ૩ બે પાળીમાં ચાલે છે. ૩૩૯ જેટલી દીકરીઓ ભણે છે. ૧૦નો સ્ટાફ છે. પરંતુ હું કહું છું કે એના શાળાના પગથિયાં આગળથી જ કબરો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :આપ ટૂંકમાં જવાબ આપો. પ્લીઝ.

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : હા. તો પરિણામે ત્યાં કમ્પાઉન્ડ વોલ નથી. તો આ માટેની પીવાના પાણીની અંદર રૂપિયા ૧૦ લાખનું આયોજન ૨૦૧૧-૧૨માં કરેલ છે. વીજળીકરણ માટે ૧૦ લાખ રૂપિયા, કમ્પાઉન્ડ વોલ માટે ૩૦ લાખ રૂપિયા અને શૌચાલય આખા જિલ્લાની અંદર આ એક જ શાળા બાકી છે અને એના માટેનું પણ ૫૦ લાખ રૂપિયાનું આયોજન આપણે આ વખતે કરેલ છે.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે છેલ્લા દસ બાર વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી જે જુદા જુદા કાર્યક્રમ પ્રાથમિક શાળાઓને સુવિધા પૂરી પાડવા માટેના કર્યા, એના પહેલા કમ્પાઉન્ડ વોલ નહોતી, ઓરડા નહોતા, શિક્ષકો નહોતા. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :આપ સીધા પ્રશ્ન ઉપર આવો. પ્લીઝ.

**શ્રી કાન્તિલાલ ૨ા. લકુમ** : શાળાઓમાં કોઈ દારૂ પીતા હતા. જુગાર રમતા હતા. આજે આ શાળાઓની સુધારણા કરીને પ્રવેશોત્સવ કર્યા,

**અધ્યક્ષશ્રી** :આપ મંત્રીશ્રી પાસેથી શું જાણવા માગો છો, એ જ કહો.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : કન્યા કેળવણી, મધ્યાહ્ન ભોજનમાં ગુણવત્તાસભર ભોજન આપ્યું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કાંતિભાઈ, પ્લીઝ, આપ પ્રશ્ન ઉપર આવી જાઓ.

**શ્રી કાન્તિલાલ રા. લકુમ** : આ તમામ સુવિધાઓ કરી, એમાં ધંધુકા, બરવાળા, રાણપુર તાલુકામાં કયા કયા ગામની શાળા આ સુવિધાથી વંચિત છે? અને પીવાના પાણીની વ્યવસ્થા કરી છે એમાં આર. ઓ. પ્લાન્ટથી આપવા માગો છો કે કેમ?

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સુવિધાઓ, અટલજીની સરકાર વખતે સર્વ શિક્ષા અભિયાન નિમિત્તે આ બધી સુવિધાઓ આપવામાં આવતી હતી. આખા દેશમાં સર્વ શિક્ષા અભિયાનમાં સૌથી ઓછામાં ઓછી ગ્રાન્ટ ગુજરાત સરકારને મળે છે. મારે તમારા ધ્યાન ઉપર એ મૂકવું છે કે પોતાની સરકાર બચાવવા માટે દિલ્હીમાં એક એક સંસદસભ્યને ૧૦, ૧૦ કરોડ રૂપિયા આપીને આ કાળું નાણું મિત્રો આપવામાં આવે છે અને....

**અધ્યક્ષશ્રી** :આપ સીધા પ્રશ્નના જવાબ ઉપર આવો. પ્લીઝ.

**શ્રી રમણલાલ વોરા ( શિક્ષણમંત્રીશ્રી)** : આ રાજય સરકારને સર્વ શિક્ષા અભિયાન નિમિત્તે નાણા મળતા નથી. એ મારે ધ્યાન પર મૂકવું છે.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : આ અમદાવાદ જિલ્લાની અંદર જે પ્રાથમિક સુવિધાઓ દરેક શાળામાં ઉપલબ્ધ છે, એમાં સમગ્ર ગુજરાતની અંદર પ્રાથમિક સુવિધાઓની અંદર કેટલાક જિલ્લાની અંદર શાળાના ઓરડા બાંધવામાં, કમ્પાઉન્ડ વોલ બાંધવામાં મોટા પાયે ગેરરીતિ થયેલી છે,

**અધ્યક્ષશ્રી** :આપ અમદાવાદ જિલ્લા ઉપર આવો.

**શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ** : તો એવી અમદાવાદ જિલ્લામાં કોઈ ફરિયાદ મળી છે કે કેમ? એવી ગુજરાતમાંથી કોઈ જગ્યાએથી ફરિયાદ મળી છે કે કેમ?

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, આપ ફકત અમદાવાદ જિલ્લા પૂરતો જવાબ આપો.

**શ્રી રમણલાલ વોરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારને લાગે વળગે છે ત્યાંસુધી કોઈ ગેરરીતિની ફરિયાદ મળી નથી, કોઈ ગેરરીતિ થયેલ નથી, જે ગેરરીતિ ચાલે છે એ દિલ્હીની પાર્લામેન્ટમાં જોઈ લેજો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક..૩..

**શ્રી ખુમાનસિંહ ચૌહાણ:** મારા વડો.દરા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પોલીસ કેસ કરવા પડયા છે. શિક્ષકો ઉપર અને હેડકલાર્ક ઉપર પોલીસ કેસ કર્યા છેઅ(અંતરાય)

**અધ્યક્ષશ્રી**: ખુમાનસિંહ, પ્લીઝ, ઓર્ડર ઓર્ડર.. પ્રશ્ન ક્રમાંક..૩

### તેરમા નાણાપંચની ગ્રાન્ટમાંથી આણંદ જિલ્લામાં તૈયાર કરેલા રસ્તાઓ

* ૨૦૬૫૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ)** : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૧૩ મા નાણાપંચની ગ્રાન્ટમાં માર્ગ અને મકાન વિભાગને તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ વર્ષવાર મળી, અને

(૨) મળેલ ગ્રાન્ટમાંથી આણંદ જિલ્લામાં કયા કયા રસ્તાઓ મંજૂર કરી કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા રસ્તાનાં કામ બાકી છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) અને (૨) : અન્વયે માર્ય અને મકાન વિભાગને તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ તેરમા નાણાપંચ અન્વયે છેલ્લા બે વર્ષમાં ગ્રાન્ટ મળેલ નથી.

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, તેરમા નાણાપંચ હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગ્રાન્ટ આપવામાં આવી નથી. આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ તેરમા નાણાપંચ હેઠળ આણંદ જિલ્લાના રસ્તાઓ માટે ગ્રાન્ટ આપવા માગે છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાંથી કેન્દ્ર સરકાર દ્વારા જે ટેકસ ઉઘરાવાય છે બાબતોનો હિસ્સો નકકી કરવામાં આવે છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાંથી વધુ પ્રમાણમાં ટેકસ જાય છે અને પરત ઓછો આવે છે. એની વિગતો તો માનનીય નાણામંત્રીશ્રી વિગતવાર આપશે, પરંતુ રસ્તાઓની બાબતમાં કેન્દ્ર સરકારે જે ગ્રાન્ટ આપવાની છે એ હજુસુધી મળી નથી અને હવે નાણા પંચની ગ્રાન્ટ ઉપલબ્ધ થશે ત્યારે એનું આયોજન આણંદ જિલ્લામાં અને એનું જે કાંઈ કરવાનું એ આયોજ ગ્રાન્ટ મળ્યા બાદં હાથ ધરવામાં આવશે.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે બારમા નાણા પંચ અંતર્ગત માર્ગ અને મકાન વિભાગને કેટલી ગ્રાન્ટ મળી હતી અને આ છેલ્લા ૨ વર્ષમાં તેરમા નાણાપંચમાં નહીં મળવાનાં કારણ શું છે? બીજા જિલ્લામાં મળી છે તો માર્ગ અને મકાન વિભાગમાં શું કારણે મળી નથી?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય સભ્યશ્રીના પ્રશ્નમાં હું એ કહેવા માગું છું કે આ પ્રશ્ન તેરમા નાણાપંચનો છે, બારમા નાણાપંચને લગતો નથી, પરંતુ તેમછતાં મારા માહિતી પ્રમાણે બારમા નાણા પંચમાં આપણા રાજય સરકારે પૂરેપૂરો ખર્ચ કરેલ છે અને એને ધ્યાનમાં રાખીને બારમા નાણાપંચમાં ગ્રાન્ટ મળવાની હતી એના કરતાં તેરમા નાણાપંચમાં વધારે મળવાની છે, પરંતુ ઘણાં રાજયો એવાં છે કે જેમણે કામ કર્યુ નથી એમને ગ્રાન્ટ બારમા નાણાપંચમાં મળી હતી એના કરતાં તેરમા નાણાપંચમાં ઘટી ગઈ છે અને આપણને તેરમા નાણાપંચની ગ્રાન્ટ મળશે એટલે એની કાર્યવાહી ચાલુ કરીશું.

**શ્રી અમિતકુમાર અ. ચાવડા** : મેં જે પ્રશ્ન પૂછયો એનો તો મને જવાબ મળતો નથી.

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : બારમા નાણાપંચની ગ્રાન્ટની રકમ કેટલા વર્ષ માટે અને કેટલી રકમ મળશે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : આપણને તેરમા નાણાપંચની ગ્રાન્ટ મળવાની છે એ ચાલુ સાલે મળી નથી, પરંતુ એ ૨૦૧૧-૧૨ માં ૨૮૭ કરોડ, ૨૦૧૨-૧૩ માં ૩૦૪ કરોડ, ૨૦૧૩-૧૪ માં ૩૨૪ કરોડ, ૨૦૧૪-૧૫ માં ૩૪૬ કરોડ એમ કુલ ૧૨૬૧ કરોડ તેરમા નણાપંચમાંથી ઉપલબ્ધ થવાના છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા** : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ તેરમા નણાપંચમાં જે ગ્રાન્ટ મળી નથી એ અંગે કોઈ રજૂઆત આવેલ છે અને આ જે ગ્રાન્ટ મળી નથી તો માત્ર આણંદ જિલ્લાની મળી નથી કે એમાં ગુજરાતના બીજા જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, તેરમા નાણાપંચની ગ્રાન્ટ જે મળવાની છે એ તો આખા દેશને મળવાપાત્ર હોય છે. રાજયમાંથી જે ટેકસ ઉઘરાવાય છે એ ટેકસ પરત આપનાર કેન્દ્ર સરકાર છે અને એ દરેક રાજયને આપવો પડે છે અન આપણને પણ મળવાનો છે અને એ ગ્રાન્ટ એ આ આણંદ જિલ્લાને નહીં, પરંતુ આખા ગુજરાતમાં આ મળ્યા નથી એટલે કામ ચાલુ થયાં નથી. ગ્રાન્ટ મળશે એટલે આણંદ જિલ્લામાં અને આખા ગુજરાતમાં કામ શરૂ કરીશું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે જાણવું છે કે પોતાની સરકાર બચાવવા માટે કરોડો રૂપિયા સંસદસભ્યોને આપનાર આ સરકાર પાસેથી આ તેરમા નાણાપંચની ગ્રાન્ટ માટે ગુજરાત સરકાર શું કરાવી શકે? **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩માં નાણા પંચની ગ્રાન્ટ મેળવવી હોય તો ૧૨માં નાણા પંચમાંથી આપણને જે રકમ મળી છે તે આખે આખી રકમનું યુટીલાઈઝેશન સર્ટિફિકેટ રાજય સરકાર કેન્દ્ર સરકારને મોકલે ત્યાર પછી આખી બધી રકમ ૧૨ માં નાણાં પંચની વપરાઈ જાય પછી ૧૩માં નાણા પંચની ગ્રાન્ટ આપણને ઉપલબ્ધ થાય છે.

**જુનાગઢ જિલ્લામાં અતિભારે વરસાદને કારણે ખેતીવાડીના પાકને થયેલ નુકસાન**

***૧૯૯૫૦ શ્રી ભગવાનભાઈ ધા. બારડ(તાલાળા)** : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) સને ૨૦૧૦ના વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં અતિભારે વરસાદના કારણે ખેતીવાડીના પાક અને ખેતીવાડીને કેટલી રકમનું નુકસાન થયેલ છે,

(૨) આ થયેલ નુકસાનનો સર્વે કયારે કયારે કરવામાં આવ્યો, અને

(૩) થયેલ નુકસાન અન્વયે સરકાર વળતર ચૂકવવા માંગે છે કે કેમ?

**માનનીય કૃષિ મંત્રીશ્રી :**

(૧) અંદાજીત રૂપિયા ૧૩૭ લાખનું નુકસાન થયેલ.

(૨) પ્રાથમિક અંદાજનો સર્વે સપ્ટેમ્બર-ઓકટોબર ૨૦૧૦માં કરવામાં આવ્યો.

(૩) Calamity Relief Fund (આપત્તિ રાહત ભંડોળ) હેઠળના ધારાધોરણો મુજબ નુકસાન સામેરાહત ચુકવવામાં આવશે.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય મંત્રીશ્રી તરફથી મને જવાબ આપવામાં આવ્યો છે એમાં પહેલા જવાબમાં જુનાગઢ જિલ્લામાં અંદાજે ૧ કરોડ ૩૭ લાખનું નુકસાન બતાવવામાં આવ્યું છે એટલે મને તો એ વાતની નવાઈ લાગે છે કે ફકત જુનાગઢ જિલ્લામાં ૧ કરોડ ૩૭ લાખનું નુકસાન એ પણ અતિ ભારે વરસાદને કારણે થયેલ છે કરોડો રૂપિયાનું નુકસાન થયેલ છે, (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ શું પ્રશ્ન પૂછવા માગો છો તેના ઉપર આવો.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ :** હું આ વાત એટલા માટે કરું છું કે ખેડૂતોની ક્રુર મશ્કરી સમાન આ આંકડો આપવામાં આવ્યો છે. અને એટલા માટે ખેડૂતના દીકરા તરીકે હું આ વાત કરું છુ. અને બીજા જવાબમાં માનનીય મંત્રીશ્રી એ જવાબ આપ્યો છે કે સપ્ટેમ્બર-ઓકટોબરમાં સર્વે કરાવવામાં આવ્યો છે. તો હું એ પૂછવા માગું છું કે સપ્ટેમ્બર-ઓકટોબર સુધી કેન્દ્ર સરકારની સર્વેની ટીમની રાહ જોઈને બેઠા રહેવાને બદલે રાજય સરકારની સર્વે કરાવવાની જવાબદારી હતી કે નહીં ?આનો મને માનનીય મંત્રીશ્રી જવાબ આપે, અને મને માહિતી મળી છે એમાં જે ૫૦ ટકા ઉપરનું ખેતીવાડીના પાકને નુકસાન હોય તો જ વળતર આપવાને પાત્ર બને છે. તો ૫૦ ટકા કરતા નીચે હોય તો પણ રાજય સરકાર વળતર આપવા માગે છે કે કેમ? બીજું માનનીય જયનારાયણભાઈ સાંભળજો, કેન્દ્રની વાત હમણાં કરતા હતા અને મારા સાથી મિત્રો પણ કરતા હતા એટલે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભગવાનજીભાઈ પ્લીઝ, આપ પ્રશ્ન ઉપર આવો, નહીંતર પ્રશ્ન પછી આગળ ચાલશે પ્લીઝ.

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : હું પ્રશ્ન ઉપર જ આવું છું. સાંભળો, માનનીય અધ્યક્ષશ્રી, આ કુદરતી આફત, ભારે વરસાદને કારણે ખેતીવાડીને જે નુકસાન થયું છે એમાં કેન્દ્રની ટીમ સર્વે કરવા માટે આવી હતી. રાજય સરકારે કેન્દ્ર સરકાર પાસે જે માગણીઓ કરી હતી એમાં ૨૭૭.૧૬ કરોડ રુપિયા કેન્દ્ર સરકારે રાજય સરકારને આપ્યા છે, આજની તારીખ સુધી શા માટે એનું ફાળવણું કરવામાં આવ્યું નથી તેનો જવાબ માનનીય મંત્રીશ્રી મને આપે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભગવાનભાઈની ચિંતા સાથે હું ખૂબ લાગણી સભર સહમત છું. ખેડૂતોની કોઈ સંજોગોમાં ક્રુર મશ્કરી નહી થવી જોઈએ. કેલિમિટી રીલીફ ફંડ સી.આર.એફ. અને નેશનલ કેલિમિટી કન્ટીજન્સી ફંડની જોગવાઈ ૨૦૦૫-૧૦ની સહાયના ધોરણો કેન્દ્ર સરકારે નિર્ધારિત કરેલા છે. જે મારા હાથમાં છે. કેન્દ્ર સરકારની ટીમ આવી ત્યાં સુધી રાજય સરકારે લેશમાત્ર રાહ જોઈ નથી. તરત જ સર્વે કરાવવામાં આવ્યો છે. સર્વેનો રિપોર્ટ મારા વિભાગ તરફથી આવી ગયો હતો અને એ સર્વેના રિપોર્ટમાં કેન્દ્ર સરકાર તરફથી પુર્તતા કે જવાબ પુરતો નહીં મળવાને કારણે મેં માનનીય મુખ્ય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મુકયું, માનનીય મુખ્ય મંત્રીશ્રી કક્ષાએ કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્ર સરકાર તરફથી ટીમ અહીં મોકલવામાં આવી અને અહીં ટીમ મોકલ્યા પછી ખૂબ સંતોષ રાજય સરકારના રિપોર્ટ ઉપર હતો. પરંતુ કેલામીટી ફંડની જોગવાઈ છે, આપની વાત સાચી છે કે ખેતીની જમીનનું ધોવાણ અને કાપ માટે ૩ ઈંચ કરતા વધારે હોય તો ૬ હજાર રૂપિયા અને ૫૦ ટકા કરતા વધારે નુકસાન હોય તો જ આ ફંડમાંથી સહાય મળે તેવી જોગવાઈ છે. એટલા માટે રાજય સરકારે આંધ્રપ્રદેશ કે મહારાષ્ટ્રના ધોરણે ગુજરાતના આ નુકસાનને ધ્યાનમાં રાખીને ખાસ પેકેજ આપવાની માગણી કરી હતી. બાકી સી.આર.એફ. ફંડ મુજબ રાજય સરકાર પોતાની રીતે આપી શકે એમ હતી. એક વખત રાજય સરકાર ચૂકવણું કરી દે પછી કેન્દ્ર સરકાર એના ખાસ પૅકેજ અંગે વિચારે નહિ એટલે કેન્દ્ર સરકારની ટીમ આવ્યા પછી એની જોડે મેં પણ બેઠક કરી હતી, મને ખૂબ આશ્વાસન આપ્યું હતું પરંતુ મને દુ:ખ થાય છે કે જેમ માનનીય ભગવાનભાઈએ કહ્યું તેમ જે કેન્દ્ર સરકારે રૂપિયા મંજૂર કર્યા છે એ ખેડૂતોની મશ્કરી સમાન છે જે સહન ન કરી શકાય તેવી બાબત છે. (અંતરાય)

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, સત્તાધારી પક્ષના સભ્યશ્રીઓ ગૃહને ઑર્ડરમાં ન રહેવા દે એવું ભાગ્યે જ જોવા મળતું હોય છે. માનનીય મંત્રીશ્રી દિલીપભાઈ પણ ખેડૂત વર્ગમાંથી આવે છે, કોઈ પોલિટિકલ વાત કર્યા વગર આપણી એન.ડી.એ. ની સરકાર હોય તો પણ જે વસ્તુ ન મળે એ ન જ મળે. કેલિમિટી રિલિફ ફંડમાં કેન્દ્ર સરકારના પણ પૈસા છે અને રાજય સરકારના પણ પૈસા છે. ઘણો વિલંબ થયો છે એટલે હવે એક વસ્તુ એટલી પૂછવા માગું છું કે કેલિમિટી ફંડમાંથી પૈસા આપવાના છે એ ગુજરાતના ખેડૂતોને કેટલા સમયમાં ચૂકવી દેવા માગીએ છીએ?

**શ્રી દિલીપ સંઘાણી** : જેટલું ફંડ કેન્દ્ર સરકાર તરફથી રાજય સરકાર પાસે પડ્યું છે એ ધારા ધોરણ પ્રમાણે ગાઈડ લાઈન પ્રમાણે ચાલુ મહિનાથી ચૂકવવાનું શરૂ કરી દેવામાં આવશે.

**શ્રી રાજસીભાઈ વી. જોટવા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ભારે વરસાદ સન ૨૦૧૦માં જુનાગઢ જિલ્લામાં પડ્યો એના કારણે સન ૨૦૦૯ની સરખામણીમાં જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા વાવેતર હેઠળના વિસ્તારમાં ઘટાડો નોંધાયેલ છે કે કેમ? અને સન ૨૦૦૯ અને સન ૨૦૧૦ના ચોમાસાની ઋતુમાં કુલ વાવેતર કેટલા વિસ્તારમાં કેટ કેટલું હતું?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : સન ૨૦૧૦ના અંતે ભારે વરસાદ પડ્યો એના કારણે જે સન ૨૦૦૯ની સરખામણીમાં કેટલું નુકસાન થયું એ સભ્યશ્રીનો પ્રશ્ન છે. જુનાગઢ જિલ્લામાં ખરીફ ઋતુમાં સન ૨૦૧૦ના વર્ષમાં કુલ વાવેતર વિસ્તાર ૫,૧૨,૭૪૬ હેકટર હતો અને સન ૨૦૦૯ના વર્ષમાં વાવેતર વિસ્તાર ૫,૧૬,૬૨૦ હેકટરમાં નોંધાયેલ હતો જેથી વાવેતર વિસ્તારમાં કોઈ જાજો તફાવત જણાયેલ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ભારે વરસાદના કારણે નુકસાન થયું છે એ નુકસાનીનો સરવે છે એ સરવે રાજય સરકારે તરત જ કરવાનો હોય છે. એમાં કોઈની રાહ જોવાની હોતી નથી. એ સરવે થયા પછી આપણે અહેવાલ મોકલીએ એ પછી કેન્દ્ર સરકારની ટીમ આવતી હોય છે અને એ સરવેના આધારે જે કોઈ જગ્યાએ ચકાસણી કરવાની હોય તો ઠીક છે બાકી સરવે જે મોકલ્યો હોય એ પ્રમાણે ધારા ધોરણ પ્રમાણેની સહાય આપવાની હોય છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય અર્જુનભાઈ, આપ શું જાણવા માગો છો એ કહો? આપ પૂર્વ ભૂમિકા ન બાંધો. (અંતરાય) મેં માનનીય મંત્રીશ્રીને પણ કહ્યું હતું અને સભ્યશ્રીઓને પણ કહ્યું હતું. આપ પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અહીંયા લોકસભાની વાત થઈ જાય એમાં રોકાય નહિ અને હું પ્રશ્ન પૂછું છું એમાં રોકવામાં આવે છે. હજી તો અડધી મિનિટ માંડ બોલ્યો છું. મારો પ્રશ્ન એટલો જ છે કે એન.સી.સી. અને સી.આર. એફ. માં દર વરસે કેન્દ્ર સરકારની જોગવાઈ છે એ પ્રમાણે ફંડ આજની તારીખમાં ઉપલબ્ધ છે. ફંડના કારણે આ ચૂકવણું નથી થતું એવું નહિ પરંતુ રાજય સરકારે જે સરવે કરેલો છે એ સરવેમાં એમણે પોતે ૫૦ ટકા કરતાં ઓછી નુકસાની બતાવી છે એટલે સ્વાભાવિક રીતે ન મળે. મારો માનનીય મંત્રીશ્રીને એટલો જ

પ્રશ્ન છે કે જ્યારે આ વખતે અમુક જિલ્લાઓમાં મોટા પાયે ખેડૂતોને નુકસાન થયું છે, ત્યારે જે રીતે ટાટા ઉદ્યોગને માટે સ્પેશ્યલ પૅકૅજ બનાવ્યું તેમ આમાં પૅકૅજ બનાવવા માગો છો કે કેમ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, અર્જુનભાઈ, નહીં નહીં, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ખેડૂતોની ચિંતા આપને જરૂર છે તેમની જેમ ચિંતા કરી, આપ ખેડૂત છો તો તેના માટે ખાસ પૅકૅજ બનાવીને આપવા માગો છો કે નહીં? મારી એટલી વિનંતી છે.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અહીં કમોસમી વરસાદ અને વધુ પડતો વરસાદ આ બેને મિક્સ ન કરીએ. આ ચાલુ ચોમાસા સીઝનમાં વધારે પડતો વરસાદ થયો હતો અને પાણી ભરાઈ ગયા હતા અને તેના રૂપે અહીં પૂછવાનું મર્યાદિત આવ્યું છે. એટલે પાકને કેટલું નુકસાન થયું અને તેને કેટલું વળતર આપવામાં આવ્યું, બાકી જો વાત કરવાની હોય જે સાર્વત્રિક રીતે વાત કરી તેમ, તો આ વિસ્તારમાં તુરત સરવે કરવામાં આવ્યો. લેશ માત્ર વિલંબ વિના. તેના કારણે આ વિસ્તારમાં આ સમયગાળામાં માનવના મૃત્યુના પેટે આપણે ૨૯ જણાનો રૅકૉર્ડ આવ્યો તેમને સહાય કરી દીધી. એક પણ કેસ નામંજૂર ન કર્યો. ૩૧.૫ લાખની આપણે સહાય કરી. ૧૪૬ પશુઓના મૃત્યુ થયા અને તેમને પણ ૨ લાખ ૮૬ હજારની સહાય કરી આપી અને ૧૦૦ જેટલા અલગ અલગ વિસ્તારના લાભાર્થીઓ હતા, ઘરવખરીમાં જે નુકસાન થયું તેમાં ૩૯ પરિવારો રૅકૉર્ડ ઉપર આવ્યા છે તેમને ૩ લાખ ૪૯ હજારનું અંશતઃ નુકસાન જે હતું, ૨૭૧. તેને ૬.૮૫૯નું નુકસાન હતું અને જે પરિવારો સ્થળાંતર થયા હતા તેને પણ, જો આ માટે રાહ જોઈ હોત કેન્દ્ર સરકારની ટીમની તો તરત ચૂકવણી ન થઈ હોત. આનો અર્થ જ એ કે સરવે સંપૂર્ણ થયું હતું. માત્ર રાહ એટલા માટે જોઈ કે રાજય સરકાર પાસેનું ફંડ જે હતું એ ચૂકવી દઈએ તો કેન્દ્ર સરકાર જે રીતે અન્ય રાજયોને ખાસ પૅકૅજ આપે છે, માનનીય મુખ્યમંત્રીએ જેમાં પોતાની જાતને ઈન્વોલ્વમેન્ટ કરીને કેન્દ્ર સુધી રજૂઆત કરી હોય તો ખાસ પૅકૅજ આપશે એવી રાહના કારણે ખેડૂતોને આપવામાં આવ્યું નહોતું. પરંતુ કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે હાથ ઉંચા કરી દીધા, મર્યાદિત કર્યું એટલા માટે આ ચાલુ મહિને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે વાત કરી કે ક્યારે ચૂકવવામાં આવશે તો આ ચાલુ મહિને ચૂકવવાની શરૂઆત થઈ જશે. હવે ખાસ પૅકૅજની વાત કરી, ટાટાની જેમ અમે કોઈ ખાસ પૅકૅજ આપવાના નથી પરંતુ કેન્દ્ર સરકારે જે સરકાર બચાવવા અમૅરિકાના ઈશારે કરોડો રુપિયા આપ્યા છે એમાંથી આ રાજયના ખેડૂતોને નુકસાન થયું છે તેને આપવા માટે લઈ આવશો કે કેમ? (અંતરાય)

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૧૦માં જૂનાગઢમાં જે અતિ ભારે વરસાદ થયો. તેમાં તાલુકાવાર કયા કયા પાકોને કેટલું નુકસાન થયું છે?

**શ્રી કનુભાઈ મે. ભાલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦માં જૂનાગઢ જિલ્લામાં જે અતિ ભારે વરસાદ થયો તેમાં ફક્ત માણાવદર તાલુકામાં કપાસના પાકને ૨૦ હેકટરમાં નુકસાન થયું છે અને મગફળીના પાકમાં ૩૬૫ હેકટરમાં રૂા. ૧૨૩ લાખનું નુકસાન થયું છે. અન્ય તાલુકાઓમાં ખેતીના પાકોને આ મોસમી વરસાદમાં નુકસાન થયેલ નથી.

## ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ

***૨૧૦૬૫ શ્રી દેવુસિંહ જે. ચૌહાણ (માતર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

૧. તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ છે.
૨. કેટલી શાળાઓ બાકી છે અને
૩. બાકી રહેતી શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

૧. ૧૬૫૫ પ્રાથમિક શાળાઓમાં.
૨. શૂન્ય.
૩. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની બાબતમાં મને જવાબ મળ્યો છે અને મને કહેતા આનંદ થાય છે અને ગૌરવ અનુભવું છું. રાજય સરકારે ખેડા જિલ્લાની ૧,૬૫૫ શાળામાં તમામ શાળાઓમાં વીજળીકરણ કર્યું તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણની યોજના ક્યારથી અમલમાં આવી? આ વીજ બિલના નાણાં કોણ ચૂકવે છે અને છેલ્લા ત્રણ વર્ષમાં કેટલો ખર્ચ થયો છે?

**શ્રી શિરિષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખેડા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ અને બિલ ભરવાની જોગવાઈ કરી એ ખૂબ અભિનંદનની કામગીરી કરી છે પરંતુ પ્રાથમિક શાળામાં કૉમ્પ્યુટર અને બીજા કામ માટે વીજળીકરણ કામ લાગે છે પરંતુ ભરબપોરે

ઉનાળામાં જે વિદ્યાર્થીઓ પંખા વગર તકલીફમાં મુકાઈ ગયા છે એ સીલીંગ ફેનની વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે પ્રાઈવેટ રીતે કરવા માગે છે?

**શ્રી જયસિંહ મા. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો માત્ર વીજળીકરણ માટેનો પ્રશ્ન છે પણ આ બાબતનું એમનું સૂચન છે..

**રાજકોટ જિલ્લામાં નેટન્કો વિન્ડ પાવર પ્રા.લિ.ને ફાળવેલ જમીન**

*** ૧૯૯૨૮ શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા(ધોરાજી)** : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજકોટ જિલ્લામાં તા:૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નેટન્કો વિન્ડ પાવર પ્રા.લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન કયારે ફાળવવામાં આવી અને,

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૧,૬૦,૦૦૦ ચોરસ મીટર જમીન તારીખ:૧૧-૧-૦૮થી ભાડાપટ્ટે ફાળવવામાં આવી.

(૨) ના, જી.

**શ્રી જયેશભાઈ વિ. રાદડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ૧લાખ ૬૦હજાર ચોરસ મીટર જમીન એ કંપનીને ભાડાપટ્ટે આપેલ છે તે શું ભાવથી અને કેટલા વર્ષ માટે આપવામાં આવેલ છે, મારો બીજો પ્રશ્ન કે સરકારી જમીન આપતા પહેલા જાહેર ટેન્ડર કરી વધારેમાં વધારે રકમ મળે તે માટે પ્રયત્ન કરવા જોઈએ તે આપણી નીતિ છે તેમ છતાં બંધ બારણે આ જમીન આપવામાં આવી છે તે વાત સાચી છે?.. અંતરાય ..

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. પૂર્વભૂમિકા બાંધવાની ના પાડુ છું, સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

**શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો ત્રીજો પ્રશ્ન, વર્ષોથી ખેતી કરતો ખેડૂત પોતાના ખેતરની બાજુમાં કુવા ઢોળીયા માટે જે જમીનની માગણી કરે એને થોડી જમીન પણ અપાતી નથી અને આ કંપનીઓને આવડી મોટી જમીન આપી તો આ જમીનો ઉપર પહેલો અધિકાર ખેડૂતોનો છે તો આવો ભેદભાવ શું કામ રાખે છે, અને આપ આવી જમીન કંપનીઓની જેમ ખેડૂતોને આપવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નેટન્કો વીન્ડ પાવર પ્રાઈવેટ લિમિટેડને મોજે નીજી મંડાલ તાલુકો મોરબી જિલ્લા રાજકોટના સર્વે નં. ૨૬૭ની ૯ હેકટર અને ૫૦ આર.એ. સરકારી જમીન અને ૨૭૦ સર્વે નંબરની ૬ હેકટર અને ૫૦ આર. એ. ગૌચર જમીન મળી, કુલ ૧૬ હેકટર જમીન ૧૧-૧-૦૮ના હુકમથી ૨૦ વર્ષ માટે વીન્ડ પાવર પ્રોજેકટ માટે ભાડાપટ્ટે ફાળવવા હુકમ કરેલો છે અને કોઈપણ પ્રકારનો શરતભંગ કરેલો નથી, આ કોઈ જાહેર હેતુ માટે નથી કે ટેન્ડર બહાર પાડીએ પરંતુ વીન્ડ નીતિ બનાવી છે રાજય સરકારે અને વીન્ડ નીતિ અનુસાર એમને આ જમીન ફાળવવામાં આવી છે. એમાં પ્રતિ હેકટરે ૧૦હજાર રૂપિયાનું ભાડુ વસૂલ કરવામાં આવે છે અને એ પ્રમાણે એમણે ૨૦૦૮-૦૯માં ૧ લાખ ૬૦હજાર ભાડાપટ્ટે આપી દીધા છે અને ૨૦૦૯-૧૦માં ૧ લાખ ૬૦હજારનું ભાડુ ચૂકવ્યું છે અને હવે ત્રીજા વર્ષનું ડયુ થશે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ખરેખર આ ભાડાપટ્ટે જમીન આપી એ બહુ સારો નિર્ણય કહેવાય, ખોટેખોટું જમીનનું દબાણ થઈ જાય, આવી જ રીતે રાજકોટ જિલ્લામાં જેણે માગણી કરી એને આપવા માગો છો કે નહીં? રાજકોટ જિલ્લામાં કારખાના હેતુ માટે જે માગણી કરી એને આપવા માગો છો કે નહીં?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વીન્ડ ટેક માટે જ છે પ્રશ્ન એટલે બીજો કોઈ પ્રશ્ન આમાંથી ઉભો નથી થતો.

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વીન્ડ ફાર્મ પ્રોજેકટ માટે જે જમીન ફાળવવામાં આવે છે તો એમને બીનખેતી કરાવવી હોય તો એમની પરવાનગી લેવી પડે છે કે નહી?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બીન ખેતી પરવાનગી માટે જો સરકારી જમીન હોય તો ફાળવણીના હુકમમાં જ બીનખેતી પરવાનગીની ગર્ભિત માન્યતા ગણાશે, તેથી બીન ખેતી આકાર નિયમાનુસાર ભરવાનો રહેશે એટલે કે વિકાસકારે બીન ખેતી પરવાનગી માટે અલાયદી અરજી કરવાની નથી. વીન્ડ ફાર્મ પ્રોજેકટ માટે ખાનગી જમીનનો ઉપયોગ થતો હોય તો ઊર્જા ઉત્પાદન પ્રમાણિક ઔદ્યોગિક હેતુ ગણાશે, માની લીધેલ બીન ખેતી પરવાનગી ડીમ્ડ N.A. અને ખેતીની જમીન બીન ખેતી હેતુ માટે ખરીદવા અંગે જે તે વિસ્તારને લાગુ પડતા જમીન સુધારણા કાયદાની લગતી સંબંધિત જોગવાઈઓ પણ વીન્ડ ફાર્મ પ્રોજેકટને લાગુ પડે છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સબ લીઝની જોગવાઈઓ શું છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : વિન્ડ ફાર્મ પ્રોજૅકટના વિકાસકાર ભાડા પટ્ટે જમીન મેળવે છે અને વિકાસ કર્યા બાદ ક્લાયન્ટને એક વખત સબ લીઝ કરી શકે છે. એ કરાર કર્યા પછી કલેકટર સમક્ષ ૩૦ દિવસમાં એન્ડોર્સ કરાવવાનું રહે છે. આ જોગવાઈ એટલા માટે છે કે સબ લીઝ હોલ્ડર પાસેથી સમયાંતરે ભાડું વસુલ કરી શકાય. આ જોગવાઈનો ભંગ થાય તો ભાડા પટ્ટો સમાપ્ત કરવામાં આવે છે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : રાજ્ય સરકાર દ્વારા ખેતી અને જાહેર હેતુ માટેની જમીનો જે રીતે ખાનગી કંપનીઓને અને અન્યોને આપી દેવામાં આવે છે, હમણાં નામદાર હાઈકોર્ટે પણ સરકારે આવી રીતે મનફાવે એ રીતે જમીનો ન આપવી જોઈએ એવું સૂચન કર્યું છે ત્યારે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવો.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : પ્રશ્ન જ છે. આ જમીનમાં કૌભાંડ આચરનારા અધિકારીઓ..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં તો આપને બેસાડી દેવામાં આવશે.

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા** : રાજકોટ જિલ્લામાં કયા કયા તાલુકામાં કઈ કઈ કંપનીઓને કેટલી કેટલી જમીનો આપવામાં આવી છે અને જેમાં ખરાબાની કેટલી અને ગૌચરની કેટલી જમીનો છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માત્ર એક કંપનીનો જ પ્રશ્ન પુછાયો છે એટલે બીજા પ્રશ્નો આમાં ઉપસ્થિત થતા નથી. અગાઉ કહ્યું એ મુજબ સરકારી અને ગૌચરની કેટલી આપી છે એનો જવાબ પહેલા પ્રશ્નના જવાબમાં આપી દીધો છે.

**શ્રી ભરતભાઈ ખો. બોઘરા** : રાજકોટ જિલ્લામાં ખૂબ મોટા મોટા ડુંગરાળ વિસ્તારો જ્યાં નીલ ગાય અને રોઝડા પણ ન રહે એવી જમીનમાં વિન્ડ ફાર્મ બને છે તો આ કેવા પ્રકારની જમીનો આપવામાં આવે છે અને કેટલું ક્ષેત્રફળ આપવામાં આવે છે. મારા સાથી મિત્રો કહે છે પણ જ્યાં વિન્ડ ફાર્મ બને ત્યાં જઈને જુવે તો આવડું મોટું ડેવલપમેન્ટ થાય છે એ શું એમને નથી દેખાતું?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : વિન્ડ ફાર્મ માટે સરકારી પડતર જમીનને અગ્રતા આપવામાં આવે છે. આમ છતાં અપવાદરૂપ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાની મંજૂરી મેળવી ગૌચરની જમીન મેળવવાની વિચારણા થઈ શકે છે. ડબલ્યુ.ટી.જી. યુનિટ માટે એક હેકટર જમીન પ્રમાણભૂત ગણાય છે. આ પ્રમાણે જમીન ફાળવણી કરવામાં આવતા જમીનને અડીને આવેલા આજુબાજુની જમીનના વિકાસ વખતે વિન્ડ વેલોસિટી ડિસ્ટર્બ ન થાય તે અવશ્ય જોવાનું રહેશે. ડેવલપરને ડબલ્યુ.ટી.જી.એ અને ટ્રાન્સમીશન મૂકવા માટે રાઈટ ઑફ વે મળવા પાત્ર થશે.

**શ્રી સિધ્ધાર્થ ચી. પટેલ** : એમના જવાબમાં કહ્યું કે આ ૧૬ હેકટર જમીન આપવામાં આવી છે. એમાંથી ૯ હેકટર જમીન સરકારી પડતર અને ૭ હેકટર ગૌચરની જમીન છે. જ્યારે ગૌચરની જમીન સરકારે ઔદ્યોગિક ગૃહને આપી દીધી છે એવા સંજોગોમાં મારો પ્રશ્ન એ છે કે હમણાં તાજેતરમાં જ ગુજરાત હાઈકોર્ટે પણ જજમેન્ટ આપ્યું છે કે ગૌચરની જમીનો આ રીતે આપી શકાય નહીં. એ સંદર્ભમાં આપણી ગૌચરની જમીન આપવાની નીતિ છે એ નીતિમાં આપ કોઈ ફેરફાર કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : સરકારી ગૌચરની જમીન વેચાતી કોઈપણ કંપનીને આપવામાં આવે છે ત્યારે ૩૦ ટકા વધારાની ફી એની પાસેથી લેવામાં આવે છે.

**લુણાવાડા અને ખાનપુર તાલુકાઓના રસ્તાઓ રીકાર્પેટ કરવા બાબત**

***૧૯૯૨૮ શ્રી હીરાભાઈ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧)પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાત વર્ષથી વધુ સમયથી રીકાર્પેટ ન થયેલ પ્લાન અને નોન પ્લાનના ક્યા ક્યા રસ્તાઓ બાકી છે,

(૨)આ બધાજ રસ્તાઓ અવર જવર અને વાહનવ્યવહાર માટે બિસ્માર હાલતવાળા છે તે બાબત સરકારના ધ્યાનમાં છે કે કેમ, અને

(૩)જો હા, તો સરકાર આ બધા રસ્તાઓનું રીકાર્પેટ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવા માગે છે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) **પરિશિષ્ટ-૧ મુજબ**

(૨)અને (૩) રસ્તાઓને વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૧-૧૨ની જોગવાઈ ધ્યાને રાખીને પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપીને અમુક રસ્તાઓનું રીકાર્પેટ હાથ ધરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ-૧**

**લુણાવાડા તાલુકામાં ૭ વર્ષથી વધુ સમયથી ડામર ન થયેલ હોય તેવા રસ્તાની પરિસ્થિતિ**

**પ્લાન રસ્તાઓ**

૧. ઉંદરા રતનકુવા રોડ
૨. મધવાસ હરીજનવાસ
૩. ઉંટડી કીડીયા વખતપુર લાલસર ધામોદ ધોરીડુંગરી રોડ
૪. ગોડના મુવાડા ચનસર ઝાંઝરી રોડ
૫. ઉંટડી એ. રોડ
૬. રામપુર પાદેડી માનાજીના મુવાડા રોડ
૭. ગરીયા કોલવણ હાડોડ રોડ
૮. શેણાદરીયા ગોરાડા ફતાજીના ગોરાડા મોવાસા રોડ
૯. મોતીપુરા એ. રોડ
૧૦. માળીયા એ. રોડ
૧૧. કોઠંબા પાલ્લા થાણાસાવલી રોડ
૧૨. ગોકળપુરા એ. રોડ
૧૩. અમદાવાદ કુહા કઠલાલ બાલાસિનોર લુણાવાડા ઝાલોદ રોડ

**નોન પ્લાન રસ્તાઓ**

૧. ઉંદરા વીરણીયા રોડ
૨. ફતાજીના ગોરાડા વાડીના ગોરાડા રોડ
૩. પટ્ટણ ચંદપુર રોડ
૪. ઉચરપી કણજાવ રોડ
૫. માલના મુવાડા એ. રોડ
૬. ઉંટડી કસલાલ ચાંપેલી રોડ
૭. વાણીયાવાળા ગોરાડા એ. રોડ
૮. કોલવણ છાપરી રોડ
૯. ચપટીયા એ. રોડ
૧૦. કાકચીયા એ. રોડ
૧૧. મોટી પાલ્લી નાની પાલ્લી એ. રોડ
૧૨. કડાછલા છાપરી રોડ
૧૩. ગોલાના પાલ્લા એ. રોડ
૧૪. અરીઠા બ્રમપુરી રોડ
૧૫. સક્લીયા એ. રોડ
૧૬. મોટા વાડોદર સવેરાના મુવા ટાંકના મુવાડા
૧૭. નમનાર ટોડીયા રોડ
૧૮. ચારણગામ સાલાવાડા કસલાલ રોડ
૧૯. ભલાડા તરણોચા દેગાવાડા ચાંપેલી રોડ
૨૦. કાકાના ભેસાવાડા એ. રોડ
૨૧. થાણાસાવલી એ. રોડ
૨૨. ખારોલ ભોજા ભીમથલ રોડ
૨૩. જામાના મુવાડા એ. રોડ
૨૪. ભાણપુર એ. રોડ
૨૫. વીરણીયા મોટાડોકવા સબલપુર રોડ
૨૬. વીરણીયા એ. રોડ
૨૭. ભાયાસર ખોડા આંબા સાતતલાવ રોડ
૨૮. થાણાસાવલી જુના રાબડીયા રોડ
૨૯. સાગાના મુવાડા દેનાવાડ રોડ
૩૦. પાદેડી વેચાતના મુવાડા વાણીયાવાડા રોડ

**ખાનપુર તાલુકામાં ૭ વર્ષથી વધુ સમયથી ડામર ન થયેલ હોય તેવા રસ્તાની પરિસ્થિતિ**

**પ્લાન રસ્તાઓ**

૧. બોરાઈ ખડોદી રોડ
૨. બાબલીયા તેજાકુઈ ધુળેટા રોડ
૩. પાંદેડી કનોડ ઝેર ઉમરીયા રોડ
૪. બાકોર હાંસેલીયાની મુવાડી જેઠોલા કોરવાઈ રોડ

**નોન પ્લાન રસ્તાઓ**

૧. બામરોડા થી ભાદ રોડ
૨. ઈસરોડા થી માળીયા
૩. વાઢેલા છાણી ગરજવા રોડ
૪. મુડાવડેખ ભગતના મુવાડા
૫. કાલાખેતરા ઉંડાવા રોડ
૬. ધૂળેટા જલઈ રોડ

| **પ્લાન રસ્તાઓ** | **નોન પ્લાન રસ્તાઓ** |
|---|---|
| | ૭. દલેલપુરા મસાદરા |
| | ૮. દલેલપુરા રૂઝડા  રોડ |
| | ૯. લીંબડીયા મેયાપુર વાવો સાંપડીયા |
| | ૧૦. ઘોંઘાવાડા ભુવાબાર રોડ |

**શ્રી હીરાભાઈ હ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું આપના માધ્યમથી એ જાણવા માગું છું કે અમારા મત વિસ્તારના બે તાલુકાઓમાં પ્લાન રસ્તાઓ ૧૭ કે જે છેલ્લા સાત કરતા વધુ વર્ષથી રીસરફેસીંગ થયા નથી. વાસ્તવમાં આ રસ્તાઓ ૧૦ વર્ષ કરતાં પણ વધારે સમયના રીસરફેસીંગ થયા વગરના છે. એ સંજોગોમાં આ રસ્તાઓ વાહનવ્યવહારને અનુકૂલ નથી ત્યારે આ રસ્તાઓનું રીસરફેસીંગનું કામ વર્ષ ૨૦૧૧-૧૨ના વર્ષમાં કરવામાં આવશે?તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે આ સત્તરે સત્તર રસ્તાઓને રિસરફેસિંગનું કામ કરવામાં આવે છે કે કેમ? બીજો મારો પ્રશ્ન એ છેકે મારા આ બંને તાલુકાની અંદર ૪૦ જેટલા રસ્તાઓ નોન-પ્લાનના રસ્તાઓ છે અને આ રસ્તાઓ જે તે સમયે ભૂતકાળની સરકારોએ જોબ નંબરો આપીને બનાવેલા છે અને આ નાના નાના ગામડાના બહુ અગત્યના અને મહત્ત્વના રસ્તાઓ છે ત્યારે એ સંજોગોમાં માનનીય મંત્રીશ્રીએ આ અંગે કોઈ પ્રત્યુત્તર આપ્યો નથી એના લીધે હું આપના માધ્યમથી એ જાણવા માગુ છું કે માનનીય મંત્રીશ્રી આવા રસ્તાઓને જોબ નંબર આપીને એનું રિસરફેસિંગનું કામ કરવા માગે છે કે કેમ? ત્રીજો પ્રશ્ન, એમણે જવાબમાં એમ પણ કહ્યું છે કે આ રસ્તાઓ વાહન વ્યવહારને અનુકૂળ રાખવામાં આવ્યાં છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન આ રસ્તાના મેઈન્ટેનન્સ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એમના પ્લાનના રસ્તા અને નૉન-પ્લાનના રસ્તા બંને રસ્તાઓની વાત કરી છે. હું માનનીય સભ્યશ્રીને એ જણાવવા માગુ છું કે આ જે રસ્તા છે એ છેલ્લા ૩ વર્ષમાં માનનીય સભ્યશ્રીના મતવિસ્તારના લુણાવાડા અને ખાનપુર તાલુકાના લગભગ ૩૯૩.૩૬ કિલોમીટર લંબાઈના કુલ ૧૨૨ રસ્તાઓ જેની અંદાજીત કિંમત ૧૧૦૦૦ લાખ રૂપિયા સરકારશ્રીએ મંજૂર કરેલ છે. જેમાંથી મોટાભાગના રસ્તાઓનું કામ પૂર્ણ થયેલ છે. છતા માનનીય સભ્યશ્રીએ બાકી રસ્તાઓ અંગે પ્રશ્ન પૂછેલ છે તેમાં આગામી વર્ષોના અંદાજપત્રમાં નાણાની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને ખરાબ સપાટીવાળા રસ્તાઓ હશે એ અંગે રાજ્ય સરકાર આગળની કાર્યવાહી કરશે. એમણે મેઈન્ટેનન્સ બાબતની વાત કરી. મેઈટેનસ એ આપણી ચાલતી પ્રક્રિયા છે. જ્યાં આગળ જરૂરિયાત પડે, રસ્તો બંધ થઈ જાય ત્યાં મેઈન્ટેનન્સ આપણી રાજ્ય સરકાર કરે છે અને આપના મત વિસ્તારના આ જે રસ્તાઓ છે પ્લાનના અને નૉન-પ્લાનના રસ્તા એ બધા રસ્તાઓ ઉપરથી આજે પણ વાહન વ્યવહારની અવરજવર ચાલુ છે અને વાહન વ્યવહાર જાય એવા રસ્તાઓ છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની જે લાગણી છે હું આપના મારફતે મંત્રીશ્રી પરમારે જે જવાબ આપ્યો તેમાં એકજ વસ્તુ જાણવા માગુ છું કે ભૂતકાળમાં જ્યારે ધારાસભ્યશ્રીની માગણી જોબ નંબર માટે આવતી ત્યારે પ્લાન કે નૉન-પ્લાન જોયા વગર M.L.A. is the best judge. એ એમ કહે કે આ રસ્તા પર જોબ નંબર આપો તે એને જોબ નંબર આપવામાં આવતો હતો. અત્યારે જે નીતિ ચાલે છે પ્લાનના રસ્તાને મળે અને નૉન-પ્લાનને નથી મળતું.  એ નીતિમાં ફેરફાર કરીને નૉન-પ્લાન રસ્તાઓ ગામડાના અત્યંત ખરાબ રસ્તાઓ છે તો નૉન-પ્લાનના રસ્તાઓને જોબ નંબર આપવાનું શરૂ કરવા સરકાર માગે છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી,  માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એમાં વિરોધપક્ષના નેતાશ્રી ગોહિલે જે પેટાપ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. એમાં હું કહેવા માગુ છું કે ભૂતકાળમાં આ વિસ્તારની અંદર જે જોબ નંબરો રાજ્ય સરકારે ફાળવ્યા હતા પણ એની નાણાની ઉપલબ્ધતા એ લોકોએ ધ્યાનમાં રાખી નહોતી. અને નાણાની ઉપલબ્ધતા ધ્યાને રાખ્યા વગર જોબ નંબરો ફાળવી દીધા હતા એવું અમારી રાજ્ય સરકાર નથી કરતી. અમારી રાજ્ય સરકાર જે જોબ નંબર આપે છે એ કામ અમારી રાજ્ય સરકાર સમય મર્યાદામાં પૂરું કરે છે અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ નૉન-પ્લાનના રસ્તાઓની વાત કરી. નૉન-પ્લાનના રસ્તાઓનો ગુજરાતનો ઈતિહાસ ઉખેળીને તમે જોઈ લો કે આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં નૉન-પ્લાનના રસ્તાઓ થયા છે એટલા ભૂતકાળમાં વર્ષો સુધી રાજ્ય કરનાર સરકારે નથી કર્યા.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષ શ્રી, મંત્રીશ્રી પાસે હું એ જાણવા માગુ છું કે લુણાવાડા અને ખાનપુરમાં પ્લાન અને નૉન-પ્લાનના કેટલા રસ્તા આવેલા છે અને એની કેટલી લંબાઈ છે? બીજો મારો પ્રશ્ન એ છે કે, આ પૈકી રસ્તાઓ છેલ્લા ૭ વર્ષમાં રીકાર્પેટ કેટલા કરવામાં આવેલ છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો એમાં લુણાવાડા તાલુકામાં પ્લાન ૮૮ રસ્તાઓ કુલ આવેલા છે જેની લંબાઈ ૩૯૮.૮૧ કિલોમીટર છે. નૉન-પ્લાનના રસ્તાઓ ૭૮ આવેલ છે જેની લંબાઈ ૧૬૯.૩૩ કિલોમીટર છે. ખાનપુર તાલુકામાં પ્લાનના રસ્તા ૨૬ આવેલા છે. જેની લંબાઈ

૧૭૧.૨૦ કિલોમીટર છે અને ખાનપુરમાં નૉન-પ્લાનના રસ્તાઓ છે એ ૫૨ રસ્તાઓ છે અને એની લંબાઈ ૧૧૨.૩૪ કિલોમીટર છે. આમ લુણાવાડા અને ખાનપુરમાં કુલ ૧૧૪ રસ્તાઓ છે જેની લંબાઈ ૫૭૦.૦૧ કિલોમીટર છે. એમાંથી નૉન-પ્લાનના ૧૩૦ રસ્તાઓ છે એની લંબાઈ ૨૮૧.૬૭ છે. આ પ્રમાણે છેલ્લા જે સાત વર્ષોમાં આપણી રાજય સરકારે જે કામો કર્યા છે એમાં લુણાવાડા તાલુકાનાં ૭૫ પ્લાનના રસ્તાઓ જેની લંબાઈ ૩૪૬.૩૧ કિલોમીટર અને નૉન-પ્લાનના ૪૮ રસ્તાઓ જેની લંબાઈ ૧૦૬.૮ કિલોમીટર છે. ખાનપુર તાલુકમાં ૨૨ પ્લાનના રસ્તાઓ કર્યા છે, જેની ૧૪૮.૯૦ કિલોમીટરની લંબાઈ છે અને નૉન-પ્લાનના ૪૨ રસ્તાઓ કર્યા છે જેની લંબાઈ ૭૯.૨૪ કિલોમીટર છે.

**શ્રી સી.કે. રાઉલજી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગ્રામ્ય વિસ્તારોનો ખૂબ જ ગંભીર પ્રશ્ન છે. આ પ્રશ્ન ઉપરથી મને એવું લાગે છે કે, આ સરકાર ગ્રામ્ય વિસ્તાર વિરોધી સરકાર છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્લીઝ, સીધા પ્રશ્ન ઉપર આવો નહીંતર આપને (અંતરાય) આપ પ્રશ્ન ઉપર આવ્યા નથી. (અંતરાય)

**શ્રી સી.કે. રાઉલજી** : પ્રશ્ન મારો એજ છે, મારો પ્રશ્ન, સાહેબ હું પ્રશ્ન ઉપર જ આવું છું (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ સીધા પ્રશ્ન ઉપર આવશો તો જ પૂછવા દેવામાં આવશે, પૂર્વભૂમિકા બાંધશો તો આપને બેસાડી દઈશ.

**શ્રી સી.કે. રાઉલજી** : આ પૂર્વ ભૂમિકા સાહેબ સામા પક્ષેથી પૂર્વ ભૂમિકા બંધાય તો એના માટે કંઈ નહીં અને અમે પૂર્વ ભૂમિકા બાંધે તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : નહીં, કોઈને નહીં, એમને પણ રોક્યા છે, એમને પણ મેં રોક્યા છે.

**શ્રી સી.કે. રાઉલજી** : સાહેબ આ ગંભીર બાબતો પ્રશ્ન એટલા માટે છે કે, સાહેબ આ પૉલિસી અગાઉની સરકારોએ બજૅટને ધ્યાનમાં રાખીને જ જોબ નંબરો આપ્યા છે. પણ મારે આક્ષેપ કરવો પડશે કે કોંગ્રેસના ધારાસભ્યોને નાણાકીય ઉપલબ્ધિ ન હોય તો આ કામ કરવામાં આવશે નહીં, નાણાકીય ઉપલબ્ધિ થશે ત્યારે. સાહેબ મારો કહેવાનો પ્રશ્ન એ છે કે, તમારા વિસ્તારોના પણ કેટલા નૉન-પ્લાન અને પ્લાનના રસ્તાઓ છે એની સાહેબ એમને ખબર નહીં હોય મને ખબર છે. એમણે જે સવાલનો જવાબ આપ્યો છે કે, રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે. ૨૦૧૧-૧૨ને ધ્યાનમાં રાખીને પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપીને (અંતરાય) સાહેબ મારો સવાલ બહુ મહત્ત્વનો છે, કે પ્લાન રસ્તાઓને પ્રાધાન્ય આપીને અમુક રસ્તાઓનું રિ-કાર્પેટીંગ થાય છે. સાહેબ ૭-૧૦કે ૧૫ વર્ષોથી રિ-કાર્પેટીંગ થયા નથી આ અને આજે સાહેબ સાયકલ પણ જઈ શકે તેવા રસ્તાઓ નથી આ.. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ પ્રશ્ન પૂછવા માગો છો કે પ્રવચન કરવા માગો છો ?

**શ્રી સી.કે. રાઉલજી** : ફક્ત સાહેબ આ ખાનપુરના ૧૭ રસ્તાઓ પ્લાનના અને નૉન-પ્લાનના ૪૦, સાહેબ ૫૭ રસ્તાઓ એ સિવાય પંચમહાલ જિલ્લાની અંદર નૉન-પ્લાનના ૨૫૦થી ઉપરના રસ્તાઓ છે અને પ્લાનના રસ્તાઓ ૧૫૦થી ઉપરના છે તો નૉન-પ્લાન અને પ્લાનના રસ્તાઓ, અમારા વિરોધ પક્ષના નેતાશ્રીએ કહ્યું કે આ પૉલિસીમાં ફેરફાર કરી અને જોબ નંબરો આપવા માગો છે કે કેમ ? અને આ જે ૧૦ વર્ષથી આપ કહો છો કે, વાહન વ્યવહારને લાયક છે તો તમે જે નોન-પ્લાનના ખાનપુરના ૪૦ની જગ્યાએ ૫૨ રસ્તાઓ છે તો ૫૨ રસ્તાઓનું તમે રિ-કાર્પેટીંગ કર્યુ તો ૪૦ રસ્તાઓનું રિ-કાર્પેટીંગ કરવા માગો છો કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, આ ગરીબોની ચિંતા કરતી સરકાર વિરુદ્ધની એનો જવાબ હું એમને આપવા નથી માગતો એ જવાબ તો તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં લોકોએ આપી દીધો જ છે એટલે હું એનો જવાબ આપવા નથી માગતો પણ માનનીય સભ્યશ્રીને હું કહેવા માગુ છું કે, જે રસ્તાઓ આપણા લુણાવાડામાં મેં આપને કહ્યું એ પ્રમાણે આ પ્રશ્ન આ લુણાવાડા અને ખાનપુર તાલુકાનો છે અને મેં માનનીય સભ્યશ્રીને કહ્યું કે, આ જે રસ્તાઓ છે એ રસ્તાઓ અમે તબકકાવાર ગ્રાન્ટની ઉપલબ્ધતાને આધીન રહીને અને આ રસ્તાઓની કામગીરી કરીશું એમણે જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો તો જિલ્લાની માહિતી મારી પાસે અત્યારે નથી. એમને ચિંતા હોય તો ફરી આ હાઉસ સમક્ષ પ્રશ્ન લઈને આવે, હું વિગતવાર જવાબ આપીશ.

**તાપી જિલ્લામાં કચેરીનું મકાન તેમજ કવાટર્સનાં બાંધકામની કામગીરી.**

***૨૧૦૮૭શ્રી કિશોર વાંકાવાલા(સુરત શહેર (પશ્ચિમ)** : **માનનીય માર્ગ અને મકન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) નવરચિત તાપી જિલ્લાના મુખ્ય મથક વ્યારા ખાતે સરકારી કચેરીનું કોમ્પ્લૅક્ષ તથા સ્ટાફ કવાટર્સના મકાનોના બાંધકામની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ?

**માર્ગ અને મકન મંત્રીશ્રી :**

(૧)

| ક્રમ | મકાનનું નામ | બ્લોક | તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિ |
|---|---|---|---|
| (૧) | મધ્યસ્થ કચેરી સંકુલ | ૧૫ બ્લોક | ૫-બ્લોબમાં-ફીનીસીંગ કામગીરી પ્રગતિમાં<br>૭-બ્લોકમાં-આર.સી.સી. સુપર સ્ટ્રકચરની કામગીરી પ્રગતિમાં<br>૩-બ્લોકમાં-પાયાની આર.સી.સી. કામગીરી પ્રગતિમાં. |
| (૨) | સ્ટાફ કવાટર્સ | ૧૧૪ યુનિટ | ૪૨- યુનિટ- આર.સી.સી. સુપર સ્ટ્રકચરની કામગીરી પ્રગતિમાં<br>૬૪- યુનિટ- પાયાની આર.સી.સી.કામગીરી પ્રગતિમાં<br>૮-યુનિટ-પાયાની ખોદાણની કામગીરી પ્રગતિમાં. |

(૨) સરકારી કચેરીના કોમ્પ્લૅક્ષની કામગીરી જાન્યુઆરી-૨૦૧૨ સુધીમાં તથા સ્ટાફ કવાટર્સના મકાનોના બાંધકામની કામગીરી ઑકટોબર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી કિશોર વાંકાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, વ્યારા ખાતે જે સરકારી કચેરી તથા સ્ટાફ કવાટર્સ બનાવવામાં આવ્યા છે એના બાંધકામમાં કોઈ વિશેષતા છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ તાપી જિલ્લાનો પ્રશ્ન છે અને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ કહેવા માગું છું કે આપણે સૌ જાણીએ છીએ કે ખૂબ મોટા જિલ્લા સુરતના વિભાજન માટે ભારતીય જનતા પાર્ટીના માનનીય ધારાસભ્યશ્રીઓની જે લાગણી હતી એને ધ્યાનમાં લઈને રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે સુરત જિલ્લાનું વિભાજન કરીને નવા તાપી જિલ્લાની રચના કરવાનું જાહેર કર્યું હતું. નવા જિલ્લાની રચના થાય એટલે સ્વાભાવિક છે કે જિલ્લાના વહીવટ માટે અલગ અલગ કચેરીઓ વહીવટી અનુકૂળતા માટે જિલ્લાના મુખ્ય મથકે હોવી જરૂરી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ અમારા વિભાગ દ્વારા નવનિર્મિત કચેરી સંકુલ અને આવાસોને ગ્રીન બિલ્ડીંગ તરીકે બનાવવાની કામગીરી હાથ ધરેલ છે. રાજયમાં આ પ્રકારનો આ પ્રથમ પ્રયોગ છે. આ કચેરી સંકુલના બાંધકામ માટે રૂ.૭૫૮૧.૯૬લાખ તથા સ્ટાફ કવાટર્સના બાંધકામ માટે૨૩૪૨.૬૦લાખનો ખર્ચ થનાર છે. રાજયનું આ સૌ પ્રથમ પ્રમાણિત ગ્રીન બિલ્ડીંગ પ્રોજેકટ હાથ ધરવામાં આવેલ છે. આ સંકુલમાં એક જ કેમ્પસમાં બધી કચેરીઓ આવરી લેવામાં આવેલ છે. આ સંકુલના બાંધકામથી પ્રજાજનોને એક જ કેમ્પસમાં બધી કચેરીઓની સવલત ઉપલબ્ધ થશે જેથી સમય તથા નાણાનો વ્યય નિવારી શકાય. આ તાપી જિલ્લો અલગ થતા ટ્રાયબલ બેલ્ટને પણ સવિશેષ એનાથી લાભ થવાનો છે. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી કે આની વિશેષતાઓ શું છે? આ ગ્રીન બિલ્ડીંગની જે વિશેષતા છે એમાં હરિયાળી અને ખુલ્લી જગ્યાઓની સ્થાનિક બાયલોસ કરતા પણ વધુ ૨૫ટકાથી વધુ જોગવાઈ છે. અત્યાધુનિક વોક ટુ વર્ક સિદ્ધાંત આધારિત સંકુલની સાથે જ અધિકારી/ કર્માચારી આવાસ તેમજ ટ્રાન્સફરી હોસ્ટેલની જોગવાઈ છે. સંકુલમાં અંદર અને બહાર સમગ્ર દિવસ દરમિયાન શિતળતાની સાથેસાથે જરૂરી સૌરપ્રકાશ મળી રહે તેવી મૌલિક ડિઝાઈન છે. જાહેર પરિવહનથી નજીકનું અંતર અને કચેરી સંકુલ બહાર પણ અલાયદા અને સુંદર બસ ટર્મિનલ્સ વગેરેની વ્યવસ્થા છે. ફલાય એશ યુકત સિમેન્ટ અને ઈંટો, લો. બી.ઓ.સી. પેઈન્ટ તથા એફ.એ.સી. પ્રમાણિત લાકડાનો ઉપયોગ આમાં થયેલો છે. ચોમાસુ પાણીના સંગ્રહ અને શૂન્ય પ્રવાહ સિદ્ધાંત આધારિત જળસંચયની અને પાતાળ કૂવા રિચાર્જની વ્યવસ્થા છે. વેસ્ટ વોટરને રીસાઈકલ ટ્રીટમેન્ટ કરી સુંદર લેન્ડ સ્કેપીંગ કરવાનું છે. સંપૂર્ણ સંકુલમાં તમામ ટોઈલેટ, શૌચાલયોમાં ફલશીંગ માટે ટ્રીટમેન્ટ કરેલા પાણીના ઉપયોગ દ્વારા ૨૫ટકા પાણીની બચત કરી ઓછામાં ઓછું પાણી વપરાય તેવું આયોજન છે. ઓર્ગેનિક

**અધ્યક્ષશ્રી** : ટૂંકમાં જવાબ આપો.

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : ઓર્ગેનિક વેસ્ટ વગેરેનો વર્મીકમ્પોઝ દ્વારા લેન્ડ સ્કેપીંગ ઉદ્યાનો વગેરેનો ઉપયોગ સમગ્ર સંકુલમાં પેવર બ્લોક ફલોરીંગ જેવી વરસાદી પાણી જમીનમાં સરળતાથી ઉતરી શકે તેમજ રિપેર્સમાં પણ ઝડપ અને સુંદરતા આવશે. તમામ મકાનોના બાંધકામમાં ગરમીને પ્રતિરોધક માલસામાનનો ઉપયોગ, ટેરેસને પણ હરિયાળીથી ઘેરાયેલો રહે એવું આયોજન, ઈલેકટ્રીક મોટર કાર તથા સ્કુટર્સ વગેરે માટે સબસ્ટેશન. સંકુલ તેમજ બિલ્ડીંગમાં વિકલાંગો માટે ખાસ સુવિધાઓ આ ગ્રીન બિલ્ડીંગમાં આપણી રાજય સરકારે કરી છે.

**શ્રી નરેશભાઈ મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે નવરચિત તાપી જિલ્લામાં વડા મથક પર આ સંકુલ ઉભું થઈ રહયું છે એમાં કઈ કઈ કચેરીઓનો સમાવેશ થનાર છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગ્રીન બિલ્ડીંગ છે એમાં આખા જિલ્લાની બધી કચેરીઓ એક જ સંકુલમાં થાય એવો આ પ્રથમ પ્રયોગ રાજય સરકારે કરી છે અને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના માર્ગદર્શન હેઠળ સમગ્ર સંકુલનું કામ અમારો વિભાગ કરે છે. આ નવરચિત સંકુલમાં જિલ્લા સેવા સદન, જિલ્લા પંચાયત, ડી.એસ.પી. કચેરી, માર્ગ અને મકાન વિભાગ, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી અને ડી.આર.ડી.એ. જેવી રાજયકક્ષાની તમામ કચેરીઓનો સમાવેશ થશે.

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે તાપી જિલ્લામાં જે આ મકાન બનાવવામાં આવે છે એ કેટલા માળના બનાવવામાં આવે છે અને સાત માળથી વધારે ઉંચાઈએ હોય તો કાકરાપાર અણુમથકને ધ્યાનમાં રાખીને મંજૂરી આપવામાં આવી છે કે કેમ?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મકાન સંકુલ બનવાનું છે એ સંકુલ મધ્યસ્થ કચેરી સંકુલ છે એમાં જિલ્લા સેવા સદન-૧ જેમાં આપણી કચેરીઓ બેસવાની છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

## સતલાસણ તાલુકામાં સાબરમતી નદી ઉપર પુલો બનાવવા દરખાસ્ત

૨૦૫૭૩ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સતલાસણ તાલુકામાં સાબરમતી નદી ઉપર ધરોઈથી મોર અને હડોલથી ચોડપને જોડતા પુલો બનાવવા અંગે સરકારને કોઈ દરખાસ્ત મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે દરખાસ્ત હાલ ક્યા તબક્કે છે, અને<br>(૩) તે અંગેની કામગીરી ક્યારે હાથધરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ? | (૨) અને (૩) : (અ) ધરોઈ-મોર-વડાલી રસ્તા પર સાબરમતી નદી પર પુલના કામની પ્રાથમિક સર્વેની કામગીરી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયે હાથ ધરવાનું આયોજન છે.<br>(બ) હડોલ થી ચોડપને જોડતો પુલ બાંધવાનું હાલમાં આયોજન નથી. |

## ભાવનગર જિલ્લામાં સરકારી હેડે દાખલ થયેલ જમીનની કિંમત

૨૧૦૮૯ : **શ્રીમતી વિભાવરીબેન વિ.દવે (ભાવનગર શહેર (ઉત્તર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી જમીન સરકારમાં દાખલ કરવામાં આવી, અને | (૧) હે. ૨૪૦-૮૧-૯૧ ચો.મી. |
| (૨) આ જમીનની કિંમત કેટલી થાય છે ? | (૨) રૂા. ૧૨,૬૬,૨૮,૩૮૧/-. |

## રાજકોટ જિલ્લામાં સરકારી કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ

૨૧૨૭૬ : **શ્રી ગોવિંદભાઈ ઉ.પટેલ (રાજકોટ-૧)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને | (૧) તા. ૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જગ્યાઓ<br>સરકારી કોલેજો - ૨૯<br>અનુદાનિત કોલેજો - ૫૬ |
| (૨) તે પૈકી તા.૧-૪-૧૦ થી ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી ? | (૨) સરકારી કોલેજો - ૨૩<br>અનુદાનિત કોલેજો - ૦૩ |

--------

**અમદાવાદ જિલ્લામાં ભારત હોટલ લિ. ને સરકારી પડતર જમીનની ફાળવણી**

૨૦૬૨૫ **: શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભારત હોટલ લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૨૧,૩૦૦ ચો.મી. જમીન તા. ૧૧-૧૧-૦૦૫ અને<br>૪,૪૨૪ ચો.મી. જમીન તા. ૧૭-૧૧-૦૮ના હુકમથી ફાળવેલ છે, |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

--------

**નવસારી જિલ્લામાં મરૂન વિલેજ કાર્યક્રમ હેઠળ સમાવાયેલ ગામો**

૧૯૯૦૫ **: શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મરૂન વિલેજ કાર્યક્રમ હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે,<br>(૨) આ કાર્યક્રમ અંતર્ગત ઉક્ત સ્થિતિએ કેટલા કામો પૂર્ણ કરવામાં આવેલ છે, અને<br>(૩) કેટલા કામો બાકી છે ? | (૧), (૨) અને (૩) : ૩૨ ગામોને આવરી લેતા ૨૩ રસ્તાઓના કામો મંજૂર કરવામાં આવેલ છે જે તમામ ૨૩ કામો પૂર્ણ કરેલ છે. |

--------

**સુરેન્દ્રનગર જિલ્લાના રાજ્ય હસ્તકના રસ્તાઓનું મજબૂતીકરણ કરવા બાબત**

૨૦૦૪૩ **: શ્રી હરીલાલ પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં રાજ્ય સરકાર હસ્તકના ક્યા ક્યા રસ્તાઓ ભારે ટ્રાફીકને કારણે પહોળા અને મજબૂત બનાવવાની જરૂરીયાત છે, | (૧) ૧. સુરેન્દ્રનગર મુળી ડોળીયા રોડ<br>૨. સુરેન્દ્રનગર બાયપાસ સીટી લીમીટ<br>૩. સુરેન્દ્રનગર દુધરેજ વણા માલવણ પાટડી બેચરાજી રોડ<br>૪. ધ્રાંગધ્રા સુરેન્દ્રનગર વઢવાણ લીમડી<br>૫. અમદાવાદ વિરમગામ માળીયા રાજ્ય ધોરી માર્ગ<br>૬. વિરમગામ લખતર સુરેન્દ્રનગર રોડ |
| (૨) આવી બાબતે સરકાર દ્વારા કોઈ સર્વે કરાયેલ છે,<br>(૩) જો હા, તો સર્વે બાદ સરકાર દ્વારા આવી કાર્યવાહી કરાયેલ છે, અને | (૨) અને (૩) : દર વર્ષે ટ્રાફીક સર્વે કરવામાં આવે છે જેના અનુસંધાને ખંડ-૧ મુજબના રસ્તાના કામ હાથ ધરેલ છે. |
| (૪) બાકી રસ્તાઓના કેટલા સમયમાં કામ ચાલુ કરવામાં આવનાર છે ? | (૪) ખંડ-૧ ના ક્રમ ૧ થી ૫ ના કામો પ્રગતિમાં, ક્રમ ૬ નું કામ બનતી ત્વરાથી |

**ભાવનગર જિલ્લામાં કાયદાકીય/સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન**

૨૦૫૫૬ **: શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં મહિલાઓને કાયદાકીય પ્રશ્નો/સામાજિક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવા તારીખ ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાલુકા કક્ષાએ કોઈ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી.<br>તાલુકા કક્ષાના કુલ ૧૪ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો ક્યા ક્યા તાલુકામાં કરવામાં | (૨) નીચે મુજબના તાલુકાકક્ષાના કેન્દ્રો શરૂ કરેલ છે |

આવેલ છે અને તેની પાછળ છેલ્લા હિસાબી વર્ષ દરમ્યાન કેટલો ખર્ચ થયો, અને

અને જેનો ખર્ચ કેન્દ્રવાર નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | છેલ્લા હિસાબી વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન થયેલ ખર્ચ રૂા. |
|---|---|---|
| ૧ | પાલીતાણા | ૯૫૯૭૫ |
| ૨ | મહુવા | ૧૨૫૦૦૦ |
| ૩ | શિહોર | ૧૨૦૩૩૮ |
| ૪ | વલ્લભીપુર | ૧૨૧૨૦૦ |
| ૫ | ભાવનગર શહેરી | ૧૨૪૫૩૨ |
| ૬ | ભાવનગર શહેરી | ૧૨૦૩૬૯ |
| ૭ | ભાવનગર શહેરી | ૧૨૨૬૭૫ |
| ૮ | તળાજા | ૧૨૪૨૨૨ |
| ૯ | ઘોઘા | ૧૧૯૦૦૦ |
| ૧૦ | ઉમરાળા | ૧૧૮૨૧૫ |
| ૧૧ | બોટાદ | ૧૧૭૦૬૧ |
| ૧૨ | ગારીયાધાર | ૧૨૩૫૦૬ |
| ૧૩ | ગઢડા | ૧૨૨૯૧૧ |
| ૧૪ | ભાવનગર શહેરી | ૧૧૮૭૭૯ |
| | કુલ : | **૧૬૭૩૭૮૩** |

(૩) જો ના, તો આવા કેન્દ્રો શરૂ કરવા સરકારે વિચારેલ છે કે કેમ ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## પોરબંદર જિલ્લામાં આંગણવાડીઓ

૨૧૦૫૫ **: શ્રી કરશનભાઈ ઓડેદરા (કુતિયાણા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

(૨) તે પેકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | ઘટકનું નામ | મંજૂર થયેલ આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૨૫૬ |
| ૨ | રાણાવાવ | ૧૦૬ |
| ૩ | કુતિયાણા | ૧૧૦ |
| | કુલ : | ૪૭૨ |

(૨) તે પેકી નીચેની આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે.

| ક્રમ | ઘટકનું નામ | તે પેકી પોતાના મકાનમાં બેસતી આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૧૧૬ |
| ૨ | રાણાવાવ | ૬૪ |
| ૩ | કુતિયાણા | ૩૬ |
| | કુલ : | ૨૧૬ |

(૩) તે પેકી નીચેની આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે.

| ક્રમ | ઘટકનું નામ | તે પેકી ભાડાના મકાનમાં બેસતી આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૯૨ |
| ૨ | રાણાવાવ | ૧૯ |
| ૩ | કુતિયાણા | ૧૩ |
| | કુલ : | ૧૨૪ |

## ભાવનગર જિલ્લામાં નિરમા લિ.ને ફાળવેલ જમીન

૨૦૬૬૫ **: શ્રી વજેસિંગભાઈ પણદા (દાહોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર ગ્રામ્ય અને મહુવામાં નિરમા લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) ભાવનગર ગ્રામ્યની હે. ૧૪૩૭૩-૭૯-૦૬ ચો.મી. જમીન સને ૧૯૯૬થી તા. ૩૧-૧-૨૦૧૧ સુધીમાં મીઠા ઉદ્યોગ માટે ભાડા પટ્ટે ફાળવેલ છે. તેમજ મહુવામાં ઉદ્યોગના હેતુ માટે હે. ૧૬૮-૮૬-૫૨ ચો.મી. જમીન તા. ૨૭-૧૨-૨૦૦૭ના ઠરાવ અને તા. ૧૬-૧૧-૨૦૧૦ ના ઠરાવથી ફાળવેલ છે.

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

(૨) ના, જી.

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ટાટા ઉદ્યોગગૃહોને પ્રોજેકટો માટે ફાળવેલ જમીન**

૨૦૬૨૭ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગગૃહ ટાટાને ક્યા ક્યા પ્રોજેકટો માટે કેટલી જમીન રાજ્ય સરકારે ક્યારે ક્યારે ફાળવેલી છે,

**જવાબ**

(૧) નીચે મુજબ જમીન ફાળવી છે.

| જિલ્લો | એકમનું નામ | હેતુ | ફાળવેલ જમીન ચો.મી. | હુકમની તારીખ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ટાટા કન્સલટન્સી સર્વીસીસ લી. | આઈ.ટી. પ્રોજેક્ટ માટે | ૧,૦૧,૧૭૧.૪૦<br>૨૦૨૩.૪૩ | ૨-૩-૦૭<br>૧૩-૬-૦૭ |
| અમદાવાદ | ટાટા મોટર્સ લી. | નેનો કાર પ્રોજેક્ટ માટે | ૪૪,૫૧,૭૦૦ | ૧૦-૧૧-૦૮ |

(૨) આ ફાળવાયેલી જમીનમાં શરતોનું સંપૂર્ણપણે પાલન થાય તે અંગેની કોઈ ચકાસણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો ક્યારે ક્યારે અને કોના કોના મારફત ચકાસણી થયેલ છે ?

(૩) ગાંધીનગરના કિસ્સામાં ગુડા ધ્વારા તારીખ ૧૭-૨-૧૧ થી અને અમદાવાદમાં નાયબ કલેક્ટરશ્રી ધોળકા પ્રાંત મારફત તા. ૩-૨-૨૦૧૧ થી ચકાસણી થયેલ છે.

--------

**ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.**

૨૧૦૭૦ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વર્ષ-૨૦૧૧માં યોજાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા ?

**જવાબ**

વર્ષ-૨૦૧૧માં યોજાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિક્ષેત્રે ₹ ૩૪,૯૮૭ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે.

--------

**અમદાવાદ જિલ્લાની કોલેજોને ઈન્ટરનેટ કનેક્શનો**

૨૧૨૮૪ : **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૧૧માં તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં નેશનલ મિશન ઓફ એજ્યુકેશન કાર્યક્મ હેઠળ અમદાવાદ જિલ્લાની કેટલી કોલેજોને ઈન્ટરનેટ કનેકશનો આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) ૭૬.

(૨) તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં તેમાં કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) ₹ ૧૦,૪૩,૩૩૫.

--------

**ચોટીલા અને સાયલા તાલુકાઓમાં પ્રાથમિક શાળાઓ બાબત**

૧૯૯૧૫ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ચોટીલા-સાયલા તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓ ચાલુ છે,

(૨) તે શાળાઓમાં પૂરતું મહેકમ છે કે કેમ, અને

**જવાબ**

(૧) ચોટીલા તાલુકામાં : ૧૮૧
સાયલા તાલુકામાં : ૧૧૬

(૨) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટના અમલને લીધે શિક્ષણ વિભાગના તા. ૦૩-૦૬-૧૦ના ઠરાવ મુજબ વિદ્યાર્થી-શિક્ષકના ધોરણોમાં ફેરફાર થતાં ચોટીલા તાલુકામાં ૧૨૩૬નું મંજુર મહેકમ થતાં ૭૧ જગ્યા ખાલી અને સાયલા તાલુકામાં ૮૩૫નું મંજૂર મહેકમ થતાં ૩૧ જગ્યા ખાલી.

(૩) નવી શાળાઓ ખોલવા માટેનું આયોજન છે કે કેમ ?

(૩) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે જરૂરિયાત પ્રસ્થાપિત થતાં ધો. ૮ની નવી શાળાઓ શરૂ કરવામાં આવશે.

--------

**જૂનાગઢ ખાતે કલેક્ટર કચેરી, જિલ્લાના પંચાયત અને ડી.એસ.પી. કચેરીની કામગીરી**

૨૧૦૮૮ : **શ્રી રાજસીભાઈ જોટવા (સોમનાથ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ ખાતે જિલ્લા કક્ષાની કચેરી અને ડી.એસ.પી. કચેરીને સમાવતા સંકુલની કામગીરી તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ કામ પૂર્ણ થતાં અંદાજિત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) કચેરીઓના બાંધકામમાં ફ્રેમ સ્ટ્રક્ચર તથા મેશનરીનું કામ પૂર્ણ અને પ્લાસ્ટર કામ પ્રગતિમાં છે. કોન્ફરન્સ હોલના ફ્રેમ સ્ટ્રક્ચરનું કામ પ્રગતિમાં છે.

(૨) કરારખત મુજબ તા. ૨૨/૧/૨૦૧૨ સુધીમાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) અંદાજિત રૂા. ૩૫૪૬.૦૦ લાખનો ખર્ચ થવા સંભવ છે.

--------

**કોલેજોના આચાર્યો માટે તાલીમ કાર્યક્રમ**

૨૧૨૮૧ : **શ્રી ભૂપેન્દ્રભાઈ લાખાવાળા (વડોદરા શહેર )** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા કે.સી.જી. મારફત વર્ષ-૨૦૧૦ દરમ્યાન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યો માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજ્યા,

(૨) તેમાં કેટલા આચાર્યોએ ભાગ લીધો, અને

(૩) આ તાલીમ કાર્યક્રમ માટે વર્ષ-૨૦૧૦માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૧૯ (ઓગણીસ).

(૨) ૫૩૬ (પાંચસો છત્રીસ).

(૩) ₹ ૨૧,૪૩,૬૦૨.

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળાઓ મંજૂર કરવા માટે મળેલ અરજીઓ**

૧૯૯૫૫ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરવા કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર થઈ,

(૩) નામંજૂર થયેલ અરજીઓના કારણો શાં છે. અને

(૪) મંજૂર થયેલ શાળાઓ કાર્યરત થઈ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરવા કુલ-૮૫ (પંચ્યાસી) અરજીઓ મળી, તાલુકાવાર માહિતીનું **પત્રક-અ** સામેલ છે.

(૨) તે અન્વયે કુલ-૨૨ (બાવીસ) અરજીઓ મંજૂર થઈ તાલુકાવાર માહિતીનું **પત્રક-અ** સામેલ છે.

(૩) નામંજૂર થયેલ અરજીનાં કારણો આ સાથે સામેલ **પત્રક-બ** મુજબ

(૪) ૯ શાળાઓ કાર્યરત થઈ અને તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંજૂર થયેલ ૧૩ (તેર) શાળાઓને જૂન-૨૦૧૧ થી શરૂ કરવા મંજૂરી આપેલ હોઈ જૂન-૨૦૧૧ થી શાળાઓ કાર્યરત થશે.

**પત્રક-અ**

તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે મળેલ અરજીઓ.

| ક્રમ | તાલુકો | આવેલ અરજીઓની સંખ્યા | તે પેકી મંજૂર થયેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ શહેર | ૪૪ | ૧૦ |

| | | | |
|---|---|---|---|
| | સીટી તાલુકો | ૨૧ | ૦૫ |
| ૨. | દસક્રોઈ | ૦૯ | ૦૧ |
| ૩. | ધોળકા | ૦૪ | ૦૩ |
| ૪. | સાણંદ | ૦૧ | ૦૧ |
| ૫. | વિરમગામ | ૦૨ | ૦૧ |
| ૬. | ધંધુકા | ૦૦ | ૦૦ |
| ૭. | માંડલ | ૦૧ | ૦૧ |
| ૮. | રાણપુર | ૦૨ | ૦૦ |
| ૯. | બાવળા | ૦૧ | ૦૦ |
| | કુલ : | ૮૫ | ૨૨ |

**પત્રક- બ**

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ, ૧૯૭૪ ના વિનિયમ-૯ની જોગવાઈ મુજબ અમદાવાદ શહેર અને જીલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી માધ્યમિક શાળાઓ શરૂ કરવા માટે મળેલ અરજીઓ નામંજૂર કરવાના મહત્વના કારણો નીચે મુજબ છે :-

(૧) બોર્ડ દ્વારા આપવામાં આવેલ જાહેર ખબરમાં દર્શાવેલ નમૂના મુજબનું અસલ નોટરાઈઝડ એફીડેવીટ રજુ કરેલ નથી.
(૨) એફીડેવીટમાં જણાવ્યા મુજબ શાળા મંડળની માલિકીના અથવા ભાડાની એક એકર જમીન હોવા અંગેના આધારો રજૂ કરેલ નથી.
(૩) શાળાના મેદાનની જમીન બિનખેતી થયેલ નથી.
(૪) શાળા મંડળે જે મકાન અથવા મકાન ભાડેથી દર્શાવેલ છે તે જમીન માલિકી હક્ક ધરાવતા તમામ માલિકે ભાડા કરાર કરી આપવાને બદલે એક જ વ્યક્તિએ ભાડા કરાર કરી આપેલ છે.
(૫) શાળા મકાનના ઉપયોગ/વપરાશનું પ્રમાણપત્ર (સક્ષમ સત્તાધિકારી માન્ય) ન હોવાના કારણે.
(૬) શાળનું મકાન શોપીંગ સેન્ટર/કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં આવેલું હોવાથી.
(૭) વિનિયમ-૯ (૧૩)(૨) ની જોગવાઈ અનુસાર ૪૦૦ ચો.ફુટ (૪૦ ચો. મીટર) ક્ષેત્રફળ ધરાવતા વર્ગખંડો ન હોવાથી.
(૮) શાળા મકાન સાથે રમતગમતના મેદાનની વ્યવસ્થા ન હોવાથી.
(૯) સૂચિત શાળા માટે દર્શાવેલ મકાનમાં અન્ય ગ્રાન્ટેડ સંસ્થા ટ્રસ્ટ દ્વારા ચલાવતી હોવાના કારણે.
(૧૦) ગ્રાન્ટેડ શાળાના મકાનમાં નોન ગ્રાન્ટેડ શાળા ચાલુ કરવાની દરખાસ્ત હોવાને કારણે.

**ભાવનગર જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૭૨૭ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત ૮૧૧ અરજીઓ મળી છે. |
| (૨) તે પેકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૭૩ અરજીઓ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે ? | (૩) ૨૬૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, જેના કારણો નીચે મુજબ છે. |

| | |
|---|---|
| ૧ | નિયત ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | વાર્ષિક આવક વધારે હોવાથી |
| ૩ | પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી |
| ૪ | નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ. |
| ૫ | અન્ય કારણોસર જેવા કે પુરાવાના અભાવે, ત્યક્તા હોવાથી વિગેરે. |

--------

**માંડલ-એદલા-રામપુરા-સંગપુરાનો રસ્તો દુરસ્ત કરવા અંગે**

૨૧૦૫૭ : **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર અમદાવાદ જિલ્લાના માંડલ-એદલા-રામપુરા-સંગપુરા રસ્તો રીસરફેસ કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ | (૨) મંજૂરી હેઠળ છે. |

આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને — (૩) મંજૂરી મળ્યેથી વહીવટી પ્રક્રિયા પુર્ણ કરી, શક્ય એટલુ વહેલું.

(૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ? — (૪) રૂા. ૪૫૦.૦૦ લાખ (સંભવિત)

--------

**ભાવનગર જિલ્લાના ખાસ મરામત માટેના રસ્તાના કામો**

૨૧૦૯૭ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર કર્યા, અને | (૧) ૩૨ રસ્તાઓ ૨૦૫૦.૫૦ લાખના |
| (૨) ઉક્ત તારીખે આ રસ્તાઓના કામો ક્યા તબક્કે છે ? | (૨) ૨૧ કામો પ્રગતિમાં, ૧૧ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

--------

**અમરેલી જિલ્લામાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને ફાળવેલ જમીન**

૨૦૬૩૬ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના રાજુલા વિસ્તારમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) **નીચે મુજબ જમીન ફાળવેલ છે.**<br>હે. ૭૪-૦૦-૦૦ ચો.મી. તા. ૨૨-૬-૯૩થી<br>હે. ૧૪-૫૪-૫૬ ચો.મી. તા. ૮-૧૨-૯૮થી<br>હે. ૦-૮૦-૯૪ ચો.મી. તા. ૨૮-૯-૯૯થી<br>હે. ૦-૪૦-૪૬ ચો.મી. તા. ૩-૬-૯૯થી<br>હે. ૧૧-૦૦-૭૫ ચો.મી. તા. ૧૯-૧૨-૯૯થી<br>હે. ૦૦-૮૦-૯૪ ચો.મી. તા. ૨૬-૮-૨૦૦૦થી<br>હે. ૧-૦૦-૦૦ ચો.મી. તા. ૭-૮-૦૬થી |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) કોઈ શરતભંગ થયેલ નથી. |

--------

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડા**

૨૦૨૪૯ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં તાલુકાવાર કેટલા ઓરડા જર્જરીત સ્થિતિમાં છે,

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં તાલુકાવાર જર્જરીત ઓરડાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૦૦ | ૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧૧ | ૨૯ |
| ૩ | બોરસદ | ૦૮ | ૩૨ |
| ૪ | આંકલાવ | ૦૦ | ૦૦ |
| ૫ | પેટલાદ | ૦૦ | ૦૦ |
| ૬ | સોજિત્રા | ૦૦ | ૦૦ |
| ૭ | ખંભાત | ૦૦ | ૦૦ |
| ૮ | તારાપુર | ૦૧ | ૦૧ |
| | કુલ : | ૨૦ | ૬૨ |

(૨) તે પૈકી ઉમરેઠ તાલુકામાં ક્યા ક્યા ગામે કેટલા જર્જરિત ઓરડાઓ છે,

(૨) ઉમરેઠ તાલુકામાં નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ છે.

| ક્રમ | પ્રાથમિક શાળાનું નામ | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ટીંબલીયાપુરા (ખોરવાડ) | ૨ |
| ૨ | તારાપુરા | ૫ |
| ૩ | ભાલેજ કન્યાશાળા | ૩ |

| | | |
|---|---|---|
| ૩ | ભાલેજ કન્યાશાળા | ૩ |
| ૪ | લક્ષ્મીપુરા (મેઘવા) | ૩ |
| ૫ | ઝલુખાંટની મુવાડી (અરડી) | ૧ |
| ૬ | અરડી | ૫ |
| ૭ | લાલપુરા (સુંદલપુરા) | ૨ |
| ૮ | રતનપુરા | ૧ |
| ૯ | અમીદાસપુરા (બેચરી) | ૧ |
| ૧૦ | ઘોરા | ૧ |
| ૧૧ | પે સેન્ટર શાળા ખોરવાડ | ૫ |
| | કુલ : | ૨૯ |

(૩) જર્જરિત ઓરડાઓ દૂર કરી નવા ઓરડા બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો શું આયોજન છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૪) જેમ બને તેમ જલ્દી.

--------

**અમદાવાદ જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ**

૨૧૦૬૮ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સોઇલ હેલ્થ કાર્ડની યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ?

**જવાબ**

કુલ ૧,૭૪,૦૪૪ ખેડૂતોના જમીનના નમૂના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૮૩૪૫૬ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે.

--------

**અમરેલી જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ**

૨૧૦૬૭ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સોઇલ હેલ્થ કાર્ડની યોજના હેઠળ અમરેલી જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ?

**જવાબ**

કુલ ૨,૧૦,૪૫૭ ખેડૂતોના જમીનના નમૂના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૭૩,૨૨૩ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે.

**છોટાઉદેપુર નગરપાલિકામાંથી પસાર થતાં રસ્તાને મંજૂરી**

૨૧૦૯૬ : **શ્રી ગુલસીંગભાઈ ર.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના છોટાઉદેપુર નગરપાલિકામાંથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવા સરકારે ક્યારે મંજૂરી આપી,

(૨) આ કામગીરી કેટલી લંબાઇમાં થનાર છે,

(૩) આ કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

(૪) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૯-૯-૨૦૧૦ના રોજ.

(૨) ૫.૦૦ કિ.મી. લંબાઈમાં.

(૩) રૂા. ૬૫૦ લાખ.

(૪) તા. ૩૦-૫-૨૦૧૧ સુધીમાં.

**મહેસાણા જિલ્લાની કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જ્ગ્યાઓ**

૨૧૨૮૨ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી હતી, અને

(૨) તે પૈકી તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી જ્ગ્યાઓ ભરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જ્ગ્યાઓ
સરકારી કોલેજો - ૨૮
અનુદાનિત કોલેજો - ૧૫

(૨) સરકારી કોલેજો - ૦૪
અનુદાનિત કોલેજો - ૦૨

--------

**જુનાગઢ જિલ્લામાં સરકારી કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગાઓ**

૨૧૨૭૮ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને

(૨) તે પૈકી તા.૧-૪-૧૦ થી ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જગ્યાઓ

સરકારી કોલેજો - ૩૨
અનુદાનિત કોલેજો - ૦૫

(૨) સરકારી કોલેજો - ૧૯
અનુદાનિત કોલેજો - ૦૦

**રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૨૧૦૭૯ : **શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતાં શિક્ષણ વિભાગના તા. ૦૩-૦૬-૨૦૧૦ના ઠરાવથી વિદ્યાર્થી શિક્ષક્ના રેશિયો બદલાતાં જગ્યાઓ વધવાથી નીચે મુજબની જગ્યાઓ ખાલી રહેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ આવી નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું, અને | (૩) ખરીદ કિંમત ભરપાઈ કરવા સંબંધે ગણોત ધારા સુધારાનું વિધેયક ચાલુ સત્રમાં મંજૂર થયેલ છે. જેને કાયદાનું સ્વરૂપ મળતા સરકારશ્રીના જાહેરનામા પછી બાકી ખરીદ કિંમત ભરપાઈ થતા ગણોતધારાની નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી શકાશે. |
| (૪) કેટલાં સમયમાં આવી કાર્યવાહી કરવામાં આવશે ? | (૪) મુદ્દા ક્રમાંક-૩ માં દર્શાવેલ કાર્યવાહી પૂર્ણ થયેથી. |

### ઉના ખાતે લોક અદાલત માટે બેઠક ખંડ બનાવવા મંજૂરી

૨૧૨૬૯ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાની ઉના સ્થિત કોર્ટમાં લોક અદાલત માટે બેઠક ખંડ બનાવવા માટે તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) કાયદા વિભાગ દ્વારા રૂપિયા ૪૩,૩૫,૩૦૦/- (રૂપિયા તેતાલીસ લાખ પાંત્રીસ હજાર ત્રણસો પુરા) ના નકશા અંદાજોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. કામ પૂર્ણતાના આરે છે. |

### ગાંધીનગર જિલ્લામાં ધો-૮ ના વર્ગો શરૂ કરવા બાબત

૨૧૦૮૦ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૦-૨૦૧૦ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે, | (૧) ૭૦ પ્રાથમિક શાળાઓમાં. |
| (૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં વર્ગો શરૂ કરવાના બાકી છે, અને | (૨) ૩૧૫ શાળાઓમાં. |
| (૩) તે ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) આગામી બે વર્ષમાં. |

### ગોધરા તાલુકાના રસ્તાની મરામત

૨૧૦૬૩ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ગોધરા મહેલોલ કાનોડ રોડને રીસરફેસ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૩) આ કામે ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : મહેલોલ કાનોડ રસ્તાની કુલ ૧૮.૪૦ કી.મી. લંબાઈ પૈકી જરૂરીયાતવાળી ૩.૪૦ કી.મી. લંબાઈમાં રૂ.૧૫૦ લાખના અંદાજી ખર્ચે કામગીરી કરવાનું આયોજન છે. ૧ કામ જુલાઈ-૨૦૧૦ માં મંજૂર થયેલ છે. જે પ્રગતિમાં છે, જ્યારે ૧ કામ મંજૂરી હેઠળ છે.

--------

### વલસાડ જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૦૭૨૮ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત ૪૪૧ અરજીઓ મળી છે.

(૨) ૨૯૨ અરજીઓ.

(૩) ૭૮ અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

૧. નિયત ઉંમર ધરાવતા ન હોવાથી.

૨. વાર્ષિક આવક વધારે હોવાથી.

૩. પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી.

૪. નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ.

૫. અન્ય કારણોસર જેવા કે પુરાવાના અભાવે ત્યક્તા હોવાથી વિગેરે.

--------

### બાબરા અને ખાંભા ખાતે કોર્ટના બિલ્ડીંગ બનાવવાનો ખર્ચ

૨૧૨૬૬ : **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના બાબરા અને ખાંભા ખાતે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોર્ટનું નવું બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) બાબરા ખાતે કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટેના ટેન્ડરો માંગવામાં આવેલ છે. જ્યારે ખાંભા ખાતે નવું કોર્ટ બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે.

(૨) બાબરા કોર્ટ બિલ્ડીંગના ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયામાં હોઈ ખર્ચ થયેલ નથી. જ્યારે ખાંભા કોર્ટ બિલ્ડીંગ માટે રૂ.૨,૭૦,૦૬,૯૧૪/- ખર્ચ થયેલ છે.

--------

**ખેડા જિલ્લાના આતરસૂંબા-છીપડી-સરસવણી રસ્તાના કામોને મંજૂરી**

૨૧૪૮૮ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના આતરસુંબા-છીપડી-સરસવણી રસ્તાના કામને ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) જો કામ બાકી હોય તો કામ પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧)

| લંબાઈ કી.મી.માં | મંજૂરીનું વર્ષ |
|---|---|
| ૧૦.૨૦ (૦/૦ થી ૧૦/૨) | ૧૯૯૮-૯૯ અને ૨૦૦૭-૦૮ |
| ૭.૮૦ (૧૩/૦૫ થી ૨૦/૮૫) | ૨૦૦૧-૦૨ |

(૨) મંજૂર થયેલ કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) મીસીંગ લીંક્ની જમીન સંપાદન, કોર્ટના મનાઈ હુકમ અંગે વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે તથા પુરતી બજેટ જોગવાઈ થયેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

**રાજુલા તાલુકાના જંત્રીના ભાવો**

૨૦૨૬૬ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકાના જંત્રીના ભાવો કેટલા ગામો માટે અનિર્ણિત રખાયેલ છે,

(૨) તેમાં ક્યા -ક્યા ગામો છે,

(૩) અનિર્ણિત રખાયેલ જંત્રીના ભાવે સામે જે-તે ગામના થતાં દસ્તાવેજો માટે ભાવો નક્કી કરવાની સત્તા કોની છે, અને

(૪) તે ભાવો ક્યા આધારે નક્કી કરવામાં આવે છે?

**જવાબ**

(૧) રાજુલા તાલુકાના હાલમાં અમલી જંત્રીમાં તમામ ગામોના ભાવો નક્કી થયેલ છે, તેથી કોઈ ગામની જંત્રી અનિર્ણીત રખાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા શહેર માટે બાયપાસ રસ્તા માટેનું આયોજન**

૨૧૦૮૪ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા શહેર પાસે બાયપાસ રસ્તો બનાવવા માંગે છે કે કેમ,

(૨) જોહા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તેના માટે શું આયોજન કરેલ છે, અને

(૩) આ કામ માટે કેટલો ખર્ચ થવાની સંભાવના છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વહીવટી મંજૂરી આપીને ટેન્ડર માંગેલ છે જે મંજૂરી પ્રક્રિયામાં છે.

(૩) અંદાજે રૂ.૧૧૩.૦૦ કરોડ.

--------

**સુરત જિલ્લામાં લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને ફાળવેલ જમીન**

૨૦૬૩૪ : **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હે. ૨૪૯-૦૬-૯૧ ચો.મી.

(૨) ના, જી.

## સાબરકાંઠા જિલ્લામાં એગ્રો કો.ઓ.માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને ફાળવેલ પડતર જમીન

૨૦૬૨૯ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નેશનલ એગ્રો કો.ઓ. માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) કુલ-૧૪૫૦૨૭૮ ચો.મી. સરકારી પડતર જમીન તા.૫-૧-૦૮ થી ૨૦ વર્ષના ભાડા પટે ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

૨૧૦૫૨ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં ધોરણ-૧૧ અને ૧૨ની સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સરકારી શાળાઓ છેલ્લા બે વર્ષમાં કેટલી ખોલવામાં આવી?

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રવાહની ધોરણ-૧૧ અને ૧૨ ની શાળાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૪ | ૦૨ | ૦૪ | ૧૦ |
| ૨ | ભરૂચ | ૦૩ | ૧૦ | ૨૭ | ૪૦ |
| | **કુલ :** | **૦૭** | **૧૨** | **૩૧** | **૫૦** |

(૨)

| ક્રમ | જિલ્લો | સરકારી | કુલ |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૦ | ૦૦ |
| ૨ | ભરૂચ | ૦૨ | ૦૨ |
| | **કુલ :** | **૦૨** | **૦૨** |

--------

## બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માતના વીમાની રકમ ચૂકવવા અંગે

૨૦૪૫૧ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા ખેડૂતોના અકસ્માતના કારણે મોત થયા,

(૨) આ પૈકી કેટલા ખેડૂતોને અકસ્માત વિમા યોજના હેઠળ લાભો આપવામાં આવ્યા,

(૩) કઈ વીમા કંપની તરફથી કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી હજુ કેટલા કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર નીચે મુજબ કુલ ૨૩૩ ખેડૂતોના અકસ્માતના કારણે મોત થયા અંગેની દાવા અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | અકસ્માતથી મૃત્યુની મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | થરાદ | ૩૪ |
| ૨ | વડગામ | ૩૧ |
| ૩ | કાંકરેજ | ૨૭ |
| ૪ | ડીસા | ૨૭ |
| ૫ | પાલનપુર | ૨૨ |
| ૬ | વાવ | ૨૧ |
| ૭ | ધાનેરા | ૧૯ |
| ૮ | દાંતા | ૧૪ |
| ૯ | દાંતીવાડા | ૧૧ |
| ૧૦ | અમીરગઢ | ૯ |
| ૧૧ | ભાભર | ૮ |
| ૧૨ | દિયોદર | ૧૦ |
| | **કુલ :** | **૨૩૩** |

(૨) ૧૪૩.

(૩) વીમા નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી રૂ.૧૪૩/- લાખ રકમની ચૂકવણી કરવામાં આવી, અને ૬૦ કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

(૪) વીમા નિયામકએ માંગેલ જરૂરી સાધનિક કાગળો તથા પૂર્તતા મૃતકના વારસદારો તરફથી પૂરા પાડવાની અને તેની ચકાસણીની કામગીરી ચાલુ હોવાના કારણોસર અરજીઓ બાકી રહેલ છે, જેની કાર્યવાહી પૂરી થયે ચૂકવણા અંગેની નિયમોનુસારની કાર્યવાહી સત્વરે કરવામાં આવશે.

--------

**વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ખેડૂતોની વારસાઈ એન્ટ્રી અન્વયે મળેલ અરજીઓ**

૧૯૯૫૩ **: શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં કેટલા ખેડૂતોની વારસાઈ એન્ટ્રી અન્વયેની અરજીઓ સરકારને મળી, | (૧) વર્ષ-૨૦૦૯ માં ૧૦૪૭<br>વર્ષ ૨૦૧૦ માં <u>૧૧૭૦</u><br>**કુલ : ૨૨૧૭** |
| (૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલી વારસાઈ એન્ટ્રી મંજૂર થઈ, અને | (૨) વર્ષ-૨૦૦૯ માં ૯૩૭<br>વર્ષ-૨૦૧૦ માં <u>૯૨૭</u><br>**કુલ : ૧૮૬૪** |
| (૩) ના મંજૂર થઈ હોય તેવી અરજીઓના કારણો શા છે? | (૩) નામંજૂર કરવામાં આવેલી ન હોઈ પ્રશ્ન નથી. |

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત અકસ્માત મૃત્યુ સહાય હેઠળ પડતર અરજીઓનો નિકાલ**

૨૧૨૮૮ **: શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડૂત અકસ્માત મૃત્યુ સહાય યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં વીમા સહાય અંગેની કેટલી અરજીઓ આવી, | (૧) કુલ ૨૩૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, | (૨) ૫૮. |
| (૩) આ અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને | (૩) વીમા નિયામક કક્ષાએ સ્કુટીની તથા જરૂરી સાધનિક કાગળોની ખેડૂતો તરફથી પૂર્તતાની કામગીરી ચાલુ હોઈ અરજીઓ પડતર છે. |
| (૪) આવી પડતર અરજીનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે? | (૪) અરજીઓ વીમા નિયામક પાસે મંજૂરી માટે છે, જેમાં વીમા નિયામક તરફથી માંગવામાં આવેલ પૂર્તતા મૃતકના વારસદારો દ્વારા થયેથી ટૂંક સમયમાં નિર્ણય લેવાનો રહે છે. |

--------

**ખેડા જિલ્લામાં માર્ક બાયો સાયન્સીસ લિ. ને ફાળવેલ જમીન**

૨૦૬૫૩ **: શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ માર્ક બાયો સાયન્સીસ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૪૬૮૭ ચોરસ મીટર જમીન તા.૧૫-૧૧-૦૬ ના હુકમથી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ? | (૨) હા, જી. |

--------

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફાળવેલ ગ્રાન્ટ

૧૯૯૫૨ **: શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે ક્યા ક્યા કામો માટે કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવી, અને

(૨) જે કામો માટે સરકારે ગ્રાન્ટ ફાળવેલ છે તે કામો પૂર્ણ થયા છે કે કેમ?

**જવાબ**

(૧) આ સાથે સામેલ પત્રક મુજબ.

(૨) ૧૮ કામ પૈકી ૯ કામ પૂર્ણ થયેલ છે. અને ૯ કામ ગતીમાં છે.

**પત્રક**

| ક્રમ | કામની વિગત | ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાન્ટ | | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| | | વર્ષ | ગ્રાન્ટ | |
| ૧ | ગુજરાતનો સર્વાંગી વિકાસ અને શ્રેષ્ઠીઓનો સર્વેક્ષણએ વિષય પ્રતિયોગીતા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૪૭,૦૦૦<br>- -<br>- -<br>- - | ૪૭,૦૦૦/- |
| ૨ | પી.જી. ડીપ્લોમા ઇન સોફીસટીકેટેડ ઇન્સ્ટ્રુમેન્ટેશન | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૬૯,૬૫,૦૦૦<br>- -<br>- -<br>- - | ૬૯,૬૫,૦૦૦/- |
| ૩ | યુ.એન.ડી.પી. પુરસ્કૃત યોજના | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>૨,૦૦,૦૦૦<br>૧,૫૦,૦૦૦<br>૫૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦/- |
| ૪ | નેશનલ કોન્સફરન્સ ઓન સ્પેક્ટ્રોસ્કોપી એન્ડ સ્ટેરઓ કેમેસ્ટ્રી અંગે સેમીનાર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>૩૫,૦૦૦<br>- -<br>- - | ૩૫,૦૦૦/- |
| ૫ | રિસર્ચ પ્રોજેક્ટર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૧,૫૨,૫૦૦<br>૧,૦૨,૦૦૦<br>- -<br>- - | ૨,૫૪,૫૦૦/- |
| ૬ | મરીન સાયન્સ મરીન ટેક્નોલોજી પ્રોજેક્ટ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૧૨,૧૯,૦૦૦<br>૬,૫૦,૦૦૦<br>- -<br>- - | ૧૮,૬૯,૦૦૦/- |
| ૭ | પ્લાન્ટ બાયોલોજી એન્ડ જીનેટીક એન્જીનીયરીંગ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૮૯,૮૨,૧૦૦<br>૨૯,૬૮,૯૦૦<br>- -<br>- - | ૧,૧૯,૫૧,૦૦૦/- |
| ૮ | પી.જી. ડીપ્લોમા ઇન ક્લીનીકલ ફાર્મસી એન્ડ એફીલીયેટેડ કોર્ષ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>૨૬,૦૦,૦૦૦<br>- -<br>- - | ૨૬,૦૦,૦૦૦/- |
| ૯ | ફોરમુલેશન ડેવલોપમેન્ટ ઓફ મુકોધેસીવ ઇન્સ્ટીટયુશન ફીલ્મ ફારમીંગ પીરીયોડીકલ ડ્રગ્સ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૫૦,૦૦૦<br>- - | ૫૦,૦૦૦/- |
| ૧૦ | વર્કશોપ ઓન એક્સરે | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૫૦,૦૦૦<br>- - | ૫૦,૦૦૦/- |
| ૧૧ | સ્વર્ણિમ ગુજરાત પ્રેરિત યુવક મહોત્સવનું આયોજન | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦ | - -<br>- -<br>૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦/- |

| ક્રમ | ક્રમની વિગત | ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાન્ટ | | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| | | વર્ષ | ગ્રાન્ટ | |
| | | ૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | - - | |
| ૧૨ | સ્ટુડન્ટ સાઇટેડ પ્રોજેક્ટ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | - -<br>- -<br>૪૦,૦૦૦<br>- - | ૪૦,૦૦૦/- |
| ૧૩ | યુનિવર્સિટીઓ વિશ્વ સ્તરની બનાવવા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | - -<br>- -<br>૧,૦૦,૦૦,૦૦૦<br>૧,૦૦,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦/- |
| ૧૪ | સીબીસીએસને અનુરૂપ નવા અભ્યાસક્રમો | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | - -<br>- -<br>૫૦,૦૦,૦૦૦<br>૧,૦૦,૦૦,૦૦૦ | ૧,૫૦,૦૦,૦૦૦/- |
| ૧૫ | ગુજરાતના કાઠીયાવાડી અશ્વોની એતિહાસીક બાબતો પર સંશોધનની યોજના | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | - -<br>- -<br>- -<br>૭,૪૦,૦૦૦ | ૭,૪૦,૦૦૦/- |
| ૧૬ | સેન્ટર ફોર ગવર્નન્સ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | ૭,૫૦,૦૦૦<br>- -<br>- -<br>- - | ૭,૫૦,૦૦૦/- |
| ૧૭ | જીપીએસકનેક્ટીવીટી સુવિધા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | - -<br>- -<br>- -<br>૬૦,૦૦,૦૦૦ | ૬૦,૦૦,૦૦૦/- |
| ૧૮ | લેંગ્વેજ લેબોરેટરી | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦<br>ની સ્થિતિએ | ૨,૫૦,૦૦૦<br>- -<br>- -<br>- - | ૨,૫૦,૦૦૦/- |

--------

**રાજકોટ જિલ્લામાં જી.આઈ.ડી.સી.ને ફાળવેલ જમીન**

૨૦૬૪૬ **: શ્રી જયેશભાઈ વી. રાદડિયા (ધોરાજી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જી.આઈ.ડી.સી.ને ઓદ્યોગિક વસાહત માટે કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હે.૪૨૫-૬૮-૬૪ ચો.મી. જમીન. ૧૯૭૦ થી ૨૦૦૮ સુધીમાં ફાળવવામાં આવી છે.

(૨) ના, જી.

--------

**લુણાવાડા તાલુકાના હાડોડ, કોલવણ અને નાસરોલીને જોડતા રસ્તાઓની સુધારણા**

૨૧૬૮૨ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં હાડોડ, કોલવણ, નાસરોલી રોડ બે જિલ્લાની સરહદને જોડતો રસ્તો બીલકુલ બીસ્માર હાલતમાં છે, તેની સરકારને જાણ છે ખરી, અને

(૨) જો હા, તો આ રસ્તાની બીસ્માર હાલતની

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાનાં લુણાવાડા તાલુકામાં હાડોડ, કોલવણ, નાસરોલી રોડની જરૂરી મરામત કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) હાડોડથી કોલવણ, ગ્રામ્ય માર્ગ કિ.મી. ૪.૨૦

સુધારણાનું કામ સરકાર ક્યારે હાથ ધરવા માગે છે?

લંબાઇમાં રસ્તાને રીસરફેસ કરવાનું વિચારણામાં છે.

--------

**વડનગર તાલુકાના ઉંડણથી ફૂલાસણને જોડતા પુલ અંગે દરખાસ્ત**

૨૦૫૬૯ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડનગર તાલુકામાં સાબરમતી નદી ઉપર ઉંડણથી ફૂલાસણને જોડાણને જોડતો પુલ બનાવવા અંગેની કોઈ દરખાસ્ત સરકારને મળેલ છે,

(૨) જો હા, તો તે હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તે અંગેની કામગીરી ક્યારે હાથધરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : સાબરમતી નદી પર માંગણીવાળા સ્થળથી નીચાણ વાસમાં ૩ કિ.મી.ના અંતરે રાજ્ય ધોરીમાર્ગ પર બ્રીજ આવેલ છે. જેથી હાલ આયોજન નથી.

--------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ટાટા ઉદ્યોગગૃહને પ્રોજેક્ટ માટે ફાળવેલ જમીન**

૨૦૬૨૯ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગગૃહ ટાટાને ક્યા ક્યા પ્રોજેક્ટો માટે કેટ કેટલી જમીન રાજ્ય સરકારે ક્યારે ક્યારે ફાળવેલી છે,

(૨) આ ફાળવાયેલી જમીનમાં શરતોનું સંપૂર્ણપણે પાલન થાય તે અંગેની કોઈ ચકાસણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે ક્યારે અને કોના કોના મારફત ચકાસણી થયેલ છે?

**જવાબ**

(૧) નીચે મુજબ જમીન ફાળવી છે.

| જિલ્લો | એકમનું નામ | હેતુ | ફાળવેલ જમીન ચો.મી. | હુકમની તારીખ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ટાટ કન્સલટન્સી સર્વીસીસ લી. | આઈ.ટી. પ્રોજેક્ટ માટે | ૧,૦૧,૧૭૧,૪૦<br>૨૦૨૩.૪૩ | ૨-૩-૦૭<br>૧૩-૬-૦૭ |
| અમદાવાદ | ટાટા મોટર્સ લી. | નેનો કાર પ્રોજેક્ટ માટે | ૪૪,૫૧,૭૦૦ | ૧૦-૧૧-૦૮ |

(૨) હા જી.

(૩) ગાંધીનગરના કિસ્સામાં ગુડા ધ્વારા તા.૧૭-૨-૧૧ થી અને અમદાવાદમાં નાયબ કલેક્ટરશ્રી ધોળકા પ્રાંત મારફત તા.૩-૨-૧૧ થી ચકાસણી થયેલ છે.

**નવસારી જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે જમીન**

૨૧૦૪૦ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો સ્થાપવા માટે કોઈ સરકારી જમીન ફાળવવામાં આવેલ છે.

(૨) જો હા, તો કોને ફાળવવામાં આવેલ છે, અને

(૩) કેટલી જમીન ફાળવવામાં આવેલ છે.

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન લી. કબીલપોર, તા.જી. નવસારીને ફાળવવામાં આવેલ છે.

(૩) કુલ હે. ૧-૯૬-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લાના નાગેશ્રી ગામથી ઉના સુધીના રસ્તાની મરામતના કામો બાબતે**

૨૦૫૫૭ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નેશનલ હાઈવે નં-૮-ઈમાં અમરેલી જિલ્લાનાં જાફરાબાદ તાલુકાનાં નાગેશ્રી ગામથી જુનાગઢ જિલ્લાના ઉના સુધીનો રસ્તો તા. ૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકિક્ત સરકાર જાણે છે.

(૨) જો હા, તો આ રોડને મરામત કરવાનું કામ ઉપરોક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

**જવાબ**

(૧), (૨) અને (૩) : નેશનલ હાઈવે નં. ૮-ઈ માં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રીગામ (કી.મી. ૧૫૦/૦) થી જુનાગઢ જિલ્લાના ઉના (કી.મી. ૧૮૫/૦) વચ્ચેની ૩૫.૦૦ કી. મી. લંબાઈ પૈકી ૨૪.૬૧ કી.મી. ની ખરાબ લંબાઈમાં સુધારણા/મજબુતીકરણની કામગીરી પ્રગતિમાં છે. જે

(૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે? — સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે બાકી રહેતી લંબાઈ વાહનવ્યવહાર માટે યોગ્ય છે.

**અમદાવાદ જિલ્લામાં ભારત હોટસ લિ. ને સરકારી પડતર જમીનની ફાળવણી**

૨૦૬૨૮ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભારત હોટલ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૨૧૩૦૦ ચો.મી. તા. ૧૧-૧૧-૦૫ થી અને ૪૪૨૪ ચો. મી. તા. ૧૭-૧૧-૦૮ થી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ? | (૨) હા, જી. |

**કોલેજોના આચાર્યો માટે તાલીમ કાર્યક્રમ**

૨૧૨૮૦ : **શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા કે.સી.જી. મારફત વર્ષ-૨૦૧૦ દરમ્યાન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યો માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજ્યા, | (૧) ૧૯ (ઓગણીસ) |
| (૨) તેમાં કેટલા આચાર્યોએ ભાગ લીધો, અને | (૨) ૫૩૬ (પાંચસો છત્રીસ) |
| (૩) આ તાલીમ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૧૦માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂા. ૨૧,૪૩,૬૦૨ |

**સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ખાતર વિતરણ કેન્દ્રો**

૧૯૯૧૬ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ખાતરનું વિતરણ કરવા કેટલા કેન્દ્રો આવેલા છે, અને

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | ખાતર વિતરણ કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચુડા | ૨૩ |
| ૨ | દસાડા (પાટડી) | ૩૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧૦૦ |
| ૪ | હળવદ | ૮૦ |
| ૫ | ચોટીલા | ૬૦ |
| ૬ | લખતર | ૪૫ |
| ૭ | લીમડી | ૩૪ |
| ૮ | મુળી | ૬૮ |
| ૯ | સાયલા | ૪૦ |
| ૧૦ | વઢવાણ | ૧૦૭ |
| | **કુલ** | **૫૯૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આવા ખાતરના કેન્દ્રો વધુ ખોલવા સરકારનું આયોજન શું છે? | (૨) સ્થાનિક જરૂરીયાત પ્રમાણે વિતરણ કેન્દ્રોની પરવાનગી આપવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને અધિકૃત કરેલ છે. |

**અમદાવાદ જિલ્લાના અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈ-સાધન સહાય મેળવવા મળેલ અરજીઓ**

૧૯૯૫૬ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈના સાધનોમાં સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) ૩૭૩ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલાની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૭૩ અરજીઓ. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૯,૭૫,૦૦૦/-. |

--------

### સોનગઢ-ભાવનગર રસ્તો પહોળો કરવા બાબત

૨૧૦૬૧ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોનગઢથી ભાવનગર રાજ્ય ધોરીમાર્ગ પહોળો કરવાનું કામ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ પ્રગતિમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કામાં છે, | (૨) ૨૩.૨ કિ.મી. લંબાઈ પૈકી ૪.૩૫ કિ.મી. લંબાઈની કામગીરી પૂર્ણ, અન્ય કામગીરી પ્રગતિમાં. |
| (૩) આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૧૧૪.૪૩ લાખ. |
| (૪) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) કરારખત મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

### સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન

૨૧૧૧૧ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન માટે કઈ જંત્રી મુજબની વેલ્યુ નક્કી થયેલ છે, અને | (૧) સ્ટેમ્પડ્યુટી વેલ્યુએશન માટે એ.એસ.આર-૨૦૦૬ કે જેનો અમલ તા. ૧-૪-૨૦૦૮થી સમગ્ર રાજ્યમાં થયેલ છે તે મુજબ વેલ્યુ નક્કી થાય છે. |
| (૨) જંત્રીમાં ફેરફાર કરવાની સરકારની કોઈ કાર્યવાહી શરૂ થયેલ છે કે કેમ? | (૨) હા. |

### અમરેલી જિલ્લામાં નેટન્કો વિન્ડ પાવર પ્રા.લિ. ને ફાળવેલ જમીન

૨૦૬૩૭ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં બાબરા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ નેટન્કો વિન્ડ પાવર લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) કુલ ૧૬૨૦૦૦ ચો.મી. સરકારી પડતર જમીન તા. ૮-૫-૦૭ થી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ? | (૨) ના, જી. |

### આણંદ જિલ્લામાં પશુ દવાખાના

૨૦૨૫૦ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં દુધાળા અને ખેતી-ઉપયોગી પશુઓની સંખ્યાને અનુલક્ષીને કેટલા પશુ દવાખાના હોવા જોઈએ, | (૧) જિલ્લામાં દુધાળા અને ખેતી-ઉપયોગી પશુઓની સંખ્યાને અનુલક્ષીને પશુ દવાખાનાની સંખ્યા અંગે કોઈ નિયત ધોરણો નથી. |
| (૨) હાલ કેટલા પશુ દવાખાના ક્યા ક્યા સ્થળે આવેલા છે, | (૨) ૧૩ પશુ દવાખાના આણંદ જિલ્લાના આણંદ, વાસદ, ઉમરેઠ, બોરસદ, ભાદરણ, દહેવાણ, આંકલાવ, ખંભાત, તારાપુર, પેટલાદ, બાંધણી, સોજીત્રા અને મઘરોલ સ્થળે આવેલા છે. |
| (૩) હયાત દરેક પશુ દવાખાનામાં નિયમ મુજબ કેટલું મહેકમ હોવો જોઈએ, કેટલું મહેકમ છે, અને | (૩) હયાત દરેક પશુ દવાખાનામાં કેટલું મહેકમ હોવુ જોઈએ તે નિયત થયેલ નથી ઉપલબ્ધ ાહેકમની વિગત નીચે મુજબ છે. |

| અ.નં. | પશુ દવાખાનાનું સ્થળ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા/ એટેન્ડન્ટ |
|---|---|---|---|---|
| | | ઉપલબ્ધ મહેકમ | ઉપલબ્ધ મહેકમ | ઉપલબ્ધ મહેકમ |
| ૧ | આણંદ | ૧ | ૦ | ૧ |
| ૨ | વાસદ | હવાલો પ.ચિ.અ. આણંદ | ૦ | ૦ |
| ૩ | ઉમરેઠ | ૧ | ૦ | ૦ |
| ૪ | બોરસદ | ૧ | ૦ | ૧ |
| ૫ | ભાદરણ | હવાલો પ.ચિ.અ. બોરસદ | ૧ | ૦ |
| ૬ | દહેવાણ | હવાલો પ.ચિ.અ. બોરસદ | ૦ | ૦ |
| ૭ | આંકલાવ | ૧ | ૦ | ૧ |
| ૮ | ખંભાત | હવાલો પ.ચિ.અ. પેટલાદ | ૧ | ૧ |
| ૯ | તારાપુર | હવાલો પ.ચિ.અ. સોજીત્રા | ૦ | ૧ |
| ૧૦ | પેટલાદ | ૧ | ૧ | ૧ |
| ૧૧ | બાંધણી | હવાલો પ.ચિ.અ. પેટલાદ | ૦ | ૦ |
| | સોજીત્રા | ૧ | ૧ | ૧ |
| ૧૩ | મઘરોલ | હવાલો પ.ચિ.અ. | ૦ | ૦ |

(૪) સરકાર કેટલા સમયમાં પૂરતા દવાખાના, પૂરતા મહેકમ સાથે પ્રજાની સેવામાં મૂક્વા માંગે છે?

| | | | | |
|---|---|---|---|---|
| | | સોજીત્રા | | |

(૪) આણંદ જિલ્લામાં ૧૩-પશુ દવાખાના ઉપરાંત ૧-વેટરનરી પોલીક્લીનિક, ૪-શાખા પશુ દવાખાના તથા ૨૦ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો મળી કુલ-૩૮ સારવાર કેન્દ્રો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

--------

## ભાવનગર જિલ્લામાં આર.કે.ઈન્ડસ્ટ્રીઝને ફાળવેલ જમીન

૨૦૬૬૦ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આર. કે. ઈન્ડસ્ટ્રીઝને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) કુલ ૧૦,૦૦૦ ચો.મી.
સરકારી પડતર જમીન તા. ૩૧-૧૨-૦૬ થી ફાળવવામાં આવી.

(૨) ના, જી.

## આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શોચાલય અને પીવાના પાણીની સુવિધાઓ બાબત

૧૯૯૨૬ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં શોચાલય અને પીવાના પાણી ન હોય તેવી કેટલી શાળાઓ છે, અને

(૨) આવી સુવિધાઓ સરકાર કેટલા સમયમાં પૂરી પાડવા માંગે છે ?

**જવાબ**

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કચ્છ જિલ્લામાં પશુ ચિકિત્સક અને પશુધન નિરીક્ષકોની મંજૂર થયેલ જગ્યાઓ

૧૯૯૨૦ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં પશુપાલન વિભાગ તરફથી પશુ ચિકિત્સક અને પશુધન નિરીક્ષકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી નિમણૂક આપેલ છે, અને

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) અ. પશુ ચિકિત્સક, વર્ગ-૨ની ૩૭ જગ્યાઓ.
બ. પશુધન નિરીક્ષક વર્ગ-૩ની ૯૬ જગ્યાઓ.

(૨) અ. પશુ ચિકિત્સક, વર્ગ-૨ની ૧૮ (અઢાર) જગ્યાઓ પર અને
બ. પશુધન નિરીક્ષક વર્ગ-૩ની ૧૯ (ઓગણીસ) જગ્યાઓ પર નિમણૂક આપેલ છે.

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી.

## બાલાસિનોર તાલુકાના કઠેયા ગામે પુલ બાંધકામ

૨૧૬૬૬ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના, બાલાસિનોર તાલુકાના ખારવા કોતર પર કઠેયા ગામે પુલનું બાંધકામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને

(૨) ક્યારે આ પૂલનું બાંધકામ શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ખારવા કોતર પર કઠેયા ગામે પૂલનું બાંધકામ જુલાઇ-૨૦૧૦માં મંજૂર કરેલ છે.

(૨) કામનો વર્કઓર્ડર તા. ૩-૩-૧૧થી આપેલ છે. કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ૧૫ માસની છે.

--------

**ભરૂચ જિલ્લામાં ઓદ્યોગિક એકમો માટે જમીન સંપાદન**

૨૦૬૨૩ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં દહેજ વિસ્તારમાં ઓદ્યોગિક એકમો માટે જમીન સંપાદન અન્વયે ખેડૂતોની કોઈપણ પ્રકારની સહમતી વિના જમીનો સંપાદન થઈ છે, તે હકિક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ખેડૂતોની સહમતી વિના આવી કેટલી જમીન શા ભાવે સંપાદન થઈ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સંપાદન થયેલ જમીન ઓદ્યોગિક એકમોને શા ભાવે આપવામાં આવી ? | (૩) પ્રતિ ચો.મી.ના રૂ. ૫૫૦/- ના ભાવે. |

**પાટણ જિલ્લામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૧૯૯૩૫ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧)

| વિભાગ | ખાલી જગ્યા | વિષય | |
|---|---|---|---|
| માધ્યમિક | ૦૪ | સમાજવિદ્યા | ૦૨ |
| | | ગુજરાતી | ૦૧ |
| | | ગણિત/વિજ્ઞાન | ૦૧ |
| ઉચ્ચત્તર માધ્યમિક | ૦૩ | અંગ્રેજી | ૦૧ |
| | | ઉદ્યોગ | ૦૨ |

(૨) આવી ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) જેમ બને તેમ જલ્દી.

--------

**ભરૂચ જિલ્લામાં ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ને ફાળવેલ જમીન**

૨૦૬૬૧ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) હે. ૧૨૬૩-૦૦-૧૭ ચો.મી. જમીન તા. ૧૬-૮-૦૭ થી ફાળવેલ છે. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ? | (૨) ના, જી. |

--------

**રાજ્યમાં કમોસમી વરસાદથી થયેલ નુક્સાનનું વળતર**

૨૦૦૭૮ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦માં પડેલા કમોસમી વરસાદના કારણે અમરેલી, ભાવનગર અને પોરબંદર જિલ્લાઓમાં ક્યા ક્યા કૃષિ પાકને કેટ કેટલું નુક્સાન તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં થયુ,

**જવાબ**

(૧) થયેલ પ્રાથમિક અંદાજીત નુક્સાનની વિગત

| જિલ્લો | પાકનું નામ | થયેલ અંદાજીત નુક્સાન (રૂા. લાખમાં) |
|---|---|---|
| અમરેલી | કપાસ | ૪૬૨૨૧ |
| ભાવનગર | કપાસ | ૪૧૫૬૬ |
| | મગફળી | ૮૭૨ |
| પોરબંદર | કપાસ | ૩૫૭૧ |
| | મગફળી | ૧૪૦ |
| | એરંડા | ૦૧ |
| પોરબંદર | જુવાર | ૫૧ |

| | | |
|---|---|---|
| | મગ | ૩૩ |
| | ઘઉં | ૬૯ |
| | ચણા | ૧૭૭ |

(૨) થયેલા આ નુક્સાન બાબતે રાજ્ય સરકાર દ્વારા સર્વે કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું અને તેનો અહેવાલ સરકારને ક્યારે મળ્યો, અને

(૩) નુક્સાન પેટે કેટલું વળતર ચૂકવવામાં આવ્યુ?

(૨) નુક્સાની અંદાજ ડીસેમ્બર-૨૦૧૦માં મળેલ હતો.

(૩) Calamity Relief Fund (આપત્તિ રાહત ભંડોળ) હેઠળના ધારાધોરણો મુજબ નુક્સાન સામે રાહત ચૂકવવામાં આવશે.

**બાલાચડી સૈનિક શાળાથી યાકુબપીર સુધીના રસ્તાનું સમારકામ**

૨૦૧૧૧ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાની બાલાચડી સ્કૂલથી યાકૂબપીર જવાના રસ્તાને ડામર સપાટી કરવાનું કામ ક્યા તબક્કે છે,

(૨) ડામર સપાટી કરવાનું કામ પૂર્ણ કરવા માટે શું આયોજન કરેલ છે, અને

(૩) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રસ્તાનું ડામરકામ મંજુર થયેલ નથી.

**રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને આપવામાં આવતું માનદ વેતન**

૧૯૯૩૨ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગરને માનદ વેતન પેટે કેટલી રકમ આપવામાં આવે છે,

**જવાબ**

(૧) આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને માનદ વેતન તરીકે નીચે મુજબ આપવામાં આવે છે.

| અ. નં. | આંગણવાડી વર્કર | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | આંગણવાડી વર્કર | | | |
| (૧) | નોન મેટ્રીક રૂા. ૯૩૮ | રૂા. ૧૪૩૮ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૪૩૮ |
| (૨) | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા. ૯૬૯ | રૂા. ૧૪૬૯ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૪૬૯ |
| (૩) | નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૦૦ |
| (૪) | મેટ્રીક રૂા. ૧૦૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૦૦ |
| (૫) | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૩૧ | રૂા. ૧૫૩૧ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૩૧ |
| (૬) | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૬૩ | રૂા. ૧૫૬૩ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૬૩ |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂા. ૭૫૦ | રૂા. ૨૫૦ | રૂા. ૧૦૦૦ |
| તેડાગર | | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
| | | રૂા. ૭૫૦ | રૂા. ૫૦૦ | રૂા. ૧૨૫૦ |

(૨) આ માનદ વેતનમાં વધારો કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણીઓ સરકારને મળી, અને

(૨) આવી કોઈ માંગણી મળેલ નથી.

(૩) મળેલ માંગણીઓ અન્વયે માનદ વેતનમાં

(૩) આવી કોઈ માંગણી મળેલ નથી. પરંતુ રાજ્ય

વધારો આપવામાં આવ્યો છે કે કેમ, અને કેટલી રકમનો?

સરકાર દ્વારા તા. ૨૯-૪-૨૦૧૦ના ઠરાવથી વર્ષ ૨૦૧૦ માં નીચે મુજબનો વધારો આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| આંગણવાડી વર્કર | - | રૂા. ૫૦૦ |
| આંગણવાડી તેડાગર | - | રૂા. ૨૫૦ |
| મીની આંગણવાડી કાર્યકર- | | રૂા. ૨૫૦ |

--------

**પંચમહાલ જિલ્લામાં ઈ-ધરાની કામગીરી**

૨૧૦૧૪ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ઈ-ધરા મારફત સાત-બાર તથા ૮-એ વેચાણ એન્ટ્રીની નોંધ ગામે તલાટી/પંચાયતની કચેરીએથી કરવામાં આવે છે કે કેમ,

(૧) ના, જી.

(૨) ઈ-ધરા ની કામગીરીથી ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો વંચિત છે, અને

(૨) કોઈ ગ્રામ પંચાયત વંચિત નથી.

(૩) આ વંચિત ગામોને કેટલા સમયમાં આવી સુવિધા આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં નવી સરકારી કોલેજો**

૨૧૨૭૨ **: શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૧) એક પણ નહીં.

(૨) આ કોલેજો શરૂ કરવા માટે કેટલો ખર્ચ થયો?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કચ્છ જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ મંજૂર થયેલ કામો**

૧૯૮૬૨ **: શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન નાબાર્ડ યોજના હેઠળ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા શરૂ કરવામાં આવ્યા,

(૩) કેટલા પૂર્ણ થયા, અને

(૪) કુલ કેટલો ખર્ચ થયો?

(૧) થી (૪) : નાબાર્ડ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કોઈ કામ મંજુર થયેલ નથી. પરંતુ અગાઉ મંજુર થયેલ ૬૪ રસ્તાના કામો રૂા. ૪૭.૫૪ કરોડના ખર્ચે આ સમયગાળા દરમ્યાન પૂર્ણ કરવામાં આવેલ છે અને ૧ કામ હાલ પ્રગતિમાં છે.

**દાહોદ તાલુકામાં કૃષિ ધિરાણ મંડળીઓ**

૨૦૧૮૯ **: શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ તાલુકામાં કુલ કેટલી કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ હયાત છે,

(૧) ૨૧.

(૨) આ કૃષિ ધિરાણ સહકારી મંડળીઓને વૈદ્યનાથન સમિતિની ભલામણો મુજબ કુલ કેટલી રકમની સહાય મળેલ છે, અને

(૨) રૂા. ૧,૩૭,૬૫,૪૦૯/-.

(૩) મંડળીવાર કેટલી રકમ મળેલ છે?

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ તાલુકામાં મંડળીવાર મળેલ સહાયની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | મંડળીનું નામ | મળેલ સહાયની રકમ |
|---|---|---|
| ૧ | ધી રાણાપુર સે.સ.મં.લી. | ૧૪,૦૬,૫૬૨ |
| ૨ | ધી મુવાલીયા સે.સ.મં.લી. | ૩૩,૯૭,૮૧૨ |
| ૩ | ધી રાજપુર ખરેડી સે.સ.મં.લી. | ૧૩,૦૭,૧૮૦ |
| ૪ | ધી ધામરડા સે.સ.મં.લી. | ૫૫,૧૯,૦૪૪ |
| ૫ | ધી તરવાડીયા સે.સ.મં.લી. | ૩,૪૭,૩૧૦ |
| ૬ | ધી ચંદવાણા સે.સ.મં.લી. | ૯,૦૭,૯૫૦ |
| ૭ | ધી વણભોરી સે.સ.મં.લી. | ૮,૭૯,૫૫૧ |
| | **કુલ સરવાળો :** | **૧,૩૭,૬૫,૪૦૯** |

--------

## ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાની ઘટ

૨૧૫૦૬ **: શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાની સંખ્યા કેટલી છે, | (૧) ૨૯. |
| (૨) તેમાં કોઈ ઘટ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તે ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધાં છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## કચ્છ જિલ્લાના વર્ષામેડી ગાંધીધામ રસ્તાને પહોળો કરવાનું આયોજન

૨૧૦૯૩ **: શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અંજાર અને ગાંધીધામ તાલુકાના વર્ષામેડી ગાંધીધામ એરોડ્રામ રસ્તાને પહોળો કરવાનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) તા. ૧૭/૧૨/૨૦૧૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૪૦૦ લાખ |

## બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝરને ફાળવેલ જમીન

૨૦૬૩૯ **: શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર કોર્પોરેશનને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) હે. ૪૭૩૨૬૫૫ ચો.મી. જમીન તા. ૨૨-૦૬-૦૭ થી ભાડા પટ્ટે આપેલ છે. |
| (૨) તે પેકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

--------

## નવસારી અને વલસાડ જિલ્લામાં જમીન-મકાન પચાવી પાડવા અંગે

૨૦૭૫૫ **: શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં બોગસ દસ્તાવેજો અને ખોટી રીતે જમીનો-મકાનો પચાવી પાડવાના કેટલા કિસ્સાઓ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના ધ્યાને આવ્યા, અને | (૧) નવસારી-શૂન્ય. કોઈ કિસ્સા ધ્યાને આવેલ નથી. વલસાડ-૭ (સાત) કિસ્સા ધ્યાને આવેલ છે. |
| (૨) ખોટી રીતે થતા આવા દસ્તાવેજો સબબ કેટલા ઈસમો સામે ફરીયાદો કરવામાં આવી છે ? | (૨) ૧૬ (સોળ) ઈસમો સામે ફરીયાદ કરવામાં આવેલ છે. |

--------

### ખેડા જિલ્લામાં માર્ક બાયો સાયન્સીસ લી. ને ફાળવેલ જમીન

૨૦૬૩૩ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ માર્ક બાયો સાયન્સીસ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૪૬૮૭ ચોરસ મીટર જમીન તા. ૧૫-૧૧-૦૬ ના હુકમથી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

--------

### ભરૂચ જિલ્લામાં ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. ને ફાળવેલ જમીન

૨૦૬૩૨ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) હે. ૧૨૬૩-૦૦-૧૭ ચો.મી. જમીન તા. ૧૬/૮/૦૭ થી ફાળવેલ છે. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

### ધોળકા અને ધંધુકા તાલુકામાં તળાવો ઉંડા કરવા બાબત

૨૦૯૭૯ : **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા શહેર અને ધંધુકા તાલુકામાં તળાવો ઊંડા કરવા માટે કેટલી રકમ ફાળવવામાં આવી, | (૧) ધોળકા શહેરમાં રૂપિયા ૩.૩૦ લાખ અને ધંધુકા તાલુકામાં રૂપિયા ૧૨૮.૯૬ લાખની રકમ તળાવો ઊંડા કરવા માટે ફાળવવામાં આવી. |
| (૨) તે અન્વયે ક્યા ક્યા તળાવો વર્ષવાર ઊંડા કરવામાં આવ્યા, કેટલા તળાવો ઊંડા કરવાના કામો ઉક્ત સ્થિતિએ બાકી છે, અને | (૨) ધોળકા શહેરમાં ૧ અને ધંધુકા તાલુકામાં ૩૬ તળાવો ઊંડા કરવામાં આવ્યા, વર્ષવાર ઊંડા કરવામાં આવેલ તળાવોની માહિતી અંગેનું પત્રક-૧ સામેલ છે. ઉક્ત સ્થિતિએ તળાવો ઊંડા કરવાના બાકી નથી. |
| (૩) આ તળાવો ઊંડા કરવા પાછળ કેટલો ખર્ચ થયો ? | (૩) રૂપિયા ૧૩૨.૨૬ લાખ |

**પત્રક-૧**

| અ.નં. | તાલુકો | ગામ | સર્વે નંબર | ખર્ચ | વર્ષ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | બુરાનપુરા | ૧૬૨/૨પી | ૪૫૧૧૯૧ | **ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૦** | |
| ૨ | ""-"" | કમીયાળા | ૧૨૦ | ૪૩૨૫૮૨ | ""-"" | |
| ૩ | ""-"" | ઉંમરગઢ | ૨૯૬ | ૨૩૯૯૯૦ | ""-"" | |
| ૪ | ""-"" | ભડીયાદ | ૪૭૨ | ૪૪૯૧૨૮ | ""-"" | |
| ૫ | ""-"" | હરીપુરા | ૧૬૨/૨ | ૪૩૭૧૪૫ | ""-"" | |
| ૬ | ""-"" | ગાંફ | ૩૨૧ | ૩૩૩૦૭૬ | ""-"" | |
| ૭ | ""-"" | પીપળી | ૨/૧/પી૧ | ૪૪૫૬૪૮ | ""-"" | |
| ૮ | ""-"" | વાલીન્ડા | ૨૫૬//૧એ૧ | ૪૨૮૭૮૫ | ""-"" | |
| ૯ | ""-"" | ગોરાસુ | ૧ | ૩૩૪૪૯૨ | ""-"" | |
| ૧૦ | ""-"" | મોરશીયા | ૪૯/૧ | ૨૬૨૮૩૩ | ""-"" | |
| ૧૧ | ""-"" | અણીયાળી ભીમજી | ૩૭૭ | ૧૭૯૬૧૪ | ""-"" | |
| ૧૨ | ""-"" | સાલાસર | ૭૦ | ૩૯૨૭૮૪ | ""-"" | |
| ૧૩ | ""-"" | આકરૂ | ૨૩૭ | ૧૭૮૦૪૦ | ""-"" | |
| ૧૪ | ""-"" | રાયસંગગઢ | ૪૯૭ | ૨૦૮૯૭૮ | ""-"" | |
| ૧૫ | ""-"" | પીપળ | ૨૧૯ | ૨૫૮૬૮૨ | ""-"" | |
| ૧૬ | ""-"" | ઉમરગઢ | ૪૦૪ | ૪૫૨૨૭૦ | ""-"" | |
| ૧૭ | ""-"" | ગાંફ | ૪૪૭ | ૪૫૧૫૦૯ | ""-"" | |
| ૧૮ | ""-"" | ઝાંઝરકા | ૧૧૯ | ૧૩૨૭૬ | ""-"" | |
| ૧૯ | ""-"" | કોઠડીયા | ૧૦૬+૧૦૭ | ૩૫૭૬૫૪ | ""-"" | |

| અ.નં. | તાલુકો | ગામ | સર્વે નંબર | ખર્ચ | વર્ષ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | ""-"" | બાજરડા | ૩ | ૨૪૭૦૩૬ | ""-"" | |
| ૨૧ | ""-"" | મોટા ત્રાડીયા | ૧૭૦ | ૪૧૩૮૭૭ | ""-"" | |
| **ધંધુકાનું કૂલ** | | | | ૬૯૬૮૫૯૦ | | |
| ૨૨ | ધોળકા | ધોળકા | ૧૦૧૮ | ૩૩૦૦૧૭ | ""-"" | |
| **ધોળકાનું કૂલ** | | | | ૩૩૦૦૧૭ | ""-"" | |
| ૨૩ | ધંધુકા | ગાંફ | ૫૭૯ | ૩૫૦૯૯૦ | **ફેબ્રુ-૧૦ થી જાન્યુ-૧૧** | |
| ૨૪ | ""-"" | ધનાળા | ૩૫૫ | ૨૩૩૧૨૨ | ""-"" | |
| ૨૫ | ""-"" | કાસીન્દ્રા | ૧૯૨એપી ૨ | ૩૭૫૮૫૮ | ""-"" | |
| ૨૬ | ""-"" | પડાણ | ૧૬૩ | ૧૯૮૯૪૪ | ""-"" | |
| ૨૭ | ""-"" | મુંડી | ૧૫૫ | ૩૭૫૭૪૬ | ""-"" | |
| ૨૮ | ""-"" | બાવળીયારી | ૧૩૪ | ૭૫૩૮૩૧ | ""-"" | |
| ૨૯ | ""-"" | કામાતળાવ | ૨ | ૬૬૫૬૩૩ | ""-"" | |
| ૩૦ | ""-"" | ખસ્તા | ૧૫૫/૨પી | ૩૭૫૧૧૧ | ""-"" | |
| ૩૧ | ""-"" | કમીયાળા | ૨૪૩ | ૩૭૩૫૮૨ | ""-"" | |
| ૩૨ | ""-"" | રાયસંગગઢ | ૪૩૬ | ૩૭૦૯૭૮ | ""-"" | |
| ૩૩ | ""-"" | ઓતારીયા | ૧૮૧+૧૮૨ | ૩૬૫૫૫૬ | ""-"" | |
| ૩૪ | ""-"" | કોઠડીયા | ૧ | ૩૭૨૨૩૨ | ""-"" | |
| ૩૫ | ""-"" | અડવાળ | ૯૭૩ | ૩૭૨૧૬૪ | ""-"" | |
| ૩૬ | ""-"" | અણીયાળીભીમજી | ૨૫૦ | ૩૭૨૧૬૪ | ""-"" | |
| ૩૭ | ""-"" | ગોરાસુ | ૮૫૦/૧પી | ૩૭૨૩૧૭ | ""-"" | |
| **ધંધુકાનું કૂલ** | | | | **૫૯૨૮૨૨૮** | | |
| **ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૧ નું કૂલ** | | | | **૧૩૨૨૬૮૩૫** | | |

--------

## ગાંધીનગર જિલ્લામાં ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ પ્રા. લિ.ને ફાળવેલ જમીન

૨૦૬૩૧ : **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ પ્રા. લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૧) ૧૧,૧૩૪ ચો.મી. જમીન તા. ૮-૧૧-૦૬ ના હુકમથી ફાળવવામાં આવેલ છે.

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

(૨) હા, જી.

--------

## વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવા બાબત

૧૯૯૬૨ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધો. ૮ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા, અને

(૧) ૨૪૨ પ્રાથમિક શાળાઓમાં.

(૨) ધો. ૮ ના અભ્યાસક્રમને અનુલક્ષીને આવી શાળાઓમાં કઈ કઈ સુવિધાઓ ઊભી કરવામાં આવી ?

(૨) વિદ્યાસહાયકોની નિમણુંક, વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો તેમજ ૨૮૨ નવા ઓરડાઓની સુવિધા.

--------

## ખંભાળીયા તાલુકાની સરકારી ગર્લ્સ હાઈસ્કુલનું મકાન નવું બનાવવા બાબત

૧૯૯૧૭ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં ખંભાળીયા તાલુકાની સરકારી ગર્લ્સ હાઈસ્કુલનું મકાન ભૂકંપમાં જર્જરીત થયેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૧) ના, જી.

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવીન મકાન બનાવવા સરકારે શાં પગલાં લીધા છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ**

૨૧૦૯૪ **: શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ છે, | (૧) ૦૧ (એક) |
| (૨) કેટલી શાળાઓમાં બાકી છે, અને | (૨) શૂન્ય |
| (૩) બાકી રહેતી શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સાબરકાંઠા જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ**

૨૧૦૫૩ **: શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલી છે, | (૧) ૦૭ (સાત) |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી, અને | (૨) ૦૭ (સાત) |
| (૩) તે ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ? | |

(૩)

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | વિજયનગર | સરસવ |
| ૨ | વિજયનગર | ખારીબેડી |
| ૩ | ખેડબ્રહ્મા | ગણવા |
| ૪ | ખેડબ્રહ્મા | સેમ્બલીયા (પોશીના) |
| ૫ | ખેડબ્રહ્મા | અજાવાસ |
| ૬ | ખેડબ્રહ્મા | દંત્રાલ |
| ૭ | ખેડબ્રહ્મા | મામા પીપલા |

--------

**રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના નોનટીચીંગ સ્ટાફને ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત**

૧૯૯૪૫ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીમાં ગ્રાન્ટેડ કોલેજોના નોન ટીચીંગ સ્ટાફના હાયર ગ્રેડ મંજૂર કરવાના કેટલા કેસો કેટલા સમયથી પડતરમાં છે, | (૧) ૩૪ કેસો તા. ૨૪-૧૨-૨૦૧૦થી પડતર છે. |
| (૨) આ પેન્ડીંગ કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને<br>(૩) આવા કેસોમાં વિલંબ થવાના કારણો શાં છે ? | (૨) અને (૩) : પ્રસ્તુત બાબતે તમામ કેસની વિગતો એકત્રિત કરીને નિર્ણય કરવાનો હોઈને વિલંબ થયેલ છે. જેનો ટૂંક સમયમાં નિકાલ કરવામાં આવશે. |

--------

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જ્યાઓ**

૨૧૦૮૧ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જ્યાઓ ખાલી છે, અને | (૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતાં શિક્ષણ વિભાગના તા. ૦૩-૦૬-૧૦ના ઠરાવથી વિદ્યાર્થી શિક્ષકનો રેશિયો બદલાતાં જ્યાઓ વધવાથી નીચે જણાવ્યા મુજબની જ્યાઓ ખાલી રહેલ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જ્યાઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૮ |
| ૨ | લાઠી | ૦૦ |

| | | |
|---|---|---|
| ૩ | લીલીયા | ૦૦ |
| ૪ | બાબરા | ૨૧ |
| ૫ | કુંકાવાવ | ૧૫ |
| ૬ | બગસરા | ૦૭ |
| ૭ | ધારી | ૪૫ |
| ૮ | ખાંભા | ૨૧ |
| ૯ | રાજુલા | ૪૦ |
| ૧૦ | જાફરાબાદ | ૬૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૦૩ |
| | **કુલ :** | **૨૪૧** |

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) જુન-જુલાઈ ૨૦૧૧માં આ ખાલી જ્ગ્યાઓ ભરવાનું આયોજન છે.

### સંખેડા તાલુકામાં પુલ બાંધવા ખર્ચની જોગવાઈ

૨૦૫૭૨ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સંખેડા તાલુકામાં કુલ કેટલા પુલ મંજૂર થયેલ છે, અને

(૨) આ પુલ પાછળ કુલ કેટલા ખર્ચની જોગવાઈ કરેલ છે ?

**જવાબ**

(૧) એક પુલ

(૨) રૂા. ૪૬૫ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

### માંડવી તાલુકામાં ખેડૂતોને બિયારણની કીટ આપવા બાબત

૨૧૦૨૯ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ વર્ષવાર કેટલા ખેડૂતોને બિયારણની કીટ આપવામાં આવી, અને

(૨) બાકી રહેલા ખેડૂતોને ક્યાં સુધીમાં સરકાર કીટ આપવા માંગે છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં સબપ્લાન હેઠળ વર્ષવાર ખેડુતોને અપાયેલ બિયારણની કીટની વિગત.

આદિજાતી વિકાસ કમિશનરશ્રી દ્વારા અપાયેલ કીટસ

| ક્રમ | વિગત | લાભાર્થીની સંખ્યા (૨૦૦૯-૧૦ | લાભાર્થીની સંખ્યા (૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | મિશ્ર બીજ પેકેટસ વિતરણ (ગુજરાત પેટર્ન) | ૫૦૦ | શુન્ય |
| ૨ | ભીંડા બીયારણ કિટસ (ન્યુ બજેટ) | ૮૦ | શુન્ય |
| ખેતી નિયામકશ્રી દ્વારા અપાયેલ કીટસ | | | |
| ૩ | બિયારણની કિટસ | ૫૮૦૮ | ૩૬૩૬ |
| બાગાયત નિયામકશ્રી દ્વારા અપાયેલ કીટસ | | | |
| ૪ | શાકભાજી અને બિયારણની કીટસ | ૨૭૪૦ | શુન્ય |

(૨) યોજનાની નાણાકીય જોગવાઈની મર્યાદામાં લાભ આપવામાં આવે છે.

### અમરેલી જિલ્લામાં ગુજરાત પાવર કોર્પોરેશનને ફાળવેલ જમીન

૨૦૬૪૩ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત પાવર કોર્પોરેશનને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગ ગૃહોને અપાયેલ જમીનની શરતોને કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) (૧) ૩૯૨૫૩૮ ચો.મી. તા. ૧૯-૩-૯૮ ના હુકમથી

(૨) ૧૦૬૨૩ ચો.મી. તા. ૧૨-૧-૦૬ ના હુકમથી

(૩) ૨૪૨૮ ચો.મી. તા. ૧૧-૪-૦૮ ના હુકમથી

કુલ. ૪૦૫૫૮૯ ચો.મી. સરકારી જમીન ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

## આણંદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજના

૨૧૫૬૮ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કિશોરી શક્તિ યોજના હેઠળ આણંદ જિલ્લામાં ઘટકવાર કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૩) તે પૈકી કઈ કઈ કામગીરી પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કિશોરી શક્તિ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. ઘટકદીઠ રૂા. ૧,૧૦,૦૦૦/-ની જોગવાઈ છે. જેથી પૂરક પોષણ માટે કોઈ ખર્ચ થઈ શકે નહીં. પરંતુ. રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧-૧૧ની સ્થિતિ એ આણંદ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઘટકવાર પૂરક પોષણ આપેલ કિશોરીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | ઘટકનું નામ | કિશોરીની સંખ્યા | |
|---|---|---|---|
| | | ફેબ્રુ.૨૦૦૯ થી ૩૧/૧/૧૦ | ફેબ્રુ.૨૦૧૦ થી ૩૧/૧/૧૧ |
| ૧ | ખંભાત-૧ | ૮૯૨૮ | ૨૨૭૬૭ |
| ૨ | પેટલાદ-૧ | ૧૯૨૪૨ | ૩૭૭૭૨ |
| ૩ | બોરસદ-૧ | ૨૧૯૧૨ | ૩૯૦૧૭ |
| ૪ | પેટલાદ-૨ | ૬૮૬૨ | ૧૩૩૧૦ |
| ૫ | બોરસદ-૨ | ૧૫૪૧૩ | ૨૫૩૬૬ |
| ૬ | આંક્લાવ | ૧૨૧૭૩ | ૨૧૩૭૮ |
| ૭ | આણંદ-૧ | ૧૪૦૭૬ | ૧૩૯૭૨ |
| ૮ | આણંદ-૨ | ૧૪૪૯૭ | ૧૬૪૩૭ |
| ૯ | ઉમરેઠ | ૧૭૫૩૭ | ૨૮૩૨૧ |
| ૧૦ | ખંભાત-૨ | ૧૩૮૪૮ | ૨૩૫૩૯ |
| ૧૧ | તારાપુર | ૯૧૬૨ | ૧૫૬૧૮ |
| ૧૨ | આણંદ-૩ | ૭૦૩૮ | ૧૯૬૮૭ |
| ૧૩ | આણંદ-૪ | ૫૫૦૦ | ૧૭૯૬૫ |

(૨) રૂ. ૨૮,૬૦,૦૦૦/-

(૩) વ્યવસાય લક્ષી તાલીમ માટે રૂા.૨૮,૬૦,૦૦૦/-

--------

## અમદાવાદ જિલ્લામાં પ્લેસમેન્ટ દ્વારા ઉમેદવારોને રોજગારી

૨૧૨૬૪ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શિક્ષણ વિભાગ દ્વારા પ્લેસમેન્ટ સેલ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો પ્લેસમેન્ટ સેલ દ્વારા અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રોજગાર મેળા યોજવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સમયગાળામાં કેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા અને તે પૈકી કેટલાને રોજગારી મળી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૦૯.

(૩) ૨૫૦૭ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા, તે પૈકી ૭૯૪ ને રોજગારી મળી.

--------

## ખેડા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં ફોર્ટીફાઈડ આટાની ચકાસણી

૨૦૬૪૯ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં વપરાતા ફોર્ટીફાઈડ આટો પૂરો પાડવામાં આવે છે તે કઈ કઈ એજન્સી દ્વારા પૂરો પાડવામાં આવે છે, અને

(૨) આવા આટાની યોગ્ય અવાર નવાર ચકાસણી

**જવાબ**

(૧) ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દ્વારા પૂરો પાડવામાં આવેલ ઘઉંનો ફોર્ટીફાઈડ આટો શ્રી ભગવતી ફ્લોર મીલ, ટેલીફોન અક્ષચેન્જ પાછળ, નરોડા, અમદાવાદ દ્વારા તૈયાર કરીને ખેડા જિલ્લામાં પૂરો પાડવામાં આવે છે.

(૨) હા, જી.

કરવામાં આવે છે કે કેમ ?

## જૂનાગઢ જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની જ્યાઓ

૧૯૯૪૮ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની કૂલ કેટલી મંજુર થયેલ જ્યાઓ છે,

(૯) સૂચિત શાળા માટે દર્શાવેલ મકાનમાં અન્ય ગ્રાન્ટેડ સંસ્થા ટ્રસ્ટ દ્વારા ચલાવતી હોવાના કારણે.
(૧૦) ગ્રાન્ટેડ શાળાના મકાનમાં નોન ગ્રાન્ટેડ શાળા ચાલુ કરવાની દરખાસ્ત હોવાને કારણે.

--------

**ભાવનગર જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૭૨૭ : **શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત ૮૧૧ અરજીઓ મળી છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૭૩ અરજીઓ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે ? | (૩) ૨૬૩ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, જેના કારણો નીચે મુજબ છે. |

| | |
|---|---|
| ૧ | નિયત ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | વાર્ષિક આવક વધારે હોવાથી |
| ૩ | પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી |
| ૪ | નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ. |
| ૫ | અન્ય કારણોસર જેવા કે પુરાવાના અભાવે, ત્યક્તા હોવાથી વિગેરે. |

--------

**માંડલ-એદલા-રામપુરા-સંગપુરાનો રસ્તો દુરસ્ત કરવા અંગે**

૨૧૦૫૭ : **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકાર અમદાવાદ જિલ્લાના માંડલ-એદલા-રામપુરા-સંગપુરા રસ્તો રીસરફેસ કરવા માંગે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, | (૨) મંજૂરી હેઠળ છે. |
| (૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૩) મંજૂરી મળ્યેથી વહીવટી પ્રક્રિયા પુર્ણ કરી, શક્ય એટલુ વહેલું. |
| (૪) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ? | (૪) રૂા. ૪૫૦.૦૦ લાખ (સંભવિત) |

--------

**ભાવનગર જિલ્લાના ખાસ મરામત માટેના રસ્તાના કામો**

૨૧૦૯૭ **: શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ખાસ મરામત સદરે વર્ષ ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર ક્ર્યા, અને

(૨) ઉક્ત તારીખે આ રસ્તાઓના કામો ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૩૨ રસ્તાઓ ૨૦૫૦.૫૦ લાખના

(૨) ૨૧ કામો પ્રગતિમાં, ૧૧ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ.

--------

**અમરેલી જિલ્લામાં અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને ફાળવેલ જમીન**

૨૦૬૩૬ **: શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના રાજુલા વિસ્તારમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) **નીચે મુજબ જમીન ફાળવેલ છે.**
હે. ૭૪-૦૦-૦૦ ચો.મી. તા. ૨૨-૬-૯૩થી
હે. ૧૪-૫૪-૫૬ ચો.મી. તા. ૮-૧૨-૯૮થી
હે. ૦-૮૦-૯૪ ચો.મી. તા. ૨૮-૯-૯૯થી
હે. ૦-૪૦-૪૬ ચો.મી. તા. ૩-૬-૯૯થી
હે. ૧૧-૦૦-૭૫ ચો.મી. તા. ૧૯-૧૨-૯૯થી
હે. ૦૦-૮૦-૯૪ ચો.મી. તા. ૨૬-૮-૨૦૦૦થી
હે. ૧-૦૦-૦૦ ચો.મી. તા. ૭-૮-૦૬થી

(૨) કોઈ શરતભંગ થયેલ નથી.

**આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડા**

૨૦૨૪૯ **: શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં તાલુકાવાર કેટલા ઓરડા જર્જરીત સ્થિતિમાં છે,

(૨) તે પૈકી ઉમરેઠ તાલુકામાં ક્યા ક્યા ગામે કેટલા જર્જરિત ઓરડાઓ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં તાલુકાવાર જર્જરીત ઓરડાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૦૦ | ૦૦ |
| ૨ | ઉમરેઠ | ૧૧ | ૨૯ |
| ૩ | બોરસદ | ૦૮ | ૩૨ |
| ૪ | આંક્લાવ | ૦૦ | ૦૦ |
| ૫ | પેટલાદ | ૦૦ | ૦૦ |
| ૬ | સોજિત્રા | ૦૦ | ૦૦ |
| ૭ | ખંભાત | ૦૦ | ૦૦ |
| ૮ | તારાપુર | ૦૧ | ૦૧ |
| | કુલ : | ૨૦ | ૬૨ |

(૨) ઉમરેઠ તાલુકામાં નીચે મુજબની પ્રાથમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓ છે.

| ક્રમ | પ્રાથમિક શાળાનું નામ | જર્જરિત ઓરડાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ટીંબલીયાપુરા (ખોરવાડ) | ૨ |
| ૨ | તારાપુરા | ૫ |
| ૩ | ભાલેજ કન્યાશાળા | ૩ |
| ૪ | લક્ષ્મીપુરા (મેઘવા) | ૩ |
| ૫ | ઝલુખાંટની મુવાડી (અરડી) | ૧ |
| ૬ | અરડી | ૫ |
| ૭ | લાલપુરા (સુંદલપુરા) | ૨ |
| ૮ | રતનપુરા | ૧ |
| ૯ | અમીદાસપુરા (બેચરી) | ૧ |
| ૧૦ | ઘોરા | ૧ |
| ૧૧ | પે સેન્ટર શાળા ખોરવાડ | ૫ |
| | કુલ : | ૨૯ |

| | |
|---|---|
| (૩) જર્જરિત ઓરડાઓ દૂર કરી નવા ઓરડા બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો શું આયોજન છે અને કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૪) જેમ બને તેમ જલ્દી. |

--------

**અમદાવાદ જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ**

૨૧૦૬૮ : **શ્રી કમાભાઈ ગ.રાઠોડ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સોઇલ હેલ્થ કાર્ડની યોજના હેઠળ અમદાવાદ જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ? | કુલ ૧,૭૪,૦૪૪ ખેડૂતોના જમીનના નમૂના એક્ત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૮૩૪૫૬ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. |

--------

**અમરેલી જિલ્લામાં સોઇલ હેલ્થ કાર્ડ**

૨૧૦૬૭ : **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સોઇલ હેલ્થ કાર્ડની યોજના હેઠળ અમરેલી જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ? | કુલ ૨,૧૦,૪૫૭ ખેડૂતોના જમીનના નમૂના એક્ત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૭૩,૨૨૩ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. |

**છોટાઉદેપુર નગરપાલિકામાંથી પસાર થતાં રસ્તાને મંજૂરી**

૨૧૦૯૬ : **શ્રી ગુલસીંગભાઈ રં.રાઠવા (છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના છોટાઉદેપુર નગરપાલિકામાંથી પસાર થતાં રાજ્ય ધોરી માર્ગને ચાર માર્ગીય કરવા સરકારે ક્યારે મંજૂરી આપી, | (૧) તા. ૯-૯-૨૦૧૦ના રોજ. |
| (૨) આ કામગીરી કેટલી લંબાઇમાં થનાર છે, | (૨) ૫.૦૦ કિ.મી. લંબાઈમાં. |
| (૩) આ કામગીરી માટે કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને | (૩) રૂા. ૬૫૦ લાખ. |
| (૪) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) તા. ૩૦-૫-૨૦૧૧ સુધીમાં. |

**મહેસાણા જિલ્લાની કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગ્યાઓ**

૨૧૨૮૨ : **શ્રી ઋષિકેશ ગ.પટેલ (વિસનગર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને | (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જગ્યાઓ<br>સરકારી કોલેજો - ૨૮<br>અનુદાનિત કોલેજો - ૧૫ |
| (૨) તે પૈકી તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી ? | (૨) સરકારી કોલેજો - ૦૪<br>અનુદાનિત કોલેજો - ૦૨ |

**જુનાગઢ જિલ્લામાં સરકારી કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગાઓ**

૨૧૨૭૮ : **શ્રી ભગવાનભાઈ લા.કરગટીયા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જગ્યાઓ ખાલી હતી, અને | (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જગ્યાઓ<br>સરકારી કોલેજો - ૩૨<br>અનુદાનિત કોલેજો - ૦૫ |

(૨) તે પૈકી તા.૧-૪-૧૦ થી ૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી ?

(૨) સરકારી કોલેજો - ૧૯
અનુદાનિત કોલેજો - ૦૦

--------

**રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળામાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૨૧૦૭૯ **: શ્રીમતી ભાનુબેન મ.બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યા ખાલી છે, અને

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતાં શિક્ષણ વિભાગના તા. ૦૩-૦૬-૨૦૧૦ના ઠરાવથી વિદ્યાર્થી શિક્ષક્ના રેશિયો બદલાતાં જગ્યાઓ વધવાથી નીચે મુજબની જગ્યાઓ ખાલી રહેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | ઉપલેટા | ૨૧ |
| ૨ | જામ કંડોરણા | ૧૧ |
| ૩ | જસદણ | ૯૮ |
| ૪ | કોટડા સાંગાણી | ૧૪ |
| ૫ | માળિયા મિંયાણા | ૬૯ |
| ૬ | લોધીકા | ૦૬ |
| ૭ | ટંકારા | ૦૮ |
| ૮ | ધોરાજી | ૨૪ |
| ૯ | રાજકોટ | ૩૯ |
| ૧૦ | જેતપુર | ૧૪ |
| ૧૧ | પડધરી | ૧૦ |
| ૧૨ | વાંકાનેર | ૫૪ |
| ૧૩ | મોરબી | ૪૪ |
| ૧૪ | ગોંડલ | ૨૧ |
| | કુલ : | ૪૨૩ |

(૨) આ ખાલી જગ્યા ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) જુન-જુલાઈ ૨૦૧૧માં આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

**ગાંધીનગર - મહુડી રસ્તો પહોળો કરવા બાબત**

૨૧૦૯૦ **: શ્રી શંભુજી ઠાકોર (ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર થી મહુડી યાત્રાધામને જોડતો રસ્તો પહોળો કરવાનું કામ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ચાલુ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કામાં છે, અને

(૩) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : ગાંધીનગર મહુડી રસ્તાના કિ.મી. ૫/૦ થી ૪૦/૦ કિ.મી. નું ૭ મી. માંથી ૧૦ મી. પહોળો કરવાનું કામ પ્રગતિમાં છે, તે પૈકી ૨૦.૦૦ કિ.મી. લંબાઈ વેટમીક્ષ સુધી અને તે પૈકી ૬.૦૦ કિ.મી. બીટ્યુમીનસ મેકાડેમની કામગીરી પુર્ણ થયેલ છે.

(૩) તા. ૧૮/૧૧/૧૧ ના સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

**સાબરકાંઠા જિલ્લામાં જમીનોના દબાણો દૂર કરવા મળેલ અરજીઓનો નિકાલ**

૨૧૬૪૩ **: ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાઓમાં જમીનોના દબાણો દૂર કરવાની કેટલી અરજીઓ આવી,

(૨) તેમાંથી કેટલી જગ્યાએ દબાણો દૂર કરી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) બાકીના દબાણો ક્યાં સુધી દૂર કરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ દબાણ સેલ કાર્યરત છે કે કેમ?

**જવાબ**

(૧) ૨૦ (વીસ).

(૨) ૨૦ (વીસ).

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ના, જી.

**સુરેન્દ્રનગર જિલ્લાના ફુલકી-પાટડી-ખારાઘોડા અને ઓડું રસ્તાની સુધારણા**

૨૧૦૮૫ : **શ્રી શંભુપ્રસાદ બ.ટુંડિયા (દસાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ફુલકી-પાટડી-ખારાઘોડા-ઓડું રસ્તાની ૧૦ કી.મી. લંબાઇમાં રસ્તાની સુધારણા કરવામાં આવનાર છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, | (૨) મંજૂરીની દરખાસ્ત હેઠળ છે. |
| (૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૩) વહીવટી મંજૂરી મળ્યેથી શક્ય તેટલા વહેલા. |
| (૪) આ કામ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ? | (૪) આશરે રૂા. ૧૦૦૦.૦૦ લાખ. |

**રાપર અને ભચાઉ તાલુકામાં રસ્તાની મરામત**

૨૧૧૩૨ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રાપર અને ભચાઉ તાલુકાનાં માર્ગોને વરસાદથી થયેલ નુકશાન પછી રીપેર કરવાનાં કામો શરૂ થયા નથી તે હકીકત સાચી છે, | (૧) અને (૨) : ના, જી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો પૂરથી નુકશાન થયેલ રસ્તાઓ રીપેર કરવા રાપર અને ભચાઉ તાલુકામાં નુકસાનના અંદાજોની સર્વે કરી દરખાસ્ત કરવામાં આવી હોય તો તેની વિગતો શી છે, અને | |
| (૩) જો ના, તો તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પૂરથી નુકસાન પામેલ રસ્તાઓનું પૂર્વવત સ્થિતિએ લાવવા કેટ કેટલું ખર્ચ થયું છે ? | (૩) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પૂરથી નુકસાન પામેલ રસ્તાઓને મરામત માટે રૂા. ૧૧૧.૭૦ લાખનો ખર્ચ કરેલ છે. |

**દેવગઢબારીયા પશુ ચિકિત્સાલયનું રિનોવેશન અને એક્સટેંન્શન**

૨૧૦૨૪ : **શ્રી તુષારસિંહ ક.મહારાઉલ (દેવગઢ બારિયા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના દેવગઢબારીઆ શહેરના પશુ ચિકિત્સાલયનું રીનોવેશન તથા એક્સટેંન્શન કરવા સરકાર માંગે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યાં સુધીમાં ? | (૨) જેમ બને તેમ જલ્દીથી. |

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી કોલેજો શરૂ કરવાનો ખર્ચ**

૨૧૨૭૪ : **શ્રી વસંતભાઈ ભટોળ (દાંતા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને | (૧) એક પણ નહી. |
| (૨) આ કોલેજો શરૂ કરવા માટે કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આણંદ જિલ્લામાં આપવામાં આવેલ સોઇલ હેલ્થ કાર્ડ**

૧૯૯૨૫ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સોઇલ હેલ્થ કાર્ડની યોજના અંતર્ગત તારીખ ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાદીઠ કેટલા કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) સોઈલ હેલ્થ કાર્ડની યોજના અંતર્ગત તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબ સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા. |

| તાલુકાનું નામ | વિતરણ કરવામાં આવેલ સોઈલ હેલ્થ કાર્ડની સંખ્યા |
|---|---|
| આણંદ | ૮૪૫૮ |
| ઉમેરઠ | ૧૨૩૦ |
| બોરસદ | ૬૮૨૧ |
| આંકલાવ | ૧૪૯૦ |
| પેટલાદ | ૧૯૦૫ |
| સોજીત્રા | ૧૫૮૩ |
| ખંભાત | ૧૯૯૫ |
| તારાપુર | ૧૪૭૦ |
| કુલ : | ૨૪૯૫૨ |

(૨) હજુ કેટલા કાર્ડ આપવાના બાકી છે ?

(૨) બાકી રહેલ ૯૬,૨૯૫ ખેડૂતોના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણની કામગીરી પૂર્ણ થયેલ છે. ખેડૂતોને તબક્કાવાર સોઈલ હેલ્થ કાર્ડ વિતરણ કરવાની કામગીરી ચાલુ છે.

--------

**તાપી જિલ્લામાં સરકારી જમીનો પર દબાણ**

૨૦૦૮૧ **: શ્રી પુનાભાઈ ધે. ગામીત (વ્યારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી જમીનો ઉપર દબાણો થયેલા છે, અને

(૨) આવા દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં સરકારી જમીનો ઉપર થયેલ દબાણોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | થયેલ દબાણ | |
|---|---|---|
| | સંખ્યા | ક્ષેત્રફળ |
| (૧) વાલોડ | ૧૦ (દસ) | ૪,૯૦૦ ચો.મી. |
| (૨) વ્યારા | - | - |
| (૩) સોનગઢ | - | - |
| (૪) ઉચ્છલ | - | - |
| (૫) નિઝર | - | - |
| (૬) સીટી સર્વે વ્યારા | - | - |
| (૭) સીટી સર્વે સોનગઢ | - | - |
| કુલ : | ૧૦ (દસ) | ૪,૯૦૦ ચો.મી. |

(૨) ઉપર્યુક્ત દબાણો પેકી ૭ (સાત) દબાણો દૂર કરવામાં આવેલ છે. અને ૩ (ત્રણ) દબાણોમાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળની કાર્યવાહી ચાલુ છે.

--------

**વડોદરા જિલ્લાના આજવા, ગુતાલ અને રામસેરા રસ્તાની સુધારણા**

૨૧૦૮૬ **: શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ (વાઘોડિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના આજવા-ગુતાલ રામસેરા રોડની સુધારણા કરવા માંગો છો કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૩) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) મંજૂરી હેઠળ છે.

(૩) કામ મંજૂર થયે વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ.

(૪) અંદાજે રૂા. ૪૦૦.૦૦ લાખનો.

--------

## કચ્છ જિલ્લાની મહેસૂલી જમીનની માપણી

૧૯૯૧૯ **: શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં મહેસૂલી જમીનની માપણી છેલ્લે ક્યારે કરવામાં આવી, અને

(૨) નવેસરથી માપણી ક્યારે કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) સને ૧૯૭૦-૭૧ દરમ્યાન કરવામાં આવી.

(૨) તા. ૨૧-૧૨-૨૦૧૦ થી ચાલુ કરવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં મીઠું તથા કેમિકલ્સ માટે કંપનીને ફાળવેલ જમીન

૨૦૦૮૦ **: શ્રી પ્રભુભાઈ વસાવા (સોનગઢ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૩-૨૦૧૦ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં મીઠું તથા તેના કેમિકલ્સ બનાવવા માટે કઇ કઇ કંપનીને કેટલા એકર જમીન ક્યા દરથી આપવામાં આવી છે,

(૨) આ જમીન આંતરરાષ્ટ્રિય સરહદથી નજીક આવેલી છે તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો કેટલી ?

**જવાબ**

(૧) આર્ચિયન કેમિકલ્સ લી. ભૂજને હે.૨૪૦૨૧-૦૦-૦૦ તથા શ્રી સોલારીસ કેમટેક લી. રતાડીયા. ભૂજને એકર-૨૬૭૪૬-૦૦ ગું., પ્રતિ હેક્ટરના વાર્ષિક રૂા.૧૫૦/- પ્રમાણે ભાડા પટેથી આપવામાં આવી છે.

(૨) હા, જી.

(૩) અંદાજીત ૫૦ કિ.મી.

--------

## વીરપુર અને બાલાસિનોર તાલુકાના રસ્તાઓની મરામત

૧૯૯૨૨ **: શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના વીરપુર અને બાલાસિનોર તાલુકામાં આવેલ પંચાયત અને રાજ્ય હસ્તકના રસ્તાઓની તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લે ક્યારે મરામત કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) આ રસ્તાઓ અત્યંત બિસ્માર હાલતમાં હોઇ સત્વરે મરામત કામગીરી હાથ ધરવા સરકારે શા પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) અને (૨) : રસ્તાઓની મરામતની કામગીરી સતત ચાલતી પ્રક્રિયા છે. વીરપુર અને બાલાસિનોર તાલુકામાં આવેલ પંચાયત તથા રાજ્ય હસ્તકના રસ્તાઓની સમયાંતરે જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવે છે.

--------

## ભરૂચ જિલ્લામાં જીઆઇપીસીએલ માટે જમીન સંપાદન

૨૦૬૨૨ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ભરૂચ જિલ્લાના વાલીયા તાલુકાની કેટલી જમીન જી.આઇ.પી.સી.એલ. માટે તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ શા ભાવે સંપાદન કરી, અને

(૨) તે અન્વયે હેક્ટર દીઠ શો ભાવ આપેલ છે ?

**જવાબ**

(૧) હે. ૪૯૯-૭૯-૦૦ ચો.મી. જમીન, હેક્ટર દીઠ રૂા.૫,૭૫,૦૦૦/-ના ભાવે.

(૨) રૂા.૫,૭૫,૦૦૦/- .

--------

## પાટણ જિલ્લામાં માધ્યમિક શાળાઓની કન્યાઓને આપવામાં આવેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ

૧૯૯૩૪ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓમાં ભણતી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ | |
|---|---|---|---|---|---|
| | | શાળાની સંખ્યા | કન્યાની સંખ્યા | શાળાની સંખ્યા | કન્યાની સંખ્યા |
| ૧ | પાટણ | ૦૧ | ૦૨ | ૦૧ | ૧૧ |
| ૨ | સિધ્ધપૂર | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ચાણસ્મા | ૦૧ | ૧૭ | ૦૨ | ૧૬ |
| ૪ | હારીજ | ૦૧ | ૦૨ | ૦૬ | ૪૬ |
| ૫ | સમી | ૦૨ | ૦૮ | ૦૯ | ૭૧ |
| ૬ | રાધનપુર | ૦૯ | ૧૧૪ | ૦૫ | ૮૫ |
| ૭ | સાંતલપુર | ૦૩ | ૧૮ | ૦૭ | ૪૫ |
| | **કુલ** | **૧૭** | **૧૬૧** | **૩૧** | **૨૭૬** |

(૨) ક્ન્યાદીઠ કેટલી રકમના બોન્ડ હોય છે ?

(૨) ક્ન્યાદીઠ₹ ૨૦૦૦/- ના બોન્ડ આપવામાં આવે છે.

--------

**નવસારી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ**

૨૧૦૯૫ : **શ્રી લક્ષ્મણભાઈ પટેલ (ગણદેવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ છે,

(૨) કેટલી શાળાઓમાં બાકી છે, અને

(૩) બાકી રહેતી શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૬૫ પ્રાથમિક શાળાઓમાં.

(૨) એક પણ નહિ.

(૩) પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

--------

**નર્મદા જિલ્લામાં સાયન્સ અને એન્જિનીયરીંગ કોલેજોની સંખ્યા**

૨૦૬૫૭ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં દેડિયાપાડા ખાતે સાયન્સ અને એન્જિનીયરીંગ કોલેજોની સંખ્યા કેટલી છે, અને

(૨) જો આવી કોલેજો ન હોય તો સરકાર આ વિસ્તારમાં કોલેજો ખોલવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) આ વિસ્તારમાં કોલેજ ખોલવા સંબંધે પૂરતી વિદ્યાર્થી સંખ્યા થયેથી વિચારણા કરવામાં આવશે.

**કચ્છ, જામનગર તથા અમદાવાદ જિલ્લામાં ઓદ્યોગીકરણ માટે ગોચર જમીનોનું વેચાણ**

૨૦૦૭૭ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે કચ્છ, જામનગર અને અમદાવાદ જિલ્લાઓમાં ગોચરની કુલ કેટલી જમીનોનું ઓદ્યોગીકરણ માટે વેચાણ કરેલ છે ?

**જવાબ**

કચ્છ જિલ્લામાં હે. ૨૧-૧૨-૩૦ ચો.મી.
જામનગર જિલ્લામાં હે. ૨૮૭-૨૯-૩૬ ચો.મી. અને
અમદાવાદ જિલ્લામાં હે. ૦-૪૯-૦૦ ચો.મી.

**જામનગર જિલ્લામાં પાક વીમાની ચૂક્વણી**

૨૦૧૧૦ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ તથા ૨૦૦૯-૧૦ ના વર્ષમાં સરકારે કેટલી રકમના પાક વીમાના દાવાઓ ક્યા ક્યા પાક્ના ચૂક્વ્યા છે,

(૨) કેટલી રકમના દાવાઓ ચૂકવવાના બાકી છે,

(૩) દાવાઓ સમયસર ખેડૂતોને નહી ચૂકવવાના શાં કારણો છે, અને

(૪) આ દાવાઓ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૦૮-૦૯ ના વર્ષમાં મગફળી, ક્પાસ, ઘઉં પિયત અને ડુંગળી પાક્ના મળી કુલ રૂ. ૬૬.૮૩ ક્રોડ તથા ૨૦૦૯-૧૦ના વર્ષમાં મગફળી અને ક્પાસ પાક્ના મળી કુલ રૂા. ૫.૮૯ કરોડના દાવાઓ ચુક્વ્યા છે.

(૨) કોઈ દાવાઓની ચૂક્વણી બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**કોલેજોના આચાર્યો માટે તાલીમ કાર્યક્રમ**

૨૧૨૮૩ **: શ્રી મુળુભાઈ હ. બેરા (ભાણવડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા કે.સી.જી. મારફત વર્ષ ૨૦૧૦ દરમ્યાન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યો માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજ્યા, | (૧) ૧૯ (ઓગણીસ). |
| (૨) તેમાં કેટલા આચાર્યોએ ભાગ લીધો, અને | (૨) ૫૩૬ (પાંચસો છત્રીસ). |
| (૩) આ તાલીમ કાર્યક્રમ માટે વર્ષ-૨૦૧૦ માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ₹ ૨૧,૪૩,૬૦૨. |

--------

**ધાનપુર અને ગરબાડા તાલુકાઓમાં મંજૂર કરવામાં આવેલ રોડ**

૧૯૯૩૧ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાના ધાનપુર અને ગરબાડા તાલુકામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત તથા સ્ટેટના કેટલા રોડ મંજૂર કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટના દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકામાં ૨૮ અને ગરબાડા તાલુકામાં ૨૮ રોડના કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) મંજૂર થયેલા કામો પૈકી કેટલા કામના ટેન્ડર બહાર પાડવામાં આવ્યા, અને<br>(૩) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૨) અને (૩) : મંજૂર થયેલ ૫૬ રસ્તા પૈકી ૨૮ કામો પૂર્ણ, ૨૬ પ્રગતિમાં અને ૨ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

--------

**નવસારી જિલ્લામાં ખાસ મરામત માટેના રસ્તાના કામો**

૨૧૦૯૯ **: શ્રી નરેશભાઈ મ. પટેલ (ચીખલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ખાસ મરામત સદરે ૨૦૧૦-૧૧ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલા રસ્તાઓ કેટલી રકમના મંજૂર ક્યાં, અને | (૧) કુલ ૩૪ કામો રૂા. ૨૨૮૮.૫૫ લાખની અંદાજિત રકમથી. |
| (૨) ઉક્ત તારીખે આ રસ્તાઓના કામો ક્યા તબક્કે છે ? | (૨) પૂર્ણ-૧૬ કામો અને પ્રગતિ હેઠળ -૧૮ કામો. |

--------

**તાલુકા મથકે ઈ-ધરાની કામગીરી**

૨૧૦૧૨ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઈ-ધરા તાલુકા મથકે જે સાત બાર તથા ૮-એ અને વેચાણ-વારસાઈની એન્ટ્રીઓ બાબતેની કામગીરી ખાનગી એજન્સી દ્વારા થાય છે કે સરકારી પગારદાર કર્મચારી હેઠળ થાય છે, અને | (૧) ઈ-ધરા કેન્દ્રના સરકારી પગારદાર કર્મચારીના નિયંત્રણ હેઠળ આઉટ સોર્સથી નિયત કરેલ એજન્સીએ પૂરા પાડેલ ઓપરેટર ધ્વારા કામગીરી કરવામાં આવી છે. |
| (૨) તે અન્વયે ઈ-ધરાના મશીનરીના ઓપરેટરોનું માસિક વેતન કેટલું છે અને મશીનરી નિભાવણી ખર્ચની જોગવાઈ કઈ કઈ છે ? | (૨) ઓપરેટરને રૂા. ૨૫૦૦/- નું ફીક્સ વેતન આપવામાં આવે છે અને મશીનરી નિભાવ માટે કલેકટરશ્રીના નામના ઈ-ધરા ફંડમાં જમા થયેલ ૭/૧૨ અને ૮-અ ની નકલોમાંથી થયેલ આવકમાંથી ખર્ચ કરવામાં આવે છે. |

--------

## મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા માટે રકમની જોગવાઈ

૨૧૦૭૮ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન મહેસાણા જિલ્લામાં યોજાયેલ પશુ આરોગ્ય મેળા માટે કુલ કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી, અને

(૧) રૂા. ૧૩.૪૬ લાખ.

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂા. ૮.૧૬ લાખ.

--------

## કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશિયો

૧૯૮૬૧ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) છેલ્લા બે વર્ષ દરમિયાન તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા વિદ્યાર્થીઓ ડ્રોપ આઉટ થયા,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | ડ્રોપ આઉટ બાળકો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | અંજાર | ૨૫૫ | ૩૧૧ | ૫૬૬ | ૨૬૦ | ૨૭૩ | ૫૩૩ |
| ૨ | મુન્દ્રા | ૧૧ | ૧૯ | ૩૦ | ૨૫ | ૩૮ | ૬૩ |
| ૩ | માંડવી | ૧૨૬ | ૧૭૯ | ૩૦૫ | ૨૦૯ | ૨૭૪ | ૪૮૩ |
| ૪ | નખત્રાણા | ૨૭ | ૫૩ | ૮૦ | ૩૧ | ૪૭ | ૭૮ |
| ૫ | રાપર | ૨૭૩ | ૪૬૫ | ૭૩૮ | ૨૧૭ | ૩૫૦ | ૫૬૭ |
| ૬ | અબડાસા | ૧૫૫ | ૧૮૭ | ૩૪૨ | ૧૬૫ | ૨૬૫ | ૪૩૦ |
| ૭ | લખપત | ૪૭ | ૮૧ | ૧૨૮ | ૮૦ | ૧૫૧ | ૨૩૧ |
| ૮ | ભચાઉ | ૪૯૭ | ૬૪૯ | ૧૧૪૬ | ૨૮૩ | ૫૯૩ | ૮૭૬ |
| ૯ | ગાંધીધામ | ૨૮૪ | ૩૪૪ | ૬૨૮ | ૩૭૫ | ૩૭૪ | ૭૪૯ |
| ૧૦ | ભૂજ | ૨૩૦ | ૩૬૨ | ૫૯૨ | ૧૭૬ | ૩૩૫ | ૫૧૧ |
| | **કુલ :** | **૧૯૦૫** | **૨૬૫૦** | **૪૫૫૫** | **૧૮૨૧** | **૨૭૦૦** | **૪૫૨૧** |

(૨) ડ્રોપ આઉટનો રેશિયો કેટલો છે, અને

(૨) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૧ થી ૭ માં કુમાર અને કન્યાઓના વર્ષ ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૦૯-૨૦૧૦માં ડ્રોપ આઉટ રેટ નીચે મુજબ હતો.

| અ.નં. | તાલુકાનું નામ | ડ્રોપ આઉટ બાળકો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૨૦૦૮-૦૯ | | | ૨૦૦૯-૧૦ | | |
| | | કુમાર | કન્યા | કુલ | કુમાર | કન્યા | કુલ |
| ૧ | ભૂજ | ૧૦.૭૫ | ૧૩.૯૮ | ૧૨.૩૭ | ૧૦.૧૫ | ૧૨.૦૦ | ૧૧.૦૮ |
| ૨ | માંડવી | ૯.૬૫ | ૧૧.૦ | ૧૦.૩૩ | ૬.૦૦ | ૮.૦૫ | ૭.૦૩ |
| ૩ | મુન્દ્રા | ૭.૭૦ | ૧૦.૦૦ | ૮.૮૫ | ૫.૮૩ | ૬.૪૦ | ૪.૧૨ |
| ૪ | અંજાર | ૧૩.૦૦ | ૧૩.૨૩ | ૧૩.૧૨ | ૧૦.૦૬ | ૧૨.૬૦ | ૧૧.૩૩ |
| ૫ | ભચાઉ | ૧૬.૧૦ | ૧૬.૩૫ | ૧૬.૨૩ | ૧૧.૭૯ | ૧૩.૮૩ | ૧૨.૮૧ |
| ૬ | રાપર | ૧૧.૦૦ | ૧૧.૧૦ | ૧૧.૦૫ | ૬.૧૦ | ૭.૯૦ | ૭.૦૦ |
| ૭ | અબડાસા | ૬.૦૧ | ૮.૨૬ | ૭.૧૪ | ૭.૩૨ | ૮.૯૦ | ૮.૧૧ |
| ૮ | નખત્રાણા | ૭.૩૫ | ૧૦.૭૫ | ૯.૦૫ | ૫.૦૦ | ૭.૨૦ | ૬.૧૦ |
| ૯ | લખપત | ૨.૧૮ | ૩.૯૦ | ૩.૦૪ | ૫.૯૦ | ૮.૧૦ | ૭.૦૦ |
| ૧૦ | ગાંધીધામ | ૧૬.૧૧ | ૧૭.૮૯ | ૧૭.૦૦ | ૧૧.૬૪ | ૧૩.૯૧ | ૧૨.૭૮ |
| | **કુલ :** | **૯.૬૬** | **૧૧.૬૫** | **૧૦.૮૨** | **૭.૯૮** | **૯.૮૯** | **૮.૯૦** |

(૩) આ રેશિયો ઘટાડવા સરકારે શાં પગલાં લીધા?

(૩) અનુસૂચિ ૧ મુજબ

**અનુસૂચિ-૧**

- રાજ્યભરમાં કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ
- વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના
- વિદ્યાદિપ યોજના
- કન્યા કેળવણી નિધિની રચના
- શિક્ષક દીઠ વર્ગ ખંડની ઉપલબ્ધિ
- કન્યાઓ માટે અલગ શૌચાલયવાળા સ્વચ્છતા

સંકુલોની ઉપલબ્ધિ
- વિદ્યાર્થી સંખ્યાને અનુરૂપ શિક્ષકોની ઉપલબ્ધિ
- પ્રાથમિક શાળાઓ (ધોરણ-૧ થી ૮) માં મફત પાઠ્ય પુસ્તક વિતરણ યોજના
- ધોરણ ૩ થી ૭ ના વિદ્યાર્થીઓને મફત સ્વાધ્યાયપોથીઓનું વિતરણ
- ધોરણ-૫ થી ૭ ના વિદ્યાર્થીઓને મફત વિજ્ઞાન પ્રયોગપોથીઓ અને નક્શાપોથીઓના વિતરણ.
- ઇસીસીઇ કેન્દ્રોની ઉપલબ્ધિ
- શૈક્ષણિક રીતે પછાત તાલુકાઓ તથા શહેરી ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં પ્રારંભિક સ્તરે કન્યાઓના શિક્ષણ માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ (એનપીઈજીઈએલ) ની અમલવારી
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત જાતિઓ, લઘુમતિઓ, ગરીબી રેખા નીચે જીવતા વંચિત જૂથોની કન્યાઓ માટે રાજ્યના નિવાસી સગવડ સાથેની શાળાઓની ઉપલબ્ધિ.

### દાહોદ જિલ્લાના બિસ્માર રસ્તાઓ ડામરના કરવાનું આયોજન

૨૦૧૮૫ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનો ડુંગરી, વાંડોલ, કુંણી, બાજર વાડા રોડ બિસ્માર હાલતમાં છે એ હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ રોડનું ડામર કામ ક્યારે કરવા સરકારનું આયોજન છે, અને

(૩) ટૂંક્માં જ થયેલ આ રોડ તુટવાનાં કારણો શું છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રસ્તાની સપાટી સારી હોઈ હાલમાં આયોજન નથી.

### ભાવનગર જિલ્લામાં ફળઝાડ વાવેતર માટે સહાય

૨૧૫૦૪ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને વર્ષવાર ફળઝાડનાં વાવેતર માટે ક્યા ક્યા પ્રકારની અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે ?

**જવાબ**

પત્રક-૧ મુજબ

**પત્રક-૧**

ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ફળઝાડના વાવેતર માટે રાજ્ય સરકારની તેમજ કેન્દ્ર સરકારની (NHM) યોજનાઓમાં જુદા જુદા ફળપાકોના ખેતી ખર્ચ તથા જીવંત રોપાને ધ્યાને લઈ હેકટરે રૂા. ૨૨,૫૦૦/-ની મર્યાદામાં ત્રણ વર્ષના ત્રણ હપ્તે ૫૦:૨૦:૩૦ પ્રમાણે સહાય ચૂકવવામાં આવે છે.

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષવાર ચૂકવેલ સહાય અને લાભાર્થી ખેડૂતોની સંખ્યા | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | રાજ્ય યોજના હેઠળ | | | | N.H.M હેઠળ | | | | કુલ | | | |
| | | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ | | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ તા.૧-૪-૧૦ થી ા.૩૧-૧૨-૧૦ની સ્થિતિ | | રાજ્ય યોજના હેઠળ | | N.H.M હેઠળ | |
| | | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. |
| ૧ | ભાવનગર | ૨ | ૩૦૪૨ | ૮૯ | ૩૪૪૦૫૮ | ૧૨૬ | ૫૬૭૫૨૧ | ૮ | ૯૭૫૦૯ | ૯૧ | ૩૪૭૧૦૦ | ૧૩૪ | ૬૬૫૦૩૦ |
| ૨ | શિહોર | ૦ | ૦ | ૧૦૨ | ૪૬૮૫૮૩ | ૪૩૬ | ૧૯૦૦૮૧૪ | ૫૦ | ૨૬૦૯૨૮ | ૧૦૨ | ૪૬૮૫૮૩ | ૪૮૬ | ૨૧૬૧૭૪૨ |
| ૩ | બોટાદ | ૩ | ૧૮૮૨૫ | ૩ | ૧૦૮૮૯ | ૫૧ | ૨૧૫૨૨૦ | ૭ | ૮૭૩૪૯ | ૬ | ૨૯૭૧૪ | ૫૮ | ૩૦૨૫૬૯ |
| ૪ | ગઢડા | ૦ | ૦ | ૩ | ૧૧૭૧૧ | ૨૧ | ૧૧૩૮૯૮ | ૪ | ૯૫૭૧૮ | ૩ | ૧૧૭૧૧ | ૨૫ | ૨૦૯૬૧૬ |
| ૫ | ઘોઘા | ૬ | ૨૪૨૩૦ | ૨૪ | ૧૨૪૫૫૨ | ૭૯ | ૩૭૯૪૮૪ | ૦ | ૦ | ૩૦ | ૧૪૮૭૮૨ | ૭૯ | ૩૭૯૪૮૪ |
| અ. નં. | તાલુકાનું નામ | વર્ષવાર ચૂકવેલ સહાય અને લાભાર્થી ખેડૂતોની સંખ્યા | | | | | | | | | | | |
| | | રાજ્ય યોજના હેઠળ | | | | N.H.M હેઠળ | | | | કુલ | | | |

| | | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ | | ૨૦૦૯-૧૦ | | ૨૦૧૦-૧૧ તા.૧-૪-૧૦ થી ા.૩૧-૧૨-૧૦ની સ્થિતિ | | રાજ્ય યોજના હેઠળ | | N.H.M હેઠળ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. | લાભાર્થી | સહાય રૂા. |
| ૬ | મહુવા | ૦ | ૦ | ૫ | ૨૪૭૨૬ | ૩ | ૪૫૯૭૫ | ૦ | ૦ | ૫ | ૨૪૭૨૬ | ૩ | ૪૫૯૭૫ |
| ૭ | ઘારીયાધર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૬૩૦૦ | ૦ | ૦ | ૧ | ૬૩૦૦ |
| ૮ | તળાજા | ૭ | ૩૭૫૦૦ | ૧૧ | ૭૩૩૧૪ | ૬૧ | ૪૫૭૩૧૫ | ૧૮ | ૪૮૬૨૩૨ | ૧૮ | ૧૧૦૮૧૪ | ૭૯ | ૯૪૩૫૪૭ |
| ૯ | પાલીતાણા | ૦ | ૦ | ૧૭ | ૧૪૧૫૯૩ | ૩૮ | ૧૮૦૨૧૧ | ૧૫ | ૨૮૦૩૧૫ | ૧૭ | ૧૪૧૫૯૩ | ૫૩ | ૪૬૦૫૨૬ |
| ૧૦ | વલ્લભીપુર | ૦ | ૦ | ૮ | ૪૦૭૦૩ | ૩૫ | ૧૯૩૩૮૯ | ૧૩ | ૧૬૨૬૬૧ | ૮ | ૪૦૭૦૩ | ૪૮ | ૩૫૬૦૫૦ |
| ૧૧ | ઉમરાળા | ૦ | ૦ | ૨૪ | ૧૧૫૭૨૮ | ૯૦ | ૪૧૩૯૮૯ | ૧ | ૧૪૭૮૭ | ૨૪ | ૧૧૫૭૨૮ | ૯૧ | ૪૨૮૭૭૬ |
| | **સરવાળો** | **૧૮** | **૮૩૫૯૭** | **૨૮૬** | **૧૩૫૫૮૫૭** | **૯૪૦** | **૪૪૬૭૮૧૬** | **૧૧૭** | **૧૪૯૧૭૯૯** | **૩૦૪** | **૧૪૩૯૪૫૪** | **૧૦૫૭** | **૫૯૫૯૬૧૫** |

--------

## પાટણ જિલ્લામાં નવી સરકારી કોલેજ

૨૧૨૭૫ : **શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૨) આ કોલેજો શરૂ કરવા માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કચ્છ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ

૨૧૦૫૧ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને સરકારી માધ્યમિક શાળાની સુવિધા મળે તે માટે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન કચ્છ જિલ્લામાં સરકાર દ્વારા કેટલી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી, અને

(૩) ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૦૩ (ત્રણ) સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે જુન-૨૦૧૧ થી કાર્યરત થશે.

(૩)

| તાલુકો | ગામ |
|---|---|
| રાપર | મોટી હમીરપર |
| મુન્દ્રા | કારઘોઘા |
| અંજાર | સંઘડ |

## મોરબી-નવલખી રસ્તાનું કામ

૨૧૦૫૮ : **શ્રી કાંતિભાઈ અમૃતિયા (મોરબી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી-નવલખી રસ્તાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૨) તા.૩૧-૧-૨૦૧૧ સુધીમાં આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) આ કામ પાછળ કુલ કેટલો ખર્ચ થવાની સંભાવના છે ?

**જવાબ**

(૧) ૧૦.૦ મીટર પહોળો કરવાનું કામ તા.૧૪-૧-૨૦૧૦થી.

(૨) અને (૩) : આ કામ ખાનગીકરણ ધોરણે એન્યુઇટી પધ્ધતિથી કરવાનું આયોજન છે, અને રસ્તાના બાંધકામ માટે અંદાજે રૂા.૬૦.૮૯ કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

--------

## બનાસકાંઠા જિલ્લામાં એચ.પી.સી. ને ફાળવેલ જમીન અંગે

૨૦૬૩૮ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ હિન્દુસ્તાન પેટ્રોલીયમ કોર્પોરેશનને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) ૨૪૬૮૬૭ ચોરસ મીટર જમીન તારીખ ૩૧-૦૩-૨૦૦૬ના રોજ ફાળવવામાં આવી.

| | |
|---|---|
| (૨) તે પૈકી આ ઉદ્યોગ ગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

**વડોદરા જિલ્લાના પોર-કાયાવરોહણ-સાવલી રસ્તાને પહોળો કરવા અંગે**

૨૧૦૬૨ : **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર.ગોહિલ (વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના પોર, કાયાવરોહણ, સાવલી રસ્તાને પહોળો અને મજબુતીકરણ કરવાનું કામ તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પ્રગતિમાં છે કે કેમ, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે પૂર્ણ થનાર છે, | (૨) જુન ૨૦૧૧ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂા. ૧૫૧.૧૬ લાખ. |
| (૪) આ કામ પાછળ અંદાજિત કેટલો ખર્ચ થશે ? | (૪) અંદાજે રૂા. ૧૨૦૦.૦૦ લાખનો. |

**અમદાવાદ સિવિલ કોર્ટમાં રિનોવેશન માટે રકમની ફાળવણી**

૨૧૨૭૦ : **શ્રી વલ્લભભાઈ ગો.કાકડિયા (રખિયાલ) : માનનીય કાયદા ન્યાય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ સિવિલ કોર્ટમાં પબ્લીક પ્રોસીક્યુટર ઓફિસના રીનોવેશન કામને તારીખ ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે તે વાત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) કાયદા વિભાગ દ્વારા રૂપિયા ૧૬,૭૬,૮૦૦/- (રૂપિયા સોળ લાખ છોત્તેર હજાર આઠસો પુરા)ના નકશા અંદાજોને વહીવટી મંજુરી આપવામાં આવી છે.<br>ઉક્ત કામની સિવિલ કામગીરી પૂર્ણ થયેલ છે. અને ફર્નિચરની કામગીરી અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે. |

--------

**પંચમહાલ જિલ્લામાં સરકારી કોલેજોમાં વ્યાખ્યાતાઓની ખાલી જગાઓ**

૨૧૨૭૭ : **શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં સરકારી અને અનુદાનિત કોલેજોમાં વ્યાખ્યાતાઓની કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી હતી, અને | (૧) તા.૩૧-૩-૨૦૧૦ની સ્થિતિએ ખાલી જ્ગ્યાઓ<br>સરકારી કોલેજો - ૦૧<br>અનુદાનિત કોલેજો - ૨૬ |
| (૨) તે પૈકી તા.૧-૪-૧૦ થી તા.૩૧-૧૨-૧૦ સુધીમાં કેટલી જ્ગ્યાઓ ભરવામાં આવી ? | (૨) સરકારી કોલેજો - ૦૦<br>અનુદાનિત કોલેજો - ૦૨ |

--------

**જસદણ-ગોલાણા રોડના જસદણ બાયપાસ સુધીના રસ્તા બાબત**

૨૧૦૫૯ : **ડો. ભરતભાઈ બોઘરા (જસદણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જસદણ શહેરમાંથી પસાર થતાં જસદણ-ગોલાણા રોડના જસદણ બાયપાસ સુધીનો રસ્તો ક્યારે મંજૂર થયેલ છે, | (૧) જસદણ બાયપાસ સુધીમાં જસદણ ગોલાણા રોડના કામને તા. ૨૦/૭/૨૦૧૦નાં રોજ વહીવટી મંજૂરી આપેલ છે. |
| (૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે, અને | (૨) બોક્સ કટીંગની કામગીરી પ્રગતિમાં હતી. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) શૂન્ય. |

## નવસારી જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ રસ્તાના કામો

૨૦૭૫૩ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ ગામ પ્રવેશ માર્ગની સુધારણા અન્વયે તારીખ ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ક્યા ક્યા રસ્તાઓ માટે ફાળવી,

(૨) આ ફાળવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) કેટલા રસ્તાના તે અન્વયેના કામો પૂર્ણ થયા?

**જવાબ**

(૧), (૨) અને (૩) : કિસાનપથ યોજના હેઠળ **પરિશિષ્ટ-૧** મુજબ કુલ ૨૯ કામો રૂા. ૨૨.૩૧ કરોડના મંજૂર કરેલ છે. તે પૈકી ૨૮ કામો પૂર્ણ, ૧-કામ પ્રગતિ હેઠળ છે.

### પરિશિષ્ટ-૧

| અ.ન. | રસ્તાનું નામ | અંદાજીત રકમ રૂા. લાખમાં | થયેલ ખર્ચ રૂા. લાખમાં | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | વાડ ફાટકથી ઘેજ બીડ રોડ | ૧૧૧.૬૯ | ૧૦૭.૬૮ | કામ પુર્ણ |
| ૨ | કણભઈ કોઝવે ગોડથલ ઝાડી ફળિયા વેલણપુર કાકડવેરી સુખાબારી રોડ | ૯૦.૪૧ | ૮૭.૧૬ | કામ પુર્ણ |
| ૩ | મહુવાસ સરા રોડ | ૭૨.૦૩ | ૭૦.૫૦ | કામ પુર્ણ |
| ૪ | વાંસદા વાંસીયાતળાવ બોરીયાંછ ખાટાઆંબા કણધા રોડ | ૧૭૧.૫૨ | ૧૬૭.૮૮ | કામ પુર્ણ |
| ૫ | અનાવલ કંડોલપાડા રોડ | ૮૪.૯૪ | ૮૩.૧૪ | કામ પુર્ણ |
| ૬ | દંડેશ્વર ખેરગામ વચ્છરવાડ રોડ | ૧૫.૪૪ | ૧૪.૫૨ | કામ પુર્ણ |
| ૭ | ડાંભર વિલેજ રોડ | ૪૫.૩૭ | ૪૨.૬૬ | કામ પુર્ણ |
| ૮ | ગણદેવી દેસાડ કલવાચ રોડ | ૧૧૩.૫૧ | ૧૧૩.૨૭ | કામ પુર્ણ |
| ૯ | ઈટાળવા પરતાપોર મોગાર રોડ | ૬૧.૫૨ | ૬૫.૩૬ | કામ પુર્ણ |
| ૧૦ | સાતેમ એપ્રોચ રોડ | ૩૧.૨૦ | ૩૩.૧૪ | કામ પુર્ણ |
| ૧૧ | પેરા સરોણા પીનસાડ રોડ | ૩૬.૦૦ | ૩૮.૨૪ | કામ પુર્ણ |
| ૧૨ | મહુવર છીણમ રોડ | ૫૩.૪૫ | ૫૬.૭૯ | કામ પુર્ણ |
| ૧૩ | સારવણી અંબાચ કાકડવેલ રોડ | ૮૫.૫૪ | ૮૮.૮૮ | કામ પુર્ણ |
| ૧૪ | પીપલગભાણ આમધરા મોગરાવાડી રોડ | ૫૨.૯૬ | ૫૫.૦૨ | ભો. પુર્ણ |
| ૧૫ | ગણદેવી તોરણગામ ક્લીયારી રોડ | ૩૪.૫૮ | ૩૦.૪૩ | કામ પુર્ણ |
| ૧૬ | કાંટસવેલ લીમઝર રોડ | ૩૮.૭૧ | ૪૫.૬૨ | કામ પુર્ણ |
| ૧૭ | પીપલખેડ કેલીયા સુખાબારી રંગપુર રોડ | ૬૫.૮૦ | ૭૭.૫૫ | કામ પુર્ણ |
| ૧૮ | ધોળાપીપળા પેરા સરોણા વાઘેચ રોડ | ૮૧.૨૭ | ૭૭.૬૦ | ભો. પુર્ણ |
| ૧૯ | ચંદ્રવાસણ વેગામ રોડ | ૧૧૪.૯૫ | ૧૦૯.૭૬ | ભો. પુર્ણ |
| ૨૦ | સાતેમ ગોપીવાડી રોડ | ૩૫.૬૯ | ૩૪.૦૮ | ભો. પુર્ણ |
| ૨૧ | વેસ્મા સડોદરા પારડી સીસોદ્રા રોડ | ૮૫.૨૦ | ૮૧.૩૬ | ભો. પુર્ણ |
| ૨૨ | ગણદેવી ખેરગામ દુવાડા રોડ | ૫૧.૧૩ | ૪૮.૮૨ | ભો. પુર્ણ |
| ૨૩ | સરૈયા ચીતાલી જોગવાડ કુમકોતર રોડ | ૧૦૮.૪૭ | ૧૦૧.૭૦ | ભો. પુર્ણ |
| ૨૪ | ભીનાર કુકડા કુરેલીયા ધરમપુરી રોડ | ૬૯.૨૯ | ૬૪.૯૭ | કામ પુર્ણ |
| ૨૫ | વાંસદા મીઢાબારી રોડ | ૩૦.૧૨ | ૨૮.૨૪ | કામ પુર્ણ |
| ૨૬ | ધરમપુરી સરા રોડ | ૪૫.૧૭ | ૪૨.૩૫ | કામ પુર્ણ |
| ૨૭ | ખાનપુર સતીમાળ કામળઝરી ચોંઢા મોળાઆબા રોડ | ૨૯૯.૮૨ | ૨૨૨.૭૮ | કામ પુર્ણ |
| ૨૮ | સાદકપોર બામણવાડા ક્લીયારી રોડ | ૧૦૨.૯૨ | ૭૬.૬૧ | ભો. પુર્ણ |
| ૨૯ | કલમઠા ઘના ફળિયા રોડ | ૪૨.૬૧ | ૪૦.૬૯ | પ્રગતિ |
| | કુલ :- | **૨૨૩૧.૩૧** | **૨૧૦૬.૮૦** | |

--------

## જૂનાગઢ જિલ્લામાં નવી સરકારી કોલેજ

૨૧૨૭૩ : **શ્રીમતી વંદનાબેન મ.મકવાણા (કેશોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૨) આ કોલેજો શરૂ કરવા માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમદાવાદ સિવિલ કોર્ટમાં રિનોવેશન માટે રકમની ફાળવણી

૨૧૨૭૧ : **શ્રી રાકેશ શાહ (એલીસબ્રીજ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ સિવિલ કોર્ટમાં પબ્લીક પ્રોસીક્યુટર ઓફીસના રીનોવેશન કામને તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા જી.

(૨) કાયદા વિભાગ ધ્વારા રૂપિયા ૧૬,૭૬,૮૦૦/- (રૂપિયા સોળ લાખ છોત્તેર હજાર આઠસો પુરા) ના નકશા અંદાજોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. ઉક્ત કામની સિવિલ કામગીરી પૂર્ણ થયેલ છે. અને ફર્નિચરની કામગીરી અંગેની કાર્યવાહી પ્રગતિમાં છે.

**ખેડા અને જામનગર જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતીમાં થયેલ ગેરરીતિ બાબત**

૧૯૯૭૧ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્પોર્ટસ પ્રમાણપત્રને આધારે વિદ્યાસહાયકોની ભરતીમાં ગેરરીતિથી નિમણૂક મેળવેલ કેટલા શિક્ષકોને ખેડા અને જામનગર જિલ્લામાંથી સસ્પેન્ડ કે નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા, અને | (૧) ખેડા જિલ્લામાં : એક પણ નહિ. જામનગર જિલ્લામાં : ૮૪ વિદ્યાસહાયકો. |
| (૨) આવા પ્રમાણપત્રોની પૂરતી ચકાસણી નહીં કરવા અને સમયસર જે તે વખતે કામગીરી ન કરનાર શિક્ષણાધિકારીઓ સામે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ? | (૨) જામનગરના તત્કાલિન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તા.૩૧-૦૭-૨૦૧૦ના રોજ વય નિવૃત થયેલ છે તેમની સામે ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલુ છે. |

**ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શરૂ કરવામાં આવેલ ધોરણ-૮ ના વર્ગો**

૧૯૯૪૩ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધો.૮ ના કેટલા વર્ગો છેલ્લા બે વર્ષમાં શરૂ કરવામાં આવ્યા, અને | (૧) ૧૩૪ પ્રાથમિક શાળાઓમાં. |
| (૨) ધો-૮ના અભ્યાસ ક્રમોને અનુલક્ષીને આવી શાળાઓમાં કઈ કઈ સુવિધાઓ ઊભી કરવામાં આવી ? | (૨) વિદ્યાસહાયકો નિમણૂક, વિદ્યાર્થીઓને વિનામુલ્યે પાઠયપુસ્તકો તેમજ ૧૩૦ નવા ઓરડાઓની સુવિધા. |

**સરખેજ ધોળકા માર્ગની મરામત અંગે**

૨૦૯૭૮ : **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરખેજ-ધોળકા રોડ પરની સાઈડો કેટલી વખત માટી પુરાણ કરી યોગ્ય લેવલે કરવામાં આવી, | (૧) બે વખત. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂા.૪.૧૧ લાખ. |
| (૩) આ રોડની સાઈડો વારંવાર માટી પુરાણ કરવાથી માટી ધોવાઈ જાય છે અને ખોટો ખર્ચ થાય છે તે અટકાવવા અને ટકાઉ સાઈડ પુરાણ કરવા માટે સરકારે શી કાર્યવાહી કરી છે ? | (૩) સરખેજ-ધોળકા-ભાવનગર રસ્તાને ૭ મી. માંથી ૧૦ મી. પહોળો કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે. |

**અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો પાછળ ખર્ચ**

૨૧૧૦૫ : **શ્રી કાંતિલાલ રા. લકુમ (બાવળા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા છે. | (૧) ખાસ અંગભૂત યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૭ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ ૨૮ રસ્તાના કામો પૂર્ણ થયા અને ૯ કામો પ્રગતિમાં છે. |
| (૩) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થનાર છે ? | (૩) રૂા.૧૬૭૩.૩૧ લાખનો ખર્ચ થનાર છે. |

--------

## કચ્છ જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાની સુવિધા

૨૧૧૦૩ : **ડૉ. નીમાબેન આચાર્ય (અંજાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને સરકારી માધ્યમિક શાળાની સુવિધા મળે તે માટે સરકારે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોઇ પગલાં લીધા છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ-૨૦૧૦/૨૦૧૧ દરમ્યાન સરકાર દ્વારા કેટલી શાળાઓ શરૂ કરવામાં આવી, અને

(૩) તે ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૦૩ (ત્રણ) સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે જુન-૨૦૧૧ થી કાર્યરત થશે.

(૩)

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | રાપર | મોટી હમીરપર |
| ૨ | મુન્દ્રા | કારઘોઘા |
| ૩ | અંજાર | સંઘડ |

--------

## ગાંધીનગર જિલ્લામાં રાહેજા કોર્પોરેશન પ્રા.લિ. ને ફાળવેલ જમીન

૨૦૬૩૦ : **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કે. રાહેજા કોર્પોરેશન પ્રા.લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ૩,૭૬,૫૬૧ ચો.મી. જમીન તા.૦૫-૦૬-૨૦૦૬ ના હુકમથી ફાળવવામાં આવી

(૨) ના, જી.

## વૈદ્યનાથ કમિટિની જોગવાઇ અંતર્ગત રાજ્ય સરકારને મળેલ રકમ

૧૯૯૬૧ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકારની વૈદ્યનાથ કમીટીની જોગવાઇ મુજબ કેન્દ્ર તરફથી કેટલી રકમ રાજ્ય સરકારને આપવામાં આવી,

(૨) તેના કારણે વડોદરા જિલ્લામાં આવેલ કેટલી કૃષિ સહકારી મંડળીઓને તેનો લાભ થયો, અને

(૩) નિર્દિષ્ટ હેતુસર કેટલી રકમ વાપરવામાં આવી ?

**જવાબ**

(૧) રૂા.૧૮૩,૪૭,૩૯,૪૪૫/-.

(૨) ૬૬.

(૩) નાબાર્ડની ગાઈડ લાઈન મુજબ વડોદરા જિલ્લાની પેક્સ મંડળીઓ માટે મંજૂર થયેલ રકમ રૂા.૮,૮૧,૩૦,૯૬૨/- રીવાઈવલ પેકેજના હેતુઓના ઉપયોગ માટે મંડળીઓને જમા આપવામાં આવેલ છે.

## કપડવંજ જિલ્લામાં સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા

૨૧૨૪૨ : **શ્રી મણીભાઈ દે.પટેલ (કપડવંજ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજમાં આવેલ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટની કચેરીના તાબા હસ્તક ક્યા ક્યા સીટી સર્વે વિસ્તારો આવેલા છે,

(૨) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આ કચેરીમાં સીટી સર્વે સુપ્રિ.ની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યા ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૧) કપડવંજ (૨) આતરસુંબા (૩) તોરણા (૪) પીઠાઈ (૫) કઠલાલ (૬) લસુન્દ્રા (૭) ડાકોર (૮) ઠાસરા (૯) બાલાશિનોર (૧૦) વિરપુર

(૨) તા.૧-૦૧-૨૦૦૪થી

(૩) સતત ત્રણ વર્ષ ખાલી રહેવાના કારણે આ જગા તા.૧-૦૩-૨૦૦૭થી રદ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ખંભાળીયા અને ભાણવડ વચ્ચેના રાજ્ય ધોરીમાર્ગનું મજબૂતીકરણ કરવા બાબત**

૧૯૯૧૮ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ જામનગર જિલ્લાના ખંભાળીયા અને ભાણવડ વચ્ચેનો રાજ્ય ધોરીમાર્ગનું મજબૂતીકરણનું કામ મંજૂર થયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) આ કામ તા. ૮-૨-૨૦૧૧નાં રોજ પૂર્ણ થયેલ છે. |

--------

**આણંદ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ તાલીમ**

૨૦૯૧૮ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં વિધવા સહાય યોજના કેટલી નિરાધાર વિધવાઓને વિધવા સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલીમ આપવામાં આવેલ છે, અને | (૧) ૨૮૦ વિધવા બહેનો. |
| (૨) તે માટે સરકારે કેટલો ખર્ચ કરેલ છે ? | (૨) ૨૫.૦૩ લાખ. |

--------

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ**

૨૧૦૩૯ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ છે, | (૧) ૨૪૫૩ પ્રાથમિક શાળાઓમાં. |
| (૨) કેટલી શાળાઓમાં બાકી છે, અને | (૨) ૨ (બે) શાળાઓમાં. |
| (૩) બાકીની શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે ? | (૩) એક શાળાનું મકાન બનાવવાની કાર્યવાહી ચાલુ છે. બાંધકામ પૂર્ણ થયે વીજળીકરણ કરવામાં આવશે. જ્યારે બીજી શાળામાં ટુંક સમયમાં વીજળીકરણ કરવામાં આવશે. |

--------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં સહકારી મંડળીઓના ઉત્થાન માટે ચૂકવાયેલ રકમ**

૧૯૯૪૪ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા અને નર્મદા જિલ્લામાં વૈદ્યનાથ કમીટી અને વિવિધ સહકારી મંડળીઓના ઉત્થાન માટે પેકેજ જાહેર કરેલ તે અન્વયે તા.૩૧-૧-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ મંડળીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૧) (૧) વડોદરા જિલ્લામાં કુલ ૨૮૨ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓને રૂા. ૫૫,૪૦,૬૭,૫૦૬/- તથા નર્મદા જિલ્લામાં કુલ ૬૦ પ્રાથમિક કૃષિ વિષયક સહકારી મંડળીઓને રૂા. ૮,૫૬,૩૮,૪૫૯/- સહાય ચૂકવવામાં આવી છે.<br>(૧) (૨) વડોદરા અને નર્મદા જિલ્લામાં તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર-મંડળીવાર રીવાઈવલ પેકેજ અંતર્ગત ચૂકવવામાં આવેલ રકમનું * પત્રક આ સાથે સામેલ છે. |

(૨) બેંક દ્વારા આવી રકમ જે તે મંડળીને ન આપતાં બાકી નીકળતી રકમ પેટે કાપી લીધી છે તેવી રકમ રાજ્ય સરકાર આવી મંડળીઓને પરત કરવા માંગે છે કે કેમ ?

(૨) નાબાર્ડની ગાઈડ લાઈન મુજબ બેંકો ધ્વારા આવી રકમ જે તે મંડળીની બાકી રકમ પેટે જમા લીધેલ હોવાથી મંડળીઓને રકમ પરત ચૂકવવાનો રહેતો નથી.

**(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**પેટલાદ ખાતે કોર્ટનું નવું બિલ્ડીંગ બનાવવાનો ખર્ચ**

૨૧૨૬૫ **: શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લાના પેટલાદ ખાતે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોર્ટનું નવું બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ના, જી.
ક્રામ પ્રગતિમાં છે.

(૨) આ કામ ખાતે રૂા. ૪૨.૯૪ લાખનો ખર્ચ થયેલ છે.

--------

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક શિક્ષકોની જગ્યાઓ**

૨૧૦૫૦ **: શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એકટનો અમલ કરતાં શિક્ષણ વિભાગના તા.૩-૬-૧૦ના ઠરાવથી વિદ્યાર્થી શિક્ષકનો રેશિયો બદલાતાં જગ્યાઓ વધવાથી નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ ખાલી રહેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૮ |
| ૨ | લાઠી | ૦૦ |
| ૩ | લીલીયા | ૦૦ |
| ૪ | બાબરા | ૨૧ |
| ૫ | કુંકાવાવ | ૧૫ |
| ૬ | બગસરા | ૦૭ |
| ૭ | ધારી | ૪૫ |
| ૮ | ખાંભા | ૨૧ |
| ૯ | રાજુલા | ૪૦ |
| ૧૦ | જાફરાબાદ | ૬૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૦૩ |
| | કુલ : | ૨૪૧ |

(૨) જુન-જુલાઈ ૨૦૧૧ માં આ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે.

**આપત્તિ વ્યવસ્થાપનની બચાવ કામગીરી માટેની તાલીમ**

૨૧૦૯૦ **: શ્રી ભરત બારોટ (દરિયાપુર-કાઝીપુર )** : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

એચબી-૭૯૨-૧૦

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા પૂર આપત્તિના સમયે અસરકારક બચાવ કામગીરી માટે સ્ટાફને ફલડ રીસ્ક્યુ તાલીમ માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા,

(૨) તેમાં કેટલાને તાલીમ આપવામાં આવી, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૯.

(૨) ૨૭૫.

(૩) રૂ.૧૭,૮૨,૦૦૦/-.

## વડોદરા જિલ્લાની સુગર ફેક્ટરીમાં ઉચાપત ગેરરીતિની તપાસ

૨૧૬૨૮ : **શ્રી મોહનસિંહ છો.રાઠવા (પાવી-જેતપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં સરદાર સુગર-લઢોદ તથા વડોદરા સુગર ગંધારામાં સરકાર નિયુક્ત કેટલા પ્રતિનિધિ હતા,

(૨) આ સુગર ફેક્ટરીઓમાં થયેલ ઉચાપત ગેરરીતિની તપાસ કોણે કરી, ક્યારે કરી,

(૩) કેટલી રકમની ઉચાપત-ગેરરીતિ થયેલ છે, અને

(૪) વ્યવસ્થાપક મંડળમાં સરકાર નિયુક્ત પ્રતિનિધિ સામે પોલીસ કેસ નહીં થવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાની

૧. સરદાર સુગર, લઢોદમાં સરકારશ્રી નિયુક્ત કોઈ વ્યક્તિગત પ્રતિનિધિ ન હતા.
૨. વડોદરા સુગર, ગંધારામાં સરકારશ્રી નિયુક્ત ત્રણ પ્રતિનિધિ હતા.

(૨) ઉચાપત ગેરરીતિના આક્ષેપો સબબ નીચે મુજબ હિસાબોનું ઓડીટ કરાવવામાં આવેલ છે.

**૧. સરદાર સુગર, લઢોદ**

| હિસાબોનું વર્ષ | ઓડીટ કરનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢી |
|---|---|
| ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ (રી-ઓડીટ) | મહેશભાઈ પી. પટેલ એન્ડ કંપની, સુરત તા.૨૮-૮-૦૮ થી તા.૯-૧-૨૦૦૯ |
| ૨૦૦૭-૦૮ (વૈધાનિક ઓડીટ) | મનોજભાઈ સી. શાહ એન્ડ કંપની, ભરૂચ તા.૧-૫-૦૮ થી તા.૩૧-૩-૨૦૦૯ |

**૨. વડોદરા સુગર, ગંધારા**

| હિસાબોનું વર્ષ | ઓડીટ કરનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢી |
|---|---|
| ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ (રી-ઓડીટ) | નવીનચંદ્ર આર. ભટ્ટ એન્ડ કંપની, સુરત. તા.૨૯-૧૧-૦૮ થી તા.૨૭-૧-૨૦૧૧ |
| ૨૦૦૭-૦૮ (વૈધાનિક ઓડીટ) | મહેશભાઈ પી. પટેલ એન્ડ કંપની, સુરત ૩/૦૮ થી તા.૫-૧૨-૨૦૦૮ |

(૩) કુલ રૂ.૫૩,૭૦,૪૧,૦૪૦/-.

(૪) બંને ખાંડ મંડળીમાં ઉચાપત/ગેરરીતિના સમય ગાળામાં કોઈ સરકારશ્રી નિયુક્ત પ્રતિનિધિ ન હોઈ કેસ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

## સંખેડા તાલુકાના કરનેટ અને રતનપુર વચ્ચે પુલ બાંધવા મંજૂરી

૨૦૫૭૧ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાના કરનેટ અને રતનપુર વચ્ચે સોરસંગ નદી ઉપર પુલ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ક્યારે, અને

(૩) મંજૂર થયેલ પુલનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણનું પ્રમાણ

૨૧૧૦૪ : **શ્રી અનિલકુમાર માળી (દિયોદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કુલ કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલ છે, અને

(૨) જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના શિક્ષણનું પ્રમાણ વધે તે માટે સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૦૯ (નવ) માધ્યમિક શાળાઓ ૦૯ (નવ) ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

(૨) જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે શિક્ષણ વિભાગના તા.૧૫-૨-૨૦૧૧ના ઠરાવથી બનાસકાંઠા જિલ્લામાં નીચે દર્શાવેલ સ્થળે સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે

હવે પછી કાર્યરત થશે.

| શાળાનું નામ | તાલુકો | ગામ |
|---|---|---|
| સરકારી માધ્યમિક શાળા | વાવ | ડાભી |
| સરકારી માધ્યમિક શાળા | અમીરગઢ | કપાસીયા |

**સુરત જિલ્લામાં એસ્સાર સ્ટીલ લિ. ને ફાળવેલ જમીન**

૨૦૬૪૧ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ એસ્સાર સ્ટીલ લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હે.૪૦-૩૪-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી.

(૨) ના, જી.

**અમરેલી જિલ્લામાં શ્રી રામ ઇ.પી.સી. લિ.ને ફાળવેલ જમીન**

૨૦૬૪૨ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં બાબરા વિસ્તારમાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ શ્રી રામ ઇ.પી.સી.લી.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હે.૨૮-૫૦-૦૦ ચો.મી. જમીન તા.૫-૬-૦૭ હે.૭-૦૦-૦૦ ચો.મી. જમીન તા.૬-૨-૦૮ થી ફાળવેલ છે.

(૨) કોઈ શરતભંગ ધ્યાને આવેલ નથી.

--------

**રાજકોટ જિલ્લાના ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ**

૨૧૦૪૩ : **શ્રીમતી જસુબેન સ. કોરાટ (જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સોઇલ હેલ્થ કાર્ડની યોજના ક્યારથી અમલમાં આવી, અને

(૨) આ યોજના હેઠળ રાજકોટ જિલ્લાના કેટલા ખેડૂતોને ઉક્ત સ્થિતિએ કેટલા કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ-૨૦૦૩-૦૪થી.

(૨) કૂલ ૩,૨૩,૨૭૭ ખેડૂતોના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૧,૦૦,૬૩૧ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે.

**આણંદ જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ પાછળ કરેલ ખર્ચ**

૨૧૫૬૭ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આત્મા પ્રોજેક્ટ આણંદ જિલ્લામાં ક્યારથી અમલમાં છે,

(૨) સદર પ્રોજેક્ટમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ વહીવટી માળખું ક્યા પ્રકારનું છે,

(૩) સદર પ્રોજેક્ટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ક્યા ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ કામે ક્યારે ક્યારે અને કેટલી ગ્રાન્ટ મળેલ છે ?

**જવાબ**

(૧) આત્મા પ્રોજેકટ આણંદ જિલ્લામાં તારાખ ૧૧-૯-૨૦૦૭ થી અમલમાં છે,

(૨) સદર પ્રોજેકટના અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ આત્મા ગવર્નીંગ બોર્ડ અને આત્મા મેનેજમેન્ટ કમીટી તથા તાલુકા કક્ષાએ ફાર્મર્સ એડવાઇઝરી કમીટી અને તાલુકા ટેક્નોલોજી ટીમની રચના કરવામાં આવેલ છે.

(૩) આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ.

(૪) આણંદ જિલ્લાને મળેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | તારીખ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૬-૮-૨૦૦૯ | રૂ.૫૮.૭૨ લાખ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૨૯-૧-૨૦૧૧ | રૂ.૩૮.૨૦ લાખ |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૧૦-૧૧ | ૨૯-૧-૨૦૧૧ | રૂા.૩૮.૨૦ લાખ |

## પત્રક
## આત્મા પ્રોજેક્ટ અંતર્ગત આણંદ જીલ્લામાં તાલુકાવાર થયેલ કામગીરીની વિગતો

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૨-૨૦૦૯ થી ૩૧-૧-૧૦ | તા.૧-૨-૨૦૧૦ થી ૩૧-૧-૧૧ |
|---|---|---|---|
| ૧ | સોજીત્રા | જીલ્લાની અંદર તાલીમ,<br>રવિ ઘઉં પાક નિદર્શન<br>જીલ્લા બહાર પ્રેરણા પ્રવાસ | ખરીફ ડાંગર નિદર્શન, રવિ ઘઉં નિદર્શન જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ) |
| ૨ | ખંભાત | જીલ્લાની અંદર તાલીમ, રવિ ઘઉં પાક નિદર્શન, જીલ્લા બહાર પ્રેરણા પ્રવાસ, ખેતર દિવસ | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન,<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ) |
| ૩ | આણંદ | જીલ્લાની અંદર તાલીમ રવિ ઘઉં પાક નિદર્શન | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>જીલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ, છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ<br>(કૃષિ ગોવિદ્યા લવાજમ), જીલ્લા બહાર તાલીમ |
| ૪ | આંકલાવ | જીલ્લાની અંદર તાલીમ<br>જીલ્લા બહાર પ્રેરણા પ્રવાસ | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>જીલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ,<br>છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ) કૃષિ ગોષ્ઠિ |
| ૫ | પેટલાદ | જીલ્લાની અંદર તાલીમ<br>જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન,<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ) |
| ૬ | ઉમરેઠ | જીલ્લાની અંદર તાલીમ<br>જીલ્લા બહાર પ્રેરણા પ્રવાસ | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન,<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ, છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ), ખેતર દિવસ |
| ૭ | બોરસદ | રવિ ઘઉં પાક નિદર્શન<br>જીલ્લા બહાર પ્રેરણા પ્રવાસ | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન,<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ) કૃષિ ગોષ્ઠિ |
| ૮ | તારાપુર | રવિ ઘઉં પાક નિદર્શન<br>જીલ્લા બહાર પ્રેરણા પ્રવાસ | જીલ્લાની અંદર તાલીમ, ખરીફ ડાંગર નિદર્શન<br>રવિ ઘઉં નિદર્શન, જીલ્લાની બહાર પ્રેરણા પ્રવાસ<br>જીલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ<br>છાપેલા લીફલેટ/પુસ્તીકાઓ (કૃષિ ગોવિદ્યા લવાજમ) કૃષિ ગોષ્ઠિ |

--------

## ડીસા ખાતે કોર્ટના નવા બિલ્ડીંગ માટે રકમની ફાળવણી

૨૧૨૬૮ : **શ્રી ગોવિંદભાઈ મા.પ્રજાપતિ (પાલનપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાની ડીસા સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કોઇ મંજૂરી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં કૃષિક્ષેત્રે થયેલ એમ.ઓ.યુ.

૨૧૦૭૧ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ-૨૦૧૧ માં યોજાયેલ ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટમાં કૃષિક્ષેત્રે કેટલા રૂપિયાના એમ.ઓ.યુ. થયા ? | વર્ષ ૨૦૧૧ માં યોજાયેલ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં કૃષિ ક્ષેત્રે રૂ.૩૪,૯૮૭ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. |

## કલ્યાણપુર કોર્ટના બિલ્ડીંગ માટે રકમની ફાળવણી

૨૧૨૬૭ : **શ્રી લાલજીભાઈ પ્રે.સોલંકી (જામનગર (રુરલ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લાની કલ્યાણપુર સ્થિત કોર્ટના બિલ્ડીંગને નવું બનાવવા માટે તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કોઇ મંજૂરી આપવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) કાયદા વિભાગ દ્વારા રૂપિયા ૩,૪૦,૩૩,૭૮૨ (રૂપિયા ત્રણ કરોડ ચાલીસ લાખ તેત્રીસ હજાર સાતસો બ્યાંસી પુરા) ની નકશા અંદાજોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. જામનગર જિલ્લાની કલ્યાણપુર ખાતે નવા કોર્ટ બિલ્ડીંગ બનાવવાનું કામ પ્રગતિમાં છે. |

**ખેડા જિલ્લામાં માર્ક બાયો સાયન્સીસ લિ.ને ફાળવેલ જમીન**

૨૦૬૪૮ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ માર્ક બાયો સાયન્સીસ લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૪૬૮૭ ચો.મી. જમીન તા.૧૫-૧૧-૦૬ થી ફાળવવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

**સુરત જિલ્લામાં ખાસ અંગભૂત યોજનાના કામો**

૨૧૧૦૬ : **શ્રી કિરીટભાઈ ગં.પટેલ (ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ-૨૦૦૯/૨૦૧૦માં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા કામો પૂર્ણ કરેલ છે, અને | (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૦૯ અને ૨૦૧૦ માં ખાસ અંગભૂત યોજના હેઠળ ૧૮ કામો પૂર્ણ કરેલ છે. |
| (૨) બાકી રહેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) બાકી રહેલ ૬ (છ) કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે. |

**જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ગણોતની નવી શરતની જમીનને જુની શરતમાં ફેરવવા પડતી તકલીફ બાબત**

૧૯૯૪૭ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં ગણોતની નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે ખરીદ કીંમત ભર્યાના સેલ સર્ટીફીકેટ મળતાં ન હોવાના કારણે તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કેટલી જમીન નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવાની બાકી છે, | (૧) ૯૬૯ કેસ. |
| (૨) ઉક્ત સ્થિતિએ આવી નવી શરતની જમીન જૂની શરતમાં ફેરવવા માટે સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) જો હા, તો તેની વિગતો શું, અને | (૩) ખરીદ કિંમત ભરપાઈ કરવા સંબંધે ગણોત ધારા સુધારાનું વિધેયક ચાલુ સત્રમાં મંજૂર થયેલ છે. જેને કાયદાનું સ્વરૂપ મળતા સરકારશ્રીના જાહેરનામા પછી બાકી ખરીદ કિંમત ભરપાઈ થતા ગણોતધારાની નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવી શકાશે. |
| (૪) કેટલાં સમયમાં આવી કાર્યવાહી કરવામાં આવશે ? | (૪) મુદ્દા ક્રમાંક-૩ માં દર્શાવેલ કાર્યવાહી પૂર્ણ થયેથી. |

**ઉના ખાતે લોક અદાલત માટે બેઠક ખંડ બનાવવા મંજૂરી**

૨૧૨૬૯ : **શ્રી કાળુભાઈ ચ.રાઠોડ (ઉના) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાની ઉના સ્થિત કોર્ટમાં લોક અદાલત માટે બેઠક ખંડ બનાવવા માટે તારીખ ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી છે, અને આ કામ ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે? | (૨) કાયદા વિભાગ દ્વારા રૂપિયા ૪૩,૩૫,૩૦૦/- (રૂપિયા તેતાલીસ લાખ પાંત્રીસ હજાર ત્રણસો પુરા) ના નકશા અંદાજોને વહીવટી મંજૂરી આપવામાં આવી છે. કામ પૂર્ણતાના આરે છે. |

**ગાંધીનગર જિલ્લામાં ધો-૮ ના વર્ગો શરૂ કરવા બાબત**

૨૧૦૮૦ : **શ્રી કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં તા.૩૧-૧૦-૨૦૧૦ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવામાં આવેલ છે,

(૨) કેટલી પ્રાથમિક શાળાઓમાં વર્ગો શરૂ કરવાના બાકી છે, અને

(૩) તે ક્યારે શરૂ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૭૦ પ્રાથમિક શાળાઓમાં.

(૨) ૩૧૫ શાળાઓમાં.

(૩) આગામી બે વર્ષમાં.

**ગોધરા તાલુકાના રસ્તાની મરામત**

૨૧૦૬૩ : **શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના ગોધરા મહેલોલ કાનોડ રોડને રીસરફેસ કરવા માંગે છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું,

(૩) આ કામે ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૪) આ કામ પાછળ અંદાજીત કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : મહેલોલ કાનોડ રસ્તાની કુલ ૧૮.૪૦ કી.મી. લંબાઈ પેકી જરૂરીયાતવાળી ૩.૪૦ કી.મી. લંબાઈમાં રૂ.૧૫૦ લાખના અંદાજી ખર્ચે કામગીરી કરવાનું આયોજન છે. ૧ કામ જુલાઈ-૨૦૧૦ માં મંજૂર થયેલ છે. જે પ્રગતિમાં છે, જ્યારે ૧ કામ મંજૂરી હેઠળ છે.

**વલસાડ જિલ્લામાં વિધવા સહાય પેન્શન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૦૭૨૮ : **શ્રી રમણલાલ ના.પાટકર (ઉમરગામ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય પેન્શન યોજના અંતર્ગત ૪૪૧ અરજીઓ મળી છે.

(૨) ૨૯૨ અરજીઓ.

(૩) ૭૮ અરજીઓ નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

૧. નિયત ઉંમર ધરાવતા ન હોવાથી.

૨. વાર્ષિક આવક વધારે હોવાથી.

૩. પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી.

૪. નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઈ.

૫. અન્ય કારણોસર જેવા કે પુરાવાના અભાવે ત્યક્તા હોવાથી વિગેરે.

**બાબરા અને ખાંભા ખાતે કોર્ટના બિલ્ડીંગ બનાવવાનો ખર્ચ**

૨૧૨૬૬ : **શ્રી હનુભાઈ ધોરાજીયા (લાઠી) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના બાબરા અને ખાંભા ખાતે તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કોર્ટનું નવું બિલ્ડીંગ

**જવાબ**

(૧) બાબરા ખાતે કોર્ટ બિલ્ડીંગ બનાવવા માટેના ટેન્ડરો માંગવામાં આવેલ છે. જ્યારે ખાંભા ખાતે નવું

બનાવવામાં આવેલ છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે માટે કેટલી રકમનો ખર્ચ થયો?

કોર્ટ બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે.

(૨) બાબરા કોર્ટ બિલ્ડીંગના ટેન્ડરો મંજૂરીની પ્રક્રિયામાં હોઈ ખર્ચ થયેલ નથી. જ્યારે ખાંભા કોર્ટ બિલ્ડીંગ માટે રૂ.૨,૭૦,૦૬,૯૧૪/- ખર્ચ થયેલ છે.

--------

**ખેડા જિલ્લાના આતરસૂંબા-છીપડી-સરસવણી રસ્તાના કામોને મંજૂરી**

૨૧૪૮૮ : **શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના આતરસુંબા-છીપડી-સરસવણી રસ્તાના કામને ક્યારે મંજૂરી આપવામાં આવેલ છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) જો કામ બાકી હોય તો કામ પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧)

| લંબાઈ કી.મી.માં | મંજૂરીનું વર્ષ |
|---|---|
| ૧૦.૨૦ (૦/૦ થી ૧૦/૨) | ૧૯૯૮-૯૯ અને ૨૦૦૭-૦૮ |
| ૭.૮૦ (૧૩/૦૫ થી ૨૦/૮૫) | ૨૦૦૧-૦૨ |

(૨) મંજૂર થયેલ કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) મીસીંગ લીંકની જમીન સંપાદન, કોર્ટના મનાઈ હુકમ અંગે વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે તથા પુરતી બજેટ જોગવાઈ થયેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

**રાજુલા તાલુકાના જંત્રીના ભાવો**

૨૦૨૬૬ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકાના જંત્રીના ભાવો કેટલા ગામો માટે અનિર્ણિત રખાયેલ છે,

(૨) તેમાં ક્યા -ક્યા ગામો છે,

(૩) અનિર્ણિત રખાયેલ જંત્રીના ભાવે સામે જે-તે ગામના થતાં દસ્તાવેજો માટે ભાવો નક્કી કરવાની સત્તા કોની છે, અને

(૪) તે ભાવો ક્યા આધારે નક્કી કરવામાં આવે છે?

**જવાબ**

(૧) રાજુલા તાલુકાના હાલમાં અમલી જંત્રીમાં તમામ ગામોના ભાવો નક્કી થયેલ છે, તેથી કોઈ ગામની જંત્રી અનિર્ણીત રખાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા શહેર માટે બાયપાસ રસ્તા માટેનું આયોજન**

૨૧૦૮૪ : **શ્રી અનિલભાઈ પટેલ (મહેસાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા શહેર પાસે બાયપાસ રસ્તો બનાવવા માંગે છે કે કેમ,

(૨) જોહા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ તેના માટે શું આયોજન કરેલ છે, અને

(૩) આ કામ માટે કેટલો ખર્ચ થવાની સંભાવના છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વહીવટી મંજૂરી આપીને ટેન્ડર માંગેલ છે જે મંજૂરી પ્રક્રિયામાં છે.

(૩) અંદાજે રૂ.૧૧૩.00 કરોડ.

--------

**સુરત જિલ્લામાં લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને ફાળવેલ જમીન**

૨૦૬૩૪ : **શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ લાર્સન એન્ડ ટુબ્રો કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) હે. ૨૪૯-૦૬-૯૧ ચો.મી.

(૨) તે પેકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

(૨) ના, જી.

--------

**સાબરકાંઠા જિલ્લામાં એગ્રો કો.ઓ.માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને ફાળવેલ પડતર જમીન**

૨૦૬૨૯ : **શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ નેશનલ એગ્રો કો.ઓ. માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પેકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) કુલ-૧૪૫૦૨૭૮ ચો.મી. સરકારી પડતર જમીન તા.૫-૧-૦૮ થી ૨૦ વર્ષના ભાડા પટે ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ**

૨૧૦૫૨ : **શ્રી દુષ્યંતભાઈ ર.પટેલ (ભરૂચ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં ધોરણ-૧૧ અને ૧૨ની સરકારી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કેટલી છે, અને

(૨) ઉક્ત જિલ્લાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહની સરકારી શાળાઓ છેલ્લા બે વર્ષમાં કેટલી ખોલવામાં આવી?

**જવાબ**

(૧) વિજ્ઞાન પ્રવાહની ધોરણ-૧૧ અને ૧૨ ની શાળાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | સરકારી | ગ્રાન્ટેડ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૪ | ૦૨ | ૦૪ | ૧૦ |
| ૨ | ભરૂચ | ૦૩ | ૧૦ | ૨૭ | ૪૦ |
| | કુલ : | **૦૭** | **૧૨** | **૩૧** | **૫૦** |

(૨)

| ક્રમ | જિલ્લો | સરકારી | કુલ |
|---|---|---|---|
| ૧ | નર્મદા | ૦૦ | ૦૦ |
| ૨ | ભરૂચ | ૦૨ | ૦૨ |
| | કુલ : | ૦૨ | ૦૨ |

--------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માતના વીમાની રકમ ચૂકવવા અંગે**

૨૦૪૫૧ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર કેટલા ખેડૂતોના અકસ્માતના કારણે મોત થયા,

(૨) આ પેકી કેટલા ખેડૂતોને અકસ્માત વિમા યોજના હેઠળ લાભો આપવામાં આવ્યા,

(૩) કઈ વીમા કંપની તરફથી કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી હજુ કેટલા કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના તાલુકાવાર નીચે મુજબ કુલ ૨૩૩ ખેડૂતોના અકસ્માતના કારણે મોત થયા અંગેની દાવા અરજીઓ મળી.

| અ.નં. | તાલુકાનું નામ | અકસ્માતથી મૃત્યુની મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | થરાદ | ૩૪ |
| ૨ | વડગામ | ૩૧ |
| ૩ | કાંકરેજ | ૨૭ |
| ૪ | ડીસા | ૨૭ |
| ૫ | પાલનપુર | ૨૨ |
| ૬ | વાવ | ૨૧ |
| ૭ | ધાનેરા | ૧૯ |
| ૮ | દાંતા | ૧૪ |
| ૯ | દાંતીવાડા | ૧૧ |
| ૧૦ | અમીરગઢ | ૯ |
| ૧૧ | ભાભર | ૮ |
| ૧૨ | દિયોદર | ૧૦ |
| | કુલ : | ૨૩૩ |

(૨) ૧૪૩.

(૩) વીમા નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી રૂ.૧૪૩/- લાખ રકમની ચૂકવણી કરવામાં આવી, અને ૯૦ કિસ્સામાં રકમ ચૂકવવાની બાકી છે.

| | |
|---|---|
| (૪) બાકી રહેવાના કારણો શું છે અને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે ? | (૪) વીમા નિયામકએ માંગેલ જરૂરી સાધનિક કાગળો તથા પૂર્તતા મૃતકના વારસદારો તરફથી પૂરા પાડવાની અને તેની ચકાસણીની કામગીરી ચાલુ હોવાના કારણોસર અરજીઓ બાકી રહેલ છે, જેની કાર્યવાહી પૂરી થયે ચૂકવણા અંગેની નિયમોનુસારની કાર્યવાહી સત્વરે કરવામાં આવશે. |

--------

**વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં ખેડૂતોની વારસાઈ એન્ટ્રી અન્વયે મળેલ અરજીઓ**

૧૯૯૫૩ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં કેટલા ખેડૂતોની વારસાઈ એન્ટ્રી અન્વયેની અરજીઓ સરકારને મળી, | (૧) વર્ષ-૨૦૦૯ માં ૧૦૪૭<br>વર્ષ ૨૦૧૦ માં ૧૧૭૦<br>**કુલ : ૨૨૧૭** |
| (૨) મળેલ અરજીઓ અન્વયે વર્ષવાર કેટલી વારસાઈ એન્ટ્રી મંજૂર થઈ, અને | (૨) વર્ષ-૨૦૦૯ માં ૯૩૭<br>વર્ષ-૨૦૧૦ માં ૯૨૭<br>**કુલ : ૧૮૬૪** |
| (૩) ના મંજૂર થઈ હોય તેવી અરજીઓના કારણો શા છે? | (૩) નામંજૂર કરવામાં આવેલી ન હોઈ પ્રશ્ન નથી. |

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત અકસ્માત મૃત્યુ સહાય હેઠળ પડતર અરજીઓનો નિકાલ**

૨૧૨૮૮ : **શ્રી રણછોડભાઈ ક.મેર (ધંધૂકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ ખેડૂત અકસ્માત મૃત્યુ સહાય યોજના અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં વીમા સહાય અંગેની કેટલી અરજીઓ આવી, | (૧) કુલ ૨૩૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, | (૨) ૫૮. |
| (૩) આ અરજીઓ પડતર રહેવાના શા કારણો છે, અને | (૩) વીમા નિયામક કક્ષાએ સ્કુટીની તથા જરૂરી સાધનિક કાગળોની ખેડૂતો તરફથી પૂર્તતાની કામગીરી ચાલુ હોઈ અરજીઓ પડતર છે. |
| (૪) આવી પડતર અરજીનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે? | (૪) અરજીઓ વીમા નિયામક પાસે મંજૂરી માટે છે, જેમાં વીમા નિયામક તરફથી માંગવામાં આવેલ પૂર્તતા મૃતકના વારસદારો દ્વારા થયેથી ટૂંક સમયમાં નિર્ણય લેવાનો રહે છે. |

--------

**ખેડા જિલ્લામાં માર્ક બાયો સાયન્સીસ લિ. ને ફાળવેલ જમીન**

૨૦૬૫૩ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ માર્ક બાયો સાયન્સીસ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૪૬૮૭ ચોરસ મીટર જમીન તા.૧૫-૧૧-૦૬ ના હુકમથી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ? | (૨) હા, જી. |

--------

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ફાળવેલ ગ્રાન્ટ

**૧૯૯૫૨ : શ્રી ભગવાનભાઈ ધા.બારડ (તાલાલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીને છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકારે ક્યા ક્યા કામો માટે કેટલી ગ્રાન્ટ વર્ષવાર ફાળવી, અને

(૨) જે કામો માટે સરકારે ગ્રાન્ટ ફાળવેલ છે તે કામો પૂર્ણ થયા છે કે કેમ?

**જવાબ**

(૧) આ સાથે સામેલ પત્રક મુજબ.

(૨) ૧૮ કામ પૈકી ૯ કામ પૂર્ણ થયેલ છે. અને ૯ કામ ગતીમાં છે.

**પત્રક**

| ક્રમ | કામની વિગત | ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાન્ટ | | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| | | વર્ષ | ગ્રાન્ટ | |
| ૧ | ગુજરાતનો સર્વાંગી વિકાસ અને શ્રેષ્ઠીઓનો સર્વેક્ષણએ વિષય પ્રતિયોગીતા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૪૭,૦૦૦<br>- -<br>- -<br>- - | ૪૭,૦૦૦/- |
| ૨ | પી.જી. ડીપ્લોમા ઇન સોફીસટીકેટેડ ઇન્સ્ટુમેન્ટેશન | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૬૯,૬૫,૦૦૦<br>- -<br>- -<br>- - | ૬૯,૬૫,૦૦૦/- |
| ૩ | યુ.એન.ડી.પી. પુરસ્કૃત યોજના | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>૨,૦૦,૦૦૦<br>૧,૫૦,૦૦૦<br>૫૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦/- |
| ૪ | નેશનલ કોન્સફરન્સ ઓન સ્પેક્ટ્રોસ્કોપી એન્ડ સ્ટેરઓ કેમેસ્ટ્રી અંગે સેમીનાર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>૩૫,૦૦૦<br>- -<br>- - | ૩૫,૦૦૦/- |
| ૫ | રિસર્ચ પ્રોજેક્ટર | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૧,૫૨,૫૦૦<br>૧,૦૨,૦૦૦<br>- -<br>- - | ૨,૫૪,૫૦૦/- |
| ૬ | મરીન સાયન્સ મરીન ટેક્નોલોજી પ્રોજેક્ટ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૧૨,૧૯,૦૦૦<br>૬,૫૦,૦૦૦<br>- -<br>- - | ૧૮,૬૯,૦૦૦/- |
| ૭ | પ્લાન્ટ બાયોલોજી એન્ડ જીનેટીક એન્જીનીયરીંગ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૮૯,૮૨,૧૦૦<br>૨૯,૬૮,૯૦૦<br>- -<br>- - | ૧,૧૯,૫૧,૦૦૦/- |
| ૮ | પી.જી. ડીપ્લોમા ઇન ક્લીનીક્લ ફાર્મસી એન્ડ એફીલીયેટેડ કોર્ષ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>૨૬,૦૦,૦૦૦<br>- -<br>- - | ૨૬,૦૦,૦૦૦/- |
| ૯ | ફોરમુલેશન ડેવલોપમેન્ટ ઓફ મુકોધેસીવ ઇન્સ્ટીટ્યુશન ફીલ્મ ફારમીંગ પીરીયોડીક્લ ડ્રગ્સ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૫૦,૦૦૦<br>- - | ૫૦,૦૦૦/- |
| ૧૦ | વર્કશોપ ઓન એક્સરે | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૫૦,૦૦૦<br>- - | ૫૦,૦૦૦/- |
| ૧૧ | સ્વર્ણિમ ગુજરાત પ્રેરિત યુવક મહોત્સવનું આયોજન | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૧,૦૦,૦૦૦<br>- - | ૧,૦૦,૦૦૦/- |
| ૧૨ | સ્ટુડન્ટ સાઇટેડ પ્રોજેક્ટ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૪૦,૦૦૦<br>- - | ૪૦,૦૦૦/- |
| ૧૩ | યુનિવર્સિટીઓ વિશ્વ સ્તરની બનાવવા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>૧,૦૦,૦૦,૦૦૦<br>૧,૦૦,૦૦,૦૦૦ | ૨,૦૦,૦૦,૦૦૦/- |
| ૧૪ | સીબીસીએસને અનુરૂપ નવા અભ્યાસક્રમો | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯ | - -<br>- - | ૧,૫૦,૦૦,૦૦૦/- |

| ક્રમ | ક્રમની વિગત | ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગ્રાન્ટ | | કુલ ગ્રાન્ટ |
|---|---|---|---|---|
| | | વર્ષ | ગ્રાન્ટ | |
| | | ૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૫૦,૦૦,૦૦૦<br>૧,૦૦,૦૦,૦૦૦ | |
| ૧૫ | ગુજરાતના કાઠીયાવાડી અશ્વોની એતિહાસીક બાબતો પર સંશોધનની યોજના | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>- -<br>૭,૪૦,૦૦૦ | ૭,૪૦,૦૦૦/- |
| ૧૬ | સેન્ટર ફોર ગવર્નન્સ | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૭,૫૦,૦૦૦<br>- -<br>- -<br>- - | ૭,૫૦,૦૦૦/- |
| ૧૭ | જીબીપીએસકનેકટીવીટી સુવિધા | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | - -<br>- -<br>- -<br>૬૦,૦૦,૦૦૦ | ૬૦,૦૦,૦૦૦/- |
| ૧૮ | લેગ્વેજ લેબોરેટરી | ૨૦૦૭-૦૮<br>૨૦૦૮-૦૯<br>૨૦૦૯-૧૦<br>૩૧-૧૨-૧૦ ની સ્થિતિએ | ૨,૫૦,૦૦૦<br>- -<br>- -<br>- - | ૨,૫૦,૦૦૦/- |

--------

## રાજકોટ જિલ્લામાં જી.આઈ.ડી.સી.ને ફાળવેલ જમીન

૨૦૬૪૬ **: શ્રી જયેશભાઈ વી. રાદડિયા (ધોરાજી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જી.આઈ.ડી.સી.ને ઓદ્યોગિક વસાહત માટે કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પેકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હે.૪૨૫-૬૮-૬૪ ચો.મી. જમીન. ૧૯૭૦ થી ૨૦૦૮ સુધીમાં ફાળવવામાં આવી છે.

(૨) ના, જી.

--------

## લુણાવાડા તાલુકાના હાડોડ, કોલવણ અને નાસરોલીને જોડતા રસ્તાઓની સુધારણા

૨૧૬૮૨ **: શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં હાડોડ, કોલવણ, નાસરોલી રોડ બે જિલ્લાની સરહદને જોડતો રસ્તો બીલકુલ બીસ્માર હાલતમાં છે, તેની સરકારને જાણ છે ખરી, અને

(૨) જો હા, તો આ રસ્તાની બીસ્માર હાલતની સુધારણાનું કામ સરકાર ક્યારે હાથ ધરવા માગે છે?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લાનાં લુણાવાડા તાલુકામાં હાડોડ, કોલવણ, નાસરોલી રોડની જરૂરી મરામત કરી રસ્તો વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે.

(૨) હાડોડથી કોલવણ, ગ્રામ્ય માર્ગ કિ.મી. ૪.૨૦ લંબાઇમાં રસ્તાને રીસરફેસ કરવાનું વિચારણામાં છે.

--------

## વડનગર તાલુકાના ઉંડણથી કૂલાસણને જોડતા પુલ અંગે દરખાસ્ત

૨૦૫૬૯ **: શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડનગર તાલુકામાં સાબરમતી નદી ઉપર ઉંડણથી કૂલાસણને જોડાણને જોડતો પુલ બનાવવા અંગેની કોઈ દરખાસ્ત સરકારને મળેલ છે,

(૨) જો હા, તો તે હાલ ક્યા તબક્કે છે, અને

(૩) તે અંગેની કામગીરી ક્યારે હાથધરી ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : સાબરમતી નદી પર માંગણીવાળા સ્થળથી નીચાણ વાસમાં ૩ કિ.મી.ના અંતરે રાજ્ય ધોરીમાર્ગ પર બ્રીજ આવેલ છે. જેથી હાલ આયોજન નથી.

--------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ટાટા ઉદ્યોગગૃહને પ્રોજેક્ટ માટે ફાળવેલ જમીન**

૨૦૬૨૬ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ઉદ્યોગગૃહ ટાટાને ક્યા ક્યા પ્રોજેક્ટો માટે કેટ કેટલી જમીન રાજ્ય સરકારે ક્યારે ક્યારે ફાળવેલી છે,

(૨) આ ફાળવાયેલી જમીનમાં શરતોનું સંપૂર્ણપણે પાલન થાય તે અંગેની કોઈ ચકાસણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યારે ક્યારે અને કોના કોના મારફ્ત ચકાસણી થયેલ છે?

**જવાબ**

(૧) નીચે મુજબ જમીન ફાળવી છે.

| જિલ્લો | એકમનું નામ | હેતુ | ફાળવેલ જમીન ચો.મી. | હુકમની તારીખ |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ટાટ કન્સ્લટન્સી સર્વીસીસ લી. | આઈ.ટી. પ્રોજેક્ટ માટે | ૧,૦૧,૧૭૧,૪૦<br>૨૦૨૩.૪૩ | ૨-૩-૦૭<br>૧૩-૬-૦૭ |
| અમદાવાદ | ટાટા મોટર્સ લી. | નેનો કાર પ્રોજેક્ટ માટે | ૪૪,૫૧,૭૦૦ | ૧૦-૧૧-૦૮ |

(૨) હા જી.

(૩) ગાંધીનગરના કિસ્સામાં ગુડા ધ્વારા તા.૧૭-૨-૧૧ થી અને અમદાવાદમાં નાયબ કલેક્ટરશ્રી ધોળકા પ્રાંત મારફ્ત તા.૩-૨-૧૧ થી ચકાસણી થયેલ છે.

**નવસારી જિલ્લામાં વીજ સબ સ્ટેશનો માટે જમીન**

૨૧૦૪૦ : **શ્રી આર.સી. પટેલ (જલાલપોર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ સબ સ્ટેશનો સ્થાપવા માટે કોઈ સરકારી જમીન ફાળવવામાં આવેલ છે.

(૨) જો હા, તો કોને ફાળવવામાં આવેલ છે, અને

(૩) કેટલી જમીન ફાળવવામાં આવેલ છે.

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન લી. કબીલપોર, તા.જી. નવસારીને ફાળવવામાં આવેલ છે.

(૩) કુલ હે. ૧-૯૬-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

**અમરેલી જિલ્લાના નાગેશ્રી ગામથી ઉના સુધીના રસ્તાની મરામતના કામો બાબતે**

૨૦૫૫૭ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નેશનલ હાઈવે નં-૮-ઈમાં અમરેલી જિલ્લાનાં જાફરાબાદ તાલુકાનાં નાગેશ્રી ગામથી જુનાગઢ જિલ્લાના ઉના સુધીનો રસ્તો તા. ૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ અત્યંત બિસ્માર હાલતમાં છે તે હકિકત સરકાર જાણે છે.

(૨) જો હા, તો આ રોડને મરામત કરવાનું કામ ઉપરોક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) તે ક્યારે પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : નેશનલ હાઈવે નં. ૮-ઈ માં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના નાગેશ્રીગામ (કી.મી. ૧૫૦/૦) થી જુનાગઢ જિલ્લાના ઉના (કી.મી. ૧૮૫/૦) વચ્ચેની ૩૫.૦૦ કી. મી. લંબાઈ પૈકી ૨૪.૬૧ કી.મી. ની ખરાબ લંબાઈમાં સુધારણા/મજબુતીકરણની કામગીરી પ્રગતિમાં છે. જે સપ્ટેમ્બર-૨૦૧૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે બાકી રહેતી લંબાઈ વાહનવ્યવહાર માટે યોગ્ય છે.

**અમદાવાદ જિલ્લામાં ભારત હોટસ લિ. ને સરકારી પડતર જમીનની ફાળવણી**

૨૦૬૨૮ : **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભારત હોટલ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ૨૧૩૦૦ ચો.મી. તા. ૧૧-૧૧-૦૫ થી અને ૪૪૨૪ ચો. મી. તા. ૧૭-૧૧-૦૮ થી ફાળવવામાં આવી.

(૨) હા, જી.

--------

**કોલેજોના આચાર્યો માટે તાલીમ કાર્યક્રમ**

૨૧૨૮૦ **: શ્રી બાબુભાઈ દેસાઈ (કાંકરેજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા કે.સી.જી. મારફત વર્ષ-૨૦૧૦ દરમ્યાન સરકારી અનુદાનિત કોલેજોના આચાર્યો માટે કેટલા તાલીમ કાર્યક્રમો યોજ્યા, | (૧) ૧૯ (ઓગણીસ) |
| (૨) તેમાં કેટલા આચાર્યોએ ભાગ લીધો, અને | (૨) ૫૩૬ (પાંચસો છત્રીસ) |
| (૩) આ તાલીમ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૧૦માં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂા. ૨૧,૪૩,૬૦૨ |

**સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ખાતર વિતરણ કેન્દ્રો**

૧૯૯૧૬ **: શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ખાતરનું વિતરણ કરવા કેટલા કેન્દ્રો આવેલા છે, અને

**જવાબ**

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | ખાતર વિતરણ કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચુડા | ૨૩ |
| ૨ | દસાડા (પાટડી) | ૩૩ |
| ૩ | ધ્રાંગધ્રા | ૧૦૦ |
| ૪ | હળવદ | ૮૦ |
| ૫ | ચોટીલા | ૬૦ |
| ૬ | લખતર | ૪૫ |
| ૭ | લીમડી | ૩૪ |
| ૮ | મુળી | ૬૮ |
| ૯ | સાયલા | ૪૦ |
| ૧૦ | વઢવાણ | ૧૦૭ |
| | **કુલ** | **૫૯૦** |

(૨) આવા ખાતરના કેન્દ્રો વધુ ખોલવા સરકારનું આયોજન શું છે?

(૨) સ્થાનિક જરૂરીયાત પ્રમાણે વિતરણ કેન્દ્રોની પરવાનગી આપવા જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)ને અધિકૃત કરેલ છે.

**અમદાવાદ જિલ્લાના અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈ-સાધન સહાય મેળવવા મળેલ અરજીઓ**

૧૯૯૫૬ **: શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના ખેડૂતોની સિંચાઈના સાધનોમાં સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી, | (૧) ૩૭૩ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલાની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૭૩ અરજીઓ. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૯,૭૫,૦૦૦/-. |

--------

**સોનગઢ-ભાવનગર રસ્તો પહોળો કરવા બાબત**

૨૧૦૬૧ **: શ્રીમતી ભાવનાબેન મકવાણા (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સોનગઢથી ભાવનગર રાજ્ય ધોરીમાર્ગ પહોળો કરવાનું કામ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ પ્રગતિમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ ક્યા તબક્કામાં છે, | (૨) ૨૩.૨ કિ.મી. લંબાઈ પૈકી ૪.૩૫ કિ.મી. લંબાઈની કામગીરી પૂર્ણ, અન્ય કામગીરી પ્રગતિમાં. |
| (૩) આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૩) રૂ. ૧૧૪.૪૩ લાખ. |
| (૪) આ કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે? | (૪) કરારખત મુજબ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

--------

## સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન

૨૧૧૧૧ : **શ્રી આત્મારામભાઈ પરમાર (ગઢડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન માટે કઈ જંત્રી મુજબની વેલ્યુ નક્કી થયેલ છે, અને

(૨) જંત્રીમાં ફેરફાર કરવાની સરકારની કોઈ કાર્યવાહી શરૂ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) સ્ટેમ્પડ્યુટી વેલ્યુએશન માટે એ.એસ.આર-૨૦૦૬ કે જેનો અમલ તા. ૧-૪-૨૦૦૮થી સમગ્ર રાજ્યમાં થયેલ છે તે મુજબ વેલ્યુ નક્કી થાય છે.

(૨) હા.

--------

## અમરેલી જિલ્લામાં નેટન્કો વિન્ડ પાવર પ્રા.લિ. ને ફાળવેલ જમીન

૨૦૬૩૭ : **શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં બાબરા તાલુકામાં તા. ૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ નેટન્કો વિન્ડ પાવર લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) કુલ ૧૬૨૦૦૦ ચો.મી. સરકારી પડતર જમીન તા. ૮-૫-૦૭ થી ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

## આણંદ જિલ્લામાં પશુ દવાખાના

૨૦૨૫૦ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ આણંદ જિલ્લામાં દુધાળા અને ખેતી-ઉપયોગી પશુઓની સંખ્યાને અનુલક્ષીને કેટલા પશુ દવાખાના હોવા જોઈએ,

(૨) હાલ કેટલા પશુ દવાખાના ક્યા ક્યા સ્થળે આવેલા છે,

(૩) હયાત દરેક પશુ દવાખાનામાં નિયમ મુજબ કેટલું મહેકમ હોવો જોઈએ, કેટલું મહેકમ છે, અને

(૪) સરકાર કેટલા સમયમાં પૂરતા દવાખાના, પૂરતા મહેકમ સાથે પ્રજાની સેવામાં મૂકવા માંગે છે?

**જવાબ**

(૧) જિલ્લામાં દુધાળા અને ખેતી-ઉપયોગી પશુઓની સંખ્યાને અનુલક્ષીને પશુ દવાખાનાની સંખ્યા અંગે કોઈ નિયત ધોરણો નથી.

(૨) ૧૩ પશુ દવાખાના આણંદ જિલ્લાના આણંદ, વાસદ, ઉમરેઠ, બોરસદ, ભાદરણ, દહેવાણ, આંકલાવ, ખંભાત, તારાપુર, પેટલાદ, બાંધણી, સોજીત્રા અને મઘરોલ સ્થળે આવેલા છે.

(૩) હયાત દરેક પશુ દવાખાનામાં કેટલું મહેકમ હોવુ જોઈએ તે નિયત થયેલ નથી ઉપલબ્ધ મહેકમની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | પશુ દવાખાનાનું સ્થળ | પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ડ્રેસર વર્ગ-૪ | પટાવાળા/ એટેન્ડન્ટ |
|---|---|---|---|---|
| | | ઉપલબ્ધ મહેકમ | ઉપલબ્ધ મહેકમ | ઉપલબ્ધ મહેકમ |
| ૧ | આણંદ | ૧ | ૦ | ૧ |
| ૨ | વાસદ | હવાલો પ.ચિ.અ. આણંદ | ૦ | ૦ |
| ૩ | ઉમરેઠ | ૧ | ૦ | ૦ |
| ૪ | બોરસદ | ૧ | ૦ | ૧ |
| ૫ | ભાદરણ | હવાલો પ.ચિ.અ. બોરસદ | ૧ | ૦ |
| ૬ | દહેવાણ | હવાલો પ.ચિ.અ. બોરસદ | ૦ | ૦ |
| ૭ | આંકલાવ | ૧ | ૦ | ૧ |
| ૮ | ખંભાત | હવાલો પ.ચિ.અ. પેટલાદ | ૧ | ૧ |
| ૯ | તારાપુર | હવાલો પ.ચિ.અ. સોજીત્રા | ૦ | ૧ |
| ૧૦ | પેટલાદ | ૧ | ૧ | ૧ |
| ૧૧ | બાંધણી | હવાલો પ.ચિ.અ. પેટલાદ | ૦ | ૦ |
| | સોજીત્રા | ૧ | ૧ | ૧ |
| ૧૩ | મઘરોલ | હવાલો પ.ચિ.અ. સોજીત્રા | ૦ | ૦ |

(૪) આણંદ જિલ્લામાં ૧૩-પશુ દવાખાના ઉપરાંત ૧-વેટરનરી પોલીક્લીનિક, ૪-શાખા પશુ દવાખાના તથા ૨૦ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો મળી કુલ-૩૮ સારવાર કેન્દ્રો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

## ભાવનગર જિલ્લામાં આર.કે.ઈન્ડસ્ટ્રીઝને ફાળવેલ જમીન

૨૦૬૬૦ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આર. કે. ઈન્ડસ્ટ્રીઝને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) કુલ ૧૦,૦૦૦ ચો.મી. સરકારી પડતર જમીન તા. ૩૧-૧૨-૦૬ થી ફાળવવામાં આવી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

--------

**આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શોચાલય અને પીવાના પાણીની સુવિધાઓ બાબત**

૧૯૯૨૬ : **શ્રી નિરંજનભાઈ પટેલ (પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં શોચાલય અને પીવાના પાણી ન હોય તેવી કેટલી શાળાઓ છે, અને | (૧) એક પણ નહિ. |
| (૨) આવી સુવિધાઓ સરકાર કેટલા સમયમાં પૂરી પાડવા માંગે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**કચ્છ જિલ્લામાં પશુ ચિકિત્સક અને પશુધન નિરીક્ષકોની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૯૯૨૦ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં પશુપાલન વિભાગ તરફથી પશુ ચિકિત્સક અને પશુધન નિરીક્ષકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) અ. પશુ ચિકિત્સક, વર્ગ-૨ની ૩૭ જગ્યાઓ.<br>બ. પશુધન નિરીક્ષક વર્ગ-૩ની ૯૬ જગ્યાઓ. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી નિમણૂક આપેલ છે, અને | (૨) અ. પશુ ચિકિત્સક, વર્ગ-૨ની ૧૮ (અઢાર) જગ્યાઓ પર અને<br>બ. પશુધન નિરીક્ષક વર્ગ-૩ની ૧૯ (ઓગણીસ) જગ્યાઓ પર નિમણૂક આપેલ છે. |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

**બાલાસિનોર તાલુકાના કઠેયા ગામે પુલ બાંધકામ**

૨૧૬૬૬ : **શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લાના, બાલાસિનોર તાલુકાના ખારવા કોતર પર કઠેયા ગામે પુલનું બાંધકામ ક્યારે મંજૂર કરવામાં આવ્યું, અને | (૧) ખારવા કોતર પર કઠેયા ગામે પૂલનું બાંધકામ જુલાઇ-૨૦૧૦માં મંજૂર કરેલ છે. |
| (૨) ક્યારે આ પૂલનું બાંધકામ શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) કામનો વર્કઓર્ડર તા. ૩-૩-૧૧થી આપેલ છે. કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ૧૫ માસની છે. |

**ભરૂચ જિલ્લામાં ઓદ્યોગિક એકમો માટે જમીન સંપાદન**

૨૦૬૨૩ : **શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં દહેજ વિસ્તારમાં ઓદ્યોગિક એકમો માટે જમીન સંપાદન અન્વયે ખેડૂતોની કોઈપણ પ્રકારની સહમતી વિના જમીનો સંપાદન થઈ છે, તે હકિકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ખેડૂતોની સહમતી વિના આવી કેટલી જમીન શા ભાવે સંપાદન થઈ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સંપાદન થયેલ જમીન ઓદ્યોગિક એકમોને શા ભાવે આપવામાં આવી ? | (૩) પ્રતિ ચો.મી.ના રૂ. ૫૫૦/- ના ભાવે. |

**પાટણ જિલ્લામાં શિક્ષકોની ખાલી જ્યાઓ**

૧૯૯૩૫ : **શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની કેટલી જ્યાઓ ખાલી છે, અને

(૨) આવી ખાલી જ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧)

| વિભાગ | ખાલી જ્યા | વિષય | |
|---|---|---|---|
| માધ્યમિક | ૦૪ | સમાજવિદ્યા | ૦૨ |
| | | ગુજરાતી | ૦૧ |
| | | ગણિત/વિજ્ઞાન | ૦૧ |
| ઉચ્ચત્તર | ૦૩ | અંગ્રેજી | ૦૧ |
| માધ્યમિક | | ઉદ્યોગ | ૦૨ |

(૨) જેમ બને તેમ જલ્દી.

--------

**ભરૂચ જિલ્લામાં ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ.ને ફાળવેલ જમીન**

૨૦૬૬૧ : **શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) હે. ૧૨૬૩-૦૦-૧૭ ચો.મી. જમીન તા. ૧૬-૮-૦૭ થી ફાળવેલ છે.

(૨) ના, જી.

--------

**રાજ્યમાં કમોસમી વરસાદથી થયેલ નુક્સાનનું વળતર**

૨૦૦૭૮ : **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૧૦માં પડેલા કમોસમી વરસાદના કારણે અમરેલી, ભાવનગર અને પોરબંદર જિલ્લાઓમાં ક્યા ક્યા કૃષિ પાક્ને કેટ કેટલું નુક્સાન તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં થયુ,

(૨) થયેલા આ નુક્સાન બાબતે રાજ્ય સરકાર દ્વારા સર્વે કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું અને તેનો અહેવાલ સરકારને ક્યારે મળ્યો, અને

(૩) નુક્સાન પેટે કેટલું વળતર ચૂકવવામાં આવ્યુ?

**જવાબ**

(૧) થયેલ પ્રાથમિક અંદાજીત નુક્સાનની વિગત

| જિલ્લો | પાકનું નામ | થયેલ અંદાજીત નુક્શાન (રૂા. લાખમાં) |
|---|---|---|
| અમરેલી | કપાસ | ૪૬૨૨૧ |
| ભાવનગર | કપાસ | ૪૧૫૬૬ |
| | મગફળી | ૮૭૨ |
| પોરબંદર | કપાસ | ૩૫૭૧ |
| | મગફળી | ૧૪૦ |
| | એરંડા | ૦૧ |
| પોરબંદર | જુવાર | ૫૧ |
| | મગ | ૩૩ |
| | ઘઉં | ૬૯ |
| | ચણા | ૧૭૭ |

(૨) નુક્સાની અંદાજ ડીસેમ્બર-૨૦૧૦માં મળેલ હતો.

(૩) Calamity Relief Fund (આપત્તિ રાહત ભંડોળ) હેઠળના ધારાધોરણો મુજબ નુક્સાન સામે રાહત ચૂકવવામાં આવશે.

--------

**બાલાચડી સૈનિક શાળાથી યાકુબપીર સુધીના રસ્તાનું સમારકામ**

૨૦૧૧૧ **: શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લાના જોડીયા તાલુકાની બાલાચડી સ્કૂલથી યાકૂબપીર જવાના રસ્તાને ડામર સપાટી કરવાનું કામ ક્યા તબક્કે છે,

(૨) ડામર સપાટી કરવાનું કામ પૂર્ણ કરવા માટે શું આયોજન કરેલ છે, અને

(૩) ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રસ્તાનું ડામરકામ મંજુર થયેલ નથી.

**રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને આપવામાં આવતું માનદ વેતન**

૧૯૯૩૨ **: શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં આંગણવાડી વર્કર અને તેડાગરને માનદ વેતન પેટે કેટલી રકમ આપવામાં આવે છે,

**જવાબ**

(૧) આંગણવાડી વર્કર અને તેડાગર બહેનોને માનદ વેતન તરીકે નીચે મુજબ આપવામાં આવે છે.

| અ. નં. | આંગણવાડી વર્કર | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
|---|---|---|---|---|
| (૧) | આંગણવાડી વર્કર | | | |
| (૧) | નોન મેટ્રીક રૂા. ૯૩૮ | રૂા. ૧૪૩૮ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૪૩૮ |
| (૨) | નોન મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા. ૯૬૯ | રૂા. ૧૪૬૯ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૪૬૯ |
| (૩) | નોન મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૦૦ |
| (૪) | મેટ્રીક રૂા. ૧૦૦૦ | રૂા. ૧૫૦૦ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૦૦ |
| (૫) | મેટ્રીક (૫ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૩૧ | રૂા. ૧૫૩૧ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૩૧ |
| (૬) | મેટ્રીક (૧૦ વર્ષનો અનુભવ) રૂા. ૧૦૬૩ | રૂા. ૧૫૬૩ | રૂા. ૧૦૦૦ | રૂા. ૨૫૬૩ |
| મીની આંગણવાડી કાર્યકર | | રૂા. ૭૫૦ | રૂા. ૨૫૦ | રૂા. ૧૦૦૦ |
| તેડાગર | | ભારત સરકાર તરફથી | ગુજરાત સરકાર તરફથી | કુલ માનદ વેતન |
| | | રૂા. ૭૫૦ | રૂા. ૫૦૦ | રૂા. ૧૨૫૦ |

**પ્રશ્ન**

(૨) આ માનદ વેતનમાં વધારો કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી માંગણીઓ સરકારને મળી, અને

**જવાબ**

(૨) આવી કોઈ માંગણી મળેલ નથી.

**પ્રશ્ન**

(૩) મળેલ માંગણીઓ અન્વયે માનદ વેતનમાં વધારો આપવામાં આવ્યો છે કે કેમ, અને કેટલી રકમનો?

**જવાબ**

(૩) આવી કોઈ માંગણી મળેલ નથી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા તા. ૨૯-૪-૨૦૧૦ના ઠરાવથી વર્ષ ૨૦૧૦ માં નીચે મુજબનો વધારો આપવામાં આવેલ છે.

આંગણવાડી વર્કર - રૂા. ૫૦૦
આંગણવાડી તેડાગર - રૂા. ૨૫૦
મીની આંગણવાડી કાર્યકર- રૂા. ૨૫૦

--------

**પંચમહાલ જિલ્લામાં ઈ-ધરાની કામગીરી**

૨૧૦૧૪ **: શ્રી સી. કે. રાઉલજી (ગોધરા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ઈ-ધરા મારફત સાત-બાર તથા ૮-એ વેચાણ એન્ટ્રીની નોંધ ગામે તલાટી/પંચાયતની કચેરીએથી કરવામાં આવે છે કે કેમ,

**જવાબ**

(૧) ના, જી.

(૨) ઈ-ધરા ની કામગીરીથી ઉક્ત સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો વંચિત છે, અને

(૨) કોઈ ગ્રામ પંચાયત વંચિત નથી.

(૩) આ વંચિત ગામોને કેટલા સમયમાં આવી સુવિધા આપવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## મહેસાણા જિલ્લામાં નવી સરકારી કોલેજો

૨૧૨૭૨ : **શ્રીમતી જશોદાબેન પરમાર (જોટાણા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી સરકારી કોલેજો શરૂ કરવામાં આવી, અને

(૨) આ કોલેજો શરૂ કરવા માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## કચ્છ જિલ્લામાં નાબાર્ડ યોજના હેઠળ મંજૂર થયેલ કામો

૧૯૮૬૨ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન નાબાર્ડ યોજના હેઠળ કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા શરૂ કરવામાં આવ્યા,

(૩) કેટલા પૂર્ણ થયા, અને

(૪) કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) થી (૪) : નાબાર્ડ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કોઈ કામ મંજુર થયેલ નથી. પરંતુ અગાઉ મંજૂર થયેલ ૬૪ રસ્તાના કામો રૂા. ૪૭.૫૪ કરોડના ખર્ચે આ સમયગાળા દરમ્યાન પૂર્ણ કરવામાં આવેલ છે અને ૧ કામ હાલ પ્રગતિમાં છે.

--------

## દાહોદ તાલુકામાં કૃષિ ધિરાણ મંડળીઓ

૨૦૧૮૬ : **શ્રી બચુભાઈ કિશોરી (લીમડી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ તાલુકામાં કુલ કેટલી કૃષિ ધિરાણ સહકારી મંડળીઓ હયાત છે,

(૨) આ કૃષિ ધિરાણ સહકારી મંડળીઓને વૈદ્યનાથન સમિતિની ભલામણો મુજબ કુલ કેટલી રકમની સહાય મળેલ છે, અને

(૩) મંડળીવાર કેટલી રકમ મળેલ છે?

**જવાબ**

(૧) ૨૧.

(૨) રૂા. ૧,૩૭,૬૫,૪૦૯/-.

(૩) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ દાહોદ તાલુકામાં મંડળીવાર મળેલ સહાયની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | મંડળીનું નામ | મળેલ સહાયની રકમ |
|---|---|---|
| ૧ | ધી રાણાપુર સે.સ.મં.લી. | ૧૪,૦૬,૫૬૨ |
| ૨ | ધી મુવાલીયા સે.સ.મં.લી. | ૩૩,૯૭,૮૧૨ |
| ૩ | ધી રાજપુર ખરેડી સે.સ.મં.લી. | ૧૩,૦૭,૧૮૦ |
| ૪ | ધી ધામરડા સે.સ.મં.લી. | ૫૫,૧૯,૦૪૪ |
| ૫ | ધી તરવાડીયા સે.સ.મં.લી. | ૩,૪૭,૩૧૦ |
| ૬ | ધી ચંદવાણા સે.સ.મં.લી. | ૯,૦૭,૯૫૦ |
| ૭ | ધી વણભોરી સે.સ.મં.લી. | ૮,૭૯,૫૫૧ |
| | **કુલ સરવાળો :** | **૧,૩૭,૬૫,૪૦૯** |

--------

**ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાની ઘટ**

૨૧૫૦૬ : **શ્રી મહેન્દ્રસિંહ સરવૈયા (પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પશુ દવાખાનાની સંખ્યા કેટલી છે, | (૧) ૨૯. |
| (૨) તેમાં કોઈ ઘટ છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તે ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધાં છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**કચ્છ જિલ્લાના વર્ષામેડી ગાંધીધામ રસ્તાને પહોળો કરવાનું આયોજન**

૨૧૦૯૩ : **શ્રી રમેશભાઈ વ.મહેશ્વરી (મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના અંજાર અને ગાંધીધામ તાલુકાના વર્ષામેડી ગાંધીધામ એરોડ્રામ રસ્તાને પહોળો કરવાનું કામ તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) કામ પ્રગતિમાં છે. |
| (૨) આ કામ ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) તા. ૧૭/૧૨/૨૦૧૧ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે ? | (૩) રૂા. ૪૦૦ લાખ |

**બનાસકાંઠા જિલ્લામાં ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝરને ફાળવેલ જમીન**

૨૦૬૩૯ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત નર્મદા વેલી ફર્ટીલાઈઝર કોર્પોરેશનને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) હે. ૪૭૩૨૬૫૫ ચો.મી. જમીન તા. ૨૨-૦૬-૦૭ થી ભાડા પટ્ટે આપેલ છે. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

**નવસારી અને વલસાડ જિલ્લામાં જમીન-મકાન પચાવી પાડવા અંગે**

૨૦૭૫૫ : **શ્રી છનાભાઈ ચૌધરી (ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી અને વલસાડ જિલ્લામાં બોગસ દસ્તાવેજો અને ખોટી રીતે જમીનો-મકાનો પચાવી પાડવાના કેટલા કિસ્સાઓ તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના ધ્યાને આવ્યા, અને | (૧) નવસારી-શૂન્ય. કોઈ કિસ્સા ધ્યાને આવેલ નથી. વલસાડ-૭ (સાત) કિસ્સા ધ્યાને આવેલ છે. |
| (૨) ખોટી રીતે થતા આવા દસ્તાવેજો સબબ કેટલા ઈસમો સામે ફરીયાદો કરવામાં આવી છે ? | (૨) ૧૬ (સોળ) ઈસમો સામે ફરીયાદ કરવામાં આવેલ છે. |

**ખેડા જિલ્લામાં માર્ક બાયો સાયન્સીસ લી. ને ફાળવેલ જમીન**

૨૦૬૩૩ : **શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ માર્ક બાયો સાયન્સીસ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) ૪૬૮૭ ચોરસ મીટર જમીન તા. ૧૫-૧૧-૦૬ ના હુકમથી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) હા, જી. |

--------

**ભરૂચ જિલ્લામાં ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. ને ફાળવેલ જમીન**

૨૦૬૩૨ : **શ્રી કિરણકુમાર લ.મકવાણા (જંબુસર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ઈરેક્શન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ. કંપનીને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હે. ૧૨૬૩-૦૦-૧૭ ચો.મી. જમીન તા. ૧૬/૮/૦૭ થી ફાળવેલ છે.

(૨) ના, જી.

**ધોળકા અને ધંધુકા તાલુકામાં તળાવો ઉંડા કરવા બાબત**

૨૦૯૭૯ : **શ્રી કાનજીભાઈ તળપદા (ધોળકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોળકા શહેર અને ધંધુકા તાલુકામાં તળાવો ઊંડા કરવા માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ક્યા ક્યા તળાવો વર્ષવાર ઊંડા કરવામાં આવ્યા, કેટલા તળાવો ઊંડા કરવાના કામો ઉક્ત સ્થિતિએ બાકી છે, અને

(૩) આ તળાવો ઊંડા કરવા પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ધોળકા શહેરમાં રૂપિયા ૩.૩૦ લાખ અને ધંધુકા તાલુકામાં રૂપિયા ૧૨૮.૯૬ લાખની રકમ તળાવો ઊંડા કરવા માટે ફાળવવામાં આવી.

(૨) ધોળકા શહેરમાં ૧ અને ધંધુકા તાલુકામાં ૩૬ તળાવો ઊંડા કરવામાં આવ્યા, વર્ષવાર ઊંડા કરવામાં આવેલ તળાવોની માહિતી અંગેનું પત્રક-૧ સામેલ છે.
ઉક્ત સ્થિતિએ તળાવો ઊંડા કરવાના બાકી નથી.

(૩) રૂપિયા ૧૩૨.૨૬ લાખ

**પત્રક-૧**

| અ.નં. | તાલુકો | ગામ | સર્વે નંબર | ખર્ચ | વર્ષ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧ | ધંધુકા | બુરાનપુરા | ૧૬૨/૨પી | ૪૫૧૧૯૧ | **ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૦** | |
| ૨ | ""-"" | ક્મીયાળા | ૧૨૦ | ૪૩૨૫૮૨ | ""-"" | |
| ૩ | ""-"" | ઉંમરગઢ | ૨૯૬ | ૨૩૯૯૯૦ | ""-"" | |
| ૪ | ""-"" | ભડીયાદ | ૪૭૨ | ૪૪૯૧૨૮ | ""-"" | |
| ૫ | ""-"" | હરીપુરા | ૧૬૨/૨ | ૪૩૭૧૪૫ | ""-"" | |
| ૬ | ""-"" | ગાંફ | ૩૨૧ | ૩૩૩૦૭૬ | ""-"" | |
| ૭ | ""-"" | પીપળી | ૨/૧/પી૧ | ૪૪૫૬૪૮ | ""-"" | |
| ૮ | ""-"" | વાલીન્ડા | ૨૫૬//૧એ૧ | ૪૨૮૭૮૫ | ""-"" | |
| ૯ | ""-"" | ગોરાસુ | ૧ | ૩૩૪૪૯૨ | ""-"" | |
| ૧૦ | ""-"" | મોરશીયા | ૪૯/૧ | ૨૬૨૮૩૩ | ""-"" | |
| ૧૧ | ""-"" | અણીયાળી ભીમજી | ૩૭૭ | ૧૭૯૬૧૪ | ""-"" | |
| ૧૨ | ""-"" | સાલાસર | ૭૦ | ૩૯૨૭૮૪ | ""-"" | |
| ૧૩ | ""-"" | આકરૂ | ૨૩૭ | ૧૭૮૦૪૦ | ""-"" | |
| ૧૪ | ""-"" | રાયસંગગઢ | ૪૯૭ | ૨૦૮૯૭૮ | ""-"" | |
| ૧૫ | ""-"" | પીપળ | ૨૧૯ | ૨૫૮૬૮૨ | ""-"" | |
| ૧૬ | ""-"" | ઉમરગઢ | ૪૦૪ | ૪૫૨૨૭૦ | ""-"" | |
| ૧૭ | ""-"" | ગાંફ | ૪૪૭ | ૪૫૧૫૦૯ | ""-"" | |
| ૧૮ | ""-"" | ઝાંઝરકા | ૧૧૯ | ૧૩૨૭૬ | ""-"" | |
| ૧૯ | ""-"" | કોઠડીયા | ૧૦૬+૧૦૭ | ૩૫૭૬૫૪ | ""-"" | |
| ૨૦ | ""-"" | બાજરડા | ૩ | ૨૪૭૦૩૬ | ""-"" | |
| ૨૧ | ""-"" | મોટા ત્રાડીયા | ૧૭૦ | ૪૧૩૮૭૭ | ""-"" | |
| **ધંધુકાનું કૂલ** | | | | ૬૯૬૮૫૯૦ | | |
| ૨૨ | ધોળકા | ધોળકા | ૧૦૧૮ | ૩૩૦૦૧૭ | ""-"" | |
| **ધોળકાનું કૂલ** | | | | ૩૩૦૦૧૭ | ""-"" | |
| ૨૩ | ધંધુકા | ગાંફ | ૫૭૯ | ૩૫૦૯૯૦ | **ફેબ્રુ-૧૦ થી જાન્યુ-૧૧** | |
| ૨૪ | ""-"" | ધનાળા | ૩૫૫ | ૨૩૩૧૨૨ | ""-"" | |
| ૨૫ | ""-"" | કાસીન્દ્રા | ૧૯૨એપી ૨ | ૩૭૫૮૫૮ | ""-"" | |
| ૨૬ | ""-"" | પડાણ | ૧૬૩ | ૧૯૮૯૪૪ | ""-"" | |
| ૨૭ | ""-"" | મુંડી | ૧૫૫ | ૩૭૫૭૪૬ | ""-"" | |
| ૨૮ | ""-"" | બાવળીયારી | ૧૩૪ | ૭૫૩૮૩૧ | ""-"" | |

| અ.નં. | તાલુકો | ગામ | સર્વે નંબર | ખર્ચ | વર્ષ | રીમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૨૯ | ""-"" | કામાતળાવ | ૨ | ૬૬૫૬૩૩ | ""-"" | |
| ૩૦ | ""-"" | ખસ્તા | ૧૫૫/૨પી | ૩૭૫૧૧૧ | ""-"" | |
| ૩૧ | ""-"" | કમીયાળા | ૨૪૩ | ૩૭૩૫૮૨ | ""-"" | |
| ૩૨ | ""-"" | રાયસંગગઢ | ૪૩૬ | ૩૭૦૯૭૮ | ""-"" | |
| ૩૩ | ""-"" | ઓતારીયા | ૧૮૧+૧૮૨ | ૩૬૫૫૫૬ | ""-"" | |
| ૩૪ | ""-"" | કોઠડીયા | ૧ | ૩૭૨૨૩૨ | ""-"" | |
| ૩૫ | ""-"" | અડવાળ | ૯૭૩ | ૩૭૨૧૬૪ | ""-"" | |
| ૩૬ | ""-"" | અણીયાળીભીમજી | ૨૫૦ | ૩૭૨૧૬૪ | ""-"" | |
| ૩૭ | ""-"" | ગોરાસુ | ૮૫૦/૧પી | ૩૭૨૩૧૭ | ""-"" | |
| ધંધુકાનું કુલ | | | | ૫૯૨૮૨૨૮ | | |
| ફેબ્રુ-૦૯ થી જાન્યુ-૧૧ નું કુલ | | | | ૧૩૨૨૬૮૩૫ | | |

--------

## ગાંધીનગર જિલ્લામાં ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ પ્રા. લિ.ને ફાળવેલ જમીન

૨૦૬૩૧ : **શ્રી શંકરભાઈ દે. વાઘેલા (ચકલાસી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ પ્રા. લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ૧૧,૧૩૪ ચો.મી. જમીન તા. ૮-૧૧-૦૬ ના હુકમથી ફાળવવામાં આવેલ છે.

(૨) હા, જી.

--------

## વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ના વર્ગો શરૂ કરવા બાબત

૧૯૯૬૨ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં ધો. ૮ ના વર્ગો શરૂ કરવામાં આવ્યા, અને

(૨) ધો. ૮ ના અભ્યાસક્રમને અનુલક્ષીને આવી શાળાઓમાં કઈ કઈ સુવિધાઓ ઊભી કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૪૨ પ્રાથમિક શાળાઓમાં.

(૨) વિદ્યાસહાયકોની નિમણુંક, વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો તેમજ ૨૮૨ નવા ઓરડાઓની સુવિધા.

--------

## ખંભાળીયા તાલુકાની સરકારી ગર્લ્સ હાઈસ્કુલનું મકાન નવું બનાવવા બાબત

૧૯૯૧૭ : **શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં ખંભાળીયા તાલુકાની સરકારી ગર્લ્સ હાઈસ્કુલનું મકાન ભૂકંપમાં જર્જરીત થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ નવીન મકાન બનાવવા સરકારે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## આણંદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ

૨૧૦૯૪ : **શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ (આણંદ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં

**જવાબ**

(૧) ૦૧ (એક)

વીજળીકરણ કરવામાં આવેલ છે,

(૨) કેટલી શાળાઓમાં બાકી છે, અને

(૩) બાકી રહેતી શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે ?

(૨) શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સાબરકાંઠા જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓ**

૨૧૦૫૩ : **શ્રી દિલિપસિંહજી પરમાર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી, અને

(૩) તે ક્યા ક્યા સ્થળે શરૂ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૦૭ (સાત)

(૨) ૦૭ (સાત)

(૩)

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | વિજયનગર | સરસવ |
| ૨ | વિજયનગર | ખારીબેડી |
| ૩ | ખેડબ્રહ્મા | ગણવા |
| ૪ | ખેડબ્રહ્મા | સેમ્બલીયા (પોશીના) |
| ૫ | ખેડબ્રહ્મા | અજાવાસ |
| ૬ | ખેડબ્રહ્મા | દંત્રાલ |
| ૭ | ખેડબ્રહ્મા | મામા પીપલા |

--------

**રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના નોનટીચીંગ સ્ટાફને ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવા બાબત**

૧૯૯૪૫ : **શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરીમાં ગ્રાન્ટેડ કોલેજોના નોન ટીચીંગ સ્ટાફના હાયર ગ્રેડ મંજૂર કરવાના કેટલા કેસો કેટલા સમયથી પડતરમાં છે,

(૨) આ પેન્ડીંગ કેસોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે, અને

(૩) આવા કેસોમાં વિલંબ થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ૩૪ કેસો તા. ૨૪-૧૨-૨૦૧૦થી પડતર છે.

(૨) અને (૩) : પ્રસ્તુત બાબતે તમામ કેસની વિગતો એકત્રિત કરીને નિર્ણય કરવાનો હોઈને વિલંબ થયેલ છે. જેનો ટૂંક સમયમાં નિકાલ કરવામાં આવશે.

--------

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

૨૧૦૮૧ : **શ્રી મનસુખભાઈ પાં.ભુવા (ધારી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરતાં શિક્ષણ વિભાગના તા. ૦૩-૦૬-૧૦ના ઠરાવથી વિદ્યાર્થી શિક્ષકનો રેશિયો બદલાતાં જગ્યાઓ વધવાથી નીચે જણાવ્યા મુજબની જગ્યાઓ ખાલી રહેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાઓ |
|---|---|---|
| ૧ | અમરેલી | ૨૮ |
| ૨ | લાઠી | ૦૦ |
| ૩ | લીલીયા | ૦૦ |
| ૪ | બાબરા | ૨૧ |
| ૫ | કુંકાવાવ | ૧૫ |
| ૬ | બગસરા | ૦૭ |
| ૭ | ધારી | ૪૫ |
| ૮ | ખાંભા | ૨૧ |
| ૯ | રાજુલા | ૪૦ |
| ૧૦ | જાફરાબાદ | ૬૧ |
| ૧૧ | સાવરકુંડલા | ૦૩ |
| | કુલ : | ૨૪૧ |

| | કુલ : | ૨૪૧ |
|---|---|---|

(૨) આ ખાલી જ્યાઓ ભરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) જુન-જુલાઈ ૨૦૧૧માં આ ખાલી જ્યાઓ ભરવાનું આયોજન છે.

## સંખેડા તાલુકામાં પુલ બાંધવા ખર્ચની જોગવાઈ

૨૦૫૭૨ : **શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના સંખેડા તાલુકામાં કુલ કેટલા પુલ મંજૂર થયેલ છે, અને

(૨) આ પુલ પાછળ કુલ કેટલા ખર્ચની જોગવાઈ કરેલ છે ?

**જવાબ**

(૧) એક પુલ

(૨) રૂા. ૪૬૫ લાખનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

--------

## માંડવી તાલુકામાં ખેડૂતોને બિયારણની કીટ આપવા બાબત

૨૧૦૨૯ : **શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ વર્ષવાર કેટલા ખેડૂતોને બિયારણની કીટ આપવામાં આવી, અને

(૨) બાકી રહેલા ખેડૂતોને ક્યાં સુધીમાં સરકાર કીટ આપવા માંગે છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લાના માંડવી તાલુકામાં સબપ્લાન હેઠળ વર્ષવાર ખેડુતોને અપાયેલ બિયારણની કીટની વિગત.

આદિજાતી વિકાસ કમિશનરશ્રી દ્વારા અપાયેલ કીટસ

| ક્રમ | વિગત | લાભાર્થીની સંખ્યા (૨૦૦૯-૧૦ | લાભાર્થીની સંખ્યા (૨૦૧૦-૧૧ |
|---|---|---|---|
| ૧ | મિશ્ર બીજ પેકેટસ વિતરણ (ગુજરાત પેટર્ન) | ૫૦૦ | શુન્ય |
| ૨ | ભીંડા બીયારણ કિટસ (ન્યુ બજેટ) | ૮૦ | શુન્ય |
| ખેતી નિયામકશ્રી દ્વારા અપાયેલ કીટસ | | | |
| ૩ | બિયારણની કિટસ | ૫૮૦૮ | ૩૬૩૬ |
| બાગાયત નિયામકશ્રી દ્વારા અપાયેલ કીટસ | | | |
| ૪ | શાકભાજી અને બિયારણની કીટસ | ૨૭૪૦ | શુન્ય |

(૨) યોજનાની નાણાકીય જોગવાઈની મર્યાદામાં લાભ આપવામાં આવે છે.

--------

## અમરેલી જિલ્લામાં ગુજરાત પાવર કોર્પોરેશનને ફાળવેલ જમીન

૨૦૬૪૩ : **શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત પાવર કોર્પોરેશનને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગ ગૃહોને અપાયેલ જમીનની શરતોને કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) (૧) ૩૯૨૫૩૮ ચો.મી. તા. ૧૯-૩-૯૮ ના હુકમથી

(૨) ૧૦૬૨૩ ચો.મી. તા. ૧૨-૧-૦૬ ના હુકમથી

(૩) ૨૪૨૮ ચો.મી. તા. ૧૧-૪-૦૮ ના હુકમથી

કુલ. ૪૦૫૫૮૯ ચો.મી. સરકારી જમીન ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

**આણંદ જિલ્લામાં કિશોરી શક્તિ યોજના**

૨૧૫૬૮ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ કિશોરી શક્તિ યોજના હેઠળ આણંદ જિલ્લામાં ઘટકવાર કેટલી કિશોરીઓને પૂરક પોષણ આપવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ મળેલ છે, અને

(૩) તે પૈકી કઈ કઈ કામગીરી પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) કિશોરી શક્તિ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. ઘટકદીઠ રૂા. ૧,૧૦,૦૦૦/-ની જોગવાઈ છે. જેથી પૂરક પોષણ માટે કોઈ ખર્ચ થઈ શકે નહીં. પરંતુ. રાજ્ય સરકાર દ્વારા તા.૩૧-૧-૧૧ની સ્થિતિ એ આણંદ જીલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઘટકવાર પૂરક પોષણ આપેલ કિશોરીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | ઘટકનું નામ | કિશોરીની સંખ્યા | |
|---|---|---|---|
| | | ફેબ્રુ.૨૦૦૯ થી ૩૧/૧/૧૦ | ફેબ્રુ.૨૦૧૦ થી ૩૧/૧/૧૧ |
| ૧ | ખંભાત-૧ | ૮૯૨૮ | ૨૨૭૬૭ |
| ૨ | પેટલાદ-૧ | ૧૯૨૪૨ | ૩૭૭૭૨ |
| ૩ | બોરસદ-૧ | ૨૧૯૧૨ | ૩૯૦૧૭ |
| ૪ | પેટલાદ-૨ | ૬૮૬૨ | ૧૩૩૧૦ |
| ૫ | બોરસદ-૨ | ૧૫૪૧૩ | ૨૫૩૬૬ |
| ૬ | આંક્લાવ | ૧૨૧૭૩ | ૨૧૩૭૮ |
| ૭ | આણંદ-૧ | ૧૪૦૭૬ | ૧૩૯૭૨ |
| ૮ | આણંદ-૨ | ૧૪૪૯૭ | ૧૬૪૩૭ |
| ૯ | ઉમરેઠ | ૧૭૫૩૭ | ૨૮૩૨૧ |
| ૧૦ | ખંભાત-૨ | ૧૩૮૪૮ | ૨૩૫૩૯ |
| ૧૧ | તારાપુર | ૯૧૬૨ | ૧૫૬૧૮ |
| ૧૨ | આણંદ-૩ | ૭૦૩૮ | ૧૯૬૮૭ |
| ૧૩ | આણંદ-૪ | ૫૫૦૦ | ૧૭૯૬૫ |

(૨) રૂ. ૨૮,૬૦,૦૦૦/-

(૩) વ્યવસાય લક્ષી તાલીમ માટે રૂા.૨૮,૬૦,૦૦૦/-

--------

**અમદાવાદ જિલ્લામાં પ્લેસમેન્ટ દ્વારા ઉમેદવારોને રોજગારી**

૨૧૨૬૪ : **શ્રી બાબુભાઈ પટેલ (દસકોઈ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શિક્ષણ વિભાગ દ્વારા પ્લેસમેન્ટ સેલ ક્યારથી કાર્યરત કરવામાં આવેલ છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો પ્લેસમેન્ટ સેલ દ્વારા અમદાવાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં કેટલા રોજગાર મેળા યોજવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સમયગાળામાં કેટલા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા અને તે પૈકી કેટલાને રોજગારી મળી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧૦૯.

(૩) ૨૫૦૭ ઉમેદવારો ઉપસ્થિત રહ્યા, તે પૈકી ૭૯૪ ને રોજગારી મળી.

--------

**ખેડા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં ફોર્ટીફાઈડ આટાની ચકાસણી**

૨૦૬૪૯ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં વપરાતા ફોર્ટીફાઈડ આટો પૂરો પાડવામાં આવે છે તે કઈ કઈ એજન્સી દ્વારા પૂરો પાડવામાં આવે છે, અને

(૨) આવા આટાની યોગ્ય અવાર નવાર ચકાસણી કરવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દ્વારા પૂરો પાડવામાં આવેલ ઘઉંનો ફોર્ટીફાઈડ આટો શ્રી ભગવતી ફ્લોર મીલ, ટેલીફોન એક્ષચેન્જ પાછળ, નરોડા, અમદાવાદ દ્વારા તૈયાર કરીને ખેડા જિલ્લામાં પૂરો પાડવામાં આવે છે.

(૨) હા, જી.

**જૂનાગઢ જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની જ્ગ્યાઓ**

૧૯૯૪૮ **: શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પશુ ચિકિત્સા અધિકારી અને પશુધન નિરીક્ષકની કૂલ કેટલી મંજુર થયેલ જ્ગ્યાઓ છે,

(૨) તે પેકી કેટલી જ્ગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે,

એચબી-૭૯૨-૧૯

(૩) ખાલી જ્ગ્યાઓ ભરવાનું શું આયોજન છે, અને

(૪) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ-૨ સંવર્ગની મંજૂર થયેલ જ્ગ્યાઓ | | પશુધન નિરીક્ષક સંવર્ગની મંજૂર થયેલ જ્ગ્યા | |
|---|---|---|---|---|---|
| | | પંચાયત ક્ક્ષા | રાજ્ય ક્ક્ષા | પંચાયત ક્ક્ષા | રાજ્ય ક્ક્ષા |
| ૧. | મેંદરડા | ૨ | ૦ | ૦ | ૪ |
| ૨. | કોડિનાર | ૩ | ૦ | ૧ | ૩ |
| ૩. | ઉના | ૫ | ૦ | ૧ | ૨ |
| ૪. | જૂનાગઢ | ૪ | ૮ | ૧ | ૯ |
| ૫. | તાલાળા | ૨ | ૦ | ૨ | ૩ |
| ૬. | વેરાવળ | ૪ | ૦ | ૧ | ૪ |
| ૭. | વિસાવદર | ૩ | ૦ | ૧ | ૬ |
| ૮. | માંગરોળ | ૩ | ૦ | ૧ | ૭ |
| ૯. | માળિયા હાટિના | ૨ | ૦ | ૨ | ૬ |
| ૧૦. | માણાવદર | ૩ | ૦ | ૨ | ૭ |
| ૧૧. | ભેંસાણ | ૨ | ૦ | ૧ | ૬ |
| ૧૨. | સુત્રાપાડા | ૩ | ૦ | ૦ | ૧ |
| ૧૩. | વંથલી | ૨ | ૧ | ૧ | ૫ |
| ૧૪. | કેશોદ | ૩ | ૦ | ૧ | ૮ |
| | **કુલ** | **૪૧** | **૯** | **૧૫** | **૭૧** |

(૨) પશુ ચિકિત્સા અધિકારીની પંચાયત ક્ષાની ૧૩ અને પશુધન નિરીક્ષકની પંચાયત ક્ક્ષાની ૧ તથા રાજ્ય ક્ક્ષાની ૪૬ જ્ગ્યાઓ ખાલી છે.

(૩) અને (૪) : વહીવટી પ્રક્રિયા હાલ ચાલુ છે, જે પૂર્ણ થયે.

**ખેડા જિલ્લામાં ખાસ અંગભૂત યોજના હેઠળ રસ્તાના કામો**

૨૧૦૫૯ **: શ્રી કનુભાઈ ડાભી (કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાસ અંગભૂત યોજના હેઠળ કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ખાસ અંગભૂત યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૩ રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા.

(૨) ઉક્ત સ્થિતિએ આ ૩૩ રસ્તાઓ પેકી ૨૮ રસ્તાનાં કામો પૂર્ણ થયેલ છે અને ૫ રસ્તાના કામો પ્રગતિમાં છે.

**જાફરાબાદને મત્સ્ય બંદર તરીકે વિકસાવવા યોજના**

૨૦૨૬૭ **: શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાફરાબાદને મત્સ્ય બંદર વિકસાવવા અંગેની યોજના મંજૂર થયેલ છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો આ યોજના નીચે ક્યા ક્યા કામો મંજૂર કરાયેલ છે અને તેની પાછળ કેટલી રકમનો ખર્ચ થનાર છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના નીચે મંજૂર કરાયેલ કામો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | સોલીડ ક્વે (૫૦૦ મીટર) |
| ૨. | ટો વોલ પિચીંગ |
| ૩. | સરફેસ રોલીંગ એન્ડ કોન્સોલીડેશન ઓફ |
| ૪. | રીક્લેઇમ્ડ એરીયા. |
| ૫. | કમ્પાઉન્ડ વોલ. |

| | |
|---|---|
| ૬. | આર.સી.સી. ઓપન શેડ. |
| ૭. | સેનેટરી બ્લોક્સ-૨ યુનીટ. |
| ૮. | સંમ્પ |
| ૯. | વોટર સપ્લાય લાઇન. |
| ૧૦. | ડ્રેનેજ સીસ્ટમ. |
| ૧૧. | ઇલેક્ટ્રીફીકેશન ફોર સેનેટરી બ્લોક્સ-૨ |
| ૧૨. | યુનીટ<br>ડ્રેજીંગ એન્ડ ડીપનીંગ<br>પ્રોવાઇડીંગ સી.સી.પેવમેન્ટ (પેપર બ્લોક) |
| આ પ્રોજેક્ટ હેઠળ કુલ રૂા.૧૬.૬૭ ક્રોડનો ખર્ચ થનાર છે. | |

(૩) આ યોજનાનાં કામો ક્યારે શરૂ કરવામાં આવશે ?

(૩) આગામી ત્રણ માસમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

--------

**સુરત જિલ્લામાં એસ્સાર સ્ટીલ લિ.ને ફાળવેલ જમીન**

૨૦૬૩૫ **: શ્રી ઈશ્વરભાઈ ન.વહીઆ (મહુવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ એસ્સાર સ્ટીલ લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હે.૪૦-૩૪-૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવી,

(૨) ના, જી.

--------

**સાબરકાંઠા જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૧૬૧૬ **: શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ તાલુકાવાર મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલી બાકી છે, અને

(૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાંથી ૩૦૧૧ અરજીઓ મળેલ, તાલુકાવાર માહિતી નીચે મુજબ છે :-

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | હિંમતનગર | ૫૫૭ |
| ૨ | પ્રાંતીજ | ૨૭૦ |
| ૩ | તલોદ | ૨૭૦ |
| ૪ | ભિલોડા | ૩૫૩ |
| ૫ | ઇડર | ૩૩૩ |
| ૬ | વડાલી | ૮૬ |
| ૭ | ખેડબ્રહ્મા | ૧૪૨ |
| ૮ | વિજયનગર | ૧૨૬ |
| (૧) | (૨) | (૩) |
| ૯ | મોડાસા | ૨૭૫ |
| ૧૦ | બાયડ | ૨૬૭ |
| ૧૧ | ધનસુરા | ૧૦૯ |
| ૧૨ | માલપુર | ૧૨૬ |
| ૧૩ | મેઘરજ | ૯૭ |
| | **કુલ :** | **૩,૦૧૧** |

(૨) ૨૦૮૪ અરજીઓ મંજૂર, બાકી રહેલ ૧૦૪ અરજીઓની ચકાસણી કરી મંજૂર/નામંજૂર અંગે નિર્ણય લેવામાં આવશે.

(૩) નામંજૂર થવાના કારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | નિયત ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | વાર્ષિક આવક વધારે હોવાથી. |
| ૩ | પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોવાથી. |
| ૪ | નિયત સમય મર્યાદામાં અરજી કરેલ ન હોઇ. |
| ૫ | અન્ય કારણોસર જેવા કે પુરાવાના અભાવે ત્યક્તા હોવાથી વિગેરે. |

--------

## બનાસકાંઠા જિલ્લામાં ડુપ્લીકેટ બિયારણ વેચવાના કેસો

૨૦૪૫૨ : **શ્રી મફતલાલ મો.પુરોહિત (ધાનેરા)** : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ક્યા ક્યા તાલુકાઓમાં ડુપ્લીકેટ બિયારણ વેચવાના કેસો સરકારના ધ્યાને આવેલ છે,

(૨) આ પેકી કેટલા લોકોની સંડોવણી માલુમ પડેલ, અને

(૩) તેઓની સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) એક પણ કેસ સરકારના ધ્યાને આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

## સાવલી તાલુકાના અરજદારની જાણ બહાર વેચાયેલી જમીનો અંગે મળેલ અરજીઓ

૧૯૯૫૪ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાવલી તાલુકામાં અરજદારની જાણ બહાર તેમની જમીન બારોબાર વેચાઇ દસ્તાવેજ થયા હોવા અંગેની કેટલી ફરિયાદો મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) સાવલી પોલીસ સ્ટેશન એમ. કેસ નં. ૫/૧૦થી ફરિયાદ થયેલ છે. પોલીસે તપાસ રિપોર્ટ તારીખ ૨૩-૧૧-૧૦થી નામદાર કોર્ટને મોકલી આપેલ છે.

## આણંદ જિલ્લામાં સ્ટેમ્પ ડ્યુટી ખૂટતી હોવાના પડતર દસ્તાવેજો

૨૦૬૫૪ : **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષથી નોંધાયેલ દસ્તાવેજો અન્વયે કેટલી સ્ટેમ્પ ડ્યુટી ખૂટતી હોવાના કારણે, ભરપાઇ ન થઇ હોય તેવા કેટલા દસ્તાવેજો પડતરમાં છે ?

**જવાબ**

તા. ૩૧-૧-૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષથી નોંધાયેલ દસ્તાવેજો અન્વયે ૫૩ કેસોમાં ખુટતી સ્ટેમ્પ ડ્યુટી રૂા. ૩૦,૦૬,૮૫૪/- ભરપાઈ ન થઈ હોવાના કારણે પડતર છે.

--------

## રાજકોટ જિલ્લામાં એનારકોન ઈન્ડિયા લિ.ને ફાળવેલ જમીન

૨૦૬૪૭ : **શ્રી જયેશભાઈ વી. રાદડિયા (ધોરાજી)** : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ એનારકોન ઈન્ડિયા લિ.ને અને એન્ટિક ગ્રેનાઈટો પ્રા.લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગ ગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) એનારકોન ઈન્ડીયા લી. ને હે. ૧૦૩-૦૦-૦૦ ચો.મી. અને એન્ટીક ગ્રેનાઈટો પ્રા.લિ.ને હે. ૯-૫૮-૯૪ ચો.મી. જમીન સામેલ પત્રકના કોલમ-૫ માં દર્શાવેલ તારીખે ફાળવવામાં આવી.

(૨) ના, જી.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આરે.ચો.મી) | ફાળવેલ જમીનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ તાલુકા | લોધીડા | ૨-૫૦-૦૦ | ૩૧-૧-૦૯ |
| ૨ | રાજકોટ તાલુકા | ઢાંઢીયા | ૨-૫૦-૦૦ | ૩૧-૧-૦૯ |
| ૩ | રાજકોટ તાલુકા | લીલીસાજડીયાળી | ૬-૫૦-૦૦ | ૩૧-૧-૦૯ |
| ૪ | રાજકોટ તાલુકા | હડમતીયા (ગો) | ૩-૦૦-૦૦ | ૩૧-૧-૦૯ |
| ૫ | રાજકોટ તાલુકા | સરધારા | ૩-૫૦-૦૦ | ૩૧-૧-૦૯ |
| ૬ | રાજકોટ તાલુકા | કાથરોટા | ૧-૦૦-૦૦ | ૨૮-૧-૦૯ |
| ૭ | રાજકોટ તાલુકા | સુકી સાજડીયાળી | ૧-૦૦-૦૦ | ૮-૧૨-૦૯ |
| ૮ | રાજકોટ તાલુકા | નવાગામ (સર) | ૩-૫૦-૦૦ | ૩-૨-૧૦ |

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આર.ચો.મી) | ફાળવેલ જમીનની તારીખ |
|---|---|---|---|---|
| ૯ | રાજકોટ તાલુકા | લાખાપર | ૩-૫૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૦ | રાજકોટ તાલુકા | પાડાસણ | ૧-૫૦-૦૦ | ૩૧-૧-૦૯ |
| ૧૧ | રાજકોટ તાલુકા | ભાયાસર | ૩-૦૦-૦૦ | ૨૯-૧-૦૯ |
| ૧૨ | રાજકોટ તાલુકા | વડાળી | ૩-૫૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૩ | જસદણ | લીલાપુર | ૧-૫૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૪ | જસદણ | ભાડલા | ૧-૦૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૫ | જસદણ | કમળાપુર | ૮-૦૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૬ | જસદણ | રામળીયા | ૩-૫૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૭ | જસદણ | રાજાવડલા (જામ) | ૩-૫૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૮ | જસદણ | દેવપરા | ૪-૫૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૧૯ | જસદણ | કનેસરા | ૮-૦૦-૦૦ | ૩-૨-૧૦ |
| ૨૦ | જસદણ | પારેવાળા | ૧-૫૦-૦૦ | ૨૩-૯-૧૦ |
| ૨૧ | કોટડાસાંગાણી | રાજપરા | ૪-૦૦-૦૦ | ૨૫-૨-૦૯ |
| ૨૨ | કોટડાસાંગાણી | પીપલાણા | ૨-૦૦-૦૦ | ૨૫-૨-૦૯ |
| ૨૩ | ઉપલેટા | ખીરસરા | ૪-૦૦-૦૦ | ૨૧-૧૨-૦૬ |
| ૨૪ | ઉપલેટા | વડાળી | ૭-૦૦-૦૦ | ૨૧-૧૨-૦૬ |
| ૨૫ | ઉપલેટા | પડવલા | ૦-૫૦-૦૦ | ૨૬-૭-૦૮ |
| ૨૬ | ઉપલેટા | પડવલા | ૧૩-૫૦-૦૦ | ૨૯-૧૨-૦૯ |
| ૨૭ | ઉપલેટા | ખીરસરા | ૨-૫૦-૦૦ | ૩૦-૫-૦૯ |
| ૨૮ | ઉપલેટા | પડવલા | ૦-૫૦-૦૦ | ૫-૧૦-૦૯ |
| ૨૯ | જામકંડોરણા | જુના માત્રાવડ | ૧-૦૦-૦૦ | ૧૭-૬-૦૮ |
| ૩૦ | જામકંડોરણા | મોડ ખીજડીયા | ૧-૫૦-૦૦ | ૧૭-૬-૦૮ |
| | | | ૧૦૩-૦૦-૦૦ | |

**એન્ટીક ગ્રેનાઈટો પ્રા. લી. ને ફાળવેલ જમીનની વિગત.**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | ક્ષેત્રફળ (હે.આર.ચો.મી) | ફાળવેલ જમીનની તારીખ |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | ઘુંટુ | ૧-૩૯-૬૧ | ૫-૧-૦૪ |
| ૨ | મોરબી | ઘુંટુ | ૧-૩૯-૬૧ | ૧-૩-૦૫ |
| ૩ | મોરબી | ઘુંટુ | ૩-૨૩-૭૨ | ૧૪-૧૨-૦૬ |
| ૪ | મોરબી | ઘુંટુ | ૩-૫૬-૦૦ | ૨૦-૮-૧૦ |
| | | | ૯-૫૮-૯૪ | |

--------

## લુણાવાડા તાલુકાના શામણા-ચાટકાબેલી રોડનું સુધારણાનું કામ

૨૧૬૮૩ : **શ્રી હીરાભાઈ હ.પટેલ (લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાનો શામણા-ચાટકાબેલી કાળીબેન રોડ બે તાલુકાને જોડતો રસ્તો છેલ્લા કેટલાય સમયથી રી-કાર્પેટ ન થવાને કારણે તૂટી ગયેલ છે,

(૨) તે હકીકત સરકારની જાણમાં છે, અને

(૩) જો હા, તો સરકાર આ રસ્તાની પુનઃસુધારણાનું કામ ક્યારે હાથ ધરવા માંગે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રસ્તાની સપાટી સારી હોઈ પુનઃ સુધારણાનું હાલમાં આયોજન નથી.

## મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓનું વીજળીકરણ

૨૧૦૬૪ : **શ્રી ભરતસિંહજી શં.ડાભી (ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળીકરણ કરવામાં આવેલ છે,

(૨) કેટલી શાળાઓ બાકી છે, અને

(૩) બાકી શાળાઓમાં ક્યારે વીજળીકરણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૯૮૭ પ્રાથમિક શાળાઓમાં.

(૨) ૨(બે) શાળાઓ.

(૩) મકાન બનાવવાની કાર્યવાહી ચાલુ છે તે પૂર્ણ થયે વીજળીકરણ કરવામાં આવશે.

--------

**ગાંધીનગર ખાતે બિન બદલીપાત્ર સરકારી કર્મચારીઓને રાહતદરે પ્લોટ આપવા અંગે**

૨૦૭૫૬ : **શ્રી ગ્યાસુદીન શેખ (શાહપુર)** : **માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓ જે બિન બદલીપાત્ર છે તેમને કે જેઓ બાકી રહી ગયેલા છે તેવા કર્મચારીઓને સહાનુભૂતી દાખવી રાહતદરે પ્લોટ ફાળવવા સરકાર માંગે છે કે કેમ,

(૨) આવા પ્લોટ ધારકોની સંખ્યા કેટલી છે, અને

(૩) આવા બાકી રહેલાં કર્મીઓને કેટલાં સમયમાં પ્લોટ ફાળવી આપવાનું સરકારનું આયોજન છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : રાહતદરે કર્મચારી/ અધિકારીઓને પ્લોટ આપવાની સને ૨૦૦૧ની નીતિમાં આ આખરી યોજના હોવાનું નક્કી થયેલ હતું. તે બાદ રાહતદરનાં પ્લોટ ફાળવવા માંગણી આવેલ છે, જે અંગે પ્લોટ ફાળવવાનો કોઈ નીતિવિષક નિર્ણય લેવાયેલ નથી.

--------

**મહુવા તાલુકાના સથરા, કળસાર, ઉંચા કોટડા રસ્તાની પહોળાઇ વધારવા આયોજન**

૨૦૫૫૮ : **શ્રી ડૉ. કનુભાઈ કલસરીયા (મહુવા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાનાં મહુવા તાલુકાનાં ઉંચા કોટડા ગામે આવેલ પ્રસિધ્ધ ચામુંડા દેવસ્થાન યાત્રાધામ તેમજ કળસાર ગામે કાર્યરત મોટી જનરલ હોસ્પિટલના કારણે સથરા-કળસાર-ઉંચા કોટડા રોડ ઉપર ટ્રાફિક પ્રમાણ ખૂબ જ વધારે રહે છે. તેવા સંજોગોમાં આ રોડની તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ પહોળાઇ વધારવા તેમજ મજબુતીકરણ કરવા અંગે કોઇ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો શું આયોજન છે, અને

(૩) જો ના, તો સરકાર આ કામનું આયોજન ક્યારે કરવા માંગે છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : ટ્રાફિકનું ભારણ જોતાં હાલ આ રસ્તો પહોળો કરવાનું આયોજન નથી.

--------

**ચોટીલા સાયલા વિસ્તારમાં પશુ તબેલા બનાવવા માંગણી**

૨૦૩૩૭ : **શ્રી ભરતભાઈ વ. ખોરાણી (ચોટીલા)** : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ ચોટીલા સાયલા તાલુકામાં પશુ તબેલા બનાવવા છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી સરકારને મળી, અને | (૧) એક પણ નહીં. |
| (૨) મળેલ માંગણી અન્વયે કેટલી માંગણી પૂર્ણ થઈ અને કોને-કોને સહાય આપવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજ્યમાં વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં એમ. ઓ. યુ. કરેલ ઉદ્યોગોને જમીન ફાળવવા બાબત**

૧૯૯૫૭ : **શ્રી શૈલેષભાઈ મ.પરમાર (શહેર કોટડા)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૭ અને ૨૦૦૯ના વાયબ્રન્ટ ગ્લોબલ સમિટમાં જે ઉદ્યોગકારોએ એમ. ઓ. યુ. કરેલા છે તે પેકીના કેટલા ઉદ્યોગકારોની જમીનની તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કેટલી માંગણી કરતી અરજીઓ સરકારને મળી, | (૧) આ સાથે સામેલ પત્રકના કોલમ-૩ મુજબ. |
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર થઇ, | (૨) આ સાથે સામેલ પત્રકના કોલમ-૪ મુજબ. |
| (૩) કેટલી નામંજૂર થઇ, અને | (૩) આ સાથે સામેલ પત્રકના કોલમ-૫ મુજબ. |
| (૪) મંજૂર થયેલ અરજીઓ પેકી ક્યા ક્યા ઉદ્યોગોને કેટલી જમીન શા શા ભાવે આપવામાં આવી ? | (૪) આ સાથે સામેલ પત્રકના કોલમ-૬ મુજબના ઉદ્યોગોને કોલમ-૮ મુજબની જમીન, કોલમ-૯ માં |

દર્શાવેલ ભાવે આપવામાં આવી.

**પ ત્ર ક**

| ક્રમ | જિલ્લો | એમ.ઓ.યુ. કરેલ હોય તેવા એકમ તરફથી મળેલ અરજી | | | મંજૂર અરજીની વિગત | | | જમીનના ભાવ (પ્રતિ ચો.મી.ના) રૂપિયા |
|---|---|---|---|---|---|---|---|---|
| | | મળેલ અરજી | મંજૂર | ના મંજૂર | ઉદ્યોગનું નામ | ગામ | ક્ષેત્રફળ | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | વલસાડ | ૮ | ૧ | ૬ | તુલસી બાયોસાયન્સીસ પ્રા. લિ. | કરવડ તા. પારડી | ૩-૦૫-૦૦ | ૫૫૦/- |
| ૨ | નવસારી | ૧ | - | - | - | - | ૦ | ૦ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૩ | સુરત | ૨૨ | ૪ | ૧૮ | ૧. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ<br>૨. ગુજરાત મેરી ટાઈમ બોર્ડ<br>૩. લાર્સન એન્ડ ટુબ્રો લી.<br>૪. લાર્સન એન્ડ ટુબ્રો લી. | સુલતાનાબાદ તા. ચોર્યાસી<br>હજીરા, તા. ચોર્યાસી<br>સુવાલી, તા. ચોર્યાસી<br>સુવાલી, તા. ચોર્યાસી | ૧-૦૦-૦૦<br>૦૦-૨૫-૦૦<br>૭૭-૯૧-૪૮<br>૭-૪૦-૯૯<br>૨૫-૭૬-૬૭ | ૭૫૦/-<br>૧૪૦૦/-<br>૭૦૦/-<br>૭૦૦/-<br>૭૦૦/- |
| ૪ | ભરૂચ | ૧૦ | ૩ | ૪ | ૧. સ્ટરલીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.<br>૨. અસ્મી સોલ્ટ વર્કસ<br>૩. શુભમ સોલ્ટ વર્કસ | સારોદ, તા. જંબુસર<br>વલીપોર, તા. જંબુસર<br>ક્તપોર તા. હાંસોટ<br>ગંધાર તા. વાગરા | ૫૭૭-૪૭-૧૭<br>૬૮૫-૫૩-૦૦<br>૨૮૭-એકર<br>૩૫૦ -એકર | ૫૭/-<br>૪૦/-<br>ભાડે<br>ભાડે |
| ૫ | આણંદ | ૧ | ૧ | - | ડુરાવીટા ઈન્ડીયા પ્રા. લી. | ઈન્દ્રણજ, તા. તારાપુર | ૦૦-૦૫-૦૦ | ૨૫૦/- |
| ૬ | અમદાવાદ | ૧૨ | - | ૮ | | | | |
| ૭ | ગાંધીનગર | ૧૨ | ૨ | ૧૦ | ૧ એક્વાલાઈ<br>૨ એસ્સાર ગૃપ | કોબા, તા. ગાંધીનગર<br>ગાંધીનગર શહેર | ૩૭-૬૫-૮૧<br>૧૦-૧૨-૦૦ | ૪૭૦/-<br>૫૦૦૦/- |
| ૮ | મહેસાણા | ૩ | ૧ | ૨ | ૧. હિમાલયા ઈન્ટરનેશનલ લી. | સુલતાનપુર, તા. વડનગર | ૨૦-૮૪-૯૪ | ૧૦૦/- |
| ૯ | બનાસકાંઠા | ૧૨ | - | ૫ | | | ૦ | ૦ |
| ૧૦ | કચ્છ | ૨૫ | ૫ | ૭ | ૧. કોસ્ટલ ગુજરાત પાવર લી.<br>૨. દીપક સીમેન્ટસ એન્ડ કેમીકલ્સ લી.<br>૩. સુરખાબ બર્ડ રીસોટ પ્રા. લી.<br>૪. એબીજી સીમેન્ટ લી.<br>૫. એબીજી સીમેન્ટ લી. | ટુંડા, તા. મુંદરા<br>ગુનેરી, તા. લખપત<br>મસ્કા, તા. માંડવી<br>અક્રીમોટી થુમડી, નાનીબેર<br>થુમડી તા. અબડાસા | ૨૧૮-૩૮-૯૧<br>૮૪-૦૦-૦૦<br>૨૦-૨૩-૫૦<br>૨૯૭-૫૮-૩૨<br>૬-૮૦-૬૩ | ૧૨/-<br>૫/-<br>૨૦/-<br>૧૧/-<br>૭૫/- |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | જામનગર | ૬ | ૪ | - | ૧. રીલાયન્સ જામનગર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. | લાલપુર/કાનાલુસ | ૧૩૨-૨૯-૩૩ | ૨૫૭/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૩-૩૦-૮૩ | ૧૨૧/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૧૧૬-૩૪-૪૮ | ૧૨૧/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૭૪-૮૮-૩૪ | ૨૫૭/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૨૬-૩૨-૫૦ | ૩૮૪/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૨૧૨-૭૪-૪૩ | ૧૨૧/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૧૧-૭૧-૫૨ | ૨૪૦/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૧૬-૩૮-૯૯ | ૧૬૭/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૬-૬૪-૫૭ | ૩૮૪/- |
| | | | | | | લાલપુર/કાનાલુસ | ૪-૮૬-૬૩ | ૨૬૨/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૧૦-૮૯-૬૩ | ૩૦૦/- |
| | | | | | | લાલપુર/ નવાગામ | ૩૭-૧૪-૦૭ | ૨૪૧/- |
| | | | | | | લાલપુર/ નવાગામ | ૭૧-૩૯-૦૮ | ૨૪૧/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૧૭-૧૦-૮૨ | ૨૦૦/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૧૧-૯૪-૮૭ | ૨૪૧/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૧૬-૬૫-૨૯ | ૨૫૮/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૨૦-૭૦-૯૯ | ૩૦૪/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૯૩-૦૭-૮૫ | ૨૦૦/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૨૨-૯૫-૫૯ | ૧૨૧/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૩૯-૯૮-૩૩ | ૨૨૨/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૦-૩૭-૪૩ | ૨૪૧/- |
| | | | | | | લાલપુર/નવાગામ | ૨૬-૦૫-૮૭ | ૨૦૦/- |
| | | | | | | લાલપુર/ નવાગામ | ૨-૧૯-૫૪ | ૨૫૮/- |
| | | | | | | લાલપુર/પડાણા | ૪૮-૨૦-૫૩ | ૨૨૦/- |
| | | | | | | લાલપુર/ કાનાછીકારી | ૩૪-૧૫-૫૬ | ૩૦૪/- |
| | | | | | | લાલપુર/કાનાછીકારી | ૨૨૪-૬૦-૩૮ | ૨૨૦/- |
| | | | | | | લાલપુર/કાનાછીકારી | ૦-૫૭-૬૭ | ૩૦૪/- |
| | | | | | | લાલપુર/કાનાછીકારી | ૧-૪૮-૭૨ | ૧૧૨/- |
| | | | | | | લાલપુર/કાનાછીકારી | ૧-૨૨-૪૨ | ૧૮૧/- |
| | | | | | | લાલપુર/કાનાછીકારી | ૫૩-૨૨-૬૬ | ૨૨૦/- |
| | | | | | | લાલપુર/કાનાછીકારી | ૦-૦૫-૦૬ | ૨૦૦/- |
| | | | | | | લાલપુર/નાની ખાવડી | ૩૫-૮૨-૫૧ | ૩૯૦.૮૮- |
| | | | | | | જામનગર/નાની ખાવડી | ૨૧-૮૦-૦૦ | ૩૯૦.૮૮- |
| | | | | | | ખંભાલીયા/કજૂરડા | ૩૦૫-૪૯-૧૫ | ૮૦/- |
| | | | | | | ખંભાલીયા/સોઢા તરઘડી | ૨૪-૭૬-૪૩ | ૮૦/- |
| | | | | | | જાડીયા/બાલંભા | ૧૦૦-૦૦-૦૦ | ૧૫/- |
| | | | | | ૨. રીલાયન્સ પોર્ટસ એન્ડ ટર્મીનલ્સ લી. | | | |
| | | | | | ૩. એસ્સાર પાવર ગુજરાત લી. | | | |
| | | | | | ૪. થર્મલ પાવર સ્ટેશન સિક્કા | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૨ | પોરબંદર | ૩ | ૦ | ૧ | | | | |
| ૧૩ | જુનાગઢ | ૪ | - | ૪ | | | | |
| ૧૪ | રાજકોટ | ૧૬ | ૧ | ૪ | સૌરાષ્ટ્ર આયર્ન ફોર્જીંગ પ્રા. લી. | પીપળીયા, તા. ગોંડલ | ૪-૦૪-૭૦ | ૧૭૦/- |
| ૧૫ | અમરેલી | ૯ | ૧ | ૫ | ગુજરાત પાવર કોર્પો. લી. | રામપરા-૨, તા. રાજુલા | ૦-૨૪-૨૮ | ૧૬૪/- |
| ૧૬ | ભાવનગર | ૨ | - | ૧ | | | | |

--------

## બાબરા, વડીયા અને કુંકાવાવની પંચાયતના રસ્તા રીપેવર કરવા બાબત

**૨૧૭૦૭ : શ્રી બાવકુભાઈ ઉંધાડ (બાબરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બાબરા, વડીયા કુંકાવાવ મા.મ. પંચાયતના રોડ તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ ૭ વર્ષથી વધારે સમયથી રી-પેવર ન થયા હોય તેવા રોડ કેટલા,

(૨) આ રોડના જોબ નંબર ક્યારે આપવામાં આવશે, અને

**જવાબ**

(૧) ૭ વર્ષથી વધારે સમયથી રી-પેવર ન થયા હોય તેવા પ્લાન ૭ રોડ છે.

(૨) અને (૩) : દર ૭ વર્ષે રસ્તાઓને રીકાર્પેટ કરવાનું ધોરણ નથી પરંતુ રસ્તાની સપાટી તેના પર વાહન વ્યવહારનું ભારણ, ઉપયોગીતા તથા નાણાંકીય જોગવાઈ અનુસાર રસ્તાઓ મંજૂર કરવામાં આવતા હોય છે. ઉપર જણાવેલ ૭ રસ્તાઓ પેકી ૨ રસ્તાઓના કામ મંજૂરી હેઠળ છે.

(૩) આ કામ ક્યારે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

--------

**રાજ્યમાં તાલુકા કક્ષાના આરામગૃહની વ્યવસ્થા**

૨૦૨૫૧ : **શ્રી લાલસિંહ વડોદિયા (ઉમરેઠ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકામાં તાલુકા મથકે તાલુકા કક્ષાના સરકારી આરામગૃહોની વ્યવસ્થા છે, | (૧) ૧૯૨ તાલુકા મથકે પંચાયત/રાજ્યના વિશ્રામગૃહ/આરામગૃહ/સર્કિટ હાઉસ આવેલા છે. |
| (૨) ક્યાં ક્યાં અને કેટલા તાલુકામાં આરામગૃહની વ્યવસ્થા નથી. | (૨) દેત્રોજ, માંડલ, કઠલાલ, ઉમરેઠ, આંક્લાવ, સોજીત્રા, દાંતીવાડા, અમીરગઢ, શિનોર, ક્વાંટ, પાદરા, દ ોઘંબા, ખાનપુર, મોરવાહડફ, ગરબાડા, ફતેપુરા, ધાનપુર, રાણાવાવ, તાલાલા, સુત્રાપાડા, ચુડા, જાફરાબાદ, કોડીનાર, વાગડોદ, કડાણા, અંક્લેશ્વર, કામરેજ, ઉમરપાડા, ચોર્યાસી, જલાલપોર, દશક્રોઈ, અબડાસા, વઢવાણ. |
| (૩) તાલુકાકક્ષાના આરામગૃહથી વંચિત રહેલા તાલુકાઓમાં સરકાર આરામગૃહ બનાવવા માંગે છે, અને | (૩) હાલમાં કોઈ આયોજન નથી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

--------

**કચ્છ જિલ્લામાં અદાણી ઉદ્યોગ ગૃહને સ્પેશયલ ઈકોનોમીક ઝોન માટે ફાળવેલ જમીન**

૨૦૬૫૯ : **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ઉદ્યોગગૃહ અદાણીને સ્પેશયલ ઈકોનોમીક ઝોન માટે કેટલા ચોરસ મીટર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) નીચે મુજબ જમીન ફાળવેલ છે.

| **ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.** | **તારીખ** |
| --- | --- |
| ૩૧૪૮-૫૨-૫૧ | ૧૫-૭-૦૫ |
| ૧૦૬-૪૩-૫૭ | ૧૮-૧૦-૦૬ |
| ૬૦૭-૦૫-૦૦ | ૨૨-૧-૦૭ |
| ૧૬-૧૮-૮૦ | ૨૪-૧૧-૦૭ |
| ૪-૦૪-૭૦ | ૨૨-૩-૦૬ |
| ૪૦૨-૨૪-૦૨ | ૧૯-૧૧-૦૭ |
| ૯૩૯-૩૪-૨૦ | ૨૪-૧૦-૦૭ |
| ૫૨૨૩-૮૨-૮૦ | |

(૨) આ ફળવાયેલી જમીનની તમામ શરતોનું પાલન થાય છે કે કેમ?

(૨) તપાસની કાર્યવાહી ચાલુ છે.

--------

**કચ્છ જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારને જોડતા રસ્તાના કામોનું આયોજન**

૨૦૯૦૦ : **શ્રી ધનજીભાઈ ગો.સેંધાણી (માંડવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં માંડવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારને રાજ્ય ધોરીમાર્ગ સાથે જોડતા કેટલા અને કેટલી લંબાઈના રસ્તા પાકા બનેલ છે, અને | (૧) માંડવી તાલુકાના તમામ મહેસુલી ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે. દરેક ગામને સીધા રાજ્ય ધોરીમાર્ગ સાથે જોડવાનું કોઈ ધોરણ નથી. |
| (૨) બાકી કાચા રસ્તાઓને પાકા કરવાનું સરકારનું શું આયોજન છે? | (૨) આથી બાકી રહેતા રસ્તાઓને પાકા કરવાનો કોઈ પ્રશ્ન નથી. |

--------

**ભરૂચ જિલ્લાની પ્રાથમિક શાળાઓની માળખાકીય સુવિધા**

૨૦૬૨૪ **: શ્રી ઈકબાલ પટેલ (વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ વિજળીકરણ-શૌચાલય-પીવાના પાણી અને કમ્પાઉન્ડ વોલ જેવી માળખાકીય સુવિધાઓથી વંચિત છે,

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં આવી સુવિધાથી વંચીત કેટલી શાળાઓને તેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી, તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

(૩) કેન્દ્ર પુરસ્કૃત સહાય આ અંતગર્ત કેટલી ફાળવી છે?

**જવાબ**

(૧) એક પણ નહિ.

(૨) ૨૬૧ પ્રાથમિક શાળાઓને સુવિધાઓ પૂરી પાડવામાં આવી.

રૂ. ૧,૧૧,૫૦,૦૦૦/-નો ખર્ચ થયો

(૩) શૂન્ય.

--------

**ભાવનગર જિલ્લામાં શ્રી મૉડેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ. ને ફાળવેલ જમીન**

૨૦૬૬૪ **: શ્રી જોધાજી ઠાકોર (વાગડોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ શ્રી મૉડેસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

(૧) ૧,૬૧,૮૮૦ ચો.મી. જમીન તા.૨૮-૬-૦૭ના હુકમથી ફાળવવામાં આવી.

(૨) ના, જી.

--------

**ભાવનગર જિલ્લામાં ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રિશીસન કાસ્ટીંગ લિ. ને ફાળવેલ જમીન**

૨૦૬૬૨ **: શ્રી અમરસિંહ વસાવા (દેડીયાપાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રિશીસન કાસ્ટીંગ લિ.ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગ ગૃહોને અપાયેલ જમીનની શરતોનો કોઈ પણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ?

**જવાબ**

| (૧) | **ક્ષેત્રફળ** | **તારીખ** |
|---|---|---|
| ૧ | ૨૩૩૭૧ ચો.મી | ૨૩-૮-૭૭ |
| ૨ | ૨૦૦૦૦ ચો.મી. | ૧૬-૬-૦૮ |
| કુલ | ૪૩૩૭૧ ચો.મી. | |

(૨) ના, જી.

**કેન્દ્ર સરકાર તરફથી સી.આર.એફ. અને એન.સી.સી.એફ. હેઠળ મળેલ રકમ**

૨૦૦૭૯ **: શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા (પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૯-૨૦૧૦ અને ૨૦૧૦-૨૦૧૧ના વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને વર્ષવાર સીઆરએફ અને એનસીસીએફ પેટે કેટલી રકમ આપવામાં આવી, તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કેટલી રકમ જમા પડેલી છે, અને

(૨) વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને રાજ્ય સરકારે પોતાના ફાળા તરીકે વર્ષવાર કેટલી રકમનો કેટલો હિસ્સો ઉમેર્યા ?

**જવાબ**

(૧)

| વર્ષ | સી.આર.એફ. રૂ કરોડમાં | એન.સી.સી.એફ. |
|---|---|---|
| ૨૦૦૯-૨૦૧૦ | ૨૨૪.૨૫ | -- |
| ૨૦૧૦-૨૦૧૧ | ૩૭૬.૫૯ | -- |

તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ રૂા. ૧૧૭૦.૧૭ કરોડ રકમ જમા છે.

(૨) ૨૦૦૯-૨૦૧૦માં રૂા. ૭૭.૪૭ કરોડ અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧માં (ડીસેમ્બર ૨૦૧૦ સુધી)માં રૂા. ૯૩.૫૯ કરોડ ખર્ચ કરવામાં આવ્યો. રાજ્ય સરકારે પોતાના ફાળા તરીકે C.R.F. માં વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં રૂા. ૭૪.૭૫ કરોડ અને વર્ષ ૨૦૧૦-

૨૦૧૧માં રૂા. ૧૨૫.૫૩ કરોડ હિસ્સો કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાંટના ૨૫ ટકા લેખે ઉમેર્યો.

--------

**રાજ્યમાં ક્ષેત્રફળના માપો બ્રિટિશ પધ્ધતિએ થતાં હોવાની ફરિયાદ**

૨૦૧૧૨ : **શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમગ્ર દેશમાં અને રાજ્યમાં ક્ષેત્રફળના એકમો માટે રાજ્યમાં બ્રિટિશ માપ પધ્ધતિના સ્થાને મેટ્રિક સીસ્ટમ અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેમ છતાં રાજ્યમાં જમીન મકાનના દસ્તાવેજો થાય ત્યારે જૂના બ્રિટિશ માપ પધ્ધતિના માપો દસ્તાવેજોમાં લખાય છે અને દસ્તાવેજો રજીસ્ટર્ડ થાય છે અને તેનાથી આમ નાગરિકો છેતરપીંડીનો ભોગ બને છે તેવી ગંભીર ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) આ ગંભીર ફરિયાદનાં ઉકેલ માટે રાજ્ય કક્ષાએ શા સ્પષ્ટ આદેશો આપ્યા છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી માટે રજુ થતા દસ્તાવેજોમાં મેટ્રિક પધ્ધતિનાં માપો દસ્તાવેજમાં લખવામાં આવે છે. જુના બ્રિટિશ પધ્ધતિના માપો દસ્તાવેજમાં લખવામાં આવતા નથી. તેનાથી નાગરીકો છેતરપિંડીનો ભોગ બન્યાની કોઈ રજુઆત મળેલ નથી.

(૩) દસ્તાવેજમાં મેટ્રીક પધ્ધતિનાં માપ લખવાની સ્થાયી સૂચનાઓ અપાયેલ છે.

--------

**દાહોદ કલેકટર કચેરીનું મંજૂર થયેલ મહેકમ**

૧૯૯૩૩ : **શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (લીમખેડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ કલેકટર કચેરી, દાહોદમાં મંજૂર થયેલ સંવર્ગવાર કેટલું મહેકમ છે,

(૨) કલેકટર કચેરીમાં એક વર્ષ કે વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે, અને

એચબી(૩)૭૯૨-આ ખાલી જગ્યાઓ સમયસર ન ભરવા માટેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) સંવર્ગવાર માહિતી નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર જગ્યા |
|---|---|
| કલેકટર | ૧ |
| નાયબ કલેકટર | ૬ |
| મામલતદાર | ૨ |
| નાયબ મામલતદાર | ૨૨ |
| ક્લાર્ક | ૧૯ |
| ટાઈપીસ્ટ | ૪ |
| ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૫ |
| ડ્રાઈવર | ૧ |
| વર્ગ-૪ | ૧૭ |

(૨) ૨૩ (ત્રેવીસ)

(૩) વર્ગ૧, ૨ અને ૩ ના સંવર્ગોની જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ હોવાથી, ડ્રાયવરની અને વર્ગ-૪ ની જગ્યાઓ આઉટ સોર્સિંગથી ભરવાની થતી હોવાથી.

**પંચમહાલ જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત તાલુકા**

૨૧૦૧૩ : **શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બે તાલુકાને જોડતા રસ્તાઓ પૈકી કેટલા તાલુકા પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આવા રસ્તાઓથી વંચિત તાલુકાના ગામોને રસ્તાની સુવિધા કેટલા સમયમાં સરકાર આપવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) : પંચમહાલ જિલ્લાના તમામ તાલુકાઓ બાજુના બીજા તાલુકા સાથે પાકા રાજ્ય ધોરીમાર્ગ, મુખ્ય જિલ્લા માર્ગ, અન્ય જિલ્લા માર્ગ તથા ગ્રામ્ય માર્ગથી જોડાયેલ છે જેથી એક તાલુકાથી બીજા તાલુકા સાથેનો વાહન વ્યવહારમાં સરળતા રહે. એક તાલુકાને બાજુના તાલુકા સાથે જોડતા હોય તેવા તમામ રસ્તાઓ પાકા બનાવવાની નિતી નથી કે કોઈ યોજના નથી.

### કચ્છ જિલ્લામાં કૃષિ ધિરાણ મંડળીઓ દ્વારા ચૂકવવામાં આવેલ સહાય

૧૯૮૬૩ : **શ્રી જયંતિલાલ પ.ભાનુશાલી (અબડાસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ ધિરાણ મંડળીઓ દ્વારા કેટલી વ્યક્તિઓને સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી રકમની ચુકવણી કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કૃષિધિરાણ મંડળીઓ ધ્વારા તાલુકાવાર નીચે મુજબ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકો | શેરમુડી સહાય યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા | દેવારાહત યોજના હેઠળ લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભૂજ | - | ૧૧૮ |
| ૨ | અંજાર | - | ૬૪ |
| ૩ | ભચાઉ | - | ૦૨ |
| ૪ | રાપર | ૧૫૦ | ૫૧ |
| ૫ | લખપત | - | ૮૮ |
| ૬ | નખત્રાણા | - | ૮૨ |
| ૭ | અબડાસા | - | ૩૧૩ |
| ૮ | માંડવી | - | ૧૯૬ |
| ૯ | મુન્દ્રા | ૨૨૫ | ૮૧ |
| ૧૦ | ગાંધીધામ | - | ૦૦ |
| | **કુલ** | **૩૭૫** | **૧૪૫૫** |

(૨) નીચે મુજબની સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે.

રકમ (રૂપિયામાં)

| અ.નં. | તાલુકો | શેરમુડી સહાય યોજના હેઠળ ચૂકવેલ સહાયની રકમ | દેવારાહત યોજના હેઠળ ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|---|
| ૧ | ભૂજ | - | ૪૧,૬૩,૮૦૦ |
| ૨ | અંજાર | - | ૧૬,૨૧,૭૯૩ |
| ૩ | ભચાઉ | - | ૩૦,૮૫૦ |
| ૪ | રાપર | ૩૦,૦૦૦ | ૫૫,૭૬,૮૯૩ |
| ૫ | લખપત | - | ૨૬,૪૧,૦૪૧ |
| ૬ | નખત્રાણા | - | ૧૨,૧૦,૫૩૭ |
| ૭ | અબડાસા | - | ૧,૩૪,૦૧,૭૩૨ |
| ૮ | માંડવી | - | ૯૮,૧૨,૧૪૪ |
| ૯ | મુન્દ્રા | ૪૫,૦૦૦ | ૧૬,૫૦,૧૪૬ |
| ૧૦ | ગાંધીધામ | - | ૦૦ |
| | **કુલ :** | **૭૫,૦૦૦** | **૪,૦૧,૦૮,૯૩૬** |

--------

### ભાવનગર જિલ્લામાં સુઝલોન એનર્જી લિ. ને ફાળવેલ જમીન

૨૦૬૪૦ : **શ્રી દિતાભાઈ ભી.મછાર (ઝાલોદ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ સુઝલોન એનર્જી લિ. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને

(૨) તે પૈકી આ ઉદ્યોગગૃહોને અપાયેલી જમીનની શરતોનો કોઈપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) હે. ૧-૦૦-૦૦ ચો.મી. જમીન, તા.૨૦-૯-૦૫ના હુકમથી ફાળવેલ છે.

(૨) ના, જી.

--------

### રાજ્યના આપત્તિ નિવારણ કેન્દ્રોમાં ઉપલબ્ધ સુવિધાઓ

૧૯૯૬૩ : **શ્રી ચંદુભાઈ મો.ડાભી (કરજણ) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ રાજ્યમાં આપત્તિ નિવારણ કેન્દ્રોમાં અદ્યત્તન પ્રકારની કઈ કઈ સુવિધાઓ ઉપલબ્ધ છે, અને

(૨) આવા આપત્તિ નિવારણ કેન્દ્રમાં જે સુવિધાઓ છે તે ખરા સમયે કામગીરી કરી શક્તી નથી તે નિવારવા સરકારે શી વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) અને (૨) : નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ છે. મહેકમ, સેટેલાઈટ ફોન, હોટ લાઈન, કોમ્પ્યુટર, જી-સ્વાન ક્નેક્ટીવીટી, ફેક્સ, ટેલિવિઝન.

(૨) સુવિધાઓ ખરા સમયે કામગીરી કરી શક્તી નથી તે હકીક્ત સાચી નથી.

--------

**જામનગર જિલ્લામાં સોઈલ હેલ્થ કાર્ડ**

૨૧૦૬૬ **: શ્રી મેઘજીભાઈ કણઝારીયા (ખંભાળીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સોઈલ બેલ્થ કાર્ડની યોજના હેઠળ જામનગર જિલ્લાના કેટલા ખેડૂતોને તા.૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા ? | કુલ ૨,૨૭,૪૯૨ ખેડૂતોના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણ પૂર્ણ થયેલ છે. ૮૩,૨૪૧ ખેડૂતોને કાર્ડ આપવામાં આવેલ છે. બાકી રહેલ ખેડૂતોને કાર્ડ આપવાની કામગીરી ચાલુ છે. |

**રાજ્યની ગ્રાન્ટેડ કોલેજોના નોન ટીચીંગ સ્ટાફને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબત**

૧૯૯૪૬ **: શ્રી ધીરુભાઈ ભીલ (નસવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૧૧ની સ્થિતિએ ઉચ્ચ શિક્ષણ કમીશનર કચેરી ધ્વારા ગ્રાન્ટેડ કોલેજોના નોન ટીચીંગ સ્ટાફને હાયર ગ્રેડે છઠ્ઠા પગાર પંચના મુજબ પગાર બાંધણી મંજૂર કરવામાં આવી છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) આ અંગે સરકારની સ્પષ્ટતા મળેલ છે કે કેમ, અને | (૨) અને (૩) : ટૂંક સમયમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે. |
| (૩) આ કાર્યવાહી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | |

**વડોદરા જિલ્લાના રસ્તા પહોળા કરવા આયોજન**

૨૧૦૮૨ **: શ્રી અભેસિંહ મો. તડવી (સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સંખેડા-માંકણી-બોડેલી-ક્લારાણી-ક્વાંટ રસ્તાને પહોળો કરવા સરકારે તા.૩૧-૧૨-૨૦૧૦ ની સ્થિતિએ કોઈ યોજના વિચારેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યારે શરૂ કરવાનું આયોજન છે ? | (૨) કુલ ૫૯.૪૦ કિ.મી. પૈકી ૪૨.૦ કિ.મી. લંબાઈના રસ્તાને ૫.૫૦ મી. માંથી ૭.૦ મી. પહોળો કરવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. |

**પશુધન નિરીક્ષકની જગ્યાઓ ભરવા અંગે**

૨૧૦૩૩ **: શ્રી કુંવરજીભાઈ ન.હળપતિ (બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતામાં પશુધન નિરીક્ષક સંવર્ગની સીધી ભરતી માટે પ્રતિક્ષા યાદી ઉપલબ્ધ હોવા છતાં ખાલી પડેલ પૂરેપૂરી જગ્યાઓ પર નિમણૂકો ન આપવાના શાં કારણો છે, અને | (૧) પશુધન નિરીક્ષક સંવર્ગની ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર તરફથી મળેલ પ્રતિક્ષા યાદીના ઉમેદવારોને નિયમાનુસાર નિમણૂક આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) ખાલી પડેલ જગ્યાઓ પ્રતિક્ષા યાદી પરના ઉમેદવારોની ક્યાર સુધીમાં ભરવામાં આવશે? | (૨) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

**અમરેલી જિલ્લામાં જ્યોતિ લી. ને ફાળવેલ જમીન**

૨૦૬૪૪ **: શ્રી મહંમદ જાવેદ પીરઝાદા (વાંકાનેર ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં બાબરા તાલુકામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ જ્યોતિ લી. ને કેટલા ચોરસ મીટર સરકારી પડતર જમીન ક્યારે ફાળવવામાં આવી, અને | (૧) કુલ ૧૯૦૦૦૦ ચો.મી. સરકારી સરકારી પડતર જમીન તા. ૧૩-૮-૦૭થી ફાળવવામાં આવી. |
| (૨) તે પૈકી આ ઉદ્યોગ ગૃહોને અપાયેલ જમીનની શરતોને કોઇપણ પ્રકારનો ભંગ થયેલ છે કે કેમ ? | (૨) ના, જી. |

## આણંદ જિલ્લામાં પશુ દવાખાનાની જરૂરીયાત

૨૧૫૬૯ : **શ્રી અમીતભાઈ ચાવડા (બોરસદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર દુધાળા તેમજ ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા કેટલી છે, અને

(૨) પશુઓની ઉક્ત સંખ્યા મુજબ તાલુકાવાર નિયમાનુસાર કેટલા પશુદવાખાના હોવા જરૂરી છે, તેની સામે ઉક્ત સ્થિતિએ કેટલા પશુદવાખાના ઉપલબ્ધ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર દુધાળા તથા ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા (૧૮મી પશુધન વસતિ ગણતરી-૨૦૦૭ મુજબ)

| ક્રમ | આણંદ જિલ્લાના તાલુકાના નામ | દુધાળા ઢોર | ખેતીકામમાં ઉપયોગી પશુઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | તારાપુર | ૧૭,૯૯૪ | ૮૮૭ |
| ૨ | સોજીત્રા | ૧૭,૯૧૪ | ૩૭૬ |
| ૩ | ઉમરેઠ | ૨૫,૩૪૨ | ૧,૮૬૨ |
| ૪ | આણંદ | ૫૨,૨૪૦ | ૧,૩૨૦ |
| ૫ | પેટલાદ | ૪૬,૭૪૦ | ૧,૧૯૮ |
| ૬ | ખંભાત | ૪૭,૮૨૩ | ૭૪૭ |
| ૭ | બોરસદ | ૪૬,૩૦૨ | ૧,૬૧૬ |
| ૮ | આંકલાવ | ૨૪,૫૪૬ | ૧,૦૨૯ |

(૨) જિલ્લામાં તાલુકાવાર પશુ દવાખાનાની સંખ્યા અંગે કોઈ ધોરણો નિયત થયેલ નથી.

તાલુકાવાર પશુ દવાખાનાની સંખ્યાની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | હાલમાં ઉપલબ્ધ પશુ દવાખાના |
|---|---|---|
| ૧ | તારાપુર | ૧ |
| ૨ | સોજીત્રા | ૨ |
| ૩ | ઉમરેઠ | ૧ |
| ૪ | આણંદ | ૨ |
| ૫ | પેટલાદ | ૨ |
| ૬ | ખંભાત | ૧ |
| ૭ | બોરસદ | ૩ |
| ૮ | આંકલાવ | ૧ |

--------

## ગાંધીનગર ખાતે સેક્ટ-૬ અને ૩ માં ફોર્સથી પાણી આપવા કાર્યવાહી

૨૦૬૫૫ : **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ ગાંધીનગર ખાતે આવેલ નવા સેક્ટર- નં. ૬ અને ૩ માં પીવાનું પાણી ખૂબજ ઓછા પ્રેસરથી મળે છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ સેક્ટરોમાં પૂરતા ફોર્સથી પાણી મળે તે માટે સરકાર શી કાર્યવાહી કેટલા સમયમાં કરવા માંગે છે ?

**જવાબ**

(૧) મોટાભાગે ઉનાળાની સીઝનમાં પાણીનો વપરાશ વધતાં, આ સેક્ટરોમાં પાણી પુરતા પ્રેસરથી ન મળવાની ફરીયાદ રહે છે.

(૨) આ સેક્ટરમાં પાણી વધુ પ્રેસરથી મળે તે માટે સેક્ટર-૫ ડી માં ઓવરહેડ ટાંકી, ભૂગર્ભ સંમ્પ અને આજુબાજુના ૭-સેક્ટરની હયાત પાઈપલાઈનમાં દુધારાવધારાનું રૂા. ૧૮.૧૩ કરોડનું કામ હાથ ધરેલ છે.

--------

## જૂનાગઢ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ ફાળવાયેલ ગ્રાન્ટ

૧૯૯૪૯ : **શ્રી ધીરસિંહ બારડ (કોડીનાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન હેઠળ ક્યા ક્યા હેતુ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર ફાળવેલ ગ્રાન્ટમાંથી કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે અને

**જવાબ**

(૧) માનવ સંસાધન વિકાસ મંત્રાલય ભારત સરકારના નિયત થયેલ નાણાંકિય નિયમો મુજબ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લાને એક ઘટક ગણવામાં આવે છે અને તે મુજબ જિલ્લાકક્ષાના હિસાબો રાખવાના રહે છે. આમ તાલુકાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી.

| યોજનાનું નામ | વર્ષ અને ફાળવેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ |
| એસ.એસ.એ/એન.પી.ઈ.જી.ઈ.એલ. | ૨૧૪૭.૨૧ | ૧૮૫૬.૨૭ | ૩૬૪૬.૩૮ |
| કે.જી.બી.વી | ૪૧.૬૮ | ૧૦૦.૦૬ | ૯૯.૪૫ |

(૨)

| યોજનાનું નામ | વર્ષ અને વપરાયેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|

કેટલી વણવપરાયેલી પડી રહેલ છે ?

| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ) |
|---|---|---|---|
| એસ.એસ.એ/એન.પી.ઈ.જી.ઈ.એલ. | ૨૦૨૮.૯૭ | ૧૭૦૦.૬૦ | ૩૦૮૩.૬૪ |
| કે.જી.બી.વી | ૨૯.૧૮ | ૬૭.૧૮ | ૪૧.૭૮ |

| યોજનાનું નામ | વર્ષ અને વણ વપરાયેલ ગ્રાન્ટ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ (તા. ૩૧-૧-૧૧ ની સ્થિતિએ) |
| એસ.એસ.એ/એન.પી.ઈ.જી.ઈ.એલ. | ૧૧૮.૨૪ | ૧૫૫.૬૬ | ૫૬૨.૭૪ |
| કે.જી.બી.વી | ૧૨.૫૦ | ૩૨.૮૮ | ૫૭.૬૭ |

## રાજુલા તાલુકાને રીકારપેટ કરવાનું આયોજન

૨૦૨૬૮ : **શ્રી હીરાભાઈ સોલંકી (રાજુલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજુલા તાલુકાનાં રાજુલા-ભેરાઇ રોડ તથા રાજુલા-છતડીયા રોડને છેલ્લે ક્યારે રીકારપેટ કરવામાં આવેલ છે, અને

(૨) આ બંને રસ્તાઓ નેશનલ હાઇ-વે ને જોડતાં હોઇ ભારે વાહન વ્યવહારના કારણે અતિ બિસ્માર હાલતમાં હોઇ તેને પહોળાં કરી મજબૂતીકરણ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) રાજુલા-ભેરાઈ રોડ જાન્યુ-૨૦૦૫માં તથા રાજુલા-છતડીયા રોડ ૩.૨૬ કિ.મી. લંબાઈ એપ્રિલ-૨૦૦૩માં અને ૧.૫ કિ.મી. લંબાઈ જુલાઈ-૨૦૦૫માં કરવામાં આવેલ છે.

(૨) આ બંને રસ્તાઓ વાહન વ્યવહાર લાયક છે. આ બે રસ્તાઓ પહોળા કરવાનું હાલ આયોજન નથી.

## વડોદરા જિલ્લામાં કિસાન પથ યોજના હેઠળ કરેલ ખર્ચ

૨૦૬૫૧ : **શ્રી ખુમાનસિંહ ચૌહાણ (સાવલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ યોજના હેઠળ કેટલી રકમ વર્ષવાર ફાળવી, અને

(૨) આ ફાળવેલ રકમ અન્વયે કેટલા કિસાનપથ તેયાર કરવામાં આવ્યા, અને કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કિસાનપથ યોજના હેઠળ તાલુકાવાર રકમ ફાળવવામાં આવતી નથી પરંતુ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | ફાળવેલ રકમ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | કુલ |
| વડોદરા | ૧૨.૨૮ | ૧૪૦.૫૩ | ૧૫૨.૮૧ |
| વાઘોડીયા | ૧૧.૯૧ | ૧૪૧.૭૬ | ૧૫૩.૬૭ |
| કરજણ | ૩૭.૪૩ | ૦.૦૦ | ૩૭.૪૩ |
| સાવલી | ૯૬.૧૯ | ૧૧૩.૬૩ | ૨૦૯.૮૨ |
| પાદરા | ૨૭.૦૬ | ૩૪.૦૦ | ૬૧.૦૬ |
| ડભોઈ/શિનોર | ૯૦.૨૭ | ૨૪૯.૭૨ | ૩૩૯.૯૯ |
| સંખેડા | ૯૫.૯૯ | ૨૮.૩૪ | ૧૨૪.૩૩ |
| નસવાડી | ૦.૦૦ | ૫૬.૫૦ | ૫૬.૫૦ |
| છોટાઉદેપુર/ કવાંટ | ૬૬.૭૫ | ૨૪૬.૦૦ | ૩૧૨.૭૫ |
| જેતપુરપાવી | ૨૪.૬૨ | ૧૧૭.૨૩ | ૧૪૧.૮૫ |

(૨) ૨૭ રસ્તાઓ પૂર્ણ થયેલ છે અને રૂા. ૧૫૯૦.૨૧ લાખનો ખર્ચ થયેલ છે.

--------

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## એક જ પ્રશ્ન બે વખત પૂછવા અંગે

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. આજની પ્રશ્નોત્તરીની જે બુકલેટ અમને પ્રાપ્ત થઈ છે એના પ્રશ્ન ક્રમાંક ૮૬ માનનીય સભ્યશ્રી મનસુખભાઈ ભુવાનો પ્રશ્ન અને I would like to draw your attention to question no.૧૫૮, sir. એ જ માનનીય સભ્યશ્રીનો ૧૫૮ નંબરનો પ્રશ્ન બહુ જ સ્પષ્ટ છે. એક સભ્યશ્રી એક દિવસે એક જ પ્રકારનો પ્રશ્ન બે વખત ના પૂછી શકે અને એ રીતે આપ જોશો તો ક્રમ નં. ૮૬ અને ક્રમ નં. ૧૫૮ પ્રશ્ન પૂછનાર મનસુખભાઈ ભુવા (ધારી), મનસુખભાઈ ભુવા (ધારી). બંને

પ્રશ્ન. સવાલ આ વિધાનસભા ગૃહને કેટલું લાઈટલી લઈ જવાનો પ્રશ્ન થતો હશે કે આ પરિસ્થિતિ ઊભી થાય છે. (અંતરાય) સભ્ય પ્રશ્ન પૂછે છે. વિધાનસભાની કામગીરી પછી આવે છે. સભ્ય પ્રશ્ન પૂછે છે. સભ્ય ન પૂછ, વિધાનસભાની ધ્યાન બહાર ગયું હોય એવું બની શકે. વિભાગના ધ્યાન બહાર જાય, એટલું જ નહિ, પણ મંત્રીશ્રી સુધી આ ફાઈલ ક્લિયર થાય છે. એક જ સભ્ય એક જ દિવસે એક જ પ્રકારનો, માનનીય મંત્રીશ્રી વ્યાસ ઊભા થયા છે.(અંતરાય) મારો મુદ્દો પૂરો થવા દો? આ શુકામ થાય છે એની ચિંતા કરો. (અંતરાય) સવાલ એ નથી, સવાલ વ્યવસ્થાનો નથી. હું પોલિટિકલ પડતો નથી. બાકી તો કોરી સહીઓ લઈને પક્ષમાં શું થાય છે, એમાં હું નથી પડતો. માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો પણ રજૂ કરવા નહિ દેવાનો અને વચ્ચે ડિસ્ટર્બન્સ કરે. મુદ્દો રજૂ કરવા નહિ દેવો ઘણી ગંભીર બાબત છે. આજ સુધીનું જોઈ લો. એટલા માટે આપનો આદેશ ઈચ્છીએ છીએ કે પ્રશ્નોત્તરીનો કાળ અમારા માટે અગત્યનો કાળ છે. એમાં સત્તાધારી પક્ષ તરફથી આ રીતની પરિસ્થિતિનું નિર્માણ થાય તે બરાબર નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતાએ જે ચિંતા સેવી છે. તે ચિંતા સાથે સહમત છું, પરંતુ આ હાઉસની ગરિમા, પ્રણાલિકાઓ રહી છે. વિધાનસભા સચિવાલયને લગતો હોય તો તે કોઈ પ્રશ્ન બાબતે સ્પીકરના ચેમ્બર્સમાં જઈને તેમનું ધ્યાન દોરવામાં આવે છે. આ હાઉસમાં આ રીતે પ્રશ્ન સચિવાલયનો કયારેય ઉઠાવવામાં આવતો નથી.એટલે ભવિષ્યમાં આવા કોઈ પ્રશ્ન સચિવાલયને લગતો હોય તો આપની ચેમ્બરમાં આવીને રજૂ કરે. હાઉસમાં આ રીતે ગરિમાને ઝાંખપ લાગે તે ન થાય તેની કાળજી લેવાય તેવી સૂચના આપના તરફથી અપાય તેટલી વિનંતી છે.

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, મૂળ બાબત એ છે કે ગૃહનું સમગ્ર સંચાલન આ ગૃહને લગતી સમગ્ર વ્યવસ્થા માનનીય અધ્યક્ષશ્રીના માર્ગદર્શન નીચે થાય છે. કોની ભૂલ છે, કોની ભૂલ નથી, એ પ્રશ્ન અસ્થાને છે. પ્રશ્ન એ છે કે આ પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન દાખલ કરવો, નહિ કરવો એ આ ગૃહની વ્યવસ્થાનો ભાગ છે. અને આ ગૃહની વ્યવસ્થાનો ભાગ છે, ત્યારે સીધી અધ્યક્ષશ્રીની હકુમત તળે આવતી બાબત છે અને માનનીય અધ્યક્ષશ્રીની હકુમત તળે આવતી કોઈપણ બાબત ગૃહમાં ચર્ચાઈ શકાતી નથી. આ મુદ્દા બાબતે કોઈપણ પ્રકારની સ્પષ્ટતા, સૂચન હમેશા આવકાર્ય હોઈ શકે, તે માનનીય અધ્યક્ષશ્રીના ચેમ્બરમાં મળીને માનનીય અધ્યક્ષશ્રી સમક્ષ કરી શકાય. ગૃહમાં આ પ્રકારનો મુદ્દો ઊભો કરવાની પ્રણાલિકા શરૂ કરી છે. આપના અધિકાર હેઠળ આવતી બાબતે ગૃહમાં ચર્ચા થવાની શરૂઆત થશે, અને તે કોઈપણ રીતે તંદુરસ્ત પ્રણાલિકાની પ્રથા નથી. આ પ્રકારનો પ્રશ્ન ગૃહમાં ઉપસ્થિત થાય તે મૂળભૂત રીતે યોગ્ય નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આટલું જ કહેવાનું છે કે માનનીય દિલીપભાઈ અને માનનીય જયનારાયણ ભાઈએ આખા વિષયે વિસ્તૃત કહ્યું છે, પણ માનનીય નેતાશ્રીએ પોતાના આ પૉઈન્ટ ઑફ ઑર્ડરના વિષયમાં એમણે કહ્યું કે કોરા ફૉર્મમાં સહી કરાવી લે છે. ગઈ કાલનો પ્રશ્ન જોઈએ તો છાનાભાઈ ચૌધરીએ જે પ્રશ્ન પૂછયો હતો અને મોહનસિંહભાઈ રાઠવાએ પ્રશ્ન પૂછયો હતો. એક જ પ્રશ્ન બે સભ્યોએ સહીઓ, કોરા ફૉર્મની સહીઓ એકત્રિત કરવાની તેમની પદ્ધતિ છે. એક સરખો પ્રશ્ન પૂછવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી** : શકિતસિંહભાઈ આપ બેસો. આત્મારામભાઈ બેસો, તમને ટાઈમ આપું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૮૬ અને.. આમાં બહુ સ્પષ્ટ છે કે એક સભ્યશ્રીએ એક સરખા બે પ્રશ્નો પૂછયા. આ બુકલેટ ઉપર છે. ૮૬ નંબર અને ૧૫૮ નંબર. આપશ્રીએ એ પ્રશ્નો સંબંધિત વિભાગના મંત્રીશ્રીને મોકલ્યા. બંનેના જવાબ આપ્યા છે. એક જ પ્રશ્ન, એક જ સરખા. એ જ પ્રમાણે થયું છે. મારે આપનું ધ્યાન આ પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં એ દોરવાનું છે કે એક જ દિવસે એક સરખા પ્રશ્નો પૂછયા તેનો જવાબ માનનીય મંત્રીશ્રીઓ આપે છે પણ હજારો પ્રશ્નો એવા છે કે આપે મંજૂર કર્યા હોય અને મંત્રીશ્રીઓ એમ કહે કે આ પ્રશ્ન..

**અધ્યક્ષશ્રી** : અત્યારે જે પ્રશ્ન ક્રમાંકની ચર્ચા થાય છે તેના ઉપર જ વાત કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ પ્રશ્ન બરાબર નથી, સરકારને અનુકૂળ નથી એટલે રદ કરવા વિનંતી.

**અધ્યક્ષશ્રી** : નહીં, આપ બેસી જાઓ, આપને હું તક નથી આપતો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વિનંતી એટલી છે કે,

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન પૂરતી જ ચર્ચા કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર પૂરો કરવા દો.

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્ન પૂરતી જ ચર્ચા કરો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર આવું છું. મારી આ પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં વિનંતી એટલી છે કે આપ મંત્રીશ્રીઓને સૂચના આપો કે પ્રશ્નોની બરાબર ચકાસણી કરે અને બે એક સરખા પ્રશ્નો હોય તો દાખલ કરવા માટે અગાઉ ના પાડે છે તેમ એક પ્રશ્ન દાખલ કરવાની ના પાડે તેવી સૂચના આપે માનનીય મંત્રીશ્રીઓને આપવી જોઈએ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : મારે માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહનું ધ્યાન દોરવું છે કે માનનીય કે માનનીય શકિતસિંહજી ગોહિલે જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો છે તે બંને પ્રશ્નોને વાંચવાની જરૂર છે.* (xxxxx)(xxxxx)આ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કરવામાં આવ્યો છે. હું કહું છું (અંતરાય) સાહેબ એ જ્યારે બોલ્યા ત્યારે અમે સાંભળ્યું છે. મને સાંભળો.

**અધ્યક્ષશ્રી** :સીધા પૉઈન્ટ ઑફ ઑર્ડરની વાત કરો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રશ્ન નં.૮૯, I will prove there is wrong. I will prove.

**અધ્યક્ષશ્રી** :શકિતસિંહભાઈ આપ બેસો. હું અસંસદીય શબ્દો હશે તો દૂર કરીશ. તે મારી જવાબદારી છે. આપ બેસો. આપ બેસો.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, I will prove કે આ ખોટો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવવામાં આવ્યો છે. હું પ્રશ્ન વાંચું છું. પ્રશ્ન નં.૮૯ અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૧૦ની સ્થિતિએ, અમરેલી જિલ્લામાં કઈ સ્થિતિ? ૩૧-૧૨-૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં કેટલી શિક્ષકોની જગ્યાઓ ખાલી હતી. હું ૧૫૮નો પ્રશ્ન વાંચું છું કે અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં, That is different. That is difference between two question. There for I have already stated without apply of mind. The fact is fact sir. અહીં કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત થતો નથી. બંને પ્રશ્નોનું સ્વરૂપ જુદું છે અને બંને પ્રશ્નોની સમય મર્યાદા જુદી છે. એટલા માટે આમાં પૉઈન્ટ ઑફ ઑર્ડરનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વિરોધપક્ષના નેતા (xxxxx) (xxxxx)આવે એવી અમારી વિનંતી છે.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય ) આપના મારફતે આ સમગ્ર વિધાનસભા ગૃહમાં કોણ માઈન્ડ કયાં મૂકીને આવે છે એ ક્રિસ્ટલ ક્લિયર થાય એની વાત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી,( અંતરાય) માત્ર તકલીફ એ થાય છે કે, કયાં ધ્યાન હોય છે, મારો મુદ્દો ૮૯ અને ૧૫૮નો હતો, બંનેમાં એક ટપકાની ભૂલ વગરના પ્રશ્નો છે અને માનનીય આત્મારામભાઈ, મગજ તો હું અને આપ (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું વાંચું છું. માનનીય નીતિનભાઈ કહે છે એટલે વાંચું છું. સાંભળો, નીતિનભાઈ, અને કોનું મગજ કયાં હોય છે એ નક્કી થશે હવે, " અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૦ની સ્થિતિએ પ્રાથમિક શાળાઓમાં તાલુકાવાર કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું કયું ? " જવાબ " ખાલી જગ્યાઓ : ૨૪૧ "(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જો આ રીતે જ ગૃહ ચાલવાનું હોય..

**અધ્યક્ષશ્રી** : ઑર્ડર, ઑર્ડર, પ્લીઝ, હવે ખૂબ ચર્ચાઓ થઈ ગઈ છે, હું રૂલિંગ આપવાનો છું, માનનીય શકિતસિંહ, આપ જરા ટૂંકમાં કહો.

**શ્રી શક્તિસિંહ હ. ગોહિલ** : જી, એટલા માટે કે બંને સવાલ આપ ફરી વખત વાંચી લો અને અક્ષરસઃ: બંનેના જવાબ, આપ જવાબ પણ જોઈ લો. એક જ પ્રકારનો પ્રશ્ન છે બંનેના જવાબ પણ એક જ પ્રકારના છે અને આ પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આત્મારામભાઈ તો કંઈક ૫૬ કે ૫૭, એ કયાં જાય છે એ ખબર નથી.

**શ્રી નીતિનભાઈ ર. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું એટલા માટે કહું છું કે, માનનીય અધ્યક્ષશ્રી, ધીરજથી વાંચે, રઘવાટ ન કરે, મારી એમને વિનંતી છે કે, ખોટા રઘવાટમાં ન આવશો, માનનીય અધ્યક્ષશ્રી, ફરી વાંચે, સાહેબ, એક પ્રશ્નમાં એવું લખ્યું છે, " છેલ્લા બે વર્ષની સ્થિતિએ" જ્યારે બીજા પ્રશ્નમાં છેલ્લા બે વર્ષની સ્થિતિએ એવો ઉલ્લેખ નથી કર્યો, જવાબ સરકાર આપે છે, જવાબ સરખો હોય, પણ પ્રશ્ન જુદા છે એટલે માનનીય શકિતસિંહ, આજે તમે કબૂલ કરો મહેરબાની કરીને કે તમે ખોટા છો. (અંતરાય)

**શ્રી જયનારાયણ વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં કોઈપણ પૉઈન્ટ ઑફ ઑર્ડર જ્યારે ઉઠાવવામાં આવે ત્યારે ચોક્કસ નિયમોને આધીન રહીને ઉઠાવવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, નિયમોના નિયમ ૮૧ તરફ મારે આપશ્રીનું ધ્યાન દોરવું છે. નિયમોના નિયમ ૮૧ એવું કહે છે કે, " કોઈ પ્રશ્ન કે તેનો કોઈભાગ આ નિયમો અન્વયે દાખલ કરવા પાત્ર છે કે નહીં, તે અંગેનો નિર્ણય અધ્યક્ષ કરશે." સાહેબ, આમાં કર્તા પ્રશ્ન છે કર્તા જવાબ નથી, દાખલ કરવાના પ્રશ્નને લગતી બાબત છે, જવાબને લગતી બાબત નથી. પ્રશ્ન એકસરખો છે કે નહીં, તે નક્કી થાય છે પ્રશ્ન દાખલ કરવો કે નહીં દાખલ કરવો, એનો ભાગ કાઢી નાખવો કે નહી કાઢી નાખવો એ નિયમોના નિયમ ૮૧ને આધીન રહીને નક્કી થતું હોય છે, એના જવાબ સાથે માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વાત જોડીને આ સન્માનનીય સભાગૃહમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કરી શકાય નહીં, અને એ રીતે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉભો કરવામાં આવતો હોય તો નિયમોના નિયમ ૮૧ અન્વયે પૉઈન્ટ ઑફ ઑર્ડર ટકવાપાત્ર નથી.

**શ્રી દિલીપ સંઘાણી** : માનનીય અધ્યક્ષશ્રી, પૉઈન્ટ ઑફ ઑર્ડર માનનીય વિપક્ષના નેતાશ્રીએ ઉઠાવ્યો છે એ અંગે હું સ્પષ્ટીકરણ કરું છું કે, એમણે કહ્યું છે કે, મંત્રીશ્રીઓએ ચકાસવું જોઈએ, માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીમંડળ

* (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

વિધાનસભા સચિવાલય તરફથી જે કોઈ પ્રશ્ન આવે છે એને પૂરતો આદર આપે છે કયો પ્રશ્ન દાખલ કરવો, ન કરવો નિયમ ૮૧માં સ્પષ્ટ જોગવાઈ છે,અને શબ્દ ફેરના આધારે 'બે વર્ષ' અને 'તારીખ' ના આધારે બંને પ્રશ્નો અલગ પડે છે. આનો અર્થ એ થાય માનનીય અધ્યક્ષશ્રી, સીધું સાદું ગણિત એ છે કે પાંચ વત્તા પાંચ બરાબર દસ થાય અને સાત વત્તા ત્રણ બરાબર પણ દસ થાય. તો પ્રશ્ન બંને અલગ થયા કહેવાય જવાબ એક જ આવે છે એનો અર્થ એ નથી કે મંત્રીઓ જોતા નથી, મંત્રીઓ ચકાસતા નથી. માત્ર મંત્રીઓ કણાની જેમ ખૂંચતા હોય તો એમાં અમે કંઈ કરી શકીએ નહીં. દેશ-વિદેશના આધારે આજે દિલ્હીમાં જે સ્થિતિ છે એ જુઓને? ત્યાં કહેવા જેવું છે અમને શું કહો છો મંત્રીશ્રીઓ ધ્યાન નથી આપતા, મંત્રીઓ પુરતું ધ્યાન રાખે છે અને આદર પણ આપે છે.

**અધ્યક્ષશ્રી** : વિરોધ પક્ષના નેતાશ્રી શકિતસિંહજીએ પ્રશ્ન ક્રમાંક ૮૬ અને ૧૫૮ બાબતે સરખા પ્રશ્ન હોવાનો જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એમાં બંને પક્ષે સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ દ્વારા ગૃહમાં જે રજૂઆતો થઈ છે એ મેં સારી રીતે સાંભળી છે. સામાન્યતઃ અક્ષરસઃ: સરખા પ્રશ્નો હોય તો એક જ દિવસે એક સભ્યના બે પ્રશ્નો દાખલ કરવાપાત્ર નથી. પ્રસ્તુત કિસ્સામાં અક્ષરસઃ: બંને પ્રશ્નો અક્ષરસઃસરખા નથી અને બંને અલગ છે પણ એનો જવાબ એક છે. પ્રશ્ન અલગ છે જવાબ એક છે.

મારા કાર્યક્ષેત્ર હેઠળની બાબતો ગૃહમાં ઉપસ્થિત કરી શકાતી નથી, નિયમોમાં પણ આ માટે સ્પષ્ટ જોગવાઈ છે તેમ છતાં જ્યારે આ બાબત ઉપસ્થિત થઈ છે ત્યારે એ વાતનો હું સ્વીકાર કરું છું કે બંને પ્રશ્નો વાસ્તવિક રીતે સરખા છે અને સભ્યો પ્રશ્ન પૂછતા હોય એમાં એક પ્રશ્ન દાખલ થાય છે અને એક ના-મંજૂર થાય છે જેને હું સ્વીકારુ છું. (અંતરાય) મેં ખુલાસો કર્યો છે પ્રશ્નો અલગ અલગ છે જવાબ એક છે. પણ આ બાબત ગૃહમાં હવે પછી માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી ઉપસ્થિત ન કરશો.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

### સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો ચોથો અહેવાલ

**ડૉ. નીમાબેન બી. આચાર્ય(પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાની સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહમાં મૂકવાની હું રજા લઉં છું.

**સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો ચોથો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

### માગણી ક્રમાંક ૩૮

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૧૦,૮૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક ૩૮ સભાગૃહ સમક્ષ મૂકવાની રજા લઉં છું.

**માગણી ક્રમાંક ૩૮ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી**

**માગણી ક્રમાંક ૩૮ પરની કાપ દરખાસ્તો**

**શ્રી ચંદુભાઈ ડાભી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરવામાં આવી**

**શ્રી લાલસિંહ વડોદીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી**

**શ્રી ગ્યાસુદીનભાઈ શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી**

### માગણી ક્રમાંક ૩૯

### તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂા. ૧૯,૯૧,૯૧,૧૪૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂા. ૪,૫૭,૬૮,૧૪,૦૦૦/-માગણી ક્રમાંક ૩૯ સભાગૃહ સમક્ષ મૂકવાની રજા લઉં છું.

**માગણી ક્રમાંક ૩૯ સભાગૃહ સમક્ષ રજૂ આવી**

**શ્રી કિરણકુમાર એલ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંગભાઈ પા. પણદા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી નિરંજન પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી શૈલેષ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ધીરસિંહ કરશનભાઈ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભગવાનભાઈ ધા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઈ ના. કિશોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૪૦**

**પરિવાર કલ્યાણ વિભાગ**

**શ્રી જયનારાયણ વ્યાસ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૮૦,૮૭,૪૦,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯,૦૭,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક : ૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અશ્વિન કોટવાલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.કે. રાઉલજી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૫૧**

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**શ્રી જયનારાયણ વ્યાસ ( ઉદ્યોગ અને ખાણ વિભાગ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૫,૩૬,૫૫,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૧૩,૯૫,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક : ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૫૧ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૫૧ પરની કાપ દરખાસ્તો**

**શ્રી અમિતકુમાર અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ ન. હળપતિ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દેવજીભાઈ ગો. ફતેપરા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઈકબાલ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કા. ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૮ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની ગુરૂવાર, તા ૧૭-૩-૨૦૧૧ (પાંચમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂા.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૮** | | | | |
| ૧. | ૨૨૫૧-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>૦૧-આરોગ્ય........વિભાગ<br>રૂા. ૧૦,૬૬,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧ પા.નં. ૨૦૮-૨૦૯ | ૧૦૦ | મેડિકલ કોલેજોમાં મહેકમ પરની ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ચંદુભાઈ ડાભી |
| ૨.* | --"-- | ૧૦૦ | જાહેરાતો થયા બાદ નવી મેડિકલ કોલેજો માટે સમયસર માન્યતા આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | --"-- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં ટેકનીશીયનો અને ડોકટરોની સમયસર નિમણુક કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લાલસિંહ વડોદીયા |
| ૪.* | --"-- | ૧૦૦ | વલસાડ જિલ્લામાં મેડિકલ કોલેજ સ્થાપવાની જાહેરાત થયા પછી તે દરખાસ્ત રદ કરવાની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | --"-- | ૧૦૦ | એમ. આર. પી. કરતા વધુ ભાવે દવાઓ વેચાય છે તેને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગ્યાસુદીનભાઈ શેખ |
| **માગણી નં. ૩૯** | | | | |
| ૬. | ૨૨૧૦-તબીબી....આરોગ્ય | ૧૦૦ | તબીબી સ્ટાફની બદલીઓમાં ચાલતી | શ્રી કિરણકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧-શહેરી...એલોપથી<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>અં.પ્ર.નં.૧૧<br>રૂા.૨,૫૫,૨૯,૧૦,૦૦૦<br>પા.નં. ૯ થી ૧૨ | | ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | મકવાણા |
| ૭.* | --"-- | ૧૦૦ | અધિકારીઓ કચેરીઓમાં નિયમિત રીતે હાજર રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮. | --"-- | ૧૦૦ | ધારાસભ્યોના પત્રો અંગે કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમીતી ચન્દ્રિકાબેન બારીયા |
| ૯. | --"-- | ૧૦૦ | ધારા સભ્યશ્રી ઓની રૂબરૂ રજૂઆતો પર અધિકારીઓ પૂરતું ધ્યાન આપે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૦ . | ૨૨૧૦- તબીબી.....આરોગ્ય<br>૦૧-શહેરી....એલોપથી<br>૧૦૨-કામદાર......યોજના<br>રૂા.૧,૨૧,૬૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં. ૧૩ થી ૧૭ | ૧૦૦ | કામદાર વીમા યોજનાના દવાખાનાઓની કથળેલી હાલત સુધારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રામસિંહ પરમાર |
| ૧૧. | ૨૨૧૦- તબીબી.....આરોગ્ય<br>૦૧-શહેરી....એલોપથી<br>૧૦૨-કામદાર......યોજના<br>રૂા.૧,૨૧,૬૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં. ૧૩ થી ૧૭ | ૧૦૦ | કામદાર વીમા યોજનાના દવાખાનાઓમાં ડાંકટરોની ઘટ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરૂભાઈ ભીલ |
| ૧૨. | ૨૨૧૦- તબીબી.....આરોગ્ય<br>૦૧-શહેરી....એલોપથી<br>૧૧૦-હોસ્પિટલ.....દવાખાના<br>રૂા.૬,૮૩,૬૯,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં. ૨૦ થી ૪૯ | ૧૦૦ | સરકારી હોસ્પિટલોના કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી નિરંજનભાઈ પટેલ |
| ૧૩ | --"-- | ૧૦૦ | સરકારી હોસ્પિટલો અને સિવિલ હોસ્પિટલોમાં કર્મચારીઓની હાજરી નિયમિત રહે તે માટે ફીંગરપ્રીન્ટ મશીનો મૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શૈલેષભાઈ પરમાર |
| ૧૪. | --"-- | ૧૦૦ | ગરીબ દર્દીઓને મફત સારવાર પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ધીરસિંહ બારડ |
| ૧૫. | --"-- | ૧૦૦ | ગરીબ અને મંદબુધ્ધિની બહેનોને સારવાર આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જયેશભાઈ રાદડીયા |
| ૧૬. | --"-- | ૧૦૦ | રોગી કલ્યાણ સમિતિની મિટીંગમાં ખર્ચાઓ મંજૂર કરવામાં ચાલતી ગેરરીતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભગવાનજીભાઈ બારડ |
| ૧૭. | ૨૨૧૦- તબીબી......આરોગ્ય<br>૦૨-શહેરી......પધ્ધતિઓ<br>૧૦૧-આર્યુવે<br>રૂા.૪૭,૫૦,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧પા.નં. ૫૩ થી ૬૨ | ૧૦૦ | આર્યુવેદ દવાખાનાઓ કાયમી ધોરણે કાર્યરત રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૧૮. | ૨૨૧૦- તબીબી જાહેર આરોગ્ય<br>૦૬- જાહેર આરોગ્ય | ૧૦૦ | તાબાની કચેરીઓના વહીવટ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૦૪-ઔષધ નિયમન<br>રૂા. ૩૩,૦૪,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં. ૧૬૦ થી ૧૬૮ | | | |
| ૧૯. * | --"-- | ૧૦૦ | તહેવારોમાં વેચાતી હલકી ગુણવડ્ઢાની મીઠાઈઓના વેચાણથી આમ જનતાના સ્વાસ્થ્ય સાથે થતા ચેડા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૦. | --"-- | ૧૦૦ | જનતાના આરોગ્યને નુકશાન કરતા શેરડીના સંચાઓ બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બચુભાઈ કિશોરી |
| ૨૧. | --"-- | ૧૦૦ | નશીલી દવાઓના વેચાણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી નટવરસિંહ ઠાકોર |
| ૨૨.* | --"-- | ૧૦૦ | રોગચાળો ફાટી નીકળ્યા બાદ ફેરીયાઓ અને હોટલોમાં વેચાતા ખાદ્ય પદાર્થો/ પીણાંઓની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| **માગણી નં. ૪૦** | | | | |
| ૨૩. | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૧-ગ્રામીણ.......સેવાઓ<br>રૂા. ૧,૯૬,૪૮,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં. ૧૯૦-૧૯૧ | ૧૦૦ | ગ્રામીણ પરિવાર કલ્યાણ સેવાઓના કથળેલા વહીવટને સંગીન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી હરીલાલ પટેલ |
| ૨૪. | --"-- | ૧૦૦ | ગ્રામીણ પરિવાર કલ્યાણ કેન્દ્રોની સેવાઓ આમ જનતાને નજીકના વિસ્તારોમાં મળી રહે તેવુ આયોજન ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજી ઠાકોર |
| ૨૫. | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસુતિ......આરોગ્ય<br>રૂા.૯૬,૧૪,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧ પા.નં. ૧૯૪ થી ૧૯૭ | ૧૦૦ | કુપોષણથી પીડાતા બાળકો માટેનો પોષણક્ષમ આહારના વિતરણમાં થતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨૬. | --"-- | ૧૦૦ | કરોડો રૂપિયાનો ખર્ચ કરવા છતાં બાળમૃત્યુદર અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૨૭. | --"-- | ૧૦૦ | ગરીબ સર્ગભા મહિલાઓ માટેની ચિરંજીવી વિમા સુરક્ષાની રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી સી.કે.રાઉલજી |
| ૨૮. | --"-- | ૧૦૦ | નવજાત શીશુઓના આરોગ્યની સઘન ચકાસણી કરી જરૂરી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમરસિંહભાઈ વસાવા |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૫૧** | | | | |
| ૨૯. | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ...........સવલતો<br>૧૦૧-પ્રવાસન કેન્દ્રો<br>રૂા. ૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં. ૧૦૦ | ૧૦૦ | પ્રવાસીઓ વારંવાર ગુજરાતના સ્થળોની મુલાકાત લે તેવી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમિતકુમાર ચાવડા |
| ૩૦. | --"-- | ૧૦૦ | ગુજરાતના પ્રવાસન કેન્દ્રોનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧. | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ.......સવલતો<br>૧૯૦-જાહેરક્ષેત્ર.......સહાય<br>રૂ.૪,૧૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં. ૧૦૨-૧૦૩ | ૧૦૦ | અંબાજી ટ્રસ્ટમાં નાણાની અછતના કારણે વહીવટી ખર્ચ માટે પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલભાઈ જોષીયારા |
| ૩૨. | --"-- | ૧૦૦ | પવિત્ર યાત્રાધામોનો વિકાસ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ હળપતિ |
| ૩૩. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૨૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં. ૧૦૫-૧૦૬ | ૧૦૦ | પ્રવાસધામો ખાતે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચરનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૪. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૨૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં. ૧૦૫-૧૦૬ | ૧૦૦ | પ્રવાસન વિભાગે ખુલ્લા બજારમાં વેચાણ માટે મુકેલી ૨૬ જેટલી અસ્કયામતો / બિલ્ડીંગોના વેચાણના ઉપાયો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દેવજીભાઈ ફતેપરા |
| ૩૫. | --"-- | ૧૦૦ | ટુરિઝમની જાહેરાત પાછળ થતા ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ઈકબાલભાઈ પટેલ |
| ૩૬. | --"-- | ૧૦૦ | ટુરીઝમ વિકાસના કામો વગર ટેન્ડરે અપાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૩૭. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૨૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩ પા.નં. ૧૦૫-૧૦૬ | ૧૦૦ | મલ્ટીપ્લેક્સમાં સ્ક્રીન ઉપર ટુરીઝમની જાહેરાત દવારા કરાતી કમાણી બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૩૮. | --"-- | ૧૦૦ | જુદા જુદા ઉત્સવો પાછળ થતા ખર્ચાઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાવકુભાઈ ઉંધાડ |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ શકી નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થશે.

**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ માગણી ક્રમાંક: ૩૮, ૩૯ અને ૪૦ તેમજ પ્રવાસન મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૫૧ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બાળ મૃત્યુ દર સતત ઘટાડવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. પરંતુ ગઈકાલનો જે બનાવ બન્યો તે અતિ ભયંકર બનાવ છે અને રસીકરણના લીધે આરોગ્યના કાર્યક્રમો કરતા કરતા જો મોત આવે તો એ ખૂબ જ દુ:ખદ બાબત છે. આની અંદર જે કંઈ માણસો હોય અને જે બેદરકારી રાખવામાં આવી છે એ બેદરકારી માટે તપાસ થવી જોઈએ. કારણ કે આવો બનાવ ભૂતકાળમાં તામિલનાડુમાં પણ બન્યો હતો અને મેડિકલ જનરલમાં પણ આના માટે આવ્યું હતું કે આ કંપનીની કોઈ દવા વાપરવી નહીં. છતાં પણ આ રસીનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને જેના લીધે જેણે હજુ તો જીવનમાં પગલાં માંડ્યા નહોતાં એવા ઊછળતા કૂદતા બાળકોને જીવ ખોવો પડ્યો છે અને તેને આ દુનિયાને બાય બાય કરી જવું પડ્યું છે. આ ખૂબ દુ:ખદ બાબત છે અને આમાં તપાસ થવી જોઈએ. સાથે સાથે આ વિભાગ છે તે આરોગ્યની સેવાઓ છેવાડાના માનવી સુધી પાથરવાની વાત કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે જે શેટઅપ છે તે પેટા કેન્દ્રો છે, પ્રાયમરી સ્ત્રી હેલ્થ સેન્ટર છે, સબ સેન્ટર છે અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે આનું શેટઅપ છે તે સાહેબ વસતિ પ્રમાણે ગોઠવાયેલું હોય છે. ૨૦૦૧ની જે વસતિ હતી તે પ્રમાણે આપણી પાસે જે પી.એચ.સી. હતા તેમાં ૬૨ પી.એચ.સી.ની સંખ્યા ખૂટતી હતી. આપણે દસ વર્ષ પૂરાં થઈ ગયા સાહેબ અત્યારે ૨૦૧૧ની વસતિ ગણતરી થવાની છે. હજુ આપણે નવા

પી.એચ.સી. હતા તે ચાલુ કરી શક્યા નથી. એ જ પ્રમાણે વસતિ પ્રમાણે સી.એચ.સી. સાહેબ જે ૨૬ ખૂટતા હતા હજુ પણ આપણે તે ચાલુ કરી શક્યા નથી. હવે ૨૦૧૧ની વસતિ ગણતરી થવાની તેમાં સાહેબ આપણી ગુજરાતની વસતિ ૬ કરોડ જવાની. અને ત્યારે નવું શેટઅપ, નવી સંખ્યા ઉભી કરવાની થશે ત્યારે આપણે આ ખૂબ ચિંતા કરવાની જરૂર છે. આ નવું શેટઅપ ઉભું નથી કર્યુ વસતિ પ્રમાણે પણ સાથે સાથે જે ગ્રામ્ય વિસ્તાર છે અને શહેરી વિસ્તાર છે તે બન્ને વચ્ચેની ગ્રાન્ટની ફાળવણીમાં ભેદ ખૂબ જ છે. શહેરી વિસ્તારમાં જે આરોગ્ય અને ઔષધિય માટે જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે ૧૧૧૫ કરોડ શહેરી વિસ્તાર માટે. અને ગામડામાં ગ્રામ્ય વિસ્તારમાં જે બજેટ ફાળવવામાં આવે છે ગ્રામીણ આરોગ્ય અને ઔષધિય માટે તે ૩૧૪ કરોડ ૯૮ લાખ. તેની સરખામણી કરીએ તો ગ્રામીણ વિસ્તારમાં એમ કહેવામાં આવે છે ૭૦ ટકા વસતિ ગ્રામ્ય વિસ્તારમાં રહે છે ત્યારે તેનું બજેટ છે તે ફક્ત ૨૮.૨૫ ટકા છે. મને તો એમ લાગે છે કે આ સરકાર આ પછાત વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં ક્યાંક અને ક્યાંક મૂંહ મોડતી હોય એવું દેખાય રહ્યું છે. હમણાં રસ્તાઓની વાત ચાલતી હતી ત્યારે આ જ બાબત હતી નોન પ્લાનના રસ્તાઓની. અને આ પછાત વિસ્તારોને નોન પ્લાનના રસ્તાઓ નથી આપતાં તેના લીધે તેનો વિકાસ થતો નથી તો એવું અને એવું આરોગ્યમાં છે. સાથે સાથે બીજું સાહેબ સરકાર ત્યાંથી અટકતી નથી જે અગાઉ ડીએચસી અને પીએચસી આદિવાસી વિસ્તારને, પછાત વિસ્તારોમાં જે મંજૂર કરવામાં આવ્યા હતા સાહેબ તે ડીએચસી અને પીએચસી સાત જેટલાંને આપણે પ્રાઈવેટ કંપનીને આપી દીધાં. કારણ શું બતાવ્યું સાહેબ કે તેથી વિશ્વાસ વધશે અને તેની ગુણવત્તા વધશે. મારે સરકારને એમ પૂછવું છે કે શું આપણે વિશ્વસનીયુકત અને ગુણવતાયુકત આરોગ્યની સેવાઓ આપણે ગામડાંઓમાં પહોંચાડતાં નથી ? જો આ સેવાઓ પ્રાઇવેટવાળા પૂરી પાડે તો જ સારી પૂરી પાડી શકાય છે?

માનનીય અધ્યક્ષશ્રી, આપણે માતાનું મૃત્યુ દર ઘટાડવાનો પણ સતત પ્રયત્ન કરીએ છીએ. પરંતુ સાહેબ દુ:ખની વાત એ છે કે, આ સગર્ભા માતાઓ જોડે જે વ્યવહાર કરવામાં આવે છે સાહેબ તે હોસ્પિટલમાં જાય અને તેનો કેસ ના કાઢવામાં આવે, તેની તાત્કાલિક સારવાર ના કરવામાં આવે અને સુરત જેવા વિસ્તારમાં પરિસ્થિતિ એ પેદા થાય કે રસ્તામાં ડિલિવરી કરાવવી પડે તેનાથી બીજી કમનસીબ બાબત શું હોઈ શકે? આપણો માતા મૃત્યુદર છે તે ૧૬૦ છે. કેરાલા જેવા જે રાજયો છે જે માથાદીઠ આવકમાં પણ આપણાં કરતા ખૂબ ઓછી તેમની આવક છે છતાં પણ તેનો જે રેશિયો છે તે ખૂબ આપણાં કરતાં પણ નીચો છે. મારે આ મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, ગ્રામ્ય વિસ્તારના જે પીએચસી છે સીએચસી છે તેમાં આ પ્રસૂતિને લગતી જે સેવાઓ આપવાની છે તે સેવાઓ માટે ડોકટરો છે, તજજ્ઞો છે તેની ખૂબ જ ઊણપ છે. ૩૭ ટકા જ ડોકટરો છે. જો કે આપણે એક સારો અભિગમ લઈને આવ્યા હતા ચિરંજીવી યોજનાનો અને પ્રાઈવેટ ડોકટરોને તેમાં ઈન્વોલ કરવાની વાત કરી હતી. પણ તેમાં પરિસ્થિતિ શું થઈ સાહેબ ૨૦૦૭-૦૮માં જે ડોકટરો જોડાયા હતા તે ૮૨૧ હતા, ૦૮-૦૯માં ૮૬૭ હતા પણ હવે ધીરે ધીરે ઘટતાં ગયા છે. અત્યારે ૨૦૧૦-૧૧માં ૬૬૨ થયા છે આનું કારણ આપણે જાણવું પડશે. અત્યારે ૨૦૫ જેટલાં ડોકટરો આ સેવાઓ આપવાથી અલિપ્ત રહ્યાં છે. એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આમ કેમ થાય છે? આપણે કયાંકને કયાંક દુર્લક્ષ સેવી રહ્યાં છીએ એવું લાગે છે. ત્યારે આપ આની ચિંતા કરો એવી મારી વિનંતી છે.

સાહેબ ૧૧મી પંચવર્ષીય યોજના જે ૨૦૦૭થી ૨૦૧૨ સુધીની હતી. એમાં જિલ્લા કક્ષાએ આપણે સેકન્ડરી તબીબી સારવાર આપી રહ્યા છીએ. એનું જે બજેટ ફાળવ્યું હતું, એ ૪૫૭,૩૮,૧૦,૦૦૦ નું હતું. એ જે બજેટ હતું એ જિલ્લાની ૨૪ હોસ્પિટલ અને તાલુકાની ૨૬ હોસ્પિટલ. સાહેબ, તે વખતે એવો નિર્ણય કરેલો કે જિલ્લાની જે હોસ્પિટલ છે, તે ૩૦૦ બેડની કરવી. અને તાલુકાની હોસ્પિટલો છે એ ૨૦૦ બેડની કરવી. એમની આંતરમાળખાકીય સુવિધાઓ વધારવી. આજે આપણે એ કરી શકયા છીએ ખરા? પૈસા વપરાઈ ગયા કે કેમ એ મને ખબર નથી, પણ આપણે આ સુવિધાઓ ઉપલબ્ધ કરી શકયા ખરા?

માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ એ છે, મારા ભીલોડા તાલુકાની વાત કરું તો ૯૫ બેડની હોસ્પિટલ અને બે જ મેડિકલ ઓફિસર છે. એમાં પણ એક ટ્રેનિંગમાં. એટલે આ હોસ્પિટલ કેવી રીતે ચાલતી હશે? મારી તો મંત્રીશ્રીને વિનંતી છે કે આપ સમીક્ષા તો કરો, તાલુકા લેવલે કે જિલ્લા લેવલે. કોઈક વખત જાઓ તો એની સમીક્ષા કરો. કેટલા બેડની તમારી હોસ્પિટલ છે, કેવી રીતે તમે ચલાવો છો, આ ડોકટરો કેવી રીતે સેવાઓ આપે છે. કોઈક તો તપાસ કરો તો ખ્યાલ આવે કે ખરેખર આ દર્દીઓને સુવિધાઓ મળે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, આપણે તો બહુ મોટી વાતો કરીએ છીએ. મેડિકલ ટુરિઝમનો કન્સેપ્ટ લઈને આપણે આગળ વધી રહ્યા છીએ. અને એના માધ્યમથી આપણે આ ક્ષેત્રને ખૂબ આગળ વધારવા જઈ રહ્યાં છીએ. આપણે આખી હોસ્પિટલોને કોર્પોરેટ લૂક આપવા માગીએ છીએ. આપણે NABH અને NABLના સર્ટિફિકેટોની વાત કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એમ કહેવું છે કે જે ગરીબ માણસો છે, જે બિચારા બી.પી.એલ. કાર્ડ હોલ્ડર છે અને કોઈક નથી સાહેબ. તેઓ જયારે હોસ્પિટલમાં જાય છે, તો એમને સારવાર નથી મળતી. એનું કોઈ કારણ હોય તો એમની પાસે સર્ટિફિકેટ નથી એ એમનો વાંધો છે સાહેબ. આપ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જઈને તપાસ કરશો તો ખબર પડશે. આપ વેશ બદલીને જશો તો ખબર પડશે કે ત્યાં ડોકટરો, જે સ્ટાફનો વ્યવહાર છે દર્દીઓ સાથેનો, એ કેવો છે. એમનો કેસ પણ નીકળતો નથી. કોઈપણ દર્દી જાય તો એનો કેસ પૈસા

વગર નીકળતો નથી. આજે ગુજરાતની આ હાલત થઈ ગઈ છે. (અંતરાય) એ આપને જાણવું હોય તો હું કહું કે હોસ્પિટલોમાં જે ચાર્જીસ લગાવવામાં આવે છે એ જુદી જુદી ૪૧ જાતના ચાર્જીસ લગાવવામાં આવે છે. સેવાનો ચાર્જીસ. જનરલ હોસ્પિટલ, ગાંધીનગર. આ આટલા ચાર્જીસ સાહેબ, ૫૦૦ રૂપિયાથી ૫૦૦૦ સુધીના અને એ પણ દર્દીની દવા માટે નહીં, એની વ્યવસ્થા માટે આટલા બધા ચાર્જીસ છે. લેબોરેટરી માટે પણ જુદા જુદા લગભગ ૩૩ જાતના ચાર્જીસ. આપણે આ હોસ્પિટલોને ખાનગી હોસ્પિટલો તો નથી બનાવી દીધી ને? આપણે શાના માટે આ ચાર્જીસ લઈએ છીએ? સાહેબ, ગરીબોને આરોગ્યની સેવાઓ મેળવવાનો મૂળભૂત અધિકાર છે. એ આપણે આ ચાર્જીસ ચાલુ કરીને છીનવી લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે એ કે આપ જે મેડિકલ ટુરિઝમની વાત કરતા હતા. તેમાં મારે એ કહેવું છે કે આપણી જે હોસ્પિટલો છે. જે કેન્સર, ડેન્ટલ અને સ્પાઈન ઈન્સ્ટિટયૂટ, એમ.જે. ઈન્સ્ટિટયૂટ. એ હોસ્પિટલોમાં પણ આ ગરીબ માણસોને મફત સુવિધાઓ મળે એ માટેની સગવડ છે. આપણે એના માટે ફંડ આપીએ છીએ. ૪૦૦ લાખ રૂપિયા આપીએ છીએ. છતાં પણ આજે પૈસા વગર ત્યાં કામ થતું નથી. આપ એમને કંઈ કહેવડાવો કે કમસેકમ ગરીબ માણસ આવે ત્યારે પહેલા એને સારવાર તો આપે. અત્યારે તો પ્રાઈવેટમાં પણ કોઈ એમ નથી પૂછતા કે પૈસા લાવ્યો છે કે નહીં. પહેલા સારવાર કરી નાંખે છે અને પછી એનું બિલ બને છે. અહીંયા તો પહેલા પૈસા માગે છે. આ પરિસ્થિત બહુ ભયંકર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે મેડિકલ કોલેજોની. મંત્રીશ્રી તો ખૂબ હોંશિયાર છે અને મેનેજમેન્ટના માસ્ટર છે. નવી કોલેજો બનાવે અને આપણે ત્યાંથી જે છોકરાઓ આગળ વધે, છોકરાઓને સારું શિક્ષણ વધે અને નવી સીટો વધે એ ખૂબ જરૂરી છે સાહેબ. અમે એને આવકારીએ છીએ. પરંતુ આ જાહેરાતો કોઈક કહે અને કરી દેવી એ જરૂરી નથી. તેઓ તો માસ્ટર માણસ છે અને જે આંતરમાળખાકીય સુવિધાઓ અને સગવડની જે જરૂર છે, એ સગવડ પૂરી કરીને કરે તો વધુ સારું. અહીંયા તો એવું છે કે હમણા એક પ્રશ્ન પૂછાયો હતો કે સુરત, અમદાવાદ, વડોદરા, જામનગર. આ બધી મેડિકલ કોલેજોમાં જે વર્ગ-૧ની જગ્યાઓ ખાલી છે. ૧૯૬ જેટલી જગ્યાઓ અને વર્ગ-રની ૭૨ જગ્યાઓ. મને એમ લાગે છે કે આ જગ્યાઓ ભરવામાં કયાંકને કયાંક બેદરકારી હોય એમ જરૂર દેખાઈ રહ્યું છે. કારણ કે તમે તો એમ કહો છો, ગૃહમાં હું સાંભળતો આવ્યો છું કે આ તમારા લીધે, તમારા પાપે નથી કરી શકયા. મારે તો એ કહેવું છે સાહેબ, કે આ લોકો જયારથી બેઠા છે ત્યારથી એમ.બી.બી.એસ. માં દાખલ થયેલો વિદ્યાર્થી આજે દસ દસ વર્ષ સુધી પ્રેકટીસ કરતો હોય છે. આ પરિસ્થિતિ છે. ત્યારે તમારી ઈચ્છા શકિતનો કયાંક અભાવ દેખાઈ રહ્યો છે એમ મને લાગે છે. હું આપને જરૂર એમ કહીશ કે આપ જે નવી મેડિકલ કોલેજો ખોલો એનો પૂરો સ્ટાફ ઉભો કરો. પરિસ્થિતિ તો ત્યાં થાય છે કે મેડિકલ કાઉન્સિલનું ઈન્સ્પેકશન આવે એટલે કયાંકથી સ્ટાફ લઈને કયાંક મૂકવો પડે. આ પરિસ્થિતિ થાય છે. આ પરિસ્થિતિ થાય છે અને પછી કયાંક કોઈનું રજીસ્ટ્રેશન રદ થાય છે આ પરિસ્થિતિ પેદા થાય છે અને આ તો મેં હમણાં પેપરમાં કાંઈક એવું વાંચ્યું હતું કે • (xxxxx) (xxxxx) કારણ કે ૩૦૦ બેડની પથારીવાળી સંખ્યા જોઈએ..

## પોઈન્ટ ઓફ ઓર્ડર

### પેપરના અહેવાલ આધારિત શબ્દો પાછા ખેંચવા અંગે

**શ્રી જયનારાયણ વ્યાસ:** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે આ ગૃહમાં કોઈપણ બાબત કાલ્પનિક, છાપાના અહેવાલ ઉપર આધારિત હોય એની વાત થઈ શકતી નથી. આ રેકર્ડ ઉપર ખોટી બાબત જઈ રહી છે, ગુજરાતના હિતને નુકસાન થાય એવી બાબત રેકર્ડ ઉપર જઈ રહી છે અને સામાન્ય રીતે માનનીય સભ્યશ્રી બહુ સિનિયર સભ્યશ્રી છે એટલે મેં એમને ટોકયા ના હોત, પરંતુ આ બાબત આ રીતે છે એટલે એમાં આપનું માર્ગદર્શન માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, જો આપની પાસે રેકર્ડ ના હોય તો આપ એ શબ્દો પાછા ખેંચી લો.

**ડૉ. અનિલ જોષીયારા** : સાહેબ, મેં મારી વાત (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આપ એ શબ્દો પાછા ખેંચી લો.

**ડૉ. અનિલ જોષીયારા** :મંત્રીશ્રીની વાત હું સ્વીકારું છું પેપરના અહેવાલને આધારે હું મારી વાત નહીં કરું.હું મારા એ શબ્દો પાછા ખેંચું છું.

**ડૉ.અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ આ બાબત ગંભીર છે. આજે આપણા દસમા ધોરણનું છોકરું એમ વિચારતું હશે કે માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ જાહેરાત કરી છે તો એમાં મારે કયો ગોલ લેવો છે કે મેડીકલમાં જવું કે એન્જિનિયરીંગમાં જવું અને એ નકકી એ તમારા નિર્ણયના આધારે કરે છે અને પછી જયારે એમાં મેડીકલ કાઉન્સિલ દ્વારા એનું ઈન્સપેકશન મેડીકલ કોલેજનું થાય છે ત્યારે પછી પૂરતી સુવિધાઓને અભાવે એમાં મુશ્કેલી થાય છે અને એને મંજૂરી મળતી નથી ત્યારે એના ભાવિ સાથે ચેડાં થાય છે કારણ કે બારમા ધોરણમાં આવેલો છોકરો બી ગ્રુપ સ્વીકારે પછી એ કયાં જાય? જગ્યા ન હોવાને કારણે એને જગ્યા ના મળે. તો

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આપ તો અનુભવી અને ખૂબ માસ્ટર માઈન્ડ માણસ છો તો આના માટેની બધી જ સુવિધા ઉભી કરીને પછી જ એની જાહેરાત કરો, આવી કાચી જાહેરાત ના કરો એટલી જ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે મારે આયુર્વેદ કોલેજોની પણ વાત કરવી છે કે આજે આયુર્વેદ કોલેજો ચાલે છે એમાં ૧૬૦ જેટલી જગ્યાઓમાંથી ૨૦ જ જગ્યા ભરાયેલી છે અને ૧૪૦ જેટલી જગ્યા ખાલી છે પરિસ્થિતિ એ છે કે આટલી બધી જગ્યાઓ ખાલી હોવા છતાં જે ૯૪ જેટલા આસિસ્ટન્ટ પ્રોફેસરોને અત્યારે કાઢી મૂકવામાં આવે છે અને ૬ મહિનાથી વડોદરામાં એમને પગાર મળતો નથી, એમને પગાર ચૂકવાતો નથી અને વધુમાં તો એ છે કે બધાને ૬ઠ્ઠા પગારપંચનો લાભ મળ્યો છે અને આમને હજુ પાંચમા પગારપંચનો પણ લાભ મળ્યો નથી. તમો મારી તો વિનંતી છે કે આપણે જી.પી.એસ.સી.ના ઉમેદવારો ઉપલબ્ધ ના થાય ત્યાંસુધી એમને ચાલુ રાખતા હોઈએ છીએ એ રીતે એમને પણ ચાલુ રાખવાની વ્યવસ્થા કરવમાં આવે તો જે જગ્યાઓ ખાલી છે એ ભરાયેલી રહેશે અને વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળશે અને દર્દીઓને પણ યોગ્ય સારવાર મળી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે જે પછાત વિસ્તારો છે એની વાત કરું તો એમાં જે ખાલી જગ્યાઓ છે એ ગામડાં લેવલે સામૂહિક કેન્દ્રોમાં ઓપ્થેટિકલ અને ગાયકોનોલોજીસ્ટ ની ૨૭૩ જેટલી જગ્યા મંજૂર થઈ છે એમાંથી ફકત ૬ જગ્યા ભરાયેલી અને ૨૬૭ જેટલી જગ્યા ખાલી છે. ફિઝિશીયનો પણ સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ૨૭૩ જગ્યા મંજૂર થઈ હતી અને એકપણ જગ્યા ભરાઈ નથી. પિડીયાટ્રિશીયનની ૨૭૩ જગ્યામાંથી ૬ ભરાયેલી અને ૨૬૭ ખાલી છે અને એવી જ રીતે રેડિયોલોજીસ્ટની જગ્યાઓ ખાલી છે, લેબોરેટરી ટેકનિશિયનોની જગ્યાઓ ખાલી છે . આજે તો પરિસ્થિતિ એ છે કે આપણે હમણાં જ પેપરમાં વાંચ્યું હતું અને મંત્રીશ્રી એનો જે જવાબ આપે તે, પરંતુ ૪ હજાર જેટલા બોગસ લેબોરેટરી ટેકનિશિયનો અત્યારે કામ કરે છે. આટલો બધો સમય થઈ ગયો છે તો પેથોલોજીસ્ટ ડોકટરોની જગ્યાઓ ઉપલબ્ધ કરાવો કે જેથી આ લેબોરેટરીના ટેસ્ટો તો સાચા થઈ શકે. કદાચ મંત્રીશ્રી કહેશે આ બધું તમારા પાપે થયું છે, પરંતુ હવે તો તમને પણ ૧૫-૧૬ વર્ષ થવા આવ્યાં છે તો આપ એ માટે વિચારો.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ-૩ અને વર્ગ-૪ ની પણ જગ્યાઓ ભરી શકાતી નથી. અત્યારે નર્સોની ૧૩૯૯ જેટલી જગ્યાઓ ખાલી છે  અને એમાં તો કમસે કમ યોગ્ય લાયકાતવાળી વ્યકિત મળે છે તો એ જગ્યાઓ તો ભરો. વર્ગ-૪ માં ડ્રાઈવરની જગ્યા શું કામ ભરતા નથી? એમાં તો માણસો મળે છે. એટલે મને એવું લાગે છે કે આમાં કયાંક ને કયાંક ઈચ્છાશકિતનો અભાવ છે. મારી વિનંતી છે કે આ રીતે મંત્રીશ્રી કરે. માનીય મંત્રીશ્રી આ જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું સંમત થઈ શકતો નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય મોહનસિંહભાઈ, આપને ફકત ૧।। મિનિટ આપવામાં આવે છે.

**શ્રી ઈકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મોહનસિંહભાઈનાં ખાલી સૂચનો જ છે, તો એમને ૨ મિનિટનો સમય આપજો

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(જેતપુર-પાવી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી માગણી નં. ૩૮, ૩૯, ૪૦ લઈને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માગું છું. મારે એટલું જ કહેવું છે કે સામૂહિક આરોગ્ય કેન્દ્રો ૨૯૧ છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે, પેટા કેન્દ્રો છે, મોબાઈલ હેલ્થ યુનિટ છે. બધું જ છે પરંતુ આદિવાસી વિસ્તારમાં કોઈ ડોકટરોની સુવિધાઓ નથી. વડોદરા જિલ્લામાં ૧૭ જેટલા સી..એચ.સી. કેન્દ્રો આવેલા છે અને એમાં ૩ ટ્રસ્ટ સંચાલીત છે, ૧૪ સરકાર હસ્તક છે, અને એ દવાખાનામાં વર્ગ-૧ના અને વર્ગ-૨ ના કુલ ૨૩ જેટલા ડોકટરોની જગ્યાઓ આજે પણ ખાલી છે. વર્ગ-૩ અને ૪ ની ૧૫૩ જેટલી જગ્યાઓ ખાલી છે. એટલે આદિવાસી વિસ્તારમાં લોકોને આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે આપણે ઘણી મોટી વાતો કરીએ છીએ, પરંતુ ત્યાં ડોકટરોની સંખ્યા ન હોવાના કારણે ગરીબ માણસોની જોઈએ એવી સેવાઓ થતી નથી. અને નવા મકાનો બાંધવા માટે છોટા.ઉદેપુર, જેતપુર-પાવી અને નસવાડી તાલુકામાં નવા મકાનો ૫૦ લાખ, ૭૦ લાખ, ૧ કરોડના મકાનો બાંધવા માટેની જોગવાઈ પણ થઈ ગઈ છે, સાત આઠ મહિના થયા છતાં પણ આ નવા મકાનો આજ સુધી આપણે બાંધી શકતા નથી. મારી તો એ પણ રજુઆત છે કે છોટા ઉદેપુરમાં જે રેફરલ હોસ્પિટલ છે એમાં સી.એચ.સી.ના લગભગ ૯૪ જેટલા કર્મચારીઓ છે એ કર્મચારીઓને છેલ્લા ૪ મહિનાથી આજ સુધી સરકાર પગાર પણ ચુકવી શકી નથી અને સરકારી આયુર્વેદિક કોલેજ વડોદરા ખાતે એડહોક લેકચરરોના સપ્ટેમ્બર-૨૦૧૦થી આજ સુધી પગાર ચુકવાયેલ નથી.. મારે બીજું એ પણ કહેવું છે. પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં જે અકસ્માત અને ઝગડા થાય છે ત્યારે લોહી લેવા માટે વડોદરા જવું પડે છે. અને તેમને લોહીની મુશ્કેલી પડે છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, આપની પાસે ફકત ૮ મિનિટનો સમય છે.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું. ખાસ કરીને ગુજરાત સરકારની જે નીતિ રહી છે ખાસ કરીને શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે, જેટલી સુવિધા આપી શકાય એટલી ગામડાંઓ સુધી સુવિધા પહોંચે એવા પ્રયત્નો આ સરકારના છે. ગુજરાતનો વર્તમાન અને આવતીકાલ એ જો સ્વસ્થ હશે, નિરોગી હશે તો જ લાંબુ આયુષ્ય ભોગવી શકાશે. અને તંદુરસ્ત આયુષ્ય ભોગવી શકાશે તો આવતી કાલનો ગુજરાતનો ઈતિહાસ ખૂબ ઉજળો રહેશે એમાં શંકાને સ્થાન નથી. મારે વાત એ કરવી છે કે ગુજરાતમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના

શાસન કાળમાં અનેક પ્રકારની આરોગ્ય લક્ષી યોજનાઓ અમલમાં આવી છે. કારણ કે એમણે સત્તાને સેવાનું માધ્યમ બનાવ્યું છે અને આ માધ્યમ દ્વારા છેવાડાના ગામડાંના રૂરલ હેલ્થ વિસ્તારમાં રહેનારા લોકો સુધી સેવા પહોંચે એવા પ્રયત્નો આ સરકારે કર્યા છે. હમણા જોષીયારાજી વાત કરતા હતા, ત્યારે મારે કહેવું છે કે ગયા વર્ષના બજેટમાં ૨૮૨ કરોડ રૂપિયા જેવી રકમ રૂરલ હેલ્થ માટે રાખવામાં આવી હતી અને એમાંથી લગભગ ૨૦૫ કરોડ રૂપિયા જેવી રકમ ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં આ સરકાર દ્વારા ખર્ચવામાં આવી છે ત્યારે, અને એમણે બીજી વાત પણ જયારે કરી ત્યારે હું આપને એટલી પણ વાત કહેવા માગું છું કે આપની વાત સાચી છે, તમે કેરલ સાથે મેડીકલ એજયુકેશનને સાંકળો છો, અમે તો એમ કહીએ છીએ કે w.h.o. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના નોર્મ્સ પ્રમાણે ગુજરાતમાં, અરે આખા દેશમાં ૫૦૦ જેટલી મેડીકલ કોલેજોની ઘટ છે, એટલે હવે તમારે અહીંયા કહેવાનું છે કે કયાં કહેવાનું છે એ જરા નકકી કરી લો. જો તમે એમ માનતા હો કે મેડીકલ કોલેજની અહીંયા ઘટ છે, જોઈએ એટલી સુવિધાઓ આપી શકાતી નથી, w.h.o. ના રિપોર્ટસ અને નોર્મ્સ પ્રમાણે આ દેશમાં ૫૦૦ મેડીકલ કોલેજોની ખોટ વર્તાય છે એટલે એ સંજોગોમાં કંઈ કહેવા જેવુ

હોય તો એ ત્યાં કહો ઉપજતું હોય તો જોષીયારા સાહેબ, આટલી આપને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે અનેક પ્રકારની...

**અધ્યક્ષશ્રી** : માનનીય આત્મારામભાઈ, બીજા વિષય ઉપર ન જાવ.

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, મૅડિકલ કૉલેજ સિવાય હું બીજું બોલ્યો નથી. મારે બીજી વાત એ કરવી છે તે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમનો મારે એક દાખલો આપવો છે. મારે વાત કરવી છે ધારી તાલુકાની જે માનનીય કૃષિ મંત્રીશ્રીનો જિલ્લો છે. વિરપુર ગામ છે એ ગામમાં ધારશીભાઈ ચારોડિયા દેવીપૂજક એનું સંતાન, પાંચ વર્ષનો સંજય પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે જાય છે. શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન ડો. દેવાંગ વ્યાસે એને તપાસ્યો, એ તપાસ્યા પછી સંજયને એમ કહ્યું કે તારા પપ્પાને કહેજે તારા પિતાશ્રીને કહેજે કે મને આવીને મળી જાય. આ ધારશીભાઈ જ્યારે શિક્ષકને મળવા ગયા ત્યારે શિક્ષકે જે વાત કરી અને જ્યારે આભ તૂટી પડ્યું હોય એ પ્રમાણે ફસડાઈને પડ્યા, ધારશીભાઈ બેસી ગયા, આંખોમાં અંધારા આવી ગયા ત્યારે શિક્ષકે ખભ્ભા ઉપર હાથ મૂકીને તેઓને કહ્યું કે સંજયને હ્રદયની બિમારી છે એ બિમારી દૂર કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે. આ ગુજરાતના સંતાનોને આવી કિડની, કૅન્સર કે હ્રદયની બિમારીની સારવાર આપવા માટે આ સરકારે અનેક પગલાંઓ લીધા છે. અને એમ કહ્યું કે જ્યાં સુધી ગુજરાતમાં આ સરકાર છે ત્યાં સુધી આવા પ્રશ્નો ઉકેલાશે, ધારશીભાઈ ઉપર આભ તૂટી પડ્યું પરંતુ જિલ્લા કક્ષાએ આપેલા અધિકારોને લીધે આ નાનકડા પાંચ વર્ષના સંજયને ગુજરાતની સરકારે, આ ભારતીય જનતા પક્ષની સરકારે માનનીય નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની સરકારે અમારા આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈના આરોગ્ય વિભાગ હેઠળની સરકારે એશિયાની સૌથી મોટામાં મોટી મહેતા હૉસ્પિટલમાં લાવીને એનું હ્રદયનું ઑપરેશન કર્યુ આજે સંજય રમે છે અને નિશાળમાં અભ્યાસ કરે છે. આવા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દ્વારા અનેક પ્રકારના દાખલાઓ ગુજરાતમાંથી આપણે જોઈ શકીએ છીએ. આપણે જોઈએ છીએ કે હજારોની સંખ્યામાં આવા હ્રદય, કૅન્સર અને કિડનીના ડિટેકટ થયેલા બાળ રોગીઓને પારખીને એને નવજીવન આપવાનું કામ થતું હોય, જીવન આપવાનું કામ થતું હોય એના કુટુંબના અને એના પરિવારના આશિર્વાદ આ સરકારને મળે અને એટલા માટે હું કહું છું કે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ ખરેખર ખૂબ સારો છે, ગામડાં માટે ખૂબ જરૂરી છે.

મારે બીજી વાત એ કરવી છે કે ઈ-મમતા કાર્ડ આપવામાં આ ગુજરાત દેશમાં સર્વ પ્રથમ રાજય છે. જેણે માતાની અને સંતાનની નોંધણી સાથે ઈ-મમતા કાર્ડ આપવાનું શરુ કર્યુ છે જેમાં એનું વજન હોય, એની સારવાર હોય, એની રોજ વિશેની માહિતી હોય, મારે કહેવું છે ભારત સરકારે, કેન્દ્ર સરકારે એમ કહ્યું કે ગુજરાતે જે ઈ-મમતા કાર્ડની પદ્ધતિ શરૂ કરી છે એ દેશના દરેક રાજયો લાગુ કરે એ વાત ભારત સરકારે કરી છે. આવા અનેક પગલાંઓ આ સરકારે લીધા છે ત્યારે સમયના અભાવે અનેક પ્રકારની યોજનાઓ આરોગ્યની તો એટલી બધી યોજનાઓ છે જેમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હોય, બેટી બચાવાનો કાર્યક્રમ હોય, ચિરંજીવ યોજનાનો કાર્યક્રમ હોય, બાળ શખાનો કાર્યક્રમ હોય અનેક પ્રકારના આવા કાર્યક્રમો છે કે જેણે ગુજરાતના બાળકોને નવજીવન આપવાનું કાર્ય કર્યુ છે. અને ગુજરાતની દરેક વ્યકિત સલામત રહે, સલામત રહે એની સાથે સ્વસ્થ રહે, અને આગામી સંજોગોમાં સ્વસ્થ ગુજરાત અને સલામત ગુજરાતનું જ્યારે નિર્માણ થઈ રહ્યું છે ત્યારે માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એ ગુજરાતના હિતને માટે, ગુજરાતમાં રહેનાર તમામ નાગરિકોના ભલા માટે તમામ લોકોના સ્વાસ્થય માટે જરૂરી છે ત્યારે એમને સમર્થન આપીને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

**અધ્યક્ષશ્રી** : આપની પાસે કુલ ૩૦ મિનિટનો સમય છે.

**શ્રી જયનારાયણ વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની અને પ્રવાસનને લગતી માગણીઓ લઈને આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ડો. જોષીયારાજી જ્યારે મારી માગણીઓ ઉપર બોલતા હતા ત્યારે અમારા વિભાગની જે પરિસ્થિતિ છે અને જે પરિસ્થિતિમાં આજે ગુજરાતની આરોગ્ય સેવાઓ છે તેની વાત સાંભળતા

સાંભળતા મારી પાસે આ પુસ્તક પડ્યું હતું તેમાં અનાયાસે એક પંકિતઓ ઉપર મારી નજર ગઈ. આપ બોલવાના છો તે મને ખબર ન હતી. મરીઝની પંકિતઓ છે. પંકિતઓ એવું કહે છે-

બસ દુર્દશાનો એટલો આભાર હોય છે.
જેને મળું છું મુજથી સમજદાર હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગને લગતી બાબત આવે અને માનનીય સભ્યશ્રી પોતે ડૉક્ટર હોય અને પોતે જે કંઈ વાત કરતા હોય તેને પૂરી ગંભીરતાથી મારે લેવી જોઈએ. એટલે તેમણે જે બે-ત્રણ મુદ્દા ઉભા કર્યા છે તે મુદ્દા ઉપર હું કેટલોક પ્રકાશ પાડવા માગું છું, પણ જે પરિસ્થિતિ છે મારા વિભાગની એ અંગેની કેટલીક વાતો મારે આ સન્માનનીય ગૃહ થકી ગુજરાતની પ્રજા સમક્ષ મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ આજે એવી છે કે છેલ્લા કેટલાય વર્ષોથી અને હું કોઈને તેના માટે દોષિત ઠેરવવા માગતો નથી. આજનું મારું સંપૂર્ણ ભાષણ એ પરિસ્થિતિનું તટસ્થ પૃથ્થકરણ અને ગુજરાત જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે એ પરિસ્થિતિમાંથી ઉકેલ કાઢવા તરફની મથામણ, એક આરોગ્ય મંત્રી તરીકેની વ્યથા અને એક સંવેદનશીલ માણસ તરીકેની મારી પ્રશ્નો પ્રત્યેની સંવેદનાને વ્યક્ત કરવા માટેનો આ અવસર હું લેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ત્યાં મૅડિકલ ઑફિસર વર્ગ-૨ની વાત કરવામાં આવી. મંજૂર થયેલ જગ્યા છે ૩૧૭૯, તેમાંથી ૭૨૫ જગ્યાઓ ખાલી છે. સ્પેશ્યાલિસ્ટ તબીબોની વાત કરવામાં આવી. ૧૧૮૮ જગ્યાઓ છે. ભરેલી જગ્યાઓ છે માત્ર ૪૧૧ અને ખાલી જગ્યાઓ ૭૭૭. જો અમારું ચાલતું હોત તો આ જગ્યાઓ પણ અમે ભરી દીધી હોત. પણ ડૉક્ટરોની તંગીના કારણે આ જગ્યાઓ ભરી શકાતી નથી. એટલે અમે એક નવો પ્રયોગ આરંભ્યો છે. હકીકત સ્વીકારવાનો કયારેય પણ ઈન્કાર થઈ શકે નહીં. મારે આપને એ જ કહેવું છે કે આપ મારી સાથે સંમત થાવ એ જરૂરી નથી. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય જોષીયારાજીને કહેવા માગું છું કે-

હું કયા કહું છું આપની હા હોવી જોઈએ,
પણ ના કહો તેમાં પણ વ્યથા હોવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની જે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિની વ્યથા, હા ન કહો તો કંઈ નહીં, આપ એક તબીબ છો. તે પરિસ્થિતિની વ્યથા સાથે તો સંમત થાવ કે આ રાજયમાં કોઈ પણ કારણસર છેલ્લા ચાર દાયકા એ પ્રકારની પરિસ્થિતિ ચાલી કે આપણે નવા ડૉક્ટરો, નવી મૅડિકલ કૉલેજો ઉભી ન થાય. આ રાજયમાંથી ૧૨૦૦ છોકરા-છોકરીઓ દર વર્ષે બીજાં રાજયોમાં મૅડિકલનું ભણવા માટે જાય. આ રાજયમાં દીકરા-દીકરીઓ બહાર જાય અને તેમના ઉપર બસોમાં ટપલી દાવ થઈને ગુજજુ-ગુજજુ કહીને અપમાનિત કરવામાં આવે. આ રાજયના દીકરા-દીકરીઓ ડ્રગ્ઝના રવાડે ચડે. આ રાજયના કોઈ મા-બાપની એકલી દીકરી કોઈ સવારમાં ટ્યુશન ક્લાસમાં જાય તેના ઉપર બળાત્કાર થાય. આ રાજયના મધ્યમ વર્ગના મા-બાપના દીકરા-દીકરીઓ ૧૨મા ધોરણની વ્યથામાં તવાઈ જાય ત્યાં સુધીની પરિસ્થિતિએ આપણને સંવેદનહીન બનાવી દીધા અને આજે આપણે આ બધી પરિસ્થિતિની ચર્ચા કરવા બેઠાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ એ છે કે જ્યાં અમારાથી શકય હતું અને હું સહુના પ્રતિનિધિ તરીકે, હું હંમેશા એવું માનું છું કે હું જે કામ કરું છું તેમાં એક ભાગ્યા ૧૮૨મો ભાગ મારો છે. આ સન્માનનીય ગૃહના ૧૮૨ પ્રતિનિધિઓનો હું પ્રતિનિધિ છું, તેનું મને ગૌરવ છે અને એટલે જે કંઈ કામગીરી અમે કરીએ છીએ એમાં જ્યાં ભરી શકાય એવું હતું, નર્સીસની જગ્યાની વાત થઈ, છેલ્લા બે વર્ષમાં ૩,૭૫૭ જગ્યાઓ ભરવામાં આવી છે. ૩,૬૦૦ મલ્ટીપર્પઝ વર્કરની અને ૧૫૭ સ્ટાફ નર્સની એમ થઈને ૩,૭૫૭ જગ્યાઓ સાથે મૅડિકલ અને પૅરા મૅડિકલની ૬,૨૦૫ જગ્યાઓ ભરવામાં આવી છે અને આઈ એમ ઑન રૅકૉર્ડ સર, કે જે જગ્યાઓ છેલ્લા બે વર્ષમાં ભરાઈ છે એટલી સંખ્યામાં જગ્યાઓ છેલ્લા દસ વર્ષમાં આ રાજયમાં ભરવામાં આવી નથી. એ અમારી સંવેદનશીલતા બતાવે છે. ત્યાર પછીના મુદ્દા ઉપર આવું.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી સેવાઓની જગ્યાઓ અંગેની વાત હું અત્યારે નથી કરતો કારણ કે, સમયની મર્યાદા છે. આ ગૃહમાં એક અતિ સંવેદનશીલ મુદ્દો ઊભો કરવામાં આવ્યો. MCI પ્રમાણે આપણે ત્યાં જગ્યાઓ નથી, MCI પ્રમાણે જગ્યાઓ ભરાતી નથી. MCIનું ઈન્સ્પેકશન આવે ત્યારે બદલીઓ કરવામાં આવે છે. બદલીઓ વહિવટી કારણોસર જ્યાં જરૂર હશે ત્યાં કરવામાં આવે છે અને થશે જ એ રાજયના હિતમાં છે,કોઈ અંગત હિતમાં બદલીઓ કરવામાં આવતી નથી. બદલીઓ કરવાની જરૂરિયાત જણાય છે ત્યાં જાહેર હિતમાં બદલીઓ કરવામાં આવે છે ત્યારે એ બદલીઓ કરવાનો અધિકાર છે અને એ અધિકારનો ઉપયોગ કરવામાં આવે છે. બદલીઓ કરીને અમે બેસી રહ્યા નથી. રાજયની છ મૅડિકલ કૉલેજોમાં કુલ મળીને અત્યાર સુધીમાં ૪૦૩ જગ્યાઓ ભરવામાં આવી છે. I am on record, છેલ્લા ત્રણ વર્ષમાં જેટલી જગ્યાઓ ભરવામાં આવી છે એમાં બઢતીથી ૧૪૭ અને સીધી ભરતીથી ૪૦૩ કુલ મળીને ૫૫૦-૬૦૦ જગ્યાઓ છેલ્લા બે વર્ષમાં ભરવામાં આવી છે. કયારેય ભૂતકાળમાં આટલી ઝડપી ગતિથી જગ્યાઓ ભરવામાં આવી નથી. I stand on record, on record of this House, Medical Council of India - MCIની દુહાઇ દેવામાં આવી. I want to be on record, મેં માનનીય સંસદસભ્યશ્રીઓને પત્રો લખ્યા છે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને એ પત્રની નકલ પણ આપી છે. I must acknowledge and I would acknowledge કે સાહેબ, આ પત્રના જવાબમાં આપણા ગુજરાતના સંસદસભ્યો

તરીકે, કેન્દ્રિય મંત્રીઓ તરીકે, માનનીય દિનશાભાઈ, માનનીય તુષારભાઈ બીજા એમ.પી.ઓએ એમણે પોતે MCI સાથે આ મુદ્દો હાથ ધરેલ છે અને પત્રો લખ્યા છે. as the Health Minister of the State, I am grateful to them. They have done their job અને એમનો આ પ્રકારનો સહકાર મળતો રહેશે પણ આજે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, MCI - MCIની વાતો કરો છો. I am on record, સુરત મૅડિકલ કૉલેજમાં MCIની જરૂરિયાત પ્રમાણે ૨૦૦ જગ્યાઓ જોઈએ એના બદલે ૨૧૦ જગ્યાઓ ભરેલી છે. અમદાવાદ મૅડિકલ કૉલેજમાં MCIની જરૂરિયાત પ્રમાણે ૨૭૭ જગ્યાઓ જોઈએ, ભરેલી છે ૩૫૮, વડોદરામાં MCIની જરૂરિયાત પ્રમાણે ૨૮૪ જોઈએ, ભરેલી છે ૨૯૧, જામનગરમાં MCIની જરૂરિયાત પ્રમાણે ૨૪૬ જોઈએ, ભરેલી છે ૨૬૩, ભાવનગરમાં MCIની જરૂરિયાત પ્રમાણે ૧૫૩ જોઈએ, ભરેલી છે ૧૭૫. રાજકોટમાં MCIની જરૂરિયાત પ્રમાણે ૧૫૨ જોઈએ ભરેલી છે ૧૮૨. રાજયમાં MCIની જરૂરિયાત પ્રમાણે મૅડિકલ કૉલેજોમાં ૧૩૧૨ જગ્યાઓ ભરવી પડે, ભરેલી છે ૧૪૭૯, what MCI we are talking about ? MCI પ્રમાણે સંપૂર્ણ જરૂરિયાત પ્રમાણે રાજયની મૅડિકલ કૉલેજોમાં જગ્યાઓ ભરેલી છે અને I feel ક્યાંક કોઈનો vested interest રાજય બહાર એવો છે કે, રાજયમાંથી રૂ.૧૨૦૦ /- કરોડ બહાર છે, ક્યાંક જાય છે, એને ક્યાંક નડે છે અને એટલા કારણોસર જે કૉલેજ સામે MCI ના પ્રેસિડેન્ટને લાંચ આપવાના આક્ષેપો થયા હતા એ કૉલેજને મંજૂરી આપી દેવામાં આવે છે. જે કૉલેજ સામે આક્ષેપ હતો કે એણે લાંચ આપી છે અને એના કારણસર એમને MCIના પ્રમુખપદેથી હટાવવામાં આવે છે અને એ કૉલેજને મંજૂરી આપવામાં આવે છે. આ સન્માનનીય ગૃહના એકેએક સન્માનનીય સભ્યને ગુજરાતી તરીકેનું ગૌરવ છે, એમના દિલમાં ગુજરાત માટે લાગણી છે, એમના મનમાં ગુજરાત માટેની ચિંતા છે, એ ચિંતા, એ ફરજના ભાગરૂપે એમને કહેવું છે કે, let us come together, let us combine together. Gujarat is being done injustice by MCI and we cannot and we shall not tolerate injustice. ગુજરાતે આ વાત નહીં ચલાવી લેવી જોઈએ અને નહીં ચલાવી લેવામાં આવે તે બાબતે આપણે સૌ સંમત થઈને લડવું પડશે. આપણા સંસદસભ્યોનો આભાર માનવો છે કે, તેમનો આ પ્રકારનો સાથ મળતો રહેશે. ૧૦૮ સેવાઓ વિશે વાત નથી કરતો. કારણ કે, આજકાલ બોલાવો અને તરત જ કોઈ માણસ હાજર થઈ જતો હોયને, મારા કાર્યાલયનો એક કર્મચારી છે.

